ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

## ભાગ-૩

### પત્રાંક-૧૨૮

વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું

હોય, સંકલ્પવિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે

છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

'ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.'

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના

ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

'એ કંઈ ખોટું છે ?' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ. રાયચંદના યથાયોગ્ય.

## તા. ૨૬-૦૪-૧૯૯૬, પ્રવચન નં. ૩૧
## પત્રાંક - ૧૨૮

ત્રેવીસમું વર્ષ (ચાલે છે), એમાં પણ ભાદરવા મહિનામાં લખાયેલો (પત્ર) છે. એટલે કે એમના સમ્યગ્દર્શનની સમીપના કાળમાં લખાયેલો છે. ચોવીસમા વર્ષે એમને સમ્યગ્દર્શન થયું અને આ ત્રેવીસમા વર્ષની આખરમાં લગભગ લખાયેલો પત્ર છે. એટલે સમ્યગ્દર્શનની સમીપની ભૂમિકામાંથી નીકળેલાં આ વચનો છે એમ લેવાનું છે. સમય પ્રમાણે એમની ભૂમિકા કઈ હતી ? કે સમ્યગ્દર્શનની લગભગની ભૂમિકા હતી ત્યારે આ વચનો નીકળેલાં છે. લગભગની ભૂમિકા એટલે કારણભૂત ભૂમિકા. સમ્યગ્દર્શનના કારણભૂત ભૂમિકાનો વિષય

છે.

પહેલ ક્ષમાપના લખી છે. કેમકે (પર્યુષણ પૂરા થયા અને) સંવત્સરીનો દિવસ છે. 'પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં...' બધા સ્થાનકવાસી સંપ્રદાયના મુમુક્ષુભાઈઓ એમના પરિચયમાં હતા. સંપ્રદાયને હિસાબે સંવત્સરી, નહીંતર આપણે આમ તો ભાદરવા વદ-૧ સંવત્સરી આવે. 'પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત...' એટલે આખા વર્ષ પર્યંત 'સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ...' અવિનય થયો હોય, મુમુક્ષુને યોગ્ય વિનય (હોય) એમાં અવિનય થયો હોય, કોઈ આશાતના થઈ હોય કે અસમાધિ એટલે તમને અશાંતિનું કોઈ કારણ થયું હોય. અસમાધિનો અર્થ – સમાધિમાં શાંતિ પ્રગટે છે, અસમાધિ એટલે અશાંતિનું કોઈ કારણ થયું હોય અને તે પણ 'મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય...' તો 'તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.' એના માટે પોતે ક્ષમાપના યાચી છે.

શ્રોતા :– શિષ્યને (ક્ષમાપના) લખી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શિષ્યને ક્ષમાપના લખી છે. શિષ્ય અને ગુરુનો વ્યવહાર એ પણ એક વ્યવહાર છે. નિશ્ચયે બધા જ આત્માઓ છે. ખરેખર તો શિષ્ય ભલે વિનયથી ગુરુનો વિનય કરે પણ સાચા ગુરુ હોય તો, ગુરુ કદી ગુરુપણાના અધિકારથી વ્યવહાર કરે નહીં અથવા એવી અપેક્ષા ન રાખે કે આ મારો શિષ્ય છે તેથી તેણે મારી સાથે અમુક પ્રકારનો વ્યવહાર રાખવો જોઈએ. એમ નહીં. એ ભલે મને ગુરુ માને, મારે માટે તે એક આત્મા છે અને સર્વ આત્માઓનું કલ્યાણ થાય તેમ તે આત્માનું પણ કલ્યાણ થાઓ. બીજું એથી વિશેષ મારે કાંઈ નથી. એટલે કોઈ પણ આત્મા પ્રત્યે મન, વચન, કાયાની કોઈ પ્રવૃત્તિથી કે અધ્યવસાયથી અવિનય થયો હોય, આશાતના થઈ હોય, અસમાધિ થઈ હોય તો તેને માટે હું પુનઃ પુનઃ ક્ષમાવું છું. એટલે માન-અપમાનની કલ્પના જ્ઞાનીને નાશ પામી જાય છે. એ કલ્પના છે, બીજું કાંઈ નથી. માન-અપમાન છે એ કલ્પના છે.

આત્મા પોતે સર્વજ્ઞસ્વભાવી છે, ત્રણલોકનો નાથ છે. નીચપદમાં ઉચ્ચપદ શા માટે કલ્પે છે ? એથી બધા પદ નીચા છે. હવે નીચાપદનું માન મેળવવું એનો અર્થ કે નીચપદમાં ઉચ્ચપદની કલ્પના કરીને માન મેળવવું છે. એ તો હાથે કરીને પોતે જ પોતાને નીચો માને છે, સ્વીકારે છે.

હવે પત્રનો વિષય છે કે, 'અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી

વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય,...' શું (કહે છે) ? જે જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા માટે સાચી દિશામાં પહેલું ડગ ભરે છે, પહેલું પગલું ભરે છે ત્યારે એને અંદરમાંથી આવા ભાવો આવે છે. અંતર્જ્ઞાનનો અર્થ શું ? કે, અંતરાત્મામાંથી. અહીંયાં જ્ઞાન એટલે આત્મા લેવો. અંદર આત્મામાંથી આવા ભાવો આવે છે કે, અરે...! મારા જીવે ભૂતકાળમાં બહુ પરિભ્રમણ કર્યું છે. સતત આ જીવ પરિભ્રમણ કરતો જ રહ્યો છે. એને પોતાનું પરિભ્રમણ સાંભરે છે અને એમાં એ દૃષ્ટિકોણ એવો છે કે, આવું પરિભ્રમણ હવે મારે ન જોઈએ.

પ્રશ્ન :– નિશ્ચયક્ષમા કહેવાય ?

સમાધાન :– એ નિશ્ચયક્ષમા છે. મારે પરિભ્રમણ થાય એવું હવે કાંઈ કરવું નથી. એવો કોઈ કાળ જણાતો નથી કે જે કાળમાં 'પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય.' દ્રવ્યે પરિભ્રમણ કર્યું છે (અને) ભાવે સંકલ્પ-વિકલ્પનું રટણ જ કર્યા કર્યું છે, સતત ચાલે છે. સંકલ્પ-વિકલ્પોનું રટણ સતત ચાલ્યા કરે છે એ ભાવભ્રમણ છે. પહેલા જીવ ભાવે પરિભ્રમણ કરે છે અને તેના ફળમાં જીવ દ્રવ્યે પરિભ્રમણ કરે છે.

'આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય.' અને એમ કરતાં કરતાં એ પોતાની શાંતિને – આત્મશાંતિને ભૂલ્યો છે, આત્મશાંતિના ઉપાયને પણ ભૂલ્યો છે અને અશાંતિમાં જ અનંતકાળ પસાર કર્યો છે.

પ્રશ્ન :– સંકલ્પ-વિકલ્પનું રટણ કહીને શું કહેવું છે ?

સમાધાન :– સંકલ્પ-વિકલ્પ ચાલ્યા જ કરે છે. જો અવલોકન કરે તો પોતાને સ્પષ્ટપણે પોતાનો ખ્યાલ આવે એવું છે કે, આ આત્માને સતત સંકલ્પ-વિકલ્પનું રટણ ચાલી રહ્યું છે અને પરિણામે અશાંતિને ભોગવી રહ્યો છે. હવે આવી અશાંતિ ન જોઈએ, અશાંતિના કારણભૂત એવા સંકલ્પ-વિકલ્પ ન જોઈએ અને એના ફળસ્વરૂપે જન્મ-મરણ અને પરિભ્રમણ પણ ન જોઈએ, કાંઈ ન જોઈએ. એનાથી વિરામ પામવા માટે આવાં પરિણામો અંદરથી આવે છે. એ બધા પ્રકારોથી વિરામ પામવા માટે અંદરથી આત્મા આવી રીતે પોકાર કરે છે.

'અને એ મહા વૈરાગ્યને આપે છે.' અને એવા ભાવો જ્યારે અંદરથી ઊગે છે ત્યારે

ઘણો વૈરાગ્ય આવે છે. ક્યાંય રસ પડતો નથી. આને પરિભ્રમણની ચિંતના કહે છે. શું કહે છે આને ? પરિભ્રમણની ચિંતના !

આત્માને અંદરથી પરિભ્રમણની ચિંતના ઊપડે ત્યારે બીજી બધી ચિંતાથી છૂટી જાય. બીજા બધા પ્રકારના સંકલ્પ-વિકલ્પથી છૂટી જાય, એના બીજા રટણ છૂટી જાય. પરિભ્રમણ એ સૌથી મોટો Problem છે. આમ તો સંકલ્પ-વિકલ્પની ચિંતા રહેવાનું કારણ કાંઈ ને કાંઈ Problem હોય છે. કોઈ ઉપાધિ વગરનો સંસારી જીવ નથી. એટલે ચિંતા અને ઉપાધિથી ઘેરાયેલો ને ઘેરાયેલો જ રહે છે. કદીક કાંઈક, કદીક કાંઈક, કદીક કાંઈક... ઊલમાંથી ચૂલમાં પડે અને ચૂલમાંથી ઊલમાં પડે એના જેવું છે. એમાંથી બહાર નીકળતો નથી. કેમકે આ જીવને પરદ્રવ્ય પ્રત્યે મમત્વ છે અને તેથી પરદ્રવ્યને સાચવવા, જાળવવા અને પોતાની કલ્પના પ્રમાણે રાખવા અને ગોઠવવા, એની ઉપાધિ એ કર્યા જ કરે, કર્યા જ કરે એવી પરિસ્થિતિમાંથી એ બહાર નીકળી શકતો નથી. પણ આ અનંત જન્મ-મરણનું જે કાંઈ ચક્કર ચાલે છે અને એમાં હું ફસાયો છું એનું શું ? એ ચિંતામાં જો અંદરથી ખરેખર આત્મા આવે તો પેલી બધી તો બહુ નાની ચિંતા છે. મોટી ચિંતા પાસે એ બધી નાની ચિંતા છે. એટલે મોટી ચિંતા નાની ચિંતાને ખાઈ જાય. આ તો બને છે ને ? સંસારના પ્રસંગોમાં પણ મોટી ચિંતા ઊભી થાય તો નાની બધી ચિંતા અંદર ખતમ થઈ જાય, ખવાઈ જાય. ત્યારે જ્ઞાનીપુરુષના માર્ગમાં આ પહેલું પગથિયું છે.

અહીંયાં પગ મૂક્યો પછી આગળ ચાલ્યો વૈરાગ્યમાં. બીજું પગલું ભર્યું વૈરાગ્યનું. પહેલી પરિભ્રમણની ચિંતના થઈ અને એના ફળસ્વરૂપે વૈરાગ્ય ઉત્પન્ન થયો, ઉદાસીનતા આવી. જે પરપદાર્થમાં મમત્વને કારણે રસ હતો અને ઉપાધિ કરતો હતો એ પરપદાર્થો પ્રત્યે ઉદાસીનતા યથાર્થ પ્રકારે આવી.

આમ તો જીવને વૈરાગ્ય ઘણી વાર આવ્યો છે પણ યથાર્થ પ્રકારે નથી આવ્યો. અહીંથી આ યથાર્થ પ્રકારે શરૂ થયો એમ કહેવું છે. 'અને એ મહા વૈરાગ્યને આપે છે.' એટલે શું ? કે, ઘણો વૈરાગ્ય આવે છે. ખરેખર પરિભ્રમણની ચિંતના થાય ત્યારે એ ચિંતના ખરી થઈ છે એનો નિશ્ચય કેમ થાય ? એનો નિશ્ચય કેમ થાય કે આ માત્ર પરિભ્રમણ સંબંધીનો વિકલ્પ છે કે સાચી ચિંતના છે ? કે, મહા વૈરાગ્ય થાય, ઘણો વૈરાગ્ય થાય તો સમજવું કે સાચી ચિંતા છે. એક વાર બધેથી ઊઠી જાય. મુમુક્ષુતાના પ્રારંભમાં પહેલું ડગલું ભરે ત્યાં બધેથી એક વાર ઊઠી જાય. જેટલા સંયોગો છે એ બધા સંયોગોથી એક વાર ઊઠી

જાય. આમ છે. પરિણામ આખા ફરી જાય. વિપરીત અભિપ્રાયો, વિપર્યાસો બધા ફરવા માંડે અને પ્રતિબંધો તો એકદમ ઢીલા પડી જાય. ન સમાજ સામે જોવે, ન કુટુંબ સામે જોવે, ન શરીર સામે જોવે અને સંકલ્પ-વિકલ્પ છે, એના જે વિપરીત અભિપ્રાયો છે એ બધા અંદરથી નબળા પડવા માંડે, શિથિલ થઈ જાય અને પ્રતિબંધો ઢીલા પડે. યથાર્થ પ્રકારે પ્રતિબંધો ઢીલા પડવાનું મુખ્ય કારણ આ છે. એટલે ૧૯૫ (પત્રમાં) આજ્ઞા કરી છે, કે માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઈ હોય એણે બીજા બધા વિકલ્પો મૂકી દેવા. બીજા બધા વિકલ્પો મૂકી દેવા અને આ એક વિકલ્પ, આ એક ચિંતનામાં આવવું. જો માર્ગની ઇચ્છા થઈ (હોય તો). માર્ગની ઇચ્છા એટલે મુક્તિના માર્ગની ઇચ્છા થઈ હોય, મોક્ષમાર્ગની ઇચ્છા થઈ હોય તો. આ પહેલું પગથિયું છે. એના વિના ત્રણે કાળમાં કોઈને માર્ગની દિશાનું અલ્પ પણ ભાન કે સૂઝ આવતી નથી. મુક્તિના માર્ગ બાજુ કેવી રીતે જવાય એની સૂઝ મુમુક્ષુની ભૂમિકામાં આ ચિંતનાથી આવે છે એમ કહે છે.

જ્યાં સુધી જીવ આ ચિંતનામાં ન આવે ત્યાં સુધી બીજું બધું ગમે તે કર્યા કરે એ બધું કાંઈ સમજીને કરતો હોય એવી વાત નથી. સમજ્યા વગર ભલે ગમે ઈ કર્યા કરે. એ કાંઈ એને પરમાર્થે કામમાં આવવાનું નથી. કાંઈ કર્યું હશે તોપણ એનું (કરેલું) પરમાર્થે કોઈ કામમાં આવવાનું નથી.

પ્રશ્ન :– સર્વે સિદ્ધ થયા એ બધા આ ક્રમમાં આવીને જ થયા ?

સમાધાન :– હા, આ રીતે જ થાય, બીજી રીતે થઈ શકવાની કોઈ પરિસ્થિતિ છે જ નહીં. કેમકે જીવ એવો ઉપાધિમાં સલવાયેલો છે કે, ત્યાંથી એને પરિભ્રમણની ચિંતના વિના એ ભૂમિકામાં કોઈ બહાર કાઢી શકે એવું નથી. અને કોઈ એમ કહે કે કાઢી શકે એવું છે તો આપણે એને વિચારી લઈએ. ઊંડા વિચારથી આ વાત યથાર્થ સમજાશે છતાં કાંઈ બીજો વિચાર આવે તો આપણે એ સંબંધી વિચારણા કરવા તૈયાર છીએ. બાકી બીજો કોઈ ઉપાય જ નથી.

આ તો બહુ – ઘણા ભવોના અનુભવ પછી, આ ઘણા અનુભવનું દોહન છે. શાસ્ત્રો તો વાંચ્યા હોય પણ ધ્યાન જાવું મુશ્કેલ છે કે આવી કોઈ વાત અંદર આવે છે પણ એમના પોતાના ઘણા ભવોના અનુભવોનો નિચોડ કાઢીને કેટલીક વાતો એમણે મુમુક્ષુઓની સમક્ષ મૂકી છે. એવી આ વાત છે.

'વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા

કેમ ન આવી ?' શું કહે છે ? કે, આ જીવે પરિભ્રમણ કેમ કર્યું ? કે, કેવળ સ્વચ્છંદને કારણે કર્યું છે. પરિભ્રમણના બે મુખ્ય કારણો 'કૃપાળુદેવે' લીધા છે કે, જે અજ્ઞાન અને મિથ્યાત્વમાંથી જન્મે છે. એક સ્વચ્છંદ અને બીજો પ્રતિબંધ. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, દેહ પ્રતિબંધ એ જીવને પરિભ્રમણ કરાવે છે અને સ્વચ્છંદ તો મહાદોષ છે. એ જીવને પરિભ્રમણ કરાવે છે.

પ્રશ્ન :- સ્વચ્છંદમાં શું લેવું ?

સમાધાન :- સ્વચ્છંદ બે પ્રકારે છે. એક તો વિષય-કષાયના પરિણામ તીવ્ર રસવાળા થાય ત્યારે એ સ્વચ્છંદી પ્રવૃત્તિ કહેવાય છે કે, જેની અંદર અચકાટ ન હોય, Control ન હોય અને એવો અભિપ્રાય હોય કે બસ ! આપણે તો જે થાય એ આપણે કરવું છે પણ આપણે આપણી કલ્પના પ્રમાણે સુખી થઈને રહેવું છે. તો એ પોતાની કલ્પના પ્રમાણે સુખી થવા માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય. એ જે તીવ્ર, મર્યાદા વગરના વિષય-કષાયના પરિણામ છે એ એક પ્રકારનો સ્વચ્છંદ છે.

બીજો સ્વચ્છંદ છે (કે જે) જીવ ધાર્મિકક્ષેત્રમાં કરે છે – પોતાની મતિ-કલ્પના પ્રમાણે ચાલવું. જ્ઞાનીની આજ્ઞાએ, જ્ઞાનીના રસ્તે ચાલવાને બદલે પોતાને રુચે એમ કરે. કોઈને બુદ્ધિ વધારે હોય તો શાસ્ત્ર વાંચવા માંડે. કોઈને શરીરબળ સારું હોય તો ઉપવાસ, વ્રત, નિયમ, સંયમમાં લાગી જાય, કોઈની પાસે પૈસાની છૂટ હોય તો દયા-દાનમાં વાપરવા લાગી જાય. તન-મન-ધનનો ઉપયોગ પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાની રુચિ પ્રમાણે, પોતાની મતિ-કલ્પના પ્રમાણે જીવ કરે છે અને જ્ઞાનીની આજ્ઞાને સમજતો નથી, એ આજ્ઞાએ ચાલવા માંગતો નથી એ જીવનો સ્વચ્છંદ છે.

ધર્મપ્રવૃત્તિ જીવે ઘણી કરી છે, અનંતકાળમાં અનંતભવમાં, ધર્મસાધન અનેક પ્રકારનાં અનંતવાર અનેક પ્રકારે કર્યા છે પણ તે જ્ઞાનીના અભિપ્રાયે કર્યા જણાતા નથી. તેથી પરિભ્રમણમાં કાંઈ ફેર પડ્યો નહીં. એવું ને એવું પરિભ્રમણ ચાલુ રહ્યું. પરિભ્રમણ મટવા માટે જ્ઞાનીની આજ્ઞા અને પરિભ્રમણનો Problem – આ બન્ને Connected છે, Joint છે. જ્ઞાનીની આજ્ઞા ક્યાંક છે અને પરિભ્રમણનો પ્રશ્ન ક્યાંક છે એવું નથી. જ્ઞાનીની આજ્ઞાએ ચાલે તો એ પરિભ્રમણ મટાડી શકે. નહીંતર પોતાની મતિ-કલ્પનાએ સાધન કરે (તો) ઊલટાનું પરિભ્રમણ વધે.

'વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા

કેમ ન આવી ?' જીવને એટલે કોઈ જીવની વાત નથી. મને, મારા જીવને કેમ ઉદાસીનતા ન આવી ? મેં કેમ આટલો બધો સ્વચ્છંદ કર્યો ? એમ જીવને પોતાના ભૂતકાળના સ્વચ્છંદના પરિણામનો પશ્ચાત્તાપ ઊભો થાય અને એ પશ્ચાત્તાપ વેદનામાં વધારો કરે. જેમ કોઈ ગંભીર ભૂલ કરી હોય તો માણસ રડી પડે. ગંભીર ભૂલ કરી હોય તો (એને પશ્ચાત્તાપ થાય કે), અરે..રે... ! આટલું બધું મેં મને નુકસાન કરી નાખ્યું ? આ તો અનંતુ નુકસાન કર્યું છે, ભૂતકાળમાં અનંતુ નુકસાન કર્યું છે. એનો જે પશ્ચાત્તાપ – ભૂતકાળના અપરાધોનો પશ્ચાત્તાપ એ વેદનામાં વધારો કરે અને સરખાઈની વેદના ઊભી થાય. આ 'જીવને ઉદાસીનતા કેમ ન આવી ?'

'બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં...' સ્વચ્છંદથી. 'કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ?' કેમ એમ ને એમ દોડ્યે ગયો ? હું વેગમાં ને વેગમાં કેમ દોડ્યો ? 'અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું...' મારે ભૂતકાળમાં આ જાણવું જોઈતું હતું તો હું આ અપરાધોથી બચી જાત. 'એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.' અરે...! આ બધાં પરિભ્રમણનાં પરિણામો હજી પણ મારાં ચાલુ ને ચાલુ છે. એટલે એ ફરીને વૈરાગ્યમાં વધારો કરે છે.

વેદના ઊભી થાય ત્યારે સહજ વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં. સંસારમાં પણ કોઈ ચિંતામાં પડે ત્યારે ક્યાં ખાવું-પીવું-ઊંઘવું હોય છે ? પચીસ વર્ષનો એકનો એક છોકરો કોઈ ઉપાડી ગયું હોય, બે-ચાર-પાંચ-આઠ દિવસથી ઘરે જ આવ્યો ન હોય અને પત્તો લાગતો ન હોય તો ખાવા-પીવાનું સુકાઈ જાય કે નહીં ? ઊંઘ આવે ? ન આવે ? ગોતી ગોતીને થાક્યો હોય તોપણ ઊંઘ ન આવે. ચિંતા વસ્તુ એવી છે. એમ ખરેખરી સૌથી મોટી જે આ સમસ્યા છે, એક મરણની નથી – એક મરણની સમસ્યા આવે તોપણ ઊંઘ ઊડી જાય. આ તો અનંત જન્મ-મરણની સમસ્યા છે. એક મરણની સમસ્યા ઊભી થાય, મરણનું કારણ એવી કેન્સર-ફેન્સરની સમસ્યા ઊભી થાય તો ઊંઘ આવે નહીં. આ તો અનંત જન્મ-મરણનું કારણ ઊભું છે. જીવને એની ચિંતા નથી તો એ સમજ્યો શું પણ ? કોઈ એમ કહે કે, ભાઈ ! અમે ઘણુંબધું વાંચ્યું, ઘણું સાંભળ્યું, ઘણું વિચાર્યું. પણ તને અનંત જન્મ-મરણની ચિંતા ન થઈ તો તું સમજ્યો શું ? કે, પાયાની વાત જ સમજણમાં આવી નથી. એમ છે.

મુમુક્ષુ :– બીજાના જન્મ-મરણની વાત ચાલે છે એમ જ લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. પોતાની જાતને સામેલ કરી નથી. એમ જ છે. એટલે માથેથી કાઢી નાખ્યું. વાત સાંભળી પણ માથેથી (કાઢી નાખી). મારા પ્રયોજનની વાત છે એમ ન લાગ્યું. નહીંતર વાત તો સામે આવે છે. વાંચવામાં આવે, સાંભળવામાં આવે, વાત નથી આવતી એવું કાંઈ નથી, પણ અહીંયાં મારું પ્રયોજન છે, એમ પ્રયોજન ઉપર લક્ષ નથી. એટલે એ બધી વાત પ્રયોજનની આવે તોપણ અધ્ધરથી જાય. અને એટલે જ સુધાર નહીં થવાનું કારણ બને છે. જો પ્રયોજનભૂત વાત ઉપર લક્ષ જાય તો સુધાર થયા વિના રહે નહીં. સુધાર નથી થતો એનું કારણ એ છે.

એ પરિભ્રમણ કરવા સંબંધી વધારે વૈરાગ્ય આવે છે. એને પૂર્વના ભાવોનો, અપરાધોનો પશ્ચાત્તાપ થાય છે ત્યારે વિશેષ ઉદાસીનતાનું કારણ બને (છે). ઉદાસીનતા આવી હોય એ પણ વધે, નીરસપણું આવે. યથાર્થ પ્રકારે નીરસપણું આવે ત્યારે દર્શનમોહ મંદ થાય. દર્શનમોહ જ્યારે મંદ થાય ત્યારે એને મતિમાં સૂઝ આવે કે હવે મારે શું કરવું ? ત્યાં સુધી શું કરવું એ ન સમજાય. એમ ને એમ ગાડાં હાંકે રાખે. શું કરવું એ કાંઈ સમજાય નહીં. કરવું શું ? રૂઢિગતપણે બધું એ કરે જાય, પણ ખરેખર શું કરવું ઈ કાંઈ સમજાણું ન હોય. પછી મૂંઝાવાનો વારો આવે. હવે, આમ ને આમ જિંદગી નીકળતી જાય છે, વરસ વીતતાં જાય છે અને આયુષ્યનો તો કોઈનો ભરોસો છે નહીં. ત્યારે હવે કરવાનું શું રહી ગયું ? કે, પહેલું પરિભ્રમણની ચિંતનામાં આવવું રહી ગયું.

એક વાર જો યથાર્થપણે સરખાઈની વેદના ઊપડે તો અંતઃકરણની શુદ્ધિ થઈ જાય. આ વૈરાગ્ય વડે અંતઃકરણની શુદ્ધિ થાય, શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણ કરવા માટે એનો પ્રવેશ થવાની ભૂમિકા આ છે. બીજી કોઈ ભૂમિકા નથી. ૧૯૫ (પત્ર)માં લખ્યું છે કે, આ વિના કોઈને ભૂતકાળમાં કાંઈ દિશાસૂઝ આવી નથી, વર્તમાનમાં આવતી નથી અને ભવિષ્યમાં આવશે નહીં. માટે તમારે સઘળાએ સૌથી પહેલા એ જ શોધવાનું છે કે, હું પરિભ્રમણની વેદનામાં આવ્યો નથી તો સૌથી પહેલાં મારે અહીંયાં આવવું જોઈએ.

પરિભ્રમણની ચિંતના ઊભી થાય તો શું થાય ? પરિણામ કેવા થાય ? કે, આ પ્રકારનાં પરિણામો થાય. અને પછી ચાલતા ઉદયભાવોમાં પણ એને એમ જ લાગે કે, આ બધા ભાવો શું મારા પરિભ્રમણના કારણ નથી ? કેવી રીતે રસ પડે ? જ્યાં એને પરિભ્રમણ દેખાય ત્યાં રસ કેવી રીતે પડે ? કે, રસ પડે નહીં. ઘર, ઘર છે પણ ઘરમાં અજગર આવી ગયો હોય તો ? કે, આઘા રહો. શું થાય ? ત્યાં જાશો નહીં, નજીક જાશો નહીં.

એવા ઝેરી પ્રાણી થાય છે (જેવા કે) આ સર્પ અને અજગર. (સર્પ અને અજગરને જોઈને ભયભીત થઈ પાછો વળે છે તેમ જીવને બધે પરિભ્રમણ દેખાય) ત્યારે જીવ પાછો વળ્યા વિના રહે નહીં. એ યથાર્થપણે પાછો વળે, એને નીરસતા આવે.

પ્રશ્ન :– યથાર્થ નીરસતા એટલે શું ?

સમાધાન :– યથાર્થ નીરસતા આવે એટલે શું કે બીજી અયથાર્થ પ્રકારે નીરસતા આવે છે. પણ કોને અવલંબીને આવે છે ? કે, પરિભ્રમણના કારણોને અવલંબીને આવે છે, પરિભ્રમણની ચિંતનાને કારણે આવે છે તે યથાર્થ છે. એ સિવાય તો ઘણા દીક્ષા-બીક્ષા લે જ છે ને વૈરાગ્યથી ? નથી કહેતા ? કે, બહુ વૈરાગી છે, હવે દીક્ષા લેવાના છે. પહેલેથી દીક્ષા લીધા પહેલા આમ ખાતા નથી, આમ કરતા નથી, આ ત્યાગ કર્યો છે, આ ત્યાગ કર્યો છે, આમ કર્યું છે, એવું તો થાય છે કે નહીં ? એ ત્યાગ-વૈરાગ્ય કોઈ યથાર્થ નથી એમ કહેવું છે. એ બધું અનંતવાર કર્યું. એ બધું અનંતવાર થયું. આ (પરિભ્રમણની ચિંતનાથી આવેલ નીરસતા) યથાર્થ છે. આ અનુભવમાંથી કાઢ્યું છે ને ? અનુભવમાંથી કાઢ્યું છે. કેમકે ત્યાગ-વૈરાગ્યની ભૂમિકામાં પણ એ પરિભ્રમણ ટાળવા માટે જ એની વૃત્તિ કામ કરશે. એ બાજુ વૃત્તિનું ચાલવું થયા જ કરશે. ચિંતનામાં આવ્યો છે માટે.

પ્રશ્ન :– બાકીનો બધો સ્મશાનવૈરાગ્ય છે ?

સમાધાન :– હા, બધો સ્મશાનવૈરાગ્ય છે. Temporary થાય, પાછો ક્યાંય ઊડી જાય. અને યથાર્થપણે એક વાર વેદનામાં આવ્યો હોય ને, એને અવાર-નવાર એ વાત સામે આવ્યા વિના રહે નહીં. એ વાત જ સામે આવે. જ્યાં સુધી પરિભ્રમણ ન ટાળે ત્યાં સુધી એને એ વાત સામે આવ્યા વિના રહે નહીં. એટલે એને ક્યાંય ઊલટી દિશામાં આગળ વધવા દ્યે નહીં.

આ તો Foundationનો Stone છે. જે મુમુક્ષુની ભૂમિકાનો પ્રારંભ છે એ પાયાનો પથ્થર છે. અહીંથી પછી ચણતર આગળ ચાલવાનું છે. પછી મોક્ષમાર્ગની શરૂઆત થશે. પછી એમાં ચણતર થાશે. ઠેઠ સિદ્ધપદ સુધી જાશે પણ પાયામાં આ વાત પડી છે. પાયામાં આ વાત ઊભી થઈ છે માટે એના ફળમાં એ પરિભ્રમણ(થી) છૂટીને સિદ્ધપદમાં ગયો. જે જીવ સિદ્ધપદને પહોંચ્યો એ જીવને મૂળમાં આ વાત ઊભી થઈ ત્યારે પહોંચ્યો, નહીંતર ન પહોંચી શકે, એમ છે. બીજા કારણે પહોંચી જ ન શકે. સીધું ગણિત છે.

'વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક

પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી.' શું કહે છે ? જીવે એવો તીવ્ર રસવાળો રાગ કર્યો. તીવ્ર રાગરસ સહિતનો કર્યો. કોઈ ને કોઈ પદાર્થ માટે રાગરસ સહિતનો (રાગ કર્યો). કોઈ વાર પોતે પુરુષ થયો તો સ્ત્રી માટે કર્યો, સ્ત્રી થયો તો પુરુષ માટે કર્યો, કે કોઈ ને કોઈ વ્યક્તિ માટે કર્યો કે, હું એના વિના જીવી શકીશ નહીં. જીવને એવું અનંત વાર થયું, પાછું એને – જીવને એક વાર થયું એવું નથી, એવું પણ અનંત વાર થયું. હું એક પળ નહીં જીવી શકું. અને એ વિયોગ થયાં અનંત કાળ ચાલ્યો ગયો. એવો વિયોગ થયાં કેટલો કાળ ગયો ? અનંત કાળ ગયો જીવનો. અને અત્યારે એ પોતે જીવતો છે, એના વગર જિવાયું છે, આ શું થયું ?

'એ કાંઈ થોડું આશ્ચર્યકારક નથી.' કેમ આમ થયું ? આશ્ચર્ય થાય એવી વાત છે. એક પળ હું નહીં કાઢી શકું (એવો રાગ કર્યો પણ) અનંત કાળ કાઢ્યો ! સાવ ભૂલી જ ગયો, સાવ ભૂલી ગયો. જેના વગર એક ક્ષણ નહીં જીવું એને સાવ ભૂલી ગયો. 'અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો.' કેવો હતો ? તદ્દન કલ્પિત હતો. જીવને એ કલ્પના થઈ હતી. વાતમાં કાંઈ માલ હતો જ નહીં. ખાલી–ફાલતું કલ્પના થઈ હતી. માટે અનંત કાળ (થયો છતાં) હજી જીવતો ઊભો છે.

'એવો પ્રીતિભાવ કાં થયો ?' એવો કલ્પિત પ્રીતિભાવ મેં શા માટે કર્યો ? 'એ ફરી ફરીને વૈરાગ્ય આપે છે.' કે આવા પરિણામ – કલ્પિત પરિણામ કરીને કદી પણ દુઃખી થવા જેવું નથી. મફતનો દુઃખી થયો હતો. સાવ મફતનો, તદ્દન, કલ્પનામાં જ (ચાલ્યો), બીજું કાંઈ નહીં. જેમ કોઈ સપનામાં દુઃખી થાય એમ એ બધા પ્રસંગો ભૂતકાળનાં સપના થઈ ગયા. જે જ્ઞાનદશામાં આખો સંસાર સ્વપ્નવત્ ભાસે છે એની શરૂઆત અહીંથી થાય છે પછી જ્ઞાનદશા આવે (છે). શરૂઆત આ રીતે થાય કે, અરે...! સપનાની જેમ આવા આવા તીવ્ર રાગ કર્યા છે, તીવ્ર રસવાળા રાગ કરીને ખૂબ દુઃખી થયો છે. એવી રીતે ઝૂરી-ઝૂરીને મરે કે, હું નહીં જીવી શકું, હું નહીં જીવી શકું. ઘણાંય એવાં પાત્રો જોયાં છે હોં ! એવા માણસો જોયા છે.

'કલકત્તા'માં એક બહેન હતાં. એના ધણીને એના નોકરે મારી નાખ્યો. રાતના બે વાગે છરી લઈને આવ્યો, બેડરૂમમાં ઘૂસી ગયો, પેલો સૂતો હતો. આણે એની હાજરીમાં જ ઉપરા-ઉપરી પાંચ-છ છરીના ઘા એવી રીતે કર્યા કે પાંચ મિનિટમાં ખલાસ ! સંપન્ન

માણસો, બધી જાતની અનુકૂળતા અને એમાં આ થયું. હવે એમ કહે કે, હવે મારે આ બધું શું કામનું ? એમ કહે (છે). હવે આ બધું છે એ મારે કાંઈ કામનું નથી. વારંવાર આપઘાત કરવાના વિચાર કરે. બે છોકરા હતા એટલે પછી એના પર નજર કરે એટલે વળી એમ થાય કે ના, ના હવે આનું શું થાશે પાછું ? હું મરી જઈશ તો આ બિચારાનું શું થશે ? છ મહિના થઈ ગયેલા પણ એ જ પરિસ્થિતિમાં કાંઈ ફેર પડે નહીં. આવું (સુકાઈ ગયેલું) શરીર થઈ ગયેલું. કાંઈ ફેર પડે નહીં. છ મહિનાથી ઝૂરે. ઝૂર્યા જ કરે. શોક ઓછો થાય નહીં. કોઈ ગમે એટલી વાતો કરે અને મહારાજો પાસે લઈ જાય, અપાસરે લઈ જાય.

એ પ્રસંગે જવાનું થયું કે, જરાક શાંતિ મળે એટલે (જઈએ). એ કહે કે, મને બીજું કાંઈ સૂઝે એવું જ નથી ને ! કાંઈ સૂઝતું નથી. પછી પૂછ્યું કે, આપઘાત કરવાનો વિચાર આવે તો આપઘાત કેમ કરતાં નથી ? તો કહે, એવું થાય છે કે, જાણે એ મારી પાસે આવે છે અને મને કહે છે કે, તું એમ ન કરતી હોં ! આ છોકરાઓનું તારે ધ્યાન રાખવાનું છે એમ મને કહે છે. ઠીક ! કેવી કલ્પના થાય છે જુઓ ! કેવી કલ્પના થાય છે ! (અને) હું અટકી જાઉં છું કે નહીં, મને ના પાડે છે. અંદરથી ને અંદરથી (એમ થાય). બહાર તો કોઈ આવે શું ? પણ અંદરથી ને અંદરથી એ બધી કલ્પનાઓ થયા કરે છે.

આવી રીતે જીવ અનંત વાર અનંત દુઃખ પામ્યો છે. કેવળ કલ્પનાથી, બીજું કાંઈ ન મળે. ભિન્ને ભિન્ન છે, કોઈ જીવને કોઈ બીજા જીવ સાથે કાંઈ લેવા કે દેવા. સાવ ભિન્ને ભિન્ન છે. કલ્પના કરે અને પછી દુઃખના પાર રહે નહીં. એ બધું સ્મરણમાં આવે છે.

'વળી સ્મરણ થાય છે...' એમ કરીને લખે છે. એ બધું સ્મરણ થતાં ફરી ફરીને વૈરાગ્ય આવે છે. હવે પરિભ્રમણથી છૂટવા માટે કોના માટે રોકાવું ? એમ કહે છે. માણસ રોકાય છે તો કોઈ વહાલી ચીજ માટે રોકાય છે. પ્રતિબંધ શેનો છે ? વહાલી ચીજનો. તો કોના માટે તારે રોકાવું છે ? વહાલામાં વહાલી ચીજને, એવી વહાલી કે એક ક્ષણ ન જીવી શકાય એને અનંત વાર છોડી અને અનંત કાળથી તું જીવતો છો. હવે તારે કોના માટે રોકાવું છે ? કહે. રોકાવામાં શું કરે છે ? પરિણામ એના તરફના ખેંચાય છે. જે પરિણામ પોતાના પરમાત્મતત્ત્વ તરફ ખેંચાવા જોઈએ, અંતરમાં ખેંચાવા જોઈએ અને અંતર્મુખ થવા જોઈએ એ એમ ખેંચાવાને બદલે પ્રતિબંધને કારણે બહાર ખેંચાય છે. એ કોના માટે પરિણામ ખેંચાય છે ? તું જો તો ખરો, એકેય ચીજ રહેવાની નથી. બહારની કોઈ ચીજ નહીં રહે. અત્યાર સુધી રહી નથી અને રહેવાની પણ નથી. અમુક કાળ પર્યંત સંયોગ છે. એમાં જે કલ્પના

કરી છે એ તને પરિભ્રમણ આપે છે, એ કલ્પના તને પરિભ્રમણ કરાવે છે, બીજું કાંઈ નથી.

અંદરથી જ, પરિભ્રમણથી છૂટવાની અંદરથી ભાવના થાય તો આ બધા પ્રકારના પરિણામ થાય. જુઓ ! અહીંયાં પોતાને થયા હશે. પોતે અનુભવથી લખે છે ને ? તો પોતાને થયા છે. Tally કરવાના રહે છે, મેળવણી કરવાના રહે છે કે આ જીવને આવા પરિણામ થાય છે ? એટલી એણે મેળવણી કરવાની રહે છે. તો એને ખરેખર અંદરથી છૂટવું છે, નહીંતર ધર્મસાધન કરવા છે પણ અંદરથી છૂટવું નથી. એ કેમ છૂટે ? એનું પરિભ્રમણ કેમ મટે ? ધર્મનું સાધન કરવું છે, યથાશક્તિ આપણે તો કરીએ જ છીએ, નથી કરતાં એવું કાંઈ થોડું છે ? પણ અંદરથી છૂટવું નથી. પ્રમાણિકપણે જેને જન્મ-મરણથી છૂટવું હોય એને આ પ્રકારના પરિણામ આવે, એમ કહેવું છે. એમાં પણ પ્રમાણિકતા જોઈએ. આત્મકલ્યાણ કરવામાં પણ પ્રમાણિકતા જોઈએ.

મુમુક્ષુ :– દરેક જગ્યાએ પ્રમાણિકતા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– જો અહીંયાં પ્રમાણિકતા ન હોય તો પછી બીજે ક્યાં પ્રમાણિકતા રહેવાની હતી ? જે જીવ પોતાના આત્મકલ્યાણ માટે પ્રમાણિક નથી ત્યાં પછી બીજી જગ્યાએ એ પ્રમાણિક છે, બીજા કાર્ય માટે એ પ્રમાણિક છે એ વાત(નો) કેવી રીતે વિશ્વાસ કરી શકાય ? જે પોતાના જ આત્મકલ્યાણ માટે પ્રમાણિક નથી ! આ સમજવા જેવો વિષય છે.

એ જ્ઞાનીઓને ખબર પડી જાય છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય તો ખબર પડી જાય. આ ભૂમિકામાંથી પસાર થઈને આગળ વધ્યા હોય (તેને ખબર પડી જાય); કે, આ તો બહુ ધર્મસાધન કરે, આ તો નિવૃત્તિ લઈને બહુ ધર્મસાધન (કરે છે પણ) પેલાને ખ્યાલ આવી જાય કે આમાં કોઈ ઈમાનદારી નથી, પરિભ્રમણથી છૂટવું નથી, છૂટવા માટેની ઈમાનદારી નથી. આમ કોઈ એમ કહે કે તમે બેઈમાન છો તો ? કેવું ખરાબ લાગે ?

મુમુક્ષુ :– બેઈમાન પાછું પોતાને માટે !

પૂજ્ય ભાઈશ્રી :– પોતાને માટે ! પછી બીજા માટે તો હોય જ ને ! જે પોતાને માટે (ઈમાનદાર) ન હોય એ બીજાને માટે કેવી રીતે હોય ? એ તો સવાલ જ ઊભો નથી થતો. એ ખ્યાલ આવી જાય. એ ભલે ગમે તેમ કરે પણ હજી એને છૂટવું નથી.

‘એ ફરી ફરી વૈરાગ્ય આપે છે. વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં;...’ મોઢું

જોવું નથી એવો દ્વેષ આવે કે આ માણસનું મારે મોઢું પણ જોવું નથી, સામું જોવું નથી. સામે મળે તો આડું જોઈ જાય. 'જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું;...' સ્વીકારીશ નહીં. એની કોઈ વાત સ્વીકારીશ નહીં. અરે...! એના ઘરનું પાણી પણ મારે હરામ છે. જમવા તો શેનો જાઉં ? પણ પાણી પીવું પણ હરામ છે.

'તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ?...' ગરજુ થઈને એને ત્યાં ગયો. તું બાપા, જેમ કહે તેમ. મોઢું નો'તું જોવું એને કહે તું બાપા, જેમ કહે તેમ. ગરજે ગધેડાને બાપ કહે, એના જેવી વાત છે. એવા સંજોગો (ઊભા થયા કે) એના દ્વેષભાવને લઈને કુદરતે એને એ પરિસ્થિતિમાં મૂક્યો. મોઢું નો'તું જોવું પણ ગલુડિયું થઈને એની પૂછડી પટપટાવે કે, એને કાંઈક આપે, કાંઈક એને મોઢામાં નાખે. એક બટકું રોટલા માટે ઠેકડા મારે ! મોઢું જોવું નો'તું (છતાં) શું દશા (થાય છે) ? પરિણામના પલટા કેવા થાય છે ? પરિણામના આ બધા ચિત્ર-વિચિત્ર પલટા !

'અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું !' એ દ્વેષના ફળમાં ત્યાં એવી રીતે ગયો. 'અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી !' નહોતી એટલે બિલકુલ – જરાપણ ઇચ્છા નહોતી. 'કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ?' ધિક્કાર છૂટે. અરે..રે...! એક કાળે તું એનું મોઢું જોવા નો'તો માંગતો, બીજે કાળે તું એની જ પગચંપી કરવા માંડ્યો ! તમે જેમ કહો એમ, બાપા ! મારે તમે કહો એમ કરવું છે. એ ક્ષણે-ક્ષણે પલટાતી એવી વૃત્તિ ન જોઈએ. વૈરાગ્ય આવે ત્યારે એમ કહે. આવી વૃત્તિ પલટો મારે, ઘડીકમાં એટલો દ્વેષ કરે, પાછો એટલો રાગ કરે, ઘડીકમાં ઘણો રાગ કરે, પાછો દ્વેષ કરે. ખૂબ રાગ કર્યો હોય, પાછો ખૂબ દ્વેષ કરે. પરિણામનું કોઈ ઠેકાણું નથી રહેતું. કલ્પના થાય છે ને ! રાગ માટે પણ કલ્પના કરી છે અને દ્વેષ માટે પણ જીવને કલ્પના જ થાય છે, બીજું કાંઈ નથી.

અર્થાત્ જુગુપ્સા આવે છે. પોતાને પોતાના આત્મા પ્રત્યે ધિક્કાર છૂટે છે. ચિંતનાના પરિણામ આવા બધા છે. પછી ઉદયભાવના જે જે પરિણામો થાય એમાં એને એ જ દેખાય. મારું પરિભ્રમણ આમ કરતાં કરતાં જ થયું છે, આમ કરતાં કરતાં જ મારું પરિભ્રમણ થયું છે, આમ કરતાં કરતાં જ મારું પરિભ્રમણ થયું છે. એવી ચિંતા ચાલુ રહે, વાતે-વાતે, કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે એવું સતત ચાલુ રહે કે, પછી બીજી ચિંતાનો અવકાશ જ ન રહે. ત્યારે બધા અભિપ્રાયો અંદરથી ફરવા મંડે. ઊલટા અભિપ્રાયો છે એ બધા ફરવા

મંડે અને છૂટવા માટેની એની મતિ નિર્મળ થઈને એની દિશાસૂઝ એને આવે. ત્યાં સુધી પ્રયોજનનો દૃષ્ટિકોણ જ સાધ્ય થતો નથી. અત્યારે વર્તમાનમાં કઈ વાત સાથે મારું પ્રયોજન છે એ જ લક્ષ ઉપર આવે નહીં, બધું અધ્ધરથી જ જાય. આમ ધર્મની વાતો છે એ બધી સારી વાતો છે, કોઈ વાતો ખરાબ નથી અને એ સારી વાતો ઉપર-ઉપરથી સારી સારી લાગે પણ અંદરથી પરિભ્રમણ છોડવું નથી એ ઉપર ઉપરથી સારું લાગેલું કાંઈ કામમાં આવે નહીં.

પ્રશ્ન :– કાંઈ કાર્યકારી ન થાય ?

સમાધાન :– કાંઈ કાર્યકારી ન થાય. આજે જે એને સારું લાગ્યું છે, જે વાત એને સારી લાગી છે એ જ વાતનો કાલે પાછો વિરોધ કરવાનો. આજે જે વાત સારી લાગી છે એ જ વાતનો કાલે વિરોધ કરશે, મતિ ફરી જશે. ધર્મવિરોધી માણસો નથી હોતા ? એવું નથી કે એ પહેલા કાંઈ જૈન નહોતા થયા, જૈન સંપ્રદાયમાં નહોતા જન્મ્યા અને આ વાત એને સારી નહોતી લાગતી, એવું કાંઈ નથી. પાછો જીવ ફરી જાય, એનું કોઈ ઠેકાણું રહે નહીં. પાયો નથી બદલાણો (પછી) શું થાય ? આ તો બહુ જ કરુણા કરીને આ બધી વાતો કાઢી છે. બહુ કરુણા કરીને વાતો કાઢી છે.

'વધારે શું કહેવું ?' આવી ઘણી વાતો છે. જે પરિભ્રમણની ચિંતનામાં ઊભી થાય છે. આવી ઘણી વાતો છે, જે એને ચિંતામાંથી બહાર નીકળવા દે નહીં અને બહાર નીકળે ત્યારે એ આત્મકલ્યાણનું – પૂર્ણતાનું લક્ષ કરીને બહાર નીકળે. પરિભ્રમણની ચિંતનામાંથી ક્યારે બહાર નીકળે ? કે, પૂર્ણતાનું લક્ષ કરે એટલે ચિંતનામાંથી બહાર નીકળે. પછી ઝપટ કરે. પછી એવો સંવેગ આવે કે, કોઈ પણ ભોગે હવે પૂર્ણદશા અલ્પ કાળમાં લીધા વગર રહેવું નથી. હવે ઈ વાત કરશે કે, આટલી વેદના આવી અને વૈરાગ્ય થયો ત્યારે હવે (એના) ફળસ્વરૂપે પરિણામ શું થવા મંડ્યા ?

'જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે.' હવે શું કરવું એની ચિંતા આવી, ખરી ચિંતા આવી. નહીંતર શું કર્યા કરે ? બીજા કરતા હોય ઈ કર્યા કરે કે ભાઈ ! આપણે ત્યાં આમ થાય, આપણે ત્યાં શું કે બધા ભેગા થાય અને શાસ્ત્રસ્વાધ્યાય કરવાનો. પેલાપણે (શું ?) કે, પેલાપણે બધા અપાસરામાં ભેગા થઈને સામાયિક લઈને બેસી જાય. પેલાપણે (શું ?) કે બધા ભક્તિમાં ગાવા માંડે. જ્યાં જે ચાલતું હોય એમાં ચીલાચાલુમાં જોડાઈ જાય. પણ મારે શું કરવું એની

ચિંતા નથી. ત્યાં આ ફલાણું થાય એટલે કરો લોલમાં લોલ. જાઓ ! આમ જ ચાલ્યું છે. જે બધાં કરતાં હોય એ કરવા માંડે. મારે ખરેખર છૂટવા માટે શું કરવું છે ? એની ચિંતના થઈ જવી જોઈએ.

મુમુક્ષુ :– વેદના થાય ત્યારે ખબર પડે છે એ પહેલા ખબર જ પડતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખબર જ ન પડે. એવું જ છે. એમ જ અંધારામાં જ ચાલ્યો છે. શું થાય ? ખબર ક્યાંથી પડે ? હા, એવું જ છે એ તો.

એ બધું સ્મરણ થતાં 'કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે.' અને એ ચિંતનાના ફળસ્વરૂપે 'ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે.' આ નિષ્કર્ષ નીકળ્યો. જે ઘણી ચિંતના-વેદના થઈ અને ઘણી ઉદાસીનતા આવી એમાંથી આ વાત ઊભી થઈ. સહેજે સહેજે આ વાત ઊભી થાય. જ્યારે એ વાત ઊભી થાય ત્યારે સમજવું કે આગલી ભૂમિકા બરાબર આવી હતી. આ પૂર્ણતાના લક્ષની સીધી ભૂમિકા છે. આમાંથી એ જન્મે છે. કેમકે એ વેદનામાં એટલો વેદાણો, એટલો વેદાણો, એટલો વેદાણો કે અંતઃકરણની શુદ્ધિ થઈ ગઈ.

'આ પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે; પાપી તેમાં પુનિત થઈને પુણ્યશાળી બને છે.' એ પશ્ચાત્તાપ છે એ એને ધોવે છે. એની સંઘરાયેલી, જામેલી, ચોંટેલી મલિનતાને ગાળી નાખે છે. સરખાઈની વેદના આવે તો એ બધું ગળી જાય અને અંતઃકરણ શુદ્ધ થાય. શુદ્ધ અંતઃકરણથી મુક્ત થવાની ભાવના થાય એટલે કે દઢપણું (આવે). અહીંયાં એમણે 'દઢત્વ' શબ્દ વાપર્યો છે. દઢ મોક્ષેચ્છા ! એ સાચું પૂર્ણતાનું લક્ષ છે. પછી અંદરથી Force આવે. પછી આત્મકાર્ય કરવાનો એવો Force આવે કે, હવે મારો પુરુષાર્થ ઢીલો પડે છે એવું એને લાગે નહીં. નહીંતર એમ કહે કે, (અમે) સમજીએ છીએ પણ પુરુષાર્થ ઊપડતો નથી. સમજાય છે તો બધું પણ પુરુષાર્થ ઊપડતો નથી. પણ ક્યાંથી ઊપડે ? અંદરમાં હજી ઉકરડો એટલો ભર્યો છે કે, એ કાંઈ પુરુષાર્થને ઊપડવા દે નહીં. ક્ષયોપશમ હોય એટલે વાત સમજાય પણ એ શું કામ લાગે ? એની અસર જ ન આવે ને ! એની અસર જ ન પહોંચે.

અહીં તો દઢત્વ આત્મામાં પ્રકાશે છે એમ લ્યે છે. દઢ રાગ થાય છે અને દઢ ઇચ્છા થાય છે એમ નથી. આત્મામાંથી દઢપણું આવ્યું એમ કહે છે, જુઓ ! હજી આત્મદશા નથી પ્રગટ થઈ. તોપણ કહે છે કે, આત્મામાંથી દઢત્વ પ્રકાશે છે (કે), હવે જન્મ-મરણ

નથી કરવા. 'ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું...' 'એમ' એટલે ? જન્મ-મરણ થાય એવું ન જ કરવું, એમ. એનું કારણ – જન્મ-મરણનું કારણ ન સેવવું. 'એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે.' અંદરથી જોરદાર ભાવના આવી. દઢ નિર્ધાર ઘણો જોરદાર થાય છે. આ સિદ્ધપદનું શિલાન્યાસ છે. સિદ્ધપદ એટલે પરિભ્રમણ ટળ્યું. જે પરિભ્રમણ ટાળવા માટેનો નિર્ધાર થયો ત્યારે પરિભ્રમણ ટળ્યું. પરિભ્રમણ ટાળવાનો નિર્ધાર થાય ત્યારે પરિભ્રમણ ટળે, ઈ વગર પરિભ્રમણ ટળે નહીં. આવો નિર્ધાર થવો જોઈએ, પૂરી વેદનામાંથી આવવું જોઈએ, આંતરડીમાંથી ઊભું થાવું જોઈએ. તો એની લગની ઊપડે. નહીંતર લગની કોઈ લાગી લગાડાતી નથી. સહજ લાગે એ પરિભ્રમણની વેદનામાંથી લાગે, એ વગર સહજ લાગે નહીં.

'ઉત્તરાધ્યયન'માં આ વાત છે. હમણાં 'સિકંદરાબાદ'માં શિબિર હતી. તો જેણે એ શિબિર ગોઠવી હતી એ અભ્યાસી માણસ હતા. એણે 'ઉત્તરાધ્યયન' કાઢીને આપ્યું. મને કહે, 'તમે કહો છો એ વાત 'ઉત્તરાધ્યયન'માં છે.' તીર્થંકરની વાણીમાંથી જ બધું આવ્યું છે. જ્ઞાનીઓનો અનુભવ કહો કે તીર્થંકરની વાણી કહો (બન્ને એક જ છે). Exact એ વાત હતી. મૂળ વસ્તુ અમુક અમુક રહી ગઈ હોય ને ! એ અમુક મૂળ ચીજો છે. એમ આ બધી મૂળ પાયાની વાતો છે.

આગળ લેશે કે પછી એવા કેવા દઢતાના પરિણામ થાય તો કેટલી દઢતા આવે છે ? એ દઢતા એને આગળ લઈ જાય છે, પાછો પડવા દેતી નથી એવી દઢતા આવે છે.

વિશેષ લઈશું...

## તા. ૨૭-૦૪-૧૯૯૬, પ્રવચન નં. ૩૨
## પત્રાંક – ૧૨૮

('શ્રીમદ્ રાજચંદ્ર') પત્ર ૧૨૮ ચાલે છે. પાનું ૨૨૧. પરિભ્રમણની ચિંતના કેવા કેવા પ્રકારે ઉત્પન્ન થાય ? એ ચિંતનાનાં પરિણામો કેવાં હોય ? એનું ચાર પેરેગ્રાફથી આ પત્રમાં વર્ણન ચાલ્યું. યથાર્થપણે એ ચિંતના જ્યારે ચાલે છે ત્યારે એ ચિંતનામાં મારું ભવિષ્યનું જીવન મારે કેવી રીતે જીવવું ? ભવિષ્યનું જીવન કેવી રીતે જીવવું ? એ ચિંતના પણ સાથે સાથે ઉત્પન્ન થાય છે. કેમ ? કે, ભૂતકાળ વ્યર્થ ગુમાવ્યો, અત્યાર સુધીનો ભૂતકાળનો અનંત કાળ વ્યર્થ ગુમાવ્યો અને હવે એવી ભૂલ ન થાય, એ પ્રકાર સાથે સાથે ચિંતનામાં ઊભો થાય છે અને એક દૃઢતા ઊભી થાય છે. એ ચિંતનામાંથી એક દૃઢતા ઊભી થાય છે.

ચિંતનાની યથાર્થતાના ફળસ્વરૂપે આત્મામાં એક દૃઢતા ઉત્પન્ન થાય છે, દૃઢપણું આવે છે કે, હવે મારે જન્મ-મરણ કરવા નથી. જન્મ-મરણ કરવા નથી એવું નહીં (પણ) એટલી દૃઢતા આવે છે કે, કોઈ પણ ભોગે જન્મ-મરણ હવે ન કરવા જોઈએ. જોકે અનંત જન્મ-મરણ પાસે બાકીના બધા પ્રકાર જે છે – સંયોગ-વિયોગના કે જેટલા કોઈ પ્રસંગ છે કે જેટલી કોઈ જગતની વસ્તુઓ છે એનું મૂલ્ય શું છે ? એનું કોઈ મૂલ્ય નથી. પરિભ્રમણની સમસ્યા આગળ એથી વધારે કઈ મોટી વાત છે ? સરખામણીમાં એવી કઈ મોટી વધારે વાત છે ? એવી કોઈ મોટી વાત નથી. એવો એક તુલનાત્મક જે નિર્ણય આવે છે એ તુલનાત્મક બુદ્ધિના નિચોડરૂપે આવે છે અને એણે આ વાતને બરાબર તોળી છે કે, જન્મ-મરણનો એક Problem છે. આ સમસ્યા કોઈ પણ હિસાબે મટાડવી જ જોઈએ. એની પાસે બીજી કોઈ વાતની મુખ્યતા થવાનું કોઈ કારણ રહેતું નથી. કેમકે આથી કોઈ મોટી વાત છે જ નહીં. આથી કોઈ બીજી મોટી વાત છે નહીં. એટલે એક વિવેક પ્રાપ્ત થાય છે. મુમુક્ષુજીવને આ ભૂમિકાનો એક વિવેક પ્રાપ્ત થાય છે કે, કોઈ પણ ભોગે, કોઈ પણ કિંમતે, At any cost મારે મારું પરિભ્રમણ મટાડવું છે અને એના માટે હું ગમે તે કરવા તૈયાર છું. ગમે

તે કરવા તૈયાર થયો એટલે કોઈ શરત નહીં. Unconditional આ કામ મારે કરવું છે. જે રીતે થતું હોય એ રીતે.

'એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ?' કેટલીક નિરુપાયતા છે એમાં શું હોય છે કે, કર્મયોગે દરેકને પૂર્વના પ્રારબ્ધ (યોગે) કેટલાંક બંધનો ઊભાં થયેલાં હોય છે. કોઈ સંસારનો જીવ બંધનથી મુક્ત નથી. કર્મથી બંધાયેલો છે અને એ કર્મથી બંધાયેલો હોવાને લીધે કેટલીક બંધનાત્મક પરિસ્થિતિની વચ્ચે છે, જે બંધનો દૂર કરવા એની શક્તિની બહારની વાત છે, એવી પણ એક પરિસ્થિતિ હોય છે. એની ચર્ચા કરે છે અને પોતાને માટે પણ એમણે એમ જ વિચાર્યું છે. આ ખાલી ઉપદેશ નથી આપ્યો. જાણે પોતે પૂર્ણતાનો નિર્ણય કરતા હોય, આત્મકલ્યાણનો – પૂર્ણ શુદ્ધિનો નિર્ણય કરતા હોય એ રીતે આ પત્ર લખાયેલો છે.

'પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ?' ત્યારે પાછો આત્મા અંદરથી જવાબ દે છે. કેમકે દઢતા આવી છે એ કોઈ પોલવાળી નથી આવી. દઢતા પરિપકવ રીતે આવેલી છે, યથાર્થ રીતે આવેલી છે. એટલે આત્મા એમ કહે છે કે 'જે દઢતા છે તે પૂર્ણ કરવી;...' કેટલીક નિરુપાયતા છે એ નિરુપાયતાઓની વચ્ચે પણ પુરુષાર્થ કરીને જે દઢતા છે એ પૂર્ણ કરવી. પૂર્ણ કરવી એમ નહીં 'જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે,...' એ જ ધૂન ચાલે છે. એ જ રટણ ચાલે છે કે, હવે મારે જન્મ-મરણ કરવા નથી. હવે કોઈ પણ ભોગે મારે જન્મ-મરણ કરવા નથી. એ જ રટણ આવે છે, એ જ રટણ છે ત્યાં 'જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે,...' જે સ્વકાર્ય કરવાની અંદર (દઢતા ઊભી થઈ છે એમાં) માનો કે સત્સંગ ઉપાસવો છે. પહેલું પગથિયું ક્યાં છે ? સત્સંગ ઉપાસવામાં આવે છે. ત્યારે સત્સંગ ઉપાસવામાં જે સંયોગો-વિયોગો આડા આવે, એને એક બાજુ કરવું પડે છે.

પ્રશ્ન :– આવી દઢતા ન આવે ત્યાં સુધી એને આત્મકલ્યાણ કરવું નથી ?

સમાધાન :– પ્રમાણિકતાથી નથી કરવું. આવી દઢતા ન આવે ત્યાં સુધી ખરેખર જીવને આત્મકલ્યાણ અંદરથી કરવું છે, પ્રમાણિકતાથી કરવું છે, ઈમાનદારીથી કરવું છે એ વાત રહેતી નથી. કેમકે આ તો ચોખ્ખો હિસાબ-કિતાબ છે કે, એક મરણ પાસે પણ તમે બધો ભોગ દેવા તૈયાર છો, મરણથી કોઈ બચાવતું હોય તો ! પછી ડૉક્ટર, વૈદ્ય, જાણ્યો-અજાણ્યો, કઈ જાતનો, કઈ નાતનો કાંઈ પૂછવા રોકાવાનું નથી. Heart problem થયો છે અને Heart specialist કઈ નાતનો છે એમ પૂછો છો ? ઈ શું ખાય છે ઈ પૂછો છો ? ઈ

શું કરે છે એ પૂછો છો ? કાંઈ નહીં. મારો રોગ તમે મટાડો છો કે નહીં ? મારે બીજી પંચાતની કાંઈ જરૂર નથી. છે કે નહીં ?

મુમુક્ષુ :– જો પંચાત કરવા જાય તો એનો લાભ ન લઈ શકે.

સમાધાન :– તો પેલો એમ કહે કે ભાઈ ! તારે એ પંચાત કરવી હોય તો તું હવે એ કર્યા કર, મારું આમાં કાંઈ કામ નથી. એટલે સંક્ષેપમાં વાત એ છે (કે), જ્યાં પોતાની સમસ્યા છે ત્યાં બધું ગૌણ કરવું પડે છે. આ તો અનંત જન્મ-મરણનો Problem છે. જો એના એક ઉપર તમારું વજન ન હોય અને એ વજન ઓછું થઈ જાય, બીજી બાજુ જાય તો આખું પ્રયોજન માર્યું જાશે, પ્રયોજન જ આખું માર્યું જશે. ત્યાં હૃદયરોગ મટાડવો છે, અહીંયાં ભવરોગ મટાડવો છે. હૃદયરોગ એક મરણ માટે છે અને ભવરોગ અનંત મરણ માટે છે. આથી કયો મોટો Problem છે ? કોઈ વાત જ નથી પછી ક્યાં પ્રશ્ન છે ?

પ્રશ્ન :– દઢતા ન આવે તો પરિભ્રમણની ચિંતના નથી ?

સમાધાન :– યથાર્થ નથી. ઉપર ઉપરના વિકલ્પો છે, યથાર્થ ચિંતના નથી. યથાર્થ ચિંતના હોય તો કોઈ પણ ભોગે પરિભ્રમણ મટાડવા તૈયાર થઈ જાય અને એનું પરિભ્રમણ અવશ્ય મટે, અને એમ ન થાય ત્યાં સુધી કોઈ દિવસ કોઈનું પરિભ્રમણ મટે નહીં. એનું કારણ શું છે ? કે જે સંસારનું પલ્લું નમેલું છે એ પલ્લું નમેલું રહે ત્યાં સુધી મોક્ષ બાજુ તમે આવો કેવી રીતે ? એ તો બન્ને પ્રતિપક્ષ છે. સંસાર પરિભ્રમણ અને સંસાર પરિભ્રમણથી છૂટવું, બન્ને સામે-સામી વાત છે, પ્રતિપક્ષની વાત છે.

પ્રશ્ન :– દઢતા નહિ થવાનું બાધક કારણ શું ?

સમાધાન :– સંસાર પ્રત્યેનું વજન – પ્રતિબંધ – સંસારના પ્રતિબંધ. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, શરીર પ્રતિબંધ અને પોતાના વિપરીત અભિપ્રાયોને લીધે ચાલતા સંકલ્પ-વિકલ્પના પ્રતિબંધ. આ ચાર પ્રતિબંધ સંસાર પરિભ્રમણનું કારણ છે. એ વેદનામાં આવે એના પ્રતિબંધો સીધા જ તે ઢીલા પડી જાય. પહેલે પગથિયે આટલું કામ થાય છે. એ ચારે પ્રતિબંધો ઢીલા પડે એટલે રસ્તો મોકળો થાય, મુક્ત થવા માટેનો અવકાશ પ્રાપ્ત થાય અને આવી દઢતા આવે. (જે જીવને) આવી દઢતા આવે એ અવશ્ય આત્મકલ્યાણને સાધે, સાધે અને સાધે જ. આવી દઢતા ન આવે ત્યાં સુધી આત્મકલ્યાણ થવાની કોઈ પરિસ્થિતિ નથી. આ વાસ્તવિકતા છે. એટલે 'ગુરુદેવે' 'વાસ્તવિક' શબ્દ વાપર્યો છે કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત એ વાસ્તવિક શરૂઆત છે.' બાકી શરૂઆત જ નથી. અવાસ્તવિક શરૂઆત કહો

કે કલ્પનાયુક્ત શરૂઆત કહો, એ કોઈ વસ્તુ નથી અને એનાથી કોઈ પારમાર્થિક લાભ નથી.

પ્રશ્ન :- દઢતા લાવવા માટે, દઢતા આવવા માટે વિશેષ પ્રકાર શું ?

સમાધાન :- 'કૃપાળુદેવે'એ તો ચાર પેરેગ્રાફ આપ્યા. આ દઢતા મને કેવી રીતે આવી ? કે, આવા આવા મારા ભૂતકાળના મને વિચારો આવ્યા અને હવે એમાંથી ફલિત થયું કે મારે હવે પરિભ્રમણ કરવું નથી. પોતાના રાગ, પોતાના દ્વેષ, પોતાનો સ્વચ્છંદ અને સંકલ્પ-વિકલ્પ જે કર્યા કર્યા, ભાવ પરિભ્રમણ કર્યું – એ બધા જે પરિભ્રમણનાં કારણો છે એ કારણો હજી ઊભાં છે તો મને ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે પોતાનું પરિભ્રમણ ભાસવું જોઈએ, લાગવું જોઈએ, Feel થવું જોઈએ. લાગે તો અસર આવ્યા વિના રહે નહીં અને ન લાગે તો જગતમાં એનો કોઈ ઉપાય છે નહીં.

'જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે.' શું થાય છે ? એમાં વખત ચાલ્યો જાય છે. વ્યવસ્થા કરવા જતાં વખત જાય છે એ પણ પોસાતું નથી. સમય જાય છે એમાં 'જીવન ચાલ્યું જાય છે,...' અમૂલ્ય એવું મનુષ્યજીવન છે એ વ્યતીત થતું જાય છે અને પરિભ્રમણ ટળવાનો કોઈ ઉપાય હાથમાં આવતો નથી એ વાત ખૂંચે છે, ખટકે છે.

એવું જે 'જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું,...' એને ન જવા દેવું. આ દઢતા બોલે છે. અંદરથી જે દઢતા આવી છે એ પોકારે છે કે એ જીવન એ રીતે ન જવા દેવું. 'જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે...' જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી આમ દઢતા છે કે, ગમે તેમ કરીને પણ આત્મકલ્યાણ સાધી લેવું અને પરિભ્રમણ થવા દેવું નહીં.

હવે 'તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ...' તેમાંનું કંઈ કરીએ એટલે બધાને અવગણીને એક આત્મકલ્યાણમાં લાગી જઈએ 'તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ?' 'કૃપાળુદેવ'ને પોતાને જ્યારે આ મંથન ચાલ્યું ત્યારે એમણે નજર દોડાવી તો એમને કોઈ સ્થાન – સત્સંગ યોગ્ય સ્થાન એમને જોવા મળેલું નહીં, કોઈ સત્સંગ યોગ્ય સ્થાન એમને જોવા મળેલું નહીં. એટલે કોઈ જ્ઞાનીપુરુષ, કોઈ એવા સત્સંગીઓ નહોતા કે બધું છોડીને જ્યાં બેસી જાય. એવો કોઈ પ્રકાર નહોતો. એવો જો કોઈ પ્રકાર હોત તો એમને છોડતા પણ વાર લાગત નહીં. એવી કોઈ પરિસ્થિતિ હતી નહીં.

'કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ?'

એટલે કે એવા સંતો ક્યાં છે ? પોતાને સત્સંગ મળે, આત્મા ઉપર ઉપકાર થાય એવા સંતો – એવા જ્ઞાનીપુરુષો ક્યાં છે ? ‘કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ?’ તેમના ચરણમાં બેસીને આ જ વાર્તા, આ જ રુચિ, આ જ રસ કેળવાય એવો યથાર્થ સત્સંગ ક્યાં છે ? અને એવો યથાર્થ સત્સંગ ચોથા આરામાં દુર્લભ હોય છે ત્યાં પંચમ આરામાં તો દુર્લભથી દુર્લભ હોય એવી પરિસ્થિતિ છે.

હવે એ પરિસ્થિતિ છે ‘ત્યારે હવે કેમ કરવું ?’ પરિસ્થિતિ તો પરિસ્થિતિ છે અને એ પરિસ્થિતિ હોવાને કારણે મારી સમસ્યા તો કંઈ હલ થતી નથી. ત્યારે પાછી દૃઢતા જોર કરે છે. એવી પરિસ્થિતિમાં પણ પોતે સમાધાન કરી લેતા નથી. દૃઢતા જોર કરે છે કે, ‘ગમે તેમ હો...’ પરિસ્થિતિ ગમે તેવી હો, ‘ગમે તેટલાં દુઃખ વેઠો,...’ કોઈ પણ પ્રકારનાં દુઃખ આવો, ‘ગમે તેટલા પરિષહ સહન કરો,...’ કુદરતી પ્રતિકૂળતાઓ ગમે તેટલી સહન કરવી પડે. ‘ગમે તેટલા ઉપસર્ગ સહન કરો,...’ દેવ-મનુષ્ય-તિર્યંચ કૃત પ્રતિકૂળતા આપનારા ઉપસર્ગ હોય છે. ‘ગમે તેટલી વ્યાધિઓ...’ એટલે શરીરમાં ભલે રોગ ઉત્પન્ન થઈ જાય એની ચિંતા નથી. દેહપ્રતિબંધ કેમ છૂટ્યો ?

‘ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો,...’ ગમે તે પરિસ્થિતિ આવી પડો, ‘ગમે તેટલી આધિઓ આવી પડો,...’ કોઈ પણ હકીકત કે કોઈ પણ વાત બને, મારે શું ? અને ‘ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો,...’ આયુષ્ય પૂરું થવાની તૈયારી હોય અને નિમિત્ત – બધા પ્રતિકૂળ નિમિત્તો સામે ઊભા હોય પણ મારે ‘એમ કરવું જ.’ જન્મ-મરણથી છુટાય એમ જ કરવું, બીજું કાંઈ કરવું નથી.

જ્યારે જીવનમાં એવો નિર્ણય લેવામાં આવે છે ત્યારે પરિણામની ગતિ અવશ્ય બદલાઈ જાય છે. જ્યાં સુધી આવો દૃઢ નિર્ણય થતો નથી ત્યાં સુધી પરિણામની ગતિ ફરતી નથી. કરે બધું – સ્વાધ્યાય કરે, પૂજા-ભક્તિ કરે, બધું કરે, નિવૃત્તિ લે, બધું કરે. પ્રવૃત્તિ છોડે પણ આ નિર્ણય વગર અંદરથી આત્મા – માંહેથી ફરે નહીં – અંદરથી ન ફરે. ઉપર–ઉપરના પરિણામ થઈને ભૂંસાઈ જાય, ઉપર–ઉપરના પરિણામ થઈને ભૂંસાઈ જાય.

‘પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.’ ત્યાં સુધી હે જીવ ! પોતે પોતાને સંબોધન કરે છે. નહીં છૂટકો થાય, નહીં છુટાય. આટલી દૃઢતા નહીં આવે ત્યાં સુધી છુટાશે નહીં. એટલે એમ થયું, એનો સંક્ષેપ એમ થયો કે, જેણે આત્મકલ્યાણ કરવું છે એને Unconditional કરવાની તૈયારી હોવી જોઈએ. અમુક વ્યવસ્થા હોય, અમુક

પરિસ્થિતિ હોય, અમુક પ્રકાર હોય તો હું મારું આત્મકલ્યાણ કરી શકું. (એમ વિચારનાર) કદી કરી શકે નહીં.

આત્મકલ્યાણ કરવામાં તો પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. ત્યારે આત્મકલ્યાણ થાય છે ને ? નિજપરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. હવે, એક અહીંયાં Prime ministerને મળવું હોય તોપણ Condition કામ આવે ? પોતાને Prime ministerને મળવું હોય તો એમ કહી શકાય કે, મને ફ્લાણા ટાઇમ વખતે ટાઇમ છે ત્યારે હું મળવા આવવાનો છું, આપ તૈયાર રહેજો, ચાલે ? એમ મળવા માટે એવી રીતે વાત કરી શકાય ખરી ? એમ પુછાવવું પડે કે, આપને ક્યારે સમય છે ? મારા સોએ કામ પડતાં મૂકીને આપને મળવાનું છે, તો મળી શકાય. આ તો પરમાત્માને મળવાનું છે. ત્યાં કોઈ શરત વચ્ચે મૂકવામાં આવે એનું આમાં કામ નથી, એમ છે.

એટલે એને પોતાને એમ ભાસવું જોઈએ. એટલી તુલનાત્મકબુદ્ધિથી નિર્ણય લેવાય કે આ અનંત કાળે પ્રાપ્ત એવો, દુર્લભ એવો મનુષ્યભવ મને મારા આત્મકલ્યાણ માટે મળ્યો છે. બીજું કાંઈ થાય (કે) ન થાય એની સાથે મારે કાંઈ લેવા-દેવા નથી. આ આયુષ્ય દરમિયાન આ કામ તો કરી લેવું, કરી લેવું અને કોઈ પણ ભોગે કરી જ લેવું છે. આટલી તૈયારી જોઈએ. અને એ તૈયારી ન હોય તો પોતાના આત્માને પૂછવાનું, પ્રશ્ન કરી શકે છે કે, હે જીવ ! તારે હજી છૂટવું છે કે નથી છૂટવું ? હજી તારે છૂટવું છે કે હજી પણ નથી છૂટવું ? ફરી ફરીને આવી તક મળવાની નથી. એ વાત પણ નક્કી છે કે, અત્યારે જે તક આપણને મળી છે એની ઉપેક્ષા કરીને જો કામ સાધવામાં ન આવે તો ફરીને કુદરત આ તક જલદી નહીં આપે. એ વાત પણ એટલી જ નક્કી છે. અહીં આયુષ્ય પૂરું થયું કે ક્યાં ગયો એનો પત્તો લાગવાનો નથી અને ઓલો તો પોતાને વિશ્વાસ આવી જશે કે, હવે મારે ભવભ્રમણ નથી. અહીંયાં જ વિશ્વાસ આવી જશે, જેવી તૈયારી થશે.

'ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી. આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે,...' નેપથ્યમાંથી એટલે આત્મામાંથી ઉત્તર મળે છે. 'અને તે યથાયોગ્ય લાગે છે.' એનો વિશ્વાસ (આવે છે). જુઓ ! સમસ્યા પણ આત્માની અને સમાધાન દેનાર પણ આત્મા અને એ સમાધાનનું Judgement લેનાર પણ આત્મા ! એ યથાયોગ્ય લાગે છે. આટલી તૈયારી હોય અને પછી આત્મકલ્યાણ ન થાય 'न भूतो न भविष्यति।' ભૂતકાળમાં એવો કોઈ Case બન્યો નથી, ભવિષ્યમાં એવો કોઈ Case બનવાનો નથી કે, એક પણ Case નિષ્ફળ જાય. એવી

Guaranteed સફળતા છે અને નહીંતર Guaranteed નિષ્ફળતા છે – બન્ને વાત નક્કી થયેલી જ છે, નિશ્ચિત જ છે. કોઈ અનિશ્ચિત વાત નથી કે, થાય કે ન થાય ? કેમ થાય ? અને કોને ખબર કેવી રીતે હશે ? એવું કાંઈ નથી. ચોખ્ખે-ચોખ્ખી (વાત છે કે) આમ કરે તો થાય અને નહીંતર ન થાય.

ત્યારે વર્તમાન પરિસ્થિતિમાં જે વાત હતી કે, 'ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી.' ઘડીકમાં જે જે પદાર્થ ને જે જે વસ્તુઓ પર રાગ હતો, (તેના પર) વળી પાછો અણગમો આવી અને રાગ ઊડી જાય, વળી પાછો રાગ થાય, વળી ચાલ્યો જાય. ક્યાં સુધી આમ ને આમ ઝોલા ખાવા ? બન્નેમાં આકુળતા. રાગ થાય ત્યારે પણ આકુળતા અને રાગ મટીને દ્વેષ થાય ત્યારે પણ આકુળતા, આકુળતા, અને આકુળતા. એ હવે ન જોઈએ.

પ્રશ્ન :– સ્વભાવવૃત્તિ એટલે ?

સમાધાન :– સ્વભાવવૃત્તિ એટલે પ્રકૃતિસ્વભાવ. અહીંયાં સ્વભાવવૃત્તિ એટલે પ્રકૃતિસ્વભાવ લેવો, આત્માનો સ્વભાવ નહીં, આત્માના સ્વભાવની વાત નથી. સંસારમાં જે પરિસ્થિતિ અને જે પરિણામો છે એ ક્ષણે ક્ષણે જે પલટાય છે એ પ્રકાર હવે મારાથી સહન થતો નથી, એમ કહેવું છે. હવે એ નથી જોઈતું.

'અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું;...' એટલે એનાથી છૂટવા માટે નિર્વિકલ્પ થઈ જવું છે. હું થાક્યો – સંકલ્પ-વિકલ્પથી થાકી ગયો છું. શૂન્ય એટલે નિર્વિકલ્પ. સંકલ્પ-વિકલ્પથી શૂન્ય નિર્વિકલ્પદશા જોઈએ. અને 'તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું...' અમુક કાળ એટલા માટે લીધો છે કે, મારું ધ્યેય તો પૂર્ણ થવાનું છે. અધૂરી દશામાં રહેવાનું પણ નથી (એટલે કે) નિર્વિકલ્પદશા જે અધૂરી દશા રહે એમાં પણ મારું ધ્યેય નથી.

'અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું;...' નિર્વિકલ્પદશા ન આવે તો મને સત્પુરુષ જોઈએ. એક આધાર કાં તો નિર્વિકલ્પદશામાં પોતાનું સ્વરૂપ છે અને એ ન મળે ત્યાં સુધી મને આધાર સત્પુરુષ છે. એ સિવાય મારે કાંઈ નથી જોઈતું.

'તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું;...' અને સત્પુરુષ ન મળે તો આત્માર્થીઓનો, મોક્ષાર્થીઓનો મને સંગ જોઈએ. એ સિવાય મારો આરોવારો

નથી. સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું અને 'તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું;...' અને સત્સંગ પણ ન મળે તો મારે સદાચરણથી જીવન જીવવું એવું હું ઇચ્છું છું. નહીંતર પાછી ગડબડ (થઈ જશે).

પ્રશ્ન :- સદાચરણ એટલે ?

સમાધાન :- સદાચરણ એટલે પાપમય જીવન ન હોય. અનીતિમય અને પાપમય જીવન ન હોય, એવું જીવન જીવવું છે. કેમકે નહીંતર સંસારમાં પુણ્ય કરતાં પાપ વધી જાય છે અને જીવ અધોગતિમાં ચાલ્યો જાય છે.

'તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું;...' બચવા માટે આ એક બીજો આધાર છે. નહીંતર તો સંસારમાં જે કંઈ પરિસ્થિતિ છે એમાં પાપના પરિણામ ચોવીસ કલાકમાં વધારે પ્રમાણમાં થાય છે. જો જિનભક્તિમાં વિશેષતા હોય અને તે પણ અતિ શુદ્ધભાવે એટલે કોઈ પણ જાતના સકામ પરિણામે નહીં, નિષ્કામ પરિણામે જો જિનભક્તિ હોય અને એ તીવ્ર હોય, 'લીન' એટલે તીવ્ર હોય તો બચી શકાય.

'તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.' એટલે જો એવા પણ મારા પરિણામ ન હોય તો હવે, હું કંઈ માગું એવો મારો કોઈ અધિકાર પણ રહેતો નથી. શું માગું હવે ? યોગ્યતા વિના માગવું શું ? એ તો પછી મારી યોગ્યતાનો સવાલ રહેતો નથી.

પ્રશ્ન :- મોક્ષની માગણી કરાય કે નહીં ?

સમાધાન :- મોક્ષની માગણી કરવા માટે યોગ્યતા તો જોઈએ ને ? યોગ્યતા (એટલે) એને સત્સંગ રુચવો જોઈએ, એને જ્ઞાનીપુરુષનો સંગ રુચવો જોઈએ, એને આત્મકલ્યાણની ભાવના તીવ્ર હોવી જોઈએ (અને) એને જે પોતાની ક્ષણે ક્ષણે પલટાતી વૃત્તિ છે એનાથી દૂર થવાનો એને ભાવ હોવો જોઈએ. એમ.

'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' હવે કેટલાંક સૂત્રો લખ્યાં છે. આ પત્રમાં કેટલાંક સૂત્રો લખ્યાં છે કે, 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' જ્યાં સુધી ગુરુગમ ન મળે ત્યાં સુધી એકલે હાથે આગમ વાંચે તો એ અનર્થનું કારણ થાય છે. ગુરુગમ જોઈએ એટલે કે શ્રીગુરુનું શરણ પ્રાપ્ત કરી લેવું જોઈએ. નહીંતર જે કાંઈ વાંચે, વિચારે એમાંથી એનો સાર કાઢવાને બદલે બીજું કંઈક કાઢે. સાર કાઢવાને બદલે કંઈક બીજું કાઢી લે. કેમકે અનાદિનો મતિવિપર્યાસ ઊભો છે એ ક્યાં લઈ જાય એનું કંઈ

ઠેકાણું નથી.

પ્રશ્ન :- ઉપરના પેરેગ્રાફમાં ક્રમ લીધો છે ?

સમાધાન :- હા, ક્રમ છે, ક્રમ લીધો છે. Discending ક્રમ છે – ઊતરતો ક્રમ છે. આ ન હોય તો આ, આ ન હોય તો આ, એમ હું પસંદ કરું છું. સૌથી પહેલાં હું મારી નિર્વિકલ્પદશા – આત્મશાંતિ પસંદ કરું છું, સમાધિદશા પસંદ કરું છું. એ ન મળે તો મને કોઈ સત્પુરુષ મળે, સંત મળે, એ ન મળે તો કોઈ આત્માર્થીનો સત્સંગ મળે, એમ ઊતરતું ઊતરતું (લીધું) છે. ક્રમથી લીધું છે. ઊતરતો ક્રમ લીધો છે.

પ્રશ્ન :- સાધનનો ક્રમ છે ?

સમાધાન :- હા, સાધનનો ક્રમ (છે). એટલે આમ જો લઈએ તો, ઉપર ઉપરના Stageમાં આગળ વધવું જોઈએ.

'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' એટલે કે ગુરુ પાસેથી આગમ સમજવાની દૃષ્ટિ મળવી જોઈએ. પછી પોતે એકલો સ્વાધ્યાય કરે તો વાંધો ન આવે. નહીંતર કયા અર્થનો અનર્થ થાય એનો પોતાને ખ્યાલ ન રહે. અર્થનો ક્યાંય અનર્થ કરે તો પોતાને જ ખબર ન રહે કે, હું આ અત્યારે ઊલટો ચાલું છું એમ પોતાને ખબર ન રહે.

'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' સત્સંગ છોડીને કોઈ એકાંતમાં બેસી જાય છે. શું ભૂલ કરે છે ? સત્સંગ છોડીને એકાંતમાં ધ્યાન કરવા બેસે છે અથવા ઘણા એકાંતને સેવે છે. સત્સંગ ન સેવે પણ એકાંતને સેવે છે તો એ મુમુક્ષુની ભૂમિકામાં એમાં નુકસાન થવાની પૂરી સંભાવના છે.

જેમ કોઈને – આપણે ત્યાં બાળક મોટું થાય ત્યારે લૌકિક શિક્ષણમાં આપણે શિક્ષણ આપવાનું શરૂ કરીએ છીએ તો એને ઘરે શિક્ષણ આપીએ છીએ કે એને નિશાળે મૂકીએ છીએ ? એને નિશાળે મૂક્યા સિવાય બીજો કોઈ રસ્તો નથી. એકડો શિખડાવવો હોય તોપણ હવે એને નિશાળ મોકલવો જોઈએ. ખાલી એકડો શિખડાવવા પણ એને નિશાળે મોકલવો જરૂરી છે. એમ પરમાર્થમાર્ગમાં પહેલો પગ મૂકવો હોય તોપણ સત્સંગ સિવાય એનો બીજો કોઈ ઉપાય નથી. જો જીવ સત્સંગ છોડે અને એકાંતમાં રહેવાનું પસંદ કરે તો એ સ્વચ્છંદને સેવે છે, બીજું કાંઈ નથી. સત્સંગ છોડાય જ નહીં. એવી એક ગાંઠ મારવી જોઈએ (કે), સત્સંગ ન છોડાય. કોઈ પણ કારણથી સત્સંગ ન છોડાય, ન છોડાય તે ન છોડાય. આ એક ગાંઠ મારી દેવી જોઈએ. ઈ ચૂક્યો એટલે બધું ચૂક્યો એમ સમજી લેવું.

મુમુક્ષુ :- સત્સંગ છોડ્યો એણે આત્મકલ્યાણ છોડ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એણે આત્મકલ્યાણને છોડ્યું, બીજું કંઈ નથી. અથવા જેને સત્સંગનું યથાર્થ મૂલ્યાંકન નથી એ આત્મકલ્યાણ કરવા માટે હજી યોગ્ય પરિસ્થિતિમાં આવ્યો નથી. એનું મૂલ્ય આવવું જોઈએ. ૬૦૯ (પત્રમાં) લીધું છે કે, દેહત્યાગ કરવાનો પ્રસંગ આવે તોપણ સત્સંગને ગૌણ કરવા યોગ્ય નથી. બીજા બધા બહાના તો મૂકી દેવા એમ કહે છે કેમકે એ તો એથી નાના છે. બીજા જે સંગ-પ્રસંગો છે એ કંઈ મરણતુલ્ય નથી.

(પત્ર) ૬૦૯માં છે. ૪૭૦મું પાનું, ઉપરનો પેરેગ્રાફ છે એમાં ચોથી લીટી. 'અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી.' કોઈ પદાર્થ, કોઈ પ્રસંગ, કોઈ કારણ એને વચ્ચે લઈને સત્સંગને ગૌણ કરવો એ વાત યોગ્ય નથી. અને સત્સંગના અભાવમાં પરિણામ નીચે ઉતર્યા વિના રહે નહીં. ઊતરે, ઊતરે ને ઊતરે જ.

'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' આ તો સાધન બદલવાની વાત પણ નથી આવતી. ધ્યાન એક ઉત્કૃષ્ટ સાધન છે. આત્મામાં એકાગ્ર થવા માટે ધ્યાન છે તે સૌથી ઊંચામાં ઊંચું સાધન છે પણ સાધન ભૂમિકા અનુસાર હોય. ગમે ત્યારે ગમે તે સાધન હાથમાં લ્યે એમ પણ ચાલે નહીં, એવું છે. જ્ઞાનીઓ સત્સંગને ઇચ્છે છે, મુનિઓ સત્સંગને ઇચ્છે છે (તો પછી) મુમુક્ષુને તો બીજો વિકલ્પ જ હોઈ શકે નહીં, એમ કહે છે.

'સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.' ભવભ્રમણના અંતની જે વાત છે એ પોતાની મેળે (પામી શકતો નથી). પોતાની મેળે એકડોય શીખી નથી શક્યો. પોતે પોતાનો વિચાર કરે તો એકડો પણ માસ્તર વિના શીખી શક્યો નથી તો પછી ભવરોગ મટાડવાની સમસ્યા (પોતાની મેળે કેવી રીતે મટે ?) કોઈ પણ શરીરરોગ પણ (મટાડવા માટે) એના તજજ્ઞ પાસે જવું પડે છે કે નહીં ? કે, ભાઈ ! Heartનું Operation 'મદ્રાસ'માં થાય છે અને આપણે 'કાઠિયાવાડ'માં રહીએ છીએ તો ત્યાં જાવું પડે. આંખનું Operation ત્યાં સારું થાય છે તો ત્યાં જાવું પડે. જ્યાં જે કામ થતું હોય ત્યાં જાવું પડે કે નહીં ? એમ સત્સંગ માટે જ્યાં યથાર્થ સત્સંગ મળતો હોય ત્યાં જાવું પડે, એનો બીજો રસ્તો નહિ.

'સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.' પરિભ્રમણની સમસ્યા, ભવરોગ ઉકેલવા માટે જ્ઞાનીપુરુષ જોઈએ. જેણે એ માર્ગ જોયો છે, એ માર્ગના અનુભવી છે અને એ માર્ગ દર્શાવી શકે છે એ વિના બીજો કોઈ ઉપાય છે નહીં. કેમકે એ બહુ પરમ રહસ્ય રહ્યું

છે, પારમાર્થિક રહસ્ય છે આ. એ રહસ્ય બીજાની પાસેથી મળી શકે એવી કોઈ પરિસ્થિતિ છે નહીં.

'લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.' લોકસંજ્ઞા આડી આવે એ કદી પણ લોકાગ્રે જાય એટલે (કે) સિદ્ધાલયમાં જાય એવું બને નહીં. (માટે) લોકસંજ્ઞા મૂકી દેવી. આમ કરવાથી લોકો શું કહેશે ? એનું કામ નથી. મારે મારું આત્મકલ્યાણ કરવું છે. એમાં લોકોનું ક્યાં જોવાનું રહે છે કે લોકો શું કહે છે ? મારું આત્મકલ્યાણ જે રીતે સધાય એ રીતે સાધવું છે. જગત, જગતના ઘરે રહ્યું. નિંદા-પ્રશંસા અર્થે આત્માર્થી જીવની કોઈ પ્રવૃત્તિ હોય નહીં. કેવળ આત્મકલ્યાણ અર્થે હોય. કેમ ? કે, એ તો નામકર્મની પ્રકૃતિ છે. યશ અથવા કીર્તિ અને અપયશ અથવા અપકીર્તિ એ તો નામકર્મની પ્રકૃતિ છે. એક શુભ છે અને એક અશુભ છે. જેનો ઉદય હશે ઈ પ્રમાણે થાશે. તારી યોગ્યતા પ્રમાણે યશ-અપયશ નહીં મળે, કીર્તિ-અપકીર્તિ નહીં થાય. એ તો ઉદય પ્રમાણે કીર્તિ-અપકીર્તિ થશે, યોગ્યતા પ્રમાણે નથી થતી. એટલે એનું લક્ષ છોડી દેવું. સમાજમાં અપકીર્તિ થશે તો ? સમાજમાં કીર્તિ મારી કેવી રીતે વધે ? એમ જોવા જાય એ આત્મકલ્યાણ સાધી શકે નહીં.

આત્મકલ્યાણના રસ્તે આડુંઅવળું જોયા વિના સીધેસીધો ચાલ્યો જા. સમાજની વાત સમાજના ઘરે રહી, મારી વાત મારા ઘરે, વાત પૂરી. એટલી તૈયારી જોઈએ તો લોકાગ્રે જવાય છે. સમાજને મુખ્ય કર્યો એને આત્મકલ્યાણ કરવું નથી. બહુભાગ જીવે અનંત કાળમાં લોકસંજ્ઞાએ જ આત્મકલ્યાણ કરવાની ઇચ્છા રાખી છે. (એમ કહે કે), સાથે સાથે તમે જોતા જાઓ, સમાજ શું કહે છે એ જોતા જાઓ. તે કદી પણ આત્મકલ્યાણ સાધી શકે નહીં.

બનતા સુધી ૫૧૬ પત્ર છે, પાનું ૪૧૫. નીચે છેલ્લેથી ચોથી લીટી. 'જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા...' જિજ્ઞાસા એટલે ભાવના. 'મુમુક્ષુપદને વિશે થઈ નથી,...' હજી મુમુક્ષુને પણ યોગ્ય નથી. 'અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી;...' ત્યાગ કરું તોપણ લોકો શું કહેશે ? દાન દઉં તો લોકો શું કહેશે ? શાસ્ત્ર વાંચું તો લોકો શું વિચારે છે ? મારી છાપ કેવી ? સમાજમાં મારી છાપ કેવી ? એની નજર સમાજમાં મારી છાપ કેવી એના ઉપર રહી જશે. આત્મકલ્યાણ ઉપર નજર આવશે નહીં.

ચોખ્ખું લખ્યું છે ને ? કે, 'આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી; કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.' બંધાય, બંધાય અને બંધાય. પરિણામે બંધ છે. જે પરિણામ સરખા હોય, બંધના પરિણામે બંધ જ થાય અને અબંધ પરિણામે અબંધપણું થાય. મૂળ વાત તો નિવૃત્તિ ઉપર લીધી છે કે મુમુક્ષુજીવે વ્યવસાય આદિથી નિવૃત્ત થઈને આત્મકલ્યાણમાં લાગવું જોઈએ. નહીંતર બંધાશે, નહીંતર બંધાયા વિના રહેશે નહીં.

એમાં વર્ધમાનસ્વામીનો – તીર્થંકરનો દાખલો લીધો છે કે, 'જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા,...' એમના નીરસ પરિણામ હતા. ગૃહવાસમાં હોવા છતાં પણ એ નીરસ પરિણામી હતા. 'અવ્યવસાયી જેવા હતા,...' રાજપાટ હતું છતાં અંદરથી વ્યવસાય નહોતો એવા હતા. 'નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...' જ્યારે હતા ત્યારે, રાજપાટમાં હતા ત્યારે પણ અંદરથી મુનિ જેવા હતા. 'આત્માકાર પરિણામી હતા,...' અને આત્મામાં પરિણમન કરતા હતા.

'તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા;...' એમણે પણ એક વાર છોડ્યું. 'તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.' એટલે એ વ્યવસાયની જે રુચિ છે, (એ) રુચિ ક્યાંથી જન્મે ? જરૂરિયાતમાંથી જન્મે. રુચિ ક્યાંથી જન્મે છે ? જરૂરિયાતમાંથી. આ મારી જરૂરિયાત છે (એમ લાગે) ત્યાં એની રુચિ થયા વગર રહે નહીં. તો એમાં કયા પ્રકારે એણે સમાધાન રાખ્યું છે તે ફરી ફરીને (વિચારવા યોગ્ય છે). 'તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે.' રુચિ વિલય કર. રુચિથી વ્યવસાય ન થવો જોઈએ. રુચિ વિના નીરસ પરિણામે (થવો ઘટે).

'જો એમ ન કરવામાં આવે તો...' જો રુચિ ઉડાડવામાં ન આવે તો મુમુક્ષુપદને વિષે પણ યોગ્યતા જાણવા યોગ્ય નથી. એમ નથી કે શાસ્ત્ર વાંચે અને પૂજા-ભક્તિ કરે એટલે મુમુક્ષુ થઈ ગયો. વ્યવસાયમાં એની અરુચિ આવવી જોઈએ. કેમ છૂટું, આનાથી કેમ છૂટું ? આનાથી કેમ છૂટું ? છૂટું, છૂટું, છૂટું, છૂટું અંદરથી હોય તો છૂટી શકે, નહીંતર જરૂરિયાત અને રુચિ એને છોડવા દ્યે નહીં. અને એમ કરવામાં (એને બહુ મુશ્કેલી પડે છે).

(‘કૃપાળુદેવે’) બહુ ઊંડાણથી આ બધું લખ્યું છે. એમ જીવ કરી રહ્યો છે એની પાછળનું ઊંડાણ (એટલે કે) નાડ પકડી છે કે, જીવને લોકસંજ્ઞાએ ધર્મ કરવો છે. જે વ્યવસાય આદિમાં રુચિ છે એમાં લોકસંજ્ઞા આડી આવે છે. લોકોની અંદર, લોકોની વચ્ચે મારું જે સ્થાન છે એ સ્થાનમાં ફેરફાર થઈ ગયો (એમ માન્યું) એટલે આખું આત્મકલ્યાણ એમાં ગૌણ થઈ જાય છે. એમાં શું થાય છે ? આખું આત્મકલ્યાણ ગૌણ થઈ જાય છે.

‘લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.’ લોકત્યાગ એટલે શું છે કે, જે જે વ્યવહારિક સંબંધો છે એ સંબંધો ઘટાડતા જવા, મટાડતા જવા, એ સિવાય વૈરાગ્ય આવશે નહીં. એ સંબંધો જાળવવા એ વાત નથી. એને લોકત્યાગ કહે છે. બીજે તો શું ? બીજા જગત સાથે આપણે કંઈ લેવા-દેવા હોતી નથી. જે કંઈ લેવા-દેવા છે એ તો સંબંધીઓ સાથે જ છે. જેની સાથે ઓળખાણ છે, પિછાણ છે, સગાં છે, મિત્રો છે, સંબંધીઓ છે, સગાંના સગાંઓ છે, એ બધું Cut off કરવું પડે. નહીંતર યથાયોગ્ય વૈરાગ્ય આવે નહીં. એમાં છાપ બદલાશે. આ માણસ હવે વ્યવહારમાં રહ્યો નથી, વ્યવહાર સાચવતો નથી. શું કહેશે ? વ્યવહાર સાચવતો નથી.

આપણે માંદા હતા ત્યારે એણે ખબર કાઢી તો એ માંદો હોય ત્યારે આપણે ખબર કાઢ્યા વગર ચાલે ? ન ચાલે. આપણે સંબંધ જાળવવો જોઈએ. જેટલા સંબંધ જાળવવા જાય, જેટલા સંબંધ જાળવવા જાય (એમાં) સમય અને શક્તિ ખર્ચાઈ જાય અને એ લક્ષ રહ્યા કરે, ત્યાં વજન રહ્યા કરે (અને) આત્મકલ્યાણ ગૌણ થઈ જાય. એટલે સંબંધો છે, સત્સંગ સિવાયના બધાય સંબંધો છે એ અસત્સંગનાં કારણો છે, અસત્સંગ સ્વરૂપે જ છે અને મને નુકસાનના કારણ છે, એ વાત બરાબર સમજાઈ જવી જોઈએ. ઘરમાં અસત્સંગ હોય છે બહારની (તો) ક્યાં વાત કરવી ? ઘરમાં પણ અસત્સંગ સેવાય, જો ઘરમાં સત્સંગ ન ચાલે તો, જો કુટુંબીઓ, કુટુંબ વચ્ચે પણ સત્સંગ ન ચાલે તો ઘરમાં અસત્સંગ સેવાય. તો બીજા સંબંધોમાં તો અસત્સંગને જ સેવાય એમાં કંઈ કહેવાની જરૂર રહેતી નથી અને એની અસર આત્મા ઉપર આવ્યા વિના રહે જ નહીં. એની અસર આત્મા ઉપર આવે, આવે અને આવે જ. કાં સત્સંગની અસર આવે અને કાં અસત્સંગની અસર આવે. એની અત્યારે ભૂમિકા જ એવી છે, યોગ્યતા જ એવી છે.

પ્રશ્ન :– અઠવાડિયામાં એક વાર તો સત્સંગમાં પણ રજા હોવી જોઈએ કે નહીં ?

સમાધાન :– પછી કઈ રુચિને પોષવી છે ? વૅકેશન પાડીને, સત્સંગનું વૅકેશન પાડીને

કઈ રુચિને પોષવી છે ? પરિભ્રમણ કરી રહ્યો છે એ રુચિને પોષશે. એમ છે અત્યારે વૅકેશન છે ને ! બાળકોને રજા પડી ગઈ છે, હવે કંઈ હરવા-ફરવા જઈએ. સત્સંગ તો હવે તમારે બારેય મહિના હોય. છોકરાઓને વૅકેશન હોય ત્યારે પછી તો ક્યાંક જાવું જોઈએ કે ન જાવું જોઈએ ?

મુમુક્ષુ :- ખાવામાં વૅકેશન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શેમાં ? ખાવામાં ? હા, ખાવામાં નહીં, ઊંઘવામાં નહીં, શરીરને જાળવવામાં નહીં, એમાં ક્યાંય નહીં. એ જરૂરિયાત લાગી છે. શરીરની જરૂરિયાત એ જરૂરિયાત લાગી છે, આત્માની જરૂરિયાત એ ખરી જરૂરિયાત લાગી નથી. અને છતાં પાછો જીવ આત્મકલ્યાણ કરવાની આશા અને અપેક્ષા રાખે. થોડું કરે અને મને ઝાઝું ફળ મળવું જોઈએ. પેલા જેવું છે, કે હનુમાનજીને પાવળું તેલ ચડાવું અને હનુમાનજી મને આખો તેલનો ડબો આપે એના જેવી વાત છે. હું થોડું કંઈક કરું અને મારું આત્મકલ્યાણ આખું થઈ જાય.

મુમુક્ષુ :- 'બહેનશ્રીના વચનામૃત'માં ૪૨૧માં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૨૧. 'મુમુક્ષુ એ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?' એમાં ૪૨૧માં તો Point ઈ છે કે, બધાને માટે એક નિયમ નથી. ચિંતન રાખવું કે શાસ્ત્ર અભ્યાસ રાખવો કે શ્રવણ રાખવું કે ચર્ચા કરવી ? જે કોઈ તત્ત્વજ્ઞાનના સાધનો છે એમાં કયુ સાધન રાખવું ? તો કહે જેમાં પોતાને રસ પડે તે. એટલો એમાં Point છે, એટલો Point છે. જેમાં પોતાની પરિણતિ ટકતી હોય કે રસ પડતો હોય. પરિણતિ ક્યારે ટકે ? કે રસ પડતો હોય ત્યારે. એટલે શું છે કે, સામાન્ય અપેક્ષાએ તો શાસ્ત્ર અભ્યાસપૂર્વક ચિંતન હોય પણ વિશેષ અપેક્ષાએ એટલે કોઈ જીવને એમ. કોઈ જીવને ચિંતન શાસ્ત્ર અભ્યાસપૂર્વક પણ થતું હોય. પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને જેમાંથી લાભ થતો હોય તે કરવું. જો શાસ્ત્ર અભ્યાસ કરતા પોતાને નિર્ણય દઢ થતો હોય અને વિશેષ લાભ થતો હોય તો એવો પ્રયોજનભૂત શાસ્ત્ર અભ્યાસ વિશેષ રાખવો. ગમે તે નહીં (પણ પોતાને) પ્રયોજનભૂત. એટલે વર્તમાનમાં પોતાને ઉપકારી થાય એવા. ગમે તે શાસ્ત્ર નહીં. પોતાની ભૂમિકાને લાગુ પડે એવી વાત લેવી. અને જો ચિંતનથી નિર્ણયમાં દઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય તો એવું પ્રયોજનભૂત ચિંતન કરવું.

ચિંતનમાં પણ પ્રયોજન સચવાય છે કે નહીં ? શાસ્ત્ર અભ્યાસમાં પણ પ્રયોજન સચવાય છે કે નહીં ? પ્રયોજનના દષ્ટિકોણને મુખ્ય રાખીને બાહ્ય (પ્રવૃત્તિ કરવી). આ તો બાહ્ય

પ્રવૃત્તિ છે, શાસ્ત્રનો અભ્યાસ કે ચિંતન એ તો બાહ્ય પ્રવૃત્તિ છે. અંતરંગમાં પ્રયોજનનો દૃષ્ટિકોણ સાધ્ય થયેલો હોવો જોઈએ. આની અંદર ઈ આખો Point છે.

મુમુક્ષુ :– ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' એમાં એ છે કે, ગુરુગમ જોઈએ. આગમના શાસ્ત્રસ્વાધ્યાય માટે ગુરુગમ જોઈએ. એમને એમ શાસ્ત્ર વાંચે અને અર્થનો અનર્થ કરે તો એને પોતાને ખબર પડે નહીં. એટલે પ્રયોજનની મુખ્યતાપૂર્વક પ્રવૃત્તિ હોવી જોઈએ. ૪૨૧માં તો એ મુદ્દો છે.

(અહીંયાં કહે છે) 'લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. 'એ કંઈ ખોટું છે ?' શું ?' ઉપરની વાતો કરી એ કંઈ ખોટું છે શું ? પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. બીજો પ્રશ્ન ઉઠાવ્યો છે કે, 'પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?' અત્યાર સુધી થઈ ગયું તે થઈ ગયું. હવે એક પ્રતિજ્ઞા કરીએ કે હવે આ જીવે પરિભ્રમણ કરવું નથી. તો 'લઈ શકાય.' તો એવું પ્રત્યાખ્યાન અત્યારે પણ લઈ શકાય.

'એ પણ આશ્ચર્યકારક છે.' જો કોઈ લ્યે તો એક આશ્ચર્ય સમજવું. એવી દૃઢતા આવે એ પણ કોઈ વિરલ જીવમાં આવે છે. યથાર્થતાના ક્રમમાં પણ કોઈ વિરલ જીવ પ્રવેશ કરે છે, તોપણ એ આશ્ચર્યકારક છે. 'અત્યારે એ જ.' એટલે આટલું. હવે, અત્યારે હું આટલું કહેવા માગું છું, આથી વધારે કહેવા માગતો નથી. 'ફરી યોગવાઈએ મલીશું.' જ્યારે આવી કોઈ વાત કહેવાની જોગવાઈ હશે ત્યારે મળશું. 'એ જ વિજ્ઞાપન.'

એ રીતે આ પત્રની અંદર પરિભ્રમણની ચિંતનાનો વિષય લીધો છે અને એ ચિંતનાપૂર્વક પૂર્ણતાનું લક્ષ કેવી રીતે બંધાય છે અને કેવા પરિણામોથી બંધાય છે ? એમાં કેટલી દૃઢતા હોય છે ? કેટલી તૈયારી હોય છે ? આટલું બધું જોરદાર શા માટે લીધું છે ? કે, નિર્વાણપદનો, સિદ્ધપદનો, પૂર્ણપદનો પાયાનો પથ્થર આ છે. પાયો આટલો મજબૂત હોય. એના ઉપર સિદ્ધપદ ટકવાનું છે. જેને પાયો નથી એને ચણતર જ થવાનું નથી. ચણવા જાશે તો પડી જશે, ચણવા જાશે તો પડી જશે. આમ થાશે. એટલે આ ક્રમથી પ્રવેશવું. મુમુક્ષુતામાં આ ક્રમથી પ્રવેશવું એવો અહીંયાં ચોખ્ખો નિર્દેશ કરેલો છે, એમ સમજવા યોગ્ય છે.

મુમુક્ષુ :– સિદ્ધપદનું ટાંકણું બાંધવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અહીંયાં ટાંકણું બાંધવું, Reservation અહીંયાં થાય છે, સિદ્ધપદનું Reservation અહીંયાં થાય છે. (વિશેષ લઈશું...)

## પત્રાંક – ૧૩૨

વવાણિયા, પ્ર. ભાદ્ર, વદિ ૧૩, શુક્ર, ૧૯૪૬

'क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका।'

ક્ષણવારનો પણ સત્‌પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે. એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે.

આપે મારા સમાગમથી થયેલો આનંદ અને વિયોગથી અનાનંદ દર્શાવ્યો; તેમ જ આપના સમાગમ માટે મને પણ થયું છે.

અંતઃકરણમાં નિરંતર એમ જ આવ્યા કરે છે કે પરમાર્થરૂપ થવું; અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એ જ કર્તવ્ય છે, તથાપિ કંઈ તેવો યોગ હજુ વિયોગમાં છે.

ભવિષ્યજ્ઞાનની જેમાં અવશ્ય છે, તે વાત પર હમણાં લક્ષ રહ્યું નથી.

### તા. ૩૦-૦૮-૧૯૮૯, પ્રવચન નં. ૩૩
### પત્રાંક – ૧૩૨ થી ૧૪૧

'શ્રીમદ્ રાજચંદ્ર' પાનું ૨૨૪, પત્રાંક – ૧૩૨. શ્રી 'સોભાગભાઈ' ઉપરનો પહેલો પત્ર છે. ૨૩મા વર્ષની ઉંમરે સમ્યક્સન્મુખની (દશામાં સમ્યગ્દર્શન પામવાને) એકાદ મહિનો બાકી

હશે, (એવી) બહુ નજીક(ની) સ્થિતિમાં બન્નેનો સમાગમ થયો છે.

એમણે 'શંકરાચાર્ય'નું એક સંસ્કૃત વચન ટાંક્યું છે. 'क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका।' 'ક્ષણવારનો પણ...' એનો અર્થ પોતે કર્યો છે. 'ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ...' સજ્જનનો અર્થ સત્પુરુષ લીધો છે. સત્ + જન. સત્જનની સંધિ છે. સત્ અને જન, એ બન્નેની સંધિને સજ્જન કહેવાય છે. 'ત્' નો 'જ' થાય છે. એટલે ડબલ 'જ' થઈ જાય છે. પછી રૂઢિ અર્થમાં આપણે સારા માણસને સજ્જન કહીએ છીએ, ખરાબ માણસને દુર્જન કહીએ છીએ. એ રૂઢિ અર્થ છે. પણ વ્યુત્પત્તિ અર્થ એવો છે. સત્જન = જેની પાસે સત્ છે એવો જન તે સજ્જન.

'ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે. એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે.' શું કહે છે ? 'શંકરાચાર્ય'નું જે આ વચન છે, એટલે એમ કહેવું નથી કે 'શંકરાચાર્ય'ના બધા અભિપ્રાય સાથે પોતે સંમત છે એવું માનવાનો અહીંયાં જકાર ન સમજવો.

મુમુક્ષુ :– મહાત્મા શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મહાત્મા એટલે મહાત્મા તરીકે પ્રસિદ્ધ છે એમ. 'શંકરાચાર્ય' એક મહાત્મા થઈ ગયા. આદ્ય 'શંકરાચાર્ય' છે એ અતિ વિદ્વાન પુરુષ હતા, એમાં કોઈ શંકા નથી. એમની વિદ્વત્તા અસાધારણ હતી એમાં કોઈ શંકા નથી. એમની પાછળ જે સંપ્રદાય હતો એ અપેક્ષાએ એને મહાત્મા પણ કહ્યા. એટલે એ તો એક લૌકિક વ્યવહારથી, સજ્જનતાથી એનો નિર્દેશ કર્યો કે, લોકો જેને મહાત્મા માનતા હોય તો એને એ રીતે કહે. જેમ 'રજનીશ'ને આચાર્ય રજનીશ કહેતા ત્યારે બધા આચાર્ય રજનીશ કહેતા. એ કોણ છે ? કે આચાર્ય રજનીશ આમ કહે છે. પણ ખરેખર કંઈ આચાર્ય નથી.

મુમુક્ષુ :– એ સ્કૂલમાં આચાર્ય હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્કૂલના આચાર્ય હતા. પણ છતાં ધાર્મિક (સમાજમાં) તો કાંઈ બધાને ભૂતકાળની ખબર ન હોય પણ જે રૂઢિગત રીતે સંબોધન થતું હોય એ રીતે બોલાય.

મુમુક્ષુ :– આપણે કહેતાને, 'કાનજી મુનિ !'

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'કાનજી મુનિ' જ બોલે છે. કોઈ 'કાનજીસ્વામી' બોલે છે. 'ગુરુદેવ' બોલે એ બધા 'ગુરુદેવ' બોલે છે. એ રૂઢિગત છે, એનો બીજો અર્થ ન કરાય, એમ. રૂઢિગત એટલે રૂઢિથી બોલવાની પદ્ધતિ છે, એટલો જ એનો અર્થ – મર્યાદા છે અને નહીંતર તોછડું

લાગે. એક મોટો માણસ સમાજમાં, જગતમાં ગણાતો હોય એના માટે બીજો શબ્દ વાપરે તો જરાક તોછડું લાગે.

'એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે.' એટલે વાત એમની અહીંયાં બરાબર છે. થોડું સ્પષ્ટીકરણ કરીએ તો હવે અહીંયાં શું છે કે, જેમ કોઈ લૌકિક ન્યાય-નીતિનું ધર્મના ક્ષેત્રમાં ઉલ્લંઘન કરે તો એને એમ કહે કે, લોકો પણ તમારી અનીતિ, અન્યાયને નહીં સ્વીકારે. એનો અર્થ એમ નથી કે લોકોનો માર્ગ તે યથાર્થ માર્ગ છે, એમ. પણ જે પરમાર્થમાર્ગને નથી સમજતા એવા લોકોને પણ આટલું સમજાય છે તો તમને તો એથી થોડું વધારે સમજાવું જોઈએ. એમ 'શંકરાચાર્યજી' ભલે જૈનમતમાં નહોતા અને અન્યમતમાં હતા પણ આટલી વાતમાં તો એ પણ સંમત છે કે, સત્પુરુષનો સમાગમ છે એ જીવને સંસારસમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે. આટલું તો એમને પણ સમજાણું છે, તો તમને તો સમજાવું જ જોઈએ. જૈનમતિને તો એ સમજાવું જ જોઈએ. અન્યમતિ પણ આટલું તો સમજી શકે છે તો તમે નથી સમજી શકતા ? એમ કહેવું છે.

મુમુક્ષુ :– સત્સંગમંડળ બધે હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધેય. આ સ્વામિનારાયણ (થયા એને) હજી બસો વરસ થયાં. તોપણ એ લોકોમાં સત્સંગનો બહુ મહિમા છે. એકબીજા મળે તો બધા સત્સંગી જ કહેવાય. આ અમારા સત્સંગી છે એમ કહે. અને એ લોકોના નામ પણ બધા એવા – સહજાનંદ, સ્વામિનારાયણનું નામ સહજાનંદ છે. એમનું મૂળ નામ તો બીજું છે પણ સહજાનંદ તરીકે પ્રસિદ્ધ છે. એમના બધા સાધુઓ તો (એવા નામ રાખે કે) મુક્તાનંદ છે, ગુણાનંદ છે એવા જ બધા નામ હોય છે, સમજ્યા ? પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ છે એવું બધું એ લોકોમાં આવે છે. એટલે શબ્દો રહી ગયા છે, ભાવભાસન નથી પણ શબ્દો રહી ગયા છે.

'આપે મારા સમાગમથી થયેલો આનંદ અને વિયોગથી અનાનંદ દર્શાવ્યો; તેમ જ આપના સમાગમ માટે મને પણ થયું છે.' 'સોભાગભાઈ'ને કહે છે કે, તમને જે લાગણી થઈ, એવી જ મારી સ્થિતિ, મારા પરિણામ પણ એવા જ થયા કે, તમારા સમાગમથી મને આનંદ થયો, તમારા વિયોગથી મને અનાનંદ થયો, ખેદ થયો, ન ગમ્યું.

'અંતઃકરણમાં નિરંતર એમ જ આવ્યા કરે છે કે પરમાર્થરૂપ થવું; અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એ જ કર્તવ્ય છે,...' આ અંતર-બાહ્ય બેય પરિસ્થિતિ લઈ લીધી કે અંતઃકરણમાં એમ આવ્યા કરે છે કે, મારા આત્માએ પરમાર્થ સ્વરૂપ થવું (અને)

બહારની અંદર અનેક જીવોને એ પરમાર્થ સાધ્ય થાય એમ કરવામાં સહાયક થવું. એમ થવામાં અંતરાય ન કરવો પણ એમ થવામાં સહાયક થવું. આ જ વૃત્તિ – અંતરવૃત્તિ સાથે સાનુકૂળ છે, મેળ ખાય એવી છે, નહીંતર વૃત્તિ મેળ નથી ખાતી.

'તથાપિ કંઈ તેવો યોગ હજુ વિયોગમાં છે. ભવિષ્યજ્ઞાનની જેમાં અવશ્ય છે, તે વાત પર હમણાં લક્ષ રહ્યું નથી.' આ જ્યોતિષની વાતની 'સોભાગભાઈ'ને ખબર પડી ગઈ હતી કે, આ ભવિષ્યના જાણકાર છે એટલે કાંઈક મુદ્દો લખ્યો હશે. તો કહે (છે), એ વાત ઉપર અમારું લક્ષ નથી, એ વાત ઉપર અમે અત્યારે લક્ષ આપી શકીએ એવી પરિસ્થિતિમાં નથી.

## પત્રાંક – ૧૩૩

વવાણિયા, બીજા ભાદરવા સુદ ૨, ભોમ, ૧૯૪૬

આત્મવિવેકસંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ,

મોરબી.

આજે આપનું એક પત્ર મલ્યું. વાંચી પરમ સંતોષ થયો. નિરંતર તેવો જ સંતોષ આપતા રહેવા વિજ્ઞપ્તિ છે.

અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે; અને તે ઉપાધિ માટે શું થશે એવી કંઈ કલ્પના પણ થતી નથી; અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઈ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઈ છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઈ નવાઈની વાત નથી.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો

દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.

આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ, અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક

તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી ! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.

આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે. કુશળતા છે, ઇચ્છું છું.

વિ. રાયચંદના પ્રણામ.

ત્યાર પછી ૧૩૩મા પત્રમાં એમણે પોતાની દશાનું વર્ણન કર્યું છે. લગભગ ઘણાં પત્રોમાં એમણે પોતાનાં પરિણામો ખુલ્લા કર્યાં છે, બતાવ્યાં છે.

પ્રશ્ન :- 'સોભાગભાઈ'નો પહેલો પત્ર છે ?

સમાધાન :- ઉપરનો (૧૩૨મો) પત્ર એ પહેલો પત્ર છે. છતાં પાછળ જોઈએ, એ પહેલાં આપણું ધ્યાન નથી ગયું. ૧૩૨મો છે એ જ પહેલો છે. પહેલો ૧૩૨મો છે, એ જ પહેલો પત્ર છે. એટલે જ લખ્યું ને કે તમારો સમાગમ થયો એથી આનંદ થયો અને વિયોગ થયો એ ન ગમ્યો. અનાનંદ થયો એટલે ન ગમ્યું. ત્યારથી જ એમને એકબીજા વચ્ચેનું આકર્ષણ ઊભું થયું છે.

'આજે આપનું એક પત્ર મલ્યું. વાંચી પરમ સંતોષ થયો, નિરંતર તેવો જ સંતોષ આપતા

રહેવા વિજ્ઞપ્તિ છે.'

મુમુક્ષુ :- ભાષાની શૈલી ઘણી ઊંચી છે ! ક્યાંય જોવા ન મળે.

પૂજ્ય ભાઈશ્રી :- અસાધારણ કલમ ચાલી છે ! જેવી જ્ઞાનની નિર્મળતા છે એવો ભાષાનો યોગ પણ લખાણની અંદર વિચારોને વ્યક્ત કરવા માટે એમની પાસે અસાધારણ યોગ છે !!

'અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે; અને તે ઉપાધિ માટે શું થશે એવી કંઈ કલ્પના પણ થતી નથી; અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઈ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઈ છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઈ નવાઈની વાત નથી.' પૂર્વના કોઈ સંબંધને કારણે પ્રસંગ બન્યો છે તો એમણે કંઈક ગોળગોળ વાત લખી છે, બહુ સ્પષ્ટ નથી લખી.

'ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે.' હવે શું છે કે પ્રચલિત જે બોલણી છે, પ્રચલિત જે વાતો કરવાની પદ્ધતિ છે એવી જ ભાષા એમણે ઈશ્વર સંબંધી વાપરી છે. 'ઈશ્વર'નો અર્થ 'શ્રીમદ્જી'ને સમજવા માટે કુદરત કરવો. કોઈ ઈશ્વરને એ માનતા હતા કે કોઈ સર્વશક્તિમાન ઈશ્વર છે અને જે વિશ્વનું સંચાલન કરે છે, એ વાત આમાં નથી. કુદરત, ઈશ્વર એટલે કુદરત. કુદરતે જે થવાનું હોય તે થાય, જેમ બનવાનું હોય એમ કુદરતી બને, એમ.

મુમુક્ષુ :- હરિની ઇચ્છા હશે એમ થશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હરિ, ઈશ્વર બધા શબ્દમાં આ જ અર્થ કરવો, એમ કહેવું છે.

મુમુક્ષુ :- બન્ને શબ્દ લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બન્ને એક વાત છે. એ તો બોલવાની જગતમાં જે પદ્ધતિ છે એવી જ રીતે એમણે કાગળમાં પ્રયોગ કર્યો છે.

'ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.' કુદરત અર્થ કરશો એટલે બધી વાત બેસી જશે. નહીંતર 'શ્રીમદ્જી' ઉપર શંકા પડશે કે, અન્યમતિ પણ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખીને સાંત્વન મેળવે છે તો કંઈક એવી

જ વાત કરી છે કે, ઈશ્વર ઉપર વિશ્વાસ રાખીને આપણે શાંતિ રાખો.

'આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.' જુઓ ! 'ઈશ્વર'નો અર્થ હવે બેસે છે કે નહીં ? નહીંતર એમ કહે કે, તમે એમને બચાવવા ઉપરથી લઈ લીધું (પણ) એવું નથી. પણ ઘણાંને આ વહેમ પડે છે અને પચીસમા વર્ષમાં તો આવો ઘણો પ્રયોગ એમણે કર્યો છે. એવા શબ્દોનો, એવા વાક્યોનો અને એવા અન્યમતના શાસ્ત્રોના પ્રસંગોના પાછા દાખલા લીધા છે. કોઈને એમ થાય કે નક્કી આ અન્યમતને માને છે. ખરેખર એમ નથી.

'આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો,...' એ તો પૂર્વકર્મ અનુસાર ગમે તે પ્રકારના (પ્રસંગો) આવો. પોતે માનસિક તૈયારીમાં આવી ગયા છે. 'પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ...' રાગ અને દ્વેષ 'કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.' એવી આત્મામાંથી ઇચ્છા વર્તે છે. સમજી શકે એટલે આત્મઇચ્છા એવું નામ આપ્યું છે, આત્મઇચ્છા ! એટલે આત્મામાંથી ઉગેલી આ ભાવના છે કે, ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય છોડી દેવો. ત્યાંથી જ્ઞાતા-દૃષ્ટા અને સાક્ષીભાવ ઊભો થાય છે. તો કહે (છે) આ અંદરથી ઊગી છે, આત્મામાંથી ઉગેલી વાત છે કે, બહારમાં ગમે તે સંગ-પ્રસંગ ઊભા થાય, એમાં ઇષ્ટ અનિષ્ટપણું છોડી દેવું, એનો ત્યાગ કરવો. ઇષ્ટ અનિષ્ટપણું ન કરવું.

'રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે,...' હવે, અહીંયાં સમ્યક્ સન્મુખ થઈ ગયા છે એમ લાગે છે. 'રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે,...' (અર્થાત્) જ્યારે અમે આહાર કરીએ ત્યારે પણ એમ નથી લાગતું કે આહાર કરીએ છીએ. અમારો આહાર પણ આ જ છે. આહારથી જેમ દેહને – શરીરને પોષણ મળે એમ અમારો આહાર – આત્માનો આહાર આ જ છે. એક પરમાર્થ વિષય એટલે અમારું જે પરમ તત્ત્વ, એનું જ મનન રહે છે, એ જ અમારો આહાર છે. એ જ અમારી રુચિનો વિષય છે એટલે એનાથી અમને પોષણ મળે છે.

'નિદ્રા પણ એ જ છે,...' અમારી નિદ્રામાં પણ એ જ ચાલે છે, બીજું ચાલતું નથી. લાગે કે ઊંઘ આવી ગઈ પણ અંદર એ જ ચાલતું હતું, બીજું કાંઈ ચાલતું નહોતું. એવી દશા થાય છે. સમ્યગ્દર્શન પહેલા કેવી દશા થઈ જાય છે એનો ચિતાર છે.

'આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ

એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ, અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે.' રંગાઈ ગયો છે ! અમારો આત્મા પ્રદેશે પ્રદેશે, સર્વાંગપણે આ જ પ્રમાણે એ જ રંગે, પરમાર્થના રંગે રંગાયેલો છે. એટલી રુચિ વધી ગઈ છે. ઘણી રુચિ, અત્યંત રુચિ, અનન્ય રુચિ પ્રગટી છે એ બતાવે છે. હાલવું, ચાલવું, બોલવું, બેસવું બધે એક જ વાત – પરમતત્ત્વ અમને મુખ્ય રહે છે, બીજું કાંઈ પરમાર્થ સિવાય અમને મુખ્ય થતું નથી.

'એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે,...' અમારું રૂંવાડું રૂંવાડું પરમતત્ત્વનો વિચાર કરે છે. આત્મા એ વિચાર કરે છે એમ નહીં. કેવી કલમ ચાલી છે ! અમારો એક રોમ પણ આ પરમતત્ત્વનો જ વિચાર કરે છે ! બીજો કંઈ અવકાશ નથી. આ ક્યારે સમ્યગ્દર્શન થાય છે એ પોતે સ્પષ્ટ કરે છે. 'અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું,...' પાંચે ઇન્દ્રિયના વિષય લઈ લીધા. 'નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું,...' ઇચ્છામાત્ર – બોલવાની ઇચ્છા, મૌન રહેવાની ઇચ્છા, એકેય ઇચ્છા (ગમતી નથી).

'નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું,...' એટલે કોઈ ઇચ્છા (ગમતી નથી) એમ. 'નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો,...' એમ ઇષ્ટ અનિષ્ટ બધું ટાળવું છે, 'નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી.' સમભાવ બાજુની પરિસ્થિતિ ઊભી થઈ છે એટલે કોઈ ગમતું અગમતું (થતું નથી), અનુકૂળ પ્રતિકૂળ વિષય પ્રત્યેની ઇચ્છાઓ વિરામ પામતી જાય છે. કાંઈ ગમતું નથી. આશા નિરાશાનો પણ કંઈ સવાલ નથી.

'તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઈ દુઃખનાં કારણ નથી.' ગમે તે પરિસ્થિતિ હો, મને કોઈ દુઃખનું કારણ નથી, મને કોઈ સુખનું કારણ નથી. આ ભિન્નપણું શું થાય છે ? ભિન્નપણું (કેવી રીતે થાય છે) ? અંદરમાં ભિન્ન પડે છે કે મારે કાંઈ લેવાદેવા નથી, મારે કાંઈ સંબંધ નથી. 'દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે,...' પરિણામમાં – આત્માના પરિણામમાં વિષમતા થાય છે એનું દુઃખ જરૂર છે. બાકી કોઈ પ્રસંગનું દુઃખ નથી, કોઈ પ્રતિકૂળતાનું દુઃખ નથી, કાંઈ દુઃખ નથી. દુઃખનું કારણ વિષમાત્મા છે, મારો વિષમાત્મા, મારા વિષમ પરિણામ (છે) એમાં દુઃખ અવશ્ય ઉત્પન્ન થાય છે અને એ દુઃખ બરાબર

વેદાય છે.

પ્રશ્ન :– વિષમમાં મિથ્યાદર્શન લેવું ?

સમાધાન :– હા, હજી અહીંયાં મિથ્યાદર્શન, રાગ-દ્વેષ વિભાવ લેવા. વિભાવ – સમગ્રપણે વિભાવમાં બધું આવી ગયું.

મુમુક્ષુ :– જેવો આત્મસ્વભાવ લક્ષમાં આવ્યો એવું પર્યાયમાં વેદન નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એવું વેદન નથી અને વિષમભાવ છે એનું વેદન છે. આત્માપણે એનું વેદન છે અને એમાં દુઃખ છે. તો સમ્યગ્દર્શન પહેલાં દુઃખ લાગવું શરૂ થયું છે. શું આમાંથી નીકળે છે ? આપણે જે 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં, 'બહેનશ્રીના વચનામૃત'માં, 'સોગાનીજી'ના વચનામૃતમાં એ વિષય સ્પષ્ટ આવે છે કે, પહેલા તને વિકલ્પમાં પણ દુઃખ લાગવું જોઈએ. આ એનું ચિહ્ન અહીંથી સ્પષ્ટ થાય છે કે, દુઃખનું કારણ વિષમ પરિણામ છે, વિષમાત્મા છે.

મુમુક્ષુ :– સમભાવથી વિરુદ્ધ વિષમભાવ.

પૂજ્ય ભાઈશ્રી :– વિરુદ્ધ વિષમભાવ, બસ ! એમ જ (છે).

'અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે.' જો આત્મા સમ છે, પરિણામ સમભાવમાં છે તો એ સર્વ સુખ જ છે. 'એ વૃત્તિને લીધે સમાધિ રહે છે.' એટલે માર્ગ ખ્યાલમાં આવી ગયો. હજી ગ્રહણ થયો નથી પણ આ માર્ગ છે એ માર્ગ બરાબર લક્ષ પર આવી ગયો. એટલે સમાધિ રહે છે, સમાધાન રહે છે.

'તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ?' આને દર્શનપરિષહ કહે છે. અજ્ઞાનપરિષહ અને દર્શનપરિષહમાં એ પ્રકાર ઉત્પન્ન થાય છે કે અંદર જે કરવું છે એ થતું નથી અને બહારમાં હવે કરવું ગમતું નથી, ફાવતું નથી જે પરિસ્થિતિનો ઉદય છે એમાં ભળવું ફાવતું નથી. એટલે થોડી એમાં મૂંઝવણ છે. એટલે શું કરવું ?

'ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે.' જાણે કે એક વખત આ બધાથી દૂર જઈને ગુમ થઈ જઈએ, અલોપ થઈ જઈએ અને ક્યાંક કોઈક ગુફામાં જઈને સાધના કરી લઈએ. 'તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે.' કરવી નથી પણ કરવી પડે છે એ શબ્દ વાપર્યો છે. કરવાની રુચિ છે,

કરવાનો ઉત્સાહ છે, ઉમંગ છે એવું નથી, કરવી પડે છે. 'તે માટે શોક તો નથી,...' શોક નથી. કેમકે પોતાના જ પૂર્વકર્મનો ઉદય છે. 'તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી !' એ પ્રવૃત્તિ પણ પોતાનું જ પૂર્વકર્મ છે. એટલે એનો બીજો શોક નથી, સમાધાન છે પણ છતાં જીવ એ દુઃખ, એ પરિણામ, એ પ્રવૃત્તિ, એ ઉપાધિ સહન કરવા ઇચ્છતો નથી.

'પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ?' જેને પરમાનંદ જોઈએ છે અને બીજું બધું ત્યાગવું છે એ એને ઇચ્છે કેમ ? પરમાનંદ સિવાય જેને કંઈ જોઈતું નથી એને પરમાનંદ ત્યાગી કીધો છે. એને ઇચ્છે પણ કેમ ?

'અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે.' અત્યારે તો સમ્યગ્દર્શનની નજીક પોતે વર્તે છે. એટલે એકદમ એ વિષયથી તો પોતે ભાવમાં દૂર થઈ ગયા છે. કેમકે એ તો સંયોગોની અનુકૂળતા અને પ્રતિકૂળતાનું વિજ્ઞાન છે. એ જ્ઞાનમાં એ તો બાધક છે.

'માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.' એમને – 'સોભાગભાઈ'ને પહેલેથી ખ્યાલ આવ્યો છે કે આ બાબતમાં એમની પાસે કોઈ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન છે, વિદ્યા છે, સિદ્ધિ છે અને પોતે જરા (આર્થિક) સંકડામણમાં હતા એટલે પહેલેથી એમને એ વૃત્તિ થઈ આવતી હતી. (એ સંબંધી) થોડાક પ્રશ્નો લખ્યા છે (પણ એનો) જવાબ નથી આપ્યો કે આગળ ઉપર જોઈશ.

'જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે,...' જુઓ ! કેવી વિચક્ષણતાથી પોતે કામ લે છે ! પેલાને દુઃખ ન લાગે, નવો નવો સંબંધ થયો છે (એટલે) ગાડી પાટા ઉપરથી ઊતરી ન જાય એટલે ઊભા રાખે છે. અને કોઈ પણ મુમુક્ષુ માટે આ બહુ સારી વાત છે. એ તો એ બે વચ્ચેનો પ્રસંગ બન્યો પણ આ પત્રથી મુમુક્ષુએ શું બોધ લેવાનો છે ? કે, આ જીવને કોઈ જ્યોતિષવિદ્યાથી કાંઈ જાણવાની ઇચ્છા થતી હોય, એનો જ્યારે અનુકૂળ ઉત્તર મળે કે, કંઈક આમાંથી મારું સારું ભવિષ્ય મને જાણવા મળે, એવું મળતા કંઈક ચિત્તમાં ઠીક લાગે, એ એને તીવ્ર દર્શનમોહ વર્તે છે, એમ લઈ લેવું.

'જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તરથી...' જોકે ખરો મુમુક્ષુ તો જ્યોતિષ જોવડાવવા જાય જ નહીં. અને આને (એટલે કે) 'સોભાગભાઈ'ને કુદરતી શું થયું છે કે, 'સૌભાગ્યભાઈ'

એક ભાગ્યશાળી (પુરુષ છે) જેવું (એમનું) નામ 'સૌભાગ્ય' (છે એવા જ એ) ભાગ્યશાળી જ હતા કે એમને જ્યોતિષનો પ્રશ્ન પૂછવાનું જ્ઞાનીને બન્યું. એટલે જ્ઞાનીએ એવી Treatment એમને આપી કે, જેમ વૈદ્ય રોગીનો ઉપચાર કરે એવો ઇલાજ કર્યો. એના ભવ બધા ખલાસ થઈ જાય, જન્મ-મરણ મટી જાય એ પ્રકારનો ઇલાજ કરી નાખ્યો. નહિતર બીજા જ્યોતિષ પાસે જાય તો એ તો પૈસા લઈને કે જે રીતે એની પ્રવૃત્તિ કરતા હોય એ રીતે કરી નાખે.

'જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે...' એ દૂર વર્તે છે, પરમાર્થથી ઘણાં આઘા છે 'એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી...' અમને તો એવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી. 'પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.' કોઈ પરમાર્થના હેતુવશ એવી આવશ્યકતા લાગશે તો કરીશ પણ અત્યારે એવી કોઈ ઇચ્છા નથી કે, આ પ્રયોગ કરવો, આ જ્ઞાનનો પ્રયોગ કરવો કે કોઈ સિદ્ધિનો પ્રયોગ કરવો. એ અમારી ઇચ્છા હાલમાં નથી.

પ્રશ્ન :– ભવિષ્ય જાણવામાં દર્શનમોહ શું ?

સમાધાન :– જાણવામાં એને લોભ છે કે, મારા સંયોગો સારા થાય અને મને પ્રતિકૂળતાઓ ન થાય. એટલે આધારબુદ્ધિ છે. એવું જાણવાના કુતૂહલ પાછળ એને સંયોગોના સુખ-દુઃખની આધારબુદ્ધિ છે. તો આત્મા પરમાનંદસ્વરૂપ છે એ આધાર એને નથી લેવો, એના ઉપર આડ મારવી છે. મારા આત્મામાં સુખ ભર્યું છે ત્યાંથી મેળવવું છે, આનંદ મારા આત્મામાંથી લેવો છે એના ઉપર એણે પ્રતિબંધ મૂકી દીધો, આડ મારી દીધી અને એણે સંયોગમાં સુખની જે અનાદિની બુદ્ધિ છે એને વેગ આપ્યો. જ્યોતિષના નિમિત્તે એને પ્રોત્સાહન આપ્યું અને એ ભાવ એણે તીવ્ર કર્યો, એ દર્શનમોહનું કારણ છે. એ પોતે ચોખ્ખું લખ્યું છે ને 'મોહાધીન છે' – એ દર્શનમોહ છે.

પણ 'આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે.' અમારી ઉપાધિમાં એ જ સારી વિશ્રાંતિ છે. સમાગમ પ્રત્યે એમને પહેલેથી ઘણો ભાવ રહ્યો છે. 'કુશળતા છે, ઇચ્છું છું.'

પ્રશ્ન :– બીજા પત્રમાં જ એમણે એવી યોગ્યતા જોઈ લીધી હશે ?

સમાધાન :– હા, પહેલેથી જ. પહેલેથી જ જોઈ લીધી છે.

પત્રાંશ - ૧૩૪

વવાણિયા, દ્વિ. ભાદ્ર સુદ ૮, રવિ, ૧૯૪૬

બન્ને ભાઈઓ,

..........

આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો. જોકે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઇચ્છા રૂંધી જ છે, તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ રુદનવાક્ય લખ્યું છે. કોઈ પણ પ્રકારે વિદેહી દશા વગરનું, યથાયોગ્ય જીવન્મુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વગરનું ક્ષણ એકનું જીવન પણ ભાળવું જીવને સુલભ લાગતું નથી તો પછી બાકી રહેલું અધિક આયુષ્ય કેમ જશે, એ વિટંબના આત્મેચ્છાની છે.

યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છું. કેટલીક પ્રાપ્તિ છે. તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી. એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમાં પણ તેને પ્રિય નથી. અધિક શું કહેવું ? પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો ? આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરશો.

વિ. રાયચંદના યથાયોગ્ય

પછી 'ત્રિભોવનભાઈ'નો પત્ર પણ સારો છે. બીજા પેરેગ્રાફથી લઈએ. 'આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો.' પોતાને વિષે લખે છે. 'આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો.' એટલો બધો વિષમકાળ છે. એમ કહે (છે). અમારું અહીંયાં કામ નથી. 'જોકે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઇચ્છા રૂંધી જ છે,...' ક્યાંય જન્મ લેવો એ વાત તો હવે છે નહીં. 'તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ રુદનવાક્ય લખ્યું છે.'

મુમુક્ષુ :- શબ્દપ્રયોગ ગજબ છે !

પૂજ્ય ભાઈશ્રી :- અસાધારણ છે !! રુદનવાક્ય લખ્યું છે. એટલે કેટલી વેદનાથી લખ્યું હશે ?! જેમ વેદના થાય અને કોઈ રડે એ રીતે એમને અત્યારનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લાગ્યો છે.

'કોઈ પણ પ્રકારે વિદેહી દશા વગરનું, યથાયોગ્ય જીવન્મુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વગરનું ક્ષણ એકનું જીવન પણ ભાળવું જીવને સુલભ લાગતું નથી તો પછી બાકી રહેલું અધિક આયુષ્ય કેમ જશે, એ વિટંબના આત્મેચ્છાની છે.' જુઓ ! કેટલી ભાવના છે ! ભાવનાનું અહીંયાં સ્પષ્ટ પ્રદર્શન છે કે અમારું જીવન વિદેહીદશા વગરનું જાય, મુક્તદશા વગરનું જાય, નિર્ગ્રંથદશા વગરનું એક ક્ષણ પણ જાય એ અમને ઠીક લાગતું નથી અને એ વાત અમને નજીકમાં સુલભ – સહેલાઈથી દેખાતી નથી. સુલભ એટલે સહેલાઈથી લાભ નામ પ્રાપ્તિ થવી. તો પછી આ બાકીનું રહેલું અધિક આયુષ્ય કેમ જશે ? એવી ભાવના આવી છે. ભાવના એટલે ઉપર ઉપરની ઇચ્છા થાય છે એમ નથી. એમને જીવન વ્યતીત કરવું કઠણ (લાગે) છે. યથાયોગ્ય વીતરાગ દશા વગર આ જિંદગી આમ ને આમ પસાર થાય એ એમને મુશ્કેલી લાગે છે, વિટંબણા લાગે છે. આત્માથી, આત્માની અંદરની આ ઇચ્છા છે. આત્મઇચ્છા એટલે અંદરની ભાવનાથી આ પ્રકારે જીવવું એ કઠણ લાગે છે.

'યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છું.' હું હજી યથાયોગ્ય દશાનો મુમુક્ષુ છું. 'કેટલીક પ્રાપ્તિ છે.' એટલે Line હાથમાં આવી છે. 'તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી. એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમાં પણ તેને પ્રિય નથી.' આ જુઓ ! એક જગ્યાએ રાગ, બીજી જગ્યાએ દ્વેષ થાય એ તો રૂંવાડે પણ ઇચ્છતા નથી. આ અભિપ્રાય શું ચીજ છે ?

'અધિક શું કહેવું ? પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો ? આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરશો.' દેહની પ્રવૃત્તિ હો તોપણ બીજાના કલ્યાણમાં હો એવી ભાવના છે. જુઓ ! 'અંબાલાલભાઈ' પણ આગળથી એ તો પરિચયમાં આવી ગયા છે. 'અંબાલાલભાઈ' સાથેનો તાત્ત્વિક પત્રવ્યવહાર શરૂ થયો છે. અહીંથી બધા તાત્ત્વિક પત્રો શરૂ થાય છે.

પ્રશ્ન :– પરમાર્થ એટલે ધાર્મિકદેહ લેવો ?

સમાધાન :– હા, પરમાર્થ સિવાયનો એ દેહ જ ગમતો નથી. પરમાર્થ એટલે કલ્યાણનો માર્ગ. બીજાના કલ્યાણ સિવાય દેહની પ્રવૃત્તિ અમને ઇચ્છનીય નથી.

## પત્રાંક - ૧૩૫

વવાણિયા, બી. ભા. સુદ ૧૪, રવિ, ૧૯૪૬

ધર્મેચ્છક ભાઈઓ,

મુમુક્ષુતાનાં અંશોએ ગ્રહાયેલું તમારું હૃદય પરમ સંતોષ આપે છે. અનાદિકાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા, એ પણ એક કલ્યાણ જ છે. કોઈ એવો યથાયોગ્ય સમય આવી રહેશે કે જ્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ રહેશે.

નિરંતર વૃત્તિઓ લખતા રહેશો. જિજ્ઞાસાને ઉત્તેજન આપતા રહેશો. અને નીચેની ધર્મકથા શ્રવણ કરી હશે તથાપિ ફરી ફરી તેનું સ્મરણ કરશો.

સમ્યક્‌દશાનાં પાંચ લક્ષણો છે :

શમ.<br>
સંવેગ.<br>
નિર્વેદ. } અનુકંપા.<br>
આસ્થા.

ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિકાળની વૃત્તિઓ શમાઈ જવી તે 'શમ'.

મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહીં તે 'સંવેગ'.

જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ ! હવે થોભ, એ 'નિર્વેદ'.

માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા' – 'આસ્થા'.

એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા'.

આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે, સ્મરવા યોગ્ય છે, ઇચ્છવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે. અધિક અન્ય પ્રસંગે.

વિ. રાયચંદ્રના ય.

પછી, ત્યાર પછીનો પત્ર લઈએ. એ પણ 'અંબાલાલભાઈ' ઉપરનો જ છે. 'મુમુક્ષુતાનાં અંશોએ ગ્રહાયેલું તમારું હૃદય પરમ સંતોષ આપે છે.' 'અંબાલાલભાઈ'માં એમણે મુમુક્ષુતા જોઈ છે. આ 'અંબાલાલભાઈ' છે એ પાછળથી એમની સેવામાં રહી ગયા છે. 'નડિયાદ'માં ('કૃપાળુદેવે' 'આત્મસિદ્ધિ'ની રચના કરી ત્યારે) ફાનસ લઈને ઊભા હતા. છેલ્લાં વર્ષોમાં જ્યારે ('કૃપાળુદેવ' નિવૃત્તિક્ષેત્રમાં જતા ત્યારે રસોઈની) વ્યવસ્થા જોઈએ ત્યારે બેસે નહીં અને આમના Programmeનું કંઈ નક્કી નહીં કે ક્યારે Programme થાય ? એટલે એક વખત એવું બન્યું કે રસોઇયાનો મેળ ન ખાધો એટલે પોતે રસોઈ શીખી લીધી અને રસોઈના વાસણોનો કોથળો ખભે ઉપાડીને ઊપડે. એટલા બધા ભાવનાવાળા હતા કે, એમની સેવામાં રહેતા હતા.

પ્રશ્ન :– બંને ભાઈ, 'ત્રિભુવનભાઈ' અને 'અંબાલાલભાઈ'.

સમાધાન :– હા, 'ત્રિભુવનભાઈ' અને 'અંબાલાલભાઈ'. આમ તો શું છે કે બનતા સુધી 'ત્રિભુવનભાઈ' એમના પિતાશ્રીનું નામ છે અને લાલચંદભાઈએ એમને ગોદમાં લીધેલા. એટલે 'અંબાલાલ લાલચંદ' પણ લખતા અને 'અંબાલાલ ત્રિભોવન' પણ લખાય છે. એમ ઘણું કરીને બંને લખાય છે.

મુમુક્ષુ :– 'અંબાલાલભાઈ'ને ઘણા પત્રો લખ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'અંબાલાલભાઈ' બહુ નજીકના પરિચયમાં રહ્યા. બીજું 'શ્રીમદ્જી'ની ઉપસ્થિતિમાં એને ધ્યાન આવ્યું – ધ્યાન પડ્યું કે, ઘણું તત્ત્વજ્ઞાન, જૈનદર્શનનું

ગૂઢ રહસ્ય આમના પત્રોમાં આવે છે એટલે એ પત્રોનો સંગ્રહ કરવો, એમની આજ્ઞા પ્રમાણે બીજા મુમુક્ષુના પત્રો બીજા મુમુક્ષુને વાંચવા, નકલ કરીને મોકલવા, એ બધી પ્રવૃત્તિ એમના હાથમાં હતી. એમના અંતેવાસી તરીકે (રહેલા) અને એમને ખબર પડી એટલે પોતે એમને પુછાવી લેતા કે, આ પત્રની અંદર સારી વાત છે અને આપની આજ્ઞા હોય તો હું ફલાણાને નકલ વાંચવા મોકલું. ત્યારથી એમના પત્રોનું જે Circulation છે એ 'અંબાલાલભાઈ' મારફત થતું. એ પ્રવૃત્તિ એમણે ચાલુ કરેલી.

'મુમુક્ષુતાનાં અંશોએ ગ્રહાયેલું તમારું હૃદય પરમ સંતોષ આપે છે.' એટલે અમે તમારું હૃદય જોયું છે. મુમુક્ષુતા તમારા હૃદયમાં નિવાસ કરે છે એ અમે જોઈ લીધું છે, અમુક અંશે એમ. 'અનાદિકાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા, એ પણ એક કલ્યાણ જ છે.' એની જિજ્ઞાસા જોઈ. ક્યાંથી જોઈ ? કે એને પરિભ્રમણ મટાડવું છે. એવી જિજ્ઞાસા પણ એક કલ્યાણક જ છે, જુઓ ! કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે કે તમારે જન્મ-મરણથી છૂટવું છે એવી ભાવના થઈ છે, આ તમને કલ્યાણ પ્રાપ્ત નથી થયું તોપણ આ જિજ્ઞાસામાં કલ્યાણ જ છે. 'એવો કોઈ યથાયોગ્ય સમય આવી રહેશે કે જ્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ રહેશે.' આ અહીંયાં આશ્વાસન આપ્યું છે.

'નિરંતર વૃત્તિઓ લખતા રહેશો.' તમારા પરિણામની વૃત્તિઓ નિરંતર લખતા રહેશો. જુઓ ! મુમુક્ષુ મુમુક્ષુ વચ્ચે કે જ્ઞાની અને મુમુક્ષુ વચ્ચેનો વ્યવહાર શું છે ! 'નિરંતર વૃત્તિઓ લખતા રહેશો. જિજ્ઞાસાને ઉત્તેજન આપતા રહેશો.' જિજ્ઞાસા, ભાવના બંને એમાં આવી જાય છે. 'અને નીચેની ધર્મકથા શ્રવણ કરી હશે તથાપિ ફરી ફરી તેનું સ્મરણ કરશો. સમ્યક્‌દશાનાં પાંચ લક્ષણો છે : શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા.' આ સમ્યક્‌દશાનાં લક્ષણ છે. એ બધાના પોતે અર્થ કરે છે. પાંચે પદનો અર્થ કરે છે.

'ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિકાળની વૃત્તિઓ શમાઈ જવી તે 'શમ' છે. એટલે ખાસ કરીને શમ એટલે ઉપશમ. શમાઈ જવું, મોળું પાડવું, નીરસ થઈ જવું. તમામ પ્રકારના વિભાવભાવમાં નીરસ થઈ જવું. શમાઈ જવું એટલે શાંત થવું આમ તો છે. મંદ થવું, શાંત થવું.

પછી સંવેગ. 'મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહીં તે(ને) 'સંવેગ' કહે છે. મુક્ત (એટલે) પરિપૂર્ણ શુદ્ધિ લઈ લેવી. પૂર્ણ શુદ્ધિ સિવાય

બીજા કોઈ પ્રકારની ઇચ્છા અને અભિલાષા નહીં – એવા વેગવાળા પરિણામને સંવેગ કહે છે. એવા જોરદાર પરિણામને સંવેગ કહે છે. વેગ છે એ જોરને બતાવે છે. એને સંવેગ કહે છે.

'જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ ! હવે થોભ, એ 'નિર્વેદ' છે. હે જીવ ! તું બહુ રખડ્યો. તેં બહુ કરી, તારા માથે તેં બહુ કરી હવે, ઘણી રીતે તેં તારા માથે વિતાવી. કંઈ વિતાવવામાં બાકી રાખ્યું નથી, બહુ દુઃખી થયો. તારા કારણે જ તું બહુ દુઃખી થયો. એમ જે પોતાના પરિભ્રમણ અને પોતાના સંસારભાવો (તરફથી) પાછા ફરવાનો નિર્વેદ થવો. નિર્વેદ થવો એટલે એ વૈરાગ્યનો વિષય છે. એના (–સંસાર) ઉપર વૈરાગ્ય થવો એને નિર્વેદ કહેવામાં આવે છે.

પછી આસ્થા – 'માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા' (અથવા) – 'આસ્થા' છે. જેનું માહાત્મ્ય પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષો – આપ્તપુરુષ. સર્વજ્ઞથી માંડીને નિર્ગ્રંથગુરુ અને સત્પુરુષ. એમના વચનમાં શ્રદ્ધા, લીનતા, આસ્થા. ક્યાંય શંકા ન પડે તેને આસ્થા કહે છે. આસ્તિક્યભાવ – આસ્થા કહે છે.

'તે સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા' છે. સ્વાત્મતુલ્ય બુદ્ધિ. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા એવું જ જીવન થઈ જવું અને જીવને દુઃખમાંથી બચાવવો, પોતાના જ આત્માને દુઃખમાંથી બચાવવો તે અનુકંપા છે.

'આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે, સ્મરવા યોગ્ય છે, ઇચ્છવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે. અધિક અન્ય પ્રસંગે.' આમ કરીને આ પત્ર પૂરો કર્યો છે.

મુમુક્ષુ :– સર્વ આત્મમાં સમદૃષ્ટિ ઘો.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વ-આત્મતુલ્ય. સ્વ – પોતાના આત્મતુલ્ય બુદ્ધિ. સઘળા જીવમાં સ્વઆત્મતુલ્ય બુદ્ધિ. ત્યાંથી પણ અનુકંપા નીકળે છે. બધા આત્મા મારા સમાન છે. બધાય જીવો મારા આત્માની તુલ્ય છે, સમાન છે. એમાંથી પણ અનુકંપા નીકળે છે. કોઈને દુઃખ થાય એ પોતે ઇચ્છતા નથી. પોતાના નિમિત્તે કોઈપણ જીવને માટે કરવું-કરાવવું-અનુમોદવાથી મનથી-વચનથી-કાયથી દુઃખ થાય એ ઇચ્છતા નથી. એને અનુકંપા કહે છે.

મુમુક્ષુ :– કરુણાજન્ય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કરુણા પણ છે અને પોતે દુઃખને ઇચ્છતા નથી એટલે કોઈ પણ દુઃખી ન થાઓ. એમ અનુકંપામાં કોઈને પણ દુઃખ ન હો, એવી એની અંદર વિશાળ

ભાવના છે. પછી (પત્ર) ૧૩૬ છે. બધા તાત્ત્વિક વિષય શરૂ થઈ ગયા છે.

પત્ર–૧૩૬

વવાણિયા, બી. ભા. સુદ ૧૪, રવિ, ૧૯૪૬

તમારું સંવેગ ભરેલું પત્ર મળ્યું. પત્રોથી અધિક શું જણાવું ? જ્યાં સુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે દેહભાવે વર્તશે, હું કરું છું એવી બુદ્ધિ કરશે, હું રિદ્ધિ ઇત્યાદિકે અધિક છું એમ માનશે, શાસ્ત્રને જાળરૂપે સમજશે, મર્મને માટે મિથ્યા મોહ કરશે, ત્યાં સુધી તેની શાંતિ થવી દુર્લભ છે એ જ આ પત્તાથી જણાવું છું. તેમાં જ બહુ સમાયું છે. ઘણે સ્થળેથી વાંચ્યું હોય, સુણ્યું હોય તોપણ આ પર અધિક લક્ષ રાખશો.

રાયચંદ

'તમારું સંવેગ ભરેલું પત્ર મળ્યું' છે. મુક્તિની અભિલાષાવાળું. 'ખીમજી દેવજી' નામના (મુમુક્ષુ ઉપર લખાયેલો પત્ર છે). 'પત્રોથી અધિક શું જણાવું ? જ્યાં સુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે દેહભાવે વર્તશે, હું કરું છું એવી બુદ્ધિ કરશે, હું રિદ્ધિ ઇત્યાદિકે અધિક છું એમ માનશે, શાસ્ત્રને જાળરૂપે સમજશે, મર્મને માટે મિથ્યા મોહ કરશે, ત્યાં સુધી તેની શાંતિ થવી દુર્લભ છે એ જ આ પત્તાથી જણાવું છું.' પોસ્ટકાર્ડ લખ્યું છે. પોસ્ટકાર્ડને પત્તુ કહેતા. એટલે એ જમાનામાં પત્તુ બોલવાનો રિવાજ હતો. પત્તુ આપો, એક જરા પત્તુ આપજો એમ કહે. પત્તુ એટલે પોસ્ટકાર્ડ. પોસ્ટકાર્ડ અંગ્રેજી શબ્દ છે, ગુજરાતીમાં પત્તુ બોલાતું.

ફરીથી એનો અર્થ કરીએ કે, 'જ્યાં સુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે...' દેહભાવથી વર્તશે, દેહાત્મબુદ્ધિએ વર્તશે ત્યાં સુધી શાંતિ થવી દુર્લભ છે એમ કહેવું છે. 'હું કરું છું એવી બુદ્ધિ કરશે...' (એટલે) કર્તાબુદ્ધિએ વર્તશે ત્યાં સુધી પણ શાંતિ થવી દુર્લભ છે. 'હું રિદ્ધિ ઇત્યાદિકે અધિક છું...' અથવા મારી પાસે આટલો પુણ્યનો યોગ છે,

મારી પાસે આ છે, આ છે, આ છે, આ છે એવી સંયોગની, રિદ્ધિ-સિદ્ધિ (છે) એમ કંઈ પણ માનશે ત્યાં સુધી પણ એને શાંતિ થવી દુર્લભ છે. બધે એ લઈ લેવું. અંત્યદીપક છે. ત્યાં સુધી શાંતિ થવી દુર્લભ છે.

'શાસ્ત્રને જાળરૂપે સમજશે,...' શાસ્ત્રમાં એને ગમે નહીં. આ બધી ઘણી વાતો છે, કેટલા નયથી અને કેટલી બધી માથાકૂટ છે. આત્માનું કલ્યાણ કરવામાં આ બધું આવું બધું લાંબું લાંબું સમજવું પડે ? શાસ્ત્ર પ્રત્યે ઇતરાઝી થાય – અરુચિ થાય ત્યાં સુધી શાંતિ થવી દુર્લભ છે અને 'મર્મને માટે મિથ્યા મોહ કરશે,...' હવે શું છે કે, આ એક જરાક ન સમજાય એવો વિષય છે. પણ કેટલાંક જીવોને (સીધો) ઉપદેશ જોઈએ છે કે, અમને મૂળ વાત કરી દ્યો, અમારે જે મુખ્ય વાત છે એ જાણી લેવી છે. બીજું બધું અમારે કંઈ સમજવું નથી. પણ જ્ઞાનીને ખબર છે કે આને આ સમજાયા વગર આ નહીં સમજાય. આ તો જે વ્યક્તિ છે એ કોઈ એવી વ્યક્તિ છે કે જેને આ પ્રકારની ઉતાવળ છે. એની Line બરાબર ગોઠવાણી નથી અને એ સીધો મર્મને માટે મોહ કરે છે કે અમને મૂળ તત્ત્વનું (જ્ઞાન દ્યો.) એ મિથ્યામોહ છે ત્યાં સુધી તેને શાંતિ થવી દુર્લભ છે.

'એ જ આ પત્તાથી જણાવું છું. તેમાં જ બહુ સમાયું છે.' આટલી વાતોમાં ઘણી વાત લખી નાખી છે. 'ઘણે સ્થળેથી વાંચ્યું હોય, સુણ્યું હોય તોપણ આ પર અધિક લક્ષ રાખશો.' આટલું કીધું છે, તમે ભલે આવી વાતો સાંભળી હોય પણ થોડુંક આના ઉપર વધારે ધ્યાન દેજો કે, કાંઈક આમાં ઊંડાણથી વાત કરવા માગે છે, કાંઈક વિશેષ વાત કરવા માગે છે, કાંઈક મારા આત્મા માટે આ કાંઈક વધારે વિચારણીય વિષય છે એવું વજન આપજો. આ તો બધી ખબર છે એમ કરીને કાઢી નહીં નાખતા.

મુમુક્ષુ :– આ મર્મને માટે મિથ્યામોહ કરશો...

પૂજ્ય ભાઈશ્રી :– મર્મને માટે શું છે કે, એ સીધું જ લેવા માગે છે, એને ખ્યાલ નથી હોતો કે, હજી મારી યોગ્યતા નથી પાકી. અને 'શ્રીમદ્જી'ની આ વિશેષતા હતી કે, જેને જે જરૂર છે એથી વધારે કાંઈ ન આપે.

મુમુક્ષુ :– એટલે એમ કહેવાય કે મારે એનો અર્ક જોઈએ છે પણ અર્ક પચાવી શકે એવી શક્તિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એની શક્તિ નથી, ઈ એને પાત્ર નથી, હજી પાત્ર નથી પણ ઉતાવળ એવી રીતે કરે છે કે મને જલદી આપી દ્યો, મને જલદી આપી દ્યો. એટલે શું છે કે

ઘણી જગ્યાએ એમને જ ઘણું કરીને કહેશે કે, જ્ઞાની પાસેથી તારે જ્ઞાનની માગણી ન કરવી. જ્ઞાનીને ખબર છે કે, તમને જ્ઞાન ક્યા સમયે કેટલું આપવું. પોતે બહુ વિચક્ષણ છે, આ વિષયની અંદર પોતે ખૂબ વિચક્ષણ છે.

મુમુક્ષુ :- વિચક્ષણતા તો ઘણી !

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વિચક્ષણતા ! એમના પત્રોમાં આવશે. વ્યવસ્થિત જ લઈએ છીએ એટલે (આગળ આગળ આવશે). એ 'ખીમજી દેવજી' પરનો (પત્ર છે એમાં) એ વાત આવશે કે, જ્ઞાની પાસેથી જ્ઞાનની માગણી તમારે ન કરવી. અથવા તો તમને જ્ઞાની પ્રત્યે ભક્તિ આવવી એ પહેલાં જરૂરી છે. ભક્તિ વિનાનું જ્ઞાન શૂન્ય છે, એમ કહેશે. અને એનો અર્થ પોતે કરશે કે, તમારે જ્ઞાન જોઈએ છે પણ જ્ઞાની જોઈતા નથી. જ્ઞાન તો તમારે જરૂર જોઈએ છે પણ જ્ઞાની જ તમારે જોઈતા નથી. આ કંઈ જ્ઞાનપ્રાપ્તિ કરવાની વિધિ બરાબર નથી, એ પ્રકારના ઠપકા ભરેલાં વચનો હવે પછીના પત્રમાં એમને કહેશે. એટલે એમણે એ વાતનો અત્યારથી સંકેત કર્યો છે કે, મર્મ માટે મિથ્યામોહ કરશે ત્યાં સુધી આ જીવને શાંતિ નહીં મળે. આ જરા વિશેષ વિચારણા માટે બે-ત્રણ વચનો લખી નાખ્યા છે. આને ગૌણ નહીં કરતાં, જરાક વધારે ઊંડાણથી (વિચારજો.) આટલું લખ્યું છે. એક પોસ્ટકાર્ડમાં લખ્યું છે થોડું પણ એમાંથી તમે ઘણું વિચારજો અને વધારે લક્ષ આપજો.

મુમુક્ષુ :- દર્દીને એને અનુકૂળ શરીરની સ્થિતિ થવી ત્યાર પછી જ સુવર્ણભસ્મ દેવી જોઈએ. એને બદલે...

પૂજ્ય ભાઈશ્રી :- નહીંતર માંદો પડી જાય. દવાથી જ માંદો પડે. એક માસના ઉપવાસ ટાઈફોઇડમાં કર્યા પછી સોનાની ભસ્મ આપે કે અશક્તિ બહુ આવી ગઈ છે (માટે) ખવરાવો સોનાની ને મોતીની ભસ્મ, તાંબાની ભસ્મ ! મરી જાય એ તો ! આ માર્ગમાં ઘણાને સ્વચ્છંદ થાય છે એનું કારણ જ એ છે કે, એની પાત્રતા નથી હોતી. કોઈ વ્યક્તિગત વાત હોય તો તો જ્ઞાની બહુ સાવધ થઈને વાત કરે. સામૂહિકમાં એવું નથી, એકસાથે હજારો માણસ, સેંકડો માણસ બેઠા હોય એમાં તો વ્યક્તિગત કહેવાનો પ્રસંગ નથી. એમાં તો પોતાને જે પોતાનું ઘોલન હોય, જે ઉદય હોય એ પ્રકારે વાણી અને પરિણામ ચાલે. વ્યક્તિગત બાબતમાં તો બહુ તૈયાર હોય છે, જ્ઞાની ખૂબ વિચક્ષણ હોય છે અને જેને જેટલી જરૂર હોય એટલી જ વાત કરે, એથી વધારે ન કરે. અને 'શ્રીમદ્જી'ની બાબતમાં એ વિષય અસાધારણ છે. એ તો આપણે પત્રો જોઈશું એમાં આપણને લાગશે કે, એવી ઘણી વાતો ઘણી જગ્યાએ

મળે છે.

મુમુક્ષુ :- 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માટે 'ગુરુદેવે' આ જ કર્યું છે, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માટે હજી સમાજ તૈયાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વાતને ગોપવી લીધી. હું મારા હાથે આપીશ, જેને યોગ્ય લાગશે એને (આપીશ). વ્યક્તિગત રીતે ખાસ ખાસ આપણા મુમુક્ષુ છે એને પોતાના હાથે દેતા હતા.

## પત્ર-૧૩૮

મોરબી, બી. ભાદ્ર વદ ૬, શનિ, ૧૯૪૬

યોગ્યતા મેળવો.
એમ જ મળશે.

મુમુક્ષુ :- ૧૩૮ (પત્ર)માં એક બે ખાલી શબ્દો લખ્યા છે, 'યોગ્યતા મેળવો. એમ જ મળશે.'

પૂજ્ય ભાઈશ્રી :- એક પોસ્ટકાર્ડમાં બે ટુકડા લખી નાખ્યા છે. 'યોગ્યતા મેળવો. એમ જ મળશે.' યોગ્યતા વિના કંઈ નહીં મળે. એ વિષય ઉપર તો એમણે ઘણો પ્રકાશ પાડ્યો છે. આ તો બે ટુકડા લખ્યા છે પણ એ વિષય ઉપર અનેક પત્રોમાં ચર્ચા આવશે. એમનું એ બાબતમાં બહુ ધ્યાન છે અને આગળ તો લખે છે કે, જ્ઞાનપ્રાપ્તિ માટે યોગ્યતા હોવી અને એના ઉપર લક્ષ હોવું એ મુમુક્ષુને પહેલું જરૂરી છે. મારી યોગ્યતા છે કે નહીં ? એની યોગ્યતા ઉપર લક્ષ છે કે નહીં ? આ પહેલું જરૂરી છે. એ તો ઘણી ચર્ચાઓ આવશે.

પત્રાંક – ૧૪૧

વવાણિયા, દ્વિ. ભાદ્ર વદ ૧૨, શુક્ર, ૧૯૪૬

સૌભાગ્યમૂર્તિ સૌભાગ્ય,

વ્યાસ ભગવાન વદે છે કે :–

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा।
भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः।।'

ઇચ્છા અને દ્વેષ વગર, સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનાર એવા પુરુષો ભગવાનની ભક્તિથી યુક્ત થઈને ભાગવતી ગતિને પામ્યા, અર્થાત્ નિર્વાણ પામ્યા.

આપ જુઓ, એ વચનમાં કેટલો બધો પરમાર્થ તેમણે સમાવ્યો છે ? પ્રસંગવશાત્ એ વાક્યનું સ્મરણ થવાથી લખ્યું. નિરંતર સાથે રહેવા દેવામાં ભગવતને શું ખોટ જતી હશે ?

આજ્ઞાંકિત

(પત્ર) ૧૪૧ 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. 'સૌભાગ્યમૂર્તિ સૌભાગ્ય,...' 'સૌભાગ્ય'ની મૂર્તિ છે. 'સૌભાગ્યમૂર્તિ સૌભાગ્ય, વ્યાસ ભગવાન વદે છે કે :–' જુઓ ! વ્યાસને માટે 'ભગવાન' શબ્દનો પ્રયોગ કર્યો છે. કેમકે એ સંપ્રદાયમાં એને ભગવાન તરીકે માને છે. આમ તો અસાધારણ વિદ્વાન હતા. એમણે વેદમ્ વ્યાસની રચના, વેદોની રચના કરી છે એમ કહેવાય છે. ગીતાના રચયિતા પણ એ લોકોમાં કહેવાય છે. પણ અસાધારણ વ્યક્તિ ગણાય છે. એટલે (લખે છે કે) 'વ્યાસ ભગવાન વદે છે કે :–

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा ।
भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः।।'

અર્થ કરે છે. 'ઇચ્છા અને દ્વેષ વગર,...' એટલે રાગ અને દ્વેષ વગર. 'સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનાર...' सर्वत्र समचेतसा 'સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનાર એવા પુરુષો ભગવાનની ભક્તિથી યુક્ત થઈને ભાગવતી ગતિને...' એટલે મોક્ષગતિને, પવિત્રગતિને 'અર્થાત્ નિર્વાણ પામ્યા.' પંચમગતિને પામ્યા. અન્યમતમાં આવી વાતો છે. આ તો જૈનદર્શનની જ વાત છે એમ કોઈને લાગે છે. આવી ઘણી વાતો છે. ગીતામાં આવે છે. આ તો ગીતાનો શ્લોક નથી. આ કોઈ જુદી જગ્યાએથી લીધેલો છે. 'શ્રીમદ્ ભાગવત્'માંથી લીધેલો છે. ભાગવત્ છે એ વ્યાસજીનું રચેલું છે. (નીચે ફૂટનોટ –) શ્રીમદ્ ભાગવત્, સ્કંધ ૩, અધ્યાય ૨૪, શ્લોક ૪૭. પૂરો Reference આપ્યો છે. રાગદ્વેષરહિત વીતરાગ થઈને. સમદૃષ્ટિ એટલે સમભાવથી, જ્ઞાતાદૃષ્ટા ભાવથી (નિર્વાણને પામ્યા).

'એવા પુરુષો ભગવાનની ભક્તિથી યુક્ત થઈને,...' એ પરમાત્માની ભક્તિ. પરમસ્વરૂપ શુદ્ધ પરમાત્મા ! પેલા લોકો એ પરમાત્મા (માને). ભાગવતી ગતિને એટલે મોક્ષને, નિર્વાણને પામ્યા છે. 'આપ જુઓ, એ વચનમાં કેટલો બધો પરમાર્થ તેમણે સમાવ્યો છે ?' ત્યાં પણ ઈ તત્ત્વ લીધું છે. તત્ત્વ બધે છે એનું શું કારણ છે ? આવું તત્ત્વ અન્યમતમાં છે એનું કારણ શું છે ? કે એ ભગવાનની વાણીમાંથી નીકળેલો મત છે. મત જુદો પડ્યો છે, પણ ભગવાનની વાણી તો એણે ધારી છે અને જે ગમી ઈ વાત રાખી છે પણ વિપર્યાસસહિત રાખી છે.

ફરીથી, કે અન્યમત શેમાંથી ઊભા થયા ? ૩૬૩ પાખંડ ભગવાન 'ઋષભદેવ'ની વાણી છૂટી ત્યાંથી નીકળ્યા છે. તો ભગવાનની વાણીની તો દરેક મતમાં વાત આવવાની જ છે. દરેક મતમાં કાંઈ ને કાંઈ ભગવાનની વાણીની વાત છે. ફક્ત એટલું છે કે, એમાં વિપર્યાસ સાથે છે, આ તકલીફ છે. એટલે એમાંથી શું લેવાનું છે ? જૈન હો કે જૈનેતર હો જે કંઈ સાચું – સત્ય, પરમાર્થ સમજાય, ગ્રહણ કરવાનું મન થાય એ કોઈ વિપર્યાસ વગર છે કે નહિ ? એની સાવધાની રાખવાની છે. સાચા ઉપર લક્ષ જશે. મનસહિત પ્રાણી છે, બુદ્ધિ છે, ક્ષયોપશમ છે એટલે ખ્યાલ જશે કે, આ વાત સાચી, આ બરાબર છે, આ યોગ્ય છે પણ વિપર્યાસ સાથે ન હોવો જોઈએ. બસ ! વિપર્યાસ છૂટ્યો કે દર્શનમોહ છૂટ્યો. પેલું તો સાચું તે સાચું જ છે. એ તો અન્યમતની વાતને એમ કહે છે સાચી છે. પણ અહીં એ વાતને એ નથી ખોલતા કે, આમાં વિપર્યાસ શું હતો ? અહીંયાં એ ચર્ચાનો વિષય નથી.

એમાં એમનો મુખ્ય દૃષ્ટિકોણ એ રહ્યો છે કે, મુમુક્ષુની ભૂમિકામાં કોઈને જો મતનાં મંડનખંડન ઉપર લઈ જઈએ તો પરમાર્થ ચૂકી જશે. એ જગ્યાએ વિષય અને માર્ગ થોડો સૂક્ષ્મ, સાંકડો થઈ જાય છે. જો મતનો વિષય સ્પષ્ટ ન કરે તો ગૃહીત મિથ્યાત્વમાં પણ ઘણા ફસાઈ જશે. આ જોખમ ત્યાં છે. જેમકે 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું કે, આ એક જ મત સાચો છે કે દિગંબર છે એ જ સત્ય છે. વિપરીતતા વગરનું સત્ય બીજે ક્યાંય નથી. તો મુમુક્ષુઓ પણ મંડનખંડનમાં પડી જાય. કંઈ પણ વાત આવે તો પહેલા મતના મંડનખંડનમાં ઊતરી જાય. તો એને પાછો પરમાર્થ હાથમાં ન આવે. કોઈ અન્યમતમાં પણ પરમાર્થની વાત હોય તો એ તો અન્યમતની છે એમ કરીને એ તત્ત્વને નહીં પકડી શકે. મંડનખંડનથી બચાવવા માટે જો એ વિષયને સ્પષ્ટ ન કરે તો કોઈ એવા અયોગ્ય જીવો ગૃહીત મિથ્યાત્વમાં પણ ફસાયેલા રહી જાય કે, આપણો ક્યાં નિષેધ કર્યો છે ? ભાગવત્‌નો ક્યાં નિષેધ કર્યો છે ? વ્યાસજીનો ક્યાં નિષેધ કર્યો છે ? શંકરાચાર્યજીનો ક્યાં નિષેધ કર્યો છે ? અથવા શ્વેતાંબરનો ક્યાં નિષેધ કર્યો છે ? બંને જગ્યાએ જોખમ છે અને એ જોખમ જેને સમજાઈ જાય ઈ બચી જાય. બંને પડખાં જેને સમજાઈ જાય એ બચી જાય. અને આ કાળે એવો સુયોગ છે કે, બંને પડખાનું સ્પષ્ટીકરણ મળી શકે. એવો સુયોગ છે. કોઈને પ્રશ્ન હોય તો ઉત્તર મળવાની સંભાવના છે. પણ 'શ્રીમદ્‌જી'ના વખતમાં એમણે બીજું પડખું સ્પષ્ટ ન કર્યું (કારણ કે) આ લોકો મંડનખંડનમાં પડશે (તો) એ (ત્યાં) અટકી જવાના. એવી રીતે 'ગુરુદેવે' વધારે સ્પષ્ટ કર્યું, તો મંડનખંડનની વાત ઘણા (લોકો) મુખ્ય પણ કરી ગયા તો 'શ્રીમદ્‌જી' ઉપર શંકા ઉઠાવવા માંડ્યા !

આપણા મુમુક્ષુઓએ ક્યાં સુધી ખંડનમંડનની વાત મુખ્ય કરી ? હવે બંનેના મુમુક્ષુઓને લઈએ. આ એક સમજવા માટે (વાત છે) ટીકાટીપ્પણી કરવાનો વિષય નથી. કે 'શ્રીમદ્‌જી'ના કોઈ અનુયાયી પાસે તમે જાઓ અને કોઈ દિગંબર શ્વેતાંબરની વાત કરો તો એ તરત જ તમારા ઉપર આરોપ મૂકશે કે, એ વાત અમારી પાસે નહીં કરો. 'કૃપાળુદેવે' અમને મંડનખંડનમાં ઊતરવાની ના પાડી દીધી છે. આ અમારે અગાસમાં થોડી ચર્ચા ચાલી હતી. મંડનખંડનમાં પડવાની જ્ઞાનીની આજ્ઞા નથી, અમારે દિગંબર શ્વેતાંબરનું કંઈ કામ નથી. આત્મા આત્માની વાત કરો, તત્ત્વની વાત કરો. એટલે એ ગૃહીતમાંથી ન નીકળી શક્યા. પ્રતિમા, દેરાસર બીજે-ત્રીજે બધે અન્યમત સુધીની ગડબડ પણ એમાં રહી ગઈ છે.

'ગુરુદેવે' એકદમ સ્પષ્ટ કર્યું કે, 'શ્રીમદ્‌'ના અનુયાયીઓમાં આ ગડબડ રહી. દિગંબર

એક જ સત્ય છે, બાકી બધે વિપર્યાસ ઊભો છે. કોઈને કોઈ વિપર્યાસ છે. દિગંબર સિવાયના બધા અન્યમત જેવા છે. તો આપણા મુમુક્ષુ ક્યાંય જશે તો સીધી પહેલી એ વાત કરશે કે, દિગંબરને માનો છો કે નહીં ? દિગંબરની સ્પષ્ટતા છે કે નહીં ? સીધું એમ કહેશે. એનું કામ નથી. એ ત્યાં સુધી કહેશે કે ખુદ 'શ્રીમદ્' ઉપર આંગળી ચીંધશે.

આપણે ત્યાં મુખ્ય મુમુક્ષુ લોકોએ 'ગુરુદેવ' સામે પ્રશ્ન ઉઠાવેલો છે કે, 'શ્રીમદ્'નું ચોખ્ખું નહોતું માટે 'શ્રીમદ્' જ્ઞાની હતા કે કેમ એ આપને સાંભળ્યા પછી વિચારવા જેવો વિષય લાગે છે. તો 'ગુરુદેવ' કહે કે, નહીં જ્ઞાની હતા, એક વાર નહીં સો વાર એ નક્કી કરો કે પહેલા એ જ્ઞાની હતા પછી બીજી વાત. એટલે એ બહુ મોટી ભૂલ છે, બહુ મોટી ભૂલ થાય છે. જ્યારે મુમુક્ષુ થઈને જ્ઞાની ઉપર પણ પોતે શંકા ઉઠાવે છે ત્યારે એને ખબર નથી કે હું કઈ ભૂમિકામાં છું અને કોના ઉપર શંકા ઉઠાવું છું ? એ એને ખબર નથી. જેનો ઉપદેશ મારે ગ્રહણ કરવાનો છે એના ઉપર હું શંકા ઉઠાવું છું ! મારો પત્તો નહીં ખાય, હું ક્યાંનો ક્યાં ચાલ્યો જઈશ. દિગંબર – શ્વેતાંબરના સ્પષ્ટીકરણ કરતાં આવું જોખમ ત્યાં થાય છે. સ્પષ્ટીકરણ ન કરે તો જોખમ અહીંયાં થાય છે કે અન્યમતમાં કોઈ રહી જાય છે. એટલે વિષય બંને બાજુથી થોડો સાંકડો થઈ જાય છે અને એ સમજીને ચાલવાનું છે. એક બાજુ પણ સમતુલા ગુમાવવી નહીં, તો અહિતથી બચી જાય નહીંતર અહિત થતાં વાર લાગે નહીં, એવો વિષય છે.

વિશેષ લેશું...

## પત્રાંક - ૧૪૩

વવાણિયા, બી. ભાદરવા વદ ૧૩, શનિ, ૧૯૪૬

નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો :-

૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો.

૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.

૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાંથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો.

૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.

૫. કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.

એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે, એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. બાકીનાં ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે. પાંચમા અભ્યાસ સિવાયનો, તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણમાર્ગ મને સૂઝતો નથી; અને બધાય મહાત્માઓનો પણ એમ જ સૂઝ્યું હશે - (સૂઝ્યું છે).

હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. એ બધાની તમારી ઇચ્છા છે, તોપણ અધિક ઇચ્છો; ઉતાવળ ન કરો. જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ; આ અપેક્ષિત કથનનું સ્મરણ કરો.

પ્રારબ્ધથી જીવતા રાયચંદના યથા.

તા. ૩૧-૦૮-૧૯૮૯, પ્રવચન નં. ૩૪
પત્રાંક – ૧૪૩ – ૧૪૪

(પત્રાંક–૧૪૩), પાનું ૨૨૯. 'નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો :– ૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો.' મુમુક્ષુની ભૂમિકામાં પરિણામને ઠીક કરવાની વાત છે, અનેક પડખેથી એ વિષય નિરૂપિત થાય છે, પણ સમગ્રપણે વિભાવરસ છે એમાં એક મુખ્ય મુદ્દો છે કે, વિભાવરસ છે એ ઠંડો પડવો જોઈએ, વિભાવરસ છે એ ગળવો જોઈએ. એટલે વર્તમાનમાં ઉદયમાન હોય, ભવિષ્યમાં ઉદય આવે એ દેખાતું હોય કે આ પ્રસંગમાં આપણા પરિણામ તીવ્ર થઈ જાય છે (તો) 'ઉદય આવવાના કષાયોને શમાવો.' શમાવવાનો અર્થ નીરસ પરિણામથી એ પ્રકાર ઉત્પન્ન થવો જોઈએ. જ્યાં સુધી સમ્યક્ પ્રકારે અભાવ ન થાય અને એને સમ્યક્ માર્ગની શ્રેણી ન મળે, પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મુમુક્ષુની ભૂમિકામાં કષાયરસ છે એ જીવને બાધક છે, પ્રતિબંધક છે, અવરોધક છે અને જે કંઈ આવરણ છે, જ્ઞાનને આવરણ આવે છે, જ્ઞાન – મતિ મલિન થાય છે એનું કારણ કષાયરસ છે.

'૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.' એટલે કે ભવિષ્યમાં જે કંઈ મેળવવું છે એના ઉપર ચોકડી મૂકી દેવી. અભિલાષા કહો, ચાલતી ભાષામાં (એને) મહત્ત્વાકાંક્ષા કહેવામાં આવે છે કે મને આ મળે તો સારું, મને આમ મળે તો સારું, મને આમ થાય તો સારું – એવું જેટલું કંઈ પૌદ્ગલિક પદાર્થની પ્રાપ્તિ (માટે થાય) છે એ વાત છોડી દેવી. કેમ ? કે, પૂર્વ કર્મ અનુસાર જ બનવાનું છે, વર્તમાન પ્રયત્ન અનુસાર કંઈ બનવાનું નથી. માટે ભવિષ્યમાં આમ થાય તો ઠીક, આમ થાય તો ઠીક, આમ થાય તો ઠીક એવી જે અભિલાષાયુક્ત ચિંતના છે એ ચિંતવના સંસારમાં સંસારી જીવને એટલી બધી ગળે પડેલી

ચીજ છે કે જીવ એમાંથી નિવૃત્ત થઈને પોતાના સ્વરૂપ ભણી આવે કે સ્વરૂપની ચિંતવના કરે એ અવસર રહેતો નથી, એ અવકાશ રહેતો નથી.

પ્રશ્ન :- આટલા વર્ષથી એ વાત છૂટતી નથી તો શું કરવું ?

સમાધાન :- ચોકડી મૂકી દેવી કે ભવિષ્યમાં જે થવાનું છે એમ થવાનું છે, ચિંતવના કર્યેથી કોઈ ફેર થતો નથી, વિચાર કર્યેથી કોઈ ફેર તો પડતો નથી.

મુમુક્ષુ :- એ તો ખબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખબર છે તો એનો ઉપયોગ શું કરવો છે ? કે, વર્તમાનમાં હું સાવધાન થાઉં. અત્યારે મારે મારું નિજ કાર્ય કરવું છે એ હું કરું અને આમાં સમય ન બગાડું.

મુમુક્ષુજીવને શિખામણ આપી છે કે, આટલો અભ્યાસ રાખો એટલે કે Practice રાખો. અભ્યાસનો અર્થ અહીંયાં શું છે કે, આટલી Practice કરો કે, કોઈ પણ ઉદયમાં આવવા યોગ્ય અને ઉદયમાં આવેલા કષાયો છે એમાં એનો રસ તોડો, એમાં તીવ્ર રસે ન પરિણમો, એમાં તીવ્ર રસથી આગળ ન વધો, તીવ્ર રસ ન થાય એની સાવધાની રાખો. એટલે સીધો એ વિચારનો વિષય નથી, આચરણનો વિષય થઈ જાય છે.

હવે શું ટેવ પડી છે ? કે વાંચીને, સાંભળીને, ઘણું વાંચીને, ઘણું સાંભળીને એના વિચાર કર્યા કરવા. અહીંયાં એમ કહે છે કે નહીં, એણે સીધો અમલ કરવાની વાત છે કે, મારો રસ ન વધે એની જાગૃતિ અને સાવધાની મને હોવી જોઈએ, મને નુકસાન છે. કોઈ પણ ઉદયમાં મારો કષાયરસ વધે તો આ આત્માને નુકસાન છે. એની અંદર એના આનંદનો, એની શાંતિનો ઘાત છે, મારી શાંતિ લૂંટાય છે. એ જાતની (એને) નુકસાનથી જાગૃતિ આવે તો અવશ્ય કામ થાય છે, એટલે કે રસ મંદ પડે છે. એ વર્તમાનની વાત લીધી.

(હવે) જે ભવિષ્યની પ્રવૃત્તિ ચાલે છે જેમકે આમ કરવું છે, પછી આમ થાય તો સારું, પછી આમ થાય તો સારું, પછી આમ થાય અને પછી આમ કરવું છે, પછી આમ કરવું છે એ છોડી દેવું. એ તો જે થવાનું તે થવાનું છે. કાંઈ ચિંતા કરવાનું કારણ નથી, વ્યર્થ જ છે. જે કંઈ જીવ ચિંતા કરે છે એ ખરેખર વ્યર્થ છે. એનો કોઈ ઉપયોગ નથી, એનું કોઈ કારણ નથી.

પ્રશ્ન :- પોતાની પર્યાય આવવાની છે એ આવવાની છે એને કેમ રોકવી ?

સમાધાન :- આવવાની છે એ આવવાની છે એ કેવી રીતે નક્કી કર્યું ? જ્ઞાતાપણે

રહીને નક્કી કર્યું ? કે ચિંતાની પર્યાય કરવાના રસ વધારવા માટે નક્કી કર્યું ? બહુ સારો પ્રશ્ન છે. જ્યારે વસ્તુના સ્વરૂપનો (વિચાર કરીએ કે) જે પર્યાય કષાયની (કે) વગર કષાયની, ચિંતાની આવવાની છે તે આવવાની છે એ તો વસ્તુસ્થિતિ થઈ. તો વસ્તુસ્થિતિનું નિરૂપણ શું ઉપદેશથી છે ? આ પહેલો સવાલ છે. જૈનદર્શનમાં વસ્તુનું સ્વરૂપ, વસ્તુની સ્થિતિ પ્રસિદ્ધ કરી છે પણ કોઈ શાસ્ત્રમાં એમ ને એમ પ્રસિદ્ધ નથી કરી. અમુક હેતુથી કરી છે, અમુક ઉદ્દેશથી કરી છે. શું ઉદ્દેશ છે ? કે, એમાંથી આ આત્મા પોતાના હિતનો બોધ શું અંગીકાર કરે છે ? આ હેતુ (એની અંદર) છે. Object ! With the object આ વાત છે.

'પ્રવચનસાર' લઈએ. 'જ્ઞેય અધિકાર' આચાર્ય મહારાજ શરૂ કરે છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનો અધિકાર ઉપાડ્યો છે કે આત્મામાં દ્રવ્ય–ગુણ–પર્યાય અને ઉત્પાદ– વ્યય–ધ્રુવ એવું જે વસ્તુનું બંધારણ છે, એની વસ્તુસ્થિતિ શું છે ? એ પહેલી જ ગાથામાં વસ્તુનાં સ્વરૂપનું નિરૂપણ કરતાં દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ પદાર્થ છે એમ કહેતાં જ 'पर्यायमूढा हि परसमयाः' એટલી વાત મૂકી દીધી. એક શ્લોકના, એક ગાથાના ચાર ચરણ હોય છે એમાં ચોથું ચરણ આ મૂકી દીધું કે, પદાર્થ દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વરૂપ છે.

'પ્રવચનસાર' 'જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન'માં પહેલી ગાથા–૯૩ શરૂ કરે છે, કે, 'अत्थो खलु दव्वमओ...' જે અર્થ છે, પદાર્થો છે તે બધા દ્રવ્યમય છે, 'दव्वाणि गुणप्पगाणि भणिदाणि।' 'दव्वाणि गुणप्पगाणि भणिदाणि।' જે દ્રવ્ય છે એ ગુણાત્મક છે. અનંત ગુણોનો સમૂહ છે. 'तेहिं पुणो पज्जाया...' અને એની પર્યાયો છે, બધા ગુણોની પર્યાયો થાય છે.

આ તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું નિરૂપણ કર્યું છે. એ શું કરવા કર્યું ? ઉદ્દેશ શું છે ? કે 'पज्जयमूढा हि परसमया।' 'पज्जयमूढा हि परसमया।' આ જીવ અનાદિનો પર્યાયમાં મૂઢ થઈને પરસમય થઈ રહ્યો છે, અન્યમતમાં પ્રવર્તી રહ્યો છે. પર્યાયમાં એકત્વબુદ્ધિ એ પરસમયપણું છે, સ્વસમયપણું નથી. પણ પ્રભુ ! પર્યાય તો વસ્તુનું અંગ છે એમ આપ સ્થાપો છો. દ્રવ્ય, ગુણ અને પર્યાય, એ મય વસ્તુ છે. તો કહે એ મય વસ્તુ હોવા છતાં પર્યાયમૂઢપણું, પર્યાયમાત્ર, પર્યાય જેવડો 'હું' એટલું જ અવધારણ થાય છે એ મૂઢપણું છે.

દ્રવ્ય, ગુણનું નિરૂપણ શું કરવા સાથે કરીએ છીએ ? કે પર્યાય એક સમયની (છે) અને દ્રવ્ય, ગુણ અનાદિ અનંત છે. તૂ માત્ર (એક) સમય પૂરતું પોતાના અસ્તિત્વનું અવધારણ કરે છો, આ તારું પર્યાયમૂઢપણું છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનું નિરૂપણ કરતાં જ ઉદ્દેશ મૂકી દીધો કે, માત્ર અહીંયાં વસ્તુનું સ્વરૂપ બતાવીને વાત છોડી નથી દેવી (પરંતુ) વસ્તુનું સ્વરૂપ

બતાવવામાં અમારો હેતુ છે અને એ ઉદ્દેશ છે કે તારી પર્યાયબુદ્ધિ અમારે છોડાવવી છે, તારું મિથ્યાત્વ છોડાવવું છે. પર્યાયબુદ્ધિ કહો, પર્યાયમૂઢપણું કહો અને મિથ્યાત્વ કહો બધું એક જ છે. મૂળ મિથ્યાત્વ અહીંથી શરૂ થાય છે.

જ્ઞેયતત્ત્વમાં, જ્ઞેયતત્ત્વ એટલે સમ્યક્જ્ઞાનનું જ્ઞેય થવા યોગ્ય જે તત્ત્વ – પદાર્થ, એનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયવાળું છે એમ કહેતાં જ એ કહેવાનો જે ઉદ્દેશ છે તે પર્યાયમૂઢપણું છોડાવવું છે એ સાથે સાથે મૂકી દ્યે છે. એક જ શ્લોકમાં એક ચરણ મૂકી દીધો.

આપણે એમ નક્કી કર્યું કે, જે પર્યાય આવવાની છે એ આવવાની છે, એની પાછળ શું ઉદ્દેશ છે ? કે તું સર્વ પ્રકારના રાગ-દ્વેષથી મુક્ત થઈ જા. જો, જે પર્યાય આવવાની છે એમ જ આવવાની છે, એવું જે તારું જ્ઞાન છે એ તારા રાગ-દ્વેષને નિવૃત્ત કરે છે ? એ ઉદ્દેશથી છે ? એ ઉદ્દેશ રાખીને એ વાત છે ? તો તો તારી વાત ઠીક છે. જો એ ઉદ્દેશ ન હોય તો તારી વાત બરાબર નથી. તું કંઈક બીજા ઉદ્દેશથી વાત (કરે છે), ઉદ્દેશ વગરનો છો નહીં. પણ તારો ઉદ્દેશ કોઈ મલિન છે, શુદ્ધ નથી. તારે એ પર્યાયમાં રુચિ છે, તને જે ચિંતા થાય છે એ તને ગમે છે અને તારે કરવી છે. માટે તે થવાની હતી તે થઈ એમ કહીને તારે એમાં રહેવું છે ? શું ઉદ્દેશ છે ?

જૈનદર્શન છે એ તો બહુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવને પકડીને વ્યક્ત કરે છે, પ્રસિદ્ધ કરે છે. ઉદ્દેશ પકડી લે છે. જે થવાનું છે તે થવાનું છે, ઉદ્દેશ શું છે ? એમ સમજવા પાછળનો ઉદ્દેશ શું છે ? એમ કહેવા પાછળનો ઉદ્દેશ શું છે ? રાગ-દ્વેષથી રહિત થવું છે ? કે જે રાગ-દ્વેષની રુચિ છે એને પુષ્ટ કરવી છે ? એક જ જગ્યાએથી બે વાત બનશે. જો તે વિષયને આત્મહિતાર્થે યથાર્થ ગ્રહણ કરવામાં આવશે તો જરૂર રાગ-દ્વેષથી નિવૃત્તિ થશે. (જો) એમ નહીં થાય, અન્યથા ગ્રહણ થશે તો એ અયથાર્થ છે, એમાંથી તારા જ રાગ-દ્વેષ વધશે. એમાંથી સ્વચ્છંદ થઈ જશે.

મુમુક્ષુ :– વસ્તુનું બંધારણ બતાવવામાં જે હેતુ છે એ સ્પષ્ટ કરી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :– આખો 'જ્ઞેય અધિકાર' છે એનો પાયો નાખી દીધો. વસ્તુનું જે બંધારણ – સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઉત્પાદ-વ્યય-ધ્રુવને નક્કી કરશે. એક સમયના ઉત્પાદ-વ્યય-ધ્રુવ (સિદ્ધ કરશે) તોપણ 'पर्यायमूढाः परसमयाः' છે, એ વાત છે એને છોડાવી દેવી છે. પર્યાયમૂઢપણું તોડી નાખવું છે એના માટે આટલી (વાત છે). ઉદ્દેશ છે, વસ્તુના સ્વરૂપનું નિરૂપણ કરવાનો આ ઉદ્દેશ છે.

એટલે સિદ્ધાંતબોધ વસ્તુના સૈદ્ધાંતિક સ્વરૂપને નિરૂપણ કરતો હોવા છતાં એ ઉપદેશબોધને અર્થે નિરૂપણ કરવામાં આવે છે, ઉપદેશબોધના હેતુથી નિરૂપણ કરવામાં આવે છે. એમને એમ અધ્ધર ખાલી સિદ્ધાંતની વાતો કરીને મૂકી દીધી છે એમ નથી. એક સિક્કાની બે બાજુ જેવો સીધે સીધો એનો સંબંધ છે, જરાય એને એક બાજુ નથી રાખતા, સાથેસાથે મૂકી દ્યે છે. કેટલી વિચક્ષણતા છે ! આચાર્ય મહારાજને કેટલી વિચક્ષણતા (છે) ! આખા શાસનને જેને Handle કરવું છે, કેટલી વિચક્ષણતા હશે એમને નિરૂપણ કરવામાં ? કેટલી ગંભીરતા હશે ? એ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– આખું શાસન એમનું ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શાસન એમનું ચાલે છે. 'કુંદકુંદ આમ્નાય' કહેવાય છે. એમના પછીના જે આચાર્યો થયા, મુનિઓ થયા, (એમને) એમની ગંભીરતા ભાસી કે, ઓ..હો...! આ તો કોઈ તીર્થંકર (જેવી), તીર્થ પ્રવર્તાવે એવી 'કુંદકુંદાચાર્ય'ની શૈલી છે. અધ્યાત્મનો વિષય (હોય), દ્રવ્યાનુયોગનો વિષય (હોય) જે વાત કરે છે, ગજબ નિરૂપણ કરે છે ! ગમે ઈ શાસ્ત્ર ઉપાડો – 'સમયસાર' લ્યો, 'પ્રવચનસાર' લ્યો, 'નિયમસાર' લ્યો, 'પંચાસ્તિકાય' લ્યો. 'ગુરુદેવશ્રી' તો બહુ સ્પષ્ટ કહેતા કે, 'કુંદકુંદાચાર્યે' તીર્થંકર જેવું કામ કર્યું છે અને 'અમૃતચંદ્રાચાર્યે' એ ટીકાથી ભાવો ખોલીને એમના ગણધર જેવું કામ કર્યું છે ! જાહેરમાં કહેતા હતા.

(અહીંયાં કહે છે), 'સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.' કેમકે સંસારી જીવને એમાં જ સમય વ્યતીત થાય છે. વર્તમાન ઠીક હોય તો ભવિષ્યની ચિંતામાં એ સમયને વ્યતીત કરે છે અથવા ખોવે છે.

પ્રશ્ન :– ઉદય તો ભવિષ્યમાં આવશે, ભવિષ્યનો ઉદય તો ભવિષ્યમાં આવશે પણ વર્તમાનમાં ભવિષ્યની ચિંતામાં આસ્રવનો બંધ ચાલુ રહે છે ?

સમાધાન :– કરે જ છે. ઈ જ કરે છે. શું કરે છે ? ભવિષ્યનું કામ તો ભવિષ્યમાં થવાનું છે. થવાનું, નહીં થવાનું બધું ભવિષ્યનું તો ભવિષ્યમાં જ થાય. પણ આ જીવ વર્તમાનમાં ખોવે છે. એ સંબંધીની ચિંતા કરીને, આસ્રવ અને બંધ, આસ્રવ અને બંધમાં પડ્યો છે. એમાંથી જરા પણ, એક ક્ષણ પણ એમાંથી ઉપયોગને નિવૃત્ત કરતો નથી. એવી એને પોતાને પોતાની ભવિષ્યની ચિંતા અણસમજણથી થાય છે, સમજણ વગરની વાત છે. જરાક સમજણ રાખે તો કંઈ ચિંતા કરવાની જરૂર નથી. કેમકે પૂર્વ કર્મ તો બાંધીને આવ્યો છે.

મુમુક્ષુ :– લૌકિકમાં તો પૂર આવે એ પહેલાં પાળ બાંધતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને ડહાપણ કહે છે. અહીંયાં એને મૂર્ખાઈ કહે છે, એટલો ફેર છે. લોકો જેને ડહાપણ કહે છે એને અહીંયાં મૂર્ખાઈ કહે છે, બીજું કંઈ નથી કહેતા. કેમકે એ ડહાપણવાળા એમ માને છે કે, આવું કંઈક કરીએ તો આપણે બચીએ છીએ, આપણે ફાવીએ છીએ, આપણને લાભ થાય છે, એમ માનીને એ કરે છે. વસ્તુનું સ્વરૂપ જોતાં એ વાત તદ્દન ખોટી છે.

આખા વિશ્વ ઉપર વિજય મેળવવા નીકળેલો માણસ Fail નથી જતો ? આ હિટલર Fail ગયો કે નહિ ? એના હાથમાં એટમબૉંબ આવ્યો, હાઇડ્રોજનબૉંબ આવ્યો, તો એને થયું કે, પતી ગયું ! હવે મારી સામે તો કોઈ થઈ શકે એવું છે નહીં, મારી પાસે જે શસ્ત્ર છે એ દુનિયામાં ક્યાંય નથી. કાં મારા તાબે થાઓ, નહીંતર હું તમને મારું છું. અને આ બાજુ શ્રીલંકા બધું લેતો લેતો જાપાન, જર્મન તો પોતાનો દેશ હતો. રશિયામાં Fail ગયો. નહીં તો ખરેખર તો આખા વિશ્વ ઉપર એનું રાજ ચાલવું જોઈતું હતું. એની પાસે જે શસ્ત્ર હતું એ દુનિયામાં કોઈની પાસે નહોતું. એ છતાં એ નિષ્ફળ ગયો કે ન ગયો ? એ નિષ્ફળ જવું, સફળ થવું એ એના અધિકારની વાત નથી. ખરી વાત એ છે, એ એના અધિકારની વાત નથી. સિકંદરે એ વાત ખુલ્લી કરી. Alexander the great ! એણે વાત ખુલ્લી કરી. બધી મહત્ત્વાકાંક્ષાથી ઘણું મેં કર્યું. હું ખોટે રસ્તે હતો. ખરેખર હું ખોટે રસ્તે હતો એ વાત જાહેર કરી દીધી.

આ જૈનધર્મમાં તો એનો નિચોડ (છે). અનંતકાળથી આ સિદ્ધાંતોનું નિરૂપણ ચાલે છે. બધા જ અનુભવોનો સાર કાઢીને, બધા જ અનુભવમાંથી પસાર થઈને જ્ઞાનીઓ, સત્પુરુષો નિષ્કર્ષ કાઢીને વાત મૂકે છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'ને જે વાત ખુલ્લી કરી કે, વધારે દુઃખ ભોગવ્યું છે ભવિષ્યના વિચારથી, કેમકે વર્તમાનમાં દુઃખ છે નહીં. એના કરતાં અનંતગણું દુઃખ છે એ વિકલ્પથી ભોગવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભવિષ્યની ચિંતા પાછળ વર્તમાનમાં તો અનુકૂળતા હોય એ અનુકૂળતા ભોગવવાના પરિણામ પણ નથી રહેતા. વર્તમાનમાં અનુકૂળતા થઈ ગઈ હોય અને કાંઈ તકલીફ ન હોય પણ ભવિષ્યની ચિંતામાં એટલો બધો ખોવાયેલો રહે છે કે વર્તમાન સુખને પણ ભોગવી શકતો નથી. આ બધી જીવની એકલી મૂર્ખાઈ સિવાય બીજું કંઈ નથી, એમ

કહેવું છે.

એટલે બીજું પદ કહ્યું કે, 'સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.' આ વચનો એમણે એક મુમુક્ષુને કહ્યાં, 'ખીમજીભાઈ'ને કહ્યાં પણ આપણે પોતા ઉપર લેવાનાં છે કે, સત્પુરુષ મને આમ કહે છે. ૧૯૪૬માં ભલે 'ખીમજીભાઈ'ને આ પત્ર લખ્યો હોય પણ અત્યારે મને આમ કહે છે. સીધું આમ લેવાનું છે.

'આટલા કાળ સુધી જે કર્યું...' આમ 'શ્રીમદ્'ને સામે રાખી દેવા. એ અત્યારે સામે બેઠા છે અને મને આ વાત કહે છે, મને બોધે છે, મને ઉપદેશે છે. એમને પ્રત્યક્ષ જ લેવા. 'આટલા કાળ સુધી જે કર્યું તે બધાંથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો.' આટલા કાળ સુધી જે કરતા આવ્યા, જે રીતે કરતા આવ્યા, જે પ્રકારે જે કર્યું એ બધું ખોટું કર્યું છે, આ જીવ ખોટે રસ્તે હતો. એ કરતાં અટકી જવું છે. રસ્તો બીજો પકડવો છે, એમ નક્કી કરો.

'તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.' તમે પૂર્ણ સુખથી ભરેલા છો, પૂર્ણ સુખ તમારામાં છે. ગમે તે પરિસ્થિતિમાં કોઈ દુઃખનું બહારનું કારણ ખરેખર આ આત્માને છે નહીં. અને બીજા જે જીવો દુઃખી થાય છે એમના પ્રત્યે કરુણા, અનુકંપા રાખો, દયા રાખો, જરા પણ બીજી રીતે ન જુઓ.

'કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.' આ એક એમણે મોટી વાત કરી છે. પહેલી દૃષ્ટિએ બુદ્ધિગમ્ય રીતે કદાચ એમના વચનમાં શંકા પડતી હોય, શ્રદ્ધા ન રહે એવું લાગતું હોય તોપણ શ્રદ્ધા રાખો અને એ કહે છે એ ન સમજાય ત્યાં સુધી સમજવાનો પ્રયત્ન કરો. એવું બને કે કોઈ વાત બુદ્ધિ સ્વીકારે નહીં એવું પણ કોઈ વાર લાગે તોપણ એ સત્પુરુષ છે, અનુભવી પુરુષ છે અને ઘણા અનુભવ પછી એ વાત કરે છે (માટે) નક્કી કંઈક આમાં સવળું જ હોય, અવળું ક્યાંય હોય નહીં. સત્પુરુષ હોય એ કોઈ વિપરીત – અવળું કહે નહીં, કરે નહીં. તેથી કાંઈ અવળું છે જ નહીં. મને ખ્યાલમાં ન આવતું હોય, બુદ્ધિમાં ન આવતું હોય તો મારે વિશેષ વિચાર કરવો યોગ્ય છે.

'તેના ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.' આ એક એવો વિષય છે જીવને, મુમુક્ષુજીવને સત્પુરુષ પ્રત્યેની અભક્તિથી બચાવી લ્યે છે. એમની – 'શ્રીમદ્જી'ની અહીંયાં એવી એક શિખામણ છે કે, જે સત્પુરુષ પ્રત્યે જાણે, અજાણે અભક્તિના પરિણામ થતાં પોતાના આત્માને

બહુ મોટું આવરણ આવી જાય, એનાથી – નુકસાનથી બચાવી લ્યે છે. તું ધીરો થઈને, શાંત થઈને પછી વિચાર કરજે કે કંઈક મારી ભૂલ થાય છે તો ક્યાં ભૂલ થાય છે એ હું સમજું. પણ પહેલાં આસ્તિક્યબુદ્ધિથી તું એનો સ્વીકાર કરી લેજે કે સત્પુરુષ છે માટે એમાં કાંઈ શંકા કરવાનો પ્રસંગ રહેતો નથી.

ઘરના ચિરપરિચિત વ્યક્તિ હોય, જે કુટુંબીજન છે. બધાયને ખાતરી છે કે કોણ કેવા છે એ ખાતરી છે. કોઈ બહારનો માણસ બીજી વાત કરવા આવે તો શું કરે છે પોતે ? કે નહીં, એમાં તમારે અમને કાંઈ સમજાવવાની જરૂર નથી. અમારા ઘરમાં રહેતા હોય અમને ખબર ન હોય ?

એમ જેણે સત્પુરુષને શોધ્યા છે એટલે ઓળખ્યા છે. શોધવાનો અર્થ એ છે કે તું ઓળખાણ કર કે સત્પુરુષ છે કે નહીં ? 'અંબાલાલભાઈ'ને એમણે એ માટે જરાક વિશેષ વાત કરી છે. ૨૨૮મે પાને, છેલ્લો પેરેગ્રાફ છે, ૧૪૦મા પત્રની ઉપર જે છેલ્લો પેરેગ્રાફ છે એમાં સત્પુરુષને શોધવા ઉપર એમણે થોડો પ્રકાશ પાડ્યો છે. એ વિષય ઉપર પ્રકાશ પાડ્યો છે કે 'અહો ! અનંત ભવના પર્યટનમાં કોઈ સત્પુરુષના પ્રતાપે આ દશા પામેલા એવા આ દેહધારીને તમે ઇચ્છો છો,...' શું કહે છે ? 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે (એમાં) પોતાને માટે વાત કરે છે કે, અનંત ભવનું જે પર્યટન તમને થયું, હવે કોઈ સત્પુરુષના પ્રતાપે, એ પણ કોઈ સત્પુરુષનો પ્રતાપ છે કે આ દશા પામેલા એવા આ દેહધારીને તમે ઇચ્છો છો, અમારો સમાગમ તમે ઇચ્છો છો, અમારા આશ્રયમાં રહેવા, અમારા શરણમાં રહેવા તમે ઇચ્છો છો, 'તેની પાસેથી તમે ધર્મ ઇચ્છો છો,...' તમે આ દેહધારીને ઇચ્છો છો એનો અર્થ શું છે કે તમે મને ઇચ્છો છો, મારી પાસેથી તમે ધર્મને ઇચ્છો છો.

'અને તે તો હજુ કોઈ આશ્ચર્યકારક ઉપાધિમાં પડ્યો છે !' જે સત્પુરુષ પાસેથી તમે ધર્મ ઇચ્છો છો, સાવ ૨૨-૨૩ વર્ષની ઉંમરે તમને ભેટો થયો, ૨૨-૨૩ વર્ષની ઉંમરે તો હજી યુવાન માણસ હોય છે, છોકરડા જેવો લાગે. ૨૨ વર્ષના છોકરાને તમે જોઈ લો. આ ભાઈથી નાની ઉંમર લાગે. એને સત્પુરુષ ગણવા ! એની પાસેથી ધર્મ ઇચ્છવો ! અને એ પાછો વેપાર-ધંધા-કુટુંબપરિવારમાં ! હજુ તો ૨-૩ વર્ષ પહેલા, ૧૯મા વર્ષે એમના લગ્ન થયા છે. વિચિત્ર પરિસ્થિતિમાં છે, 'આશ્ચર્યકારી ઉપાધિમાં પડ્યો છે !' એવા સંજોગોમાં પડ્યો છે.

'નિવૃત્ત હોત તો બહુ ઉપયોગી થઈ પડત.' પહેલેથી કોઈ ત્યાગીની દશામાં હોત તો

ઉપયોગી થઈ પડત. 'વારુ ! તમને તેને માટે આટલી બધી શ્રદ્ધા રહે છે તેનું કંઈ મૂળ કારણ હસ્તગત થયું છે ?' 'અંબાલાલભાઈ'એ કંઈક એમને કહ્યું લાગે છે. હવે તો બસ તમારા ચરણમાં રહી જવું છે અને કલ્યાણ કરી લેવું છે. અનંતકાળે મને સત્‌પુરુષ મળ્યા, હવે છોડવા નથી. મારે મારું હિત સાધી લેવું છે બસ, બીજું હવે મારે કંઈ કામ નથી, આ ભવમાં હવે મારે મારું કલ્યાણ કરી લેવું છે અને એ આપની પાસે રહીને, આપના ચરણમાં રહીને કરી લેવું છે. ત્યારે એને પૂછ્યું છે કે, તમને એવું શું કારણ મળ્યું છે ? મારી ઉંમર નાની છે, હું ઉપાધિમાં પડ્યો છું, હું વિચિત્ર પરિસ્થિતિમાં છું અને તમે મારી પાસેથી ધર્મ ઇચ્છો છો તો શું કારણ તમને હાથમાં આવ્યું છે ? સામે ચાલીને પૂછે છે.

'એના પર રાખેલ શ્રદ્ધા, એનો કહેલો ધર્મ અનુભવ્યે અનર્થકારક તો નહીં લાગે ?' કંઈક બીજે રસ્તે તો નહીં ચડી જાઓને ? 'અર્થાત્ હજુ તેની પૂર્ણ કસોટી કરજો;...' આ Cross Examination છે કે કંઈક તમને ઊંધે રસ્તે તો નહીં ચડાવી દ્યે ને ? પૂરી કસોટી કરજો.

'અને એમ કરવામાં તે રાજી છે;...' તમે પરીક્ષા કરશો તો હું ખુશી છું. ઓઘસંજ્ઞાએ તમે મને અનુસરશો તો હું ખુશી નથી, રાજી નથી. જુઓ ! કેવી લાઇન દોરી આપી છે !

'તેની સાથે તમને યોગ્યતાનું કારણ છે,...' મારી તો ખુશી છે પણ તમે જો કસોટી કરવાની પરિસ્થિતિમાં આવશો તો તમારી યોગ્યતા કેળવાશે. કેમકે યોગ્યતા વગર તમે શું કસોટી કરવાના હતા ? તમારી યોગ્યતાનું એ કારણ છે. 'અને કદાપિ પૂર્વાપર પણ નિઃશંક શ્રદ્ધા જ રહેશે એમ હોય...' એટલે કે ના, ના અમને પૂર્વાપર એટલે આગળ પાછળ કંઈ શંકા પડવાનું કારણ નથી, આપના પ્રત્યે અમે નિઃશંક છીએ, એમ હોય 'તો તેમ જ રાખવામાં કલ્યાણ છે...' તમે વગર સમજે પણ શ્રદ્ધા રાખો તો કલ્યાણ છે, સમજીને રાખો તો મને બહુ ખુશી થશે 'એમ સ્પષ્ટ કહી દેવું આજે વાજબી લાગતાં કહી દીધું છે.' આ તબક્કે તમારી યોગ્યતા જોઈને આમ કહેવું મને વાજબી લાગ્યું છે એટલે કહી દીધું છે, નહીંતર મારી અંગત વાત હું તમને કરત નહીં.

'આજના પત્રની ભાષા ઘણી ગ્રામિક વાપરી છે, તથાપિ તેનો ઉદ્દેશ એક પરમાર્થ જ છે.' એનો ઉદ્દેશ કલ્યાણ થાય એટલો જ છે એ સિવાય બીજા કોઈ કારણથી, કોઈ તમારી સેવા લેવી છે એ કારણથી આ વાત કરી નથી, એમ કહે છે. એવી રીતે એ સત્પુરુષને શોધવાની વાત છે.

આ બાજુ વાત લીધી, પાંચમો બોલ જે લીધો કે 'કોઈ એક સત્પુરુષ શોધો,...' તો એમ કહેવા પાછળ 'અંબાલાલભાઈ'ને આગળ કહી ગયા છે કે, તમે સત્પુરુષની નજીક આવો તો એની પરીક્ષા કરો. જેની પાસેથી તમારે ધર્મની પ્રાપ્તિ કરવી છે તે ધર્મ પામ્યા છે કે નહીં એની પરીક્ષા કરો, એની ખાતરી કરો, પછી જ અનુસરો. એમને એમ અનુસરો નહીં. જો એમને એમ અનુસરશો તો ક્યાંક ખાડામાં પડી જશો ખબર નહીં પડે, ક્યા ખાડામાં પડ્યા ? કેટલા ઊંડા ખાડામાં પડ્યા ? એ પરિસ્થિતિ ઊભી થશે.

મુમુક્ષુ :- આચાર્યે કહ્યું છે ને કે, હું કહું છું પણ તમે પ્રમાણ કરજો.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવથી પ્રમાણ કરજો.

'કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.' નક્કી થાય કે આ સત્પુરુષ છે (તો) એની ગમે તે વાતમાં વિશ્વાસ કરજો પછી અવિશ્વાસ કરવાનું કારણ રહેતું નથી. જેણે સત્પુરુષને ઓળખ્યા એને એની કોઈ વાતમાં શંકા પડે નહીં, કોઈ વાતમાં એને નકાર આવે નહીં, નિષેધ આવે નહીં અને નવ્વાણું (વાત) માન્યા પછી એક વાતમાં નિષેધ આવે તો નવ્વાણું (વાત) ધોવાઈ જાય છે. પછી એકેય સાચી રહેતી નથી. બધી માન્ય કરી છે એ બધી એણે અમાન્ય કરી નાખી.

કોઈ પાત્ર જીવને અથવા કોઈ બહુ પ્રારંભિક પાત્રતામાં જીવ હોય એને એમ થાય કે, ઓ...હો ! 'ગુરુદેવે' પોતાના સ્વહસ્તે મને આ પ્રસાદી આપી છે. એમના પ્રત્યે બહુમાન, ભક્તિ, શ્રદ્ધાનું નિમિત્ત થાય છે. એ જીવને એ જ વખતે એના દર્શનમોહને ઘટવાનું કારણ છે. સત્પુરુષ પ્રત્યેનું બહુમાન, ભક્તિ સમજીને કે ઓઘસંજ્ઞાએ (આવે તો) એ વખતે તો એનો દર્શનમોહનો રસ ઘટે, આ નિયમ છે. તો એમાં એને પરમાર્થનું કારણ થયું કે ન થયું ? તો એને નજીક આવવાનું કારણ છે, એને આકર્ષણ થશે કે હું ફરીને જાઉં. તો એને કાને કાંઈ વાત પડશે કે નહીં પડે ? એમના સાન્નિધ્યથી, એમના સ્પર્શથી ક્યો આત્મા કેવા સંસ્કાર લેશે એ કેવી રીતે નક્કી કરશો ? બીજો ઉપલક દૃષ્ટિવાળો કેવી રીતે નક્કી કરશે કે આમ શું કરવા કરે છે ?

ઓઘસંજ્ઞાએ જીવ એવું વિચારે કે, જાણે પોતે દિગંબર સંપ્રદાયની બધી પરંપરા જાણતો ન હોય ! અને બધી એને ખબર ન હોય ! ખરેખર તો બહુ જ અલ્પ એને ખ્યાલ હોય. ચાલતી પરિસ્થિતિ સિવાય બીજી એને કંઈ ખબર ન હોય. જે સનાતન જૈન માર્ગ છે એમાં કેવા કેવા પ્રકાર હોય ? એ કંઈ જીવને ખબર નથી હોતી. પણ જે ચાલતી પરિસ્થિતિ હોય

એના ઉપરથી એને એમ થાય છે કે, ચાલતી પરિસ્થિતિથી બીજું કંઈક કરે છે. આવું કેમ કરે છે ? એ એને અભક્તિના પરિણામ થાય છે. જુઓ ! આ મતાર્થીપણું થયું. ભલે દિગંબરમત હોય પણ જ્યાં મતાર્થીપણું થયું (તો) નુકસાન થઈ ગયું. અભક્તિના પરિણામથી નુકસાન થઈ ગયું કે આવું કેમ કરે છે ? 'ગુરુદેવે' આવું ન કરવું જોઈએ. ગુરુનો ગુરુ ક્યાંથી થઈ ગયો ? આવું ન કરવું જોઈએ અને ગુરુએ આમ કરવું જોઈએ અને ગુરુએ આમ ન કરવું જોઈએ, ગુરુએ આમ કહેવું જોઈએ અને ગુરુએ આમ ન કહેવું જોઈએ, આ તો ગુરુના ગુરુ થવાની વાત છે. આ બહુ મોટો અપરાધ છે. અપરાધ છે બહુ મોટો ! એ ખ્યાલ નથી હોતો એટલે મતાર્થીપણામાં ક્યાં જીવ દર્શનમોહ વધારી દે છે ? ત્યાં દર્શનમોહ વધી જાય. ત્યાં પરિણામ કંઈ બહુ ઉગ્ર તીવ્ર કષાયરૂપ નથી પણ એ વખતે દર્શનમોહ ઘણો તીવ્ર થઈ જાય, એવી વાત છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ને બાળકો સાથે નિર્દોષ આનંદ બહુ આવતો. એટલે એ પ્રસાદી બાળકોને આપતા. પછી અમારી જેવા મોટા મોટા ચાલુ થઈ ગયા. પછી તો કાંઈ ના પાડે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– બાળકોની તો એક શરૂઆત થઈ, પણ બધાને આપતા. બધાને આપતા અને બધાને આપવા પાછળ એમની કેવળ કરુણા હતી કે જીવો નજીક આવે, એને બહુમાન થાય, ભક્તિ થાય તો એમાં એને લાભનું કારણ છે.

અહીંયાં એમ કહ્યું કે 'કદાપિ પૂર્વાપર પણ નિઃશંક શ્રદ્ધા જ રહેશે...' તમને મારા પ્રત્યે પૂર્વાપર નિઃશંક શ્રદ્ધા જ રહેશે 'એમ હોય તો તેમ જ રાખવામાં કલ્યાણ છે...' એમ શું કરવા કહી દીધું ? કે આજે મને એમ લાગે છે કે આટલી વાત તમને કરવાથી ફાયદો છે. તમને જે શ્રદ્ધા થઈ છે એ શ્રદ્ધા એકદમ જામ થઈ જશે. જો હું તમને આ વાત કરીશ તો ઊખડે નહીં એવી થઈ જશે. એની પાછળ તમારા કલ્યાણ સિવાય બીજો હેતુ નથી. એ વાત કરી દીધી.

એટલે એના કોઈ પણ વચનમાં, કોઈ પણ પ્રવૃત્તિમાં એટલી શ્રદ્ધા રાખો કે જે એમણે (પત્રાંક) ૨૭૨માં, એક પોસ્ટકાર્ડમાં એક વાત કરી છે, પાનું ૨૯૯. 'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે,...' જે મહાત્મા છે, સત્પુરુષ છે, મહત્પુરુષ છે તેનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે. તારા માટે તો એ વંદન યોગ્ય જ છે.

તીર્થંકરદેવ જ્યારે છેલ્લા તીર્થંકરના ભવમાં જન્મ પામે છે, તો જ્યારે એ જન્મ્યા અને

એક સાતિશય પુણ્યના યોગે ઇન્દ્રનું ઇન્દ્રાસન હલ્યું, ત્યાં સીધો થડકારો આવ્યો. એને થયું કે ઓ..હો....! આવું ! બહુ પુણ્યવાન જીવ છે. લાખો વિમાન, અસંખ્ય દેવોનો સ્વામી છે એનું આસન કોણ હલાવે ? એથી કોઈ (વધારે) પુણ્યવંત હોય તો એનું આસન હલે. એથી કોઈ (વધારે) પુણ્યવંત હોય તો એનું આસન હલે નહીંતર એનું આસન હલે નહીં. તરત ધ્યાન ગયું. વિશેષ પુણ્યવંતનો કોઈ પ્રકાર જગતની અંદર ઊભો થયો છે (એટલે અહીં) આસન હલે છે. અવધિજ્ઞાન મૂકે છે, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે... ઓ..હો...!! તીર્થંકરદેવનો જન્મ થયો. ફલાણા ક્ષેત્રમાં, ફલાણા મનુષ્યક્ષેત્રમાં, ફલાણી જગ્યાએ, ફલાણા તીર્થંકરનો જન્મ થયો !! એ આચરણ, એ પ્રવૃત્તિ, બાળપ્રવૃત્તિ (છે), હજી તો બાળક છે ! એ જ વખતે એમને વંદન કરે છે. પોતાના આસન ઉપરથી ઊભા થઈને એમને વંદન કરે છે. એમનું ગમે તેવું આચરણ વંદન યોગ્ય છે. પૃથ્વી ઉપર તમે અવતાર લીધો, તમારું આગમન થયું, અમારા વંદન છે, તમારા આગમનને અમારા વંદન છે ! સમ્યગ્દૃષ્ટિ થઈને કેટલી ભક્તિ આવી છે !! એટલે એનું આચરણ હો, એનું વચન હો, ગમે તે પ્રકાર હો. આ વચન પણ આચરણ જ છે ને બીજું શું છે ? એ વંદન યોગ્ય જ છે. પછી એમાં ક્યાંય કંઈ બીજો પ્રકાર ઉઠાવવાની જરૂર નથી. બીજી વાત ઉઠાવવાની, બીજી શંકા ઉઠાવવાની (જરૂર નથી). એ પરિણામ બંધ થઈ જવા જોઈએ. એક વાર એ વિષયને પૂરેપૂરો છંછેડીને સ્પષ્ટ કરી લેવો કે, ફરીને આ જીવને એ પ્રકારની એવી શંકા-આશંકા-કુશંકા કંઈ થાય નહીં કે જેને લઈને એને અભક્તિ થઈને દર્શનમોહનું આવરણ આવે. એ પ્રકાર ન ઊપજે. એ વિષયનો પ્રકાશ પોતે કુદરતી રીતે બહુ સારો પાડ્યો છે.

મુમુક્ષુ :- 'ગમે તેવા વચન' મૂકીને તો ભૂખા-ફુરચા બોલાવી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- ઘરમાં બે વર્ષનું બાળક હોય અને તોતડું બોલે, કેવું પ્રિય લાગે છે ! પોતાનું બે વર્ષનું બાળક હોય, પોતાના પરિવારનું હોય. પોતાનું હોય, પોતાના પરિવારનું હોય. દીકરાનું કે દીકરીનું કે ગમે તે હોય. તોતડું બોલે તો એને કેવું મીઠું લાગે છે ! જેના ઉપર એને મમત્વ છે એની વાણી ચોખ્ખી ન હોય તોપણ મીઠી લાગે છે. તો તને સત્પુરુષની વાણી મીઠી ન લાગી ? એનો અર્થ એ કે તને સત્પુરુષ પ્રત્યે કંઈ મમત્વ નથી. સીધી વાત આ છે. જેને સત્પુરુષ પ્રત્યે પ્રીતિ-ભક્તિ હોય એને સત્પુરુષના વચનો પ્રત્યે પ્રીતિ-ભક્તિ જ હોય, બીજું કંઈ થાય નહીં. આ સીધી વાત છે. એ બનતા સુધી ૫૨૬ નંબરનો પત્ર છે કે ૫૨૨ છે.

પ૨૨ પત્ર, પાનું ૪૧૯ છે, 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. પહેલા પેરેગ્રાફની છેલ્લી ચાર લીટી લેવી છે. મળ્યું ? 'સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી;...' જો કોઈ પ્રગટ સત્પુરુષ મળી જાય તો મુમુક્ષુજીવને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી કાંઈ દુર્લભ નથી. અનંતકાળે જે દુર્લભ થયું છે એ અહીં કહે છે કે કંઈ દુર્લભ નથી. કઈ શરતે ? હવે શરત મૂકે છે. કે 'તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી;...' એને આત્મહિતનો વિચાર પણ આવ્યો નથી. 'અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું...' નથી. અથવા ભાસ્યું 'છે, એમ પણ કહેવું કઠણ છે.' ખરેખર એને સત્પુરુષ મળ્યા નથી. મળ્યા હોય તોપણ એને મળ્યા નથી. કેવી કેવી વાતો લીધી છે ! જીવના હિતની વાત લીધી છે, ભાઈ ! આત્મજ્ઞાન ભલે તને અનંતકાળે નથી થયું પણ જો કોઈ સત્પુરુષ મળે તો આત્મજ્ઞાન થવું કંઈ દુર્લભ નથી. પણ શરત એટલી છે કે તને તેના પ્રત્યે પ્રીતિ-ભક્તિ છે ? તેમના વચન પ્રત્યે પ્રીતિ-ભક્તિ છે ? તે વચનના આશયને વિષે પ્રીતિ-ભક્તિ છે ? બસ ! આ ત્રણ બોલ છે. તો તને કંઈ આત્મજ્ઞાન દૂર નથી અને નહીંતર અનંતકાળે પણ મળવાનું નથી. આ સીધી વાત છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' મૂઢ કહેતાં તોપણ પ્રિય લાગતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, લાગવું જ જોઈએ, લાગવું જ જોઈએ. કદાચ ઠપકો આપે તો ઠપકો મેળવનાર ભાગ્યશાળી છે, એમ છે. પણ ઠપકો આપે અને મોઢું ફરે તો એ દુર્ભાગ્યશાળી છે. એને અણગમો થાય તો એ દુર્ભાગ્યશાળી છે. એને ગમો થવો જોઈએ કે, મારા ભાગ્ય ક્યાંથી કે મને સુધારવા માટે આમ વાત કરે છે ! મારા ભાગ્યની નિશાની છે. એમ એણે સરળતાથી સીધું લેવું જોઈએ. પોતાના હિતની વાત લેવી જોઈએ. પણ જો એમાંથી બીજી રીતે લ્યે તો, બહુ દૂર ચાલ્યો જાય અને અભક્તિના પરિણામ થયા વિના રહે નહીં, એવું જ બને.

'એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે;...' મુમુક્ષુજીવની પાત્રતાને એ આપે છે. 'પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે,...' ૧૦પ પત્રમાં જેમ પેલા દસ (બોલની) વાત કરી તો કહે, પહેલામાં બધા આવી જાય છે. પહેલું સર્વથી ઉત્કૃષ્ટ છે. સત્પુરુષના ચરણનો ઇચ્છુક. તો ત્યાં પહેલી વાત કરી. અહીંયાં પાંચમામાં છેલ્લી કરી. તો કહે 'પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે, એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું

પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી.' નથી ને નથી, આમ વાત છે. ગમે ત્યારે, ગમે તે કાળે પણ એક સત્પુરુષને શોધ્યા વિના અને તેના પ્રત્યે અનન્ય શ્રદ્ધા થયા વિના આ પર્યટનનો એટલે પરિભ્રમણનો ક્યારે પણ કિનારો આવવાનો નથી.

'બાકીનાં ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે.' બાકીની જે ચાર વાત શિખામણની લીધી એ પાંચમા માટે કરી છે. 'પાંચમા અભ્યાસ સિવાયનો, તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણમાર્ગ મને સૂઝતો નથી;...' મને પૂછો તો મોક્ષનો માર્ગ આ સિવાય મને બીજો કોઈ સૂઝતો નથી. 'અને બધાય મહાત્માઓને પણ એમ જ સૂઝ્યું હશે – (સૂઝ્યું છે).' આ પોતાના અનુભવની વાત કરી દીધી.

'હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો.' મારે જે કહેવું હતું એ કહી દીધું. હવે તમને યોગ્ય લાગે એમ કરો. 'એ બધાની તમારી ઇચ્છા છે, તોપણ અધિક ઇચ્છો; ઉતાવળ ન કરો.' એ બધાની એટલે એ પાંચેની તમારી મુમુક્ષુઓની ઇચ્છા છે તોપણ અધિક ઇચ્છો, ઉતાવળ ન કરો. 'જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ;...' એમ. આ કેરીના દૃષ્ટાંતે, એમ. 'આ અપેક્ષિત કથનનું સ્મરણ કરો.' એ પણ મર્યાદિત વાત છે. એનો અર્થ એમ નથી કે કોઈ ઉગ્ર પુરુષાર્થથી ટૂંકા કાળમાં સાધના નથી થતી એમ નથી. સામાન્ય રીતે વિવેક કરવાનો છે કે પોતાની યોગ્યતા, શક્તિ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈ અને આગળ વધવાનું છે. નહીંતર ખોટી ઉતાવળ થશે. યથાર્થ ઉતાવળ તો બરાબર છે (પણ) અયથાર્થ ઉતાવળ હોય તો એની અંદર ખટાશ રહી જશે એટલે ખામી રહી જશે, વળી પાછી એમાંથી કંઈક ગડબડ ઊભી થશે.

પત્રાંક – ૧૪૪

વવાણિયા, બીજા ભા. વદ ०)), સોમ, ૧૯૪૬

આપનું પત્તું મળ્યું. પરમાનંદ થયો.

ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છે. બીજી કંઈ સ્પૃહા રહેતી નથી. રહેતી હોય તોપણ રાખવા ઇચ્છા નથી.

એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે. અધિક શું કહેવું ? લખ્યું લખાય તેમ નથી; કથ્યું કથાય તેમ નથી. જ્ઞાને માત્ર ગમ્ય છે. કાં તો શ્રેણીએ શ્રેણીએ સમજાય તેવું છે. બાકી તો અવ્યક્તતા જ છે, માટે જે નિઃસ્પૃહ દશાનું જ રટણ છે, તે મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છૂટકો છે.

ક્યારે આગમન થશે ?

વિ. આ. રા.

પછી ૧૪૪ નંબરનો પત્ર છે – 'સોભાગભાઈ' ઉપરનો. 'ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે,...' હવે સમ્યક્ત્વથી નજીક આવતા જાય છે. પછીનો જ પત્ર છે ૧૪૪મો. સોભાગભાઈ ઉપરનો પત્ર છે. 'આપનું પત્તું મળ્યું. પરમાનંદ થયો. ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે,...' પોતે હવે સ્વાનુભવની દશામાં આવવાના છે. એક મહિનો છેટો રહ્યો છે એટલે એમની અંદરની લગની અને પરિણતિ કેવી થઈ ગઈ છે ? એનો સંક્ષેપમાં ચિતાર છે. 'ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છે. બીજી કંઈ સ્પૃહા રહેતી નથી.'

પ્રશ્ન :– અવિચ્છિન્ન એટલે ?

સમાધાન :– અવિચ્છિન્ન એટલે અત્રૂટક. વચ્ચે આંતરો ન પડે એવો, નિરંતર, ધારાવાહી એને અવિચ્છિન્ન અથવા અચ્છિન્ન કહેવામાં આવે છે. વિચ્છિન્ન ન થાય તે અવિચ્છિન્ન. વિચ્છેદ ન પડે. મૂળ તો છેદ શબ્દ છે, છેદ ન પડે એને અવિચ્છિન્ન કહે છે.

'એ જ જોઈએ છે. બીજી કંઈ સ્પૃહા રહેતી નથી. રહેતી હોય તોપણ રાખવા ઇચ્છા નથી. એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે.' આ પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ. 'તુંહિ તુંહિ' એટલે પોતાનું જે પરમેશ્વરપદ છે એની જ પ્રવાહના, એ જ પ્રવાહમાં, એ તરફના પરિણામના પ્રવાહમાં રહેવું છે અને એ સિવાય બીજું કંઈ આ પરિણામની અંદર જોઈતું નથી.

'અધિક શું કહેવું ? લખ્યું લખાય તેમ નથી; કથ્યું કથાય તેમ નથી.' કલમ ચાલે એમ નથી અને વચન પણ ચાલે એવું નથી. 'જ્ઞાને માત્ર ગમ્ય છે.' પોતાના ચાલતા જ્ઞાનમાં એ બરાબર સમજાય છે કે, હવે કેવી દશા શરૂ થઈ છે. 'કાં તો શ્રેણીએ શ્રેણીએ સમજાય તેવું છે.' એટલે કે એ એની Qualityના પરિણામ, એના આનુશંગિક પરિણામ, એની લગનીના પરિણામ એમાં એ શ્રેણીમાં, શ્રેણી એટલે વર્ગ, એ Class, એ Qualityમાં કોઈ આવે તો એને સમજાય એવું છે કે આ શું પરિસ્થિતિ છે !? 'કાં તો શ્રેણીએ શ્રેણીએ સમજાય તેવું છે. બાકી તો અવ્યક્તતા જ છે,...' બાકી તો પ્રગટપણે કહી શકાય એવું નથી, વ્યક્તપણે કહી શકાય એવું નથી. એટલે અવ્યક્તતા જ છે.

'માટે જે નિઃસ્પૃહ દશાનું જ રટણ છે, તે મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છૂટકો છે.' માટે જે નિઃસ્પૃહ દશાનું જ રટણ છે એટલે કે જે દશાની પ્રાપ્તિ ઇચ્છે છે, અવિચ્છિન્ન ચૈતન્યનો નિરંતર અનુભવ, નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે એ દશાનું જ રટણ છે. 'તે મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છૂટકો છે.' આ કલ્પિત એટલે આખા જગતનો જે સંબંધ છે એ બધો કલ્પનામાત્ર છે. ખરેખર કોઈને કોઈની સાથે કંઈ સંબંધ નથી. એટલે એ મેળવ્યાથી એટલે વાસ્તવિક સ્વાનુભવદશા પ્રાપ્ત થવાથી આ બધી કલ્પના છૂટી જાય છે અને એ ભૂલી ગયે છૂટકો છે.

'ક્યારે આગમન થશે ?' એમ પુછાવ્યું છે. ક્યારે આવવાના છો ? એમ પુછાવ્યું છે. એમ કરીને એ પત્રની અંદર ભાદરવા વદ અમાસ, એટલે એક આસો મહિનો બાકી રહ્યો છે. ૨૪માં વર્ષના પ્રારંભમાં જ પોતે લખે છે કે અનુભવ અમને થઈ ગયો છે, એ તો એમણે શરૂઆતમાં જ લખ્યું છે.

પ્રશ્ન :- કારતક મહિનામાં ક્યા દિવસે થયું છે એ લખ્યું છે ?

સમાધાન :- ના, એ નથી લખ્યું. પણ છે કારતક મહિનામાં. કારતક મહિનાના પત્રમાં શરૂઆતમાં એ ઉલ્લેખ છે. એટલે એની આગળની થઈ ગઈને એ વાત ? પોતે તારીખ નથી લખી.

પહેલો પત્ર જોઈએ. કારતક સુદ પાંચમનો એ પત્ર છે એમાં જ એમણે વાત નાખી દીધી છે. (પત્રાંક-૧૬૫) 'સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલાં જ્ઞાનને જ ગાઈ ગયા છે. એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે.' એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. 'હું ધારું છું કે કેવળજ્ઞાન સુધીની

મહેનત કરી અલેખે તો નહીં જાય.' અમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જશે. 'મોક્ષની આપણને કંઈ જરૂર નથી.' જુઓ ! પર્યાયબુદ્ધિ ગઈ છે. 'મોક્ષની આપણને કાંઈ જરૂર નથી. નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઝનપણાની અને નિઃસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે; અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે...' અંદર ગુપ્ત રહ્યો છે એની કૃપા થશે 'એમ આશા રહે છે.'

'અનહદ ધ્વનિમાં મણા નથી.' અંદરથી જે પરિણતિ પ્રગટ થઈ છે એમાં હવે કોઈ ખામી નથી. 'જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ.' જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયા છે. ચોવીસમા વર્ષે ('સોભાગભાઈ'ને માટે) વિશેષણ બહુ સારું વાપર્યું છે. 'પરમ પૂજ્ય–કેવલબીજ સંપન્ન,' કેવળજ્ઞાનનું બીજ પડી ગયું છે તમને, 'સર્વોત્તમ ઉપકારી શ્રી સૌભાગ્યભાઈ,'

પ્રશ્ન :– કેટલામો પત્ર છે ?

સમાધાન :– આ વાંચ્યો ઈ ને ? આપણે તો ૧૪૪ પૂરો થયો છે પણ આપણે એના ઉપરથી એ વાત નીકળી કે એક મહિનો જે બાકી રહ્યો છે એ એમણે કારતક સુદ ૫ના પત્રમાં એ વાત એમણે લખી નાખી છે.

મુમુક્ષુ :– ૮૦૧ પાનું અને હાથનોંધ જે છે. 'ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;...'

પૂજ્ય ભાઈશ્રી :- 'ધન્ય રે દિવસ આ અહો,...' એ કાવ્ય છે એમાં એ પોતે લખ્યું છે કે 'ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;...' તો ૧૯૪૭નો આ પહેલો પત્ર છે. ૧૯૪૭ ચોવીસમા વર્ષમાં આ પહેલો જ પત્ર છે. એમાં ઉલ્લેખ છે કે અમને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે એની દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. એ પહેલાના બધા પત્રો છે એ ૧૯૪૬માં આસો મહિનામાં પૂરા થયા છે. ૧૯૪૭નો આ પહેલો પત્ર છે અને એમાં ઉલ્લેખ મળે છે.

પછી કારતક સુદ ૧૪નો પત્ર છે, ૧૭૦ નંબરનો 'સોભાગભાઈ' ઉપરનો (પત્ર છે) એમાં (લખે છે) 'આજે આપનું પત્ર ૧ ભૂધર આપી ગયા. એ પત્રનો ઉત્તર લખતાં પહેલાં કંઈક પ્રેમભક્તિ સમેત લખવા ઇચ્છું છું.' પ્રેમભક્તિ એટલે પરમાર્થભક્તિ. 'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે.' કોઈને પૂછવાની મારે જરૂર નથી. 'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં

સત્ય વાત છે.' મિથ્યાત્વની ગ્રંથિ છેદી નાખી છે. 'સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે.' મારા અનુભવની વાત અનંત જ્ઞાનીઓ સ્વીકાર કરે છે. કેટલી નિઃશંકતા આવી છે !!

'હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે.' છેવટની એટલે કેવળજ્ઞાન દશાની (કે) 'જે સુલભ છે. અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં;...' એમ. થોડું પણ આવરણ ન રહે, એ વાત એમણે ચૌદસના પત્રમાં (લખી છે). પાંચમ પછી નવ દિવસ પછીના પત્રમાં શબ્દો ફેરવીને સ્પષ્ટ વાત લખી નાખી કે મારો આત્મા જ્ઞાન પામ્યો છે, ગ્રંથિભેદ થઈ ગયો છે, મારા અનુભવના અનંતા જ્ઞાનીઓ સાક્ષી છે. એ વાત ચૌદસના પત્રમાં છે. એ રીતે અહીંયાં ૧૪૪ (પત્ર) સુધી લીધું છે.

વિશેષ લઈશું...

અરે આત્મા ! અંતરમાં નજર કરીને જો તો ખરો ! કે તું કોણ છે ? તું સર્વથી ભિન્ન એક આત્મા છો. સિવાઈ કાંઈ નથી. તો પછી વિચાર કે આ રમત શી માંડી છે ? અને શા માટે માંડી છે ? ક્યાં સુધી આમ કર્યા કરવું છે ? શું હજી તને આ વ્યર્થ મિથ્યાભાવો નો થાક લાગતો નથી ? આ અગ્નિઝાળ (વિકલ્પોની પરંપરા)માં શાંતિ અનુભવાય છે ? બળતરામાં શાંતિ કે ટાઢક વળે ખરી ? તારા નિજકાર્યની જવાબદારીને કેમ વિસરે છે ? અને ભાનભૂલી પ્રવર્તે છે ? બે જવાબદારની કિંમત કેટલી ? બેજવાબદારપણે વર્તતા તેનું ફળ પણ ભોગવવું જ પડશે.

– પૂજ્ય ભાઈશ્રી ('અનુભવ સંજીવની' – ૧૯૫૦)

## પત્રાંક - ૧૪૭

વવાણિયા, આસો સુદ ૬, રવિ, ૧૯૪૬

સુજ્ઞ ભાઈ ખીમજી,

આજ્ઞા પ્રત્યે અનુગ્રહ દર્શાવનારું સંતોષપ્રદ પત્ર મલ્યું.

આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે. એકતાન થવું પણ બહુ જ અસુલભ છે.

એને માટે તમે શું ઉપાય કરશો ? અથવા ધાર્યો છે ? અધિક શું ? અત્યારે આટલુંય ઘણું છે.

વિ. રાયચંદના યથા.

### તા. ૨૪-૦૯-૧૯૯૫, પ્રવચન નં. ૩૫
### પત્રાંક – ૧૪૭ (સ્થળ : મુંબઈ)

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૧૪૭) પાનું-૨૩૦. એક પોસ્ટકાર્ડની અંદર મુમુક્ષુ 'ખીમજીભાઈ' પ્રત્યે લખાયેલો આ પત્ર છે. પત્રમાં બે વચનામૃત – બે વાક્યો અત્યંત માર્મિક (લખ્યાં છે).

'સુજ્ઞ ભાઈ ખીમજી, આજ્ઞા પ્રત્યે અનુગ્રહ દર્શાવનારું સંતોષપ્રદ પત્ર મળ્યું.' ખીમજીભાઈનો એક પત્ર (કૃપાળુદેવને મળ્યો છે) કે, જેમાં એમણે કૃપાળુદેવની આજ્ઞા અને કૃપા સંબંધી ઉલ્લેખ કરેલો છે. અને એ પત્ર મળતાં કૃપાળુદેવને સંતોષ થયો છે. આ વચનમાં

પત્રની પહોંચ છે અને પત્ર લખનારે જે વિષય આપ્યો છે, તેનો સંક્ષેપથી નિર્દેશ છે અને પોતાને (પત્ર વાંચીને) જે લાગણી ઉત્પન્ન થઈ તેનો પણ ઉલ્લેખ છે.

પત્રનો વિષય જે સ્વાધ્યાય કરવા યોગ્ય છે – એમાં બે વચનો લખેલા છે. 'આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.' શું કહે છે ? કે મુમુક્ષુજીવ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં એકતાન ન થાય ત્યાં સુધી આત્મકલ્યાણનો જે પારમાર્થિક માર્ગ છે, તેની પ્રાપ્તિ ઘણી જ કઠિન છે. અસુલભ છે એટલે ઘણી જ કઠિન છે. વિષય એમ છે કે, આ જગ્યાએ જીવ ભૂલ્યો છે. ધર્મના ક્ષેત્રમાં આવીને અનેક પ્રકારનાં ધર્મ સાધન કરેલા છે. તેમ છતાં, જે કરવા યોગ્ય છે એ નહીં કર્યું, તેથી પરમાર્થ માર્ગની પ્રાપ્તિ નથી થઈ.

'યમ નિયમ સંયમ આપ કિયો' એ પદ કૃપાળુદેવે લખ્યું છે. 'વહ સાધન બાર અનંત કિયો' એવા દૂર્ધર સાધનો અનંતવાર કરવા છતાં, 'તદપિ કછુ હાથ હજુ ન પર્યો' – (અર્થાત્) કાંઈ પણ હાથમાં ન આવ્યું. એનું કારણ શું ? કે જીવ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં આવ્યો નથી. થોડો ઘણો આવ્યો છે તો એકતાન થઈને આવ્યો નથી. આ વિષયનું પરમાર્થ માર્ગમાં બહુ મોટું મહત્ત્વ છે.

એક જ વાક્યની અંદર, સિદ્ધાલયમાં જે સિદ્ધપદ છે એનું Foundation – એનો પાયો આ જગ્યાએ છે. કૃપાળુદેવે ૭૫૧ નંબરનો જે પત્ર લખેલો છે. એમાં આપ્તપુરુષના વચનની પ્રતીતિ, આજ્ઞા રુચિ અને સ્વચ્છંદનિરોધ ભક્તિને પ્રથમ સમકિત કહ્યું છે. 'મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે.' — એ વાત જૈનદર્શનની પ્રસિદ્ધ વાત છે. આ વાત સંપ્રદાયમાં ખુલ્લી છે કે, 'મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે.' પણ એ મૂળ ક્યા બીજમાંથી ઉત્પન્ન થયું ? એ વાત બહુ ઓછા જાણે છે અથવા સમ્યગ્દર્શનરૂપી મોક્ષનું મૂળ છે એનું બીજ ક્યાં પડ્યું છે ? કેવું છે ? એ વાત કૃપાળુદેવે પોતાનાં વચનોમાં ઠામ-ઠામ કરેલી છે. એવી એક વાત આ જગ્યાએ પણ કરેલી છે.

તેઓશ્રીએ મુમુક્ષુ જીવ માટે પરમાર્થમાર્ગની સુલભતા થાય એવી પરમકૃપા કરી છે અને એ કૃપા આપણા ઉપર કરી છે, એવું આપણને લાગવું જોઈએ. એવું આપણને ભાસ્યમાન થવું જોઈએ. જ્ઞાનીપુરુષની આજ્ઞામાં એકતાન થવું. સર્વાર્પણબુદ્ધિથી સર્વભાવ અર્પણ કરી દઈ, જો સત્પુરુષની આજ્ઞામાં રહેવાય તો આ જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અત્યંત સુલભ છે. નહીં તો ઘણી જ અસુલભ છે – ઘણી જ દુર્લભ છે. ભલે વાત સંક્ષેપમાં કરેલી છે,

ટૂંકાણમાં કરેલી છે પણ એ વાતનું મહત્ત્વ ઘણું છે. અનંતકાળમાં આ જ જગ્યાએ જીવ ભૂલેલો છે. આ જ સ્થળે ભૂલેલો છે.

તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આ વાત બહુ જોર-શોરથી આવેલી અને કૃપાળુદેવની દિવ્ય-ધ્વનિમાં પણ આ વાત જોર-શોરથી આવી છે. ગુરુઆજ્ઞા, ગુરુપૂજા અને ગુરુનું મહત્ત્વ બીજા અનેક સંપ્રદાયોમાં છે. જૈન શાસ્ત્રોમાં પણ છે, જૈન સંપ્રદાયમાં પણ છે. પણ એનું કારણ શું ? એનું મહત્ત્વ કેમ છે ? શા માટે છે ? એ વાત, જ્યાં સુધી એ માર્ગે પુરુષાર્થ કરનારને અનુભવગોચર ન થાય ત્યાં સુધી ઓઘસંજ્ઞાએ સમજાય છે.

વાત સમજવા જેવી છે; સમજવા જેવી છે – એટલે કઈ રીતે સમજવા જેવી છે ? એ મહત્ત્વનો વિષય છે. આ વાત બુદ્ધિગોચરપણે સમજવી એ એટલી અઘરી નથી. કેમકે આપણે સૌ એટલી બુદ્ધિ ધરાવીએ છીએ. આપણી પાસે એટલી બુદ્ધિ છે. આપણે બૌદ્ધિક સ્તર પર આ વાત ન સમજી શકીએ, એવું નથી. પરંતુ અનુભવગોચરપણે સમજવું – એ સમજણની ખરી પદ્ધતિ છે. પરમાર્થનો માર્ગ એટલે કે આત્મકલ્યાણનો માર્ગ – મોક્ષનો માર્ગ અનુભવપ્રધાન છે. જ્યારે માર્ગ જ અનુભવપ્રધાન છે તો એની સમજણ પણ અનુભવપદ્ધતિથી થવા યોગ્ય છે – હોવા યોગ્ય છે. (એટલે) આ વચનામૃતને પણ અનુભવગોચરપણે સમજવું, તો જ એનું રહસ્ય સમજાય અથવા એનું ખરું મહત્ત્વ સમજાય. નહીંતર એ વાત માત્ર બુદ્ધિના સ્તર પર બરાબર લાગે, છતાં પણ એમાં 'યથાર્થતા'નો અભાવ હોય છે.

શાસ્ત્રની કોઈ પણ વાત (હોય) અને સત્પુરુષના કોઈ પણ વચનો હોય – એ વચનોને બુદ્ધિગોચરપણે સમજવા એટલા અઘરા નથી, એટલા કઠિન નથી. પણ અનુભવગોચરપણે સમજવામાં માર્ગપ્રાપ્તિ છે, માર્ગ સુધી પહોંચી શકાય છે અને તેથી તે પદ્ધતિથી તે સમજવા યોગ્ય છે. એટલે આ વચનામૃતને સમજવા માટે આપણે માત્ર બુદ્ધિને લાગુ કરવી – બુદ્ધિને Apply કરવી, એટલું પર્યાપ્ત નથી – એટલું પૂરતું નથી. એના માટે પ્રયત્ન કરવો જોઈએ કે, ગુરુઆજ્ઞામાં રહેવું એટલે શું ? અને ગુરુ આજ્ઞાથી બહાર જવું એટલે શું ? આ વાત એ માર્ગે ચાલવાના પ્રયત્ન વિના કેમ સમજાય ? અને ગુરુ ચરણના સાનિધ્ય વિના કેમ સમજાય ? બે વાત સાથે જોઈએ. ગુરુચરણનું સાન્નિધ્ય સંપ્રાપ્ત થવું જોઈએ અને એમની આજ્ઞા ઉપાસવી (એ વાત પણ સાથે હોવી જોઈએ).

ખરેખર તો એમની આજ્ઞા ઉપાસવી – એ એમની આજ્ઞા ઉપાસવી એમ નથી પણ એ ભૂમિકામાં એ આત્માની જ ઉપાસના છે. મુમુક્ષુની ભૂમિકામાં, ગુરુ આજ્ઞાની ઉપાસના –

તે, તે ભૂમિકાની આત્મ ઉપાસના છે. એ તો કથન નિમિત્ત પ્રધાન છે. (પરંતુ) વિષય ઉપાદાન પ્રધાન છે. કેમકે તેવી યોગ્યતા ઉપાદાનમાં જોઈએ. નિમિત્ત પરક વચન હોય એટલે એ નિમિત્તાધીન વાત છે – એવી સમજણની ભૂલ કરવા યોગ્ય નથી.

અહીંયાં એક પ્રસંગનું ચિત્ર દોરવા જેવું લાગે છે. કોઈ એક કૃપાળુદેવ જેવા મહાપુરુષની – સદ્‌ગુરુની – સત્પુરુષની સમીપમાં, એમનાં ચરણ સાન્નિધ્યમાં રહેવાનો કોઈ મહાપુણ્ય યોગ હોય. જ્યારે ખીમજીભાઈ ઉપર આ પત્ર લખાણો હશે ત્યારે એ ભાગ્યશાળી મુમુક્ષુને ધન્યવાદ દેવા જોઈએ. (કેમકે) આવી એક બહુમૂલ્ય વાત ફક્ત એક પોસ્ટકાર્ડમાં લખી મોકલી છે. એ વખતે પોસ્ટકાર્ડની કિંમત એક પૈસો હતી ! એક આનાનો ચોથો ભાગ. Quarter ana કૃપાળુદેવના હસ્તાક્ષરના અસલ પોસ્ટકાર્ડ જોયા હશે. ઈડરમાં ઈડરના આશ્રમમાં ઘણા પોસ્ટકાર્ડ છે. એક પૈસાના પોસ્ટકાર્ડમાં કરોડો-અબજો (રૂપિયા) શું – જેનું મૂલ્ય જ ન થાય, જેની કિંમત આંકવા માટે કોઈ Term નથી – કોઈ Terminology નથી – એવી વાત લખી મોકલી છે. જો કોઈ જીવ સત્પુરુષની આજ્ઞામાં એકતાન થઈને રહે તો અંતે એ સિદ્ધપદને પામે. સિદ્ધપદને પામે એટલે – એ કેટલા દુઃખના નુકસાનથી બચે, એનો જો વિસ્તાર કરવો હોય તો ચારે ગતિના જન્મના, મરણના, અનંત જન્મના-અનંત મરણના દુઃખોથી છૂટે અને ચારે ગતિમાં પાપના ઉદયે જેટલાં-જેટલાં દુઃખો ઉત્પન્ન થાય છે એ દુઃખોથી બચે. એ ઉપરાંત અજ્ઞાન અને અસમાધાનને લઈને જે મૂંઝવણ થાય છે – આપણે જેને Tension કહીએ છીએ – તણાવ કહીએ છીએ – જે સૌથી મોટું દુઃખ છે. જેના વશ માણસ આપઘાત કરી બેસે છે. એ તમામ પ્રકારના સર્વ દુઃખ અને સર્વ ક્લેશથી છૂટે અને સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં, અનંત જ્ઞાન-અનંત દર્શન સહિત સિદ્ધપદમાં બિરાજમાન થાય – એનું મૂલ્ય જગતના ક્યા પદાર્થથી થઈ શકે ? કે કોઈ પદાર્થથી થઈ શકે નહીં. એવા સિદ્ધપદનું મૂળ, એ મૂળનું જે બીજ – એ બીજભૂત વાત કૃપાળુદેવે આ જગ્યાએ કરી છે.

ખરેખર તો કોઈ મુમુક્ષુ જીવ આત્મકલ્યાણના પુરુષાર્થમાં – આત્મકલ્યાણના પ્રયત્નમાં – પ્રયાસમાં લાગે ત્યારે એ માર્ગે ચઢતાં પહેલાં એને કેટલી-કેટલી તકલીફો ઊભી થાય છે ! તકલીફો એટલે અહીંયાં કોઈ સંયોગોની પ્રતિકૂળતા નથી કહેવી. પણ માર્ગ હાથમાં ન આવે અને માર્ગ સમજાય તોપણ પુરુષાર્થ ઊપડે નહીં, પુરુષાર્થ ઊપડે તો પ્રકૃતિના ઉદયમાં પરિણામો પછાડ ખાય, એ પછાડના માર લાગે, પરિણામની ચડ-ઊતરમાં મનુષ્ય આયુષ્યનો કીમતી સમય વ્યતીત થઈ જાય, ખોવાઈ જાય – ખોઈ બેસવો પડે, એ બધાં પ્રકારમાંથી બચવાનો

કોઈ એક ઉપાય હોય, કોઈ એક ઉત્તમ ઉપાય હોય, કોઈ એક સુગમમાં સુગમ ઉત્તમ ઉપાય હોય તો તે આ એક ઉપાય છે કે - આજ્ઞામાં એકતાન થવું.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આ વાતનું એકદમ સ્પષ્ટીકરણ કરો. આજ્ઞાનું આરાધન સાચી રીતે કઈ ભૂમિકામાં થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે, બહુ સરસ પ્રશ્ન છે. જ્ઞાનીપુરુષના સમાગમના યોગે સૌ પ્રથમ આ જીવે પોતાની યોગ્યતા સમજવી આવશ્યક છે. જો જીવને પોતાની યોગ્યતા ન સમજાય એટલે કે એ પોતે ક્યાં ઊભો છે એ જ એને ખબર ન હોય, તો એને પોતાના કર્તવ્યની કેમ સમજ પડે ? કે મારે પહેલું કદમ કઈ દિશામાં, કઈ જગ્યાએ મૂકવાનું છે ? જ્યારે એ વાતની સમજ આવે ત્યારે સત્સમાગમ યોગે જ્ઞાનીપુરુષના જે-જે ઉપદેશરૂપ દિવ્યધ્વનિનો શ્રવણયોગ પ્રાપ્ત હોય, ત્યારે પોતાને પ્રયોજનભૂત-વર્તમાન ભૂમિકાને પ્રયોજનભૂત એવી વાત મને શું કહી ? એવું એને ભાસ્યમાન થાય છે. ‘આ વાત મને શ્રી ગુરુ કહે છે, આ વાત મને લાગુ પડે છે.’ નહીંતર આ વાત જો મને ન સમજાણી હોત તો હું આ જગ્યાએ ભૂલ કરી બેઠી હોત. એ વાત સ્પષ્ટ સમજમાં આવે છે. પોતાની ભૂલ થાત, કેમ થાત, કેવી રીતની થાત, એ પણ સમજાય અને શ્રીગુરુનો અનંત ઉપકાર પણ સમજાય કે મને મારી ભૂમિકામાં આ ઉપદેશ આપે છે અને આ એમનું વચન – આ એમનો વિકલ્પ એક સામાન્ય વાત નથી પણ મારા માટે શિરોધાર્ય કરવારૂપ એક આજ્ઞા છે.

કૃપાળુદેવ ૨૦૦ (નંબરના પત્રમાં) વચનાવલીમાં લખે છે. ‘સંતનો અદ્‌ભુત માર્ગ એમાં પ્રકાશ્યો છે.’ એમ ૨૦૧ (પત્રમાં) એમણે કહ્યું. (૨૦૦ પત્રમાં) પાંચમું વચન છે. ‘જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.’ (ચોથા વચનામૃતમાં) એક વચન લખાઈ ગયું છે, કે ‘પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.’ (આગળ ૧૨મા વચનમાં લખે છે) ‘શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.’ અને પ્રત્યક્ષ આજ્ઞા આરાધવા માટે જ્ઞાની પ્રત્યક્ષ જોઈએ. પ્રત્યક્ષ (જ્ઞાની) ન હોય તો આશ્રય ભાવના જોઈએ. આશ્રય ભાવના હોય તો ભાવના ફળીને, કાળે કરીને આશ્રય પ્રાપ્ત થાય.

એ જીવને ત્યાં (અને ત્યારે) સમજાય છે કે, મારા પ્રયાસમાં, મારા પ્રયત્નની અંદર પરિણામોની ચડ-ઊતર થાય છે, એનું કારણ શું ? મુમુક્ષુ જીવ છે, આત્મકલ્યાણની ભાવનાવાળો

જીવ છે (તેના) પરિણામ ક્યારેક ઠીક કામ કરે છે, ક્યારેક આત્મરુચિ સારી કામ કરે છે, ક્યારેક પરિણામ બરાબર કામ કરતાં નથી. એવો સર્વ સાધારણપણે બધાં મુમુક્ષુને અનુભવ થાય છે. આમ થવાનું કારણ શું ? આમ કેમ થાય છે ? આ એક મૂંઝવતો પ્રશ્ન છે. એ મૂંઝવણનો ઉકેલ કૃપાળુદેવે આ જગ્યાએ આપ્યો છે કે, તું આજ્ઞામાં એકતાન થા. કાંઈ તકલીફ નહીં થાય. તારા પરિણામની ચડ-ઊતર બંધ થઈ જશે. અરે..! એટલું જ નહીં. કોઈ મુમુક્ષુ જીવ – કોઈ આત્માર્થી જીવ એવો એક દૃઢ નિર્ધાર કરે કે, આજથી ગુરુઆજ્ઞામાં જીવન સમર્પણ કરવું છે, ગુરુઆજ્ઞામાં જ રહેવું છે અને અંશમાત્ર પણ આજ્ઞા બહાર પગ મૂકવો નથી. આજ્ઞા બહાર પગ મૂકું તો બહુ મોટો અપરાધ છે અથવા તેઓશ્રીનો ઉપકાર ઓળવવા જેવું મહા પાપ છે. એવી ગંભીરતાથી આજ્ઞામાં એકતાન થવાનો નિશ્ચય કરે - નિર્ધાર કરે, તો એ નિર્ધાર અને નિશ્ચય માત્રમાં એ ભૂમિકાની નિર્મળતા પ્રગટ્યા વિના ન રહે. તત્કાળ નિર્મળતા પ્રગટે. પાત્રતાની ભૂમિકાનું આ એક સુખ છે, એક સગવડ છે, એક સુવિધા છે કે પાત્રતા – નિર્મળતા આવતાં વાર લાગતી નથી અને એ આવવા માટે કોઈ Pre-condition નથી – કોઈ પૂર્વ શરત નથી.

મોક્ષમાર્ગની અને મોક્ષમાર્ગની ઉપર-ઉપરની બધી જ દશાઓમાં પૂર્વ શરત રહેલી છે. જેમકે, સિદ્ધપદ છે એ અરિહંતપદની પ્રાપ્તિ વિના ન થાય. (એમાં) શરત છે કે પહેલાં અરિહંતપદ આવે તો જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય અને અરિહંતપદ છે – કેવળજ્ઞાનાદિની ઉત્પત્તિ છે એ ક્ષપકશ્રેણીના પરિણામો થયા વિના કદી ઉત્પન્ન ન થાય. ક્ષપકશ્રેણીમાં શુક્લ ધ્યાન ત્યારે જ ઉત્પન્ન થાય કે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અંતર્બાહ્ય નિર્ગ્રંથ દશા પ્રગટ થાય, ભાવલિંગી મુનિદશા પ્રગટ થાય, ત્યારે જ એને ક્ષપકશ્રેણીનું એકાગ્રતારૂપ શુક્લધ્યાન લાગે. એ પહેલાં ગૃહસ્થદશામાં જ્ઞાનીપુરુષને ધર્મધ્યાન હોઈ શકે (છે) પણ શુક્લધ્યાન ન હોઈ શકે અને એવી નિર્ગ્રંથદશા – ભાવલિંગી મુનિદશા સમ્યગ્દર્શન વગર કોઈને ઉત્પન્ન ન થાય. એની અંદર સમ્યગ્દર્શનની પૂર્વ શરત છે. એવું જે સમ્યગ્દર્શન છે (કે) જે મુનિદશાનું મૂળ કારણ છે, અનન્ય કારણ છે, અંગભૂત કારણ છે એ સ્વરૂપની ઓળખાણ વિના, સ્વરૂપના નિશ્ચય વિના, સ્વરૂપના ભાવભાસન વિના, સ્વરૂપના લક્ષ વિના કોઈને ઉત્પન્ન ન થાય. એવું જે સ્વરૂપની ઓળખાણરૂપ બીજું સમકિત જે ૭૫૧ પત્રમાં કહ્યું, તે સત્પુરુષની ઓળખાણ વિના ન થાય (કે) જેને ૭૫૧(પત્રમાં) પહેલું સમકિત કહ્યું છે. આ બધી પૂર્વ શરતો છે. ઉપર-ઉપરની દશા (આવવા) માટે નીચેની દશા આવી હોવી જ જોઈએ, તો જ (ઉપરની

દશા પ્રગટ) થાય અને એ સત્પુરુષની ઓળખાણ આજ્ઞામાં એકતાન થવાના નિર્ધાર વિના – નિશ્ચય વિના ન થાય. કેમ ? (કેમકે) જ્ઞાની પુરુષ છે - સત્પુરુષ છે એ નિર્મોહી પુરુષ છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે' – દર્શનમોહનો જેમણે અભાવ કર્યો છે. અનંત જન્મ-મરણના કારણભૂત સંસારનું મૂળ જેમણે છેદ્યું છે, એવું આત્મજ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે. જેમનો આત્મા દર્શનમોહના અભાવથી નિર્મળ થયો છે. એ પુરુષની ઓળખાણ આત્માની નિર્મળતામાં આવ્યા વિના થતી નથી.

હીરાને બરાબર જોવા માટે, હીરાનું મૂલ્યાંકન બરાબર કરવા માટે આંખ પણ ચોખ્ખી જોઈએ. (એમાં) આંખના રોગવાળાનું કામ નથી કે એનું એ મૂલ્યાંકન કરી શકે. એની આંખ પણ ચોખ્ખી જોઈએ. એમ જ્ઞાનીપુરુષની ઓળખાણ થવારૂપ પ્રથમ સમકિત છે કે જે ઓળખાણથી આજ્ઞા રુચિ પ્રગટ થાય, એના માટે જે નિર્મળતા જોઈએ, એ આજ્ઞામાં એકતાન થવા માટેનો નિર્ધાર માગે છે – નિર્ણય માગે છે – નિશ્ચય માગે છે. કેમકે એ સિવાય પરમાર્થમાર્ગની પ્રાપ્તિ બીજા કોઈ પ્રકારે, કોઈ કાળે, કોઈને થઈ નથી, થઈ શકવા યોગ્ય પણ નથી. અસુલભ છે – એટલે બીજું ગમે તે કરે (તો પણ માર્ગ પ્રાપ્તિ ન થાય).

કૃપાળુદેવે ૧૯૪ પત્રમાં તો આ વાતનો પુરાવો પોતાના આત્મ સાક્ષાત્કારતાથી આપેલો છે. લખે છે, 'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી... જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી.' ભૂતકાળમાં ગતભવમાં પોતાને જ્ઞાનપ્રાપ્તિ થયેલી, તેનું જાતિસ્મરણજ્ઞાન પોતાને વર્તમાનમાં વર્તતું હતું. 'વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગતકાળે પણ જ્ઞાનીપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે.' બધાં જ શાસ્ત્રો આ જ વાતને Point-out કરે છે, એમ કહે છે. 'બોધ લક્ષ છે' એમ કહીને (એમ કહેવા માગે છે કે) આ જગ્યાએ બધાં શાસ્ત્રોનું વજન છે. કેમકે તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાંથી એ શાસ્ત્રો ઉત્પન્ન થયા અને ત્યાં પણ તે જ વાત આવેલી.

કેટલાક અન્ય મતોએ એ વાત બહુ જોરથી પકડેલી છે. ખાસ કરીને પંજાબ અને સિંધ બાજુ ગુરુ આજ્ઞાનું બહુ મહત્ત્વ છે. 'વાહે ગુરુ' – એ લોકો ગુરુને ભગવાન કરતાં પણ વિશેષ મહત્ત્વ આપે છે. અને એનું કારણ એ વાત દિવ્યધ્વનિમાં આવેલી (અને) એ સંપ્રદાયમાં મુખ્ય થઈ ગઈ. પણ આ (વાત) યથાર્થ છે અને એ વિના બીજો કોઈ ઉપાય નથી.

આપણા સ્વાધ્યાયમાં (જે) મૂળ વિષય ચાલતો હતો એના ઉપર આવીએ. મુમુક્ષુની પાત્રતા એટલે નિર્મળતા – એ નિર્મળતા સહજમાત્રમાં કોઈ પણ શરત વિના, સીધે સીધી આવે તો ક્યાંથી આવે ? કે ગુરુ આજ્ઞામાં રહેવાની પોતાની તૈયારી હોય તો. આગળ એક ૧૦૫ નંબરનો પત્ર પાત્રતા વિષે આવી ગયો. (એ પત્રમાં) પાત્રતાના જે વચનો કહ્યાં એમાં મુખ્ય અને પહેલું વચન એ લીધું છે – સત્પુરુષના ચરણનો ઇચ્છુક. એમાં પહેલા જેવું એકેય નથી. દસમાંથી પહેલા જેવું એકેય સાધન નથી (એમ કહ્યું છે). એમણે ઠામ-ઠામ આ વાત કરી છે. આટલી બધી ઉપસાવી-ઉપસાવીને વાત કરી છે ! છતાં જો ધ્યાન ન ખેંચાય અથવા જીવ એ રીતે તૈયાર ન થાય (તો એનો બીજો કોઈ ઉપાય નથી). ફક્ત પરિણામથી તૈયાર થવાનું છે. નિર્ણયથી તૈયાર થવાનું છે. ત્યાં પછી જો જીવ પોતે દિશામૂઢ રહેવા ઇચ્છે છે તો બીજો કોઈ ઉપાય નથી. ત્યાં તો પછી બીજો કોઈ ઉપાય જ નથી.

'આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.' આ વાત પ્રયત્ન કરનારને સમજાય એવી છે. પ્રયત્ન ન કરે તો માત્ર બુદ્ધિગોચર (પણે) સમજાય અને પ્રયત્ન કરે તો અનુભવગોચરપણે સમજાય કે ક્યાં-ક્યાં આંટી-ઘૂંટી છે ? પરમાર્થ માર્ગ – 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' – ત્યાં સુધી પહોંચવામાં વિટંબણા ઘણી છે. માર્ગ પ્રાપ્તિ થઈ છે એવા જ્ઞાનીપુરુષને ઉપરના ગુણસ્થાન ચડવા માટે એટલી વિટંબણા નથી. કેમકે પોતાનું નિજ સ્વરૂપ જોયું છે – અનુભવ્યું છે અને નિજસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય અનુભવગોચર પણ થયો છે એટલે માર્ગ પણ જોયો છે. એમને એટલી વિટંબણા નથી. એ સ્થિતિમાં આવ્યા પછી અસંખ્ય સમયમાં સિદ્ધપદની – મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. એવો નિયમ છે. પણ એ પહેલા અનંતકાળ સંસારમાં જાય છે.

એક વાર પણ યથાર્થ મુમુક્ષુતા આવી નથી – ખરી મુમુક્ષુતા આવી નથી. કૃપાળુદેવે એવો ઉલ્લેખ અન્ય વચનામૃતોમાં કરેલો છે. એ (મુમુક્ષુતા) આવવામાં વિટંબણા ઘણી છે. એ બધી વિટંબણાનો ઉકેલ આ એક વચનામૃતમાં છે કે, આજ્ઞામાં એકતાન થવું.

જોકે, 'એકતાન થવું પણ બહુ જ અસુલભ છે.' બીજું વચનામૃત આ પ્રકાશ્યું છે. એકતાન થવું બહુ જ અસુલભ છે – એમ કેમ કહ્યું ? ઉપલક દૃષ્ટિએ જાણે આ તો સીધું – સાદું નાનું કામ હોય એવું લાગે. એમાં શું ? આપણે સત્પુરુષના સમાગમયોગે એમની આજ્ઞામાં રહી જઈએ. એમાં શું વાંધો ? વાંધો એ પડે છે કે, આ જીવને કેટલા પ્રતિબંધો છે, અને કેટલો સ્વચ્છંદ છે – એ આજ્ઞામાં આવવાનો (જે) પ્રયાસ કરે છે, આજ્ઞામાં રહેવા માટેની

તૈયારી કરે છે, એ પરિણામમાં આવવા માગે છે - ત્યારે (એને) એ સમજાય છે. ત્યાં સુધી એને સમજાતું નથી.

કૃપાળુદેવે સંસાર પરિભ્રમણનાં મુખ્ય બે કારણો પ્રકાશ્યાં છે. સ્વચ્છંદ અને પ્રતિબંધ. સ્વચ્છંદ એટલે પોતાની મતિ કલ્પનાએ ચાલવું. સ્વચ્છંદ શબ્દના બે પ્રકારે અર્થ જોવામાં આવે છે. એક તો સ્વચ્છંદ એ છે કે વિષય કષાયની નિરર્ગળ પ્રવૃત્તિ કરવામાં આવે, તીવ્ર રસે કરીને પ્રવૃત્તિ થાય, એને પણ જ્ઞાનીઓએ સ્વચ્છંદ કહ્યો છે. પોતાની મતિ કલ્પનાએ ધર્મ સાધન કરવું તે સ્વચ્છંદ છે. જીવ કરે છે ધર્મ સાધન – માને છે ધર્મ સાધન. અને સંપ્રદાયમાં સૌ કોઈ કરે પણ છે, પણ તે જ્ઞાનીની આજ્ઞાએ કરતો નથી – એટલે એને સ્વચ્છંદ પ્રવૃત્તિ કહી છે. પોતે (માર્ગથી) અજાણ્યો છે. માર્ગનો અજાણ્યો હોવા છતાં ધર્મ સાધનનો નિર્ણય પોતે પોતાની મતિ કલ્પનાથી કરે છે અને જ્ઞાનીની આજ્ઞાને અનુસરતો નથી, જ્ઞાનીની આજ્ઞામાં રહેતો નથી, એ જ જીવનો સ્વચ્છંદ છે.

એ સ્વચ્છંદ નિષ્પક્ષપણે પોતાના દોષના અવલોકનમાં જીવ આવે ત્યારે એને સમજાય છે અને એ સ્વચ્છંદ હાનિ પામે એવી કોઈ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. એ પરિભ્રમણનું મુખ્ય એક કારણ છે.

બીજું કારણ છે – પ્રતિબંધ. કૃપાળુદેવે ચાર પ્રકારના પ્રતિબંધ કહ્યા (છે). (૧) સમાજ પ્રતિબંધ (૨) કુટુંબ પ્રતિબંધ (૩) શરીર પ્રતિબંધ અને (૪) સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ. (કોઈ પણ જીવ) જ્ઞાનીની આજ્ઞામાં રહેવા જાય ત્યાં સમાજ પ્રતિબંધ નડે. એ જમાનામાં પણ કૃપાળુદેવ પાસે જે કોઈ મુમુક્ષુઓ – સુપાત્ર જીવો આવેલા તો સમાજમાં એને તકલીફો ઊભી થતી. સમાજમાં વિરોધ થતો. સંપ્રદાયને અનુસરનારાઓ એમ કહે કે, તમે કેમ ત્યાં જાઓ છો ? એ તો આવા છે ને તેવા છે, ફલાણાં છે ને ઢીકણાં છે. જ્ઞાનીપુરુષની અનેક પ્રકારે નીંદા પણ કરે. એ વચનો પણ સહન કરવાં પડે, સાંભળવાં પડે. પણ જેને આત્મકલ્યાણ કરવું જ છે એ દૃઢ નિર્ધારથી સત્પુરુષના ચરણને વળગીને રહે છે. કોઈ પણ પરિસ્થિતિમાં એ (સત્પુરુષને) છોડવા માગતો નથી. ક્યારેક તો મોટો સામાજિક વિરોધ પણ ઊભો થાય, એ બધી સંભાવનાઓ હોય છે. એની તૈયારી રાખે કે ગમે તે પરિસ્થિતિમાં (રહેવું છે). પરિભ્રમણના દુઃખથી કોઈ સમાજ છોડાવવા આવવાનો નથી અને મારે પરિભ્રમણથી મુક્ત થવું હોય તો જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહ્યા સિવાય બીજો કોઈ ઉપાય છે નહીં. જેણે માર્ગ જોયો છે એ માર્ગ દર્શાવી શકે; કલ્પના પ્રાપ્ત પુરુષ માર્ગને બતાવી ન શકે, (કેમકે) જે માર્ગને પામેલા

નથી એ (માર્ગને) કેમ બતાવી શકે ? એટલે સમાજની દરકાર કર્યા વિના, પહેલા દરકાર છોડવામાં બળ જોઈએ – પરિણામમાં બળ જોઈએ. આવડો મોટો સમાજ, એ સંપ્રદાયનો ત્યાગી વર્ગ (પણ) હોય છે, એ બધાંનો (ત્યાગ કરીને) સામે ચાલીને જ્ઞાનીપુરુષના ચરણમાં જવાનું થાય છે. અત્યારે એટલી તકલીફ નથી, જેટલી સો વર્ષ પહેલાં તકલીફ હતી. કેમકે અત્યારે થોડી ધર્મ ચુસ્તતા ઘટી છે અને Rigidity ઘટી છે. સમાજ વ્યવસ્થામાં પણ ઘણો ફેર પડ્યો છે. Inter cast marraige થવા લાગ્યાં છે. એટલે સામાજિક બંધનો બહુ ઢીલાં થઈ ગયાં છે. નહીંતર જીવને સમાજ પ્રતિબંધ બહુ નડે છે. ધર્મના ક્ષેત્રમાં એનો સામનો કરવો પડે છે.

ત્યાર પછી રહ્યો - કુટુંબ પ્રતિબંધ. કુટુંબમાં બધાં એક મતના હોતાં નથી. એટલે પરમાર્થમાર્ગ પ્રત્યે જ્યારે કોઈ જીવ વળવા માટે તૈયાર થાય છે, સંસારથી છૂટવાનો પ્રથમ પ્રયત્ન કરે છે, જ્ઞાનીની આજ્ઞામાં રહેવાનો (પ્રયત્ન કરે છે) ત્યારે એના જ કરેલા પૂર્વકર્મો સામે આવીને ઊભા રહે છે અને એમાં નજીકના નિમિત્તો હોય છે - કુટુંબના સભ્યો. એ લોકો નારાજ થાય છે. એ સંસારથી બહાર નીકળવાવાળાને સંસારમાં ખેંચવાનો પ્રયત્ન કરે છે. (એ કુટુંબીજનો એમ કહે છે) 'હજી આપણે ઘણાં કામ બાકી છે, હજી તારી ઉંમર નથી.' નાની ઉંમર હોય તો ઉંમરનો બાધ આવે. અને બધાંને (બધાં) કામ બાકી જ હોય છે. કોઈને કોઈ કામ બાકી નથી હોતાં, એવો કોઈ સંસારી ગૃહસ્થ નથી. બધાંને બધાં કામ બાકી જ દેખાય છે. એટલે (એમ કહે કે) 'પહેલા આ કર, પહેલા આ કર ! પછી (આત્મકલ્યાણ) કરવાનું (ખરું) પણ પહેલા આ કરવાનું. (સંસારના કામ કરતાં-કરતાં) સાથે-સાથે તું કર એનો વાંધો નથી પણ પહેલાં આ કર !' (આમ) સંસાર છે એ Top priorityમાં રહે છે અને આત્મકલ્યાણ Last priority માં રહે છે અને અત્યાર સુધી એમ જ ચાલ્યું છે. આત્મકલ્યાણને Top priority માં મૂક્યા વિના અને સંસારનાં કાર્યોને અને આખા સંસારને Last priority માં રાખ્યા વિના, કદી આત્મકલ્યાણની દિશામાં પ્રગતિનું એક કદમ પણ ભરી શકાય, એવી વસ્તુસ્થિતિ નથી. કેમકે એનું (આત્મકલ્યાણનું) એટલું મૂલ્ય છે, એટલું મૂલ્યાંકન આવવું જોઈએ, એટલું મૂલ્યાંકન આંક્યા વિના, કદી એ દિશામાં પદાર્પણ થતું નથી. એટલે (આમ) એકતાન થવું પણ સુલભ નથી – ઘણું દુર્લભ છે. પ્રાયઃ આવું બને છે. ભાગ્યે જ કોઈના કુટુંબમાં બધાં એક મતનાં હોય છે કે, જેથી કોઈ ધર્મ સાધન (આત્મકલ્યાણ) કરવા તૈયાર થાય તો બધાં જ અનુકૂળ થાય કે 'કાંઈ વાંધો નહીં – તારે

જે કરવું હોય તે કર. અમે બધાં બાકીનું સંભાળી લઈશું. જો તું આત્મકલ્યાણ કરતો હોય તો અમારા બધાંની અનુમોદના છે.' એવું હજારો કુટુંબમાંથી કોઈ એક કુટુંબ નીકળે પણ ખરું. તોપણ અહીંયાં એક લાલબત્તી મૂકવા જેવી છે અને તે એ કે – અનુકૂળતા છે માટે હું ધર્મ સાધન કરી શકીશ – એવો જે અભિપ્રાય; એ પ્રતિકૂળતા હોય તો હું ધર્મ સાધન ન કરી શકું – એવા અભિપ્રાયના સિક્કાની બીજી બાજુ છે. જે પ્રતિકૂળતાથી ગભરાય છે અને આત્મકલ્યાણના માર્ગે એને અવરોધ સમજે છે – એ અનુકૂળતામાં ફસાયા વિના રહી શકે નહીં. અનુકૂળતામાં ફસાય તે આત્મકલ્યાણ કરી શકે નહીં. કેમકે તે પ્રતિકૂળતાથી ગભરાયેલો જ છે. એ ભય એને અંદરમાં ઊભો જ છે. એ ભયથી ગ્રસિત જ છે. આત્મકલ્યાણનો માર્ગ અનુકૂળતા અને પ્રતિકૂળતાથી પર છે. એનું Level જુદું છે (અને) આત્મકલ્યાણના પરિણામનું Level જુદું છે. અનુકૂળતા અને પ્રતિકૂળતાને ગણકાર્યા વિના જે આગળ વધવા માગે છે, એનું કાર્યક્ષેત્ર છે એ – આત્મકલ્યાણ છે. એટલે પ્રતિબંધ છે એ પોતાનાં પરિણામો છે, કુટુંબ નથી. કહેવાય કુટુંબ પ્રતિબંધ પણ કુટુંબ પ્રત્યેના પોતાના જે લાગણી ભરેલા પરિણામો – તેનું નામ કુટુંબ પ્રતિબંધ છે. પછી એ કુટુંબના સભ્યો નારાજ થાય તો એની લાગણી સાથે સ્પર્શ થાય છે અને રાજી થાય તોપણ એની લાગણી સાથે જ સ્પર્શ થાય છે. બન્નેમાં વાત તો એક જ છે. એ લાગણીથી પર થવું પડે છે ત્યારે જીવ કુટુંબ પ્રતિબંધથી છૂટે. 'એ મારાં નથી.' (એમ લાગવું જોઈએ).

કૃપાળુદેવે ૫૩૭ પત્રમાં આ મૂળ વાત કરી છે. ૫૩૭ પત્ર જોઈએ આપણે – કૃપાળુદેવના પોતાના શબ્દોમાં જોઈએ તો - ૪૩૬ પાને પહેલા પેરેગ્રાફની વચલી લીટી છે, '...અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે...' એટલે કુટુંબાદિમાં (રહેલા) આત્માઓને વિષે. '...સ્વપણે માને છે, અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે,...' પિતા-પુત્ર કહીને કુટુંબની વાત લઈ લીધી છે. જ્યાં બીજા આત્માઓ વિષે કોઈ પણ સંબંધ – ખરો સંબંધ છે એમ માન્યું, કહેવા માત્ર વ્યવહારિક સંબંધ છે એ વાત જુદી છે, પણ ખરો સંબંધ (છે) એમ માન્યું એટલે નરક નિગોદાદિ ગતિનો હેતુ તે જ છે. એને પ્રતિબંધરૂપ સંસારનું કારણ કહ્યું. એ (પરિણામ હોય ત્યારે) ગુરુઆજ્ઞા ઉપાસવામાં – (એમાં) એકતાન થવામાં તકલીફ પડે છે. કેમકે એક જ્ગ્યાએ એકતાન થાય તો બધી જ્ગ્યાએથી

ઊઠી જવું પડે, ત્યારે એકતાન થાય. બધી જગ્યાએથી ઊઠી જાવ એટલે બધી (જગ્યાએથી) લાગણી છૂટી જાય.

(કૃપાળુદેવ) સૌભાગ્યભાઈને લખે છે કે, 'તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ થાઓ. એવી ગાંડી શિખામણ આ સ્થળે લખી છે.' ગાંડી શિખામણ કેમ કહ્યું ? કેમકે જગતમાં તો એ વાત ગાંડપણવાળી ગણાય, (એને એમ લાગે) 'પોતાના કુટુંબનો સ્નેહ છોડી દેવો ? આ તે કાંઈ રીત છે ? તો (પછી) કોની સાથે સ્નેહ કરવો ?' (અહીંયાં એમ કહે છે) જો સ્નેહ કરવો હોય તો શ્રીગુરુ સાથે કરવો, જ્ઞાનીપુરુષ સાથે કરવો, તો સંસારથી છૂટી જવાશે. એ સ્નેહ એવો કરવો કે (એમાં) એકતાન થવું ! નહીં તો બાકીનો સ્નેહ તો ચારગતિમાં રખડવા માટે અત્યાર સુધી અનંતવાર કર્યો છે અને હજી જો ચાલુ રાખે તો એ જ પરિસ્થિતિ છે, એ જ વિટંબણાઓ છે, એ જ દુઃખ અને દુઃખનાં કારણો ઊભાં છે. એટલે (આજ્ઞામાં) એકતાન થવું એ સુલભ નથી – ઘણું કઠણ છે (અને) એમાં અનેક વિટંબણાઓ આવે છે. એ લાગણીઓથી પર થવું એ બળ માગે છે. એનું બળવાનપણું જોઈએ. ખરેખર જેને આત્મકલ્યાણ કરવું હોય તેને જ એ બળ આવે, બીજાને એ બળ ન આવે.

અહીંયાં પણ એક મૂળની વાત, એક તપાસવા જેવી વાત એ છે, જીવને પોતાને પોતાના આત્મામાં એક પ્રશ્ન પૂછવા જેવો છે કે, ખરેખર આત્મકલ્યાણ કરવું છે ? શુદ્ધ અંતઃકરણથી આ વાત (આવી) છે ? પૂરી પ્રમાણિકતાથી આ વાત છે ? કે હજી કાંઈક ખૂણે-ખાંચરે પણ સંસાર ઉપાસવો છે ? કે આ જગતના સુખની અલ્પ પણ ઇચ્છા અભિપ્રાયબુદ્ધિએ રહી છે ? કેમકે ચારિત્રમોહની વાત જુદી છે. ત્યાં સુધી આત્મા ઉપાસવો છે કે ગુરુઆજ્ઞામાં એકતાન થવું છે, એ વાત સંભવિત નથી, (એ વાત) બની શકતી નથી. એટલે અહીંયા એને એમ કહ્યું કે, અસુલભ છે – (આજ્ઞામાં) એકતાન થવું પણ અસુલભ છે. કેમકે જીવ આત્મકલ્યાણની ભાવના રાખે છે અને એ ભાવનાના ક્ષેત્રમાં આવેલા સંખ્યાબંધ જીવોમાં કોઈ એક વિરલ જીવ એવો હોય છે કે જેને આ જગતમાંથી આબરૂ, કીર્તિ, માન-સન્માન, કે કોઈ પણ પદાર્થ, કોઈ પણ સંયોગની કાંઈ પણ ઇચ્છા નથી. માત્ર એક આત્મકલ્યાણ જ પૂરી પ્રમાણિકતાથી, પૂરી ઈમાનદારીથી કરવું છે. એવા શુદ્ધ અંતઃકરણવાળા જીવને આજ્ઞામાં એકતાન થવું સુલભ છે.

કોઈ એક અપેક્ષાએ, જે ઘણું જ અસુલભ છે એ સુલભ પણ છે. ઘણું જ અસુલભ છે એમ કહીને કોઈ નાસીપાસ થવાની વાત કરતા નથી કે, કોઈ Depression માં આવવાની

વાત નથી. સુલભ પણ છે (અને) એ સુલભ ક્યારે છે ? કે શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણની ભાવના હોય, જિજ્ઞાસા હોય, તો સુલભ પણ છે. પણ એવું લગભગ – પ્રાયઃ જોવામાં આવતું નથી. એથી એમ લખ્યું કે, 'બહુ અસુલભ છે.' કેમકે જીવ ખાસ કરીને પ્રકૃતિના ઉદયમાં ખેંચાય છે, જોડાય છે અને ત્યાં માર ખાય છે – પછાડ ખાય છે. આજ્ઞામાં (કોઈ) જીવ એકતાન થઈ ગયો હોય તો એ એકતાન થઈ ગયેલા જીવને પ્રકૃતિના ઉદયમાં પણ વિજય મેળવવો સુલભ પડે છે. કેમકે એને માર્ગપ્રાપ્તિ સુલભ છે. એકતાન થયા વિના અસુલભ છે તો એકતાન થાય તેને સુલભ છે. એ વાત એમાંથી અનર્પિતપણે નીકળે છે.

કુટુંબ પ્રતિબંધ પછી શરીર પ્રતિબંધમાં – શરીરની અનુકૂળ સંયોગની પરિસ્થિતિ, પ્રતિકૂળ સંયોગની પરિસ્થિતિ, શાતા-અશાતાની મુખ્યતા – એ મુખ્યતામાં આત્મકલ્યાણને ગૌણ કરવામાં આવે અથવા આત્મકલ્યાણના નિમિત્તભૂત એવા યથાર્થ સત્સંગને અને સત્પુરુષના યોગને – સમાગમને ગૌણ કરવામાં આવે છે, ત્યારે એને શરીર પ્રતિબંધ છે. શરીર પ્રત્યેની લાગણી નડે છે અને (આજ્ઞામાં) એકતાન થવા દેતી નથી. (કૃપાળુદેવે) ૬૦૯ પત્રમાં બહુ સ્પષ્ટ કહ્યું કે, દેહત્યાગ થવા જેવો પ્રસંગ આવે તો પણ સત્સંગને ગૌણ કરવો નહીં. કેમકે આત્મકલ્યાણના હેતુભૂત એવું, 'સત્સંગ' જેવું બીજું કોઈ સાધન નથી. પ્રાણથી પણ અધિક સત્સંગનું મૂલ્યાંકન થવું જોઈએ. મારે જમ્યા વિના ચાલશે, પાણી પીધા વિના ચાલશે, અરે...! શ્વાસોશ્વાસ વિના પણ ચાલશે ! પણ સત્સંગ વિના નહીં ચાલે ! શ્વાસોશ્વાસ પ્રાણ છે, પણ શરીરના પ્રાણ છે. સત્સંગ મારા આત્માનો પ્રાણ છે. આમ તો જ્ઞાન અને દર્શન આત્માનો પ્રાણ છે.

સમયસારની ૪૭ શક્તિમાં – જીવત્વશક્તિમાં એ શબ્દ વાપર્યો છે કે, જ્ઞાન અને દર્શન આત્માના પ્રાણ છે. પણ મુમુક્ષુની ભૂમિકામાં 'સત્સંગ' એ એનો પ્રાણ છે અને તે શરીરના પ્રાણથી (પણ) અધિક મૂલ્યવાન છે. એટલું જ્યાં સુધી સમજાય નહીં ત્યાં સુધી આજ્ઞામાં એકતાન થવાની વાત ભૂલી જવા જેવી છે. કેમકે એ ગુરુઆજ્ઞા છે. 'દેહત્યાગના પ્રસંગને પણ સ્વીકારવો' એવા શબ્દો (૬૦૯ પત્રમાં) લખ્યા છે. એ આજ્ઞા છે. સર્વ મુમુક્ષુ જીવ માટે એ આજ્ઞા છે.

૧૯૫ (પત્રમાં) કહ્યું, પરિભ્રમણની વેદનામાં આવવું, ઝુરણામાં આવવું. (એ ચિંતનામાં) દૃઢ થઈને ઝૂર્યા વિના માર્ગની દિશાનું અલ્પ પણ ભાન થવું, એ બની શકવા યોગ્ય નથી. એ આજ્ઞા છે. 'તમારે સઘળાએ એ જ શોધવાનું છે.' (એમ લખીને) બધાં મુમુક્ષુને આજ્ઞા

કરી છે. જો (આ પરિભ્રમણની) વેદનામાં ન આવે (તો) એનો અર્થ એ કે (એ જીવ) સંસારની - જડની - અનાત્માની ચિંતામાં ઘેરાયેલો છે. ત્યાંથી હજી બહાર નીકળ્યો નથી (અને) આજ્ઞામાં આવ્યો નથી. આ આજ્ઞામાં એકતાન થવાનો એક સામાન્ય નિયમ ૧૯૫મો પત્ર છે કે, 'તમારે સઘળાએ' (એમ કહીને) બધાંને આજ્ઞા કરી છે. 'તમારે સઘળાએ એ જ શોધવાનું છે.' (પોતે) તપાસી લેવું કે એ વેદનામાં (અને) ઝુરણામાં જીવ ક્યારે આવ્યો ? કેટલો આવ્યો ? અને એના ફળસ્વરૂપે નિર્મળતા કેટલી આવી ? કેમકે ત્યારપછી જ બીજું શું કરવું તે સમજાય છે. તો સમજાણું (ખરું) ? ઝુરણામાં આવ્યા વિના એ સમજાય નહીં.

એમ અનેક પ્રકારે જ્ઞાનીપુરુષની જે આજ્ઞા છે, (એમાં) પોતાને કઈ આજ્ઞા અત્યારે લાગુ પડે છે - એ વાત જ્યાં સુધી સમજમાં ન આવે અને એમાં પૂરા પ્રયત્નથી એકતાન થઈને લાગે નહીં. ત્યાં સુધી આ જીવ જ્ઞાનીની આજ્ઞાને અનુસરવા માગતો નથી, સ્વચ્છંદે વર્તવા માગે છે, અને ત્યાં સુધી કોઈ કાળે પણ આત્મકલ્યાણના માર્ગની પ્રાપ્તિ નથી.

કૃપાળુદેવે તો અહીંયા ખીમજીભાઈને પ્રશ્ન પૂછ્યો છે કે, 'એને માટે તમે શું ઉપાય કરશો ?' એકતાન થવા માટે શું ઉપાય કરશો ? 'અથવા (કરવા) ધાર્યો છે ?' આથી વધારે શું ? 'અધિક શું ? અત્યારે આટલુંય ઘણું છે' એમ કહીને પત્ર સમાપ્ત કર્યો છે. પણ પત્રની અંદર અનંતકાળમાં થયેલી અનંત ભૂલો આ જગ્યાએ થઈ છે, એને સુધારવા માટે એક High light મૂકી છે. એ વાત આપણી સમજમાં આવે તો કામ થવાનું સુલભ છે. સમય થયો છે.

## પત્રાંક - ૧૫૨

વવાણિયા, આસો સુદ ૧૧, શુક્ર, ૧૯૪૬

આજે આપનું કૃપાપત્ર મળ્યું.

સાથે પદ મળ્યું.

સર્વાર્થસિદ્ધની જ વાત છે. જૈનમાં એમ કહે છે કે સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર યોજન દૂર મુક્તિશિલા છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે. તે પદ વાંચી પરમાનંદ થયો. પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું; અને મૂળપદનું અતિશય સ્મરણ થયું; એકતાન થઈ ગયું. એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય ? દિવસના બાર બજ્યા સુધી રહ્યું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે. પરંતુ બીજી વાર્તા (જ્ઞાનની) કરવામાં ત્યાર પછીનો કાળક્ષેપ કર્યો.

'કેવળજ્ઞાન હવે પામશું, પામશું, પામશું, પામશું રે કે.' એવું એક પદ કર્યું. હૃદય બહુ આનંદમાં છે.

તા. ૧-૯-૧૯૮૯, પ્રવચન નં. ૩૬, પત્રાંક - ૧૫૨, ૧૫૫, ૧૫૬, ૧૫૭ - ૧,૨,૩,૪,૫,૬,૮,૧૨,૧૩,૧૬,૧૮, ૧૫૭-અ, ૧૫૯, ૧૬૧, ૧૬૨

પત્રાંક-૧૫૨, પાનું ૨૩૧. 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. આ પત્રમાં અનુભવ થયો એ વાત પહેલી વહેલી લખી છે.

'સર્વાર્થસિદ્ધની જ વાત છે. જૈનમાં એમ કહે છે કે સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર યોજન દૂર મુક્તિશિલા છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે. તે પદ વાંચી પરમાનંદ થયો.' આટલે સુધી તો સાંકેતિક ભાષામાં લખ્યું છે. 'પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું; અને મૂળપદનું અતિશય સ્મરણ થયું; એકતાન થઈ ગયું. એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય ? દિવસના બાર બજ્યા સુધી રહ્યું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે. પરંતુ બીજી વાર્તા (જ્ઞાનની) કરવામાં ત્યાર પછીનો કાળક્ષેપ કર્યો.'

અહીંયાં એમને કોઈ વિશેષ પુરુષાર્થ જાગ્રત થયો છે. એકતાન દશા થઈ અને એ પુરુષાર્થનો વેગ સવારના બાર વાગ્યા સુધી ચાલ્યો. નિર્વિકલ્પ દશાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી કર્યો પણ પુરુષાર્થનો વેગ સવારથી તે બાર વાગ્યા સુધી દિવસમાં ચાલ્યો અને 'અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે.' એટલે પરિણતિ હજુ ચાલુ જ છે એમ એમાંથી નીકળે છે.

હવે એના ઉત્સાહમાં લખે છે કે, 'કેવળજ્ઞાન હવે પામશું, પામશું, પામશું પામશું રે કે.' કેવળજ્ઞાન હવે પામશું. 'એવું એક પદ કર્યું. હૃદય બહુ આનંદમાં છે.' પોતાના પરમેશ્વરપદ અને પરમેશ્વરદશા સંબંધીનો ઉલ્લાસ આ પત્રની અંદર (દેખાય છે). આસો સુદ ૧૧, ૨૩મું વર્ષ પૂરું થવાની તૈયારી છે ત્યારે મળે છે.

મુમુક્ષુ :– ૨૩મું વર્ષ પૂરું થવાની તૈયારી છે, પણ ૧૯૪૭માં સમકિત થયું.

પૂજ્ય ભાઈશ્રી :– આ ૧૯૪૬નો આસો સુદ ૧૧ છે. ૧૯૪૭માં શુદ્ધ સમકિત પ્રકાશ્યું છે. અહીંયાં પુરુષાર્થનો વેગ શરૂ થયો છે ખરેખર તો એમ કહેવું જોઈએ. કેમકે સવારથી તે બાર વાગ્યા સુધી જે કાળ લંબાણો છે, એ વેગનો લંબાણો છે, છેલ્લા દિવસોમાં એકદમ પુરુષાર્થ ઊપડ્યો છે.

મુમુક્ષુ :– વર્ણન તો સાક્ષાત અનુભવનું કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું કર્યું છે. એમાં શું છે કે, એ બહુ નજીકની દશા હોય છે. નિર્વિકલ્પ દશા પહેલાં (પણ) જે એકદમ પુરુષાર્થ ફાટફાટ હોય છે, ત્યારે બીજું બધું લક્ષ ઘટી જાય છે, એટલી બધી અંદરની તલ્લીનતા વધે છે. એ પ્રકાર અહીંયાં દેખાય છે. બહુ સ્પષ્ટ નથી થતું કે અહીંયાં અનુભવ થયો છે. પછી પણ ૧૯૪૭માં એમણે જે લખ્યું છે, પાછળથી એક કાવ્ય લખીને રચ્યું છે, એટલે આ કાળ ૧૯૪૬નો અંતકાળ છે, ૧૯૪૭નો પ્રારંભકાળ છે. એટલે શું છે કે સાલ લખે છે પણ અંગ્રેજી મહિનો ક્યાંય નથી

લખતા. કારતક વદ એકમને પણ ૧૯૪૬ છે. પોષ સુદ ત્રીજ પણ ૧૯૪૬ લખ્યું છે. આ તો એમણે રોજનીશી શરૂ કરી છે. એટલે એ પાછળ ગયા છે. ૧૯૪૬નો કાગળ લીધો છે, કારણ કે ૨૪મા વર્ષમાં તો સીધી ૧૯૪૭ની સાલ શરૂ થઈ જાય છે. પહેલા પત્રમાં કારતક સુદ પાંચમે ૧૯૪૭ શરૂ કર્યું છે.

મુમુક્ષુ :– કારણ કે અનુભવ, આમાં જે આનંદ, આનંદ, આનંદ લખ્યું છે, તો અનુભવ પહેલા તો તડફડાટ વધારે હોય !

પૂજ્ય ભાઈશ્રી :– ઈ દશા પૂરી થઈ ગઈ. અનુભવ પહેલા જેટલા Stage છે એમાં આ છેલ્લું Stage છે, એટલે જે તડફડાટ છે એ Stageમાંથી આગળ વધી ગયા છે અને આ તો (સ્વાનુભવની) નજીકના દિવસો, નજીકના કલાકો (છે) એ દશાનું વર્ણન છે, એમ છે.

પ્રશ્ન :– આમાં અનુભવ થઈ ગયો હોત, એમ કેમ ન બને ?

સમાધાન :– હા, ન જ બને એવું નથી.

મુમુક્ષુ :– બહુ સ્પષ્ટ છે !

બીજા મુમુક્ષુ :– ભાષા ઘણી ચોખ્ખી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, હા, ભાષા ચોખ્ખી છે. પણ એક તર્ક શું ભાઈએ કર્યો કે એમણે જે પદ રચ્યું છે, એમાં એમ રચ્યું છે કે, 'ઓગણીસોને સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશિયું રે', એમ. એ ૧૯૪૭ અને આ ૧૯૪૬.

મુમુક્ષુ :– ૨૧ દહાડા બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વિશેષ સમય પાછળ બાકી નથી, એટલે લખવામાં તો ઘણા વરસે પાછું ભૂતકાળની વાત લખી હોય તો થોડાક દિવસ આઘાપાછા લખાઈ જાય. પણ આ પત્રમાં અપૂર્વતા ઘણી પ્રગટી ગઈ છે. કેમકે 'અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે.' એટલે જે અનુભવ દશામાં અપૂર્વ આનંદ આવ્યો, એ હજી પણ એવો ને એવો ચાલુ જ છે. આનંદમાં ફેર નથી પડ્યો, એમ. શુદ્ધોપયોગમાં જોકે આનંદ વિશેષ હોય છે, કેમકે એ આનંદની જાત પરિણતિમાં ચાલુ છે ને ! એટલે એવો ને એવો જાતિ અપેક્ષાએ કહી શકાય છે. એટલે અહીંયાં આ પત્રથી પહેલીવહેલી અનુમાન કરવાની પરિસ્થિતિ ઊભી થાય છે, કેમકે આનંદ વર્ત્યા કરતો હતો, એ આનંદ પાછો પૂર્વ ભૂમિકાનો છે. તેવામાં પદ મળ્યું. આનંદ વર્ત્યા કરતો હતો, પેલું (–સ્વાનુભવ) તો એક ક્ષણ છે, જે વર્ત્યા કરે છે એ તો

ઘણો લાંબો સમય જાય છે.

મુમુક્ષુ :- તો કેવળજ્ઞાન થઈ જાય !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પરિસ્થિતિ જ નથી. નિર્ગ્રંથદશા વગર એ તો પરિસ્થિતિ જ નથી. એવામાં તમારું પદ મળ્યું. 'સોભાગભાઈ'એ કોઈ કવિતા લખીને મોકલી છે કે કોઈ આ કબીરની કવિતા મોકલી છે અને મૂળપદનું અતિશય સ્મરણ થયું. એકદમ સુસ્પષ્ટપણે જ્ઞાનમાં આવ્યું, મતિજ્ઞાનમાં પરમાત્મપદ (આવ્યું) અને એકતાન થઈ ગયું. એકાકાર વૃત્તિનું વર્ણન કેમ કરીએ ? અને એકતાન થઈ ગયું. ઈ ત્યાં એકાગ્રતા છે, એકતાન થઈ ગયું એ એકાગ્રતા સૂચક શબ્દ છે.

મુમુક્ષુ :- એકાકાર શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકાકાર વૃત્તિ. એકતાન અને એકાકાર બંને શબ્દનો પ્રયોગ કર્યો છે. (એટલે) અહીંયાં પહેલુંવહેલું અનુમાન થાય છે. એ આસો સુદ અગિયારસ, ૧૯૪૬ ને બે દિવસ છે, એ કદાચ આ ભવનો એમના પ્રથમ સ્વાનુભવનો દિવસ હોવો જોઈએ. આ ભવનો હોં ! પૂર્વે તો પામેલા જીવ છે. સાવ અજાણ્યા નથી. નહીંતર તો સંસ્કાર વગર, જોકે અહીંયાં સત્પુરુષનો યોગ નથી અને પામ્યા છે એટલે સંસ્કાર છે એ વાત તો સો ટકાની વાત છે. એટલે એક શુદ્ધોપયોગ થાય તો જ કેવલજ્ઞાનનો આટલો ઉલ્લાસ આવે છે. એ કોણ બતાવે છે ? કે, એમણે જે કેવળજ્ઞાન સંબંધી પદ રચ્યું છે કે, હવે કેવળજ્ઞાન પામશું, પામશું ને પામશું !

મુમુક્ષુ :- ચાર વખત લખ્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રણ-ચાર વખત લખ્યું છે. એટલે એમને ઘણો ઉલ્લાસ છે. એ પણ એમના શુદ્ધોપયોગની સ્થિતિને પ્રદર્શિત કરે છે. શુદ્ધોપયોગ છે ત્યાં તો કેવળજ્ઞાન જેવી જ દશા છે. 'સમયસાર'ની ૧૪૩ (ગાથામાં) 'અમૃતચંદ્રાચાર્યે' પક્ષાંતિક્રાંતનું વર્ણન કર્યું છે, ત્યારે એમ જ કહ્યું છે કે, જેવા કેવળી છે એવો જ અહીંયાં સમ્યગ્દષ્ટિ છે, કેમકે બીજા કોઈ પરિણામ ત્યાં પોતાને ખ્યાલમાં આવે એવું તો છે નહીં. શુદ્ધાત્માની એકાકાર દશા છે. એટલે ત્યાં કેવળજ્ઞાનની સીધી વાત આવે છે કે, જો અત્યારે આવી એકાગ્રતા થાય છે તો પછી કેવળજ્ઞાન નહીં થવાનો પ્રશ્ન શું છે ? કેવળજ્ઞાન થાય જ. કેવળજ્ઞાન નજીક છે અને આમ જ કેવળજ્ઞાન પામવાના છીએ, નક્કી પામવાના છીએ. એ બધું એમાં આવી જાય છે, બધા પરિણામ આવી જાય છે.

પ્રશ્ન :– શ્રાવકદશામાં શુદ્ધોપયોગ થાય છે ?

સમાધાન :– ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ થાય છે. સમ્યગ્દર્શન શુદ્ધોપયોગમાં જ થાય અથવા કોઈ પણ ઉપરનું ગુણસ્થાન શુદ્ધોપયોગમાં જ આવે છે. અનાદિથી જીવને પહેલું ગુણસ્થાન છે. બીજું, ત્રીજું તો ચોથેથી પડે એનું છે. એટલે એકેન્દ્રિયથી માંડીને બધા જ જીવો પહેલા ગુણસ્થાનમાં હોય છે. અને પહેલુંવહેલું ગુણસ્થાન શુદ્ધોપયોગની અંદર ચોથું આવે પછી પાંચમું આવે ત્યારે શુદ્ધોપયોગના કાળમાં જ આવે પણ એ પહેલા અનેકવાર શુદ્ધોપયોગ થાય ખરો, છતાં કોઈ પુરુષાર્થ વિશેષથી પાંચમા ગુણસ્થાનમાં આવે ત્યારે શુદ્ધોપયોગ હોય. પાંચમા ગુણસ્થાનમાં પણ અનેકવાર શુદ્ધોપયોગ થાય પણ જો દીક્ષા ગ્રહણ કરે તો પછી શુદ્ધોપયોગમાં ઉગ્ર સ્થિરતા થાય તો સાતમું ગુણસ્થાન આવે. સાતમાથી ઉપરના પછીના તો બધા ગુણસ્થાન શુદ્ધોપયોગના જ છે. જેટલા ઉપરના ઉપરના ગુણસ્થાનમાં આરોહણ થાય છે એ બધું શુદ્ધોપયોગમાં થાય છે.

પ્રશ્ન :– સર્વાર્થસિદ્ધનું વિમાન ક્યાં છે ?

સમાધાન :– સર્વાર્થસિદ્ધનું જે વિમાન છે એ આપણું જે આ ચૌદ બ્રહ્માંડ છે એમાં સૌથી ઉપરનું વિમાન છે. પાંચ અનુત્તર વિમાનમાં છેલ્લું વિમાન સર્વાર્થસિદ્ધનું છે અને જૈન આગમમાં એમ આવે છે કે સર્વાર્થસિદ્ધની મહાવિમાનની જે ઉપરની ધજા છે એનાથી બાર યોજન દૂર બધા સિદ્ધો બિરાજે છે. મુક્તિશિલા – સિદ્ધશિલા છે.

પ્રશ્ન :– દૂર કે ઉપર ?

સમાધાન :– ઉપર, ઉપર. દૂર એટલે ઉપર. એમ દૂર નહીં, ઉપર. ઉપર સિદ્ધશિલા છે. કારણ કે પછી લોક આમ સાંકડો થતો જાય છે. ઉપર જાય છે એમ સાંકડો થતો જાય છે, નીચે જાય છે એમ સાંકડો થતો જાય છે. અને એક રાજુ વચ્ચે સૌથી ઉપર અને સૌથી નીચે ત્રણે એકસરખું ત્રસનાડીનું સ્થાન છે. પછી એની ઉપર એટલી જ સિદ્ધશિલા પિસ્તાળીસ લાખ યોજનની છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'એ પદની રચના કરી છે એ પાછળથી ૨૯મે વર્ષે કરી છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ૨૯મે વર્ષે કરી છે.

મુમુક્ષુ :– હવે એ અરસામાં એવા એમના પત્રો છે કે હવે યાદશક્તિ ઘણી મંદ પડી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :– અચ્છા, થોડુંઘણું આઘુંપાછું થઈ શકે છે. આ તો શું છે કે તે

જ દિવસે પોતે લખ્યું છે. શું લખે છે ? કે આજે સવારથી જ, પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી, તમારું પદ વાંચીને બહુ આનંદ થયો. પરમાનંદ થયો એટલે ઘણો આનંદ થયો. 'પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો.' એટલે ઊઠ્યો ત્યારથી જ તે વિશેષ દશા ચાલુ હતી, એમ. એટલે પોતે આજના દિવસની જ વાત લખે છે, એટલે એમાં એટલો સમય તો (ગયો હોય નહિ).

મુમુક્ષુ :- કારણ કે લગોલગ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, લગોલગના દિવસો છે. એટલે ૧૯૪૬ને બદલે ૧૯૪૭ લખ્યું અને ૧૯૪૭થી એમ કે થોડા દિવસ થયા પછી એવી પરિણતિ જામ થઈ ગઈ હોય કે એ વધારે લક્ષમાં રહ્યું હોય અને આ દિવસ યાદ ન રહ્યો હોય. કેમકે આ એક એવી સ્થિતિ છે, આગળ અને પાછળના કેટલાંક દિવસોની સ્થિતિ એવી હોય છે કે દિનદશાનું બહુ ભાન નથી રહેતું. એ પોતાને ખબર ન રહે, એટલે એવું એ Mark કરવા બેસે એવો ઉપયોગ ન ચાલે. એનો ઉપયોગ એવી રીતે કામ કરતો હોય છે કે બીજી સાવધાની બહુ ઘટી જાય છે એટલે એ યાદ રાખવું, (એ) લખી લેવું કોઈકને જ બને છે.

પૂજ્ય 'ગુરુદેવે' ક્યારેય પોતાનો દિવસ જાહેર નથી કર્યો. સમ્યગ્દર્શનનો, શુદ્ધોપયોગનો દિવસ પૂજ્ય 'બહેનશ્રી'નો જાહેર છે. સમ્યક્ત્વ દિન, ફાગણ વદ ૧૦, વાંકાનેર, ફલાણું, ફલાણું, ફલાણો સમય. પોતે તરત લખી લીધું છે. જે દશા થઈ એ ત્યારે ને ત્યારે લખી છે. જેમ પત્ર લખાણો છે (એમ લખી લીધું છે). નહીંતર ઘણાને ખ્યાલ જ ન રહે. આગળપાછળના પંદર દી', મહિનો ચાલ્યો જાય કે ચૈતન્યની ધૂનમાં ચૈતન્ય ચડી ગયો હોય, પછી કંઈ બીજી ખબર ન રહે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' કોઈ દી' એના જીવનમાં કોઈને પત્ર જ નથી લખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- અને આમણે (-'કૃપાળુદેવે') 'ગુરુદેવ'ની જેમ સામૂહિક ઉપદેશ નથી આપ્યો, લોકો – હજારો માણસો ભેગા થાય (એવું નથી બન્યું). ઉદય છે, દરેકનો ઉદય જુદી જાતનો છે. 'ગુરુદેવ'નો વાણીનો પ્રવચનયોગ ઘણો હતો. પહાડી અવાજ, એવું વ્યક્તિત્વ ! આમનું ('કૃપાળુદેવ'નું) વ્યક્તિત્વ એટલું નહિ. ઉંમર નાની, શરીર અસ્વસ્થ, સાધારણ વેપારી વાણિયાના કુળમાં જન્મ કોઈ મોટા રાજવંશ હોય એવું કંઈ નહીં. એ બધું પૂર્વકર્મ અનુસાર હોય છે.

મુમુક્ષુ :- ક્રિયા જુદી જુદી હોય પણ ધ્યેય તો એક જ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– ધ્યેય, માર્ગ બધું એક જ. અનુભવ બધુ એક જ. આત્મા એક જાતિ, એની સ્વાભાવિક પરિણમનની જાતિ પણ એક, એટલે તો ખબર પડે છે કે ત્રણેકાળના મોક્ષમાર્ગી જીવો આ જ રીતે મોક્ષમાર્ગમાં હોય છે. પોતાને તો વર્તમાન પોતાનો અનુભવ છે. બીજાના અનુભવની તો ક્યાંથી ખબર પડે ? પણ અનંતકાળનું બધાયનું (માપ) એક અનુભવે કાઢી લે છે. અનંતકાળના અનુભવીનો તાગ કાઢે છે અને એમાં કંઈ ફેર ન પડે. નહીંતર કેમ ખબર પડે કે આ વચન સત્ય છે ! આ અનુભવ કહે છે, એમ જ છે. એમ પોતાની સાથે Tally થાય છે ત્યારે ખબર પડે છે ને ?

૨૦૦૦ વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્યદેવે', ૧૦૦૦ વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્યદેવે', ૧૪૩-૧૪૪ ગાથામાં પક્ષાંતિક્રાંત શુદ્ધોપયોગની દશાનું વર્ણન કર્યું તો કેમ ખબર પડે છે કે આ જ વાત સાચી છે ? કે જેને અનુભવ થયો છે એ મેળવી લે છે કે બરાબર છે, આમ જ હોય, બીજી રીતે હોય નહીં. શબ્દો ફરે છે, જુદાં જુદાં આચાર્યોના, મુનિઓના, જ્ઞાનીઓના શબ્દો ફરે છે, સૂત્ર ફરે છે, સિદ્ધાંત ફરતો નથી, એમ છે.

## પત્ર–૧૫૫

મુંબઈ, ૧૯૪૬

કેટલીક વાતો એવી છે કે, માત્ર આત્માને ગ્રાહ્ય છે અને મન, વચન, કાયાથી પર છે. કેટલીક વાતો એવી છે, કે જે વચન, કાયાથી પર છે. પણ છે.

શ્રી ભગવાન. શ્રી મઘશાપ. શ્રી બખલાધ.

પત્ર ૧૫૫, 'કેટલીક વાતો એવી છે કે માત્ર આત્માને ગ્રાહ્ય છે અને મન, વચન, કાયાથી પર છે. કેટલીક વાતો એવી છે કે જે વચન, કાયાથી પર છે.' મનમાં સમજાય છે, પણ વચન-કાયાથી પર છે, 'પણ છે.' પછી 'શ્રી ભગવાન' એમ ત્રણ વખત લીધું છે. પેલા મઘશાપ, બખલાધ જે લખ્યું છે, એ એના ઉપર નીચે Footnote મૂકી છે કે બારાક્ષરીનો

ઉપલો ઉપલો અક્ષર વાંચવાથી 'ભગવાન' એનો અર્થ થાય છે, એમ.

મુમુક્ષુ :- બીજામાંથી પાછળના અક્ષર....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી રીતે.

## પત્ર-૧૫૬

મુંબઈ, ૧૯૪૬

પ્રથમ ત્રણ કાળને મૂઠીમાં લીધો, એટલે મહાવીર દેવે જગતને આમ જોયું -

તેમાં અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા.
અનંત ચૈતન્યાત્માઓ બદ્ધ દીઠા.
અનંત મોક્ષપાત્ર દીઠા.
અનંત મોક્ષઅપાત્ર દીઠા.
અનંત અધોગતિમાં દીઠા.
ઊર્ધ્વગતિમાં દીઠા.
તેને પુરુષાકારે જોયું.
જડ ચૈતન્યાત્મક જોયું.

પછી ૧૫૬ (પત્ર), 'પ્રથમ ત્રણ કાળને મૂઠીમાં લીધો, એટલે મહાવીર દેવે જગતને આમ જોયું -' કેવળજ્ઞાનમાં ભગવાન મહાવીરસ્વામીએ જગતને આમ જોયું. (ત્રણ કાળને) મૂઠીમાં લઈને જોઈ લીધું, એમ કહે છે. 'હસ્તામલકવત્' કહે છે ને ! 'તેમાં અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા.' જુઓ ! સિદ્ધ આત્માઓ. 'અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા. અનંત ચૈતન્યાત્માઓ બદ્ધ દીઠા.' (એટલે કે) સંસારી જોયા.

'અનંત મોક્ષપાત્ર દીઠા. અનંત મોક્ષઅપાત્ર દીઠા.' ભવી-અભવી અને અભવી જેવા ભવી. 'અનંત અધોગતિમાં દીઠા. ઊર્ધ્વગતિમાં દીઠા.' એમાં અનંત શબ્દ નથી વાપર્યો.

ઊર્ધ્વગતિમાં ચડતી શ્રેણિમાં કેટલાકને જોયા. 'તેને પુરુષાકારે જોયું.' આખું જગત પુરુષાકારે જોયું. 'જડ ચૈતન્યાત્મક જોયું.' જડ અને ચૈતન્ય બે જાતિના પદાર્થો જોયા.

અહીંથી – ૧૯૪૬થી એમણે કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનનો જે વિષય છે એ સ્થાપી દીધો છે, એમાં ફેર નથી. એટલે જે પાછળની ડાયરીઓમાં કેટલાક પ્રશ્નો જે છે – જગત સંબંધી, સર્વજ્ઞતા સંબંધી એ આ પહેલાની ગમે તે તારીખના લખાયેલા હોવા જોઈએ, એમ લાગે છે. કેમકે એમાં કેટલીક વિસંગત વાતો પણ ડાયરીની અંદર લખેલી છે એ દેખાય છે.

## પત્રાંક–૧૫૭

### રોજનીશી

(૧)

મુંબઈ, કાર્તિક વદ ૧, શુક્ર, ૧૯૪૬

નાના પ્રકારનો મોહ પાતળો થવાથી આત્માની દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે, અને પછી તે મેળવવા તે પ્રયત્ન કરે છે. એ જ દૃષ્ટિ તેને તેની સિદ્ધિ આપે છે.

રોજનીશી છે એ '૧૯૪૬ની ડાયરીમાં અમુક મિતિઓએ પોતાની વિચારચર્યા 'શ્રીમદ્દે' લખી છે. આ રોજનીશીમાંથી કેટલાક પાના કોઈએ ફાડી લીધેલા જણાય છે. જેટલા પાના રોજનીશીમાં વિદ્યમાન છે, તે અહીં આપેલ છે.' (ફૂટનોટ). એટલે એ વખતે પણ કોઈના હાથમાં આ ડાયરી આવી ગઈ છે અને કેટલાક પાના ફાડીને લઈ લીધા છે. ગમે તે કારણ હોય.

પહેલો જે આંક છે એની અંદર એક દર્શનમોહ મંદ થાય છે ત્યારે કેવી ભૂમિકા, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા હોય છે એનો ઉલ્લેખ છે.

'(૧) નાના પ્રકારનો મોહ પાતળો થવાથી આત્માની દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે,...' દર્શનમોહ મંદ થાય છે અને અનેક પદાર્થો તરફ એનો રસ અને આકર્ષણ ઘટી જાય છે. પરિણામની અંદર કષાયરસ, વિષયકષાયનો રસ મંદ પડે છે, સાથે સાથે દર્શનમોહ પણ મંદ પડે છે. વિષય-કષાયનો રસ તીવ્ર થાય ત્યારે દર્શનમોહ પણ તીવ્ર થાય છે. રસની સાથે સંબંધ છે. ત્યારે 'આત્માની દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે,...' અને તીવ્ર મોહાવેશ હોય ત્યારે આત્માની દૃષ્ટિ દોષથી ઉત્પન્ન થતાં સુખાભાસમાં જાય છે. એને દોષિત પરિણામમાં સુખ લાગે છે. આમ હોય તો સારું ને આમ હોય તો સારું અને આમ હોય તો સારું, એ પ્રકારના વિકલ્પો અને કલ્પનાઓ થાય છે. પણ જ્યારે જીવનો મોહ પાતળો પડે છે ત્યારે એને આત્મામાંથી, આત્માના ગુણમાંથી, આત્માના સ્વભાવમાંથી સુખ ઉત્પન્ન થાય એવી એની એક દૃષ્ટિ જાય છે.

'અને પછી તે મેળવવા તે પ્રયત્ન કરે છે.' અને એ સ્વભાવમાંથી સુખ મેળવવાનો તે જીવ પ્રયત્ન કરે છે. સંયોગમાંથી તે સુખ મેળવતા અનેક પ્રકારના દોષિત પરિણામ થાય અને એ દોષિત પરિણામમાંથી સુખ લેવાની વૃત્તિ એની મોળી પડી જાય છે. ગુણમાંથી સુખ મેળવવાનો એ પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે અને 'એ જ દૃષ્ટિ તેને તેની સિદ્ધિ આપે છે.' સ્વભાવમાંથી સુખ મેળવવું છે એવો નિશ્ચય કર્યો, એવો નિર્ણય કર્યો અને એ રસ્તે ચડ્યો એ એને એની સિદ્ધિ આપે છે (અર્થાત્) સ્વભાવસુખ પ્રાપ્ત કરાવે છે. એ એક ટુકડો નાખ્યો છે પણ દર્શનમોહ વિષેની મુમુક્ષુની ભૂમિકાનો ઉલ્લેખ કરી રાખ્યો છે.

૨

મુંબઈ, કાર્તિક વદ ૩, રવિ, ૧૯૪૬

આયુષ્યનું પ્રમાણ આપણે જાણ્યું નથી. બાલાવસ્થા અસમજમાં વ્યતીત થઈ; માનો કે ૪૬ વર્ષનું આયુષ્ય હશે, અથવા વૃદ્ધતા દેખી શકીશું એટલું આયુષ્ય હશે. પણ તેમાં શિથિલદશા સિવાય બીજું કંઈ જોઈ શકીશું નહીં. હવે માત્ર એક યુવાવસ્થા રહી. તેમાં જો મોહનીયબળવત્તરમાં ન ઘટી તો સુખથી નિદ્રા આવશે નહીં, નીરોગી

રહેવાશે નહીં, માઠા સંકલ્પ-વિકલ્પ ટળશે નહીં અને ઠામ ઠામ આથડવું પડશે, અને તે પણ રિદ્ધિ હશે તો થશે, નહીં તો પ્રથમ તેનું પ્રયત્ન કરવું પડશે. તે ઇચ્છા પ્રમાણે મળી ન મળી તો એક બાજુ રહી, પરંતુ વખતે પેટ પૂરતી મળવી દુર્લભ છે. તેની જ ચિંતામાં, તેના જ વિકલ્પમાં અને તે મેળવીને સુખ ભોગવીશું એ જ સંકલ્પમાં, માત્ર દુ:ખ સિવાય બીજું કંઈ દેખી શકીશું નહીં. એ વયમાં કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરતાં ફાવ્યા તો એકદમ આંખ તીરછી થઈ જશે. ન ફાવ્યા તો લોકનો ભેદ અને પોતાનો નિષ્ફળ ખેદ બહુ દુ:ખ આપશે. પ્રત્યેક વખત મૃત્યુના ભયવાળો, રોગના ભયવાળો, આજીવિકાના ભયવાળો, યશ હશે તો તેની રક્ષાના ભયવાળો, અપયશ હશે તો તેને ટાળવાના ભયવાળો, લેણું હશે તો તેને લેવાના ભયવાળો, દેણું હશે તો તેની હાયવોયના ભયવાળો, સ્ત્રી હશે તો તેની... ના ભયવાળો, નહીં હોય તો તેને પ્રાપ્ત કરવાના ખ્યાલવાળો, પુત્રપુત્રાદિક હશે તો તેની કડાકૂટના ભયવાળો, નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો, ઓછી રિદ્ધિ હશે તો વધારેના ખ્યાલવાળો, વધારે હશે તો તેને બાથ ભરવાના ખ્યાલનો, એમ જ પ્રત્યેક સાધનો માટે અનુભવ થશે. ક્રમે કે વિક્રમે ટૂંકામાં કહેવાનું કે, સુખનો સમય હવે કયો કહેવો ? બાલાવસ્થા ? યુવાવસ્થા ? જરાવસ્થા ? નીરોગાવસ્થા ? રોગાવસ્થા ? ધનાવસ્થા ? નિર્ધનાવસ્થા ? ગૃહસ્થાવસ્થા ? અગૃહસ્થાવસ્થા ?

એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વ કાળને માટે સુખી કરે છે. એટલે કહ્યું શું ? તો કે વધારે જિવાયું તોપણ સુખી, ઓછું જિવાયું તોપણ સુખી, પાછળ જન્મવું હોય તોપણ સુખી, ન જન્મવું હોય તોપણ સુખી.

હવે એક બીજી વાત લખી છે, એ પણ વિચારવાન જીવને વિચારતો કરી મૂકે એવી વાત એમણે લખી છે. 'આયુષ્યનું પ્રમાણ આપણે જાણ્યું નથી.' મનુષ્યને એ ખબર નથી હોતી કે પોતાનું આયુષ્ય કેટલું છે ? અને એ તો દરેક પોતાના અનુભવથી સમજી શકે છે કે પોતાના આયુષ્યની કોઈને ખબર નથી. 'આયુષ્યનું પ્રમાણ આપણે જાણ્યું નથી. બાલાવસ્થા અસમજમાં વ્યતીત થઈ; માનો કે ૪૬ વર્ષનું આયુષ્ય હશે,...' એક તર્ક કર્યો છે. ધારી લ્યો કે ૪૬ વર્ષનું આયુષ્ય હશે, 'અથવા વૃદ્ધતા દેખી શકીશું એટલું આયુષ્ય હશે.' એટલે કે ૭૦-૭૫ ગણી લ્યો. 'પણ તેમાં શિથિલદશા સિવાય બીજું કંઈ જોઈ શકીશું નહીં.' ૫૦ વટાવ્યા પછી તો શરીરની જે શિથિલતા આવે છે એ તો સૌને અનુભવગમ્ય હોય છે.

'હવે માત્ર એક યુવાવસ્થા રહી.' બાળઅવસ્થા અણસમજણમાં ગઈ, વૃદ્ધાવસ્થા છે એ શરીરની શિથિલતાને લઈને કોઈ વિશેષપણે ઉપયોગ એ બાજુ ચાલ્યો જાય એવી પરિસ્થિતિ રહે છે અને સમય પણ એમાં દેવો પડે છે. એટલે 'હવે માત્ર એક યુવાવસ્થા રહી. તેમાં...' એટલે યુવાવસ્થામાં 'જો મોહનીયબળવત્તરતા ન ઘટી તો સુખથી નિદ્રા આવશે નહીં,...' એ યુવાવસ્થામાં પાછું એવું છે કે, એ વખતે મોહ બળવાન થાય છે એટલે જીવ એ વખતે વિશેષ મોહાવેષની અંદર વર્તે છે તો એને બેચેની વધે છે. નિદ્રા સુખથી આવશે નહીં અને 'નીરોગી રહેવાશે નહીં,...' એટલે ઘણી આકુળતામાં પસાર કરશે.

'માઠા સંકલ્પ-વિકલ્પ ટળશે નહીં અને ઠામ ઠામ આથડવું પડશે.' અહીંથી આમ કરું ને અહીંયાં જઈને આમ કરું ને અહીંયાં જઈને આમ કરું. દુનિયા આખી ડહોળવાનો એને વિચાર આવ્યા કરશે. 'અને તે પણ રિદ્ધિ હશે તો થશે,...' કોઈ પૂર્વકર્મ હોય તો કંઈ ઠીક (છે), એ ઠેકાણે પડે છે, 'નહીં તો પ્રથમ તેનું પ્રયત્ન કરવું પડશે. તે ઇચ્છા પ્રમાણે મળી ન મળી તો એક બાજુ રહી, પરંતુ વખતે પેટ પૂરતી મળવી દુર્લભ છે.' એવી પણ સ્થિતિ બને છે અને આ દેશમાં તો લગભગ,... આ ગરીબ દેશ જ કહેવાણો છે. અત્યારે પણ ૫ ટકા માણસો પાસે શ્રીમંતાઈ છે, ૯૫ ટકા તો ગરીબમાં જ ગણાય છે એવી પરિસ્થિતિ છે.

'તેની જ ચિંતામાં, તેના જ વિકલ્પમાં અને તે મેળવીને સુખ ભોગવીશું એ જ સંકલ્પમાં, માત્ર દુઃખ સિવાય બીજું કંઈ દેખી શકીશું નહીં. એ વયમાં કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરતાં ફાવ્યા તો એકદમ આંખ તીરછી થઈ જશે.' શું કહે છે ? કે એમાં ક્યાંક વળી Lottery લાગી, કોઈ પ્રવૃત્તિ કરતાં બે પૈસા હાથમાં આવી ગયા તો પ્યાલો ફાટી જશે ! 'આંખ તીરછી

થઈ જશે...' એટલે કે ગર્વ અને અભિમાન વધી જશે. 'હું પહોળો ને શેરી સાંકડી' એમ થઈ જશે.

'ન ફાવ્યા તો લોકનો ભેદ અને પોતાનો નિષ્ફળ ખેદ બહુ દુઃખ આપશે.' અરે..રે...! લોકો આવા છે. આપણને આ ફલાણો આડો આવ્યો, આપણે તો ઘણું સરખું કરવું હતું પણ ઓલો આડો આવ્યો, આમ થયું, તેમ થયું. સારા માણસની આ જગતમાં કદર નથી, મહેનતુની કદર નથી, પ્રમાણિકતાનો જમાનો નથી, ફલાણું છે, ઢીંકણું છે. લુચ્ચા માણસો ફાવી જાય છે, સજ્જન માણસો હેરાન થઈ જાય છે. એટલે 'લોકોનો ભેદ અને પોતાનો નિષ્ફળ ખેદ બહુ દુઃખ આપશે.' એટલે ફાવ્યો તોપણ નુકસાનીનો ધંધો છે, ન ફાવ્યો તોપણ નુકસાનીનો ધંધો છે, એમ કહેવું છે. તને તો એકલું દુઃખ જ મળવાનું છે, સુખ મળવાનું નથી.

'પ્રત્યેક વખત મૃત્યુના ભયવાળો, રોગના ભયવાળો, આજીવિકાના ભયવાળો, યશ હશે તો તેની રક્ષાના ભયવાળો,...' મારું કોઈ ખરાબ ન બોલે, બધે મારું સારું બોલાય. 'અપયશ હશે તો તેને ટાળવાના ભયવાળો, લેણું હશે તો તેને લેવાના ભયવાળો, દેણું હશે તો તેની હાયવોયના ભયવાળો, સ્ત્રી હશે તો તેની ....ના ભયવાળો...' એમ કરીને કોઈ એવી વાત છે એટલે નથી મૂકી, 'નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો,...' સ્ત્રી નહીં હોય તો સ્ત્રીને પ્રાપ્ત કરવાના ખ્યાલવાળો 'પુત્રપુત્રાદિક હશે તો તેની કડાકૂટના ભયવાળો,...' એની કડાકૂટ ઓછી નથી. એ પુત્રપુત્રાદિ હોય તો એની કડાકૂટના ભયવાળો, 'નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો,...'

મુમુક્ષુ :– એકે એક વાતમાં કડાકૂટ લાગી !

પૂજ્ય ભાઈશ્રી :– તે દી' ગૃહસ્થ જીવન બહુ સંપવાળું અને શાંતિવાળું ગણાતું, અત્યારે તો ઘડીકમાં તડ ને ફડ કરે ! અત્યારે તો સહનશક્તિનો આંક Zero ઉપર છે અને Minus ઉપર છે. કોઈ કોઈનું જરા પણ, બાપ-દીકરાનું, ભાઈ-ભાઈનું, પતિ-પત્નીનું કોઈ કોઈનું સહન કરવા તૈયાર ન થાય, એવો કાળ છે.

પણ એ જમાનામાં એટલું લખ્યું છે. એ બધી કડાકૂટના ભયવાળો, 'નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો, ઓછી રિદ્ધિ હશે તો વધારેના ખ્યાલવાળો, વધારે હશે તો તેને બાથ ભરવાના ખ્યાલનો,...' જાળવી રાખવાનો 'એમ જ પ્રત્યેક સાધનો માટે અનુભવ થશે. ક્રમે કે વિક્રમે ટૂંકામાં કહેવાનું કે, સુખનો સમય હવે કયો કહેવો ? બાલાવસ્થા ? યુવાવસ્થા ?

જરાવસ્થા ? નીરોગાવસ્થા ? રોગાવસ્થા ? ધનાવસ્થા ? નિર્ધનાવસ્થા ? ગૃહસ્થાવસ્થા ? અગૃહસ્થાવસ્થા ?' ક્યો કહેવો ? એમ વિચાર કરતો મૂક્યો છે.

'એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વ કાળને માટે સુખી કરે છે.' જુઓ ! અહીંથી એમણે Line બદલી કે, સંસારની તો કોઈ સ્થિતિ સુખમય હોય એવું દેખાતું નથી. આકુળતા, આકુળતા અને ક્લેશ, ક્લેશ અને ક્લેશ ! ઉદયમાં જીવ ક્લેશ કર્યા જ કરે છે. આના ઉપરથી આ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના, જેમાં આવી કોઈ કડાકૂટ નથી. એક અંતરંગ વિચારણાથી, અનુત્તર, અસાધારણ સુંદર, અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવે છે કે, આથી કોઈ બીજો મોક્ષનો માર્ગ છે, આત્માની દૃષ્ટિ કરાવી 'સર્વ કાળને માટે સુખી કરે છે. એટલે કહ્યું શું ? તો કે વધારે જિવાયું તોપણ સુખી, ઓછું જિવાયું તોપણ સુખી, પાછળ જન્મવું હોય તોપણ સુખી, ન જન્મવું હોય તોપણ સુખી.' આત્માનો રસ્તો પકડ્યો કે જેને કંઈ સંયોગ સાથે (લેવાદેવા નથી). સંયોગની દૃષ્ટિ જેમાં ઊડી જાય છે, ગૌણ થઈ જાય છે, એમ. એ જરા વિચારણીય સ્થિતિ મૂકી છે.

૪

મુંબઈ, પોષ સુદ ૩, બુધ, ૧૯૪૬

નીચેના નિયમો પર બહુ લક્ષ આપવું.

૧. એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્ય વિના બીજી વાત ન કરવી જોઈએ.

૨. કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઈએ.

૩. પોતે ધીરજથી તેનો સદુત્તર આપવો જોઈએ.

૪. જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન હોય તે વાત ઉચ્ચારવી જોઈએ.

૫. ધર્મ સંબંધી હમણાં બહુ જ ઓછી વાત કરવી.

૬. લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહીં.

હવે, વાતચીતના વ્યવહારની અંદર થોડાંક વ્યવહારિક વિષયના નિયમો મૂક્યા છે, એ પણ બહુ સારી વાત છે. 'નીચેના નિયમો પર બહુ લક્ષ આપવું.' ચોથો આંક છે.

'૧. 'એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્ય વિના બીજી વાત ન કરવી જોઈએ.' જે વાત કરવી હોય એ લાંબી લાંબી ન થાય (એ જોવું જોઈએ), નહીંતર ન કરવી જોઈએ.

'૨. કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઈએ.' ધીરજથી (સાંભળવું) કે એ શું કહેવા માગે છે એ બરાબર સાંભળવું જોઈએ. એમ ને એમ અધ્ધરથી સામાની વાતને ઉડાવવી નહીં જોઈએ. આ કેટલો વ્યવહાર એ વખતે એમણે ૨૩મા વર્ષે વિચાર્યો છે !

'૩. પોતે ધીરજથી તેનો સદુત્તર આપવો જોઈએ.' જે વાત સામે આવે એનો ધીરજથી, સદુત્તર એટલે સારો ઉત્તર એણે આપવો જોઈએ, એટલે કે કોઈ પણ જાતના પૂર્વગ્રહથી ઉત્તર નહીં આપવો જોઈએ. સામાના પ્રત્યે પૂર્વગ્રહ રાખીને ઉત્તર નહીં આપવો જોઈએ. સામાનો બધો ખ્યાલ ભલે હોય કે, આનો અભિપ્રાય શું છે ? આની કેવી યોગ્યતા છે ? શું સમજીને પૂછે છે ? બધો ખ્યાલ હોય તોપણ પોતે હિત થાય એવી વાત કરવી જોઈએ. સ્વપરનું હિત થાય એ પ્રમાણે ધીરજથી ઉત્તર દેવો જોઈએ, બીજી રીતે ઉત્તર નહીં દેવો જોઈએ. એને સદ્ઉત્તર કહે છે.

'૪. જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન હોય તે વાત ઉચ્ચારવી જોઈએ.' પોતાની પ્રશંસાવાળી વાત નહીં કરવી જોઈએ. પોતાના આત્માને હાનિ થાય એવી વાત પણ નહીં ઉચ્ચારવી જોઈએ.

'૫. ધર્મ સંબંધી હમણાં બહુ જ ઓછી વાત કરવી.' પોતે જ્યાં સુધી પરિપક્વ દશામાં ન આવે ત્યાં સુધી ધર્મની વાતો કરવાથી પોતાની કોઈ ભૂલ હોય તો દૃઢ કરી જાય છે, એટલે એ વાત ઓછી કરવી.

૬. 'લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહીં.' અથવા લોકોની સાથે કોઈ વ્યવહારમાં પડવું નહીં.

મુમુક્ષુ :– ચર્ચામાં ન ઊતરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ધર્મવ્યવહારમાં ન પડવું.

૬

મુંબઈ, વૈશાખ વદ ૫, શુક્ર, ૧૯૪૬

ઇચ્છા વગરનું કોઈ પ્રાણી નથી. વિવિધ આશાથી તેમાં પણ મનુષ્ય પ્રાણી રોકાયેલું છે. ઇચ્છા, આશા જ્યાં સુધી અતૃપ્ત છે, ત્યાં સુધી તે પ્રાણી અધોવૃત્તિવત્ છે. ઇચ્છાજયવાળું પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.

છઠ્ઠો આંક બે લીટીમાં છે. 'ઇચ્છા વગરનું કોઈ પ્રાણી નથી. વિવિધ આશાથી તેમાં પણ મનુષ્ય પ્રાણી રોકાયેલું છે.' એને અનેક પ્રકારની આશા છે. તિર્યંચમાં એટલી બધી પ્રગટપણે પંચેન્દ્રિયના વિષયોની સુલભતા નથી. 'ઇચ્છા, આશા જ્યાં સુધી અતૃપ્ત છે, ત્યાં સુધી તે પ્રાણી અધોવૃત્તિવત્ છે.' ઇચ્છા અને આશા જ્યાં સુધી અતૃપ્ત છે અને એની અતૃપ્તિ ઊભી છે અને તૃપ્તિ માટે એને આકુળતા છે ત્યાં સુધી એ જીવની અધોવૃત્તિ છે. એટલે નીચા નીચા એના પરિણામ થાય છે.

'ઇચ્છાજયવાળું પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.' અને જેણે ઇચ્છા ઉપર જય મેળવ્યો એના પરિણામ ઊર્ધ્વ એટલે ઊંચી કોટિના પરિણામ થાય છે. એમ ઇચ્છાને અને અધોગતિને સીધો સંબંધ છે કે, જેટલી ઇચ્છા તીવ્ર, જેટલી મહત્ત્વકાંક્ષા તીવ્ર એટલા અધોગતિના પરિણામ થાય છે. ઇચ્છાજય સ્વરૂપ સમજે એને જ થાય, બીજાને તો થાય નહીં. પોતાને પોતાની પૂર્ણતા દેખાય એટલે બધેથી વાત છૂટી જાય કે, હું પૂર્ણ છું પછી મારે ક્યાં અધૂરાશ છે કે આ લઉં ને તે લઉં ? ત્યાં ઊર્ધ્વગતિના પરિણામ થાય છે.

મુમુક્ષુ :- એક પાંચમું જોઈએ ! પાંચમું !

૫

મુંબઈ, વૈશાખ વદ ૪, ગુરુ, ૧૯૪૬

આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

પૂજ્ય ભાઈશ્રી :– એક પદ છે,

'આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.'

કોઈ એક પદ રચી નાખ્યું છે. આમ તો વૈશાખ મહિનો છે.

પ્રશ્ન :– અનુભવનો વિષય હશે ?

સમાધાન :– એટલે શું છે કે એમને સંસ્કાર હતા ને ! એટલે એમની સુવિચારણામાં ઘણી યથાર્થ વાતો વ્યક્ત થઈ ગઈ છે. જે વિચારણા ચાલી છે એમાં, આ હવે પછીની જે એમની જ્ઞાનદશા છે, એ જ્ઞાનદશા સાથે સુસંગત બધી વિચારધારા ચાલી છે, વિરુદ્ધ નથી ચાલી એટલે એમાંથી આગળ વધીને જ્ઞાનદશામાં પહોંચ્યાં છે. એવી ઘણી વાતો આવી છે કે, જે સંસ્કારવશ એમને બહાર આવી ગઈ છે. આ કોઈ પદ રચી નાખ્યું છે.

૩

મુંબઈ, માગશર સુદ ૧–૨, રવિ, ૧૯૪૬

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ, હું એકાદશ વર્ષની પર્યાયે, છઠ્ઠ છઠ્ઠે સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં, પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમારપુર નગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ્ટ, ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને, બંને પગ સંકોચીને, લાંબા કર કરીને, એક પુદ્ગલમાં દૃષ્ટિ અડગ સ્થાપીને, અનિમેષ નયનથી, જરા શરીર નીચું આગળ ઝૂકી રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇન્દ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહા પ્રતિમા ધારણ કરીને, વિચરતો હતો. (ચમર)[1] (૧ શ્રી ભગવતીસૂત્ર, શતક ૩, ઉદ્દેશક ૨.)

પ્રશ્ન :- ત્રીજામાં એવી કોઈ પૂર્વ દશાની વાત છે ?

સમાધાન :- 'હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ, હું એકાદશ વર્ષની પર્યાયે, છઠ્ઠ છઠ્ઠે સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં, પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમારપુર નગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ્ટ, ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને, બંને પગ સંકોચીને, લાંબા કર કરીને, એક પુદ્‌ગલમાં દૃષ્ટિ અડગ સ્થાપીને, અનિમેષ નયનથી, જરા શરીર નીચું આગળ ઝૂકી રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇન્દ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહા પ્રતિમા ધારણ કરીને, વિચરતો હતો. (ચમર)'

આ તો શું છે ? કે એમણે ભગવતીસૂત્ર છે એનો કોઈ અનુવાદ કર્યો છે. નીચે જે Footnote છે એમાં એ વાત લખી છે. 'ચમર' કરીને કોઈ વ્યક્તિએ પોતાનું વૃતાંત લખ્યું હશે. એ ભગવતીસૂત્રના ત્રીજા શતકનો, બીજો ઉદ્દેશક છે, એનો (અનુવાદ હશે).

મુમુક્ષુ :- લાગે એમ કે પૂર્વ જન્મ પોતે લખ્યું હશે !

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, પોતાની વાત નથી. આ ભગવતીસૂત્રમાં આવી વાત છે એ પોતે લખી છે. ભગવતીસૂત્રનો અનુવાદ હોય કે પછી એ રીતથી કોઈ વાત લખી છે. એટલે આપણને ખાસ કોઈ એ પ્રયોજનનો વિષય નથી. આપણે બહુ અપ્રયોજનભૂત વિષયને નથી લેતા. એટલા માટે કે ગ્રંથ તો બહુ મોટો છે. પ્રયોજન, પ્રયોજનભૂત લેશું તોપણ બે-ચાર વર્ષ ઓછામાં ઓછા નીકળી જાય એવું છે અને બીજું જો લેવા જઈએ તો દસ વર્ષે (પણ) પૂરો (ન) થાય એવો ગ્રંથ (છે).

મુમુક્ષુ :- એવું લાગ્યું કે, આગલા જન્મનું હશે, એટલા એના ઉપરથી પ્રશ્ન પૂછ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ Footnote નીચે મૂકી છે ને ! એકડો કરીને લખ્યું છે એટલે વિષય સ્પષ્ટ છે. પછી આઠમામાં પણ થોડી દશા લખી છે. જેઠ મહિનામાં થોડી પરિસ્થિતિ સારી છે.

૮

મુંબઈ, જેઠ સુદ ૧૧, શુક્ર, ૧૯૪૬

સવારના છ થી આઠ સુધીનો વખત સમાધિયુક્ત ગયો હતો. અખાજીના વિચારો ઘણા સ્વસ્થ ચિત્તથી વાંચ્યા હતા, મનન કર્યાં હતા.

'સવારના છ થી આઠ સુધીનો વખત સમાધિયુક્ત ગયો હતો.' સમાધિયુક્ત એટલે શું છે (કે), પુરુષાર્થ, જે પોતાનો સ્વસન્મુખનો પુરુષાર્થ છે, એમાં સારો રસ (આવ્યો છે). (જ્યારે) રસ વધે છે ત્યારે એ પ્રકાર ઠીક જણાય છે. સ્વસન્મુખના પુરુષાર્થમાં સ્વકાર્યનો રસ સારો વધે છે, એ સંબંધી સમાધિયુક્ત વખત ગયો હતો. 'અખાજીના વિચારો ઘણા સ્વસ્થ ચિત્તથી વાંચ્યા હતા, મનન કર્યાં હતા.' એક અખાભગત થઈ ગયા છે, કેટલીક તાત્ત્વિક વાતો એમણે લખી છે.

૧૨

મુંબઈ, અષાડ સુદ ૪, શનિ, ૧૯૪૬

કળિકાળે મનુષ્યને સ્વાર્થપરાયણ અને મોહવશ કર્યાં.

જેનું હૃદય શુદ્ધ, સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે.

સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણિ ઘણું કરીને પતિત થાય છે.

પછી બારમો આંક છે. 'કળિકાળે મનુષ્યને સ્વાર્થપરાયણ અને મોહવશ કર્યાં.' સામાન્ય રીતે મનુષ્યોની પરિસ્થિતિ મૂકી છે કે આ કાળમાં માણસો સ્વાર્થપરાયણ છે, એટલે કે પોતાના જ સુખનો વિચાર કરે છે. એને લઈને બીજાને શું પ્રતિકૂળતા, દુઃખ થાય છે એનો વિચાર નથી કરતાં અને તીવ્ર મોહાવેશ, મોહવશ વર્તે છે.

પરંતુ 'જેનું હૃદય શુદ્ધ, સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે.' આ પાત્રતા લીધી. આવા કાળમાં પણ જેનું હૃદય શુદ્ધ, શુદ્ધ એટલે હેતુશુદ્ધતા. મારો આશય, મારો હેતુ, મારો ઉદ્દેશ, મારું ધ્યેય એકદમ શુદ્ધ છે. એ હૃદયથી હોય છે એટલે એનું હૃદય લઈ લીધું. 'સંતની બતાવેલી વાટે ચાલે છે...' (એટલે કે) જ્ઞાનીના માર્ગે જેનું હૃદય આકર્ષાય છે, એને ધન્ય કહીએ. આવા કાળની અંદર જો કોઈ સત્પુરુષના માર્ગે ચાલવા માટે હૃદયથી તૈયાર થાય, અંતરંગથી તૈયાર થાય, અંતરથી તૈયાર થાય તે પાત્ર છે, એને ધન્યતા આપે છે.

'સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણિ ઘણું કરીને પતિત થાય છે.' કેમકે પડખાં ચોખ્ખાં નથી થતાં ને ? કોઈ વખત પોતે એકલો એકલો પુરુષાર્થ કરતો હોય છે તો એની અંદર કોઈ ક્ષતિ રહી ગઈ હોય છે, કોઈ શિથિલતા રહી ગઈ હોય છે, પોતાને ખ્યાલ નથી હોતો (એટલે) પડી જાય છે. પણ ચારેય પડખાં ચોખ્ખાં થઈને એવી ઠોસ દશા થઈ હોય છે એ પડતો નથી એટલે ઘણું કરીને એ વાત લીધી છે. બધા પડે જ, એમ નહીં હોં પાછું ! નિયમ નથી, પણ પડે છે એમાં આવું કારણ ઘણું કરીને સમજવું જોઈએ, એટલી વાત છે. એ અષાડ મહિનામાં એ સત્સંગનું એક પાસુ રજૂ કર્યું છે કે સત્સંગનો લાભ કેટલો છે, એમ. જ્ઞાનદશા આવે પણ સત્સંગપૂર્વક આવે તો વધારે સુદઢ હોય છે.

૧૩

મુંબઈ, અષાડ સુદ ૫, રવિ, ૧૯૪૬

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો :-

ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તોપણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે.

એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું :-

ધર્મ સંબંધી વધારે વાતચીત આ કાળમાં ગૃહવાસપરત્વે ન આવે

તો સારું.

ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત. દુઃખને સહન કરી, ક્રમની સાચવણીના પરિષહને સહન કરી, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમું, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે.' ઘેરામાં ઘેરાઈશ નહીં. ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં. દુઃખી થઈશ, પશ્ચાત્તાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર – પ્રીતિપૂર્વક ઉતાર.

૧. કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે, એમ માન.

૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું.

૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.

૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે. સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહારસંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં પણ કંઈ મારું વિપરીતાચરણ મનવચનકાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો

તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભયોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણિમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણિ તમને અપ્રિય હશે તોપણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.

૧૩. 'જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો :– ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તોપણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે.'

'એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું :–' એમ પોતાની જ ડાયરીમાં પોતાની વાત લખી છે કે 'ધર્મ સંબંધી વધારે વાતચીત આ કાળમાં ગૃહવાસપરત્વે ન આવે તો સારું.'

'ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત. દુ:ખને સહન કરી, ક્રમની સાચવણીના પરિષહને સહન કરી, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમું, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે.' વસમું છે તે સમું થશે. 'ઘેરામાં ઘેરાઈશ નહીં. ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં. દુ:ખી થઈશ, પશ્ચાત્તાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર – પ્રીતિપૂર્વક ઉતાર.' એમ કરીને પોતે પોતાનું જીવન કેવી રીતે જીવવું છે, એની એક લાઇનદોરી નક્કી કરી છે.

'૧. કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે, એમ માન.' તું કોઈના દોષ જો મા. તને તારામાં જે કંઈ પરિણામ થાય છે, એ તારા દોષથી થાય છે, એમ માન.

'૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું.' કેવું પોતે પોતાના માટે વિચાર્યું છે ! હું મારા માટે આમ વિચારું છું, એમ કરીને લખ્યું છે.

'૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.' એટલે બીજાની સાથેનો જે વ્યવહાર છે, એ સરળતાપૂર્વકનો અને સાલસ હોય એ પ્રકાર તારો હોવો જોઈએ.

'૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે.' આ સરળતા બતાવે છે. 'સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહારસંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં પણ કંઈ મારું વિપરીતાચરણ મનવચનકાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો

કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભયોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણિમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણિ તમને અપ્રિય હશે તોપણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.' આ સરળતાના પરિણામ કેટલા બધા છે કે, જેની સાથે વ્યવહાર પડ્યો છે એને કે એના કોઈ આજ્ઞાંકિત માણસ હોય, જેમ નોકર-ચાકર આજ્ઞાંકિત હોય કે, જે શેઠ કહે એ કામ આપણે કરી દેવું.

પ્રશ્ન :- કોઈ ભાગીદારીમાં ધંધો કરતા હતા ?

સમાધાન :- હજી તો ધંધામાં જોડાયા નથી પણ હવે...

મુમુક્ષુ :- મુંબઈમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કારણ કે આગળમાં આવે છે ને કે રેવાશંકરજી આવવાના છે.

મુમુક્ષુ :- રેવાશંકર બર્માવાળા ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ પેલા હતા ને ? એમના કાકાના...

મુમુક્ષુ :- રેવાશંકર જગજીવન અને પ્રાણજીવન ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ રેવાશંકર એમના સસરા થાય છે, તો પ્રાણજીવનદાસ એમના કાકાજી સસરા થાય છે.

મુમુક્ષુ :- ડૉ. પ્રાણજીવનદાસ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પછી પોતે પાછળથી પ્રાણજીવનદાસ સાથે ભાગીદારીમાં પડ્યા છે. આ એમના સસરા થાય. એટલે જેની સાથે એમને વ્યવહાર પડ્યો હોય એની સાથે કેટલી સરળતાથી વર્તવું, એનો એક અસાધારણ નમૂનો છે. સંક્ષેપમાં લઈએ તો એટલી વાત છે. કેમકે અનેક પ્રકારના સંબંધો તો જીવને છે. સગાઈના સંબંધો છે, વ્યવહારના સંબંધો

છે. પણ જેમ પરેચ્છાનુચારી હોય, બીજાની ઇચ્છાને સરળતાથી અનુસરવું, એવી રીતે આખા એમણે પોતાના વિચાર ગોઠવ્યા છે.

૧૬

મુંબઈ, અષાડ વદ ૧૨, રવિ, ૧૯૪૬

દૃષ્ટિ એવી સ્વચ્છ રાખો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે; અને દેખાયાથી ક્ષય થઈ શકે.

૧૬. 'દૃષ્ટિ એવી સ્વચ્છ રાખો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે;...' આ અંતર અવલોકનનો વિષય અષાડ મહિનામાં સ્પષ્ટ આવ્યો છે. દૃષ્ટિ એવી સ્વચ્છ કરો એટલે અંદરનું જ્ઞાન એવું ચોખ્ખું રાખો કે, જેમાં પોતાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે 'અને દેખાયાથી ક્ષય થઈ શકે.' કેમકે જ્યારે કોઈ જીવ પોતાના દોષને ટાળવાના ઉદ્દેશથી દોષનું અવલોકન કરે છે એટલે એ દોષનો રસ તૂટી જાય છે. ગમે તેવો રાગ, ગમે તેવો દ્વેષ (હોય) એનો એકદમ રસ ભંગ થઈ જાય. એટલે એ દૃષ્ટિ કેળવો, દૃષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં પોતાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે અને દેખાયાથી ક્ષય થઈ શકે. એવી દૃષ્ટિએ પોતાના દોષને જુઓ.

૧૮

વવાણિયા, આસો સુદ ૧૧, શુક્ર, ૧૯૪૬

આ બંધાયેલા પામે છે મોક્ષ એમ કાં ન કહી દેવું ?
એવી કોને ઇચ્છા રહી છે કે તેમ થવા દે છે ?
જિનનાં વચનની રચના અદ્‌ભુત છે, એમાં તો ના નહીં.
પણ પામેલા પદાર્થનું સ્વરૂપ તેનાં શાસ્ત્રોમાં કાં નહીં ?
શું તેને આશ્ચર્ય નહીં લાગ્યું હોય, કાં છુપાવ્યું હશે ?

મુમુક્ષુ :- આ પાછો આવ્યો આસો સુદ અગિયારસ, આસો સુદ અગિયારસ જ્ઞાનદશાની પ્રાપ્તિનો સંકેત કર્યો. એ જ દિવસે થયો ને ? અઢારમો આંક...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ દિવસનો છે, એ જ દિવસનો અઢારમો આંક છે.

'આ બંધાયેલા પામે છે મોક્ષ એમ કાં ન કહી દેવું ? એવી કોને ઇચ્છા રહી છે કે તેમ થવા દે છે ? જિનનાં વચનની રચના અદ્ભુત છે, એમાં તો ના નહીં.' ચાર તો પ્રશ્નો છે, એક વચ્ચેનો બોલ પ્રશ્ન વગરનો છે. 'પણ પામેલા પદાર્થનું સ્વરૂપ તેનાં શાસ્ત્રોમાં કાં નહીં ? શું તેને આશ્ચર્ય નહીં લાગ્યું હોય, કાં છુપાવ્યું હશે ?' પ્રશ્નો ઉઠાવીને મૂકી દીધા છે. એ શાસ્ત્રમાં તો ક્યાંથી લખે ? જે વચનાતીત છે, જે અચિંત્ય વસ્તુ છે, અચિંત્ય માર્ગ છે, અચિંત્ય અનુભવ છે. શાસ્ત્રમાં કેવી રીતે લખે ? શાસ્ત્રમાં કેમ પામેલા પદાર્થનું વર્ણન નથી ? તો શું તેને આશ્ચર્ય નહીં લાગ્યું હોય ? કાં છુપાવ્યું હશે ? એમ. તર્ક કર્યો છે, એટલી વાત છે.

### ૧૫૭ અ

તે શ્રીમાન્ પુરુષોત્તમ, સત્-ચિત્-આનંદરૂપે સર્વત્ર ભરપૂર છે. મૂર્તિમાન ! (ગુરુગમ) સ્વરૂપ અક્ષરધામમાં બિરાજે છે. અમે તે મૂર્તિમાન સ્વરૂપને શું વર્ણવીએ ? એ સ્વરૂપ વિચારતાં, સંભારતાં, અમને તો પરમ સમાધિ આવે છે. અહો તે સ્વરૂપ ! અહો તે સ્વરૂપ ! અહો અમારું મહાભાગ્ય કે આ જન્મને વિષે અમને તેની ભક્તિની દૃઢ રુચિ થઈ !

પછી ૧૫૭ અ કરીને છે. 'તે શ્રીમાન્ પુરુષોત્તમ, સત્-ચિત્-આનંદરૂપે સર્વત્ર ભરપૂર છે. મૂર્તિમાન ! (ગુરુગમ) સ્વરૂપ અક્ષરધામમાં બિરાજે છે. અમે તે મૂર્તિમાન સ્વરૂપને શું વર્ણવીએ ? એ સ્વરૂપ વિચારતાં, સંભારતાં, અમને તો પરમ સમાધિ આવે છે. અહો તે સ્વરૂપ ! અહો તે સ્વરૂપ ! અહો અમારું મહાભાગ્ય કે આ જન્મને વિષે અમને તેની ભક્તિની દૃઢ રુચિ થઈ !' એ સ્વરૂપને ઉદ્દેશીને લખ્યું છે.

મુમુક્ષુ :- આમાં પણ ઘણું જોર છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, સારું છે. એમાં પછી ઉપર પાછું કાંઈ તારીખ, મિતિ, હવેના આંકમાં ક્યાંય નથી નાખતા. ખાલી નંબર જ લખે છે. આંક નથી લખતા ને ૧૮ પછી સીધો ૧૫૭ આવ્યો. વચ્ચેના પાના નથી. પછી બધા લગભગ ક્રમથી છે. ૧૬૪ સુધી ક્રમથી છે.

મુમુક્ષુ :– ૧૮ તો રોજનીશીનો છે. આ તો Continueનો નંબર છે.

બીજા મુમુક્ષુ :– ૧૫૭માં અઢાર છે. ભાઈ ! ૧૫૭માં રોજનીશી આવી, પેટામાં અઢાર નંબર સુધી. પછી ૧૫૭-અ શરૂ થયો, એમ. ૨૩૨ પાને જે છે ને ૧૫૭ નંબરના પેટામાં ચાલે (છે) રોજનીશી.

પૂજ્ય ભાઈશ્રી :– અચ્છા, ૧૫૭ આંક ચાલે છે, ઠીક છે. ને અઢારમાં આંક પૂરા થઈ ગયા, એમ લેવું છે ?

મુમુક્ષુ :– નહીં, ૧૬૦માં પાછા આવી ગયા. ૧૬૦ પત્રાંક છે એમાં પાછા રોજનીશીના પાના આવી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– અચ્છા, પછી ૧૫૭-અ થી પછી ૧૫૮માં પત્રાંક શરૂ થઈ ગયા, એમ લઈ લેવું કે નહીં ? કેમકે ચોવીસમા વર્ષમાં પછી જે પત્રો શરૂ થાય છે એમાં ૧૬૪ પછી ૧૬૫મો આંક લીધો. એટલે ૧૫૮ પછી પાછા પત્રાંક શરૂ થઈ ગયા, આંક શરૂ થઈ ગયા. ૧૫૭માં રોજનીશી પેટામાં આવી ગઈ. ૧૫૭-અ કરીને છેલ્લું લઈ લીધું. પછી ૧૫૮થી પત્રો શરૂ થાય છે.

મુમુક્ષુ :– ૧૬૦માં પાછું રોજનીશીના છૂટા પાના કોઈ પાસેથી મળી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો એ લીધું છે, એટલે, આમાં (કોઈ) પત્રો નથી. કેમકે કોઈને ઉદ્દેશીને કોઈ વાત નથી, એમ. પણ છૂટા છૂટા પાના મળી ગયા છે. પણ સમય ગોઠવીને, આ ત્રેવીસમા વર્ષમાં ગોઠવ્યો છે એટલે એ જ રીતે હશે. સમયનો મેળ ગોઠવીને કર્યું છે.

મુમુક્ષુ :– હરિ, હરિ શબ્દ વાપર્યો છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, અહીંથી હવે લગભગ એમનું જે લખાણ છે, એ જે હિન્દુ શાસ્ત્રોને અનુસરીને જે લખાણ હોય, એ ટાઇપનું લખાણ છે. ૧૫૯ લઈએ.

## પત્રાંક – ૧૫૯

### તે અચિંત્યમૂર્તિ હરિને નમસ્કાર

પરમ પ્રેમસ્વરૂપ આનંદમૂર્તિ આનંદ જ જેનું સ્વરૂપ છે એવા શ્રીમાન હરિના ચરણકમળની અનન્ય ભક્તિ અમો ઇચ્છીએ છીએ. વારંવાર અને અસંખ્ય પ્રકારે અમોએ વિચાર કર્યો કે શી રીતે અમે સમાધિરૂપ હોઈએ ? તો તે વિચારનો છેવટે નિર્ણય થયો કે સર્વરૂપે એક શ્રી હરિ જ છે એમ તારે નિશ્ચય કરવો જ.

સર્વત્ર આનંદરૂપ સત્ છે. વ્યાપક એવા શ્રી હરિ નિરાકાર માનીએ છીએ અને કેવળ તે સર્વના બીજભૂત એવા અક્ષરધામને વિષે શ્રી પુરુષોત્તમ સાકાર સુશોભિત છે.

કેવળ તે આનંદની જ મૂર્તિ છે. સર્વ સત્તાની બીજભૂત તે શાશ્વત મૂર્તિને ફરી ફરી અમે જોવા તલસીએ છીએ.

અનંત પ્રદેશભૂત એવું તે શ્રી પુરુષોત્તમનું સ્વરૂપ રોમે રોમે અનંત બ્રહ્માંડાત્મક સત્તાએ ભર્યું છે, એમ નિશ્ચય છે, એમ દૃઢ કરું છું.

આ સૃષ્ટિ પહેલાં તે શ્રીમાન પુરુષોત્તમ એક જ હતા અને તે પોતાની ઇચ્છાથી જગતરૂપે થયેલ છે.

બીજભૂત એવા તે શ્રીમાન પરમાત્મા આવી મહા વિસ્તાર સ્થિતિમાં આવે છે. સર્વત્ર ભરપૂર એવો અમૃતરસ તે બીજને વૃક્ષ સમ થવામાં શ્રી હરિ પ્રેરે છે.

સર્વ પ્રકારે તે અમૃતરસ તે શ્રી પુરુષોત્તમની ઇચ્છારૂપ નિયતિને અનુસરે છે કારણ કે તે તે જ છે.

અનંતકાળે શ્રીમાન હરિ આ જગતને સંપેટે છે. ઉત્પત્તિ પ્રથમ બંધ મોક્ષ કાંઈ હતુંયે નહીં અને અનંત લય પછી હશે પણ નહીં. હરિ એમ ઇચ્છે જ છે કે એક એવો હું બહુરૂપે હોઉં અને તેમ હોય છે.

૧૫૯ લઈએ. 'પરમ પ્રેમસ્વરૂપ આનંદમૂર્તિ આનંદ જ જેનું સ્વરૂપ છે એવા શ્રીમાન હરિના ચરણકમળની અનન્ય ભક્તિ અમો ઇચ્છીએ છીએ.' આ અન્યમત જેવું લાગે પણ વાત મૂળ અંદર પોતાની કરે છે. 'વારંવાર અને અસંખ્ય પ્રકારે અમોએ વિચાર કર્યો કે શી રીતે અમે સમાધિરૂપ હોઈએ ? તો તે વિચારનો છેવટે નિર્ણય થયો કે સર્વરૂપે એક શ્રી હરિ જ છે એમ તારે નિશ્ચય કરવો જ.' એમ બધા આત્મામાં સમદૃષ્ટિ લેવી.

'સર્વત્ર આનંદરૂપ સત્ છે. વ્યાપક એવા શ્રી હરિ નિરાકાર માનીએ છીએ અને કેવળ તે સર્વના બીજભૂત એવા અક્ષરધામને વિષે શ્રી પુરુષોત્તમ સાકાર સુશોભિત છે.

કેવળ તે આનંદની જ મૂર્તિ છે. સર્વ સત્તાની બીજભૂત તે શાશ્વત મૂર્તિને ફરી ફરી અમે જોવા તલસીએ છીએ.

અનંત પ્રદેશભૂત એવું તે શ્રી પુરુષોત્તમનું સ્વરૂપ રોમે રોમે અનંત બ્રહ્માંડાત્મક સત્તાએ ભર્યું છે, એમ નિશ્ચય છે, એમ દૃઢ કરું છું.

આ સૃષ્ટિ પહેલાં તે શ્રીમાન પુરુષોત્તમ એક જ હતા અને તે પોતાની ઇચ્છાથી જગતરૂપે થયેલ છે.' આમ જોઈએ તો અન્યમત જેવું લાગે.

મુમુક્ષુ :– પણ અમારે શુદ્ધ સ્વરૂપનું રટણ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ ઈ ઘટાવી શકાય પણ આ લોકોએ કાંઈ બહુ વિચાર કરીને નથી નાખ્યું. જે કાગળ એમનો લખેલો હાથમાં આવ્યો, એ છાપી નાખ્યો છે.

'બીજભૂત એવા તે શ્રીમાન પરમાત્મા આવી મહા વિસ્તાર સ્થિતિમાં આવે છે. સર્વત્ર ભરપૂર એવો અમૃતરસ તે બીજને વૃક્ષ સમ થવામાં શ્રી હરિ પ્રેરે છે.

સર્વ પ્રકારે તે અમૃતરસ તે શ્રી પુરુષોત્તમની ઇચ્છારૂપ નિયતિને અનુસરે છે કારણ કે તે તે જ છે.

અનંતકાળે શ્રીમાન હરિ આ જગતને સંપેટે છે. ઉત્પત્તિ પ્રથમ બંધ મોક્ષ કાંઈ હતુંયે નહીં અને અનંત લય પછી હશે પણ નહીં. હરિ એમ ઇચ્છે જ છે કે એક એવો હું બહુરૂપે હોઉં અને તેમ હોય છે.'

મુમુક્ષુ :– આ પત્ર બહુ જૂના હોય ! બહુ જૂના વખતના પત્રો (હશે).

પૂજ્ય ભાઈશ્રી :– બનવાજોગ છે, કારણ કે કાંઈ તારીખ-વાર નથી, એમ અહીંયાં ગોઠવી દીધા છે. પણ અહીંયાં એ બધું જે, એ વખતનું હિન્દુધર્મનું સાહિત્ય વાંચ્યું હશે એટલે બધી હરિ, બ્રહ્મ અને પરમાત્મા ને પુરુષોત્તમ ને એ બધા શબ્દપ્રયોગ એમણે કર્યા

છે. બ્રહ્મ, બ્રહ્મનું વચ્ચે બહુ લખ્યું છે, આખું પાનું, તેવીસ પાનું, ચોવીસ પાનું, છવ્વીસ. સર્વ બ્રહ્મ, બ્રહ્મ, બ્રહ્મ, બ્રહ્મ એમ કરીને. સર્વ બ્રહ્મ, પંચ બ્રહ્મ. બ્રહ્મ એટલે ત્રિકાળ રહેનારું, એમ. બ્રહ્મનો અર્થ એ છે. ફેરફાર વગર ત્રિકાળ રહેનારો પારિણામિકભાવસ્વરૂપ.

મુમુક્ષુ :– જે એકધારા ઊપડી છે, એમાં વચ્ચે આ નાખ્યું છે એ સંકલનમાં ખોટું કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો મૂળ શું છે કે, સાહિત્યનું કામ પણ એ અંગેના બહુ તૈયાર માણસો હોય એનું આ બધું કામ છે, વિદ્વાનોનું કામ છે !

પછી ૧૬૧ અને ૧૬૨માં એમનો જે દર્શનપરિષહ છે, અજ્ઞાનપરિષહ છે એ સ્પષ્ટ થાય છે. ૧૬૨ બહુ સ્પષ્ટ છે. ૧૬૧ જરા વિસ્તારવાળો છે પણ એમાંથી એવું કંઈ નીકળતું નથી. એમાં બીજા ઘણા પ્રશ્નો એવા ઉઠાવ્યા છે, જેની કોઈ ચર્ચા કરવાનો બહુ અર્થ નથી. ૧૬૨માં જરા જોઈએ.

મુમુક્ષુ :– આ જે નંબર છે એ સંકલનકારના પોતાના પાડેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાના પાડેલા છે.

મુમુક્ષુ :– અહીંયાં પત્રો મેળ વગર ગોઠવી દીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ગોઠવી દીધા છે.

## પત્રાંક – ૧૬૨

હે શ્રી....! તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે ? નિઃસંદેહ થઈને રહો, અને એ જ તમારો સ્વભાવ છે.

હે અંતરાત્મા ! તમે કહ્યું જે વાક્ય તે યથાર્થ છે, નિઃસંદેહપણે સ્થિતિ એ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા છે.

હે શ્રી...! તમને જે કંઈ સંદેહ વર્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.

હે અંતરાત્મા ! વર્તમાન આત્મદશા જોતાં જો પરમ સત્સમાગમ પ્રાપ્ત થયો હોય, અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.

હે શ્રી...! તમે કહો છો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી, પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દૃઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરુષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતીત કરો.

હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે, અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્તીપણે વર્ત્યા કરે છે; જેથી અમને તેમના સમાગમમાં તો નિજવિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે, અને પ્રતિબંધ થઈ સ્વવિચારદશા બહુ આગળ ન વધે, એટલે સંદેહ તો તેમ જ રહે. એવું સંદેહસહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોના એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે, માટે શું કરવું તે સૂઝતું નથી.

'હે શ્રી....!' એટલે પોતાને સંબોધીને કરે છે. હે શ્રી... એટલે પોતે. 'તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે ? નિઃસંદેહ થઈને રહો, અને એ જ તમારો સ્વભાવ છે.' નિઃશંકતા તમારો સ્વભાવ છે.

હે અંતરાત્મા ! તમે કહ્યું જે વાક્ય તે યથાર્થ છે, નિઃસંદેહપણે સ્થિતિ એ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા છે.

હે શ્રી...! તમને જે કંઈ સંદેહ વર્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.

હે અંતરાત્મા ! વર્તમાન આત્મદશા જોતાં જો પરમ સત્સમાગમ પ્રાપ્ત થયો હોય, અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.

હે શ્રી...! તમે કહો છો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી, પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરુષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતીત કરો.

હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે,...' પોતે ને પોતે કહે છે કે અત્યારે અમને કોઈ ઉચ્ચ કોટીના સંત-મહાત્માનો સમાગમ નથી પણ મુમુક્ષુઓનો છે. એને સામાન્ય સત્‌સમાગમ કહ્યો. તો કહે એ સામાન્ય સત્‌સમાગમમાં આવનારા તો અમને પૂછીને પોતાનું સંદેહ નિવૃત્ત કરવા ઇચ્છે છે. 'અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્તીપણે વર્ત્યા કરે છે; જેથી અમને તેમના સમાગમમાં તો નિજવિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે, અને પ્રતિબંધ થઈ સ્વવિચારદશા બહુ આગળ ન વધે, એટલે સંદેહ તો તેમ જ રહે. એવું સંદેહસહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોના એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે, માટે શું કરવું તે સૂઝતું નથી.'

મુમુક્ષુ :- બહુ મુદ્દાનું નાખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે (તો) અધૂરો છલકાય ! એના બદલે એમ કહે છે, નહીં. જ્યાં સુધી મારી પરિપકવ દશા ન આવે ત્યાં સુધી બીજો મને પૂછે અને હું એને સમજાવું અને ઉત્તર દઉં એ મને પસંદ નથી, એમ એમનું કહેવું છે.

મુમુક્ષુ :– મુમુક્ષુએ ખાસ કાળજી રાખવાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કાળજી રાખવાની વાત છે.

મુમુક્ષુ :– આ જે પત્ર છે, એમાં કોઈ તિથિ, વાર કંઈ નથી. આ જે હમણાં વંચાણો એમાં કાંઈ તિથિ નથી એટલે આગળ-પાછળ સંકલન કરનારને...

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખ્યાલ નથી, ક્યારનો છે.

મુમુક્ષુ :– તિથિ હોત તો ક્રમસર મૂક્યો હોત, ક્યાંય તારીખ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ક્યાંય તારીખ નથી.

## પત્રાંક – ૧૬૧

સદ્‌ગુરુનો યોગ તો બાઝતો નથી. અને અમને સદ્‌ગુરુ તરીકે ગણવાનું થાય છે. તે કેમ કરવું ? અમે જે વિષયમાં શંકામાં છીએ તે વિષયમાં બીજાને શું સમજાવવું ? કંઈ સમજાવ્યું જતું નથી અને વખત વીત્યો જાય છે. એ કારણથી તથા કંઈક વિશેષ ઉદયથી ત્યાગ પણ થતો નથી. જેથી બધી સ્થિતિ શંકારૂપ થઈ પડી છે. આ કરતાં તો અમારે ઝેર પીને મરવું તે ઉત્તમ છે, સર્વોત્તમ છે.

દર્શનપરિષહ એમ જ વેદાય ?

તે યોગ્ય છે. પણ અમને લોકોનો પરિચય 'જ્ઞાની છીએ' એવી તેમની માન્યતા સાથે ન પડ્યો હોત તો ખોટું શું હતું ?

તે બનનાર.

અરે ! હે દુષ્ટાત્મા ! પૂર્વે ત્યાં બરાબર સન્મતિ ન રાખી અને કર્મબંધ કર્યા તો હવે તું જ તેનાં ફળ ભોગવે છે. તું કાં તો ઝેર પી અને કાં તો ઉપાય તત્કાળ કર. .....

'સદ્‌ગુરુનો યોગ તો બાઝતો નથી.' ૨૪૨ પાને સૌથી નીચે, 'સદ્‌ગુરુનો યોગ તો બાઝતો નથી. અને અમને સદ્‌ગુરુ તરીકે ગણવાનું થાય છે. તે કેમ કરવું ? અમે જે વિષયમાં શંકામાં છીએ તે વિષયમાં બીજાને શું સમજાવવું ? કંઈ સમજાવ્યું જતું નથી અને વખત વીત્યો જાય છે. એ કારણથી તથા કંઈક વિશેષ ઉદયથી ત્યાગ પણ થતો નથી. જેથી બધી સ્થિતિ શંકારૂપ થઈ પડી છે. આ કરતાં તો અમારે ઝેર પીને મરવું તે ઉત્તમ છે, સર્વોત્તમ છે. દર્શનપરિષહ એમ જ વેદાય ?' આ એમનો દર્શનપરિષહનો કાળ છે. દર્શનપરિષહ એટલે દર્શનમોહ. (દર્શનમોહ) કાઢ્યો જતો નથી અને રાખ્યો પોસાતો નથી ત્યારે જે આકુળતા થાય છે એને દર્શનપરિષહ કહે છે. એ સ્થિતિમાં ડાયરીની અંદર લખેલી વાતો છે.

'તે યોગ્ય છે. પણ અમને લોકોનો પરિચય 'જ્ઞાની છીએ' એવી તેમની માન્યતા સાથે ન પડ્યો હોત તો ખોટું શું હતું ?' તો કહે, 'તે બનનાર.' પાછા પોતે ને પોતે સમાધાન કરે છે. 'અરે ! હે દુષ્ટાત્મા ! પૂર્વે ત્યાં બરાબર સન્મતિ ન રાખી અને કર્મબંધ કર્યા તો હવે તું જ તેનાં ફળ ભોગવે છે. તું કાં તો ઝેર પી અને કાં તો ઉપાય તત્કાળ કર.'

(વિશેષ લઈશું...)

અંતર સ્વરૂપ અનાદિથી ગુપ્ત છે. અંતરશોધન દ્વારા તે શ્રદ્ધાન જ્ઞાનમાં લેવાય છે. સ્વરૂપની જ જેને તીવ્ર જિજ્ઞાસા છે, જે સર્વ પ્રયત્નથી તેને જ ખોળે છે તેને જરૂર તે મળે છે. સત્પુરુષોના વચનોની અંતર મેળવણી કરી સત્યનો-સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. તે પણ અપૂર્વ છે.

– પૂજ્ય ભાઈશ્રી ('અનુભવ સંજીવની' – ૧૯૪૩)

પત્રાંક – ૧૬૬.

મુંબઈ, કાર્તિક સુદ ૬, ભોમ, ૧૯૪૭

સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?

નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષનાં સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે :–

૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.

૨. કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.

૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્ધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.

તા. ૩-૦૮-૧૯૯૭, પ્રવચન નં. ૩૭
પત્રાંક - ૧૬૬

૧૬૬મો પત્ર છે. 'સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?' સત્પુરુષના એક વચનમાં અથવા એક શબ્દમાં કેટલી ગંભીરતા છે એના ઉપર ધ્યાન ખેંચ્યું છે. કેટલા આગમ રહ્યાં છે ? અનંત આગમ રહ્યાં છે. 'એ વાત કેમ હશે ?' કેવા પ્રકારે હશે ? વિચારવા યોગ્ય છે, એમ કહે છે. પોતે તો પ્રશ્ન ચિહ્ન કરીને આગળ કંઈ લખ્યું નથી. એ વાત મુમુક્ષુને વિચારવા માટે મૂકી છે. તને સત્પુરુષના શબ્દનું અથવા વચનનું મૂલ્યાંકન કેટલું છે ? કેવી રીતે હશે કહો ? કેમ હશે એમ પૂછ્યું છે. શું વિચાર આવે છે ? એક વાક્યમાં (લખીને) પછી પાછું કોમા કરીને એમ લખ્યું છે કે એક શબ્દમાં અનંત આગમ ભર્યાં છે. થોડા આગમ ભર્યાં નથી, હજારો આગમ ભર્યાં છે એમ ન કહ્યું, એક જ શબ્દમાં અનંત આગમ ભર્યાં છે ! એવો ક્યો શબ્દ હશે ?!

મુમુક્ષુ :- અનંત નયોની સંધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંત નયની સંધિ તો છે, એ વાત પણ છે. અભેદ ભાવે અનંત નયની સંધિ પણ છે. અનંતકાળમાં અનંત આગમોની ઉત્પત્તિ થઈ (તે) ક્યાંથી થઈ ? આત્મામાંથી ! આત્મા એ કેટલો શબ્દ છે ? એક શબ્દ છે. જ્ઞાની એમ કહે કે 'આત્મા...' એટલે એમાં અનંત આગમ છે. આવ્યું કે ન આવ્યું ? આત્મામાંથી જો અનંત આગમ નીકળ્યા હોય તો જ્ઞાનીના એક 'આત્મા' નામના શબ્દમાં અનંત આગમ છે. (પણ) જ્ઞાનીના હોં ! 'આત્મા' શબ્દ તો અજ્ઞાની પણ બોલે. આત્મજ્ઞાન ન હોય એ પણ 'આત્મા' શબ્દ કહે, પણ એમાં કાંઈ નથી. એમાં કાંઈ જ નથી. જ્યારે જ્ઞાનીના એક શબ્દમાં, 'આત્મા' એમ કહે તો એમાં અનંત આગમ ભરેલા છે. એવો આત્મા એમના જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને એ બોલે છે માટે. શા માટે (અનંત આગમ છે) ? કે આત્માને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને કહે છે માટે એ 'આત્મા' શબ્દની અંદર અનંત આગમ ભરેલા છે. જેને આત્મા પ્રત્યક્ષ નથી અથવા

આત્મા જોયો નથી એના શબ્દમાં તો કાંઈ માલ નથી. એ રીતે એ વાત છે. કેમ હશે ? કે આમ છે.

એના ઉપરથી બીજું એમ પણ લેવું છે કે, જ્ઞાનીના કોઈ એક વચનમાં કે કોઈ એક શબ્દનું મૂલ્ય, આગમોનું મૂલ્ય છે એટલું જ છે, ઓછું મૂલ્ય નથી. કોઈ એમ કહે કે, આ તો જ્ઞાનીના વચન છે કંઈ આચાર્યના વચન નથી માટે એને આગમ ન કહેવા, (તો) એ વાત ભૂલ ભરેલી છે.

જે ૐકારધ્વનિ જિનવાણી છે, સીધી જ જિનવાણી છે, – ૐકારધ્વનિ એટલે જિનેન્દ્રના નિમિત્તથી ઉત્પન્ન થયેલી જિનવાણી છે, એ જિનવાણી આચાર્યની વાણી પણ છે અને એ જિનવાણી જ્ઞાનીની વાણી પણ એ જિનવાણી છે. એ જ જિનવાણી છે એમાં કંઈ ફેર નથી. આશયે કાંઈ ફેર નથી. શૈલીનો ફેર છે એ બીજી વાત છે, ભાષાનો ફેર છે એ બીજી વાત છે, આશયમાં કંઈ ફેર નથી અને મહત્ત્વ આશયનું છે. વાણીનું મહત્ત્વ નથી પણ વાણીમાં રહેલા આશયનું મહત્ત્વ છે.

મુમુક્ષુ :– સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કેમ સરખી છે ? કે એ ત્રણે – જિનેશ્વર, મુનિરાજ આચાર્ય હોય કે ગમે તે હોય અને જ્ઞાની – સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને એમની વાણી નીકળે છે. ત્રણેયનો પ્રકાર તો એક જ થયો, ત્રણેનો આશય એક થયો, ત્રણેનું ઉદ્ભવસ્થાન, ઉદ્ગમસ્થાન, પ્રભવસ્થાન એક જ છે – આત્મા ! ત્રણેયનું Background એક જ છે – પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ. માટે એ વાણીમાં કાંઈ ફેર નથી.

હવે, એમણે જુદી જુદી વાત લીધી છે. આ પત્રની અંદર પાંચ વચનો લખ્યાં છે. 'નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં... મંગળરૂપ માન્યાં છે.' શું કહે છે ? 'નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને (માટે) મેં... મંગળરૂપ માન્યાં છે.' 'અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી' એમ. કહેવાની પદ્ધતિ કેવી છે ? મેં માન્યું છે કે, નીચેનાં વાક્યો મુમુક્ષુઓને આત્મકલ્યાણકારી છે. મંગળરૂપ છે એટલે શું છે ? આત્મકલ્યાણકારી છે. મેં કહ્યાં માટે આત્મકલ્યાણકારી છે એટલું જ નહીં (પણ) અસંખ્ય સત્પુરુષોની એમાં સમ્મતિ છે. આ વચનોમાં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિ છે. એટલે આખું વાક્ય એમ લખ્યું છે એમણે કે, 'નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષનાં સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે :–...' ક્યાં અનુસંધાન કર્યું ? પરમકલ્યાણ સાથે. મોક્ષ છે એ પરમકલ્યાણ છે. મોક્ષ

છે એ પરમકલ્યાણ છે. એ પરમકલ્યાણ માટે સર્વોત્તમ કારણરૂપ માન્યા છે. આ પાંચે વાક્યનું હેડિંગ આટલું એમણે મૂક્યું.

હવે પહેલું વાક્ય.

'૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી;...' માયિક સુખ એટલે શું ? સુખાભાસ જેમાં છે એવું. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં જીવને સુખનો આભાસ છે. કલ્પિત સુખ છે માટે એને માયિક સુખ કહ્યું છે. માયાવાળું, માયાથી કરાયેલું. માયિક એટલે માયાથી કરાયેલું.

માયા એટલે શું છે ? ખોટી રચના, આભાસરૂપ રચના, વાસ્તવિકતા એમાં નથી. એ સુખની જીવને અનાદિથી વાંછા છે અને એવો નિર્ણય કરવો ઘટે છે કે એ સુખની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના આ જીવનો છૂટકો થવાનો નથી. જ્યાં સુધી એ ભ્રમણામાં જીવ છે, એ સુખની ભ્રમણામાં જીવ છે ત્યાં સુધી જીવને પોતાના સ્વરૂપ ઉપર આવરણ આવવાનું છે. શું આવશે ? આવરણ આવ્યા કરશે. એ આવરણ વધતું વધતું અધોગતિમાં લઈ જશે.

મુમુક્ષુ :- ભ્રમણા લાગતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભ્રમણા ન લાગે તો 'ગુરુદેવ' કહેતા હતા કે, તું એક એક રજકણને તપાસી જો એમાં સુખ ક્યાં છે ? તું એમ કહે કે, ભાઈ ! મને સોનું છે એ સારું લાગે છે. તો સોનાના એક એક રજકણમાં જો, તારું સુખ ક્યાં છે ? એક એક પરમાણુમાં જોઈ જો. ક્યાંય સુખ છે ? રૂપિયામાં સુખ છે (એમ લાગે) તો રૂપિયાના એક એક પરમાણુમાં પકડી(ને જો) સુખ ક્યાં છે ? એટલે ગમે ત્યારે પણ એની વાંછા છે એ જીવને આવરણ કરતી હોવાથી છોડ્યા વિના છૂટકો નથી.

'તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું,...' એટલે એ વાક્ય જ્યારથી તેં માન્ય કર્યું. શ્રવણ કર્યું એનો અર્થ શું છે ? માન્ય કર્યું, તેં સ્વીકાર કર્યો 'ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.' શું કીધું ? ત્યારથી એ માયાની વાંછા છૂટે, માયિક સુખની વાંછા છૂટે, એવો એ ક્રમ છે. એ ક્રમમાં પ્રવર્તવું. એ ક્રમનો અભ્યાસ કરવો એટલે એ ક્રમમાં પ્રવર્તવું.

અહીંયાં 'ક્રમ' શબ્દ વાપર્યો છે. શા માટે ક્રમ શબ્દ વાપર્યો ? કે કેટલાક માણસો પાંચ ઇન્દ્રિયના વિષયોનો અક્રમે ત્યાગ કરે છે કે લ્યો આ અમે છોડ્યા ચાલો, આ દીક્ષા લઈને

ચાલ્યા ગયા, નીકળી પડ્યા. એમ કામ નથી થતું. પ્રથમ મુમુક્ષુ થાય, મુમુક્ષુના ક્રમમાં ચડે, જ્ઞાની થાય, જ્ઞાનીના ગુણસ્થાન અને ગુણસ્થાનના ક્રમમાં ચડે, પછી ત્યાગનો (ક્રમ આવે). પંચમ ગુણસ્થાનથી આંશિક શરૂઆત થાય, છઠ્ઠા ગુણસ્થાને સર્વસંગ પરિત્યાગ થાય. એમ ને એમ કોઈ સીધો (ત્યાગ) કરી દ્યે તો એવી રીતે કોઈ કામ થતું નથી.

'તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો...' એટલે એ પદ્ધતિનો, ક્રમ એટલે પદ્ધતિ છે. અનુભવસિદ્ધ થયેલી કામ કરવાની યથાર્થ પદ્ધતિ – એને અહીંયાં ક્રમ શબ્દ વાપર્યો છે. એક 'ક્રમ'માં બધું સમાવી દીધું.

મુમુક્ષુ :– અનુભવથી સિદ્ધ થયેલી !

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવથી સિદ્ધ થયેલી પદ્ધતિ છે. અનુભવસિદ્ધ પદ્ધતિ છે અને તે કોની ? અનંતા તીર્થંકરોની અનુભવસિદ્ધ પદ્ધતિ છે. અનંતા જ્ઞાનીઓની એ અનુભવસિદ્ધ પદ્ધતિ છે.

ઘણા પોતાની રીતે સ્વચ્છંદે કરવા માગે છે, પણ તું તો અજાણ્યો છો, તને ખબર નથી અને અનંત જ્ઞાનીઓએ અને અનંત તીર્થંકરોએ અનુભવ કરીને એ વાત કરી છે. પછી તો એક વાર અજમાઈશ કરને ! તને એમ લાગશે કે બરાબર છે, આ જ બરાબર છે એમ તને લાગ્યા વગર રહેશે નહીં. એવો પ્રયોગ કર્યા વિના તું બીજી રીતે ચાલવા માગે છો તો એ તો સ્વચ્છંદ પ્રવૃત્તિ સિવાય બીજુ કાંઈ નથી.

એક વાત સમજવામાં આવી કે આ ક્રમથી આગળ જવાનું છે. પછી એવો કેમ પ્રશ્ન આવે કે, મને આમ થાય તો મારે શું કરવું ? મને ફલાણું થાય તો મારે શું કરવું ? મને આવો ભાવ થાય તો શું કરવું ? મને ફલાણું થાય તો શું કરવું ? ઈ પ્રશ્ન ક્યાં રહે છે ? રસ્તો બતાવી દીધો, માંડો ચાલવા ! સીધી વાત છે.

પહેલું વાક્ય એ છે કે કલ્પિત સુખની વાંછા છોડવા માટે યથાર્થ કાર્યપદ્ધતિથી પોતાનું કામ આદરવું તો ઠેઠ મોક્ષ સુધી પહોંચી જવાશે. એમણે શું કીધું ? કે, આ વચનો મેં મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે. એટલે યથાર્થ કાર્યપદ્ધતિ – ક્રમ છે એ મોક્ષ સુધી લઈ જશે, એનું કારણ છે.

'૨. કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો;...' સદ્‌ગુરુ એટલે આત્મજ્ઞાની પુરુષ. સદ્‌ગુરુ એટલે સંપ્રદાયમાં જે ગુરુ હોય એની વાત નથી. જેણે ભવભ્રમણનો નાશ કરવાનું કારણ ઉત્પન્ન કર્યું હોય અને મોક્ષના માર્ગે જેઓ વિચરતા હોય એનો શોધ કરવો, એવા પુરુષનો

શોધ કરવો. શા માટે ? કે એ માર્ગથી પોતે અજાણ્યો છે, એ માર્ગ બતાવે એટલા માટે. એ જ બતાવી શકશે, જેણે એ માર્ગનો અનુભવ કર્યો છે એ જ માર્ગ બતાવી શકશે. જે અજાણ્યા છે એ કંઈ નહીં બતાવી શકે એટલે.

શોધ કરીને પછી શું કરવું ? પહેલા શોધ કરવો અને શોધ કરીને શું કરવું ? કે, 'તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી;...' તન, મન, વચન તો ઘણા અર્પણ કરે છે પણ 'આત્માથી અર્પણબુદ્ધિ કરવી;...' ઈ જરા વિશેષ વાત નાખી છે.

આત્માથી અર્પણબુદ્ધિનો સંક્ષેપ એ છે કે, સંપૂર્ણપણે આજ્ઞાકારીતામાં રહેવું એને આત્મા અર્પણ કર્યો એમ કહેવાય. સંપૂર્ણપણે આજ્ઞાકારીતામાં રહેવું એને આત્મા અર્પણ કર્યો (કહેવાય). આમ તો આત્મા શું છે ? જ્યાં પોતાપણું છે એ એનો આત્મા છે. રાગમાં એકત્વ છે તો એ એનો આત્મા છે. દેહમાં, શરીરમાં એકત્વબુદ્ધિ છે તો એ એનો આત્મા છે. જ્યાં જ્યાં એને પ્રતિબંધ છે અને મારાપણું છે એ બધો એનો આત્મા છે. પછી કુટુંબ-પરિવાર, મકાન, સંપત્તિ બધું એમાં આવી જાય છે. એ બધો (એનો) આત્મા છે. તો શું કીધું ? કે આત્માથી અર્પણબુદ્ધિ કરવી એટલે એમાં આત્મબુદ્ધિ છોડી દેવી.

માણસ પ્રકૃતિ નથી મૂકી શકતો. મરી જાય તોપણ પ્રકૃતિ ન મૂકે હોં ! બધું સહન કરવા તૈયાર થાય, મોત સહન કરે પણ એ (પ્રકૃતિ) નહીં (મૂકે). એ એનો આત્મા છે. પ્રકૃતિ સમર્પણ કરે એટલે આત્મસમર્પણ થઈ ગયું.

લીધું છે (કે) 'તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું;...' એ જ વાત લીધી છે. ઈ એનો અર્થ કર્યો છે. આત્માથી અર્પણબુદ્ધિ કરવી એટલે કે 'તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું;...' આરાધન કરવું એટલે આજ્ઞાનું અમલીકરણ કરવું એનું નામ આરાધન છે. નહીંતર શું થાય કે, મોઢેથી હા પાડે, મોઢેથી નહીં, માથું ધુણાવે તો શરીરથી હા પાડે, જી બરાબર ! આપ કહો છો એ બધું બરાબર છે. (પણ) ઈ પ્રમાણે વર્તે નહીં. વર્તે નહીં એટલે આરાધન નથી કરતો. હા પાડે છે અને આરાધન નથી કરતો. એ હા પાડી શું કામની ?

મુમુક્ષુ :- બુદ્ધિથી સંમત કરીને હા પાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બુદ્ધિથી સંમત કરીને હા પાડે પછી એમ વર્તતો શું કરવા નથી ? ઈ વખતે એ સંમત કરેલું ક્યાં ગયું ? આમ વાત છે. એટલે એવું બને છે માટે એમ કહ્યું કે, આરાધન કરો. કેટલાક જીવો હા પાડે છે અને પ્રવર્તતા નથી, એ પ્રમાણે

વર્તતા નથી તો કહે છે કે આરાધન કરવું, એમની આજ્ઞાનું આરાધન કરવું. આજ્ઞા પ્રમાણે જ પ્રવર્તવું, એમ છે.

મુમુક્ષુ :– આગળ નહીં વધવાનું આ કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ કારણ છે, મૂળ કારણ ઈ છે.

મુમુક્ષુ :– Direct-Indirect આ ખામી રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે એને એ આત્મકલ્યાણકારી લાગ્યું નથી, ભાસ્યું નથી કે, મારા આત્મકલ્યાણની વાત છે. નહીંતર તો એને વાંધો શું છે બીજો ? એટલે એક શબ્દ વાપર્યો છે કે, 'આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું;...' નિઃશંક થઈ જવું, નિર્વિકલ્પ થઈ જવું. એ બાબતમાં નિર્વિકલ્પ થઈને આરાધન કરવું, નિઃશંક થઈને આરાધન કરવું. હું શરીર છું, આ શરીરસ્વરૂપે હું છું એમાં શંકા કરી કોઈ દિવસ ? એકત્વબુદ્ધિએ કેટલી નિઃશંકતા છે ? નિઃશંકતા છે અને નિર્વિકલ્પતા છે કે નહીં ?

મુમુક્ષુ :– નિર્ભયતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું આમાં થઈ જવું જોઈએ. આજ્ઞાકારીતામાં એવી નિઃશંકતા અને નિર્વિકલ્પતા આવવી જોઈએ.

'અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.' એ આજ્ઞામાં એકતાન થતાં અથવા એ રીતે આજ્ઞાને આરાધવા જતાં એને માયિક સુખ છે (તેનો અભાવ થાય છે). એનો જે વારંવાર ભાવ આવે છે એનું નામ વાસના. વાસના એટલે શું ? વારંવાર પરિણામ થવા તે. કોઈ વાર થાય તે નહીં.

આપણે પ્રશ્ન કર્યો હતો. પાંડવોના જુગારનો પ્રશ્ન થયો હતો ને !? કે, પાંડવો દુર્યોધન સાથે જુગાર રમ્યા હતા. તો એમ કે (સમ્યગ્દષ્ટિને) સપ્ત વ્યસનનો ત્યાગ હોય છે (તો એ) જુગાર કેમ રમ્યા ? એ વ્યસન નહોતું. પ્રસંગે ભલે રમ્યા હતા, ઉદય આવ્યો ત્યારે ઉદયમાં આવ્યા હતા એ જુદી વાત છે. વ્યસન હોય તો એ વાસનાની જેમ વારંવાર એના પરિણામ થાય. જુગારી હોય તો વારંવાર એને જુગાર રમ્યા વગર ચાલે નહીં. એ જુગાર રમવા જાય, જાય અને જાય જ. એવું પાંડવોને નહોતું થયું કાંઈ. એક વખત રમ્યા એમાં પૂરું રમી લીધું (અને) બધું હારી ગયા. તો કોઈ કહે એમને એ વખતે સમ્યગ્દર્શન હતું એની ખાતરી શું ? તો એની ખાતરી છે કે, એ પાંચ ભાઈઓમાંથી ત્રણ તો ચરમશરીરી હતા, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ સિવાય તો ચરમશરીરી હોય નહીં. ઈ જ ભવે (મોક્ષ) જનારા

હતા. એટલે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોય. બે સર્વાર્થસિદ્ધિમાં ગયા. એ પણ ક્ષાયિક સમ્યગ્દર્શન હોય તો જ જાય, નહીંતર સર્વાર્થસિદ્ધિ સુધી ન જાય. કેમકે એ તો એક ભવ પછી મોક્ષે જનારા છે, એમાં કાંઈ લાંબો ફેર નથી. તેત્રીસ સાગરનું જંકશન છે પણ એક ભવ પૂરતું છે. એટલે એમાં કંઈ શંકા કરવા જેવી નથી. અત્યારે કોઈને એવી વસ્તુ જોવા મળે તો !

મુમુક્ષુ :- ડાગળી ચસકી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઠેકાણે રહે નહીં. પુરાણો એટલા માટે લખ્યા છે, એવા બધા પ્રસંગો બને છે. જ્ઞાનીપુરુષની ઓળખાણ કરાવવાના હેતુથી કથાનુયોગ લખાયેલો છે. કેમકે આવા અનેક પ્રકારના રાગ-દ્વેષ અને ચારિત્રમોહના પ્રસંગોમાં જ્ઞાનીઓ વર્તે છે. જોકે વર્તે છે આત્મામાં, પણ લોકોની દૃષ્ટિએ એવું દેખાય છે.

દર્શનમોહ જેવા મોટા દોષનો અભાવ કર્યો છે એ લોકોને દેખાતું નથી અને ચારિત્રમોહનો સદ્ભાવ છે એ દેખાય છે. લોકોની તો દૃષ્ટિ જ વિપરીત છે. નાનાને મોટું (ગણીને જોવે) અને મોટાને નાનું જોવે છે. મોટા દોષને નાનો દોષ જોવે છે અને નાના દોષને મોટો દોષ જોવે (છે). એ વિપરીતતા જગતમાં ચાલે જ છે અને એ વિપરીતતાથી તો સંસાર ચાલે છે, નહીંતર સંસાર હોય નહીં. અવિપરીતતામાં સંસાર હોય નહીં, વિપરીતતાનો તો સંસાર છે.

એટલે (કહે છે), આજ્ઞાનું આરાધન કરતાં અનેક પ્રકારના માયિક સુખનો, સર્વ પ્રકારની માયિક વાસનાનો અભાવ થશે તો તને એ પરિણામ નહીં થાય. માયિક સુખના પરિણામો જે વારંવાર થાય છે તે તને નહીં થાય. તારો સુખાભાસ ખલાસ થઈ જશે. જે પરિણામ છોડ્યાં છૂટતાં નથી એને (છોડતા) તને કદાચ એમ પણ લાગે કે આ તો છોડી શકાય જ નહીં, એ પરિણામ સહજમાત્રમાં, ચપટી વાગે એવી રીતે છોડી શકાય છે. એવી એક સ્થિતિ સત્પુરુષની આજ્ઞાનું આરાધન કરતાં આવે છે, એમ સમજવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! આપે વચ્ચે એક દિવસ કીધેલું કે, જેને શ્રદ્ધાનનો દોષ દેખાતો નથી તેને સમ્યક્ત્વનો ગુણ પણ દેખાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે. જેને મિથ્યાશ્રદ્ધાન દેખાતું નથી, એનું નુકસાન દેખાતું નથી, એને સમ્યક્ત્વનો લાભ પણ દેખાવાનો નથી. એ નાસ્તિ તો સ્થૂળ છે, અસ્તિ તો સૂક્ષ્મ છે. હજી સ્થૂળ નથી દેખાતું ત્યાં સૂક્ષ્મ ક્યાંથી દેખાય ?

મુમુક્ષુ :- સમ્યક્ત્વનો ગુણ ક્યાંથી દેખાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ક્યાંથી દેખાય ? ન જ દેખાય.

'૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ,...' હવે ધર્મસાધનની વાત કરે છે. 'અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ,...' કર્યો, અનેક પ્રકારની વિદ્યાઓ (પ્રાપ્ત કરી). વિદ્યાધર પણ થયો ને ! અનેક પ્રકારની વિદ્યાઓ તપશ્ચર્યાઓ કરી કરીને (પ્રાપ્ત કરી ને ?) 'અનંત વાર જિનદીક્ષા,...' લીધી. જિનેન્દ્ર ભગવાને કહ્યું એવી દીક્ષા હોં ! જિનદીક્ષા. ભગવાને દીક્ષા લીધી એવી હારોહાર પોતે વાંહેવાંહે લીધી. પ્રથમ ઋષભદેવભગવાને દીક્ષા લીધી ત્યારે ચાર હજાર રાજાઓએ હારોહાર દીક્ષા લીધી હતી, કેટલા ? (મુમુક્ષુ :– ચાર હજાર). એ બધા રાજા હતા. એણે દીક્ષા લીધી, રાજપાટ છોડ્યું. રાજપાટ, રાણીઓ બધું છોડ્યું. ભગવાન તો સાધક હતા એટલે સાધનામાં ટકી શક્યા, પેલા કોઈ સાધક તો હતા નહીં, વાંહેવાંહે દીક્ષા લીધી હતી (એટલે ટકી શક્યા નહીં). દિવ્યધ્વનિ ન છૂટે ત્યાં સુધી ધર્મપ્રવૃત્તિ થઈ નહોતી. તીર્થંકર મુનિદશામાં કંઈ ઉપદેશ આપે નહીં. તીર્થંકર ન આપે, બીજા મુનિઓ આપે. તીર્થંકર મુનિદશામાં ઉપદેશ નથી આપતા, અરિહંતદશામાં ઉપદેશે. અને પ્રથમ તીર્થંકર પહેલા ક્યાંય ધર્મ શરૂ નહોતો થયો. ધર્મની શરૂઆત કરનાર આદિનાથ તો એ પોતે હતા. એ તો દિવ્યધ્વનિ વખતે ઉપદેશ આપ્યો. ઈ વખતે સાચા મુનિઓ થયા. આમ તો બધા દ્રવ્યલિંગી હતા (પણ) ટકી ન શક્યા. ઘણા પાછા ચાલ્યા ગયા, ઘર ભેગા થઈ ગયા. એવું બન્યું હતું. જિનદીક્ષા ભગવાનની હારોહાર એવી ને એવી લીધી.

'અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે.' અનંતવાર જૈનસંઘનો આચાર્ય થયો. આખો સંઘ એને આચાર્ય માનીને વંદના કરે કે, આ અમારા જૈનશાસનના મહાન આચાર્ય છે. (પણ) સમ્યક્ત્વ જ ન થયું હોય, એમ જ હાલતું હોય. 'માત્ર, 'સત્' મળ્યા નથી,...' સત્ મળ્યા નથી એટલે જ્ઞાનીપુરુષ એને મળ્યા નથી. મળ્યા નથી એનો અર્થ શું ? કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થયો નથી. મળ્યા ક્યારે કહેવાય ? અહીંયાં નૈમિત્તિકભાવ ઉત્પન્ન કરે ત્યારે એને નિમિત્ત થયા કહેવાય. ત્યાં સુધી નિમિત્ત જ નથી થયા, એટલે મળ્યા જ નથી. મળ્યા પણ ન મળવા બરાબર છે. યોગ અયોગ બરાબર થયો.

''સત્' સુણ્યું નથી,...' અને જે આત્મસ્વરૂપ છે, સત્ છે એ કદી એણે સાંભળ્યું (નથી). સાંભળ્યું નથી એનો અર્થ શું ? આમ તો સમવસરણમાં જઈ આવ્યો (પણ) ભાવશ્રુત થયું નથી. સાંભળવું એટલે શું ? સાંભળવું એટલે શ્રુ...ત. એને સાંભળ્યું એમ કહેવાય. સંસ્કૃત

ભાષામાં સાંભળેલું એને શ્રુત કહેવાય. સત્ સાંભળ્યું જ નથી એટલે ભાવશ્રુત થયું જ નથી, ભાવે શ્રુત કર્યું નથી. દ્રવ્યે શ્રુત કર્યું, એ તો બહેરા કાને અથડાય ને પાછું ગયું. એ કંઈ અંદર પ્રવેશ્યું નહીં, પરિણમ્યું નહીં, એટલે સાંભળ્યું નથી. પરિણમ્યું નહીં માટે સાંભળ્યું નથી. 'સત્' શ્રધ્યું નથી,...' શ્રદ્ધામાં એનો સ્વીકાર થયો નથી. સાંભળ્યું પણ નહીં અને શ્રધ્યું પણ નહીં.

'અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.' એટલે મેં સાંભળ્યું છે, મેં શ્રધ્યું છે અને મને સત્પુરુષ મળ્યા છે એ નક્કી ક્યારે થાય ? કે મુક્તિનો ભણકાર આત્મામાંથી આવે ત્યારે થાય. 'ગુરુદેવ' આ વાત કહેતા. એ એમ કહેતા કે આ એવી વાત છે કે, જો બરાબર ભાવથી સાંભળે તો એના આત્મામાંથી મોક્ષના ભણકારા આવ્યા વગર રહે નહીં. એને મોક્ષના ભણકારા સંભળાય. મારો મોક્ષ થઈ જવાનો, અલ્પકાળમાં હું મુક્ત થઈ જઈશ, હવે હું પરિભ્રમણ નહીં કરું, ચોક્કસ મારી મુક્તિ થઈ જશે. એવા ભણકારા એના આત્મામાંથી આવ્યા વગર રહે નહીં. એને સત્ મળ્યા, એણે સત્ સાંભળ્યું અને એણે સત્ શ્રધ્યું, જાઓ !

હવે આમાં શું કીધું ? ઉપરનું જરા ફરીને થોડું લઈએ. અનંતકાળના પરિભ્રમણમાં, અનંતવાર શાસ્ત્રશ્રવણ થયું (પરંતુ) આત્માનો ભણકાર ન આવ્યો. અનંતવાર વિદ્યાભ્યાસ કર્યો (તોપણ) આત્માનો ભણકાર ન આવ્યો. પૂછવા જેવું આ છે કે, તમે અત્યાર સુધી સાધન કર્યું (તો) અંદરથી કંઈ ભણકાર આવ્યો ? અનુભવ તો પછી બહુ મોડો થાય છે, પહેલા ભણકાર આવે છે. આવ્યો (ભણકાર) ? બસ ! (નથી આવ્યો) ત્યાં સુધી હજી વાત ઠેકાણે પડી નથી. બાકી તો પછી બધા ઉત્કૃષ્ટ દૃષ્ટાંત લીધા – જિનદીક્ષા લીધી, જૈનાચાર્ય થયો પણ કાંઈ એમાં (વળ્યું નહીં અને) એ બધું વ્યર્થ ગયું, બધું વ્યર્થ ગયું.

આવી વાત લખવા પાછળ 'કૃપાળુદેવ'નો પોતાનો અનુભવ બોલે છે. આ એમના અનુભવનો પોકાર છે એમ કહીએ તો ચાલે. પોકારી પોકારીને કહે છે કે, ભાઈ ! આ બધું મારે થયેલું છે, મને જાતિસ્મરણજ્ઞાન છે, આ બધા પરિશ્રમ હું કરી ચૂક્યો છું. સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી અને સત્ શ્રધ્યું નથી (અને) આત્મામાંથી ભણકાર આવ્યો નથી. એ અંતર્ભેદ જાગૃતિ થઈ જાય, ભણકાર આવે ત્યારે અંતર ભેદાઈ જાય.

'૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.' મોક્ષનો માર્ગ બહાર નથી. એટલે આત્મા સિવાય ક્યાંય મોક્ષનો માર્ગ છે (એનો) પત્તો લાગવાનો

નથી. લોકો જાય છે ને ? યાત્રાસ્થાનમાં જાય છે, યાત્રાઓ કરે છે, કોઈ પહાડોમાં જાય છે, કોઈ ગુફાઓમાં જાય છે. એકાંતમાં સાધના કરવા માટે જુદી જુદી રીતે (જાય છે પણ) મોક્ષનો માર્ગ ક્યાંય બહાર નથી. છે આત્મામાં, આત્મામાંથી પામશે. ક્યારે ? માર્ગને પામેલો મળશે ત્યારે. મળ્યો ક્યારે (કહેવાશે) ? કે, એની આજ્ઞામાં આવ્યો ત્યારે.

સુરતથી એક મુમુક્ષુભાઈનો પ્રશ્ન આવ્યો છે. 'ગુરુદેવ'નું એક પ્રવચન છે. 'આત્મજાગ્રતિ'ના ૫૩મા અંકમાં છાપ્યું છે. 'આત્મધર્મ'ના ૮૪મા અંકમાંથી લીધેલું છે. એની અંદર એમ લીધું છે કે, જ્ઞાનીપુરુષ વિના દેશનાલબ્ધિ નથી. 'સમયસાર'ની ચોથી ગાથા ઉપર પ્રવચન ચાલે છે કે અનંતકાળમાં તેં સત્સંગ કર્યો નથી અને સત્પુરુષની સેવા કરી નથી. તેં અત્યાર સુધી કર્યું એ બધી કામ-ભોગ-બંધનની કથા સાંભળી પણ તેં તારા આત્માની સાચી કથા સાંભળી નથી. તો કોની પાસેથી સાંભળી નથી ? સત્પુરુષ પાસેથી તેં સાંભળી નથી. એટલે તેં સત્સંગ કર્યો નથી અને એની સેવા પણ કરી નથી. બે શબ્દ વાપર્યા છે અને અર્થઘટન 'જયચંદજી' એ કર્યું છે. સંસ્કૃતમાં એવું નથી, સંસ્કૃતમાં બીજો શબ્દ વાપર્યો છે પણ જયચંદજીએ એ અર્થઘટન કર્યું છે. સંગતિ કરી નથી. સત્પુરુષની સંગતિ કરી નથી અને સેવા કરી નથી. ડેશ (–) કરીને સંગતિનો અર્થ સેવા કરી નથી (એમ કર્યો છે). 'ગુરુદેવે' એના ઉપર એમ કહ્યું છે કે, આની અંદર દેશનાલબ્ધિનો સિદ્ધાંત છે. જ્ઞાની સિવાય બીજા પાસેથી મળેલો ઉપદેશ કોઈ દિવસ આત્મકલ્યાણ કરે નહીં. જ્ઞાનીનો ઉપદેશ જ આત્મકલ્યાણકારી છે, દેશનાલબ્ધિ ત્યાંથી મળે છે.

પછી એમાંથી પોતે સ્પષ્ટીકરણ આપ્યું છે કે, આમાંથી કોઈ અનર્થ કાઢે છે ત્યારે નિમિત્તપ્રધાનતા કરી લે છે અને નિમિત્તાધીન દૃષ્ટિને પોષે છે (પરંતુ) એમ ન થવું જોઈએ. જ્ઞાનીનો ઉપદેશ છે એ અંતર્મુખ થવાનો છે પણ જ્યારે જીવ અંતર્મુખ થાય છે ત્યારે એને શ્રવણનો ઉપયોગ રહેતો નથી. એટલે સાંભળવાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્યારે છૂટી ગયો, પણ અંતર્મુખ થયો ત્યારે ખરેખરો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લાગુ પડ્યો. કાગળમાં એમને કેવી રીતે સમજાવવું ? એક વાત.

એની સામે Contradictory Statement એમણે 'કૃપાળુદેવ'ના મૂક્યા છે. ૨૬૩ પત્રમાં 'કૃપાળુદેવ' એમ લખે છે કે, જ્ઞાની પાસેથી જ્ઞાન માગવા કરતાં ભક્તિની માગણી કરજે. કેમકે ભક્તિ વિનાનું જ્ઞાન શૂન્ય છે, એવું જ્ઞાન પ્રાપ્ત કરીને તું શું કરીશ ? તો દેશનાલબ્ધિમાં કંઈ જ્ઞાનશૂન્યતા નથી. એ તો ભક્તિ સહિત સાંભળે છે.

હવે 'ગુરુદેવ' જે કહે છે એ કોઈ એક પ્રકારની અયોગ્યતાની સામે યોગ્ય શું હોવું જોઈએ ? એમ કહે છે. 'કૃપાળુદેવ' જે કહે છે ઈ પણ કોઈ એક બીજા પ્રકારની અયોગ્યતાની સામે યોગ્ય શું હોવું જોઈએ ? એમ કહે છે.

અયોગ્યતાના વિધવિધ પ્રકાર છે તેથી ઉપદેશના પણ વિધવિધ પ્રકાર છે અને એ રીતે ઉપદેશ વિસ્તર્યો છે. ઉપદેશનો વિસ્તાર કેમ થયો ? કે અયોગ્યતાના પ્રકાર ઘણા છે. એક જ પ્રશ્ન, બે અયોગ્યતાવાળા જીવો કરે તો બંનેને જ્ઞાની જુદો જુદો ઉત્તર આપે, એક - સરખો ન આપે. એની અયોગ્યતા જોઈને એને એ ઉત્તર આપે અને એની અયોગ્યતા જોઈને એને ઉત્તર આપે. એ વાત Doctory treatment જેવું છે. એક જણને શરદીનો તાવ આવ્યો (તો) એને ગરમ દવા આપી. એક જણને ગરમીનો તાવ લાગ્યો હતો તો એને એથી વિરુદ્ધ દવા આપી. તાવ તો બંનેને તાવ જ હતો. પેલાને કીધું માથે પોતા મૂકજે નહીંતર તારો તાવ એટલો ચડી જશે કે તું ચાલ્યો (–મરી) જઈશ. શરદીનો તાવ હોય તો કહે, તાવ વધે તો પોતા નહીં મૂકતા હોં ! નહીંતર સીધો તું Double pneumoniaમાં જઈશ, તો તું પાછો ઉપર ચાલ્યો જઈશ. તાવ તો તાવ છે પણ બંનેની Treatment સાવ વિરુદ્ધ. એવું આમાં છે. લાગે Contradictory, કે આટલો બધો Contrast કેમ છે આમાં ?

મુમુક્ષુ :– આશયને અવિરોધપણે સાધે (છે).

પૂજ્ય ભાઈશ્રી :– આશયને અવિરોધપણે સાધે છે. બંનેમાં આત્મકલ્યાણકારી ઉપદેશ છે. રોગના પ્રકાર અનેક તો Treatmentના પ્રકાર પણ અનેક. એ રીતે ઉપદેશનો વિસ્તાર ઘણો છે.

એટલે એમ કહે છે કે, 'માર્ગને પામેલો માર્ગ પમાડશે.' મોક્ષનો માર્ગ આત્મામાં છે એટલે તું તારી મેળે મેળવી લે એ વસ્તુ શક્ય નથી. કેમકે તું અજાણ્યો છો અને આ વિષય Technical છે, Highly technical છે. એટલે એમ ને એમ કંઈ થઈ શકે એવું નથી.

હવે, છેલ્લા (બોલમાં) બીજી એક ગંભીર વાત કરે છે કે 'બે અક્ષરમાં માર્ગ રહ્યો છે,...' આમાં અક્ષર કેટલા છે ? બે (અક્ષર) છે. 'મ' અને 'ગ', આમ અઢી અક્ષર (છે) 'ર' અડધો છે એટલે. પણ ટૂંકામાં બે-અઢીમાં કંઈ ફરક નથી. 'બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં...' એટલે ધર્મસાધન કરવામાં કંઈ બાકી રાખ્યું નથી, એટલું બધું કર્યું છે. જોનારને અ..ધ..ધ..ધ... થઈ જાય એવી આકરી તપશ્ચર્યાઓ

કરી છે.

અમારે ત્યાં મંદિરમાં બાવાઓ આવતા. (રાણપુરમાં) ઘરની બાજુમાં જ મંદિર છે, નાનપણમાં અમે મંદિર જતાં, બાલાજીનું મંદિર હતું. બાલાજી એટલે આમ લક્ષ્મણજી થાય. પણ મૂર્તિ રામચંદ્ર, સીતા, લક્ષ્મણ ત્રણેની હોય, પછી બીજું એક દેરું હનુમાનજીનું હોય, એક દેરું મહાદેવજીનું હોય, બધું હોય એક મંદિરમાં. નામ બાલાજીનું મંદિર. અમારા ઘરથી એક મિનિટનો રસ્તો. નાની ઉંમર એટલે બાવાઓ બધા આવે એટલે જોવા પણ જઈએ. કેવા બાવા આવ્યા છે ? એમાં પણ જટાવાળા, એમાંય જાતજાતના ને ભાતભાતના માણસો આવતા હોય છે.

એવા બાવા જોયેલા કે, ઉનાળાનો ચૈત્ર, વૈશાખનો ધોમધખતો (તડકો) હોય, સવારે તો એ દિશાએ જાય, જંગલમાં જાય (પછી) દસ સાડા દસે આવીને ન્હાય. ન્હાયને પછી રાખ ચોળે, આખા શરીરે પછી રાખ ચોળે. માથે ન ન્હાય, માથે તો પાઘડી જેવી જટા હોય, સાફો બાંધ્યો હોય એવી જટા હોય અને ન્હાયને રાખ ચોળે. અગિયાર વાગે ને તડકો બરાબર તપવાની શરૂઆત થાય ત્યારે એ તડકે તપશ્ચર્યા કરવા બેસે.

પહેલા એક છાણાનું કૂંડાળું કરે, કોઈના ઘરેથી છાણા મંગાવે, સૂંડલો છાણા દઈ જાઓ. છાણા એટલે ગોબરકા વો જલાને કા. ક્યા બોલતે હૈં આપ લોગ ? કંડે, બોલે છે ને ? ગોબર કે કંડે. એ મગાવી કૂંડાળું કરે (પછી) બધા છાણાને સળગાવે. એટલે ચારે તરફથી અગ્નિ, દસે દિશાથી અગ્નિ આવે અને ધોમધખતો (તડકો) હોય. અગિયાર વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી શીર્ષાસન (કરે). એની વચ્ચે પાછા શીર્ષાસન કરે ! ઊંધે માથે એટલો તાપ સહન કરે. પરસેવો ચાલ્યો જાય, શરીરમાંથી પરસેવો ચાલ્યો જાય. રાખ ચોળી હોય એને બદલે ન્હાય ગયો હોય એવું દેખાય. ધોમ તડકે છ છ કલાક અગ્નિ સળગાવીને ઊંધે માથે રહે. બીજાની તો ચામડી ફાટી જાય. એને Practice હોય છે. એવા તપ કર્યા, જોનારને અ..ધ..ધ..ધ... થઈ ગયું. પછી રાત્રે જમે. પછી ન્હાય અને કંઈ પૂજા-બૂજા કરવી હોય એવું કંઈ કરી લે પછી રાત્રે મોડેથી જમે. એ લોકોને રાત્રિભોજનનો પ્રતિબંધ નથી. રાત્રે નવ વાગે, દસ વાગે (જમે). પછી ખાય ત્યારે એવું જ ખાય પાછા. (કોઈ પૂછે) કે, મહારાજ શું ખાશો ? તો કહે કે કાળી રોટી (ને) ધોળી દાળ. કાળી રોટી, ધોળી દાલ. ધોળી દાળમાં શું ? દૂધપાક – ખીર અને કાળી રોટી એટલે માલપુઆ. બન્ને ગળ્યેગળ્યું જ ખાય. ઘીમાં બનાવેલા માલપુઆ હોય ને ? તમારે શું કહે છે ? માલપુઆ જ કહે છે ને ? ઘીમાં

બનાવેલા માલપુઆ અને એની સાથે દૂધપાક. પહેલવાન જેવા હોય, સાધારણ ન હોય. ખાય એવું. પાછા બીજે દિવસે ઈ તપશ્ચર્યા શરૂ કરે. જેટલા દિવસ રહે એટલા દિવસ રોજ તપશ્ચર્યા કરે. (લોકો) પૈસા નાખે. આમ ત્યાગી હોય પણ (લોકો) પૈસા નાખે.

મુમુક્ષુ :– એ લોકોને જોઈને આપને એ વખતે કંઈ વિચાર આવતો હતો ?

પૂજ્ય ભાઈશ્રી :– કંઈ નહીં. ઈ ઉંમરમાં બહુ લાંબી વિચારશક્તિ નહોતી. પાંચ-સાત વર્ષની બહુ નાની ઉંમર હતી. પાંચ-સાત વર્ષની ઉંમરે એટલી વિચારશક્તિ નહોતી. કુતૂહલથી જોતા હતા. કુતૂહલવૃત્તિ (હતી) બીજું કંઈ નહીં. મંદિરના ઓટલે જોવા માટે છોકરાઓનું ટોળું બેસી ગયું હોય. એ મંદિરના ફળિયામાં કરતાં અને ઓટલે છોકરાઓનું ટોળું બેઠું હોય. બધાય છોકરાઓ કુતૂહલથી જોતા હોય એવી રીતે (જોઈએ), બીજું કંઈ નહીં. એ વખતે કંઈ ખ્યાલ નહોતો.

એમ 'અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.' શા માટે (મોક્ષમાર્ગ પ્રાપ્ત) નથી થયો તે વિચારો. બહુભાગ જીવ તો સંપ્રદાયમાં સંપ્રદાયબુદ્ધિથી બધું કરે છે. જેમ એ બાવાઓ તપ કરતા હતા, એમ જૈન સંપ્રદાયમાં આવીને સંપ્રદાયનું અનુસરણ કરે, જે ક્રિયાઓ ચાલતી હોય ઈ (કરે). પછી એમાં વિકૃતિ આવી હોય, ન આવી હોય એ કંઈ ખબર ન હોય. અત્યારે અમારે ત્યાં આમ બધું થાય છે એટલે અમારે ત્યાં આમ બધું થવું જોઈએ.

સોનગઢના જિનમંદિરમાં આરતીના નામના બોર્ડ માર્યા છે માટે આપણે અહીંયાં પણ મારવા, બીજું કાંઈ નહીં. નામ લખે છે ને ? ત્યાં થાય છે માટે અહીંયાં કરવું, એમ હોય ? નામ લખવાથી શું ફાયદો ? પછી પોતે આરતી તો લખાવે જ તે ! મારું નામ કેટલામું છે ? એ જોવે. છે કે નહીં બરાબર ? બીજાં નામ બહુ ન વાંચે. મારું નામ છે કે નહીં એટલું જ વાંચે. નામ કે દી' તારું હતું ? અને તારું નામ હોત તો એ જ કાયમ રહેત ને ! રહે છે ? બદલાતું જાય છે. એક માણસનાં ઝાઝાં નામ હોય છે. કોઈ કંઈ કહે, કોઈ કંઈ કહે, કોઈ કંઈ કહે.

સંપ્રદાયબુદ્ધિમાં જ અનંતકાળ તો ગયો છે. મનુષ્ય છે એ કોઈ ને કોઈ સંપ્રદાયમાં જન્મ લે છે (અને) સંપ્રદાયને અનુસરે છે. સત્ય શું છે ? સત્ય માર્ગ શું છે ? એ તો Researchનો વિષય છે અને એ Research કરવો પડે છે. ભલે જૈન સંપ્રદાયમાં જન્મ્યો હોય તોપણ ! Research કર્યા વગર માર્ગ ન મળે. આમ 'સોગાનીજી'એ કીધું કે, 'ગુરુદેવે'

પરિશ્રમ કરીને માર્ગ આપણને આપી દીધો અને આપણને સહેલાઈથી મળી ગયો, એ તો ગુરુ ઉપકાર કરવા માટે (છે) બાકી પરિશ્રમ – પુરુષાર્થ તો એમને એટલો જ કરવો પડે, જેટલો 'ગુરુદેવે' કર્યો હોય એટલો જ. એમાં જરાય ઓછો ન ચાલે. એ તો ઉપકારબુદ્ધિથી એમ કહેવાય (કે) એમણે માર્ગદર્શન આપ્યું માટે, માર્ગ ચીંધ્યો માટે, 'ગુરુદેવે' માર્ગ સહેલો કરીને આપણને આપી દીધો.

'બહેનશ્રી' તો ત્યાં સુધી કહેતા કે, ગુરુએ તો તને લાપસી બનાવી, ઘીમાં ચોળી અને કોળિયો મોઢામાં મૂક્યો છે. હવે ગળે ઉતારવું એટલું જ તારું કામ છે. લાપસી શું કરવા કીધી ? ગળપણ છે ને ! એટલે ગળે ઊતરી જાય જલદી, અને ઘીવાળું હોય એટલે ઊતરી જાય. એટલું સહેલું કરીને આપ્યું. ઉપકારબુદ્ધિએ એ બધી વાત થાય. Research તો દરેકને પોતાનું કરવું પડે અને પુરુષાર્થ પણ બરાબર કરવો પડે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આપ એમ કહેતા કે ગુરુદેવશ્રીએ પૈંથીએ – પૈંથીએ નહીં પણ વાળે–વાળે તેલ નાખ્યું છે.

સમાધાન :– હા, એનું સ્પષ્ટીકરણ બહુ આપ્યું છે, એમ કહેવું છે. છતાંય Research તો પોતે કરવું જ પડે.

(વિશેષ લેશું...)

## પત્રાંક - ૧૭૨

મોહમયી, કાર્તિક સુદિ ૧૪, બુધ, ૧૯૪૭

સત્‌જિજ્ઞાસુ-માર્ગાનુસારી મતિ.

ખંભાત.

ગઈ કાલે પરમભક્તિને સૂચવનારું આપનું પત્ર મળ્યું. આહ્‌લાદની વિશેષતા થઈ.

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય ?

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.

પ્રસંગોપાત્ત પત્ર લખવાનો લક્ષ રાખીશ. આપના પ્રસંગીઓમાં

જ્ઞાનવાર્તા કરતા રહેશો. અને તેમને પરિણામે લાભ થાય એમ મળતા રહેશો.

અંબાલાલથી આ પત્ર અધિક સમજવાનું બની શકશે. આપ તેની વિદ્યમાનતાએ પત્રનું અવલોકન કરશો. અને તેના તેમ જ ત્રિભોવન વગેરેના ઉપયોગ માટે જોઈએ તો પત્રની પ્રતિ કરવા આપશો.

મિતિ એ જ – એ જ વિજ્ઞાપન.

સર્વ કાળ એ જ કહેવા માટે જીવવા ઇચ્છનાર
રાયચંદની વંદના.

## તા. ૯-૦૫-૧૯૯૫, પ્રવચન નં. ૩૮
## પત્રાંક – ૧૭૨

પત્રાંક–૧૭૨. મુનિશ્રી લલ્લુજી ઉપર આ પત્ર લખ્યો છે. આ પત્રમાં નિર્વાણ પ્રાપ્તિને અર્થે માન્ય રાખવા યોગ્ય, ચિંતવવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય અને ક્ષણે–ક્ષણે, સમયે–સમયે એમાં લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે. પરમ રહસ્ય છે એમ કહીને પત્રના વિષય ઉપર છેલ્લી હદનું વજન મૂકી દીધું છે.

વાત તો એમણે એ કરી છે કે, તમે જ્ઞાનીના પરિણમનને જુઓ. જ્ઞાનીના પરિણમનને જોવા માટે તમે એના ચારિત્રનું સ્મરણ કરો, એના લક્ષણોનું ચિંતવન કરો, એમની મુખમુદ્રાનું અવલોકન કરો, એમન મન–વચન–કાયાની ચેષ્ટામાં રહસ્યભૂત પરિસ્થિતિ શું છે ? એ જરા ઊંડાણથી જોવાનો પ્રયત્ન કરો. આ રીતે જ્ઞાનીના પરિણમનને જોવાના જેટલા પડખાં છે

એ પડખાં સંબંધી એમણે સ્પષ્ટીકરણ આપ્યું છે. પોતાના અનુભવથી આ વાત લખી છે. જો પરિણમન જોઈ શકાય તો તમને પણ એવું પરિણમન સહજ આવવાની પરિસ્થિતિ આવશે.

એટલી વાત અપેક્ષિત છે – અપેક્ષિત છે એટલે એટલી શરત છે કે, એવું જોવાની યોગ્યતા પણ હોવી જોઈએ. કોઈ એવો બુદ્ધિનો વિષય નથી કે, બુદ્ધિ હોય તો જોઈ શકે, ઓછી બુદ્ધિ હોય તો ન જોઈ શકે અને વધારે સારી બુદ્ધિ હોય તો જોઈ શકે, એવું નથી. મતિની નિર્મળતાની આમાં આવશ્યકતા છે. જ્ઞાનના ક્ષયોપશમની, બાહ્ય ક્ષયોપશમની આવશ્યકતા નથી. ક્ષયોપશમ ભલે ઓછો હોય તોપણ મતિની નિર્મળતાની આવશ્યકતા આની અંદર છે. એટલી હદે આવ્યા પછી આ પ્રકારનું અવલોકન થાય તો એ જીવ સર્વ શાસ્ત્રનો સાર પામી ગયો. કેમકે એને પરિણમન આવવાનું (છે). સર્વ શાસ્ત્રોનો સાર કેમ પામી ગયો ? કે સર્વ શાસ્ત્રના સારભૂત તો શુદ્ધાત્મા છે અને સર્વ શાસ્ત્રના સારભૂત તો વીતરાગતા છે. દ્રવ્યાર્થિકનયે વીતરાગસ્વરૂપ શુદ્ધાત્મા છે અને પર્યાયાર્થિકનયે વીતરાગતા છે. પૂર્ણ વીતરાગતા છે એ શાસ્ત્રનો સાર છે. તો એ સાર કેમ પામી ગયો ગણાય ? કે જ્ઞાનીના પરિણમનમાં એ બંને વાત તને જોવા મળશે. શુદ્ધાત્મા પણ જોવા મળશે, શુદ્ધાત્મતત્ત્વ પણ જોવા મળશે અને શુદ્ધાત્મતત્ત્વને અવલંબેલું પરિણમન પણ જોવા મળશે. એટલે સર્વ શાસ્ત્રોનો એ સાર પામી ગયો, જ્ઞાનીના હૃદયમાં એ વાત છે, અંતરંગ છે એટલે એનું એ હૃદય ગણાય છે. પરિણમન છે એ અંતરંગ છે, એટલે એમનું હૃદય પણ હાથમાં આવ્યું. અને આ પોતાને પરમેશ્વર થવાનો જે મહામાર્ગ છે એ પણ આ જ છે,

આ જ રીતે પરિણમન આવી શકે. પરિણમન ઉત્પન્ન થવાનો આ પ્રયોગ છે અને એ પ્રયોગ બધા જ મનુષ્યોને અનુભવગોચર પણ છે કે તમે બીજાના પરિણમનને, વેદનાયુક્ત પરિણમનને જોવો તો તમને વેદના થયા વિના રહે જ નહીં. વેદના કહો, સંવેદના કહો (બંને એકાર્થ છે). પ્રત્યક્ષની તો અસર થાય પણ ચલચિત્રની માણસને અસર થાય છે. Picture જોતાં જોતાં રોવા મંડે છે કે નહીં ? હસવા મંડે છે, રોવા મંડે છે એ શું છે ? થીએટરમાં કે ટીવી ઉપર વેદનાયુક્ત પરિણામથી અસર આવે છે કે નથી આવતી ? તો પ્રત્યક્ષની તો આવ્યા વગર રહે જ નહીં કેમકે ત્યાં તો જીવંત છે. પેલું તો અજીવ છે, પડદા ઉપરનું ખાલી ચિત્ર છે, ક્ષણમાં ચાલ્યું જશે અને આ તો સામે જીવંત વસ્તુ છે.

ઊલટો પ્રયોગ પણ બધાને અનુભવગોચર છે (હવે) તો સુલટો પ્રયોગ (જ) પકડવાનો છે, સીધી વાત છે આમાં. કોઈ કાલ્પનિક વાત નથી. એનો અર્થ શું છે કે, આમાં કોઈ

અનુમાન લગાવવું છે, કોઈ તર્ક લગાવવો છે, કોઈ શાસ્ત્રની Theory apply કરવી છે, Try અને error method (છે) એમ પણ નથી. નહીંતર તો શું છે કે, માણસ Try કરી જુએ, ન થાય તો બીજી રીતે Try કરે, ન થાય તો ત્રીજી રીતે Try કરે. આ લોકો – ડૉક્ટરો કરે છે ને ! આ દવા ન લાગુ પડે તો બીજી દવા આપવી, એ ન લાગુ પડે તો ત્રીજી આપવી. તમારા લોકોની વાત છે. એ તો કહે છે કે આ અમારી Try અને error method છે. શું થાય ? એક ને એક દવા કો'કને લાગુ પડે છે અને કો'કને બીજી લાગુ પડે છે, એ જ રોગ ઉપર કો'કને વળી ત્રીજી લાગુ પડે છે. શું કરીએ ? અમને તો કેમ ખબર પડે ? ડૉક્ટર લોકો સર્વજ્ઞ તો છે નહીં.

આ તો એક અનુભવગોચર બધાને સર્વ સાધારણ બધાને અનુભવમાં આવે એવી વાત છે. તો આ એક રહસ્યને જો જીવ સમજે તો એ જ્ઞાનીપુરુષનો સત્સંગ કરે. સંગ કરીને, જ્ઞાનીપુરુષનો સંગ કરીને એના પરિણમનને જોવા માટેની પોતાની યોગ્યતા કેળવીને પરિણમન જોવે તો એ પણ એ દશાને પામે અને એ દશાને પામે તો એના ભવભ્રમણનો અંત આવે. ભવભ્રમણનો અંત આવે તો ચારે ગતિના દુઃખ ભોગવવા ન પડે અને આત્મશાંતિ અને આત્મસમાધિમય જીવન, પરિણમન ચાલે.

એવા એક રહસ્યને સ્પષ્ટ કરવા માટે એમણે આ પત્ર લલ્લુજીસ્વામીને લખ્યો છે. લલ્લુજીસ્વામી સ્થાનકવાસી સંપ્રદાયના દીક્ષિત મહારાજ હતા અને યોગ્યતા સારી હતી એટલે પોતાના મુનિપદના અહંનો ત્યાગ કરીને એક પામર શિષ્ય તરીકે એમણે 'કૃપાળુદેવ'ની ભક્તિ કરી છે અને એમને અનુસરવાનો પ્રયાસ કર્યો છે.

મુમુક્ષુ :– લલ્લુજી મહારાજમાં ઘણી લઘુતા હતી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નમ્રતા ઘણી હતી, ઘણી હતી.

'સત્‌જિજ્ઞાસુ – માર્ગાનુસારી મતિ. ખંભાત.' સત્‌જિજ્ઞાસુ (સંબોધન કર્યું છે). એ સ્થાનકવાસીના મુનિ હતા છતાં પણ એમને જિજ્ઞાસુ તરીકે સંબોધન કર્યું છે. મુનિ તરીકે સંબોધન નથી કર્યું. એમની ભૂમિકા પ્રમાણે (સંબોધન કર્યું છે) કે તમે એક સત્‌પ્રાપ્તિ માટેના જિજ્ઞાસુ થયા છો, ભાવનાવાળા થયા છો અને તમારી બુદ્ધિ સન્માર્ગને અનુસરવા માટેની થઈ છે. એવી એમની યોગ્યતાનું સંબોધન કર્યું છે. અને બહુભાગ યોગ્યતા જોઈને જ જ્ઞાની સંબોધન કરે છે. ન ઓછું લખે, ન અદકું લખે. એમનું સમ્યક્‌જ્ઞાન, પ્રમાણજ્ઞાન હોવાથી જ્ઞાનમાં જે રીતે મપાય તે રીતે કહે.

'ગઈ કાલે પરમભક્તિને સૂચવનારું આપનું પત્ર મલ્યું. આહ્લાદની વિશેષતા થઈ.' આ બનતા સુધી પહેલો જ પત્ર છે. લલ્લુજી ઉપરનો આ પહેલો પત્ર છે અને શરૂઆતમાં જ એમણે ખૂબ ભક્તિથી પત્ર લખેલો. ત્યારે એમને એમ થયું કે, ભક્તિ વિશેષ કોઈમાં હોય, જ્ઞાનીપુરુષ પ્રત્યે ભક્તિ વિશેષ હોય તો એ ભક્તિને કારણે નહીં પણ ભક્તિ કરનારની યોગ્યતાને કારણે જ્ઞાનીને પ્રસન્નતા આવે છે. કોઈ અનર્થ ન કરે એટલે સ્પષ્ટ કરવું પડે.

પોતાની ભક્તિ કરે તો પોતાને પ્રસન્નતા થાય એ તો ખુશામતખોર માણસને પણ એવું જ થાય છે. સંસારમાં પણ કોઈ શેઠિયા હોય, રાજા હોય, નેતા હોય એની ખુશામત કરે અને લગભગ દરેકની આગળપાછળ એ ખુશામતિયાનું સર્કલ હોય જ છે અને એ ખુશી થાય છે. ખુશી થાય છે, લૂંટાય છે, બધુંય ચાલે છે. એવું પારમાર્થિક માર્ગમાં નથી. જ્ઞાનીને વિષે એવી કલ્પના કરવા યોગ્ય નથી કે, એની ભક્તિ કરે છે માટે એ પ્રસન્ન થાય છે, એમ નથી. એની યોગ્યતા જોઈને પ્રસન્ન થાય છે. એટલે આહ્લાદની વિશેષતા થઈ એ એની યોગ્યતા જોઈને થઈ.

'અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે;...' પોતાનું મૂળસ્વરૂપ કેવું છે ? એ સંબંધમાં પોતે અજાણ્યો રહ્યો છે. મૂળસ્વરૂપને પોતે કદી જાણ્યું નથી, જેવું છે એવું અનુભવ્યું નથી અને ઊલટાની જે કર્મજનિત અવસ્થા થઈ, જેમકે અત્યારે મનુષ્યપણું કર્મજનિત છે, એવા કર્મો લઈને આવ્યા કે મનુષ્ય થયા. એવા કર્મ લઈને આવ્યા કે કોઈ સ્ત્રી થયો, કોઈ પુરુષ થયો, કોઈ નપુંસક થયો, કોઈ ગરીબ થયો, કોઈ તવંગર થયો, કોઈ રાજા થયો, કોઈ વિદ્વાન થયો, કોઈ મૂર્ખ થયો, કોઈ ડાહ્યો થયો, કોઈ પાગલ થયો – એ બધા કર્મજનિત અવસ્થાના પ્રકારો છે. જેવો છે, કુરૂપ, સુરૂપ શરીરથી વજનદાર, હળવો, દૂબળો, પાતળો, જાડો, આ, તે, ઊંચો–નીચો – એ બધી પોતાને ભ્રાંતિગતપણે થયેલી કલ્પના છે. આત્મા એવો નથી, કોઈ આત્મા એવો નથી.

'ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં...' સાંભળ્યું ને ? ત્યાં તો બંધ-મુક્તિના પરિણામ નથી લીધા પછી બીજી તો વાત કરવાની રહેતી નથી. કેમકે અવસ્થાને બંધન છે એ પણ કર્મની સાથેનો સંબંધ દર્શાવે છે અને મુક્તિ પણ કર્મની સાથેનો વિયોગરૂપ સંબંધ બતાવે છે. એક સંયોગરૂપ સંબંધ બતાવે છે (અને) એક વિયોગરૂપ. બંનેમાં કર્મની સંયોગ-વિયોગની અપેક્ષા આવે છે. આત્મા નિરપેક્ષ, નિરાલંબ તત્ત્વ છે. એને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી, કોઈ અવલંબનની એને જરૂર નથી. એવું જે પોતાનું સ્વરૂપ છે, એ સ્વરૂપને જાણ્યું નહીં, સમજ્યો

નહીં, અનુભવ કર્યો નહીં અને એ વિષે ભ્રાંતિથી, જેવા જેવા કર્મની અવસ્થાએ જીવજંતુપણે, પશુપક્ષી-ઢોરપણે ઊપજ્યો તો ત્યાં એવું માન્યું, મનુષ્ય થયો તો મનુષ્ય માન્યું, દેવ થયો તો દેવ માન્યું. આત્મા એવો નથી.

મુમુક્ષુ :– અનંત કાળ ચાલ્યો ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત કાળથી પોતાને પોતા વિષે જ ભ્રાંતિ રહી ગઈ છે. આ ભ્રાંતિ રહી ગઈ છે, અનાદિથી રહી ગઈ છે.

'આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે.' એમ કીધું કે, જો તું વિચારવાન હોય, બુદ્ધિમાન હોય તો આ જગ્યાએ વિચાર કર. બહુ કહી શકાય એવું નથી. અવાચ્ય એટલે બહુ કહી શકાય એવું નથી પણ વિચારીને ઊંડા ઊતરી શકાય એવું છે. અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જગતના કાર્યો અને પ્રસંગોની તેં વિચારણા કરી હશે પણ આ એક વિચારણા કરવા જેવી છે કે, મને મારી ભ્રાંતિ રહી ગઈ. આ શું ? અને એક સાદી સમજી શકાય એવી વાત છે કે, કોઈ પણ વ્યક્તિ પોતાનું સ્થાન શું છે એનો નિર્ણય જેને ન હોય તો એનાથી કર્તવ્ય–અકર્તવ્યનો નિર્ણય ન થઈ શકે. જેમકે ઘરમાં પોતે શું છે ? એ જ એને ખબર ન હોય ! ઘરનો માલિક છે કે ઘરનો નોકર છે ? ઑફિસમાં શું છે ? ઑફિસમાં સાહેબ છે કે પટાવાળો છે ? કે Proprietor છે કે Partner છે ? ઈ જ ખબર ન હોય તો શું કરે ? દિલ્હીની ગાદી ઉપર બેઠો હોય એને ઈ જ ખબર ન હોય કે, હું ક્યા સ્થાને બેઠો છું તો શું કરી શકે એ ? (એવી રીતે) કોઈ પણ જગ્યાએ.

એમ, હું મૂળસ્વરૂપે શું છું ? એનો નિર્ણય થયા વિના મારે મારું કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું એનો નિર્ણય કેવી રીતે હોઈ શકે ? અને હોઈ શકે તો યથાર્થ કેવી રીતે થાય ? એટલે સર્વ પ્રથમ એમ કહ્યું કે, તમે તમારા મૂળસ્વરૂપને ઓળખો, સમજો પછી તમારા કર્તવ્યને સમજો. એના બદલે મૂળસ્વરૂપને સમજ્યા વિના સંપ્રદાયબુદ્ધિએ, રૂઢિગતપણે કર્તવ્યને નક્કી કરી નાખે છે. કોઈ પૂજા-ભક્તિ કરી લે છે, તો કોઈ ઉપવાસ કરી લે છે, તો કોઈ શાસ્ત્ર વાંચવા મંડી પડે છે, તો કોઈ તીર્થયાત્રા અને દયા-દાન કરવા મંડી પડે છે, કોઈ જપ-તપ-સંયમ કરવા મંડી પડે છે. પણ તું પોતે શું છે ? એ તો નક્કી કર, પછી કર્તવ્ય નક્કી થશે. આ વિચારણાનું સ્થળ છે, અદ્ભુત વિચારણાનું સ્થળ છે. બીજે બધે પહેલાં પોતાનું સ્થાન નક્કી કરશે.

એક વાર બેંગલોરમાં આપણી સંસ્થા તરફથી, આપણા મંડળ તરફથી 'સમયસાર'નું

કન્નડ ભાષામાં વિમોચન હતું. એ લોકોએ મોટો ઉત્સવ કર્યો હતો. બધાને ભેગા કર્યા હતા, રથયાત્રા કાઢી હતી અને Town Hallની અંદર પછી Lecture ગોઠવ્યું હતું. એ બધા Dignityવાળા માણસને બોલાવે ત્યારે એ વખતે રામકૃષ્ણ હેગડે Chief Minister હતા. Chief Ministerથી માંડીને બધા મોટા મોટા માણસોને બોલાવ્યા હતા. એમાં એક ધર્મસ્થળના પણ એક હેગડે જ છે. ધર્મસ્થળની અંદર એ પણ મોટી જાયદાદવાળા માણસ છે. આખું ધર્મસ્થળ એનું જ ગણાય છે. વિરેન્દ્ર હેગડે, એ પણ આવ્યા હતા. પછી ચર્ચા ચાલી કે, આ બધાને તમે કેવી રીતે બોલાવ્યા ? (એમ) અમે પૂછ્યું. તો કહે એના Personal secretaryને પહેલા મળવું પડે છે. P.A. હોય ને એના P.A. ? P.A.ને મળવું પડે છે. તો P.A. પહેલા બધી Inquiry કરે છે કે અમારા સાહેબને તમે બોલાવવાના છો તો એને ક્યા સ્થાને બેસાડવાના છો ? એ પહેલા નક્કી કરીને કહો. કોણ કોણ આવવાનું છે ? એ કહો. જે કોઈ Dignityવાળા માણસો આવવાના છે એની બધાની ખુરશી ક્યાં ક્યાં રહેવાની છે ? અને અમારા સાહેબની ખુરશી ક્યાં રહેશે ? ઈ પહેલા સમજાવો. પછી હું એમની સંમતિ લેવા જઉં, પછી સંમતિ આપશે, પછી હું તમને હા-ના કહીશ. સંમતિ લેતા પહેલા આટલું પોતાનું સ્થાન નક્કી કરે છે !

મુમુક્ષુ :- માન જળવાવું જોઈએ ને !

પૂજ્ય ભાઈશ્રી :- એક System છે. Protocolની એક System છે. આપણે તો To the point વાત શું છે ? કે, દરેક માણસ પોતાનું સ્થાન સમજીને આવે છે. એક નાનું એવું કલાક-બે કલાકનું Function હતું તોપણ કહે કે, મારું સ્થાન પહેલા હું નક્કી કરું. ઈ ડાહ્યો માણસ ગણાય છે, લૌકિકદૃષ્ટિએ એનું ડહાપણ ગણાય છે કે, જુઓ ભાઈ ! કેટલું સમજીને આવે છે ?!

(એ વખતે) હું અને (એક બીજા વિદ્વાન) બંને હતા. અમે First rowમાં હતા, પણ બંનેને છેડે એક-એક ખુરશી મળી. એક છેડે (ઈ) બેઠા હતા અને બીજે છેડે હું બેઠો હતો. બાકી વચ્ચે બધા Dignityવાળા માણસો બેઠા હતા, લૌકિક Dignityવાળા માણસો બેઠા હતા. Lecture બધાના થયા હતા, પણ બેસાડવામાં એ લોકોએ બધાને Dignity vise બેસાડવા પડ્યા હતા અને એ રીતે બધું નક્કી કરવામાં આવ્યું હતું.

એક આ ધર્મમાં (જ) બધા ઊભાંગડે ચાલે છે. સમજ્યા વગર એમ ને એમ, કંઈ પોતાનું સ્થાન નક્કી કર્યા વિના, ગાડું હાંકે રાખે છે ! મારું કર્તવ્ય શું ? આ ખવાય અને

આ ન ખવાય, આ કરાય અને આ ન કરાય એમાં કર્તવ્ય અને અકર્તવ્ય બધું નક્કી કરી નાખે. પોતાનું સ્વરૂપ નક્કી કર્યા વિના (કર્તવ્ય નક્કી કરી લે છે !) મણમાં નવ પાનશેરીની ભૂલ ! આઠ પાનશેરીની ભૂલ હોય ત્યાં સુધી વાંધો નહીં. તો પૂરેપૂરી ભૂલ ગણાય. આ તો વધારાની ભૂલ, સવાઈ ભૂલ છે. આવી પરિસ્થિતિ ધર્મના ક્ષેત્રમાં સમજ્યા વગર જે ચાલવાનું અને ચલાવવાનું રહ્યું છે એની સામે આંખ ખોલી છે.

મુમુક્ષુ :– આત્મા તો દેખાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા દેખાતો નથી. કોણ બોલે છે ઈ ? કોણ કહે છે કે આત્મા દેખાતો નથી ? આત્મા દેખાતો નથી એવું કોણે કીધું ? એવું કોને લાગ્યું ? આત્માને લાગ્યું કે કોઈ બીજાને લાગ્યું ?

કોઈ માણસે બીજાની સાથે વાત કરતાં કરતાં તમને ટોણો માર્યો, ઠીક ! Taunt મારવાની પદ્ધતિ એવી હોય છે. વાત કો'કની સાથે કરે અને સંભળાવે કો'કને ! ઘરમાં તો સાસુ-વહુનો અનુભવ બધાને હોય જ છે. એ રીતે ત્યાં કેમ દેખાય છે કે મને ટોણો માર્યો ? ઈ કેવી રીતે દેખાણું ? કહો જોઈ. ઈ System તમે સમજાવો. ઈ તમને કેવી રીતે ખબર પડી જાય છે ? ઓછી બુદ્ધિવાળાને ખબર પડી જાય છે કે, આ વાત મારા ઉપર આવી. પોતાને લાગુ પડે છે ત્યાં પોતાની જાતને, આખી જાતને ભેળવે છે, પોતાનું માન-અપમાન લાગી આવે છે અને એની અસર કેટલી લઈ લ્યે છે !?

અહીંયાં આત્માના વિષયમાં કેટલી બધી સ્પષ્ટતા કરે. આત્માના અનુભવી જ્ઞાનીઓ આત્માના વિષયમાં કેટલી બધી સ્પષ્ટતા કરે છે ! પેથીએ પેથીએ તેલ નાખીને વાત કરે છે !

મુમુક્ષુ :– નરસિંહ મહેતા એ કીધું, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહીં...'

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ માર્ગાનુસારી હતા ને ! વાત તો યથાર્થ કરી છે.

કહે છે કે 'આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી,...' મતિ પહોંચતી નથી કે, આ કેમ આત્માને જાણવો ? 'ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય ?' પણ એ કર્માનુસારી મતિની ગતિ નથી. જ્ઞાન જરાક કર્મને અનુસરવાનું બંધ કરે તો જ્ઞાન નિર્મળ થઈને એનો પત્તો કાઢી લ્યે.

હવે, જ્ઞાનીપુરુષનું પરિણમન જોવા માટે, પરિણમન જોનાર કેવી પરિસ્થિતિમાં આવીને પરિણમન જોવે છે ? અથવા કેવા પ્રકારે પરિણમનને જોવે છે ? કે જેને લઈને એને પોતાને

નિર્વાણમાર્ગનું રહસ્ય સમજાય છે, મોક્ષમાર્ગનું રહસ્ય સમજાય છે અને સર્વ શાસ્ત્રોનો સાર, શાસ્ત્રો વાંચ્યા વિના પકડાય જાય છે. 'સબ આગમ ભેદ સુઉર બસે;...' બધા આગમના રહસ્યો પકડાઈ જાય, એક જ્ઞાનીને ઓળખે ત્યાં આગમના રહસ્યો પકડાઈ જાય, એને આગમ વાંચવાની જરૂર નહીં. એટલો સહેલો ઉપાય છે અને એટલો ઉત્કૃષ્ટ ઉપાય છે !

'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;...' આ પહેલું વાક્ય શું કરવા લખ્યું ? એક એકમાં બહુ ઊંડાણ છે, હોં ! વાક્યના ક્રમમાં પણ ઊંડાણ છે ! 'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;...' એટલે શું ? ઉદાસીનતા પહેલી આવે ક્યારે ? પહેલા ક્રમમાં ઉદાસીનતા ક્યારે આવે ? કે ભવભ્રમણની ચિંતા શરૂ થઈ હોય ત્યારથી આવે. એ ચિંતા, એ વેદના, એ ઝૂરણામાં આવે ત્યારે એનો ક્રમ શરૂ થાય. એ ક્રમ શરૂ થાય એટલે એનો સમાજ પ્રતિબંધ તૂટે, એનો કુટુંબ પ્રતિબંધ તૂટે, એનો શરીર પ્રતિબંધ તૂટે. સમાજનું જેમ થાવું હોય તેમ થાઓ, કુટુંબનું પણ જેમ થવું હોય એમ થાઓ અને શરીરનું પણ જેમ થાવું હોય એમ થાઓ, મારે મારું આત્મહિત કરવું છે. એટલી ઉદાસીનતામાં આવ્યા પછી સત્પુરુષ ઓળખાય, એમ કહેવું છે. પહેલું વાક્ય લખવા પાછળ આ કારણ છે કે, આ પ્રતિબંધો તૂટ્યા વિના સત્પુરુષ ઓળખાશે કે એનું પરિણમન દેખાશે એવી યોગ્યતા કે એવી નિર્મળતા કે એવી સમજવાની ક્ષમતા એ કંઈ નહીં હોય.

એટલે પહેલો નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો. ક્રમ સેવવો એનો અર્થ કે યથાર્થપણે ઉદાસીનતા આવવી જોઈએ. નહીંતર તો વૈરાગ્ય આવીને ઘણા દીક્ષા લઈ લે છે. ઘર-બાર અને રાજપાટ છોડીને જંગલમાં ચાલ્યા જાય છે પણ એમ પત્તો નથી લાગતો, એવી રીતે ત્યાગ કરવાથી પત્તો નથી લાગતો. ત્યાગ કર્યો તો ગ્રહણ શું કર્યું ? કેમકે ખાલી નથી આત્મા. પહેલા જે જે પદાર્થોનો ત્યાગ કર્યો (હતો) એનું મમત્વ ગ્રહણ કર્યું હતું, હવે એનો ત્યાગ કર્યો તો બીજું શું ગ્રહણ કર્યું ? ત્યાગનું મૂલ્યાંકન ગ્રહણ ઉપર છે. ત્યાગ એક Negative position છે, અને એનું યથાર્થ માપ Positive position ઉપરથી નીકળે છે કે, એણે ગ્રહણ શું કર્યું ? નહીંતર તો સર્વ સંપ્રદાયમાં, દરેક ધર્મમતમાં ત્યાગીઓ હોય છે, જે ધર્મના વડા હોય છે એ ઓછાવત્તા તો ત્યાગી હોય જ છે. (પરંતુ) એ રીતે કોઈ ત્યાગનું સાચું માપ નીકળતું નથી. એટલે એમણે અહીંથી શરૂ કર્યું. જ્ઞાનીપુરુષને ઓળખવા માટે, એનું પરિણમન જોઈ શકવા માટે પહેલી શરત આ મૂકી છે. 'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;...'

(પહેલા) ઉદાસીનતા આવી ને ચાલી ગઈ એમ નહીં. સેવવો (એટલે એકધારાએ) ચાલુ

(રહે). એથી વધારે ઉદાસીનતા આગળના તબક્કામાં આવે, એથી વધારે ઉદાસીનતા આગળના તબક્કામાં આવે અને જેમ જેમ ઉપરના Stageમાં જાય (તેમ તેમ વધુ ઉદાસીનતા આવે). કેમકે નુકસાન ત્યાં થાય છે. ઉદાસીનતાનું વિરુદ્ધ પરિણામ છે અપેક્ષાવૃત્તિ અને અપેક્ષાવૃત્તિનું વિરુદ્ધ પરિણામ છે ઉપેક્ષાવૃત્તિ અર્થાત્ ઉદાસીનવૃત્તિ. અપેક્ષાનું વિરુદ્ધ ઉપેક્ષા. અહીંયાં ઉપેક્ષા એટલે ઉદાસીનતા લેવી. ઉદાસીનતા એટલે ઉપેક્ષા લેવી અને ઉપેક્ષા એટલે અપેક્ષાથી વિરુદ્ધ. પરસ્પર વિરુદ્ધ શબ્દો હોય છે ને ? કાળું અને ધોળું, શુદ્ધ અને અશુદ્ધ. પરસ્પર વિરુદ્ધ થયા ને ? એમ અપેક્ષા અને ઉપેક્ષા પરસ્પર વિરુદ્ધ પરિણામો છે.

સમાજની અપેક્ષા નહીં, કુટુંબની અપેક્ષા નહીં, શરીરની અપેક્ષા નહીં. (એમાં) આધારબુદ્ધિ તોડવાનો Process ચાલુ થયો. સમાજના આધારે હું જીવતો નથી, કુટુંબના આધારે જીવતો નથી, શરીરના આધારે જીવતો નથી, શ્વાસોશ્વાસથી જીવતો નથી. અનંતવાર શ્વાસોશ્વાસ છોડ્યા. પ્રાણ છૂટે ત્યારે દસ પ્રાણમાં શ્વાસોશ્વાસ એક પ્રાણ છે. જૈનદર્શન પ્રમાણે કર્મજનિત જડના દસ પ્રાણ છે. આયુષ્યપ્રાણ, શ્વાસોશ્વાસપ્રાણ, પાંચ ઇન્દ્રિયપ્રાણ. એમાં શ્વાસોશ્વાસ તો અનંતવાર છોડ્યા (પરંતુ) આત્મા મર્યો નહીં, કદી મર્યો નથી અને (મરતો) નથી. કેમકે એના વગર એ જીવે છે. અનંતકાળથી જીવે છે અને અનંતકાળ જીવતો રહેવાનો છે એવી અનંત જીવત્વશક્તિ આત્મામાં રહેલી છે. એ જીવત્વશક્તિના કારણે જીવે છે. ખોરાક ને પાણી ને શ્વાસોશ્વાસ, હવાથી જીવે છે એમ છે નહીં. આધારબુદ્ધિ બધી છૂટે. ઉદાસીનતાના ક્રમમાં આધારબુદ્ધિ છૂટે તો જેના આધારે સુખબુદ્ધિ થઈ છે એ સુખબુદ્ધિ પણ છૂટે. સુખબુદ્ધિને લઈને અપેક્ષાબુદ્ધિ છે (અને) અપેક્ષાબુદ્ધિ મટે તો ઉપેક્ષાબુદ્ધિ આવે.

એટલે પહેલા અહીંથી શરૂ કરે છે. 'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું;...' કેવી રીતે (લીન થવું) ? ઉદાસીનતાનો ક્રમ સેવીને. બહારનું જીવન એમ ને એમ (રાખે) અને અમે બધું કરીએ છીએ ! ધર્મમાં પૂજા-ભક્તિ બધું કરીએ છીએ, અમારા ગુરુને ભજીએ છીએ, અમારા ભગવાનને ભજીએ છીએ. બહારમાં કંઈ ફેરફાર થાય નહીં તો બીજા લોકો પણ માન્ય નહીં કરે. જેને આ વિષયની ખબર નથી એ પણ માન્ય નહીં કરે કે, તમે ખાલી વાતો કરો છો, આમાં બીજું કંઈ નથી. તમારા જીવનમાં કોઈ ફેરફાર જોવામાં આવતો નથી.

એટલે શરતમાં એ વાત પહેલી છે કે, સત્પુરુષની ભક્તિ પ્રત્યે કે ભગવાનની ભક્તિ પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પ્રત્યે કે ગમે તેની ભક્તિ પ્રત્યે, એમ ને એમ ભક્તિ કરવાની

વાત નથી. તમારી જ્યાં જ્યાં અપેક્ષાવૃત્તિ હતી ત્યાં ત્યાં ઉપેક્ષાવૃત્તિ-ઉદાસીનવૃત્તિ થઈ કે કેમ ? આટલો સવાલ છે. જો ઉપેક્ષાવૃત્તિ ન થઈ હોય અને અપેક્ષાવૃત્તિઓ એવી ને એવી ચાલુ રહી હોય તો આ બધું જે કરવામાં આવે છે તે એકડા વગરના મીંડાં (છે). ગમે એટલા મીંડાં હો, લાખ મીંડાં હો, એની કિંમત નથી. એકડો હોય ને પછી એક મીંડું હોય તો સીધી એકની જગ્યાએ દસની કિંમત થાય. લખ્યો એકડો, પણ મીંડું આવ્યું ત્યાં સીધા દસ થઈ ગયા. પછી બધા Decimal point છે, જેટલા મીંડાં વધે એટલા, દસ-દસને દસે જ સીધા ગુણવા પડે. એમ આ પહેલો એકડો છે. જે ક્રમથી પહેલી યથાર્થ ઉદાસીનતા આવે છે, એ પૂર્વક સત્પુરુષની ભક્તિમાં લીન થવાની વાત છે.

પ્રશ્ન :- દર્શનમોહ દબાય છે ?

સમાધાન :- ઉદાસીનતાનો ક્રમ આવે તો દર્શનમોહ દબાય. સત્પુરુષની ભક્તિ થાય તો દર્શનમોહ વિશેષ દબાય, પણ ઉદાસીનતાનો ક્રમ આવે નહીં અને અમને સત્પુરુષ પ્રત્યે ભક્તિ છે તો દર્શનમોહ યથાર્થ પ્રકારે નહીં દબાય. થોડોક દબાય ને પાછો તીવ્ર થાશે, થોડોક દબાય ને પાછો તીવ્ર થાશે. સત્પુરુષની ભક્તિથી દબાય છે ખરો, પણ અયથાર્થપણે દબાય તો પાછો તીવ્ર થઈ જશે. ક્રમથી યથાર્થપણે (દબાવો જોઈએ). 'ક્રમ' શબ્દ એમણે વાપર્યો છે. એટલે તો ૮૩મો પત્ર લેવો હતો. ક્રમ ઉપર કેટલું વજન છે એમનું ?

૮૩(મો પત્ર) કાઢો ! પાનું ૧૯૮, પહેલો પેરેગ્રાફ છે ને ત્યાંથી લઈએ. 'તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાનું દર્શન કરવા જઈએ...' એટલે શું ? કે તત્ત્વજ્ઞાનના વિષયમાં ઊંડા ઊતરવા જઈએ 'તો, ત્યાં નેપથ્યમાંથી...' એટલે અંદરથી, આત્માની અંદરથી એવો અવાજ નીકળશે, એવો ધ્વનિ, આત્માનો અવાજ પહેલા આવશે. 'એવો ધ્વનિ જ નીકળશે કે, તમે કોણ છો ?' પોતે પોતાને પૂછે કે, હું ખરેખર કોણ ? આ મને બધા બોલાવે છે, ફલાણા, ફલાણા એ જ હું ? આવો દેખાવ મારો છે એવો જ હું ? કે હું કંઈક બીજો ?

'તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ?' કેમ ખબર નથી કે અહીંયાં કેમ કરતાં આવી ગયા ? અહીંયાં ક્યા કારણે ભૂલા પડ્યા ? 'કેમ આવ્યા છો ?' શું હેતુથી આવ્યા છો ? તમારું પ્રયોજન શું છે અહીંયાં આવવાનું ? ખાઈ, પીને મોજ-મજા કરવી ? કર્મ બાંધવા ? કે કર્મ છોડવા ? શું કરવા આવ્યા છો ?

'તમારી સમીપ આ સઘળું શું છે ?' આ બધા સંયોગો શું છે ? ઇચ્છીએ એવા સંયોગો આવે, ન ઇચ્છીએ એવા સંયોગો આવે, આ બધું શું છે ? અને તમને તમારી કાંઈ પ્રતીતિ -

ખાત્રી છે કે, તમે ફ્લાણા જ છો. એવી કંઈ ખાતરી છે ? 'તમે વિનાશી...' એટલે નાશ પામવા યોગ્ય છો ? 'અવિનાશી...' એટલે કાયમ જન્મ-મરણ વગરના રહેવાના છો ? 'વા કોઈ ત્રિરાશી છો ?' કેવો શબ્દ મૂક્યો છે ! એમની કલમમાં તો બહુ તાકાત છે ! એમની જે કલમ ચાલે છે ! વિનાશી, અવિનાશી કે ત્રિરાશી ? ભાષાનું પણ Alliteration કર્યું છે.

'એવા અનેક પ્રશ્નો હૃદયમાં તે ધ્વનિથી પ્રવેશ કરશે;...' તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઊંડા ઊતરશો તો આ બધાં પ્રશ્નો સામા આવશે. 'અને એ પ્રશ્નોથી જ્યાં આત્મા ઘેરાયો ત્યાં પછી બીજા વિચારોને બહુ જ થોડો અવકાશ રહેશે;...' આ વિચારોથી એક વાર ઘેરાય તો સંયોગોની ચિંતાથી જે ઘેરાણો છે એ ઘેરાવો છૂટે. નહીંતર સંયોગોની ચિંતાથી કોઈ મુક્ત થઈ શકે એમ નથી. સંયોગોની ચિંતામાં રહે અને પછી ભલેને ધર્મસાધન ગમે ઈ કરે. માથું અંદર સડી ગયેલું છે, અંદર કંઈ આવે એવું નથી.

સંયોગોની ચિંતા છોડાવવા શું થવું જોઈએ ? કે ચિંતાને Transfer કરો. આ બધી ચિંતા ઊભી થાય અને એ ચિંતાથી ઘેરાય જાય એટલી એને અંદર ચિંતના ઊપડે કે, અંદર આ મૂંઝવણ થાય છે, કંઈ સૂઝતું નથી, સત્ય શું ? આ કંઈ સમજાતું નથી. ત્યાં એને સંયોગો (પ્રત્યેના) બધા (ભાવ) ઢીલા પડી જાય, સંયોગો પ્રત્યેના પરિણામમાં રસ છે એ બધા ઢીલા પડી જાય. એ ઉદાસીનતાનો પહેલો ક્રમ શરૂ થયો.

'ત્યાં પછી બીજા વિચારો...' બીજા વિચારો એટલે વર્તમાન ઉદયના અને ભવિષ્યમાં સુખી-દુઃખી થવાના. અત્યારનો વિચાર કરે છે એ અને પાંચ-પચીસ-સો વરસના પણ વિચાર કરે છે. એક વર્તમાન પરિસ્થિતિની માણસ ચિંતા કરે છે અને ભવિષ્યની પણ ચિંતા કરે છે. આવતી કાલે શું ? છોકરાનું શું ? અને છોકરાનાં છોકરાનું પણ શું ? ક્યાં સુધી Gift આપવી જોઈએ ? ત્યાં સુધીની ચિંતા કરે. એ બીજા વિચારોનો અવકાશ ઓછો થઈ જશે. આ ચિંતામાં આવીશ તો આ અવકાશ ઓછો થશે.

અને જોકે 'એ વિચારોથી જ છેવટે સિદ્ધિ છે;...' એટલે પ્રાપ્તિ છે. એ તત્ત્વજ્ઞાનની ગુફામાં એ ચિંતાથી ઘેરાણો એટલે એનાથી સિદ્ધિ છે, એનાથી પછી પ્રાપ્તિ છે. 'એ જ વિચારોના વિવેકથી જે અવ્યાબાધ સુખની ઇચ્છા છે, તેની પ્રાપ્તિ થાય છે,...' જે આત્મા ઇચ્છે છે કે, મને કદી દુઃખ ન હો, મને સદાય સુખ હો. એની પ્રાપ્તિ આ જ વિચારોથી થશે. 'એ જ વિચારોના મનનથી અનંત કાળનું મૂંઝન ટળવાનું છે;...' અનંતકાળની મૂંઝવણ

છે જે કદી ટળી નથી (એ) આ વિચારોથી ટળશે.

'તથાપિ તે સર્વને માટે નથી.' એમાં જેટલા આ વિચારોમાં આવે છે એ બધાને માટે આ વાત લાગુ નહીં પડે. સોમાંથી માંડ એકાદ કે હજારમાંથી એકાદ આ વિષયના ઊંડાણમાં જવા માટે આમાંથી નીકળશે. મોટા ભાગના તો વર્તમાન ચિંતાના ઘેરાવામાંથી છૂટ્યા વિના જ આ બધું ચલાવે છે. તત્ત્વજ્ઞાના ક્ષેત્રમાં પણ એવી રીતે વર્ષો સુધી એમ ને એમ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા કરે. સંયોગોની ચિંતાના ઘેરાવામાંથી છૂટ્યા વગર (અને) ઉદાસીનતાના ક્રમમાં આવ્યા વગર (અભ્યાસ કર્યા કરે). તો કહે (છે) સર્વને માટે આ વાત નથી. કો'ક કો'ક વિરલ જીવને આ વાત લાગુ પડે એવી વાત છે, એમ સમજીને આ વાત કરીએ છીએ.

'વાસ્તવિક દૃષ્ટિથી જોતાં...' વાસ્તવિક દૃષ્ટિથી એટલે હકીકતને જોતાં, Facts and figures, એને જોતાં. હકીકત એ છે કે, 'તેને છેવટ સુધી પામનારાં પાત્રોની ન્યૂનતા બહુ છે;...' કો'ક કો'ક જીવ પામે છે. હજારોમાંથી કો'ક કો'ક જીવ પામે છે, આ ક્ષેત્રમાં માથું માર્યા પછી પણ હજારોમાંથી કો'ક કો'ક જીવ પામે છે. પામે છે એની કિંમત બહુ છે. સંખ્યા ઓછી છે માટે એની કિંમત ઓછી છે, એમ નથી. એની કિંમત બહુ મોટી છે. એને 'પામનારાં પાત્રોની ન્યૂનતા બહુ છે; કાળ ફરી ગયો છે;...' અત્યારે તો ઘણો વિપરીત કાળ છે.

એટલે 'એ વસ્તુનો...' એટલે એ પ્રશ્નોનો 'અધીરાઈ અથવા અશૌચતાથી અંત લેવા જતાં ઝેર નીકળે છે;...' એમાં ઉતાવળ કામ નથી આવતી. એમાં બરાબર ધીરજથી, શાંત ચિત્તે વિચારવું પડે છે અને ધીરજથી આગળ વધવાનું છે. પોતાની શક્તિ અને માપ જોયા વિના પગલું ભરે પાછા પરિણામ પાછા પડે – એ પ્રકાર આમાં નથી. આમાં તો દિન-પ્રતિદિન તમારા પરિણામ ચડતા રહે એ જોવાનું છે. પરિણામ પાછા પડે એ પ્રકાર યથાર્થ નથી. એટલે અધીરાઈથી અથવા અશૌચતાથી – અશૌચતાથી એટલે અપવિત્રપણે, કોઈ ખોટો રસ્તો પકડે છે. 'અંત લેવા જતાં...' નિશ્ચયાભાસ થાય ને ત્યારે પછી ગડબડ થાય છે. 'ઝેર નીકળે છે;...' ઝેર નીકળે (છે) એટલે મૃત્યુ થાય છે એટલે પરિણામ પાછા પડે છે. 'અને ભાગ્યહીન અપાત્ર બંને લોકથી ભ્રષ્ટ થાય છે;...' (એટલે) અહીંનો પણ નહીં ને ત્યાંનો પણ નહીં, આલોકનો પણ નહીં અને પરલોકનો પણ નહીં. પરમાર્થનો પણ નહીં અને વ્યવહારનો પણ નહીં, એકેયમાં એની પછી ગણતરી નથી.

'એટલા માટે અમુક સંતોને અપવાદરૂપ માની બાકીનાઓને તે ક્રમમાં આવવા, તે ગુફાનું

દર્શન કરવા ઘણા વખત સુધી અભ્યાસની જરૂર છે;...' જુઓ ! અહીંથી ક્રમની વાત શરૂ કરી કે, Systematically, પદ્ધતિસર કામ કરો. કોઈ તીર્થંકર જેવા પુરુષ હોય, કોઈ પૂર્વના સંસ્કારી આત્માઓ હોય (તો) જુદી વાત છે, બાકી બધાને, બાકીનાઓને તે ક્રમમાં આવવા માટે, એટલે એનો જે વ્યવસ્થિત ક્રમ છે તેમાં આવવા માટે અને તે ગુફાનું એટલે તત્ત્વજ્ઞાનની ગુફાનું દર્શન કરવા માટે ઘણા વખત સુધી અભ્યાસની જરૂર છે.

'કદાપિ તે ગુફાદર્શનની તેની ઇચ્છા ન હોય...' કે મારે કંઈ આમાં તત્ત્વજ્ઞાનમાં ઊંડા ઊતરવું નથી, હવે આનો કંઈ છેડો જ આવે એવું નથી (એમ લાગતું હોય) 'તોપણ પોતાનાં આ ભવનાં સુખને અર્થે...' તારે અત્યારે તો આ ભવમાં તો સુખ જોઈએ છે ને ? 'આ ભવનાં સુખને અર્થે પણ...' એટલે કે, 'જન્મ્યા તથા મૂઆની વચ્ચેનો ભાગ...' તેને આ ભવ કીધો છે. જન્મથી મરે તે વચ્ચેનો છે તે આ ભવ છે. એવા ભાગ માટે, એવા સમયના ભાગ માટે, કોઈ રીતે સુખને અર્થે 'ગાળવા માટે પણ એ અભ્યાસની ખચીત જરૂર છે.' અવશ્ય જરૂર છે. વર્તમાનમાં તારે સુખી થવું હોય તોપણ તારે આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાની જરૂર છે. કેમ ? કે એવું જોવામાં આવે છે કે, કરોડો-અબજો રૂપિયાથી સંપન્ન એવા પરિવારમાં પણ ઘરની અંદર ક્લેશ હોય.

પ્રશ્ન :– મૂઆ એટલે ?

સમાધાન :– મૂઆ એટલે મૃત્યુ. જન્મ્યો અને મૃત્યુ. જન્મ અને મૃત્યુ વચ્ચેના ભાગને ભવ કહે છે.

કરોડો-અબજોની સંપત્તિ હોય એટલે બધી વાતે સંપન્ન હોય છતાં ઘરમાં ક્લેશ શું કરવા ? કે એકબીજાની પ્રકૃતિનો મેળ ન ખાય, એકબીજાની વાતનો મેળ ન ખાય, એકબીજાની સાથે બેસવા કોઈ તૈયાર ન હોય, વાત કરવા તૈયાર ન હોય. સૌ સૌના રંગરાગમાં સૌ ફરતાં હોય. એમાં જો ક્યારેક ભેગું થાવું જ પડે, વ્યવસ્થા એવી હોય કે જેને જે શાક ભાવતું હોય એ રસોયો બનાવે. કે પાંચ જણને પાંચ શાક ભાવે છે તો પાંચ જાતના બનાવો. જેને જે ભાવે એ પીરસવું. તોપણ એને સુખ (ન હોય), અંદર અસુખ હોય, કેમ ? પેલો આમ કેમ કરે છે ? પેલો આમ કેમ બોલ્યો ? આનું આમ કેમ થયું ? આને આમ કેમ થયું ? પ્રકૃતિનો મેળ (નથી). પ્રકૃતિ દોષનો પર્યાય છે. એકબીજાના દોષની ટક્કર અને એનું Tension – આ બધું ચાલુ રહે છે. બાકી તો Governmentના ને બીજા ને ત્રીજા લફરાની તો અત્યારે વાત જ મૂકી દ્યો. એટલે એ રીતે સંપત્તિવાળાને તો સુખ મળવું બહુ મુશ્કેલ

છે.

પ્રશ્ન :- એ જાતની જે ટક્કર થતી હોય એમાં ક્રોધ પ્રકૃતિ વિશેષ છે ?

સમાધાન :- ક્રોધ અને માન, બેનું જોર વધારે હોય છે અને કોઈ વાર કોઈને લોભ પ્રકૃતિને લઈને પણ ક્લેશ થતો હોય છે તો કોઈને માયાચારીને લઈને પણ ક્લેશ થતો હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારમાંથી કોઈને કોઈ, કોઈને કોઈ સામે સામે અથડાય છે અને ઘર્ષણ ઊભું થાય છે.

મુમુક્ષુ :- ઘરમાં એકબીજાને અનુકૂળ થઈને રહે એવો ભાવ રહેતો હોય (તોપણ) ક્રોધ પ્રકૃતિ વિશેષ થઈ જતી હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જ જાય. વાત વાતમાં પોતાનું ધાર્યું ન થાય તો શું થાય ? દિવસમાં સેંકડો ઇચ્છા થાય તો સેંકડો ઇચ્છા થાય એ બધી પાર પડે છે કોઈની ? ગમે તેટલો સંપત્તિવાન હોય તો ? (તોપણ) ન પડે. પછી શું થાય ? ધાર્યું ન થાય તો શું થાય ? ક્રોધ આવે. માનની અપેક્ષા હોય કે, સામો માણસ મને માન આપે. પણ એ કોઈ કંઈ તમારો આધીન થોડો છે ? કોઈ કોઈને આધીન તો છે નહીં, બધાય સ્વતંત્ર છે. ન માન આપે (તો) અંદરમાં આકુળતાનો પાર ન રહે. હવે માનની પ્રકૃતિ હોય (તો) દુઃખી થયા જ કરે.

જેમ કૂતરો ઘરે ઘરે બટકું રોટલાની આશા માટે ભટકે છે એમ માનવાળા જીવની માન માટેની વૃત્તિ ઘરે ઘરે ભટકે છે. અહીંથી મને માન મળે, અહીંથી મળે, અહીંથી મળે, આ મને માન આપે, આ મને માન આપે. એમાં કોઈ આપે અને કોઈ ન આપે એટલે અંદરમાં અગ્નિ, આકુળતાની જ્વાળા, અગ્નિની જ્વાળા ઊભી થાય. હવે આ દુઃખ કોને કહેવું ? પેલું બધું એમ ને એમ પડ્યું રહે. જેટલા સુખસાધનની સગવડો છે એનું વિસ્મરણ થઈને અંદરમાં આકુળતા થાય. એનું સ્મરણ પણ ન આવે કે મને આટલી સગવડ છે. એનું શું થાય ? પછી મૂંઝાય. કહે છે કે, આ ભવમાં તારે સુખી થવું હોય ને તોપણ તારે આ તત્ત્વજ્ઞાન સમજવાની જરૂર છે. કે પ્રકૃતિ શું ? પ્રકૃતિનો દોષ શું ? એની પાછળનો અભિપ્રાય શું ? એનું વિજ્ઞાન શું ? એનું Science શું ? આ સમજે તો સમાધાન આવે અને સમાધાન આવે તો શાંતિ રહે.

'એ કથન અનુભવગમ્ય છે, ઘણાને તે અનુભવમાં આવ્યું છે, ઘણા આર્ય સત્પુરુષો તે માટે વિચાર કરી ગયા છે;...' આર્ય એટલે ઉત્તમ પુરુષો, સત્પુરુષો તેના માટે વિચાર

કરી ગયા છે. કેમકે એ વિજ્ઞાનના એ જાણકાર હતાં. 'તેઓએ તે પર અધિકાધિક મનન કર્યું છે.' Research કર્યું છે. (એમને) એમ નહીં, શાસ્ત્રમાં કહ્યું માટે નહીં, ફલાણા જ્ઞાનીએ કહ્યું, તીર્થંકરે કહ્યું માટે નહીં. એના પર Research કર્યું છે.

'આત્માને શોધી...' જુઓ ! આત્માને શોધ્યો છે. આ Research side છે. 'આત્માને શોધી, તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણાને ભાગ્યશાળી થવાને માટે, અનેક ક્રમ બાંધ્યા છે;...' એ અનુભવી મહાત્માઓએ અનેક જાતના ક્રમ બાંધ્યા છે. અહીંયાં આ ક્રમથી ચાલવું, આમ હોય તો આ ક્રમથી ચાલવું, આમ હોય તો આ ક્રમથી ચાલવું. અનેક ક્રમ બાંધ્યા છે. 'તે મહાત્મા જયવાન હો ! અને તેને ત્રિકાળ નમસ્કાર હો !' એવા અનુભવી મહાત્માઓએ જેણે ક્રમથી માર્ગને વ્યવસ્થિત કર્યો છે અથવા વ્યવસ્થિત રીતે સ્થાપ્યો છે, એની પોતે ભક્તિ કરી છે, પોતે ભક્તિ કરી છે કે એ જયવંત હો અને એમને હું નમસ્કાર (કરું છું), ત્રણેકાળે એમને હું નમસ્કાર કરું છું.

'આપણે થોડીવાર તત્ત્વજ્ઞાનની ગુફાની વિસ્મરણા કરી,...' એ વાતને જરાક ભૂલી જઈને, 'આર્યોએ બોધેલા અનેક ક્રમ પર આવવા માટે પરાયણ છીએ, તે સમયમાં જણાવી જવું યોગ્ય જ છે કે પૂર્ણાહ્લાદકર જેને માન્યું છે, પરમ સુખકર, હિતકર, અને હૃદયમય જેને માનેલ છે, તેમ છે, અનુભવગમ્ય છે, તે તો તે જ ગુફાનો નિવાસ છે;...' એમ કરીને આ પત્ર એમણે એમના સમકાલીન વિદ્વાન મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. જે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, 'સરસ્વતીચંદ્ર' જેણે લખ્યું ને ! એ બધા, આખું કુટુંબ (હતું) એ વિદ્વાનોનું જ કુટુંબ હતું. ત્રિપાઠીભાઈઓ કુટુંબીઓ બધા વિદ્વાનો જ થતાં. આપણે જેમ ડૉક્ટરોના ઘરે બધા ડૉક્ટરો થાય અને વકીલોને ત્યાં વકીલો થાય અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો થાય. એમ એ કુટુંબમાં એવી જ Style હતી. બધા ખૂબ વાંચે, વિચારે અને વિદ્વાન થાય.

એમાં એક મનસુખરામભાઈ 'કૃપાળુદેવ'ના પરિચયમાં આવેલા. લગભગ એમની ઉંમરના હતા. બહુ મોટી ઉંમરના (નહોતા) લગભગ એમની જ ઉંમરના હતા. એ શેના ઉપરથી (ખ્યાલ આવે છે ?) કે, ઉપરમાં એ વાત લખી છે કે, 'ગૃહાશ્રમ સંબંધી મારા કેટલાક વિચારો આપની સમીપ મૂકું છું.' કેમકે પોતે પણ બે વર્ષ પહેલા ગૃહસ્થાશ્રમમાં વીસ વર્ષની ઉંમરે લગ્ન કરેલું અને આ પણ લગભગ એ ઉંમરના હતા એટલે એ વિષયની અંદર પોતે ચર્ચા શરૂ કરી છે. સામે વિદ્વાન છે એટલે (પત્ર લખવાની) આખી Style જુદી લીધી છે. કેમકે એ પણ સમજે છે કે આ તો તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. એ

બધા વેદાંતી હતા.

વેદાંતની અંદર કે કોઈ પણ ધર્મની અંદર અને જૈનધર્મની અંદર કોઈ મોટો તફાવત હોય તો એ છે કે, જૈનધર્મનો જે વ્યવસ્થાક્રમ છે, એનું જે Science છે, એનું જે Logic છે, એનું જે ગણિત છે. ત્રણ Chapter આમાં Involve થાય છે. Science Involve થાય છે, ગણિત પણ Involve થાય છે અને Logic – ન્યાયનું ક્ષેત્ર પણ આમાં આવે છે અને એ ત્રણેનું એટલું સરસ Coordination કરીને, વ્યવસ્થિત રીતે Establish કરેલી આ વાત છે. એ પ્રકારે Establish કરેલું જગતની અંદર કોઈ સંપ્રદાય, કોઈ ધર્મ, કોઈ દર્શન, કોઈ Science, કોઈ Logic કે કોઈ ગણિત નથી. એટલું Extra-Ordinary છે !

મુમુક્ષુ :- જૈનદર્શનનો જય હો !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એમણે પોતે ક્રમનો વિષય ઉપાડ્યો છે, કેમકે સામે તો વિદ્વાન છે અને બહુ પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. નાની ઉમરના પણ બહુ પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. એટલે એનું માન સાચવીને (લખાણ કર્યું છે). લખાણમાં એનું માન સાચવ્યું છે. એના ઉપરના ઘણા પત્રો છે અને એમને જૈનદર્શન તરફ આંગળી ચીંધી છે કે, જુઓ ! આમાં કંઈક વિશેષ વાત છે. વિચારો તમે ! એટલું એમાંથી, એમના પત્રોમાંથી નીકળે છે. એટલે એમણે ક્રમનો આ બહુ મહત્ત્વપૂર્ણ પત્ર લખ્યો છે.

આપણને લાગુ પડે એવી વાત એટલી છે એની અંદર કે, ગમે તેમ ઊભાંગડે ધર્મ સધાતો નથી કે મનમાની રીતે કોઈ ધર્મની પ્રાપ્તિ થતી નથી કે આત્માની સુખ-શાંતિની પણ પ્રાપ્તિ થતી નથી. એની પણ કોઈ એક વ્યવસ્થા છે. એની પણ કોઈ એક વ્યવસ્થા છે, ચોક્કસ વ્યવસ્થા છે, એને સમજવી જોઈએ અને સમજીને એને અંગીકાર કરવી જોઈએ. અથવા અમલીકરણ કરવું જોઈએ. નહીંતર બધી મહેનત પાણીમાં જાશે એટલું જ નહીં, એ મહેનત કરવાથી જે દૂરવર્તીપણું થયું હશે, એ દૂરવર્તીપણું પાછું છોડવું મુશ્કેલ પડશે. કેમકે એની અંદર ધર્મના ક્ષેત્રમાં પાછા જેટલા Mis-concept ઊભા થાય છે એ છોડવા બહુ કઠણ પડે છે. એમાં પણ ઘણી શક્તિ જોઈએ છે.

અહીંયાં એમને જે સત્પુરુષને ઓળખવાની વાત કરવી છે તેમાં પ્રથમ સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું એટલે કે તેમનું બહુમાન, અતિશય બહુમાન કરવું. લીન ક્યારે થાય ? લીન થાય ત્યારે નિર્વિકલ્પ થાય. તો કહે (છે), ભક્તિમાં કોઈ વિકલ્પ હોવો જોઈએ નહીં. નહીંતર એમાં પણ અનેક પ્રકારના વિકલ્પ આવે છે. અર્ઘ ચડાવાય કે ન ચડાવાય ? ફલાણું

થાય કે ન થાય ? આહારદાન દેવાય કે ન દેવાય ? કંઈક આવે છે ને એની અંદર ? એ સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું.

જેમ તીર્થંકરદેવની વાણીમાં અને એમના યોગમાં અન્ય જીવોને કલ્યાણ થવાનું નિમિત્તત્વ રહેલું છે. યોગ અને ઉપયોગ બંનેમાં. કેમકે ઉપયોગમાં જ્ઞાન ચાલે છે. એટલે એમનું જ્ઞાન અને એમના મન–વચન–કાયાના યોગ અને એમનો સંયોગ એ પણ યોગ – એમાં બીજા જીવોને તરવાનું નિમિત્તતત્ત્વ રહેલું છે. એવું જ નિમિત્તતત્ત્વ સત્પુરુષના યોગમાં રહેલું છે. એટલે એમની ભક્તિમાં લીન થવું, બીજો વિકલ્પ કરવો નહીં. લીન થવાનો અર્થ એ છે, બીજો વિકલ્પ કરવો નહીં, અન્ય વિકલ્પ ન કરવો.

'સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;...' એમાં એવું સ્મરણ ન કરવું કે રામચંદ્રજી સીતા પાછળ કેમ રોવા મંડ્યા હતા ? ચરિત્રોનું સ્મરણ કરવું એટલે શું ? કથાનુયોગમાં તો કંઈક ઊલટી-સૂલટી વાત આવે ! કે ધર્મરાજા શત્રુંજયથી મોક્ષે ગયા. પાંચ પાંડવમાંથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન આપણા શત્રુંજયથી મોક્ષે ગયા છે. એ નિર્વાણક્ષેત્ર છે. અને બાકીના બે છે એ સ્વર્ગમાં ગયા. સહદેવ અને નકુલ છે એ સર્વાર્થસિદ્ધિમાં ગયા. પાંચે મુનિદશામાં હતા. દુર્યોધને ઉપસર્ગ કર્યો અને પાંચેના પ્રાણ છૂટી ગયા. એટલો ઉપસર્ગ કર્યો કે પાંચેનું મૃત્યુ થઈ ગયું. એમાં ત્રણ નિર્વાણપદમાં ગયા એટલે એને મૃત્યુ ન કહેવાય, ત્રણેયનો મોક્ષ થયો અને બે સર્વાર્થસિદ્ધિમાં ગયા. પાંચે જ્ઞાની હતા, મુનિ હતા, ભાવલિંગી મુનિ હતા.

એમના ચરિત્રોનું સ્મરણ કરતી વખતે એ મોક્ષે જનારા ધર્મરાજા જુગાર કેમ રમ્યા ? અને દ્રૌપદીને કેમ હારી ગયા ? એમ નથી વાત લેવાની. એક તો ધર્માત્મા, સામાન્ય સજ્જન માણસો પણ જુગાર રમતા નથી. એટલે જુગાર રમે એમાં સજ્જનતા નથી રહેતી. સામાન્ય સજ્જન માણસો પણ જુગાર રમતા નથી તો આ તો પાછા ધર્મરાજા કહેવાતા હતા, યુધિષ્ઠિરનું બીજું નામ ધર્મરાજા ગણાણું છે, એટલી બધી એમની ધાર્મિકવૃત્તિ હતી. એ જુગાર રમ્યા અને પાછા એમાં સ્ત્રીને હારી ગયા, બીજું કંઈ રાજપાટ હાર્યા એ તો ઠીક ચાલો, સંપત્તિ તો હારી જાય માણસ જુગાર રમતાં રમતાં.

ચરિત્રોનું સ્મરણ કરવું એટલે શું ? એ આપણે ચર્ચા કરવી છે. એમના ચરિત્રોનું સ્મરણ કરવું એટલે એમના ઉદયભાવોનું સ્મરણ કરવું એમ નહીં. એમના અંતરંગ પરિણમનનું સ્મરણ કરવું કે, ચારિત્રમોહના ઝંઝાવાતી પરિણામો અને ઝંઝાવાતી સંયોગો આવ્યા, એ ઝંઝાવાતમાં એ અડીખમ રહી ગયા, મોક્ષમાર્ગ છોડ્યો નહીં. ઈ કેવી રીતે ? આ રહસ્યભૂત વાત છે.

આ રહસ્યભૂત વાત છે.

રામચંદ્રજી બહારમાં રડતા હોય અને તે પણ પત્ની માટે. આજે તો કોઈ પત્ની માટે રડે તો મશ્કરી કરે કે આ તો વહુઘેલો લાગે છે, એમ કહે. એ તો મહાપુરુષ હતા, પુરુષોત્તમપુરુષ હતા. એ રડ્યા, રડ્યા છે એ હકીકત છે, પુરાણ બોલે છે, શાસ્ત્ર બોલે છે પણ રડ્યા ત્યારે ક્યાં બેઠા હતા અને એ રડ્યા ? આ સવાલ છે.

મુમુક્ષુ :- આત્મામાં બેઠા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાં બેઠા હતા, એમ છે.

માતા એના છોકરાને માર મારીને રોવા મંડે ! માર્યા પછી શું કરે ? રોવા મંડે. કેમ ? ગુસ્સો આવ્યો હતો ને ? માર્યો ને ? હવે શું કરવા રોવે છે ? માર્યો ત્યારે લાલઘૂમ ડોળા કાઢીને, ધડાધડ ઘા કર્યો. દ્વેષ હતો કે શું હતું ? કે રાગ હતો ? રાગની માત્રા વધી ગઈ એટલે દ્વેષમાં પરિણમ્યો. રોવે છે એટલા માટે કે એનો રાગ તીવ્ર હતો. તીવ્ર રાગ હોય છે. એટલે બાહ્ય પરિણમનથી અંતરંગ કોઈનું પકડાતું નથી. અભિપ્રાય પકડવો જોઈએ તો સમજાય.

એ રીતે સત્પુરુષોના ચારિત્રનું સ્મરણ કરવું. એ પોતાના શ્રદ્ધા, જ્ઞાનમાં અને મોક્ષમાર્ગમાં કેવી રીતે રહ્યા છે ? એનું સ્મરણ કરવું. એમના બાહ્ય ચારિત્રનું અવલંબન ન લેવું, એમ કહે છે.

ભરત ચક્રવર્તી ! ચક્રવર્તીની સંપત્તિ બહુ મોટી હોય છે. આપણાં શાસ્ત્રોમાં તો બહુ (વર્ણન હોય). એના ઘરે છન્નું હજાર તો રાણીઓ હોય ! અને છ ખંડ એટલે આ હિન્દુસ્તાન નહીં, આખું આપણું વિશ્વ છે ને ? ઈ એક ખંડનો ભાગ છે. અત્યારની જે પૃથ્વી છે ઈ. જેમાં આપણે પૃથ્વીના ગોળા ફરતી પ્લેનથી આવાગમન કરીએ છીએ એ એક ખંડનો એક ભાગ છે, આર્યખંડનો એક ભાગ છે, એવા છ ખંડ. એટલી જેની સંપત્તિ છે એ ધ્યાનમાં બેસે એટલે મિનિટોમાં નિર્વિકલ્પદશામાં આવે. પોતાના આત્મધ્યાનમાં બેસે એટલે થોડી મિનિટો થાય, ન થાય ત્યાં સીધા નિર્વિકલ્પદશામાં આવે, સેકંડોમાં આવે ! આટલો મોટો પથારો જેના વહીવટનો હોય, આપણે તો હવે એક સામાન્ય વહીવટ હોય તોપણ રાત ને દી' ઊંચા આવતા નથી. એની ને એની પાછળ મગજ ઘોળાયા કરતું હોય. એક નાનકડી દુકાન ચલાવતા હોય એની આ દશા હોય છે. ભલે ગોદડી ફાટેલી હોય પણ પરિગ્રહ તો છે ને ? ઈ સર્વસ્વ છે એનું, પરિગ્રહ છે એ જ એનું સર્વસ્વ છે, પછી થોડો હોય કે વધારે હોય. જીવના

એટલા પરિણામ ચોંટી જાય છે, તો એ ચક્રવર્તીના છ ખંડમાં એના પરિણામ ચોંટતા નથી એ જોવાનું ? કે એનો છ ખંડનો પરિગ્રહ છે એ જોવાનું ? એના પરિણામ ચોંટતા નથી એ જોવાનું (છે).

સાંજ સુધી લડાઈ લડે, છ વાગ્યા (સુધી) લડાઈ લડે અને છ ને દસ મિનિટે નિર્વિકલ્પદશામાં હોય, ઠીક ! છ વાગે રણના ક્ષેત્રમાંથી પાછા વળતા હોય, સીધા ઘરે આવીને ધ્યાનમાં બેસે ને નિર્વિકલ્પદશામાં આવે, આત્માના અનુભવમાં આવે ! દેહ ને આત્મા જુદો, ફડાક ! જેમ નાળિયેરનો ગોળો છૂટો પડી જાય એમ અંદરમાં શરીરથી (આત્મા) છૂટો પડી જાય ! એવી પુરુષાર્થની અંદર Line ચાલતી હોય !! એ બહારમાં એની પ્રવૃત્તિ ઉદયયોગે આવી પડેલી પ્રવૃત્તિમાં એને ક્યાંય રસ હોતો નથી. એ ઉદાસીનતાના ક્રમમાં આવ્યા પછી Oriented position છે એમની. કેટલા ક્રમ પછી સાધ્યું છે એ !

એ રીતે એના ચારિત્રોનું ઊંડાણથી સ્મરણ કરવું કે કેવા કેવા ઝંઝાવાતી પ્રસંગોની અંદર એ અડીખમ રહે છે ? ખૂંટો હલતો નથી. વાછડો ભલે ગમે તેટલા ઠેકડા મારે (પણ) એને જે ખૂંટે બાંધ્યો છે એ ખૂંટો હલતો નથી. તાકાત વાછડાની નથી, તાકાત ખૂંટાની છે. એમ બહારમાં ચારિત્રમોહના પરિણામ ઠેકડા મારે છે એની તાકાત નથી, અંદરમાં ધ્રુવધામને આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં પકડીને બેઠો છે, એની કિંમત છે. એ રીતે એમના ચારિત્રોનું સ્મરણ કરવું.

મુમુક્ષુ :- એ ચોથો કાળ હતો, આ પંચમ કાળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પંચમ કાળમાં પણ બધા જ્ઞાનીપુરુષો એક જ જાતના હોય છે, એમાં જાતફેર થાતી નથી. શીરો છે ને એ ચોથા કાળે આમ જ બનતો હતો અને પાંચમા કાળે શીરો આમ જ બને છે.

અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું...

## તા. ૧૦-૦૫-૧૯૯૫, પ્રવચન નં. ૩૯
## પત્રાંક – ૧૭૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, ૧૭૨મો પત્ર ચાલે છે. મુમુક્ષુની ભૂમિકામાં પરિણામોની નિર્મળતા થવા અર્થે અથવા મુમુક્ષુતા વર્ધમાન થવા અર્થે, પાત્રતા વિશેષ થવા અર્થે, નિર્વાણના સાધનભૂત એવું માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે લીન થવા યોગ્ય કયું કાર્ય છે ? એ વાત કરવી છે.

આત્મકલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનાથી, આત્મકલ્યાણની તીવ્ર ભાવનાથી પ્રાપ્ત ઉદાસીનતા – એ ઉદાસીનતામાં આવીને સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું. જોકે સર્વોત્કૃષ્ટ સાધન જે સત્સંગ છે, એ સત્સંગની સફળતાનો આધાર પણ આ પ્રકારે ઉત્પન્ન થયેલો વૈરાગ્ય છે, આ પ્રકારે ઉત્પન્ન થયેલી ભક્તિ છે અને સરળતા આદિ સાધન છે. એમાં સર્વોત્કૃષ્ટ જે કંઈ વાત છે એ જ્ઞાનીપુરુષની આજ્ઞારુચિરૂપ ભક્તિ છે. એ સર્વોત્કૃષ્ટ અંગભૂત છે.

'સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;...' બહુવચન લીધું છે. 'સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું;' એકવચનમાં લીધું છે. 'સત્પુરુષોનાં ચરિત્રો' બહુવચન લીધું છે. કેમકે એ ભૂતકાળમાં અનેક થઈ ગયા છે. જેના પ્રત્યે લીન થવું છે, એ વર્તમાન છે એટલે એક લીધા (કે) જેનો યોગ રહે છે, જેનો સમાગમ રહે છે. અને ભૂતકાળમાં જે અનેક જ્ઞાનીઓ થયા, અનેક સત્પુરુષો થયા, જેમના પુરાણો લખાયા છે, જેમના ઇતિહાસો લખાયા છે. સાદી ભાષામાં આપણે ઇતિહાસ કહીએ છીએ અને પુરાણા જમાનાના તે મહાપુરુષો હોવાથી એમની કથાને પુરાણ એવું નામ દેવામાં આવે છે.

એમના ચારિત્રોનું સ્મરણ કરવું એટલે અનેક પ્રકારની અનુકૂળતાઓ કે અનેક પ્રકારની પ્રતિકૂળતાઓમાં તેઓ મોક્ષમાર્ગમાં અડગ રહ્યા છે, અવિચલિત રહ્યા છે, વિચલિત થયા નથી – એવું જે એમનું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું આચરણ છે એનું સ્મરણ કરવું, જેથી પોતે

પણ વર્તમાનમાં અનુકૂળતામાં ફસાય નહીં કે પ્રતિકૂળતાની અંદર ખેદાય નહીં.

સામાન્યપણે સંસારીજીવો અનુકૂળતાના રસમાં, એકદમ અનુકૂળતાઓ વધે ત્યારે એ રસમાં આવી જાય છે અને પ્રતિકૂળતાઓ હોય ત્યારે ખેદખિન્ન થઈને દ્વેષના રસમાં આવે છે. અનુકૂળતામાં રાગના રસમાં આવે છે અને પ્રતિકૂળતામાં દ્વેષના, ખેદના રસમાં આવી જાય છે. બંને પ્રસંગે જીવ કર્મ બાંધે છે. એ બંને પ્રસંગે જીવ દુર્ગતિમાં જવા લાયક, અધોગતિમાં જવા લાયક કર્મને બાંધે છે અને એ રીતે સંસારચક્ર ચાલુ રહે છે. કેમકે કર્મમાં પણ બે જાતિ છે, એક શુભ અને (બીજી) અશુભ. શુભનો ઉદય આવે ત્યારે રાગરસમાં ચડી જાય, અશુભનો – પાપનો ઉદય આવે ત્યારે દ્વેષ રસમાં – ખેદ રસમાં ચડી જાય, ઉદ્વેગમાં આવી જાય. બંને વખતે કર્મ બાંધે અને સંસારચક્રમાંથી છૂટી શકે નહીં. બહુભાગે દુર્ગતિમાં જાય છે. તિર્યંચગતિમાં સંખ્યા બહુ મોટી છે. ચારગતિમાં સૌથી વધારે સંખ્યા તિર્યંચગતિમાં છે પછી એથી ઓછી સંખ્યા દેવગતિની છે, એથી ઓછી સંખ્યા નારકીની છે અને સૌથી ઓછી સંખ્યા મનુષ્યની છે. મનુષ્યને તો સંખ્યાતા લીધા છે.

મુમુક્ષુ :– નાટકનું પાત્ર મળ્યું એમાં અહંપણું કરે છે !

પૂજ્ય ભાઈશ્રી :– નાટક નહીં માનતા એને જ બધું સાચું માની લે છે ! સંસારના સ્ટેજ ઉપર જે પાત્ર મળ્યું ઈ સાચું માની લીધું. રાજા બનાવ્યો તો કહે સાચો રાજા, ભિખારી બનાવ્યો તો કહે સાચો ભિખારી. રાજા થઈને રાચે અને ભિખારી થઈને રોવે. વાસ્તવમાં બેમાંથી એક પણ નથી. થોડોક ટાઇમ પૂરતો વેશ છે, વેશને સાચો માન્યો. સો-પચાસ વર્ષમાં ખેલ ખતમ, પાછો બીજો ખેલ શરૂ થાય.

કહે છે કે, 'સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું;...' આ હવે ઓળખવાનો વિષય આવ્યો. સત્પુરુષોનાં લક્ષણ ચિંતન કરતાં, સત્પુરુષ એટલે જ્ઞાનીપુરુષ કેવા હોય ? એની ઓળખાણ થાય. એના માટે એક ૪૭૨ નંબરનો પત્ર છે. જરા એ વિષય પર સારું એવું ધ્યાન એમણે ખેંચ્યું છે. ૪૬૭ (છે), ૪૭૨ નહીં પણ ૪૬૭ છે.

(સત્પુરુષને) નહીં ઓળખાવાના કારણ શું છે એ પહેલા લીધું છે. પછી ઓળખવા માટે થોડું માર્ગદર્શન આપ્યું છે. 'અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી,...' વિપરીતબુદ્ધિ હોવાથી, એક કારણ. બીજું કે 'કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા...' એટલે વર્તન 'અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી...' છે નહીં પણ દેખાવ એવો છે. 'જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ

આવે છે,...' વિભ્રમ થાય છે (એમ) નહીં. વિભ્રમ બુદ્ધિ (એટલે) વિભ્રમપણાનો અભિપ્રાય થાય છે. એટલે કે આ જ્ઞાની નથી, સામાન્ય માણસ છે અથવા વિદ્વાન છે, એવી રીતે.

'અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે.' આમ કેમ કરતાં હશે ? આવો કેમ એમને વિચાર આવ્યો ? આવો કેમ ભાવ આવ્યો ? આવું કેમ કામ કર્યું ? એમ.

'બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય...' ઓળખાણપૂર્વક (નિશ્ચય થયો હોય) 'તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા...' કેવી ? કોઈ વાર એમ લાગે કે, આ ગાંડા છે કે શું ? ઉન્મત્ત એટલે ગાંડપણ.

'રામચંદ્રજી'નો આપણે દૃષ્ટાંત લીધો કે 'સીતાજી' પાછળ રડતા હતા તો કોઈને ગાંડપણ લાગે. 'લક્ષ્મણજી'ના દેહને છ મહિના ખભે ઊંચકીને ફર્યાં, અગ્નિસંસ્કાર ન કરવા દીધો. ગાંડપણ લાગેને ? ડૉક્ટરો કહે છે, વૈદો કહે છે કે હવે આમાં કંઈ છે નહીં, આ તો સ્વર્ગમાં પહોંચી ગયા છે. જોકે સ્વર્ગમાં નહોતા ગયા, લક્ષ્મણજી નરકમાં ગયા છે. પણ દેહાંત થઈ ગયો છે, મૃત્યુ થઈ ગયું છે એમ કહે તોપણ માને નહીં. (તો રામચંદ્રજી કહે), તમને કંઈ ખબર પડતી નથી, મને મૂકીને મરે જ નહીંને ! જાય જ નહીંને ! એમ જવાબ આપી દે.

એવી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે ! ચિત્તળીયું ખસી જાય એવી વાત છે. ચિત્ત ઠેકાણે ન રહે, આવું જોવે ત્યારે. હવે આવા તે કાંઈ જ્ઞાની ભાળ્યા હશે ! ઈ તો ગાંડો છે પણ એને માનવાવાળા પણ ગાંડા છે, એમ કહે ! એમ જ કહેને ! એવી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે 'તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે...' બહુ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આપ્યું છે. 'બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...' એટલે ત્યાં વિકલ્પ ઊઠતો નથી. ઓળખાણ છે એને વિકલ્પ ઊઠતો નથી. એને એ વખતે પણ એનું અંદરનું પરિણમન દેખાય છે.

'અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે...' અઘરી વાત તો છે થોડી, અગમ્ય વાત છે 'કે, અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે,...' અધૂરાપણું છે એટલે. પરિપક્વ ઓળખાણ હોય તો એવું ન થાય. 'પણ વાસ્તવપણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી;...' વાસ્તવિકતા જોવામાં આવે, ખરી હકીકત જોવામાં આવે તો એ વિકલ્પનું કારણ થવા યોગ્ય નથી કે

ભ્રમનું કારણ પણ થવા યોગ્ય નથી. 'માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.' એમ છે, એ પોતાનો દોષ છે.

'જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહીં, અને જો હોય તો પછી જ્ઞાની નથી એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે; તથાપિ જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે,...' કોઈ કારણો જુદાં છે. 'કે જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઈ પ્રકારે થાય નહીં. અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય તે તે વિલક્ષણપણા દ્વારા એ નિશ્ચયમાં આવે છે;...' જો એનું વિલક્ષણપણું સમજાતું હોય તો ખબર પડે કે આ જ્ઞાની તો નથી. 'માટે જ્ઞાનીપુરુષનું જે વિલક્ષણપણું છે તેનો પ્રથમ નિશ્ચય વિચારવા યોગ્ય છે;...' ઓળખવા માટે, કઈ રીતે જ્ઞાની જુદાં પડે છે એ પ્રથમ વિચારવા યોગ્ય છે.

'અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, તો પછી અજ્ઞાની જેવી ક્વચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે; તેમ નહીં તો...' એ ઉપરાંત, તેમ નહીં તો – ઉપરાંત, નહીંતર, એ સિવાય 'જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.' ઓ..હો...! આવી અવસ્થામાં પણ આ રીતે અંદરમાં પુરુષાર્થમાં વર્તે છે ! મૃત્યુ-તુલ્ય વેદના છે તોપણ પુરુષાર્થ વધે છે ! અનેક પ્રકારે એ જે ચેષ્ટાઓ (જોવે છે), બહારમાં પાછું એવું દેખાતું હોય કે રાડ પાડે છે, રડે છે, એમ પણ દેખાતું હોય, અંદરમાં પાછો પુરુષાર્થ ચાલતો હોય ! આવું હોય છે ! એટલે અંદરનું ઓળખવું જરા નજર માગે છે અથવા પરિચય માગે છે. પત્ર અધૂરો મળ્યો છે. પત્ર બહુ સારો છે પણ હવે કુદરતી અધૂરો મળ્યો છે.

'પ્રત્યેક જીવ, એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે;...' બધી અવસ્થામાં કંઈ સરખા હોઈ શકે નહીં. 'પણ તેમ હોવા યોગ્ય નથી. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે.' એનું કોઈ વિશેષ લક્ષણ હોવા યોગ્ય છે. 'જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે;...' જ્યારે યથાર્થ ઓળખાણ થાય ત્યારે એ વાત સમજવામાં આવે છે. 'જેનું કંઈક સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે.' આ પત્રમાં એનું સ્વરૂપ – વિલક્ષણપણું શું છે ? એનું સ્વરૂપ અમારે જણાવવું છે.

'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુજીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની

પુરુષની દશા દ્વારા સમજાય છે.' એ વિલક્ષણપણું ક્યાં રહ્યું છે ? એમની દશામાં રહ્યું છે, એમના પરિણમનમાં છે. એમના શરીરમાં નથી અને એમના સંયોગમાં નથી. 'તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવા યોગ્ય છે.' એ મારે તમને અહીંયાં જણાવવું છે. એક લીટી જ મળી છે એના માટે, બાકી તો પત્ર અધૂરો રહી ગયો છે. પણ એક લીટીમાં સાર આવી જાય છે.

કે 'એક તો મૂળદશા,...' જ્ઞાનીની અંદરની મૂળદશા 'અને બીજી ઉત્તરદશા,...' એટલે બહારની દશા. એક અંદરની દશા અને એક બહારની દશા. જ્ઞાનદશામાં – સાધકદશામાં એક દશાના બે ભાગ થઈ જાય છે – એક સમયની એક દશામાં બે ભાગ થઈ જાય છે – એક સાધકદશા અને એક બાધકદશા. સાધકદશા આત્માને સાધે છે અને બાધકદશા બહારમાં સંયોગો આશ્રિત પરિણામ કરે છે. 'એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.' જ્ઞાનીજીવની દશાના બે ભાગ થઈ શકે છે.

એટલે હવે એના ઉપરથી એમ વિચારી શકાય કે, જ્ઞાનીના, સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું ત્યાંથી આપણે એ વાત ચાલી હતી. Reference ત્યાંથી લાગુ પડે છે કે, અંદરનું વિલક્ષણપણું જે એમની મૂળદશા છે. એમની શ્રદ્ધા શું કામ કરે છે ? એમનું જ્ઞાન શું કામ કરે છે ? એમની ચારિત્રની અંતર પરિણતિ શું કામ કરે છે ? એમની શાંતિની પરિણતિ શું કામ કરે છે ? પુરુષાર્થના પરિણામ શું કામ કરે છે ? આ પાંચ મુખ્ય ગુણોના પરિણામ જે અંતર્મુખ વળેલા છે, એ જો એમના સત્‌સમાગમે–પરિચયે સમજાય, ઓળખાય, એનો નિશ્ચય થાય, પરિપક્વ નિશ્ચય થાય તો એ પ્રકારે એમનાં લક્ષણોનું ચિંતવન કરવું. ઓળખાણ હોય તો એ પ્રકારે એના લક્ષણોનું ચિંતવન કરવું. ઉત્તરદશા જે બહારમાં છે એને અત્યંત ગૌણ રાખવી ઘટે છે.

મુમુક્ષુ :– એક નાટકનું પાત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ એક નાટકનું પાત્ર છે. આવી પડેલા ઉદયથી એ પરિણામોમાં પોતે પોતાની એ દશાની કેટલીક નબળાઈને કારણે દોષમાં આવે છે – એટલો દોષ છે, અલ્પદોષ છે. એ અલ્પદોષ અને એ નબળાઈ મુમુક્ષુજીવે મુખ્ય કરવા યોગ્ય નથી, ગૌણ કરવા યોગ્ય છે. જણાશે ખરા, કેમકે એ તો સ્થૂળ દોષ છે. દોષ છે એ સ્થૂળ પરિણામ છે. એ દેખાશે ખરા પણ એ ગૌણ કરવા યોગ્ય છે અને એને જોવાનું છોડી દેવું જોઈએ. કંઈ નહીં, આપણને આપણી મુમુક્ષુતામાં જે કંઈ નિમિત્તભૂત કારણ છે, પરમાર્થમાં નિમિત્તભૂત

કારણ છે એ તો એમની અંતરંગ દશા છે. તેથી તેમના લક્ષણનું ચિંતન કરવું એમ કહ્યું. તેમની પ્રવૃત્તિના ચિંતનની વાત નથી કરી. તેમના લક્ષણોનું ચિંતવન કરવું.

'સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું;...' ત્યાં પણ બહુવચન લીધું. કેમકે અનેક પ્રકારના જે એમના ચારિત્રો છે, બાહ્ય ચારિત્રો છે, એ વખતે પણ એમની અંતરંગ દશા છે એ એમનું ઓળખવા માટેનું લક્ષણ છે અને એનું ચિંતન કરવું.

પ્રશ્ન :– અંતરંગ દશામાં શું લેવું ?

સમાધાન :- શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, શાંતિ, પુરુષાર્થ – પાંચ ગુણના પરિણામો આવે અને એ પોતાને દેખાવા જોઈએ. દેખાવા જોઈએ. પરિણમન ન દેખાય તો ઓળખાણ આવે નહીં. એટલે મુમુક્ષુને જ્ઞાનીપુરુષની ઓળખાણ હંમેશાં પ્રત્યક્ષતામાં જ થાય છે, પરોક્ષતામાં થતી નથી.

પ્રશ્ન :– મૂળદશા અને ઉત્તરદશા એકસાથે હોય છે ને ?

સમાધાન :– હા, એકસાથે, એક જ સાથે હોય છે. એટલે બાહ્યદૃષ્ટિવાળા જીવો ભુલાવામાં પડે છે. અનંતકાળથી જ્ઞાનીઓને નથી ઓળખ્યા એનું કારણ શું છે કે, જીવની બાહ્યદૃષ્ટિ છે અને એમના બાહ્યચારિત્ર જુએ છે એટલે ક્યાંક ને ક્યાંક તો શંકા પડ્યા વિના રહે નહીં.

'ગુરુદેવ'નું તો જીવન ત્યાગી જેવું હતું. 'ગુરુદેવ'નું જીવન તો ત્યાગી જેવું હતું. ભલે સાધુદશા એમણે અમાન્ય કરી હતી કે, સાધુદશા તો ઊંચી દશા છે તોપણ કોઈને શંકા કરવી હોય તો એમ કરે કે, ચાંદીની થાળીમાં કેમ જમતા હતા ? પછી જમતા હોય ચાંદીની થાળીમાં અને અવર્ણવાદ કરવો હોય એ એમ કહે કે, એ તો રોજ સોનાની થાળીમાં જમે છે. પછી વાત બહારમાં એમ ચાલે. એ તો થોડી વધારીને જ ચાલે. કેમકે વાત કરનાર તો અવર્ણવાદ કરે છે ને ? એટલે થોડી વધીને જ વાત બહાર આવે. એમના શરીરનું તેજ ઘણું છે, તો રોજ બદામના તેલનું માલિસ કરાવતા હોય એટલે તો હોય જ ને ! પછી એમાં વાતમાં કંઈ માલ હોય નહીં, જરાય માલિસ ન થતું હોય ! બદામના તેલનું નહીં સીંગતેલનું પણ માલિસ ન કરતા હોય ! પણ શરીરની કાંતિ દેખાય ! એ તો જરાક પોતે કાંતિમાન હતા. એ તો જેને વાંકું બોલવું છે એ તો કંઈ ને કંઈ પકડી પાડે ! કોઈ ને કોઈ વાત ઊભી કરે, કેમકે એ ઊભી કરવામાં પણ રાજનીતિ હોય છે કે, ભાઈ ! એનાથી દૂર રાખવા. લોકો એની સમીપ બહુ ન જાય, ભડકીને આઘા રહે.

મુમુક્ષુ :- ત્યાં તો પૈસાવાળાનું જ કામ છે, આપણું કામ નથી !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે પછી અનેક પ્રકારની વાતો ચાલે. જેને વિરોધ હોય એ અનેક પ્રકારની રાજનીતિકતામાં પછી આવી જાય છે, જેને આપણે Politics કહીએ છીએ. એ આડીઅવળી વાતોથી લોકોને દૂર રાખે અને જે એટલા વિચારવાન ન હોય, ઊંડા વિચારવાન ન હોય, એ ભોળા માણસો સહેજે ભરમાય છે.

મુમુક્ષુ :- સોનગઢની મોટર પેટ્રોલ વગર ચાલે છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પછી ઉપદેશમાંથી મશ્કરી કરતા હતા. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે, તો પેટ્રોલથી મોટર ચાલતી નથી. તો કહે, 'સોનગઢ'વાળાની ન ચાલે બાકી આપણે તો પેટ્રોલ પુરાવવાની જરૂર પડે છે, એમ કહે. એ તો બધી વાત પછી અનેક પ્રકારે ચાલતી હોય છે.

કહેવાનો મતલબ શું છે કે, બાહ્ય પરિણામોમાં તો ક્યાંય ને ક્યાંય શંકા પડે કે ભાઈ, માંદા પડે છે ત્યારે દવા શું કરવા ખાય છે ? એ તો એમ કહે છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરતું નથી. તો માંદા હોય છે ત્યારે દવા તો લે છે ! જ્ઞાની માંદા પડે ત્યારે દવા તો લે છે ! ડૉક્ટરને બોલાવવા પડે છે, ડૉક્ટર આવે છે ! ડૉક્ટર તો કંઈ કરી શકતો નથી ! દવા કંઈ કરી શકતી નથી ! જડ, ચેતનની ભિન્નતા છે (એવો) ઉપદેશ તો રોજ આપે છે ! એ શંકા પડ્યા વિના રહે નહીં. 'કૃપાળુદેવે' તો બહુ ખુલાસા કર્યા છે, એ બધા વિષયના ખુલાસા અનેક પત્રોમાં આવ્યા છે.

પ્રશ્ન :- આપે હમણાં કહ્યું કે જ્ઞાનીની ઓળખાણ પ્રત્યક્ષતામાં જ થાય છે તો અત્યારે અજ્ઞાનીજીવને 'ગુરુદેવ' અથવા 'કૃપાળુદેવ' જ્ઞાની હતા એવો નિર્ણય થાય છે એ ઓઘેઓઘે થતો હશે ?

સમાધાન :- હા, પ્રત્યક્ષ હોય તોપણ ઓઘે નિર્ણય કરે. ઘણા માનતા હોય એટલે પોતે માનવા મંડે અથવા વિદ્વત્તા જોઈને, એમની Oratory જોઈને, વક્તૃત્વ જોઈને માની લે.

પ્રશ્ન :- અત્યારે હાજર નથી તો (ઓળખી શકાય કે નહીં ?)

સમાધાન :- હા, તો ઓળખી ન શકાય. ઓળખી ન શકાય. ભૂતકાળના જ્ઞાનીને મુમુક્ષુજીવ જ્ઞાની તરીકે ઓળખી શકે નહીં. એટલે એમના પ્રત્યક્ષયોગનું મહત્ત્વ ઓળખાણ થવા અર્થે બહુ મોટું છે. જ્ઞાનીને અનંતકાળમાં ઓળખ્યા નથી અને ઓળખવા હોય તો

પ્રત્યક્ષ જ્ઞાની જોઈએ, નહીંતર ઓળખાણ ન થાય, ભૂતકાળના જ્ઞાનીથી ઓળખાણ ન થાય. એ Capacity મુમુક્ષુદશામાં નથી હોતી.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ'ના પત્રો હાથમાં આવતા ઘણા જીવોને એમ થઈ જાય છે કે આ તો સત્‌પુરુષ હતા, ખરેખર ઓળખાણ નથી થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ નથી, ઓઘસંજ્ઞા (છે). ભક્તિ પણ ખૂબ કરે, પણ ઓઘસંજ્ઞા(એ).

એટલા માટે તો પ્રત્યક્ષ ઉપર બહુ વજન આપ્યું છે. પ્રત્યક્ષ ઉપર બહુ વજન આપ્યું છે કેમકે ઓળખાણ થાય તો સ્વરૂપસ્થિતિ થવી સંભવે છે. ૨૪૯મો પત્ર છે, પાનું ૨૮૭ 'પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે;...' પૂર્વે થઈ ગયેલા જે સત્પુરુષો છે, મહાપુરુષો છે એમના ચારિત્રોનું ચિંતન કરે તો કલ્યાણકારક છે 'તથાપિ...' કલ્યાણકારક છે એટલે એનો દર્શનમોહ થોડો મંદ થાય 'પણ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી;...' ઓળખાણ થાય તો સ્વરૂપસ્થિતિ થાય. સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થાય. એ પૂર્વના મહાપુરુષોના વિચારથી કે ચિંતનથી ન થાય. 'કારણ કે જીવે શું કરવું...' અત્યારે મારે શું કરવું ? 'તે તેવા સ્મરણથી...' તેને પોતાને 'નથી સમજાતું.' આ વાંધો આવે છે.

'પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે...' ન બોલે તો, મૌન રહે તોપણ 'સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ,...' પ્રત્યક્ષયોગના સાન્નિધ્યનો આ (લાભ છે). વગર બોલે એનું પરિણમન દેખાય. આ ભગવાનના પ્રતિમા ક્યાં બોલે છે ? પરિણમન સમજાય તો ઓળખાણ થાય પણ એ સંસ્કારી જીવોની વાત થઈ. અહીંયાં તો સંસ્કાર ન હોય તો પ્રત્યક્ષયોગ વિના કોઈને ઓળખાણ અને સંસ્કાર થાય નહીં.

'પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે...' જુઓ ! કેટલું જોર-વજન આપ્યું છે ! 'તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે.' સમ્યગ્દર્શન ન લીધું, એનું ફળ મોક્ષ હોય છે. 'કારણ કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.' અહીંયાં મૂર્તિમાન મોક્ષ સ્થાપ્યા છે ! કેમકે અપ્રતિબંધ છે ને ! પ્રતિબંધ નથી. ક્યાંય પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી કોઈ પ્રતિબંધ નથી.

મુમુક્ષુ :- ઇચ્છાદશાએ કેવલજ્ઞાન વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમને ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે. જેને સમ્યગ્દર્શન થયું છે,

સત્પુરુષ છે એને તો ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે, મુખ્યનયના હેતુથી વર્તે છે અને શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન થયું છે. ૪૯૩ (પત્રમાં) લીધું ને !

પ્રશ્ન :- પ્રત્યક્ષ ચિંતન એટલે ?

સમાધાન :- પ્રત્યક્ષ ચિંતન એટલે એમના લક્ષણોનું ચિંતન. ચિંતન છે એ જરા વિચારની ઊંડપ બતાવે છે. ઉપરછલ્લા વિચારથી નહીં. એ અહીં લીધુંને ?

'સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું.' અને પ્રત્યક્ષ હોય તો 'સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું;...' આ હવે Observation ઉપર આવ્યા. વિચાર અને ચિંતનથી આગળનો એક પરિણામ છે – અવલોકન. તેમની મુખાકૃતિ છે એનું હૃદયથી અવલોકન કરવું. અંતરના ઊંડાણથી એનું અવલોકન કરવું તો ઓળખાય. મુખાકૃતિ ઉપર એમના જે કંઈ અંતરના પરિણામો છે એની ઝલક આવે છે.

એની ઝલક બે જગ્યાએ વિશેષ પ્રકારે આવે છે. એક નેત્રોમાં આવે છે અને એક હોઠ ઉપર આવે છે. એ બે ચલિત અંગ છે બાકીના અચલિત અંગો છે. નાક છે એ હાલતું નથી, કાન હાલતા નથી. એ તો કોઈ માણસ રડે-હસે ત્યારે બે જગ્યાએ જ મોટા ફેરફાર આવે છે – એક હોઠ ઉપર અને એક આંખ ઉપર. એમાં સૌથી વધારે અંદરના ભાવોનું પ્રદર્શન કરનાર કોઈ અંગ હોય તો આખા શરીરમાં આંખ છે – નેત્ર છે. આંખનું ક્ષેત્રફળ, Area ઘણો નાનો છે, આંખનું ક્ષેત્રફળ છે એ ઘણું ઓછું છે તોપણ સેંકડો ભાવોને એ વ્યક્ત કરે છે. કેટલા ? સેંકડો ભાવોને એ વ્યક્ત કરે છે. બાહ્ય પરિણામોને પણ વ્યક્ત કરે છે અને અંદરના પરિણામોને પણ એ વ્યક્ત કરે છે અને બોલે ત્યારે અથવા ન બોલે ત્યારે પણ હોઠ ઉપરથી પણ કેટલાક પરિણામોનું અનુમાન થાય છે.

એટલે કહ્યું કે, 'સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું;...' એટલે ઊંડાણથી અવલોકન કરવું, પ્રેમથી અવલોકન કરવું. હૃદયના બે અર્થ નીકળે છે. એક હૃદયથી કરે છે એ ચાહનાથી કરે છે અને હૃદયથી કરે છે એ અંતરના ઊંડાણથી કરે છે, ઉપરછલ્લો વિચાર કરતાં નથી. અને અવલોકન કરવું એટલે જોવું, વિચારવું એમ નહીં. વિચારનો વિષય હંમેશાં પરોક્ષ હોય છે અને અવલોકનનો વિષય પ્રત્યક્ષ હોય છે. આમ બંનેના વિષયમાં પ્રત્યક્ષતા અને પરોક્ષતાનું જે અંતર છે, તફાવત છે એ તફાવતમાં અહીંયાં આ મોટો તફાવત પ્રત્યક્ષતાનો છે. પ્રત્યક્ષ સત્પુરુષ હોય તો એની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું.

'તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન

કરવાં;...' આ એક બહુ રહસ્યભૂત એટલે Secret – જરા ઊંડો વિષય એમણે લીધો છે કે, જ્ઞાનીપુરુષ છે એ બાહ્ય પરિણામમાં હોય ત્યારે, બાહ્ય પ્રવૃત્તિના કાળે પણ (તેમની) મન, વચન અને કાયા(ની) ત્રણ પ્રકારે ચેષ્ટા (થતી દેખાય છે) એટલે કંઈ પણ Initiative કાર્ય થતું હોય છે. ચેષ્ટાનો અર્થ શું છે ? કે Initiative senseથી થતાં કાર્ય, કોઈ Initiative એ લ્યે છે ત્યારે એ ચેષ્ટામાં કોઈ અદ્ભુત રહસ્યો રહેલાં છે. એ શું છે ?

આ બહુ ઊંડાણથી વિચારવા જેવો વિષય છે કે, જ્ઞાની(ને) સર્વ (અવસ્થામાં) મારે મારો આત્મા જ સાધવો છે, વીતરાગતા જ સાધવી છે અને એ સિવાય મારે બીજું કાંઈ મારા પુરુષાર્થનું કામ નથી (એમ છે), તેમ છતાં નબળાઈના કેટલાક અંશને લીધે બાહ્ય કાર્યોના જે Initiative લેવામાં આવે છે એ એમની પ્રયત્નદશા નથી પણ અપ્રયત્નદશા છે. એ એમની પ્રયત્નદશા નથી પણ અપ્રયત્નદશા છે.

જેમ કોઈ કોઈને તાણે છે, ખેંચે છે પણ એ તણાવા માગતો નથી અને ખેંચાવા માગતો નથી તો ઢસડાય છે. ઢસડાય છે તો કોઈ એમ કહે કે, આ કેમ ત્યાં જાય છે ? પણ જાતો નથી, પરાણે ત્યાં એને લઈ જવામાં આવે છે એવી એક સ્થિતિ છે. એવું એક અપ્રયત્નદશારૂપ બાહ્ય કાર્યોની અંદર રહસ્ય હોય છે.

એ અંતર પરિણતિ સમજવા માટે પણ એક બહુ અદ્ભુત સાધન છે. એનું પણ નિદિધ્યાસન કરવું. નિદિધ્યાસન કરવું એટલે શું ? એને Visualise કરવું. Visualise કરવું એને નિદિધ્યાસન કહે છે. જ્ઞાનની કેટલી કેટલી દશા છે ! વિચારદશા, ચિંતવનદશા, મનનદશા, અવલોકનદશા અને નિદિધ્યાસનની દશા. નિદિધ્યાસન એટલે Visualise કરવું. એને પ્રત્યક્ષવત્ જોવું. આપણે કોઈ ભૂતકાળના પ્રસંગને Visualise નથી કરતાં ? સામે એ વાત ન હોય, પણ બરાબર અંદર ચિત્ર ચાલતું હોય કે પછી આમ થયું હતું, પછી આમ થયું હતું, પછી આમ થયું હતું, પછી આમ થયું હતું, એમ.

મુમુક્ષુ :– હૉસ્પિટલનો Scene દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, હૉસ્પિટલમાં ગયા હોય તો હૉસ્પિટલનું દેખાય. એ તો અનેક પ્રસંગોમાં, જ્યાં રસ લીધો હોય એનું Visualisation ચાલે છે કે નહીં માણસને ? એને શાસ્ત્રની પરિભાષામાં નિદિધ્યાસન શબ્દ કહે છે.

મુમુક્ષુ :– દૂરનું અવલોકન !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ Special word છે. અવલોકન એ અવલોકન છે અને

નિદિધ્યાસન છે એ નિદિધ્યાસન છે. જ્ઞાનની બધી અનેક પ્રકારની દશાઓ છે અને જ્ઞાનીઓએ એના વિજ્ઞાનને સમજીને આ બધા શબ્દોથી એને Analyse કરેલું છે કે, આને આમ કહેવું, આને આમ સમજવું, આને આમ સમજવું. બહુ Analysis કરેલું છે.

જ્ઞાનગુણની પર્યાયને કેટલા પ્રકારે વર્ણવી છે ! કેમકે એક જ્ઞાનની પર્યાયને કેટલાય ધર્મો છે. આમ તો અનંત ધર્મો છે પણ સમજી શકાય એવા સો-પચાસ ધર્મો છે. આપણે એ વિષયને જ્ઞાનના પ્રકરણમાં લીધું છે.

મુમુક્ષુ :– જ્ઞાનનું રૂપ દરેક ગુણમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનું રૂપ દરેક ગુણમાં આવે છે અને જ્ઞાનમાં પણ અનંત ગુણનું રૂપ આવે છે. અનંતે ગુણોની પર્યાયોમાં, અનંત ગુણોમાં બીજા અનંતા ગુણોનું રૂપ છે, કેમકે પદાર્થ એક અને અભેદ છે માટે.

એ તો બહારમાં (દૃષ્ટાંતથી) સમજી શકાય એવું છે. વિજ્ઞાનની દૃષ્ટિએ સમજવું હોય તો આ ઉનાળાના દિવસોમાં આપણે કેરી લેવા જઈએ છીએ (હવે) આપણે મતલબ તો સ્વાદથી છે. આપણે કેરીનો ઉપયોગ શું કરીએ છીએ ? સ્વાદ સિવાય કંઈ ઉપયોગ કરીએ છીએ ? છતાં પણ એનું મોટું ફળ, નાનું ફળ, એનો રંગ બધું એની કિંમત–Valuation કરવામાં એ બધું જોવામાં આવે છે. આ ફળ નાનું છે તો ઓછા ભાવમાં મળશે, મોટા ફળના વધારે ભાવ લાગશે. એનો સારો મજાનો રસનો રંગ કેસરી હોય તો વધારે સારો, ફિક્કો હોય સાવ, ધોળો દૂધ જેવો તો એ સારો નહીં. હવે આપણે મતલબ સ્વાદથી છે છતાં પણ બધા Factor જોઈએ છીએ કે નહીં ? હવે કોઈ એમ કહે કે મારે તો સ્વાદનું કામ છે માટે મને એકલો સ્વાદ આપો, તમે રંગ તમારો પાછો લઈ લ્યો ! તમે આકાર તમારો પાછો લઈ લો. તમારી ગંધ પણ પાછી લઈ લો. સ્વાદની અંદર (સાથે) કેરીની સુગંધ પણ છે. અમારે કોઈથી મતલબ નથી મારે સ્વાદથી મતલબ છે. તો કહે ઘરે જઈને ખાંડ ખાઈ લે. એવી રીતે કેરી મળતી નથી. એનો રંગ કંઈ જુદો પાડી શકાય નહીં કે એની ગંધ કંઈ જુદી (પાડી શકાય નહીં). એ બધું અભેદ છે. એક ગુણને બીજા અનંત ગુણોનું રૂપ અભેદપણે સાથે જ હોય છે. એને કંઈ જુદું ન પાડી શકાય. સોનામાં પીળાશ અને ચળકાટ છે તો ચળકાટ એકલો આપી દ્યો, અમારે વજનનું કામ નથી, એમ ચાલે ?

મુમુક્ષુ :– વજન ન હોય તો પૈસા ઓછા લાગે ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, વજન ન હોય તો પૈસા ઓછા લાગે. પણ એવી રીતે સોનું

મળતું નથી.

પ્રશ્ન :- હમણાં આપે કહ્યું ને કે, બહારના કાર્યમાં જ્ઞાનીની પહેચાન એ અપ્રયત્નદશા છે, તો અપ્રયત્નદશા અને સહજદશા, એમાં ફેર શું ?

સમાધાન :- સહજદશા એટલે અંદરની જે અંતર પુરુષાર્થની જે સહજદશા છે એનું Refercation બહારની ચેષ્ટામાં આવે છે.

મુમુક્ષુ :- પણ એમાં ખેંચાણ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે શું છે કે, એ Refercationને સમજવું છે. એક માણસ ખાય છે; આપણે માનો ને કે, પચાસ માણસોને એકસાથે જમવા બેસાડ્યા. એમાં જ્ઞાની પણ જમે છે અને બીજા ઓગણપચાસ પણ જમે છે. જમવાની ક્રિયા બધાની સરખી છે, બધા શીખંડ, પૂરી અને પાત્રા ખાય છે (એમ) સમજી લ્યો. કે રસ, પૂરી અને પાત્રા બધાય ખાય છે. બધાય સરખા નથી ખાતા. ખાવા ખાવામાં, એ ખાવાની જે ચેષ્ટા મન-વચન-કાયાની છે એમાં અદ્ભુત રહસ્યો છે, એમ કહે છે. એટલે એ પ્રકારે જો ઓળખાણ હોય તો, જ્ઞાનીપુરુષની ઓળખાણ હોય તો એમના મન-વચન-કાયાની પ્રત્યેક ચેષ્ટામાં અદ્ભુત રહસ્યો છે અને એને Visualise કરવા. Visualise ક્યારે થાય ? એમાં રસ આવ્યો હોય ત્યારે. અવલોકનથી એમાં રસ આવતો હોય તો એ Visualise થાય, નહીંતર ન થાય.

મુમુક્ષુ :- એ તો અમુક Stage આવ્યા પછી જ આ ભાવ પકડાશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. ઓળખાણ વિના નહીં થાય. આ બધું જે છે, મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું કે આ નિદિધ્યાસન કરવું એ ઓળખાણ પછીનો વિષય છે. પણ એમણે ખોલ્યો છે, પોતે આ વિષયને ખોલ્યો છે. એવું ક્યાંય બીજાં શાસ્ત્રોમાં આટલું સ્પષ્ટીકરણ નહીં જોવા મળે કે, જ્ઞાનીપુરુષને ઓળખવા માટે શું શું કરવું જોઈએ ? એ ક્યાંય તમને જોવા નહીં મળે. એટલું એમણે ખોલ્યું છે.

'તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.' એમણે જે સંમત કર્યું હોય (એમાં) પછી નિર્વિકલ્પ થઈ જવું. પછી એમાં તર્ક-વિતર્ક ઉઠાવવાની કોઈ જરૂર નથી. એટલું અભિપ્રાયમાં સ્પષ્ટ હોવું જોઈએ કે, આપણાથી એ આગળ છે. કેમકે આ એમનો ખાસ વિષય છે. અધ્યાત્મનો વિષય, ધર્મનો વિષય, નિશ્ચયનો હોય કે વ્યવહારનો હોય, નહીંતર પાછું વિદ્વાનો ડોઢડહાપણ એવું કરે કે, જ્ઞાની નિશ્ચયમાં નિપુણ હોય પણ વ્યવહારમાં તો એમની પણ ભૂલ થતી હોય !

માટે એમના વ્યવહારમાં તો આપણે પણ સુધારોવધારો કરી શકીએ. ઠીક ! એ કંઈ તર્ક-વિતર્ક કરવા જેવો નથી. એમણે સંમત કરેલું સર્વ સંમત કરવું.

પ્રશ્ન :- જિનપ્રતિમાની પૂજા-ભક્તિ શુભભાવનું કારણ છે, આત્મહિતનું કારણ નથી, એમ લેવું ને ?

સમાધાન :- એવું નથી. જિનપ્રતિમાનું દર્શન છે એ ભેદજ્ઞાનનું પણ કારણ થઈ શકે છે અને સંસ્કારી જીવને સમ્યગ્દર્શનનું કારણ પણ થઈ જાય છે. એવો એની અંદર હેતુ છે. એટલે આજે ભલે આપણે પચીસ વર્ષ પહેલાં અહીંયાં જિનમંદિર બનાવ્યું કે થયું, તો આજે સો-બસો-પાંચસો-હજાર વર્ષ સુધી જ્યાં સુધી એ જિનમંદિર રહેશે તો એમાં કોઈ સંસ્કારી જીવ આવે તો એને સમ્યગ્દર્શનનું કારણ થઈ શકે છે. કેમકે એમાં હજારો જીવો આવવાના. કાળે કરીને હજારો મનુષ્યો આવશે. આજે સેંકડો આવે છે તો કાળે કરીને તો હજારો આવે, એમાં કોઈ પણ સ્વભાવના સંસ્કારવાળો જીવ આવે તો સમ્યગ્દર્શનને પામી શકે. એટલે એ પારમાર્થિક હેતુભૂત વ્યવહાર છે. મંદિર બનાવવું એ એક ગૃહસ્થનો વ્યવહાર છે, મુનિનો નહીં પણ એ પારમાર્થિક હેતુભૂત વ્યવહાર છે. એટલે જ્ઞાનીઓ પણ જિનમંદિરો બંધાવે છે અને પહેલાના જમાનામાં તો જ્ઞાનીઓ જ બંધાવતા. અત્યારે તો જ્ઞાનીઓ છે નહીં એટલે પરંપરા ચાલે છે. બાકી સ્થાપનાનિક્ષેપ નયનો વિષય છે. સ્થાપનાનિક્ષેપ છે એ સમ્યગ્જ્ઞાનના નયનો વિષય છે. એટલે એનો Objective view point એમની પાસે છે, એમ કહેવું છે. જિનપ્રતિમાની સ્થાપનાનો Object શું છે ? એ એમની પાસે છે, જ્ઞાની પાસે છે.

મુમુક્ષુ :- જિનપ્રતિમા વીતરાગની હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો વીતરાગની પ્રતિમા વીતરાગ જ હોય કે બીજું (કંઈ હોય) ? જિનેન્દ્રદેવ પોતે પૂર્ણ વીતરાગ છે તો એમની પ્રતિમા વીતરાગ હોય એ પણ સમજાવવું પડે અને કહેવું પડે ?! વાહ !

એક બોલ છે. જો હાથમાં આવે તો, મને નંબર યાદ નથી. વચન બહુ સારું છે. જિનપ્રતિમા છે એ ભેદજ્ઞાનનું કારણ છે અને જ્ઞાની જીવને સ્વરૂપધ્યાનનું કારણ છે. જ્ઞાની પણ જિનમંદિરમાં દર્શન કરવા આવે છે, એને સ્વરૂપધ્યાનનું કારણ છે અને ભરતચક્રવર્તી આદિ જે સંપન્ન જ્ઞાનીઓ થયા છે, એ તો એમના ધ્યાનકક્ષમાં અથવા એ જિનમંદિરમાં જઈને ધ્યાન કરે અથવા ધ્યાનકક્ષમાં જિનપ્રતિમા હોય એવી વ્યવસ્થા રાખે. આમાં 'પદ્મપુરાણ'માં રામાયણમાં

તો આવે છે કે રાવણ છે એણે ચાલુ યુદ્ધે શાંતિનાથ ભગવાનના મંદિરમાં જઈને વિધાન કરેલા હતા, ચાલુ લડાઈમાં ! એને ધ્યાનનું કારણ થાય. સમ્યગ્દૃષ્ટિ હોય તો એને ધ્યાનનું કારણ થાય છે. (બોલ નંબર) યાદ નથી રહ્યો.

પ્રશ્ન :- જિનપ્રતિમા તો જ્ઞાનીઓ માટે ઉપકારી છે પરંતુ અમારી જેવા અજ્ઞાની હોય તો પ્રત્યક્ષ સત્‌પુરુષની ભક્તિ જ કરવી ને ?

સમાધાન :- એમ વિશેષ ઉપકારી છે. એ વિશેષ ઉપકારી છે એટલી વાત છે. એ વાત તો આપણે ૫૨૭માં સ્વાધ્યાયમાં આવી ગઈ, એ વિશેષ ઉપકારી છે, એમ કરીને લીધું છે.

પ્રશ્ન :- પત્ર ૨૪૯માં ચિંતન કલ્યાણકારક છે તે અજ્ઞાની જીવને શુભભાવનું કારણ છે, સ્વરૂપસ્થિતિનું કારણ નથી એમ લેવું ને ?

સમાધાન :- હા, સ્વરૂપસ્થિતિનું કારણ નથી. શુભભાવનું કારણ છે અથવા તો દર્શનમોહની કેટલીક મંદતા થવા યોગ્ય છે. પછી જિનપ્રતિમા હોય કે ભૂતકાળના જ્ઞાનીપુરુષો હોય એમનું ચિંતવન કરવાથી ચારિત્રમોહમાં શુભભાવ થાય પણ દર્શનમોહનો અનુભાગ પણ થોડો ઘટે ખરો અને ઓળખાણ હોય તો વિશેષ ઘટે. એમ શ્રદ્ધાગુણના પર્યાયમાં પણ થોડો ફેરફાર થાય છે અને જ્ઞાનમાં પણ નિર્મળતા આવે. એમ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે ગુણોના પર્યાયોમાં કેટલો કેટલો ક્યાં ફેરફાર થાય છે ? એ વિચારવા યોગ્ય છે.

મુમુક્ષુ :- હમણાં લીધું ને સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- ના, સ્વરૂપસ્થિતિ એટલે સમ્યગ્દર્શન સ્વાનુભવ થાય એટલું નિમિત્તત્ત્વ ન આવે.

પ્રશ્ન :- એટલે પ્રત્યક્ષતાને કોઈ દિવસ ગૌણ ન કરવો એમ થયું ને ?

સમાધાન :- હા, પરોક્ષની મુખ્યતામાં પ્રત્યક્ષને ગૌણ ન કરી શકાય. 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર, એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર' 'આત્મસિદ્ધિ'માં લીધું. એ વખતે બધો ઊહાપોહ થયેલો. આ તો જુઓ, પોતાની પૂજા કરાવવા માટે ભગવાનને પાછળ મૂકે છે, એમ કહે પછી. વાંકું બોલવું હોય એ તો ગમે ત્યાંથી પકડે પછી. જુઓ ! આવું આવું બોલે છે ! કેવું બોલે છે જુઓ તો ખરા ! એમ કહે. ઠીક ! એ વખતે 'આત્મસિદ્ધિ' લખી ત્યારે પોતે આજ્ઞા કરે એને જ વાંચવા મળતી હતી. બધાને વાંચવાની મનાઈ હતી. અત્યારે તો બધાના હાથમાં આવે છે એટલા ભાગ્ય છે, નહીંતર એ વખતે તો એના ઉપર

Restriction હતું. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' જેવી વાત હતી, 'આત્મસિદ્ધિ' બધાને વાંચવા નહોતી મળતી. એમની આજ્ઞા થાય એને જ વાંચવા મળતી હતી, એવું હતું. કેમકે, કેટલીક વાતો સામાન્યજનને પચાવવી મુશ્કેલ પડે એવી હોય છે, ન પચે એને. તો એ વાત એને ન કરવી જોઈએ. એને નુકસાનનું કારણ થાય. એમાં પણ જ્ઞાનીઓની કરુણા છે, એમાં પણ એમની કરુણા છે.

મુમુક્ષુ :- ૧૭૧માં નિર્દેશ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લખ્યું છે. 'ફરી ફરી એનો ઉત્તર મુનિના પત્રમાં જણાવ્યો છે તે જ આવે છે.' 'ત્રિભોવને વર્ણવેલી એક પત્રની દશા સ્મરણમાં છે. ફરી ફરી એનો ઉત્તર મુનિના પત્રમાં જણાવ્યો છે તે જ આવે છે. પત્ર લખવાનો ઉદ્દેશ મારા પ્રત્યે ભાવ કરાવવા માટેનો છે, એમ જે દિવસ જણાય...' એ ક્યો ? ૧૭૨મો (પત્ર). ૧૭૨માં સત્પુરુષનું આટલું બધું લખ્યું તો કહે (છે), મારા પ્રત્યે એવો ભાવ કરાવવા માટે જણાય 'તે દિવસથી માર્ગનો ક્રમ વીસર્યા એમ સમજી લેજો.' તે દિવસથી ભૂલા પડી ગયા છો એમ સમજી લેજો. 'આ એક ભવિષ્ય કાળે સ્મરણ કરવાનું કથન છે.' ભવિષ્યમાં આવી ભૂલ નહીં કરતાં. હું મારા માટે કહું છું એમ નહીં લેતા. સત્પુરુષની વાત કરું છું એટલે હું મારા માટે કરું છું એવું ક્યારેય નહીં લેતા. એવું જે દી' લેશો તે દિવસે તમે ભૂલા પડ્યા છો એમ સમજજો. કેવળ નિષ્કામબુદ્ધિથી એમણે આ બધી વાત કરી છે.

એવું જે ઉપર કહ્યું, તે 'જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય,...' મોક્ષ પામવો હોય તો માન્ય રાખવા યોગ્ય, 'શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય,...' એ પ્રેમ વિના લીન ન થવાય. બહુ રુચે ત્યારે (લીન થવાય). રુચિ વિના આમાં લીનતા આવે નહીં. એ 'પરમ રહસ્ય છે.' 'રહસ્ય' શબ્દ એટલા માટે વાપર્યો છે કે, જો આ પ્રકારે ચિંતવન, અવલોકન, નિદિધ્યાસન આદિ થાય તો એ જીવને અવશ્ય એટલી દર્શનમોહની મંદતા થઈ જાય કે એ ઉપશમ સમ્યગ્દર્શનને પામે, પામે અને પામે જ. એટલે એ મોક્ષ પામે, પામે અને પામે જ. જેને સમ્યગ્દર્શન થાય એનો મોક્ષ નિશ્ચિત થઈ ગયો, એને તો Reserve થઈ ગયું. સિદ્ધાલયમાં એનું સ્થાન Reserve થઈ ગયું. એટલે એને રહસ્ય કહ્યું. સીધી વાત નહીં સમજાય, સીધું એમ લાગશે કે, આ તો જ્ઞાની પ્રત્યે રાગ કરવાની વાત છે. ભક્તિ કરવી એટલે રાગ કરવો, અહીંયાં એમ નથી. અહીંયાં દર્શનમોહની મંદતા થાય, જ્ઞાનમાં પણ અપૂર્વ નિર્મળતા

થાય અને પોતાના કર્તવ્ય–અકર્તવ્ય અને પ્રયોજનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સૂઝ આવે. અંદરની સૂઝ આવી જાય. પોતાનું કામ કરવા માટેની અંદરની સૂઝ આવી જાય એ બહુ રહસ્યભૂત વાત છે. 'સબ આગમભેદ સુઉર બસે;' અને શાસ્ત્રો શું કહેવા માગે છે, એ પછી સમજાય. શાસ્ત્રનો જે આશય છે એ પછી સમજાય, એ પહેલા શાસ્ત્રનો આશય નથી સમજાતો, અર્થ સમજાય. અર્થ સમજાય, ભાવાર્થ સમજાય, મતાર્થ સમજાય, આગમાર્થ સમજાય, નયાર્થ સમજાય, આ બધા અર્થ સમજાય. પણ એનો રહસ્યાર્થ સમજાય નહીં. ઓળખાણ થાય પછી રહસ્ય સમજાય.

મુમુક્ષુ :– પરિણમનનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ પરિણમનનો વિષય (છે). એટલી નિર્મળતા પછી આવે છે માટે એને રહસ્ય કીધું છે કે, આવી અદ્‌ભુત નિર્મળતા આવે છે, જ્ઞાનમાં આવી અલૌકિક નિર્મળતા આવે છે, મતિ નિર્મળ થઈ જાય છે, એક રહસ્યભૂત વિષય છે. Radical change આવે. જેમ આ Chemical effect આવે છે ને ? પીળું પાણી હોય, પીળા રંગનું પાણી હોય (અને) એમાં સોડા નાખે અને એકદમ લાલ રંગ પકડે. લાલ ધબરક થઈ જાય. પીળામાંથી લાલ ક્યાંથી થઈ ગયું ? પદાર્થ નાખ્યો એ તો સફેદ હતો, પાછો એ કંઈ લાલ હતો નહીં. આ તો એક રસાયણિક Effect છે. જેમ રાસાયણિક ફેરફારો છે એમ અહીંયાં જે આવી અમુક પ્રકારની મુખ્ય વાતો કરી છે એ બધા અનુભવના રસાયણો છે અને એના બધા એવા ફેરફારો આવે છે. પોતાને આશ્ચર્ય થાય, અરે...! આમ થઈ ગયું ! આપણે તો ધાર્યું નહોતું કે, આવી વાત સૂઝશે અંદરથી ! એવું સૂઝે અંદર.

એ 'પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો,...' મર્મ. સર્વ શાસ્ત્રનો મર્મ. 'સર્વ સંતના હૃદયનો,...' મર્મ અને 'ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે.' મહા માર્ગ એટલે ? National highway. હવે આ કેડી નથી, આ મહામાર્ગ છે, Highway છે. 'અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ,...' ત્યારે જોઈએ શું ? વર્તમાન જોઈએ, વિદ્યમાન જોઈએ એમ કહે છે. 'અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ,...' એટલે એ હોવા જોઈએ. હોવા જોઈએ એટલું જ નહીં, 'અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.' ત્યાં સુધી ઉપરનો લાભ થવા યોગ્ય નથી.

'અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે,..' અથવા લાખ ભવે, 'એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ

પ્રદેશે મને તો એ જ સમ્મત છે.' મને સમ્મત છે, એમ ન લખ્યું. (પણ) મારા પ્રદેશે પ્રદેશેથી આત્માનો આ પોકાર ઊઠે છે કે, કોઈ જીવને આત્મકલ્યાણ કરવું હોય તો આ મહામાર્ગ છે. બીજે રસ્તે, આડેઅવળે સમય અને શક્તિ ખરચવા જેવી નથી, એમ કહી દીધું.

'પ્રસંગોપાત્ત પત્ર લખવાનો લક્ષ રાખીશ. આપના પ્રસંગીઓમાં જ્ઞાનવાર્તા કરતા રહેશો.' લલ્લુજીમુનિને લખે છે ને ! 'અને તેમને પરિણામે લાભ થાય એમ મળતા રહેશો.

'અંબાલાલથી આ પત્ર અધિક સમજવાનું બની શકશે.' જુઓ ! તમારા કરતા, એમ કહેવું છે. એ પહેલા પરિચયમાં આવ્યા છે, અંબાલાલભાઈ પહેલા પરિચયમાં આવ્યા છે અને યોગ્યતા વિશેષ પણ છે. આ હજી નવા નવા પરિચયમાં આવ્યા છે. ભલે આ હજી સાધુ છે, ઓલા ગૃહસ્થ છે તોપણ એમ લખે છે કે 'અંબાલાલથી આ પત્ર અધિક સમજવાનું બની શકશે. આપ તેની વિદ્યમાનતાએ પત્રનું અવલોકન કરશો.' એ પત્ર વાંચવો હોય તો એમની રૂબરૂ વાંચજો અથવા એમના રૂબરૂમાં આપસમાં ચર્ચા કરજો.

'અને તેના તેમ જ ત્રિભોવન વગેરેના ઉપયોગ માટે જોઈએ તો પત્રની પ્રતિ...' પ્રતિ એટલે નકલ – કોપી 'કરવા આપશો.' એટલે અંબાલાલભાઈને અને બીજા ખંભાતના મુમુક્ષુઓ હતા એને નકલ આપવાની છૂટ આપી છે. 'મિતિ એ જ – એ જ વિજ્ઞાપન. સર્વ કાળ એ જ કહેવા માટે જીવવા ઇચ્છનાર રાયચંદની વંદના.' ઠીક ! લિખિતંગ. લિખિતંગમાં એમણે એક વાક્ય લખ્યું છે. Yours sincerely અને faithfully લખે છે ને ? એના જેવી વાત છે.

મુમુક્ષુ :– આ પત્રને બહુ વજન આપ્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :– કેટલું વજન આપ્યું છે ! મહામાર્ગ કીધો, મર્મ પામવાનો મહામાર્ગ, પરમ રહસ્ય, એ બધા શબ્દો ઓછા પડ્યા. છેલ્લે-છેલ્લે પાછું કેટલું Weight મૂક્યું છે એમણે ! કે આજે, કાલે, ભવિષ્યમાં બધા કાળે આ જ કહેવા માટે જીવવાની ઇચ્છા છે નહીંતર મારે જીવીને શું કામ છે ? કહેવાનું શું રહે છે ? આ જ મારે કહેવું છે. એમ કરીને પોતાના દસ્તક કરેલા છે.

એ રીતે આ પત્ર છે એ પારમાર્થિક રહસ્ય માટે ફરી ફરીને વિચારવા યોગ્ય છે.

વિશેષ લઈશું...

૧૭૯

મુંબઈ, કારતક, ૧૯૪૭

ઉપશમ ભાવ

સોળ ભાવનાઓથી ભૂષિત થયેલો છતાં પણ પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે ત્યાં બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યૂનતા થતી હોય અને કંઈ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો, તેને ઉપશમ ભાવ હતો, ક્ષાયક નહોતો, આ નિયમા છે.

તા. ૨૩-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૪૦
પત્રાંક - ૧૭૯ થી ૧૮૭

શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ, પત્રાંક ૧૭૯, પાનું ૨૫૪. ઉપશમ ભાવનું ઉપલક્ષણથી અહીંયાં સ્વરૂપ બતાવ્યું છે. ક્ષાયિકભાવ, ઉપશમભાવ એ સંબંધીનું અહીંયાં લક્ષણ બતાવ્યું છે. 'સોળ ભાવનાઓથી ભૂષિત થયેલો છતાં...' ષોડશકારણ ભાવના આવે છે ને ? તીર્થંકર પ્રકૃતિ(થી) વિભૂષિત હોવા છતાં... જ્ઞાની ધર્માત્માનો વિષય છે અને 'પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે...' પુણ્યપ્રકૃતિનો આગળથી ઉદય શરૂ થયો છે અને બહારમાં પોતાની ઘણી મુખ્યતા, વિશેષપણે એની જ મુખ્યતા વર્તતી હોય. 'ત્યાં બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યૂનતા થતી હોય અને કંઈ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો, તેને ઉપશમ ભાવ હતો, ક્ષાયક નહોતો, આ નિયમા છે.' એક સિદ્ધાંત લીધો છે કે, ચારિત્રમોહનો જે મત્સરભાવ છે એ ક્ષાયિક સમ્યગ્દર્શનવાળાને નથી હોતો, એમ લેવું છે. એટલે માત્સર્યના ચારિત્રમોહના

પરિણમનના લક્ષણથી ઉપશમ અને ક્ષાયિકના ભેદને અહીંયાં બતાવ્યો છે અને એ રીતે ઉપશમભાવનું અહીંયાં સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

સોળ ભાવનાથી વિભૂષિત તો તીર્થંકર હોય છે, તીર્થંકરની જ મહત્તા થાય છે પણ કોઈ વખત બીજાની ઉત્કૃષ્ટતા થતાં પોતાની ઉત્કૃષ્ટતાને લીધે, પોતાની ન્યૂનતા થતી હોય એવું લાગે અને એ સંબંધી થોડો – અલ્પ ચારિત્રમોહનો અણગમો આવે તો ત્યાં ક્ષાયિક નથી પણ ઉપશમ છે, એવો નિયમ છે, એવો સિદ્ધાંત છે. એ ઉપશમભાવ સંબંધીનો એક એમાં સિદ્ધાંતિક ખુલાસો છે.

## પત્રાંક – ૧૮૦

મુંબઈ, માગશર સુદ ૪, સોમ, ૧૯૪૭

પરમ પૂજ્ય શ્રી,

ગઈ કાલના પત્રમાં સહજ વ્યવહારચિંતા જણાવી; તો તે માટે સર્વ પ્રકારે નિર્ભય રહેવું. રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું. માત્ર બીજા જીવોને કચવાયાનું કારણ આત્મા થાય ત્યાં ચિંતા સહજ કરવી, દૃઢજ્ઞાનની પ્રાપ્તિનું એ જ લક્ષણ છે.

મુનિને સમજાવ્યાની માથાકૂટમાં આપ ન પડો તો સારું. જેને પરમેશ્વર ભટકવા દેવા ઇચ્છે છે, તેને નિષ્કારણ ભટકતા અટકાવવા એ ઈશ્વરી નિયમનનો ભંગ કર્યો નહીં ગણાય શા માટે ?

રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે, એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે, ત્યારે આપને અમરવરના આનંદનો અનુભવ થશે.

અત્ર એ જ દશા છે. રામ હ્દે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે. સુરતિ ઇત્યાદિક હસ્યાં છે. આ પણ એક વાક્યની વેઠ કરી છે. હમણાં તો ભાગી જવાની વૃત્તિ છે. આ શબ્દનો અર્થ જુદો થાય છે.

નીચે એક વાક્યને સહજ સ્યાદ્વાદ કર્યું છે.

'આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય.'

'આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જ જાય.'

'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય.'

'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વથા ન મુકાય.'

'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી સર્વથા ન મુકાય.'

હવે એ ઉપર સહજ વિચાર કરીએ. પ્રથમ એક માણસ બોલ્યો કે આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય. જેવું એ વાક્ય નીકળ્યું કે શંકા થઈ. આ કાળમાં શું મહાવિદેહથી મોક્ષે ન જ જાય ? ત્યાંથી તો જાય, માટે ફરી વાક્ય બોલો. ત્યારે બીજી વાર કહ્યું; આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે જંબુ, સુધર્માસ્વામી ઇત્યાદિક કેમ ગયા ? એ પણ આ જ કાળ હતો, એટલે ફરી વળી સામો પુરુષ વિચારીને બોલ્યો : આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે, કોઈનું મિથ્યાત્વ જતું હશે કે નહીં ? ઉત્તર આપ્યો, હા જાય. ત્યારે ફરી કહ્યું કે, જો મિથ્યાત્વ જાય તો મિથ્યાત્વ જવાથી મોક્ષ થયો કહેવાય કે નહીં ? ત્યારે તેણે હા કહી કે એમ તો થાય. ત્યારે કહ્યું : એમ નહીં પણ એમ હશે કે આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી ન મુકાય.

આમાં પણ ઘણા ભેદ છે; પરંતુ આટલા સુધી કદાપિ સાધારણ સ્યાદ્વાદ માનીએ તો એ જૈનનાં શાસ્ત્ર માટે ખુલાસો થયો ગણાય. વેદાંતાદિક તો આ કાળમાં સર્વથા સર્વ કર્મથી મુકાવા માટે જણાવે છે. માટે હજુ પણ આગળ જવાનું છે. ત્યાર પછી વાક્યસિદ્ધિ થાય. આમ વાક્ય બોલવાની અપેક્ષા રાખવી એ ખરું. પરંતુ જ્ઞાન ઊપજ્યા વિના એ અપેક્ષા સ્મૃત થાય એમ બનવું સંભવિત નથી. કાં તો

સત્પુરુષની કૃપાથી સિદ્ધિ થાય.

અત્યારે એ જ. થોડું લખ્યું ઘણું કરી જાણજો; ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી. સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે; પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. ત્યાં આ ક્યાંથી પસંદ આવે ? નાપસંદ પણ કરાય નહીં.

છેવટે આજે, કાલે અને બધેય વખતે આ જ કહેવું છે કે, આનો સંગ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું. આપને આ વાક્ય કેમ લાગે છે ?

વિ. રાયચંદ

૧૮૦મો પત્ર 'સૌભાગ્યભાઈ' (ઉપરનો) છે. 'પરમ પૂજ્ય શ્રી, ગઈ કાલના પત્રમાં સહજ વ્યવહારચિંતા જણાવી; તો તે માટે સર્વ પ્રકારે નિર્ભય રહેવું. રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું.' શું કહે છે ? 'સોભાગભાઈ'ની આર્થિક સ્થિતિ નબળી હતી. એટલે એમણે પોતાની આર્થિક સ્થિતિ સંબંધીની ચિંતા પહેલીવહેલી અહીંયાં જણાવી છે. ત્યારે એ સંબંધમાં પોતે વાત કરે છે.

વિષય તો, એક જ્ઞાનીનો અન્ય મુમુક્ષુઓ પ્રત્યેના વિભિન્ન પ્રકારના ઉપદેશનો (છે). ભિન્ન ભિન્ન યોગ્યતાવાળા મુમુક્ષુ છે એને ભિન્ન ભિન્ન પ્રકારે પોતે માર્ગદર્શન આપે છે અને ક્યાંક ક્યાંક એ વિષયનો ઉપદેશ આપતા એ પોતાની દશા પણ લખે છે કે જેથી સામાને એના ઉપરથી માર્ગ ગ્રહણ કરવાનો ખ્યાલ આવે, લક્ષ આવે. આ ગ્રંથની અંદર આટલો પ્રસંગ છે.

ગ્રંથનું અધ્યયન કરનારને એમાંથી એવું લેવાનું છે કે, મને અહીંયાં ક્યાં શું લાગુ પડે છે ? કઈ જગ્યાએથી ? આ બધા પ્રસંગોમાં મને શું લાગુ પડે છે ? કેમકે મુમુક્ષુ છે, એમ 'શ્રીમદ્જી'ની સામે પણ મુમુક્ષુ છે. પોતે કઈ યોગ્યતામાં આવે છે ? અને એ યોગ્યતા અનુસાર પોતાને શું લાગુ પડે છે ? આ દૃષ્ટિકોણથી સ્વાધ્યાય કરવાનો આ વિષય છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ના પત્રો એવા છે કે, દરેકને ઇલાજ મળી જાય, દરેક પ્રકારના જીવોને - બધાને આમાંથી દવા મળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મળે. કેમકે મુમુક્ષુઓને જ પોતે માર્ગદર્શન આપ્યું છે. અને (સાંભળનાર) પોતે મુમુક્ષુ છે એટલે કોઈ ને કોઈ વાત તો કોઈને લાગુ પડે જ છે.

એટલે માનો કે અહીંયાં કોઈને આર્થિક તકલીફ હોય તો એવા જીવને 'સોભાગભાઈ'ના આ પડખાથી જ્યારે વાતો કરી છે, પોતે માર્ગદર્શન આપ્યું છે ત્યારે લાગુ પડે. સામાન્ય રીતે ગમે ઈ સ્તરમાં હોય છે પણ માણસને આર્થિક પરિસ્થિતિના વિચારો ઓછાવત્તા પ્રમાણમાં આવતા હોય છે. એટલે પણ એ વિષય ઉપર પોતે કેવી રીતે આ માર્ગદર્શનને ગ્રહણ કરવું, એ લાઇનદોરી બહુ સારી રીતે મળે છે.

પહેલાં તો એમ કહ્યું કે, તમારે 'સર્વ પ્રકારે નિર્ભય રહેવું.' કોઈ ભય રાખવો જ નહીં. શું થશે કાલે ? એ ભય તમે નહીં રાખતા. 'રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું.' એટલે જ્યારે જ્યારે આર્થિક પ્રતિકૂળતા આવે ત્યારે પુરુષાર્થનો એ પ્રસંગ હોવાથી આત્માને આત્મા તરફના પુરુષાર્થનો એ પ્રસંગ હોવાથી એવી સ્થિતિ આવે, એ પ્રસંગ પડે ત્યારે અધિક પ્રસન્ન થવું તો આ માર્ગ પ્રત્યેનો મહિમા આવ્યો છે અને આ મહિમાને ભક્તિ કહી છે અને એ ભક્તિ યથાર્થ ભક્તિ ત્યારે કહી છે.

બહુ સારી વાત આમાં એ કરી છે કે, બહુભાગ જીવના પરિણામ બગડે છે, પ્રતિકૂળતાના કાળમાં પરિણામ બગડે છે. અહીંયાં 'શ્રીમદ્જી' કહે છે કે એ મુમુક્ષુની અયોગ્યતાનું લક્ષણ છે. મુમુક્ષુની યોગ્યતાનું લક્ષણ એ છે કે એને એ વખતે પુરુષાર્થનો પ્રસંગ દેખાય, પોતાનું આત્મકાર્ય કરવાની વિશેષ તક જણાય અને એને પ્રસન્નતા થાય કે જે થયું ઠીક થયું કે આ પ્રસંગ આવ્યો, ન આવ્યો હોત તો કદાચ હું પ્રમાદમાં રહેત. એવું જ્યારે એને જણાય ત્યારે સમજવું કે એને માર્ગ પ્રત્યેની ભક્તિ રોમે રોમે વ્યાપી છે. નહીંતર એમાં કચાશ છે, યોગ્યતાની કચાશ છે.

'રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું. માત્ર બીજા જીવોને કચવાયાનું કારણ આત્મા થાય...' પરિવારમાં સાથે બીજા કેટલાક (જીવો) હોય છે એને પોતાના આવા વલણથી - એટલે ઉદય પ્રત્યેના ઉપેક્ષિત વલણથી, કચવાયાનું કારણ થાય. કેમકે બીજાની યોગ્યતા તો એવી હોતી નથી 'ત્યાં ચિંતા સહજ કરવી.' ત્યાં એકદમ નિષ્ઠુર થવું એમ નહીં, ત્યાં સહજ ચિંતા કરવી. એટલે થોડી પ્રવૃત્તિ, પોતાના ખાતર નહીં

પણ એના ખાતર પણ, એના પરિણામ ન બગડે એના ખાતર પણ થોડીક પ્રવૃત્તિ કરી લેવી, એમ.

પરિવારમાં બીજાને ચિંતાનું કારણ થાય, કચવાયાનું કારણ થાય એટલે એના જીવને દુભાવવાનું કારણ થાય અને પોતે એમાં નિમિત્ત દેખાતો હોય ત્યાં ચિંતા સહજ કરવી, ત્યાં ઉપેક્ષા કરવી એમ ન કહ્યું. ત્યાં સહજ ચિંતા કરવી, ત્યાં બહુ ચિંતા કરીને ઉલઝીને પડવું, એમ પણ નહીં. સહજ ચિંતા કરવી, એને થોડું આશ્વાસન મળે એવી રીતે વર્તવું.

'દઢજ્ઞાનની પ્રાપ્તિનું એ જ લક્ષણ છે.' માર્ગની દઢતામાં જે જીવ આવે છે એને આ પ્રકારના પરિણામ હોય છે. જુઓ ! કેટલું Adjustment છે ! જે મુમુક્ષુ જીવને એ પ્રકારની પરિસ્થિતિ હોય ત્યાં એણે કેવી રીતે વર્તવું ? પ્રવર્તવું ? એ સંબંધીનું બહુ સ્પષ્ટ માર્ગદર્શન છે. 'મુનિને સમજાવ્યાની માથાકૂટમાં આપ ન પડો...'

પ્રશ્ન :- દઢજ્ઞાનની પ્રાપ્તિનું એ લક્ષણ છે એમ કેમ કહ્યું ? એ ચિંતા કરવી અને દઢજ્ઞાનની પ્રાપ્તિ – એને જ્ઞાન સાથે શું સંબંધ છે ?

સમાધાન :- હા, એમાં શું છે કે જેને દઢતા છે એને આવો પ્રકાર બને છે, એમ કહેવું છે. જેને પોતાનું હિત કરવાની દઢતા છે, જેના જ્ઞાનમાં, જેની મતિમાં આત્મહિત કરવાની દઢતા છે, એને આ પ્રકાર ભજે છે.

પ્રશ્ન :- બીજાની ચિંતા કરવી ?

સમાધાન :- સહજ, બીજા જીવોને, માત્ર બીજા જીવોને કચવાયાનું કારણ આત્મા થાય એટલે પોતે થાયે ત્યાં સહજ ચિંતા કરવી. નિર્દય થઈને, નિષ્ઠુર થઈને વર્તવું નહીં જોઈએ, એમ. એક તો પોતાની યોગ્યતા હોય નહીં અને પછી નિષ્ઠુરપણે વર્તે છે, બીજાને દુભવવાનું કારણ થાય છે ત્યારે પોતાની યોગ્યતાને એણે સંભાળવી જોઈએ અને સહજ પ્રવૃત્તિમાં આવવું કે જેથી બીજા જીવોને કચવાયાનું કારણ ન થાય.

મુમુક્ષુ :- અનુકંપા લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુકંપા લીધી છે. પોતે એ જ માર્ગ અપનાવ્યો છે ને ! પોતે એ જ માર્ગ અપનાવ્યો છે. પોતે વ્યવહારમાં પડ્યા છે. ગૃહસ્થી, વેપાર-ધંધો એમાં જે પડ્યા છે એનું કારણ એ છે. એ જ ઉપદેશ એ બીજાને આપે છે. આ એક આચરણની દષ્ટિએ Adjustment કરવાની પરિસ્થિતિ લીધી છે.

પ્રશ્ન :- જ્ઞાનીને એવા ભાવ સહજ હોય ?

સમાધાન :– હા, સહેજે એને એ જ પ્રકાર હોય છે. જેટલી પોતાની શક્તિ હોય એટલો આગળ વધે, જેટલી પોતાની અશક્તિ હોય તો એ સંબંધમાં બાહ્ય વ્યવહારની અંદર બધાની સાથે Adjustment કરી લે. એટલે એને ક્લેશનું કારણ ન થાય. નહીંતર ક્લેશનું કારણ એવું થાય, પોતાને પણ થાય, સામાને પણ થાય. પોતાને થાય ત્યારે પોતાના પરિણામ નીચેના સ્તરે ચાલ્યા જાય. એટલું જ નહીં, ધર્મ ઉપર અશ્રદ્ધા થવાનું કારણ બીજાને થઈ જાય કે, આવો તો કંઈ ધર્મ હોતો હશે ! એટલે શું કરે ? કે, જીવને પોતાને આજીવિકા માટે કોઈ જરૂરિયાત છે; ખાય છે, પીવે છે, પહેરે છે, ઓઢે છે એ જાતનો રાગ તો મુનિદશા નથી એટલે ઊભો છે. પોતાની જરૂરિયાત માટે તો રાગ અને રાગના વિષયમાં પ્રવૃત્તિ કરે અને બીજાની જરૂરિયાતનો વિષય આવે ત્યારે વચ્ચે ધર્મને લાવે ! ન્યાયસંપન્ન નથી, એ ન્યાયસંપન્ન નથી.

આગળની વાત લઈએ તો, જેમકે મુનિરાજ છે, (તેઓ) કમંડળના પાણીનો ઉપયોગ પોતાના પ્રાણ જાય તોપણ ન કરે અને તેથી જ બીજાના પ્રાણ જાય તોપણ એ કમંડળના પાણીનો ઉપયોગ ન કરે. પણ જો પોતાના પ્રાણ જાય અને એ ગ્રહણ કરતાં હોય તો એને બીજાના પ્રત્યે નિર્દય થવાનો અધિકાર નથી. આમ ન્યાય છે એનો.

એટલે આ ન્યાયથી મોક્ષમાર્ગની અંદર પોતાના રાગના પરિણામ જોઈને સાથે ઉદયના યોગે આવી ચડેલા જીવો – નજીકમાં કુટુંબ-પરિવારમાં, એની સાથે જે પ્રકારે પ્રવૃત્તિ કરવી છે (તે કરવી) નહીંતર ધર્મ નિંદાય. નહીંતર એમ કહે, આ તે કંઈ ધર્મનું લક્ષણ છે ? ગમે તેમ થઈ જાય તોપણ તે અમારા સામું ન જોવે ! આ તે કંઈ ધર્મનું લક્ષણ છે ? પોતાને પાછી કાંઈક ગડબડ થાય તો એની જરૂરિયાત માટે પાછો પોતે માગણી કરે કે, મારે આ જોઈશે, મને આમ જોઈએ, મને આના વગર નહીં ચાલે – એ ન્યાયસંપન્ન વાત નથી.

જે પારલૌકિક – અલૌકિક ન્યાયથી અંદરમાં જાય છે, ન્યાય એટલે પોતાને દોરી જાય છે, જે અલૌકિક નયથી અને ન્યાયથી અંદરમાં જાય છે એની બહારની અંદર પણ એટલી જ વિચક્ષણતા હોય છે કે એ બીજાને અન્યાય ન કરે, જાણી-બૂઝીને બીજાને અન્યાય ન કરે.

'દૃઢજ્ઞાનની પ્રાપ્તિનું એ જ લક્ષણ છે.' એ બહુ જ નીકળે છે. 'શ્રીમદ્જી'ના પોતાના જીવનમાંથી ઘણી વાતો નીકળે છે. 'મુનિને સમજાવવાની માથાકૂટમાં આપ ન પડો તો સારું.'

શું છે (કે), કોઈક જીવ માટે ખ્યાલ આવી જાય કે, એને અભિપ્રાય બદલવો જ નથી. કદાગ્રહમાં છે, મતાગ્રહમાં ઊભો છે અને એને પોતાનો અભિપ્રાય નથી બદલવો. તો પછી એને સમજાવવાની માથાકૂટમાં ન પડવું જોઈએ. એ મુમુક્ષુને પોતાનો સમય ખરાબ કરવાની વાત છે, પોતાની શક્તિ વેડફવાની વાત છે. એને માટે શું સમાધાન કરવું ? કે આપણે તો એના હિતની વાત કરવા જઈએ છીએ અને એને ઊલટી પડે છે. એને ઊલટાનો તિરસ્કાર થાય છે, દ્વેષ થાય છે, માર્ગ પ્રત્યે એને વિપરિતતા વધે છે તો એનું કોઈ હોનહાર એવું છે, એનું કોઈ ભવિષ્ય સારું નથી.

કહે છે કે, 'જેને પરમેશ્વર ભટકવા દેવા ઇચ્છે છે, તેને નિષ્કારણ ભટકતા અટકાવવા એ ઈશ્વરી નિયમનનો ભંગ કર્યો નહીં ગણાય શા માટે ?' એનું હોનહાર તો તું બદલી શકીશ નહીં. એના હિતની વાત કરીશ તોપણ એને આકુળતા વધશે અને એના હિતની વાત કરીશ અને તે નહીં સાંભળે અથવા તારા પ્રત્યે દ્વેષ કરશે તો તને પણ એના પ્રત્યે અણગમો થઈ જશે, તિરસ્કાર આવશે, દ્વેષ થઈ જશે. એ તો બંનેને નુકસાનનું કારણ છે.

'રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે, એક 'તુંહિ તુહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે, ત્યારે આપને અમરવરના આનંદનો અનુભવ થશે.' આ લગનીનો વિષય લીધો છે. આવી તીવ્ર લગની ઉત્પન્ન થશે, રોમ રોમ ખુમારી ચઢશે, એક આત્માની જ લય લાગશે ત્યારે આત્મદૃષ્ટિ થઈ જશે. એ તો બધાનો એક જ પ્રકાર છે. જે પૂજ્ય 'બહેનશ્રી' લ્યે છે કે, લગની લાગવી જોઈએ, તાલાવેલી લાગવી જોઈએ, બધાને – મુમુક્ષુને એ જ ભૂમિકામાંથી પસાર થઈને અનુભવમાં આવવાનું થાય છે. એ પહેલાં એના પરિણામ ઉદયની સાથે એવી રીતે સંકળાયેલા હોય છે કે, ત્યાં સુધી એને આત્મદર્શન થવાનો – આત્મદૃષ્ટિ થવાનો અવસર આવતો જ નથી. એ સિદ્ધાંતિક વાત છે, નિયમબદ્ધ વાત છે.

'એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે,...' 'તુંહિ' એ વિકલ્પ કરવાનો પણ અવકાશ નહીં રહે. ત્યારે આપને આનંદનો અનુભવ થશે. અમરવર એટલે આત્મસ્વરૂપ. ત્યારે તમને આત્મસ્વરૂપના આનંદનો અનુભવ થશે. એટલે એ દશાની પોતે પ્રેરણા આપે છે, લગની લગાડવાની પ્રેરણા આપે છે.

'અત્ર એ જ દશા છે.' અમારી તો આ દશા થઈ ગઈ છે. આનંદનો અનુભવ વર્તે છે. 'રામ હૃદે વસ્યા છે,...' આત્મારામ હૃદયે વસ્યા છે. 'અનાદિનાં ખસ્યાં છે' અનાદિના વિભાવ, મિથ્યાત્વ આદિ અજ્ઞાન ખસ્યાં છે અને 'સુરતિ ઇત્યાદિક હસ્યાં છે.' વસ્યાં, ખસ્યાં

અને હસ્યાં – ત્રણ શબ્દનો ઉપયોગ કર્યો છે. સુરતિ એટલે મુખાકૃતિ.

'આ પણ એક વાક્યની વેઠ કરી છે.' આ વસ્યાં, ખસ્યાં અને હસ્યાં એવું વાક્યમાં આવી ગયું એ વેઠ ઉતારી છે, અમને (એમાં) રસ નથી. આવી રીતે વચનરચનાના ચાતુર્યનો એમને કાંઈ રસ નથી. છે. ચાતુર્ય ઘણું છે. પોતે અસાધારણ બુદ્ધિપ્રભા ધરાવે છે છતાં પણ શું વૃત્તિ છે એ સ્પષ્ટ કરે છે.

'આ પણ એક વાક્યની વેઠ કરી છે. હમણાં તો ભાગી જવાની વૃત્તિ છે, આ શબ્દનો અર્થ જુદો થાય છે.' એટલે લોકો એમ સમજે કે, ઘર છોડીને જંગલમાં ભાગી જવાની વાત છે, એમ નથી. પણ બધેથી ઉદાસ થઈ જવું. સર્વ ઉદયથી ઉદાસ થઈને અંતરમાં સમાઈ જવું એવી વૃત્તિ રહ્યાં કરે છે, એવો એનો અર્થ થાય છે.

'નીચે એક વાક્યને સહજ સ્યાદ્વાદ કર્યું છે.' પાંચ વાક્યો લખ્યા છે પછી એ ઉપર જ પોતે નીચે એનો ખુલાસો આપે છે. 'આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય.' એવું એક શાસ્ત્રવચન છે તો એનો વિશેષ અર્થ એ છે, અપેક્ષિત અર્થ છે કે, 'આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જ જાય.' એનાથી વિશેષ સ્પષ્ટીકરણ એ છે કે, 'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય.' એથી વધારે સ્પષ્ટીકરણ કરીએ તો 'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વથા ન મુકાય.' સમ્યગ્દર્શન આદિ અંશે મુક્તિ તો થાય, સર્વથા ન મુકાય, નિર્વાણ ન પામે. બાકી મોક્ષમાર્ગમાં આવીને આંશિક મોક્ષ ન થાય એ વાત પણ નથી અને 'આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી સર્વથા ન મુકાય.' સર્વથા ન મુકાય એનો વધારે સ્પષ્ટ કરીને (અર્થ કર્યો છે). સર્વ કર્મથી સર્વથા ન મુકાય.

પ્રશ્ન :– કેવળજ્ઞાન ન થાય, એમ ?

સમાધાન :– હા, એ સિદ્ધદશા લીધી.

'હવે એ ઉપર સહજ વિચાર કરીએ. પ્રથમ એક માણસ બોલ્યો કે આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય.' પહેલું વાક્ય, 'જેવું એ વાક્ય નીકળ્યું કે શંકા થઈ. આ કાળમાં શું મહાવિદેહથી મોક્ષે ન જ જાય ?' તો કહે 'ત્યાંથી તો જાય,...' માટે ફરીને સ્પષ્ટીકરણ આપ્યું 'ફરીને વાક્ય બોલો. ત્યારે બીજી વાર કહ્યું; આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય' એટલે આ કાળમાં પણ મહાવિદેહથી તો જાય, અત્યારે પણ જાય જ છે.

'ત્યારે પ્રશ્ન કર્યો કે જંબુ, સુધર્માસ્વામી ઇત્યાદિક કેમ ગયા ?' આ કાળમાં, આ ક્ષેત્રથી (કેમ ગયા) ? 'એ પણ આ જ કાળ હતો, એટલે ફરી વળી સામો પુરુષ વિચારીને બોલ્યો :

આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય.' એમનો જન્મ ચોથા આરામાં હતો અને નિર્વાણ પાંચમા આરામાં હતો. જંબુસ્વામી, સુધર્માસ્વામી, (અને ગૌતમસ્વામી) ત્રણ કેવળી થયા ને ? મથુરાથી ગયા ને ? જંબુસ્વામી મથુરાથી (મોક્ષમાં) ગયા. ગૌતમસ્વામી, જંબુસ્વામી અને સુધર્માસ્વામી – ત્રણ ચોથા આરાના જન્મેલા, પાંચમા આરામાં (મોક્ષે) ગયા. ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા ત્યારે તો બે મહિના ને વીસ દિવસ કે કંઈક એટલો જ કાળ ચોથા આરાનો શેષ રહ્યો હતો અને પોતે ચોથા આરામાં નિર્વાણ પામ્યા. એમના જે ગણધરો હતા એમાં ગૌતમસ્વામી, જંબુસ્વામી, સુધર્માસ્વામી એ મોક્ષગામી આત્માઓ હતા, ચરમશરીરી હતા. પાંચમો આરો બેસી ગયો, હજી આયુષ્ય હતું તોપણ નિર્વાણ પામ્યા, મોક્ષે ગયા છે. આ કાળમાં તો મોક્ષે ન જાય ને ! તો કહે (છે), આ કાળમાં આ ક્ષેત્રે જન્મેલો મોક્ષે ન જાય. આ કાળમાં જન્મેલો હોય તે આ ક્ષેત્રે મોક્ષે ન જાય. પણ ચોથા આરામાં જન્મેલો હોય તો આ કાળમાં આ ક્ષેત્રથી મોક્ષે જાય, એમ કહેવું છે.

પ્રશ્ન :– ગણધર માત્ર મોક્ષે જાય ને ?

સમાધાન :– હા, એટલો બધો સિદ્ધાંતનો ખ્યાલ નથી કે બધા ગણધરો (મોક્ષે જાય). પણ લગભગ એમ હોવું જોઈએ. એ બીજા કાળમાં તો કંઈ વાંધો હતો જ નહીં ને ! જે તકલીફ છે એ આ કાળની છે. ભગવાન મહાવીરસ્વામીને અગિયાર (ગણધર) હતા. તો આઠ(નું) કદાચ પહેલા આયુષ્ય પૂરું થયું હોય ! બહુ પુરાણનો ખ્યાલ નથી.

'ત્યારે પ્રશ્ન કર્યો કે, કોઈનું મિથ્યાત્વ જતું હશે કે નહીં ?' તો 'ઉત્તર આપ્યો, હા જાય,...' છે આ કાળમાં પણ, 'ત્યારે ફરી કહ્યું કે, જો મિથ્યાત્વ જાય તો મિથ્યાત્વ જવાથી મોક્ષ થયો કહેવાય કે નહીં ? ત્યારે તેણે હા કહી...' હા બરાબર છે. 'સહીમુક્ત એવ' સમ્યગ્દષ્ટિને અમે મુક્ત કહીએ છીએ. 'ત્યારે કહ્યું : એમ નહીં પણ એમ હશે કે આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી ન મુકાય.'

'આમાં પણ ઘણા ભેદ છે; પરંતુ આટલા સુધી કદાપિ સાધારણ સ્યાદ્વાદ માનીએ તો એ જૈનનાં શાસ્ત્ર માટે ખુલાસો થયો ગણાય. વેદાંતાદિક તો આ કાળમાં સર્વથા સર્વ કર્મથી મુકાવા માટે જણાવે છે. માટે હજુ પણ આગળ જવાનું છે. ત્યાર પછી વાક્યસિદ્ધિ થાય. આમ વાક્ય બોલવાની અપેક્ષા રાખવી એ ખરું. પરંતુ જ્ઞાન ઊપજ્યા વિના એ અપેક્ષા સ્મૃત થાય એમ બનવું સંભવિત નથી. કાં તો સત્પુરુષની કૃપાથી સિદ્ધિ થાય.' સ્યાદ્વાદ તો જ્ઞાન ઊપજ્યા પછી છે. પદાર્થદર્શન જેને યથાર્થ છે એને દૃષ્ટિપૂર્વક જે જ્ઞાન – સમ્યગ્જ્ઞાન પ્રવર્તે

છે, સમ્યગ્દષ્ટિપૂર્વક જે સમ્યગ્જ્ઞાન પ્રવર્તે છે એને એ બધી શાસ્ત્રની અપેક્ષાઓ છે એ ખ્યાલમાં આવે છે, એને જ કથનની મર્યાદા સમજાય છે. બીજા કોઈ ઓછું સમજી લે છે, કોઈ વધારે સમજી લે છે, એવી ભૂલ કરી બેસે છે.

'કાં તો સત્પુરુષની કૃપાથી સિદ્ધિ થાય.' અથવા તો કોઈ સત્પુરુષની ઘણા નજીક હોય, ઘણા પાત્ર હોય અને જેને યથાર્થ વિચારણા હોય એને ભૂલ નથી થતી. એક જ્ઞાનીની ભૂલ થતી નથી, એક જ્ઞાનીના ઘણા નજીક હોય એવા યથાર્થ વિચારણાવાળા – સુવિચારણાવાળા, જેને આગળ વધીને સમ્યગ્જ્ઞાન થવાનું છે એવી ભૂમિકામાં આવી ગયા હોય એને પણ એ બધી અપેક્ષા બરાબર સમજાય છે. એને સત્પુરુષની કૃપા કીધી છે.

'અત્યારે એ જ. થોડું લખ્યું ઘણું કરી જાણજો; ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી.' સ્યાદ્વાદની જે ખુલાસાની પાંચ વાત કરી, એ માથાકૂટ લાગે છે, એટલે આ બધું સમજાવવું બોજો લાગે છે. 'સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે;...' ટોપરું ને સાકર ખાઈએ તો ? મીઠાં ટોપરાની વાત લીધી છે. એક તો ટોપરું મીઠું હોય અને એમાં સાકર સાથે ખાય, કેવું સરસ લાગે ! સાકર ને શ્રીફળ આપો, ખાઈએ ! એમ. બધા વખાણીને માગે છે 'પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે.' અહીં તો અંદરથી અમૃત ઝરે છે. અમૃતની નાળિયેરી હાથમાં આવી ગઈ છે. આનંદ અમૃતમય આત્મા હાથમાં છે. એના પ્રત્યક્ષ દર્શન  વર્તે છે. ત્યાં સ્યાદ્વાદ ને બીજી, ત્રીજી વાતોમાં ક્યાં અમારે વિકલ્પમાં સમય કાઢવો, એમ કહે છે.

'પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. ત્યાં આ ક્યાંથી પસંદ આવે ?' ત્યાં આ બધી વાતો કંઈ પસંદ આવે નહીં. (અમૃતમય) સ્વભાવ છે. 'નાપસંદ પણ કરાય નહીં.' શાસ્ત્રની અપેક્ષા છે, આગમનો વિષય છે એટલે ખુલાસો કરીએ છીએ પણ અંદરથી કંઈ એટલો બધો ઉત્સાહ નથી વર્તતો.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ને આ 'અમૃતની નાળિયેરી' ઉપર બહુ પ્રમોદ આવ્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અમૃતની સચોડી નાળિયેરી છે ! પોતાને મસ્તી છે ને ! જે અદ્ભુતથી અદ્ભુત આત્મતત્ત્વના પ્રત્યક્ષ દર્શન થઈ ગયા છે એટલે એની ખુમારી ઊતરતી નથી !!

પ્રશ્ન :– સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે એટલે શુભભાવના વિકલ્પની વાત છે ?

સમાધાન :– હા, ઈ છે, આ સ્યાદ્વાદના વાતો છે, આગમના વિષયો છે, એની ઘણી પ્રશંસા લોકોમાં થાય છે, વિદ્વાનો પણ એની અંદર રચ્યાપચ્યા રહે છે. જ્ઞાનીઓ, મુનિઓ પણ શાસ્ત્રો વાંચે છે. એમ કે ઘણી પ્રશંસા આગમની છે પણ આત્મામાં જે લીન થવાની વાત છે એની આગળ તો એ બધી ઊતરતી વાત છે. આત્માના આનંદની જે વાત છે એમાં એટલો ફેર છે કે, કોઈને ટોપરાની શેષ અને થોડી સાકર મળી જાય અને ખુશી થાય અને કોઈને આખી નાળિયેરી મળી જાય અને ખુશી થાય એના જેટલો ફેર છે, એમ.

'છેવટે આજે, કાલે અને બધેય વખતે આ જ કહેવું છે કે, આનો સંગ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું.' તમને પહેલાં પણ એ જ કહેવું છે, બધી વખતે એ જ કહેવું છે કે, હવે નિર્ભય થઈ જાઓ ! તમને જે સંગ થયો છે, હવે તમારે ક્યાંય ભય રાખવાની જરૂર નથી. 'આપને આ વાક્ય કેમ લાગે છે ?' આટલું લખ્યું એ તમને શું અસર કરે છે ? પ્રતીતિ આવે છે ? નિર્ભય થવા માટે વિશ્વાસ આવે છે ? કેમ લાગ્યું તમને ? એમ સીધું પૂછી લીધું છે.

આની સામેનો ઉત્તર વાંચવો જોઈએ. પત્રવ્યવહાર ચાલ્યા છે ને ? ઈ ગોઠવવું જોઈએ. એમણે માગશર સુદ ૪ પછી જે ઉત્તર આપ્યો હોય છઠનો, સાતમનો, આઠમનો એવા કોઈ પત્રમાં એમણે એ વિષે ઉત્તર આપ્યો હશે પાછળ કે આપે લખ્યું એનું આમ લાગ્યું. આત્મામાં આમ છાપ પડી છે. એ બહુ સરળ હતા, અત્યંત સરળ હતા. જેવી અંદરમાં છાપ પડે એ બહાર કહી દે. ખુલ્લી કરી નાખી છે પોતાની ચોપડી કે આપે લખ્યું એની આવી અસર થઈ છે. આ આત્માને આવી અસર થઈ છે. મારી કાંઈ અયોગ્યતા હોય તો આપની કૃપાદૃષ્ટિથી મારી યોગ્યતા થાય એવું ઇચ્છું છું. એમ પાછી સીધેસીધી માગણી કરી લે.

## પત્રાંક - ૧૮૧

મુંબઈ, માગશર સુદ ૯, શનિ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ છોટાલાલ,

ભાઈ ત્રિભોવનનું અને તમારું પત્ર મળ્યું. તેમ જ ભાઈ અંબાલાલનું પત્ર મળ્યું.

હમણાં તો તમારું લખેલું વાંચવાની ઇચ્છા રાખું છું. કોઈ પ્રસંગે પ્રવૃત્તિ (આત્માની) થશે તો હું પણ લખતો રહીશ.

તમે જે વેળા સમતામાં હો, તે વેળા તમારી અંતરની ઊર્મિઓ લખશો.

અહીં ત્રણે કાળ સરખા છે. બેઠેલા વ્યવહાર પ્રત્યે અસમતા નથી; અને ત્યાગવાની ઇચ્છા રાખી છે; પણ પૂર્વ પ્રકૃતિને ટાળ્યા વિના છૂટકો નથી.

કાળની દુષમતા... થી આ પ્રવૃત્તિમાર્ગ ઘણા જીવોને સત્‌નું દર્શન કરતાં અટકાવે છે.

તમને બધાને ભલામણ છે કે આ આત્મા સંબંધે બીજા પ્રત્યે કંઈ વાતચીત કરવી નહીં.

વિ. રાયચંદ

પછી ૧૮૧મો પત્ર છે. 'સુજ્ઞ ભાઈ છોટાલાલ, ભાઈ ત્રિભોવનનું અને તમારું પત્ર મળ્યું. તેમ જ ભાઈ અંબાલાલનું પત્ર મળ્યું.' અહીંથી બધા મુમુક્ષુઓના પત્રો ચાલુ થઈ ગયા છે. 'હમણાં તો તમારું લખેલું વાંચવાની ઇચ્છા રાખું છું. કોઈ પ્રસંગે પ્રવૃત્તિ (આત્માની) થશે તો હું પણ લખતો રહીશ.' અત્યારે તો તમારા પત્ર આવે છે (તે) વાંચી લઉં છું, જવાબ આપવાની ઇચ્છા નથી થતી. જો કોઈ પ્રવૃત્તિ થશે તો (લખીશ).

પત્રાંક - ૧૮૨

મુંબઈ, માગશર સુદ ૧૩, બુધ, ૧૯૪૭

આપનું કૃપાપત્ર ગઈ કાલે મલ્યું. વાંચી પરમ સંતોષ પ્રાપ્ત થયો.

આપ હૃદયના જે જે ઉદ્‌ગાર દર્શાવો છો; તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સત્યુગનું સ્મરણ થાય છે. આપ પણ જાણો છો કે આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળાં થઈ ગયાં છે. કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દૃઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે, અથવા કોઈકને જ તે ઇચ્છા સત્પુરુષનાં ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.

મહાંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણ યુક્ત હશે જ, એ નિઃશંક છે; પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.

વિ. રાયચંદ

(અહીંથી પ્રવચન અધૂરું છે અને ૧૮૨મા પત્રનો શરૂઆતનો ભાગ નથી).

જેમાં સુખ નથી છતાં માયા વડે સુખનો આભાસ થાય છે એટલે એ સંપત્તિનું નામ આપ્યું છે – માયિક સંપત્તિ. 'આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળા થઈ ગયાં છે.' અત્યારે તો બહુ મોટી દોડ છે, પણ આ તો પંચાણું વર્ષ પહેલાની વાત કરે છે, કે જે દી' લોકો બહુ દોડાદોડી નહોતા કરતાં. અત્યારે તો કેટલી દોડાદોડી કરે છે એ કહેવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :– અત્યારે તો હજારગણું વધી ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હજારગણું એટલે ! કેટલાક માણસો તો આજે ઇન્ડિયામાં હોય અને કાલે પરદેશ હોય, તો વળી ત્રણ દહાડા પાછા ઇન્ડિયામાં હોય અને પાછા વળી મુંબઈથી

કલકત્તા દોડતા હોય, વળી અહીંયાંથી મદ્રાસ અને હૈદ્રાબાદથી વળી મુંબઈ આવે. છ દહાડામાં તો ક્યાં કેટલું પરિભ્રમણ થયું એ ભગવાન જાણે ! દોડાદોડીનો પાર ન મળે.

'કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે,...' જોયું ? પરિપૂર્ણ શુદ્ધિ – પૂર્ણતાના ધ્યેયવાળું એને દઢ ઇચ્છા કહી છે. પૂર્ણતાનું ધ્યેય છે. વાતને બાંધી છે કે પૂર્ણ શુદ્ધ થવું છે. એવો જે નિર્વાણમાર્ગ, એની દઢ ઇચ્છા કોઈ વિરલ મનુષ્યને હોય એવું સંભવે છે. 'અથવા કોઈકને જ તે ઇચ્છા સત્પુરુષનાં ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.' વાક્યે વાક્યે સત્પુરુષને વચ્ચે નાખે છે કે જો કોઈ સત્પુરુષનો યોગ હોય તો આવી દઢ ઇચ્છા ન થઈ હોય એને થવાનો સંભવ છે. એને ધ્યેય બંધાય એવો સત્પુરુષનો યોગ હોય છે.

'મહાંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણ યુક્ત હશે જ, એ નિઃશંક છે;...' બન્નેનો યોગ અત્યારે થઈ ગયો. આવો વિચિત્ર કાળ છે, વિષમકાળ છે છતાં પણ આપણો યોગ થયો ! કંઈક ઈશ્વરીય સંકેત હશે, કંઈક કારણ હશે એટલે કોઈક બીજાનું પણ આમાં હિત થવાનું કારણ હશે અને ખરેખર વાત એ છે કે, બીજા યોગ્ય જીવો એમની નજીક હતા. ભલે પામ્યા ન હોય પણ ઠીક ઠીક યોગ્યતામાં આવી ગયા એટલું જ નહીં 'અંબાલાલભાઈ' અને એમના નાનાભાઈ 'મનસુખભાઈ' એ બન્નેએ થઈને આ ગ્રંથની પ્રવૃત્તિ કરી. આ ગ્રંથ બનાવ્યો તો અનેક જીવોને આ માર્ગમાં વળવાનું કારણ થયું છે. સંપ્રદાયબુદ્ધિ છૂટીને આ કોઈ પરમ સત્યની વાત છે, અખંડ મોક્ષમાર્ગ આમાં રહ્યો છે એની પ્રતીતિ 'શ્રીમદ્જી'નાં વચનોમાં એમની અનુપસ્થિતિમાં ઘણા જીવોને આવી છે. એ નિઃશંક વાત છે. માટે એમ કહ્યું કે નક્કી કંઈક (વાત છે). મને શંકા નથી, નિઃશંક વાત છે કે, આવા દુષમકાળમાં આપણો જન્મ થયો એની પાછળ કાંઈક કારણ તો છે. એટલે કોઈ બીજા જીવોનું પણ હિત થવાનું આમાં અવશ્ય અવશ્ય નિમિત્ત લાગે છે.

'પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.' અત્યારે તો બીજાનું હિત થાય એ માટેની કોઈ પ્રવૃત્તિ કંઈ સૂઝતી નથી. એ તો કોઈ કુદરતી સૂઝે ત્યારની વાત જુદી છે. 'તે' એટલે ઈશ્વર ઉપર નાખે છે, કુદરત ઉપર નાખે છે.

## પત્રાંક - ૧૮૩

મુંબઈ, માગશર સુદ ૧૪, ૧૯૪૭

આનંદમૂર્તિ સત્‌સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર કરું છું.

પરમ જિજ્ઞાસાએ ભરેલું તમારું ધર્મપત્ર ગયા પરમ દિવસે મળ્યું. વાંચી સંતોષ થયો.

જે જે ઇચ્છાઓ તેમાં જણાવી છે, તે કલ્યાણકારક જ છે; પરંતુ તે ઇચ્છાની સર્વ પ્રકારની સ્ફુરણા તો સાચા પુરુષના ચરણકમળની સેવામાં રહી છે. અને ઘણા પ્રકારે સત્‌સંગમાં રહી છે. આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે.

પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જે પામ્યો છે, તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો. દૃઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને મહાપુરુષના યોગે અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.

સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.

મિથ્યાનામધારીના યથા.

૧૮૩મો પત્ર, માગશર સુદ ૧૪. મથાળું બાંધ્યું છે. 'આનન્દમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર કરું છું.' પોતાના આત્માને નમસ્કાર કરે છે. આનંદમૂર્તિ એવું જે પોતાનું

શાશ્વત સ્વરૂપ, સત્ એટલે શાશ્વત હયાતી ધરાવનારું સ્વરૂપ – એને અભેદભાવે એટલે વિકલ્પથી નહીં. લીન થઈને, નમીને. નમવું એટલે લીન થવું, લીન થવું એટલે અંદર નમી જવું. ત્રણે કાળ નમસ્કાર કરું છું. સદાય એ દશાની એમાં ભાવના છે.

'પરમ જિજ્ઞાસાએ ભરેલું તમારું ધર્મપત્ર ગયા પરમ દિવસે મળ્યું, વાંચી સંતોષ થયો. જે જે ઇચ્છાઓ તેમાં જણાવી છે, તે કલ્યાણકારક જ છે; પરંતુ એ ઇચ્છાની સર્વ પ્રકારની સ્ફુરણા તો સાચા પુરુષના ચરણકમળની સેવામાં રહી છે. અને ઘણા પ્રકારે સત્સંગમાં રહી છે, આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે.' શું વાત કરી છે ? પત્ર તો ગમે તેને લખ્યો છે, નામ નથી મળતું પણ કોઈએ આત્મહિતની ઇચ્છા વ્યક્ત કરી છે. તો એમણે એને થોડું માર્ગદર્શન આપ્યું છે કે, જે કોઈ જીવને આત્મહિતની ઇચ્છા થાય એને અવશ્ય અવશ્ય સત્પુરુષના ચરણમાં રહેવાની ભાવના હોય તો તે યથાર્થતાને પામે છે. અથવા આવા જ કોઈ સત્સંગમાં (રહેવું) અને કુસંગમાં નહીં રહેવું, અને સત્સંગમાં રહેવું એવી જે ભાવના છે એ વાત, એની સાથે એનો મેળ છે. એ ઇચ્છાની, સર્વ પ્રકારની સ્ફુરણા એટલે યથાર્થ સ્ફુરણા. તમને જે આત્મકલ્યાણની સ્ફુરણા થાય છે એની યથાર્થતાનું એ લક્ષણ છે કે કાં તો તમને કોઈ સત્પુરુષના ચરણમાં રહેવાની ઇચ્છા થાય અને એવો યોગ ન હોય તો કોઈ એવા સત્સંગના યોગમાં રહેવાની ઇચ્છા થાય.

'આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે.' અનંત જ્ઞાનીઓએ આ તમારી અંતરની ઇચ્છા, એની સાથેનો આવો પ્રકાર, એને મેળ ખાય છે અને એ તમે તપાસી લેજો કે તમારી ઇચ્છાને આ જાતનો મેળ છે કે નહીં ? એમ કહેવું છે. બહુ માર્ગદર્શન આપ્યું છે. એ રીતે કોઈ બીજે રસ્તે ન ચડી જાય, કલ્પનાએ ન ચડી જાય એટલા માટે.

પ્રશ્ન :– મેળ ન હોય તો ?

સમાધાન :– તો શું છે કે એને કંઈક અયથાર્થતા ઊભી થઈ છે. અયથાર્થતા (છે). યથાર્થતામાં આ લક્ષણ છે, બાકી અયથાર્થતા છે.

'પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી.' આ જીવ પરિભ્રમણ અનંત કાળથી કરે છે. હજી સુધી કોઈ અપૂર્વ દશાને પામ્યો નથી એ તો સ્પષ્ટ પરિસ્થિતિ છે. 'જે પામ્યો છે, તે બધું પૂર્વાનુપૂર્વ છે.' બહારની અનુકૂળતાથી માંડી, પુણ્યના ફળથી માંડીને પછી દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ, આગમજ્ઞાન, પરલક્ષી ઉઘાડજ્ઞાન અને જે કંઈ

પૂજા, ભક્તિ, સ્વાધ્યાય, દયા, દાન, યાત્રા, જપ, તપ બધું જે કંઈ પામ્યો છે તે બધું પૂર્વાનુપૂર્વ છે. 'એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો.' જે કંઈ પૂર્વાનુપૂર્વ આ જીવ કરે છે, તે જ હજી કરવું, હજી એ કરવું, હજી એ કરવું, કરવું, કરવું, કરવું, કરવું છે એ વાસના છે. એ વાસનાનો ત્યાગ કરવાનો અંતરથી અભ્યાસ કરજો.

'દઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે,...' એટલે ઉત્સાહથી (કરજો). એમ કંટાળશો નહીં કે, આ માર્ગ સૂઝતો નથી, વળી ત્રીજો માર્ગ શું હોય ? અશુભ છોડી ને શુભમાં આવવું જોઈએ, એમાં વળી ત્રીજી વાત ક્યાંથી આવે ? એમ. 'દઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને મહાપુરુષના યોગે અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.' આગળ જતા કોઈ મહાપુરુષનો અવશ્ય યોગ થશે, તમારી ભાવના હશે તો ફળશે અને અપૂર્વદશાની પ્રાપ્તિ કરાવશે, તમારા જન્મ-મરણનો છેડો ફાટી જશે.

'સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી.' આ તમને ખ્યાલમાં આવવું જોઈએ કે, હું બંધાતો તો નથી ને ? જે કંઈ હું ક્રિયા કરું છું – યોગ, જપ, તપ ને જે કંઈ ક્રિયા કરું છું એમાં બંધાતો તો નથી ને ? આ બધી વાત છોડાવવા માટે આ વચ્ચે આવે છે. બંધન માટે આ વાત નથી. આટલી વાત તમે તપાસી લેજો. એ આત્માને છોડવા માટે છે, બંધનને માટે નથી.

'જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.' જેનાથી બંધન થાય એ બધા '(ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત)...' જેટલી કોઈ બાહ્ય ક્રિયા છે, જો આ જીવ એની વાસનાના બંધનમાં રહે, કર્તૃત્વમાં રહે – વાસના એટલે એનું કર્તૃત્વ છે, એનો આગ્રહ છે, એના ઉપર વજન છે, એની મહિમા છે, એની મુખ્યતા છે, એની અધિકાઈ છે (તો) એ બધુંય બંધનનું કારણ છે અને બંધન થાય એ બધા ત્યાગવા યોગ્ય છે. જેને છૂટવું છે એને એ બધું છોડવું પડશે.

પ્રશ્ન :– બંધન ન થાય અને સહજપણે ક્રિયા કેવી રીતે થાય ?

સમાધાન :– બંધન ન થાય એમાં રાગ અને જ્ઞાન બે જુદાં પાડવા પડે છે. સર્વ જીવને જ્ઞાન જાણવાપણે પરિણમે છે અને રાગાદિ ક્રિયા શુભભાવરૂપે પરિણમે છે. ધર્મના ક્ષેત્રમાં (આવેલા) ધાર્મિકજીવોની વાત છે. તો રાગથી જુદું પડવું જોઈએ, રાગથી બંધન છે. જેટલો રાગ છે એટલું બંધન છે એ ખ્યાલમાં હોવું જોઈએ. એટલે રાગ તીવ્ર થાય એવું નહીં થવું

જોઈએ. રાગ મટે એમ થવું જોઈએ, રાગ વધે એવું કંઈ નહિ થવું જોઈએ – આટલું લક્ષમાં હોવું જોઈએ. જે કંઈ કરો એમાં ક્યારેય પણ આ લક્ષ નહીં છૂટવું જોઈએ, એટલી વાત છે. એ ૧૮૩ (પત્ર પૂરો) થયો.

'મિથ્યાનામધારીના યથા.' ઠીક ! પોતાનું નામ લખવાનો વારો આવ્યો ત્યારે આવો વિકલ્પ આવ્યો કે આત્માને ક્યાં નામ છે ? ખોટું નામ છે આ ! નામ છે ઈ (ખોટું છે). પણ અત્યાર સુધીમાં કેટલાં નામ ધારણ કર્યાં ? એકેય બાકી જ નથી રાખ્યું, ફરી ફરીને પાડવા પડ્યા છે. આ જે નામ પાડ્યા છે ને એ ફરી ફરીને પાડ્યા છે. કેમકે શબ્દો મર્યાદિત છે અને આ જીવે અનંત વાર મનુષ્યપણું વગેરે ધારણ કર્યું છે, એટલે નામ તો બધાંય ખોટાં પાડ્યાં છે, એકેય નામ સાચું નથી. આત્મા તો અનામીતત્ત્વ છે. અનામી કહો, નનામી કહો ! માણસને લઈ જાય ત્યારે શું કહે છે ? નનામી કહે છે ને ! જગતમાંથી હવે એનું નામ ગયું પણ એ મૂળમાં જ અનામી અને નનામી છે. એટલે કહે છે, મિથ્યાનામધારી છે એના યથાયોગ્ય વાંચશો. નામ શું લખવું ? પત્રવ્યવહાર તો ઈ બે વચ્ચે ચાલ્યો છે. 'શ્રીમદ્જી' અને કોઈ ને કોઈ બીજી વ્યક્તિ વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો છે. પણ મુમુક્ષુને અંદરથી ઘણું મળે એવું છે, જો સ્વલક્ષે સ્વાધ્યાય કરે તો પોતાને ઘણું મળે એવું છે.

મુમુક્ષુ :– ખાલી સહી કરવામાં તત્ત્વ ભરી દીધું !

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પણ આત્મા ઊભો કરી દીધો ! એમણે આત્મા ઊભો કર્યો છે ! એવી વાત છે. અહીં તો નામ માટે મરી પડે ! લોકો નામ માટે તો તકરાર કરે, ઝઘડા કરે, ખેદાનમેદાન કરે.

મુમુક્ષુ :– ઝેર ખાય ને મરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઝેર ખાય, બધુંય કરે. પોતે મરે, બીજાને મારે, કંઈક કરે. આ કહે છે કે સાવ મફતનું આ તોફાન છે ! નામ જ આત્માને કે દી' હતું ?

## પત્રાંક - ૧૮૪

મુંબઈ, માગશર સુદ ૧૫, ૧૯૪૭

સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર

તમારું પત્ર ગઈ કાલે મળ્યું.

તમારાં પ્રશ્ન મળ્યાં. યોગ્ય વખતે ઉત્તર લખીશ. આધાર નિમિત્તમાત્ર છું. તમે નિષ્ઠા સબળ કરવાનું પ્રયત્ન કરો એ ભલામણ છે.

૧૮૪, 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. આ ૧૮૩થી મથાળાં બાંધવાના લગભગ શરૂ થયા છે. કોઈ કોઈ પત્રની અંદર નથી, બાકી પત્ર લખતાં પહેલાં મથાળાં બાંધે છે. 'સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર' (આગળના પત્રમાં) આનંદમૂર્તિ હતું. (અહીં) સીધું સત્સ્વરૂપ લીધું છે.

'તમારું પત્ર ગઈ કાલે મળ્યું. તમારાં પ્રશ્ન મળ્યાં. યોગ્ય વખતે ઉત્તર લખીશ. આધાર નિમિત્તમાત્ર છું.' યોગ્ય વખતે ઉત્તર લખીશ એટલે કોઈ કોઈ પ્રશ્ન એવા હોય છે કે એમને અત્યારે ઉત્તર દેવો યોગ્ય નથી લાગ્યો. એ એક એમની વિચક્ષણતા હતી કે, સામા જીવને ક્યા પ્રશ્નનો ક્યારે ઉત્તર દેવો ? અથવા ન દેવો, એ સંબંધીનું બહુ વિચક્ષણતાથી, સૂક્ષ્મ, બારીક એમનું અવલોકન હતું અને યથાયોગ્ય રીતે પ્રવૃતિ કરતા હતા, ગમે તેમ નહીં.

'યોગ્ય વખતે ઉત્તર લખીશ. આધાર નિમિત્તમાત્ર છું.' (કોઈ એમ કહે કે), આપ તો અમારા આધાર છો. તો કહે એ તો નિમિત્તમાત્ર છું બાકી કંઈ વાતમાં માલ નથી. 'તમે નિષ્ઠા સબળ કરવાનું પ્રયત્ન કરો એ ભલામણ છે.' તમને નિષ્ઠા છે એ વધારે બળવાન થાય, ઠીક છે ! એ વાત તમારે માટે સારી છે. નિષ્ઠા એટલે શ્રદ્ધા.

પત્રાંક – ૧૮૫

મુંબઈ, માગશર વદ ૭, શુક્ર, ૧૯૪૭

આજે હૃદય ભરાઈ આવ્યું છે. જેથી વિશેષ ઘણું કરીને આવતી કાલે લખીશ. હૃદય ભરાવાનું કારણ પણ વ્યાવહારિક નથી.

સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવા વિનંતી છે.

વિ. આ. રાયચંદ.

૧૮૫મો છે. એક એક પોસ્ટકાર્ડમાં દોઢ લીટી લખીને પોસ્ટકાર્ડ મૂકી દ્યે છે. શ્રી 'સોભાગભાઈ' (ઉપરનો પત્ર છે). 'આજે હૃદય ભરાઈ આવ્યું છે. જેથી વિશેષ ઘણું કરીને આવતી કાલે લખીશ. હૃદય ભરાવાનું કારણ પણ વ્યાવહારિક નથી.' કોઈ બીજી જ વાત છે પણ એ પોતે ખોલી નથી અને એટલું લખીને પોસ્ટકાર્ડ છોડી દીધું છે. લખવાની શરૂઆત કરી અને જે કંઈ પરિણામની પરિસ્થિતિ થઈ એ સવા લીટીમાં લખીને મૂકી દીધું.

'સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવા વિનંતી છે.' તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, નિશ્ચિંત રહો. એમને એ બહુ ખ્યાલ છે કે, આ જીવની ઘણી યોગ્યતા છે (પરંતુ) જો પોતાની આર્થિક સ્થિતિની ભીંસમાં પરિણામ બગાડશે તો એની આ યોગ્યતા વિફળ જશે તો ? એ રીતે એમણે હિંમત ઘણી આપી છે કે, તમે ચિંતામાં ન રહો, તમારા આત્માને નુકસાનનું કારણ થશે. આગળ પણ એ વિષય ઉપર બહુ લખશે, ઘણું લખે છે. 'સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવા વિનંતી છે.'

પત્રાંક - ૧૮૬

મુંબઈ, માગશર વદ ૧૦, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,

અત્ર આનંદવૃત્તિ છે. જેમ માર્ગાનુસારી થવાય તેમ પ્રયત્ન કરવું એ ભલામણ છે.

વિશેષ શું લખવું ? તે કંઈ સૂઝતું નથી.

રાયચંદના યથાયોગ્ય

પછી ૧૮૬મો 'અંબાલાલભાઈ' (ઉપરનો છે). 'અત્ર આનંદવૃત્તિ છે. જેમ માર્ગાનુસારી થવાય તેમ પ્રયત્ન કરવું એ ભલામણ છે. વિશેષ શું લખવું ? તે કંઈ સૂઝતું નથી.' સૂઝતું નથી એમ લખી નાખે છે. જેવો વિકલ્પ આવ્યો એ પ્રમાણે લખી નાખે છે. એટલી એમને સહજતા પોતાના પરિણામો અને પ્રવૃત્તિને વિશે છે.

પત્રાંક - ૧૮૭

મુંબઈ, અષાડ વદ ૦)), ૧૯૪૭

પ્રાપ્ત થયેલા સત્‌સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.

મહાભાગ્ય, શાંતમૂર્તિ, જીવન્મુક્ત શ્રી સોભાગભાઈ,

અત્ર આપની કૃપાથી આનંદ છે, આપને નિરંતર વર્તો એ આશિષ છે.

છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી

નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં ઉત્પન કેમ થશે ? એ વળી આશ્ચર્યકારક છે ! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે ? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે !

કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે; તે મહાત્માઓની જનમંડળને અપિશ્ચાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઈશ્વરી અદ્ભુત નિયતિ છે !

એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયાં. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે; અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે, તેનું કારણ છે. ભોજો ભગત, નિરાંત કોળી ઇત્યાદિક પુરુષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા. નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે ! હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું ? આપનાં

દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહેશે, બાકી નિરુપાયતા છે. (કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે કયું પદ આપશે ? એ કંઈ આપના વિચારમાં આવે છે ? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઈ રીતે કંઈયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.

આપ જે કંઈ વ્યવહાર ધર્મપ્રશ્નો બીડો છો તે ઉપર લક્ષ અપાતું નથી. તેના અક્ષર પણ પૂરા વાંચવા લક્ષ જતું નથી, તો પછી તેનો ઉત્તર ન લખી શકાયો હોય તો આપ શા માટે રાહ જુઓ છો ? અર્થાત્ તે હવે ક્યારે બનશે ? તે કંઈ કલ્પી શકાતું નથી.

વારંવાર જણાવો છો, આતુરતા દર્શન માટે બહુ છે; પરંતુ પંચમકાળ મહાવીરદેવે કહ્યો છે, કળિયુગ વ્યાસભગવાને કહ્યો છે; તે ક્યાંથી સાથે રહેવા દે ? અને દે તો આપને ઉપાધિયુક્ત શા માટે ન રાખે ?

આ ભૂમિકા ઉપાધિની શોભાનું સંગ્રહસ્થાન છે.

ખીમજી વગેરેને એક વાર આપનો સત્સંગ થાય તો જ્યાં એકલક્ષ કરવો જોઈએ છે ત્યાં થાય, નહીં તો થવો દુર્લભ છે. કારણ કે અમારી હાલ બાહ્ય વૃત્તિ ઓછી છે.

પછી ૧૮૭મો જે પત્ર છે એ 'સોભાગભાઈ' ઉપરનો વિસ્તારથી પત્ર છે.

'પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.' આટલું મથાળું બાંધ્યું છે. પોતાને જે પ્રગટ દશા વર્તે છે, સત્સ્વરૂપની સાથે અભેદભાવ વર્તે છે, એને અપૂર્વભાવમાં સમાધિમાં સ્મરણ કરું છું. વિકલ્પથી સ્મરણ કરું છું (એમ) નહીં. અપૂર્વ સમાધિમાં સ્મરણ કરું છું. દશા (છે એ) વધતી દશા છે.

'મહાભાગ્ય, શાંતમૂર્તિ, જીવન્મુક્ત શ્રી સોભાગભાઈ, અત્ર આપની કૃપાથી આનંદ છે,

આપને નિરંતર વર્તો એ આશિષ છે.' પોતે તો ઉંમરમાં નાના છે પણ શબ્દ એવો વાપર્યો છે. 'છેવટનું સ્વરૂપ સમજાયામાં,...' પોતાની જ દશાનું વર્ણન લખે છે કે 'છેવટનું સ્વરૂપ...' એટલે મૂળ સ્વરૂપ, પરમાત્મપદ સમજાયામાં અને 'અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી.' સ્પષ્ટ અનુભવમાં વર્તે છે, એનું સ્પષ્ટ જ્ઞાન વર્તે છે. 'જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે.' મૂળસ્વરૂપ છે (એ) જેવું છે એવું બરાબર સમજાયું છે. 'સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી;...' અનુભવવામાં એક દેશ બાકી છે એટલે આંશિક અનુભવ છે, સમજાવામાં તો કેવળજ્ઞાન કેવું હોય એ પણ સમજાઈ ગયું છે.

'એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે;...' મુનિદશાની ભાવના અહીંથી સ્ફુરી છે. 'અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી,...' પોતાને પ્રતીતિ આવી ગઈ છે કે પરિપૂર્ણ લોકાલોકનું જ્ઞાન – કેવળજ્ઞાન ઉત્પન્ન થશે છતાં પણ એ ઉત્પન્ન થવાની આકાંક્ષા રહી નથી, એની પણ ઉપેક્ષા વર્તે છે. 'છતાં ઉત્પન્ન કેમ થશે ? એ વળી આશ્ચર્યકારક છે !' પ્રતીતિ છે કે થશે જ, છતાં આકાંક્ષા નથી, ઉપેક્ષા વર્તે છે અને ઉપેક્ષા વર્તે છે તોપણ થશે આ આશ્ચર્યકારક વાત છે ! માણસ માગે ને પ્રયત્ન કરે (પરંતુ) અહીં માગતા નથી ને એ બાજુનો પ્રયત્ન ચાલે છે, એમ કહે છે. કેવી આશ્ચર્યકારક વાત છે !

'પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે ? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે !' વિકલ્પનો વિકલ્પ છે, મને એનો વિકલ્પ નથી. એમાં શું છે કે, કેવળજ્ઞાન એવું છે કે પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાનમાં તો જ્ઞાનની લીનતા છે અને એ અંતર્લીનતા, નિરવશેષ લીનતા છે તો પછી સમાધિમાંથી નીકળીને, લીનતામાંથી બહાર નીકળીને લોકાલોકને આ આત્મા કેવી રીતે જોશે ? એમ કેમ બની શકે ? કેમ બનશે ? આ એક વિકલ્પ છે, મને લખનારને કંઈ નથી એમાં. લખનાર જુદો છે, આ વિકલ્પ જુદો છે. બહુ વિચક્ષણતાથી વાત લખી છે. આ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે કે, આમ વળી બે બાજુ શું કરવા ? અંતરસમાધિમાં પણ જ્ઞાન હોય, વળી બીજા લોકાલોકને પણ જાણે ! અચિંત્ય એવું સ્વરૂપ છે એટલે એકસાથે બંને થઈ જાય છે. એ તો લખનારને વિકલ્પ છે, મને તો પ્રતીતિ છે કે, કેવળજ્ઞાન કેવું

હોય એ બધું પ્રતીતિમાં આવી ગયું છે.

મુમુક્ષુ :- આ વિકલ્પ એમને પાછળથી મટી જાય છે, ૮૩૭ નંબરના પત્રમાં સમાધાન થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દશા ઘણી આગળ વધી છે.

'કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે; તે મહાત્માઓની જનમંડળને અપિછાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઈશ્વરી અદ્ભુત નિયતિ છે !' બીજા મતની અંદર, કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં માર્ગને પામેલા એટલે એવા સંસ્કારી જીવો, એમ. સંસ્કારી જીવો એટલું લેવું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નહીં. અમુક સંસ્કારી જીવો હોય છે, અન્યમતમાં જન્મી જાય છે, કોઈ એ ભવમાં સાધી લે છે, કોઈ એ ભવમાં નથી સાધી શકતા. 'શ્રીમદ્જી' પણ અન્યમતમાં આવ્યા, 'ગુરુદેવ' પણ અન્યમતમાં આવ્યા, એમણે સાધી લીધું, કોઈ ન સાધે પણ પોતાને ખ્યાલ આવે છે કે, છે સંસ્કારી જીવ. એનો આત્મા જે બોલે છે એના સંસ્કારમાંથી બોલે છે.

મુમુક્ષુ :- વાંચે છે ઈ પણ અન્યમતમાંથી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પેલું 'અખા'નું લખ્યું છે ને ! કે 'કર્તા મટે તો છૂટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ' મહાભજન એટલે આત્માના પરિણમનનો મહામર્મ છે કે કર્તાપણું તૂટી જાય. 'તું છો જીવ ને તું છો નાથ,' તું જીવ છો અને તું જ ત્રણલોકનો નાથ છો, તું જ પરમેશ્વરપદે છો. એમ કહી હવે 'ઝટક્યા' એટલે હવે કાંઈ કહેવું નથી, આ છેલ્લું કહી દીધું. 'એમ કહી ને અખે ઝટક્યા હાથ.' ઝટક્યા હાથ એટલે હવે કંઈ કહેવું નથી. બસ ! 'તું છો જીવ ને તું છો નાથ' એમ કરીને હાથ ઝટક્યા. પણ આ બધી વાત ક્યાંથી આવી ? એના સંસ્કારમાંથી આવી છે. એટલે એને માર્ગાનુસારી ક્યાંક કહે છે.

'એ સમાધિમાંથી નીકળી,...' એમ. 'સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી' એટલે નિર્વિકલ્પ 'સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું...' જ્ઞાનને કેવી રીતે બની શકે ? જ્યારે લોકાલોકનું જ્ઞાન થાય ત્યારે...

મુમુક્ષુ :- એ પછીની લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- 'એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે !' એટલે મને તો અંદરમાં ખાતરી છે કે, આમ એકસાથે બની શકે છે, પણ આ પત્ર લખતા

એવો એક વિકલ્પ થયો છે એને પોતે જુદો ગણ્યો છે. વિકલ્પ જુદો છે, પોતાને જ્ઞાનમાં સમાધાન છે. આવો વિકલ્પ ઊઠ્યો તો એ તો પત્ર લખનારનો વિકલ્પ છે, મારો નહીં. વિકલ્પનો વિકલ્પ છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' તો બધાયને મિથ્યાદૃષ્ટિ કહેતા, 'મીરાંબાઈ', 'નરસિંહ મહેતા'.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મિથ્યાદૃષ્ટિ ખરા, પણ સંસ્કારી પણ ખરા ! એટલે પોતે કોઈ વાર એમના પદનું ઉદ્ધરણ પણ કરતાં. 'નરસિંહ મહેતા'ના પદનું ઉદ્ધરણ કરે ત્યારે એમ કહે કે, 'શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' જુઓ ! 'નરસિંહ મહેતા'એ આમ કીધું છે ! એમ શું કરવા કહેતા ? 'નરસિંહ મહેતા'નું નામ શું કરવા લેતા હતા ? કે તત્ત્વની દૃષ્ટિએ વાત બરાબર છે. એની દશા ભલે અત્યારે બરાબર નથી પણ એને ક્યાંથી ઊગી તો ? કે કોઈ પૂર્વ સંસ્કારમાંથી. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' ક્યાંથી આવ્યું એને ? એ વાત આવી ક્યાંથી ? એમ. એના પૂર્વ સંસ્કારમાંથી આવી છે. એટલે એનું નામ લેતા હતા, એમ.

અહીં સુધી રાખીએ...

**તા. ૨૪-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૪૧**
**પત્રાંક – ૧૮૭ થી ૧૯૪**

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, ૧૮૭મો પત્ર ચાલે છે, પાનું ૨૫૭, બીજો પેરેગ્રાફ. 'કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે;...' માર્ગને પામેલા એટલે કંઈક માર્ગ સંબંધી જેને અંતરમાંથી ભાવ ઊઠતા હતા, એ વિષયમાં અહીં ઉલ્લેખ કંઈક હેતુપૂર્વક કર્યો છે એવું લાગે છે.

'તે મહાત્માઓની જનમંડળને અપિછાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઈશ્વરી અદ્ભુત નિયતિ છે !' આ હેતુથી લખ્યું છે. એવા જીવોનો યોગ થાય તોપણ મુમુક્ષુ જીવને લાભનું કારણ થાય. પણ જગતની પરિસ્થિતિ કોઈ વિચિત્ર છે. એવા કોઈ લાયક માર્ગાનુસારી જીવો હોય છે, એના પ્રત્યે લોકોને આકર્ષણ થતું નથી કેમકે બહારમાં એમનો જે દેખાવ છે એવો પુણ્યવંત હોતો નથી. એવી કોઈ જગતની વિચિત્ર પરિસ્થિતિ છે. ઈશ્વરી નિયતિ એટલે એવી કોઈ કુદરતની પરિસ્થિતિ એવી વિચિત્ર છે.

'એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા;...' એટલે આત્મજ્ઞાન કંઈ નહોતું થયું. 'પરંતુ તે મળવું બહુ સમીપમાં હતું.' એમના સંસ્કાર જોઈને એ વાત કરી છે. 'એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયાં.' મુંબઈમાં ૨૪મા વર્ષે આવ્યા છે. એવાં ઘણાંના પદ જોયા છે. 'એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે; અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે.' જુઓ ! અહીંયાં પણ એમનો થોડો હેતુ છે. મુમુક્ષુને કેટલી નમ્રતા હોય એ વાત અહીંયાં આગળ કરવી છે. મુમુક્ષુ એટલે કેટલો નરમ હોય એ ! એની એક બહુ અસાધારણ વાત અહીંયાં એમણે કરી છે.

પ્રશ્ન :– કણબી અને કોળી પ્રત્યે આ વાત ચાલે છે !

સમાધાન :– હા, ચાલે છે. કારણ આપશે, હવે કારણ આપશે. તેમની ચરણસેવા જ કરીએ એવી આકાંક્ષા રહે છે.

'જ્ઞાની કરતાં...' જ્ઞાની પ્રત્યે એવો ભાવ રહે (પરંતુ) જ્ઞાની નથી ને આમના પ્રત્યે કેમ રહે છે ? એમ. એનું કારણ પોતે આપે છે. 'જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે;...' એટલે એમ કહેવું છે કે, જેઓ જ્ઞાની પ્રત્યે ઓળખીને બહુમાન ધરાવે છે, યથાર્થ ભક્તિમાં આવે છે એની ભક્તિ કરવા જેવી છે, એમ કહે છે. મુમુક્ષુને બહુ વિચારવા યોગ્ય વિષય છે. 'એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે;...' એટલે એ લોકો ખોજમાં હતા. આ અખો, નિરાંત કોળી એ બધા ખોજમાં હતા કે કોઈ એવા પુરુષ – મહાપુરુષ મળે, આત્મજ્ઞાની પુરુષ મળે તો તરી જાય, એને વાર ન લાગે. કેમકે એને બીજો પ્રતિબંધ નથી હોતો. પણ એ ખોજે છે એ મળતા નથી, એ પરિસ્થિતિ છે ત્યારે એને એમ થાય છે કે, ખરેખર આ ભક્તિ કરવા જેવા છે કે જે જ્ઞાનીની ખોજ કરે છે.

'કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે,...' એમનું જે દાસત્વ છે એ અમને એમના પ્રત્યે દાસત્વ કરવાને પ્રેરે છે (એ જ) તેનું કારણ છે. આ એનું કારણ છે. તેમનું જે દાસત્વ થાય છે, તેમના પ્રત્યે તેનું કારણ છે. તેમનું દાસત્વ તે જ કારણ છે કે જે અમને દાસત્વ કરવાને પ્રેરે છે.

'ભોજો ભગત, નિરાંત કોળી ઇત્યાદિક પુરુષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા.' યોગ્યતા બહુ સારી હતી, એમ કહેવું છે. કેમકે કોઈ યોગ વિના, સત્પુરુષના યોગ વિના એ ભાષા એમણે અંદરથી કાઢી છે, એ એમની વર્તમાન યોગ્યતાને સૂચવે છે. 'નિરંજનપદને બૂઝનારા...' આ પામનારા જીવો છે, આખરમાં એ પામનારા જીવો છે. 'નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળગતિ પર...' કર્મની અકળગતિ પર, એમ. કર્મની અકળગતિ પર 'ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે !' એક કોરથી એવા જીવોની યોગ્યતા ઘણી સારી હોય છે, બીજી કોરથી એ જ જીવોએ કોઈ વિરાધના એવી કરેલી હોય છે (કે), અન્યમતમાં આવી ગયા હોય છે. સત્પુરુષને ખોજે પણ પોતે જ અંતરાય નાખેલો હોવાથી પોતાને અંતરાય ઊભો થાય છે, ક્યાંય પત્તો ખાતો નથી. એક કોરથી આટલી

બધી એમની ભાવના તૈયાર થઈ છે, બીજી કોરથી આ પરિસ્થિતિ ઊભી થઈ છે ! આ કોઈ કર્મની કેવી અકળગતિ છે ! કોઈ કર્મની અકળગતિ ઉપર ગંભીર ભાવ સમજાય છે. અસમાધાન થતું નથી. કેમ આમ ? એનું કોઈ અસમાધાન થતું નથી અને આટલી વાત સમજાય છે એના ઉપર હસવું આવે છે.

પ્રશ્ન :- સત્પુરુષની વિરાધનાના એવા શું ભાવ થઈ ગયા હોય છે ?

સમાધાન :- હા, એવા કોઈ પરિણામ કર્યાં હોય છે. એ તો શું ખબર પડે ? જાણે-અજાણે જીવે એવી ભૂલ કરેલી હોય છે કે, જેને લઈને આ બાજુ ખરી ભાવના જાગી હોય ત્યારે પણ (એ) સત્પુરુષ માટે ઝૂરે એવી પરિસ્થિતિ હોય તોપણ સત્પુરુષનો એને પત્તો ખાય નહીં. કુદરતી ઈ જાતનો યોગ રહે છે અને એ બધું પોતાને સમજાય છે કે, આવું પણ સંભવિત છે, આવું બને છે. એનું સમાધાન પોતાને વર્તે છે અને કુદરતની કોઈ કળા ઉપર હસવું આવે છે કે, વાહ ! તું કુદરત પણ કોઈ કમાલ કરે છે અત્યારે !

પ્રશ્ન :- સત્પુરુષ હોય તો ઓળખી લે ?

સમાધાન :- હા, સત્પુરુષ હોય તો ઓળખી લ્યે. એને કોઈ સત્પુરુષ મળે તો ન ઓળખે એવું ન બને, ઓળખી તો લ્યે પણ પામી જાય એવી સ્થિતિમાં હોય છે. પણ પોતે જ કરેલા પરિણામ(નો) ત્યાં અંતરાય હોય છે, યોગ નથી થતો. એ પોતાને સમાધાન આવે છે કે, આ બધું ચાલે છે, જગતમાં બધું વ્યવસ્થિત ચાલે છે. આ જીવે બોધ લેવા જેવો છે. એમ કરીને દરેક (વાત) પોતા ઉપર ઉતારે છે. લાયક જીવ તો શું છે કે ભલે ખ્યાલ બીજાનો આવે પણ સરવાળે ઉતારે છે પોતા ઉપર, એમ.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મળ્યા પહેલાં 'ન્યાલભાઈ'ની આજ પરિસ્થિતિ હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, (એમના માટે) આ જે ગણિત (થોડું) ઊલટું-સૂલટું લાગે છે છતાં પણ એમના વિષયમાં એક ગણિત વિચારવા જેવું છે કે, અશુભ યોગમાં એમને રહેવાનું થયું. દશા અંદરથી ઘણી જોર કરે એવી હતી છતાં બહારમાં શુભયોગ નહોતો. એ પણ પૂર્વકર્મનું કારણ છે. એવા ધર્માત્માને નિવૃત્તિ મળે (તો) મુનિદશામાં આવતા વાર ન લાગે પણ પોતે જ કરેલા કર્મો હોય છે (એટલે) અશુભયોગમાં રહેવાનું થયું. હવે અશુભયોગમાં રહે તો જે શુભયોગમાં અઘાતિનો બંધ લાંબી સ્થિતિનો પડે એ અશુભ(યોગ)માં ન પડે. જેમકે દેવલોકનું આયુષ્ય, હવે અહીંથી દેવલોકમાં ગયા. જો શુભયોગમાં વિશેષ હોય, જેટલો શુભયોગમાં જીવ વિશેષ હોય એટલું અઘાતિનું આયુષ્ય મોટું પડે. એવી રીતે અહીંયાં

અશુભયોગમાં નીચે નારકીમાં તીવ્ર અશુભયોગમાં જે મોટા આયુષ્ય છે તો ત્યાં પણ અઘાતિનું આયુષ્ય મોટું પડે, નીચે નીચેની નારકીમાં લાંબી સ્થિતિમાં પહોંચી જાય. પેલા ઉપર ઉપરના દેવલોકમાં જાય. એ સ્થિતિ ટૂંકાઈ ગઈ. દેવલોકના આયુષ્યની સ્થિતિ ટૂંકાઈ ગઈ. (ત્યાંથી નીકળી) મનુષ્ય થશે અને સીધા ચરમશરીરી છે. કેવી આ વિષયની કોઈ અકળગતિ છે ! કે સામાન્યરીતે શુભયોગમાં (રહેતા) એવા ધર્માત્મા કરતાં આમનો નિર્વાણ વહેલો થઈ જશે. કેમકે અઘાતિનો બંધ ઓછો પડ્યો. એટલે એ આયુષ્ય – દેવલોકનું જંકશન છે એ બહુ મોટું મળવાને બદલે નાનું થશે. (પછી) મનુષ્યશરીરમાં આવશે (અને) ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષે જાશે. પાછા એટલા વહેલા જાશે.

એટલે એમ કહે છે કે, આ કોઈ અકળગતિ છે ! સમાધાન થાય એવું છે. હસવું આવે એવો વિષય છે કે, જુઓ ! આ બૂઝનારા જીવો કેવી રીતે બૂઝે છે ? સામાન્ય માણસને બુદ્ધિથી એનું સમાધાન ન આવે કે આવું કેમ છે ? આવું કેમ થાય છે ?

મુમુક્ષુ :– કેવળજ્ઞાનનો નજીકમાં યોગ હોય તો એ પ્રમાણે દેવ આયુષ્ય પણ ટૂંકા જ બંધાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ટૂંકા બંધાય, પણ જો એવા જીવને (પ્રવૃત્તિ) હોય તો અશુભ પરિણામ ઘણાં હોય. કેવી વિચિત્રતા છે ! નહીંતર નિર્વાણની નજીક આવવામાં અશુભ કંઈ મેળ ખાય એવો વિષય થોડો છે ? આ તો જે ગૃહસ્થી છે, વ્યાપાર છે એ તો અશુભ છે. એ અશુભને લઈને શું છે કે એ કાળ શુભમાં નથી જતો, અશુભમાં જાય છે. જો નિવૃત્તિ હોય તો એ જ કાળ શુભમાં જતો હોત. ધર્મચર્ચા, સ્વાધ્યાય, વાંચન, પૂજા, ભક્તિમાં જતો હોય.

મુમુક્ષુ :– અશુભયોગમાં પણ આટલો ઉગ્ર પુરુષાર્થ !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જ એના નિર્વાણને નજીક લાવે છે, અશુભયોગ નથી લાવતો. નિર્વાણને તો એનો પુરુષાર્થ નજીક લાવે છે. જેનો જેટલો પુરુષાર્થ ઉગ્ર એટલી મુક્તિ નજીક – આ એનો સિદ્ધાંત છે. અહીંયાં જો એની જગ્યાએ શુભયોગ હોત તો મુક્તિ નજીક ન હોત. માનો કે મુનિપદમાં આવ્યા હોત !! હવે બીજી (રીતે) એનો દાખલો ગણીએ કે, માનો કે મુનિપદમાં આવ્યા હોય તો પંચ મહાવ્રતાદિ કેટલું મોટું શુભ હોત ! ભાવનામાં હતા એ. એ ખ્યાલ છે કે પોતે મુનિપદની ભાવનામાં હતા. જો કદાચ આયુષ્ય લાંબુ હોત તો (ગૃહસ્થી) ક્યારે છોડી દેત એ કહેવું મુશ્કેલ છે. પોતાની (પુરુષાર્થની) ઉગ્રતા ઘણી હતી.

મુનિદશામાં જો દેહત્યાગ કર્યો હોત તો બહુ ઉપર જાવું પડત ! સનતકુમાર (દેવલોક)થી ઉપર ચાલ્યા જાત. વૈમાનિકદેવથી ઉપર જાત. બહુ મોટા આયુષ્યમાં જાત. એટલો કાળ એમને નથી.

'નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે !' કેવા શબ્દ વાપર્યા છે ! ઉપયોગ બહુ ચાલતો – એમનો ઉપયોગ ઘણો ચાલતો.

'હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું ? આપનાં દર્શન થયે...' એટલે પ્રત્યક્ષ મળવાથી 'જે કંઈ વાણી કહી શકશે તે કહેશે,...' હું તો શું કહું ? કંઈ વિકલ્પ નથી. એ વખતે જે સહેજે વાણી નીકળશે તે નીકળશે, વાણી કહી શકશે તે કહેશે. મારો અભિપ્રાય નથી.

'બાકી નિરુપાયતા છે. (કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે ક્યું પદ આપશે ?' જુઓ ! કેવી મસ્તી છે ! ૨૪મા વર્ષનો માગશર મહિનો છે. સર્વ દશા ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ છે. આનું નામ દ્રવ્યદૃષ્ટિ છે ! પર્યાયદૃષ્ટિ ખતમ થઈ ગઈ છે. મુક્તિ તો આવવાની છે !! એક વાર ન જોઈએ તો (પણ) પરાણે આવવાની છે, એવી પરિસ્થિતિ જોવે છે. કે જેને કેવળજ્ઞાન પણ જોતું નથી એને ભગવાન શું આપશે ? પરમેશ્વર શું આપવાનો હતો ?

'એ કંઈ આપના વિચારમાં આવે છે ?' એટલે દ્રવ્યદૃષ્ટિ સમજાય છે ? એમ કહે છે. વિચારતા કાંઈ દ્રવ્યદૃષ્ટિનો ખ્યાલ આવે છે ? 'આવે તો આશ્ચર્ય પામજો;...' કે, આ આ કોઈ એક અલૌકિક પરિસ્થિતિ છે કે, જેમાં કેવળજ્ઞાનની તમા રહેતી નથી. એવી કોઈ સ્થિતિ ઊભી થાય છે એનું આશ્ચર્ય પામજો, જો વિચાર આવે તો ! આ ચોવીસમા વર્ષે એમણે દ્રવ્યદૃષ્ટિનો સંકેત કર્યો છે કે કંઈ પોતે સમજી શકે છે ? 'સોભાગભાઈ'ના લક્ષ ઉપર કંઈ વાત આવે છે ? જે દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે અને આત્મદ્રવ્યનો જે બોધ છે, એ બોધ ઉપર જેનું લક્ષ દોરવું છે એના ઉપર આડકતરા સંકેત કરે છે કે પકડે છે કાંઈ ? કાંઈ પકડે છે ? જો પકડવાની યોગ્યતા જોવે તો એને પૂરી વાત કરી દે કે, આ તત્ત્વ છે ! ચાલ્યા જાવ અંદર ઘરમાં !! એટલે આ બધા Test છે. 'સોભાગભાઈ' ઉપરના આ બધા Test છે, સમજ્યા ? પરીક્ષા છે કે કાંઈ વિચારમાં આવે છે તમને ? આ કહીએ છીએ એમાંથી કંઈ સમજાય છે ? વિચારમાં આવે તો આશ્ચર્ય પામજો ! એટલે એનો મહિમા

પણ આવશે સીધો જ તે. આવે તો સમજવું કે કાંઈક હવે યોગ્યતા આવી છે, હવે કહેવામાં વાંધો નથી. એ સમય એમનો આવ્યો છે ઈડર લઈ ગયા ત્યારે. છેલ્લે ઈડર લઈ ગયા ત્યારે એમણે ત્યાં એમને આત્મબોધ આપ્યો છે અને એને ગ્રહણ કરી લીધો છે !! ગ્રહણ કરી લ્યે એવી યોગ્યતામાં આવ્યા પછી એ બોધ એમણે આપ્યો છે. છેલ્લું રહસ્ય એમણે એમની પાસે ખોલ્યું.

'કંઈ આપના વિચારમાં આવે છે ? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઈ રીતે કંઈયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.' અમે તમને અત્યારે કંઈ કહી શકીએ એવું તો લાગતું નથી. એવી કોઈ દશા મસ્તીવાળી હતી કે સમજાવવાનો વિકલ્પ શાંત થઈ જતો હતો, આગળ વધતો નહોતો.

ત્રણ લીટી છોડીને. 'વારંવાર જણાવો છો, આતુરતા દર્શન માટે બહુ છે; પરંતુ પંચમકાળ મહાવીરદેવે કહ્યો છે, કળિયુગ વ્યાસભગવાને કહ્યો છે; તે ક્યાંથી સાથે રહેવા દે ?' આપણને. નહીંતર બંનેને સાથે રહેવાનો ભાવ હોય છે, સત્‌સમાગમ માટે બંને આતુર છે પણ આ કાળ વિષમ છે, એ આપણને 'ક્યાંથી સાથે રહેવા દે ? અને દે તો આપને ઉપાધિયુક્ત શા માટે ન રાખે ?' તો તમે કદાચ કોઈ બીજી ઉપાધિમાં પડી જાત !

હિન્દુ શાસ્ત્રમાં એને કળિયુગ કહ્યો છે અને જૈનશાસ્ત્રમાં એને પંચમકાળ કહ્યો છે એમ, એટલું કહેવું છે. નામ બે આપ્યા છે પણ ખરેખર તો બે સંપ્રદાયમાં બે જુદાં જુદાં નામ આ કાળના આપ્યા છે, એમ, એટલું કહેવું છે.

'ખીમજી વગેરેને એક વાર આપનો સત્સંગ થાય તો જ્યાં એકલક્ષ કરવો જોઈએ છે ત્યાં થાય, નહીં તો થવો દુર્લભ છે.' આ 'ખીમજીભાઈ' છે એ જિજ્ઞાસુ હતા પણ એનામાં ભક્તિની, સત્પુરુષ પ્રત્યેના આદરની ખામી હતી. એટલે એમ કે જો આપનો એક વાર સત્સંગ થાય તો એનું લક્ષ જાય. કેમકે 'સોભાગભાઈ'ને કેટલી ભક્તિ હતી, એના ઉપરથી એને પણ લક્ષ જાય કે, આ ખામી મારામાં છે. નહીં તો તેમને એવો લક્ષ થવો દુર્લભ છે. 'કારણ કે અમારી હાલ બાહ્ય વૃત્તિ ઓછી છે.' બહાર કોઈની (સાથે) વધારે વાતચીતમાં, પત્રવ્યવહારમાં પડતા નથી.

પત્રાંક - ૧૮૮

મુંબઈ, પોષ સુદ ૨, સોમ, ૧૯૪૭

કહેવારૂપ હું તેને નમસ્કાર હો.

સર્વ પ્રકારે સમાધિ છે.

(પછી) અંબાલાલભાઈ ઉપર બે લીટીના પોસ્ટકાર્ડનો પત્ર લખ્યો છે. 'કહેવારૂપ હું તેને નમસ્કાર હો. સર્વ પ્રકારે સમાધિ છે.' પોતાના પરમેશ્વરપદ, જે કંઈ કહેવા યોગ્ય છે એ પોતાનું નિજપરમેશ્વરપદ છે. તેને નમસ્કાર કર્યા છે ! પોતાને ને પોતાને !! અહીં 'સર્વ પ્રકારે સમાધિ છે.' હવે ક્યાંય અસમાધાન રહેતું નથી કે થતું નથી.

પત્રાંક - ૧૮૯

મુંબઈ, પોષ સુદ ૫, ગુરુ, ૧૯૪૭

અલખનામ ધુનિ લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી,<br>
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર ડેરા જી.<br>
દરશ્યા અલખ દેદારા જી.

પછી ૧૮૯માં 'સોભાગભાઈ'ને ખાલી પોતાની દશા ઉપરનું એક પદ છે, પદ તો અન્યમતિનું છે, એ ખાલી લખીને પત્ર છોડી દીધો છે. 'અલખનામ ધુનિ લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી, આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર ડેરા જી. દરશ્યા અલખ દેદારા જી.' આત્માનું દર્શન થયા પછી જે અલખની ધૂન જાગી છે, ગગન એટલે મનની અંદર અને પોતે મગ્ન થયા છે અને ત્યાં જ હવે આસન અને તંબુ તાણ્યા છે,

હવે ત્યાં જ અમારો નિવાસ છે, ત્યાં જ જમાવટ કરી દીધી છે. એના ઉપરનું એક પદ છે. આવા બધા પદ અન્યમતમાં પણ નીકળે છે.

પ્રશ્ન :– પહેલું પદ એમનું બનાવેલું હશે ને ?

સમાધાન :– ના, આ લગભગ અન્યમતિનું પદ છે. જોઈએ પાછળ એ કોનું છે ? પત્ર 'સોભાગભાઈ' ઉપરનો છે. (પદ) 'છોટમ કવિ'નું છે. અધ્યાત્મભજનમાળા–પદ-૧૩૦, પ્રશ્ન-૪૯ ત્યાંથી લીધું છે. છોટમ કવિનું છે. છોટમના અધ્યાત્મના પદ ઘણા છે. છોટમ ઉપર હજી આગળ ઉલ્લેખ આવશે. છોટમ કવિ વિષેનો પોતાનો અભિપ્રાય આગળ આપે છે.

પત્રાંક – ૧૯૦

મુંબઈ, પોષ સુદ ૯, ૧૯૪૭

ચિ. ત્રિભોવનનું લખેલું પત્ર ગઈ કાલે મળ્યું. તમને અમારાં એવાં વ્યાવહારિક કાર્ય - કથનથી પણ વિકલ્પ ન થયો એ માટે સંતોષ થયો છે. તમારે પણ સંતોષ જ રાખવો.

પૂર્વાપર અસમાધિરૂપ થાય તે ન કરવાની શિક્ષા પ્રથમ પણ આપી છે. અને અત્યારે પણ એ શિક્ષા વિશેષ સ્મરણમાં લેવી યોગ્ય છે. કારણ એમ રહેવાથી ઉત્તરકાળે ધર્મપ્રાપ્તિ સુલભ થાય.

જેમ તમને અસમાધિ પૂર્વાપર પ્રાપ્ત ન થાય તેમ આજ્ઞા થશે. ચુનીલાલનો દ્વેષ ક્ષમા કરવા યોગ્ય છે.

વખતોવખત કુંવરજીને પત્ર લખવા તે લખે છે માટે લખશો.

વિ. રાયચંદના ય.

'અંબાલાલ લાલચંદ' (ઉપર ૧૯૦મો પત્ર છે). 'ચિ. ત્રિભોવનનું લખેલું પત્ર ગઈ કાલે મળ્યું. તમને અમારાં એવાં વ્યાવહારિક કાર્ય – કથનથી પણ વિકલ્પ ન થયો એ માટે સંતોષ થયો છે. તમારે પણ સંતોષ જ રાખવો.' નહીંતર વિકલ્પ થાય, કોઈ એવી પ્રવૃત્તિથી વિકલ્પ

થાય. તમને વિકલ્પ ન થયો એટલે સંતોષ થયો છે.

'પૂર્વાપર અસમાધિરૂપ થાય તે ન કરવાની શિક્ષા પ્રથમ પણ આપી છે. અને અત્યારે પણ એ શિક્ષા વિશેષ સ્મરણમાં લેવી યોગ્ય છે. કારણ એમ રહેવાથી ઉત્તરકાળે ધર્મપ્રાપ્તિ સુલભ થાય.' અસમાધિ ન થાય, પૂર્વાપર વિરોધ ઊભો ન થાય એવું કાંઈ આગળ પણ એમણે જણાવ્યું છે. ફરીને એનું સ્મરણ આપે છે. 'જેમ તમને અસમાધિ પૂર્વાપર પ્રાપ્ત ન થાય તેમ આજ્ઞા થશે. ચુનીલાલનો દ્વેષ ક્ષમા કરવા યોગ્ય છે.' કોઈ વ્યક્તિ દ્વેષ કરતી હશે, તે ક્ષમા કરવા યોગ્ય છે. એટલી સૂચના એના પ્રત્યે આપી છે. એટલે તેના પ્રત્યે કોઈ અણગમો થતો હશે એટલે એ છોડાવી દેવાની વાત છે. માણસને દ્વેષ કરનાર પ્રત્યે સહેજે અણગમો થાય, એ છોડાવી દીધો છે. કેટલું માર્ગદર્શન ઝીણી ઝીણી બાબતમાં આપ્યું છે !

## પત્રાંક – ૧૯૧

મુંબઈ, પોષ સુદ ૧૦, સોમ, ૧૯૪૭

મહાભાગ્ય જીવન્મુક્ત,

આપનું કૃપાપત્તું આજે ૧ આવ્યું. તે વાંચી પરમ સંતોષ થયો.

પ્રશ્નવ્યાકરણમાં સત્યનું માહાત્મ્ય વાંચ્યું છે. મનન પણ કરેલું હતું. હાલમાં હરિજનની સંગતિના અભાવે કાળ દુર્લભ જાય છે. હરિજનની સંગતિમાં પણ તે પ્રત્યે ભક્તિ કરવી એ બહુ પ્રિય છે.

આપ પરમાર્થ માટે જે પરમ આકાંક્ષા રાખો છો, તે ઈશ્વરેચ્છા હશે તો કોઈ અપૂર્વ વાટેથી પાર પડશે. જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે એવા ભારતક્ષેત્રવાસી મનુષ્ય પ્રત્યે તે પરમકૃપાળુ પરમકૃપા કરશે; પરંતુ હમણાં થોડો કાળ તેની ઇચ્છા હોય તેવું જણાતું નથી.

૧૯૧મો (પત્ર), 'મહાભાગ્ય જીવન્મુક્ત,' 'શ્રી સોભાગભાઈ'. 'પ્રશ્નવ્યાકરણમાં સત્યનું માહાત્મ્ય વાંચ્યું છે. મનન પણ કરેલું હતું. હાલમાં હરિજનની સંગતિના અભાવે કાળ દુર્લભ જાય છે. હરિજનની સંગતિમાં પણ તે પ્રત્યે ભક્તિ કરવી એ બહુ પ્રિય છે.' કોઈ પત્રનો આગળ પાછળ સત્ય સંબંધીના વ્યાકરણનો વિષય ચાલ્યો છે.

પ્રશ્ન :– જીવન્મુક્ત લખ્યું છે એમાં કાંઈ અનુભવ થયો ગયો છે એમ ?

સમાધાન :– એમના ભવિષ્યની દશા જોવે છે, ભવિષ્યની (દશા લખી છે). વર્તમાન એવી પરિસ્થિતિ નથી. વર્તમાનમાં ભવિષ્યની એક પ્રેરણા આપવા માટે (લખ્યું છે). ભવિષ્યની યોગ્યતા સારી છે.

'આપ પરમાર્થ માટે જે પરમ આકાંક્ષા રાખો છો, તે ઈશ્વરેચ્છા હશે તો કોઈ અપૂર્વ વાટેથી પાર પડશે.' પોતે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટેની ભાવના રાખે છે તો કહે છે કે કોઈ અપૂર્વ પ્રકારે એ પાર પડશે. 'જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે' 'જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે એવા ભારતક્ષેત્રવાસી મનુષ્ય પ્રત્યે તે પરમકૃપાળુ પરમકૃપા કરશે; પરંતુ હમણાં થોડો કાળ તેની ઇચ્છા હોય તેવું જણાતું નથી.' પોતાને વિકલ્પ ઊઠે છે કે લોકોને કંઈ આ માર્ગની વાત કરીએ પણ વળી પાછા ગોપવી જાય છે. અત્યારે તો કંઈ દેખાતું નથી.

મુમુક્ષુ :– કુદરત સાથે વાતો કરતાં હોય એવું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખરું.

પત્રાંક – ૧૯૨

મુંબઈ, પોષ સુદ ૧૪, શુક્ર, ૧૯૪૭

આયુષ્યમાન ભાઈ,

આજે તમારું પત્ર ૧ મળ્યું.

તમને કોઈ પણ પ્રકારે પૂર્વાપર ધર્મપ્રાપ્તિ અસુલભ થાય એમ કરીને કંઈ પણ ન કરવા આજ્ઞા હતી; તેમ જ છેવટના પત્તામાં જણાવ્યું હતું કે હાલ એ વિષે કશી તજવીજ કરશો નહીં. જો જરૂર પડશે તો

જેમ તમને પૂર્વાપર અસમાધિ નહીં થાય તેમ તે સંબંધી કરવા લખીશ. આ વાક્ય યથાયોગ્ય સમજાયું હશે. તથાપિ કંઈ ભક્તિદશાનુયોગે એમ કર્યું જણાય છે.

કદાપિ તમે એટલું પણ ન કર્યું હોત તો અત્ર આનંદ જ હતો. પ્રાયે એવા પ્રસંગમાં પણ બીજા પ્રાણીને દુભાવવાનું ન થતું હોય તો આનંદ જ રહે છે. એ વૃત્તિ મોક્ષાભિલાષીને તો બહુ ઉપયોગી છે, આત્મસાધનરૂપ છે.

સત્‌ને સત્‌રૂપે કહેવાની પરમ જિજ્ઞાસા જેની નિરંતર હતી એવા મહાભાગ્ય કબીરનું એક પદ એ વિષે સ્મરણ કરવા જેવું છે. અહીં એક તેની માથેની ટૂંક લખી છે :

'કરના ફકીરી ક્યા દિલગીરી, સદા મગન મન રહેના જી.'

એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે. પરમાર્થચિંતા હોય એ વિષય જુદો છે; વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું એ એક માર્ગ પામવાનું સાધન છે.

તમે આ વેળા જે કંઈ મારા પ્રત્યે કર્યું છે, તે એક જુદો જ વિષય છે; તથાપિ વિજ્ઞાપન છે કે કોઈ પણ પ્રકારે તમને અસમાધિરૂપ જેવું જણાય ત્યારે એ વિષય પરત્વે અત્ર લખી વાળવું, એટલે યોગ્ય વ્યવસ્થા કરવાનો બનતો પ્રયાસ થશે.

હવે એ વિષયને એટલેથી અહીં મૂકી દઉં છું.

અમારી વૃત્તિ જે કરવા ઇચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે; એ વિષે વારંવાર જાણી શક્યા છો; તથાપિ કંઈ સમવાય કારણની ન્યૂનતાને લીધે હાલ તો તેમ કંઈ અધિક કરી શકાતું નથી. માટે ભલામણ છે કે અમે હાલ કંઈ પરમાર્થજ્ઞાની છીએ અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં. કારણ કે એ અમને વર્તમાનમાં પ્રતિકૂળ જેવું છે.

તમે જેઓ સમજ્યા છો, તેઓ માર્ગને સાધ્ય કરવા નિરંતર સત્પુરુષનાં ચરિત્રનું મનન રાખજો. તે વિષય પ્રસંગે અમને પૂછજો. સત્શાસ્ત્રને અને સત્કથાને તેમ જ સદ્વ્રતને સેવજો.

વિ. નિમિત્તમાત્ર.

પછી ૧૯૨મો 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. 'તમને કોઈ પણ પ્રકારે પૂર્વાપર ધર્મપ્રાપ્તિ અસુલભ થાય એમ કરીને કંઈ પણ ન કરવા આજ્ઞા હતી; તેમ જ છેવટના પત્તામાં જણાવ્યું હતું કે હાલ એ વિષે કશી તજવીજ કરશો નહીં. જો જરૂર પડશે તો જેમ તમને પૂર્વાપર અસમાધિ નહીં થાય તેમ તે સંબંધી કરવા લખીશ. આ વાક્ય યથાયોગ્ય સમજાયું હશે. તથાપિ કંઈ ભક્તિદશાનુયોગે એમ કર્યું જણાય છે.' કોઈ આગળપાછળના પ્રસંગનો ઉલ્લેખ (કર્યો છે).

'કદાપિ તમે એટલું પણ ન કર્યું હોત તો અત્ર આનંદ જ હતો. પ્રાયે એવા પ્રસંગમાં પણ બીજા પ્રાણીને દુભાવવાનું ન થતું હોય તો આનંદ જ રહે છે. એ વૃત્તિ મોક્ષાભિલાષીને તો બહુ ઉપયોગી છે, આત્મસાધનરૂપ છે.' આગળપાછળના પ્રસંગ સંબંધીનો ઉલ્લેખ છે.

'સત્‌ને સત્‌રૂપે કહેવાની પરમ જિજ્ઞાસા જેની નિરંતર હતી એવા મહાભાગ્ય કબીરનું એક પદ એ વિષે સ્મરણ કરવા જેવું છે. અહીં એક તેની માથેની ટૂંક લખી છે :' એટલે એક લીટીની એક કડી લખી છે. 'કબીર'નું એક વાક્ય લખ્યું છે. 'કરના ફકીરી ક્યા દિલગીરી, સદા મગન મન રહેના જી.' જેને ફકીરી કરવી છે એને દિલગીરી શું ? આત્મામાં મસ્ત રહેવું, એમ. 'એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે.' એમ. મુમુક્ષુજીવ સંયોગના કોઈ વિચારમાં રહે એ પોતાને યોગ્ય નથી લાગતું.

સામાન્ય રીતે ઉદયના પરિણામોથી જીવ છૂટો નથી પડી શકતો. મુમુક્ષુજીવને એટલે જેને માર્ગ પ્રાપ્ત કરવાની એક બાજુથી ભાવના છે, અભિલાષા છે (તો) બીજી બાજુથી પોતાના ઉદયના પરિણામ છોડ્યા જાતા નથી, વળગેલા જ રહે છે. એને એમ કહે છે કે, હવે ફકીરી કરવી છે કે નહીં ? તો શું કરવા દિલગીરી એટલે શોચ ઉદયનો કરે છો ? ઉદયનો લાંબો વિચાર જ શું કરવા કરે છે ? જ્યારે જેમ થવાનું હશે, થઈ પડશે. તું ચિંતા છોડ ને !

એમ કહેવું છે. આત્મામાં મગ્ન રહે ને ! 'એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે. પરમાર્થચિંતા હોય એ વિષય જુદો છે;...' ઉદયની ચિંતા વિષય જુદો છે અને પરમાર્થમાર્ગની પ્રાપ્તિ ન થાય અને ચિંતા રહે એ વિષય જુદો છે.

અહીંયાં એક બહુ સારો સિદ્ધાંત મુમુક્ષુજીવ માટે મૂક્યો છે કે, 'વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું એ એક માર્ગ પામવાનું સાધન છે.' મુમુક્ષુજીવને વ્યવહારચિંતા જેટલી વધારે એટલો માર્ગ દૂર સમજવો અને માર્ગપ્રાપ્તિની ભાવનાને લીધે વ્યવહારચિંતાનું વેદન ઓછું કરી શકે તો એને એ રસ ઓછો પડે (–થાય) છે, ઉદયભાવનો રસ ઘટે છે. ઉદયભાવનો રસ ઘટે છે તો અવિરોધ – પ્રતિબંધ છે એ એને મટે છે. માર્ગ પામવાનું એ સાધન થાય છે. આ જગ્યાએ બહુ સારી વાત લખી છે.

મુમુક્ષુ :– બધો સમય તો ભવિષ્યની ચિંતામાં જ ચાલ્યો જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ ના પાડી છે, એ કરવા જેવું નથી અને આત્માને એ જ રોકાણ છે, બીજું શું છે ? જો એ રોકાણ એ બંધ કરે તો એને માર્ગ પ્રત્યે જવાનું સરળ થાય નહીંતર ત્યાં રોકાઈ જશે. માર્ગ પ્રત્યે આવે કેવી રીતે ? આમ ને આમ, એમને એમ આયુષ્ય રોકાણમાં ને રોકાણમાં જ ચાલ્યું જાય.

એટલે 'અંબાલાલભાઈ'ને ખાસ સૂચના આપી છે કે, મુમુક્ષુને 'વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું...' ઉપર-ઉપરથી નહીં. અંદરમાં તો બરાબર સાવધાની રાખવાનો અભિપ્રાય રાખે. ઉપર-ઉપરથી આઘો રહે, દૂર રહે, પ્રવૃત્તિ ન કરે, એવી રીતે ઉપર ઉપરથી વૈરાગ્ય હોય, એમ નહીં. અંતરથી વેદન ઓછું કરવું 'એ એક માર્ગ પામવાનું સાધન છે.'

મુમુક્ષુ :– મહાસિદ્ધાંત લખી ગયા છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ સારી વાત કરી છે, આ જગ્યાએ મુમુક્ષુ માટેની વાત ઘણી સારી આવી છે.

એટલે એ જરાક જોર કરવાનો વિષય છે કે, ભવિષ્યની ગમે તે પરિસ્થિતિ થાય, ચિંતા કરવાનું કોઈ કારણ જ નથી એટલા માટે કે, પ્રતિકૂળતા આવશે તો પુરુષાર્થ વધારવાની તક છે, અનુકૂળતા આવે તો સામું જોવું નથી, કામ જે કરવું છે ઈ જ કરવું છે. બંને બાજુમાં એક જ રસ્તો પકડવો છે. એટલું જરાક મુમુક્ષુએ જોર કરવું જોઈએ. નહીંતર બેમાંથી એક તો બનવાનું જ છે – કાં અનુકૂળતા વધી જશે તો અનુકૂળતાના રસ એટલા રેડાઈ જશે કે પછી ત્યાંથી બહાર નીકળવું મુશ્કેલ પડશે કાં ધાર્યા બહારની કાંઈ ને કાંઈ પ્રતિકૂળતાઓ

ઊભી થશે અને એમાં એટલો ખેદાઈ જશે કે ત્યાંથી બહાર નીકળવું મુશ્કેલ પડશે. બેમાંથી એક તો બનવાનું જ છે – કાં ઉદય પુણ્યનો, કાં ઉદય પાપનો. બેમાંથી એક તો બનવાનું જ છે. આ ચક્કરમાંથી છૂટવું જ મુશ્કેલ છે. એવા ચક્કરમાંથી છૂટવું મુશ્કેલ છે. એ તો સત્પુરુષ છે એને છોડાવે છે કે, છોડ ચિંતા વ્યવહારની તારી !

'તમે આ વેળા જે કંઈ મારા પ્રત્યે કર્યું છે, તે એક જુદો જ વિષય છે; તથાપિ વિજ્ઞાપન છે કે કોઈ પણ પ્રકારે તમને અસમાધિરૂપ જેવું જણાય ત્યારે એ વિષય પરત્વે અત્ર લખી વાળવું, એટલે યોગ્ય વ્યવસ્થા કરવાનો બનતો પ્રયાસ થશે.' એ કંઈ પ્રાસંગિક વાત છે કે તમને કંઈ અસમાધાન જેવું થાય ત્યારે ખુલાસાવાર લખી નાખજો.

'હવે એ વિષયને એટલેથી અહીં મૂકી દઉં છું.' પહેલા પણ પેરેગ્રાફ લખ્યો હતો, અહીં પણ લખ્યો. 'અમારી વૃત્તિ જે કરવા ઇચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે;...' અમારે કોઈ કારણથી કોઈને કાંઈ વાત કરવી નથી. નિષ્કારણ પરમાર્થ છે. 'એ વિષે વારંવાર જાણી શક્યા છો; તથાપિ કંઈ સમવાય કારણની ન્યૂનતાને લીધે...' સમવાય એટલે સંયોગિક. 'હાલ તો તેમ કંઈ અધિક કરી શકાતું નથી. માટે ભલામણ છે કે અમે હાલ કંઈ પરમાર્થજ્ઞાની છીએ અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં.' (મારી) કીર્તિ વધે એવું કંઈ કોઈને તમે કહેશો નહીં. 'કારણ કે એ અમને વર્તમાનમાં પ્રતિકૂળ જેવું છે.' એ અમને અનુકૂળ નહીં પડે.

'તમે જેઓ સમજ્યા છો, તેઓ માર્ગને સાધ્ય કરવા નિરંતર સત્પુરુષનાં ચરિત્રનું મનન રાખજો. તે વિષય પ્રસંગે અમને પૂછજો. સત્શાસ્ત્રને અને સત્કથાને તેમ જ સદ્વ્રતને સેવજો. વિ. નિમિત્તમાત્ર.' એથી વધારે કંઈ નહીં. જુદાં જુદાં શબ્દપ્રયોગ કર્યા છે.

પત્રાંક – ૧૯૩

મુંબઈ, પોષ વદિ ૨, શુક્ર, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ,

અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે. જેથી તેઓએ જે જે વિજ્ઞાપન કર્યું તે અમે વાંચ્યું છે. યથાયોગ્ય અવસર પ્રાપ્ત થયે એ

વિષે ઉત્તર લખી શકાય તેવું છે; તેમ જ હમણાં આશ્રમ (સ્થિતિમાં પ્રવર્તે છે તે સ્થિતિ) મૂકી દેવાનું કંઈ અવશ્ય નથી; અમારા સમાગમનું અવશ્ય જણાવ્યું તે ખચીત હિતસ્વી છે. તથાપિ અત્યારે એ દશાનો યોગ આવે તેમ નથી. નિરંતર અત્ર આનંદ છે. ત્યાં ધર્મયોગની વૃદ્ધિ કરવા સર્વને વિનંતી છે.

વિ. રા.

પછીનો (૧૯૩મો) પત્ર પણ 'અંબાલાલભાઈ' ઉપરનો જ છે. 'અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે. જેથી તેઓએ જે જે વિજ્ઞાપન કર્યું તે અમે વાંચ્યું છે. યથાયોગ્ય અવસર પ્રાપ્ત થયે એ વિષે ઉત્તર લખી શકાય તેવું છે; તેમ જ હમણાં આશ્રમ (સ્થિતિમાં પ્રવર્તે છે તે સ્થિતિ) મૂકી દેવાનું કંઈ અવશ્ય નથી...;' આશ્રમ એટલે ગૃહસ્થાશ્રમ 'અમારા સમાગમનું અવશ્ય જણાવ્યું તે ખચીત હિતસ્વી છે. તથાપિ અત્યારે એ દશાનો યોગ આવે તેમ નથી.' એમણે કાંઈ લખ્યું હશે કે, અમે ઘણા મુમુક્ષુ તૈયાર થઈ ગયા છીએ. આપ નિવૃત્તિ લઈ લ્યો, અમે ઘણાબધા આપની પડખે છીએ, આપ નિવૃત્તિ લઈ લ્યો તો અમારા બધાનું હિત થાય. આપનો સમાગમ મળે (તો) અમને બધાને હિત થાય. તો કહે, એ ઠીક વાત છે પણ અત્યારે કંઈ એ જરૂરી લાગતું નથી અને અમારો યોગ તમને હિતનું કારણ થાય એ ખ્યાલમાં છે પણ અત્યારે તો એ દશાનો યોગ આવે તેમ નથી.

'નિરંતર અત્ર આનંદ છે. ત્યાં ધર્મયોગની વૃદ્ધિ કરવા સર્વને વિનંતી છે.' એ રીતે એ લોકોએ જે વિજ્ઞાપન કર્યું છે એનો ઉત્તર આપી દીધો છે. કેટલા બધા પોતે જાગૃત છે ! પોતાની દશામાં અને બીજા સંયોગમાં કોઈ પણ પગલું આગળ ભરવામાં કેટલા બધા જાગૃત છે, એ આમાંથી નીકળે છે.

### પત્રાંક - ૧૯૪

મુંબઈ, પોષ, ૧૯૪૭

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઈ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે

અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંતા પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

आणाए धम्मो आणाए तवो।

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો

ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.

અહીંથી લલ્લુજીમુનિ ઉપરના પત્રો શરૂ થાય છે. 'જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?' શા માટે આ જીવ અંતર્મુખ થવાના માર્ગને ગ્રહણ કરી શક્યો નથી ? કેમ અંતર્મુખ થઈ શક્યો નથી ? એનું શું કારણ છે ? 'એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.' મથાળું બાંધીને નીચે જે પત્ર લખ્યો છે એ પત્ર તમે વારંવાર વાંચજો, એમ કહ્યું છે. કેમકે આ તો દીક્ષા લીધેલ છે. 'લલ્લુજી'ને તો કોઈ સંસારની પ્રવૃત્તિ નથી. એમનો ભૂતકાળ છે – એમને બે પત્ની હતી અને પછી દીક્ષા લઈ લીધી છે. છતાં પણ માર્ગ નથી મળ્યો. શું કારણ છે ? ક્રિયા તો સંપ્રદાયમાં સાધુ પાળે એ બધી પાળતા હતા. માર્ગ નથી મળ્યો એનું શું કારણ છે ? ક્યાં રોકાણો ? અથવા બહિર્દષ્ટિ અને અંતર્દષ્ટિ વચ્ચેનું અંતર શું ? એ ઉપર ધ્યાન ખેંચ્યું છે.

'હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઈ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.' આ નીચેનો પત્ર જે છે એ. 'અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.' માર્ગ એટલો અસરળ નથી, કઠિન નથી પણ એ માર્ગ પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિમાં જીવ આવે એ પરિસ્થિતિ ઘણી કઠણ લાગે છે. અનેક પ્રકારના જીવના ચિત્રવિચિત્ર પૂર્વના પરિણામોને લીધે જે સંયોગોમાં આવી પડે છે અને સંયોગદષ્ટિને લઈને એ સંયોગોમાં ને સંયોગોમાં એનું જીવન વ્યતીત થઈ જાય છે એટલે એમ લાગે છે કે એવો કોઈ પ્રાપ્તિનો યોગ મળવો જ દુર્લભ છે. ખાસ કરીને સત્પુરુષનો યોગ મળે તો માર્ગ પ્રાપ્તિ થાય એ વાત ઉપર એમનું ઘણું વજન છે.

'સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ' સત્યસ્વરૂપ એવો પોતાનો આત્મા,૦ એને નિર્વિકલ્પભાવે, અભેદભાવે એટલે નિર્વિકલ્પ અભિન્નભાવે, અનન્ય ભક્તિથી નમસ્કાર કરે છે અને આ પત્રનું અહીંયાં લખાણ કરે છે.

'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી,...' જે માર્ગ પ્રાપ્ત કરવો છે એમાં જ્ઞાનીપુરુષનો યોગ છે એ અનિવાર્ય છે. કેમકે દેશનાલબ્ધિ તો એ વગર છે નહીં અથવા જેણે માર્ગ જોયો છે એ જ બતાવી શકે. એ પણ સંકેતમાત્રપણે બતાવી શકે એવી વાણીની પરિસ્થિતિ છે. વાણીની પરિસ્થિતિ એવી નથી કે વચનઅગોચર અને અચિંત્ય એવા માર્ગને વાણી કહી શકે. છતાં પણ કંઈ સંકેત કરી શકે એવી પરિસ્થિતિ હોય તો જેને એ માર્ગની પ્રાપ્તિ છે એ જ કંઈક અંશે, અલ્પ અંશે કહી શકે છે.

પ્રશ્ન :- ભાવ અપ્રતિબદ્ધતાથી એટલે ?

સમાધાન :- એટલે જેને કોઈ ભાવ પ્રતિબંધ નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, એમાં મુનિદશામાં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કોઈનો પ્રતિબંધ નથી હોતો. જ્યારે ચતુર્થ ગુણસ્થાને દ્રવ્ય, ક્ષેત્રનો પ્રતિબંધ હોય છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળનો પ્રતિબંધ હોય છે, ભાવનો પ્રતિબંધ એને નથી. પ્રશ્ન કર્યો તો સ્પષ્ટીકરણ થયું. 'અપૂર્વ અવસર'માં આવે છે ને ? 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો.' મુનિદશામાં કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો પ્રતિબંધ નથી કેમકે એનો પુરુષાર્થ એટલો છે કે, કોઈ પણ પરિસ્થિતિમાં એ પોતે સમાધિયુક્ત જીવન જીવે છે. નિર્વિકલ્પ સમાધિમાં આવી જાય છે, પરિણામ જરા પણ બગડતા નથી. ભલે ને મહિના મહિનાના આહાર (વિના)ના ઉપવાસ થાય !

'ૠષભદેવ' ભગવાન ! છ છ મહિનાના (ઉપવાસ) ! છ મહિના સુધી અંદર ચાલ્યા જતા. છ મહિને એક વાર નગરમાં આવે અને આહારનો યોગ ન જુએ. કેમકે યુગલિયાના ક્ષેત્ર પછી કોઈ મુનિ નહોતા કે એમને આહાર કેવી રીતે, કઈ વિધિએ દેવાય એ ખબર પડે. એ તો અંદર ચાલ્યા જતા હતા, છ મહિને બહાર નીકળે પાછા. એટલા આત્મામાં ડૂબી જાય કે છ મહિને બહાર નીકળે. (તોપણ) પરિણામ ન બગડે. તો એને એ કાળનો પ્રતિબંધ નહોતો. જે કાળ પ્રારંભ થયો, જે કાળમાં મુનિને યથાર્થ વિધિથી આહારદાન મળે એ કાળ જ એ નહોતો. છતાં એ કાળનો પ્રતિબંધ એમને મોક્ષમાર્ગમાં નહોતો નડતો. એમ બહારના સંયોગો અને બહારના ક્ષેત્રો એનો પણ પ્રતિબંધ મુનિદશામાં નથી હોતો. નીચેના

ગુણસ્થાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળનો પ્રતિબંધ નડે છે, ભાવ પ્રતિબંધ નથી હોતો. ભાવની અંદર એ પોતાના આત્મામાં સતતપણે નિરંતર, અવિછિન્નધારાથી ભેદજ્ઞાનમાં પ્રવર્તે છે અને યથાસમયે શુદ્ધોપયોગમાં આવે છે, પાછા ભેદજ્ઞાનમાં પ્રવર્તે છે, યથાસમયે શુદ્ધોપયોગમાં આવે છે.

એવા 'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે...' એની અહર્નિશ એવી દશા છે, એવા જ્ઞાનીપુરુષ, તેના ચરણારવિંદ એટલે ચરણકમળ. અરવિંદ એટલે કમળ. તેના 'પ્રત્યે અચળ પ્રેમ થયા વિના...' એટલે એટલી નમ્રતા આવ્યા વિના. જ્ઞાનીપુરુષ પ્રત્યે એટલો ભક્તિભાવ અને નમ્રતા આવ્યા વિના 'અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના...' (એટલે) ઓળખાણ. આ જ્ઞાની છે, સત્પુરુષ છે, એવી ઓળખાણ 'આવ્યા વિના સત્સ્વરૂપની...' એટલે પોતાના આત્મસ્વરૂપની 'પ્રાપ્તિ થતી નથી,...' પોતાના શુદ્ધાત્મપદની પ્રાપ્તિ થતી નથી. 'અને આવ્યેથી...' આવ્યેથી એટલે અચળ પ્રેમ અને સમ્યક્પ્રતીતિ આવ્યેથી 'અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે.' તે ક્રમે કરીને જ્ઞાની થાય છે.

'આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે.' પણ એ તો સીધી વાત છે. કેન્સર થાય તો જ્યાં કેન્સર મટે એને ગોતે. કોણ મટાડનાર છે ? અને ક્યાં મટાડનાર છે ? એ એના માટે ઝાવાં ન નાખે તો શું કરે ? એમ જેને ખબર પડી કે, આ જન્મ-મરણ છે, એનો રોગ – ભવરોગ જેને કહે છે, એ કેન્સરનો બાપ છે. એની જેને ખબર પડી ગઈ એ ગોતે. કોણ વૈદ છે આનો ? કોણ આત્મજ્ઞાની છે ? કોણે ભવભ્રમણ મટાડ્યું છે ? કોણ ભવભ્રમણ મડાડવાનો ઉપાય બતાડી શકે એમ છે ? માથું સડી જાય, બીજું કંઈ રહે નહીં, એને ગોતે જ છૂટકો છે, એવી ખોજ કરે. આ એક બહુ સ્વાભાવિક વાત છે.

એટલે સર્વ જ્ઞાનીઓએ, જે જ્ઞાની થયા એમણે ભૂતકાળમાં મુમુક્ષુદશામાં આ જ રીતે ઉપાડ કર્યો હતો, વર્તમાનમાં પણ જે જીવો પાત્ર છે તે આમ જ કરે છે અને ભવિષ્યમાં પણ આમ જ કરશે. અહીંયાં પોતાની સાક્ષી મૂકી છે, અનુભવ કર્યો છે કે જ્ઞાનપ્રાપ્તિ ભૂતકાળમાં અમને આથી થઈ હતી. ભૂતકાળમાં 'જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી,...' આ પ્રકારે અમે કોઈ સત્પુરુષને શોધતા એના યોગમાં આવ્યા અને અમને ભૂતકાળમાં જ્ઞાનપ્રાપ્તિ થયેલી છે. પૂર્વભવમાં થયેલી છે.

'જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત

કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે.' ત્રણે કાળે. તેમ જ 'સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે.' અહીં આગમની સાક્ષી મૂકે છે. અમે કહીએ છીએ એમ નહીં, બધા શાસ્ત્રનો અંતર આશય જોવા જતાં, બોધનો – ઉપદેશનો અંતર આશય, એને લક્ષ કહે છે, એ જોવા જતાં એ જ છે કે, એક સત્પુરુષને શોધ, એમ કહેવું છે.

'અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે...' બસ ! આ વાત છે. ભવભ્રમણથી જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે 'તેણે અખંડ વૃત્તિથી...' એટલે એમાં જરાપણ વિસ્મરણ કરીને એ વાતને વચ્ચે પડતી ન મૂકી દ્યે. જ્યાં સુધી એ પરિસ્થિતિમાં પોતે ન આવે ત્યાં સુધી 'એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે.' બીજું બધું કર્યું છે – અગિયાર અંગ ને નવ પૂર્વનું શાસ્ત્રજ્ઞાન અને મુનિદશા યોગ્ય પંચમહાવ્રતાદિની ક્રિયા એ બધું (કર્યું છે).

'એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી.' એટલે કે સત્પુરુષના ચરણકમળ અને સમ્યક્પ્રતીતિમાં ક્યાં સુધી નથી આવતો ? કે જ્યાં સુધી એને કંઈક ને કંઈક સ્વચ્છંદ છે અને ત્યાં સુધી એને એ રસ્તો પકડવો બનતો નથી, એ રસ્તે ચડી શકતો નથી.

એવું '(અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો;...' સત્પુરુષના વિષયમાં ઘણાં પડખાં છે, અનેક પડખાં છે, એનો વિચાર કરવો. 'દઢ મોક્ષેચ્છા કરવી;...' શું હેતુથી વિચાર કરવો ? કે હવે છૂટવું જ છે, કોઈ પણ રીતે મારે છૂટી જવું છે. એ પ્રકારે દઢ મોક્ષેચ્છાથી એનો વિચાર કરવો 'એ વિચારમાં અપ્રમત્ત રહેવું,...' એટલે કે એમાં એને વિસ્મરણ ન કરવું. 'તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો.' સ્વચ્છંદ ટળે છે અને માર્ગ પ્રાપ્ત થાય છે.

'અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે.' આ છોડીને. 'જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.' સત્પુરુષના ચરણારવિંદ સેવવાની પહેલી વાત કરી, એ એણે નથી કર્યું, બાકી બધું કર્યું છે.

પ્રશ્ન :– વર્તમાનમાં પુણ્યયોગ થયો ત્યારે સત્પુરુષ મળ્યા, આ વિષય બહુ ચર્ચાય અને શ્રદ્ધામાં – બુદ્ધિમાં પણ વાત બેસે પણ પછી જે ભાવથી કહેવા માગે છે એ ભાવથી એના પ્રત્યે જે સર્વાર્પણબુદ્ધિ આવવી જોઈએ એ નથી આવતી તો શું પ્રતિબંધક કારણ રહી જાય

છે ?

સમાધાન :– એ તો સામાન્ય રીતે પોતે તપાસે તો વ્યક્તિગત રીતે પોતાને ખ્યાલમાં આવી જાય છે કે, મારા પરિણામ અધિકપણે ક્યાં રસ લે છે ? વ્યક્તિગત રીતે તો પોતાના પરિણામનું અવલોકન હોય એને તો પકડાઈ જાય છે. પણ સામાન્ય રીતે પોતાના ઉદય બાજુ જ બધાના પરિણામ હોય છે. સમુચ્ચય વાત લઈએ કે, કોઈ પણ જીવને પરિણામ કઈ બાજુ જાય છે ? કે ઉદય તરફના જ પરિણામ છે, ઉદયભાવની અંદર તીવ્ર રસ છે, એની અધિકતા છે અને એ અધિકતા જ્યાં સુધી છૂટતી નથી ત્યાં સુધી જીવ માર્ગની બાજુ વળી શકતો નથી અને આવી શકતો નથી. એ ખ્યાલમાં આવે એવી વાત છે, પોતે તપાસે તો ખ્યાલમાં આવે એવી વાત છે.

'સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના,' આ એટલે શું ? 'તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી,...' સાંભળ્યું જ નથી એમ. સાંભળ્યું છતાં સાંભળ્યું જ નથી. 'અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી.' બહુ પરમ પ્રેમથી, પરમભક્તિથી એણે એનો આદર કર્યો નથી, એ વાતને ઉઠાવી નથી 'અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.' જો આ પ્રકાર કરે તો એને અમે સામાયિક કહ્યું છે. મુનિ છે ને ? એટલે મુનિઓનું સામાયિક છે એમ કહ્યું. મુનિને પત્ર લખેલો છે ને !

મુમુક્ષુ :– મુનિઓનું સામાયિક લખ્યું, આત્માનું ન લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– એવી વાત છે. એટલે એમ કે તમે દીક્ષા લીધી છે. સવાર, બપોર, સાંજ સામાયિક કરતાં હશો પણ મુનિઓનું આ સામાયિક છે, એમ કહે છે.

'સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :– ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંતા પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.' એ પણ સત્પુરુષ પ્રત્યેનું લક્ષ કરાવે છે.

મુમુક્ષુ :– મોટું આશ્ચર્ય એ છે કે ચોવીસ વર્ષની ઉંમરમાં એમણે કેટલા શાસ્ત્ર વાંચ્યા હશે ? ક્યારે ધંધા કરતા હશે ? ક્યારે અંતરમાં લીન થતા હશે ? કંઈ કલ્પના બહારનો વિષય થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઉઘાડ એટલો બધો હતો. એક પુસ્તક હાથમાં આવે, એટલી ઝડપથી વાંચી લે અને એનું તાત્પર્ય તમને એક કલાકમાં કાઢીને આપે કે, આ શાસ્ત્ર આમ કહે છે.

મુમુક્ષુ :– તો જ બની શકે, નહીં તો આટલી નાની ઉંમરમાં !

પૂજ્ય ભાઈશ્રી :– ઈ તો બહુ ગજબ ઉઘાડ લઈને આવ્યા હતા ! એટલે જ કેટલીક વાત એમના માટે કોઈને બેસે નહિ એવી છે, અતિશયોક્તિ ભરેલી લાગે કે આવું લખે છે ! પણ એમનું ઘણું સામર્થ્ય ! બહુ સમર્થ હતા.

મુમુક્ષુ :– પાછો વેપાર-ધંધો કરતા હતા !

પૂજ્ય ભાઈશ્રી :– હા, જુઓ ! એ ઉદય કેવો છે ! એ તો દેખાય છે. આવી પડેલી કર્મની પરિસ્થિતિ વચ્ચે દેખાય છે. એમાં આત્મા ક્યાંય હતો નહીં, એ તો ખોખું બધું કામ કરે ! બાકી કંઈ વેપાર-ધંધામાં ક્યાંય એનું ચિત્ત હોય નહીં. ઉપરછલ્લા ઉપયોગથી એમ જ બધું ચાલ્યા કરે. એક મન-વચન-કાયાના યોગનું દેણું છે એ દઈ દેવાની વાત હોય છે.

મુમુક્ષુ :– છતાં પણ ઘણું કમાણા છે !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કમાણા, ન કમાણા એને ક્યાં લેવાદેવા હતી ? એને પોતાને ક્યાં લેવાદેવા હતી ? એની આકુળતા થતી હતી કે, દિવસે દિવસે અમારી અંતર વિરક્તિ વધતી જાય છે અને ઉદય રંચમાત્ર ઘટતો નથી ! 'તેમ તેમ ઘટે ન રંચ...' અંગત કાવ્ય લખ્યું છે, એમાં લખ્યું છે કે, દશા વધતી જાય છે, આ બાજુ ઉદય વધતો જાય છે ! કરવું શું ? એમ.

મુમુક્ષુ :– ગજબ દશા દેખાય આપણને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ બહુ સમર્થ હતા !

'એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.' શાસ્ત્રકારોએ બહુ ભાર દીધો છે. 'आणाए धम्मो आणाए तवो। આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)' એ આચારાંગ સૂત્રનું સૂત્ર છે.

'સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે...' તેના કારણમાં સર્વથી પ્રધાન કારણ એ સ્વચ્છંદ છે. લક્ષ નથી ગયું એનું કારણ પણ સ્વચ્છંદ છે અને કંઈ પણ સ્વચ્છંદ રહે

છે તેથી અધિકતા આવતી નથી, એમ કહે છે. 'અને જેણે...' એટલે જે મુમુક્ષુએ 'સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા...' પ્રતિબદ્ધતા એટલે શું ? ક્યાં રોકાય છે ? '(લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, (અને) સંકલ્પવિકલ્પરૂપ બંધન)...' એ બધી પ્રતિબદ્ધતા છે. 'એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો.' આ વિષયમાં તમે વિચારો, પૂછવા જેવું લાગે તો પૂછજો. 'અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે.' મુનિને ઉપદેશ આપ્યો છે (કે) જો તમે આ માર્ગે ચડી જશો તો ગમે ત્યાંથી પણ ઉપશમ મળશે.

'ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.' શોધની વાત છે. ઓઘે માનવાની વાત નથી. ખોજે અને હોય તો પરીક્ષા કરીને એનો નિર્ણય કરે પછી સર્વ સમર્પણભાવ આવ્યા વિના (રહે નહીં). ઓળખાણ થાય તો સર્વાર્પણબુદ્ધિ થયા વિના રહે નહીં.

પ્રશ્ન :– ઉપશમ શબ્દ ક્યા અર્થમાં લખ્યું છે ?

સમાધાન :– અંતર્મુખ થવું. એમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે આવી જાય છે. ઉપશમ (એટલે) પરિણામને અંતર્મુખ થવું, એને ઉપશમ કહે છે.

'બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે.' પહેલું આ કરો. શાસ્ત્ર વાંચવું, પ્રશ્ન પૂછવા, બીજું-ત્રીજું બધું પછી રાખ. પહેલા એક સત્પુરુષને ઓળખ, એનો નિર્ણય કર, એક વાર એટલું કર. જો આખી લાઇન શરૂ થઈ ને આગળ ચાલે છે, એમ કહેવું છે. 'બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં.' વિચારતાં તમને આ એક જ મોક્ષનો માર્ગ છે એમ લાગશે અથવા મોક્ષમાર્ગમાં પહોંચવાનો (આ) ઉપાય છે. મોક્ષમાર્ગમાં પહોંચવાનો આ સિવાય બીજો કોઈ ઉપાય નથી, એમ તમને વિચારતા લાગશે.

કદાચ '(વિકલ્પથી) લાગે તો જણાવશો...' બીજો પણ કંઈ ઉપાય છે એમ તમને વિકલ્પ થાય તો જણાવશો 'કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.' તો એ વિષયમાં કંઈ યોગ્ય ઉત્તર આપશું. બાકી અમને જે લાગ્યું એ તમને પહેલા આ જ કહી દીધું છે. આ 'લલ્લુજીમુનિ' એમના પરિચયમાં આવ્યા અને એમને આ પહેલી સૂચના કરી છે. જોકે 'લલ્લુજીમુનિ'ને ભક્તિ ઘણી હતી પણ છતાં અંદરમાં પોતાની કંઈ કચાશ પણ એમણે અનુભવી છે અને

જ્યાં સુધી 'શ્રીમદ્જી'નો યોગ રહ્યો ત્યાં સુધી તો ઠીક ઠીક પરિસ્થિતિમાં રહ્યા છે પછી જરાક થોડોક ફેરફાર પણ પાછળથી થયો છે. કેમકે સત્પુરુષનો યોગ ગયો અને લોકોએ એમને સત્પુરુષ તરીકે સ્થાપી દીધા.

મુમુક્ષુ :- પ્રભુશ્રી કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રભુશ્રી કહેતા. ત્યાં અગાસમાં જે લોકો ખેતી કરનારા દેસાઈ લોકો, ખેડૂત લોકો એમના પરિચયમાં બહુ આવ્યા. એ એરીયા એમનો જ છે. પોતે વટામણના જ છે. અત્યારે અગાસ જતા વટામણ ચોકડી આવે છે ને ? મૂળ પોતે વટામણના છે. એ બધો એમનો પરિચિત એરીયા છે. સંપ્રદાયમાં પણ ત્યાં વિહાર બહુ કર્યો છે અને છેલ્લે છેલ્લે પણ ત્યાં જ રહ્યા છે. બધાં પછી એને બહુ વળગ્યા છે. પોતે ઘણી વાર તો બળાપો કાઢ્યો છે કે તમે આ બધી શું ધમાલ કરો છો ? ક્યાંક ક્યાંક પોતે ચક્કરમાં પણ (આવી ગયા). (લોકો) માન ખૂબ આપતા હતા. માન આપે ત્યાં જીવની પરિસ્થિતિ થોડી બગડે છે. એટલે સત્પુરુષનો યોગ હોય તો વિનમ્રતા સહેજે રહે છે અને જીવ સ્વચ્છંદ અને માનથી બચી જાય છે. નહીંતર સામાન્ય રીતે થોડી વિશેષતા થાય એટલે નીચેવાળા માન આપવા મંડે અને હાલત બગડે છે અને લગભગ એવું થાય છે. એ ત્યાં ગયા ત્યારે થોડું જાણવા મળ્યું હતું.

અહીં સુધી (રાખીએ).

## તા. ૧૦-૦૬-૧૯૯૪, પ્રવચન નં. ૪૨
## પત્રાંક - ૧૯૪

શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) પત્રાંક - ૧૯૪ ચાલે છે. પહેલો પેરેગ્રાફ જે ચાલી ગયો તેમાં એ વાત આવી કે, કોઈપણ જીવને મોક્ષમાર્ગમાં આવતા પહેલા જ્ઞાનીપુરુષની ઓળખાણ હોવી જોઈએ. જ્ઞાનીપુરુષની ઓળખાણ થવી જોઈએ. ઓળખાણપૂર્વક પૂરો વિશ્વાસ આવવો જોઈએ. 'સમ્યક્પ્રતીતિ'નો અર્થ એ જ છે. યથાર્થ ઓળખાણપૂર્વક ઉત્પન્ન થયેલો પૂર્ણ વિશ્વાસ. કારણકે અહીં પ્રતીતિ એટલે શ્રદ્ધા. જ્ઞાનીની શ્રદ્ધા એમ કહીએ, પરંતુ ઓળખાણ થવી તે જ્ઞાનની પર્યાય છે. વિશ્વાસ આવે તો તે શ્રદ્ધાપ્રધાન જ્ઞાનની પર્યાય છે. કારણકે દૃષ્ટિ-શ્રદ્ધા તો હજુ સૂલટી નથી, ઊલટી છે. માટે અહીં શ્રદ્ધાનું પરિણમન કાર્યકારી નથી. (ફરીથી લઈએ).

આ પેરેગ્રાફ એક પ્રશ્નના ઉત્તરરૂપે ચાલી રહ્યો છે. કૃપાળુદેવે પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, 'જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?' આ પ્રશ્નને વિશેષપણે સમજાવવામાં આવે તો અનંતકાળથી અત્યાર સુધી - અનાદિથી અત્યાર સુધી અનંતકાળ વીત્યો. કેટલો (કાળ વીત્યો) ? (અનંતકાળ વીતી ગયો). આ અનંતકાળમાં ધર્મના ક્ષેત્રમાં બધાં પ્રકારની - વ્રત, સંયમની ક્રિયા કરવા છતાં અને અનેક શાસ્ત્રોનું અધ્યયન કરવા છતાં (માર્ગ પ્રાપ્ત થયો નથી). કરોડો પ્રયત્ન કર્યા. કરોડો શું ? અનંત પ્રયત્નો કર્યા છે છતાં પણ જીવને માર્ગ નથી મળ્યો તેનું શું કારણ ? એવી તો કઈ એક વાત રહી ગઈ છે કે, જેને કારણે માર્ગ મળ્યો નથી ? એક જ કારણ છે કે તેને સત્પુરુષની ઓળખાણ થઈ નથી. (કૃપાળુદેવ) અહીંયા જ્ઞાનીપુરુષ - સત્પુરુષ એટલું જ ન કહેતાં, બહુમાનથી એમ કહે છે કે, 'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવાં...' (અર્થાત્) જે અન્ય પદાર્થમાં પ્રતિબદ્ધ હોય, તે જ્ઞાની ન હોય

શકે. કારણકે જ્ઞાની તો (પરપદાર્થથી) ભિન્નત્વ થતાં થયા છે. અનાદિથી ભિન્ન પદાર્થો સાથે અભિન્નત્વનો અનુભવ કર્યો હતો, તે જ્ઞાનીપુરુષને છૂટી ગયો અને તેઓ ભિન્ન પદાર્થ (છે તેનો) ભિન્નપણે અનુભવ કરે છે. તેથી તેમને ભાવ પ્રતિબંધ નથી. ભાવ પ્રતિબંધ ન હોવાનું આ જ કારણ છે.

મુમુક્ષુ :- આ જ વાત સત્પુરુષની ઓળખાણમાં ઉપકારી થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- (હા), ઉપકારી થાય છે. તેઓ પ્રતિબદ્ધતાને પામે છે કે પ્રતિબદ્ધતાને પ્રાપ્ત નથી થતાં ? (એ જોવાનું છે).

શ્વેતામ્બરમાં તો ત્યાં સુધી કથા આવે છે કે, ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા તો ગૌતમ સ્વામી રડવા લાગ્યા. અરે...! જ્ઞાનીપુરુષને પણ પ્રતિબદ્ધતા હોતી નથી તો ગણધરદેવને તો ક્યાંથી હોય ? તેઓશ્રીને ચારિત્રમોહનો થોડો - અલ્પ અનુરાગ હતો. કેટલો (અનુરાગ હતો) ? બહુ જ થોડો (અનુરાગ હતો). તે પણ છૂટી ગયો. ભગવાન નિર્વાણ પધારતા તે પણ છૂટી ગયો. એકદમ વિરક્ત પરિણામ થતાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તે જ દિવસે ૨૪ કલાકમાં કેવળજ્ઞાન લઈ લીધું. ચોવીસ કલાક પણ ક્યાં લાગ્યા છે ? પછી તરત જ લીધું છે. આ બાજુ ભગવાન નિર્વાણ પધાર્યા (અને આ બાજુ ગૌતમસ્વામી) કેવળજ્ઞાનેનો પ્રાપ્ત થયા. તરત જ કેવળજ્ઞાનને પ્રાપ્ત થઈ ગયા. પછી એટલો પણ ઉપયોગ બહાર જવાનું (કોઈ) સ્થાન તેમને ન રહ્યું.

મુમુક્ષુ :- ત્રણ કષાયની ચોકડી બાકી છે માટે હજુ પ્રતિબદ્ધતા છે, એવો કરણાનુયોગનો સિદ્ધાંત અહીં કામમાં ન આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, અનંતાનુબંધી અને દર્શનમોહનીય ગયા તો બાકી ત્રણ ચોકડીનો કોઈ હિસાબ નથી. અહીં ૨૫% અને ૭૫% એમ ગણાતુ નથી. સૈન્યમાં કોઈ રાજાને મારી નાખે તો પછી સૈન્યમાં કેટલા માણસો બાકી છે ? એમ જોવામાં નથી આવતું. રાજાને મારી નાખ્યો તો આખુંય સૈન્ય શરણાગતિ સ્વીકારી લેશે. તે તો શરણગતિમાં આવી જશે અને કહેશે 'તમે રાજાને મારી નાખ્યો છે હવે અમારું શું ગજું છે ? અમારે મરવું નથી. અમને જીવતા રહેવા દો અમે તમારા શરણે આવી જશું.'

(અહીં કહે છે) 'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ,...' અહીં માત્ર જ્ઞાનીપુરુષ પ્રત્યે એમ ન લીધું. 'જ્ઞાનીપુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે...' (એમ લીધું છે). જુઓ ! (મુમુક્ષુ) ક્યાં બેસે છે ? જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ આવ્યો

એમ નહીં કહેતાં, 'ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી,...' (સત્સ્વરૂપની એટલે) પોતાના આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. પોતાના આત્મસ્વરૂપનો અનુભવ કોઈને થતો નથી. ત્રણેય કાળે આ વાત છે, આગળ એમ કહે છે 'અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે.' શું વાત કહી ?

(જેને) જ્ઞાનીપુરુષ મળ્યા છે, તો તેને અવશ્ય સત્સ્વરૂપની પ્રાપ્તિ - સ્વાનુભવ થાય જ છે. જ્ઞાનીપુરુષ મળવા છતાં પણ (જો સત્સ્વરૂપની) પ્રાપ્તિ ન થઈ, તો માનવું પડશે - માનવું જ રહ્યું કે તેણે (જ્ઞાનીપુરુષની) ઓળખાણ નથી કરી અને તેને અચળ પ્રેમ પણ આવ્યો નથી અને તમેના ચરણારવિંદને સેવ્યાં પણ નથી.

ભલે આપણે ગુરુદેવશ્રીને આહારદાન આપતી વખતે તેમના ચરણ ધોતા હતા (તો પણ અચળ પ્રેમ થયો ન હતો.) જેટલી વખત આહારદાન આપ્યું હશે તેટલી વખત તો ચરણ ધોયા હશે ! નમસ્કાર કરતી વખતે પણ ચરણને સ્પર્શ કરીએ છીએ ! ચરણ સ્પર્શ કરીએ છીએ કે નથી કરતા ? તેમ છતાં તેમના ચરણારવિંદ પ્રત્યે અચળ પ્રેમ નહોતો થયો અને સાચી ઓળખાણ નહોતી થઈ. એ વાત નક્કી છે. (જો ઓળખાણ) થઈ તો, અવશ્ય તેને (સત્સ્વરૂપની) પ્રાપ્તિ થશે, થશે અને થશે જ. સમ્યક્પ્રતીતિ આવી, અચળ પ્રેમ થયો તો સ્વાનુભવ થશે કે નહીં થાય ? એવો (પ્રશ્ન) રહેતો (જ) નથી. (જો સત્સ્વરૂપની પ્રાપ્તિ) નથી થઈ તો સમજી લેવું કે ઓળખાણ નથી થઈ. કારણ (પ્રગટ) નથી થયું તો કાર્ય (પ્રગટ) નથી થતું. કારણ (પ્રગટ) થશે તો કાર્ય થશે, થશે અને થશે જ. આ વાત નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :- અહીં ચરણારવિંદ શબ્દ લખ્યો છે. શરીરના બીજા અવયવો નથી લીધા, તો ચરણારવિંદ લખ્યુ એનો અર્થ શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે આખાય શરીરમાં મસ્તક છે તે ઉત્કૃષ્ટ અંગ છે અને પગ છે તે નિકૃષ્ટ અંગ છે. (મસ્તક) ઉપર રહે છે અને પગ જમીન સાથે - ધૂળ સાથે અડેલાં નીચે રહે છે; ગંદા પણ થાય છે, તો એને એટલી ગરજ છે, તો મુમુક્ષુને - આત્માર્થીને એટલી ગરજ છે - કે, ભલે પગ ગંદા હોય - તેમની ચરણ રજ મારા મસ્તક પર ચડવી જોઈએ. મારું ઉત્કૃષ્ટ અંગ અને તેમનું નિકૃષ્ટ અંગ ! ઠીક ! જ્ઞાનીનું નિકૃષ્ટ અંગ અને પોતાનું ઉત્કૃષ્ટ અંગ ! મુમુક્ષુ તેમની ચરણરજને માથે ચડાવે છે, એમ વાત

છે, ઠીક !

મુમુક્ષુ :- વાણીની ઉપાસનાની વાત તો આવે છે પરંતુ અહીં ચરણની ઉપાસનાની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીં તો ચરણની ઉપાસના લીધી છે. ચરણારવિંદ - ચરણકમલ. ચરણને પણ કમળનું વિશેષણ આપ્યું. અરવિંદ એટલે કમળ. 'ચરણકમલ' એમ કહે છે. ચરણકમલ પણ કહે છે અને ચરણારવિંદ પણ કહે છે. બન્ને રીતે કહેવાય છે.

મુમુક્ષુ :- ગુરુદેવના સાનિધ્યમાં રહ્યાં, ચરણમાં રહ્યાં, તો પણ ઓળખાણ ન થઈ અને કામ ન થયું.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ ન થઈ માટે (સ્વરૂપપ્રાપ્તિ) નથી થતી. ઓળખાણ થવા માટે તો યોગ્યતા જોઈએ. ક્ષેત્રથી નજીક રહેવાથી ઓળખાણ થઈ જાય, એવું પણ નથી. ક્ષેત્રથી નજીક રહેવાથી કોઈ ઓળખાણ થઈ જાય છે, એમ પણ નથી અથવા વધુ સમય સમીપમાં રહેવાથી ઓળખાણ થઈ જાય છે, એવું પણ નથી.

સોગાનીજીને એક જ કલાકમાં ઓળખાણ થઈ ગઈ ! એક દિવસમાં (પણ) નહીં ! એક દિવસમાં તો અનુભવ થઈ ગયો હતો. જ્યારે ઓળખાણ તો એક જ કલાકમાં થઈ છે - પહેલા એક કલાકમાં થઈ છે. પહેલા પ્રવચનમાં થઈ છે. જુઓ ! શું કારણ છે ? જ્યારે યોગ્યતા પ્રાપ્ત હોય છે ત્યારે ઓળખાણ થાય છે. સાથે રહેવાનું પછી ભલે એક કલાક થયું હોય કે ૫૦ વર્ષ હોય ! ૫૦ વર્ષ ગુરુદેવની સાથે રહેનારા પણ હશે ! પરંતુ ઓળખાણ ન થઈ તો ન જ થઈ. તેનું કારણ તો એ જ છે કે, પોતાની ઓળખવાની યોગ્યતા નથી.

મુમુક્ષુ :- અમારી યોગ્યતા નથી એટલે ઓળખાણ નથી, એમ સંકોચ કરીને શું બેસી રહેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- આ વાતની ચર્ચા તો એટલે માટે જ ચાલી રહી છે કે, પોતાની યોગ્યતા ન હોય તો પોતે યોગ્યતામાં કેવી રીતે આવે ? તે હેતુથી આ વાત છે. આ વાત પોતાની ઉપરથી કાઢી નાખવા માટે નથી. પોતા ઉપર લેવા માટે છે, કાઢી નાખવા માટે નથી. સંતોષ કરવા માટે પણ નથી. અને તેને Neglect - ગૌણ કરવા માટે પણ નથી કે, ચાલો ભાઈ ! આપણી યોગ્યતા નથી, શું કરીએ ? ખાઈ-પીને આરામથી સૂઈ જાવ ! ઊંઘ બરાબર આવી જશે ! (આ વાત) નિશ્ચિંત થઈ જવા માટે કાંઈ નથી, ચિંતિત થવા માટે આ વાત

છે. આપણે આ વાત ચર્ચામાં શા માટે લઈએ છીએ ? કે જો આપણે આ વિષયમાં ચિંતિત ન હોઈએ, તો ચિંતિત થઈ જવું જોઈએ. ચિંતિત હશું તો યોગ્યતા આવશે. જો તેની ચિંતા નહીં થાય તો યોગ્યતા પણ નહીં આવે.

મુમુક્ષુ :- કોઈ મુમુક્ષુ એમ પણ કહે છે કે, શું કરીએ અમારી પ્રકૃતિ એવી છે !

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ ન ચાલે. પ્રકૃતિ તો દુશ્મન છે. પોતાની પ્રકૃતિ એટલે પોતાનો દુશ્મન કે જેને આપણે ગળે લગાડીએ છીએ - ભેટીએ છીએ, એમ લેવું છે શું ? (પ્રકૃતિ) તો મારશે. માટે એમ નથી ચાલતું. (આ વિષયમાં) ચિંતિત થવું જોઈએ, બહુ જ ખેદ અને બહુ જ દુઃખ થવું જોઈએ. ગમે તેટલું રડવું કેમ ન આવે ? પરંતુ એક વખત તો એમ થવું જ જોઈએ, અવશ્ય થવું જ જોઈએ. સ્વાનુભવ અને સમ્યક્દર્શન માટે આ સીધી સાદી વાત છે. સ્વરૂપપ્રાપ્તિ માટે સીધી-સાદી વાત છે કે, મારે શું કરવું ? મારે શાસ્ત્ર વાંચવું ? ક્યુ શાસ્ત્ર વાંચવું ? સમયસાર વાંચવું ? ક્યા મહાત્માના વચનામૃતને વાંચવા ? એવી કોઈ વાત નથી કરી. ઉપવાસ કરવો, વ્રત, નિયમ, સંયમ કરવા - એ વાત પણ નથી કરી. અને દયા, દાન, યાત્રા કરવાની વાત પણ નથી કરી. પંચપરમેષ્ઠી મંત્રનો જાપ કરવો ! જ્યારે (આ) મંત્ર તો ઉત્કૃષ્ટ છે તો પણ એમ નથી કહ્યું. પરંતુ જ્ઞાનીપુરુષના ચરણારવિંદનું સેવન કરવું, બસ ! આટલું જ કહ્યું. આટલું કરવાથી અવશ્ય (સફળતા) મળે છે.

(હવે આગળ કહે છે). 'આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે.' (અત્યાર સુધીમાં) જેટલાં પણ જ્ઞાની થયાં, તેમણે એમ જ કર્યું હતું. જે (વર્તમાનમાં) થઈ રહ્યા છે તેઓ પણ આમ જ કરી રહ્યાં છે, જે (ભવિષ્યમાં) થશે, તેઓ પણ એમ જ કરશે. જો આમ નહીં કરે તો તેમને જ્ઞાન નહીં થાય, એમ કહે છે, ઠીક ! સીધી વાત છે.

(કહે છે) 'જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી,...' આ સાથે પોતાનો પુરાવો આપે છે કે, અમે એનો પુરાવો છીએ કે, આ પ્રકારે અમને જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી. એટલે વિશ્વમાં જો કોઈને (જ્ઞાનપ્રાપ્તિ) થશે કે થઈ હશે તો આ જ પ્રકારે થશે. બીજા પ્રકારે ન થઈ શકે અને આ જ વાસ્તવિકતા છે. કારણ જે અનાદિથી અજાણ્યો છે, એવો અંતર્મુખ થવાનો ઉપાય, તે કોઈને પોતાની જાતે ખબર ન પડે. પોતાની મેળે કોઈને પતો લાગતો નથી અને જો એમ જ પતો લાગી જતો હોત તો, ધર્મક્ષેત્રમાં ક્રિયાકાંડ કરવામાં તો કોઈ કસર નથી રાખી, શાસ્ત્ર વાંચવામાં પણ કોઈ કસર નથી રાખી, તો (માર્ગ) મળી ગયો હોત, પરંતુ એ રીતે મળતો નથી. ધ્યાનની પ્રેકટીસ કરે તો ? પણ શેનું ધ્યાન કરશો ? તે ધ્યાન, ધ્યાન

નથી (પરંતુ) અનેક પ્રકારના તરંગરૂપ ધ્યાન છે. 'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' (૧૨૮-પત્રાંકમાં) આવ્યું કે નહીં ?

મુમુક્ષુ :- મોટા ભાગે તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું જ ધ્યાન કરશે !

પૂજ્ય ભાઈશ્રી :-હા, એ તો ચાલે જ છે. ચતુર્થ ગુણસ્થાન પહેલાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બે જ ધ્યાન છે, ત્રીજું ધર્મધ્યાન ત્યાં નથી. શુકલધ્યાનનો તો વિચાર કરવાની પણ જગ્યા નથી.

'વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાન પ્રાપ્તિનો એ જ માર્ગ છે.' (આ જ એક માર્ગ છે) એમ લેવું. જ્યારે આ વાત આપણી સામે સ્પષ્ટ રીતે આવે છે, તો પછી આપણે બીજો વિકલ્પ કે શંકા ઉઠાવવી જોઈએ નહીં. જ્યારે કૃપાળુદેવ આપણી સામે આ વાત પોતાની અનુભવથી પ્રસ્તુત કરી રહ્યાં છે, તો આપણે બીજો ક્યો વિકલ્પ કરવાની આવશ્યકતા છે ? આપણે કોઈ બીજો વિકલ્પ ન કરવો જોઈએ. આ જ ક્રમ છે. આ જ એકમાત્ર ઉપાય છે. બીજો ઉપાય છે જ નહીં. જ્યારે બીજો ઉપાય છે જ નહીં તો પછી એ વિષયમાં વિચાર શા માટે કરવો ? અને 'સર્વ શાસ્ત્રોનો બોધલક્ષ જોવા જતાં એ જ છે.' અમારો અનુભવ પણ એમ જ કહે છે અને બધાં જ્ઞાનીઓના શાસ્ત્ર પણ એમ જ કહે છે. એટલેકે હું એકલો બોલું છું, (એમ નથી). બધાં જ્ઞાની એમ જ કહે છે, એમ જ કહી રહ્યાં છે. નિયમસારની ૫૩ મી ગાથામાં આવ્યું ને ! તે ગાથામાં સત્પુરુષને (સમ્યક્ત્વ પરિણામના) અંતરંગ નિમિત્ત કહ્યાં છે. નિયમસાર જેવાં શાસ્ત્રમાં (એવું કહ્યું છે). ! (જ્યારે નિયમસાર) તો ત્રિકાળી કારણ પરમાત્માની ભાવનાનો ગ્રંથ છે. ત્યાં સત્પુરુષને અંતરંગ નિમિત્ત લીધાં છે, જુઓ !

'અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો.' આ માર્ગનું જે આરાધન કરતા નથી, તે છૂટવા પણ માંગતા નથી. અહીંથી એ વાત અનર્પિતપણે નીકળે છે. જે છૂટવા માંગતો હોય તે આ જ માર્ગનું સેવન કરે - એમાંથી અનર્પિતપણે નીકળે છે કે, જે આ માર્ગનું સેવન નથી કરતો, તે છૂટવા માંગતો પણ નથી. તેને હજુ બંધનમાં પડવું છે, છૂટવું નથી. - એ વાત નક્કી છે.

'એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે.' બધાં જ પડખાંથી વાતને સ્પષ્ટ કરે છે કે, એ જ માર્ગનું આરાધન કર્યા વિના જ જીવનું પરિભ્રમણ ચાલુ રહ્યું છે. જો આટલું કરી લીધું હોત તો તેનું પરિભ્રમણ ચાલુ ન રહેત. 'જ્યાં સુધી જીવને

સ્વચ્છંદરૂપી અંધત્વ છે,...' આ વાત એટલે માટે લ્યે છે કે, બીજાં-બીજાં (ધર્મસાધન) કર્યા તેનું શું ? તો કહે છે કે, બધું સ્વચ્છંદે કર્યું છે. જ્ઞાનીની આજ્ઞામાં રહીને કાંઈ નથી કર્યું. (માટે) જે પણ ક્રિયા કરવી હોય, જ્ઞાનીની આજ્ઞામાં કરો ! કહેવાનો મતલબ એ છે. નહીંતર સ્વચ્છંદ થઈ જશે. પોતાની મેળે કરવા જશો તો સ્વચ્છંદ થઈ જશે.

'જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી.' આ વાત પણ બહુ જ સુંદર કરી છે કે, જેને આવી સૂઝ આવતી નથી કે, મારે જ્ઞાનીના માર્ગે ચાલવું જોઈએ, મારા અભિપ્રાયથી, મારી મનમાનીથી ન ચાલવું જોઈએ, જેને એવી સૂઝ નથી તેઓ સ્વચ્છંદમાં પડ્યાં છે. ક્યાં પડ્યાં છે ? સ્વચ્છંદમાં પડ્યાં છે અને એટલે જ આ માર્ગની સૂઝ નથી આવતી. 'દર્શન થતું નથી.' એટલે સૂઝ નથી આવતી. જુઓ ! યોગ્યતા શું કામ કરે છે ? આ વાત હજારો-લાખો જીવો વાંચે છે કે નથી વાંચતાં ? આજે પણ હજારો લોકો વાંચે છે. પરંતુ જેનું આ વાત ઉપર ધ્યાન જાય છે તે યોગ્યતાવાન છે. જેનું ધ્યાન નથી જતું તેની યોગ્યતા નથી. તે લોકો વાંચતા જ રહેશે, આને આ જ વાંચ્યા કરશે.

જેમકે કૃપાળુદેવે એક Slogan આપ્યું - મંત્ર આપ્યો કે, 'આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે !' એક વાક્ય કહ્યું. હવે જો આપણે આત્મભાવના તો ભાવીએ નહીં અને ઉક્ત પંક્તિની જ ધૂન લગાવીએ તો ! બે-બે કલાક, ત્રણ-ત્રણ કલાક બોલ્યા જ કરીએ. આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે... આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે ! તો કેવળજ્ઞાન લેશે શું ? આવી ધૂન લગાડવી તે જ કાર્યની વિધિ-પદ્ધતિ છે, એમ કરતા (માનવાથી) તો ગૃહીત મિથ્યાત્વ થશે. શું થશે ? ગૃહીત મિથ્યાત્વ થશે. (એવું માનવાથી) સાધનની ભૂલ થશે - કાર્યપદ્ધતિની ભૂલ થશે. ગૃહીત મિથ્યાત્વ થઈ જશે. બોલશે કૃપાળુદેવનું જ વચન અને કરશે શું ? મિથ્યાત્વને દૃઢ !! આવી ગડબડ થાય છે.

તેથી આ પત્ર તો વાંચશે, એકવાર વાંચશે, દસ વાર વાંચશે, સો વખત વાંચશે, હજાર વખત વાંચશે પરંતુ વાંચવામાં જે ઉપદેશ આવ્યો તેનું અનુસરણ કર્યું નથી. ઉપદેશ વાંચ્યો તો ખરો ! સાંભળ્યો ખરો પણ અમલીકરણ ન કર્યું. વાંચતો જ રહ્યો ! વાંચતો જ રહ્યો ! શા માટે વાંચે છે ? કે વાંચવા ખાતર વાંચે છે. વારંવાર વાંચવું જોઈએ એટલે વાંચે છે. જે વાંચનનો વિષય છે તેને દૃઢ કરવા વાંચે છે. પણ અમલ કરવામાં ? કાંઈ નહીં. તો

એ બધું વાંચવું નિરર્થક છે. એ તો પેલી ધૂન લગાવવા જેવી વાત થઈ ગઈ. તેને માર્ગનું દર્શન પણ થતું નથી.

'(અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો,...' હવે સ્વચ્છંદ દૂર કરવા માટે શું કરવું ? એ કહે છે. આ માર્ગનો વિચાર કરવો કે, કેવી રીતે સત્પુરુષને ઓળખવા ? કે જેથી પોતાને એમના પ્રત્યે અચળ પ્રેમ આવ્યા વિના રહે નહીં. કેવી રીતે ઓળખવાં તેનો વિચાર કરવો અને આ વિચાર કરવામાં જો કોઈ સહાયક છે તો તે - 'પૂર્ણતાનું લક્ષ' છે. 'દૃઢ મોક્ષેચ્છા કરવી;...' (અર્થાત્) કોઈપણ કિંમતે મારે છૂટવું જ છે. ગમે તે થઈ જાય. ગમે તેટલાં ઉપસર્ગ આવી જાય, પરિષહ આવી જાય, આધિ-વ્યાધિ-ઉપાધિ આવી જાય, એવું ૧૨૮ પત્રમાં લીધું કે ન લીધું ? ભલે આયુષ્ય એક સમય બાકી હોય, તે પણ દુર્નિમિત્ત હોય, કાંઈ પણ હોય ! એમ કરવું જ છે - છૂટવું જ છે. - પરિભ્રમણથી મુક્ત થવું જ છે. એવી 'દૃઢ મોક્ષેચ્છા કરવી;...'

(એવી) દૃઢ મોક્ષેચ્છા કરવાથી ઓળખાણની યોગ્યતા આવી જશે, ઠીક ! (માર્ગ પ્રાપ્તિના) ક્રમના પ્રારંભમાં પહેલું પગલું ભરતાં જ (જ્ઞાનીપુરુષને) ઓળખવાની યોગ્યતા આવી જશે. એમ વાત છે. એ તો ૨૫૪ પત્રાંકમાં લીધું જ છે કે, જે મોક્ષને માટે પ્રયાસ કરે છે, તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિની બહુ ભાવના હોય છે, તીવ્ર ભાવના હોય છે, તે ભાવનાને વશ તેનું નિરંતર અવલોકન ચાલે છે, અવલોકનથી પોતાના દોષ દેખવામાં આવે છે અને સંસારના પદાર્થોમાં ક્યાંય અલ્પ પણ સુખની ઇચ્છા નથી રહેતી અને જ્ઞાનીની ઓળખાણ થઈ તેમનામાં પરમેશ્વરબુદ્ધિ થઈ જાય છે. ૨૫૪ - પત્રમાં એવો ક્રમ લીધો છે કે નહીં ? બસ ! તે રીતે વહેલે - મોડે ઓળખાણ થઈ જશે. આટલી Process થશે તો ઓળખાણ થઈ જશે. દૃઢ મોક્ષેચ્છા એટલે પૂર્ણતાના લક્ષ પછી આટલી Process થયા બાદ ઓળખાણ થશે. જો ઓળખાણ ન થઈ હોય તો ઓળખવા માટેની તીવ્ર જિજ્ઞાસામાં રહેવું, એમ પણ ત્યાં લીધું છે. તેમ છતાં પણ જો ઓળખાણ ન થાય તો શું કરવું ? કે તીવ્ર જિજ્ઞાસામાં રહેવાથી ઓળખાણ થયા વિના નહીં રહે.

પૂજ્ય સોગાનીજીનું જીવનચરિત્ર જોઈએ તો, એમને સીધી આ વાત નહોતી મળી કે, તારે સત્પુરુષના ચરણમાં જવું જોઈએ. એવું કોઈ સંભળાવનાર મળ્યું ન હતું, ન કોઈ કહેનાર મળ્યું હતું, કે ન તો આ વાત વાંચવામાં ક્યાંય આવી હતી. પરંતુ છૂટવાની ભાવના તીવ્ર થઈ ગઈ હતી. એટલી બધી તીવ્ર થઈ ગઈ ! એટલી બધી તીવ્ર થઈ ગઈ કે, એક વિકલ્પને

પણ સહન કરી શકતા નહોતા. એક વિકલ્પ પણ ગળામાં ફાંસી (જેવો) લાગતો હતો. એટલું તીવ્ર દુ:ખ વિકલ્પમાં લાગવા માંડ્યું હતું અને કોઈ પ્રતિબંધ રહ્યો નહોતો. સમાજ પ્રતિબંધ અને કુટુંબ પ્રતિબંધ તો ક્યારના છૂટી ગયા હતા. વિકલ્પ પ્રતિબંધ ચાલુ હતો અને તે પણ તેઓ સહન નહોતા કરી શકતા. (એમને એમ લાગતું હતું કે) કાં તો વિકલ્પ છૂટી જશે ને કાં તો મારા પ્રાણ છૂટી જશે. એ ભૂમિકામાં યોગ્યતાની ચરમસીમા એ આવી ગયા હતા. એટલામાં 'આત્મધર્મ' (પત્રિકા) મળી. (વાંચ્યા પછી) એવું અનુમાન થયું કે આ માર્ગને દર્શાવનારા કોઈ છે ખરા, અને ૬૦૦ માઈલની સફર કરી નાખી. ૬૦૦ માઈલ એટલે ? ૧૦૦૦ કિલોમિટર થઈ જાય. ૧૦૦૦ કીલોમિટરની મુસાફરી કરી નાખી. કોઈ ઓળખાણ-પિછાણ નહીં, ભાષા સમજે નહીં, કાંઈ નહોતું. (તેમ છતાં) પણ તેમને શીખવવું નથી પડયું કે, તમારે સત્પુરુષના ચરણમાં જવું જોઈએ. એવો કોઈએ ઉપદેશ નથી આપ્યો. એનો અર્થ એ થાય છે કે, આ વાત શીખવવી પડતી નથી.

જેને પાણીની તરસ લાગે છે અને એવી તરસ લાગે કે, પ્રાણ છૂટી જાય તેમ હોય, તેને શું પાણી ગોતવાનું શીખવવું પડે શું ? કે, તમે પાણી ગોતો, નહીંતર મરી જશો ! કાંઈ શીખવવું પડતું નથી. એ તો સારી વાત છે કે, આપણને શીખવનાર મળ્યાં છે ! તેમને તો વગર શીખવાડ્યે જ અનુકરણ - અનુસરણ થઈ ગયું અને અહીં શીખવાડનાર મળવા છતાં પણ અનુકરણ અને અનુસરણ નથી થતું - તો આ યોગ્યતાની (જ) બલિહારી છે ! બીજું કાંઈ નથી. એ તો યોગ્યતાનું જ કારણ છે. દરેક જગ્યાએ યોગ્યતાનું સામ્રાજ્ય છે - જેની જેવી યોગ્યતા - બસ !

મુમુક્ષુ :- તેની યોગ્યતા ઓછી છે માટે શીખવવાવાળા મળે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા ઓછી હોય કે વધારે, એનાથી કોઈ મતલબ નથી. જ્ઞાની (પોતાના માર્ગે) ચાલ્યા જાય છે અને માર્ગ દર્શાવતા જાય છે. કોઈના ભાગ્યમાં તેમનો યોગ હોય તો તે (માર્ગ) જોઈ લ્યે છે અને જો કોઈની યોગ્યતા નથી હોતી તો - દેખાડનાર મળવા છતાં પણ જોતો નથી. એવું નથી કે બધાં જ નથી જોતાં, (અને) એવું પણ નથી કે બધાં જોઈ લ્યે છે. એવું પણ નથી. માટે એનો કોઈ નિયમ નથી.

'આ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે, જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે. ...દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું,....' અપ્રમત્ત રહેવું એટલે કે પાછળ પડી જવું. પૂરેપૂરું પાછળ પડી જવું. એ પહેલા મગજમાં કોઈ બીજી

વાત આવે નહીં. 'તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે. એ નિઃશંક માનજો.' અંધત્વ અવશ્ય દૂર થશે, સ્વચ્છંદ મટશે જ, માર્ગની પ્રાપ્તિ થશે જ, એમાં શંકા કરવાનો કોઈ અવકાશ નથી. કોઈ શંકાને અવકાશ નથી. એકદમ અનુભવસિદ્ધ વાત છે. કેવી વાત છે ? અનુભવસિદ્ધ વાત છે.

'અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે.' આ (માર્ગને) છોડી જે પણ માર્ગ પસંદ કર્યો, તે બધાં વિપરીત છે. તે માર્ગ નથી પરંતુ ઉન્માર્ગ છે. શું છે ? માર્ગ નથી પરંતુ ઉન્માર્ગ છે અને અંધત્વ વધ્યું છે. ઉન્માર્ગ ઉપર ચાલતાં વધુ દૂર ગયો છે. એ જ ધંધો કર્યો છે. 'જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે;...' કરોડોવાર નહીં (પરંતુ) અનંતવાર કર્યા છે. 'તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.' અમે ઉપરના વચનોમાં એ જ બતાવ્યું છે. તે જ નથી કર્યું, બાકી બધું કરી લીધું છે. આપણું જીવન જોવાથી એ ખબર પડી જશે કે, આપણે પણ જે કંઈ કર્યું તેમાં આ બાકી રહી ગયું છે (કે) ઓળખાણ થઈ નથી, યોગ્યતા આવી નથી. બાકી તો શાસ્ત્ર અધ્યયન કરે છે, થોડી પૂજા-ભક્તિ પણ કરે છે, થોડાં દયા-દાન પણ કરે છે; (એ રીતે) જે કાંઈ પણ મુમુક્ષુને યોગ્ય પરિણામ છે તે કરે છે. પરંતુ જીવન ચાલ્યુ જાય છે અને કાર્ય થતું નથી એનું શું કારણ છે ? કે આ (કહ્યું) જે તે થયું નથી. માત્ર આ જીવન જ નહીં પણ આવી તો અનંત જીંદગી આ રીતે ચાલી ગઈ.

હવે આ વાતના પુરાવા આપે છે. બે પુરાવા આપ્યાં છે. એક સત્‌યુગના પ્રારંભનો અને એક સત્‌યુગના અંતનો કારણકે ચોથો આરો છે એમાં ધર્મ ઘણો થયો, અનેક જીવોએ ધર્મની પ્રાપ્તિ કરી. બહુ મોટી સંખ્યામાં, બહુ મોટી માત્રામાં ધર્મની પ્રભાવના થઈ હતી. (સત્‌)યુગના પ્રારંભના પણ આ જ કારણથી ધર્મ થયો અને અંતમાં પણ આ જ કારણથી ધર્મ થયો. બે પુરાવા આપ્યા છે.

પહેલો પુરાવો આપે છે. 'સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે,...' એ અઠ્ઠાણું પુત્રો મોક્ષે ગયા છે. ઋષભદેવ ભગવાનના કેટલાં પુત્રો હતાં ? ૧૦૦ પુત્રો હતા. એમ જોઈએ તો, સો એ સો મોક્ષે ગયા છે. પરંતુ ઇતિહાસ માત્ર ભરત-બાહુબલીજીનો મળે છે. બાકીના અઠ્ઠાણું પુત્રોનો એટલો ઇતિહાસ નથી મળતો. કારણકે તેઓ તુરંત (મોક્ષમાં) ચાલ્યા ગયા. એમાં કોઈ ઘટના ઘટી જ નથી. ભરત મહારાજાની તો ચક્રવર્તીપદની (વાતો આવે છે) અને બાહુબલીજી ને ભરતજી સાથે યુદ્ધની ઘટના બની

છે. પરંતુ આ લોકોને તો કોઈ ઘટના જ નથી ઘટી. તેઓ બોલતા ન હતાં. સમવસરણમાં ભગવાનનો ઉપદેશ સાંભળતા હતા. બોલતા ન હોવાથી કોઈને શંકા ગઈ કે આવા મહાપુરુષના પુત્રો કાંઈ મૂંગા થોડા હોય શકે ? તેઓ બોલ્યા નહોતા. એટલું પુણ્ય લઈને આવ્યાં હતાં - તીર્થંકરના પુત્રો મૂંગા થોડા હોય ? આ બોલતા કેમ નથી. ઉપદેશ જ સાંભળતા હતા. સાંભળતા હતાં અને અંદરમાં ઉતારતા હતાં. શું કરતા હતાં ? બહાર નહોતાં બોલવા માંડતા. અત્યારે તો થોડું સાંભળ્યું, થોડું વાંચ્યું કે બહાર બોલવા માંડે છે. અંદરમાં ન જાય તો બહાર બોલવા લાગી જાય. (ઉપદેશને) અંતરમાં ઉતારતા હતા. જ્યારે પહેલું-વહેલું બોલ્યા તો એટલું જ બોલ્યા કે 'અમારે ભગવતી પ્રવજ્યાં ગ્રહણ કરવી છે. અમારે સંસારમાં ક્યાંય કાંઈપણ કરવું નથી. આપની જે આજ્ઞા છે તેને અમે શિરોધાર્ય કરી છે. અમે તો આપના ચરણમાં બેસી ગયા છીએ, હવે ઉઠવાના નથી.' જાઓ ! (એમ કહીને) દીક્ષા લઈ લીધી. બધાં જ ભાવલિંગી સંત થઈ ગયા. (અને) તે જ ભવમાં મોક્ષમાં -નિર્વાણપદમાં ચાલ્યા ગયા. નિગોદમાંથી આવ્યા હતા. તેઓને ચોરાસી લાખ યોનિમાં જન્મ-મરણ જ ન કરવા પડયાં. મનુષ્ય થઈને નિર્વાણપદમાં ચાલ્યા ગયા. ઋષભદેવ ભગવાને જે એવા ચરમશરીરી, મોક્ષગામી અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ આપ્યો હતો અને 'મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે.' - ત્યાં કેવો ઉપદેશ આપ્યો છે, તેને ત્રણ પંક્તિમાં લખે છે.

'હે આયુષ્યમનો !...' તમે મનુષ્ય આયુષ્ય ભોગવી રહ્યાં છો, નિર્વાણપદના અધિકારી છો. 'આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી,...' શું આપણે પણ (ઉપદેશ) નથી સાંભળ્યો ? (અહીંયા કહે છે કે) સાંભળ્યો નથી જાઓ ! સાંભળ્યાં પછી તેનું અમલીકરણ ન થયું તો સાંભળ્યું જ નથી, ઉપરથી કાઢી નાખ્યું. એક કાનથી સાંભળ્યું ને બીજા કાનથી કાઢી નાખ્યું.

'અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી.' એટલે કે ગ્રહણ કર્યા નથી. 'અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.' સત્પુરુષના ઉપદેશને ગ્રહણ કરવો તે જ સામાયિક છે. એક કલાક બેસી જવું તે સામાયિક નથી. સામાયિકના પાઠ બોલી જેવા તે પણ સામાયિક નથી. (અત્યાર સુધી જે સામાયિક) કરી તે સામાયિક હતી કે કેમ ? બિલકુલ સામાયિક નહોતી. તે સામાયિકના વિષયમાં એક ભ્રાંતિ હતી. તે ભ્રાંતિને છોડી દીધી. આ કરવા લાયક નથી. સામાયિક તો એ છે કે, જે સત્પુરુષના ઉપદેશને ગ્રહણ

કરી અંતરના ઉતારી લ્યે, તે જ સામાયિક છે. અહીં મુનિઓની સામાયિક સાથે સરખામણી કરી છે, જુઓ ! આ વાત સૂયગડાંગસૂત્રમાં આવી છે. ઋષભદેવ ભગવાને અઠ્ઠાણું પુત્રોને માર્ગે ચઢાવ્યા છે. ઉપદેશ આપ્યો છે, આ રીતે ઉપદેશ આપ્યો છે, આ રીતે માર્ગ પર ચઢાવ્યા છે. જ્યારે સત્‌યુગનો પ્રારંભ હતો, અને આવા પાત્ર જીવો તેમના સમવસરણમાં હતા, ત્યાં પણ ઉપદેશ એ જ આપ્યો કે, સત્પુરુષના વચનનું અનુસરણ કરી અંતરમાં ઉતારી લ્યો. જે સત્પુરુષના વચન છે - તે જ શ્રીગુરુના વચન છે - તે જ પરમગુરુ તીર્થંકરના વચન છે. એમાં કાંઈ ફરક નથી. આખા ચતુર્થ કાળમાં આવો જ ઉપદેશ ચાલ્યો અને જે ભાગ્યવંતોએ આ ઉપદેશનું અનુસરણ કર્યું, તેઓ ધર્મ પામીને પોતાનું કલ્યાણ કરવા લાગી ગયા. (ચતુર્થ કાળના) છેલ્લા સમયમાં શું થયું ? અંતમાં બે કેવળી રહી ગયા. સુધર્માસ્વામી અને જંબુસ્વામી. જંબુસ્વામી છે તે અંતિમ કેવળી છે. પહેલા ગૌતમસ્વામી ગયા, પછી સુધર્માસ્વામી ગયા એ પછી મથુરાથી જંબુસ્વામી (મોક્ષમાં) ગયા.

મથુરા-ચોરાસી કહે છે ને ? ત્યાં ચર્ચા ચાલી હતી કે, આને ચોરાસી કેમ કહેવાય છે ? કારણકે આજુબાજુમાં ચોવીસ કોસમાં ધર્મ પ્રભાવના થઈ હતી. મોક્ષની (પ્રભાવના થઈ હતી) માટે તેને મથુરા-ચોરાસી કહેવાય છે.

'સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે -' ભગવાન મહાવીર આપણાં પરમ ગુરુ હતા. સુધર્માસ્વામી જંબુસ્વામીને શું કહે છે ? કે, ભગવાન મહાવીર જે આપણાં ગુરુ હતા, તેઓ કેવા હતાં ? કે સર્વજ્ઞ હતા. આખા જગતનું દર્શન કરી લીધું હતું. કોઈપણ વાતથી અજાણ્યા નહોતા - અનભિજ્ઞ નહોતા. તેમણે અમને આ પ્રકારે કહ્યું હતું. અમારા ગુરુએ તો અમને આમ કહ્યું હતું જેથી અમે મોક્ષમાં જશું. તમે પણ સાંભળો અને મોક્ષમાં ચાલ્યા જાવ. 'ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.' ગુરુને આધીન થઈને રહ્યાં તેમણે મોક્ષ પ્રાપ્ત કરી લીધો. જે ગુરુને આધીન થઈને ન રહ્યાં તેણે મોક્ષને પ્રાપ્ત ન કર્યો. ક્ષેત્રથી (ગુરુને) આધીન રહ્યાં, એ વાત નથી. ક્ષેત્રથી તો નજીક રહે (પરંતુ) ભાવ ઊંધા ચાલે - તે ગુરુને આધીન નથી. ક્ષેત્રથી દૂર હોય કે સમીપ હોય, પરંતુ તેમની આજ્ઞામાં રહેવાનો જેનો નિશ્ચય છે તે તરી જશે.

મુમુક્ષુ :- ઉપદેશને અંદર ઉતારવો તે જ ચરણકમલની ઉપાસના છે ?

પૂજ્ય ભાઈશ્રી :- તે જ વાસ્તવિક ચરણકમળની ઉપાસના છે. એટલે એમાં (એક)

બીજી વાત રહેલી છે. ઠીક (પ્રશ્ન) છે. જેને શ્રીગુરુનો - સત્પુરુષનો ઉપદેશ મળે છે અને પોતાના અંતરંગમાં - મર્મસ્થાનમાં પહોંચે છે (અર્થાત્) તેની અસર આવે છે અને જે તેનું અમલીકરણ કરવા લાગી જાય છે, તેને ખબર પડી જાય છે કે હવે, મારું કલ્યાણ થશે. થશે અને અવશ્ય થશે. તેને તેમની (શ્રીગુરુની) ચરણરજ માથે ચડાવવાનો ભાવ આવે છે. પોતાના ઉપકારી (શ્રીગુરુ) પ્રત્યે એટલી બધી ઉપકારબુદ્ધિ આવે છે કે, તેમની ચરણરજ તે માથે લગાડે છે. એટલી ઉપકારબુદ્ધિ તેને આવે છે. પછી થયું શું ? કોઈકને ખરેખર આવું બન્યું એટલે તેણે તો એમ કર્યું, પણ તેની નકલ કરી લેવાથી કાંઈ ઉપકાર નથી થઈ જતો. પછી એવી Tradition થઈ ગઈ કે, ચાલો ! ગુરુના ચરણસ્પર્શ કરો ! તેમની ચરણરજને માથે લગાડો ! પણ અહીં એવી વાત નથી.

મુમુક્ષુ :- પછી માથા ઉપર વાસ્કેપ નખાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાસ્કેપ તો કંઈક સારી રજ હશે. સુખડ વગેરેનો પાવડર હશે. પણ આ તો ચરણરજ-ધૂળ છે. જેને આપણે મેલાપણું કહીએ છીએ. શું કહીએ છીએ ? (મેલાપણું કહીએ છીએ). પાણીમાં નાખે તો પાણી મેલું થાય કે ન થાય ? (થાય.) તો એ રીતે, એટલી ઉપકારબુદ્ધિ આવે છે અને એવી ઉપકારબુદ્ધિ આવવાથી બહારમાં એવી પ્રક્રિયા પણ થાય છે. પરંતુ પછી જેને ઉપકાર ન થયો હોય એ પણ નકલ કરવા લાગી જાય છે. તેથી કાંઈ કામ થતું નથી. મૂળમાં એ વાત હોય છે અથવા હતી એટલેકે હોય છે. એમ વાત છે. એવું બને છે. પછી જે નથી સમજતા તે પણ એવું કરી લ્યે છે. જે સમજીને કરે છે તેની તો વાસ્તવિક વાત છે. જે સમજ્યાં વગર કરે છે, તે ઓઘસંજ્ઞામાં કરે છે. બન્નેને (બહારની પ્રક્રિયા તો) હોય છે.

મુમુક્ષુ :- ભક્તિ તો અંતરંગથી ઉઠે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઠીક છે. ઓળખાણ થશે તો અંતરંગથી (ભક્તિ) આવ્યા વિના રહેશે નહીં. એ વાત બહુ જ સ્વાભાવિક છે. બહુ જ સ્વાભાવિક છે. પરંતુ એમ નહીં થવું એ અસ્વાભાવિક છે. શું ? એમ નહીં થવું તે અસ્વાભાવિક છે અને એમ થવું તે એકદમ સ્વાભાવિક છે.

બહારમાં દિલ્હીના Secretariat માં એક કામ કઢાવવા જઈએ ને ! (તો પણ કેટલી ગરજ કરીએ છીએ ?) મંત્રી પાસેથી કોઈ લાયસન્સ લેવું હોય તો પહેલાં તેના પટ્ટાવાળાથી માંડીને, સેક્રેટરી પાસે થઈને ત્યાં પહોંચવું પડે છે અને બધાંને રાજી રાખવા પડે છે અને

એ પટ્ટાવાળો ઢેઢ - ભંગી હો કે ચમાર હો અથવા તે પ્રધાન પણ ભંગી કે ચમાર (જાતિનો હોય તો પણ), ત્યાં કેટલી ગરજ કરવી પડે છે ? સાહેબ... સાહેબ... સાહેબ... સાહેબ... કરીને, પોતે કરોડપતિ હોય તોપણ પૂંછડી હલાવવા લાગે છે કે નહીં ? કેમ ? કેમકે, તેની ગરજ છે. એક કામ કઢાવવું છે તો એટલી ગરજ હોય છે ! (તો) અહીં અનંત જન્મ-મરણ મટાડવાં માટે કેટલી ગરજ થતી હશે !! તેનો હિસાબ કરી જોજો, બસ ! વાત સમજાય જશે !

ભાવનગરમાં એક ભાઈ આવ્યા હતા. તે કૃપાળુદેવની બહુ ભક્તિ કરતા હતા. તેને બધે કૃપાળુદેવ જ દેખાતા હતા. (તે કહેતા હતા) હું ભાવનગર આવ્યો ત્યારે બસમાંથી વાદળા જોયા તો વાદળાં ઉપર કૃપાળુદેવને બેઠેલાં મેં જોયા. સ્કુટર ચલાવું છું તો એવું લાગે કે મારી આગળ ચાલી રહ્યાં છે અથવા મારી પાછળ બેસી ગયા છે. બધી જગ્યાએ એ જ દેખાય છે. તો શું કૃપાળુદેવ સર્વવ્યાપક થઈ ગયા હતા કાંઈ ? કે તેની નજરમાં તો સર્વવ્યાપક થઈ ગયા ! આ વાત પરથી ભગવાનને સર્વવ્યાપક કહેવામાં આવે છે. વાસ્તવમાં ભગવાન સર્વવ્યાપક નથી. પરંતુ જ્યાં-જ્યાં નજર પડે છે, ત્યાં-ત્યાં પોતાના ઉપકારીના દર્શન થાય છે. તેને સર્વવ્યાપકતા થઈ ગઈ, એમ કહેવામાં આવે છે. આવું બને છે. (આવું) પણ બને છે. આ વાત સહજ-સ્વાભાવિક હોય છે. તે કરવું પડતું નથી કે શીખવું પણ પડતું નથી. આ શીખડાવવામાં નથી આવતું. એ થઈ જાય છે.

'એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.' અહીં લક્ષ એટલે ઇરાદો. દરેક સ્થળે, બધા શાસ્ત્રમાં આ જ વાત કહેવાનો ઇરાદો છે. તેનું સૂત્ર છે. - 'ઉઁદ્વઋદ્વદ્વઇ ક્ષ્દ્વજજદ્વ૯ ઉઁદ્વઋદ્વદ્વઇ રુદ્વઙ્દ્વ૯ ' 'આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ.' બહારમાં તો જે લોકો તપ કરે છે ને ! જેમકે ઉપવાસ આદિ કરે છે; ન ગમતી પરિસ્થિતિને સહન કરીને પણ તપ કરે છે. પરંતુ ગુરુઆજ્ઞા ન ગમે, એવું ક્યારેય બનતું નથી. પોતાની પસંદગી-નાપસંદગીની એમાં કોઈ પરિસ્થિતિ નથી હોતી કે, મને આ પસંદ છે કે નહીં ? એ વાત ત્યાં રહેતી નથી. કહે છે ને ? No choice, No voice. તેની સામે કોઈ અવાજ નહીં. બસ ! જે આજ્ઞા છે તેને ઉઠાવી લીધી. તેમાં કાંઈ સહન કરવાં - નહીં કરવાનો પ્રશ્ન જ અસ્થાને છે. તેને જ તપ કહેવામાં આવ્યું છે. અને તપ પરમ પ્રેમથી ઉપાસનીય હોય છે. આર્તધ્યાનના પરિણામથી જે તપ કરવામાં આવે છે તે તપ છે જ નહીં.

મુમુક્ષુ :- આમાં નિમિત્તનું ઘૂંટણ બહુ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આખો દિવસ નિમિત્તનું ઘૂંટણ ચાલે છે ત્યારે કેમ પ્રશ્ન ઉઠતો નથી ? ભૂખ લાગે એટલે ખાવા બેસી જઈએ, બહુ ભૂખ લાગી હોય તો ઝપટ મારે ! તરસ લાગી હોય તો ફટાફટ પાણી પી લઈએ છીએ, ત્યાં તો નિમિત્ત સૂઝતું નથી ! અને આખો દિવસ - ચોવીસ કલાક કર્મના ઉદયમાં - નિમિત્તમાં જોડાઈને કામ કરે છે. એક સમય એવો બતાવી દ્યો કે, તમારા ચોવીસ કલાકમાંથી એક સમય પણ તમે નિમિત્તાધિન થયા વગર પ્રવૃત્તિ કરતા હો ? (બસ !) એક સમય બતાવી દ્યો ! માટે અહીં, પહેલાં નિમિત્ત બદલો. આ રીતે પહેલા (નિમિત્ત) બદલો. જ્યારે તું નિમિત્તાધિન થયેલો જ છો અને બીજો કોઈ બચવાનો ઉપાય નથી તો એક વખત નિમિત્તને બદલો. પછી ઉપાદાનામાં (આપો આપ) આવી જશો. નિમિત્ત બદલ્યા વગર ક્યારેય ઉપાદાનમાં નહીં આવી શકે. ઘડો ઊંધો છે તે આડો થશે પછી સીધો થશે. એક પણ ઘડો આડો થયા વગર સીધો થયો હોય તે અસંભવ છે - અશક્ય છે. ક્યારેય ન બની શકે, તો પહેલાં આડા તો થઈ જાવ ! એમ કહે છે. જ્યારે આડા થવાનું કહેવાય છે તો આ કહે છે કે, આડા નહીં સીધા થવું છે. તો કહે છે કે, તારે સીધા થવું જ નથી. એમ વાત છે. અહીં નિમિત્તાધીન દૃષ્ટિ થઈ જાય છે, એવો વિચાર જેને આવે છે તેઓ બહુ દુર્ભાગી છે ! બહુ મોટો દુર્ભાગી છે ! કારણકે અહીં પણ તેની સરળતા ન રહી. - આડોડાઈમાં રહ્યો.

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ - આ આચારાંગસૂત્ર ક્યાંથી નીકળ્યું ? ભગવાનની વાણી અને ગણધર ગૌતમસ્વામીના માધ્યમથી આ આચારાંગસૂત્ર લખાયું છે. આ મૂળ સૂત્ર છે. 'ઋદ્વહ ઇ઼્દ્વદ્વ ઋદ્વદ્વઝ્વદન્દ્વ કૃદ્વહ કૃદ્વગ્દ્વદ્વ ઋદ્વદ્વઝ્વદન્દ્વ' (આ પણ) મૂળ સૂત્ર છે. 'ૐદ્વઝ્વદ્વઇ ક્ષ્દ્વજજ્દ્વહ ૐદ્વઝ્વદ્વઇ સ્દ્વગ્દ્વહ—' - આ મૂળ સૂત્ર છે. બાકી પછી Adulteration (ભેળસેળ) થઈ હોય, તે અલગ વાત છે. બાકી કેટલાંક મૂળ સૂત્રો એમનેમ રહ્યાં છે. આ ભગવાનનું મૂળ સૂત્ર છે. શું ભગવાનને ઉપાદાનની ખબર નહીં હોય ? ભગવાનને ઉપાદાનનો ઉપદેશ દેતાં નહોતું આવડતું કે જેથી આવું સૂત્ર લખી નાખ્યું ? તો પછી ભગવાનની ભૂલ થઈ ગઈ કે શું !! અમે તો ઉપાદાનવાળા ! ભગવાનની પણ ભૂલ કાઢી શકીએ છીએ. !! (અરે !) આ જ સ્વચ્છંદ છે, બીજું કાંઈ નથી. આનું નામ જ સ્વચ્છંદ છે.

'સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે.' સર્વ મહાપુરુષોનો આ જ કહેવાનો

ઇરાદો છે. 'એ લક્ષ જીવને સમજાયો નથી' અનંતકાળમાં અનંતવાર સાંભળ્યાં છતાં પણ સમજમાં નથી આવ્યો. 'તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે...' જુઓ ! શું લખ્યું ? કેમ સમજાણું નથી ? કારણકે અભિપ્રાયમાં સ્વચ્છંદ રાખીને સાંભળ્યું છે. '(જ્ઞાનીપુરુષ) ભલે ને ના પાડે ! આપણે તો જે ક્રિયા કરવી હો તે જ કરીશું !' પૂજા પહેલાં કરશું, પછી સ્વાધ્યાય કરશું ! ( એવું ભાવમાં રાખીને સાંભળ્યું.) આપણે ત્યાં પણ કેટલાંક કરે છે ને ! પહેલા પૂજા પછી સ્વાધ્યાય ! અને સ્વાધ્યાય ચાલતો હોય તે જ સમયે પૂજા (પણ ચાલતી હોય છે) !'

ગુરુદેવશ્રી તો ઠપકો આપતા હતા. (કહેતાં હતાં) કે આને તો શુભભાવ કરવાની પણ સમજણ નથી, તો જ્ઞાન તો ક્યાંથી થશે ? ક્યો શુભભાવ ઉચ્ચકોટિનો છે અને ક્યો કરવો જોઈએ ? એ પણ એને જ્ઞાનમાં - સમજણમાં નથી આવ્યું !

(અહીં કહે છે, એવું થવામાં) 'સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કાંઈ છે તે આ ઉપરથી તમે વિચારો.' જેનો સ્વચ્છંદ મંદ થયો છે તેને ચાર પ્રકારની પ્રતિબદ્ધતા છે. લોકસંબંધી એટલે સમાજ સંબંધીત, સ્વજન-કુટુંબ સંબંધી, દેહાભિમાનરૂપ બંધન અને સંકલ્પ-વિકલ્પરૂપ (બંધન) - એ જે પ્રકારના પ્રતિબંધ છે, એ બંધનને દૂર કરવાનો સર્વોત્તમ ઉપાય જે કાંઈ છે, તેનો આ ઉપરથી તમે વિચાર કરો. 'અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો.' લલ્લુજીને કહે છે કે, ચાર પ્રકારના પ્રતિબંધ છોડવાનો વિચાર કરજો અને એ વિચાર કરતાં કાંઈ પૂછવા યોગ્ય જરૂરિયાત લાગે, આવશ્યકતા લાગે તો અમને પૂછજો.

'અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે.' (ઉપશમ) એટલે સમ્યક્દર્શન થશે, થશે અને થશે જ. 'ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવાં પુરુષનો ખોજ રાખજો.' અહીં (જો કોઈ) સત્પુરુષ ન હોય તો તેની ખોજમાં રહેજો, એવો એક સંકેત કર્યો છે. કારણકે માની લ્યો કોઈને ખબર તો પડી કે, સત્પુરુષના ચરણમાં રહેવું જોઈએ પણ સત્પુરુષ હોય તો ચરણમાં રહીએ ને ! (તો) એની ખોજ કરવી પડે છે.

'બાકી બીજા બધાં સાધન પછી કરવા યોગ્ય છે.' અર્થાત્ એક પણ સાધન પહેલાં ન કરવું, બાકી બધાં પાછળ રાખ્યાં છે. 'આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે

નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.' બીજો કોઈ માર્ગ છે નહીં, તેમ છતાં પણ કોઈ તર્ક ઉઠે તો કહી દેજો. તમને (તેનો જવાબ) આપી દેશું. એમ કહીને લલ્લુજીસ્વામીને આ પત્ર લખ્યો છે. (સમય સમાપ્ત થયો છે).

જિનેશ્વરના માર્ગની સુંદરતા કોઈ ઔર જ છે. તે માર્ગે સંચરનાર પૂર્ણરુપેણ નિર્દોષ થવા ચાહે છે, ત્યારે પોતાના દોષ દેખાડનારને અતિ ઉપકારી ગણે છે, એટલું જ નહિ, ઉપસર્ગ કરનાર નિંદા અને અવર્ણવાદ કરનારને પણ ઉપકારી સમજે છે, કેમકે તે પ્રકારના ઉદયમાં પોતાનો પુરુષાર્થ ઉપાડે છે અને પૂર્વનો અપરાધ ધોવામાં તે નિમિત્ત (મદદરૂપ) થાય છે. તેથી તેના પ્રત્યે દ્વેષભાવ થતો નથી. દ્વેષબુદ્ધિ અને રાગબુદ્ધિ તો તે પહેલા જ મટાડી હોય છે. તેથી રાગ-દ્વેષનું બળ તો હોતું જ નથી. આવા જીવને તારણહાર શ્રીગુરુ પ્રત્યે અસીમ ઉપકાર ભાવ વર્તે તેમાં શું આશ્ચર્ય છે ?!

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૬૪)

## ૧૯૫

મુંબઈ, પોષ, ૧૯૪૭

### સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર

માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :–

'અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?'

આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.

તા. ૨૮-૦૪-૧૯૯૬, પ્રવચન નં. ૪૩
પત્રાંક – ૧૯૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર – ૧૯૫. પત્રનું મથાળું છે 'સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર' સત્સ્વરૂપ એટલે પોતાનો આત્મા. ત્રિકાળ હોવારૂપ છે. સત્ એટલે હોવાપણું – અસ્તિત્વસૂચક છે. સત્ ઉપરથી સત્તા શબ્દ આવ્યો છે. સત્તા છે તે

અસ્તિત્વગુણની પર્યાય છે. જે ત્રણેકાળે શાશ્વત હોવાપણે છે, સત્સ્વરૂપે છે તેવા પોતાના આત્માને અભેદરૂપે, કેમકે પોતે જ છે, પોતાથી કોઈ બીજો નથી, નમસ્કારને યોગ્ય પોતે જ છે, એવા પોતાના સ્વરૂપને અભેદપણે, અભેદભાવે અનન્ય ભક્તિએ નમસ્કાર.

પોતાના સ્વરૂપની ભક્તિ કરી છે. પોતે જ પરમ આત્મપદ સ્વરૂપે પરમાત્મા હોવાથી, પરમેશ્વર હોવાથી, પોતે જ જિનેશ્વર હોવાથી, 'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ', એવા પોતાના સ્વરૂપને અનન્યભક્તિએ એટલે ઉત્કૃષ્ટ ભક્તિએ, તેના જેવી બીજી કોઈ ભક્તિ ન હોય એવી ભક્તિથી નમસ્કાર. નમસ્કાર કરે છે એટલે નમે છે, નમે છે એટલે ઢળે છે, ઢળે છે એટલે સ્વરૂપમાં લીન થાય છે. એને અનન્ય ભક્તિ કહેવામાં આવે છે. આવી રીતે સ્વરૂપની અભેદ ભક્તિ કરીને પત્રનો પ્રારંભ કરે છે.

'માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :–' શું કહે છે ? મોક્ષમાર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે. માર્ગ એટલે ઉપાય, ઇલાજ. સંસારથી મુક્ત થવાનો ઉપાય પ્રાપ્ત કરવાની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે તેણે બીજા બધા વિકલ્પો મૂકી દેવા. એટલે શું ? કે હું આમ કરું તો મને મોક્ષમાર્ગ મળે, હું શાસ્ત્ર વાંચું તો મને મોક્ષમાર્ગ મળે, હું પૂજા-ભક્તિ કરું તો મને મોક્ષમાર્ગ મળે કે નહીં ? હું દાન આપું તો મને મોક્ષમાર્ગ મળે કે કેમ ? હું વ્રત, ઉપવાસ કરું કે સામાયિક, પ્રતિક્રમણ કરું તો મને મોક્ષમાર્ગ મળે ? શું કરવાથી મને મોક્ષમાર્ગ મળે ? અથવા મારો ક્રોધ ચાલ્યો જાય તો મને મોક્ષમાર્ગ મળે ? મને ફલાણો ભાવ થાય છે ઈ મટી જાય તો મને મોક્ષમાર્ગ મળે ? મને આમ થઈ જાય છે તો મને મોક્ષમાર્ગ મળે ? અનેક પ્રકારના પોતાના વિભાવ પરિણામો અને બાહ્ય ધર્મસાધનોના વિકલ્પો જીવને આવે છે.

જીવને શું થાય છે ? કે આ ભાવ મારા બરાબર નથી માટે એવા ભાવ મને ન આવે તો સારું. એનો ઉપાય ગોતે. પોતાના મુખ્ય દોષ જે ખ્યાલમાં આવતા હોય એને મટાડવાનો વિકલ્પ આવ્યા કરે અને અનેક પ્રકારના ધર્મસાધનો કરવાના વિકલ્પ પણ આવે છે અને એ વિકલ્પ પાછળ એવો હેતુ હોય છે, એવી આશા હોય છે, જીવ એવી આશા ધારે છે કે, મને કોઈ રીતે મોક્ષનો માર્ગ મળે, મારું કલ્યાણ થાય. મોક્ષનો માર્ગ મળે એટલે મારું કલ્યાણ થાય.

કહે છે કે એણે બધા વિકલ્પ મૂકી દેવા. જ્ઞાયકનો વિકલ્પ કરવો કે નહીં ? બહુ સરસ

માર્ગદર્શન છે. આ પત્રમાં એવું માર્ગદર્શન આપ્યું છે કે, જીવ ધર્મના નામે, ધર્મના બહાને બીજે માર્ગે ચડી જાય છે. ધર્મસાધન કરતાં કરતાં ઘણો સમય વ્યતીત થયો હોય છતાં ધર્મપ્રાપ્તિ નહીં થઈ હોવાનું કારણ શું ? (આ) વિચારવા યોગ્ય વિષય છે. વાત વિચારવા યોગ્ય એટલા માટે છે કે અનેક વર્ષો ચાલ્યા જવા છતાં અને અનેક પ્રકારે ધર્મસાધન કરવા છતાં ધર્મપ્રાપ્તિ નથી થઈ એ એમ બતાવે છે કે, જીવ બીજા માર્ગે વળી ગયો છે. શું બતાવે છે ? બીજા માર્ગે વળી ગયો છે. એને રસ્તો હાથ આવે એવો કોઈ ઉપાય સૂઝ્યો નથી, બીજા ઉપાયે એ ચઢી ગયો છે. તો કહે, પણ શાસ્ત્ર વાંચે છે ને ! ગમે ઈ કરતો ન હોય ! નક્કી બીજા રસ્તે ચડી ગયો છે, નહીંતર માર્ગપ્રાપ્તિમાં વાર લાગે એવો આ માર્ગ નથી.

'સમયસાર'માં તો છ મહિનાની વાત કરી છે. એક છ મહિના શરીરનો પાડોશી થઈને તારા પરમતત્ત્વનું કુતૂહલ કર ! જિજ્ઞાસા કર ! છ જ મહિના લીધા છે અને છ વરસ કે એથી અનેક વરસ નીકળી ગયા હોય, જેને જેટલા ગયા હોય એટલા, તે એમ બતાવે છે કે, એણે જે ઉપાય કરવો જોઈતો હતો તે ઉપાય હજી સુધી કર્યો નથી, એ વાત નક્કી છે અથવા એ વાત સાબિત થઈ ચૂકેલી છે.

મુમુક્ષુ :– એમાં કોઈ શંકાને સ્થાન નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એમ સાબિત થઈ ચૂકી, એમાં શું શંકા કરે ? સાબિત થઈ ગઈ છે કે, હજી સુધી માર્ગપ્રાપ્તિ નથી થઈ માટે એણે ઉપાય બીજો કર્યો છે, કરવા જેવો ઉપાય નથી કર્યો, એ વાત નક્કી છે.

એને હવે કહે છે કે, તું બધા વિકલ્પ મૂકી દે. તમામ વિકલ્પ મૂકી દઈને 'આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :–' આ વિકલ્પનું ફરી ફરીને સ્મરણ કર, એ શરતે કે બીજા બધા વિકલ્પો મૂકી દઈને. બીજું પણ સાથે ચાલુ રાખજે એની ના પાડી છે, એમ કહે છે. પહેલામાં પહેલું અને બીજું સાથે કંઈ નહીં રાખવાની શરતે. નહીંતર બે વાત ભેગી રાખે કે તમે કહો તો આ પણ કરીએ અને સાથે સાથે બીજું પણ અમારે જે કરતાં હોય એ અમે ચાલુ રાખીએ, એ વાત અહીંયાં નથી. બધું મૂકી દઈને, એમ કહે છે.

'અનંતકાળથી જીવનું પરિભ્રમણ...' 'અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ?' જીવ એટલે પોતાનો આત્મા, હોં ! બીજાની વાત નથી. આ આત્માનું અનંતકાળથી પરિભ્રમણ ચાલુ છે, એનો નાશ કેમ થતો નથી ? નિવૃત્તિ એટલે નાશ થવો.

એનો નાશ કેમ થતો નથી ? 'અને તે શું કરવાથી થાય ?' એની ચિંતા, નાશ નથી થયો એની ચિંતા અને શું કરું તો નાશ થાય, એની ચિંતા.

'આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે;...' વાક્ય એક છે પણ એની અંદર અર્થ ઘણો ભર્યો છે. ઘણી વાતો ભરી છે. કેમ ખબર પડે કે ઘણી વાતો ભરી છે ? કે એ ચિંતનામાં આવે ત્યારે ખબર પડે, એની ચિંતા જાગે ત્યારે (ખબર પડે). જ્યાં સુધી યથાર્થ પ્રકારે જીવને પોતાના પરિભ્રમણની ચિંતા ન થાય ત્યાં સુધી 'એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના,...' માત્ર ચિંતના કર્યા વિના એમ નહીં. પરિભ્રમણથી છૂટવા માટે, તેના માટે એટલે પરિભ્રમણથી છૂટવા માટે 'દૃઢ થઈ ઝૂર્યા વિના...' ચિંતનામાંથી વેદના અને વેદનામાંથી ઝૂરણા આવે. આવી ભૂમિકા આવવી જોઈએ. આ પ્રકારના પરિણામ પહેલા થવા જોઈએ. જુઓ ! વાત તો વિચારથી શરૂ કરી પણ વિચારમાંથી વેદન શરૂ થાય અને એ વેદન તીવ્રતા પકડે ત્યારે એ વેદનામાંથી ઝૂરણા આવે. ઝૂરણા આવે એનો અર્થ એમ થાય કે, અસહ્ય પરિસ્થિતિ ઉત્પન્ન થાય.

એમ થયા વિના, એ સ્થિતિમાં આવ્યા વિના 'માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી;...' માર્ગનું તો ભાન થતું નથી (પરંતુ) કઈ દિશામાં એ માર્ગ આવ્યો એનું પણ ભાન થતું નથી અને થોડું પણ ભાન થતું નથી. એ પહેલાં, આ દશામાં આવ્યા પહેલાં જીવ બીજું બીજું જે કંઈ કરે છે તે બીજા માર્ગે ચડી જાય છે. એ બીજા માર્ગને ઉન્માર્ગ કહો તોપણ બરાબર છે. કેમકે માર્ગમાં એક જ સન્માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' એક જ પ્રકારે માર્ગ છે, એ માર્ગને છોડીને બીજા માર્ગે ચડી જાય ત્યારે એને ઉન્માર્ગ કહેવામાં આવે છે.

'એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે.' આ પોતાના અનુભવની વાત કરે છે. પોતે પણ માર્ગે ચડ્યા છે, એ પહેલા મુમુક્ષુની ભૂમિકામાં આવ્યા છે અને આ સ્થિતિમાં આવ્યા પછી માર્ગની દિશા સૂઝી છે. માર્ગની દિશા સૂઝી એમ કહો, કે આત્મકલ્યાણની દિશા સૂઝી એમ કહો અથવા એમ કહો કે, પોતાના હિત-અહિતની સૂઝ, સૂઝ-બૂઝ, અંદરમાં સૂઝ ક્યારે આવે ? કે આ પરિણામ મને અહિતકારક છે, આ પરિણામ થયું તે મને હિતકારક થયું, આ પરિણામ થયું તે મને અહિતકારક થયું. એવી સૂઝ ક્યારે પડે ? કે આવી વેદના અને ઝૂરણામાંથી પસાર થયો

હોય ત્યારે. એ પહેલાં આવે નહીં, એ પહેલાં બીજા માર્ગે ચડી જાય છે. બીજું કરવા જાય તો બીજે માર્ગે ચડી જાય છે. આ જગ્યાએ એમણે બહુ મહત્ત્વની વાત કરી છે.

કહે છે, એ ચિંતામાં તું આવ ! આ એક ભવરોગ છે, પરિભ્રમણ જેને કારણે થાય છે એ એક પ્રકારનો જીવને અનાદિથી લાગુ પડેલો ભવરોગ છે. રોગનું એવું છે કે, રોગ જેમ જૂનો એટલો ભયંકર. શરીરરોગમાં પણ એમ છે કે, કોઈ રોગ ઘર કરી જાય, ભલે ને પછી ખાલી ઉધરસ અને ખાંસી આવતી હોય, પણ જો એ તાત્કાલિક મટાડવામાં ન આવે અને ઘર કરી જાય તો પછી એમાંથી કંઈકનું કંઈક થઈ જાય. કાં ફેફસાં સડી ગયાં હોય અને કાં ટી.બી. થઈ ગયો હોય અને કાં કંઈક થઈ ગયું હોય. એને હઠીલો રોગ કહે છે. હઠીલો રોગ – Chronic disease થઈ જાય છે. એટલે આપણે ગુજરાતીમાં કહેવત છે કે, રોગ અને દુશ્મનને ઊગતા ડામવા. શું કહે ? દોષ અને દુશ્મન – દોષ અને દુશ્મનને ઊગતા ડામવા એટલે કે એને જૂના થવા દેવા નહીં, નહીંતર એની શક્તિ વધી જાય છે અને એ શક્તિને તોડતા પછી પરિશ્રમ પડે છે. સો-પચાસ વર્ષના શરીરરોગ માટે આવી સમજણ પ્રચલિત છે. લોકમાં આવી સમજણ પ્રચલિત છે અને આ અનાદિનો Chronic થયેલો રોગ છે એને કેવી રીતે મટાડવો ? એને મટાડવાના ઉપાયનું પહેલું પગથિયું, પહેલું કયુ પરિણામ છે ? એ વિષયમાં શાસ્ત્રના થોથેથોથા વાંચ્યા પછી એની ખબર નથી કે ક્યાંથી શરૂ કરવું ? વાંચ્યું તો ખરું પણ શરૂ ક્યાંથી કરવું ? આ શરૂ ક્યાંથી કરવું એનો સીધો નિર્દેશ છે.

વાત એમ લેવી હતી કે, જ્યારે કોઈ પણ રોગ મટાડવાની ચિંતા થાય છે ત્યારે એ સંબંધીની ખરી શોધ ચાલે છે અને ખરી શોધ ચાલવામાં અનેક પ્રકારે એની વિચારણા ચાલે છે કે, ખરેખર શું કરવું તો આ રોગ મટે ? ખરેખર શું કરવાથી આ રોગ મટે ? આ જે સમસ્યા છે, આ ભવરોગ મટાડવાની સમસ્યા છે, એ ભવરોગનું નિદાન કરવામાં આવે (કે) ક્યાંથી થયો ? તેનું કારણ શું ? કેમકે રોગને મટાડવામાં સૌથી પહેલા એનું નિદાન કરવામાં આવે છે અને નિદાન સાચું થાય તો જ ઇલાજ સાચો થાય. Scientific વાત આ છે કે, મૂળિયું શું ? જ્યાં સુધી મૂળિયું હાથમાં ન આવે ત્યાં સુધી બધા ઇલાજ ઉપરચોટિયા થાય છે અને મૂળ કારણ હાથમાં આવે એટલા માટે એના Investigationમાં જવા માટેના બધા ઉપાયો શોધવામાં આવે છે.

આ ભવરોગનું મૂળ કારણ છે મિથ્યાત્વ અને અજ્ઞાન. શું છે ? મિથ્યાત્વ અને અજ્ઞાન.

એમાં સૌથી જોરાવર છે દર્શનમોહ. મિથ્યાત્વ કહો કે દર્શનમોહ (કહો). એ દર્શનમોહ એટલો બળવાન છે એટલો બળવાન છે કે, ભવરોગને મટાડવાનો ઉપદેશ મળે તોપણ એ ઉપદેશની જીવને અસર થતી નથી. અસર ન થાય, દર્શનમોહ એટલો બળવાન છે (એટલે) ઉપદેશની અસર નથી થતી. સાંભળે, પછી કંઈ લેવા કે દેવા ! કંઈ ફેર પડે નહીં ! એનો મૂળમાંથી ફેર પડે ક્યારે ? કે આ વેદના અને ઝૂરણામાં આવે ત્યારે. યથાર્થ પ્રકારે પાયામાંથી દર્શનમોહને હચમચાવી નાખનાર કોઈ હોય તો એ પરિભ્રમણની વેદના અને ઝૂરણા છે. ઢીલો પાડી દ્યે, એનો પાયો છે એને હલાવી નાખે.

પ્રશ્ન :– 'મહાવીરસ્વામી'ની દિવ્યધ્વનિમાં આ આવ્યું ?

સમાધાન :– 'મહાવીરસ્વામી' ભગવાનની દિવ્યધ્વનિમાં એટલા માટે આવ્યું હતું કે 'મહાવીરસ્વામી'ને પોતાને પણ એ દશા પહેલા થઈ હતી. દસમા ભવમાં પહેલી એ દશા થઈ હતી. જ્યારે મુનિઓએ એમને ચેતાવ્યા કે, હે જીવ ! શું કરે છે આ તું ? તેં પરિભ્રમણ કેટલું કર્યું ? આમ તો બધા આત્મા અનાદિના છે, એમ 'મહાવીરસ્વામી' ભગવાનનો આત્મા પણ અનાદિનો (છે), પણ એમનો ઇતિહાસ છે એ 'ઋષભદેવ' ભગવાનના સમયથી એમનો ઇતિહાસ મળે છે, એ પહેલાનો એમનો ઇતિહાસ મળતો નથી. એક ક્રોડાક્રોડી સાગર પહેલા 'ઋષભદેવ' ભગવાન જ્યારે સર્વાર્થસિદ્ધિમાંથી અહીંયાં મનુષ્યલોકમાં તીર્થંકરના ભવમાં પધાર્યા ત્યારે એમના પુત્રના પુત્ર તરીકે – મરીચિકુમાર તરીકે 'મહાવીરસ્વામી'નો જીવ હતો અને ત્યારે એમણે એના દાદાનો વિરોધ કર્યો. જુઓ ને ! જીવે શું શું કર્યું છે !

મુમુક્ષુ :– આ પહેલા તીર્થંકર અને આ છેલ્લા તીર્થંકર !

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ પહેલા તીર્થંકર અને આ છેલ્લા તીર્થંકર. પણ પરિસ્થિતિ Contradictory પરિસ્થિતિ, સમજ્યા ? ગાળો દ્યે, ગાળો ! સમવસરણની બહાર જઈને હોં ! અંદર તો કોઈનું કંઈ ચાલે નહીં. આમને હું ઓળખું છું. માયાવી છે, મહામાયાવી છે, એમ કહે. જુઓ ! આ બધા ચમત્કાર કર્યા છે. હમણાં અહીંથી બધું ઉપાડી લેશે. સમવસરણ જાય એટલે બધું ખલાસ ! સમવસરણ બીજે જાય એટલે અહીં પાછું કંઈ ન હોય. એક ઈંટનો કટકો પણ ન પડ્યો હોય. બીજા એને માની લ્યે (કે), વાત તો આની સાચી છે. કહે છે એમાં કંઈક છે, વાતમાં કંઈક માલ છે. જુઓ ! અહીંયાં એક પણ કટકો રહ્યો ? એવું જ થયું. દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષની વિરુદ્ધ જાય એટલે નરક-નિગોદમાં જવાનું પાકું થઈ જાય. કેટલીએ વાર નરકમાં ગયા. મહાપુરાણમાં આવે છે, મહાપુરાણમાં

આ વાત છે, જ્યારે–જ્યારે મનુષ્ય થયા, જેટલી–જેટલી વાર મનુષ્ય થયા, એટલી એટલી વાર એમણે જૈનધર્મનો, તીર્થંકરોનો વિરોધ કર્યો.

મુમુક્ષુ :– વિરોધનો ઝંડો ઉપાડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– અને વિરોધના નેતા પાછા ! ઝંડો ઉપાડે, વિરોધી નેતા થઈ જાય. એ પાછા નરકમાં જાય ! આ સિંહના ભવમાં પણ હજી નરકમાંથી જ આવ્યા છે. દસમા ભવ પહેલા અગિયારમો ભવ એમનો નારકીનો હતો. નારકી હોય એ પાછા તિર્યંચમાં જાય એ મોટા ભાગે ક્રોધી પ્રાણી થાય. સિંહ પણ ક્રોધી પ્રાણી છે. હિંસક પ્રાણી થાય. પણ ભવિતવ્યતા પાકી ગઈ હતી. જેવું મુનિરાજે સંબોધન કર્યું, આંખમાંથી આંસુની ધારા જવા માંડી. વેદના.. વેદના.. વેદના.. વેદના... વેદનામાં આવી ગયા. પોતે કરેલા અપરાધનો પશ્ચાત્તાપ.. પશ્ચાત્તાપ.. એકલો પશ્ચાત્તાપ. એ આંસુ છે એ એનું ધોવાણ કરે છે, બધા પૂર્વે કરેલા અપરાધોનું ધોવાણ કરી નાખે છે. નીકળી ગયું બધું. દર્શનમોહ એટલો બધો અલ્પ સમયમાં (ગળી ગયો). મિનિટોની અંદર દર્શનમોહને ગાળી નાખ્યો અને સમ્યગ્દર્શનને પામ્યા.

એ 'મહાવીરસ્વામી'થી માંડીને જેટલા મહાત્માઓ છે, જેનો ઇતિહાસ જોવા મળે છે, એ બધાની આ સ્થિતિ જોવામાં આવે છે. 'સોગાનીજી' પણ એટલા જ વેદનામાં આવેલા. પૂજ્ય 'બહેનશ્રી' પણ એટલા જ વેદનામાં આવેલા અને 'કૃપાળુદેવ' તો પોતે લખે છે કે, અમારી પણ આ દશા થઈ હતી. એ થાય જ. એ વગર અંતઃકરણની શુદ્ધિ ન થાય. ઉપર ઉપરથી કષાય મંદ કરે એમાં કાંઈ અંતઃકરણ શુદ્ધ ન થાય.

પ્રશ્ન :– અંતઃકરણ શુદ્ધ થાય એટલે ?

સમાધાન :– અંતઃકરણ શુદ્ધ થાય એટલે આખો અભિપ્રાય બદલાઈ જાય. આખો આત્મા પલટો મારી જાય. અત્યારે શું છે ? જીવ ધર્મસાધન કરે છે, ધર્માયતનમાં આવીને ધર્મસાધન કરે છે પણ ઉપરચોટિયું. અંદરમાં સંસારના બધા અભિપ્રાય એમને એમ સાજા હોય ! આના વગર નહીં ચાલે ને આમ કર્યા વગર નહીં ચાલે ને આના વગર આમ ન થાય ને આમ ન થાય. એ બધા વિપરીત અભિપ્રાયો એમ ને એમ સાજા હોય (અને) ઉપરચોંટિયા ધર્મનાં થોડાં કાર્યો કરી લે, એથી કોઈ ધર્મની પ્રાપ્તિ ન થાય.

આત્મકલ્યાણ થવા માટે અંતઃકરણની શુદ્ધતા જોઈએ. અંદરની શુદ્ધતા શરૂ થવી જોઈએ અને (એ) આ વેદના અને ઝૂરણામાં આવવાથી થાય છે. આમ તો મુમુક્ષુતાનો પ્રારંભ પૂર્ણતાના લક્ષથી થાય છે. 'ગુરુદેવશ્રી'એ આ સૂત્ર આપ્યું છે કે, 'પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક

શરૂઆત છે.' 'કૃપાળુદેવ' એને 'દઢ મુમુક્ષુતા' કહે છે. એ પૂર્ણતાનું લક્ષ ક્યારે બંધાય ? કે, અંતઃકરણની શુદ્ધિ હોય ત્યારે. જ્યાં સુધી હજી સંસાર સુખમય છે (એવું લાગે છે), એના કોઈ પ્રસંગ, કોઈ પદાર્થમાંથી હજી સુખ લેવાની આશા અને અપેક્ષા અંતઃકરણમાં બેઠી છે ત્યાં સુધી અંતઃકરણ મલિન છે. પુદ્ગલમાંથી સુખ જોઈએ છે ત્યાં સુધી અંતઃકરણ મલિન છે. અંતઃકરણ મલિન હોય ત્યાં સુધી પૂર્ણતાનું લક્ષ થાય નહીં અને પૂર્ણતાનું લક્ષ થાય નહીં ત્યાં સુધી મુમુક્ષુતાનો પ્રારંભ એટલે શરૂઆત થાય નહીં. પાયાનો પથ્થર પૂર્ણતાનું લક્ષ છે. પૂર્ણ થવા માટે, મોક્ષ થવા માટે, પાયાનો Foundationનો stone પૂર્ણતાનું લક્ષ થવું તે છે. એ પૂર્ણતાનું લક્ષ કેમ થતું નથી ? કે અંતઃકરણ મલિન છે માટે થતું નથી. એ અંતઃકરણની શુદ્ધિ કેમ થાય ? કે પરિભ્રમણની ચિંતા અને વેદના આવે તો થાય.

અહીંથી પ્રવેશ થાય છે. કરવું શું ? કે જ્યાં સુધી એ વેદના અને ચિંતા ન આવે ત્યાં સુધી બીજા બધા વિકલ્પો, ધર્મ કરવાના બધા વિકલ્પ મૂકી દેવા, એમ કહે છે. તૈયારી છે ? આમ આત્માને પૂછી લેવું. પોતાના આત્માને પૂછી લેવું કે, બીજા વિકલ્પો મૂકી દેવાની તૈયારી છે ? કે હજી બીજા સાધન કરવા છે ? (કરવા છે એમ લાગે) ત્યાં સુધી વેદના અને ઝૂરણા આવશે નહીં, આમ છે. અને ત્યાં સુધી આગળ ચાલવાની, એક ડગલું પણ આગળ ચાલવાની કોઈ વાત નથી.

લક્ષ બંધાય પછી અવલોકન ચાલે, કારણ કે પછી સ્વરૂપપ્રાપ્તિની ભાવનાનો સંવેગ ઉત્પન્ન થાય, પછી અવલોકન અને ખોજ ચાલે. સ્વરૂપની ખોજ ચાલે પછી ભેદજ્ઞાનનો વારો આવે. ત્યાં સુધી સ્વરૂપઅનુભવનું અનન્ય કારણ એવું જે ભેદજ્ઞાન, એ ત્યાં સુધી કોઈને શરૂ થાય નહીં. 'સમયસાર'માં 'કુંદકુંદાચાર્યદેવે' ૧૮મી ગાથામાં એ વાત કરી. 'મોક્ખકામેણ', તું ભેદજ્ઞાન કર, મોક્ષાર્થી થઈને ભેદજ્ઞાન કર. મોક્ષાર્થી થઈને એટલે ? પૂર્ણતાનું લક્ષ બાંધીને. હજી તો પહેલા પગથિયે પગ મૂકવાની તૈયારી નથી. આગળની વાત ક્યાં કરવી ?

એટલે એમ કહે છે કે, 'આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે;...' મારા પરિભ્રમણનો નાશ કેમ થતો નથી ? આ પ્રશ્ન કેમ જીવને આવતો નથી ? મારા પરિભ્રમણનું શું ? – એ પ્રશ્ન આવવો જોઈએ. જ્યાં સુધી એ પ્રશ્ન અંદરમાં ઊભો ન થાય ત્યાં સુધી એની ચિંતા આવે નહીં. એની ચિંતા આવે નહીં, ત્યાં સુધી બીજી કોઈ આગળની વાત ઊભી થાય નહીં.

મુમુક્ષુ :- જીવ જ્યારે આ ચિંતામાં આવે ત્યારે નાનીમોટી બીજી ચિંતા તો ક્યાંય ચાલી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે, જીવ સંસારનાં કાર્યોની ચિંતાથી ઘેરાયેલો છે. કોઈ એમ કહે કે, અમે હવે નિવૃત્તિ લીધી છે અને સંસારનાં કાર્યો કરતાં નથી. પણ પોતાની અનુકૂળતાઓ સચવાય, રહે, જળવાય અને કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતાઓ ન આવે એની ચિંતા ક્યાં છોડી છે ? અને કેવી રીતે છૂટે એને ? જ્યાં સુધી સંયોગોમાં સુખબુદ્ધિ પડી છે અને સ્વરૂપમાં સુખ છે એની સુખબુદ્ધિ થઈ નથી, ત્યાં સુધી અનાદિની એ ચિંતા ગળે પડેલી છે એ છૂટે જ નહીં અને અનાદિથી એ ચિંતાથી જીવ ઘેરાયેલો છે. એ ઘેરાવામાં ઊભો ઊભો ગમે એટલા ઉપદેશ સાંભળે કોઈ ઉપદેશની એને અસર થાય નહીં. એમ ને એમ ધોયેલા મૂળા જેવો રહે. એવો ને એવો રહે, કંઈ ફેર ન પડે ! કેમકે એને અનુકૂળતા ને પ્રતિકૂળતાની ચિંતા છૂટે જ નહીં ને. માથું એનાથી – એ ચિંતાથી સડી ગયેલું છે.

(હવે) કરવું શું ? તો કહે, ચિંતાને હવે તું ફેરવી નાખ. ચિંતા તો કરે છે ને તું ? એ ચિંતાનો વિષય ફેરવી નાખ. જે તને વર્તમાન અને ભાવિ સંયોગોની ચિંતા છે, એ તો બધી સામાન્ય વાત છે. જન્મ-મરણનું શું ? એની ચિંતા કરને ! એમ કહે છે. ચિંતા જ કરવી હોય તો મૂળ વાતની ચિંતા કરને ! મૂળિયું સાજું રહે અને ઉપરથી પાંદડાં તોડીશ તો એ ઝાડ તો એમ ને એમ પાછું પાંગરી જશે. મૂળ વાતની ચિંતા કર. એવી જન્મ-મરણની ચિંતા એ મોટી ચિંતા છે અને જો ખરેખર મોટી ચિંતા ઊભી થાય તો એ નાની ચિંતાને ખાઈ જાય. નાની ચિંતાને અવશ્ય એ ખાઈ જાય. એ તો બને જ છે ને ? દુનિયામાં પણ એમ જ બને છે ને ! ગમે ઈ ચિંતામાં પડ્યો હોય પણ કાંઈ મોટી આફત આવી પડે ત્યાં બધું છૂટી જાય. બધી નાનીમોટી વાત છૂટી જાય કે ન છૂટી જાય ?

આ બધા રાજકીય પક્ષો અંદર અંદર લડે છે, ગળાકાપ હરીફાઈ છે, ખૂનખરાબા થાય એટલું બધું ચાલે છે ને ! પણ હમણાં જો પાકિસ્તાન કે ચીનની લડાઈ થઈ જાય તો બધા સીધાદોર થઈ ને એક ઠેકાણે આવી જાય. કેમકે, એ મોટી ચિંતા છે, આ બધાયને ખાઈ જશે. પાડોશીનો દેશ જો આપણા પર ચડાઈ કરીને રાજ કરશે તો આપણો આ જે પક્ષાપક્ષીનો જેટલો અધિકાર છે એ પણ નહીં રહે. નહીંતર તો વિરોધ કરવાનો પણ અધિકાર છે ત્યારે એ વિરોધ કરી શકે છે ને ! નહીંતર એ પણ ચાલ્યો જશે, બધાયને ગુલામ બનાવશે. મોટી ચિંતા આવે તો નાની ચિંતા ખવાઈ જાય. એમ સંયોગોની ચિંતાથી મરણની ચિંતા મોટી

છે. મરણની ચિંતા આવે તો સંયોગોની ચિંતામાં (પડ્યો છે એ છૂટી જાય). (સંયોગોની) ચિંતામાં ફસાણો છે અને ઉપર ઉપરથી ધર્મસાધન કરે છે. આમ ને આમ અનંતકાળ ગયો, આટલો બધો ગફલતમાં રહ્યો. આમ ને આમ અનંતકાળ ગયો.

પ્રશ્ન :- આટલાં વર્ષ એમ ને એમ ગયા ?

સમાધાન :- આટલાં વર્ષ શું અનંતકાળ એમ ને એમ ગયો.

આ તો જ્ઞાનીઓએ કરુણા કરીને આ બધી વાતો ખુલ્લી કરી છે કે જો ભાઈ ! તું બધા વિકલ્પ મૂકી દેજે. છતાં પણ બીજા વિકલ્પ કરે તો એ વધારે પડતો પોતાના સ્વચ્છંદ સિવાય બીજું કંઈ નથી. જીવ સ્વચ્છંદ કરે છે, દોઢડહાપણ કરીને બીજું બીજું કરે છે પણ જ્ઞાનીની આજ્ઞાએ ચાલતો નથી.

પ્રશ્ન આ થાય કે, પણ શાસ્ત્રમાં આ બધા સાધન કરવાનું કીધું છે ને ? કે, જેટલા સાધન અમે કરીએ છીએ – શાસ્ત્રસ્વાધ્યાય કરીએ, પૂજા-ભક્તિ કરીએ, દયા-દાન-જાત્રા બધું કરીએ કે વ્રત-નિયમ-સંયમ કરીએ – એ બધી વાત શાસ્ત્રમાં આવે છે માટે અમે કરીએ છીએ. તો કહે, એ બધું જ્ઞાનીની આજ્ઞાએ કરવાનું વિધાન છે. સાધન તો તેં એ બધા કર્યા છે (પણ) ધર્મ નથી પામ્યો એ હકીકત છે. એ તો સત્ય હકીકત છે કે ધર્મ નથી પામ્યો. ત્યારે શું થયું ? કે 'બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,' એનું જે રહસ્ય છે, પારમાર્થિક રહસ્ય છે એ જ્ઞાની સિવાય કોઈને ખબર નથી.

આ જ વિષયનો ઉપરનો (બીજો એક) પત્ર છે. આ વચન છે ને ? એ વચન (પત્રાંક) ૮૬ના આંકમાં એમણે દોહરાવ્યું છે. પહેલા એ વાત કરી ગયા છે, ત્યાં જરા સંક્ષેપમાં કરી છે. કેમકે સાથે સાથે, બીજા ચાર જે પ્રકાર છે ને ? મૈત્રી, કરુણા, (પ્રમોદ, મધ્યસ્થતા) એ વાત (પત્રાંક) ૮૬માં સાથે સાથે એમણે લીધી છે. મૈત્રી, કરુણા, પ્રમોદ અને મધ્યસ્થતા. ૬૨ (પત્રમાં) એ વાત કર્યા પછી એમણે એક વાત કરી છે, એ ધ્યાનની ને બધી વાત આગળ એમણે કરી છે, રૂપાતીત ધ્યાન, ને ચાર પ્રકારના ધ્યાન છે ને ? એમાં રૂપાતીત ધ્યાનની ચર્ચા કરી છે. એ બધા ધ્યાનના પ્રયોગોમાં પ્રાણાયામ છે. ત્યાંથી બધા શરૂઆત કરે છે. પ્રાણાયામથી બધા શરૂઆત કરે છે એટલે ચંચળતા ઘટે. એના ઉપર એમણે એક વાત કરી છે.

૧૮૯મા પાને સૌથી પહેલી લીટી છે. 'જે પવન(શ્વાસ)નો જય કરે છે,...' પવનનો એટલે શ્વાસનો જય કરે છે, એટલે Control કરે છે. શ્વાસને રોકી શકે, બહુ સારી રીતે રોકી

શકે. ઑક્સિજન લે પછી એને રોકે, રોકે એટલે એની અંદરના – શરીરની અંદરના જે Cell છે એમાં એ પ્રસરે. રોકે એટલે એ પ્રસરે. એવો એનો જય કરે છે એટલો Control કરે છે નહીંતર તો બહાર નીકળી જાય, અંદર મુંઝાઈ જાય (એટલે) માણસને શ્વાસ છોડી દેવો પડે, હવા રોકી હોય એ છોડી દેવી પડે. પણ Practice કરે ત્યારે એને રોકી શકે. ધાર્યા પ્રમાણે લ્યે, ધાર્યા પ્રમાણે રોકે અને ધાર્યા પ્રમાણે છોડે. એને પવનજય અથવા શ્વાસનો જય કહેવામાં આવે છે અને એ ધ્યાનની બાહ્યક્રિયાની અંદરનું એક અંગ છે અને એમાં મનની એકાગ્રતાનું પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે Connection છે.

'જે પવન(શ્વાસ)નો જય કરે છે, તે મનનો જય કરે છે.' કેમકે એમાં પણ ચંચળતા ઘટે છે. અને 'જે મનનો જય કરે છે તે આત્મલીનતાને પામે છે.' આમ આત્મધ્યાન સુધી એનું અનુસંધાન કરવું હોય તો થઈ શકે છે. પણ એમ કોઈ સીધેસીધું ગુરુઆજ્ઞા વિના કરવા જાય તો એમ કંઈ થતું નથી અને એવા યોગના પ્રયોગ કરનારા ઘણા પાગલ થઈ ગયા. ઘણા માંદા પડી ગયા અને ઘણા (પાગલ થઈ ગયા). કોઈને શરીરરોગ લાગુ પડ્યા અને કોઈને માનસિક રોગ લાગુ પડી ગયા. આ બધી ઘટનાઓ ઘટે છે.

'આ કહ્યું તે વ્યવહાર માત્ર છે.' બાહ્યક્રિયા છે ને ? આ કહ્યું તે (વ્યવહાર માત્ર છે). એ તો બધું જાણતા હતા, આ તો બધું જાણીને બેઠેલા છે. ૨૨વર્ષની ઉંમરે પણ એ બધી જગ્યાએથી સોંસરા નીકળી ગયેલા છે. 'આ કહ્યું તે વ્યવહાર માત્ર છે.' પછી બહુ સરસ વાત કરી છે કે, 'નિશ્ચયમાં નિશ્ચયઅર્થની અપૂર્વ યોજના સત્પુરુષના અંતરમાં રહી છે.' નિશ્ચયમાં એટલે ખરેખર આત્માનું હિત થાય એ વાતમાં. નિશ્ચયમાં એટલે કઈ વાતમાં ? નિશ્ચયની વાતમાં. કઈ નિશ્ચયની વાત ? કે આત્માનું કલ્યાણ થાય, નિશ્ચય-આત્માનું કલ્યાણ થાય, એ વાતમાં. નિશ્ચયઅર્થ એટલે પરમાર્થનું પ્રયોજન જે છે. નિશ્ચય એટલે પરમ, અર્થ એટલે પ્રયોજન. પરમ પ્રયોજનની અપૂર્વ યોજના. અત્યાર સુધી તેં સાધન કર્યા એ પ્રકારે નહીં. એની કોઈ અપૂર્વ યોજના છે. વ્યવસ્થિત કાર્ય કરવાની પદ્ધતિને યોજના કહેવામાં આવે છે. એવી અપૂર્વ યોજના સત્પુરુષના અંતરમાં રહેલી છે. એ સત્પુરુષ જાણે છે કે, ક્યા જીવને કેવી રીતે આગળ લેવો ? પણ ક્યારે ? કે સ્વચ્છંદ મૂકી દ્યે ત્યારે.

પોતાના ઊલટા નિર્ણયો અને નિશ્ચયો પહેલા મૂકી દેવા જોઈએ. ત્યાં સુધી આગળ આવવાની કોઈ જગ્યા થતી નથી. ઉપાદાનમાં એટલી તૈયારી થાય તો એ જીવને કેવી રીતે આગળ લેવો, એની યોજના સત્પુરુષના અંતરમાં રહી છે. એટલે એ પવનનો જય કરવો

ને ફલાણું સાધન કરવું ને ઢીંકણું કરવું ને આ પ્રયોગ કરવો ને તે પ્રયોગ કરવો – એ બધું તું મૂકી દે, એમ કહે છે.

એ રીતે એમણે પ્રસંગવશાત્ એક વાક્ય નાખ્યું છે. બહુ માર્મિક વાત નાખી દીધી છે. નહીંતર તો વાત એવી સાદી એવી છે, એમણે જે મથાળામાં નાખી છે. વાત તો બહુ સાદી છે કે, 'પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે;...' પહેલી જ લીટી એમણે નાખી છે. પોતાના પરમતત્ત્વનું ધ્યાન કરે તો પોતે પરમાત્મા થઈ જાય. આટલી જ વાત છે, આથી વધારે કંઈ વાત નથી. પણ, 'પણ' કરીને વાત કરી છે. 'પણ તે ધ્યાવન આત્મા...' એટલે કોઈ પણ આત્મા 'સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી,...' એમ ને એમ કોઈ સીધું આત્માનું ધ્યાન કરીને પરમાત્મા થાય એ વાતમાં કંઈ માલ નથી. ભલે સીધીસાદી વાત છે તોપણ. એક વખત તો એણે સત્પુરુષના ચરણે જવું જોઈએ.

'એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.' આ મારા ઘરની વાત નથી કરતો. નિર્ગ્રંથ ભગવાન તીર્થંકર પરમાત્માએ જે વાતો કરી એનું સર્વોત્કૃષ્ટ વચનામૃત આ છે. સૌથી ઊંચું વચનામૃત આ છે કે, સત્પુરુષના ચરણની વિનયઉપાસના કર તો તને તારા પરમસ્વરૂપનું ધ્યાન થશે. એ સિવાય તારા સ્વરૂપનું ધ્યાન તને થશે નહીં. કરવા માગીશ તોપણ નહીં થાય, એમ કહે છે. પછી એ વાતના અનુસંધાનમાં આ વચન છે એ લાગુ પડે છે.

મુમુક્ષુ :– ચાર ભાવના લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ૮૬માં છે. ૮૬ (પત્રમાં) એ ચાર ભાવના છે, એ આપણે લઈ લેશું.

ચાલતા પ્રકરણમાં એ વાત કરવી છે કે, જ્યારે એ ચિંતના કરે ત્યારે એ ચિંતનામાં એ વાત એને સૂઝે કે, આ પરિભ્રમણથી જે મુક્ત થાવું છે, એનો જે ઉપાય મારે જોઈએ છે, એ ઉપાય તો એમાંથી મુક્ત થયા હોય એને જ ખબર હોય, બીજાને ક્યાંથી ખબર હોય ? જેણે એ ઉપાય લાગુ કર્યો ન હોય, એ ઉપાયનો જેને અનુભવ ન હોય, એ ઉપાય કેવી રીતે બતાવશે ? એટલે ખરેખર જેને મુક્ત થવાનો ભાવ આવે ત્યારે એનો First thought – પહેલો વિચાર એ આવે કે, આ ઉપાયના જાણનારા હોય એની પાસે ગયા વિના મારે બીજો કોઈ છૂટકો નથી.

આ વાત 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ની ૪થી ગાથાની ટીકા કરી ત્યારે નાખી. પરમાગમોમાં આ બધી વાતો છે પણ પોતાનું ધ્યાન જાવું જોઈએ. ૪થી ગાથાની ટીકામાં

વાત કરી કે, સત્સંગ કર્યો નહીં અને સદ્ગુરુની સેવા કરી નહીં. આ બે શબ્દો 'જયચંદજી'એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં નાખ્યા છે, એણે બીજી બધી કથા કરી છે પણ મુક્ત થવાની કથા કરી નથી. ૪થી ગાથા છે ને ? 'કામભોગબંધનની કથા;' કરી છે. 'પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.' એ પ્રાપ્તિ કેમ દુર્લભ થઈ ગઈ ? કે એણે સત્સંગ કર્યો નથી, એણે સત્પુરુષની – જ્ઞાનીપુરુષની સેવા કરી નથી.

લ્યોને ! આપણે 'સમયસાર' તો અહીંયાં જ છે. એ કથા સાંભળી નથી એમ કીધુંને ? 'પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...' એટલે આત્માને પોતે નહીં જાણતો હોવાથી 'અને બીજા આત્માના જાણનારાઓની સંગતિ...' 'સંગતિ'નો અર્થ કર્યો છે 'સેવા', 'સંગતિ'નો અર્થ માત્ર 'સંયોગ' નથી કર્યો. હાયફન કરીને 'સેવા' કર્યો છે. 'નહિ કરી હોવાથી, નથી કદિ પૂર્વે સાંભળવામાં આવ્યું, નથી કદિ પૂર્વે પરિચયમાં આવ્યું અને નથી કદિ પૂર્વે અનુભવમાં આવ્યું.' શું ? એ ભિન્ન આત્માનું એકપણું. એણે સાંભળ્યું પણ નથી, પરિચય કર્યો નથી અને અનુભવ કર્યો નથી. એ શા કારણે નથી થયું ? વાત જ તે સાંભળી નથી, એમ કહે છે. જો સંગતિ અને સેવા ન કરી હોય તો તે વાત જ સાંભળી નથી, એમ કહે છે.

એનું સંસ્કૃત એવું છે. 'स्वस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च...' 'अनुपासना' ઉપાસના કરી નથી, ઉપાસના શબ્દનો અર્થ કર્યો છે કે, આત્મજ્ઞાનીની તેં ઉપાસના કરી નથી, એમ કહે છે. 'परेषामा' બીજા આત્મજ્ઞાનીની, બીજા આત્માને જાણનારાઓની, આત્મજ્ઞાનીની તેં ઉપાસના કરી નથી. એમાંથી સત્સંગ અને સેવા બે શબ્દ કાઢ્યા છે. એ ચોથી ગાથાની ટીકામાં નાખ્યું છે. શરૂઆત છે ને ? શાસ્ત્રની શરૂઆત છે એટલે મૂળ મૂળ વાતોનો સંકેત કર્યો છે.

મુમુક્ષુ :– અગિયાર અંગનું જ્ઞાન એણે અનંતવાર કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અનંતવાર કર્યું પણ છતાં પરથી ભિન્ન આત્માની વાત એણે કદી સાંભળી નથી, એમ કહે છે. કેમ ? કે એણે સેવા કરી નહીં, સંગતિ કરી નહીં માટે સાંભળી જ નથી એમ લઈ લીધું. એને ક્યાં મૂક્યો ? કે તેં કંઈ હજી સુધી સાંભળ્યું જ નથી, એમ કહે છે. ઠીક ! અગિયાર અંગ, નવ પૂર્વ ભણી ગયો તો કહે છે કે, તેં કંઈ સાંભળ્યું જ નથી, એના ઉપર બધું મીંડું મૂક્યું, ચોકડી મૂકી દીધી.

મુમુક્ષુ :– જિનાગમમાં પરથી ભિન્ન થવાની વાત જ આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જ વાત બધે છે. તો કહે છે, તેં સાંભળી નથી, જા !

એટલે કે તને કાંઈ ખબર નથી. જો તને આ વાતની ખબર ન હોય તો તને કાંઈ ખબર નથી. એટલે એમ લીધું First thought આવે. પહેલો વિચાર એ આવે.

પહેલો વિચાર એ આવે કે, મારે આત્મજ્ઞાનીના ચરણમાં જાવું જોઈએ અને તો જ મને આ ઉપાય જે જાણે છે તે જણાવી શકે. જાણતા ન હોય; કૂવા ન હોય, અવાડામાં આવે ક્યાંથી ? સમજાય એવી વાત છે અને એ તો આપણને બુદ્ધિવાળાને કેમ સમજાતું નથી ? એ એક મોટી સમસ્યા છે. ગમારમાં ગમારને પણ ખબર પડે કે, હાડકું ભાંગ્યું હોય તો હાડવૈદને ત્યાં જવાય અને છાતીમાં દુખાવો થાય ત્યારે હૃદયરોગના તજજ્ઞ હોય, Heart specialist હોય, Cardiologist પાસે જાવું પડે. એમાં હાડકાના ડૉક્ટર પાસે કોઈ જતું નથી. કપડું સીવડાવવું હોય તો દરજી પાસે જવું પડે, કંઈ હજામ પાસે ન જવાય. એ કંઈ શિખડાવવાનો વિષય છે ? અહીંયાં આ કેમ ભૂલ થાય છે ? એ સમજાતું નથી.

પહેલી વાત એને આ આવવી જોઈએ. બસ ! એક વાર સત્પુરુષના ચરણમાં ગયો (એટલે) Safeguard થઈ ગયો, એ ઊગરી ગયો અને ત્યાં ભૂલ્યો (તો) હવે બધે ભૂલ્યો. ત્યાં ભૂલ્યો એ બધું ભૂલ્યો. અગિયાર અંગ ને નવ પૂર્વનો એનો સ્વાધ્યાય નકામો ગયો, અનંતવાર નકામો ગયો.

મુમુક્ષુ :– બીજભૂત ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ બીજભૂત ભૂલ છે, એક પત્રમાં એમણે લીધું છે કે, અનંતકાળના પરિભ્રમણમાં એક બીજભૂત ભૂલ એવી કરી છે કે, જેને લઈને બધી ભૂલો ઊભી રહી ગઈ. એક ભૂલ કરી ત્યાં બધી ભૂલ ઊભી રહી ગઈ, એ બીજભૂત ભૂલ છે. આપણે તો એ પત્રનો સ્વાધ્યાય ચાલી ગયો છે.

મુમુક્ષુ :– સત્પુરુષ પાસે બધા રોગની દવા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એની પાસે (બધું છે). મૂળ, મૂળિયું એની પાસે છે, જડીબૂટ્ટી એની પાસે છે. આત્મજ્ઞાન થવાની જડીબૂટ્ટી એમની પાસે છે.

વિચાર એવો આવે કે, સત્પુરુષ દેખાતા નથી એનું શું કરવું ? અથવા કોણ સત્પુરુષ હશે કેમ ખબર પડે ? આત્મજ્ઞાની ક્યાં રહેતા હશે ? કેવા હશે ? કોને ખબર ? શું થાય ? આપણે આ ક્ષેત્રના અજાણ્યા. અન્યમતમાં જીવ હોય અને વિચાર આવે. અન્યમતમાં હોય અને આત્મકલ્યાણનો વિચાર આવે, એને આ વિચાર આવે કે, આના જે જાણકાર હોય એની પાસે જાવું જોઈએ, આત્મજ્ઞાની પાસે જવું જોઈએ. હવે આ ક્ષેત્રમાં તો હોય નહીં

તો કરે શું ? અભિપ્રાય એવો હોય કે, સાતમે પાતાળ હોય તો ત્યાં પણ જાવું જોઈએ. આ ઘણા કહે (છે) ને કે, અમારે આઘું પડે અને અમારે ઓરું પડે, અમારે આમ થાય ને (અમે) બહારગામ ન આવી શકીએ ને અમારે ફલાણું ન થાય ને આમ. અરે... ભાઈ ! સાતમે પાતાળ જવાની તૈયારી છે ? એમ કહે છે. સાતમે આસમાને જવું હોય કે સાતમે પાતાળે જવું હોય, આત્મજ્ઞાની વિના મારો નીવેડો નથી – એ વાત એને બરાબર પહેલી પાકી થવી જોઈએ.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ને ક્યાં રહેવાનું ને ક્યાં 'સોનગઢ' ?

પૂજ્ય ભાઈશ્રી :– છસો માઈલની મુસાફરી કરી નાખી, એક હજાર કિલોમીટર કાપી નાખ્યા. જ્યારે એને વહેમ પડ્યો, હજી કંઈ 'ગુરુદેવ'ની ઓળખાણ નહોતી પણ 'આત્મધર્મ' વાંચ્યા પછી એમ થયું કે આત્મજ્ઞાનની વાતો અહીંયાં કરી છે અને આત્મશાંતિ મારે જોઈએ છે, એ આ પુરુષ સિવાય કદાચ નહીં મળે, મારે જવું જોઈએ.

એ વખતે ધંધો ભાંગી ગયેલો, આર્થિક સ્થિતિ કોઈ સારી નહીં. પછી તો તરત એમને 'અજમેર' છોડીને ધંધાર્થે 'કલકત્તા' આવવું પડ્યું. એક હજાર કિલોમીટરની મુસાફરી કરી નાખી. સાવ અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા માણસોની વચ્ચે, ગુજરાતી ભાષા જાણે નહીં. કાંઈ વિચાર કર્યો નહીં કે, મારું ત્યાં ખાવાનું શું ? રહેવાનું શું ? હું ગુજરાતમાં કોઈ દી' ગયો નથી, કાઠિયાવાડમાં ગયો નથી, ત્યાંના લોકોનો પરિચય નથી, એની ભાષા સમજતો નથી. કેવી રીતે મને સમજાશે ? કંઈ વિચાર કર્યો નહીં. આવ્યા ને આવ્યા ભેગા પામી ગયા. કેટલી તૈયારી લઈને આવ્યા હશે, કહો ! એ વેદના અને ઝૂરણામાં આવી ગયેલા. ઝૂરતા હતા.

મુમુક્ષુ :– 'આત્મધર્મ'માં તો બધી વાત હતી !

પૂજ્ય ભાઈશ્રી :– હા, આત્મધર્મમાં વાત હતી પણ પ્રત્યક્ષ વગર એ વાત સમજાય નહીં. 'આત્મધર્મ'માં તો ચોખ્ખા વ્યાખ્યાન હતા પણ એમ કંઈ વ્યાખ્યાન વાંચે જ્ઞાન થાય નહીં. પ્રત્યક્ષ જોઈએ, પ્રત્યક્ષ પરિચય કરવો જોઈએ. તૈયારી બધી થઈ ગઈ હતી. ઝૂરણામાં આવી ગયા હતા. જીવી ન શકે એવી ઝૂરણા હતી, કેવી ? પ્રાણ છૂટી જાય એવી ઝૂરણા હતી. એ વેદનામાં હતા અને બરાબર ખબર પડી કે, અહીંયાં મને જીવતદાન દેનાર કો'ક છે, એમ ખબર પડી. મરતાને ખબર પડે કે, મને કોઈ જીવતદાન દેનાર છે ઈ કેવી દોટ મૂકે ? એવી એમણે દોટ મૂકેલી ! પહોંચી ગયા. એવી દોટ મૂકી ને આવે ત્યારે પામી જાય,

એમ ને એમ ડોલતા ડોલતા જાય એ કાંઈ પામે નહીં.

પ્રશ્ન :- જીવતદાન દેનાર કે તારણહાર કહેવાય ?

સમાધાન :- હા, એ જીવતદાન કહો, તારણહાર કહો, જેટલી ઉપમા આપો એટલી ઓછી છે. એમણે તો એવી ઉપમા આપેલી કે 'ગુરુદેવ' તો મારા માટે અનંત તીર્થંકરોથી પણ અધિક છે !! કેવી ભક્તિ કરી ? બેહદ ભક્તિ કરી ! આ તો હદ બહારની વાત થઈ ને ? એક તીર્થંકર નહીં, બે તીર્થંકર નહીં, લાખ-કરોડ-અબજ તીર્થંકર નહીં અનંતા તીર્થંકરોને ભેગા કરો તોપણ મારા ગુરુ એનાથી વધારે છે.

પ્રશ્ન :- તીર્થંકરોનો અવિનય ન થયો ?

સમાધાન :- નહીં, એ જ તીર્થંકરનો સાચો વિનય છે.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિમાં આવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ પણ દિવ્યધ્વનિમાં આવ્યું છે. જ્ઞાનીપુરુષની – સદ્‌ગુરુની એટલી ભક્તિ કરે, એટલી ભક્તિ કરે કે, જેની હદ નહીં એટલી ભક્તિ કરે ! બેહદ ભક્તિ એમણે કરી છે. એની (કોઈ) Limit નહીં. ત્યારે જ્ઞાનપ્રાપ્તિ થાય છે. જ્ઞાનપ્રાપ્તિ થાય ત્યારે આવા પરિણામ આવે છે.

મુમુક્ષુ :- 'ભગવતીમાતા'એ પણ આવી જ ભક્તિ કરી છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ગુરુગુણ સંભારણા'માં ભક્તિ કરી જ છે ને ! પૂજ્ય 'બહેનશ્રી'એ આવી ભક્તિ કરી જ છે ! એમણે બેહદ ભક્તિ કરી છે. એમણે પણ અનેક જગ્યાએ પહેલા ગુરુને મૂક્યા છે અને પછી તીર્થંકરને લીધા છે, જિનેન્દ્રને પછી લીધા છે. 'ગુરુગુણ સંભારણા' ધ્યાનથી વાંચે એને ખ્યાલ આવે કે, પહેલા ગુરુભક્તિ કરી છે અને પછી જિનેન્દ્રની ભક્તિ કરી છે. ભક્તિ કરતાં કરતાં જિનેન્દ્રનું નામ લીધું છે પણ પહેલા ગુરુનું નામ લીધું છે પછી જિનેન્દ્રનું નામ લીધું છે.

એ પુસ્તક તૈયાર કરતા હતા ત્યારે પછી બધા વિદ્વાનો બેઠા હોય ત્યારે ચર્ચા નીકળે ને ? (ત્યારે એવી વાત આવી કે), આપણે આ જરા ફેરફાર કરી નાખો ને ! સમાજમાં ઠીક નહીં લાગે. પહેલા ભગવાનને રાખવા જોઈએ. જિનેન્દ્રની વાત પહેલા મૂકો આપણે, ગુરુની વાત પછી મૂકો. મેં કહ્યું, બિલકુલ નહીં. એમને જે ભાવ આવ્યા છે, જે ક્રમમાં ભાવ આવ્યા છે એ યથાર્થ આવ્યા છે અને એમ જ રાખો. આ બધી અમારે ચર્ચાઓ થયેલી છે અને એ કુદરતી આવે છે. એમના હૃદયમાં જે હોય એ કુદરતી આવ્યા વિના રહે નહીં.

શું કહેતા હતા ?

મુમુક્ષુ :- તીર્થંકરનું ગુણસ્થાન આગળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તીર્થંકરનું ગુણસ્થાન તેરમું છે અને આ સત્પુરુષ ને જ્ઞાનીપુરુષ ચોથા ગુણસ્થાનમાં બિરાજમાન હોય છે. પણ તીર્થંકર પ્રત્યક્ષ નથી, આ પ્રત્યક્ષ છે.

એક ૫૨૭મો પત્ર છે. તેરમા ગુણસ્થાને બિરાજમાન અરિહંત તીર્થંકરની ભક્તિ કરે અને સાક્ષાત્ પ્રત્યક્ષ બિરાજમાન ચોથા ગુણસ્થાનવર્તી સત્પુરુષની ભક્તિ કરે – બેમાંથી કોની ભક્તિનું વધારે ફળ મળે ? તમને સમજાય તે લખજો. 'સોભાગભાઈ'ને પ્રશ્ન કર્યો છે. હવે ચોથા ગુણસ્થાનથી તેરમું ગુણસ્થાન, નવ ગુણસ્થાન આગળ છે, એ તો એકડિયાવાળાને પણ સમજાય તેવું છે. એમાં કંઈ લાંબા ગણિત ભણવાની જરૂર નથી પણ પ્રશ્ન શું કરવા ઉઠાવ્યો છે ? કે 'ણમો અરિહંતાણં' પછી 'ણમો સિદ્ધાણં' રાખ્યું છે. સિદ્ધ મોટા છે અને અરિહંત નાના છે તોપણ 'ણમો અરિહંતાણં'ને અનાદિ મૂળ મંત્રમાં પહેલા મૂકેલા છે. એ જ એમ સૂચવે છે કે, સત્પુરુષની – પ્રત્યક્ષ પુરુષની ભક્તિ પહેલા ! 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર'. ઘણી જગ્યાએ એમણે એ સંકેત કરેલો છે. અનેક જગ્યાએ આ સંકેત કરેલો છે.

મુમુક્ષુ :- અન્યમતમાં આવે છે ને ? 'ગુરુ, ગોવિંદ દોનોં ખડે...'

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગુરુભક્તિના તો ગ્રંથોના ગ્રંથો રચાયેલા છે.

(અહીંયાં) કહે છે કે એ 'અનંત અર્થ સમાયેલો છે;...' એમાં એક અર્થ આ છે. પ્રત્યક્ષ સત્પુરુષના ચરણમાં જવાનો અર્થ (છે), એમાં એ સૂઝ આવે છે. જ્યારે કોઈ જીવને પરિભ્રમણથી છૂટવું હોય ત્યારે આ સૂઝ આવે છે અને નહીંતર થોથાના થોથા વાંચ્યા પછી પણ આ સૂઝ આવતી નથી.

'અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે.' બધા મુમુક્ષુને આજ્ઞા કરી છે કે, બીજા બધા વિકલ્પ મૂકી દઈને પહેલા આ શોધજો કે પરિભ્રમણની ચિંતા ને વેદના કેવી રીતે ઉત્પન્ન થાય ? 'ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.' ત્યાર પછી બીજું શું જાણવું અને બીજું શું કરવું ઈ આપોઆપ જણાય છે, એમ કહે છે. પછી તારે પૂછવા નહીં જવું પડે, તને અંદરથી સૂઝ આવશે કે, હવે શું કરાય ? એટલે કે પહેલે પગથિયે પગ મૂક્યા પછી મુમુક્ષુની ભૂમિકાનું બીજું Stage શું ? બીજા Stage પછી ત્રીજું Stage શું ? એ બધું તને અંદરથી જણાશે, એમ કહે છે. અને ઈ પહેલા તું તારી અવળીમતિએ

ગમે તે પગલાં ભરીશ, ઉન્માર્ગે ચડી જઈશ, એમ કહેવું છે.

બહુ મહત્ત્વની વાત કરી છે. પછી તને આપોઆપ ખ્યાલ આવશે કે હવે મારે આત્મહિત માટે શું કરવું ? એ પહેલા તને ખરી સૂઝ નહીં આવે અને જે કંઈ કરીશ (તે) 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછું હાથ હજુ ન પર્યો' કાંઈ હાથમાં આવશે નહીં, એમ છે.

અહીં સુધી રાખીએ.

આત્મરુચિપૂર્વક નિજાવલોકન સૂક્ષ્મ થઈ રાગની ભિન્નતા સ્પષ્ટપણે કરે છે. વારંવાર પ્રસંગે પ્રસંગે ભિન્નતાનો પ્રયોગ ચાલુ રહે તે પુરુષાર્થનું લક્ષણ છે. અન્યથા વિકલ્પ છે, ભેદજ્ઞાન નથી; ભેદજ્ઞાનના પરિણમનમાં રાગ / વિકલ્પની સ્પષ્ટ ભિન્નતા થાય છે. જડ - ચૈતન્યની જેમ ભિન્નતા માલૂમ પડવી જોઈએ.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૭૩)

તા. ૨૫-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૪૪
પત્રાંક – ૧૯૫ થી ૧૯૭

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્રાંક – ૧૯૫, પાનું ૨૬૦. મથાળું છે, 'સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર' સત્સ્વરૂપ એટલે પોતાનો પરમાત્મા પોતે જ હોવાથી તેને અભેદરૂપે, અનુભવગોચર કરીને અન્ય જે વિકલ્પ (છે) એનો નાશ કરીને. અનન્યપણે એટલે અન્ય જે વિકલ્પ – રાગ, રાગરૂપભક્તિથી નહિ પણ વીતરાગભાવે લીન થવું એને અનન્ય ભક્તિથી નમસ્કાર કરું છું.

આટલું મથાળું બાંધ્યા પછી બહુ જ શરૂઆતના જીવને પ્રથમમાં પ્રથમ અવશ્યપણે જે કંઈ મુખ્ય વિચાર આવે છે એ વાત આ પત્રમાં ઉઠાવી છે. 'માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે,...' માર્ગ એટલે ઉપાય. 'તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :–' આ વિકલ્પ પ્રશ્નમાં લીધો છે કે, આવો પ્રશ્ન પહેલો ઊઠે. જે કોઈ જીવને મુક્ત થવું છે અને મુક્ત થવા માટે મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરવાની જેને ઇચ્છા થઈ છે એને નીચેનો પ્રશ્ન ઊઠવા યોગ્ય છે.

'અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ?' એટલે કે આ જીવનું પરિભ્રમણ કેમ થઈ રહ્યું છે ? પરિભ્રમણનું કારણ શું ? 'અને તે શું કરવાથી થાય ?' (એટલે) એ પરિભ્રમણ કેવી રીતે મટે ?

'આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે;...' કેમ એમ કહ્યું ? કે પરિભ્રમણના કારણરૂપ જે વિરાધક પરિણામ છે એનો પ્રકાર જાણે તો પોતાને થઈ રહેલા જે પરિણામ છે એને સમજી શકે. અનેક પ્રકારના પરિણામથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીય, આ જે પ્રકારે શુભાશુભભાવે ઘાતિ અને અઘાતિ(પણે) બંધાય છે એમાં નવું આયુષ્ય બંધાય

છે જેને લઈને નવા દેહની પ્રાપ્તિ છે. નવા દેહની પ્રાપ્તિનો પ્રારંભકાળ જન્મ કહેવાય છે અને એ જ દેહના વિસર્જનકાળને મૃત્યુ કહ્યું છે. એ જે શરીરના પરમાણુ જીવની સાથે સંયોગ પામે છે એનું કારણ શું ? આ જીવ નવા નવા દેહ ધારણ કરે છે એનું કારણ શું ? ક્યા પરિણામને લઈને એ નવા દેહ ધારણ કરે છે ? આ એક બહુ ઊંડાણથી વિચારવા યોગ્ય પ્રશ્ન છે અને કેવા પરિણામ કરે તો આ જીવને નવા દેહનો સંયોગ ન થાય ?

આ જ પ્રશ્નને વધારે સ્પષ્ટ કરીએ તો એનો ભાવાર્થ આવો છે કે, નવો જન્મ થવાનું કારણ શું ? નવો દેહ થવાનું કારણ શું ? અને એ નહીં થવાનું કારણ શું ?

જે દેહાત્મબુદ્ધિ છે એ જ નવો દેહ આવવાનું કારણ છે. હવે એ વિચારવામાં આવે તો સવારથી સાંજ સુધીમાં દેહપ્રત્યયી, દેહના લક્ષે આ જીવનું પરિણમન કેટલું ? અને દેહરહિત એવો જે આત્મા, એના લક્ષે આ જીવનું પરિણમન કેટલું ? આ વિચારવા યોગ્ય છે. ખાલી ઉપલકપણે વિચાર કરે કે, મને જન્મ-મરણ મટે તો સારું, મારી મુક્તિ થાય તો સારું. પણ દેહાર્થે જે કંઈ પરિણામની પ્રવૃત્તિ છે, એ પ્રવૃત્તિ નવા દેહનું કારણ છે એવું લક્ષ પણ ન હોય અને ત્યાંથી પરિણામ પાછા વળીને દેહરહિત એવું જે આત્મતત્ત્વ છે, અશરીરી તત્ત્વ છે, એ પ્રત્યેના પરિણામમાં જીવ લાગે નહીં તો એને નવા જન્મ-મરણ કેમ મટે ? અને નવા જન્મ-મરણ ન મટે તો જે ચારે ગતિના દુઃખ છે એ પણ કેમ મટે ? કોઈ બીજો ઉપાય નથી.

આખો જે બંધમાર્ગ છે અને એ બંધમાર્ગના જે જે વિભાવના પ્રકારો છે અને અબંધ પરિણામના જે જે પ્રકાર છે અને એની જે શ્રેણિ છે – આ બધો વિસ્તાર આ એક પ્રશ્નમાંથી ઊભો થાય એવું છે.

એને અનુલક્ષીને કહ્યું કે, આ વાતમાં 'અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના,...' એની ચિંતા – પરિભ્રમણની ચિંતા ગળે પડે તો એ પરિભ્રમણ છૂટવાનો કાંઈક રસ્તો ગોતે, માર્ગ ગોતે પણ જો એની ચિંતા ન હોય તો વર્તમાનમાં જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાં તન્મય થઈને, એકાકાર થઈને એ પરિણામથી નવા જન્મ-મરણ ઊભા થાય, ભવભ્રમણ ચાલુ રહે, એવા જ પરિણામથી ભવ વ્યતીત થાય. અહીંયાં થોડો વિવેક કરવાની જગ્યા છે. એક વિવેક કરે તો ઘણો વિવેક કરવાની પણ જગ્યા છે પણ જો થોડો વિવેક કરે તોપણ એ દિશામાં આગળ વધે અને નહીંતર તો પછી ત્રણ ગતિમાં ઘોર અંધારું છે, ક્યાંય વિવેક થવાનો અવસર આવે એવું નથી.

પ્રશ્ન :- થોડો વિવેક એટલે શું ?

સમાધાન :- થોડો વિવેક એટલે એટલું વિચારે કે, મનુષ્યભવ આવ્યો છે અને આ એક કામ જે મુખ્ય છે કે, ભવભ્રમણની નિવૃત્તિ કેમ થાય ? આટલો જો એક વિવેક કરી લે અને એ કાર્યની અંદર આગળ વધે તો મહાવિવેક પ્રગટ થાય. સમ્યગ્જ્ઞાન છે એ મહાવિવેક છે. થોડો વિચાર કરે છે એ થોડો વિવેક છે અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે છે એ મહાવિવેક છે. પણ થોડુંક આ બાજુ ચાલતા ઉદયિકભાવોથી ખસીને એટલે એને ગૌણ કરીને, કોઈ પણ પ્રકારના – જેને જે હોય તે, એની ચર્ચા નહીં. કોને શું છે અને શું નહીં, દરેકે પોતાનું વિચારવાનું છે, પણ જે કોઈ ઉદયિકભાવ હોય તેને ગૌણ કરીને, એક આ વાતને મુખ્ય કરવી જોઈએ, એમ કહેવું છે અને કેટલી મુખ્ય કરવી જોઈએ એ પોતે લ્યે છે.

એની માત્ર ચિંતા કરે એમ નહીં પણ 'તેને માટે...' એટલે એ પરિભ્રમણની નિવૃત્તિ થાય, પરિભ્રમણ નિવૃત્ત થાય એવા માર્ગ માટે, એવા ઉપાય માટે 'દૃઢ થઈને ઝૂર્યા વિના...' કે આ માર્ગ ગમે તેમ કરીને, ચાલતા આયુષ્યમાં આ માર્ગ ગમે તેમ કરીને પ્રાપ્ત કરી જ લેવો છે. એક વાર માર્ગ હાથ કરી લીધો પછી એ માર્ગે આગળ વધવું એ કોઈ મૂંઝવણનો વિષય નથી. પુરુષાર્થ જરૂર છે. જેટલો પુરુષાર્થ એટલી જ કાર્યસિદ્ધિ છે, તોપણ જેટલો પુરુષાર્થ એટલી કાર્યસિદ્ધિ હોવા છતાં પણ એમાં મૂંઝવણ નથી અને માર્ગ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી મૂંઝવણ છે કે, આ કેવી રીતે માર્ગનું ગ્રહણ થાય છે ? પ્રવેશ કેવી રીતે છે ? એ મોટી સમસ્યા છે.

એટલે એ માર્ગ પ્રાપ્ત કરવા માટે 'દૃઢ થઈ ઝૂર્યા વિના...' એ માર્ગ ન મળે તો એક વાર તો માથામાં કીડા પડી જવા જોઈએ. જેમ માથામાં કીડા પડ્યા હોય તો ક્યાંય સખ પડે નહીં, કોઈ નિદ્રા આવે નહીં, કંઈ ખાવું ભાવે નહીં, કોઈ બોલાવે તો ગમે નહીં, કોઈ પ્રસંગ ઊભા થાય તો એને ક્યાંય ચેન પડે નહીં, એક વાર તો થઈ જવું જોઈએ. તે થયા વિના, કોઈને પણ હોં ! બધાયને માટે આ એક જ પ્રકારમાં આવવું બને છે.

તે થયા વિના 'માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી;...' માર્ગનું તો ભાન થતું નથી પણ માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી. માર્ગની દિશા અંતર્મુખની છે, એવી અંતર્મુખની દિશા કઈ બાજુ છે અંદરમાં ? એનું થોડું પણ ભાન થતું નથી – એટલે એનો ભાસ પણ આવતો નથી. બહાર ને બહાર જીવ રમ્યા કરે છે, બહાર ને બહાર બધું કર્યા કરે છે. પૂજા કરે, ભક્તિ કરે, શાસ્ત્ર-વાંચન કરે, બીજી જેટલી કાંઈ ક્રિયા કરે એ બધું

બહિર્મુખ ભાવે, બહિર્મુખ વલણથી, બહાર ને બહાર બાહ્યદૃષ્ટિથી જ કર્યા કરે છે. માર્ગની દિશા જે અંતર્મુખ છે તેની અલ્પ પણ સૂઝ નથી.

એટલે એવી પરિસ્થિતિમાં આવ્યા વિના ભાન થતું નથી. પૂર્વે નહીં થવાનું પણ આ જ કારણ છે કે બધું બાહ્યદૃષ્ટિથી બહાર ને બહાર જ કર્યું છે અને ભવિષ્યકાળે પણ જ્યાં સુધી એટલો માર્ગની બાબતમાં, માર્ગપ્રાપ્ત કરવાની બાબતમાં એટલી હદે આવ્યા વિના ભવિષ્યમાં પણ કોઈ કાળે માર્ગની પ્રાપ્તિ થાય એ બનવાનું નથી. ભૂતકાળે થયું નથી, ભવિષ્યમાં થશે નહીં – આ નિયત પરિસ્થિતિ છે, આ ચોક્કસ પરિસ્થિતિ છે.

પ્રશ્ન :– વિકલ્પો બંધ ન થાય ત્યાં સુધી શું કરવું ?

સમાધાન :– વિકલ્પો બંધ કેમ થતા નથી ? જેના વિકલ્પો થાય છે એના વિકલ્પો શું કરવા થાય છે ? એમ. વિચાર તો કરવો પડશે ને ? એટલે એની શોધમાં તો જવું પડશે ને કે, શું કરવા આમ થાય છે ? કારણ શું ? જો આ જીવને એમ જાણવા મળ્યું છે, સાંભળવા મળ્યું છે કે, અનંત સુખનો એક રસ્તો છે, અનંત સુખપ્રાપ્તિનો એક ઉપાય છે. તો આ જેના વિકલ્પો થાય છે એમાં સુખ છે કે દુઃખ છે ? અને એ અનંત સુખની પ્રાપ્તિના ઉપાયથી એવું તે શું વધારે છે કે જેને લઈને પોતે એ વિકલ્પમાં પ્રવર્તે છે ? બંધ થતા નથી એટલે પોતે કરે છે તો થાય છે, એમ કહે છે. પોતે નથી કરતો ને થાય છે કંઈ ? પોતે કરે છે ને થાય છે. કોના ઉપર દોષ નાખવો (છે) ?

મુમુક્ષુ :– ક્રમમાં પડ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ક્રમમાં પડ્યા છે તો તારી દૃષ્ટિ ક્યાં છે ? વિકલ્પ ઉપર દૃષ્ટિ છે ? કર્તાબુદ્ધિએ વિકલ્પ કરે છે અને ક્રમમાં પડ્યા છે એ ક્યાંથી આવ્યું ? દૃષ્ટિ ક્યાં છે ? આ સવાલ છે. માટે એવું તો કંઈ ચાલે નહીં.

પ્રશ્ન :– આઠ કર્મમાંથી નવા ભવ માટે મુખ્ય ક્યું કર્મ કામ કરે છે ?

સમાધાન :– આમ તો મોહ છે, મોહ. આઠેમાં મુખ્ય મોહ છે. મોહમાં પણ બે પ્રકાર છે – દર્શનમોહ અને ચારિત્રમોહ. એમાં દર્શનમોહ મુખ્ય છે, ચારિત્રમોહ નહીં. દર્શનમોહ ગયા પછી ચારિત્રમોહ શક્તિહીન થઈ જાય છે, પાંગળો થઈ જાય છે. આ જીવનો શરીર પ્રત્યેનો જે મોહ છે કે, આ શરીર તે 'હું' – એ નવા શરીરનું કારણ છે, આયુષ્ય બંધનનું કારણ છે.

મુમુક્ષુ :– એ બંધનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ નવો બંધ ઊભો કરશે. નવું આયુષ્ય લઈ આવશે એટલે એ નવા શરીરને ગ્રહણ કરવાનું કારણ થશે. અશરીરી પ્રત્યેના પરિણામ, અશરીરી પરિસ્થિતિ લાવે છે અને સશરીરી પ્રત્યેના પરિણામ સશરીરી પરિસ્થિતિ લાવે છે, શરીર સહિતની પરિસ્થિતિ ઊભી કરે છે. આ કુદરતી છે.

પ્રશ્ન :– શુભ ને અશુભ બંને કામ કરશે ને ?

સમાધાન :– શુભ અને અશુભમાં એક મૂળ તો એને જે દેહાર્થે કલ્પના છે એ બધી છોડવી ઘટે છે. પોતે દેહથી ભિન્ન ચૈતન્ય છે. એ ચૈતન્ય નિરાવરણ, ચૈતન્ય દેહરહિત, અશરીરી તત્ત્વ છે. એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી હુંપણું – અહંપણું થાય તો પરમાણુ ચાલતા થાય છે, નહીંતર ઢગલાબંધ આવે છે.

પ્રશ્ન :– શાસ્ત્રઅભ્યાસ કરતાં કરતાં જે જે વિકલ્પો આવે તે તે વિકલ્પ પછી એની રુચિ છે એમ સમજવું ?

સમાધાન :– જ્યાં સુધી રાગની રુચિ છે અને વીતરાગ સ્વરૂપની રુચિ નથી ત્યાં સુધી તો ગમે તે કરે તો એમ જ છે. શાસ્ત્રનો વિકલ્પ કરે કે ભગવાનની સ્તુતિ, ભક્તિ, પૂજા કરે, એક જ વાત છે. ઓળખીને પોતાની રુચિ કરે તો પરિણામ પાછા વળે, નહીંતર રુચિએ કરીને જે પરિણામ જેવો રાગ કરે એ રાગમાં એકાકાર થઈને કરશે.

પ્રશ્ન :– શરીર સિવાયના બાકીના જે પદાર્થોમાં અહંબુદ્ધિ થાય છે એ પણ નવા કર્મબંધનું જ કારણ થઈ જાયને ?

સમાધાન :– ખરેખર તો એ પણ શરીરને કારણે જ છે. બાકીના પદાર્થો શું છે ? કે ધન-દૌલત, કુટુંબ-પરિવાર(ની) શું જરૂર છે ? કે શરીર અર્થે એની જરૂર છે. શેના માટે એની જરૂર છે ?

એક મુનિરાજને સામે લ્યો ! કે એને શરીર અર્થે કોઈની જરૂર નથી. એટલું જ નહીં, શરીરને અર્થે કોઈ વ્યવસ્થા કોઈની સ્વીકારવા તૈયાર નથી. પોતે તો કોઈ વ્યવસ્થાનું વિચારતા નથી પણ કોઈ બીજા વિચારે તોપણ એ સ્વીકારતા નથી. એનો અર્થ શું થયો ? કે એકલું આત્મકાર્ય કરવું છે અને (એ) સિવાય કંઈ કરવું નથી – એમાં એ આવી ગયા છે. અને એનું મૂળિયું અહીંથી ઊભું થવું જોઈએ – મુમુક્ષુદશામાંથી એનું મૂળિયું શરૂ થવું જોઈએ, તો પાંગરીને એ દશા આવે. અહીંયાં વિપર્યાસ હોય તો એ દશા આવવાનો કોઈ અવસર નથી, એમ. મુનિદશાનું વર્ણન એટલા માટે આવે છે. નહીંતર તો માણસ કાઢી નાખે કે,

આ તો મુનિની વાત છે, અમારે તો ક્યાં હજી તો સમ્યગ્દર્શન પણ નથી ! સમ્યગ્દષ્ટિ પણ ગૃહસ્થી ને ચક્રવર્તી હોય છે (પરંતુ) એમ નથી. એ બધાના મૂળ મુમુક્ષુતામાં છે. પછી એમાંથી પ્રથમ અંકુર ફૂટે છે એ સમ્યગ્દર્શન છે અને એમાંથી વૃક્ષ થાય છે. (એ વૃક્ષ) બળવાન (થાય) ત્યારે મુનિદશા છે. કેવળજ્ઞાને એના ફળ આવે છે.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિના વિષયમાં મુમુક્ષુ કેવી રીતે વિચારે ?

સમાધાન :– પહેલા તો ઓળખવું જોઈએ. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં વિચાર એ કરવાનો છે કે, પર્યાય ઉપરનું વજન ઘટવું જોઈએ. ભલે પર્યાયમાં સુધાર કરવાનો છે, બગાડ મટાડવાનો છે, પરિભ્રમણ પર્યાયમાં છે, પુરુષાર્થ પર્યાયમાં છે તોપણ એ ગૌણ રાખવાની વાત છે. એટલા માટે કે, પોતાની પર્યાયદૃષ્ટિ છે માટે. દ્રવ્યદૃષ્ટિનો વિષય પર્યાયદૃષ્ટિને મટાડવા માટે છે, એટલી વાત છે. પણ એ ક્યારે મટે ? કે, ઓળખે, ઓળખીને મહિમાથી અનુભવ થાય ત્યારે એની દૃષ્ટિ પલટાય. ત્યાં સુધી દૃષ્ટિ પલટાતી નથી.

એટલે દ્રવ્યદૃષ્ટિનો વિષય મુમુક્ષુને આવે તોપણ ઉપાય તો જે રીતે છે એ રીતે જ સમજે. જે જ્ઞાન સાધન છે એ છોડે, એમ નથી. વિષયને સમજી લ્યે કે, આ દ્રવ્યદૃષ્ટિનું જે જોર છે એનું કારણ શું ? કે, વસ્તુ જ્ઞાનમાં અનંત મહિમાવંત છે માટે દૃષ્ટિનું આટલું જોર આવે છે અને પર્યાય સુદ્ધાંની કર્તૃત્વ આદિની પરિસ્થિતિ મટી જાય છે, એની દૃષ્ટિ ઊઠી જાય છે. એવી એક પરિસ્થિતિ ઊભી થાય છે. તો પોતાનું પર્યાય ઉપર જે વજન છે એ છોડે, ગૌણ કરે. વસ્તુને ઓળખે, ઓળખે તો મુખ્ય થાય. એમ ને એમ મુખ્ય થવાનો પ્રશ્ન નથી. ઓઘેઓઘે કંઈ મુખ્યતા આવે એ તો ટકે નહીં. એમ માને કે, આ વસ્તુ મુખ્ય કરવા જેવી છે પણ ઓઘેઓઘે, કૃત્રિમતાથી મુખ્યતા કરશે એ ટકશે નહીં અને કૃત્રિમતામાં આગળ વધવા જેવું નથી. કૃત્રિમતા કરીને કૃત્રિમતા વધારવા જેવી નથી. સહજપણે ઓળખાણ થઈને જે વસ્તુ થાય એ જ યથાર્થ છે, એમ યથાર્થ માર્ગે આગળ વધવું.

નહીંતર એ પાછી તકલીફ થાય છે કે, અધ્યાત્મનો વિષય અમસ્તો પણ એવો છે કે જેની વાત કરતાં શાતા ઊપજે એવું છે. અનંત આનંદનો વિષય છે ને ! એ વિષય તો આત્માને – જીવને ગમે એવો છે કે, ના, ના. અધ્યાત્મિક વિષય સારો છે. પણ ક્યા માર્ગે કઈ રીતે કામ કરવું ? એ તો પોતાને ખ્યાલ કરવો જ પડશે. ત્રિકાળી શુદ્ધાત્મા મહિમા કરવા જેવો છે એટલે ઓળખ્યા વિના ઓઘેઓઘે એનો મહિમા કરે રાખો, ખૂબ થાય એટલો એનો મહિમા કરો, ખૂબ થાય એટલો એનો મહિમા કરો – એમ આગળ નહીં વધાય. ઓળખ્યા

વિના આગળ નહીં વધાય, એમ છે.

મુમુક્ષુ :- ઉપર ઉપરથી મહિમા આવે એ કંઈ વલણ ન ફેરવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વલણ અંદરનું બીજું રહે, ઉપર ઉપરથી બીજી બાજુ રહે. અંદરથી વલણ ફરવું જોઈએ. એ તો ઓળખ્યા વગર અંદરથી વલણ ફરે નહિ. સીધી વાત એ છે કે, ઓળખ્યા વિના અંદરથી વલણ ફરે જ નહિ.

મુમુક્ષુ :- ઓળખવા માટે તો આટલા વરસથી આવીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ છતાં અંતર ખોજ કરવી જોઈએ. બહારમાં ગમે ત્યાં જાવ એથી શું થઈ ગયું ? નથી 'સોનગઢ'માં આત્મા કે નથી મહાવિદેહમાં આત્મા કે નથી તીર્થંકર પાસે પોતાનો આત્મા ! ખોજ તો અંતરમાં કરવી પડશે, અંતરખોજનો વિષય છે. નીચે લેશે.

'અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે.' 'શોધવાનું' શબ્દ નાખ્યો છે. અમે તો આ જાણ્યું છે, અમારા અનુભવથી આ વાત તમને કરીએ છીએ, તમારે પણ અંદરમાં આ જ શોધવાનું છે. આ અંતરશોધનો વિષય છે. બહારમાં ગમે એટલી શોધ કરે તો ક્યાંયથી મળે એવું નથી.

એમ કહેશે કે બહારમાં તારે શોધવું હોય તો એક સત્પુરુષને શોધ ! જેણે આ માર્ગ જાણ્યો છે એને તું શોધ ! પણ ત્યાં જઈને ઈ તને કરી દ્યે એમ નથી. ત્યાં ગયા પછી એ કહે છે એ વાતને તું અંતરમાં – અંતરખોજમાં લઈ જા ! એ એમ જ કહેશે કે, તું અંતરશોધ કર ! એ બીજું નહિ કહે. તારો આત્મા તારામાં છે. તારી અનંત સુખની ખાણ તારામાં છે અને એને અંદરમાંથી શોધ તું ! બહાર શોધવાથી કંઈ નહીં મળે, એ એમ જ કહેશે.

મુમુક્ષુ :- અહીંયાં પણ વિપરીત અભિનિવેશ રહિત અહીં આવીએ ત્યારે અંદરમાં મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ. વિપરીતતા રાખીને કેવી રીતે કોઈ કામ થવાનું છે ? એ તો થઈ શકે નહિ. એ તો વગર કહે પણ એટલી વાત તો ચોખ્ખી જ હોવી જોઈએ.

'માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.' પછી આગળ શું કરવું ? શું જાણવું ? શું ન કરવું ? શું કરવું ? એ પછી જણાય છે.

અમારે એક પ્રશ્ન ચાલ્યો હતો કે, અમારે કરવું શું ? તમે એમ કહો છો કે, શુભાશુભ ભાવથી બંધન છે. હવે અશુભમાં તો પડ્યા છીએ. ગૃહસ્થી હોય છે એટલે અશુભમાં તો પડ્યા છીએ. તો બને એટલું, જેટલો અવકાશ મળે એટલામાં પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, આ બને એટલું કરીએ છીએ. એથી વધારે બે પૈસા કુદરતી છે તો દયા-દાન પણ કરીએ છીએ. તો આ બધું અમારે ન કરવું ? કે આ અમારે છોડી દેવું ? આ પ્રશ્ન સામે આવે છે.

મુમુક્ષુ :– શુભ છોડી દેવું, શુદ્ધ હાથમાં આવતું હોય તો !

પૂજ્ય ભાઈશ્રી :– ઈ તો અમને કાંઈ ખબર નથી. આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ભલે શુદ્ધતા પ્રાપ્ત થાય એના માટે કરીએ. એ જાણ્યું છે કે શુદ્ધતા પ્રાપ્ત કરવા જેવી છે પણ શુભ અને અશુભ બન્ને બંધન છે તો અમારે શું શુભ છોડી દેવું ? ન કરવું ? કે કરવું ? કાં તો એમ કહો કે કરવું કાં તો એમ કહો કે ન કરવું. આ એક પ્રશ્ન આવ્યો હતો.

પહેલાં પોતાના શુદ્ધાત્મસ્વરૂપની અંતરખોજ કરીને, ઓળખાણ કરવી, નિર્ણય કરવો, લક્ષ કરવું – આ પહેલું કરવું. પછી શું કરવું ને શું ન કરવું ? એ પછી સમજાશે. હવે એ ઓળખાણની દિશામાં બિલકુલ પોતે પ્રયત્ન કરે નહીં અને પહેલા એણે એ નક્કી કરાવવું છે કે, મારે શું કરવું ? અને શું ન કરવું ? એ પહેલા મને નક્કી કરી દ્યો. એટલે મને ખબર પડે (કે) રોજ મારે શું કરવું ? શું ન કરવું ?

મુમુક્ષુ :– કંઈ ન કરવું એ કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– કંઈ કર્યા વગર તો રહેવાતું નથી. ભૂખ લાગે છે, ખાધા વગર રહેવાતું નથી. પૂર્વકર્મ લઈને આવ્યો છે, આઠે કર્મ બાંધીને આવ્યો છે, એના ઉદયની અંદર તો જોડાય જ જાય છે કંઈ રોક્યો રોકાતો નથી. અશુભમાં તો પડ્યો છે. હવે એમ થાય છે કે, આ તો એકલા પાપ બંધાય છે, પાપના પોટલા જ છે, અહીંયાં ગૃહસ્થીમાં તો બીજું કાંઈ છે નહીં. તો કંઈક એમ થાય છે કે ના, ના થોડું બીજું પણ કરી લેવું. તો પૂજા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, દયા-દાન કરીએ છીએ, શાસ્ત્રસ્વાધ્યાય કરીએ છીએ, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ. આ બધું કરવું કે ન કરવું ? તમે કહો છો (એ) શુભ બંધ થાય છે. એ તો શુભરાગ છે, પેલો અશુભ છે. તો આ કરવું કે ન કરવું ? આટલો સવાલ છે.

મુમુક્ષુ :– આ અઘરું લાગે છે એટલે પેલું સહેલું લાગે છે. તો મગજ ચાલે ને !

પૂજ્ય ભાઈશ્રી :- અઘરું તો અણઅભ્યાસે છે. એ દિશામાં આ જીવ જવાનો પ્રયત્ન કરતો નથી માટે અઘરું છે, નહીંતર કાંઈ અઘરું નથી. પેલાથી ટેવાઈ ગયો છે માટે સહેલું છે, બીજું કંઈ નથી. તો પ્રથમમાં પ્રથમ એણે સ્વરૂપનિશ્ચય કરવા માટે શાસ્ત્રઅભ્યાસ કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ, એ જ શાસ્ત્રલક્ષ છે. એના બદલે કરવું શું અને ન કરવું શું ? એની ગૂંચવણમાં ગૂંચાઈ જાય તો એ કાંઈ આગળ વધવાનો રસ્તો નથી.

મુમુક્ષુ :- શોધ કરવા જાય એમાં Automatically કષાય તો મંદ થઈ જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જ જાય, આપોઆપ થઈ જાય, કરવો ન પડે અને પૂજા, ભક્તિ ને બીજા લક્ષ વિનાના શાસ્ત્રઅધ્યયન કરતાં પણ વધારે એને કષાય મંદ થઈ જશે અને તોપણ એમ ખ્યાલ આવશે કે, આ કષાય મંદ થઈ ગયો એટલે શું થઈ ગયું ? જે મારે ખોજ કરવાની છે એ હજી બાકી છે. ઊલટાનું ગૌણ થઈ જશે, નહીંતર મુખ્ય થયા વિના રહેશે નહીં કેમકે અશુભ ઊભું છે. તો કહે નહીં, થોડું શુભ તો કરું જ છું ને ! ભલે અશુભ થઈ જાય છે પણ (શુભ પણ કરું જ છું ને !)

કદી ઘરની અંદર એવો સંવાદ કર્યો છે ઘરના સભ્યો સાથે ? કે કોળા-વાઘરા ઘરમાં ગાળા-ગાળી કરે છે, આપણે એના કરતાં તો સારા છીએ ને કે, ઘરમાં કોઈ દી' ગાળો બોલતા નથી ! એવી કોઈ દી' ઘરના સભ્યો સાથે એ પ્રકારની વાતચીત કરી છે ? એવી રીતે તો વિચારાય જ નહીં. બીજા નીચેવાળા કરતાં અમે ઊંચા (છીએ એમ વિચારાય જ નહીં). ઈ જ દૃષ્ટિ નીચે લઈ જશે. નીચેની દૃષ્ટિ એ નીચદૃષ્ટિ છે એ જીવને નીચે લઈ જશે. જેને આગળ વધવું છે એણે તો ઉપર જોવું જોઈએ અને જેને ઉપર જવું છે એણે ઊંચે દૃષ્ટિ રાખવી પડશે. ઉચ્ચદૃષ્ટિ એણે કેળવવી પડશે કે, કોણ કોણ આગળ વધી ગયા ? તમને તો પિતાશ્રીના વખતથી આ બધું છે. અમે તો પાછળથી દાખલ થયા છીએ, કે નહીં ?

મુમુક્ષુ :- ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભાવનામાં આ બધું આવશે. ભાવનાથી વિરુદ્ધ અંદરમાં ઠેસ લાગશે, હૃદય દુભાશે કે નહીં, આ નહીં, આ નહીં, આ નહીં, એમ છે.

'અમે તો એમ જાણ્યું છે.' એટલે અમે આ ભૂમિકામાંથી પસાર થયા છીએ. એમનો દર્શનપરિષહ આગળ આવી ગયો ને ? અમે તો આ ભૂમિકામાંથી પસાર થયા છીએ. 'માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.' પછી કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યનો પોતાને વિવેક આવે છે એ પહેલા એ વિવેક આવતો નથી.

પત્રાંક – ૧૯૬

મુંબઈ, માહ સુદ ૭, રવિ, ૧૯૪૭

મુ–પણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,

જીવને બે મોટાં બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.

વ્યાખ્યાન કરવું પડે તો કરવું; પણ આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે, એમ સમજતાં જતાં ઉદાસીન ભાવે કરવું. ન કરવા માટે જેટલા સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલા કરવા, અને તેમ છતાંય જ્યારે કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવું.

(પત્ર) ૧૯૬, 'લલ્લુજીમુનિ' ઉપરનો પત્ર છે. 'મુનિપણે રહેવું પડે...' મુ. એટલે મુનિ 'મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,' એટલે એને મુનિ માન્યા નથી. આ લોકો અગાસમાં સ્થાપી દે છે ને ? કે જુઓ ! મુનિ તરીકે સ્વીકાર્યા છે, પ્રભુશ્રીને મુનિ તરીકે સ્વીકાર્યા છે અને પોતે પાછા મુનિ પોતાને એના ભક્ત જ ગણે છે. લઘુરાજ એટલે હું નાનો રાજ છું, એમ. નાનો રાજ છું એમ નામ આપ્યું છે એમને. 'મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,' એટલે મુનિના વેશમાં રહેવું પડે છે એવા જિજ્ઞાસુ, એમ. તમે જિજ્ઞાસુની ભૂમિકામાં છો, ભલે મુનિના વેશમાં, સ્થાનકવાસીમુનિના વેશમાં રહેતા હતા. પછી મુહપત્તિ કાઢી નાખી હતી.

'જીવને બે મોટા બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ.' પ્રતિબંધ એટલે જે

જે વિષયોમાં જીવ રોકાય છે, જે જે પરવિષયમાં રોકાય છે એનું નામ પ્રતિબંધ આપ્યું છે અને જીવ આજ્ઞા બહાર જાય છે તેને સ્વચ્છંદ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષની આજ્ઞા બહાર જાય છે એને સ્વચ્છંદ કહે છે અથવા પોતાના દોષિત પરિણામને અવગણીને, દોષિત પરિણામને ગૌણ કરીને, વધારે દોષિત ભાવે પરિણમે છે અથવા રાગાદિ ભાવોનું જે અનુમોદન ચાલે છે, નિષેધ આવતો નથી એ બધું સ્વચ્છંદમાં જાય છે. અનેક ભેદે વાત છે.

પરિણામની અંદર 'જીવને બે મોટા બંધન છે.' એક પોતાના સ્વચ્છંદ પરિણામ અને એક બીજા પ્રતિબંધ(ના પરિણામ). 'સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે,...' જેને ખબર પડી કે આ બે પ્રકારના પરિણામ નહીં હોવા જોઈએ, એમાં પહેલા સ્વચ્છંદ ટાળવાની જેની ઇચ્છા છે 'તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ;...' વિદ્યમાન સત્પુરુષની આજ્ઞામાં રહેવું – આ એણે ગાંઠ મારી દેવી જોઈએ. પહેલા તો એ હોવા મુશ્કેલ છે પણ જો હોય તો આ વાતમાં સ્વપ્ને પણ કંઈ ફેરફાર થવો જોઈએ નહીં. કરવું-કરાવવું-અનુમોદવું, મનથી, વચનથી, કાયાથી કોઈ પણ પ્રકારે એણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.

'અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ.' કેમકે બધા વિષયો પ્રતિબંધ છે, જેટલા પરવિષય છે એ બધા પ્રતિબંધ છે. જો 'આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી.' સ્વચ્છંદ અને પ્રતિબંધ જેના ટળે છે, એ સર્વ બંધનથી મુક્ત થાય છે. નહીંતર બંધનથી મુક્ત થવાનો કોઈ અવસર નથી.

'સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે.' સ્વચ્છંદ જેનો છેદાયો છે એટલે કે જે જ્ઞાનીની આજ્ઞામાં આવ્યો તે આગળ જઈને પ્રતિબંધનો પણ નાશ કરશે. 'આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.' આટલી જે વાત કરી એ વિસ્મરણ કરવા યોગ્ય નથી, લક્ષમાં રાખવા યોગ્ય છે.

પ્રશ્ન :– પ્રતિબંધ એટલે કોઈમાં રોકાઈ જવું ?

સમાધાન :– કોઈ પણ પરવિષયમાં રોકાઈ જવું એ એનો પ્રતિબંધ છે એટલે અટકવાનું સ્થાન. પ્રતિબંધ એટલે અટકવાનું સ્થાન, અટકવાનો વિષય એને પ્રતિબંધ કહે છે.

પ્રશ્ન :– એકત્વબુદ્ધિએ (અટકે છે) ?

સમાધાન :– એ તો એકત્વબુદ્ધિએ જ અટકે છે. એકત્વબુદ્ધિ સહિત જ જાય છે. પરપદાર્થ તરફના જે પરિણામ છે એમાં એકત્વબુદ્ધિ તો સાથે જ રાખી છે. જ્યાં સુધી સ્વાનુભવ

સુધી પહોંચ્યો નથી ત્યાં સુધી એમાં એકત્વબુદ્ધિ સહિત અટકે જ છે. જ્યાં જ્યાં ઉપયોગ જાય ત્યાં અટકે છે. એકત્વબુદ્ધિ સહિતનો જ ઉપયોગ જાય છે પછી કષાય તીવ્ર હોય કે મંદ હોય, એકત્વબુદ્ધિ તો સાથે ને સાથે જ છે.

પ્રશ્ન :– સ્વચ્છંદ ટળ્યા પછી જ પ્રતિબંધ ટળે છે ?

સમાધાન :– હા, (પછી) પ્રતિબંધ ટળે છે. સ્વચ્છંદ રાખે ને પ્રતિબંધ ટળી જાય એવું ન બને. એટલે તો પહેલા સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે – એમ પહેલી વાત એ લીધી છે. દોષમાં પણ સ્વચ્છંદ અને પ્રતિબંધ એમ ક્રમ લીધો છે, એમ. પહેલો પ્રતિબંધ અને પછી સ્વચ્છંદ એમ નહીં. એ તો એમ જ છે, ક્રમ તો એમ જ છે.

'વ્યાખ્યાન કરવું પડે તો કરવું;...' હવે એ સંપ્રદાયના મુનિ છે અને બીજા લોકો એને સાંભળવા આવે છે. મુનિની વાત મુનિ પાસે રહી પણ જે વ્યાખ્યાન કરતા હોય, વક્તા હોય, વાંચનકાર હોય એને સીધું લાગુ પડે છે. લેવાનું છે એમ કે, આપણને શું લાગુ પડે છે ? એમ લેવાનું છે.

'વ્યાખ્યાન કરવું પડે તો કરવું; પણ આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે,...' રોકાવાનું એક કારણ છે. વ્યાખ્યાન કરવું પડે હોં ! મારે કરવું છે, મને કેમ બેસાડતા નથી, એ પ્રશ્ન જ નથી. મને કેમ આમંત્રણ દેતા નથી, એ પ્રશ્ન જ નથી. 'કરવું પડે તો કરવું; પણ આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે,...' એમ સમજીને 'એમ સમજતાં જતાં...' એમ સમજણ ચાલુ રાખીને 'ઉદાસીન ભાવે કરવું.' પરાણે કરવું પડે છે એમ કરવું.

'ન કરવા માટે જેટલા સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલા કરવા,...' સમજાવીને, મારે વાંચન ન કરવું પડે એના માટે સમજાવવા અને બને તો ન કરવું 'અને તેમ છતાંય જ્યારે કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવું.' કે મારી યોગ્યતા નથી અને કરવું પડે છે. અથવા પોતાના આત્માને સમજાવવો. વ્યાખ્યાન કરવામાં મુખ્યપણે પોતાના આત્માને સમજાવવો. પોતાના પરિણામ ઉપર વધારે વાત લેવી. અને જે અકર્ત્તવ્ય છે, કરવા યોગ્ય નથી એના માટે એમ લેવું કે મને આ જો કરવા યોગ્ય નથી લાગતું તો સ્વાભાવિક છે કે તમને પણ કરવા યોગ્ય નહીં લાગતું હોય. એમ માનું છું કે તમને પણ આ કરવા યોગ્ય નહીં જ લાગતું હોય. પણ સીધું આદેશ અને ઉપદેશાત્મક પદ્ધતિમાં આવવું નહીં, એમ એમનું કહેવું છે. ઉપદેશક નહીં બની જવું. ઉપદેશક બનવું

તો પોતાના આત્માના પોતાએ ઉપદેશક બનવું. એમ સ્વલક્ષે સ્વાધ્યાય કરવાના અભિપ્રાયથી જો વાંચન કરવામાં આવે તો હજી કંઈક સ્વ-પરને હિતકારી પ્રવૃત્તિ થાય, નહીંતર સ્વને જે અહિતકારી પ્રવૃત્તિ થાય એ પરને હિતકારી થવાનો તો પ્રશ્ન જ વિચારવા જેવો નથી રહેતો.

પ્રશ્ન :- અહીં પ્રતિબંધ શું લેવો ?

સમાધાન :- એ મુનિ હતા ને વ્યાખ્યાન કરતા હતા એટલે એ વ્યાખ્યાન કરવાની પ્રવૃત્તિ જ એને પ્રતિબંધ હતી. હું બીજાને સમજાવું, હું બીજાને સમજાવું, હું બીજાને સમજાવું તો બીજાનું ભલું થશે માટે મારે બીજાને સમજાવવું – આ જે પ્રકાર છે એ એને ત્યાં પ્રતિબંધ છે. એ પ્રતિબંધમાં નહીં આવવું. એ પ્રતિબંધ છોડી દેવો જોઈએ. એ રોકાવાનું કારણ છે, એનાથી નિવર્તવું અને પોતાના આત્મહિતના પરિણામમાં આવવું, એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :- આ પ્રમાણે હું વ્યાખ્યાન આપીશ તો મને નુકસાન થશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં શું છે કે બીજા ઉપર લક્ષ જતાં નુકસાન એ થાય છે કે, સ્વલક્ષ ગૌણ થાય છે અથવા સ્વલક્ષ ચૂકી જવાય છે. એટલે પોતાના પરિણામમાં જે સુધાર કરવો છે એ બાજુની દિશા બંધ થઈ જાય છે અને બીજાના પરિણામમાં સુધાર કરવા બાજુનો ઉપયોગ છે એ વર્ત્યા કરે છે એ એને પ્રતિબંધ છે, એ એને રોકાવાનું સાધન છે અને પોતાનો આત્મવિકાસ બંધ થવાનું એ કારણ છે. આવું એક જાણ્યે-અજાણ્યે નુકસાન થાય છે. નહીંતર ઉપરછલ્લી ભાવના તો સારી છે કે, બીજાનું હિત થાય એમાં મને કંઈ સ્વાર્થ થોડો છે ! મારે કંઈ થોડું બીજા પાસેથી જોઈએ છે ! કોઈ અપેક્ષાબુદ્ધિથી નથી કરતો, જોકે અહીંયાં તો આવી જે દીક્ષા અજ્ઞાનભાવમાં લીધી હોય એને તો અપેક્ષાબુદ્ધિ હોય જ. એને તો આહાર, પાણી, બીજું-ત્રીજું એની અપેક્ષા રહે જ છે, કેમકે એને તો સમાજમાંથી લેવાનું છે.

મુમુક્ષુ :- સ્વાધ્યાયમાં રહેવું હોય તો વ્યાખ્યાન કરવું પડે એવો નિયમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ? ફરજિયાત ? અચ્છા. પણ બધા તો કરતા નથી, કોઈક કરતા હોય છે. બાકી તો ઘણા બીજા આમ (જ રહે છે).

મુમુક્ષુ :- કોઈ ન હોય ત્યારે એણે કરવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા, તમે સંભળાવો, (એમ.)

મુમુક્ષુ :- લાંબો કાળ સુધી તો સ્વરૂપ રમણતામાં રહી શકાય નહીં એટલે પછી કાંઈક

તો કરે ને !

પૂજ્ય ભાઈશ્રી :– લાંબો કાળ શું હજી શરૂઆત પણ નથી થઈ હોતી. હજી શરૂઆત પણ નથી કરી જીવે, ત્યાં લાંબા કાળની ક્યાં વાત કરવી ? તો શરૂઆત તો કરે. શરૂઆત કરે નહીં અને પેલી વાત ક્યાંથી ઊભી થઈ ગઈ ? એમ. એ બરાબર નથી, એવું છે.

જેને શરૂઆત થઈ છે એને લાંબો કાળ નથી રહેવાતું તો એને બધો વિવેક આવે છે. એને પોતાની ભૂમિકાનો બધો વિવેક હોય છે અને સ્વ-પર હિતકારી પ્રવૃત્તિ કેવી રીતે થાય ? એનો એને વિવેક હોય છે. પણ જેને હજી શરૂઆત જ નથી થઈ એ તો અવિવેક કરીને બીજી બાજુ જાય છે, એ તો એનો ચોખ્ખો પ્રતિબંધ છે. વાત લખી છે મુનિને, વાત તો મુનિને લખી છે પણ મુમુક્ષુએ એમાંથી શું લેવું ? ઈ આમાંથી કાઢવાનું છે. દરેક પત્રમાંથી સીધું તારવવાનું ઈ છે કે, આમાં મારે કેવી રીતે નીકળે ? મારા માટે આમાંથી શું નીકળે છે ? એટલું કાઢવાનું છે.

મુમુક્ષુ :– ઈ તો ઉપદેશનું વલણ જ ફરી ગયું છે ને પરને સમજાવાનું, એનો ઉપયોગ પોતામાં જાવાને બદલે પરને સમજાવવામાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પોતે ગુરુપદે આવી જાય છે. હજી તો શિષ્યની પણ યોગ્યતા ન હોય અથવા બોધ લેવાની ઘણી આવશ્યકતા હોય (છતાં) એ બોધ લેવાનો પડતો મૂકીને ગુરુપદે આવી જાય છે. અને સ્વચ્છંદ તો પછી એમાંથી એટલો બધો વધી જાય કે, ગુરુને પણ પછી એમાંથી આમ કરવું જોઈએ ને ન કરવું જોઈએ – એ બધી વાતો એમાંથી પછી ઊભી થાય છે કે આમ નહોતું કરવું જોઈતું અને આમ કરવું જોઈતું હતું. એ બધી વાતો પછી એમાંથી ઊભી થાય છે.

મુમુક્ષુ :– આ પરિસ્થતિ તો મુમુક્ષુ મુમુક્ષુ અંદર અંદર વાત કરે છે એમાં પણ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમાં પણ ગુરુ બની જાય છે. એ તો 'સમયસાર'માં લીધું છે કે, માંહે માંહે આચાર્યપદ જ કર્યું છે. મુમુક્ષુ થઈને અંદરોઅંદર પોતે આચાર્યપદે જ બેઠો છે, એ જ કર્યું છે. કેમકે એને બીજાની ભૂલ દેખાય છે અને પોતાની ભૂલ દેખાતી નથી. બીજાની ભૂલ કેમ સુધારવી ? એના ઉપર આક્રમણ કરીને જાય છે. ભાઈ ! એની ભૂલ ઈ સુધારશે, તું આક્રમણ કરીશ (તો) તારા આક્રમણ કરવાથી કોઈ બીજાની ભૂલ નહીં જાય ને નહીં સુધરે, એ રસ્તો છોડી દે. ખરી વાત એ છે.

આ તો એવા બધા પત્રો છે. આત્માર્થી થાય તો કેવો થાય એની વાત છે. જીવ એકદમ આત્માર્થી થાય એના માટે આ ગ્રંથ સર્વોત્તમ ગ્રંથ છે એમ કહીએ તો ચાલે. ઘણા પડખાથી વાત નીકળી છે, મુમુક્ષુને આત્માર્થી થવું હોય તો આમાં ઘણા પડખાથી વાત નીકળી છે. ૧૯૭માં તો બીજી વાતો છે, એ પણ લલ્લુજીમુનિ ઉપરનો છે.

## પત્રાંક - ૧૯૮

મુંબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭

સત્‌ને અભેદભાવે નમોનમઃ

પત્ર આજે મળ્યું. અત્ર આનંદ છે (વૃત્તિરૂપ). કેવા પ્રકારથી હમણાં કાળક્ષેપ થાય છે તે લખશો.

બીજી બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે; અને તેનું મુખ્ય સાધન સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.

સત્સંગ (સમવયી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ)માં, સત્‌નો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષનાં વચનોનું પરિચર્યન કરવું કે જેમાંથી કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.

કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્‌ પ્રાપ્ત થાય છે, સત્‌ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્‌ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે; આ અમારું હૃદય છે.

આ કાળ સુલભબોધીપણું પ્રાપ્ત થવામાં વિઘ્નભૂત છે. કંઈક (બીજા

કાળ કરતાં બહુ) હજુ તેનું વિષમપણું ઓછું છે; તેવા સમયમાં વક્રપણું, જડપણું જેનાથી પ્રાપ્ત થાય છે એવા માયિક વ્યવહારમાં ઉદાસીન થવું શ્રેયસ્કર છે. ..... સત્‌નો માર્ગ કોઈ સ્થળે દેખાતો નથી.

તમને બધાને હમણાં જે કંઈ જૈનનાં પુસ્તકો વાંચવાનો પરિચય રહેતો હોય, તેમાંથી જગતનું વિશેષ વર્ણન કર્યું હોય તેવો ભાગ વાંચવાનો લક્ષ ઓછો કરજો; અને જીવે શું નથી કર્યું ? ને હવે શું કરવું ? એ ભાગ વાંચવાનો, વિચારવાનો વિશેષ લક્ષ રાખજો.

કોઈ પણ બીજાઓ, ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ (શ્રાવકાદિક) ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહિ. હાલ જેણે ઉપાધિરૂપ ઇચ્છા અંગીકાર કરી છે, તે પુરુષને કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહિ. માત્ર કોઈ દૃઢ જિજ્ઞાસુ હોય તો તેનો લક્ષ માર્ગ ભણી વળે એવી થોડા શબ્દોમાં ધર્મકથા કરશો (તે પણ જો તે ઇચ્છા રાખતા હોય તો). બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે મિથ્યા ધર્મવાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો, પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો. જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી; આ અમારો નિશ્ચય છે.

આ વાત તમે જે વાંચો તે સુજ્ઞ મગનલાલ અને છોટાલાલને કોઈ પણ પ્રકારે સંભળાવજો વંચાવજો.

યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.

૧૯૮ પત્ર. 'સત્‌ને અભેદભાવે નમોનમઃ' સત્ એટલે પોતાનું સત્ સ્વરૂપ, શાશ્વતપદ, તેને સ્વસ્વરૂપે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી એકત્વ કરવું તેને નમોનમઃ કહે છે.

'પત્ર આજે મળ્યું. અત્ર આનંદ છે (વૃત્તિરૂપ).' વૃત્તિરૂપ એટલે પ્રવર્તવારૂપ. 'કેવા પ્રકારથી

હમણાં કાળક્ષેપ થાય છે તે લખશો.' એટલે તમારો સમય કેવી રીતે જાય છે તે જણાવશો.

'બીજી બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે;...' પાત્રતાનો વિષય લીધો કે બીજી બધી પ્રવૃત્તિ મૂકીને, આ જીવને પાત્રતા પ્રાપ્ત થાય તે વિચારવા યોગ્ય છે, તેની ઊંડી વિચારણા કરવા યોગ્ય છે. 'અને તેનું મુખ્ય સાધન...' બહારમાં 'સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.' એક સત્સંગ છે એટલું નથી લીધું. આટલી શરત નાખી છે કે, જે કોઈ પ્રકારનો ઉદય વર્તે છે તે તમામ ઉદયમાંથી નીરસ થઈને સત્સંગ કરવો છે. એ પ્રકારે સત્સંગ કરે તો સત્સંગ ફળે, નહીંતર બીજું બધું એમ ને એમ રાખે, એટલે વિપરિત અભિનિવેશ સહિત સત્સંગ કરે છે કે આપણે તો ભાઈ, હજી ભૂમિકા છે, ખાવું-પીવું, લહેર ઉડાવવી, બીજું-ત્રીજું બધું કુદરતી છે પછી આપણે ક્યાં વાંધો છે ? વાંધો હોય એને ન મળે ! પુણ્યનો યોગ છે, પાપ કરવા માટે ! એમ ચાલે ? સર્વ પ્રકારના એટલે બધા ઉદય લઈ લેવા, કોઈ ઉદય બાકી ન રાખ્યો, એમ. જેને જે પ્રકાર હોય તે, એનો વૈરાગ્ય એટલે નીરસપણું, એ સહિત સત્સંગ છે. એ જ જીવને યોગ્યતા પ્રાપ્તિ માટે મુખ્ય સાધન છે, પાત્રતા માટેનું એ મુખ્ય સાધન છે.

'સત્સંગ (સમવયી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ)...' સમગુણી અથવા સમવયી. સમવયી એટલે સરખી ઉંમરના, પછી ઉંમરનો કંઈ એમાં બાદ નથી. પણ સમવયી એટલે સરખા વિચારવાળાનો અને સરખા ગુણવાળાનો. સમગુણી પુરુષોનો યોગ અથવા વિશેષ ગુણી હોય એનો યોગ થવો એને પણ સત્સંગ કહેવામાં આવે છે.

સત્સંગમાં 'સત્‌નો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષનાં વચનોનું પરિચર્યન કરવું...' જેને આત્મજ્ઞાન પ્રગટ થયું છે અને એ વાતો એમણે જે કરી છે, એવા એમના જે વચનો છે એ વચનોનું પરિચર્યન કરવું એટલે એને ચારે બાજુથી એની વિચારણા કરવી. પોતાને કેવી રીતે એ ઉપકારી થાય ? કેવી રીતે એ પોતાને આત્મહિતમાં લાગુ પડે ? એનો પોતે કેવી રીતે પ્રયોગ કરી શકે ? એની ઊંડી વિચારણાને પરિચર્યન કહે છે. 'કે જેમાંથી કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.' એવી રીતે સત્સંગ કરતાં સત્‌ની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

'કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી.' એટલે કે સત્સંગ વિના, સત્પુરુષના સંગ વિના અને સત્સંગ વિના કોઈ એમ કહે કે, હું ઘરે બેઠો બેઠો વાંચું છું અને વિચારું છું, (તો તું) કેવી રીતે કલ્પનાએ ચડી જઈશ તેની તને ખબર પડશે નહીં.

'કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે,...' આ પ્રત્યક્ષ વિદ્યમાન સત્પુરુષનો જે યોગ છે એના ઉપર એમનું વજન છે. આજ્ઞાપ્રત્યક્ષનો વિષય નથી, આજ્ઞાપ્રત્યક્ષનો વિષય નથી.

પાર્લામાં એક 'શ્રીમદ્‌જી'નું મંડળ ચાલે છે, ઇર્લા પાર્લામાં એક હોલ રાખ્યો છે, ૩૦૦-૪૦૦ સભ્યો છે અને બધા અઠવાડિયામાં બે દિવસ મળીને ત્યાં સ્વાધ્યાય-ભક્તિ કરે છે. ત્યાં ગયા બુધવારે રાતના નવથી દસ વાંચન કરવાનું નક્કી થયું હતું. એક ભાઈ તો મુંબઈથી આવ્યા હતા ઈ મળ્યા કે આ અમારા કોઈ Programme નથી છોડતા એવા ખાસ ભાઈ છે અને પાર્લા આવે છે અને જ્યારે જ્યારે Programme હોય ત્યારે મુંબઈથી ઠેઠથી આવે છે. ઈ ભાઈ કુદરતી મળી ગયા.

એમાં 'શ્રીમદ્‌'ના જ પત્રો વાંચવાના હતા તો એટલે વિદ્યમાન સત્પુરુષની વાત તો વારંવાર આવવાની. એટલે સત્પુરુષ અને વિદ્યમાન સત્પુરુષ વચ્ચે થોડો તફાવત વિચારમાં લીધો. કેમકે અત્યારે પોતે 'શ્રીમદ્‌જી' અવિદ્યમાન સત્પુરુષ છે. પોતાને માટે અત્યારે અહીંયાં મુમુક્ષુને માટે તે અવિદ્યમાન સત્પુરુષ છે અને વિદ્યમાન સત્પુરુષ ઉપર 'શ્રીમદ્‌જી'એ એટલું બધું વજન આપ્યું છે કે (છતાં) એમના કોઈ અનુયાયીઓ વિદ્યમાન સત્પુરુષને શોધવા જ નીકળ્યા નથી ! વિદ્યમાન હોવા છતાં ! ઘણા તો ગુપ્ત હોય છે, 'શ્રીમદ્‌જી' ગુપ્ત હતા, એમ ઘણા ગુપ્ત હોય છે પણ 'ગુરુદેવ' ગુપ્ત ન રહી શક્યા. એટલા બધા પુણ્ય હતા કે ગુપ્ત ન રહી શક્યા. એક પ્રખર પ્રવચનકાર તરીકે એમના લાખો-હજારો પ્રવચનોની કેસેટ ને પુસ્તકો છપાણા. છતાં કોઈએ એટલી તસ્દી ન લીધી કે આત્મજ્ઞાન છે કે નહીં ? અને હોય તો આ કાળમાં બહુ મોટી વાત છે. એટલે વિદ્યમાન સત્પુરુષ ઉપર વજન છે એ તો એ લોકોને ખ્યાલ આવી ગયો કે આ વિદ્યમાન સત્પુરુષ ઉપર બધી વાત કરવા માગે છે. અવિદ્યમાન માટેની લાગુ પડતી નથી. તો કહે કે 'કૃપાળુદેવ' છે એમની જે આજ્ઞા છે એ અમારે તો પ્રત્યક્ષવત્ જ છે. ક્યાં એણે અપેક્ષા લગાડી દીધી ? ફેરવી તોળ્યું, ફેરવી તોળ્યું.

'કૃપાળુદેવ' જેવા કોઈ મહાપુરુષ જોવામાં તો આવતા નથી. પણ શોધ કરી ? (એમ મેં) પૂછ્યું. પણ કંઈ ખોજ કરી છે કે એમ જ કહો છો ? 'કૃપાળુદેવ' જેવા તો કોઈ મહાપુરુષ જોવામાં આવતા નથી એટલે એમ જ લાગ્યા કરે છે કે બસ ! એક કૃપાળુદેવ જ છે અને બીજું કોઈ નથી અને એમની આજ્ઞાને પ્રત્યક્ષ કરીએ એટલે આપણા માટે 'કૃપાળુદેવ' આજ્ઞાપ્રત્યક્ષ થઈ ગયા કે નહીં ? આજ્ઞાપ્રત્યક્ષ થયા, એમ. આજ્ઞા સ્વીકારી એટલે આજ્ઞાપ્રત્યક્ષ

થઈ ગયા.

(મેં) કહ્યું, પણ એમણે તો એમ કહ્યું છે કે 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર' બીજા સત્પુરુષ નહીં, જિનેન્દ્રને પણ એમણે ગૌણ કર્યા છે. Referenceમાં ૬૬૧ પત્ર લીધો હતો કે આચાર્યોના આગમને મુખ્ય કરે, જે અત્યારે આપણા ઘણા લોકો કરે છે. જે પ્રત્યક્ષ નથી આવતા, કહે અમારી પાસે આગમ છે, અમારી પાસે 'સમયસાર' છે, કુંદકુંદાચાર્ય છે. તો એ તો અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે, એમ કહ્યું. પ્રશસ્ત પણ નહીં, અપ્રશસ્ત – માઠો, અશુભ શાસ્ત્રીય અભિનિવેશ છે, એવી વાત કરી છે અને ઠામ ઠામ એ વાત કરી છે, એમાં આ વાત વળી તે દી' યાદ ન આવી કે, 'સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ' એમ, 'સજીવનમૂર્તિ' શબ્દ વાપર્યો છે, વિદ્યમાન સત્પુરુષ માટે 'સજીવનમૂર્તિ' શબ્દ વાપર્યો છે.

'સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે.' આ નિજ સત્, નિજ સત્ પ્રાપ્ત થાય છે, નિજ સત્ સમજાય છે, નિજ સત્‌નો માર્ગ મળે છે અને નિજ સત્ પર લક્ષ આવે છે. 'સજીવનમૂર્તિના લક્ષ વગર...' આવી જાતના અભિપ્રાય વગર 'જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે;...' એ નવા બંધન ઊભા કરશે. 'આ અમારું હૃદય છે.' મૂળ અભિપ્રાય અમારો આ છે કે સજીવનમૂર્તિને છોડીને, વિમુખ થઈને, ગૌણ કરીને, કોઈ પણ પ્રકારે, કંઈ પણ ધર્મ કરવા માગશે (તે) નવા (કર્મને) બાંધશે. એ જીવને બંધન જ છે, મુક્તિનો માર્ગ તો નથી પણ એને બંધન છે.

પ્રશ્ન :– સજીવનમૂર્તિ ન હોય તો ?

સમાધાન :– હા, ન હોય તો એને ભાવના આવવી જોઈએ કે, ક્યાંય હોય તો સારું, અત્યારે હોય તો સારું અને અત્યારે ક્યાંય હોય અને મને મળી જાય તો સારું. એ ભાવનામાં એણે રહેવું જોઈએ. પણ નથી માટે હવે આપણે ગમે તેમ ચાલો, એવું નથી ચાલતું. ન હોય તો એની ભાવના રહેવી જોઈએ, જો ઇચ્છતો હોય તો. જગતમાં શું થાય છે ? જે વસ્તુ આપણા ઘરમાં નથી એ જોઈતી હોય તો પહેલા કેટલી વાર વિચાર આવી જાય છે ? કે આ મળે તો સારું, આ મળે તો સારું, આ મળે તો સારું. પછી એવો કોઈ મેળ ખાય ત્યારે પોતે મેળવવા માટે ખર્ચ કરી શકે છે, નહીંતર તો ભાવના જ આવે છે કે નહીં ? સીધી વાત છે અને એ ભાવના જ એને એવા પુણ્યોદયમાં લાવે છે. વિશેષ લઈશું.

## તા. ૨૬-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૪૫
## પત્રાંક - ૧૯૮ થી ૨૦૦

પત્રાંક ૧૯૮, ચાર પેરેગ્રાફ છોડ્યા પછી, ચાર પેરેગ્રાફ સુધી ચાલ્યું છે.

મુમુક્ષુ :- પહેલેથી લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી લઈએ. લલ્લુજીમુનિ ઉપરનો પત્ર છે,

પત્રનું મથાળું બાંધ્યું છે 'સત્‌ને અભેદભાવે નમોનમઃ' સત્‌ નામ પોતાનું આત્મસ્વરૂપ, ત્રિકાળ શાશ્વત. શાશ્વત એવા આત્મસ્વરૂપને અભેદભાવે એટલે પોતારૂપે સ્વાકારભાવે પરિણમીને લીન થવું એને નમવું એમ કહે છે.

'પત્ર આજે મળ્યું. અત્ર આનંદ છે (વૃત્તિરૂપ). કેવા પ્રકારથી હમણાં કાળક્ષેપ થાય છે તે લખશો.' તમે કેવી રીતે સમય ગુજારો છો તે જણાવશો. 'બીજી બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે;...' જ્ઞાનપ્રાપ્તિ માટે, સ્વાનુભવ માટે પાત્રતા અને યોગ્યતા આવે એ મુખ્યપણે મુમુક્ષુએ વિચારવા યોગ્ય છે. કેમકે ૧૯૬ (પત્રમાં) એમને 'જિજ્ઞાસુ' તરીકે સંબોધ્યા છે. બાહ્ય વેશમાં મુનિ છે છતાં 'મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ' એમ કરીને સંબોધન કર્યું છે.

જ્ઞાનપ્રાપ્તિ માટેની યોગ્યતા અને પાત્રતા કેવી હોય ? એ પહેલા વિચારવું અને એ વિચારવા માટે બીજી બધી પ્રવૃત્તિ ગૌણ કરવી પડે તો કરવી. કોઈ પણ પ્રવૃત્તિ, જેને જે ઉદય હોય તે. 'અને તેનું મુખ્ય સાધન સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.' તેનું મુખ્ય સાધન સત્સંગ છે પણ સર્વ પ્રકારના ઉદયભાવથી નીરસ થઈને. આ શરત મૂકી છે.

સત્સંગ સંબંધમાં બે શરત છે. અહીંયાં એક શરતની વાત કરી છે. બીજી જ્યાએ

એ વાત આવે છે પણ આપણે એ વિષયને એકસાથે સંકલિત કરવો જરૂરી છે. એક તો સત્‌ની ઉપાસના કરવી છે, શ્રુતની – સત્‌શ્રુતની ઉપાસના કરવી છે કે સત્‌ની ઉપાસના કરવી છે તો ઇન્દ્રિયનિગ્રહપણે એટલે કે સર્વ પ્રકારના ઉદયની અંદર નીરસ પરિણામ હોય તો જ એ દિશાની અંદર કંઈક પ્રગતિ થવાનો અવકાશ છે. નહીંતર ઉદયિકભાવોમાં જે રસ છે એ રસ જ એવો પ્રતિબંધ છે કે જેને લઈને સત્સંગમાં જે પ્રવૃત્તિ થાય છે એ પ્રાયઃ નિષ્ફળ જાય છે. એક તો એ શરત છે.

બીજું, કોઈ વિદ્યમાન સત્પુરુષનો યોગ થાય એવો સત્સંગ હોય, આ સત્સંગમાં તો બન્ને વાત છે કે મુમુક્ષુઓ સાથે મળીને સ્વાધ્યાય કરે, ચર્ચા-વાર્તા કરે એને પણ સત્સંગ કહે છે, જે નીચે સમગુણી પુરુષનો યોગ કહ્યો. એ લીટીમાં જ આવે છે કે સત્સંગ એટલે શું ? સમગુણી પુરુષોનો યોગ અથવા સત્ પ્રગટ કર્યું છે એવા કોઈ સત્પુરુષનો યોગ. એ યોગમાં સરળતાએ વર્તવું અને વક્રતાએ ન વર્તવું. આ એક બીજી શરત છે.

સત્પુરુષનો યોગ હોય ત્યારે એકદમ સરળતા આવવી જોઈએ. સ્વ-પર હિતકારક પ્રવૃત્તિમાં તદ્દન, Thoroughly – સાંગોપાંગ સરળતા પોતાને રહે એ રીતે સત્પુરુષના યોગમાં રહેવું યોગ્ય છે. એમાં કંઈ પણ વક્રતા થાય તો બહુ મોટા અપરાધો એમાંથી ઊભા થાય છે.

મુમુક્ષુ :– સ્વાધ્યાયમાં પાત્રતાનો વિષય પ્રધાનમાં રાખીને...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પહેલામાં પહેલી વાત એ છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે યોગ્યતા જ સાધન છે, યોગ્યતા વિના જ્ઞાનપ્રાપ્તિ કોઈ કાળે થવાની નથી અથવા ક્ષયોપશમથી પ્રાપ્તિ નહીં થાય પણ પાત્રતાથી પ્રાપ્તિ થશે, આ એનો સિદ્ધાંત છે.

કોઈ એમ વિચારે કે આપણને બુદ્ધિ તો ઘણી છે માટે આની અંદર પહોંચી જશું, સમજી લેશું બધું પણ એ રીતે કોઈ પામવાનો અવસર નથી. પાત્રતાવાળાને પામવાનો અવસર છે, ક્ષયોપશમવાળાને પામવાનો અવસર નથી. આ બે વાત જુદી જુદી છે અને જુદી જુદી જ સમજવી જોઈએ. નહીંતર મહેનત છે એ સફળ નથી થતી. પરિશ્રમ છે, શક્તિ અને સમયનો વ્યય છે એનું સફળપણું નથી થતું.

પાત્રતા માટે સત્સંગને અહીંયાં સાધન કહ્યું તો એ સત્સંગમાં સમગુણી પુરુષોનો મુમુક્ષુએ યોગ લેવો અથવા સત્પુરુષનો યોગ લેવો. ત્યાર પછી નીચે સત્પુરુષ માટે તો એ લખે છે એટલે બે પેરેગ્રાફ પાડ્યા છે.

પહેલા સમગુણી પુરુષોના યોગમાં એટલે કે હીનગુણી પુરુષોનો યોગ ન લીધો. કાં તો

સમવિચારના, એક રસ્તે જવા ઇચ્છતા અથવા મોક્ષના અભિલાષી જીવો, મોક્ષાર્થી જીવો, આત્માર્થી જીવોનો સમાગમ કરવો પણ વિષય-કષાય અને રંગરાગમાં તીવ્ર રસથી – પરિણામથી વર્તતા હોય અથવા કોઈ પણ પ્રકારે એવા અવગુણવાળા જીવો હોય, એવા અવગુણી જીવોના સંગમાં નહીં રહેવું.

પ્રશ્ન :– અંદર અંદર મુમુક્ષુમાં પણ એટલી પરીક્ષા કરવી ?

સમાધાન :– હા, એટલો સંગમાં વિવેક કરવો. ગમે તેનો સંગ કરવાનો કાળ નથી, એટલી વાત સ્પષ્ટ છે.

એવા સરખેસરખા, સમગુણી એટલે સરખેસરખા મુમુક્ષુઓમાં 'સત્‌નો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષનાં વચનોનું પરિચર્યન કરવું...' એટલે કે જે જ્ઞાનીપુરુષ છે, મહાપુરુષના જે વચનો છે, એનું પરિચર્યન કરવું એટલે ચારે પડખેથી એને વિચારવા અને કઈ રીતે એ અંગીકાર થાય ? માત્ર વિચારીને અટકવું નહીં પણ એ વિચારતા કઈ રીતે અંગીકાર થાય ત્યાં સુધીનો વિચાર (કરવો). કેવી રીતે એનું ગ્રહણ થાય ? ત્યાં સુધીનું એની અંદર કાર્ય આવી જાય છે. એને પરિચર્યન કરવું એમ કહે છે.

'કે જેમાંથી,...' જે કાર્ય કરતાં, જે પરિચર્યન કરતાં 'કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.' આના ફળસ્વરૂપે આગળ જતાં પોતાને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ દશા પ્રગટ થાય એ સત્‌ની પ્રાપ્તિ છે. એ પ્રકાર હોવો જોઈએ. એમાં ને એમાં વર્ષો સુધી રહી જાય, એનું એ ગોખ્યા કરે, એનું એ ઘૂંટ્યા કરે અને એનું કંઈ ફળ ન આવે એ પ્રકાર યોગ્ય નથી, એમ કહે છે. 'જેમાંથી કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.'

'કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી, સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્‌ પ્રાપ્ત થાય છે, સત્‌ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્‌ પર લક્ષ આવે છે.' શું કહે છે ? કોઈ જીવ એવું વિચારે છે કે સત્પુરુષ ભલે રહ્યા, પણ અમે તો અમારી પાસે શાસ્ત્રો છે, આગમ છે એનો સ્વાધ્યાય કરીને પામી જશું, એમ કરતાં કરતાં આગળ વધી જશું અથવા કોઈ એકાંતવાસમાં રહે અથવા એ જ રીતે કોઈ વિદ્યમાન સત્પુરુષ હોવા છતાં કોઈ ને કોઈ પ્રકારે એથી વિમુખ થાય, એની અવગણના કરે, ગૌણ રાખે તો એ સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી, એમ કહે છે.

એટલે મુમુક્ષુ જીવ માટે આ એક અહીંયાં મહત્ત્વની ભલામણ છે કે, કોઈ પણ પ્રકારે, પછી ગમે તે પ્રકાર અંગીકાર કરે, જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ની પ્રાપ્તિ કરી શકતો

નથી. કેમકે અંતર્મુખ થવું, અતીન્દ્રિયતત્ત્વ અને અતીન્દ્રિય સાધન, એને પામવાનો માર્ગ પણ અતીન્દ્રિય પરિણામ છે. અચિંત્ય પદાર્થ (છે) અને એનો ઉપાય પણ કોઈ અચિંત્ય છે, બુદ્ધિથી પારનો વિષય છે. નિર્વિકલ્પ તત્ત્વ છે અને નિર્વિકલ્પ સાધકદશા છે. એ જીવ પોતાની કલ્પનાએ કરીને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ એટલે વિદ્યમાન સત્પુરુષ, ભૂતકાળમાં ગયેલા બધાને એમણે એકકોર મૂકી દીધા. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે. સત્ ખરેખર સમજાય છે, સત્‌નો માર્ગ નામ ઉપાય મળે છે, સત્ પ્રાપ્તિનો ઉપાય મળે છે અને સત્ ઉપર લક્ષ આવે છે એટલે સત્સ્વરૂપનો નિર્ણય થાય છે, નિશ્ચય થાય છે, ઓળખાણ થાય છે, એને લક્ષ આવે છે એમ કહે છે.

'સજીવનમૂર્તિના લક્ષ વગર...' એટલે સજીવનમૂર્તિના યોગમાં મારે રહેવું છે, જાવું છે, એના ચરણમાં નિવાસ કરવો છે. એવા સત્પુરુષના ચરણનો ઇચ્છુક, જે ૧૦૫ પત્રમાં કહ્યો, એ વગર, એવા અભિપ્રાય વગર 'જે કંઈ પણ કરવામાં આવે છે,...' અથવા ગૌણ કરીને, સત્પુરુષ વિદ્યમાન હોવા છતાં એને ગૌણ કરીને જે કંઈ પણ કરવામાં આવે છે 'તે જીવને બંધન છે; આ અમારું હૃદય છે.' એ કંઈ ને કંઈ એવી રીતે બંધાશે કે એને પોતાને ખ્યાલ નહીં હોય કે હું કેવી રીતે બંધનમાં ચાલ્યો જાઉં છું. આ અમારા અંતરના ઊંડાણમાંથી નીકળેલી વાત છે. અમારું હૃદય છે એમ કહેતા અમારા અંતર્જ્ઞાનના ઊંડાણમાંથી નીકળેલી આ વાત છે અથવા અમારો ભૂતકાળ જોતાં, ૧૯૪ (પત્રમાં) કહ્યું એ પ્રમાણે અમારો ભૂતકાળ જોતાં (એમ કહે છે), એમણે હિસાબ વગરનો પ્રયત્ન મોક્ષમાર્ગ પામવા માટે કર્યો છે પણ કોઈ એક સત્પુરુષ આગળના ભવમાં મળી ગયા છે અને જે કામ એમણે કરી લીધું છે, એ ઉપરથી એમણે એ નિચોડ કાઢ્યો છે કે ભૂલવાના હજાર ઠેકાણા છે. એક સત્પુરુષના આશ્રયમાં, સત્પુરુષનો આશ્રયવાન જીવ બચી શકે છે નહીંતર મુમુક્ષુને બચવું બહુ મુશ્કેલ છે. એમણે બહુ અનુભવથી એ વાત કાઢેલી છે.

મુમુક્ષુ :- ત્રણ લીટીમાં તો....

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણી વાતો નાખી દીધી છે.

'આ કાળ સુલભબોધીપણું પ્રાપ્ત થવામાં વિઘ્નભૂત છે.' આ કાળ છે એમાં એવા ચિત્રવિચિત્ર પ્રકારો છે કે સહેલાઈથી બોધની પ્રાપ્તિ થાય, જ્ઞાનની પ્રાપ્તિ થાય એમાં ઘણા વિઘ્ન છે. જોકે આથી પણ હીણો કાળ હજી આવશે એટલે '(બીજા કાળ કરતાં બહુ) હજુ તેનું વિષમપણું ઓછું છે;...' એટલે ક્યાંક ક્યાંક હજી પણ સત્પુરુષનો યોગ બાજે એવી

પરિસ્થિતિ છે. હવે પછીના કાળમાં ક્યારેક કોઈક સત્પુરુષ હશે, વળી ઘણા કાળ સુધી નહીં હોય, વળી ક્યારેક કોઈ સત્પુરુષ ઉત્પન્ન થશે, વળી ઘણા કાળ સુધી કોઈ નહીં હોય. એવી પરિસ્થિતિ પણ આવશે.

'તેવા સમયમાં...' એટલે તેવા આ સમયમાં, ચાલુ સમયમાં 'વક્રપણું, જડપણું જેનાથી પ્રાપ્ત થાય છે એવા માયિક વ્યવહારમાં ઉદાસીન થવું શ્રેયસ્કર છે.' એટલે પોતાને જે કંઈ ઉદય અને વ્યવહાર વર્તતો હોય એમાં અસરળપણું થાય, જડપણું એટલે કોઈ પણ કાર્ય માટે હઠનો પ્રકાર ઉત્પન્ન થતો હોય, એમાંથી ઉદાસીન થવું એટલે એને ગૌણ કરવા એ શ્રેયસ્કર છે. એ પણ જીવને પ્રતિબંધ છે. પછી કાગળ ફાટી ગયો હશે. 'સત્‌નો માર્ગ કોઈ સ્થળે દેખાતો નથી.' વર્તમાનમાં કોઈ જ્ઞાની દેખાતા નથી, એમ કહેવું છે.

હવે પાછા એક મહત્ત્વની સૂચના આપે છે. અહીં સુધી કાલે લીધું છે. અહીંથી હવે આપણે શરૂ કરીએ છીએ. 'તમને બધાને હમણાં જે કંઈ જૈનનાં પુસ્તકો વાંચવાનો પરિચય રહેતો હોય,...' આ મુમુક્ષુઓ જે એમના પરિચયમાં આવ્યા છે એને કહે છે કે જૈનશાસ્ત્ર જે કંઈ વાંચવાનો પરિચય રહેતો હોય 'તેમાંથી જગતનું વિશેષ વર્ણન કર્યું હોય તેવો ભાગ વાંચવાનો લક્ષ ઓછો કરજો; અને જીવે શું નથી કર્યું ? ને હવે શું કરવું ? એ ભાગ વાંચવાનો, વિચારવાનો વિશેષ લક્ષ રાખજો.'

સંક્ષેપમાં એ કહ્યું છે કે જૈનશાસ્ત્રમાં પણ તમને પ્રયોજન હોય એ વાત ઉપર તમે લક્ષ આપજો. જે જે ઉપદેશ, જે જે સિદ્ધાંત પોતાને લાગુ પડતો હોય, પોતાની શુદ્ધિ માટે અંગીકાર કરવા યોગ્ય હોય એના ઉપર વધારે લક્ષ રાખજો, એના ઉપર વધારે વિચારજો, એના ઉપર વધારે રોકાજો અને જે તમારે કામનું ન હોય એ છોડી દેજો.

આ તો ખાલી એમ લખ્યું છે કે જગતનું વિશેષ વર્ણન કર્યું હોય એટલે એ તો બધા અપ્રયોજનભૂત વિષય છે. દ્વીપ, સમુદ્ર, નારકીના કેવા પાઠડા છે ? ઉપર સોળ સ્વર્ગમાં કેવા કેવા પ્રકાર છે ? ક્યાં ક્યાં છે ? તેના માપ કેટલા છે ? ફલાણું ઢીકણું, એ બધું કંઈ આત્માને જરા પણ પ્રયોજનભૂત નથી.

હમણાં આપણે ત્રણ દિવસ પહેલા કંઈક પ્રશ્ન નીકળ્યો હતો ને ! તીર્થંકરના બધા ગણધર મોક્ષે જાય કે નહીં ? આપણે શું કરવું એ વાત ઉપર વજન દેવું જોઈએ. બીજા માત્ર અપ્રયોજનભૂત જાણવાના વિષયમાં મુમુક્ષુ જીવે રસ લેવા યોગ્ય નથી. એવો પ્રશ્ન થાય કે એમાં શું નુકસાન છે ? જેટલું જાણવા મળે એટલું જાણી લેવું એમાં નુકસાન શું છે ?

શાસ્ત્રની વાતો છે ને ! કે નહીં, એમાં પણ નુકસાન છે. જ્યારે આ જીવને અપ્રયોજનભૂત વિષય ઉપર રસ આવે ત્યારે એના જ્ઞાનમાં એક બીજી પરિસ્થિતિ એવી ઊભી થાય છે કે પ્રયોજનભૂત વિષય ઉપર એનું લક્ષ રહી શકતું નથી. પ્રયોજનભૂત વાત શાસ્ત્રમાં સામે આવે ત્યારે એનું લક્ષ ખેંચાતું નથી, એનું ધ્યાન ખેંચાતું નથી કે આ મારા કામની વાત આવી. ત્યાં ઉપરથી ચાલ્યો જાય. અથવા એનું પ્રયોજન છે એના ઉપર એની દૃષ્ટિ નથી, લક્ષ નથી.

એને પ્રયોજન હાથમાંથી ગયું. પ્રયોજન ચૂકી ગયો, પ્રયોજન ચૂકી જાય છે. જાણવાનું પ્રયોજન થઈ જાય છે, માહિતી મેળવવાનું પ્રયોજન થઈ જાય છે. વધું જાણું, જેમ બને તેમ વધું જાણું. મને બધી-ઝાઝી ખબર પડે, એ જાતનું એને પ્રયોજન થઈ જાય છે.

આપણે 'પ્રયોજનસિદ્ધિ'માં તો એ વાત લીધી છે. પ્રયોજનસિદ્ધિ આવ્યું છે તમારી પાસે ? નથી આવ્યું ? 'પ્રયોજનસિદ્ધિ'માં એ વાત લીધી છે કે અપ્રયોજનભૂત વિષય ઉપર જે મુમુક્ષુ લક્ષ આપે ત્યારે એને દર્શનમોહ તીવ્ર થાય છે. પરિણામે મિથ્યાત્વ તીવ્ર થવાથી જ્ઞાનમાં એવો પ્રકાર ઉત્પન્ન થાય છે કે, એનું જ્ઞાન પ્રયોજનભૂત વિષયને ચૂકી જાય. એનું કારણ ત્યાં દર્શનમોહ વધે છે.

એ સૂચના એમણે પોતાના શબ્દોમાં આપી છે કે એવું બધું વર્ણન કર્યું હોય એનો લક્ષ ઓછો રાખજો અને જીવે શું નથી કર્યું ? મારા જીવે શું (નથી કર્યું) ? જીવે શું નથી કર્યું એટલે ? મારા જીવે શું નથી કર્યું ? અને હવે મારે શું કરવું છે ? એ ભાગ વાંચવાનો અને વિચારવાનો વિશેષ લક્ષ રાખજો. જોકે આને જ સ્વલક્ષ કહે છે.

જે શાસ્ત્રઅધ્યયનનો શિસ્તબદ્ધ સિદ્ધાંત છે કે, શાસ્ત્રઅધ્યયન સ્વલક્ષે જ કરાય અને પરલક્ષે ન કરાય. પરલક્ષે અગિયાર અંગ ને નવ પૂર્વ અનંતવાર ભણી ગયો, નકામું ગયું. એ સ્વલક્ષને અહીંયાં બહુ સાદા શબ્દોમાં બતાવ્યું છે કે, આ જીવે પોતાના હિત માટે શું કરવા યોગ્ય છે ? અને આ જીવે પોતાના હિત માટે શું નથી કર્યું કે જે એણે કરવા યોગ્ય છે ? આના ઉપર જે લક્ષ આપવું એને અહીંયાં સ્વલક્ષ કહે છે. મુમુક્ષુની ભૂમિકાનું સ્વલક્ષ કહે છે. પછી નિર્ણય ઉપર આવતા સત્ ઉપર લક્ષ જાય એને સ્વલક્ષ કહે છે અને પછી તો એ વિષય બદલાતો નથી, લક્ષમાંથી આત્મા છૂટતો નથી. માટે પછીની મોક્ષમાર્ગની બધી જ પ્રવૃત્તિ સ્વલક્ષે થાય છે અને એને પછી ક્યાંય પડવાનો વારો આવતો નથી, ક્યાંય નુકસાન થવાનો એને પ્રશ્ન નથી.

એ લાઇનદોરી અહીંયાં લીધી છે. મુમુક્ષુની ભૂમિકાની યથાર્થ વિચારણા, જેને 'આત્મસિદ્ધિ'માં પોતે સદ્‌વિચારણા કહી, સુવિચારણા કહી કે જો સુવિચારણા ઉગે, સુવિચારણા પ્રાપ્ત થાય તો નિજજ્ઞાનની પ્રાપ્તિ થાય અને નિજજ્ઞાનની એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તો નિર્વાણપદની પ્રાપ્તિ સુલભ છે. એ સુવિચારણાનું મુખ્ય અંગ કોઈ હોય તો આ બે વાક્યમાં 'શ્રીમદ્‌જી'એ સમાવેશ કર્યો છે કે આ જીવે શું નથી કર્યું ? એ એણે પોતાને લક્ષમાં લઈને ઊંડાણથી વિચારવું અને હવે મારે અત્યારે શું કરવું ? એ વિચારવાનો વિશેષ લક્ષ રાખજો.

'કોઈ પણ બીજાઓ, ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ (શ્રાવકાદિક)...' સગા-સંબંધીઓ, કુટુંબ-પરિવાર, સમાજના બીજા ધાર્મિકજનો જે કંઈ 'ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહીં.' શું કહ્યું ? હાલતા ને ચાલતા, જે મળે એને એમ કહે કે આ તમે બધું ખોટું કરો છો. આ બધું મિથ્યાત્વ ઘૂંટો છો, આ ફલાણું આમ, એમ તમારે જલદી કરવું નહીં.

મુમુક્ષુ :– નિગોદમાં ચાલ્યાં જશો.

પૂજ્ય ભાઈશ્રી :– મિથ્યાત્વનું ફળ છે ને ! એટલે એમ પણ કહી દે છે.

પહેલી વાત તો એ છે કે મુમુક્ષુ ઉપદેશકની ભૂમિકાએ નથી. એટલે કોઈને પણ ઉપદેશવચન કહેતા પહેલા દસ વખત વિચાર કરવો. ખરેખર તો એણે એમ જ કહેવું કે આત્મહિત માટે વિચારતા મને આ રસ્તો યોગ્ય નથી લાગતો તો તમને પણ એવું જ લાગવું જોઈએ. એમ સરળતાથી, જેને સરળતા દેખાઈ આવે, સામાને – સાંભળનારને – વાત સાંભળનારને કહેનારની સરળતા દેખાઈ આવે એવી રીતે એણે, એ Toneમાં, એ ધ્વનિમાં, એ રીતે વાત કરવી જોઈએ, જો વાત કરવાનો પ્રસંગ હોય તો. સામે ચાલીને તો કોઈને કહેવા જવાનો એટલા માટે મુમુક્ષુને પ્રસંગ જ નથી કે ખરેખર એને પોતાને કરવાનું ઘણું બાકી છે. એમાંથી જ નવરો થાય એ પરિસ્થિતિ નથી કે જેથી એ બીજાને ઉપદેશ દેવા જાય.

મુમુક્ષુ :– બહુ અમૂલ્ય વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આમાં શું થાય છે કે જે મુમુક્ષુ જીવને સત્પુરુષ મળ્યા છે, સન્માર્ગ આ જ છે અને બીજો સન્માર્ગ નથી એવો કાંઈક ખ્યાલ ગયો છે એ કોઈ વાર ઉતાવળા થઈ જાય છે અને ઉન્માર્ગે ચાલતા જીવોને એકદમ નિષેધવા લાગે છે. એની ક્રિયાને, એનાં કાર્યોને ઉતાવળા થઈને નિષેધવા લાગે છે. પરિણામ શું આવે છે ? કે એ જીવો સન્માર્ગે

વળવાને બદલે એક જાતના વિરુદ્ધ પ્રકારના Prejudiceમાં – પૂર્વગ્રહમાં આવી જાય છે. અને ઊલટાનો એને તિરસ્કાર છૂટે છે કે આ બધા આપણને નિંદવાવાળા છે, આ બધા આપણને નિંદવાવાળા છે, આ બધા નિશ્ચયવાળા છે, આપણા વ્યવહારને નિંદે છે. આ બધા નિશ્ચયવાળા છે, આપણા વ્યવહારને નિંદે છે. એવો એક સમાજની અંદર પૂર્વગ્રહ ઊભો થાય છે. એ પ્રકાર ઊભો કરવો એ સારો નથી. સન્માર્ગમાં આવતા જીવો અટકી જશે. એના કરતાં એ કઈ રીતે આવે એટલી વિચક્ષણતા જો પ્રાપ્ત ન હોય તો બોલવાનું બંધ રાખવું. એવી વિચક્ષણતા હોય એવા જીવે જ એ વિષયની અંદરના વ્યવહારમાં અરસપરસ ઊતરવું, નહીંતર એ વ્યવહારમાં જવું જ નહીં. એને કોઈ વિચક્ષણ હોય એની પાસે લઈ જવા કે ભાઈ ! તમારે કંઈક વિશેષ વિચારવું હોય તો ચાલો, આપણે અહીંયાં એમની પાસે વાતચીત કરીએ, ચર્ચાવાર્તા કરીએ, બાકી મારું કામ નથી. પણ મને એમ લાગે છે કે કંઈક વાત વિશેષ વિચારવા જેવી છે. તમે જે રીતે ચાલો છો એના કરતાં કંઈક જૈનમાર્ગ અલૌકિક છે અને એની અલૌકિકતા સમજવા જેવી છે એટલા પૂરતું તમે કંઈક વિચારો. એમ વિચારકક્ષામાં રાખીને લઈ જવા પડે છે. નહીંતર પૂર્વગ્રહ ઉત્પન્ન કરવાનું કારણ થઈ જાય છે.

આ તો પાછા મુનિ હતા એટલે એને વધારે ખાસ કીધું છે કે 'કોઈ પણ બીજાઓ, ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ...' એટલે સંપ્રદાયના શ્રાવકો તમારી પાસે આવતા હોય 'ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહીં. હાલ જેણે ઉપાધિરૂપ ઇચ્છા અંગીકાર કરી છે, તે પુરુષને કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહીં.' એટલે પોતે. આ પોતાના વિશે વાત લીધી કે અત્યારે અમે અમુક રીતે ઉપાધિમાં બેઠા છીએ, અનેક પ્રકારના ઔપાધિક ભાવો અને એનાં કાર્યોની વચ્ચે છીએ માટે 'તે પુરુષને કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહીં.' અમારી વાત કોઈને કહેશો નહીં, એ વાત રાખી છે.

અત્યારે તો જ્ઞાની હોય કે ન હોય પોતાને પ્રસિદ્ધિમાં આવવાનો, એક યા બીજા પ્રકારે લોકો પ્રયત્ન કરે છે. કાળ એવો છે કે જ્ઞાન થાય તો ગુપ્ત રહેવા જેવો કાળ છે. જ્ઞાન થાય તો પ્રગટ થવા જેવો કાળ નથી. આ તો સો વરસ પહેલાંની વાત છે. અત્યારે તો વિષમતા એથી પણ વધેલી છે.

'તે પુરુષને કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહીં. માત્ર કોઈ દૃઢ જિજ્ઞાસુ હોય...' છૂટવા માગતો હોય, કોઈ પણ રીતે છૂટવાનો કામી હોય 'તો તેનો લક્ષ માર્ગ ભણી વળે એવી

થોડા શબ્દોમાં ધર્મકથા કરશો (તે પણ જો તે ઇચ્છા રાખતા હોય તો).' નહીંતર નહીં. કેમકે ધર્મના ક્ષેત્રમાં આવેલા તો ઘણા એમ કહે છે કે ભાઈ ! અમારે તો છૂટવું છે, અમારે સંસારથી મુક્ત થવું છે, અમારે તો નિર્વાણના માર્ગે જવું છે, અમારે તો તીર્થંકરના માર્ગે જવું છે. મહાવીર ભગવાનના માર્ગે ચાલવું છે, પણ એમ નહીં. એની ઇચ્છા હોય એના ઉપરથી માપ કાઢજો કે આ દૃઢ જિજ્ઞાસુ છે ? કેટલીક આની ઇચ્છા છે ? કેટલીક ગરજ છે ? એના ઉપર(થી) એની તૃષાનું માપ કાઢીને તૃષાતુરને પાણી પાયાની મહેનત કરજો. એટલી વાત છે.

'બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે...' તમારા આત્માનું કલ્યાણ થાય તેના માટે 'મિથ્યા ધર્મવાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો, પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો.' તમારે પોતાનું સફળપણું થાય (એ માટે) બે (વાત) છે. એક અશુભમાં વિષયાદિકની પંચેન્દ્રિયની પ્રિયતા છે, એક આ બાજુ ધાર્મિકક્રિયામાં જે ઇચ્છાઓ છે એને ધર્મવાસનાઓ કહી છે. ધર્મક્રિયા કહેતા, ધર્મની ઇચ્છા કહેતા, ધર્મની વાસનાઓ કહી છે. એટલા માટે કે હઠાગ્રહથી જીવ કરે છે કે બસ ! પૂજા તો મારે કરવી જ, એના વગર તો મારે કંઈ ચાલે જ નહીં. ફલાણું તો મારે કરવું જ, આ તો મારે કરવું જ. (એમ) ક્રિયાના આગ્રહમાં પડે છે અને જીવ અંતર્વિચારમાં જઈ શકતો નથી. માટે એ કરતાં શીખજો. 'જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી;...' (એટલે કે) આત્મહિત.

મુમુક્ષુ :– પ્રતિબંધનો ત્યાગ કરવાનું કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ બન્ને પ્રતિબંધ છે.

'બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે મિથ્યા ધર્મવાસનાઓ...' એ પણ રોકાવાનું કારણ છે અને 'વિષયાદિકની પ્રિયતા...' એ પણ રોકાવાનું કારણ છે. એ બન્ને પ્રતિબંધ છે, એનો ત્યાગ કરતાં શીખજો.

'જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી;...' આત્મહિત એક જ પ્રિય કરવા જેવું છે, નિજ હિત છે એ એક જ પ્રિય કરવા જેવું છે, એ સિવાય બીજું કંઈ પ્રિય કરવા જેવું નથી અને એ જીવે જાણ્યું નથી. આ આત્મહિત સિવાય બીજું કંઈ જગતમાં પ્રીતિ કરવા યોગ્ય છે નહીં 'આ અમારો નિશ્ચય છે.' આ અમે બહુ બહુ વિચારને અંતે નિર્ણય કરેલો વિષય છે.

'આ વાત તમે જે વાંચો તે સુજ્ઞ મગનલાલ અને છોટાલાલને કોઈ પણ પ્રકારે સંભળાવજો

વંચાવજો. યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.' જુઓ ! પાછો અસત્સંગ ઉપર પ્રહાર કર્યો છે. સત્સંગમાં રહેવું અને કુસંગમાં, અસત્સંગમાં કોઈ પણ રીતે ન રહેવું. એ માર્ગની અંદર બહુ મોટું વિઘ્ન છે. એ ૧૯૮ (પત્ર) પૂરો થયો.

## પત્રાંક - ૧૯૯

મુંબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭

ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે ? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.

ધર્મને રૂપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયું છે; એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.

૧૯૯મો પત્ર અંબાલાલભાઈ ઉપરનો છે. 'ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ

લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.' શું કહે છે ? વિચારણા કરવી. ભલે શાસ્ત્ર વાંચવા માટે જુદો સમય ફાળવી ન શકતા હો તો થોડો પણ સમય નિવૃત્તિ લઈને, ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈને, ઉપાધિના યોગમાં પણ થોડો અવકાશ કાઢીને કંઈક આત્મવિચાર થાય, સ્વરૂપવિચાર થાય, એવી રીતે નિવૃત્તિમાં બેસવું અવશ્ય છે.

જે મુમુક્ષુ શાસ્ત્રસ્વાધ્યાય કરે છે એણે પણ વાંચન કરતાં વિચારનો સમય વધારે ફાળવવો જરૂરી છે. 'શ્રીમદ્જી' તો એક જગ્યાએ કહે છે કે વાંચન કરતાં વિચારનો સમય ઓછામાં ઓછો આઠ ગણો હોવો જોઈએ, રૂપિયે બે આની વાંચન, જેટલું વિચારાય એનું રૂપિયે બે આની વાંચન અને બાકીનો વિશેષ વિશેષ સમય વિચારણામાં જવો જોઈએ. (ભારે) મારા વિષયમાં ચિંતવન કરવું છે.

હવેનો જે માર્ગદર્શનનો પ્રકાર છે, જે વચનો છે એ ખાસ કરીને ઉપાધિવાળા જીવો માટે ઘણા મહત્ત્વના છે. જે જીવો સંસારની ઉપાધિમાં પડ્યા છે અથવા જેને સંસારની ઉપાધિમાં રહેવું જરૂરી છે, જરૂરી એટલે રહેવું પડે છે, એને પણ આ જગ્યાએ બહુ સારું માર્ગદર્શન આપ્યું છે.

'જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે ?' જરૂરિયાત તો બધાને છે. એવો હીણો કાળ છે કે સોએ અઠ્ઠાણું પરિવારને આજીવિકા માટે સમય અને પરિશ્રમ ખર્ચવો જ પડે છે. આવી લગભગ પરિસ્થિતિ છે. એક, દોઢ, બે ટકા માણસો શ્રીમંત છે તો એ રંગરાગમાં અને ભોગમાં ફસાયેલા પડ્યા છે. એટલે આત્મહિત કરનાર તો કોઈ એક ટકામાં આવતું નથી પણ એક ટકાના કેટલામા ભાગે આવે એ વિચાર માગે એવો વિષય છે. હવે ઉપાધિ જ્યારે કરવી જ પડે એવી છે ત્યારે આ એક વિચારવા જેવો પ્રશ્ન છે એટલે પ્રશ્નચિહ્ન મૂક્યો છે કે જેટલો વખત આયુષ્યનો છે તેટલો જ વખત જો આ જીવ ઉપાધિ માટે ખર્ચે તો પછી મનુષ્યપણાનું સફળ થવું ક્યારે સંભવે ? તો પછી મનુષ્યપણું કેમ સફળ થાય અને કેવી રીતે સફળ થાય ? એમણે બહુ સુંદર માર્ગદર્શન આપ્યું છે. માણસને જરા પણ આત્મહિતનો વિચાર હોય તો Pinch કરી જાય એવો વિષય છે, મર્મસ્થળને સ્પર્શે એવી જરા વાત છે.

'મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ.' મુમુક્ષુએ તો મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ મારે માટે કલ્યાણકારક છે, હિતકારક

છે. આ મનુષ્યપણું હું સફળ કરી લઉં, એવું કંઈક હું કરી લઉં કે જેથી આ મનુષ્યપણું સફળ થાય, એવો એણે નિશ્ચય અથવા નિર્ણય કરી લેવો જોઈએ. એવો એણે નિશ્ચય કરવો જોઈએ.

મુમુક્ષુ :– એક કલાકના પ્રવચનમાં ગુરુદેવ આ વાત રોજે રોજ કરતા પણ દુર્લક્ષ જ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે. જેટલો નિશ્ચયનો અધિકાર ચાલતો એની સામે કહેતા, અરે..રે...! ભાઈ ! આ ચાર દિવસની ચાંદની છે, વીજળીના ઝબકારા જેટલું આયુષ્ય છે, ગમે ત્યારે આંખ મીંચાઈ જશે, કંઈક તું કરી લે, કોઈ પણ રીતે તારું હિત કરી લે. કોઈ પ્રવચન બાકી નહીં. નિશ્ચય અને વ્યવહાર, આ વ્યવહારનયનો – પર્યાયાર્થિકનયનો ઉપદેશ થયો. પર્યાયાર્થિકનયના વિષયમાં આત્મહિતની ખૂબ જ પ્રેરણા મળે અને એની સામે પાછો નિશ્ચયનયનો વિષય ચાલે કે તું પરમાત્મા છો, તું પરમેશ્વરપદ છો, જરાક અંતર્લક્ષ કર, અંતર્નિર્ણય કર તો તું ત્રણ લોકનો નાથ છો. આ બે વાત એક પ્રવચનની અંદર એવી સુસંગત રીતે આવે કે આત્માર્થીને એ બન્ને પડખાંમાં પોતાનું પોષણ જ મળે. આત્મહિતની અને આત્મકલ્યાણની વૃત્તિને પોષણ જ મળે, એમનો એ પ્રકાર હતો.

'મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ.' એવો દૃઢ નિશ્ચય કરવો. 'અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે; તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ.' એટલે બાહ્ય સાધનમાં શાસ્ત્રસ્વાધ્યાય, તત્ત્વવિચાર, વિચારણા એના માટે રોજ થોડી નિવૃત્તિ ફાળવવી. જેમ માણસ જમવા માટે દિવસમાં બે-ત્રણ વાર ચા-પાણી, નાસ્તો, જમવા માટે થઈને ઓછામાં ઓછો એક કલાક કાઢે કે ન કાઢે ? કે પેટ માટે એક કલાક કાઢે. પછી એને પચાવવા માટે અને ઊંઘવા માટે પાંચ કલાકથી માંડી ને સાત-આઠ કલાકની નિદ્રા લે છે. તો એ સમય પણ કાઢે છે. આપણે Average છ કલાક લ્યો, છ ને એક સાત કલાક તો ચોવીસ કલાકમાંથી શરીર માટે કાઢે છે તો સાત કલાક શરીર માટે કાઢે છે તો આત્મા માટે કેટલા કલાક ? અને તોપણ પાછું શરીર કંઈ સખણું ચાલે, સીધું ચાલે એવું તો કંઈ છે નહીં. પછી જે કંઈ પ્રવૃત્તિ, ચાર રોટલી ને દાળ-ભાત-શાક માટેની જે પ્રવૃત્તિ, એના માટે બીજા આઠ-દસ કલાક ઓછામાં ઓછા દુકાનના કાઢવા પડે. તો સાત ને આઠ ? પંદર કલાક તો ઓછામાં ઓછી જાય, પંદર-સત્તર કલાક જાય. હવે બાકીનો સમય બચે, આ તો એમ માનો કે અનિવાર્ય

છે કે ભાઈ ! દુકાને જવું જ પડે એવું છે, બે ટાઇમ જમવું જ પડે એવું છે, ઊંઘ્યા વિના પણ ચાલે એવું નથી પણ તોપણ પછી પાંચ-સાત કલાક રહ્યા કે ન રહ્યા ? ચોવીસ કલાકનો હિસાબ મૂકીએ તોપણ પાંચ-સાત કલાક રહે છે. માણસ જો ધારે તો જરૂર કંઈ ને કંઈ સમય કાઢી શકે એવું છે. પણ પોતાનું લક્ષ ન હોય, એ વાત ઉપર વજન ન હોય તો પછી ગમે ત્યાં સમય ગુમાવે છે. કાં તો છાપા લઈને બેસી જાય કાં ટીવી સામે બેસી જાય. હવે તો પાછું બધું વધતું જાય છે ને ! અને કાં પછી કારણ વગરની કોઈ ને કોઈ પંચાતમાં ઝંપલાવે.

મુમુક્ષુ :– ટી. વી. કો કેરોસીન સે જલા ડાલો.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો જેટલા મનોરંજનના સાધન છે એ બધાય(નું એમ જ છે.)

શું કહે છે ? ‘તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.’ જો નિવૃત્તિ ઉપર એનું લક્ષ ન હોય તો કોઈ રીતે આ સંસારમાં પ્રવૃત્તિ ટળે એ અવકાશ (નથી). અનંત આયુષ્ય મનુષ્યના આ રીતે ગાળ્યા છે, આ આયુષ્ય પણ એવી રીતે પૂરું થઈ જાય.

‘ધર્મને રૂપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયું છે;...’ મુક્તિ તો નથી કરી પણ ઊલટાનું બંધન થયું છે. જે કંઈ પોતાની કલ્પનાએ એણે ધર્મ કરવાનું વિચાર્યું છે અને જે કંઈ ધર્મને બહાને કરે છે એમાં જીવને ઊલટું બંધન થયું છે ‘એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.’ એ સંબંધીનો વિચાર વિશેષ રાખજો કે કોઈ પણ રીતે થોડું પણ સાચું કરવું છે. ઘણું થાય પણ ખોટું થાય એનો કંઈ અર્થ નથી, ઊલટાનું બંધન વધે છે. થોડું પણ સાચું કરવું છે.

એ રીતે અંબાલાલભાઈને જે પ્રવૃત્તિમાં પડેલા છે, ગૃહસ્થ છે, ઘણું કરીને એ Advocate હતા. ખંભાતની અંદર એમના પિતાશ્રી Advocate હતા. એ ‘શ્રીમદ્જી’ના બહુ નજીકના પરિચયમાં આવેલા છે અને ખાસ કરીને ‘શ્રીમદ્જી’ નિવૃત્તિના કાળમાં, આ બાજુ ખંભાત અને ચરોતરનાં ગામોમાં આવતા ત્યારે એમની નજીકમાં – સૌથી નજીકમાં રહેનાર અને સેવામાં રહેનાર અંબાલાલભાઈ છે. ત્યાં સુધી કે એકાંતમાં રહેતા હોય તો એમને રસોઈ કરી દેવાનું પણ પોતે શીખી લીધું હતું. શરૂઆતમાં એક રસોયો રાખેલો (પણ પછી) રસોયો ન મળ્યો, આમને સમાચાર મળ્યા કે પોતે નિવૃત્તિક્ષેત્રમાં અમુક સમય પછી આવે છે તો રસોયાની તજવીજ કરી, રસોયો ન મળ્યો. નડિયાદ સ્ટેશને સામે ગયા, વાસણનો કોથળો

બાંધી લીધો હતો. આમ વાસણનો એક કોથળો ખભે નાખીને ઉપાડીને સ્ટેશને ઊપડ્યા. એ દરમિયાનમાં (એમણે) પોતે રસોઈ કરતાં શીખી લીધું હતું કે રસોયો ન મળે તો શું કરવું ? પોતે રસોઈ કરતાં શીખી લીધું.

પ્રશ્ન :- ફાનસ લઈને ઊભા એ જ ને !

સમાધાન :- હા, એ જ અંબાલાલભાઈ. 'આત્મસિદ્ધિ'(ની રચના) વખતે નડિયાદમાં ફાનસ લઈને ઊભા હતા એ. દોઢ-બે કલાક બરાબર ઊભા રહી ગયા, એકધારી 'આત્મસિદ્ધિ' લખાઈ ગઈ. સમર્પણ છે એ ગજબનું હતું ! પોતાની અર્પણતા બહુ હતી. જેટલો ટાઇમ 'શ્રીમદ્જી' નિવૃત્તિમાં આવે, એટલો ટાઇમ એ ઘરેથી નિવૃત્તિ લઈ લ્યે. જે ગામડામાં, જે ઠેકાણે રહે, એ ઠેકાણે (રહે).

અમે ગયા હતા, કાવિઠા ગયા હતા ને આપણે ? કાવિઠા ગયા હતા. અગાસ પાસે દસ-પંદર કિલોમીટર ઉપર કાવિઠા છે. ત્યાં જેના ઘરે ઊતર્યા હતા એ વાત કરતા હતા, એ ઘર અમે જોવા ગયા હતા. આમાં ઝવેરચંદભાઈ કરીને બે ભાઈઓ આવે છે, રતનચંદભાઈ અને ઝવેરચંદભાઈ. કાવિઠાના પત્રો આવશે હવે. (અત્યારે એ ઘરમાં જે રહે છે તેઓ વાત કરતા હતા કે), આ જગ્યાએ એમનું આરામ કરવાનું સ્થળ હતું, અહીંયાં મોટો હોલ હતો મોટો રૂમ હતો ને અહીંયાં જ બધા ભેગા થતા હતા અને અહીંયાં જ ઉપદેશકાર્ય ચાલતું હતું, જે કંઈ ચર્ચા, ધર્મવાર્તા (ચાલતું હતું તે). જમતા હતા બીજા ભાઈના ઘરે, એ રસોડું બતાવ્યું, અહીંયાં રસોઈ કરતા હતા, અંબાલાલભાઈ અહીંયાં રસોઈ કરતાં હતાં. એને અર્પણતા અને ક્ષયોપશમ બેય એવા હતા. સાંભળ્યું હોય એ બધું લખી શકે. એને બીજાને કહેવું હોય તો (કહી શકે) એટલી ધારણાશક્તિ હતી. એ રસોઈ અહીંયાં કરતાં. અહીંયાં અમે જમાડી દેતા, જમીને એ પાછા ત્યાં ચાલ્યા જતા. રસોઈ એ અંબાલાલભાઈ પોતે કરતા

## પત્રાંક – ૨૦૦

મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

### વચનાવલી

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્સુખનો તેને

વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોક-લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.

૮. આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.

૯. ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરીક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

૧૧. અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

૧૪. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

ઈતિ શિવમ્

એ જગ્યા બતાવી હતી. એટલે એમનું સમર્પણ ઘણું હતું.

૨૦૦મો આંક છે, મણિલાલ શ્રી સોભાગ્યભાઈ. સોભાગભાઈએ પોતાના દીકરા માટે, પુત્ર માટે વિનંતી કરેલી કે મણિલાલને કંઈક કહેવા યોગ્ય હોય એવું કંઈક લખી મોકલો. એટલે મણિભાઈ ઉપર આ ચૌદ વચનોની 'વચનાવલી' કરીને પત્રનું નામ જ 'વચનાવલી' એમણે આપ્યું છે. ચૌદ વચનો લખ્યા છે અને ચૌદે ચૌદ વચનમાં પ્રત્યક્ષ સત્પુરુષના યોગ ઉપર એટલું બધું એમણે વજન આપ્યું છે કે આ એક ગુપ્ત રહસ્યભૂત તત્ત્વ છે, આ તત્ત્વ છે. લોકો ઘણા એમ કહે છે કે ભાઈ ! આ વ્યક્તિવિશેષતા થઈ જશે પણ ખરેખર એ તત્ત્વ છે અને છેલ્લા વચનમાં એ લખે છે 'એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.' હવે એને જન્મ-મરણ નથી, એણે અમૃત પી લીધું. એ વાત ઉપર એમણે આ પત્રની અંદર બહુ વજન આપેલું છે.

પહેલું તો એમણે નિદાન કર્યું છે કે, ૧. 'જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્સુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.' આ વાત ખુલ્લી છે, જેટલા આસ્તિક્ય દર્શનો છે એ પણ એમ કહે છે કે જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે, પોતાનું સ્વરૂપ કેવું છે એ જ એને ખબર નથી. પોતાના પરમતત્ત્વને ભૂલી ગયો છે અને તેથી એને સાચા સુખનો વિયોગ છે, એને ક્યાંય શાંતિ થતી નથી. અશાંતિ, અશાંતિ, અશાંતિ,

અશાંતિથી હેરાન થાય છે, સિવાય બીજું કંઈ નથી 'એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.'

૨. 'પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.' આમ કરીને બીજા વચનની અંદર સીધા આત્મજ્ઞાન ઉપર આવ્યા છે કે પોતે પોતાને ભૂલી ગયો તે અજ્ઞાન અને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તો એ અજ્ઞાનનો નાશ થાય, આ એનો ઉપાય છે. આ કોઈ પણ માણસ સમજી શકે એવી સીધી સાદી વાત છે. એક લીટીમાં મૂકી દીધું કે પોતાના સ્વરૂપને ભૂલ્યો છે એથી દુઃખી છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત' એ સ્વરૂપનું જ્ઞાન મળવાથી પોતે સુખી થઈ જાય, એને આત્મિક શાંતિ અને આત્મિક સુખ પ્રગટે, એ નિઃશંક માનવું, એમાં શંકા કરવા જેવી વાત રહેતી નથી. હવે જ્ઞાન મળવાથી (અજ્ઞાનનો) નાશ થાય તો જ્ઞાન ક્યાંથી મળે ? એ સવાલ છે.

૩. 'જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ.' ત્રણે કાળમાં કોઈ અજ્ઞાની પાસેથી કે અનાદિના સંસ્કાર વિહીન જીવને પુસ્તક પાસેથી કોઈ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય એ વાત કોઈ રીતે સંભવિત નથી. એટલે આ વાત ઉપર એમનું ઘણું વજન છે કે 'જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે,...' એ સમજાવવું પડે એ પ્રશ્ન નથી, એ સ્વાભાવિક સમજાય છે કે જેની દુકાને માલ હોય એ વેચે ને ? જેની દુકાનમાં માલ ન હોય એ કેવી રીતે વેચશે ? શાકમાર્કેટમાં જઈને એમ કહો કે મને સવા લાખ રૂપિયાનો હીરાનો હાર લેવો છે, તો કહે ભાઈ ! મારી દુકાનમાં જ મૂળ બસો રૂપિયાનું બકાલું છે. તું સવા લાખ (રૂપિયા) લઈને માલ લેવા આવ્યો છે પણ મારી દુકાનમાં જ બસો-અઢીસોનો માલ છે, આમાંથી પચ્ચીસ-પચ્ચાસ લઈને ઘરે જવાનું છે. મારી પાસે એ કોઈ પરિસ્થિતિ નથી. એ ક્યાંથી આપવાનો હતો ?

'જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.' આ બહુ મહત્ત્વની વાત કરી છે કે લૌકિક કારણસર સમાજનો ભય, સમાજ પ્રત્યેની લજ્જા, કોઈ પણ સામાજિક કારણ લઈ લેવું, આદિમાં બધાં કારણો લઈ લેવાં. અપકીર્તિભય, અપમાનભય, કોઈ પણ પ્રકાર હોય, એ કારણોથી અજ્ઞાનીનો આશ્રય અને સંગ છોડતો નથી અને જ્ઞાનીને ગૌણ કરે છે, ઉપેક્ષિત કરે છે, એના સંગમાં જતો નથી. એ અનંતાનુબંધી કષાયનું મૂળ છે. એ અનંતાનુબંધી કષાય ત્યાં સારી રીતે જડ જમાવીને રહી ગયો છે, એમ જાણવું જોઈએ. આ વાત એમણે પોતાના અંતર્જ્ઞાનથી ઘણા ઊંડાણથી કરેલી છે.

૪. 'જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.' જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ, જ્ઞાનીની ઇચ્છાએ એટલે જ્ઞાનીની આજ્ઞાએ, એ નીચે પાંચમામાં સ્પષ્ટ કરશે. જ્ઞાનીની ઇચ્છાએ એટલે જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું એમ. કેમકે એનો વિકલ્પ એ જ ખરેખર તો મુમુક્ષુ માટે આજ્ઞા છે.

'એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે.' આગમ પણ આમ જ કહે છે અને એવી આજ્ઞા બહાર જઈ 'પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં...' જીવને અનાદિથી જે પરિભ્રમણ છે એનું મુખ્ય કારણ આ પ્રકારનો સ્વચ્છંદ છે. એ પછી સ્વચ્છંદમાં જાય છે.

એમનું તો બહુ વજન છે, આ વિષય ઉપર એમનું એટલું બધું વજન છે કે જીવ બધું સમજે છે, તત્ત્વજ્ઞાનનો વિષય ક્ષયોપશમ હોય એટલે ઝીણામાં ઝીણો પકડી શકે, આ વિષયમાં ભૂલ ખાય છે એ એમણે જોયું છે, અનુભવ્યું છે અને આ જીવને પરિભ્રમણનું મુખ્ય કારણ થઈ પડ્યું છે એ એમનો અનુભવ બોલે છે. એટલે આ વિષય ઉપર એમણે મુમુક્ષુ જીવોનું બહુ ધ્યાન ખેંચ્યું છે.

૫. 'જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ,...' જોયું ? પરોક્ષ જ્ઞાનીની ઇચ્છા નથી લીધી, વિદ્યમાન ! જે ૧૭૨ (પત્રમાં) કહ્યું કે આ બધાં સઘળાંનું મૂળ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ. 'જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.' ત્યાં સુધી અજ્ઞાન જાય અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય એ કોઈ રીતે સંભવિત નથી. રીતસર કાયદાની કલમ જ નાખી દીધી છે.

૬. 'જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.' પાછી આ શરત મૂકી કે જ્ઞાનીની આજ્ઞાના આરાધનમાં તે રહે કે જે તન, મન, ધન એટલે બધા ઉદય એમાં આવી ગયા, આખો ઉદયભાવ એમાં આવી ગયો, સર્વ પ્રકારના ઉદયભાવને ગૌણ કરી શકે અને સત્પુરુષની આજ્ઞાને મુખ્ય કરી શકે. એ વાત તો એમણે ઓળખાણમાં ૪૧૬ (પત્રમાં) લીધી છે.

૪૧૬ (પત્ર) છે ને ? એ વાત પચ્ચીસમા વર્ષે લીધી છે. ૩૫૭ પાનું છે. આમ તો પત્ર ૩૫૬ પાનેથી શરૂ થાય છે પણ ૩૫૭મા પાને છેલ્લેથી બીજો પેરેગ્રાફ. 'જ્ઞાનીપુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો 'હું જાણું છું', 'હું સમજું છું' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન.' પહેલું કારણ.

બીજો દોષ – 'બીજું પરિગ્રહાદિકને વિષે જ્ઞાનીપુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ.' પરિગ્રહાદિકને વિષે ઉદયની અંદર જ્ઞાનીપુરુષ કરતાં વિશેષ રાગ, વિશેષ વજન, વિશેષ આસક્તિ, અહીં 'આસક્તિ' શબ્દ વાપર્યો છે, અહીં 'રાગ' શબ્દ વાપર્યો છે.

'ત્રીજું, લોકભયને લીધે, અપકીર્ત્તિભયને લીધે, અને અપમાનભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું. એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે; જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથસંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે. એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે અને એ ત્રણે દોષનું ઉપાદાન કારણ...' આ ત્રણે દોષને એક શબ્દમાં શું કીધું ? 'એક 'સ્વચ્છંદ' નામનો મહા દોષ છે;...' સ્વચ્છંદને એકલો દોષ ન કહ્યો 'સ્વચ્છંદ' નામનો મહા દોષ છે; અને તેનું નિમિત્ત કારણ અસત્સંગ છે.' હીનગુણીનો સંગ છે. ક્યાંની ક્યાં વાત લઈ ગયા છે !

મુમુક્ષુ :– આગળ વધાતું નથી એનું મૂળ કારણ આ જ છે, ક્યાંય ને ક્યાંય આ બાબતમાં (ભૂલે છે).

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ ને કોઈ જગ્યાએ, આ ત્રણમાંથી કોઈ ને કોઈ જગ્યાએ પોતાની ખામી છે તો એ પોતે શોધવું પડે છે. પોતાના પરિણામોનું અવલોકન કરીને પોતે શોધવું પડે છે કે પોતે એવા ક્યા દોષમાં રોકાયેલો છે કે જેને લઈને પોતાનું કલ્યાણ થતું નથી ? અથવા કલ્યાણના માર્ગે આગળ વધી શકાતું નથી એનું શું કારણ છે ? એ મુમુક્ષુ જીવે અંતર્ખોજ કરવાનો વિષય બની જાય છે.

૭. 'જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી,...' અહીંયાં જ્ઞાની પ્રત્યે આટલું બધું વજન દીધું ત્યારે કોઈ વક્રપરિણામવાળા જીવને એવા ભાવ થઈ જાય છે કે પોતાનું મહત્ત્વ વધારવા માટે કંઈ જ્ઞાની આમ કહેતા હશે ! 'જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને...' પૂર્ણ શુદ્ધિનું જેને ધ્યેય છે તેને, તે એટલે ભક્તિ 'કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી,...' હવે એમાં શું કારણ છે ? કે, જીવ છે એ સ્વભાવે કરીને સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. જેમ એનો સ્વભાવ અનંત સુખરૂપ છે તો એને જગતમાંથી અનંત સુખ જોઈએ છે. પણ ક્યાંય સુખ નથી એટલે એને બધે માર ખાવો પડે છે. એટલે પાછો પડે છે. એમ જેવો એનો સ્વભાવ હોય એવો જ એને ભાવ રહ્યા કરે, તો પોતે સર્વોત્કૃષ્ટ પદાર્થ છે એટલે બધે જ એને

મુખ્ય થવું ગમે. જ્યાં જ્યાં જે જે ઉદયપ્રસંગ હોય એમાં પોતાની મુખ્યતા એને ગમે છે, પોતાની ગૌણતા કોઈ ઇચ્છતું નથી. હવે એ અસ્થાનની અંદર સુખ લેવાની વૃત્તિ કહો કે અસ્થાનની અંદર મુખ્ય થવાની વૃત્તિ કહો, એને મારવી કેવી રીતે ? એ જાય કેવી રીતે ? એ જવામાં કોઈ બહુ મોટામાં મોટું કોઈ નિમિત્તસાધન છે તો તે સત્પુરુષની ભક્તિ છે, વિદ્યમાન જ્ઞાનીપુરુષની ભક્તિ છે. એના ચરણમાં જાય છે, એની ચરણરજ થઈને રહે છે ત્યારે એનું પહેલુંવહેલું અહમ્ છૂટે છે અને એ અહમ્ છૂટે છે ત્યારે એની યોગ્યતા ત્રણ લોકનો નાથ પોતે છે એ અવલોકન કરવાની યોગ્યતા ઊભી થાય છે. ત્યાં સુધી પેલો અહમ્ એને પોતાના જ સર્વોત્કૃષ્ટપદનું અવલોકન થવા દેતી નથી. આવી એક ઊલટીસૂલટી પરિસ્થિતિ એની અંદર રહેલી છે. એટલે અહીંથી (વાત ઉપાડે છે કે), તું જે જગ્યાએ, જે ઘોડે ચડ્યો છે ત્યાંથી હેઠો ઊતર પછી બીજા ઘોડે ચડી શકીશ. પણ તું આ ઘોડે ચડ્યો છો એનું શું ? તો કહે એનું એક બહુ સહેલું સુગમ સાધન છે કે જો તને કોઈ સત્પુરુષ મળે તો તું સહેલાઈથી એના ચરણમાં જતાં એ ઘોડા ઉપરથી ઊતરી જઈશ.

એટલે એમણે અહીંયાં એક સિદ્ધાંત નાખ્યો છે કે 'જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી,...' એને ઉપદેશની કંઈ અસર થવી, એમાં આ પરિસ્થિતિમાં એને આવવું રહ્યું 'પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી,...' એટલે કે એને ઉપદેશ ઉપર વજન જતું નથી. 'માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.' હું કહું છું એના બદલે બીજા જ્ઞાનીઓએ, મહાપુરુષોએ પણ આ વાત કરી છે (એમ કહે છે).

મુમુક્ષુ :- 'માનાદિક શત્રુ મહા,...'

પૂજ્ય ભાઈશ્રી :- '...નિજ છંદે ન મરાય, જાતા સદ્ગુરુ ચરણમાં, અલ્પ પ્રયાસે જાય' એ તો બધી વાતો એમણે જેટલી પત્રોમાં લખી છે, એ 'આત્મસિદ્ધિ'માં એમણે ગૂંથી છે.

૮. 'આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.' આ અમે કહી છે તે વાત આગમસંમત છે. કોઈ આગમવિરુદ્ધ વાત કરતાં નથી.

૯. 'ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.' એટલે કે આ ચોથા કાળની શરૂઆતમાં આદિનાથ તીર્થંકરે પણ આ જ વાત આદિમાં કરી છે, મોક્ષમાર્ગની આદિમાં મુખ્યપણે આ વાત કરી છે.

૧૦. 'પરીક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.' આ અન્યમતની અંદર

જે પુરાણ છે એની અંદર પણ આ વાત છે, એમ કહેવું છે.

૧૧. 'અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.' એટલો બધો ફેર છે. પેલો અનંત કાળે પણ ન પામે, આ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન સુધી પહોંચી જઈ શકે.

૧૨. 'શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે;...' શાસ્ત્રમાં જે આજ્ઞા કરી છે એ બધી પરોક્ષ છે, એ પાત્રતા માટે કહી છે. 'મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.' એમ પ્રત્યક્ષ ઉપર એમનું ઘણું અવારનવાર વજન છે.

૧૩. 'આ જ્ઞાનમાર્ગની શ્રેણિ કહી,...' જ્ઞાનમાર્ગે, આ શ્રેણિએ એટલે આ વર્ગ, પહેલું, બીજું, ત્રીજું પગથિયું એમ. આ પહેલું પગથિયું છે 'એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.' એટલે સત્પુરુષને એક બાજુ રાખે અને જ્ઞાનમાર્ગે આગળ વધવા માગે (તો) કોઈ રીતે આગળ વધી શકે નહીં. ઊલટાનો સ્વચ્છંદ વધી જાય.

૧૪. 'એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે,...' આ ગુપ્ત તત્ત્વ છે, આગમનું આ ગુપ્ત તત્ત્વ છે, એને જે આરાધે છે 'તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.' એ તરી જાય છે, એનો નિસ્તાર થઈ જાય છે, એ વાત નિયમબદ્ધ છે.

એ રીતે આ ૨૦૦ નંબરના પત્રમાં મણિભાઈ માટે એમણે ચૌદ વચનો લખ્યાં છે અને એમને એ ધ્યાન (દોર્યું) છે કે કોઈ રીતે તમને આ બાજુ આવવાનું થાય. એક તો શું છે કે સત્પુરુષને ઓળખીને એનો મહિમા કરે છે એટલે દર્શનમોહ છે એ દબાય છે. દર્શનમોહ હીણો થાય છે એટલે પદાર્થનો નિશ્ચય કરવા, સ્વપદાર્થનો, નિજપદાર્થનો નિશ્ચય કરવાને એનું જ્ઞાન છે એ નિર્મળ થાય છે અને યોગ્ય થાય છે. બસ ! પછી કંઈ આગળ વાંધો નથી આવતો.

મુમુક્ષુ :– ઇતિ શિવમ્.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'ઇતિ શિવમ્' આ પ્રમાણે કલ્યાણનો માર્ગ છે, એમ છે. 'શિવમ્' શબ્દ છે ને ? શિવ એટલે કલ્યાણ, ઇતિ એટલે અહીંયાં પૂરું કરીએ છીએ.

વિશેષ લઈશું...

તા. ૨૨-૧૨-૧૯૯૫, પ્રવચન નં. ૪૬
પત્રાંક – ૨૦૦

૨૦૧ પત્રમાં છે કે, 'મણિને મોકલેલી વચનાવલી...' મણિ એટલે સોભાગભાઈના પુત્ર મણિભાઈ, એમના માટે મોકલાવેલી વચનાવલી. વચનાવલી એટલે આ ૨૦૦મો આંક. 'વચનાવલીમાં આપની પ્રસન્નતાથી...' એ વચનાવલી વાંચીને સોભાગભાઈ પણ પ્રસન્ન થયેલા અને એ 'પ્રસન્નતાથી અમારી પ્રસન્નતાને ઉત્તેજનની પ્રાપ્તિ થઈ.' એ પોતે પણ વચનાવલી લખીને પ્રસન્ન થયેલા, એમાં વિશેષ Degree વધેલી, ઉત્તેજન થઈ એટલે Degree વધેલી.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! હિન્દી મેં...

પૂજ્ય ભાઈશ્રી :– હાં. યહ જો પત્ર હૈ ઇસમેં ચૌદહ વચન લિખે હૈં. સોભાગભાઈકે પુત્રકે લિયે લિખે થે. યહ પઢકર સોભાગભાઈ ભી પ્રસન્ન હુએ ઔર ઉનકી પ્રસન્નતાકા પત્ર આયા વહ પઢકર કે ખુદ કો ભી પ્રસન્નતા મેં વૃદ્ધિ હુઈ, ઉત્તેજના હુઈ.

અબ લિખતે હૈં, 'ઇસમેં સંતકા અદ્‌ભુત માર્ગ પ્રગટ કિયા હૈ.' વચનાવલીકા વિષય ક્યા હૈ ? સંતકા અદ્‌ભુત માર્ગ ! સંત માને જ્ઞાનીપુરુષ, જ્ઞાનીપુરુષકા અદ્‌ભુત માર્ગ, યહ વચનાવલીમેં લિખા હૈ.

અબ દેખો કિ 'જીવ સ્વયંકો ભૂલ ગયા હૈ,...' યાની જીવ અપને આપકો દેહસ્વરૂપ યા કર્મકે ફલસ્વરૂપ જો મનુષ્ય અવસ્થા હૈ, જો ભી ચાર ગતિમેં જો ભી કર્મજનિત અવસ્થા કો પ્રાપ્ત હોતા હૈ, મનુષ્ય, દેવ, નારકી, જો ભી હો, ઐસા માન લેતા હૈ. ઔર અનુભવ સે માલૂમ પડેગા કિ હમ અપને આપકો ક્યા માનતે હૈં ? કિ, હમ મનુષ્યગતિ મેં આયે હૈં તો હમ મનુષ્ય હૈં ઐસા માનને લગ ગયે હૈં. ઉસમેં ભી જો પુરુષ હૈં વે ઐસા માનતે

હૈં કિ હમ પુરુષ હૈં. જો સ્ત્રી હૈ વહ ઐસા માનતી હૈ કિ મૈં સ્ત્રી હૂઁ. મૈં જીવ હૂઁ, ઐસા કોઈ નહીં માનતા હૈ, ક્યોંકિ જીવ ન તો સ્ત્રી હૈ, ન તો પુરુષ હૈ, ન તો જીવ મનુષ્ય હૈ. જીવ તો જીવ હૈ. જો મનુષ્ય આદિ અવસ્થા કી ફેરબદલી કરતા હૈ. જૈસે કપડે બદલતે હૈં ઐસે યહ શરીર ભી બદલના પડતા હૈ તો મનુષ્યપના હૈ વહ જીવકા સ્વરૂપ નહીં હૈ.

જીવ અપને મૂલ સ્વરૂપ કો ભૂલ ગયા હૈ. અપને આપકો ભૂલ ગયા હૈ ઇસકા મતલબ કિ વહ અપને મૂલ સ્વરૂપકો ભૂલ ગયા હૈ કિ, મૈં જીવ હૂઁ. ન મૈં મનુષ્ય હૂઁ, ન પુરુષ હૂઁ, ન સ્ત્રી હૂઁ, ન ઔર કોઈ મેરે સંબંધ હૈં. જો સંબંધ હૈં વે તો વ્યવહારિક તૌરસે કર્મજનિત હૈં, પ્રારબ્ધજનિત હૈં. વહ For the time being, અમુક સમય પુરતા વહ સંબંધ રહતા હૈ, ફિર વહ મિટ જાતા હૈ, ફિર કિસીકા સંબંધ રહતા નહીં.

જૈસે અભી કોઈ છોટી ઉમ્ર કા આદમી આયેગા, ઉસકો પૂર્વ ભવ કા જ્ઞાન – સ્મૃતિજ્ઞાન હોગા, ઉસકો પતા ચલ ગયા કિ મૈં ફલાના ફલાના હૂઁ, વહ આકરકે કિસી કો બોલેગા કિ તુમ્હારા બાપ મર ગયા હૈ ? તો કહેગા, હાઁ, મર ગયા હૈ. ઉસકો (લગેગા કિ), ઇસકો કહાઁસે પતા ચલા ? યહ તો અનજાના આદમી હૈ. હાઁ, મર ગયા હૈ યહ બરાબર હૈ. વહી મૈં હૂઁ, મૈં તુમ્હારા બાપ હૂઁ, કોઈ સંબંધ માનને કો તૈયાર હોગા ક્યા ? નહીં, ચલો ભઈ ચલો, તુમ્હારી બાત હમકો સુનની નહીં હૈ. શાંત હોગા તો ઐસે હી ઉસકો રવાના કરેગા. અગર અશાંત હોગા તો ગરમ હો જાયેગા કિ, જરા સોચ સમઝકર બોલના, વરના તુમકો કુછ હો જાયેગા. ઐસે કોઈ સીધી બાત કરે તો ?

મતલબ યહ હૈ કિ, યહાઁ સે આયુ પૂરી હોતી હૈ, આયુષ્ય પૂરા હોને કે બાદ કોઈ સંબંધ રહતા નહીં હૈ. ઔર સંબંધ કોઈ બતાયે તો માનને કો જીવ તૈયાર હોતા નહીં કિ વહ બાત હમ નહીં માનેંગે. યહ તો પિતા કી બાત આયી, પુત્ર કી બાત ભી નહીં માનેગા. કોઈ આયે કિ આપકા પુત્ર ફલાના–ફલાના ઇતને સાલ મેં મર ગયા ? તો કહે હાં, મર ગયા હૈ. તો વહ મૈં હૂઁ. તો કહે, ચલ ભઈ ચલ. ક્યોં ? કિ, ઉસમેં ફિર હિસ્સે કા સવાલ આતા હૈ. કૌન દેગા ? અગર સ્વીકાર કર લિયા તો ! તો ઐસા કોઈ માનનેકો તૈયાર નહીં હોગા ઇસલિયે કિ ઉસકા ઉદયભાવ ઉસકે સાથ હૈ હી નહીં. ઉસ પ્રકાર કા કર્મ સંબંધ ખત્મ હો ગયા. તો કર્મ કે ઉદય મેં જો જુડાન થા, પરિણામ થા વહ ભી મીટ ગયા. વહ ભાવ આયેગા હી નહીં, લાના ચાહે તો ભી આયેગા નહીં. અગર કિસી કો વિશ્વાસ આયા કિ હો સકતા હૈ કિ, તૂ મેરા પુત્ર હૈ, લેકિન ઉસકો પુત્રકા ભાવ આયેગા

નહીં. જો પરાયાપન હૈ વહ ઉસકો પરાયાપન હી દિખેગા, અપનાપન નહીં દિખેગા. ક્યોંકિ ઉસકે પરિણામ – આગેવાલે ઉદયભાવ હૈં વહ બદલ ચુકે હૈં, ખત્મ હો ગયે. વહ ભાવ લા નહીં સકતા, ઉદયભાવ લાના ચાહે તો ભી લા નહીં સકતા.

આશય વહ હૈ કિ, અપને મૂલ સ્વરૂપ કો જીવ ભૂલ ગયા હૈ ઔર ઉસકી વજહ સે ઉસકો સચ્ચે સુખ કા વિયોગ હૈ. સંસાર કા કૃત્રિમ સુખ તો જો અનુકૂલતાઓં કા હૈ વહ કોઈ વાસ્તવ મેં સુખ નહીં હૈ ઇસલિયે કિ 'પશ્ચાત્ દુઃખ વહ સુખ નહીં', જિસકે પીછે દુઃખ હો ઉસકો સુખ નહીં કહતે. સચ્ચા સુખ હમેશા હમેશા રહતા હૈ ક્યોંકિ વહ જીવકા પ્રાણ હૈ. તો વહ સચ્ચા સુખ હમેશા રહતા હૈ. સચ્ચા સુખ હમેશા રહતા હૈ. નિરાકુલ સુખ મેં થકાન નહીં આતી, પીછે દુઃખ નહીં હોતા, Permanent રહતા હૈ ઔર વહ વૃદ્ધિગત હોકર કે બેહદ દશા કો પ્રાપ્ત કરતા હૈ, વહી સચ્ચા સુખ હૈ.

'ઐસા સર્વ ધર્મ સમ્મત કથન હૈ.' યહ બાત તો જો આસ્તિક્ય સંપ્રદાય હૈ ઉન સબને સ્વીકાર કિયા હૈ કિ સંસારમેં જો સુખ હૈ વહ સુખ નહીં હૈ. સુખ નિરાકુલતા, શાંતિ જો હૈ, વહી સુખ હૈ ઔર વહ સર્વ ધર્મ સમ્મત હૈ. વહ બાત સબકો સમ્મત હૈ. ઐસા સુખ જીવકો ક્યોં નહીં મિલતા હૈ ? કિ અપને મૂલ સ્વરૂપ કો ભૂલા હુઆ હૈ ઇસલિયે. મૂલ સ્વરૂપ મેં ઐસા સુખ શક્તિરૂપ – Power કે રૂપમેં રહા હૈ, ઉસ શક્તિકા સદ્ઉપયોગ કરનેસે ઇસ સુખકી પ્રાપ્તિ હો જાતી હૈ. ઇસલિયે ઐસે સુખકી પ્રાપ્તિકા વિચારવાન જીવકો યથાર્થ પ્રયાસ કરના ચાહિયે.

'સ્વયંકો ભૂલ જાનેરૂપ અજ્ઞાનકા નાશ જ્ઞાન મિલનેસે હોતા હૈ, ઐસા નિઃશંક માનના.' હમલોગ ઇધર સ્વાધ્યાય ક્યોં કરતે હૈં ? ઇધર આયે યા ઘર પર ભી કરતે હૈં, જહાઁ ભી હોતે હૈં વહાઁ કરતે હૈં, કિ હમ હમારે મૂલ સ્વરૂપકો ભૂલે હુએ હૈં, ઉસકો અજ્ઞાન કહતે હૈં ઔર અપના મૂલ સ્વરૂપકા જ્ઞાન હોવે, વહ જ્ઞાન પ્રાપ્ત કરનેકે લિયે યહ સ્વાધ્યાય હૈ.

સ્વાધ્યાયકે પીછે હેતુ ક્યા હૈ ? Motive ક્યા હૈ ? કિ અપને સ્વરૂપકા જ્ઞાન હો જાય તો સચ્ચા સુખ મિલે. ઔર હમારા દુઃખ હમેશા કે લિયે મિટ જાય. દુઃખકે પ્રકાર બહુત હૈં. કોઈ ભી મનુષ્ય જન્મતા હૈ, કોઈ ભી પ્રાણી જન્મતા હૈ તો ઉસકો દુઃખ હોતા હૈ, મરતા હૈ તો ભી દુઃખ હોતા હૈ ઔર સંસારમેં અનેક પ્રકારકી પ્રતિકૂલતાએઁ, બાધાએઁ, પીડાએઁ, રોગ, અકસ્માત ઔર સબસે જ્યાદા Tension કા દુઃખ સબ કો હોતા હૈ. ઉન

સભી પ્રકારકા દુઃખ મિટાનેકા એક હી ઉપાય હૈ કિ અપને મૂલ સ્વરૂપકા આત્મજ્ઞાન કરના.

વહ આત્મજ્ઞાન કરનેકા સાધન કૌનસા હૈ ? કિ સત્સંગ, સત્શાસ્ત્ર. વહાઁ વહ જ્ઞાન પડા હૈ, વહાઁ ઉસ જ્ઞાનકી ચર્ચા હોતી હૈ ઔર અગર યથાર્થરૂપસે (પ્રયત્ન) કિયા જાય તો ઉસસે વહ જ્ઞાનકી પ્રાપ્તિ હો સકતી હૈ. અપને આપકો ભૂલ ગયારૂપ અજ્ઞાન જ્ઞાન મિલનેસે નાશ હોતા હૈ ઔર ઐસા નિઃશંક માનના ચાહિયે. ઇસમેં સંદેહ – શંકા કરનેકી જરૂરત નહીં.

અબ કહતે હૈં કિ 'જ્ઞાનકી પ્રાપ્તિ જ્ઞાનીકે પાસસે હોની ચાહિયે.' જો આત્મજ્ઞાન હૈ, વહ એક ખાસ પ્રકારકા Subject હૈ. વહ Specific subject હૈ, Special subject હૈ. જૈસે હમારે લૌકિકમેં જો Technical જ્ઞાન હૈ, તકનીકી Knowledge જિસકો બોલતે હૈં ઉસકી પ્રાપ્તિ કહાઁસે હોતી હૈ ? કિ ઉસકે જો તજ્જ્ઞ હોતે હૈં, ઉસ વિષયકે જો જાનકાર હોતે હૈં, ઉનકે પાસસે હોતી હૈ. હરએકકે પાસસે નહીં હોતી હૈ. કિસીકો ડૉક્ટર હોના હૈ તો ઉસકો Medical college મેં જાના પડતા હૈ ઔર ઉસકે સીખાનેવાલે ડૉક્ટરીકો અચ્છી તરહ પઢે હોં વે હી સમજા સકતે હૈં, પઢા સકતે હૈં. ઐસે કિસીકો જજ હોના હો યા વકીલ હોના હો તો ઉસકો Law college મેં જાના પડતા હૈ ઔર ઉસકે જો સીખાનેવાલે Professor હોતે હૈં વે ઉસીકે Master હોતે હૈં તબ સીખા સકતે હૈં. જિસ Subject પર જિસકી Mastery હોતી હૈ વહી ઉસકો સીખા સકતે હૈં, બતા સકતે હૈં, વહ તો સીધી સાદી બાત હૈ. તો યહાઁ ભી હમારે સ્વરૂપકા, આત્માકે સ્વરૂપકા જ્ઞાન જિસકો ચાહિયે, ઉસકો આત્મજ્ઞાનીકે પાસ જાના ચાહિયે, વહ બાત તો સમજમેં આયે ઐસી હૈ.

'જ્ઞાનકી પ્રાપ્તિ જ્ઞાનીકે પાસસે હોની ચાહિયે. યહ સ્વાભાવિકરૂપસે સમઝમેં આતા હૈ,...' યહ બાત સીધીસાદી સમજમેં આ સકતી હૈ, ક્યોંકિ વહ ખાસ પ્રકારકા વિષય હૈ ઔર ખાસ પ્રકારકા વિષય તો ખાસ જાનનેવાલેકે પાસસે હી મિલેગા, ક્યોંકિ હમ અનજાને હૈં, ઇસલિયે. 'ફિર ભી જીવ લોકલજ્જા આદિ કારણોંસે અજ્ઞાનીકા આશ્રય નહીં છોડતા, યહી અનંતાનુબંધી કષાયકા મૂલ હૈ.' બહુત ગહરી બાત કી હૈ કિ, મનુષ્ય કોઈ ન કોઈ સંપ્રદાયમેં જન્મ લેતા હૈ, ઉસ સંપ્રદાયમેં ઉસકે ગુરુ વગેરે હોતે હૈં. હર સંપ્રદાયમેં અપને – અપને ગુરુ હોતે હૈં ઔર હર સંપ્રદાયમેં ઉસે સંપ્રદાયકી સમાજ ભી હોતી હૈ. તો સમાજકી લજ્જા આડે આતી હૈ. જ્ઞાનીકે પાસ જાનેમેં ક્યા તકલીફ હોતી હૈ ? કિ જ્ઞાની સંપ્રદાયમેં માનતે નહીં હૈં, સંપ્રદાયબુદ્ધિ સે વે Behave કરતે નહીં હૈં તો વે સંપ્રદાયસે અલગ પડ

જાતે હૈં. વે સંપ્રદાયસે અલગ પડતે હૈં તો ઉસકે પાસ કોઈ જાતા હૈ તો સંપ્રદાયવાલે ઉસ પર હમલા કરતે હૈં, Attack કરતે હૈં. આપ ઉધર ક્યોં જાતે હો ? હમારે ગુરુ તો ઇધર હૈં. આપકો ઇધર આના ચાહિયે, વહાં ક્યોં જાતે હો ? આપકો નહીં જાના ચાહિયે. જૈસે કોઈ ગુરુકે Agent હોતે હૈં ન ! ઐસે Behave કરેંગે. ઉસકો પૂછના ચાહિયે કિ આપકો કોઈ એજન્સી-બેજન્સી દિયા હૈ ક્યા ? ઐસા ક્યોં કરતે હો ? ગુરુકે પાસ જાને, નહીં જાનેકે લિયે ગુરુ કહેંગે હમકો, ઇસમેં બીચમેં કહનેવાલે દૂસરે કૌન હોતે હૈં ? લેકિન ઐસા હોતા હી હૈ.

લોગમેં યહ સામાન્ય Tradition હૈ. જો મનકે, વિચારકે કમજોર હોતે હૈં ઉનકો લોકલજ્જા આડે આતી હૈ કિ હમ જાયેંગે, ઔર જગહ જાયેંગે ઉસમેં સંપ્રદાયવાલે બોલેંગે (કિ) આપ વહાઁ ક્યોં જાતે હો ? આપકો વહાઁ નહીં જાના ચાહિયે. ઘરવાલે ભી કહેંગે ઔર સમાજવાલે ભી કહેંગે. દોનોં બાત ખડી હોતી હૈં. ઉસ કારણસે જીવ જ્ઞાનીકે પાસ જા સકતા નહીં ઔર અજ્ઞાની ગુરુ હૈ ઉસકા આશ્રય છોડ સકતા નહીં. ઔર ઇસ કારણસે ઉસકો જો તીવ્ર કષાય હૈ, જો અનંતાનુબંધીકે ક્રોધ, માન, માયા, લોભ આદિ અજ્ઞાન ઔર મિથ્યાત્વ હૈ વહ મિટતા નહીં. ઇસ કારણસે મિટતા નહીં. ક્યોંકિ જ્ઞાનીકે પાસ જાતા નહીં, ઔર સંપ્રદાયમેં અજ્ઞાનીકા સંગ બના રહતા હૈ.

પ્રશ્ન :- કિસીને અજ્ઞાનીકો હી જ્ઞાની માન લિયા તો ?

સમાધાન :- અજ્ઞાનીકો જ્ઞાની માના ઔર જ્ઞાનીકો અજ્ઞાની માના દોનોં એક હી બાત હૈ. અપને-અપને જો ગુરુ હૈં (વહાં) અજ્ઞાનીકો હી જ્ઞાની માનકર તો જાતે હૈં, અજ્ઞાનીકો જ્ઞાની માનતે હૈં ઐસા હી તો હો રહા હૈ. વહ મિટાનેકી તો બાત હૈ. જબ જ્ઞાનીકે પાસ જાના હૈ તો જ્ઞાની કૈસા હોતા હૈ ? વહ પરખનેકી અપની જિમ્મેવારી હોતી હૈ. વહ પરખનેકી જિમ્મેવારી અપની હોતી હૈ. વરના અજ્ઞાનીકો જ્ઞાની માનકરકે ફિર ઔર જગહ ફસેગા. વહ તો ઉલમેંસે ચૂલમેં આ ગયા. ઉલમેંસે ચૂલમેં સમજતે હૈં ?

એક સર્પ થા. પહલેકે જમાનેમેં તો સ્લેબ નહીં થે, વહ છત પર મિટ્ટીકે નલિયા હોતે હૈં ન ! નલિયા હી બોલતે હૈં ન, ક્યા બોલતે હૈં હિન્દીમેં ? નલિયા હી બોલતે હૈં ન ! હિન્દીમેં ક્યા બોલતે હૈં ?

મુમુક્ષુ :- છપ્પર.

પૂજ્ય ભાઈશ્રી :- છપ્પર ? છપ્પરમેં જો મિટ્ટીકે હોતે હૈં ઉસકો ક્યા બોલતે હૈં ?

(તવેલુ) ? ઠીક ! વહાઁ એક સર્પ ચલ રહા થા, નીચે ચુલપર એક તેલકી કડાઈ થી, ઉસમેં ગર્મ તેલ ભી થા ઐર ઉસકા ધુઁઆ ઉપર જાતા થા તો ધુઁઆ ઉસકો લગ ગયા. ધુઁઆ લગ ગયા તો ઉસકી જો છતકી પક્કડ થી વહ છૂટ ગઈ તો વહ નીચે ગર્મ–ગર્મ તેલમેં ગિર ગયા. ગર્મ તેલમેં વહ ગિરા તો ઉતની ગરમી લગી કિ ઉછલા, ઉછલા તો પડા ચૂલ્હેમેં, નીચે ચૂલ્હા થા, ખુલ્લી અગ્નિ થી તો ઉલમેંસે પડા ચૂલ મેં, ક્યા ફાયદા હુઆ ? યા તો કડાઈમેં મર જાતા, અબ ચૂલમેં મર જાયેગા. ઐસે અજ્ઞાનીકે પાસ તો જાતા હી થા, ફિર દૂસરે અજ્ઞાનીકે પાસ જાને લગા, બાત તો ઉનકે લિયે વહકી વહ હો ગઈ. વહ તો ઉલમેંસે ચૂલમેં ગયા. વહ તો દોનોં જગહ ઉસકો નુકસાન હી નુકસાન હોતા હૈ.

મુમુક્ષુ :– યહાઁપર તો ઐસા મામલા હૈ કિ ગુરુ કહતા હૈ કિ મૈં અજ્ઞાની હૂઁ મગર શિષ્ય કહતા હૈ કિ યે અજ્ઞાની નહીં હૈ જ્ઞાની હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– પરીક્ષા તો ખુદકો કરની હૈ ન ! કોઈ કુછ ભી બોલે. ગુરુ ભી જ્ઞાની બોલે તો ક્યા હો ગયા ? ચેલા કી ક્યા બાત કરની ? ગુરુ ભી કહે કિ મૈં જ્ઞાની હૂં તો ઇસસે કોઈ માન લે ક્યા ?

અભી કુછ દિન પહલેકી બાત હૈ, ભાવનગરમેં એક આદમી અમેરિકાસે આયા થા. રાતકો કરીબ ગ્યારહ બજે, હમ અભી સોયે હુએ નહીં થે. ટેલિફોન આયા, હમારે જો દાનાપીઠકે જો વ્યાપારી થે, હમારી બજારકે એક વ્યાપારીકા ફોન થા, (ઉન્હોંને કહા), મૈં બોલ રહા હૂઁ. મૈંને સોચા, મૈં તો સાત-આઠ-દસ સાલસે તો બિલકુલ બાજારસે અલગ હૂઁ, ક્યા બાત હોગી ? મૈંને બોલા, બોલો, બોલો ભાઈ ! ક્યા બાત હૈ ? બોલે અમેરિકાસે મેરે એક મેહમાન આયે હૈં, અમેરિકામેં જૈનશાસ્ત્રોંકી લાઈબ્રેરી બના રહે હૈં ઔર કુછ કિતાબેં આપકે શાસ્ત્રોંકી ઇનકો ચાહિયે, તો આપ ઉનસે બાત કર લો કરકે ઉનકો રિસીવર દે દિયા.

વે બોલે કિ, મૈં આપકો કબ મિલ સકતા હૂઁ ? મુઝે આપકે ટ્રસ્ટકે ઔર સોનગઢકે ઇતને–ઇતને પુસ્તક ચાહિયે. તો (કહા) કલ સુબહ સાડે નૌ બજે આ જાના, મૈંને Address દે દિયા. વે આયે, આયે તો સબસે પહલે ઉસને યહ પૂછા કિ મુઝે આત્મજ્ઞાનકી પ્રાપ્તિ કરની હૈ, વૈસે તો મૈં Social worker હૂઁ, Library વગેરે વહાં કરતા હૂં, અપને જૈનોંકી બહુત પ્રવૃત્તિ કરતા હૂં, Retired ભી હૂં, વૈસે સબ કરતા હૂં લેકિન વાસ્તવમેં બાત યહ હૈ કિ, મુઝે આત્મજ્ઞાનકી પ્રાપ્તિ કરની હૈ તો ઇસકે લિયે મુઝે આત્મજ્ઞાનીસે મિલના હૈ.

તો આપકી નજરમેં કોઈ આત્મજ્ઞાની હો તો બતા દીજિયે. કોઈ એડ્રેસ-બેડ્રેસ હો તો મુઝે દે દીજિયે, મુઝે ઉનકે પાસ જાના હૈ.

મૈંને કહા ભાઈ, દેખો ! યહ બાત ઇસ તરહસે તો Handle નહીં કી જાતી. ક્યોંકિ અગર મૈં કહૂઁગા કિ ફલાના-ફલાના આત્મજ્ઞાની હૈં તો આપકો માન લેનેસે ક્યા ફાયદા ? આપકો તો પતા હૈ નહીં, અગર મેરી ભૂલ હો ગઈ તો ? આપ તો ફંસ જાઓગે ન ? ઇસલિયે (આત્મજ્ઞાનીકા) વિષય કહને-સુનનેકા હૈ હી નહીં. ક્યા હૈ ? કોઈ કહે તો સુનને લાયક નહીં હૈ, ઇસલિયે કિ કહને-સુનનેકા વહ વિષય હી નહીં હૈ.

ફિર (ઉન્હોંને પૂછા), વહ કૈસા હૈ ? તો (હમને કહા), વહ વિષય પરખ કરનેકા હૈ, ખુદકી સુઝ ચાહિયે, ઇસકે લિયે આપકો સત્સંગ કરના હોગા. આપ સત્સંગ કરકે તૈયાર હો, ફિર ખોજ કરો, ફિર આપકી નજરમેં કોઈ જ્ઞાની લગે તો માનો. કિસીકે કહને સે મત માનિયે. અગર મૈં બોલ દુંગા કિ મૈં આત્મજ્ઞાની હૂઁ ઔર આપ માન લો ઔર મૈં નહીં હૂઁ તો ? ઔર અગર મૈં હૂઁ ઔર મૈં કહૂઁ કિ, મૈં તો નહીં કહૂઁગા કિ મૈં આત્મજ્ઞાની હૂઁ તો ? આપકી ક્યા હાલત હો જાયેગી ? આપ તો દોનોં બાતમેં વંચિત રહ જાયેંગે. ઇસલિયે આપકી સૂઝ હોની ચાહિયે.

મૈંને કહા, આપ કિતને Time ઇધર રહનેવાલે હૈં ? તો બોલે કિ મૈં તો કલ જાનેવાલા હૂઁ. ઠીક હૈ, આપકો સમય હો તો સત્સંગમેં આયા કરો, સોચો. યહ વિષય યહાં ચલતા હૈ, આત્મજ્ઞાનકા હી વિષય હમારે યહાઁ તો ચલતા હૈ, દૂસરા વિષય નહીં ચલતા હૈ. ફિર આપ સમઝો, સોચો ઔર સત્સંગમેં રહોગે તો કોઈ બાતકી સૂઝ આ સકતી હૈ, બાકી ઐસે યહ કોઈ બાઝારકી ચીજ નહીં હૈ કિ યહ દસ રુપયા, હમકો કોથમરી ચાહિયે, ધનિયા કી પત્તી દે દો, ઐસી ચીજ નહીં હૈ. ઇસ તરહસે વહ બાઝારમેં ઐસે કોઈ પૈસેસે ચીજ મિલ જાતી હૈ ઐસે વહ બાઝારમેં મિલનેવાલી ચીજ નહીં હૈ.

વહ બાત હૈ કિ, જ્ઞાનીકા આશ્રય જીવ કરતા નહીં ક્યોંકિ ઉસકો ઇસકી પરખ નહીં આતી ઔર અજ્ઞાનીકા આશ્રય લોકલજ્જા આદિ કારણોં સે છોડતા નહીં. આદિમેં દૂસરે-દૂસરે કારણ લે લેના, ઇસ પ્રકારકી જો ચર્ચા હુઈ ન ? ઇસ પ્રકારકા કારણ લે લેના.

'જો જ્ઞાનકી પ્રાપ્તિકી ઇચ્છા કરતા હૈ,...' ચાહતા હૈ, જિસકો ભી ઇચ્છા હો, 'ઉસે જ્ઞાનીકી ઇચ્છાનુસાર ચલના ચાહિયે, ઐસા જિનાગમ આદિ સભી શાસ્ત્ર કહતે હૈં.' યહ બાત શાસ્ત્રમાન્ય હૈ, શાસ્ત્રકા આદેશ હૈ કિ અગર આપકો જ્ઞાનપ્રાપ્તિ ચાહિયે તો જ્ઞાનીકી

આજ્ઞા ઔર જ્ઞાનીકી ઇચ્છા (અનુસાર ચલો). ઇધર તો ઇચ્છા વહી આજ્ઞા લિયા હૈ. 'આજ્ઞા' શબ્દકા પ્રયોગ નહીં કિયા. 'ઇચ્છા' શબ્દકા પ્રયોગ કિયા.

સામાન્ય તૌરસે જો આજ્ઞા હૈ વહ ગંભીર વિષયકે લિયે હોતી હૈ. આજ્ઞા હૈ વહ ગંભીર વિષયકે લિયે હોતી હૈ ઔર ઇચ્છા તો સામાન્ય વિષયકે લિયે ભી હુઆ કરતી હૈ. તો યહાઁ તો સામાન્ય જો બાત હૈ, જૈસે આજ્ઞાકો Overtake નહીં કરના ચાહિયે, ઐસે ઇચ્છાકો ભી Overtake નહીં કરના ચાહિયે, વહાં તકકી બાત કૃપાલુદેવને લી હૈ. જ્ઞાનીકી ઇચ્છાસે વર્તના.

'ઐસા જિનાગમ આદિ સભી શાસ્ત્ર કહતે હૈં. અપની ઇચ્છાનુસાર ચલતા હુઆ જીવ અનાદિકાલસે ભટક રહા હૈ.' જો અનાદિકાલસે રુલતા હૈ, ભટકતા હૈ, ઇસકા કારણ વહ હૈ કિ, વહ અપની ઇચ્છાસે પ્રવર્તતા હૈ, જ્ઞાનીકી ઇચ્છા ઔર આજ્ઞાસે વહ પ્રવર્તતા નહીં હૈ.

પ્રશ્ન :– જ્ઞાનીકી ઇચ્છાસે યાની જ્ઞાનીકી અનુકૂલતાસે ?

સમાધાન :– અનુકૂલતાકા સવાલ નહીં હૈ. ઉનકી જો ઇચ્છા હૈ ઉસસે હમકો પ્રતિકૂલ નહીં જાના હૈ. વે ઐસા ચાહતે હૈં લેકિન હમ ઐસા ચાહતે હૈં, ઐસા નહીં હોના ચાહિયે.

પ્રશ્ન :– તો ઉનકે અનુકૂલ હી હો ગયા ન, પ્રતિકૂલ નહીં જાયે તો ?

સમાધાન :– ઠીક હૈ, અનુકૂલ વર્તના. જ્ઞાનીકી ઇચ્છાસે પ્રતિકૂલ વર્તનેસે ક્યા ફાયદા ? અનુકૂલ વર્તનેસે હી ફાયદા હૈ. જ્ઞાનીકી ઇચ્છાસે અનુકૂલ વર્તના, વહ તો ઠીક હૈ, આજ્ઞાકારીતા હૈ ઔર ઐસી આજ્ઞાકારીતા હોતી હૈ તો સ્વચ્છંદ નહીં હોગા, વરના સ્વચ્છંદ હોગા હી.

કહતે હૈં કિ, ઉસ પ્રકાર નહીં વર્તનેસે તો ઉસકા ભટકના હુઆ હૈ. ક્યોંકિ આજ્ઞાકારીતામેં નહીં આયા, યહી કારણ હૈ. બહુભાગ ક્યા કરતા હૈ ? કિ, કુછ બાત માનતા હૈ, કુછ બાત નહીં માનતા હૈ. યહ બાત યહાંતક હોની ચાહિયે કિ, એક હજારમેંસે નૌસો નિન્યાનવે માને ઔર એક નહીં માને તો નૌસો નિન્યાનવે કો વહ માનતા નહીં હૈ, ઐસી બાત હૈ. ઐસા બનતા હૈ તો ઇસ તરહસે ઉનકી અવમાનના હો જાતી હૈ તો ઉસકો ખુદકો પતા ચલતા નહીં હૈ. વહ ઐસે ભ્રમમેં રહતા હૈ, ધોખેમેં રહતા હૈ કિ મૈં તો માનતા હૂઁ, મૈં તો માનતા હૂઁ, લેકિન નહીં માનતા હૈ ઉસ પર ઉસકા ધ્યાન નહીં જાતા.

પ્રશ્ન :– નહીં માનતા હૈ મતલબ અમલીકરણમેં નહીં લેતા ?

સમાધાન :– નહીં, ઉસકો વહ સમ્મત નહીં કરતા હૈ, અમલીકરણકી બાત તો બહુત

દૂરકી હૈ. અભી તો સ્વીકાર કરનેકી બાત હૈ. અમલીકરણ તો તબ આતા હૈ કિ, જબ Cent percent સ્વીકાર આતા હૈ તબ અમલીકરણમેં આ સકતા હૈ ઇસકે પહલે અમલીકરણમેં નહીં આ સકતા.

મુમુક્ષુ :– એમણે સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, જ્ઞાનીને સમ્મત કિયા વહ સર્વ સમ્મત કરના.

મુમુક્ષુ :– ઉસમેં અનંત જ્ઞાની ગર્ભિત હો ગયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ તો હૈ હી. એક જ્ઞાનીકી બાત હૈ વહ સબ જ્ઞાનીકી હોતી હૈ.

પ્રશ્ન :– બાત તો સમ્મત કરતા હૈ ફિર ભી અમલીકરણમેં નહીં આતા હૈ ઉસમેં કિસ તરહકા સ્વચ્છંદ હો જાતા હૈ ?

સમાધાન :– સમ્મત કરતા હૈ ઔર અમલીકરણમેં નહીં આતા હૈ ઇસકા કારણ વહ હૈ કિ અમલીકરણકે લિયે તો બલ ચાહિયે, પુરુષાર્થ ચાહિયે. ઉતના બલ પૈદા નહીં હુઆ હૈ ઔર બલ પૈદા નહીં હોનેકે બહુતસે કારણ હૈં. અસત્સંગ, અસત્પ્રસંગ બલ પૈદા નહીં હોને દેતા, પરલક્ષ હોતા હૈ તો બલ પૈદા નહીં હોને દેતા. પરલક્ષીપનેસે માના હો સ્વલક્ષીપનેસે નહીં માના હો. (ઐસે) અનેક પ્રકારકે કારણ હોતે હૈં તો અમલીકરણમેં નહીં આયેગા. તો માનનેકા કુછ મતલબ તો રહા નહીં. જો બાત સમઝમેં આયી, અગર ઉસકા સદ્ઉપયોગ નહીં હોતા હૈ તો ફિર ઉસકા સાર્થકપના કૈસે ? કોઈ સાર્થકપના તો નહીં રહા.

મુમુક્ષુ :– આજ્ઞા ઔર ઇચ્છા કે વિષયમેં બહુત અચ્છા સ્પષ્ટીકરણ આયા.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, આજ્ઞા ઔર ઇચ્છામેં વહ બાત હૈ.

આજ્ઞાકારીતા ઉતને હદ તક હોની ચાહિયે કિ, ઉનકે વિકલ્પ ઔર ઇચ્છા, ઉસકો આજ્ઞા હી લગે. ઉસકો આજ્ઞારુચિરૂપ સમકિત બોલતે હૈં. જો પહલા સમકિત હૈ ન ? ઉસમેં ૭૫૧ (પત્રમેં) ઇસ શબ્દકા પ્રયોગ હૈ, 'આજ્ઞારુચિરૂપ સમકિત'. પહલા સમકિત તો ઐસા હોતા હૈ. ઉસકો તો વિકલ્પ ઔર ઇચ્છા આજ્ઞા હી લગતી હૈ. યહ જો કહે વહ મેરે (લિયે) આજ્ઞા હૈ.

પ્રશ્ન :– જ્ઞાનીપુરુષકી ઇચ્છા ઔર આજ્ઞા, તો આજ્ઞા જ્યાદા Powerful હુઈ ન ?

સમાધાન :– હાં, વહ જ્યાદા વજનદાર હૈ, જ્યાદા વજનદાર હૈ તો આજ્ઞાકા ઉલ્લંઘન કરનેકા સવાલ હી પૈદા નહીં હોતા.

જ્ઞાની તો યહ કહેંગે કિ તુમ સમ્યગ્દર્શન યા આત્મકલ્યાણ ચાહતે હો તો તુમ્હારે લિયે ઐસા કરના જરૂરી હૈ. Homework જિસકો બોલતે હૈં. ઔર નહીં કરતા હૈ તો ક્યા બાત હુઈ ? આજ્ઞાકા ઉલ્લંઘન હુઆ. ઉતના વજન આ જાય તો આજ્ઞાપાલન હો જાયેગા.

પ્રત્યક્ષ જ્ઞાનીકી ઇચ્છાનુસાર યાની આજ્ઞાનુસાર, 'ઇચ્છા' શબ્દકા હી યહાં 'આજ્ઞા' અર્થ કર દિયા હૈ. ઇચ્છાકો હી આજ્ઞા બતા દિયા હૈ. 'જબ તક પ્રત્યક્ષ જ્ઞાનીકી ઇચ્છાનુસાર અર્થાત્ આજ્ઞાનુસાર ન ચલા જાયે, તબ તક અજ્ઞાનકી નિવૃત્તિ હોના સંભવ નહીં હૈ.' વહાં તક અજ્ઞાનકા નાશ નહીં હોગા. ક્યોંકિ વહાં તક જીવકા સ્વચ્છંદ હૈ. વહાં તક ઉસકો અજ્ઞાનકા નાશ હોનેકી યોગ્યતા નહીં હૈ ઔર જ્ઞાન પ્રાપ્ત હોનેકી યોગ્યતા નહીં હૈ. ક્યોંકિ ઉસકો પહલા સમકિત હી નહીં હૈ. પહલે સમકિતકી ભી પ્રાપ્તિ નહીં હોગી તો દૂસરે, તીસરેકા તો સવાલ હોતા હી નહીં. તીસરાવાલા તો બહુત આગેકી બાત હૈ, તીસરા હોતા હૈ તબ જ્ઞાનપ્રાપ્તિ હોતી હૈ. યાની જો તીસરા સમ્યગ્દર્શન હૈ વહ તો સ્વસંવેદનકે કાલમેં સમ્યગ્દર્શન હોતા હૈ. ઇસલિયે પ્રત્યક્ષ જ્ઞાનીકી આજ્ઞાનુસાર વર્તન કરના, યહી અજ્ઞાનકે નાશકા એક મૂલભૂત સિદ્ધાંત હૈ. બહુતસે સિદ્ધાંતમેં યહ એક મૂલભૂત સિદ્ધાંત હૈ. ઔર ભી દૂસરે-દૂસરે આત્મજ્ઞાન ઔર સમ્યગ્દર્શનકે લિયે સિદ્ધાંત તો હૈં હી લેકિન યહ મૂલભૂત સિદ્ધાંત હૈ.

'જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન વહ કર સકતા હૈ કિ જો એકનિષ્ઠાસે, તન, મન ઔર ધનકી આસક્તિકા ત્યાગ કરકે ઉસકી ભક્તિમેં જુટ જાયે.' જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન કરનેવાલા કૌન હોતા હૈ ? કિ જિસકો પ્રતિબંધ નહીં હો. યહ તન, મન, ધન સબ કુટુંબ પ્રતિબંધમેં આતા હૈ. તનમેં શરીરપ્રતિબંધ ભી હૈ ઔર ધનમેં કુટુંબ પ્રતિબંધ હૈ ઔર મનમેં અપને જો ભી Mis conscept હૈં, જો ભી અપની પ્રકૃતિ હૈ, વહ સબ મનકે પરિણામ આ જાતે હૈં. સમાજકી બાત તો પહલે હી રખ દી. લોકલજ્જા તો પહલે છોડો. સમાજપ્રતિબંધકી બાત તો પહલે કર દી.

અબ તો તન, મન, ધનકા પ્રતિબંધ નહીં હો વહી જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન કર સકતા હૈ. જ્ઞાનીકી આજ્ઞામેં એકતાન હોનેકે લિયે, વહ વિષય ચલા થા, અપને (મુંબઈમેં ભી ચલા થા ઔર) ભાવનગરમેં ભી લિયા થા. ઉસમેં લિયા થા કિ એકતાન હોના આસાન નહીં હૈ, વહ અસુલભ ઇસલિયે હૈ કિ ઉસમેં પ્રતિબંધ તોડના પડતા હૈ. તબ જ્ઞાનીકી આજ્ઞામેં

આ સકતે હૈં. જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન વહ કર સકતા હૈ, આરાધન કરનેકી બાત હૈ. હમ મનસે તો માનતે હૈં લેકિન હમ અમલીકરણ નહીં કરતે તો વહ આરાધન નહીં હુઆ ઔર વહ માન્યતા, માન્યતાકે રૂપમેં સાર્થક નહીં હુઈ.

પ્રશ્ન :- 'તનસે, મનસે, ધનસે સબસે...' ઉસમેં સબસે માને ?

સમાધાન :- 'તનસે, મનસે, ધનસે સબસે...' કોઈ ભી બાત, ઔર ભી કોઈ રહ ગયા હો તો સબસે. એકનિષ્ઠા કિસકો બોલે ? એકનિષ્ઠામેં વહ બાત આ જાતી હૈ. એકનિષ્ઠામેં એક માને એક, બાકી સબ ઉડા દિયા, છેદ કર દિયા, ઉસકા નામ એક હૈ. એકનિષ્ઠાસે જો જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન કરતા હૈ, ઉસકો ઉનકી સહી ભક્તિ હૈ. સિર્ફ વહ બાત નહીં હૈ કિ, પદ બોલના વહી ભક્તિ હૈ. જો એકનિષ્ઠાસે તન, મન, ધનકે પ્રતિકે અપનત્વકો છોડતા હૈ યા છોડનેકા પ્રયત્નવાન હૈ, દોનોંકી બાત બરાબર હૈ. કિસીને છોડ દિયા હો ઉસકો તો આત્મકલ્યાણ હોનેકી યોગ્યતા આ ગઈ, જિસકો નહીં છૂટા હો ઉસકો છોડનેકા પ્રયાસ હોના ચાહિયે, તો વહ છૂટેગા, પ્રયાસ સે અવશ્ય છૂટેગા. વહી જ્ઞાનીકી આજ્ઞાકા આરાધન કરતા હૈ ઔર વહી જ્ઞાનીકી ભક્તિમેં જુટતા હૈ.

'યદ્યપિ જ્ઞાની ભક્તિકી ઇચ્છા નહીં કરતે,...' ક્યા ? ભક્તિ કરનેકી જબ બાત આયી ઔર વહ જ્ઞાની કહતે હૈં, તબ ઉનકો સ્પષ્ટીકરણ દેના પડતા હૈ. જ્ઞાની કહતે હૈં કિ જ્ઞાનીકી ભક્તિ કરો તબ જ્ઞાનીકો ભી લગતા હૈ કિ અગલા મેરે પર Doubt કરેગા કિ, ઇનકો કુછ અપેક્ષા હોગી. તો કહતે હૈં, જ્ઞાની ભક્તિ ચાહતે નહીં હૈં. ક્યોંકિ ઉનકો કોઈ ફર્ક નહીં પડતા, કોઈ ભક્તિ કરતા હૈ, નહીં કરતા હૈ, ઉસમેં વે મેરાપન, તેરાપન કરતે નહીં હૈં. મેરાપન, તેરાપન તો નહીં કરતે કિ યહ મેરા ભક્ત હૈ, વહ મેરા નહીં હૈ. જ્ઞાનીકે પાસ નયા આયેગા તો ઉસકો અધિક Response દેગા. પુરાનેવાલે કો તો સમઝતે હૈં કિ વહ તો અભી પક્કા હો ગયા હૈ ઉસકો તો કોઈ તકલીફ નહીં હોગી, લેકિન યહ નયા હૈ ઉસે સ્થિર કરો, વરના વહ દૂર ચલા જાયેગા. તો ઉસકે લિયે, જૈસે મેહમાન આતે હૈં તો હમ હલવા બનાતે હૈં લેકિન રોજ હલવા બનાકે નહીં ખાતે, રોજ તો સાદા ભોજન લે લેતે હૈં. મેહમાનકે લિયે મિઠાઈ બનાયેંગે. ઐસે જ્ઞાનીકો યહ મેરા ભક્ત હૈ ઇસલિયે મૈં ઇસકા પક્ષ કરું, એસી બાત કભી નહીં હોતી. અગર વહ અપના ભક્ત નયેકે પ્રતિ દુર્વ્યવહાર કરેગા તો ક્યા બોલેંગે ? યહ બાત કભી હોની ચાહિયે નહીં. ક્યોં ? કિ, વે કુછ ચાહતે નહીં હૈં.

ઉનકો વહ ચાહના નહીં હૈ કિ કોઈ મેરી ભક્તિ કરે. ભક્તિ કરનેસે, કોઈ ભક્તિ કરતા હૈ તો ઉસમેં આત્મામેં ક્યા આતા હૈ ? ભક્તિમેં તો ક્યા માન-સમ્માન જ્યાદા મિલતા હૈ. તો સોગાનીજી ક્યા બોલે ? કિ અગર ગુરુદેવને જાન લિયા તો મુઝે ક્યા ફાયદા હોગા ? મેરા તો ઉસમેં કોઈ પ્રયોજન હી નહીં હૈ. કોઈ મુઝે જાને કિ મુઝે જ્ઞાન હુઆ હૈ યા નહીં હુઆ હૈ, મુઝે ક્યા પ્રયોજન હૈ ઇસસે ? મુઝે તો કોઈ પ્રયોજન હૈ હી નહીં. વે ગુપ્ત રહના ચાહતે થે. ક્યોંકિ કિસીકે માનનેસે આત્મામેં કુછ આ જાતા નહીં, નહીં માનને સે આત્મામેં સે કુછ ચલા નહીં જાતા.

સંસારકે કુછ લોગ જાનેંગે ઔર કુછ લોગ નહીં જાનેંગે. જાનેંગે વહ તો મૂઠ્ઠીભર હોંગે, નહીં જાનેંગે ઉસકી સંખ્યા બહુત હૈ, લેકિન અનંત સિદ્ધ તો જાનેંગે ! કૌન ? સિદ્ધાલયમેં જો અનંત સિદ્ધ હૈં, વે અનંત સિદ્ધ પરમાત્મા જાનેંગે કિ ઇસકો સમ્યગ્દર્શન હુઆ હૈ. ઇસસે બઢિયા તેરે લિયે કૌનસા માન ચાહિયે ? ઇસસે બડા માન કૌન દેનેવાલા હૈ ? સિદ્ધભગવાનકે જ્ઞાનમેં આ ગયા વહી સબસે બડા માન હૈ.

એક પદ હૈ વહ ગુરુદેવ ગાતે થે, મૈં ભૂલ ગયા. તીનલોકકે નાથને તુમકો માન દિયા ફિર જગ અપમાન કરતા હૈ તો તુઝે ક્યા ઉસસે ફર્ક પડતા હૈ ? જગતકે જીવ નહીં જાનેંગે તો અપમાન ભી કરેંગે. અપમાન કરકે નિકાલ દેંગે કિ, યહાઁસે નિકલ જાઓ, યહાઁ નહીં આને દૂંગા. ઈસસે ક્યા ફર્ક પડતા હૈ ? સિદ્ધભગવાનને તો આદર કિયા. અગર કિસીને અનાદર કર દિયા તો સમઝો કિ, બચ્ચે હૈં, બાલક હૈં, બચ્ચા કભી ભી કુછ ભી બોલ દેતા હૈ.

મુમુક્ષુ :- ત્રણલોકના નાથે તિલક કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક પ્રસંગ બના થા. ગુરુદેવકી સૂર્યકીર્તિ નામકી જો ભાવિ તીર્થંકરકી પર્યાય હૈ ન ? અપને અનુયાયીઓંમેંસે કુછ લોગોંકો બાત અચ્છી નહીં લગતી હૈ, બૈઠતી નહીં હૈ, વિરોધ કરતે હૈં. બાહરવાલે તો નહીં માને, વે તો ગુરુદેવકો હી નહીં માનતે હૈં તો ભાવિ પર્યાયકો કહાઁસે માનેંગે ? લેકિન હમારે મુમુક્ષુમેં સબકો યહ બાત અનુકૂલ નહીં પડી. તો બહિનશ્રીને એક દફે ચર્ચામેં એક ઐસી બાત કિ, વહ બાત આયેગી, ઇસ નયે ગ્રંથમેં વહ બાત આયેગી. નયે ગ્રંથમેં વહ બાત આયેગી. 'ગુરુગુણ સંભારણા'મેં ભી શાયદ હૈ. 'ગુરુગુણ સંભારણા'મેં હૈ ન ?

મુમુક્ષુ :- વિડિયોમેં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વિડિયોમેં થી. 'ગુરુગુણ સંભારણા'મેં નહીં હૈ. નયે ગ્રંથમેં આયેગી કિ, પૂર્વભવમેં ત્રિલોકીનાથ સીમંધરપરમાત્માને ધર્મસભામેં ગુરુદેવકો તિલક કિયા થા. ચાર ભવકે બાદ યહ સૂર્યકીર્તિ નામકે તીર્થંકર હોંગે. યહ બાત ભી ભગવાનકી વાણીમેં આયી ઔર હમને સુની, તો ઉસ પ્રસંગકો વે ક્યા બોલે ? કિ ત્રિલોકીનાથને તિલક કિયા, 'ત'કા Alliteration કિયા કિ જબ ત્રિલોકીનાથને તિલક કિયા હૈ તો સામાન્ય પ્રાણી ઇસકા વિરોધ કરકે ક્યા કરેગા ? કોઈ તિલકકો નિકાલના ચાહેગા (તો) નિકલેગા ક્યા ? કિ યહ તો સમવસરણમેં સીમંધરભગવાન જૈસે ત્રિલોકીનાથને ઉઠકરકે તિલક કિયા હૈ ! ઉઠતે નહીં હૈ લેકિન ઐસા બોલનેમેં આતા હૈ. (ભગવાનને) ઉઠકરકે તિલક કિયા હૈ, ઉસ તિલકકો કૌન મિટાયેગા ? કિ ઉસકો કોઈ મિટા સકતે નહીં હૈ. ભગવાનકી વાણી ઔર ભગવાનકા કેવલજ્ઞાન કોઈ નિષ્ફલ હોતા હૈ ક્યા ?

(યહાં) કહતે હૈં કિ, જ્ઞાની ભક્તિ ચાહતે નહીં 'પરન્તુ મોક્ષાભિલાષીકો વહ કિયે બિના ઉપદેશ પરિણમિત નહીં હોતા,...' કિસકો લિયા હૈ ? મોક્ષાભિલાષીકો લિયા હૈ, સામાન્ય મુમુક્ષુ નહીં લિયા. મોક્ષાભિલાષી કૌન હોતે હૈં ? જો પૂર્ણતાકે લક્ષવાલે હોતે હૈં, વે હોતે હૈં. યહાઁ એક બાતકા બહુત અચ્છા મેલ બૈઠતા હૈ કિ, જિસકો પૂર્ણતાકા લક્ષ હોતા હૈ, ઐસા જો મોક્ષાભિલાષી હૈ, વહ જ્ઞાનીકી ભક્તિ એકનિષ્ઠાસે કરેગા. વહ ક્યા કરેગા ? વહ જ્ઞાનીકી ભક્તિ એકનિષ્ઠાસે કરેગા. ઔર અગર વહ નહીં કરતા હૈ તો ઉસકો ભી આગેવાલી બાત – ઉપદેશ પરિણમિત હોતા નહીં. યાની વહ આગેકે Stageમેં નહીં આયેગા. વહ વહાઁસે ભી ચ્યુત હો જાયેગા, ઉસકી યોગ્યતા બદલ જાયેગી. એકનિષ્ઠાસે હોના ચાહિયે.

'યદ્યપિ જ્ઞાની ભક્તિકી ઇચ્છા નહીં કરતે, પરન્તુ મોક્ષાભિલાષીકો વહ કિયે બિના ઉપદેશ પરિણમિત નહીં હોતા,...' એકનિષ્ઠાસે ઉસકો સમ્મત કરના ચાહિયે, વરના ગડબડ હો જાયેગી. વહ ફિર મોક્ષાભિલાષી ભી નહીં રહેગા. 'ઔર મનન તથા નિદિધ્યાસન આદિકા હેતુ નહીં હોતા;...' ઔર યહ ઉપદેશકા મનન ભી નહીં હોગા. ક્યોં ? કિ ઉસને અવમાનના કર દી. ઔર નિદિધ્યાસન માને Visualisation ભી નહીં હોગા. ચિંતન ભી નહીં હોગા ઔર નિદિધ્યાસન માને Visualisation કરના, વહ ભી નહીં હોગા. 'ઇસલિયે મુમુક્ષુકો જ્ઞાનીકી ભક્તિ અવશ્ય કરની ચાહિયે ઐસા સત્પુરુષોંને કહા હૈ.' સભી સત્પુરુષોંને ઐસા કહા હૈ, મૈં કહતા હૂઁ ઉતની બાત નહીં હૈ, આગે ભી સભી સત્પુરુષોંને ઐસી બાત કહી હૈ.

જ્ઞાનીકી ભક્તિકી બાત મુમુક્ષુકે લિયે જો આતી હૈ વહ કિસકે લિયે આતી હૈ ? જ્ઞાનીકે લિયે આતી હૈ યા મુમુક્ષુકે લિયે આતી હૈ ? કિ યહ બાત મુમુક્ષુકી ભલાઈકે લિયે આતી હૈ, જ્ઞાનીકે લિયે નહીં આતી. ક્યોંકિ જ્ઞાની નિસ્પૃહ હોતે હૈં, ઉનકો તો કિસીસે લેના-દેના હૈ હી નહીં. કોઈ આયા તો ઠીક, કોઈ નહીં આયા તો ઠીક. જિસકો દુકાનદારી હોતી હૈ ઉસકો તો તકલીફ હો જાયેગી કિ, મેરે પાસ આનેવાલા ઉધર ક્યોં ચલા ગયા ? ઉનકો તકલીફ હોગી. જ્ઞાનીકો તો માલૂમ હૈ કિ, જો પાત્ર હોંગે વે ઠિકાનેપર રહેંગે, જિસકી પાત્રતા નહીં હોગી ઉસકો હમારે પાસ તો રખના હી મુશ્કિલ હૈ. ઉનકો તો યહ લગેગા કિ હમારે પાસ ઉસકા રહના મુશ્કિલ હૈ. ક્યોંકિ ઉસકી પાત્રતા નહીં હૈ તો ટિકેગા કૈસે ? વહ દૂર ચલા જાયેગા, કોઈ ન કોઈ બહાને દૂર ચલા જાયેગા. કોઈ ભી કારણ મિલેગા (તો) વહ દૂર ચલા જાયેગા. ઔર જો પાત્ર હોગા વહ તો છોડેગા નહીં. વહ તો સહજ જાનતે હી હૈં, તો પાત્ર જીવકે પ્રતિ ઉનકી પ્રસન્નતા રહતી હૈ.

એક સીધા પ્રશ્ન પૂછનેમેં આયે કિ, જ્ઞાનીકી કૃપા કિસ પર હોતી હૈ ? ક્યોં ? કિ 'ગુરુકૃપા મોક્ષમૂલં' હૈ. મોક્ષકા મૂલ હૈ. બોલતે હૈં ન ? 'પૂજામૂલં ગુરુપાદં' ઉસમેં Last પદ વહ હૈ કિ 'મોક્ષમૂલં ગુરુકૃપા'. 'ધ્યાનમૂલં ગુરુમૂર્તિ, પૂજામૂલં ગુરુપાદં, મંત્રમૂલં ગુરુવાક્યં', ગુરુકા વાક્ય, વહ મંત્ર સમઝ લેતા હૈ. અપને આત્માકે ઉદ્ધારકે લિયે યહ મંત્ર હૈ ઔર 'મોક્ષમૂલં ગુરુકૃપા' યહ ગુરુકૃપા કિસ પર હોતી હૈ ? કિ જો સુપાત્ર હોતે હૈં ઉસ પર હોતી હૈ. વહ ક્યા બાત હૈ ? વહ કૈસે ? કિ સુપાત્ર જીવકો દેખકર જ્ઞાનીકા ચિત્ત પ્રસન્ન હો જાતા હૈ. ક્યા હોતા હૈ ? અરે...! યહ જીવ, સુપાત્રતામેં આ ગયા ! આગે બઢકરકે અભી તો વહ જ્ઞાની હો જાયેગા. જો સુપાત્ર હોતા હૈ વહ આગે જાકરકે જ્ઞાની હોનેવાલા હૈ તો ઉનકે ચિત્તમેં સહજ પ્રસન્નતા આતી હૈ. યહ પ્રસન્નતાકા દૂસરા નામ હૈ ગુરુકૃપા. ઔર ઐસી પ્રસન્નતા જિસપર આયી વહ આગે જાકર મોક્ષમેં જાનેવાલા હોતા હૈ. ઇસલિયે ઉસે 'મોક્ષમૂલં' કહા કિ, યહ મોક્ષકા મૂલ હૈ.

ઐસા નહીં હૈ કિ જ્ઞાનીકે પાસ કૃપા કરનેકા Stock limited હૈ ઇસલિયે કુછપર કરતે હૈં ઔર કુછપર નહીં કરતે હૈં. ક્યોંકિ ફિર Stock ખત્મ હો જાયે તો ! યહ બાત નહીં હૈ. જો સુપાત્ર હોતે હૈં ઉનપર સહજ પ્રસન્નતા આતી હૈ, વહ સહજ કુદરતી ઉનકે, જ્ઞાનીકે પરિણામ હી ઐસે હોતે હૈં તો ઉસસે માલૂમ પડતા હૈ કિ યહ જીવ આગે જાકરકે છૂટ જાયેગા, ઉસકે સંસારકા નિવેડા હો જાયેગા.

મુમુક્ષુ :- Limited હી હુઆ ન, ૬૦૮ જીવકી હી બાત આતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો Time period કી બાત હૈ ઔર હમારા Time period ભી ઇસમેં હી સમઝ લેના. હમ ક્યોં ઉસમેં બાદ રહે ? ૬૦૮વાલેમેં અપના નંબર ક્યોં નહીં લગે ? અપના નંબર તો પહલા, દૂસરા લગે, ૬૦૮કી બાત તો બહુત આગેકી હૈ.

હમ સ્કૂલમેં પઢતે થે ન ? તો હમ ઇસી ઉમ્મીદસે પઢતે થે. અઠારવેં નંબરસે પાસ હોના વહ તો હમકો લાંછન લગતા થા. First number આનેકા કોશિશ રહતા થા, કભી દૂસરા આતા થા તો કભી તીસરે આતે થે. ચૌથા નંબર કભી આયા નહીં. ક્યોંકિ First number કા હમારા Try રહતા થા. તો First, Second, Third સે આગે કોઈ Number નહીં જાયેગા. અપન વહ આગેવાલી બાત ક્યોં કરે ?

કહતે હૈં કિ, 'ઇસમેં કહી હુઈ બાત સબ શાસ્ત્રોંકો માન્ય હૈ.' યહ બાત સબકો માન્ય હૈ. સભી શાસ્ત્ર, યાની સભી આચાર્યોંને, જ્ઞાનિયોંને, મુનિયોંને ગુરુપરંપરામેં યહ સબ બાત માન્ય હો ચૂકી હૈ, વહ બાત મૈં યહાઁ કહ રહા હૂં.

પ્રશ્ન :- સર્વ શાસ્ત્ર યાની જિનાગમ ?

સમાધાન :- હાં, જિનાગમકે સર્વ શાસ્ત્ર.

'ઋષભદેવજીને અઠ્ઠાનવેં પુત્રોંકો ત્વરાસે મોક્ષ હોનેકા યહી ઉપદેશ કિયા થા.' કિ, અગર કિસીકો ત્વરાસે મોક્ષમેં જાના હો તો, શિઘ્રતાસે મોક્ષમેં જાના હો તો ગુરુઆજ્ઞામેં આ જાઓ ન ! ફિર તુમકો કોઈ માથાપચ્ચી કરનેકી જરૂરત નહીં હૈ. વે કહે વૈસા કર લો ન ! ઇસકી કીમત ચુકાની પડે તો ચુકા દો. કીમત ક્યા ચુકાની પડેગી ? કિ પ્રતિબંધકો ટાલના હોગા, પ્રકૃતિકો સમર્પણ કરના હોગા. કરો ! સર્વ સમર્પણ કરના હૈ ઉસમેં એક પ્રકૃતિવાલી બાત ક્યોં બાકી રખી ? દે દિયા તો સબ દે દિયા.

પ્રશ્ન :- પ્રકૃતિનો Exact અર્થ શું કરવા માગે છે ?

સમાધાન :- મનુષ્યકા કુછ ન કુછ સ્વભાવ હોતા હૈ, તો ક્યા હોતા હૈ ? કિ વહ મૃત્યુકો પસંદ કરેગા, પ્રકૃતિ નહીં છોડેગા. જૈસે કોઈ ડૉક્ટરને કહા કિ, ભાઈ ! આપકો ગુસ્સા કભી નહીં હોના, ગુસ્સા હોંગે તો આપકો Heart attack આ જાયેગા. આપકા જો Heart કા problem હૈ વહ અભી નાજુક હો ગયા હૈ, Serious હૈ, કભી ભી ગુસ્સેમેં આ જાઓગે તો Heart fail હો જાયેગા. ફિર ભી વહ ગુસ્સા કરેગા. ઉસકો ગુસ્સા કરનેકા કોઈ પ્રસંગ બનેગા (તબ) માલૂમ હૈ તો ભી વહ પ્રાણ દેગા, પ્રકૃતિ નહીં છોડેગા.

હોતા હૈ કિ નહીં હોતા હૈ ?

પ્રશ્ન :– જેવી પ્રકૃતિ હોય એવો સ્વભાવ થઈ ગયો હોય એ સ્વભાવ છોડવાની વાત છે ?

સમાધાન :– હરએકકી અલગ અલગ પ્રકૃતિ હોતી હૈ. કોઈ માની હોતા હૈ, કોઈ ક્રોધી હોતા હૈ, કોઈ લોભી હોતા હૈ, કોઈ માયાવી હોતા હૈ. વહ છોડના બહુત મુશ્કિલ હૈ, યહ આસાન નહીં હૈ. ઇસકે લિયે પુરુષાર્થ ચાહિયે, ઉસકે લિયે કડા પુરુષાર્થ ચાહિયે. પુરુષાર્થ ચાહિયે નહીં, કડા પુરુષાર્થ ચાહિયે. તો જ્ઞાનીકી આજ્ઞામેં રહના વહ કોઈ સુલભ બાત નહીં હૈ. આજ્ઞામેં એકતાન હોના અસુલભ હૈ, સુલભ નહીં હૈ. વહ ઇસલિયે બોલા હૈ.

કહતે હૈં, અગર ત્વરાસે મુક્તિમેં જાના હો તો ઇસકા અવલંબન લે લો કિ મુઝે જ્ઞાનીકી આજ્ઞા તોડની નહીં હૈ, જ્ઞાનીકી આજ્ઞામેં રહના હૈ, કિસી ભી કીમત પર ઇસકા ઉલ્લંઘન કરના નહીં હૈ, At any cost, કુછ ભી હો જાય તો હો જાય, હમેં પરવાહ નહીં હૈ. હમકો આજ્ઞામેં રહના, વહી હમારા ધર્મ હૈ ઔર ઉસસે હી હમારા આત્મકલ્યાણ હૈ. યહ બાત સહી તરહસે સમઝમેં આ ગયી તો ત્વરાસે મુક્તિ હો જાયેગી. ઔર ઋષભદેવભગવાનકે અટ્ઠાનવેં પુત્રોંકી ત્વરાસે મુક્તિ ઇસી કારણસે હુયી થી ઔર ભગવાનને ભી યહી ઉપદેશ દિયા થા.

યહ ઇતિહાસ હુઆ સત્‌યુગકે પ્રારંભમેં, ચતુર્થકાલકે પ્રારંભમેં ભી યહી બાત બની થી. ઔર 'પરીક્ષિત રાજાકો શુકદેવજીને યહી ઉપદેશ કિયા હૈ.' ઔર મધ્યકાલમેં ભી વહી બાત બની, આખિરમેં ભી વહી બાત બની.

'અનંત કાલ તક જીવ સ્વચ્છંદસે ચલકર પરિશ્રમ કરે તો ભી અપને આપ જ્ઞાન પ્રાપ્ત નહીં કરતા;...' 'ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત, પામે નહીં સિદ્ધત્વને રહે ભ્રાંતિમાં સ્થિત' શાસ્ત્રો વાંચીને હું મારી મેળે જ્ઞાન પ્રાપ્તિ કરી લઈશ, મૈં અપનેસે પ્રાપ્ત કરુંગા, મેરેમેં બહુત શક્તિ હૈ, ભગવાનને બોલા હૈ તેરેમેં બહુત શક્તિ હૈ. અનંતકાલ તક પરિશ્રમ કરે તો (ભી) ઇસમેં તો તેરા ચલનેવાલા નહીં હૈ.

મુમુક્ષુ :– નિશ્ચયથી તો તારો આત્મા જ તારો ગુરુ છે, એવું ઘણા શાસ્ત્રમાં લખ્યું છે તો મારે શા માટે બીજે શોધવું જોઈએ ? એવું ઘણા વાંચવાવાળાને થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઔર વહ અનંતકાલમેં ભી પ્રાપ્ત કર સકેગા નહીં.

'અનંત કાલ તક જીવ સ્વચ્છંદસે ચલકર પરિશ્રમ કરે...' ક્યોંકિ અંતર્મુખ હોનેકા જો રહસ્ય હૈ વહ અપને આપ કિસીકો સૂઝતા નહીં યા મિલતા નહીં હૈ. ઉસકો દિખાનેવાલા ચાહિયે. ઉસકો દિખાનેવાલા ચાહિયે ઔર વહ Stage આતા હૈ – ભાવભાસનમેં. ભાવભાસનકા જો Stage હૈ યહાંસે પહલે દિશા બદલતી હૈ. જિસકી દિશા બદલતી હૈ ઉસકી દશા ભી બદલ જાતી હૈ.

દો હી દિશા હૈ – એક બહિર્મુખ, એક અંતર્મુખ. અંતર્મુખકી દિશાસે અનાદિસે જો અનજાના હૈ ઉસકો અંતર્મુખ હોનેવાલા, ઉસકા Practical દિખાતા હૈ ઔર વહ દેખનેકે યોગ્ય હોતા હૈ તો દેખતા હૈ. ઇસકી યોગ્યતા હોતી હૈ તો દેખતા હૈ, યહ મેલ હોતા હૈ તબ ઉસકો આત્મજ્ઞાનકી પ્રાપ્તિ, દૂસરા સમકિત હોનેકે અંગભૂત, યહ ઉસકા અંગ હો ગયા, ઉસકો સમકિતકા અંગ મિલ ગયા. કૃપાલુદેવને ઉસકો અંગ બોલા હૈ. કારણ નહીં બોલા, પૂર્વ પર્યાય નહીં બોલા, નિમિત્ત નહીં બોલા, અંગ બોલા હૈ.

'પરન્તુ જ્ઞાનીકી આજ્ઞાકા આરાધક અન્તર્મુહૂર્તમેં ભી કેવલજ્ઞાન પ્રાપ્ત કર લેતા હૈ.' ફિર સમકિત મિલ ગયા. અંતર્લક્ષ હો ગયા, ભાવભાસન હો ગયા, સમકિત હો ગયા, મુનિદશા તો થી પહલેસે, (તો) કેવલજ્ઞાન હો ગયા. ઐસા ભી ઇતિહાસમેં બના હૈ (કિ), અન્તર્મુહૂર્તમેં કેવલજ્ઞાન લે લિયા લેકિન જ્ઞાની (મિલને કે) બાદમેં. સોગાનીજીકા કિતના પ્રયાસ થા ! તનતોડ પ્રયાસ થા ! કૈસા ? તનતોડ પ્રયાસ થા. વે ઇતના બોલે કિ, અગર મુઝે શાંતિ નહીં મિલતી તો મેરા જીના મુશ્કિલ હો ગયા થા, શાયદ મૈં મર જાતા, મેરા દેહ છૂટ જાતા ! ઇતની વેદનામેં આયે થે ઔર ઉસમેં ગુરુદેવકા યોગ બૈઠ ગયા (તો) ફટાફટ એક દિનમેં કામ કર લિયા.

મુમુક્ષુ :– વિકલ્પ ફાટી જશે કાં હું ફાટી જઈશ.

પૂજ્ય ભાઈશ્રી :– યા તો વિકલ્પ ફટ જાયેગા યા દેહ છૂટ જાયેગા.

યહ પ્રશ્ન હમને કિયા થા. હમ એક દિન શામકો (સોનગઢ કે) બાહર એકલિયા ડેમ હૈ, Lake હૈ ન ? (વહાઁ) ઘુમને ગયે થે. તલાવકે પાસ બૈઠે થે, બિછાનેકા ચટાઈ લે ગયે થે, ગાડી લેકર ગયે થે, ફિર ગાડીકે પાંચ-છ Passenger થે તો ચટાઈ નિકાલકરકે બૈઠે. ફિર હમને એક પ્રશ્ન નિકાલા કિ, ભાઈસાબ, આપકો યહ અનુભવ ઇતની જલ્દી હુઆ તો ઉસકી પૂર્વભૂમિકા ક્યા થી ? વહ તો બતાઈયે કિ, કૈસી દશા આ ગયી (થી) કિ યહ અનુભવ ઇતના જલ્દી આ ગયા ? તો કહા, વિકલ્પમેં ઉતની અશાંતિ લગતી થી, ઉતની

અશાંતિ લગતી થી કિ યા તો વિકલ્પ ફ્ટ જાય યા દેહ છૂટ જાય, એસી મેરી દશા હો ગયી થી. તો ફિર ઉસકો પ્રાપ્ત કરનેમેં દેર લગતી નહીં. યહ જો વિકલ્પકી વેદના થી, ઇસ વેદના ને એક પરિસ્થિતિ પૂરી તૈયારીવાલી બના દી. તો વેદના બહુત અચ્છી ચીજ હૈ. ક્યા હૈ ? વેદના હૈ વહ સબસે બઢિયા ચીજ હૈ. હોની હી ચાહિયે ઔર જિતની જ્યાદા હોવે ઉતના અચ્છા હૈ.

પ્રશ્ન :- વિકલ્પ માને પરિણામ ?

સમાધાન :- વિકલ્પ વહ ભી પ્રશ્ન પૂછતે હો ? વિકલ્પ આપકો હોતા હૈ કિ નહીં હોતા હૈ ? તો ? ફિર ક્યા પૂછનેકી બાત હૈ ? દેખો, ક્યા હોતા હૈ ?

મુમુક્ષુ :- સોગાનીજીનું ઉપાદાન પહેલા જાગૃત થયું હતું અને પછી ગુરુદેવ મળ્યાં હતાં જ્યારે સૌભાગ્યભાઈને પહેલા કૃપાળુદેવ મળ્યા અને પછી ઉપાદાન જાગૃત થયું - આ Controversy જરા સમજાવો.

સમાધાન :- Controversy નહીં (હૈ), યોગ્યતા, યોગ્યતા જો હૈ વહ અલગ-અલગ પ્રકારકી હોતી હૈ. સબકી યોગ્યતા એક પ્રકારકી નહીં હોતી હૈ. જ્ઞાનીકે ચરણમેં જો આતે હૈં તો ઉનકો અચ્છી તરહ Treatment દેતે હૈં, ઉનકો તૈયાર કર દેતે હૈં. જિતને ભી રોગ હૈં નિકાલ દેતે હૈં. હો જાતી હૈ કોઈ, દેર-સબેર હોતી હૈ વહ Immaterial બાત હૈ. કિસીકો જલ્દી હુઆ ઔર કિસીકો થોડા Time લગ ગયા તો વહ થોડા Time લગ ગયા વહ કોઈ મહત્ત્વપૂર્ણ બાત નહીં હૈ. કામ કર લિયા ન ! અનંતકાલકા કામ કર લિયા, યહ બહુત બઢિયા બાત હૈ, સબસે બઢિયા બાત તો વહ હૈ, વજન દેને લાયક તો વહી બાત હૈ કિ કામ કર લિયા.

મુમુક્ષુ :- સત્પુરુષકે સાન્નિધ્યમેં આના વહ ઉપાદાન ઔર નિમિત્ત સબ કુછ હો ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, દોનોંકા મેલ ખા ગયા. ઉસકો આત્મયોગ કહતે હૈં.

'શાસ્ત્રમેં કહી હુઈ આજ્ઞાએં પરોક્ષ હૈં ઔર વે જીવકો અધિકારી હોનેકે લિયે કહી હૈં;...' શાસ્ત્ર પઢો, પાત્રતાકો બનાઓ, શાસ્ત્ર પઢો તો પાત્રતાકો બના લો. 'મોક્ષ પ્રાપ્તિ કે લિયે જ્ઞાનીકી પ્રત્યક્ષ આજ્ઞાકા આરાધન કરના ચાહિયે.' ક્યોંકિ પ્રત્યક્ષમેં હી બીજજ્ઞાન મિલતા હૈ, બિના પ્રત્યક્ષ કિસીકો અપને આપ બીજજ્ઞાન મિલતા નહીં હૈ.

'યહ જ્ઞાનમાર્ગકી શ્રેણિ કહી,...' યહ જો બાત હૈ વહ જ્ઞાનમાર્ગકી શ્રેણિ, શ્રેણિ માને ઉત્તરોત્તર આગે બઢનેકી કાર્યપદ્ધતિ કહી. 'ઇસે પ્રાપ્ત કિયે બિના દૂસરે માર્ગસે મોક્ષ નહીં

હૈ.' ઇસકે સિવા દૂસરે માર્ગસે મોક્ષ નહીં હૈ ઔર વહ બાત ગુપ્ત હૈ ક્યોંકિ લોગ જાનતે નહીં હૈં. યહ બાત અચ્છે-અચ્છે શાસ્ત્ર પઢનેવાલે ભી નહીં જાનતે ક્યોંકિ ઉસમેં ઉપાદાનકી બાત કો મુખ્ય કર લેતા હૈ.

'ઇસ ગુપ્ત તત્ત્વકા જો આરાધન કરતા હૈ,...' યાની સત્પુરુષકે ચરણમેં ચલા જાતા હૈ, આજ્ઞામેં એકતાન હો જાતા હૈ 'વહ પ્રત્યક્ષ અમૃતકો પાકર અભય હોતા હૈ.' ઉસકો પ્રત્યક્ષ અમૃત મિલ ગયા સમઝો ! ઔર જન્મ-મરણસે છૂટ ગયા. ઉસકી મૃત્યુ પર વિજય હો જાયેગી. અમૃત પીનેવાલેકી (મૃત્યુ પર વિજય હો જાતી હૈ).

(વિશેષ કહેંગે...)

દરેક સફળ કાર્યની પૂર્વ તૈયારી કારણરૂપે હોય છે. સત્સંગ અને સ્વાધ્યાય સફળ થાય તો જીવ જ્ઞાનદશા પામે. પરંતુ તે સફળ થવા પૂર્વ તૈયારી હોવી અતિ આવશ્યક છે. તેથી સત્સંગ / સ્વાધ્યાય પૂર્વે મુમુક્ષુએ કાળજીપૂર્વક લક્ષ રાખવું ઘટે કે 'મારે યોગ્ય વા મને લાગુ પડે તેવું શું આવે છે ? તેવું જે કાંઈ આવે તે ગ્રહણ કરી, તેને પ્રયોગમાં ઉતારી, પરિણતિ થાય ત્યાં સુધી મારો પ્રયાસ ચાલવો જોઈએ.' આવું લક્ષ પહેલેથી જ હોવું જોઈએ. જો તેવું લક્ષ ન હોય તો જીવને પોતાના પ્રયોજનની દૃષ્ટિનો જ અભાવ હોવાથી કદી સફળતા મળતી નથી.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૮૯)

## પત્રાંક – ૨૦૧

મુંબઈ, માહ વદ ૩, ગુરુ, ૧૯૪૭

કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.

અત્ર પરમાનંદ છે. અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે. જેનો કોઈ પણ પ્રકારે યથાર્થ આનંદ કહી શકાતો નથી, એવું જે સત્સ્વરૂપ તે જેનાં હૃદયમાં પ્રકાશ્યું છે એવા મહાભાગ્ય જ્ઞાનીઓની અને આપની અમારા ઉપર કૃપા વર્તો. અમે તો તમારી ચરણરજ છીએ; અને ત્રણ કાળ એ જ પ્રેમની નિરંજનદેવ પ્રત્યે યાચના છે.

આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર) ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી; એવી એક શ્રીમદ્‌ભાગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે; અમૃત પ્રવહે છે ત્યાં સહસ્ત્રદળ કમળ છે, એ મહીની મટુકી છે; અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે તે ભગવંત વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્‌પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઈ માધવ લ્યો, હાંરે કોઈ માધવ લ્યો" એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે; બીજાું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી; માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે કે તમે તે પુરાણપુરુષને પ્રાપ્ત કરો; અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો

તો અમે તમને એ આદિપુરુષ આપી દઈએ; મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાં છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ, કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ.

મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્ત્રદળ કમળમાં અમને વાસુદેવ ભગવાન મળ્યા છે; મહીનું નામમાત્ર છે; આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે. એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્‌ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકજને પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે; આજે અતિ અતિ સ્મરણમાં છે; કારણ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે; અને એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં, અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે; માટે અસંગતાને ઇચ્છીએ છીએ; અને તમારો સહવાસ તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે.

સત્સંગની અત્ર ખામી છે; અને વિકટ વાસમાં નિવાસ છે. હરિઇચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે. એટલે કંઈ ખેદ તો નથી; પણ ભેદનો પ્રકાશ કરી શકાતો નથી; એ ચિંતના નિરંતર રહ્યા કરે છે.

ભૂધર એક આજે કાગળ આપી ગયા. તેમ જ આપનું પરભારું એક પત્તું મળ્યું.

મણિને મોકલેલી વચનાવલીમાં આપની પ્રસન્નતાથી અમારી પ્રસન્નતાને ઉત્તેજનની પ્રાપ્તિ થઈ. સંતનો અદ્‌ભુત માર્ગ એમાં પ્રકાશ્યો છે. જો મણિ એક જ વૃત્તિએ એ વાક્યોને આરાધશે અને તે જ પુરુષની

આજ્ઞામાં લીન રહેશે, તો અનંતકાળથી પ્રાપ્ત થયેલું પરિભ્રમણ મટી જશે. માયાનો મોહ મણિ વિશેષ રાખે છે; કે જે માર્ગ મળવામાં મોટો પ્રતિબંધ ગણાય છે. માટે એવી વૃત્તિઓ હળવે હળવે ઓછી કરવા મણિને મારી વિનંતિ છે.

આપને જે પૂર્ણપદોપદેશક કક્કો કે પદ મોકલવા ઇચ્છા છે, તે કેવા ઢાળમાં અથવા રાગમાં, તે માટે આપને યોગ્ય લાગે તે જણાવશો.

ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.

વિશેષ કંઈ લખ્યું જતું નથી. પરમાનંદ છે, પણ અસત્સંગ છે અર્થાત્ સત્સંગ નથી.

વિશેષ આપની કૃપાદૃષ્ટિ એ જ.

વિ. આજ્ઞાંકિતના દંડવત્

તા. ૧૩-૦૫-૧૯૯૫, પ્રવચન નં. ૪૭
પત્રાંક – ૨૦૧

‘શ્રીમદ્ રાજચંદ્ર’ વચનામૃત, પત્રાંક–૨૦૧. હિન્દીમેં લેના હોગા ?
યહ સોભાગભાઈ પર (લિખા હુઆ) પત્ર હૈ. સમઝમેં આતા હૈ ગુજરાતી ?
મુમુક્ષુ :– કમ આતી હૈ.
પૂજ્ય ભાઈશ્રી :– કમ આતી હૈ.

પત્રકા Heading હૈ 'સર્વથા નિર્વિકાર હોનેપર ભી પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિકે વશ હૈ, ઇસકા જિન્હોંને હૃદયમેં અનુભવ કિયા હૈ, ઐસે જ્ઞાનિયોંકી ગુપ્ત શિક્ષા હૈ.' 'સર્વથા નિર્વિકાર હોનેપર ભી પરબ્રહ્મ...' પરબ્રહ્મ માને અપના આત્મા, વહ સર્વથા નિર્વિકાર હૈ, ત્રિકાલ નિર્વિકાર હૈ.

મુમુક્ષુ :- ગુજરાતીમાં 'કેવળ' લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, હિન્દીમેં 'કેવલ' લિખ સકતે થે. કેવલ નિર્વિકાર હોનેપર ભી પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિકે વશ હૈ. જો ભી જ્ઞાનીપુરુષ હૈં, ઉનકે વશ અપના આત્મા હૈ. પરબ્રહ્મ (સ્વયં) નિર્વિકાર હૈ ઔર વશ હોના વહ તો નિર્વિકાર પદાર્થકી ચેષ્ટા નહીં હૈ. જો નિર્વિકાર હોતે હૈં ઉસકો વશ હોના, વશ કરના વહ બાત તો હોતી નહીં. ફિર ભી જો પરાભક્તિ હૈ, પ્રેમમય પરાભક્તિ હૈ ઉનકો તો સર્વથા નિર્વિકાર આત્મા ભી વશ હોતા હૈ.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'મેં આતા હૈ કિ, દૃષ્ટિ હૈ વહ દ્રવ્યકા કબ્જા લે લેતી હૈ. (તો) દ્રવ્ય બડા કિ દૃષ્ટિ બડી ? જિસકે કબ્જે મેં આ જાય વહ તો છોટા હો ગયા ન ? તો (વહ) એક પરિણમન ઔર વસ્તુકે સ્વરૂપકો દિખાનેકી પદ્ધતિ હૈ કિ પરિણમન ક્યા ચીજ હૈ ? વહ દિખાનેકી એક પદ્ધતિ હોતી હૈ.

'ઇસકા જિન્હોંને હૃદયમેં અનુભવ કિયા હૈ...' (અર્થાત્) અપને પરિણમનમેં, શ્રદ્ધા-જ્ઞાનમેં અનુભવ કિયા હૈ કિ જો ત્રિકાલ નિર્વિકારી દ્રવ્ય હૈ વહ ભી પ્રેમમય પરાભક્તિકે વશ હો જાતા હૈ. માને ઉસકે અનુભવમેં વહ આ જાતા હૈ.

મુમુક્ષુ :- પ્રેમમય પરાભક્તિકા....

પૂજ્ય ભાઈશ્રી :- જિસકો ગુણકા પ્રેમ હોતા હૈ ઉસકો ગુણકા નિધાન મિલ જાયે તો કિતના પ્રેમ હોવે – રુચિ હોવે ? ઔર પરાભક્તિ માને કિતના બહુમાન હોવે ? કિ ઐક્યભાવ હો જાતા હૈ. પરાભક્તિ માને ઐક્યભાવ હો જાતા હૈ.

પરાભક્તિકા અર્થ ૨૨૩ (પત્રમેં) લિખા હૈ. દેખો, ૨૨૩મેં ક્યા લિખા હૈ ? 'પરમાત્મા ઔર આત્માકા એકરૂપ હો જાના (!) યહ પરાભક્તિકી આખિરી હદ હૈ.' અંતિમ હદ હૈ ઔર ઐસી 'એક યહી લય રહના સો પરાભક્તિ હૈ.' આત્મા માને ? આત્મામય દશા ઉસકો આત્મા કહતે હૈં, અંતરાત્મદશાકો આત્મા કહતે હૈં. જો ભક્તિરૂપ દશા હૈ, જો પ્રેમમય દશા હૈ વહ આત્મા હૈ ઔર પરબ્રહ્મ હૈ વહ પરમાત્મા હૈ. જબ નિર્વિકારી દ્રવ્ય ભી પ્રેમમય

પરાભક્તિકો વશ હો જાતા હૈ તો ફિર દૂસરેકી તો મજાલ હી ક્યા ? જો છદ્મસ્થ હૈ ઉસકી તો મજાલ હી ક્યા ?

બંબઈમેં ઇસપર સ્વાધ્યાય હુઆ થા. પ્રશ્ન વહ ઉઠાયા થા કિ, અપની આત્મા પર ઐસી પરાભક્તિ કબ આતી હૈ ? ક્યા કિસીકો સીધી-સીધી આતી હૈ ? હમ સીધી આત્માકી ભક્તિ કરકે હમારે પરબ્રહ્મકો વશ કર લે ક્યા ? યહ સંભવ હૈ ક્યા ? ઐસા એક પ્રશ્ન આયા થા. (હમ) બોલે કિ, નહીં, ઐસા નહીં હોતા. પહલે ઐસે પ્રેમમય પરાભક્તિ અપને સત્પુરુષ – સદ્‌ગુરુકે પ્રતિ આતી હૈ. સત્પુરુષ – સદ્‌ગુરુ નહીં કહતે હૈં, ઉનકો તો પ્રભુ કહતે હૈં. અપને પ્રભુકે પ્રતિ આતી હૈ ઔર પહલે પ્રભુ વશ હોતે હૈં, વે પ્રભુ વશ હોતે હૈં. ફિર યહ અપના પરમાત્મા-પ્રભુ હૈ વહ વશ હોતા હૈ. કૈસિટમેં વહ બાત આયી હૈ ? પ્રશ્ન વહ ઉઠા થા. ક્યોંકિ જો આગેકી અવસ્થા હૈ વહ અપેક્ષિત હૈ. આગેકી અવસ્થા હૈ વહ અપેક્ષિત હૈ.

ઐસે જ્ઞાનિયોંકી યહ ગુપ્ત શિક્ષા હૈ માને કૌનસી શિક્ષા ગુપ્ત શિક્ષા હૈ ? કિસ પ્રકારકી ગુપ્ત શિક્ષા હૈ ? કિ પરમાત્માકો વશ કરના હો તો પ્રેમમય પરાભક્તિ આયેગી તો વશ હોગા. ચાહે સદ્‌ગુરુ પરમાત્મા હો, ચાહે અપના પરમાત્મા હો. માર્ગ એક હી હૈ, દૂસરા માર્ગ નહીં હૈ. યહ કહનેકા અભિપ્રાય હૈ. યહ ગુપ્ત શિક્ષા હૈ માને યહ બોધ હૈ, ઐસા બોધ ઉસને અનુભવ કરકે લિખા, ઇસ બોધકો અપના અનુભવકરકે લિખા હૈ.

મુમુક્ષુ :– સોગાનીજી સાહબને અર્ઘ ચઢાયા, યહ પરાભક્તિ કી !

પૂજ્ય ભાઈશ્રી :– હાં, યહાં તો દિગંબર સંપ્રદાયમેં કોઈ જ્ઞાનીકો અર્ઘ ચઢાવે તો લોગોંકો પસીના આ જાતા હૈ. તો ક્યા સોગાનીજી દિગંબર નહીં થે ક્યા ?

મુમુક્ષુ :– અષ્ટદ્રવ્યસે ઉન્હોંને પૂજા કી, કિતની પરાભક્તિ !

પૂજ્ય ભાઈશ્રી :– અભી મિલે નહીં થે, આત્મધર્મ દેખ કરકે, આત્મધર્મમેં જો ફોટો આયા ઉસપર (અર્ઘ) ચઢાયા. અભી વિદ્વાનોં કો, પંડિતોંકો પૂછો તો કહેંગે (કિ), ગૃહીત મિથ્યાત્વ હો જાયેગા. ક્યા બોલેગા ? કિ યહ તો ગૃહીત મિથ્યાત્વ હો જાયેગા, જબકિ ઉનકો બાદમેં સમ્યક્ત્વ હુઆ. ઐસી ભક્તિ કરનેસે તો મિથ્યાત્વ મિટકરકે સમ્યક્ હુઆ.

મુમુક્ષુ :– શાસ્ત્રમેં ઐસે પ્રસંગ તો આતે નહીં, સહજ ઐસા ભાવ ઉઠ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– જો અંદરમેંસે આતા હૈ, જો આત્મામેંસે આતા હૈ વહી શાસ્ત્ર હૈ. શાસ્ત્ર નિકલે કહાઁસે ? શાસ્ત્ર જ્ઞાનિયોંકે અંતરમેંસે, આત્મામેંસે તો નિકલે હૈં તો જો આત્મામેંસે

નિકલા વહી શાસ્ત્ર હૈ. દૂસરા શાસ્ત્ર કહાં ઢૂંઢનેકો જાના હૈ ?

હમને આગ્રામેં વહ શાસ્ત્રમેંસે દિખાયા. આગ્રામેં વહ પ્રશ્ન કિસીને ઉઠાયા કિ, ઉનકે સામને બાત આતી હૈ તો 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ! 'કાર્તિકેયાનુપ્રેક્ષા' હૈ ન ! કૌનસી ગાથા હૈ ? ૩૬૧-૩૬૨ ગાથા થી ન ? ૩૨૪-૩૨૬ ગાથા હૈ. ઉસમેં વહ બાત હૈ. (વહાં) પાત્રદાનકા અધિકાર ચલા હૈ કિ, જ્ઞાની ભી પાત્રકો દાન દેતે હૈં. પાત્ર તીન પ્રકારકે હોતે હૈં ઔર દાન ચાર પ્રકારકે હોતે હૈં. તીન પ્રકારકે પાત્રમેં ઉત્કૃષ્ટ પાત્ર મુનિરાજ હૈં, મધ્યમ પાત્ર હૈ પંચમગુણસ્થાનવર્તી શ્રાવક ઔર જઘન્ય પાત્ર હૈં અવિરત સમ્યગ્દૃષ્ટિ. ઔર દાન ચાર પ્રકારકે હૈં – આહારદાન, અભયદાન, શાસ્ત્રદાન ઔર ઔષધદાન. આહારદાનકે પ્રસંગકી બાત વહાં ચલી હૈ કિ તીનોં પ્રકારકે પાત્રકો નવધાભક્તિપૂર્વક આહારદાન દિયા જાતા હૈ. નવધાભક્તિમેં કૌનસી ભક્તિ બાકી રહી ? નૌકી નૌ આ જાતી હૈ. અષ્ટદ્રવ્યકી પૂજા ભી આ જાતી હૈ.

મુમુક્ષુ :– વહાં એક વિશેષતા ઔર હૈ કિ, અધિકાર ચલા હૈ પંચમગુણસ્થાનવર્તીકા ઔર પંચમગુણસ્થાનવર્તી તીન પ્રકારકે પાત્રકો દાન દેતે હૈં, જઘન્યકો પંચમગુણસ્થાનવાલા ભી યથાયોગ્ય ભક્તિ કરકે આહારદાન દેતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, દેતા હૈ ન ! દેતા હૈ.

મુમુક્ષુ :– યહ એક વિશેષતા હુઈ ન ! પંચમગુણસ્થાનવાલા ચૌથે ગુણસ્થાનવાલેકો આહારદાન દેતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– જબ ગુરુ શિષ્યકા આદર કરતા હૈ તો વહ બાત કહાં રહતી હૈ ? ઔર જ્ઞાની મુમુક્ષુકા આદર નહીં કરતે ક્યા ? જ્ઞાની હો વે ઉત્કૃષ્ટ મુમુક્ષુકા આદર નહીં કરતે ક્યા ? (સોભાગભાઈ) અજ્ઞાની હૈ ફિર ભી (ઉનકા) ચરણસ્પર્શ લિખા હૈ. ઇસમેં હી પીછે આયેગા, ઇસમેં નીચે હી આયેગા. શુરૂમેં આતા હૈ.

'યહાઁ પરમાનંદ હૈ. અસંગવૃત્તિ હોનસે સમુદાયમેં રહના બહુત વિકટ હૈ. જિસકા યથાર્થ આનંદ કિસી ભી પ્રકારસે નહીં કહા જા સકતા, ઐસા સત્સ્વરૂપ જિનકે હૃદયમેં પ્રકાશિત હુઆ હૈ, ઉન મહાભાગ્ય જ્ઞાનિયોંકી ઔર આપકી હમપર કૃપા રહે.' સોભાગભાઈકો લિખા હૈ, આપકી હમપર કૃપા રહે.

આમાં સંસ્કૃત ટીકા નથી ને ? સંસ્કૃત ટીકામાં છે, આમાં નથી. સંસ્કૃત ટીકા છે ને એમાં છે. છે આમાં પણ છે. ૩૬૧નો અર્થ. 'અતિથિસંવિભાગ નામનું ત્રીજું શિક્ષાવ્રત કહે

છે.’ ‘शिक्षाव्रतं च तृतीयं तस्य भवेत् सर्वसौख्यसिद्धिकरं दानं चतुर्विधं अपि च सर्वादानानां सारकरं’ (૩૬૧) જે જ્ઞાનીશ્રાવક ઉત્તમ, મધ્યમ, જઘન્ય ત્રણ પ્રકારના પાત્રોને અર્થે દાતારના શ્રદ્ધાઆદિ ગુણોથી યુક્ત બની પોતાના હાથથી નવધાભક્તિ સહિત થઈને દરરોજ દાન આપે છે તે શ્રાવકનું ત્રીજું અતિથિસંવિભાગશિક્ષાવ્રત છે. એ દાન કેવું છે ? આહાર, અભય, ઔષધ અને શાસ્ત્રદાનના ભેદથી ચાર પ્રકારનું છે. વળી અન્ય જે લૌકિક ધનાદિના દાન કરતા આ દાન અતિશય સારરૂપ ઉત્તમ છે, સર્વ સિદ્ધિ સુખનું ઊપજાવવાવાળું છે.

ભાવાર્થ : ત્રણ પ્રકારનાં પાત્રોમાં ઉત્કૃષ્ટ તો મુનિ, મધ્યમ અણુવ્રતી શ્રાવક તથા જઘન્ય અવિરતસમ્યગ્દષ્ટિ છે. વળી દાતારના શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, વિજ્ઞાન, અલુબ્ધતા, ક્ષમા અને શક્તિ એ સાત ગુણો છે. વળી અન્ય પ્રકાર આ પ્રમાણે પણ છે.’ એ તો ભાવાર્થમાં પછી એનું એ લીધું છે. ‘વળી પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદપ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ તથા આહારશુદ્ધિ એ પ્રમાણે નવધાભક્તિ છે. એ રીતે દાતારના ગુણોસહિત નવધાભક્તિપૂર્વક પાત્રને રોજ ચાર પ્રકારનાં દાન જે આપે છે,...’ જુઓ ! આ દાતારના સાત ગુણો અને નવધાભક્તિ સંબંધી વિશેષ વર્ણન ‘રત્નકરંડ શ્રાવકાચાર’ શ્લોક ૧૧૩ કે ‘રોજ ચાર પ્રકારના દાન જે આપે છે તેને ત્રીજું શિક્ષાવ્રત હોય છે.

મુમુક્ષુ :– .... એને શિક્ષાવ્રત હોય છે એટલે એ પંચમ ગુણસ્થાનવર્તી થઈ ગયા ને ! તો આ પ્રવૃત્તિરૂપ ક્રિયા છે, ખાલી અભિપ્રાયની વાત નથી.

પૂજ્ય ભાઈશ્રી :– રોજ આપે છે ઈ વાત છે, આપે છે ઈ વાત છે.

મુમુક્ષુ :– યહ દ્રવ્યરૂપ સે હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, લિખા હૈ, વિસ્તાર કિયા હૈ – નવધાભક્તિકા વિસ્તાર ભી કિયા હૈ. ઔર વહાં તો સંસ્કૃત ટીકામેં વહ બાત Original મેં લિખી હૈ, વહ બાત સંસ્કૃતમેં લિખી હૈ.

ઇસમેં ક્યા હૈ ? ધર્મકા બહુમાન હૈ. ધર્મીકા બહુમાન (હૈ), વહ ધર્મકા બહુમાન હૈ. હમ સમ્યગ્દર્શનકી પૂજા કરે, અષ્ટદ્રવ્યસે કરતે હૈં કિ નહીં કરતે હૈં ? તો સમ્યગ્દર્શન બિના સમ્યગ્દષ્ટિ કહાં પાયા જાતા હૈ ? યહ બતાઓ. મુનિ ઔર ભગવાનમેં સમ્યગ્દર્શન હૈ ઇસકી પૂજા કરે ઔર અવિરત સમ્યગ્દષ્ટિમેં સમ્યગ્દર્શન હૈ ઇસકી પૂજા નહીં કરે, ઐસા હો સકતા હૈ ક્યા ? વહ હાસ્યાસ્પદ બાત હૈ.

પર્વકે દિનોંમેં – દસ લક્ષણ પર્વમેં તેરસકો સમ્યગ્દર્શનકી પૂજા કરતે હૈં, ચૌદસકો

સમ્યગ્જ્ઞાનકી પૂજા કરતે હૈં, (ફિર) ચારિત્રકી પૂજા કરતે હૈં, તો સમ્યગ્દર્શનકી આઠ દ્રવ્યસે પૂજા કરે ઔર સમ્યગ્દષ્ટિકી નહીં કરે ! તો સમ્યગ્દર્શન તો ઇસકી પર્યાય હૈ ઔર સમ્યગ્દષ્ટિ તો ઉસ પર્યાયકા ધની હૈ, તો ધની બડા કિ ઇસકી પર્યાય બડી ? 'ન ધર્મો: ધાર્મિકેય બિના'. વૈસી બાત હૈ.

આત્મા ઔર પરમાત્માકા ઐક્ય હો જાના, પરાભક્તિમેં ક્યા હૈ ? દોપના નહીં રહના. કુછ અંતર નહીં રહના. અપનેરૂપ, સર્વસ્વરૂપ અનુભવ કરના ઔર એક લયસે અનુભવ કરના, કભી હો ઔર કભી નહીં હો ઐસી બાત નહીં. કભી વિરુદ્ધ હો ઔર કભી અવિરુદ્ધ હો ઐસી ભી બાત નહીં. ઉસકો પરાભક્તિ કહનેમેં આયી હૈ. વહ પ્રશ્ન વહાં ચલા થા. ઇસલિયે વહાં વહ બાત ખોલી થી કિ, બીચમેં એક ઐસી સ્થિતિ આતી હૈ, આયે બિના રહતી નહીં, બાદમેં યહ સ્થિતિ આતી હૈ. ઉસ સ્થિતિ(મેં) નહીં આયે ઔર યહ સ્થિતિ આયે ઐસા ભી બનતા નહીં હૈ.

અબ પત્ર શુરૂ હોતા હૈ કિ, 'યહાઁ પરમાનંદ હૈ.' યહાઁ પરમાનંદ હૈ, હમકો પરમ આનંદ હૈ. 'અસંગવૃત્તિ હોનેસે સમુદાયમેં રહના બહુત વિકટ હૈ.' હમારી અસંગવૃત્તિ હો ગઈ હૈ ઇસલિયે લોગોંકે બીચમેં રહના હમકો સુહાતા નહીં હૈ, બિલકુલ સુહાતા નહીં હૈ. કિસીસે બોલના, બાત કરના, કુછ વ્યવહાર કરના હમકો સુહાતા નહીં હૈ.

મુમુક્ષુ :– માહ મહિનાનો પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, સમ્યગ્દર્શન(કો) હુએ ચાર મહીને હુએ હૈં, ચાર મહીનેકી બાત હૈ. કિતની અસંગવૃત્તિ હો ગયી હૈ ! કિસી સમુદાયકે સાથ હમકો બિલકુલ સુહાતા નહીં હૈ.

'જિસકા યથાર્થ આનંદ કિસી ભી પ્રકારસે નહીં કહા જા સકતા, ઐસા સત્સ્વરૂપ જિનકે હૃદયમેં પ્રકાશિત હુઆ હૈ,..' જ્ઞાનિયોંકે વિશેષણકે લિયે એક પૂરા વાક્ય લિખા હૈ 'ઉન મહાભાગ્ય જ્ઞાનિયોંકી ઔર આપકી હમપર કૃપા રહે.' જ્ઞાનીકી હમારે પર કૃપા હો ઐસી સાદી બાત નહીં લિખા કિ જ્ઞાનીકી ભી હમારે પર કૃપા હો. જ્ઞાની કૈસે હોતે હૈં ? કિ જિસકા યથાર્થ આનંદ કિસી ભી પ્રકારસે કહા નહીં જા સકતા, ઐસા સત્સ્વરૂપ જિનકે હૃદયમેં પ્રકાશિત હુઆ હૈ. આનંદમય પરિણમન જિસકા હુઆ હૈ, ઐસે મહાજ્ઞાનિયોંકી હમારે પર કૃપા હો, કૃપા રહે ઔર આપકી ભી હમારે પર કૃપા રહે. ઠીક !

શિષ્ય તો ગુરુકો કહે કિ, હે ગુરુ ! આપકી હમારે પર કૃપા રહે, લેકિન યહાં ગુરુ

શિષ્યકો કહતે હૈં. કૈસી બાત હોગી ? શિષ્ય ભી કૈસા હોગા ? જિસ ગુરુકો અપને શિષ્ય પર ઇતના બહુમાન આયે વહ શિષ્ય કૈસા હોગા ? ઐસા ક્યોં ? એક બહુત માર્મિક બાત ઇધર હૈ કિ, યહ જ્ઞાની ગુરુ અપને શિષ્યકે લિયે ઐસા ક્યોં કહતે હૈં ? કૃપા રહે, ઐસી બાત કૈસે કરતે હૈં ? કિ, વાસ્તવમેં ઉનકો ભી આત્મલાભ હોતા હૈ. સત્સંગમેં, ઐસે પાત્ર સત્સંગમેં ઉનકો ભી આત્મલાભ હોતા હૈ. ઉનકા હૃદય – આત્મા અંદરસે ઉજાગર હોતા હૈ, આવિર્ભાવકો પ્રાપ્ત હોતા હૈ. શિષ્યકે સાથ સત્સંગ કરનેસે, ઐસે પાત્ર શિષ્ય હોતે હૈં કિ ઇનકે સાથ સત્સંગ કરનેસે અપનેકો અપના આત્મભાવ આવિર્ભાવ હોને લગતા હૈ. તો જૈસે ગુરુસે હોતા હૈ વૈસે શિષ્યસે હોને લગા તો ગુરુ ભી શર્મ રખેંગે નહીં કિ યહ શિષ્ય હૈ, મુઝે નહીં બોલના ચાહિયે – ઐસા નહીં કહેંગે. માન-અપમાન જૈસા હોતા હી નહીં, મોક્ષમાર્ગમેં માન-અપમાન જૈસા કુછ હોતા હી નહીં હૈ. (કહતે હૈં) આપકી હમારે પર કૃપા રહે.

'હમ તો આપકી ચરણરજ હૈં;...' ક્યા લિખા હૈ ? શિષ્યકો લિખતે હૈં, હમ તો આપકી ચરણરજ હૈં. યહ પત્ર તો જ્ઞાનદશા હોનેકે બાદ લિખતે હૈં ઔર સોભાગભાઈકો અભી જ્ઞાનદશા હુયી નહીં હૈ. આગે, કભી-કભી ઠપકા ભી દિયા હૈ, વહ ભી અધિકાર હૈ ઔર ઇતની સ્તુતિ ભી કી હૈ. તો ક્યા હૈ કિ, દોનોંકે બીચમેં કોઈ અંતર નહીં હૈ. કુછ ભી કહ સકતે હૈં. યહ પ્રેમસે ભગવાનકો તૂ કહતે હૈં કિ નહીં કહતે હૈં ? જબ ભગવાનકી ભક્તિ કરતે હૈં તો બહુમાન તો કિતના હૈ ? સાક્ષાત્ પરમાત્મા હૈ ઉનકા બહુમાન હોનેમેં કોઈ કસર હોનેકા તો સવાલ નહીં હૈ. લેકિન ભક્તિ કરેંગે તો ક્યા કહેંગે ? તૂ ઐસા હૈ ઔર તૂ ઐસા હૈ. કહેગા કિ નહીં કહેગા ? તો આપમેંસે તૂ કહાંસે હો ગયા ? ઐસે પ્રેમભક્તિ આતી હૈ.

'હમ તો આપકી ચરણરજ હૈં; ઔર ત્રિકાલ ઇસી પ્રેમકી નિરંજનદેવસે યાચના હૈ.' કિ હમારા પ્રેમ ઐસા બના રહે, આપકે સાથ જૈસા પ્રેમ હૈ, ઐસા હી પ્રેમ બના રહે, ઐસી હમારી યાચના હૈ. હમકો ઔર કુછ ચાહિયે નહીં.

પ્રશ્ન :– નિરંજનદેવ એટલે ?

સમાધાન :– અપના આત્મા, અપને આત્માકે પ્રતિ યાચના કરતે હૈં કિ તુમ ઐસા હી પરિણમન કિયા કરો ઔર કુછ નહીં ચાહિયે.

મુમુક્ષુ :– રાગનો મલાવો કરવાનો ને !

પૂજ્ય ભાઈશ્રી :- રાગ દૂસરી વસ્તુ હૈ, પ્રેમ દૂસરી વસ્તુ હૈ. દોનોં એક બાત નહીં હૈ. રાગ અલગ ચીજ હૈ. રાગ હોતા હૈ વહ કભી હટ જાતા હૈ તો રાગકા સ્થાન કૌન લેતા હૈ ? દ્વેષ લે લેતા હૈ. જબકિ નિર્મલ પ્રેમ હોતા હૈ વહાં ઐસા હોતા નહીં હૈ. વહ કભી હટતા નહીં, મિટતા નહીં. દિનદુગના ઔર રાત ચૌગુના હો જાયેગા, ઐસા બનતા હૈ. દોનોંકા આધાર અલગ-અલગ હૈ. રાગકા આધાર પુદ્ગલ હૈ ઔર પ્રેમકા આધાર ચૈતન્ય હૈ.

મુમુક્ષુ :- દેવલાલીમેં આપને લિયા થા, આત્મા પ્રેમકી મૂર્તિ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત પ્રેમકી મૂર્તિ હૈ. (બંબઈમેં) સ્વાધ્યાય ચલા વહાં વહ બાત લી થી કિ, જૈસે આત્મા જ્ઞાન ઔર આનંદકી મૂર્તિ હૈ ઐસે આત્મા અનંત પ્રેમકી મૂર્તિ હૈ. આત્મિક પ્રેમ જબ ઉમડતા હૈ તો વહ બાત કોઈ અલગ હો જાતી હૈ. અન્યમતમેં તો ઐસા કહતે હૈં કિ, ભગવાનકો ભક્તકે વશ રહના પડતા હૈ, ક્યા હૈ ? ભગવાનકો (ભક્તકે વશ રહના પડતા હૈ). તો યહાં ભી ઐસી બાત લી કિ, યહ જો સર્વથા નિર્વિકાર પરબ્રહ્મ હૈ ન ? વહ ભી પરાભક્તિકે વશ હોતે હૈં, વહ ભી ઇસકે વશમેં આ જાતે હૈં. ઐસી ઉસમેં તાકત હૈ ! તો ઇસકા મતલબ ક્યા હુઆ ? કિ, પર્યાયકી મહિમા કિતની હૈ વહ દિખાનેકી બાત હૈ કિ, ફિર વહ પરમબ્રહ્મ અલગ રહ સકતા નહીં હૈ. વહ પરબ્રહ્મ અલગ નહીં રહ સકતા. અનન્યભાવ હો જાયેગા, અન્યભાવ રહેગા નહીં.

મુમુક્ષુ :- આત્માકો જ્ઞાનકી પ્રધાનતા રહતી હૈ, ઔર આપને એક બાર કહા થા કિ, જ્ઞાનસે વિભુષિત આત્મા હૈ, અનંત જ્ઞાન કી મૂર્તિ હૈ. વૈસે હી પ્રેમ કી મૂર્તિ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વજ્ઞસ્વભાવી હૈ, ઇસલિયે સર્વ જાનનેકી ઉસકી વૃત્તિ રહેગી, જૈસે સુખસ્વભાવ હૈ તો સુખકી વૃત્તિ રહેગી. આનંદસ્વભાવ હૈ, શાંતસ્વભાવ હૈ તો સબકી વૃત્તિ રહેગી, ઐસે પ્રેમસ્વભાવ હૈ.

મુમુક્ષુ :- તો પ્રેમકી વૃત્તિ રહેગી.

પૂજ્ય ભાઈશ્રી :- રહેગી હી રહેગી, કહીં ન કહીં તો કરેગા. અન્ય દ્રવ્યસે કરેગા તો રાગ હો જાયેગા. પુદ્ગલસે કરેગા તો રાગ હો જાયેગા ઔર ચૈતન્યસે કરે તો પ્રેમ હો જાયેગા. અપને પ્રભુસે કરતા હૈ વહ ચૈતન્યસે કરતા હૈ. પરમાત્મા, સંત-સત્પુરુષ ઔર આત્મા તીનોંમેં કોઈ ભેદ નહીં હૈ. એક જગહ લિખા હૈ, તીનોંમેં કોઈ અંતર નહીં હૈ. યહ સ્વ હૈ ઔર વહ પર હૈ, યહાં વહ બાત નહીં હૈ.

પ્રશ્ન :- મુમુક્ષુમેં ઐસી પાત્રતા, ઇસકી વજહ ક્યા ?

સમાધાન :- યોગ્યતા, સર્વોત્કૃષ્ટ યોગ્યતા હૈ. મુમુક્ષુતામેં વહ સર્વોત્કૃષ્ટ યોગ્યતા હૈ.

પ્રશ્ન :- કિસ વજહસે આતી હૈ ?

સમાધાન :- કિસ વજહસે ક્યા ? ગુણકા પ્રેમ હૈ, ઉસકા સ્વભાવ હૈ. વજહ ક્યા હૈ ? વજહ હૈ ઇસકા સ્વભાવ, વજહ હૈ અપના સ્વભાવ. અપને સ્વભાવકી વજહસે આતી હૈ. દૂસરા કોઈ કારણ નહીં હૈ. સ્વભાવમેંસે નિકલી હુઈ વહ સ્વભાવિક પર્યાય હૈ, વહ સ્વભાવપર્યાય હૈ, વિભાવપર્યાય નહીં હૈ.

મુમુક્ષુ :- પ્રેમકી ચાહત પ્રેમસ્વભાવકો વ્યક્ત કરતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, સ્વભાવકો વ્યક્ત કરતી હૈ.

'કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.'

'અત્ર પરમાનંદ છે. અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે. જેનો કોઈ પણ પ્રકારે યથાર્થ આનંદ કહી શકાતો નથી, એવું જે સત્સ્વરૂપ તે જેના હૃદયમાં પ્રકાશ્યું છે એવા મહાભાગ્ય જ્ઞાનીઓની અને આપની અમારા ઉપર કૃપા વર્તો.'

આમાં તો વાંધો પડ્યો હતો. શરૂઆતમાં આ લોકોએ થોડા ફેરફાર કર્યા છે. Original નથી છાપ્યો. પછી કૃપાળુદેવના મુમુક્ષુઓમાં અંદરો અંદર (વાત થઈ) કે આ આપણો અધિકાર નથી. આપણને ગમે – ન ગમે આપણે કાઢી નાખીએ (એ બરાબર નથી). પોપટલાલભાઈએ વાંધો ઉઠાવ્યો હતો અને એ બહુ વિચારક હતા. આમાં શું છે કે, આ કામ મનસુખભાઈ એમના નાનાભાઈએ કર્યું છે. અંબાલાલભાઈ સાથે હતા કે નહીં ? બીજા મનસુખભાઈ કીરતચંદ. પ્રકાશક મનસુખલાલ રવજીભાઈ મહેતા, એ જે પહેલી આવૃત્તિ છે ને ! 'સંશોધક' શબ્દ વાપર્યો છે, સંશોધક મનસુખલાલ રવજીભાઈ મહેતા. આમાં ફેરફાર છે. આ છેલ્લા મોટા ગ્રંથમાં Original લીધું છે, Word to word. કોઈ પણ જાતના ફેરફાર વગર. એ મૂળ પોપટલાલ મોહકમચંદભાઈએ કીધું કે આ આપણે ન કરી શકાય. જ્ઞાનીપુરુષની વાતમાં ફેરફાર આપણે ન કરવો જોઈએ અને ન કરી શકાય. ઈ વિચારક હતા. ઘણા તો એમ કહે છે કે એ પાછળથી પામી ગયા હતા પણ વિચારક તો ઘણા હતા એ વાત તો એમની ડાયરી ઈડરમાં જોઈ હતી. ઈડરમાં એમની હસ્તલિખિત ડાયરી જોઈ હતી. સોળસો વચનો હતા, કેટલા ? સોળસો વચનો હતા. ઘણી વાતો સારી લખી હતી. કેટલીક વાતો તો અંતર વિચારમાંથી

આવી હોય એવું પ્રતીત થાય. બહુ સારી યોગ્યતા હશે, બહુ ઊંડા વિચારક હશે એ વાત તો ચોક્કસ છે.

જુઓ ! એમને પણ કેવું થયેલું ? ૧૯૪૪માં એ કૃપાળુદેવના પ્રથમ પરિચયમાં આવ્યા અને ઉપરથી ગયું, ઓળખી ન શક્યા, કિંમત ન આવી. દસ વરસ નીકળી ગયા, ૧૯૫૪માં ફરીને પરિચયમાં આવ્યા પછી કિંમત આવી, પછી ચોંટી પડ્યા, પછી વળગી રહ્યા અને ઘણો ફાયદો થયો. વળગી રહ્યા અને ફાયદો પણ ઘણો થયો. પછી એમણે ૧૯૬૮માં વડવામાં આશ્રમ કર્યો. દસ વરસ પછી વડવાનો પહેલો આશ્રમ એમણે કર્યો. એ વડવાના આશ્રમના આદ્યસ્થાપક પોપટલાલભાઈ છે.

મુમુક્ષુ :- ત્યાં શ્વેતાંબર મંદિર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ્વેતાંબર-દિગંબરનો ભેદ તો એ લોકોને કોઈને હજી પણ ખ્યાલમાં આવતો નથી, મોટા ભાગનાને ખ્યાલમાં નથી આવતો. કેટલાક કેટલાક જે ગુરુદેવનું સાહિત્ય વાંચીને જે ગુરુદેવ બાજુ વળ્યા એ લોકોમાં ફેરફાર થઈ ગયો. જેમકે આ કોબા આશ્રમ છે, ત્યાં દિગંબર પ્રતિમા છે. એમાં અમુક અમુકમાં ફેરફાર થયો છે. કોબા બાજુ જે વળ્યા એ બધાયને ખ્યાલ આવી ગયો કે દિગંબર સત્ય છે. દિગંબર સાહિત્ય પણ બધા વાંચતા થઈ ગયા. માન્યતા સૌની સ્વતંત્ર છે. આપણે તો પ્રત્યક્ષ ગુરુદેવે ૪૫ વરસ સુધી પ્રવચનો આપ્યા પછી બધાયની માન્યતા ભિન્ન ભિન્ન છે કે નહીં ? આપણે ત્યાં ભિન્ન ભિન્ન વિચારો અને ભિન્ન ભિન્ન માન્યતા થઈ ગઈ કે નહીં ?

'આજકે પ્રભાતસે નિરંજનદેવકા કોઈ અદ્‌ભુત અનુગ્રહ પ્રકાશિત હુઆ હૈ;...' પ્રભાત એટલે વહેલું પરોઢિયું, વહેલી સવારથી નિરંજનદેવ હમારા આત્મા, ઉસકા કોઈ અદ્‌ભુત અનુગ્રહ પ્રકાશિત હુઆ હૈ. યાની ઉસકી કૃપા હુઈ, નિર્વિકલ્પદશા બહુત અચ્છી આયી. નિર્વિકલ્પ શુદ્ધોપયોગકી દશા બહુત અચ્છી આયી. 'આજ બહુત દિનોંસે ઇચ્છિત પરાભક્તિ કિસી અનુપમ રૂપમેં ઉદિત હુઈ હૈ.' આત્મા ઔર પરમાત્માકા ઐક્ય હો જાના, નિર્વિકલ્પ શુદ્ધોપયોગ હો જાના વહી પરાભક્તિ હૈ. બહુત દિનોંસે ઇચ્છા રખતે થે ઐસી પરાભક્તિ કિસી અનુપમ રૂપમેં ઉદિત હુઈ હૈ.

પરાભક્તિ દિખાનેકે લિયે 'શ્રીમદ્ ભાગવત્'કા એક દૃષ્ટાંત દિયા હૈ. 'શ્રીમદ્ ભાગવત્'મેં ઐસી એક કથા હૈ. 'શ્રીમદ્ ભાગવત્'મેં ઐસી એક કથા હૈ કિ, 'ગોપિયાઁ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)કો દહીકી મટકીમેં રખકર બેચને નિકલી થી...' ભગવાનકો બેચને નિકલી થી !

દહીકી મટકીમેં તો દહી થા લેકિન વે ભૂલ ગઈ, વે ભગવાનકો બેચને નિકલ ગઈ. યહ દહીકી મટુકી હૈ ‘વહ પ્રસંગ આજ બહુત યાદ આ રહા હૈ.’ વહ પ્રસંગ હમકો આજ બહુત યાદ આ રહા હૈ.

ઇસમેં ક્યા હુઆ હૈ કિ, લય લગી હૈ, હમકો હમારે પરિણામમેં હમારે પરમાત્માકી લય લાગી હૈ. દૂસરા કુછ હમકો દિખતા નહીં હૈ. વહ અન્યમતમેં આતા હૈ કિ, પરમાત્મા સર્વવ્યાપક હૈ. ‘ઘાસ, ચાસ નહિ પાસ પણ વિશ્વપતિનો વાસ’ કવિતા આવતી હતી ને ? વહ બાત દૂસરે પ્રકારસે હૈ. જબ અપને પરમાત્માકે પ્રતિ ઉતના પ્રેમ આતા હૈ તો હરજગહ વહી દિખતા હૈ. જહાં દેખો વહાં વહી દિખતા હૈ, દૂસરા કુછ દિખતા નહીં હૈ. તો જૈસે હરજગહ વ્યાપ્યવ્યાપક હો ગયા, વાસ્તવમેં વ્યાપતા નહીં, વહ તો અપની દૃષ્ટિ ઐસી હૈ. વહી Visualise હોતા રહતા હૈ.

મુમુક્ષુ :– કણ-કણમેં ભગવાન હૈ, ઐસી જો માન્યતા હૈ વહ ઇસી ન્યાયસે હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, ઉસી ન્યાયસે હૈ. વહ ભી પદ આતા હૈ દેખો, ‘હું તો હાલું ચાલું ને પ્રભુ સાંભરે રે, મને ખાતા, પીતા, બોલતા, ઊંઘતા પ્રભુ-હરિ સાંભરે રે’ એ જ દશા થઈ જાય છે.

મુમુક્ષુ :– રાજકોટવાળા મુમુક્ષુભાઈ કહેતા હતા કે, શ્રીમદ્ મારી સાથે જ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, વહ આયે થે ન ! ઐસી બાત હૈ.

‘ગોપિયાઁ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)કો દહીકી મટકીમેં રખકર બેચને નિકલી થી ઐસી શ્રીમદ્ ભાગવત્‌મેં એક કથા હૈ; વહ પ્રસંગ આજ બહુત યાદ આ રહા હૈ. જહાં અમૃત બહતા હૈ...’ ક્યા ? પરાભક્તિમેં ક્યા આતા હૈ ? અમૃત બહતા હૈ ‘વહાં સહસ્ત્રદલ કમલ હૈ, યહ દહીકી મટકી હૈ; ઔર આદિપુરુષ ઉસમેં બિરાજમાન હૈ વહ ભગવાન વાસુદેવ હૈં.’ ઐસી ભાગવત્‌મેં વહ સબ બાતેં આતી હૈં.

‘ઉસકી પ્રાપ્તિ સત્પુરુષકી ચિત્તવૃત્તિરૂપ ગોપીકો હોનેપર...’ અબ ક્યા હૈ ? ઐસે અપને પરમાત્માકી પ્રાપ્તિ, જો જ્ઞાનીપુરુષ હૈં ઉનકી ચિત્તવૃત્તિરૂપ ગોપી હૈ, ઉસકી ચિત્તવૃત્તિ હૈ વહ ગોપી હૈ. વહ ‘ગોપીકો હોનેપર વહ ઉલ્લાસમેં આકર...’ વહ ક્યા હૈ ? જ્ઞાની ઉલ્લાસમેં આ જાતે હૈં ઔર ‘દૂસરે મુમુક્ષુ આત્માકે પ્રતિ ઐસા કહતી હૈ – ‘કોઈ માધવ લો, હાઁરે કોઈ માધવ લો.’ ગુજરાતીમાં એને મહી કહે છે, ગુજરાતીમાં એને દહીં પણ કહે છે અને સાહિત્યની ભાષામાં એને મહી કહે છે. મહીકી મટકી, મહી માને દહીં. તો મહી(મેં) ‘મ’

શબ્દ આગે હૈ તો વહાં માધવમેં 'મ' શબ્દ આગે હૈ. તો મહીકા શબ્દ બદલકરકે માધવ હો ગયા. 'કોઈ માધવ લ્યો, કોઈ માધવ લ્યો...' ઠીક !

મુમુક્ષુ :- મુમુક્ષુકો જ્ઞાની ઐસે પ્રેરણા કરતે હૈં, દેતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, યહ ભક્તિકા પત્ર સોભાગભાઈકો લિખા હૈ. સોભાગ્યભાઈકો ઐસી અનન્ય ભક્તિ થી ન ! ઇસલિયે (લિખા હૈ). સોભાગભાઈ આગે પૂછતે હૈં કિ, આપને વહ ભાગવત્‌વાલી બાત કહાંસે કહી ? વહ ભાગવત્‌વાલી બાત આપસે સુનકર હમકો બહુત હર્ષ આયા. ક્યોંકિ ઉસકે અંતર પરિણામ ઔર વહ સબ બાત મેલ ખાતે થે તો ઉનકો પરમ હર્ષ આયા કિ યહ બાત આપને કહાઁસે કહી ? ક્યોંકિ વહ ભી હમારે અનુભવકા વિષય હૈ, આજ જો તુમ્હારે અનુભવકા વિષય હૈ વહી હમારે અનુભવકા વિષય હૈ. હમારે આત્મજ્ઞાનસે, હમારે અનુભવસે વહ બાત હમને કહી હૈ. હમકો ભી ઐસા અનુભવ હુઆ થા, ઇસલિયે હમને ઐસી બાત કહી હૈ.

મુમુક્ષુ :- ૧૫૨ પત્રમેં...

પૂજ્ય ભાઈશ્રી :- 'આજ આપકા કૃપા પત્ર મિલા. સાથમેં પદ મિલા. સર્વાર્થસિદ્ધકી હી બાત હૈ.' કોને લખેલો પત્ર છે ? સોભાગભાઈને ! 'જૈનમેં ઐસા કહા હૈ કિ સર્વાર્થસિદ્ધ મહાવિમાનકી ધ્વજાસે બારહ યોજન દૂર મુક્તિશિલા હૈ. કબીર ભી ધ્વજાસે આનન્દવિભોર હો ગયે હૈં. ઉસ પદકો પઢકર પરમાન્દ હુઆ. પ્રભાતમેં જલ્દી ઉઠા,...' આસો સુદી અગિયારસ છે. 'પ્રભાતમેં જલ્દી ઉઠા, તબસે કોઈ અપૂર્વ આનન્દ રહા હી કરતા થા. ઇતનેમેં પદ મિલા;...' આપકા પદવાલા પત્ર મિલા. 'ઔર મૂલપદકા અતિશય સ્મરણ હો આયા,...' હમારે આત્મપદકા અતિશય સ્મરણ હો આયા.

'એકતાન હો ગયા.' ઇસમેં એકતાન હો ગયે. 'એકાકાર વૃત્તિકા વર્ણન શબ્દસે કૈસે કિયા જા સકતા હૈ. દિનકે બારહ બજે તક રહા.' સુબહસે લેકરકે (બારહ બજે તક રહા). 'અપૂર્વ આનન્દ તો વૈસાકા વૈસા હી હૈ. પરન્તુ દૂસરી વાર્તા કરનેમેં ઉસકે બાદકા કાલક્ષેપ કિયા. 'કેવલજ્ઞાન હવે પામશું, પામશું, પામશું, પામશું રે કે.' ઐસા એક પદ બનાયા. હૃદય બહુત આનન્દમેં હૈ.' આસો મહીનેમેં ઉનકો સમ્યગ્દર્શન હુઆ હૈ. ચાહે યહ પત્રસે હો યા બાદમેં કુછ દિનકે (બાદ) હો. મૂલપદકા સ્મરણ હોનેમેં સોભાગભાઈ નિમિત્ત પડે હૈં ઇસલિયે લિખતે હૈં કિ આપકી હમારે પર કૃપા રહે. જૈસી કૃપા હુઈ વૈસી કૃપા રહે. માને આપકા નિમિત્ત હમકો બના રહે, હમ તો આપકી ચરણરજ હૈં. તો જિસકે નિમિત્તસે કૃપાલુદેવ

જૈસે આત્માકો ભી નિમિત્ત-નૈમિત્તિક સંબંધસે લાભ હુઆ હો, વહ નિમિત્ત ભી કિતના પાત્ર હોગા ? વહ નિમિત્તમેં ભી કિતની યોગ્યતા હોગી ? યહ વિચાર કરને લાયક બાત હૈ.

પ્રશ્ન :– કૃપાળુદેવને સમ્યગ્દર્શન કઈ તારીખે થયું ?

સમાધાન :– મળતું નથી કંઈ. Exact કંઈ મળતું નથી પણ વાતો તો ઘણી, જુદી જુદી રીતે અનેક વાતો બહાર આવી છે. મહિમા વધારવા માટે પણ કોઈ ને કોઈ વાત આવતી રહે. Authentic કોઈ વાત નથી હોતી.

મુમુક્ષુ :– કૃપાળુદેવને ખ્યાલમાં હતું કે સોભાગભાઈ ને એ બેય સાથે હતા.

પૂજ્ય ભાઈશ્રી :– એમનો તો જાતિસ્મરણ હતું એટલે હોઈ શકે છે પણ આમ પત્રમાં ક્યાંય સીધો ઉલ્લેખ નથી. એમના પોતાના હસ્તાક્ષરમાં નથી મળતું.

મુમુક્ષુ :– ૧૫૨વા પત્ર સોભાગભાઈકો લિખા હૈ. મતલબ સૌભાગભાઈ ઔર ઇનકા પરિચય કા પ્રારંભિક દૌર હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, પહલા પત્ર ૧૩૧ હૈ. યહ ૧૫૨ હૈ, સબસે પહલા પત્ર ૧૩૧ હૈ. પ્રથમ ભાદવામેં પ્રથમ પરિચય હુઆ હૈ ઔર યહાંસે દોનોંકે બીચમેં હમેશા સત્સંગમેં રહનેકે લિયે ભાવ વ્યક્ત કિયે હૈં ઔર શંકરાચાર્યકા શ્લોક ભી વહીં ઉદ્ધરણ કિયા હૈ. ૧૩૨ હૈ, ૧૩૨ પહલા પત્ર હૈ. ૧૩૧ નહીં, હિન્દીમેં ૧૩૨ હૈ. 'क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका' યહ શંકરાચાર્યકા શ્લોક હૈ. એક ક્ષણ ભી સજ્જનકી સંગતિ મિલ જાય તો ભવરૂપી સમુદ્ર તરનેકે લિયે વહ નૌકા બનતી હૈ. એક ક્ષણકા સત્સંગ સંસારકો તાર દેતા હૈ. વહ શંકરાચાર્યને સત્સંગકી મહિમા કી હૈ. ઉનલોગોંમેં ભી સત્સંગકી બહુત મહિમા હૈ.

અર્થ કિયા હૈ. 'સત્પુરુષકા ક્ષણભરકા ભી સમાગમ સંસારરૂપી સમુદ્ર તરનેકે લિયે નૌકારૂપ હોતા હૈ. વહ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીકા હૈ; ઔર યહ યથાર્થ હી લગતા હૈ.' ઉસમેં કોઈ અયથાર્થતા નહીં હૈ. ક્યોંકિ યહ બાત તીર્થંકરકી ધ્વનિમેં આયી હૈ, બાદમેં શંકરાચાર્યને લિયા. અન્યમત પૈદા હુઆ ન ? તો ઉનલોગોંને કોઈ ન કોઈ બાત તો તીર્થંકરકી ઉઠાયી હૈ, ફિર વિકૃતિમેં Adulteration કિયા વહ અલગ બાત હૈ. જો મૂલ બાત હૈ વહ તો તીર્થંકરકી હૈ. ઇસલિયે જ્ઞાનીકી નજર વહાં પહુઁચતી હૈ કિ યહ તો મૂલ બાત હૈ, તીર્થંકરકી હૈ. 'ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વના, પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા...' ઉસમેંસે ઉસને તીર્થંકરકી વાણી પકડી, 'એ જ ઠેકાણે ઠરો.' ઉસ મૂલ બાતકો

પકડકરકે સ્થિર હો જાઓ. 'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.' જ્ઞાની અજ્ઞાનીકા શાસ્ત્ર પઢે ઉસમેં મૂલ બાત તીર્થંકરકી હૈ વહ અલગ નિકાલ દે ઔર દૂસરી બાતકો ભી વે અલગ નિકાલ સકતે હૈં. યહ બાત તીર્થંકરકી નહીં હૈ યહ બાત તીર્થંકરકી હૈ.

'આપને મેરે સમાગમસે હુઆ આનન્દ ઔર વિયોગસે હુઆ અનાનન્દ...' આનન્દકા વિપરીત. 'સમાગમસે હુઆ આનન્દ...' એક દફે મિલે તો વિયોગસે અનાનન્દ હો ગયા. પ્રેમ તો વહાંસે શુરૂ હો ગયા થા કિ વિયોગ બરદાસ્ત કર સકતે નહીં થે. 'વિયોગસે હુઆ અનાન્દ પ્રદર્શિત કિયા હૈ, વૈસા હી આપકે સમાગમકે લિયે મુઝે ભી હુઆ હૈ.' ઔર પ્રેમ કભી એક તરફ઼ા હોતા નહીં હૈ. One way traffic નહીં હૈ વહ અરસપરસ હોતા હૈ. તો જૈસા આપકો હુઆ વૈસા મુઝે ભી હુઆ હૈ. આપકે વિયોગસે મુઝે ભી અનાનન્દ હુઆ હૈ.

'અન્તઃકરણમેં નિરંતર ઐસા હી આયા કરતા હૈ કિ પરમાર્થરૂપ હોના, ઔર અનેકકો પરમાર્થ સિદ્ધ કરનેમેં સહાયક હોના યહી કર્તવ્ય હૈ, તથાપિ કુછ વૈસા યોગ અભી વિયોગમેં હૈ. ભવિષ્યજ્ઞાનકી જિસમેં આવશ્યકતા હૈ, ઉસ બાતપર અભી ધ્યાન નહીં રહા.' વહ ભવિષ્યજ્ઞાનવાલી બાતપર હમ ઉપયોગ દેતે નહીં હૈં. બસ ! ઉતના પોસ્ટકાર્ડ જિતના સંક્ષેપ પત્ર હૈ. પ્રથમ ભાદોં વદી ૧૩, પહેલા ભાદરવા વદમાં પરિચયમાં આવ્યા છે. પછી બીજો ભાદરવો અને આસો સુદ ૧૧નો પેલો પત્ર છે. દોઢેક મહિનામાં સમ્યગ્દર્શન થયું હોય એવું લાગે છે. સોભાગભાઈકે સમાગમકે બાદ કરીબ ડેઢ-દો માસમેં સમ્યગ્દર્શન હો ગયા હૈ. ઇસલિયે ઉનકા ઉપકાર અનેક જગહ ગાયા હૈ. ઉતના હી નહીં, હમ આપકો ઇસકા બદલા કૈસે દેં ? કિ ઇસી ભવમેં આપકો જ્ઞાનપ્રાપ્તિ કરાયેંગે. વહ Promise દિયા હૈ ઔર કરાયા ભી હૈ.

(યહાં કહતે હૈં), 'અર્થાત્ વહ વૃત્તિ કહતી હૈ કિ હમેં આદિપુરુષકી પ્રાપ્તિ હુઈ હૈ...' સત્પુરુષકી વૃત્તિ ક્યા કહતી હૈ ? કિ, હમકો સ્વરૂપકા અનુભવ હુઆ હૈ, પરમબ્રહ્મકા અનુભવ હુઆ હૈ. 'ઔર યહ એક હી પ્રાપ્ત કરને યોગ્ય હૈ, અન્ય કુછ ભી પ્રાપ્ત કરને યોગ્ય નહીં હૈ, ઇસલિયે આપ પ્રાપ્ત કીજિયે.' મુમુક્ષુકો કહતે હૈં કિ આપ ભી પ્રાપ્ત કરે.

'ઉલ્લાસમેં વારંવાર કહતી હૈ કિ આપ ઉસ પુરાણપુરુષકો પ્રાપ્ત કરેં, ઔર યદિ ઉસ પ્રાપ્તિકો અચલ પ્રેમસે ચાહેંગે તો હમ વહ આદિપુરુષ આપકો દે દેંગી.' ઔર યહાં બજાર મતલબ ક્યા હૈ ? મુમુક્ષુવૃન્દ. મુમુક્ષુવૃન્દમેં સત્પુરુષકી વૃત્તિ ઐસા બોલતી હૈ કિ હમકો

તો પરમબ્રહ્મકી પ્રાપ્તિ હો ગઈ. 'ઔર યદિ ઉસ પ્રાપ્તિકો અચલ પ્રેમસે ચાહેંગે તો...' કૈસે પ્રેમસે ? જો પ્રેમ કભી ભી કિસી પ્રકારકી કઠિનાઈ આનેસે, પ્રતિકૂલતા આનેસે વિચલીત હોતા નહીં ઉસકો અચલીત પ્રેમ કહતે હૈં. પ્રતિકૂલતાસે વહ વિચલીત હોનેવાલા નહીં હૈ. 'અચલ પ્રેમસે ચાહેંગે તો હમ વહ આદિપુરુષ આપકો દે દેંગી.' આપકા અચલ પ્રેમ દેખકર આપકો ભી અનુભવ કરા દેંગે. તો જ્ઞાનીપુરુષ મુમુક્ષુકો ઐસા કહતે હૈં કિ, આપકો અપને ગુણનિધાનકી અચલ પ્રેમસે પ્રાપ્તિ કરની હૈ ? હમ તુમકો કરા દેંગે, જાઓ !

મુમુક્ષુ :– કરા દેંગે નહીં, દે દેંગે.

પૂજ્ય ભાઈશ્રી :– દે દેંગે. હમ તુમકો આદિપુરુષ (દે દેંગે). હમારે દહીકી મટકીમેં માધવ હૈ, તુમકો દે દેંગે. બેચનેમેં – બીકનેમેં તો પૈસા લેકર દહી બેચા જાતા હૈ, યે તો મુમુક્ષુસે કુછ લિયે બિના ભગવાનકો દે દેતે હૈં, લો ઉઠાઓ !

'હમ ઇસે મટકીમેં રખકર બેચને નિકલી હૈં, ઔર ગ્રાહક દેખકર દે દેતી હૈં,...' ગ્રાહક ચાહિયે, સચ્ચા ગ્રાહક ચાહિયે. ઇસલિયે કોઈ ગ્રાહક બને, પુકાર ઇસલિયે કરતે હૈં કિ, કોઈ ગ્રાહક બને. 'ગ્રાહક બનો, અચલ પ્રેમસે કોઈ ગ્રાહક બનો, તો વાસુદેવકી પ્રાપ્તિ કરા દેંગી.' દેખો !

મુમુક્ષુ :– આત્માના ગ્રાહક ત્વરાથી થાઓ.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વદ્રવ્યકે ગ્રાહક ત્વરાસે હો ઔર પરદ્રવ્યકી ગ્રાહકતા ત્વરાસે તજો. યહ 'ત્વરા' શબ્દ આતા હૈ પૂર્ણતાકે લક્ષસે. બહુત Force આતા હૈ ન ! અભી–અભી પૂર્ણ હોના હૈ, અભી–અભી પૂર્ણ હોના હૈ, ઇતના Force આતા હૈ. વહ 'ત્વરા' શબ્દ યહાંસે નિકલા હૈ.

ગુરુદેવકો યહ બહુત જચ ગયા. તો ગુરુદેવને અપની ભાવનાકી જો ગાથાએઁ થી ઉસ પર જો પ્રવચન કિયે ઉસમેં ઉસ દસ વચનપર ભી પ્રવચન કિયે ઔર બોલે કિ બારહ અંગકા સાર હૈ. ક્યોંકિ પૂર્ણતાકા લક્ષ વહાંસે શુરૂ હુઆ ન ! વહાઁસે શુરૂઆત હોતી હૈ, બરાબર, યથાર્થ શુરૂઆત હોતી હૈ, કૈસી ? પૂર્ણતાકે લક્ષસે જો આગે બઢા, વહ ગિરેગા નહીં. વહ પૂર્ણતા લેકર રહેગા. પૂર્ણ હોકર રહેગા, ઐસી બાત હૈ, ઐસા Force આતા હૈ.

'મટકીમેં રખકર બેચને નિકલનેકા અર્થ યહ હૈ કિ સહસ્ત્રદલ કમલમેં હમેં વાસુદેવ ભગવાન મિલે હૈં, મક્ખનકા તો નામ માત્ર હૈ;...' હમકો તો વાસુદેવ ભગવાન મિલે હૈં.

'યદિ સારી સૃષ્ટિકો મથ કર મક્ખન નિકાલેં તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન હી મક્ખન નિકલતા હૈ.' પૂરી સૃષ્ટિમેંસે કોઈ મક્ખન નિકાલેં તો ક્યા હૈ ? જો વાસુદેવ હૈં વહી અમૃત હૈં, દૂસરા કોઈ અમૃત નહીં હૈ.

૨૦૬ પત્રમેં આખરી પંક્તિ હૈ, 'ભાગવતવાલી બાત આત્મજ્ઞાનસે જાની હુઈ હૈ.' 'મહાત્મા કબીરજીકી દૂસરી પુસ્તકેં મિલ સકેં તો ભેજનેકી કૃપા કીજિયેગા. પારમાર્થિક વિષયમેં અભી મૌન રહનેકા કારણ પરમાત્માકી ઇચ્છા હૈ. જબ તક અસંગ નહીં હોંગે ઔર ઉસકે બાદ ઉસકી ઇચ્છા નહીં હોગી તબ તક પ્રગટરૂપસે માર્ગ નહીં કહેંગે, ઔર ઐસા સભી મહાત્માઓંકા રિવાજ હૈ. હમ તો દીન માત્ર હૈ. ભાગવતવાલી બાત આત્મજ્ઞાનસે જાની હુઈ હૈ.' યહ હમારે આત્મજ્ઞાન - અનુભવકા વિષય હૈ.

ભાગવતશાસ્ત્ર હૈ. શ્રીકૃષ્ણ હૈં વહ કોઈ અન્યમતિ નહીં હૈં. શ્રીકૃષ્ણ જૈન થે, કૌન થે ? ઉનકો સોલહ હજાર એકસો આઠ રાનિયાં થી. તીન ખંડકે વાસુદેવ થે ન ! તો એક રાનીકા એક સોનેકા મહલ, સોનેકી દ્વારિકા થી ન ! એક રાનીકા એક સોનેકા મહલ ઔર એક રાનીકો એક સોનેકા જિનમંદિર. તો સોલહ હજાર એકસો આઠ રાનિયાં થી ઔર સોલહ હજાર એકસો આઠ મહલ થે ઔર સોલહ હજાર એકસો આઠ જિનમંદિર થે. અપને Complexમેં ! વહ ઐસા Complex બના હુઆ થા. આજકલ Complex બનાતે હૈં ન ! નહાનેકા - સ્નાન કરનેકા હોજ બનાતે હૈં ઔર ખેલને કે લિયે કોર્ટ બનાતે હૈં, તો ધર્માત્મા હૈં વે જિનમંદિર બનાતે હૈં. જિસકો જૈસા રાગ ! ધર્માત્મા હોતે હૈં વે જિનમંદિર બનાયેંગે. વે જૈન થે. વહ અપને યહાં હરિવંશપુરાણ હૈ, હરિવંશપુરાણ હૈ. લેકિન ઉનલોગોંને કોઈ વિશેષરૂપસે યહ બાત લિખી હૈ, તો વહ મૂલ બાતકી ઉપમા હૈ. વહ ભી અધ્યાત્મ ભાગવતમેં ઐસા હી ઉતારતે હૈં, અપને આત્માપર, પરબ્રહ્મ પર હી ઉતારતે હૈં.

અત્યારે જે ભાગવત છે એ અન્યમતનું શાસ્ત્ર છે પણ એની અંદર અમુક મૂળ વાતો રહી ગઈ છે. મૂલ બાત જો રહ ગઈ હૈ, અપનેકો તો ઉસસે મતલબ હૈ.

જૈસે અભી જો શ્વેતાંબરકે શાસ્ત્ર હૈં, ઉસમેં ભી યહ ગડબડ હો ગઈ, લેકિન ઉસમેં 'આચારાંગ'કા પહલા સૂત્ર ક્યા હૈ ? 'જો એગં જાણઈ, સો સવ્વં જાણઈ' વહ નિર્ગ્રંથ પ્રવચન હૈ, વહ મૂલ બાત હૈ. તો મૂલ બાત તો હરજગહ કહીં ન કહીં રહ ગઈ હૈ. અપને તો મૂલ બાતસે સંબંધ હૈ, દૂસરી બાતસે સંબંધ નહીં હૈ. મૂલ બાતકો જાને ઔર વહાં સ્થિર હોવે - ઉસકો પકડે.

'ઐસે સૂક્ષ્મ સ્વરૂપકો સ્થૂલ બનાકર વ્યાસજીને અદ્ભુત ભક્તિકા ગાન કિયા હૈ. યહ કથા ઔર સમસ્ત ભાગવત ઇસ એકકો હી પ્રાપ્ત કરાનેકે લિયે અક્ષરશઃ ભરપૂર હૈ.' આત્માકો પ્રાપ્ત કરાનેકી વહ બાત હૈ. 'ઔર વહ મુઝે (હમેં) બહુત સમય પહલે સમઝમેં આ ગયા હૈ;...' ઉનલોગોંકો સમઝમેં આયે કિ નહીં આયે ! વહ તો કૃષ્ણકો ભગવાન માનકરકે સમઝતે હૈં, હમકો હમારે જ્ઞાનમેં તો દૂસરી રીતસે સબ સમઝમેં આયા હૈ.

'આજ અતિ અતિ સ્મરણમેં હૈ; ક્યોંકિ સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ હૈ,...' ઇસલિયે વહ બાત જ્યાદા સ્મરણમેં આયી. 'ઔર ઇસી કારણ આજકી પરમ અદ્ભુત દશા હૈ.' અપની દશાકી ખુલ્લી ચર્ચા કી હૈ. 'ઐસી દશાસે જીવ ઉન્મત્ત ભી હુએ બિના નહીં રહેગા,...' ઐસી દશા આયગી તો દૂસરોંકો પાગલ દિખેગા કિ યહ ક્યા પાગલ હો ગયા હૈ ? માન લો ન પાગલ હો ગયા હૈ તો હો ગયા હૈ ! અબ જ્ઞાનીકો જગતકે Certificateકી જરૂરત નહીં હૈ.

'ઔર વાસુદેવ હરિ જાન-બૂઝકર કુછ સમયકે લિયે અદશ્ય ભી હો જાયેં, ઐસે લક્ષણકે ધારક હૈં.' કૈસી બાત લિખી હૈ ! કોઈ ચ્યુત હો જાય તો અનુભવદશા છૂટ જાયે. યે વાસુદેવ હરિ હૈં (વે) થોડા અપલક્ષણવાલે હૈં, કભી–કભી અંતર્ધાન હો જાતે હૈં 'ઇસલિયે હમ અસંગતા ચાહતે હૈં;...' કિ (ઉન્હેં) અંતર્ધાન હોને દેંગે નહીં. 'ઔર આપકા સહવાસ ભી અસંગતા હી હૈ, ઇસલિયે ભી વહ હમેં વિશેષ પ્રિય હૈ.' અસંગતાસે ભી આપકા સમાગમ હમકો જ્યાદા પ્રિય હૈ.

ઇસ તરહસે સત્સંગકા ભી માહાત્મ્ય બતાયા ઔર પરાભક્તિ ક્યા ચીજ હોતી હૈ ? ઔર ઉસસે કિતને લાભકી પ્રાપ્તિ હોતી હૈ ? વહ સબ બાત લી. યહાં તક રખતે હૈં.

વિશેષ કહેંગે...

તા. ૧૪-૦૫-૧૯૯૫, પ્રવચન નં. ૪૮
પત્રાંક - ૨૦૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક ૨૦૧ ચલતા હૈ. આખિરમેં જો બાત ચલી, વહ ભાગવતમેં જો બાત લિખી હૈ, વહ બાત હમેં બહુત સમય પહલે સમઝમેં આયી થી, આજ ઉસકા અતિ અતિ સ્મરણ હૈ, વિશેષ સ્મરણ હૈ. કારણ સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ હૈ. ઐસી હી દશાકા – અભેદદશાકા જો વર્ણન કિયા હૈ ઐસી અનુભવપ્રાપ્તિ હૈ.

'ઔર ઇસી કારણ આજકી પરમ અદ્ભુત દશા હૈ.' આજ જો વિશેષરૂપસે શુદ્ધોપયોગ હુઆ હૈ યહ ઈસી કારણસે હુઆ હૈ. ઔર ઐસી અદ્ભુત દશા આનેસે જીવ ઉન્મત્ત હુએ બિના ભી રહેગા નહીં. ઉન્મત્તતા આ જાયે ઐસી દશા હૈ. કૈસી દશા હૈ ? ઉન્મત્તતા આ જાયે. ઉન્મત્તતા માને ક્યા ? જૈસે કિસીકો પાગલપન કહતે હૈં. બહુત લાભ હુઆ હો તો હર્ષસે ઉતના વિભોર હો જાયે, ઇતના વિભોર હો જાયે કિ કિસીકો ઉન્મત્તદશા લગે.

'ઔર વાસુદેવ હરિ...' વાસુદેવ હરિ માને અપના આત્મા. વાસુદેવ હરિ ચાહીને, ચાહીને કા હિન્દી ક્યા કિયા હૈ ? વાસુદેવ હરિ જાન-બૂઝકર અંતર્ધાન હો જાતા હૈ. અંતર્ધાન ભી હો જાયેં ઐસે લક્ષણકે ધારક હૈં. અદશ્ય હો જાયેં, અંતર્ધ્યાન માને અદશ્ય હો જાયેં. કુછ સમયકે લિયે અદશ્ય હો જાય, કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય 'ઔર વાસુદેવ હરિ જાન-બૂઝકર કુછ સમયકે લિયે અદશ્ય ભી હો જાયેં, ઐસે લક્ષણકે ધારક ભી હૈં.' ક્યા કહના ચાહતે હૈં ? કિ, જો અનુભવ હુઆ હૈ, ફિર કુછ કાલ તક અનુભવ નહીં હોવે યા કોઈ વિશેષ બાહ્યવૃત્તિ હો જાયેં તો મિથ્યાત્વદશા આ જાયેં તો પરિણતિ ભી નહીં રહે તો ફિર ઉસકો કહાં ઢુંઢના ? વહ તો અદશ્ય હો ગયા.

'ઇસલિયે હમ અસંગતા ચાહતે હૈં;...' અસંગ રહેંગે, લોગોંકા સંગ નહીં રખેંગે તો વાસુદેવ અદશ્ય હોંગે નહીં, માને આત્માકા જો દર્શન હૈ વહ ચાલુ રહેગા, સાક્ષાત્કાર હૈ

વહ મિટેગા નહીં.

પ્રશ્ન :– કોઈ જ્ઞાની શુદ્ધોપયોગમેં વારંવાર આતે હૈં તો કોઈ જ્ઞાની જૈસે નહીં ભી આતે હો, ઉસમેં ક્યા યહ લાગૂ પડતા હૈ કિ કુછ કાલ કે લિયે અંતર્ધાન હો ગયે ?

સમાધાન :– નહીં, ઉસમેં પરિણતિ તો જ્ઞાનીકી નહીં જાતી, જ્ઞાનીકી પરિણતિ તો નહીં જાતી. ફિર ભી જ્ઞાની શુદ્ધોપયોગમેં રહના ચાહતે હૈં.

મુમુક્ષુ :– અસંગતા ઉસમેં નિમિત્તકારણ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, સંગસે બાહ્યવૃત્તિ ઔર જાતી હૈ. સંગ બઢનેસે, લૌકિકસંગ બઢનેસે બાહ્ય ઉપયોગ બઢેગા ઔર અસંગતા રહનેસે અંતર ઉપયોગ વિશેષ રહેગા. ઇતના તો ફર્ક પડતા હૈ.

'ઇસલિયે હમ અસંગતા ચાહતે હૈં; ઔર આપકા સહવાસ ભી અસંગતા હી હૈ,...' સોભાગભાઈકો લિખતે હૈં કિ આપકા સહવાસ, આપકા સંગ હૈ વહ સંગ નહીં હૈ, વહ તો અસંગતાકે બરાબર હૈ. 'ઇસલિયે ભી વહ હમેં વિશેષ પ્રિય હૈ.' જૂની પ્રતમાં એ વાત રાખી છે કે નથી રાખી ? નથી રાખી ને ? કાઢી નાખી છે ને ? સોભાગભાઈનું બહુમાન કર્યું છે એટલું કાઢી નાખ્યું છે.

અસંગતાસે ભી વિશેષ પ્રિય હૈ ! આપકા જો સંગ હૈ વહ અસંગતાસે ભી વિશેષ પ્રિય હૈ. ઇસસે ક્યા સારાંશ નિકલતા હૈ ? કિ, જ્ઞાનીકો ભી યથાર્થ સત્સંગ મિલતા હૈ તો ઉસમેં ઉસકા આત્મભાવ એકાન્તસે ભી ઔર આવિર્ભાવ હોતા હૈ. અસંગતાસે ભી અધિક પ્રિય હૈ ઐસા લિખા હૈ ન ? તો જો અસંગતા હૈ, ઉસસે ભી અધિક પ્રિય હૈ ઇસકા મતલબ ક્યા હૈ કિ સત્સંગકો વે વિશેષ મહત્ત્વ દેતે થે. ઇતના સત્સંગકા મૂલ્ય હૈ. સત્સંગકા મૂલ્ય કિતને તક હૈ ? ઇતની હદ તક હૈ.

અબ લિખતે હૈં કિ, 'સત્સંગકી યહાં કમી હૈ,...' યહાં માને બંબઈમેં સત્સંગકી કમી હૈ. કોઈ કોઈ મુમુક્ષુ થે, આતે થે, ફિર ભી જો યથાર્થ સત્સંગ ઉનકો હોના ચાહિયે ઐસા સત્સંગ વહાઁ નહીં થા તો ઉસકી કમી હૈ વહ લગતી થી. 'સત્સંગકી યહાં કમી હૈ, ઔર વિકટ વાસમેં નિવાસ હૈ.' ઔર જો ભી વ્યવસાય આદિ હૈ વહ તો વિકટ વાસ હૈ. ધંધા, વ્યાપાર વહ વિકટ વાસ હૈ. સંસારીજીવ કો તો જો વ્યવસાયકા સ્થાન હૈ ઉસમેં રસ આતા હૈ, ઉત્સાહસે વહ વ્યવસાય કરતા હૈ, ઉમંગસે કરતા હૈ. જ્ઞાની કહતે હૈં કિ હમકો વિકટ વાસ હૈ. બિલકુલ સુહાતા નહીં હૈ.

'ઔર વિકટ વાસમેં નિવાસ હૈ. હરીચ્છાસે ઘૂમને-ફિરનેકી વૃત્તિ હૈ.' યહાંસે હમ ઘૂમ જાયે, ફિર જાયે, ઐસી હમારી પરિણતિ હૈ કિ હમ ઉદાસીન હો સકતે હૈં 'ઇસલિયે કુછ ખેદ તો નહીં હૈ;...' ઇસલિયે ઇતના ખેદ નહીં હૈ કિ યહાંસે હમ એકાકાર હોકર હમ વિકટ વાસમેં રહતે નહીં હૈ, વહાંસે નિકલ જાતે હૈં.

મુમુક્ષુ :- હરિઇચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હર્યાફર્યાની વૃત્તિ એટલે હરવું-ફરવું એટલે ત્યાં ને ત્યાં અમે રહેતા નથી, એમ. વિકટ વાસમાં રહેતા નથી. હરિ ઇચ્છાસે એટલે આત્માના પુરુષાર્થથી, આત્માકે પુરુષાર્થસે વહાંસે ફિર સકતે હૈં ઇસલિયે ઇતના ખેદ નહીં હૈ. પુરુષાર્થ ચલતા હૈ તો ઉતના ખેદ નહીં હૈ, ભિન્નત્વ રહતા હૈ તો ઉતના ખેદ નહીં હૈ.

'ઇસલિયે કુછ ખેદ તો નહીં હૈ; પરન્તુ ભેદકા પ્રકાશ નહીં કિયા જા સકતા,...' ભેદ માને રહસ્ય, જો હમારે અનુભવકા રહસ્ય હૈ વહ કિસકે પાસ ખોલે ? કોઈ પાત્ર તો હોના ચાહિયે ન ! હરજગહ વહ બાત કરનેકા કોઈ મતલબ નહીં હૈ. જો કોઈ ઉસ બાત કો સમઝ સકે ઉનકે પાસ વહ બાત હો સકતી હૈ, વહ ઝેલ સકે. ઇસલિયે 'ભેદકા પ્રકાશ નહીં કિયા જા સકતા, યહ ચિંતના નિરંતર રહા કરતી હૈ.' ઉસકી ચિંતા રહતી હૈ કિ, ઐસા કોઈ પાત્ર નહીં હૈ કિ હમ હમારે અનુભવકી બાત કિસીકો કરે. અનુભવ કૈસે હો ઐસા રહસ્ય ખોલે ઐસા કોઈ પાત્ર યહાં દેખનેમેં નહીં આતા હૈ. ઇસકા મતલબ ભી યહ હુઆ કિ જ્ઞાની જો અધ્યાત્મકા અનુભવકા રહસ્ય ખોલતે હૈં, ભેદ – વહ અંદરકા ભેદ હૈ, રહસ્ય હૈ, વહ કિસકે પાસ ખોલતે હૈં ? જો ઉસકે લાયક હોતે (હૈં) ઉનકે પાસ ખોલતે હૈં. સબકે પાસ વહ બાત હોતી નહીં હૈ.

મુમુક્ષુ :- સોભાગભાઈ તો પાત્ર જીવ હતા ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ચીજ મુંબઈમાં નથી એમ કહે છે. યહાં ઐસા કોઈ નહીં હૈ ઇસલિયે ચિંતા રહતી હૈ.

પ્રશ્ન :- સોભાગભાઈને અને કૃપાળુદેવને બન્નેને ભાવના હતી, પ્રેમ હતો તો કેમ દૂર રહ્યા હતા ?

સમાધાન :- એવા કોઈ પૂર્વ પ્રારબ્ધના બંધનમાં (હતા). કૃપાલુદેવકો પ્રારબ્ધકા બંધન થા ઔર સોભાગભાઈકો કુછ પ્રતિબંધ થા. થોડાસા કુછ પ્રતિબંધ થા ઔર પ્રારબ્ધકા બંધન ઉનકો ભી થા. તો પ્રારબ્ધયોગસે અલગ રહના હોતા થા, ચાહતે નહીં થે. ઉનકા સંગ

તો અસંગતાસે વિશેષ પ્રિય થા, ફિર ભી (દૂર) રહના પડતા થા તો રહતે થે, કભી–કભી મિલતે થે, બાકી હરહમેશ સાથમેં રહ સકતે નહીં થે.

'આજ ભૂધર એક પત્ર દે ગયે હૈં. તથા આપકા એક પત્ર સીધા મિલા હૈ.' એક પત્ર તો આપકા ભૂધર દે ગયે હૈં ઔર એક પત્ર સીધા ભી મિલા હૈ. એક દિનમેં દો પત્ર મિલે.

'મણિકો ભેજી હુઈ વચનાવલીમેં આપકી પ્રસન્નતાસે હમારી પ્રસન્નતાકો ઉત્તેજન મિલા હૈ.' મણિભાઈ સોભાગભાઈકે પુત્ર થે. ઇનકે લિયે એક ચૌદહ વચનોંકી વચનાવલી ભેજી થી. આવલી માને સમૂહ, વચનકે આવલી, વચનકે સમૂહકો વચનાવલી કહતે હૈં. મણિ માને મણિભાઈકો ભેજી હુઈ વચનાવલીમેં, વહ વચનાવલી સોભાગભાઈને ભી પઢી ઔર લિખા કિ યહ વચનાવલી તો બહુત સુંદર હૈ, બહુત અચ્છી હૈ, હમકો તો બહુત પ્રસન્નતા હુઈ. (તો કૃપાલુદેવને લિખા કિ) આપકો પ્રસન્નતા હુઈ તો આપકી પ્રસન્નતાને હમારી પ્રસન્નતાકો ભી ઉત્તેજના દે દી હૈં. ઉસ બાતમેં હમારી પ્રસન્નતા તો થી, હમારી પ્રસન્નતા ઔર બઢ ગયી હૈ.

યહ જો ૨૦૦ નંબરકા આંક હૈ વહ વચનાવલી હૈ. 'ઇસમેં...' માને ઇસ વચનાવલીમેં 'સંતકા અદ્‌ભુત માર્ગ પ્રગટ કિયા હૈ.' યે ચૌદહ વચન હૈ ઉસમેં સંતકા અદ્‌ભુત માર્ગ પ્રકાશિત કિયા હૈ. આખરી વચન ક્યા લિખા હૈ ? આખરી વચન જો લિખા હૈ ન ! 'ઇસ ગુપ્ત તત્ત્વકા જો આરાધન કરતા હૈ, વહ પ્રત્યક્ષ અમૃતકો પાકર અભય હોતા હૈ.' માને ચૌદહ વચનમેં તેરહ વચન તો ઐસે હૈં, ચૌદહવાં તો વહ વચન હૈ કિ ઉપરકી બાત જો હૈ, યહ હમારી ગુપ્ત બાત હૈ, ગુપ્ત તત્ત્વ હૈ, યહ ખુલ્લી બાત નહીં હૈ. ક્યોં ? કિ ઉસમેં સત્પુરુષકે વિષયકી ખાસ બાત લિખી હૈ. તો વહ બાત લોગોંકો સમઝમેં નહીં આતી, સત્પુરુષવાલી બાત સમઝમેં નહીં આતી ! દૂસર–દૂસરી બાત સમઝમેં આતી હૈ લેકિન સત્પુરુષવાલી બાત અચ્છે–અચ્છેકો સમઝમેં નહીં આતી. દ્રવ્યાનુયોગકા સિદ્ધાંત સમઝેગા, એક સમયકે ષટ્‌કારકકી બાત કરેગા (લેકિન) સત્પુરુષકી બાતમેં ગરબડ હો જાતી હૈ. વહ ગુપ્ત તત્ત્વ હૈ, ક્યોં ? ક્યોંકિ યહ ગુપ્ત તત્ત્વ હૈ. ગુપ્ત તત્ત્વ જિસકે સમઝમેં આ ગયા, ઉસકો અમૃત મિલ જાયેગા ઔર ઉસકા સબ ભય છૂટ જાયેગા. ફિર વહ નિર્ભય હો જાયેગા. અમૃત મિલે તો ફિર ઉસકો મૃત્યુકા ભી ભય નહીં હોગા. આખિરમેં ક્યા Total લગાયા હૈ, દેખો !

પ્રશ્ન :- ગુપ્ત ક્યોં રખા હૈ ?

સમાધાન :- ગુપ્ત નહીં રખા હૈ લેકિન જગતમેં ગુપ્ત રહ ગયા હૈ. કૃપાલુદેવને તો સબ બાત ખોલ દી હૈ. ઉન્હોંને તો બહુત બાત ખોલી. ફિર ભી જગતમેં વહ બાત (ગુપ્ત રહ ગયી હૈ). સત્પુરુષસે કિતના લાભ હોતા હૈ, વહ બાત લોગોંકો સમઝમેં નહીં આતી હૈ. જિસકી સમઝમેં આતી હૈ વે ઉસકે પીછે પાગલ હો જાતે હૈં. તો ઉનકા તો નિવેડા હો જાતા હૈ. લેકિન બહુત કમકો યહ બાત આતી હૈ. બહુત કમ લોગોંકો યહ બાત સમઝમેં આતી હૈ કિ સત્પુરુષકે પ્રત્યક્ષયોગકા મહત્ત્વ કિતના હોતા હૈ ! વહ બાત બહુત કમ લોગોંકો સમઝમેં આતી હૈ. જિસકો સમઝમેં આતી હૈ વહ ઉસકે પીછે (લગ જાતે હૈં). 'પીછે લાગ સત્પુરુષકે તો સબ બંધન તોડ' ઉસકે તો સબ બંધન ટૂટ જાયેંગે, વહ સંસારસે તિર જાયેગા.

'યદિ મણિ એક હી વૃત્તિસે ઇન વાક્યોંકા આરાધન કરેગા,...' જો વચનાવલીમેં ચૌદહ વચન લિખે હૈં (ઉનકા) આરાધન કરેગા, પઢ લેગા નહીં, ક્યા ? પઢનેમેં તો પાંચ મિનિટ લગેગી લેકિન જૈસા કહા હૈ વૈસા અમલીકરણ કરેગા, ઉસકો આરાધન (કહા) (ઐસા કહતે હૈં). 'ઔર ઉસી પુરુષકી આજ્ઞામેં લીન રહેગા...' વહ સત્પુરુષકી આજ્ઞામેં લીન હો જાયેગા, કોઈ વિકલ્પ નહીં ઉઠે 'તો અનન્તકાલસે પ્રાપ્ત હુઆ પરિભ્રમણ મિટ જાયેગા.' મણિભાઈકા ભી નિવેડા (હો) જાયેગા, આરાધન કરના ચાહિયે.

સત્પુરુષકી આજ્ઞામેં લીન રહના, બસ ! બાત ખતમ ! ઉસકા સબ કુછ હો ગયા, ઉસકા નિવેડા હો ગયા. વહ તિર ગયા. માર્ગકો કિતના આસાન કર દિયા, દેખો ! આપકો કુછ માથા હી નહીં લગાના હૈ ન ! કહીં સિરફોડી કરના હી નહીં હૈ ન ! સત્પુરુષકી આજ્ઞામેં લીન હો જાઓ, જાઓ ! બાત ખતમ ! વહ તિર ગયા. ઉસકા નિવેડા હો હી જાયેગા.

ગુરુદેવને ભી ઐસા કહા હૈ, કહા હૈ કિ નહીં કહા હૈ ? કહાં કહા હૈ ? વહ બાત 'ધન્ય અવતાર'મેં કહી હૈ. જો વળગીને રહેગા ઉસકા નિવેડા હો જાયેગા. સબકા અભિપ્રાય તો એક હી હોતા હૈ ન ! કુછ વિદ્વાનોંને ઐસા અર્થ નિકાલા કિ, યહ તો નિમિત્તસે હોતા હૈ ઐસી બાત હો ગયી. ઐસી બાત કાનજીસ્વામી કરેંગે તો કાનજીસ્વામીકી ઇજ્જત લોગ કૈસે કરેંગે ? ઇસલિયે ઇસકો નિકાલ દો, ઇસકો પ્રસિદ્ધ મત કરો. અરે... ભાઈ ! ભક્તિ તો ભક્તિકે તૌરસે હોતી હૈ. ભગવાનકી ભક્તિમેં ક્યા કહેગા ? તુમ હમારા કુછ નહીં કર સકતે, ઐસે ભક્તિ કરેગા ? ભગવાનકે સામને બૈઠકરકે કૈસે ભક્તિ કરેગા ? તુમ

હમારા કુછ નહીં કર સકતે. તુમ વીતરાગ હોનેપર ભી હમ તો તુમસે ઉતના રાગ કરેંગે કિ જિતના મૈં કિસીસે રાગ કરુંગા નહીં, ઉતના રાગ તુમસે કરુંગા.

મુમુક્ષુ :– ઐસી ભક્તિ આયે બિના સંસારભક્તિ ટૂટ નહીં સકતી.

પૂજ્ય ભાઈશ્રી :– સંસારભક્તિ છૂટેગી નહીં. ઇસ તરફ ઇતની ભક્તિ આયે બિના સંસારભક્તિ છૂટેગી નહીં. પ્રીતિ કહો, રુચિ કહો, સંસારકા પ્રેમ કહો. ઇધર પ્રેમ હોનેસે ઉધરકા છૂટેગા. દો જગહ (પ્રેમ) રહેગા નહીં, ક્યોંકિ વિરુદ્ધ હૈ ઇસલિયે. ઐસી બાત હૈ.

પેલું પદ છે. ઘાટકોપરમાં લિયા થા ન ? 'મૈને કિનો નહીં તુમ બિન ઔર સુરાગ' તુમ તો વીતરાગ હો લેકિન તેરે પ્રતિ મૈને જિતના રાગ કિયા હૈ ઉતના કદા મૈં ઔર જગહ ભી નહીં કરતા

'મણિ માયાકા મોહ વિશેષ રખતા હૈ,...' માયા માને પૈસા. ક્યા હૈ કિ, આર્થિકસ્થિતિ તો કમજોર થી. લડકે બડે-બડે હુએ થે, સોભાગભાઈ તો વૃદ્ધ અવસ્થામેં થે તો ઉનકે પુત્ર જો હૈં વે ભી વ્યવસાય કરને લાયક થે, કરતે ભી થે, લેકિન વહ અનુકૂલતા તો પૂર્વ પ્રારબ્ધ અનુસાર હોતી હૈ. આકૂલતા બઢ જાતી હૈ. તો લિખતે હૈં કિ 'મણિ માયાકા મોહ વિશેષ રખતા હૈ, કિ જો માર્ગપ્રાપ્તિમેં બડા પ્રતિબંધ ગિના ગયા હૈ.' માર્ગપ્રાપ્તિમેં પ્રતિબંધ હૈ. 'માર્ગપ્રાપ્તિમેં બડા પ્રતિબંધ ગિના ગયા હૈ.' જિતના પ્રતિબંધ હૈ, આધારબુદ્ધિ આતી હૈ, સુખબુદ્ધિ આતી હૈ, ઇસસે વહ માર્ગપ્રાપ્તિમેં બડા પ્રતિબંધ હો જાતા હૈ.

મુમુક્ષુ :– સુબહકો શામકા નહીં થા, ક્યા કરે ?

પૂજ્ય ભાઈશ્રી :– કરે કુછ ભી.

મુમુક્ષુ :– સુબહકો શામકા ખાનેકા નહીં થા ઔર શામકો સુબહકા નહીં થા.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં હો તો ભી આધારબુદ્ધિ ઔર સુખબુદ્ધિ બિના કુછ ભી કરે, કરે તો (ભી). ક્યા હૈ ? કરના તો હોગા, દેહ હૈ ઇસલિયે આજીવિકાકી પ્રવૃત્તિ સબકો કરની તો હોગી, લેકિન આધારબુદ્ધિ ઔર સુખબુદ્ધિસે નહીં હોના. વહ બાત સમજને લાયક હૈ. જૈસા હોગા વૈસા હોગા. પરિસ્થિતિ અનુસાર, યોગ્યતા અનુસાર વિકલ્પ તો આયે બિના રહેગા નહીં. પરિસ્થિતિ ઔર યોગ્યતા દોનોં કામ તો કરેંગે. લેકિન સુખબુદ્ધિ ઔર આધારબુદ્ધિ કિતની હૈ વહ સવાલ હૈ. જો સુખબુદ્ધિ ઔર આધારબુદ્ધિ હૈ વહ પ્રતિબંધ હૈ, વહ નહીં હોની (ચાહિયે), ઐસી બાત હૈ. વહ તો ઇસ વિષયકી Technique હૈ. વ્યવસાય તો ખુદ હી કરતે થે. ચિટ્ઠી તો બંબઈસે લિખ રહે હૈં. ચોબીસવાં સાલ હૈ ન ? જ્ઞાનદશા હો ગયી

है, व्यवसायमें बैठे हैं लेकिन आधारबुद्धि और सुखबुद्धि नहीं है.

प्रश्न :- अंदरमां अवलंबन आवे छे तो ज आ थाय ने ?

समाधान :- हा, अंदरमां अवलंबन आवे. अंदरमां सुख भंडार अपना आत्मा दिखे और वहांसे सुखका स्रोत - सुखका प्रवाह चालु हो, तो बाहरमें तो प्रत्यक्ष है, किसमें सुख है ? किस परमाणुकी पर्यायमें सुख है ? दिखता है कहीं ? गुण नहीं है, सुखकी पर्याय नहीं है. वह तो जड है. सुख तो चेतनमें होता है, जडमें सुख कहांसे होगा ? ज्ञानीको तो स्पष्ट है कि, उसमें सुख दिखता नहीं है. (व्यवसाय) करते थे, लेकिन वेठकी तरह करते थे. बेगारी कहते हैं न ? बेगारी की तरह वेठ करते थे. ठीक है, प्रारब्ध है, करना पडता है, इससे कोई हमको लाभ होनेवाला नहीं है. और आधारबुद्धि और सुखबुद्धि बिना करे तो सफलता भी ज्यादा मिले, क्योंकि वहांसे पुण्ययोग आता है और आधारबुद्धि और सुखबुद्धि करे तो पापयोग होता है.

प्रश्न :- आत्मामें सुख है इसका पुरावा है कुछ ?

समाधान :- हां, पुरावा है, प्रगट पुरावा है, पुरावा है इतना ही नहीं, प्रगट पुरावा है. अपने ज्ञानसामान्यको देख लो ! वह प्रगट है, वह अकषायस्वरूप है. ज्ञान कषायस्वरूप है या अकषायस्वरूप है ? तो ज्ञान प्रगट है कि नहीं ? ज्ञान प्रगट है, 'प्रसिद्ध ही ज्ञानं' ज्ञान तो प्रसिद्ध है. सबको प्रगट है, सबको उसकी प्राप्ति है और वह अकषायस्वरूप है.

प्रश्न :- जिसके पास सुबह-शाम का खाना नहीं होता उसकी आकुलता दिखती है. जिसके पास आजीविका साधन है उसमें क्या फर्क है ?

समाधान :- वह भागदौड बाहरसे नहीं करता है, (लेकिन) अंदर कितनी उपाधि लेकर बैठा है ! मुझे सहज आमदनी हो रही है, मुझे अच्छी आमदनी बिना परिश्रम हो रही है, उसका जो रस लेता है उसमें बहुत आकुलता पडी है, उसमें बहुत आकुलता पडी है. और जो भागदौड करता है वह भी आकुलता करता है. एक की दिखायी देती है, एक की नहीं दिखायी देती, लेकिन दोनोंमें (आकुलता) बहुत है. भले ही आकुलता दिखायी नहीं दे लेकिन आधारबुद्धि तो पडी है कि, अब मुझे कोई चिंता नहीं है. अपने पास बराबर आमदनी है, बराबर संपत्ति है, अब मुझे कोई चिंता नहीं है, वह रस पडा है. उसे रसमें बहुत आकुलता है, उसे रसमें भी बहुत आकुलता है.

मुमुक्षु :- आकुलता दूसरेको दिखानेकी नहीं होती है.

પૂજ્ય ભાઈશ્રી :- દૂસરેકો દિખે, નહીં દિખે ઇસસે ક્યા મતલબ હૈ ? અભિપ્રાયમેં ક્યા પડા હૈ ? ઉસમેં આકુલતા બહુત ભરી હૈ. જ્ઞાની ક્યા કહતે હૈં માલૂમ હૈ ? કોઈ ઐસા કહતે હૈં કિ, હમકો પ્રમાદ હૈ ઇસલિયે હમકો ખાસ તત્ત્વકા વિચાર, ચિંતન, સ્વાધ્યાય ચલતા નહીં હૈ, પ્રમાદકે કારણસે બહુત ઐસે વિકલ્પ નહીં આતે હૈં કિ સ્વાધ્યાય કરે, ચિંતન કરે યા તત્ત્વવિચાર કરે, (તો હમકો) પ્રમાદ રહતા હૈ, લેકિન ઐસે અશાંતિ નહીં હૈ. પ્રમાદ હૈ લેકિન ઉસકો અશાંતિ નહીં દિખેગી. પ્રમાદવશ ક્યા હૈ અશાંતિ (નહીં દિખેગી), આલસી દિખેગા. જો આલસી હોતા હૈ ઉસકો અશાંતિ નહીં દિખેગી. જ્ઞાની ઉસકો ક્યા કહતે હૈં, માલૂમ હૈ ? કષાય અંદરમેં ભરા પડા હૈ, ક્યા ? જૈસા રક્ષામેં અગ્નિ ભરા હુઆ હૈ તો અગ્નિ દિખતા નહીં હૈ. અગ્નિ પર રક્ષા-રાખ આ જાતી હૈ તો અગ્નિ નહીં દિખતા હૈ, લેકિન બરાબર અગ્નિ અંદરમેં હૈ. ઐસે કષાયઅગ્નિ પ્રમાદમેં તો કાફી ભરી હુયી હૈ. તો જહાં કષાય (હૈ) વહાં આકુલતા હૈ, જહાં કષાય હૈ વહાં આકુલતા હૈ. કષાયકે અભાવમેં આકુલતા નહીં હૈ, કષાય હૈ વહાં તો આકુલતા હૈ હી.

પ્રશ્ન :- સામાન્યજ્ઞાન તક તો હમ પહુંચ નહીં પાયે હૈં તો....?

સમાધાન :- નહીં પહુંચ પાયે તો પ્રયાસ કરો. સામાન્યજ્ઞાન તક હમ નહીં પહુંચ પાયે તો પહુંચનેકા પ્રયાસ કરો, પ્રગટ તો હૈ. ઔર કોઈ ઔર જગહ તો હૈ નહીં. અપને પરિણમનમેં પ્રગટ હૈ, કોઈ દૂર જાનેકા તો સવાલ હૈ નહી, પ્રયાસ કરો.

મુમુક્ષુ :- જહાં સત્પુરુષમેં પ્રગટ હૈ પહલે વહ દિખાયી દે તો યહાં દિખાયી દે, ઉસસે પહલે થોડી હી હોગા !

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહાં જ્યાદા પ્રગટ હૈ. સંગ કરકે ઉનકી શાંતિકો દેખો, ઉનકે સુખકો દેખો. ઉનકા સુખ દેખનેસે તુમ્હેં તુમ્હારા સુખ ભી દેખનેમેં આયેગા. પરિચયસે પહચાન કરો, પરિચય કરકે પહચાન કરો.

'આપકો જો પૂર્ણોપદોપદેશક અખરાવટ યા પદ ભેજનેકી ઇચ્છા હૈ,...' અખરાવટ માને કક્કો, કક્કો માને ક, ખ, ગ, ઘ, સે કોઈ પદરચના કરકે ભેજનેકી બાત હૈ. 'આપકો પૂર્ણોપદોપદેશક અખરાવટ...' કક્કા કો અખરાવટ કહતે હૈં, નયા શબ્દ હૈ. 'અખરાવટ યા પદ ભેજનેકી ઇચ્છા હૈ, વહ કિસ ઢાલમેં અથવા રાગમેં હો ઇસકે લિયે આપકો જો યોગ્ય લગે વહ લિખેં.' આપકો જો પ્રિય ઢાલ ઔર પ્રિય રાગ હોગા ઉસમેં હમ રચના કર દેંગે.

મુમુક્ષુ :- ઉનકી ઉસમેં Mastery હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉસમેં તો Mastery હૈ, કવિત્વમેં તો Mastery થી કિ જો Subject દો, જો રાગ ઔર ઢાલ દો, Immediate પદરચના કર દેતે હૈં.

'અનેકાનેક પ્રકારસે મનન કરનેપર...' ચિંતન કરનેપર, સોચનેપર, ગહરા વિચાર કરનેપર હમારા યહ દઢ નિશ્ચય હૈ કિ...' ઐસે ઉપરસે નિશ્ચય નહીં આયા હૈ. અનેકાનેક પ્રકાર સે, ગહરા ચિંતન કરકે હમારા યહ નિશ્ચય આયા હૈ 'કિ ભક્તિ સર્વોપરિ માર્ગ હૈ,...' યહ પરાભક્તિસે ચાલુ કિયા થા ન ? કિ ઇસ તરહસે પરબ્રહ્મકો ભી ઇસે વશ હોના પડતા હૈ, સત્પુરુષકો ભી વશ હોના પડતા હૈ, ભગવાનકો ભી વશ હોના પડતા હૈ. ઐસી જો બાત આતી હૈ ન ? વહ ઇતના જબરદસ્ત પદાર્થ હૈ !

મુમુક્ષુ :- 'આત્મસિદ્ધિ'કા બીજ યહાં બો દિયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ તો થા હી. 'આત્મસિદ્ધિ'કી બહુતસી બાતેં પત્રોંમેં આતી હૈં.

'અનેકાનેક પ્રકારસે મનન કરનેપર હમારા યહ દઢ નિશ્ચય હૈ કિ ભક્તિ સર્વોપરિ માર્ગ હૈ,...' કૌનસી ભક્તિ ? યહ હમ પદ ગાતે હૈં, વહ બાત નહીં હૈ. જ્ઞાનીકી પહચાન કરકે ઉનકે પ્રતિ જો ભક્તિ આતી હૈ, વહ ભક્તિ સર્વોપરિ માર્ગ હૈ. પહચાનસે સહી (ભક્તિ) આયેગી, ઓઘસંજ્ઞાસે ઉતની સહી નહીં આયેગી. ઓઘસંજ્ઞાસે ભક્તિ હોતી હૈ ઔર કભી કોઈ વિપર્યાસ રહ જાતા હૈ તો નિર્મલતા હી નહીં આતી. વિપર્યાસ બિના નિષ્કામ ભક્તિ ઓઘસંજ્ઞાસે હો તો થોડી નિર્મલતા આ સકતી હૈ, લેકિન પહચાનકે બાદ જો નિષ્કામ ભક્તિ રહતી હૈ, વહ તો સર્વોપરિ માર્ગ હૈ. સર્વોપરિ માર્ગ ઇસલિયે હૈ કિ, જ્ઞાનમાર્ગમેં યાની તત્ત્વજ્ઞાનકે અભ્યાસમેં ભૂલ હોનેકી સંભાવના હૈ, ક્રિયામાર્ગમેં ભી અહમ્‌ભાવ હોનેકી સંભાવના હૈ, જબકિ પહચાનકે બાદ ભક્તિ આઈ ઉસમેં તો કોઈ જોખિમ નહીં હૈ, કોઈ ભયસ્થાન નહીં હૈ ઇસલિયે વહ સર્વોપરિ માર્ગ હૈ.

મુમુક્ષુ :- જ્ઞાનમાર્ગમેં કહીં પ્રત્યક્ષ પુરુષકા સ્થાન નહીં, ક્રિયામાર્ગમેં ભી પ્રત્યક્ષ પુરુષકા કોઈ સ્થાન નહીં, એક ભક્તિમાર્ગ હી ઐસા સ્થાન હૈ કિ જિસમેં પ્રત્યક્ષ પુરુષકા સ્થાન રહતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર ભક્તિમેં પ્રત્યક્ષ સત્પુરુષકા જો બહુમાન હુઆ ઉસમેં જ્ઞાન ભી આયા ઔર ક્રિયા ભી આ જાયેગી, તીનોંકા Coordination હો જાયેગા. ઇસલિયે વહ સર્વોપરિ માર્ગ હૈ.

મુમુક્ષુ :- યહાંપર ભી પ્રત્યક્ષ સત્પુરુષકો સ્થાપિત કરનેકી બાત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

'ઔર વહ સત્પુરુષકે ચરણોંમેં રહકર હો...' ઐસી ભક્તિ પ્રત્યક્ષતામેં રહતી હો 'તો ક્ષણભરમેં મોક્ષ પ્રાપ્ત કરા દે ઐસા સાધન હૈ.' દેર નહીં લગે, ક્ષણભરમેં ઉસકા મોક્ષ હો જાયે. માને ઉસકો ક્ષણમેં આત્માકા ભાન હો જાયે. બસ ! સહજસ્વરૂપસે સ્થિતિ વહી મોક્ષ હૈ ઔર સહજસ્વરૂપ તો હૈ, ઉસકા ભાન હોના વહી સહજસ્વરૂપસે સ્થિતિ હૈ. ૬૦૯ (પત્રમેં) લિયા કિ નહીં લિયા ? ઐસા સાધન હૈ, જબરદસ્ત સાધન હૈ, દેખો !!

મુમુક્ષુ :- ક્ષણભરમેં મોક્ષ કરા દે !

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ક્યા હૈ ? હર પત્રમેં સત્પુરુષકી બાત આતી હૈ. કોઈ પત્ર ઐસા નહીં હોગા કિ જિસમેં સત્સંગ ઔર સત્પુરુષકી બાત નહીં આયે. ઔર જીવ યહીં ભૂલા હૈ. શાસ્ત્રકા અનેક પ્રકારકા ચાર અનુયોગકા જ્ઞાન કરકે ભી ભૂલા કહાઁ હૈ ? વહ બાત ઉનકો જચી નહીં હૈ. ઇસલિયે ઉસ બાતકો બહુત Elaborate કરકે ઉન્હોંને સામને રખી હૈ, મુમુક્ષુઓંકે સામને રખી હૈ ઉસમેં બહુત કરુણા હૈ, બહુત નિષ્કારણ કરુણા હૈ.

જબ દૂસરે પુરાને શાસ્ત્ર લિખેં હૈં ઉસમેં તો વહ સમઝાનેકી જરૂરત નહીં થી. ઇતના તો સબ શાસ્ત્ર પઢનેવાલે સમઝતે થે. અભી યહ કાલ થોડા નિમ્ન સ્તરકા આ ગયા તો સત્પુરુષકો અપની બાત, અપને મુંહસે કહનેકા સમય આ ગયા. યહ બહુત બડી Tragedy હૈ કિ ઉનકો યહ બાત કહની પડતી હૈ. સત્પુરુષકો, સત્પુરુષકી બાત કહની પડે વહ તો અચ્છા નહીં હૈ લેકિન ક્યા કરેં ? લોગ વહાઁ ભૂલતે હૈં, વહાઁ હી ભૂલતે હૈં, મૂલ બાતમેં હી ભૂલતે હૈં.

જૈસે અભી હમકો, ઐસા સમય નહીં આયા કિ જિનમંદિરમેં No smoking કા Board લગાયે. ઐસા સમય આયા કિ કોઈ જિનમંદિરમેં આનેવાલા (Smoking કરે) !? બાહર જાકરકે કોઈ (કરે ઐસા) હો સકતા હૈ લેકિન જિનમંદિરમેં તો કોઈ નહીં કરેગા. ઘોઘામેં હમ ગયે થે ન ? ઘોઘા ! ઉસમેં જો નવખંડ પાર્શ્વનાથકા શ્વેતાંબરકા મંદિર હૈ, તો મંદિરકે બાહર પ્રાંગનમેં મુનિમજીકી ગદ્દી હૈ, જહાંસે Administration, હિસાબ-કિતાબ ચલાતે હૈં, પૈસા લેના, પૈસા દેના, પેઢી (હૈ) વહાં Board લગાયા થા કિ, યહાઁ બૈઠકર કિસીકો બીડી નહીં પીના. મંદિરજીમેં Board નહીં લગાયા થા લેકિન બાહરમેં - મંદિરકે બાહર પ્રાંગણમેં (લગાયા થા). સામને હી હૈ વહ, વહાં Board લગાના પડા થા (ક્યોંકિ) વહાઁ કોઈ પીતે હોંગે.

મુમુક્ષુ :- ત્યાં પેઢીવાળાય તે કામ કરતા હોય ને !

પૂજ્ય ભાઈશ્રી :- વહ મુનિમ અજૈન ભી હોતા હૈ, કોઈ ભી આતા હૈ. મંદિરમેં બીડી પીનેકા કિસીકો બનતા નહીં હૈ. લેકિન ઐસે ભી નાસમઝ લોગ આયેંગે, જબ ઐસા જમાના આયેગા તો વહ ભી કરના પડેગા. ઐસા યહ કહના પડતા હૈ ઇસકા મતલબ ક્યા હૈ કિ સમય આ ગયા હૈ ઇસલિયે કહના પડતા હૈ. પહલે મુમુક્ષુ ઐસે નહીં હોંગે કિ ઉસ બાતકો સમઝાની પડે.

યહ તો બહુત મામૂલી બાત ઇસલિયે હૈ કિ ભરવાડ, રબારીકો ભી પતા ચલતા હૈ કિ મુઝે દર્દ હુઆ હૈ તો મુઝે ડૉક્ટરકે પાસ જાના પડેગા, વૈદકે પાસ જાના પડેગા. ઇતની અક્કલ તો વહ ભેંસા ચરાનેવાલેકો, બકરા-ઘેટા ચરાનેવાલેકો ભી હોતી હૈ કિ દર્દ પેટમેં હુઆ હૈ તો વૈદ-ડૉક્ટરકે પાસ જાના પડેગા, દવાઈ લેની પડેગી. અબ હમકો ભવરોગ હુઆ હૈ ઔર સત્પુરુષકે પાસ જાના ચાહિયે, વહ બાત સીખાની પડતી હૈ. વહ કિતને નિમ્ન સ્તરકી બાત હો ગયી ? ઐસા સમય આ ગયા તો વહ બાત અચ્છી તરહસે કરતે હૈં.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કૃપાલુદેવકે બાદ હુએ તો ઇતના નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઇતના નહીં આયા. (લેકિન) બહિનશ્રીકી બાત આતી તો બહુત કરતે થે, બહુત વજન દેતે થે. ઐસા કહનેમેં ક્યા હૈ કિ અપને માથે વહ બાત આ જાતી હૈ. ઇસલિયે બહુભાગ સત્પુરુષ વહ બાત નહીં કરેંગે, બહુભાગ નહીં કરેંગે. લેકિન દૂસરેકી બાત આયેગી તો જોરજોરસે કરેંગે. વે તો દો હો ગયે થે ન ? તો ઉનકે લિયે કહતે થે, અપને લિયે કોઈ બાત નહીં કહતે થે. અપની કોઈ કરે તો ના દેતે થે, નહીં હમકો નહીં, ઉસકી કોઈ જરૂરત નહીં. વહાં કરો, વહાં કરો. ઇધર નહીં.

જૈસે હીરેસે વધાઈ કરતે થે, પહલે સાલ ચાલુ હુઆ, બાદમેં બીચમેં ગુરુદેવકી જન્મજયંતી આયી તો કિસીને કહા કિ હમકો આપકી હીરેસે વધાઈ કરની હૈ તો (બોલે) નહીં હમકો નહીં કરના હૈ. બહિનશ્રીકા કરો, ઉસમેં હમ આ ગયે, ઉસમેં હમ આ ગયે, જાઓ ! ઇસ તરહસે કહતે થે, વહ અપને લિયે કોઈ નહીં કહેંગે.

વહ ભી ૨૧૨ (પત્રમેં) ના દી હૈ, વહ સ્પષ્ટ લિખા હૈ. ઐસા નહીં હૈ કિ વે સત્પુરુષકી બાત કરતે થે તો કુછ અપેક્ષા રખકે કરતે થે. ઐસી બાત નહીં હૈ. ૨૧૨મેં દેખો, અંતિમ પૈરાગ્રાફસે ઉપરકા પૈરાગ્રાફ હૈ. 'આપ સબ અભી તો હમેં એક પ્રકારકા બંધન કરને લગે હૈં, ઇસકે લિયે હમ ક્યા કરેં યહ કુછ સૂઝતા નહીં હૈ. 'સજીવમૂર્તિ'સે...' માને સત્પુરુષ,

પ્રત્યક્ષ સત્પુરુષસે 'માર્ગ મિલે ઐસા ઉપદેશ કરતે હુએ હમને સ્વયં અપનેઆપકો બંધનમેં ડાલ લિયા હૈ...' આપલોગ હમારે પર બાત લગા દેતે હૈં તો હમકો તો બંધન લગતા હૈ, હમકો અચ્છા નહીં લગતા હૈ 'કિ જિસ ઉપદેશકા લક્ષ્ય આપ હમકો બના બૈઠે હૈં.' આપ હમકો સત્પુરુષ માનકરકે હમારે પીછે લગ જાતે હૈં. 'હમ તો ઉસ સજીવનમૂર્તિકે દાસ હૈં,...' હમ કહાં સજીવનમૂર્તિ – સત્પુરુષ હૈં ? હમ તો ઇનકે દાસ હૈં. આપ હમકો મત કરીએ, કોઈ દૂસરે સત્પુરુષકો ઢુંઢ લેના. હમ તો ઉનકે દાસ હૈં, દાસ ક્યા હૈં 'ચરણરજ હૈં. હમારી ઐસી અલૌકિક દશા ભી કહાઁ હૈ...' દેખો ન ! હમ તો વ્યાપાર-ધંધેમેં, ગૃહસ્થીમેં પડે હૈં, હમારી ઐસી કહાં અલૌકિક દશા હૈ ? ઐસા કરકે ઉનકો હટાતે હૈં 'કિ જિસ દશામેં કેવલ અસંગતા હી રહતી હૈ ?' ઐસી કહાં હૈ ? હમ તો વ્યાપાર-ધંધેમેં પડે હૈં.

'હમારા ઉપાધિયોગ તો, આપ પ્રત્યક્ષ દેખ સકેં, ઐસા હૈ.' કિ હમ કૈસી ઉપાધિમેં પડે હૈં. ઇસલિયે હમારે પ્રતિ કરો વહ બાત નહીં હૈ. વહ ખુદકે લિયે કુછ કહા હૈ ઐસી બાત નહીં હૈ. વૈસા હો ભી નહીં સકતા હૈ, ફિર ભી આપ હમારે લિયે કરતે હો તો હમ ક્યા કરેં ? હમકો તો સૂઝતા નહીં હૈ, ભાવનાકો ઠોકર માર સકતે નહીં થે ઔર અપને લિયે ઉનકો અચ્છા લગતા નહીં થા. દોનોં તરફસે, દોધારી તરવાર હો ગયી, દોનોં તરફસે બાત અનુકૂલ નહીં થી. લિખા હૈ કિ નહીં લિખા હૈ ?

મુમુક્ષુ :– સોભાગભાઈકો લિખા હૈ આજ હમકો શુદ્ધોપયોગ હુઆ, ઐસી સ્થિતિ આજ હમારી હુયી.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, ૨૦૧મેં લિખા ઔર ૨૧૨મેં વહ બાત લિખી કિ, હમ તો ઉનકી ચરણરજ હૈં, હમારી ઐસી દશા કહાઁ હૈ ? યહ ભી માઘ મહીના હૈ ઔર યહ ભી માઘ મહીના હૈ, ઉસી મહીનેમેં વહ પત્ર લિખા હૈ. એક મહીનેમેં દો પત્ર લિખે હૈં. એકમેં લિખા હૈ કિ હમકો અદ્‌ભુત દશા આ ગયી હૈ, દૂસરેમેં લિખતે હૈં કિ, હમારી ઐસી દશા કહાં હૈ ? હમકો ક્યોં ચોંટતે હો ? પાત્ર અલગ–અલગ હૈ તો બાત અલગ–અલગ લિખતે હૈં, વિરુદ્ધ બાત લિખતે હૈં, દેખો ! એકકો કહતે હૈં કિ હમકો જ્ઞાન હુઆ, દૂસરેકો કહતે હૈં કિ હમકો સત્પુરુષ મત માનો, હમારે પીછે મત લગો. ચલો, કૌનસી બાત સચ્ચી હોગી ? એક જૂઠી ઔર એક સચ્ચી હોગી ન ? દોનોં બાત સચ્ચી હૈ, ઇસકા આશય સમઝના ચાહિયે.

પ્રશ્ન :– ક્યા આશય હૈ ?

સમાધાન :- ઉસમેં આશય વહ હૈ કિ, સત્પુરુષકી બાત કરકે કોઈ હમ હમારે લિયે કરતે હૈં, હમકો કોઈ સ્પૃહા હૈ, ઐસી અગર આશંકા ભી આ જાયેગી (તો) નુકસાન હો જાયેગા. અગલેકો બચાનેકે લિયે ઐસા કહતે હૈં. શંકા હોગી યા કિસીકો ઐસા વિકલ્પ ભી હોગા કિ બારબાર ઇતની સત્પુરુષકી બાત કરતે હૈં ઔર ખુદ જ્ઞાની ભી હૈં, લોગ માનતે ભી હૈં, હમ જાનતે નહીં જાનતે (વહ) અલગ બાત હૈ, લોગ તો માનતે હૈં તો અપને લિયે તો નહીં કરતે હોંગે ? કિસીકો શંકા ભી હો સકતી હૈ, વિકલ્પ ભી હો સકતા હૈ તો ઉસકો નુકસાન હો જાયેગા. ઉસકો નુકસાન નહીં હોવે, (ઇસલિયે કહતે હૈં કિ) મત કરો, હમકો કોઈ અપેક્ષા નહીં હૈ. સત્પુરુષકી બાતમેં હમકો લક્ષમેં મત લેના, ઐસા કરકે ઉનકો બચાતે હૈં.

શુદ્ધોપયોગ દિખાનેપર ભી બચાતે હૈં ઔર અજ્ઞાની કહકર ભી બચાતે હૈં કિ હમ તો સત્પુરુષકી ચરણરજ હૈં. હમકો ઐસા માનો, હમકો સત્પુરુષ નહીં માનકરકે ઉનકી ચરણરજ માન લેના ઔર વહ હમકો પસંદ હૈ. સત્પુરુષકી ચરણરજ હોકરકે રહના વહ ભી હમકો પસંદ હૈ.

મુમુક્ષુ :- દોનોંમેં કરુણાસાગર ઝલકતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, દોનોંમેં કરુણા હી કરુણા હૈ.

મુમુક્ષુ :- ૧૭૧માં પણ લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૭૧ પત્ર, 'અંબાલાલભાઈ... શ્રી મુનિકા પત્ર ઇસકે સાથ સંલગ્ન હૈ સો ઉન્હેં પહુઁચાઇયેગા. નિરંતર એક હી શ્રેણી રહતી હૈ.' કારતક સુદી ૧૪ 'હરિકૃપા પૂર્ણ હૈ.' આત્માકી કૃપા પૂર્ણ હૈ. એક શ્રેણિ રહતી હૈ, અંદરમેં બરાબર ધારા ચાલુ હો ગયી હૈ. 'ત્રિભોવન દ્વારા વર્ણિત એક પત્રકી દશા સ્મરણમેં હૈ. વારંવાર ઇસકા ઉત્તર મુનિકે પત્રમેં બતાયા હૈ વહી આતા હૈ. પત્ર લિખનેકા ઉદ્દેશ મેરે પ્રતિ ભાવ કરાનેકે લિયે હૈ,...' સત્પુરુષકી કોઈ બાત લિખી હૈ વહ સત્પુરુષકે વિષયમેં ૧૭૨ નંબરકા પત્ર હૈ, તો પત્ર લિખનેકા ઉદ્દેશ ઔર આદેશ મેરે પ્રતિ ભાવ કરાનેકા હૈ, મેરા બહુમાન બઢાનેકા હૈ, મુઝે કોઈ અપેક્ષા હો 'ઐસા જિસ દિન માલૂમ હો ઉસ દિનસે માર્ગકા ક્રમ ભૂલ ગયે ઐસા સમઝ લીજિયે.' વહ ઉલટા પડ ગયા. 'યહ એક ભવિષ્યકાલમેં સ્મરણ કરને યોગ્ય કથન હૈ.' ભવિષ્યમેં ભી ઐસા વિકલ્પ મત કરના કિ, હમ હમારા માન બઢાનેકે લિયે કોઈ ઐસી બાત કરતે હૈં યા પત્રકા ઉદ્દેશ હોતા હૈ, ઐસા કભી માનના નહીં. વરના માર્ગ છૂટ જાયેગા,

માર્ગસે ઉલટે ચલે જાઓગે.

મુમુક્ષુ :– ગુરુદેવશ્રીની હાજરીમાં નિવૃત્તિ લઈને લોકો ત્યાં સત્સંગ માટે રહી જતા તો ગુરુદેવશ્રી એ વાતને વખાણતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, અનુમોદન કરતે થે. (એક મુમુક્ષુ) ચાલીસ સાલકી ઉમ્રમેં બહુત અચ્છી કમાઈ ઔર વ્યવસાય છોડકરકે આ ગયે (તો) ગુરુદેવને બહુત પ્રશંસા કી. દેખો ! છોટી–છોટી ઉમ્રવાલે ભી નિવૃત્તિ લેકરકે યહાઁ બૈઠતે હૈં ઔર હમ તો દેખતે હૈં કિ ૬૦-૭૦ સાલ હોનેકે બાવજૂદ ભી Officeકો છોડતે નહીં હૈં ઐસે ભી યહાં બૈઠે હૈં. કહાં જાના હૈ તુમલોગોંકો ? ઐસા કહતે થે, ઠપકારતે થે. ૬૦-૭૦ સાલ હો ગયે ઔર ફિર ભી વ્યવસાયસે નિવૃત્તિ નહીં લે રહે હો, (તો) કહાં જાના હૈ ? તિર્યંચમેં ચલે જાઓગે, ક્યા બોલતે થે ? તિર્યંચમેં ચલે જાઓગે. બહુત ઠપકારતે થે, તો ઇસકા મતલબ ક્યા હુઆ ? કભી કિસીકો વ્યક્તિગત નહીં કહા કિ તુમ ઇધર નિવૃત્તિ લેકરકે આઓ. વ્યક્તિગત ઉપદેશમેં નહીં કહા, સમષ્ટિગત ઉપદેશમેં સબ કુછ કહ દિયા હૈ, ઉસમેં કોઈ કસર નહીં રખી. અભિપ્રાય તો એક હી ગયા.

'વિશેષ કુછ નહીં લિખા જાતા. પરમાનંદ હૈ, પરન્તુ અસત્સંગ હૈ અર્થાત્ સત્સંગ નહીં હૈ.' બંબઈમેં અસત્સંગ હૈ, સત્સંગ નહીં હૈ. 'વિશેષ આપકી કૃપાદષ્ટિ, બસ યહી.' પુરાનેમેં આપ કી કૃપાદષ્ટિવાલા (વાક્ય) હૈ ? વહ ભી નિકાલ દિયા. આખો પેરેગ્રાફ જ નથી ? આખો પેરેગ્રાફ નથી ? 'ભૂધર દો પત્ર દે ગયે હૈં.' વહ ભી નહીં હૈ. 'આપકી પ્રસન્નતાસે હમારી પ્રસન્નતાકો ઉત્તેજન મિલા હૈ.' વહ નિકાલ દિયા હૈ. 'વિશેષ આપકી કૃપાદષ્ટિ, બસ યહી.' આપકી કૃપાદષ્ટિ રહે.

મુમુક્ષુ :– રહસ્યકો પ્રકાશિત કિયા હૈ ફિર ભી સ્વચ્છંદ મેં ચડને કી સંભાવના હૈ ફિર ભી પ્રકાશિત કિયા હૈ તો ઈસકી કીમત કિતની ?

પૂજ્ય ભાઈશ્રી :– બહુત કીમત હૈ ઇસકી. કીમત કરની આની ચાહિયે. કીમત કરનેવાલે કી કીમત હોતી હૈ. નહીં કીમત કરે તો ગરબડ હો જાયેગી.

'વિશેષ આપકી કૃપાદષ્ટિ...' ઐસા લિખા ન ? ઇસકા મતલબ ક્યા હુઆ ? કિ આપકી યોગ્યતા હમકો બહુત પ્રિય લગતી હૈ. આપકી યોગ્યતા હમકો બહુત પ્રિય લગતી હૈ ઔર યહ યોગ્યતા હમકો પ્રિય લગતી હૈ, ઐસે જો હમારે પરિણામ હૈં, વહ હમકો લાભકા કારણ રહતા હૈ. વહ હમકો લાભકા કારણ રહતા હૈ. ઉસકા કારણ હૈ, ઉનકો તો બહુત (રહા

હૈ). વહ બાત ઉનકે પરિણમનમેં (બહુત થી).

૨૧૭ (પત્ર) હૈ ન ? ઉસમેં એક બાત લિખી હૈ. ૨૧૭મેં નહીં હૈ. યહ જો હૈ ન માર્ગાનુસારી ઔર કબીરકી બાત કી હૈ ? કબીર અને ભોજા ભગતની ને બધાની વાત લખી છે ને ? 'નિરંજનપદકો બુઝનેવાલેકો નિરંજન કૈસી સ્થિતિમેં રખતે હૈં...' ૧૮૭ પત્રમેં, તીસરા બડા પૈરાગ્રાફ હૈ ન ?

'વે...' માને માર્ગાનુસારી 'કુછ અંતિમ જ્ઞાનકો પ્રાપ્ત નહીં હુએ થે...' વે જ્ઞાની નહીં થે 'પરન્તુ ઉસકી પ્રાપ્તિ ઉનકે બહુત સમીપ થી.' માર્ગાનુસારીકો જ્ઞાનપ્રાપ્તિ સમીપ થી. બંબઈમેં 'ઐસે બહુતસે પુરુષોંકે પદ ઇત્યાદિ યહાઁ દેખેં. ઐસે પુરુષોંકે પ્રતિ રોમાંચ બહુત ઉલ્લસિત હોતા હૈ;...' ઐસે લોગોંકે પ્રતિ હમકો રોમાંચ બહુત ઉલ્લસિત હોતા હૈ 'ઔર માનો નિરન્તર ઉનકી ચરણસેવા હી કરતે રહેં,...' ઐસે માર્ગાનુસારીકી હમ ચરણસેવા કરતે રહેં. 'યહ એકમાત્ર આકાંક્ષા રહતી હૈ.' હમકો તો ઐસી આકાંક્ષા રહતી હૈ. યહ જ્ઞાનદશાકે બાદ લિખા હૈ.

'જ્ઞાનીકી અપેક્ષા...' જ્ઞાનીકી અપેક્ષા (યાની) ઇસકી બરાબરીમેં 'ઐસે મુમુક્ષુઓંપર અતિશય ઉલ્લાસ આતા હૈ,...' જ્ઞાનીપર ઉતના ઉલ્લાસ નહીં આતા હૈ જિતના ઉલ્લાસ હમકો ઐસે મુમુક્ષુઓં પર આતા હૈ. ક્યોંકિ ઉનકો જ્ઞાનપ્રાપ્તિ સમીપ હૈ. ઉનપર જ્યાદા આયેગા 'ઇસકા કારણ યહી હૈ કિ વે નિરન્તર જ્ઞાનીકી ચરણસેવા કરતે હૈં;...' ક્યોં ઉલ્લાસિત હોતે હૈં ? કિ વે જ્ઞાનીકી ચરણસેવા કરતે હૈં ઇસલિયે. 'ઔર યહી ઉનકા દાસત્વ ઉનકે પ્રતિ હમારા દાસત્વ હોનેકા કારણ હૈ.' ઇનકા દાસત્વ હૈ વહ હમકો દાસત્વ કરા દેતા હૈ. દેખો ! હમારે દાસત્વમેં કારણ પડતા હૈ. ક્યા ખુબિયાં હૈં !

'ભોજા ભગત, નિરાંત કોલી ઇત્યાદિક પુરુષ યોગી (પરમ યોગ્યતાવાલે) થે. નિરંજન પદકો સમઝનેવાલેકો નિરંજન કૈસી સ્થિતિમેં રખતે હૈં, યહ વિચાર કરતે હુએ અકલ ગતિપર ગમ્ભીર એવં સમાધિયુક્ત હાસ્ય આતા હૈ.' ક્યા અભિવ્યક્તિ હૈ ! દેખો ! યે તો નિર્વાણપદકો પ્રાપ્ત હોનેવાલે હૈં, વે કૈસી દશામેં રહેં હૈં ? યહ કોઈ કર્મકી ગતિ દેખકર હમકો તો ગમ્ભીર હાસ્ય આતા હૈ. ખુલ્લા હાસ્ય નહીં આતા હૈ, મનમેં-મનમેં હસતે હૈં કિ, વાહ ! કુદરત વાહ ! તૂ ભી કમાલ કરતી હૈ ! ઐસી બાત હૈ. બહુત સી બાતેં લિખી હૈં.

યહાં તક રખતે હૈં. વિશેષ કહેંગે...

## તા. ૨૭-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૪૯
## પત્રાંક – ૨૦૧ થી ૨૦૭

પત્ર નંબર ૨૦૧, પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ અજરઅમરપદને પ્રાપ્ત કરાવે છે અથવા અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે એ અજ્ઞાન નાશ થવામાં અસાધારણ નિમિત્ત છે, એ વિષય ચાલ્યો છે.

૨૦૧મો પત્ર સોભાગભાઈ ઉપરનો છે. જ્ઞાનદશા કેવી હોય એ વિષયમાં પત્રનું મથાળું છે. 'કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.' પોતાના પરમાત્મપદ પ્રત્યે કેટલો મહિમા હોવો જોઈએ, એ મહિમાને અહીંયાં ભક્તિ કહી છે. સ્વરૂપભક્તિ ! અભેદભક્તિ. સ્વયંને પોતાને પોતાની ભક્તિ જ્ઞાનદશામાં આવી હોય છે કે, આત્મા જે પરબ્રહ્મ છે એ કેવળ નિર્વિકાર છે, ત્રણે કાળે નિર્વિકાર છે. છતાં એ જે મહિમા કરે છે એવી દશાને એ વશ થાય છે, એમ કહે છે.

જે સ્વરૂપને સ્વવશ, પરવશ એવું કંઈ નથી. છતાં પણ એના શ્રદ્ધા-જ્ઞાનમાં એ આવે છે, એવું સામર્થ્ય શ્રદ્ધા-જ્ઞાનમાં આવી જાય છે એટલે એ અલંકાર કરે છે કે એને એ વશ થયું. નહીંતર જે કેવળ નિર્વિકાર હોય એને વશ થવું, નહીં વશ થવું એ પ્રશ્ન રહેતો નથી. છતાં જ્ઞાનીની દશા સૂચવવા માટે અહીં ભાષા એવી કરી છે કે આત્મા 'કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે,...' એવો જે પરમબ્રહ્મ આત્મા, પ્રેમમય પરાભક્તિ એટલે અભેદભક્તિ, નિજસ્વરૂપમાં લીનતા, એને વશ છે. 'એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે...' એવો અનુભવ કરવાની 'જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.' આવો ઉપદેશ છે કે આત્મસ્વરૂપનો અપૂર્વ મહિમા, આત્મસ્વરૂપના અપૂર્વ મહિમાપૂર્વક સ્વરૂપલીનતા કરવી, એવી જ્ઞાનીઓની

શિક્ષા છે, એવો જ્ઞાનીઓનો ઉપદેશ છે. કેમકે સમ્યગ્દર્શન એ પણ સ્વરૂપમહિમાના ફળસ્વરૂપ છે, મુનિદશા એ પણ સ્વરૂપમહિમાના ફળસ્વરૂપ છે અને કેવલજ્ઞાન પણ સ્વરૂપમહિમાના ફળસ્વરૂપે છે.

મુમુક્ષુ :- પોતાના શ્રદ્ધા-જ્ઞાનને ધ્રુવ આત્મા વશ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે એમાં આખું સામર્થ્ય આવી ગયું ને ! સોગાનીજીએ એ કહ્યું કે આ જે શ્રદ્ધા છે એણે પરમાત્મસ્વરૂપ ઉપર કબ્જો કર્યો છે, દૃષ્ટિએ કબ્જો કરી લીધો છે, હવે એ એના કબ્જામાં છે. દૃષ્ટિ તો એક સમયની પર્યાય છે, પેલું ત્રિકાળ ધ્રુવ છે તોપણ એણે એનો કબ્જો કરી લીધો છે. એમ કહ્યું એ એનો ભાવ સૂચવવો છે. કેવા ભાવે જ્ઞાનદશા, સમ્યક્દશા હોય છે, એ અચિંત્ય અને વચનાતીત દશા છે, એને યત્કિંચિત્ વચનગોચર કરે છે.

'અત્ર પરમાનંદ છે. અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે.' અંદરમાં આત્માનો ઘણો આનંદ છે અને અસંગસ્વરૂપના આશ્રયમાં એવી વૃત્તિ વહે છે, વૃત્તિનું - પરિણમનનું એવું વલણ છે કે સમુદાયમાં રહેવું ફાવતું નથી. 'જેનો કોઈ પણ પ્રકારે યથાર્થ આનંદ કહી શકાતો નથી, એવું જે સત્સ્વરૂપ તે જેના હૃદયમાં પ્રકાશ્યું છે એવા મહાભાગ્ય જ્ઞાનીઓની અને આપની અમારા ઉપર કૃપા વર્તો.' એવા જ્ઞાનીઓની અમારા ઉપર કૃપા થાઓ, સોભાગભાઈને કહે છે કે આપની પણ અમારા ઉપર કૃપા રહો.

'અમે તો તમારી ચરણરજ છીએ; અને ત્રણે કાળ એ જ પ્રેમની નિરંજનદેવ પ્રત્યે યાચના છે.' હદ કરે છે ને ! એવું છે. આ તો મુમુક્ષુને શીખવા જેવો વિષય છે. કેટલી બધી એને જ્ઞાની પ્રત્યે અને પાત્ર એવા મુમુક્ષુ પ્રત્યે કેવી ભાવના હોય, એ મુમુક્ષુએ શીખવા જેવો વિષય છે.

પ્રશ્ન :- આ વિનયભાવ પણ આમ તો ઉદયભાવમાં જ જાય ને ?

સમાધાન :- હા, પણ ઉદયભાવ પણ આવો હોય છે, એ જ લેવું છે.

મુમુક્ષુ :- કોઈ જ્ઞાનીને એવું નિમિત્ત હોય છે, કોઈને નથી હોતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં તો શું છે કે, એમને પોતાને એમ કહીને સામા જીવ ઉપર એ પ્રકાર લાવવો છે. વાત એ રીતે કરે છે કે એ જીવ પણ એ ભાવનામાં આવી જાય. એમનો પત્ર લખવાનો હેતુ એ છે. એવો ભાવ વ્યક્ત કરવાનું કારણ એ છે.

જેમકે જ્ઞાનીઓ, મુનિઓ ઉપદેશ આપે છે પણ એ તો એમનો ઉદયભાવ છે. પણ

એ ઉપદેશમાં એમની પરિણામની પરિસ્થિતિ અને એ પરિણામમાં એમની એ ભાષાની સ્થિતિ એ તો સામા જીવને ભવના અભાવનું નિમિત્ત થઈ જાય છે. છે તો આમ વિભાવ અને ભાષા પુદ્ગલની પર્યાય છે, જેને આત્મા સાથે કંઈ લેવા-દેવા નથી. છતાં સામાનો ઉદ્ધાર થઈ જાય છે. એટલું તો નિમિત્તત્વ એમના વિભાવ અને વાણીમાં છે, વિભાવનિમિત્તક વાણીમાં છે. એની સ્વભાવપરિણતિ અને સ્વભાવની તો શું વાત થાય ! એમ કહે છે.

માણસ એમ કહે કે, ભાઈ ! એ લોકો જમે છે પછી એનું એઠું ફેંકી દે તો એમાં કેટલાય ગરીબ માણસ જમી લે છે તો એનો વૈભવ કેટલો હશે ? જમતા વખતનો વૈભવ કેટલો હશે ? કે એઠું મૂકે એમાં બધા જમી લે છે. એના જેવું છે.

મુમુક્ષુ :- બધા જ્ઞાનીઓનો અભિપ્રાય તો એક જ હોય છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય તો એક જ છે. એમાં કોઈ પ્રશ્ન નથી. અભિપ્રાય તો એક જ છે કે, મુમુક્ષુને આ પ્રકારની દશા આવ્યા વિના એને જ્ઞાનપ્રાપ્તિ સુલભ નથી, આટલા વિનયાન્વિત થયા વિના જ્ઞાનપ્રાપ્તિ સુલભ નથી. આ વાત તો સૈદ્ધાંતિક વાત થઈ જાય છે.

મુમુક્ષુ :- પૂર્વ ભવમાં સોભાગભાઈ એમની સાથે હતા, એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણને જાણવા નથી મળ્યું. મેં તો આ પહેલી વખત સાંભળ્યું.

બીજા બધા પુસ્તકોમાં આવી જુદી જુદી કલ્પનાઓ અને ચમત્કારો બહુ આવે છે. આ ગ્રંથ બની ગયો, પછી આનાથી બહાર જે આવે છે એ બધું બહુ પ્રમાણિક નથી લાગતું. કેમકે કેટલાક એમના અનુયાયીઓને ચમત્કારો ઉપરનું વજન ઘણું છે. બહારના ચમત્કારો ઉપરનું વજન બહુ ઘણું છે એટલે એક ચમત્કારિક પુરુષ તરીકે એમના વિષેમાં જેમ દંતકથાઓ ઊભી થઈ જાય એવું પણ થોડું ચાલે છે. ચાલે, એ લોકસ્વભાવ છે. એવું ચાલે, થોડુંઝાઝું દરેક જગ્યાએ (ચાલે). બહુ એમાં જવા જેવું નથી.

હવે પોતાની દશાનું વર્ણન કરે છે 'આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે;...' અંદરના કારણપરમાત્માએ ઘણી કૃપા કરી છે. 'આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે.' વિશેષ ઘણો તારતમ્યતાવાળો અનુભવ છે એનું અલંકારિક ભાષામાં વર્ણન છે.

'ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી; એવી એક શ્રીમદ્ભાગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે; અમૃત પ્રવહે

છે ત્યાં સહસ્રદળ કમળ છે, એ મહીની મટુકી છે;...' અંદરમાં પોતાના આત્માના અનંતગુણોની વાત કરે છે, એમાંથી અમૃત ઝરે છે એ મહીની મટુકી છે 'અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે...' આદિપુરુષ કહો કે અનાદિપુરુષ કહો એમાં બિરાજમાન છે, એનું કેન્દ્રસ્થાન પોતાનો શુદ્ધાત્મા છે, જેમ મહીની મટુકીમાં કૃષ્ણને મૂક્યા છે એવી રીતે.

'તે ભગવંત વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે 'કોઈ માધવ લ્યો, હાંરે કોઈ માધવ લ્યો' એમ કહે છે...' બજારમાં 'માખણ'ને બદલે 'માધવ' શબ્દ બોલી જાય છે 'અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે; બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી; માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે કે તમે તે પુરાણપુરુષને પ્રાપ્ત કરો; અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને તે આદિપુરુષ આપી દઈએ; મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાં છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ,...' સામે પાત્ર હોય તો આપી દઈએ છીએ. 'કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ.'

મુમુક્ષુ :- કેવી ભાવના છે !

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ પ્રત્યેની એમની જે કરુણા છે એ વ્યક્ત કરી છે કે, અમને તો પરમાત્મા પ્રગટ થયો છે, એ પ્રત્યે અચળ પ્રેમ વર્તે છે અને કોઈ તમારા જેવા પાત્ર, સોભાગભાઈને પત્ર લખે છે ને ! કે તમારા જેવા પાત્ર જીવને જોઈને એમ થાય છે કે તમને આ પરમાત્માની પ્રાપ્તિ કરાવી દઈએ. તમે પાત્ર થાઓ, પાત્ર થાઓ, એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુદેવ ૪૫ વરસ સુધી આમ જ બોલ્યા છે, માધવ લ્યો, માધવ લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ કરુણા હોય છે ને ! જ્ઞાનીઓની કરુણા બહુ હોય છે. એ કોઈ પાત્ર જીવને જોવે છે તો એમને એના પ્રત્યે વિશેષ ભાવ થાય છે. એ તો આપણને અનુભવગોચર છે.

'મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્રદળ કમળમાં અમને વાસુદેવ ભગવાન મળ્યા છે;...' સહસ્રદળ કમળ એટલે પોતાની પરિણતિ. હજારો ગુણથી ખીલી નીકળી છે એને સહસ્રદળ કમળ કહે છે. એના મધ્યમાં, કેન્દ્રસ્થાનમાં પરમાત્મા આદિપુરુષ બિરાજમાન છે. 'મહીનું નામમાત્ર છે; આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે.' આખી સૃષ્ટિનો સારાંશ એ છે કે જે પોતાનું

પરમાત્મસ્વરૂપ છે એ આખી પૃથ્વીના મંથનનો સાર છે.

'એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્ભુત ભક્તિને ગાઈ છે.' આમ છે, જુઓ ! ભાગવતમાંથી કેવું કાઢ્યું છે ! બધાં શાસ્ત્રો વાંચ્યાં છે. 'ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વના, પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા એ જ ઠેકાણે ઠરો' આમ જ્ઞાન ભાસે છે. એમાંથી આ કાઢે છે. કેમકે દરેક મત છે એ જૈનદર્શનના એકેક નયમાંથી નયાભાસ થઈને ઊપજેલો મત છે. એટલે જ્ઞાનીઓ એ નયાભાસમાંથી આભાસ કાઢી નાખે છે અને નયને ખેંચે છે, નયને ખેંચીને એના આત્મા તરફ લઈ જાય છે. એવી રીતે સવળો અર્થ કરે છે માટે જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા, એમ (કહ્યું).

'એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકજને પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે;...' ચોવીસ વર્ષે લખે છે કે ઘણા કાળ પહેલાં અમને સમજાયું છે. ભૂતકાળમાં પણ એવો સ્વાધ્યાય કરેલો છે અને 'આજે અતિ અતિ સ્મરણમાં છે;...' યાદદાસ્તમાં છે.

'કારણ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે; અને એને લીધે આજની પરમ અદ્ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં,...' એવી જોરદાર દશા છે કે ઉન્મત્તતા આવ્યા વિના રહેશે નહીં 'અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે;...' એટલે કે જો પ્રમાદ સેવે તો પડી જાય, તો એ અંતર્ધાન થઈ ગયા, પાછા અલોપ થઈ ગયા, એવા લક્ષણના ધારક છે, એવા પાછા વિચિત્ર છે, નાખ્યું એના ઉપર. દશા તો પોતાની ફરે છે પણ નાખે છે ત્રિકાળી ઉપર ! એવા લક્ષણના ધારક છે.

'માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ;...' માટે અમને કોઈનો સંગ કરવો ગમતો નથી. 'અને તમારો સહવાસ છે તે પણ અસંગતા જ છે,...' તમારો સહવાસ છે એને અમે અસંગતામાં લઈ જઈએ છીએ કેમકે તમારા સહવાસથી અમારી અંતર્વૃત્તિ છે એ વિશેષ આવિર્ભૂત થાય છે એટલે અમે એને અસંગતામાં લઈ જઈએ છીએ 'તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે.'

પ્રશ્ન :– આ વખતે સોભાગભાઈને સમ્યગ્દર્શન થઈ ગયું છે ?

સમાધાન :– નહીં, સોભાગભાઈને તો ૨૯મા વર્ષમાં થોડાક, અઢારેક દિવસ બાકી

રહ્યા ત્યારે થયું છે, એ પહેલાં નથી થયું.

મુમુક્ષુ :– પાત્રતા જોઈને જ વાત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પાત્રતા જોઈને જ વાત કરે છે. એટલો પાત્ર જીવ, સત્સંગને યોગ્ય જીવ એમને ત્યાં કોઈ ગોત્યો જડે એવું નહોતું, એ પરિસ્થિતિ હતી કે જેની પાસે હૃદય ઠાલવે, હૃદય ખોલે, અંતર પરિણતિની વાતો કરી શકે એ આ એક જ પાત્ર જીવ એમની નજીકમાં હતા.

'સત્સંગની અત્ર ખામી છે; અને વિકટ વાસમાં નિવાસ છે. હરિઇચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે. એટલે કંઈ ખેદ તો નથી; પણ ભેદનો પ્રકાશ...' ભેદ એટલે ગુપ્ત રહસ્ય, એનો 'પ્રકાશ કરી શકાતો નથી; એ ચિંતના નિરંતર રહ્યા કરે છે.' વાત ક્યાં જઈને ખોલવી ? એમ.

'ભૂધર એક આજે કાગળ આપી ગયા. તેમ જ આપનું પરભારું એક પત્તું મળ્યું. મણિને મોકલેલી વચનાવલી...' મણિલાલ સોભાગભાઈને આ ૨૦૦ નંબરનો જે આંક છે, ૧૪ બોલ લખ્યા છે એ. મણિલાલ (એટલે) સોભાગભાઈના પુત્ર. 'મણિને મોકલેલી વચનાવલીમાં આપની પ્રસન્નતાથી અમારી પ્રસન્નતાને ઉત્તેજનની પ્રાપ્તિ થઈ. સંતનો અદ્‌ભુત માર્ગ એમાં પ્રકાશ્યો છે.' મુમુક્ષુને માટે એ બહુ સારાં વચનો છે. ૨૦૦ નંબરના આંકમાં છે એ વચનો એવા છે કે એ પરિસ્થિતિમાં મુમુક્ષુ પછી નિર્ભય છે, એને વાંધો ન આવે.

'જો મણિ એક જ વૃત્તિએ એ વાક્યોને આરાધશે અને તે જ પુરુષની આજ્ઞામાં લીન રહેશે, તો અનંતકાળથી પ્રાપ્ત થયેલું પરિભ્રમણ મટી જશે. માયાનો મોહ મણિ વિશેષ રાખે છે;...' માયા એટલે આ સંયોગ, સંયોગિક સુખ, સંયોગની અનુકૂળતા 'માયાનો મોહ મણિ વિશેષ રાખે છે; કે જે માર્ગ મળવામાં મોટો પ્રતિબંધ ગણાય છે.' એ માર્ગ મળવામાં (મોટો પ્રતિબંધ છે) કેમકે ક્યાં આત્મિક સુખ અને અનુકૂળતાનું સુખ ! પરસ્પર વિરુદ્ધ છે, એકબીજાને પ્રતિબંધક છે 'કે જે માર્ગ મળવામાં મોટો પ્રતિબંધ ગણાય છે. માટે એવી વૃત્તિઓ હળવે હળવે ઓછી કરવા મણિને મારી વિનંતિ છે.' વિનંતિ શબ્દ વાપર્યો છે.

'આપને જે પૂર્ણપદોપદેશક કક્કો કે પદ મોકલવા ઇચ્છા છે, તે કેવા ઢાળમાં અથવા રાગમાં, તે માટે આપને યોગ્ય લાગે તે જણાવશો.' રચના કરવાની બાકી છે તે કેવા રાગ કે ઢાળમાં કરવી તે જણાવશો. એમને કવિત્વ સાધ્ય હતું કે તમે જે કહો તે છંદમાં, કહો તે વિષય, તરત જ રચના કરી નાખે એવા શીઘ્રકવિ હતા !

'ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.' એ વિષય ઉપર ઘણું વજન હતું, સત્પુરુષની ભક્તિ ઉપર એટલું બધું એમનું વજન છે અને એમાં એટલી વાસ્તવિકતા પણ છે કે મુમુક્ષુજીવને સહેલામાં સહેલો ઉપાય આ છે, બીજા બધા ઉપાય અઘરા છે.

બીજા ઉપાયમાં જ્ઞાનમાર્ગમાં ક્ષયોપશમ વધતાં સ્વચ્છંદ વધે છે અને ક્રિયામાર્ગમાં પણ જે દેહાત્મબુદ્ધિ છે એ તીવ્ર થઈ જાય છે. બન્નેમાં મિથ્યાત્વ તીવ્ર થવાના ઘણા Chance છે, જ્યારે એક સત્પુરુષની ભક્તિમાં મિથ્યાત્વ મટવાનો બહુ સહેલો ઉપાય છે.

'વિશેષ કંઈ લખ્યું જતું નથી. પરમાનંદ છે, પણ અસત્સંગ છે અર્થાત્ સત્સંગ નથી. વિશેષ આપની કૃપાદૃષ્ટિ એ જ.'

## પત્રાંક – ૨૦૨

મુંબઈ, માહ વદ ૩, ૧૯૪૭

સુજ્ઞ મહેતા ચત્રભુજ,

જીવનું કલ્યાણ થાય તે માર્ગ આરાધવો 'શ્રેયસ્કર' છે, એમ વારંવાર કહ્યું છે છતાં અહીં એ વાતનું સ્મરણ કરાવું છું.

મારાથી કંઈ પણ હમણાં લખવામાં આવ્યું નથી, તેનો ઉદ્દેશ એટલો જ કે સંસારી સંબંધ અનંત વાર થયો છે, અને તે મિથ્યા છે તે વાટે પ્રીતિ વધારવા ઇચ્છા નથી. પરમાર્થ વાટે વહાલપ ઊપજે એવો પ્રકાર ધર્મ છે. તેને આરાધજો.

વિ. રાયચંદના ય.

૨૦૨મો પત્ર છે, 'સુજ્ઞ મહેતા ચત્રભુજ, જીવનું કલ્યાણ થાય તે માર્ગ આરાધવો 'શ્રેયસ્કર' છે, એમ વારંવાર કહ્યું છે છતાં અહીં એ વાતનું સ્મરણ કરાવું છું.'

'મારાથી કંઈ પણ હમણાં લખવામાં આવ્યું નથી, તેનો ઉદ્દેશ એટલો જ કે સંસારી સંબંધ અનંત વાર થયો છે, અને તે મિથ્યા છે તે વાટે પ્રીતિ વધારવા ઇચ્છા નથી.' આ ચત્રભુજભાઈ બનતા સુધી એમના કંઈક સગા થાય છે. આમ એમના પ્રત્યે માન રાખે છે પણ સગાઈનો વિશેષ સંબંધ રાખે છે એટલે એમકે સંસારી સંબંધ તો અનંત વાર થયો છે (જે) મિથ્યા છે, એ રસ્તે પ્રીતિ વધારવાની ઇચ્છા નથી, સગા તરીકે કોઈ સ્નેહ વધારવાની ઇચ્છા નથી. 'પરમાર્થ વાટે વહાલપ ઊપજે એવો પ્રકાર તે ધર્મ છે. તેને આરાધજો.' સગાઈની દૃષ્ટિ ગૌણ કરીને મુખ્યપણે ધર્મદૃષ્ટિથી અમારી સાથેનો સંબંધ રાખવો એવી સૂચના છે.

## પત્રાંક - ૨૦૩

મુંબઈ, માહ વદ ૪, ૧૯૪૭

ૐ સત્સ્વરૂપ

સુજ્ઞ ભાઈ,

આજે એક તમારું પત્ર મળ્યું. તે પહેલાં ત્રણેક દિવસ પહેલાં એક પત્ર સવિગત મળ્યું હતું. તે માટે કંઈ અસંતોષ થયો નથી, વિકલ્પ કરશો નહીં.'

જે સવિગત પત્ર તમે મારા પત્રના ઉત્તરમાં લખ્યું છે તે પત્ર તમે વિકલ્પપૂર્વક લખ્યું નથી. મારું તે લખેલું પત્ર (આંક ૧૯૮) મુનિ ઉપર મુખ્યે કરીને હતું. કારણ કે તેમની માગણી નિરંતર હતી.

અત્ર પરમાનંદ છે. તમે અને બીજા ભાઈઓ સત્‌ને આરાધવાનું પ્રયત્ન કરજો. અમારા યથાયોગ્ય માનજો. અને ભાઈ ત્રિભોવન વગેરેને કહેજો.

વિ. રાયચંદના ય.

૨૦૩ પત્ર અંબાલાલભાઈ ઉપરનો છે. 'આજે એક તમારું પત્ર મળ્યું. તે પહેલાં ત્રણેક દિવસ પહેલાં એક પત્ર સવિગત મળ્યું હતું. તે માટે કંઈ અસંતોષ થયો નથી, વિકલ્પ કરશો

નહીં.'

'જે સવિગત પત્ર તમે મારા પત્રના ઉત્તરમાં લખ્યું છે તે પત્ર તમે વિકલ્પપૂર્વક લખ્યું નથી. મારું તે લખેલું પત્ર (આંક ૧૯૮) મુનિ ઉપર મુખ્યે કરીને હતું. કારણ કે તેમની માગણી નિરંતર હતી.' ૧૯૮મો પત્ર છે, લલ્લુજીમુનિ ઉપર લખેલો સજીવનમૂર્તિનો વિષય છે. એટલે એ એમણે કોઈ માગણી કરેલી એના ઉત્તરમાં પત્ર લખ્યો છે.

'અત્ર પરમાનંદ છે. તમે અને બીજા ભાઈઓ સત્‌ને આરાધવાનું પ્રયત્ન કરજો. અમારા યથાયોગ્ય માનજો. અને ભાઈ ત્રિભોવન વગેરેને કહેજો.' ૨૦૩ (પત્રમાં) ખાસ કંઈ નથી.

પત્રાંક – ૨૦૪

મુંબઈ, માહ વદ ૭, ભોમ, ૧૯૪૭

અત્ર પરમાનંદ વૃત્તિ છે. આપનું ભક્તિ-ભરિત પત્ર આજે પ્રાપ્ત થયું.

આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે; અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો; પણ હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે; પણ ઈશ્વરેચ્છાની હજુ તેમાં સમ્મતિ થઈ નથી, ત્યાં સુધી મારા વિષે અંતરમાં સમજી રાખજો; અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઈ નામપૂર્વક જણાવશો નહીં. હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે.

ખંભાત આપે પત્તું લખી મારું માહાત્મ્ય પ્રગટ કર્યું પણ તેમ હાલ થવું જોઈતું નથી; તે બધા મુમુક્ષુ છે. સાચાને કેટલીક રીતે ઓળખે છે, તોપણ તે પ્રત્યે હાલ પ્રગટ થઈ પ્રતિબંધ કરવો મને યોગ્ય નથી લાગતો. આપ પ્રસંગોપાત્ત તેમને જ્ઞાનકથા લખશો, તો એક પ્રતિબંધ મને ઓછો થશે. અને એમ કરવાનું પરિણામ સારું છે. અમે તો આપના સમાગમને ઇચ્છીએ છીએ. ઘણી વાતો અંતરમાં ઘૂમે છે પણ લખી શકાતી નથી.

૨૦૪ પત્ર સોભાગભાઈ ઉપર છે. 'અત્ર પરમાનંદ વૃત્તિ છે. આપનું ભક્તિ-ભરિત પત્ર આજે પ્રાપ્ત થયું.' સોભાગભાઈ પણ એટલી ભક્તિથી જ પત્ર લખતા હતા.

'આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે; અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો; પણ હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગતાદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે.' જ્ઞાનીની પ્રશંસા મુમુક્ષુ કરે, મહિમા કરે એ સ્વાભાવિક છે પણ જ્ઞાની એનાથી ફુલાતા નથી. એ વખતે એ પોતાની ઊણપ જોવે છે. જ્યારે બીજા પ્રશંસા કરે છે ત્યારે પોતે પોતાની ઊણપ જોવે છે, ત્યારે પોતે માનમાં ચડતા નથી.

એ જરા લાક્ષણિક વિષય છે. અહીંથી એ વાત નીકળે છે કે, 'અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે.' જ્યાં જે રીતે વસીએ છીએ, જે પ્રકારે પરિણામ વર્તે છે એ એમ દેખાડે છે કે હજી જોઈએ એટલી અમારી અમારા ઉપર કૃપા નથી.

'પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે;...' પરમાર્થ એટલે પરમાર્થનો પ્રકાશ કરવો, મોક્ષમાર્ગનો પ્રકાશ કરવો તેના માટે અમારી ઇચ્છા છે 'પણ ઈશ્વરેચ્છાની હજુ તેમાં સમ્મતિ થઈ નથી,...' હજુ કુદરત એમાં સમ્મત નથી. એટલે સહેજે કુદરતી જ એવું બને એવું પોતે ઇચ્છે છે. 'ત્યાં સુધી મારા વિષે અંતરમાં સમજી રાખજો; અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઈ નામપૂર્વક જણાવશો નહીં.' અમારા સંબંધી નામ આપીને કોઈ વાત નહીં કરતા. 'ગમે તેવા' એટલે સાધારણ મુમુક્ષુઓને. વિશેષ પાત્ર હોય એની વાત જુદી છે બાકી ગમે તેને વાત કરશો નહીં. 'હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે.' એટલે પોતાની પ્રસિદ્ધિ તો એ નહોતા જ ઇચ્છતા.

મુમુક્ષુ :- ભીડ વધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભીડ વધી જાય એમાં તો એવું છે. ગમે તેવા માણસોની ભીડ વધી જાય એ પસંદ કરતા નહોતા. એ બધા અંતરંગ બાધક કારણ ઊભા થાય ને એમાંથી !

'ખંભાત આપે પત્તું લખી મારું માહાત્મ્ય પ્રગટ કર્યું પણ તેમ હાલ થવું જોઈતું નથી; તે બધા મુમુક્ષુ છે. સાચાને કેટલીક રીતે ઓળખે છે, તોપણ તે પ્રત્યે હાલ પ્રગટ થઈ પ્રતિબંધ કરવો મને યોગ્ય નથી લાગતો.' એ બધાની વચમાં મારે પ્રગટ થવું, પ્રસિદ્ધ થવું એ મને જ પ્રતિબંધ કરવા જેવું છે, એ મને યોગ્ય નથી લાગતું. 'આપ પ્રસંગોપાત્ત તેમને જ્ઞાનકથા

લખશો, તો એક પ્રતિબંધ મને ઓછો થશે.' એટલે વચમાં તમે માધ્યમ થઈ જજો, સત્સંગ પણ તમારો કરે, તમારી સાથે ચર્ચા-વાર્તા કરે, તમને પત્રોત્તર કરે, મારી સાથે લગવાડ ઓછો કરજો, મારે પ્રતિબંધ જોઈતો નથી. 'તો એક પ્રતિબંધ મને ઓછો થશે.'

'અને એમ કરવાનું પરિણામ સારું છે. અમે તો આપના સમાગમને ઇચ્છીએ છીએ, ઘણી વાતો અંતરમાં ઘૂમે છે પણ લખી શકાતી નથી.' ઘણી વાતો કહેવાનો ભાવ છે (એ) અહીંથી નીકળે છે.

પત્રાંક – ૨૦૫

મુંબઈ, માહ વદ ૧૧ શુક્ર, ૧૯૪૭

'तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः'

તેને મોહ શો, અને તેને શોક શો ? કે જે સર્વત્ર એકત્વ (પરમાત્મસ્વરૂપ)ને જ જુએ છે.

વાસ્તવિક સુખ જો જગતની દૃષ્ટિમાં આવ્યું હોત તો જ્ઞાનીપુરુષોએ નિયત કરેલું એવું મોક્ષસ્થાન ઊર્ધ્વ લોકમાં હોત નહીં; પણ આ જગત જ મોક્ષ હોત.

જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે; આ વાત જો કે યથાર્થ છે; તોપણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે એવું જગત, વિચારી પગ મૂકવા જેવું તેને પણ કંઈ લાગે છે; માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ, કાં તમારા સંગને ઇચ્છીએ છીએ, એ યોગ્ય જ છે.

૨૦૫મો પત્ર પણ સોભાગભાઈ ઉપર છે. 'तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः' સંસ્કૃત લખેલું છે એનો અર્થ છે 'તેને મોહ શો,...' ત્યાં મોહ શેનો ? 'અને તેને શોક શો ?' અને ત્યાં ખેદ શો, શોક શો ? 'કે જે સર્વત્ર એકત્વ(પરમાત્મસ્વરૂપ)ને જ જુએ છે.' બધાને દ્રવ્યદૃષ્ટિથી જ જુએ છે એને શોક શો ? અને ખેદ શો ? એને વિકલ્પ શો ? એને

ભય શો ? એને કંઈ વાત રહેતી નથી.

'વાસ્તવિક સુખ જો જગતની દૃષ્ટિમાં આવ્યું હોત તો જ્ઞાનીપુરુષોએ નિયત કરેલું એવું મોક્ષસ્થાન ઊર્ધ્વ લોકમાં હોત નહીં;...' જો જગતના લોકોને આત્મિક સુખ નજરમાં આવ્યું હોત તો જે જ્ઞાનીપુરુષોએ મોક્ષનું સ્થાન કહ્યું છે એ ત્યાં ન હોત, અહીંયાં જ હોત. ઉપર ન હોત 'પણ આ જગત જ મોક્ષ હોત.' એટલે કે જગતને વાસ્તવિક સુખ લક્ષ ઉપર આવ્યું નથી, દૃષ્ટિમાં આવ્યું નથી અને જે માયિક સુખ છે, સુખાભાસ છે એની પાછળ આખા જગતની દોડ જોવામાં આવે છે.

'જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે; આ વાત જો કે યથાર્થ છે;...' જ્ઞાનીને તો ક્યાંય પ્રતિબંધ નથી, બધી જગ્યાએ અપ્રતિબંધવિહારી છે.

મુમુક્ષુ :– સોભાગભાઈએ લખ્યું લાગે છે. 'જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે' એ સોભાગભાઈના પત્રમાં કદાચ હશે.

પૂજ્ય ભાઈશ્રી :– 'જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે; આ વાત જો કે યથાર્થ છે; તોપણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે એવું જગત,...' જગત કેવું છે ? જ્યાં માયાપૂર્વક પરમાત્મા છે, એવું જેનું દર્શન છે. 'એવું જગત, વિચારી પગ મૂકવા જેવું...' છે. એટલે ગમે તેનો સંગ કરવા જેવો નથી. વિચારીને પગ મૂકવા જેવું છે. 'તેને પણ કંઈ લાગે છે;...' જ્ઞાનીને પણ એ વિચારીને પગ મૂકવા જેવું લાગે છે.

'માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ, કાં તમારા સંગને ઇચ્છીએ છીએ, એ યોગ્ય જ છે.' આવો એક સંગ કરવાના વિષયમાં વિવેક શું હોવો જોઈએ એ આડકતરી રીતે નીકળે છે. દ્રવ્યદૃષ્ટિપૂર્વક, દ્રવ્યદૃષ્ટિ રાખીને આટલો વિવેક કર્યો છે. એ વાત એક પત્રમાં સાથે લીધી છે.

પ્રશ્ન :– માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે એટલે સંસારસુખ વહાલું છે ?

સમાધાન :– જગત કેવું છે ? કે જેમાં આત્મા તો બધા પરમાત્મા છે પણ બધા ભ્રમમાં એટલે માયામાં ગૂંચવાયેલા પડ્યા છે. એ બન્ને પોતાને દેખાય છે. બધા આત્માઓ પરમાત્મસ્વરૂપે પણ દેખાય છે અને બધા માયામાં ગૂંચવાયેલા પડ્યા છે એ પણ પોતે જુએ છે. આ જગતનું સ્વરૂપ છે. એટલે એમાં પગ મૂકવો એ જરાક વિચાર કરીને પગ મૂકવા જેવું અમને લાગે છે. એટલે વિવેક કરવાનો વિષય લીધો છે.

પત્રાંક – ૨૦૬

મુંબઈ, માહ વદ ૧૩, રવિ, ૧૯૪૭

ઘટ પરિચય માટે આપે કંઈ જણાવ્યું નથી તે જણાવશો. તેમ જ મહાત્મા કબીરજીનાં બીજાં પુસ્તકો મળી શકે તો મોકલવા કૃપા કરશો.

પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે. જ્યાં સુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં, ત્યાં સુધી પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રિવાજ છે. અમે તો દીન માત્ર છીએ.

ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.

૨૦૬ સોભાગભાઈ ઉપરનો પત્ર છે. 'ઘટ પરિચય માટે આપે કંઈ જણાવ્યું નથી તે જણાવશો. તેમ જ મહાત્મા કબીરજીનાં બીજાં પુસ્તકો મળી શકે તો મોકલવા કૃપા કરશો.'

'પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે.' કુદરતની ઇચ્છા એવી છે કે હમણાં પરમાર્થમાર્ગ પ્રકાશવા માટે મૌન રહેવું. 'જ્યાં સુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં, ત્યાં સુધી પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રિવાજ છે. અમે તો દીન માત્ર છીએ.' અસંગદશામાં મુનિદશા આવે અને એમાં પણ જ્યારે એવો યોગ લાગે ત્યારે મોક્ષમાર્ગનો પ્રકાશ કરવો. બધા મોક્ષમાર્ગી જ્ઞાનીઓની આવી જ વૃત્તિ હોય છે. અમે તો હજી અસંગદશામાં આવ્યા નથી એટલે દીન છીએ.

'ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.' ૨૦૧માં જે આ ભાગવત્‌ની વાત લખી છે એ અમારા આત્મજ્ઞાનપૂર્વક લખેલી છે.

મુમુક્ષુ :– વૈષ્ણવ લોકો એમ કહે કે અમારી ભાગવતકથા માન્ય કરી. જે રીતે વાંચે એ રીતે વાંચે, આમાંથી જે કાઢે એ કાઢે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે, કોઈ પણ શાસ્ત્ર છે એમાં અનેકવિધ કથનો આવે છે અને અનેક શૈલીથી વાતો આવે છે. જે જીવને જેવી રુચિ હોય ને એ પોતાની રુચિ પ્રમાણે એકવચનને બહુવચન કરીને મુખ્ય કરી નાખે.

હવે આત્માની પ્રાપ્તિને માટે મુમુક્ષુને એમ કહે કે, સત્‌શાસ્ત્રનું સેવન રાખજો અને સત્પુરુષનો સત્સંગ રાખજો. સત્પુરુષને મુખ્ય કરવા છે તો સત્‌શાસ્ત્રને નેવે મૂકવાની વાત નથી અને સત્‌શાસ્ત્રનું અધ્યયન કરવું છે તો સત્પુરુષને ગૌણ કરવાની વાત નથી. બન્ને સાથે હોય તો કોને મુખ્ય કરવા ? એક ચીતરેલો દીવો છે, એક પ્રત્યક્ષ દીવો છે. એ બધો વિવેક આવે છે. બધું શાસ્ત્રમાં આવે છે છતાં જીવ પોતાની રુચિ હોય એને જ મુખ્ય કરે અને એને જ પકડે. આ નિયમ છે.

એ તો સ્વર્ગલોકની વાત આવશે, ચક્રવર્તીના વૈભવની વાત આવશે, બધું શાસ્ત્રમાં આવશે. તો કંઈ રાગ વધારવા માટે વાત છે ? એ કંઈ રાગવર્ધક શાસ્ત્ર નથી. પણ જે જીવને જેની રુચિ છે એ વિષયની મુખ્યતા કરી જાય છે, એનો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં સત્પુરુષ આવી જાય છે, સત્પુરુષમાં શાસ્ત્ર આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જાય છે બન્ને પણ છતાં ક્યાં શું વિવેક કરવો એ લાઇનદોરી ચોખ્ખી છે. જો વિદ્યમાન સત્પુરુષ હોય તો શાસ્ત્રની મુખ્યતાપૂર્વક સત્પુરુષને ગૌણ ન કરી શકાય, એ વસ્તુસ્થિતિ છે. એ વાતની એમણે આગળ ચોખવટ કરી છે. પણ છતાં પોતાની રુચિ હોય, પોતાની યોગ્યતા હોય એવી કોઈ ને કોઈ વાત મુખ્ય કરી લ્યે બાકીનું બધું ગૌણ કરી લ્યે.

મુમુક્ષુ :- ગૌણમાં.... સત્પુરુષમાં શાસ્ત્ર આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો આવી જ જાય છે. સત્પુરુષમાં તો આવી જ જાય છે પણ શાસ્ત્રમાં સત્પુરુષ આવી જાય છે એમ કરીને સત્પુરુષની (ગૌણતા ન કરી શકાય).

અમે ગ્વાલિયર ગયા હતા. (ત્યાં એક) બહુ જૂના મુમુક્ષુ છે, મારી પહેલાંના આવતા હશે. આપણે સ્વાધ્યાય ચાલે તેમાં સત્પુરુષની પ્રધાનતાની વાત તો આવવાની તો પછી એમનો બોલવાનો વારો આવ્યો ત્યારે એમ બોલ્યા કે, અમારી પાસે તો આગમ છે અને આગમ જ અમારે તો સત્પુરુષ છે. એટલે અહીં સત્પુરુષની જે વાત ચાલે છે એ વાત કરતાં અમને આગમ છે, આગમનો સ્વાધ્યાય-અધ્યયન કરીએ છીએ, એ વાત અમને વધારે પસંદ છે. ભલે અમે સત્પુરુષનો સમાગમ ન કરતા હોઈએ. એમ એમનો Tone હતો.

જીવને શું મુખ્ય કરવું એ તો પોતાની યોગ્યતા ઉપર છે, એનો તો કોઈ ઉપાય જ નથી. દરેક વાત કેવી રીતે લેવી જોઈએ ? કે પોતાનું હિત થાય. હિતના લક્ષે જો જીવ સ્વાધ્યાય કરતો હોય તો પોતાનું હિત શેમાં છે એ એને ન સમજાય એવું નથી, પણ કોઈ ને કોઈ વાતનો આગ્રહ રાખવો હોય અને સત્‌ને ગૌણ કરવું હોય એટલે પોતાના આત્માને ગૌણ કરવો હોય, પોતાના હિતને ગૌણ કરવું હોય તો એ તો સ્વતંત્ર વાત છે. એને કેમ રોકી શકાય ? એને કંઈ રોકી ન શકાય. એટલે એવું ધાર્યું છે કે બીજાની બહુ ચિંતા કરવા જેવી નથી. કોણ શું માનશે ? કોણ શું ખેંચી જશે ? જેની જેવી યોગ્યતા, આપણે શું કરવું ? આપણે શું માનવું ? ખરી વાત તો એ છે.

## પત્રાંક – ૨૦૭

મુંબઈ, માહ વદ ૦)), ૧૯૪૭

કોઈ જાતની ક્રિયા જો કે ઉથાપવામાં નહીં આવતી હોય તોપણ તેઓને લાગે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ; જે પારણ ટાળવું એ કલ્યાણરૂપ છે.

પરિણામે 'સત્' ને પ્રાપ્ત કરાવનારી, પ્રારંભમાં 'સત્'ની હેતુભૂત એવી તેમની રુચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગોપાત્ત તેમનાથી પરિચય કરવો; તો તેમના સમાગમથી પણ કલ્યાણ જ વૃદ્ધિ પામશે; અને પેલું કારણ પણ ટળશે.

જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે એવાં વચનો કરતાં 'વૈતાલીય' અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે; અને બીજાં મતભેદવાળાં પ્રાણીને પણ તેમાં અરુચિ થતી નથી.

જે સાધુઓ તમને અનુસરતા હોય, તેમને સમય પરત્વે જણાવતા રહેવું કે, ધર્મ તેનું નામ આપી શકાય કે ધર્મ થઈને પરિણમે; જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે; આપણે આ બધી ક્રિયા અને વાંચના ઈત્યાદિક કરીએ છીએ, તે મિથ્યા છે એમ કહેવાનો મારો હેતુ તમે સમજો નહીં તો હું તમને કંઈ કહેવા ઇચ્છું છું, આમ જણાવી

તેમને જણાવવું કે આ જે કંઈ આપણે કરીએ છીએ, તેમાં કોઈ એવી વાત રહી જાય છે કે જેથી ‘ધર્મ’ અને ‘જ્ઞાન’ આપણને પોતાને રૂપે પરિણમતા નથી, અને કષાય તેમ જ મિથ્યાત્વ (સંદેહનું)નું મંદત્વ થતું નથી; માટે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે; અને તે વિચાર્યે કંઈક આપણે ફળ પામ્યા વિના રહેશું નહીં. આપણે બધું જાણવાનું પ્રયત્ન કરીએ છીએ પણ આપણો ‘સંદેહ’ કેમ જાય તે જાણવાનું પ્રયત્ન કરતાં નથી. એ જ્યાં સુધી નહીં કરીએ ત્યાં સુધી ‘સંદેહ’ કેમ જાય? અને સંદેહ હોય ત્યાં સુધી જ્ઞાન પણ ન હોયઃ માટે સંદેહ જવાનું પ્રયત્ન કરવું જોઈએ. એ સંદેહ એ છે કે આ જીવ ભવ્ય છે કે અભવ્ય? મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યક્દૃષ્ટિ ? સુલભબોધી છે કે દુર્લભબોધી ? તુચ્છસંસારી છે કે અધિકસંસારી? આ આપણને જણાય તેવું પ્રયત્ન કરવું જોઈએ. આવી જાતની જ્ઞાનકથાનો તેમનાથી પ્રસંગ રાખવો યોગ્ય છે.

પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે; પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે, અને તે એ કે “અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું.”

‘સત્’ સત્ જ છે, સરળ છે, સુગમ છે; સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છેઃ પણ સત્‌ને બતાવનાર ‘સત્’ જોઈએ.

નય અનંતા છે, એકેકા પદાર્થમાં અનંત ગુણધર્મ છે; તેમાં અનંતા નય પરિણમે છે; તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું ક્યાં છે ? માટે નયાદિકમાં સમતાવાન રહેવું; જ્ઞાનીઓની વાણી ‘નય’માં ઉદાસીન વર્તે છે, તે વાણીને નમસ્કાર હો ! વિશેષ કોઈ પ્રસંગે.

૨૦૭ (પત્ર) લલ્લુજી ઉપર (લખાયેલો) છે. 'કોઈ જાતની ક્રિયા જોકે ઉથાપવામાં નહીં આવતી હોય તોપણ તેઓને લાગે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ; જે કારણ ટાળવું એ કલ્યાણરૂપ છે.' શું છે કે લલ્લુજી સાધુ હતા. એટલે એમની પાસે જે શ્રાવકલોકો આવે એને કંઈ ને કંઈ વાત તો કરે. ત્યારે એમના પ્રત્યે એવી એક છાપ થઈ ગઈ, જે આપણા ગુરુદેવ પ્રત્યેની લોકોની છાપ છે કે આ અધ્યાત્મની વાતો કરે છે અને ક્રિયાને ઉથાપે છે. સંપ્રદાયની અંદર ક્રિયાજડતા વધી છે. એવી ક્રિયાની જડતાને ઉથાપવાને બદલે ક્રિયા ઉથાપે તો પેલા લોકો જે સાંભળે એને તો એ ન્યાયસંગત લાગે નહીં. એક તો આપણે ત્યાગ કરીએ અને આ એને નિંદે. આ વાત કંઈ આપણને બેસતી નથી. એટલે બહુ હળવી ભાષામાં, મૃદુ ભાષામાં લખે છે કે, તમે કોઈ જાતની ક્રિયાને ઉથાપતા નહીં હોય છતાં એમને એમ લાગે છે, તમારા સાંભળનારને એમ લાગે છે કે આ મહારાજ ક્રિયાને ઉથાપે છે તો એનું કંઈ કારણ હોવું જોઈએ. એટલે તમારો જે Tone છે એ બરાબર નહીં હોય, એમ કહેવું છે અને એ કારણ તમારે ટાળવું જોઈએ. એને એવું ન લાગવું જોઈએ એ રીતે તમારે વાત કરવી જોઈએ.

આમાંથી બહુ સુંદર એક વાત જે નીકળે છે એ મુમુક્ષુએ સમજવા જેવી વાત એ છે કે, આપણે ગમે તેટલું સમજતા હોઈએ, કોઈ ઓછું સમજે, કોઈ વધારે સમજે, બધા કંઈ સરખું સમજતા નથી, પણ બીજાને સમજાવવાનો પ્રસંગ આવે કે બીજાની સાથે વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે સંપ્રદાયમાં ગડબડ અવશ્ય છે પણ એનો આપણા પ્રત્યેનો પૂર્વગ્રહ છે એ વધી જાય એ પદ્ધતિથી વાત કે વર્તન નહીં કરવું જોઈએ. એનો પૂર્વગ્રહ મટે એવો કોઈ પ્રકાર તમારો હોવો જોઈએ. આ એક બહુ વિચક્ષણ પદ્ધતિ શ્રીમદ્જીએ અપનાવી છે. બહુ વિચક્ષણ પદ્ધતિ અપનાવી છે.

આગળ તો પચીસમા વર્ષમાં એવી વાતો આવે છે કે પછી આ વિરોધ થવા મંડ્યો છે, લલ્લુજીનો એ લોકોને વિરોધ થવા મંડ્યો છે, એ એટલા માટે કે એ સાધુ હતા અને શ્રીમદ્જી ગૃહસ્થ હતા. હવે સાધુ થઈને ગૃહસ્થની પાછળ પાછળ ફરે ! આ તો પછી ખુલ્લા થઈ ગયા હતા. અમને તો ભક્તિ છે એટલે અમે તો એની પાછળ જાશું. એટલે એમનો વિરોધ થવા મંડ્યો હતો. એ એટલો બધો વિરોધ થવા મંડ્યો કે એની પાછળ એમનો નહીં પણ શ્રીમદ્જીનો વિરોધ થવા મંડ્યો કે જો આ સાધુ થઈને આ ગૃહસ્થની પાછળ જાય તો પછી ગૃહસ્થ તો એની પાસે જવાના જ છે. એટલે જેણે દુકાન માંડી છે એને તો સીધો

ભય લાગે કે, અમારી ઘરાકી પેલી કોર (બાજુ) ચાલી જાશે. એને તો ભય થાય છે. એ રીતે નારાજ થાય એ સ્વાભાવિક છે અને ક્યાંક ક્યાંક એમને તકલીફમાં પણ મૂકે છે અથવા શ્રીમદ્જી માટે પણ આડુંઅવળું બોલે કે જુઓ ! વેપાર કરે છે, જુઓ ! એને કુટુંબ-પરિવાર છે. જુઓ ! કુટુંબ-પરિવાર વધતો જાય છે, ફલાણું છે, ઢીંકણું છે, રાતે ખાય છે, આમ છે, પચીસમા તીર્થંકર કહેવડાવે છે. એવી વાતો જેમ ગુરુદેવ માટે લોકો આડીઅવળી ઉડાડતા હતા એમ એમના માટે પણ ઘણી વાતો લોકો ઉડાડતા હતા.

એ ભલે દ્વેષ કરે, તમારું વર્તન એવું હોવું જોઈએ કે એને એમ કરવાનો પસ્તાવો થાય. તમે એવી રીતે વર્તજો કે એ જે રીતે વર્ત્યા છે એનો એને પસ્તાવો થવાનો વારો આવે. કોઈ એવી રીતે વર્તન નહીં કરતા. અથવા તમારું વર્તન જોઈને એને એમ લાગવું જોઈએ કે નક્કી આને કોઈ અલૌકિક સત્પુરુષ મળ્યા છે નહીંતર આમ ન થાય. આ કોઈ બીજી રીતે આપણી સાથે વર્તન કરે છે, એમ. બહુ વિચક્ષણતાથી એમણે કામ લીધું છે.

મુમુક્ષુ :- બહુ અમૂલ્ય શિખામણ છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણી વિચક્ષણતાથી કામ લીધું છે. સમાજની સાથે કેવી રીતે કામ લેવું એની વિચક્ષણતા શ્રીમદ્જીની કોઈ અસાધારણ હતી.

એટલે એમ કે એ ધ્વનિ નહીં આવવો જોઈએ, તમારી વાતમાં એવો ધ્વનિ નહીં આવવો જોઈએ. ક્રિયા તમે કરો છો તો સુયોગ્ય પ્રકારે આમ કરો એટલી જ વાત લ્યો, એમ. કહેવાનો અર્થ એમ છે. પણ તમે એનો નિષેધ કરો, આમ અજ્ઞાન થઈ જાય ને આમ ફલાણું થઈ જાય ને આમ થઈ જાય ને આમ થઈ જાય, મિથ્યાત્વ ઘૂંટો (છો) ને ફલાણું એવું કંઈ નહીં, એમ. એને એવું નહીં લાગવું જોઈએ કે તમે એની ક્રિયા ઉથાપો છો.

'પરિણામે 'સત્‌ને પ્રાપ્ત કરાવનારી,...' તમારી વાત કેવી હોવી જોઈએ ? કે જેને પરિણામે સત્‌ની પ્રાપ્તિ થાય 'પ્રારંભમાં 'સત્'ની હેતુભૂત એવી તેમની રુચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગોપાત્ત તેમનાથી પરિચય કરવો;...' જે લોકોની સાથે પરિચય કરવો છે એમાં આ પ્રકારે પરિચય કરવો કે પરિણામે એ સત્‌ની પ્રાપ્તિ થાય. 'સત્' એટલે સત્પુરુષ, અવતરણ ચિહ્નમાં લીધું છે. પ્રારંભમાં સત્‌ની હેતુભૂત એવી તેમની જે રુચિ એ 'રુચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગોપાત્ત તેમનાથી પરિચય કરવો; તો તેમના સમાગમથી પણ કલ્યાણ જ વૃદ્ધિ પામશે; અને પેલું કારણ પણ ટળશે.' ઉપરનું જે કારણ છે કે સત્ ક્રિયાને ઉથાપે છે તે કારણ ટળશે.

'જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે એવાં વચનો કરતાં 'વૈતાલીય' અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે; અને બીજા મતભેદવાળા પ્રાણીને પણ તેમાં અરુચિ થતી નથી.' એટલે બીજી જાણવાની વાતો એકબાજુ મૂકવી, પૃથ્વી આદિનો વિસ્તાર ને આના પછી દ્વીપ ને સમુદ્ર ને ફ્લાણું ને ઢીકણું ને એ જરૂરી નથી પણ આ તો સ્થાનકવાસીનું 'વૈતાલીય' અધ્યયન હશે. આ સ્થાનકવાસીના શાસ્ત્રો છે એમાં ઉત્તરાધ્યયન ને બધા છે ને ! દસવૈકાલીક ને આ 'વૈતાલીય' (છે એમાં) કોઈ વૈરાગ્યની વૃદ્ધિ કરે એવી વાતો તમારે લેવી.

'જે સાધુઓ તમને અનુસરતા હોય, તેમને સમય પરત્વે જણાવતા રહેવું કે, ધર્મ તેનું નામ આપી શકાય કે જે ધર્મ થઈને પરિણમે; જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે; આપણે આ બધી ક્રિયા અને વાંચના ઇત્યાદિક કરીએ છીએ, તે મિથ્યા છે, એમ કહેવાનો મારો હેતુ તમે સમજો નહીં તો હું તમને કંઈ કહેવા ઇચ્છું છું, આમ જણાવી તેમને જણાવવું કે આ જે કંઈ આપણે કરીએ છીએ, તેમાં કોઈ એવી વાત રહી જાય છે કે જેથી 'ધર્મ અને જ્ઞાન' આપણને પોતાને રૂપે પરિણમતા નથી,...' એમ કરીને તમને નથી ખબર પડતી ને તમે આમ છો ને તમે આમ છો, એમ નહીં. આપણે આમ કરવું જોઈએ, આપણે આમ કરવું જોઈએ, એમ લ્યો. એ શબ્દ વાપર્યો છે. જે કંઈ આપણે કરીએ છીએ એમાં કોઈ એવી વાત રહી જાય છે, એમ. તમે કરો છો એમાં આમ ભૂલ થાય છે, એમ નહીં. આપણે કંઈ કરીએ છીએ કે જેમાં કંઈક રહી જાય છે કે ધર્મ ધર્મરૂપે પરિણમતો નથી, જે ક્રિયાથી ધર્મ થતો નથી અને જેનાથી જ્ઞાન થતું નથી. આપણામાં એવી કોઈક વાત રહી જાય છે, જે આપણે સમજવી ઘટે છે. પેલાને એમ ન લાગે કે આ મને કહે છે. પોતે જ્ઞાની થઈને બેસે છે અને મને અજ્ઞાની સ્થાપે છે, એ (વાત) માણસ પસંદ કરતાં નથી.

મુમુક્ષુ :– ઊંચ-નીચનો ભેદ ઉત્પન્ન થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઊંચ–નીચનો ભેદ ઉત્પન્ન થઈ જાય છે.

'અને કષાય તેમ જ મિથ્યાત્વ (સંદેહ)નું મંદત્વ થતું નથી; માટે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે;...' એમ કે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે 'અને તે વિચાર્યે કંઈક આપણે ફળ પામ્યા વિના રહેશું નહીં.' આવો જો વિચાર કરશું તો જરૂર એનું કંઈ સારું પરિણામ આવશે. 'આપણે બધું જાણવાનું પ્રયત્ન કરીએ છીએ પણ આપણો 'સંદેહ' કેમ જાય...' કેમ ખાત્રી ન થાય કે આ જ મોક્ષનો માર્ગ છે ? કોને ખબર આપણે મુક્ત થશું કે નહીં થઈએ ? કોને ખબર આપણે ભવિ

છીએ કે અભવિ ? એવો સંદેહ કેમ જાતો નથી ? 'તે જાણવાનું પ્રયત્ન કરતાં નથી.'

'એ જ્યાં સુધી નહીં કરીએ ત્યાં સુધી 'સંદેહ' કેમ જાય ? અને સંદેહ હોય ત્યાં સુધી જ્ઞાન પણ ન હોય; માટે સંદેહ જવાનું પ્રયત્ન કરવું જોઈએ. એ સંદેહ એ છે કે આ જીવ ભવ્ય છે કે અભવ્ય ? મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યક્દૃષ્ટિ ? સુલભબોધી છે કે દુર્લભબોધી ? તુચ્છસંસારી છે કે અધિકસંસારી ?' એમણે એ જ વિષય લીધો છે. આ મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થતા જ્યારે આવે છે ત્યારે આ પહેલી વાત આવે છે. ગુરુદેવશ્રી બહુ શરૂના પ્રવચનો આવેલા છે એમાં એમ કહેતા કે, આ અધ્યાત્મની એવી વાત છે કે પાત્ર જીવને એ વાત અંતર રુચિમાં રુચે તો અંદરથી એને મોક્ષનો ભણકાર આવી જાય, એને મોક્ષના ભણકારા આવી જાય. એટલે એને પોતાની અંદરથી આત્માનો અવાજ આવે કે, આ વાત મને એટલી બધી રુચે છે કે હવે મારી મુક્તિ દૂર નથી. બસ ! આ બધું એમાં આવી ગયું, આ બધા પ્રશ્નો આવી ગયા. એક ભણકારાની અંદર આ બધા પ્રશ્નો આવી ગયા.

'આ આપણને જણાય તેવું પ્રયત્ન કરવું જોઈએ.' આ પ્રશ્નમાં સંદેહ ન રહે અને ચોખ્ખું આપણને જણાય એવું પ્રયત્ન કરવું જોઈએ. 'આવી જાતની જ્ઞાનકથાનો તેમનાથી પ્રસંગ રાખવો યોગ્ય છે.' સંપ્રદાયના બીજા સાધુ કે સંપ્રદાયના શ્રાવકો આવે એની સાથે આ પ્રકારનો પ્રસંગ રાખવો. ત્યાર પછીના પેરેગ્રાફમાં બહુ સરસ માર્ગદર્શન આપ્યું છે.

'પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે;...' એટલે પરમાર્થની રુચિ, પરમ તત્ત્વની રુચિ થવામાં સત્સંગ જેવું કોઈ સર્વોત્કૃષ્ટ સાધન નથી 'અનુપમ સાધન છે; પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે;...' ખરી વાત એ છે. આ તો પોતે ૯૫ વરસ પહેલા લખે છે કે, આ કાળમાં સત્સંગનો યોગ થવો ઘણો વિકટ છે. બાકી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મુમુક્ષુને જો કોઈ સાધન હોય તો તે સત્સંગ છે.

આપણે તો એટલા માટે કે, જે જે આપણાં મંડળો છે, મંદિરો છે, જ્યાં વાંચન નથી થતું ત્યાં વાંચન થવું જ જોઈએ, બધા મુમુક્ષુએ મળવું જોઈએ, સાથે બેસીને કોઈ શાસ્ત્રના બહાને, ગુરુદેવના પ્રવચનના બહાને, વાંચન કરવું જોઈએ એનો અર્થ શું છે કે સત્સંગ કરવો જોઈએ. વિચારોની આપ-લે થાય, એમાંથી સત્ય શું છે એ સમજાય. એટલે સત્સંગ છે એ આ કાળને વિષે દુર્લભ વિષય છે, એમ કહેવું છે.

'પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે,...' સત્સંગનો યોગ થવો બહુ વિકટ છે. માટે

એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે. એ વિકટતામાં રહીને પોતાનું હિત કરવું એવો વિકટ પુરુષાર્થ કરવા યોગ્ય છે. 'અને તે એ કે 'અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું.' પૂર્વગ્રહ છોડી દેવો પડે છે. કોરી પાટી કર્યા વિના સત્‌નો અવકાશ થતો નથી.

પ્રશ્ન :- આ ભવમાં પણ જેટલું જાણ્યું છે તે અનાદિકાળમાં નથી જાણ્યું ?

સમાધાન :- 'અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું.' એટલે હું જાણું છું એનું વિસ્મરણ કરવું. જે જાણવા યોગ્ય છે તે હજું જાણ્યું નથી માટે જે જાણ્યું છે તે જાણ્યું નથી, એમ લઈ લેવું, એમ કહેવા માગે છે.

'સત્‌' સત્‌ જ છે, સરળ છે, સુગમ છે; સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ 'સત્‌'ને બતાવનાર 'સત્‌' જોઈએ.' ભલે સત્‌ સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ થાય છે પણ એ સત્‌ને બતાવનાર કોઈ સત્પુરુષ હોવા જોઈએ અને એ બહુ દુર્લભ છે, એ ભાગ્યે જ મળે એવી વસ્તુ છે. અબજોની અંદર કોઈ એક જીવ હોય, બે જીવ હોય, ત્રણ જીવ હોય. અબજોની અંદર આ પરિસ્થિતિ છે, આ ક્ષેત્રમાં તો કરોડોમાં નહીં અબજોમાં આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આપણને એક જ દેખાણા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રસિદ્ધપણે એક છે પણ છતાં એવી રીતે રાખી શકીએ કે, અપ્રસિદ્ધપણે કોઈ હોય તો, એમ. પૂર્ણ વીતરાગતા જોઈએ છે ને ! તો એની પ્રાપ્તિ ઘણી વિકટ થઈ ગઈ કે નહીં ? એ તો ગુરુદેવે એટલી કૃપા કરી કે (પૂજ્ય બહેનશ્રીની) પ્રસિદ્ધિ કરી, નહીંતર એ તો ગુપ્ત જ રહેતા હતા. કોઈનો પરિચય કરતા નહોતા. અત્યારે એમને આ જે (ચર્ચા આદિનો પ્રસંગ વધ્યો છે) તે પ્રતિબંધ લાગે છે, બંધન લાગે છે. એ તો પોતાના જ્ઞાન-ધ્યાનમાં રહે. આ તો કહે ફલાણા આવ્યા છે, દર્શન કરવા છે. કેટલો પ્રતિબંધ (બંધન) ? ક્યારે કોણ આવે ? ક્યારે કોણ આવે ? આટલો મોટો દેશ ! સૌ પોતાની અનુકૂળતાએ આવે.

'નય અનંતા છે, એકેકા પદાર્થમાં અનંત ગુણધર્મ છે;...' અનંત નય છે, એકેક પદાર્થમાં અનંત ગુણધર્મ છે અને 'તેમાં અનંતા નય પરિણમે છે;...' એટલે ગુણધર્મને જાણવાનું જ્ઞાનને પ્રયોજન છે એ જ્ઞાનને નય કહેવામાં આવે છે. એવી રીતે અનંતા નય પરિણમે છે 'તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું ક્યાં છે ?' તો એક નયથી કે બે ચાર

નયથી બોલાય એવું ક્યાં છે ? અનેક નયથી કથનની શૈલી થઈ શકે છે. 'માટે નયાદિકમાં સમતાવાન રહેવું;...' માટે કોઈ વાતને મુખ્ય-ગૌણ કરીને આગ્રહમાં પડવું નહીં, તકરારમાં પડવું નહીં, ઝઘડામાં પડવું નહીં, એમ કહેવું છે. નયાદિકમાં સમતાવાન રહેવું એનો અર્થ એ છે.

સામાન્ય રીતે કોઈને અમુક શૈલી પસંદ પડે છે, કોઈને અમુક નયની શૈલી પસંદ પડે છે તો એને બીજા નયની શૈલી પસંદ નથી પડતી. કોઈને દૃષ્ટિપ્રધાનનો આગ્રહ થઈ ગયો હોય તો કહે આ જ્ઞાનપ્રધાન વાતો આપણને ગમતી નથી, એની અરુચિ કરવા મંડે. જ્ઞાનપ્રધાન શૈલી રુચિ ગઈ હોય અને કોઈ દૃષ્ટિપ્રધાન વાત આવે તો એને પાછું રુચે નહીં. આ બરાબર નથી, આવી રીતે ન બોલાય, આવી રીતે ન કહેવાય, એને એમ થયા કરે. મુમુક્ષુએ સમતા રાખવી. અનંતા નય છે, બે ચાર નયથી ક્યાં વાત છે ? ઘણા નયથી ઘણી વાતો થઈ શકે છે. વસ્તુ જે છે તે છે, એનો માર્ગ જે છે તે છે, એમાં કોઈ ફેરફાર થવાનો નથી. કહેવાની શૈલી કોઈની જુદી હોય, કોઈની કેવી હોય, એના પ્રત્યે કોઈ આગ્રહ સેવવો, રાગ-દ્વેષ કરવા એ તો કાંઈ હિતાવહ નથી.

'જ્ઞાનીઓની વાણી 'નય'માં ઉદાસીન વર્તે છે, તે વાણીને નમસ્કાર હો !' જ્ઞાનીની વાણી તો એક પરમાર્થને કેન્દ્રમાં રાખીને જ્યારે જેવા અર્થ નીકળવા હોય તેવા નીકળે છે, આમ જ કહેવું, આમ ગોઠવીને કહેવું, આમ બરાબર બનાવીને કહેવું, એમ જ્ઞાનીને એ બાબતમાં થતું નથી. એ બાબતમાં એ ઉદાસીન છે. કેમકે એને પદાર્થદર્શન છે. સ્પષ્ટ પદાર્થદર્શન જેને વર્તે છે એ પદાર્થને ગમે તે શૈલીથી ગમે તે વાણીથી કહે, એને એનો કોઈ પ્રતિબંધ નથી, એની વાણીને કોઈ દોષ નથી. ગમે તે વાત ગમે તે રીતે કહેવાતી હોય તો એની વાણીને દોષ નથી કેમકે એને તો સ્પષ્ટ પદાર્થદર્શન છે. એટલે ગમે તે કહે છે તો એમાં આમ કહેવું ને તેમ કહેવું એ ગોઠવણી કરવામાં એ ઉદાસીન છે. નયમાં એટલે શૈલીમાં તે ઉદાસીન છે.

'તે વાણીને નમસ્કાર હો ! વિશેષ કોઈ પ્રસંગે.' એ વાત કોઈ વિસ્તારથી સમજવી હોય તો કોઈ પ્રસંગે વિસ્તારથી કહેશું. અત્યારે પત્રની અંદર તો મર્યાદિત છે. એટલે એ વાત એમણે ત્યાર પછીના પત્રમાં થોડી ચર્ચી છે અને નયના વિષયની અંદર થોડો વિશેષ ખુલાસો ૨૦૮ નંબરના પત્રમાં એમણે કર્યો છે. એટલે એ વખતે કથન શૈલીના વિષયમાં વિચારણા ચાલતી હશે અથવા ચર્ચા ચાલતી હશે એટલે થોડો વધારે ખુલાસો આવ્યો છે. એ ૨૦૮ નંબરના પત્રમાં આવ્યું છે. વિશેષ લઈશું, એ સ્પષ્ટીકરણ માગે એવો વિષય છે.

## પત્રાંક - ૨૦૮

મુંબઈ, માહ વદ ०)), ૧૯૪૭

અનંતા નય છે; એકેક પદાર્થ અનંત ગુણથી, અને અનંત ધર્મથી યુક્ત છે; એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે; માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં; એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. ઘણું કરીને આ વાતને જ્ઞાનીપુરુષો જ જાણે છે; અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાનીપુરુષોને સમ્મત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે; અને તેથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે. કોઈ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીનાં વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઇચ્છા કરી હોય એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં, અને એ આગ્રહ જેને મટ્યો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઇચ્છા કરતો નથી.

તા. ૨૯-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૫૦

પત્રાંક - ૨૦૮-૨૦૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૨૦૮, પાનું ૨૬૬. નય વિવિક્ષા ઉપર સ્પષ્ટીકરણ

આપ્યું છે. 'અનંતા નય છે;...' તેને નય કહે છે અથવા પદાર્થને કોઈ ગુણથી કે કોઈ ધર્મથી, કોઈ એક પ્રકારથી, ન્યાયસંપન્ન રીતે જ્ઞાનમાં વિષય કરવો તેને નય કહે છે. આગમ પદ્ધતિએ પદાર્થને જાણવા માટે નય અને પ્રમાણની વ્યવસ્થા એક માત્ર જૈનદર્શનમાં છે. જૈનદર્શન સિવાય કોઈ અન્ય દર્શનના આગમમાં નયપદ્ધતિથી કે પ્રમાણપદ્ધતિથી પદાર્થને સમજવાની કોઈ વ્યવસ્થિત પદ્ધતિ નથી. તોપણ જ્યાં આવી સાનુકૂળતા છે, અનુકૂળતા છે ત્યાં પણ જીવ ભૂલ કરે તો વિપર્યાસ થાય છે, વિપરીતતા ઊભી થાય છે એના ઉપર અહીંયાં શ્રીમદ્જીએ ધ્યાન દોર્યું છે.

'અનંતા નય છે; એકેક પદાર્થ અનંત ગુણથી, અને અનંત ધર્મથી યુક્ત છે;...' પ્રત્યેક પદાર્થને અનંત ગુણ છે, અનંત ધર્મ પણ છે. 'એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય...' એટલે પ્રત્યેક નય 'પરિણમે છે;' એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે નયો પરિણમે છે. અથવા એક ગુણ અને એક ધર્મને જાણવા માટે પણ અનેક નય છે.

જેમકે પર્યાય. આત્માને પરિણામધર્મ છે. તો પર્યાયને પર્યાયાર્થિક નયથી જોતા તે વસ્તુનું એક અનિત્ય અંગ છે અને વસ્તુ નિત્ય હોવા છતાં, વસ્તુનો ત્યાં નિત્યધર્મથી વિરુદ્ધ એવો અનિત્યધર્મ આ પર્યાયઅંગમાં રહે છે. તે અનિત્યપણું સર્વથાપણે અનુભવ થતું હોવાથી જીવને ભાવમરણ અથવા નુકસાન થાય છે, દુઃખ થાય છે, અશાંતિ થાય છે. એ જ પર્યાયને દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે તો એ દ્રવ્યના અંગભૂત હોવાને લીધે તે પર્યાય છે એ દ્રવ્યસ્વરૂપે જોવામાં આવે છે, દ્રવ્યરૂપે પણ જોવામાં આવે છે. જેને પર્યાયરૂપે જોવામાં આવે છે એને ને એને જ દ્રવ્યરૂપે જોવામાં આવે છે. એમ એક જ તત્ત્વને, એક જ ભાવને પણ અનેક નયથી જોવાય છે.

જેમકે દ્રવ્ય છે એને દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યપણે જોવામાં આવે છે તો એ જ દ્રવ્યને પર્યાયાર્થિક નયથી અનંત પર્યાયના પિંડ તરીકે પણ જોવામાં આવે છે. એમ એક જ ભાવને, એક જ પદાર્થને, એક જ ગુણને પણ અનેક દૃષ્ટિકોણથી, અનેક નયથી વિષય કરવામાં આવે છે. એટલે એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે પણ અનંત નય પરિણમે છે. અનંત પદાર્થોથી ભિન્ન છે, એક ધર્મ અનંત ધર્મોથી ભિન્ન છે, એક ગુણ અનંત ગુણોથી ભિન્ન છે, એમ પણ એની વિવિક્ષા અનેક રીતે કરવામાં આવે છે.

'માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં;...' એમ કહે છે. કેમ ? કે કેટલા અનંતા નય છે ? જો એક નયને સમજતા છદ્મસ્થને અસંખ્ય સમય લાગે તો

અનંતા નયને સમજવા માટે તો એની પાસે કાળ જ નથી. એટલે એકેક, એકેક, એકેક કરીને એકેક નયથી જો વસ્તુને સમજવા માગે તો એ રીતે કોઈ વસ્તુ સમજાય નહીં. એમ પ્રત્યેક નયથી પ્રત્યેક ધર્મને જાણી લેવામાં આવે તોપણ અનંતા ધર્મ હોવાથી પણ એટલો સમય નથી. કેમકે કાળમાં સમયના જેટલા પર્યાયો છે એના કરતાં ગુણધર્મની સંખ્યા અનંતી છે. કાળના અનંત સમયો છે એના કરતાં ગુણધર્મની સંખ્યા અનંતી છે. (એટલે) એ વાટે જો સમજવા જાય તોપણ વસ્તુ સમજાય નહીં.

'એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં; એની વાટ કોઈ બીજી હોવી જોઈએ.' વાટ એટલે રીત, કાર્યપદ્ધતિ. એની રીત કોઈ બીજી હોવી જોઈએ. જ્યારે છદ્મસ્થને એ પદાર્થનું જ્ઞાન કરવું છે ત્યારે સર્વ નયોનું જ્ઞાન કરે અને સર્વ નયોના જ્ઞાનથી સર્વ ગુણધર્મોનું જ્ઞાન કરે તો જ આખો પદાર્થ સમજાય. જો એમ હોય તો કોઈ રીતે, કોઈ પદાર્થને પૂરેપૂરો સમજી શકે નહીં, કોઈને પદાર્થનું પૂરું જ્ઞાન થઈ શકે નહીં. માટે પદાર્થનું પૂરું જ્ઞાન કરવા માટેની રીત કંઈક બીજી હોવી જોઈએ.

શ્રુતપ્રમાણથી એકેક નયને લાગુ કરીને સમજવા જાય તો આખો પદાર્થ સમજાય એવું નથી. વળી કેટલાક ગુણધર્મ એવા છે, કેટલાક શું અનંતા ગુણધર્મ એવા છે કે જે શ્રુતજ્ઞાનના નયથી કોઈ પ્રગટ થઈને, એવો નય પ્રગટ થઈને એ બધા જણાય એવું બનતું નથી, પરોક્ષ જ રહે છે. કેવળજ્ઞાન સિવાય પ્રત્યક્ષ થતા જ નથી, શ્રુતજ્ઞાનમાં એ સીધા જણાતા જ નથી. એવા અનંત ગુણધર્મો છે. કેવી રીતે પદાર્થનું જ્ઞાન થાય ? માટે પદાર્થનું જ્ઞાન કેવળ નય વિવિક્ષાથી કોઈ કરવા ધારે, કોઈ વિશેષ બુદ્ધિમાન હોય કે અનેક નયથી પદાર્થને સમજી અને પદાર્થને જ્ઞાનમાં પૂરેપૂરો ગ્રહણ કરી લ્યે, તો એ વાટે કોઈ પદાર્થનું જ્ઞાન થાય એવું લાગતું નથી, કોઈ એની રીત બીજી હોવી જોઈએ.

એમ કહીને એ કહેવું છે કે પ્રયોજનભૂત ગુણધર્મ જાણીને પદાર્થનું જ્ઞાન કરી લ્યે અને પછી એમાં એકાગ્ર થાય, નિશ્ચયનયના વિષયભૂત તત્ત્વ ઉપર એકાગ્ર થાય અને કેવળજ્ઞાન પ્રગટાવે તો એકસાથે અનંતા ગુણધર્મો સહિત આખો પદાર્થ પ્રત્યક્ષ થઈ જાય છે, કંઈ બાકી રહેતું નથી. એ રીત હોવી જોઈએ, એમ એના ઉપર છેલ્લે આવે છે. અધ્યાત્મ ઉપર આવે છે, આગમને ગૌણ કરાવે છે. આગમનો વિષય હોવા છતાં આગમને ગૌણ કરાવે છે. અહીંયાં અધ્યાત્મ પદ્ધતિની પ્રધાનતા કરાવે છે.

'એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. ઘણું કરીને આ વાતને જ્ઞાનીપુરુષો જ જાણે

છે;...' આની વાટ બીજી છે, પદાર્થને જાણવાની વાટ કોઈ બીજી છે, આ વાતને જ્ઞાનીપુરુષો જ જાણે છે. વિદ્વાનો તો વધુમાં વધુ નયજ્ઞાનથી વધુમાં વધુ સારી રીતે પદાર્થને જાણવા બાજુ ખેંચાય છે, જ્ઞાનીપુરુષ એ દિશામાં આગળ વધતા નથી. 'આ વાતને જ્ઞાનીપુરુષો જ જાણે છે; અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે;...' જે ક્ષયોપશમ છે અને જે ભેદપ્રધાન ક્ષયોપશમ છે, કેમકે આ નયથી આમ છે ને આ નયથી આમ છે, વળી આ નયથી આમ છે અને આ નયથી આમ છે, એ બધો જ્ઞાનનો ભેદપ્રધાન ક્ષયોપશમભાવ છે. એ પ્રકારની કાર્યપદ્ધતિથી માર્ગ એટલે એ પ્રકારના ઉપાયથી જ્ઞાની તો ઉદાસીન વર્તે છે.

પ્રશ્ન :- ઉદાસીન વર્તે છે એટલે ?

સમાધાન :- ઉદાસીન વર્તે છે એટલે એ બાજુની એમને બહુ અપેક્ષા નથી કે હું આવું જ્ઞાન વધારી દઉં. હું આ પ્રકારના જ્ઞાનનો વધારે વિકાસ કરું. એ બાજુ એને ઉપેક્ષાનો ભાવ થઈ જાય છે કે, નહીં, એ માર્ગે આગળ નથી વધવું. નયજ્ઞાનથી અનેક રીતે પદાર્થને જાણીને આગળ વધવું નથી. પણ અંતરમાં સ્વતત્ત્વને, નિશ્ચયનયારૂઢ થઈને એમાં જેટલી એકાગ્રતા ને લીનતા થાય એ માર્ગે એમને આગળ વધવું છે. આત્માનો આશ્રય વધારે થાય, એકદમ આત્માનો આશ્રય ખૂબ કરીને પોતે કેવળજ્ઞાન પ્રગટ કરે એ માર્ગે એમને આગળ વધવું છે. નયાદિકના માર્ગે એમને આગળ વધવું નથી.

મુમુક્ષુ :- સોગાનીજી કહે છે ને કે અમારે તો એક જ નય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ નય છે, બીજો નય જ નથી. અને આમણે પણ એ જ લીધું છે.

મુમુક્ષુ :- ક્ષયોપશમ નહીં બઢાના હૈ, સુખ પીના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સુખ પીના હૈ. અને એમ કે કેવળજ્ઞાનમાં બધું જણાઈ જવાનું છે પછી શું ? આ બધું વિશેષ જાણીને શું પ્રયોજન છે ? જાણપણાનું કોઈ પ્રયોજન નથી.

એ રીતે ક્ષયોપશમભાવની વૃદ્ધિ માટે વિકલ્પ વધે, અનેક નયથી અનેક વિકલ્પ વધે એના બદલે વિકલ્પ શાંત થઈને નિર્વિકલ્પ થાય એ રસ્તો એ પકડે છે. વિકલ્પ વધારવાના રસ્તે જતા નથી એટલે એ તરફ ઉદાસીન વર્તે છે. આ નયની વાતમાંથી કેવી રીતે વાત ખેંચી ગયા છે !

'તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે;...' શું છે કે, વિદ્વાનને તો ઘણું જાણે અને ઘણી નવી નવી વાતો કરે તો લોકોને એમ થાય કે આ વિદ્વાન કાંઈક સારા વિદ્વાન લાગે

છે. આપણને ઘણી વાતો સમજાવે છે, ઘણી નવી વાતો જાણવા મળી, માટે આ વિદ્વાન કાંઈક વિશેષ લાગે છે. વિદ્વાનને પણ ખબર પડે કે, હું કેટલીક નવી નવી વાતો કરું છું એટલે સાંભળનારાને આશ્ચર્ય થાય છે, સાંભળવાવાળાને મહિમા આવે છે, સાંભળવાવાળા રાજી થાય છે, ખુશી થાય છે. એવું બધું જોઈને પાછો પોતે પણ ખુશી થાય છે. શ્રોતાની એ પરિસ્થિતિ જોઈને પાછો પોતે ખુશી થાય છે. એ પદ્ધતિ અનુકૂળ નથી, એવી પદ્ધતિ પોતાને નુકસાન કરનારી છે, એ પદ્ધતિ પોતાને અનુકૂળ નથી માટે એ રસ્તે આગળ ન વધવું, એમ કહે છે.

'તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી.' કોઈ નયના વિષયથી જરા પણ આઘા ખસીને, દૂર જઈને એ નયની મર્યાદાને તોડી નાખે એવું જ્ઞાની કરતા નથી. નયજ્ઞાનના વિષયની મર્યાદામાં એ રહી જાય છે અને જરા પણ એવી રીતે ખેંચતા નથી કે જેથી કોઈનું એકાંત ખંડન થાય કે જેથી કોઈનું એકાંત મંડન થાય. એવું નથી કરતા.

'જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાનીપુરુષોને સમ્મત હોય છે.' અથવા માન્ય હોય છે. જેટલો જે નયનો અધિકાર છે, સત્તા એટલે અધિકાર છે, એટલું એ સમ્મત કરે છે કે આ નયનો આટલો અધિકાર છે, આ નયનો આટલો અધિકાર છે, એ એમને માન્ય છે. પાછું એમ નથી કે એ નિશ્ચયનય અને વ્યવહારનયના અધિકારને સમજતા નથી, એમ પણ નથી. કોનો અધિકાર વિશેષ છે ? ક્યા નયનો આશ્રય કરવા યોગ્ય છે ? ક્યો નય ગૌણ કરવા યોગ્ય છે ? એ પણ એ બરાબર માન્ય કરે છે, બરાબર સમ્મત કરે છે, એમાં એકાંત સમજતા નથી, એમાં ખંડન-મંડન સમજતા નથી, એમાં નય દુભાય છે એમ પણ સમજતા નથી. એ બધું એકસાથે આની અંદર છે. એક પેરેગ્રાફમાં બધો ખુલાસો કરી નાખ્યો છે.

'જેટલી જેની યોગ્યતા છે...' જેની એટલે જે નયની 'તેટલી તે નયની સત્તા જ્ઞાનીપુરુષોને સમ્મત હોય છે.' અથવા માન્ય હોય છે. 'માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે;...' નયનો આગ્રહ કોણ કરે છે ? જેને માર્ગ નથી મળ્યો એ નયનો આગ્રહ કરે છે. અન્ય શાસ્ત્રોમાં એ વાત એવી રીતે પણ આવે છે કે વાદવિવાદ શેમાંથી થાય છે ? કે પોતાની વાતનો આગ્રહ ઊભો થાય એમાંથી થાય છે. પોતાની વાતનો આગ્રહ શેમાંથી ઊભો થાય છે ? કે, એ વિષયમાં પોતાનો ક્ષયોપશમ એને બીજા કરતાં વધારે

લાગે છે અને તેથી એ વિષયમાં એનું અહંપણું વર્તે છે કે, મને કંઈક આ વિષયમાં વધારે ખબર પડે છે અને સામાને મારા જેટલી ખબર પડતી નથી. એટલે આમ જે અહંપણાનો દુર્ગુણ છે એમાંથી આગ્રહ ઊભો થાય છે, આગ્રહમાંથી વાદવિવાદ ઊભો થાય છે. એ કોને છે ? કે માર્ગ જેને નથી પ્રાપ્ત થયો 'એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે;...'

નય એટલે ? નયને અવતરણચિહ્નમાં એટલે લીધો કે એ ખરેખર એની પાસે નય નથી પણ નયાભાસ છે. પણ એ નય, નય કરે છે કે નહીં, આ નયથી આમ છે, આ નયથી આમ છે, આ નયથી આમ છે, આ નય આમ જ કહે છે. એ આગ્રહ કરે છે, એ જ બતાવે છે કે એને એ નયાભાસ વર્તે છે, નય નથી. નહીંતર વાતને છોડી દ્યે. મને આમ લાગે છે, તમને પણ આમ લાગવું જોઈએ, ન લાગે તો વિચાર કરજો, વિશેષ વિચાર કરજો. અને છતાં પણ કોઈ ન સમજે તો પોતાના આગ્રહથી કોઈ સમજી જશે, એ વાત પણ બરાબર તો નથી કે કોઈ કોઈના આગ્રહથી કોઈ સમજી જાય એવું તો બનતું નથી. કેમકે એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે, એને એમ બેસે છે.

ગુરુદેવશ્રી કહેતા, કોઈ વિરોધ કરતાં, દિગંબર સંપ્રદાયના વિરોધના છાપા આવે, એટલે એમ કહે કે એને એમ બેસે છે, એને બિચારાને એમ બેસે છે એટલે એ એમ જ કહે ને ! એમાં એનો શું દોષ ગણવો ? એને એમ બેસે છે માટે એમ કહે છે, એમ. સત્યને છોડીને, સત્યથી વિરુદ્ધ વાત કરે તોપણ આટલી મધ્યસ્થતાથી વિચારતા હતા. નહીંતર તોછડું લખે, ગમે એવું લખે તોપણ (એમ જ કહે), એને એમ બેસે છે પછી એ એમ જ કરે ને ! એમ (કરીને) ગૌણ કરી નાખે. અથવા બહુ કરુણા આવે ત્યારે (એમ) કહે કે, અરે... ભગવાન ! અરે... પ્રભુ ! તને આમ કેમ થાય છે ? તને આમ કેમ બેસે છે ? બસ, એથી વધારે કંઈ નહીં.

મુમુક્ષુ :- અનુભવ પછી જ નય પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુભવ પછી જ નય પડે છે.

મુમુક્ષુ :- એ પહેલા વાતો કરે એ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું નયાભાસમાં રહીને, નયાભાસમાં રહીને (કરે છે).

એક શું છે કે જ્યાં યથાર્થ સુવિચારણા છે ત્યાં સૂક્ષ્મ દોષ ઊભો છે, ત્યાં એવો નયાભાસનો સ્થૂળ દોષ નથી હોતો. યથાર્થ વિચારણા હોય છે કે જે વિચારણામાંથી દર્શનમોહ ગળતો ગળતો, વિપર્યાસ મટતો મટતો પ્રત્યક્ષ દર્શન સુધી આવે છે. એ રીતે જે ચડતી

શ્રેણિમાં છે એને નયજ્ઞાનની અંદર પણ યથાર્થતા આવતી જાય છે. જેમ જેમ એની યથાર્થતા વધતી જાય છે, એ બરાબર યથાર્થ થતાં સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. એવી એક અપેક્ષા છે.

પ્રશ્ન :– અજ્ઞાનીએ નયના અભ્યાસમાં શું ધ્યાન રાખવું ?

સમાધાન :– નયનું સ્વરૂપ જાણવું અને જે રીતે પોતાને પ્રયોજનની સિદ્ધિ થાય એ કાર્ય ઉપર પોતાની શક્તિ લગાવવી. પણ નયજ્ઞાન, જે ક્ષયોપશમનો વિષય છે, એ ક્ષયોપશમ વધારવા પ્રત્યેના અભિપ્રાયને એકદમ છોડી દેવો. મારે વધારે જાણવું છે, વધારે સમજવું છે એ માટે હું વધુમાં વધુ નયજ્ઞાનથી વધુમાં વધુ શાસ્ત્ર અભ્યાસ કરું, એ પ્રકાર છોડી દેવો જોઈએ.

પ્રશ્ન :– નય તો જ્ઞાનીને છે માટે છોડી દેવો એમ નહિ ?

સમાધાન :– નહીં, એમ નથી, એમ નથી. પ્રયોજનભૂત વાત ક્યા નયથી કેવી રીતે છે, એ સમજીને પોતાના પ્રયોજનની દિશામાં આગળ વધવું. અથવા સામાન્ય રીતે જે અનેક નયથી વાત આવે છે તે બધા નયમાં એક જ બાજુનો લક્ષ રાખવો કે આમાં મૂળસ્વરૂપનો નિશ્ચય કેવી રીતે થાય છે ? મારા મૂળસ્વરૂપનો નિશ્ચય કેવી રીતે થાય છે ? એ વાત ઉપર શાસ્ત્ર અભ્યાસ કરતાં પોતાનું લક્ષ રહેવું જોઈએ, હોવું જોઈએ તો એ સ્વરૂપનિશ્ચય કરવાના છેડે આવે છે, સરવાળે આવે છે. નહીંતર એમ ને એમ વધુ જાણવાના લોભમાં, વધુ જાણવાની આકાંક્ષામાં, એવી આતુરતામાં વધુ ને વધુ જાણવા પ્રેરાય જાય છે. એવી ગરબડ થાય છે, એટલે એમ નહીં થવું જોઈએ. પોતાનું મૂળસ્વરૂપ કેવું છે ? તેનો નિશ્ચય કરવા માટે પોતે શાસ્ત્રઅભ્યાસ કરી રહ્યો છે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યો છે, અને એ લક્ષ જરા પણ ન છૂટે, સળંગ જળવાઈ રહે, ગમે તે વિષય સામે આવે તોપણ આ લક્ષ સળંગ જળવાઈ રહે એવી પોતાની ઉઘાડજ્ઞાનની પ્રવૃત્તિમાં આ એક લક્ષનું જે કેન્દ્ર છે એ છોડવું નહીં જોઈએ. તો સ્વરૂપનિશ્ચય કરવા સુધી આવે, નહીંતર સ્વરૂપનિશ્ચય કરવાનો પ્રયત્ન થાય નહીં. ઘણું જાણે, ધારણા થાય, પાછો ભૂલે, પાછી ધારણા થાય, પાછો ભૂલે, એમ ને એમ સમય નીકળી જાય અને આયુષ્ય વ્યતીત થઈ જાય.

મુખ્ય વાત છે કે શું કરવા હું શાસ્ત્ર અભ્યાસ કરું છું ? કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ હું કરું છું શું કરવા ? હેતુ શું, મારે આ કાર્ય કરવા પાછળ હેતુ શું છે ? કે એક માત્ર મારા મૂળ સ્વરૂપથી હું અજાણ્યો રહ્યો છું, એનો નિશ્ચય કરવા માટે હું આ અભ્યાસ કરું છું. આ સિવાય મારે બીજું કોઈ કારણ નથી. આટલું સાફ હોય તો એની પ્રવૃત્તિ યથાર્થતામાં

આવે છે, નહીંતર પ્રવૃત્તિમાં અનેક પ્રકારે અયથાર્થતા ઊભી થાય છે અને જીવ લાભ કરવાને બદલે પોતાને નુકસાન અવશ્ય કરી બેસે એવું બને છે.

'માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે; અને તેથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે.' તેથી નુકસાન જ થાય, લાભ થવાનો પ્રકાર વિચારવા જેવો નથી, નુકસાન જ થાય, નુકસાન સિવાય બીજું કંઈ થાય નહીં. 'કોઈ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીનાં વચનને અમે નમસ્કાર કરીએ છીએ.' વાત કરતાં કરતાં જ્ઞાનીની ભક્તિ કરતાં જાય છે. આ એક જ્ઞાનીઓની વિશેષતા છે અથવા મુમુક્ષુ પણ યોગ્ય રસ્તે હોય તો આ એની એક વિશેષતા છે કે એ પોતે વાત કરતાં જાય ત્યારે એ વાતની જેને પ્રાપ્તિ થઈ છે, એ વિષયની જેને પ્રાપ્તિ થઈ છે, એના પ્રત્યે બહુમાન અને ભક્તિ એને વ્યક્ત થયા વિના રહે નહીં. છેવટે શાસ્ત્ર લઈને બેઠો હોય તો શાસ્ત્રભક્તિ એને આવે કે આ શાસ્ત્ર મને કેટલું ઉપકારી છે ! આ ગ્રંથ મને કેટલો ઉપકારી છે ! પ્રત્યક્ષ યોગ તો ક્વચિત જ બને છે માટે આવા જે જ્ઞાનીના વચનો છે એ મારા આત્માને ઉપકારી થાય છે, એમ એને ભાસે છે, એમ એને લાગે છે. લાગે એટલે એને ભક્તિ આવ્યા વિના રહે નહીં.

મુમુક્ષુ :- ભક્તિ આવે એટલે દર્શનમોહ ઘટે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિ આવે, બહુમાન આવે એટલે સીધો દર્શનમોહ ઘટે, દર્શનમોહનો અનુભાગ છે એ ઘટવા મંડે. બહુમાન થાય ત્યારે આ એક વિશેષતા છે.

આ વખતે ભારતીય વિદ્યાભવનમાં એના ઉપર ધ્યાન ગયું કે અહીંયાં જે વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો થાય છે એમાં કોઈ શાસ્ત્ર નથી રાખતું. અથવા એ સૂચના આપણા જેવા નવા હોય એને આપવામાં આવે છે કે કોઈ શાસ્ત્ર લઈને એના ઉપર પ્રવચન આપવાનું નથી. એમ સીધેસીધું માઈક ઉપર જેમ ભાષણ આપવાનું હોય એવી રીતે જે વિષય હોય એ વિષય ઉપર બોલવાનું. તો એમાં શું ફરક પડે છે ? કે વક્તાને એ ફરક પડે છે કે જો શાસ્ત્ર સામે હોય તો શાસ્ત્રકર્તા પ્રત્યે ભક્તિ અને બહુમાન વારંવાર થયા વિના રહે નહીં. કે, ઓ..હો...! આવી ઉપકારી વાત કરી છે ! આ જ્ઞાનીએ, આ મુનિએ, આ આચાર્યે આવી વાત કરી છે ! અથવા આ ગ્રંથ વિદ્યમાન રહ્યો તો કેટલો ઉપકારી થાય છે ! એમ આવ્યા વિના રહે નહીં. એમ આવવામાં શું ફાયદો છે ? કે એક તો પોતાને જે ક્ષયોપશમ છે એનો અહમ્ ન આવે. જ્યાં પોતાથી વિશેષ એવા જ્ઞાની, મુનિ, આચાર્ય પ્રત્યે બહુમાન-ભક્તિ થાય એટલે પોતાનું અભિમાન દબાઈ જાય છે. નહીંતર વક્તા તો ક્ષયોપશમવાળા

તો હોય જ છે, ક્ષયોપશમ હોય ત્યારે તો એ વક્તૃત્વ આપી શકે અને એ જાતનો વાણીનો પણ પુણ્યયોગ હોય ત્યારે તો બીજાને સમજાવવામાં વાણી એ રીતે ચાલે. એમાંથી અહંપણું રોકવાનું એક બહુ મોટું સાધન છે, એ ધ્યાન ખેંચાણું.

ગુરુદેવશ્રી કોઈ વખત શાસ્ત્ર કે પુસ્તક સામે રાખ્યા વિના કદી પ્રવચન નહીં કરતા, એનું કારણ એ છે. ગુરુદેવે કેટલીક વાત તો વગર કહે પોતાના વર્તનથી સમજાવેલી છે. એ પદ્ધતિ હોવી જોઈએ. એ પદ્ધતિ હોય તો વક્તાને જો અવગુણ ન થાય તો શ્રોતાને પણ અવગુણ થવાનું નિમિત્ત ન થાય. જો વક્તાને અવગુણ થાય તો શ્રોતાને ગુણ થવાના નિમિત્તનો તો કોઈ પ્રશ્ન વિચારવા જેવો પણ રહેતો નથી, એ પરિસ્થિતિ છે.

એટલે અહીંયાં કહે છે, 'કોઈ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીનાં વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઇચ્છા કરી હોય એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો;...' જેણે જ્ઞાનીના માર્ગ ઉપર આવવું હોય, એવી જેની ઇચ્છા હોય એવા જીવે નયાદિકમાં ઉદાસીન રહેવું, એણે આગ્રહ અને પકડમાં જાવું નહીં, વાતને છોડી દેવી. તેણે 'નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં...' અર્થાત્ તેનો અર્થ એ છે કે કોઈ નયમાં આગ્રહ કરવો નહીં 'અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં,...' બીજાને, સામાને પણ પોતાના આગ્રહથી દુભાવવાના પ્રસંગમાં આવવું નહીં.

'અને એ આગ્રહ જેને મટ્યો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઇચ્છા કરતો નથી.' હવે આ જગ્યાએ પોતાના અભિપ્રાયથી બીજાને આગ્રહ રાખીને પોતાના અભિપ્રાયનો બીજા માટે આગ્રહ રાખીને જેણે બીજાના મનને દુભવવું નથી, એ પછી કોઈ રીતે બીજા પ્રાણીને નહીં દુભવે. આ એની છેલ્લી હદ આવી ગઈ. જ્યાં એને પોતાનો આગ્રહ મુખ્ય કરવો નથી, પોતાના અભિપ્રાયથી આગ્રહ કરીને મુખ્ય કરવો નથી પછી એને કોઈ વાત મુખ્ય કરવાની રહેતી નથી. એણે મૂળ કાપી નાખ્યું, આગ્રહનું મૂળ કાપી નાખ્યું. આગ્રહ છે એ અવશ્ય દુરાગ્રહમાં પરિણમે છે અને જ્યાં જ્યાં એ આગ્રહ અને દુરાગ્રહ ઉત્પન્ન થાય છે ત્યાં ત્યાં કષાય તીવ્ર થયા વિના રહેતો નથી.

મુમુક્ષુ :– 'નયચક્ર'માં આવે છે કે નયનું જ્ઞાન કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાન કરવું, પોતાને આત્મામાં ખેંચાય, નય છે એ આમ તો આત્મામાં દોરી જાય છે. નયનું અધ્યાત્મિક પાસુ એ છે 'નિ' 'નય' To lead, આત્મામાં

દોરી જવું. તો એવી રીતે જ્ઞાન કરવું, એટલું એનું પ્રયોજન છે. પણ ક્ષયોપશમ વધારવો એવું પ્રયોજન તો એનું બરાબર નથી. કેમકે ક્ષયોપશમમાં એને શું થાય છે ? કે જીવને બહિર્લક્ષી જે વિકલ્પાત્મક પરિસ્થિતિ છે એ વૃદ્ધિગત થઈ જાય છે અને એમાં પોતાને જે વિકલ્પોને શાંત કરવા છે એ શાંત કરવાની દિશાને બદલે ઊંધે માર્ગે ચાલ્યો જાય છે, ઊલટે માર્ગે જાય છે. આ ૨૦૮માં મુમુક્ષુ માટે બહુ સારું માર્ગદર્શન છે.

નયજ્ઞાન ઉપર પાછળ અભ્યંતર પરિણામ અવલોકન અને હાથનોંધ છે એમાં પણ બહુ સારી વાત કરી છે. (ક્યાં છે એ) યાદ નથી પણ બહુ સારી વાત કરી છે. આગળ આવશે, નયના વિષયમાં, શૈલીના વિષયમાં ઘણું સારું માર્ગદર્શન આપ્યું છે.

## પત્રાંક – ૨૦૯

મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્'ને જ પ્રકાશ્યું છે. તેનું જ જ્ઞાન કરવા યોગ્ય છે. તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવરૂપ છે. અને તે જ પરમ પ્રેમે ભજવા યોગ્ય છે.

તે 'પરમસત્'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ.

તે 'પરમસત્'ને 'પરમજ્ઞાન' કહો, ગમે તો 'પરમપ્રેમ' કહો, અને ગમે તો 'સત્-ચિત્-આનંદ સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો અનેક કહો, ગમે તો એકરૂપ કહો, ગમે તો સર્વરૂપ કહો, પણ સત્ તે સત્ જ છે. અને તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે. સર્વ એ જ છે, અન્ય નહીં.

એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત આદિ અનંત નામોએ કહેવાયું છે.

અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છી તેવા કોઈ પણ શબ્દોમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહીં.

૨૦૯ (પત્ર), 'મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્'ને જ પ્રકાશ્યું છે.' કોઈ પણ શૈલીથી, કોઈ પણ શબ્દથી, કોઈ પણ નામથી એક જે પરમ સત્ એવું પોતાનું મૂળ સ્વરૂપ છે એને જ કહ્યું છે, એને જ પ્રગટપણે કહી દેખાડ્યું છે, દર્શાવ્યું છે. એ એમનું હૃદય હોવાથી અને એમની એ વિષયની પ્રધાનતા હોવાથી એ મુખ્યપણે એમનું કાર્ય થયું છે.

'એક સત્‌ને જ પ્રકાશ્યું છે. તેનું જ જ્ઞાન કરવા યોગ્ય છે. તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવરૂપ છે.' એ પરમ સત્‌નું જ જ્ઞાન કરવા યોગ્ય છે, તેનું જ શ્રદ્ધાન અથવા પ્રતીત (કરવા યોગ્ય છે).

સામાન્ય રીતે મુમુક્ષુ જીવો એમ સમજે છે કે જેટલી વધારે સ્પષ્ટતા થાય ને એટલું વધારે સમજાય. એટલે એમ કહે કે હજી દૃષ્ટાંત આપીને, હજી દાખલા આપીને, હજી કંઈક યુક્તિ બતાવીને કંઈક વધારે તમે અમને સ્પષ્ટ સમજાવો. એટલે વધારે સ્પષ્ટતાથી જાણે પોતાને જ્ઞાન થઈ જશે અને એ જ્ઞાન મને આત્મામાં હિત થવામાં કામમાં આવશે, એવો એક જીવને ભ્રમ છે. ખરેખર ત્યાં એને એ જ નુકસાન કરે છે.

જેમ પાપયોગમાં પાપના ઉદયમાં જીવ કંઈક એવો પણ વિચાર કરે છે કે મારું ધાર્યું કંઈ થતું નથી માટે નક્કી કંઈક વસ્તુની વ્યવસ્થા યથાયોગ્ય કેવી રીતે છે એ વિચારવી ઘટે છે નહીંતર મારી આકુળતા ને મારું દુઃખ વધી જશે અને પુણ્યના યોગમાં જીવને ધાર્યું (થાય છે), ઇચ્છા પ્રમાણે પદાર્થોની અનુકૂળતાઓ થાય છે તો એના રસમાં ફસાઈ જાય છે.

જેમ પાપયોગ કરતાં પુણ્યયોગમાં ફસામણ વધારે છે, એમ પુણ્યયોગ કરતાં પણ ક્ષયોપશમના યોગમાં વધારે ફસામણ છે. ત્યાંથી નીકળવું મુશ્કેલ પડે. કેમકે ત્યાં પદાર્થસંબંધીનું, શાસ્ત્રના અનેક ભેદે વસ્તુનું જ્ઞાન કરવાનો પ્રસંગ થાય છે, પોતાને ક્ષયોપશમમાં સમજાતું જાય છે એટલે એને એ દિશામાં આગળ વધવાનું થાય છે. જે શાસ્ત્રઆશ્રિત જ્ઞાન, પરસન્મુખ જે શાસ્ત્રઆશ્રિત જ્ઞાન, શબ્દઆશ્રિત જ્ઞાન, વચનઆશ્રિત જ્ઞાન, ગ્રંથને આશ્રિત જ્ઞાન, એ જ્ઞાનની વૃદ્ધિ કરવામાં એ જીવ એટલો બધો ફસાઈ જાય છે કે એને અંતર્મુખ થઈને સ્વરૂપ સ્વસંવેદનજ્ઞાન બાજુ આવવું, એ એને દૂર થઈ જાય છે, ઊલટાનો એ ત્યાંથી દૂર થઈ જાય છે. એવો પ્રકાર ન થાય એના માટે આ નયજ્ઞાનના વિષયમાં જે શ્રીમદ્‌જીએ માર્ગદર્શન આપ્યું છે, એ અમૂલ્ય માર્ગદર્શન છે.

(એને એમ લાગે છે) કે મને જ્ઞાન વધે છે, મને જ્ઞાન થાય છે. બીજું, એક ભૂલ ક્યાં કરે છે ? કે ક્યાંક ક્યાંક એ સમાધાન કરે છે, જે કંઈ એની ધારણા હોય છે એને લઈને એ ક્યાંક ક્યાંક સમાધાન કરે છે. ત્યારે એને થોડી શાંતિ થાય છે કેમકે અસમાધાનથી અશાંતિ વધે છે, સમાધાનથી કષાયની મંદતાની શાંતિ ઉત્પન્ન થાય છે. તો (એને એમ થાય છે કે), જ્ઞાન પણ થયું અને જ્ઞાનના ફળમાં શાંતિ પણ મળી. મને અશાંતિનો ઉપદ્રવ નથી કેમકે આટલી સમજણ થઈને ! માટે આટલી શાંતિ થઈ. એટલો બધો એ કૃત્રિમ શાંતિમાં ફસાઈ જાય છે કે એને જે આત્માની શાંતિ છે, એની જે તૃષા ને પિપાસા છે, એ બંધ થઈ જાય છે. એટલે જે માર્ગમાં એને આગળ વધવા માટે કંઈક નજીક આવ્યો હતો, એ પાછો દૂર હડસેલાઈ જાય છે, આવી પરિસ્થિતિ ઊભી થાય છે.

એ વગેરે અનેક પ્રકાર એવા છે કે, મુમુક્ષુની ભૂમિકામાં કેવી રીતે પોતે ભૂલ કરીને ફસાણો હોય એની પોતાને ખબર ન રહે. એટલા માટે પણ શ્રીમદ્જીને સત્પુરુષનો પ્રત્યક્ષ સમાગમ પણ ઉપકારી કહેવાનું કારણ એ છે. કાલે તો ૭૫૧ (પત્રમાં) વિષય લીધો ને કે, પદાર્થનો નિર્ણય કરવામાં, નિશ્ચય કરવામાં સત્પુરુષની આજ્ઞારુચિરૂપ ભક્તિ, આજ્ઞારુચિ, સ્વચ્છંદ નિરોધપણે ભક્તિ, એમ કરીને બે-ત્રણ વાત જે લીધી એ આખો મોક્ષમાર્ગને ખુલ્લો કરવાની વાત છે અને નહીંતર મોક્ષમાર્ગને બંધ કરવાની વાત છે. કેમકે પદાર્થનિર્ણય જ નહીં થાય અને નિશ્ચય સુધી જ નહીં પહોંચે. જ્યાં એ પરિસ્થિતિ નહીં હોય ત્યાં નિશ્ચય સુધી નહીં પહોંચે.

પાનું ૫૭૦, 'આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છે :– (૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ,...' નિઃશંક પ્રતીતિ 'આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.' ખરેખર તો એને જ મોક્ષમાર્ગ કહી દીધો છે. મોક્ષમાર્ગનું કારણ છે તો એને જ મોક્ષમાર્ગ કહી દીધો છે. એને બંધ કરે એટલે મોક્ષમાર્ગને જ બંધ કરે છે, સીધી વાત છે.

'(૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.' આ સ્વરૂપનિશ્ચય લીધો કે જ્યાં પરમાત્મતત્ત્વનું અનુભવ અંશે એટલે વેદનપ્રત્યક્ષથી જે આખું તત્ત્વ નિર્ણયમાં, નિશ્ચયમાં આવે છે, વિશ્વાસ આવે છે કે આવો છું, તે સમકિતનો બીજો પ્રકાર છે.

'(૩) નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ...' પરમ તત્ત્વનો પ્રત્યક્ષ નિર્વિકલ્પ અનુભવ 'તે

સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.'

'પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે.' નહીંતર વળી એમ કહે કે આ તો શ્રીમદ્જીએ એમના ઘરનું ક્યાંકથી કાઢ્યું. અમે તો ક્યાંય બીજા શાસ્ત્રમાં આવું વાંચ્યું નથી. તો કહે (છે), વીતરાગ પુરુષે, સર્વજ્ઞ પરમાત્માએ આ ત્રણે વાત માન્ય કરેલી હું કહું છું, એમાં બીજો વિકલ્પ કરવા જેવો નથી. 'ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે; ભક્તિ કરવા યોગ્ય છે.' એ વાત એમણે ૭૫૧માં જે નાખી છે એ બહુ મહત્ત્વની વાત નાખી છે.

મુમુક્ષુ :– પહેલા સમકિત વગર બીજું સમકિત ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રશ્ન જ નથી, કેવી રીતે થાય ? જે કામ કાર્યની વિધિએ થતું હોય (તે તેમ જ થાય). તમે એમ કહો કે લોટ શેકવો નથી અને શીરો કરવો છે ! ઘીમાં લોટ શેકે તો શીરો થવાનું પહેલું પગથિયું આગળ વધે. અથવા રસોઈ કરવી છે પણ અગ્નિ પ્રગટાવવી નથી. અમારે રસોઈ પકાવવી છે ખરી, પકાવીને પાકેલી રસોઈ, રાંધેલી રસોઈ અમારે ખાવી છે અને ખાવાથી – આહાર કરીએ તો અમને શરીરમાં પુષ્ટિ અને શક્તિ મળે, પણ મૂળ રસોઈ કરવા માટે અગ્નિ પેટાવવી નથી તો રસોઈ પાકે કે દી', એ રસોઈ રાંધે કે દી', રાંધેલી રસોઈ ખાય કે દી' ? અને એને પોષણ મળે કે દિવસે ? એ કોઈ વાત બની શકે એવું નથી. બહુ ગંભીર વાત કરી છે.

પ્રશ્ન :– વચનની પ્રતીતિ એટલે શું કહેવા માગે છે ?

સમાધાન :– વચનની પ્રતીતિ એટલે એમના વચન પ્રત્યે ક્યારેય શંકા ન આવે. વચનની પ્રતીતિ, આપ્તપુરુષના વચનની પ્રતીતિ. પ્રતીતિ એટલે નિઃશંકપણું, શંકા ન આવે. શું કરે છે ? મુમુક્ષુતામાં એ ભૂલ કરે છે કે પોતાના અભિપ્રાય સાથે જેટલી વાત અનુકૂળ લાગે એટલી તો સ્વીકારે. પોતાના અભિપ્રાય સાથે વાતનો મેળ ન ખાય તો એ વાત ન સ્વીકારે. એ વચનની પ્રતીતિ નથી. ત્યાં વચનની પ્રતીતિ રહેતી નથી.

પ્રશ્ન :– પ્રતીતિ એટલે શ્રદ્ધા લઈ શકાય ?

સમાધાન :– હા, પ્રતીતિ એટલે વિશ્વાસ, નિઃશંકતા. આમ તો દર્શનમોહ મંદ હોય છે એટલે એને શ્રદ્ધામાં લઈ જવાય છે, પણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન લેવું. સમજીને વિશ્વાસ કરે છે. આ સત્પુરુષ છે, જેણે અંતરમાં સૂક્ષ્મ રાગના એક કણને પણ ભિન્ન રાખી દીધો છે

અને કેવળ એક પોતાના સ્વસંવેદનથી સ્વાનુભવ કર્યો છે, એવું જેણે કોઈ અપૂર્વ પુરુષાર્થથી, અપૂર્વ રુચિથી અંદરમાં કાર્ય કર્યું છે, એને આવા સૂક્ષ્મ વિષયમાં ભૂલ ન થઈ, એને સ્થૂળ વિષયમાં ભૂલ કેવી રીતે થાય ? કેવી રીતે થાય એને ? કે ન થાય. પછી એને એ રીતે ન સમજે તો શું કરે ? કે ભાઈ ! એ તો જ્ઞાનીની પણ ક્યાંક ભૂલ થાય !

આ આપણા સમાજમાં થોડું ચાલી ગયું છે. શ્રીમદ્જીના સમાજમાં, અનુયાયીઓમાં એ પરિસ્થિતિ નથી કે ક્યાંય શ્રીમદ્જીની કોઈ (ભૂલ કાઢે). નહીંતર એમણે તો કેટલુંય અન્યમતની ભાષાથી, ભાગવતની અને બીજી ને ત્રીજી ને ઘણી વાતો લખી છે અને કેટલાય વેદાંતના પારિભાષિક શબ્દના પ્રયોગ પોતાના (પત્રોમાં) કર્યા છે, અને ન સમજે તો એવું લાગે કે આ ઈશ્વરકર્તાને જ માને છે એવી ઈશ્વરકર્તા હોય એવી કેટલીક વાતો કરી છે. હરિઇચ્છા, હરિઇચ્છા બળવાન છે, ઈશ્વરઇચ્છા પ્રમાણે જે થવું હશે તે થશે. એવું કેટલીય જગ્યાએ નાખે પણ એમના માટે કોઈ શંકા ન કરે. એટલું જ રાખે કે આપણે એમના જેટલું નથી સમજતા, એ ડહાપણ તો કરવા જેવું જ નથી.

આપણા ગુરુદેવના મુમુક્ષુ સમાજમાં એ પ્રકારનો સ્વચ્છંદ વર્તે છે કે ગુરુદેવની વાતને, શ્રીમદ્જીની વાતને કોઈ કોઈ જગ્યાએ, કોઈ બીજા જ્ઞાનીની વાત હોય તોપણ ત્યાં પોતાનો અભિપ્રાય વિશેષ આપે કે, નહીં, એમ કહે છે એના કરતાં આમ હોવું જોઈએ, એમ કહે છે એના કરતાં આમ હોવું જોઈએ. એવી ગડબડ છે, એ નહીં થવું જોઈએ.

'આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ' આ એક મુમુક્ષુતાનું બહુ સારું લક્ષણ છે કે પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાની કોઈ અપૂર્વ રુચિ હોય છે. એમની આજ્ઞામાં જરાપણ આઘુંપાછું (નહીં) કરવાની એ પોતે સાવધાની રાખે છે, કાળજી રાખે છે કે એ દોષ છે, એ દોષમાં આવીશ તો મને કોઈ રીતે મારા આત્મહિતની બાજુનું એક કદમ પણ, એક ડગલું પણ આગળ વધવાની પરિસ્થિતિ રહેશે નહીં.

'સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિ' ભક્તિ કરે પણ પાછો ક્યાંક ક્યાંક સ્વચ્છંદ પણ રાખે, એમ નહીં. સ્વચ્છંદનિરોધપણે, વિપર્યાસરહિત, વિપરીત અભિનિવેશરહિત જે ભક્તિ છે, આ જે પ્રકાર કહ્યો એ પ્રકારમાં જો મુમુક્ષુ જીવ આવે, એને બીજા પ્રકારમાં આવતાં વાર લાગે નહીં. એ સ્વરૂપનિશ્ચયમાં આવી જ જાય, સ્વરૂપનિશ્ચયમાં આવે એ સ્વરૂપાનુભવમાં આવી જ જાય, આવ્યા વિના રહે નહીં. આમ આખી એની શૃંખલા જ છે.

મુમુક્ષુ :- જ્ઞાની બીજા અજ્ઞાનીનો નિષેધ કરે એમ ઉદયને વશ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદયમાં ઉદયભાવ છે પણ યથાર્થતા અને અયથાર્થતાનો વિવેક તો પોતાને જોઈએ ને ? ઉદયભાવ છે એટલે ભૂલ છે એમ કહેવું છે ? ઉદયભાવ કરીને શું કહેવું છે ? ઉદયમાં ખતવીને કહેવું છે શું ? કહેવા પાછળ કંઈ સ્પષ્ટ અભિપ્રાય તો હોવો જોઈએ ને ? એમ. ઉદયભાવની કોણે ના પાડી ? ઉદયભાવ છે. જેટલો અનઉદયભાવ છે એટલો અનઉદયભાવ છે, જેટલો ઉદયભાવ છે એટલો ઉદયભાવ છે. મોક્ષમાર્ગમાં બન્ને ભાવ હોય છે પણ જ્ઞાનીપુરુષની જે તીર્થ અને તીર્થની પ્રવૃત્તિ છે એ અજ્ઞાનીની હોતી નથી. એ સંબંધીનો વિવેક જે જ્ઞાનીપુરુષને હોય છે તે અજ્ઞાનીને કદી હોતો નથી. કેમકે પોતે સર્વાંગ જિનશાસનસ્વરૂપ થયેલા છે.

જ્ઞાની પોતે જ સર્વાંગ 'જિણ સાસણં સવ્વં' (છે), એ પોતે જ જિનશાસનસ્વરૂપ છે. સર્વ એટલે દ્રવ્યે અને ભાવે, વ્યવહારે અને નિશ્ચયે, બન્ને પ્રકાર લઈ લીધા, ૧૫મી ગાથામાં સૂત્ર છે આખું 'જિન સાસણં સવ્વં'. જ્યાં સ્વાનુભવ પ્રગટ થયો તો કહે 'જિણ શાસણ સવ્વં', સર્વ પ્રકારે આ જ જિનશાસન છે. એમ ન કહ્યું કે આ નિશ્ચય જિનશાસન છે અને વ્યવહાર જિનશાસન કોઈ બીજું છે, એમ ન કહ્યું. આ જ ભાવશ્રુત છે અને જેને ભાવશ્રુત છે તેને જ દ્રવ્યશ્રુત છે. જેને ભાવશ્રુત નથી એને દ્રવ્યશ્રુત લાગુ પડતું નથી. અને તીર્થ અને તીર્થની પ્રવૃત્તિ દ્રવ્યશ્રુતથી તો વિધાન કરેલી છે. જે વિધાન છે એ તો દ્રવ્યશ્રુતરૂપ છે. વિધાન કંઈ દ્રવ્યશ્રુતની બહાર નથી.

મુમુક્ષુ :– દેવો વંદન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, દેવો વંદન કરે છે. ચોક્કસ દેવો વંદન કરે છે, ઇન્દ્રો વંદન કરે છે. દેવો નહીં, દેવેન્દ્રો પણ વંદન કરે છે, એમ છે.

એ તો 'રત્નકરંડ શ્રાવકાચાર'માં ન કહ્યું ? ગણધરદેવ એને દેવ કહે છે, ચાંડાળ હોય તોપણ ગણધરદેવ એને દેવ કહે છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ૨૮મી ગાથા. એમ એટલું જ્યારે ગણધરદેવના નામથી વજન આપે છે તો કંઈક જરૂર કહેવા માગે છે, એનું મહત્ત્વ છે એ સમજવું રહ્યું. એ મહત્ત્વ દર્શાવવા પાછળ જે ગંભીરતા છે એ સમજવી રહી, એમ છે.

અહીંયાં ૨૦૯માં જે જુદાં જુદાં નામ આવે છે ને ? એ વિષય ઉપર સ્પષ્ટીકરણ આપ્યું છે કે, તે પરમ સત્‌ને પરમ પ્રેમે ભજવા યોગ્ય છે, પરમ રુચિથી તેની મહત્તા કરવા યોગ્ય છે. 'તે 'પરમસત્‌'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ.' તે

'પરમસત્'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ. પોતાનું જે પરમ તત્ત્વ છે તે પ્રત્યે અન્યત્વ નહીં, પોતે, બીજો કોઈ એમ નહીં, Third person નહીં, અનન્યપણું, અન્યપણું નહીં તે અનન્યપણું, એવા અનન્ય પ્રેમથી, અભેદ પ્રેમથી, અવિચ્છિન્ન એટલે આંતરો પડ્યા વિના, એક ક્ષણનો પણ એમાં આંતરો પડ્યા વિના ભક્તિ ઇચ્છીએ છીએ.

'તે 'પરમસત્'ને 'પરમજ્ઞાન' કહો, ગમે તો 'પરમપ્રેમ' કહો, અને ગમે તો 'સત્-ચિત્-આનંદ સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો અનેક કહો, ગમે તો એકરૂપ કહો, ગમે તો સર્વરૂપ કહો, પણ સત્ તે સત્ જ છે. અને તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે. સર્વ એ જ છે, અન્ય નહીં.' એટલે અનેક વિશેષણો અથવા કોઈ પણ વિશેષણ, કોઈ પણ અપેક્ષા-વિવિક્ષાથી એને લાગુ કરી શકાય છે, એમાં કંઈ વાંધો આવતો નથી.

'એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત આદિ અનંત નામોએ કહેવાયું છે.' આવા બધાં જે નામો કહ્યાં છે એ બધાં નામો ભગવાનની વાણીમાં આવેલાં છે. જે દિવ્યધ્વનિ છે એ દિવ્યધ્વનિની અંદર આ બધાં નામો આવેલાં છે. પછી કોઈ સંપ્રદાયે કોઈ નામને મુખ્ય કરીને પોતાના સંપ્રદાયની ચીજ બનાવી લીધી એટલે કંઈ એ ચીજ એ બંધનમાં આવી જાય છે, એવું કંઈ નથી, એમ.

'પરબ્રહ્મ' છે કે 'પુરુષોત્તમ' શબ્દ છે, તો કહે 'પુરુષોત્તમ' શબ્દ તો સ્વામિનારાયણવાળા 'પુરુષોત્તમ' શબ્દ વાપરે, 'પરબ્રહ્મ' તો કહે વેદાંતવાળા 'પરબ્રહ્મ' વાપરે, વેદાંતવાળા 'હરિ' (શબ્દ) વાપરે અને 'ઈશ્વર' (શબ્દ) વાપરે અને આપણે જૈનો 'અરિહંત' કહીએ, 'સિદ્ધ' કહીએ, પરમાત્મા તો બધાય કહે છે. પણ એ કોઈ અમુક શબ્દ અમુક ઘરની ચીજ છે, એ દૃષ્ટિ રાખવા જેવી નથી.

આગળ આ વાત આવી ગઈ છે એટલે પાછળ કોઈ એવી ભૂલ ન કરે. ૨૪મા વર્ષમાં જ એ વાત આવી ગઈ. એ શબ્દપ્રયોગ બહુ આવશે. પોતાને એ જાતનો ઘણો શબ્દપ્રયોગ આવે છે. એમને તો કંઈ છે નહીં, એ તો વસ્તુનું પ્રત્યક્ષ દર્શન જેને છે એને એ કંઈ શબ્દથી તો મારામારી છે નહીં. બીજાને વિકલ્પ થાય છે કે, આવી રીતે કેમ વાત કરે છે ? કોઈ માની લે કે આ વેદાંતમાં માનતા લાગે છે, આ ફલાણું, કોઈને આવો આભાસ થાય. એ સમજવું જોઈએ. સામી વ્યક્તિને યથાતથ્ય જેવું છે તેવું એને બરાબર ઓળખાણ હોય

તો ભૂલ ન થાય. એમ જ લાગે કે એણે જે કહ્યું હશે એ સમજીને જ કહ્યું હશે. જેને આવો મહાવિવેક પ્રગટ થયો છે, એણે જે કંઈ કીધું હશે તે સમજીને કીધું હશે, સમજ્યા વગર કીધું નહીં હોય. એટલો અભિપ્રાય ચોક્કસ રાખીને, એટલો અભિપ્રાય બાંધીને પછી બીજો વિચાર કરવો જોઈએ. એમ ને એમ સીધો વિચાર નહીં કરવો જોઈએ, એમ છે.

'દાદર'માં એક ઉત્તર ગુજરાતના ભાઈ આવ્યા હતા. ઉત્તર ગુજરાતવાળા હતા. એમને સત્પુરુષના મહિમા માટે થોડો વાંધો હતો કે આમાં કંઈક વધારે પડતું થઈ જાય છે. ૨૨૫ (પત્રમાં) તો શ્રીમદ્જી એમ કહે છે કે એ દેહધારી દિવ્યમૂર્તિ પરમાત્મા જ છે, નમસ્કારાદિથી માંડીને પરાભક્તિ, છેવટની હદ સુધીની ભક્તિ કરવી, આમ તો કહે છે. તો (એમણે કહ્યું) 'હવે જેને દિગંબર, શ્વેતાંબરની ચોખવટ કરતાં ન આવડ્યું એને બીજી શું ખબર પડે ? અમે તો મૂળ દિગંબર છીએ.' તો પૂછ્યું કે, 'મૂળ દિગંબર એટલે ક્યાંના છો ?' તો (કહે), ઉત્તર ગુજરાતના અમે છીએ. મેં કહ્યું, 'બરાબર છે, તમે મૂળ દિગંબર હશો, અમે ભલે મૂળ દિગંબર નથી, એટલો તો જરૂર ફેર છે. આ ગડબડ મોટી છે. શ્રીમદ્ને – સત્પુરુષને ઓળખવા જોઈએ.' સીધી જ કીક મારી દીધી. જેને દિગંબર, શ્વેતાંબરની ખબર ન પડી એની બીજી વાતમાં પછી આપણે શું સમજવાનું હોય ? એટલે એમ કે હજી ગૃહીત મિથ્યાત્વ અને અગૃહીત મિથ્યાત્વની એમને ખબર નહોતી, એનો અર્થ એવો થઈ ગયો. એ બધી ગડબડ ચાલે છે. પછી એને એમ થઈ ગયું, મેં કીધું, 'ભાઈ ! નાના મોઢે મોટી વાત કરવા જેવી નથી, જે કંઈ બોલવું એ વિચારીને બોલવું જોઈએ.' તો કહે, 'ના, ના એમ તો મને ગુરુદેવ પ્રત્યે, શ્રીમદ્ પ્રત્યે બહુ બહુમાન છે, પ્રેમ છે.' પણ એક વખત તો લાત મારી દીધી. પછી થોડુંક વાળવા મંડ્યા હતા. એને એમ થઈ ગયું કે બોલાઈ તો ગયું, બોલતા તો બોલાઈ ગયું. એ અભિપ્રાય જે પડ્યો હોય છે એ બહાર આવી જાય છે.

દૃષ્ટાંત એટલા માટે લઈએ છીએ કે, ભૂલેચૂકે પણ એ દિશામાં ક્યાંય પણ, થોડો પણ દોષ ન થવો જોઈએ, એ મુમુક્ષુએ લક્ષ રાખવા જેવો વિષય છે.

હવે પોતે ચોખવટ કરે છે કે, 'અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છી તેવા કોઈ પણ શબ્દોમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહીં.' એમ તમે જાણી લેજો. આ વાત હવે કંઈ પત્રે પત્રે કરવા બેસાય ? એકેક પત્રે આ વાત લખવા બેસે ? આ પત્ર કંઈ દરેક પત્રની સાથે જોડવા બેસે ? આ એક ચોખવટ એમણે ૨૪માં વર્ષમા જ કરી નાખી કે અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છીએ છીએ ત્યારે આવા કોઈ પણ શબ્દમાં વાત કરીએ, એ જ પરમસત્

છે, એ જ પરમતત્ત્વ છે, એ જ પરમાત્મતત્ત્વ છે, બીજું નહીં. આ સિવાય બીજો વિકલ્પ કરવા જેવો નથી, એમ કહી દીધું. ગમે તે નામથી કહીએ, અમે આ આત્મા જે પોતાના મૂળ પરમતત્ત્વ સ્વરૂપે છે તેની જ વાત કરવા માગીએ છીએ, પછી હરિથી કહીએ, ઈશ્વરથી કહીએ, પુરુષોત્તમથી કહીએ, પરબ્રહ્મથી કહીએ, ગમે તે વાતથી કહીએ, કંઈ વિચારવા જેવું નથી રહેતું. એ ૨૦૯ (પત્ર) પૂરો થયો. અહીં સુધી રાખીએ.

વિશેષ લઈશું,...

જિજ્ઞાસા : આત્મકલ્યાણને મુખ્યતા આપવાથી અને સંસાર / ઉદયને ગૌણ કરવાથી, સંસારનું કાર્ય બગડવાનો ભય રહે છે ? તો શું કરવું ?

સમાધાન : સંસારમાં સર્વ પ્રસંગ પૂર્વ પ્રારબ્ધ અનુસાર ભજે છે, તેમાં બગાડ - સુધાર કરી શકાતો નથી, તેથી તેવો ભય અજ્ઞાનથી થાય છે. સંસારનાં કાર્યોમાં ઉદાસીનતા હોવી, તે મુમુક્ષુનું લક્ષણ છે. (જ્ઞાનદશામાં સહજ છે, કારણકે જ્ઞાનીને તેમાં પોતાપણું નથી.) આમ બંન્ને પડખાંથી સમાધાન વર્તવાથી નિઃશંકતા અને નિર્ભયતા થઈ જાય છે. ભય તો પોતાપણું હોવાને લીધે થાય છે. જો ઉદયમાં પોતાપણું ન લાગે તેની ચિંતા કે ભય કેમ થાય ? તેથી પોતાપણું મૂકવા પ્રયત્ન કરવો. – પૂજ્ય ભાઈશ્રી ('અનુભવ સંજીવની' – ૧૫૮૦)

## પત્રાંક – ૨૧૧

મુંબઈ, માહ વદ ૦)), ૧૯૪૭

### 'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે.

'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય; તેમ જ આવરણ – તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી, અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો; વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં 'સત્' જ કહ્યું છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.

તા. ૩૦-૦૯-૧૯૮૯, પ્રવચન નં. ૫૧
પત્રાંક - ૨૧૧-૨૧૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૨૧૧, પાનું ૨૬૭. અંબાલાલભાઈ ઉપરનો પત્ર છે. 'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે.' 'સત્' નામ શાશ્વત હયાતી ધરાવતું પોતાનું પરમતત્ત્વ પોતે જ છે. દૂર નથી એટલે પોતે જ છે અને દૂર લાગે છે એ જીવનો મોહ છે. દર્શનમોહને લીધે જીવને પોતાનું જ સ્વરૂપ ઘણું દૂર ભાસે છે, અપ્રાપ્ય જેવું લાગે છે અથવા નિર્વિકાર સ્વભાવની અરુચિને લીધે અને વિભાવ અને રાગાદિની રુચિને લીધે પોતાનું સ્વરૂપ કઠણ લાગે છે, દૂર લાગે છે, અઘરું લાગે છે, એનું એ કારણ છે. એટલું મથાળુ બાંધ્યું છે.

'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે;...' સત્ છે, પોતાનું મૂળ સ્વરૂપ જે કંઈ છે એ તો જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે છે. ત્રણે કાળે અવિકારરૂપ શુદ્ધ, એકરૂપ તત્ત્વ જે છે તે તે જ છે.

'સરળ છે;...' કોઈ પણ જાતની આંટીઘૂંટીથી પ્રાપ્ત થાય એવું નથી. સીધેસીધું અંતર્મુખ અવલંબનથી પોતાને પ્રાપ્ત છે, અનુભવગોચર થાય છે અથવા ચૈતન્યસ્વભાવ દ્વારા જે સદાય અનુભવમાં આવી રહ્યું છે એવું સત્ તો સરળ જ છે.

'સુગમ છે;...' ગમ ન પડે એવું નથી, સુગમ છે, એમ કહે છે. કેમકે ટંકોત્કીર્ણ સ્વભાવ હોવાને લીધે, અમીટ સ્વભાવ હોવાને લીધે એને મિટાવી શકાતો નથી. ન તો તેની હયાતીને મિટાવી શકાય છે, ન તો તેના પ્રકાશને મિટાવી શકાય છે તેથી તે 'સુગમ છે;...'

'અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે;...' કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં તે અનુભવગોચર થઈ શકે છે. ચાર ગતિમાં કોઈ પણ ગતિમાં તેની પ્રાપ્તિ થઈ શકે છે. સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે.

મુમુક્ષુ :- જે વિકારી પર્યાય થાય છે એ આત્માનો ધર્મ ક્યાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ છે, ગુણ નથી પણ પર્યાયધર્મ છે. આત્માનો નહીં પણ પર્યાયનો એ ધર્મ છે. વસ્તુનો ધર્મ નથી, મૂળ ગુણ નથી પણ પર્યાયધર્મ છે. પર્યાયનો ધર્મ કહો, પર્યાયની યોગ્યતા કહો, એટલી મર્યાદિત વાત છે. મૂળ જો વસ્તુ એવી હોય તો કદી કોઈનો વિભાવ નાશ થઈને, કોઈ સિદ્ધપદને, સર્વથા નિર્વિકાર દશાને પ્રાપ્ત થઈ શકે નહીં, બની શકે જ નહીં. પણ એવું નથી. સંસાર અવસ્થામાં એને મર્યાદિતપણે વિકાર થાય છે, અનિત્યભાવે થાય છે, મર્યાદિતભાવે થાય છે એટલો એનો ધર્મ છે. એ ભાવને ધારણ કરે છે, વિભાવભાવને ધારણ કરે છે માટે એનો ધર્મ છે એમ કહેવામાં આવે છે, એટલા પૂરતી વાત છે.

મુમુક્ષુ :- નિર્મળ પર્યાયને પર્યાય કીધી છે, વિકારને તો પર્યાય જ નથી કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- વિકાર છે એ એની પર્યાયતત્ત્વમાં વિભાવ છે, પર્યાય નથી કહેતા કંઈ ? એની વિભાવપર્યાય જ છે. વિભાવપર્યાય નથી એમ ક્યાં છે ? વિભાવની પર્યાય છે. ચારિત્રમોહમાં રાગ થાય છે એ ચારિત્રમોહની પર્યાય છે, મિથ્યાત્વની શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. પોતે પોતાના સ્વરૂપને અવલોકતો નથી, અનુભવતો નથી અને પરપદાર્થને નહીં અનુભવી શકતો હોવા છતાં ભ્રમથી અનુભવું છું એવો અનુભવ કરે છે, એ એનું અજ્ઞાન-ભ્રમ છે એ એની પર્યાય છે. પર્યાય તો છે, પર્યાય નથી એમ ક્યાં છે ?

મુમુક્ષુ :- નિર્મળ પર્યાયને જ પર્યાય કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આત્માની સ્વભાવ પર્યાય છે અને સ્વભાવદૃષ્ટિએ એનો (-વિભાવપર્યાયનો) નિષેધ છે. એટલે પ્રશ્ન એ છે કે અધ્યાત્મમાં એવું વચનવ્યવહાર કરી શકાય કે એ આત્માની પર્યાય નહીં. એ અધ્યાત્મનો વિષય છે, આગમથી એ એની જ પર્યાય છે, બીજાની પર્યાય નથી. એટલે પ્રશ્ન એ છે કે અધ્યાત્મશૈલીથી વિચારવું છે કે આગમશૈલીથી વિચારવું છે ?

પ્રશ્ન :- પ્રશ્ન એ છે કે પર્યાય છે કે ધર્મ છે ?

સમાધાન :- ધર્મ છે, પર્યાયનો ધર્મ છે, એ પર્યાયધર્મ છે. ધર્મ છે એટલે કોનો પણ ? દ્રવ્યનો, ગુણનો કે પર્યાયનો ? ત્રણમાંથી કોઈનો તો ધર્મ છે. ત્રણેયને પોતપોતાના ધર્મ છે. તો આ કોનો ધર્મ ? દ્રવ્યનો નહીં, ગુણનો નહીં પરંતુ પર્યાયનો ધર્મ છે. આગમવિવિક્ષાથી તે પર્યાયનો ધર્મ છે, અધ્યાત્મવિવિક્ષામાં તે આત્માની પર્યાય નહીં, તે આત્માનો ધર્મ નહીં, તે આત્માનું તત્ત્વ નહીં, તે પરતત્ત્વ, તે હેયતત્ત્વ, તે પુદ્ગલ, તે જડ એમ કહી શકાય

છે. સમજીને અથવા નિષેધાત્મક વલણથી અને પોતાના સ્વરૂપનો આવિર્ભાવ કરવા અર્થે એવા ભાવથી એમ કહેવું તે યોગ્ય છે, ન્યાયસંગત છે અને આત્માને લાભનું કારણ છે. પણ પેલી વાત ખોટી ઠરાવીને નહીં - આગમના સિદ્ધાંતને ખોટો ઠરાવીને નહીં, એમ. એ જ્ઞાનમાં ગૌણપણે રાખીને વાત છે. જ્ઞાનમાં ગૌણપણે રાખીને વાત છે. એ રીતે લેવું જોઈએ.

પ્રશ્ન :- વિભાવને શક્તિ કહી શકાય ?

સમાધાન :- નહીં, ધર્મ જ કહેવાય, શક્તિ કહો તો ગુણ થઈ ગયો. એને ગુણ ન કહેવાય, ધર્મ કહેવાય. ગુણને ધર્મ કહેવાય પણ ધર્મને ગુણ ન કહેવાય. 'गुणाः धर्माः भवन्ति, धर्माः गुणा न भवन्ति.' એવું સૂત્ર છે.

પહેલાં એ વિષય સ્પષ્ટ થવો જોઈએ કે, અહીંયાં આગમના દૃષ્ટિકોણથી વિચારવું છે કે અધ્યાત્મના દૃષ્ટિકોણથી વિચારવું છે ? એ વાત પહેલાં સ્પષ્ટ કરી લેવી જોઈએ. પછી એ પર્યાય છે કે નથી એનું સ્પષ્ટીકરણ જે તે દૃષ્ટિકોણથી થઈ શકે. અધ્ધરથી પ્રશ્ન આવવાનો કંઈ અર્થ નથી. વસ્તુવ્યવસ્થાથી વિચારો તો એનો પર્યાય છે, તે પર્યાયધર્મ છે, એ એની પર્યાય જ છે અને એ બંધારણને અથવા વસ્તુવ્યવસ્થાને ગૌણ કરીને પોતાના સ્વરૂપનું અવલંબન લેવા અર્થે, માત્ર કહેવા અર્થે નહીં, પણ અવલંબન લેવા અર્થે, પોતાના સ્વભાવનું બળ પ્રગટ કરવા અર્થે, એ પ્રગટ કરવાના પ્રયત્ન સહિત - ઉદ્યમ સહિત એ રીતે એનો નિષેધ કરવો યોગ્ય છે. પણ એવા ઉદ્યમ રહિત એનો નિષેધ કરવો યોગ્ય નથી.

જેમ પુણ્યનો નિષેધ કર્યો, તો પુણ્યતત્ત્વનો નિષેધ કર્યો એ શુદ્ધતા પ્રગટ કરવા અર્થે અથવા શુદ્ધનયના વિષયભૂત આત્મા છે, સ્વભાવ છે એના પ્રયત્ન અર્થે, એ તરફ વળવાના પ્રયત્ન સહિત એનો નિષેધ છે. જો પ્રયત્ન રહિત એનો નિષેધ કરવામાં આવે તો શુષ્કજ્ઞાની થઈને સ્વચ્છંદમાં ચાલ્યા જતાં વાર લાગે નહીં. એ રીતે પુણ્યતત્ત્વનો નિષેધ કરે તો નુકસાન થાય, પાપમાં ચાલ્યો જાય. નુકસાન થાય એટલે પાપમાં ચાલ્યો જાય. એટલે હેતુ (છે એ) મુખ્ય વાત છે. ક્યા હેતુથી નિષેધ કરવામાં આવે છે, એ મુખ્ય વાત છે.

સત્ 'સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ?' આવું સત્ સુગમ, સરળ અને સર્વત્ર પ્રાપ્ત થઈ શકે એવું હોવા છતાં જેને પોતાને વિષે પોતાની જ ભ્રાંતિ, 'આવરણતમ...' (એટલે) આવરણરૂપે અંધકાર વર્તે 'છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ?' તેને તેનો અનુભવ કેમ હોય ? તેને તો હોવા છતાં નહીં હોવા બરાબર છે.

'અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય;...' 'તમ' એટલે અંધકાર પણ થાય છે અને 'તમ' એટલે 'ઘણું' એમ પણ થાય છે, 'તમ' અને 'તર', વધારે આવરણ હોય એને 'તમ' કહે છે, સૌથી વધું આવરણ હોય એને 'તર' કહે છે. એ વિશેષણમાં Degree બતાવવા માટે વાત છે, સારું, વધારે સારું અને સૌથી સારું. ખરાબ, વધારે ખરાબ અને સૌથી ખરાબ, એમ. એવી રીતે કે અંધકારતમ છે, અજ્ઞાનતમ છે. એમ અજ્ઞાન અંધકાર પણ કહેવાય છે અને વધારે અજ્ઞાન છે એમ પણ કહી શકાય છે. જેને ઘણું વધારે આવરણ છે એવા પ્રાણીને એની પ્રાપ્તિ કેમ હોય ?

'અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય;...' કે જેને અજવાળું કહી શકીએ. ગાઢ અંધકાર હોય, ઓછો અંધકાર હોય પણ આખરમાં અંધકાર તે અંધકાર છે. 'તેમ જ આવરણ–તિમિર જેને છે...' તિમિર એટલે અંધકાર. અહીંયાં આવરણનો તિમિર (એવો) સીધો અર્થ કરી નાખ્યો છે 'તેમ જ આવરણ-તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી,...' જેને આવરણરૂપી અંધકાર છે એવા જીવની કોઈ પણ કલ્પના એ વાસ્તવિકતાથી દૂર છે એટલે સત્ નથી, સાચું નથી, વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ છે 'અને 'સત્'ની નજીક સંભવતી નથી.' સત્ નથી અને સત્‌ની નજીક પણ સંભવતી નથી.

'સત્' છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે;...' સત્ છે એ ભ્રાંતિ–રહિત છે, એમાં ભ્રાંતિ નથી. ભ્રાંતિથી તદ્દન જુદું છે. 'કલ્પનાથી 'પર' (આઘે) છે;...' કલ્પનાથી એ દૂર, આઘે છે, કલ્પના ને એને કંઈ મેળ નથી, પૂર્વ-પશ્ચિમનું અંતર છે 'માટે જેની પ્રાપ્ત કરવાની દઢ મતિ થઈ છે,...' જેનો દઢ અભિપ્રાય છે કે મારે હવે સત્‌ને પ્રાપ્ત કરવું જ છે, સ્વભાવને ગ્રહણ કરવો જ છે 'તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો,...' અત્યાર સુધી જે કંઈ જાણ્યું છે એમાં કલ્પના કરી છે, તેથી સત્‌ની પ્રાપ્તિ થઈ નથી. પહેલા એણે અત્યાર સુધીનું જે જાણેલું છે એના ઉપર મીંડું મૂકી દેવું કે, મેં અત્યાર સુધી જાણ્યું એ બધું ખોટું, એ બધું જૂઠું. મારે હવે નવેસરથી એકડેએકથી શરૂ કરવું છે. એમ એટલી જિજ્ઞાસામાં આવી જવું. સહેલી વાત નથી, જૂનું મૂકવું એ કંઈ સહેલી વાત નથી. કેમકે જે જૂનું ગ્રહણ કર્યું છે એના સંસ્કાર વચ્ચે વચ્ચે ઊભા થયા વિના રહેતા નથી. જ્યાં સત્ય વાત સામે આવે છે, સત્ સામે આવે છે ત્યાં પેલા સંસ્કાર

જોર કરે છે અને એ પોતાને આગળ વધવામાં વિક્ષેપ પહોંચાડે છે.

એટલા માટે એક શબ્દ વાપર્યો કે 'જેની પ્રાપ્ત કરવાની દઢ મતિ થઈ છે' જેનો અભિપ્રાય ઘણો દઢ થયો છે કે, એક મને મારા સત્‌સ્વરૂપની જ પ્રાપ્તિ હો, તે સિવાય મારે હવે બીજું કંઈ (જોઈતું નથી), પહેલાંનું બધું છે એ ભૂલી જવું છે, એ મૂકી દેવું છે, એવી જેની દઢ મતિ થઈ છે એને એ વાત ઢીલી થઈ જાય છે અને જો નવી વાત બળવાનપણે આવે છે તો એ ભૂંસાઈ જતાં વાર લાગતી નથી.

મુમુક્ષુ :- કોરી પાટીવાળાને તરત બેસી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોરી પાટીવાળાને બેસી જાય છે. ઈ તો છે જ. જેને કોરી પાટી છે એને વાંધો નથી, જેની લખેલી પાટી છે એને તકલીફ છે. (પહેલાં ગ્રહણ કરેલું) છોડી દેવું, છોડી દેવું.

'એવો દઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું;...' આ પૂર્વતૈયારી લીધી. જ્ઞાનીને શરણે જવા પહેલા કેટલી પૂર્વ તૈયારી કરવી ? કે કોરી પાટી થઈને જાવું, એમ કહે છે. 'તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.' અંબાલાલ લાલચંદ સંપ્રદાયમાં છે ને ! સંપ્રદાયમાં તો સંપ્રદાયબુદ્ધિએ કરીને પણ અનેક પ્રકારે ગ્રહણ કર્યું જ હોય છે એટલે એ બધું જૂનું છોડી દેવું, એ વાત છે.

જે તરવાનું સાધન છે એ વિપરીતમાં પરિણમે તો દર્શનમોહ તીવ્ર હોય તો એવું થાય છે, દર્શનમોહ ઘણો વધી જાય ત્યારે એવો પ્રકાર બને છે. પણ જેને આત્મહિત કરવું જ છે, એવો જેને દઢ નિશ્ચય છે, જેને પ્રાપ્ત કરવાની દઢ મતિ થઈ છે, ત્યાં જ દર્શનમોહ હળવો થઈ જાય છે, આ જગ્યાએ દર્શનમોહ હળવો થઈ જાય છે, એને વાર લાગતી નથી. પોતાની આટલી તૈયારી થાય કે મારે મારું હિત કરી જ લેવું છે. એ જ વખતે દર્શનમોહ મંદ થઈ જાય છે. એને કોઈ કાળ નથી લાગતો, તરત જ, એ જ વખતે એ પાત્રતામાં પ્રવેશ કરે છે.

બહેનશ્રીનાં વચનામૃતમાં લીધું છે કે જેને હવે આ જગતમાંથી આત્મા જ જોઈએ છે અને હવે (બીજું) કંઈ આ જગતમાંથી જોઈતું નથી. આ જગતમાંથી કાંઈ જોઈતું નથી અને એક આત્મા જ જોઈએ છે, (એવો જેને નિર્ણય થાય છે તે) એ જ વખતે વર્તમાન પાત્ર થઈ જાય છે, એને આગળનો રસ્તો સહેલો થઈ જાય છે. એમાં વાર નથી લાગતી, એમાં કોઈ પૂર્વ શરત નથી. આગળનું બધું ધોવાઈ જતાં વાર નથી લાગતી. આ એક દઢ નિશ્ચયમાં

આગળના અપરાધો, આગળના વિપર્યાસો બધા ધોવાઈ જતાં વાર નથી લાગતી. પાત્રતામાં આટલું બધું બળ છે, એક પાત્રતામાં આટલું બધું બળ છે અને એને સત્ સરળ છે. એને સત્ સરળ છે, એને સુગમ છે, એને સર્વત્ર પ્રાપ્તિ થાય છે. એને પછી કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું બંધન નથી. પણ આટલી તૈયારી જોઈએ, એ સીધેસીધી વાત છે.

પ્રશ્ન :– પહેલાની બધી કલ્પના મૂકી દેવી ?

સમાધાન :– મૂકી જ દેવી, સીધી વાત છે. બધી કલ્પના છોડીને, એક આત્મહિતના ધ્યેય સિવાય, આત્મહિતના લક્ષ સિવાય બધું લક્ષ છોડી દેવું જોઈએ, તો સુગમ અને સરળ છે, નહીંતર દુર્ગમ છે.

મુમુક્ષુ :– ૨૧૯ પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૧૯ 'એક દેખિયે, જાનિયે' એ દોહા વિષે આપે લખ્યું, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો. એવી લય તો ગોપાંગનાને હતી. શ્રીમદ્‌ભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવ ભગવાન પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે તે પરમાહ્લાદક અને આશ્ચર્યક છે.' પત્ર સોભાગભાઈ ઉપરનો છે. પોતાના પરમસ્વરૂપ પ્રત્યે કેટલી લગની છે એનો ઉલ્લેખ કર્યો છે. ભાગવતના પ્રસંગના નિમિત્તે લગનીનો વિષય લીધો છે.

આ તો આત્મહિતનું જે લક્ષ છે એ જો ઘણું દઢ હોય છે તો એ લક્ષને અનુસરીને જીવના પરિણામ ચાલે છે, એમ કહેવું છે. દઢ લક્ષવાળાને બીજી રીતે ચાલતા નથી.

'સર્વેએ એટલું જ હાલ તો કરવાનું છે કે જૂનું મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને એ મૂકવા યોગ્ય જ છે એમ દઢ કરવું.' (પત્રાંક-૨૧૦) લલ્લુજીને લખ્યું છે, લલ્લુજી ઉપરનો પત્ર છે. લલ્લુજી બહુ ભક્તિથી પત્ર લખે તો કહે, તો તમને શું જવાબ દેવો એ કંઈ સૂઝતું નથી, તમે આટલી બધી ભક્તિ અને વિનયથી પત્ર લખો છો તો શું લખવું એ કંઈ સૂઝતું નથી કે શું એનો જવાબ આપવો ? અપેક્ષિત જવાબ તમને શું આપવો ? એમ. પણ એવું કંઈ (થાય), સદ્‌વૃત્તિ થાય, તમારી વૃત્તિ વિશેષ આગળ વધે એવું કંઈક વાંચવા જેવું હશે તો તમને મોકલીશ.

અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, ઘણી ભક્તિમાં ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરીને ધર્મજીવના, એટલે ધર્મની પ્રાપ્તિનો જેનો અભિપ્રાય છે એવા જીવના અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ. અમારી ભક્તિ કરો છો પણ એથી

કરીને અમને કોઈ અહમ્ કરવાનો પ્રશ્ન નથી, કોઈ મોટાઈ લાવવાનો પ્રશ્ન નથી. અમે તો ધર્મીજીવના દાસ છીએ, મુમુક્ષુના અમે દાસ છીએ. તમે અમારી ભક્તિ કરો માટે અમારે કોઈ અમારી વિશેષતા આંકવાનો પ્રશ્ન નથી. વાતને કેવી રીતે પલટાવે છે !

એ પોતાનો એક પ્રયત્ન છે, કોઈ પણ પ્રકારના અહમ્ભાવથી બચવાનો પોતાનો એક પ્રયત્ન છે. એ પ્રયત્નને અર્થે એ વાત લખી છે. આ એક એમની અંતરંગ વિચક્ષણતા છે. પોતાને પૂર્ણ શુદ્ધ થવું છે ને ! અંદર પોતાને કેટલી સાવધાની વર્તે છે ! માર્ગમાં ચાલવા માટે પોતાને કેટલી સાવધાની (વર્તે છે !) કેમકે સામો જીવ ભક્તિ કરે છે એ એક ઉદય છે. એ એક પ્રકારનો પોતાને ઉદય છે. ઉદયની અંદર લપસતા નથી, ઉદયની અંદર ખેંચાતા નથી, ટૂંકામાં ઉદયથી પાછા વળવાની વાત છે. એટલે માન-અપમાનનો પ્રશ્ન જ નથી. એ કોઈ ગણતરી નથી, એ કોઈ દૃષ્ટિકોણ નથી.

જ્ઞાન થયા પછી જ્ઞાનીને બહારમાં માન અને અપમાન સંબંધિત ગણતરી જાણે કે ચાલી ગઈ છે, એ ગણિત એ ભૂલી ગયા છે. લોકોની પાસે જે ગણિત છે અને જેને લઈને જીવનું પરિભ્રમણ મટતું નથી, છૂટતું નથી, વધી જાય છે, એ રસ્તો જ આખો છોડી દીધો છે. લોકોનું ગણિત જુદું છે, જ્ઞાનીઓની ચાલ જુદી છે એવો વિષય છે એટલે ઘડીભર ન સમજાય એવી વાત છે કે પોતે જ્ઞાની છે, ઓલા મુમુક્ષુ છે, આ ઊંચા છે, આ નીચા છે, પણ ગણિત જ એમનું બીજું છે. ઊંચા-નીચાનું ગણિત એમની પાસે નથી. લોકદૃષ્ટિ નથી, હું આવું લખીશ, આવું કહીશ, આવું બહાર પડશે, લોકો મારા માટે શું વિચારશે ? એ દૃષ્ટિ છોડી દીધી છે. એવું લોકસંજ્ઞાનું ઝેર છે એ જેનું વમાઈ ગયું છે, ખલાસ થઈ ગયું છે. એ પરિણમન નિર્વિષ થઈ ગયું છે અને પવિત્રદશા વર્તે છે. એવી વાત છે. દૃષ્ટિકોણ છૂટી ગયો છે, એવી Line છે.

એવી વાત છે, બધા જીવો સરખા છે. દ્રવ્યદૃષ્ટિમાંથી સમદૃષ્ટિ પ્રગટે છે. એટલે સરખા છે એના બદલે પોતે નીચે ચાલ્યા જાય છે કે અમે તો એના દાસ છીએ. બધાય જીવના – પહેલા એમ શબ્દ વાપર્યો છે. 'સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના...' આમ તો દ્રવ્યદૃષ્ટિથી બધા સરખા છે. માન ચડવાથી કેટલે દૂર રહેવું ? એનો આ આંક છે. કેટલી વિચક્ષણતા છે ! સામો જીવ ભક્તિ કરે છે એને આ શબ્દો લખે છે. વિચક્ષણતા કેટલી છે ! નિર્માનતા તો છે જ પણ એમની વિચક્ષણતા ઘણી છે.

'આ જે વચનો લખ્યાં છે,...' (એટલે કે) જૂનું છોડી દેવાના, 'આ જે વચનો લખ્યાં

છે, તે સર્વ મુમુક્ષુને બંધવરૂપ છે,...' તે બધા મુમુક્ષુને પરમ બંધવરૂપ છે. એટલે કે તમને સહાય કરનારા છે. બંધવ, મિત્ર હોય તે સહાય કરે છે. 'પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે;...' બોધનું બીજ અહીંયાં પડશે, અહીંથી બીજ ઊગશે. આ સંક્ષેપમાં બાર અંગનું મૂળ અને સર્વોત્તમ તત્ત્વ કહ્યું છે. સમ્યક્ પ્રકારે વિચાર્યેથી એટલે આત્મહિતના લક્ષે વિચાર કરવાથી આ વાત તમને એ રીતે લાગશે.

'માટે ફરી ફરીને તેને સંભારજો; વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો;...' જ્યાં સુધી ન સમજાય તો સમજવા માટે પ્રયત્નશીલ રહેજો. 'એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો;...' આ વાતથી વિરુદ્ધ જાય એવો કોઈ પ્રકાર હોય તો એ રસ્તો છોડી દેજો. ઉદાસીન રહેજો એટલે ત્યાંથી પાછા વળી જજો. 'એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે;...' ખાનગીમાં કહેવાનો આ મંત્ર છે. 'એમાં 'સત્' જ કહ્યું છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.' સારો એવો વખત ગાળજો કે આ શું કહેવા માગે છે ? એ વાત લીધી છે. પૂરું વજન આપ્યું છે.

'સત્' સ્વરૂપ પોતે છે અને પોતે પોતાથી દૂર, આ તે કેવી ભ્રાંતિ છે ને કેવું આશ્ચર્ય છે ! પાછી પોતાની મહાનતા કંઈ થોડી નથી. એક સુખ લઈએ તો અનંત સુખ, જેની હદ નથી એવા સુખનો પોતે કંદ છે. એક જ્ઞાન લઈએ તો જેની હદ નથી એવા જ્ઞાનનો પોતે કંદ છે. એવા આનંદનો પોતે કંદ છે. આવું જે સત્ એનાથી પોતે દૂર આ તે કેવી વાત છે ! પોતે ને પોતે પોતાથી દૂર આ કેવી આશ્ચર્યકારી વાત છે ! જે કંઈ એનાથી વિપરીત ગ્રહણ કર્યું છે, એ છોડવું છે, મૂકી દેવું છે અને આ એક દૃઢ નિશ્ચય હોવો જોઈએ કે, મારે મારું હિત કરવું જ છે, કોઈ પણ ભોગે કરવું છે. એના માટે – નિજહિત માટે પોતે કોઈ પણ ભોગ દેવા તૈયાર છે, એટલી પોતાની તૈયારી હોય તો સત્ સરળ છે, સુગમ છે, સર્વત્ર પ્રાપ્ત છે. આ એક વાત ઉપર ખૂબ ખૂબ વિચારવું, એમ કહે છે. ખૂબ ખૂબ સમજવું, ખૂબ ખૂબ વિચારવું, ઘણો સમજવા માટે પ્રયત્ન કરવો. આટલું જ સમજવા માટે ભલે ઘણો સમય જાય તો કંઈ વાંધો નથી, પણ આ એક જગ્યાએ મુમુક્ષુએ વિશેષે કરીને આવવા જેવું છે.

મુમુક્ષુ :- પહેલા જે કંઈ કર્યું હોય તે મૂકવાનો વારો આવે ત્યારે આકરું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું ગંજીપત્તાના મહેલની જેમ પડી જાય ત્યારે એને એમ થાય કે અરે..રે...! મારું બધું ભાંગી ગયું. મેં આમ કર્યું હતું, મેં આમ કર્યું હતું, મેં આટલું કર્યું હતું. આ પાયા વગર બધું નકામું છે. બધું નકામું છે એટલું તો ઠીક પણ આ પાયા વગર કંઈ કરવા જાય છે તો અનાદિની જે પર્યાયદૃષ્ટિ છે એને લઈને પર્યાયમાં અહંબુદ્ધિ અને મિથ્યાત્વની તીવ્રતા થઈ જાય છે.

જ્યારે આપણે બીજાને એમ કહીએ કે ભાઈ ! તમે ઉપવાસ કરો છો પણ જ્ઞાન તો છે નહીં અને તપ કરો છો. એ લોકો ઉપવાસ કરે છે એટલે તપ સમજીને કરે છે ને ? તો આપણે શું કહીએ છીએ કે, તમને જ્ઞાન તો છે નહીં અને સીધું તમે તપ કરો છો પછી મેં તપ કર્યું એનું અભિમાન કેવી રીતે છોડશો ? એવું આમાં છે, ઈ જ વાત એવી રીતે લાગુ પડે છે.

પાત્રતાનો જે મૂળ પાયો છે એ પાયો નાખ્યા વિના જો તું જ્ઞાન કરે છો તો મને જ્ઞાન થયું એવું અભિમાન તું કેવી રીતે છોડીશ ? આ વિચારવા જેવો વિષય છે. ફોગટ જાય અને વિપરીતતા દૃઢ થઈ જાય. આ એક મુશ્કેલી તો ખરી ને ! એમ એ વાત છે. એટલે તો પોતે એમ કહ્યું કે 'આ તમને અને કોઈ પણ મુમુક્ષુને' તમને એટલે અંબાલાલભાઈને અને બીજા તમારા જેવા કોઈ પણ મુમુક્ષુને 'ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે;...' પહેલા આ કાનમાં મારે ફૂંક મારવી છે કે પાત્રતામાં આવ્યા વિના એટલે કે એક આત્મા જ જોઈએ અને બીજું કંઈ ન જોઈએ, આત્મપ્રાપ્તિ સિવાય બીજું કંઈ ન જોઈએ આ પાકું કર્યા વિના કોઈ દિશામાં આગળ વધવાની અમારી પરવાનગી નથી, અમારી રજા નથી કે, ભાઈ ! તું ફલાણું વાંચી લે ને ફલાણું આગળ વધી જા ને તું ફલાણું કરજે, એમ. પહેલું એને પૂછે કે, એક આત્મા જ જોઈએ છે ? કે કંઈ બીજું અંદર ખૂણેખાંચરે હૃદયમાં પડ્યું છે ? તો તને નુકસાનનું કારણ થશે. આ જે તરવાનો માર્ગ છે એ તને ડૂબવાનું નિમિત્ત થાય એવી ભયંકર પરિસ્થિતિ છે.

એટલે ૨૧૧ (પત્રમાં) એ પાત્રતા સંબંધી જે માર્ગદર્શન છે એ બહુ મહત્ત્વની વાત કરી છે પોતે. આ પાયામાં ન હોય તો એકેય વાત સવળી આગળ પરિણમવાની આશા રાખવી વ્યર્થ છે. એમ છે. આ બધા પત્રો બહુ સરસ છે, ૨૧૧થી પત્રો બધા સારા આવશે.

## પત્રાંક - ૨૧૨

મુંબઈ, માહ વદ ૧૯૪૭

સત્‌ને નમોનમઃ

વાંછા–ઇચ્છાના અર્થ તરીકે ‘કામ’ શબ્દ વપરાય છે, તેમ જ પંચેન્દ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.

‘અનન્ય’ એટલે જેના જેવો બીજો નહીં, સર્વોત્કૃષ્ટ. અનન્ય ભક્તિભાવ એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.

મુમુક્ષુ વૈ. યોગમાર્ગના સારા પરિચયી છે, એમ જાણું છું. સદ્‌વૃત્તિવાળા જોગ્ય જીવ છે. જે ‘પદ’નો તમે સાક્ષાત્કાર પૂછ્યો, તે તેમને હજુ થયો નથી.

પૂર્વકાળમાં ઉત્તર દિશામાં વિચરવા વિષેનું તેમના મુખથી શ્રવણ કર્યું. તો તે વિષે હાલ તો કંઈ લખી શકાય તેમ નથી. જોકે તેમણે તમને મિથ્યા કહ્યું નથી, એટલું જણાવી શકું છું.

જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણી વાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીનભાવે

તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે; બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયાં હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એ જ દશા આણવી એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.

તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે, તે માટે અમારે શું કરવું તે કાંઈ સૂઝતું નથી. 'સજીવનમૂર્તિ'થી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે; કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો. અમે તો સજીવનમૂર્તિના દાસ છીએ, ચરણરજ છીએ. અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે ? કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે. અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.

આ બે છેલ્લી વાત તો તમારા બધાને માટે મેં લખી છે, અમને હવે ઓછું બંધન થાય તેમ કરવા બધાને વિનંતી છે. બીજું એક એ જણાવવાનું છે કે તમે અમારે માટે કંઈ હવે કોઈને કહેશો નહીં. ઉદયકાળ તમે જાણો છો.

(પત્ર-૨૧૨). 'સત્‌'ને નમોનમઃ' ત્રિભોવનભાઈ ઉપરનો પત્ર છે. સત્‌ને એટલે પોતાના નિજસ્વરૂપને નમસ્કાર કરે છે. 'વાંછા-ઇચ્છાના અર્થ તરીકે 'કામ' શબ્દ વપરાય છે, તેમ જ પંચેન્દ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.' 'કામ' શબ્દનો અર્થ કર્યો છે. કામ એટલે કામના, વાંછા, ઇચ્છા, પાંચ ઇન્દ્રિયના પદાર્થના વિષયની જે ઇચ્છા છે એને વાંછા કહેવામાં આવે છે.

'અનન્ય' એટલે એના જેવો બીજો નહીં, સર્વોત્કૃષ્ટ. અનન્ય ભક્તિભાવ એટલે જેના

જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.' બે શબ્દના અર્થ કર્યા છે. એક 'કામ' શબ્દનો અર્થ કર્યો, બીજામાં 'અનન્ય' શબ્દનો અર્થ કર્યો. અનન્ય એટલે ઉત્કૃષ્ટ. અનન્ય ભક્તિ એટલે ઉત્કૃષ્ટ ભક્તિ, સર્વોત્કૃષ્ટ ભક્તિ, એવો અર્થ નીકળે છે.

આમ તો ભક્તિ શું છે કે ભેદભાવ નથી રહેવા દેતી. અન્ય એટલે ભેદ પડવો, અનન્ય એટલે અન્યપણાના ભેદરહિત, એને અનન્ય કહેવામાં આવે છે. ખાસ કરીને રુચિનું આ વિશેષણ છે. જ્યારે આત્મરુચિ પ્રગટે છે ત્યારે ખરી રુચિને અનન્ય રુચિ કહે છે કે પોતાના સ્વરૂપથી પોતે ભાવે વેગળો રહે છે, એ રુચિને પોસાતું નથી, એવી રુચિને અનન્ય રુચિ કહેવામાં આવે છે અને એ ઉત્કૃષ્ટ છે એટલે અહીં ઉત્કૃષ્ટ એવો અર્થ કર્યો છે.

'મુમુક્ષુ વૈ.' વૈ એટલે વૈજનાથ હશે એવું લાગે છે. 'યોગમાર્ગના સારા પરિચયી છે, એમ જાણું છું. સદ્વૃત્તિવાળા જોગ્ય જીવ છે. જે 'પદ'નો તમે સાક્ષાત્કાર પૂછ્યો, તે તેમને હજુ થયો નથી.' કોઈની વ્યક્તિગત વાત છે. જુઓ ! વ્યક્તિ માટે એમણે બહુ સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો છે. એમના મતિ-શ્રુતજ્ઞાનની વિશિષ્ટતા હતી !

'પૂર્વકાળમાં ઉત્તર દિશામાં વિચરવા વિષેનું તેમના મુખથી શ્રવણ કર્યું. તો તે વિષે હાલ તો કંઈ લખી શકાય તેમ નથી. જોકે તેમણે તમને મિથ્યા કહ્યું નથી, એટલું જણાવી શકું છું.' એ કંઈક પ્રાસંગિક વાત છે એમાં ગોળગોળ ઉત્તર આપ્યો છે, સ્પષ્ટ લખવાની ના પાડી છે, એ વિષે હાલ વિશેષ કંઈ લખતો નથી. એમાં પણ એમની બહુ વિચક્ષણતા હોય છે (કે) કેટલું લખવું, કેટલું ન લખવું, કેટલું જણાવવું, કેટલું ન જણાવવું. સામા જીવને જરાપણ નુકસાન ન થાય એટલી કાળજી રાખીને ઉત્તર આપતા હતા.

'જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણી વાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી;...' એક વાર પણ. શું કહે છે ? જ્ઞાનીપુરુષનું, સત્પુરુષનું, મુનિરાજનું, તીર્થંકરનું – એવા જેના વચનથી નિર્વાણમાર્ગ પ્રાપ્ત થઈ શકે, સત્પુરુષથી માંડીને તીર્થંકર પર્યંતના જે કોઈ મહાપુરુષો છે તેમના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે અને એવી સજીવનમૂર્તિનો એટલે પ્રત્યક્ષ યોગ પૂર્વકાળમાં જીવને અનેક વાર થયો છે, ઘણી વાર થયો છે 'પણ તેનું ઓળખાણ થયું નથી;...' એક વાર પણ એણે એ સત્પુરુષને ઓળખ્યા નથી, જ્ઞાનીને ઓળખ્યા નથી, તીર્થંકરને પણ ઓળખ્યા નથી, મુનિરાજને પણ ઓળખ્યા નથી.

જ્ઞાનીને તો ઓળખવા અલબત્ત કઠણ છે, કેમકે એમના ઉદયમાં પૂર્વકર્મની ચિત્ર-વિચિત્રતા

સંયોગરૂપે સાથે જોડાયેલી હોય છે પણ મુનિ અને તીર્થંકર મળવા છતાં પણ આ જીવે ઓળખ્યા નથી કે જેમનો બાહ્ય દેખાવ પણ એવો જ પવિત્ર અને નિર્દોષ છે. તો આ જીવે કેટલી ઊંધાઈ કરી હશે ? આ વિચારવા જેવો વિષય છે. જે નિર્ગ્રંથ મુનિ, જેને જોતાં ઠરી જાય ! પશુ ઠરી જાય છે. જંગલી પ્રાણી સિંહ, વાઘ, ચિત્તા, હાથી જેવા હોય, મગરમચ્છ જેવા હોય, એ ઠરી જાય, સર્પ હોય તો સર્પ એક વાર ઠરી જાય અને પોતે માણસ જેવો માણસ થઈને નહીં ઓળખ્યા હોય તો એણે કેવી કલ્પના કરી હશે ? અને કેવી વિચિત્ર રીતે પોતે વર્ત્યો હશે ? એ વિચારવા જેવો વિષય છે.

તીર્થંકર તો એથી વિશેષ છે. સમવસરણમાં જાય, એટલો બધો પુણ્યયોગ છે કે સામે તો એ લોલેલોલ જ કરવા લાગે, બીજું કંઈ થાય જ નહીં. ભલે એને અંદરમાં અભિપ્રાય વિરુદ્ધ હોય કે એને ગમે તે વિચિત્ર પ્રકાર વિરુદ્ધતાનો અંદરમાં ચાલતો હોય પણ બહારમાં તો એ પૂજા-ભક્તિ ને કૂદકા સહેજે સહેજે મારવા જ મંડે. એટલો બધો પુણ્યયોગ હોય છે. બીજાની સાથે ભળી જાય. અંદરમાં પોતે (વિપરીતતા) મૂકી ન શકે. આવા ઉત્કૃષ્ટ યોગની અંદર પણ એણે ઓળખાણ કરી નથી. કાં તો ઓઘસંજ્ઞાએ વર્ત્યો છે કાં તો લોકસંજ્ઞાએ વર્ત્યો છે.

મુમુક્ષુ :- કંઈક શલ્ય તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કંઈક ને કંઈક શલ્ય રાખીને તો બેઠો જ છે, એમાં ગમે તે પ્રકારે કોઈ ને કોઈ શલ્ય તો આ જીવે રાખ્યું જ છે. એથી તો અનંતકાળ સુધી, અનેક વાર આવો જોગ થવા છતાં, સજીવનમૂર્તિનો સાક્ષાત યોગ થવા છતાં એક વાર પણ તેનું ઓળખાણ થયું નથી.

'ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી...' જુઓ ! આ અંદર શું પકડેલું ? 'તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી;...' એ ઉપર જે 'કામ' શબ્દ લીધો ને ? એનો અર્થ એ કંઈક કહેવા માગે છે કે, મુખ્યપણે જીવને બાહ્ય પદાર્થમાં સુખની જે ભ્રાંતિ છે, એ ભ્રાંતિ સાથે રાખીને આ મહાપુરુષને, આ સત્પુરુષને, આ તીર્થંકરને, આ દેવને હું ભજીશ તો મને રિદ્ધિસિદ્ધિ અથવા પંચેન્દ્રિયના વિષયની મને સાનુકૂળતાઓ ને મને બધી અનુકૂળતાઓ રહેશે. ઊંડે ઊંડે આ

અભિપ્રાય જીવે છોડ્યો નથી.

જે પૌદ્‌ગલિક સુખ વાસ્તવિકતાએ જે દુઃખ છે અને જેમાં સુખની ભ્રાંતિ છે એને સાચું સુખ માનીને, એ સુખની પ્રાપ્તિ અને કામના રાખીને, એ અભિપ્રાય રાખીને એણે સજીવનમૂર્તિનો યોગ કર્યો છે કે આનાથી કંઈક મને લાભ થશે, મને આનાથી કંઈક લાભ થશે.

જુઓ ! અત્યારે આ ભગવાન છે, આપણે મંદિરમાં સ્થાપના કરીએ છીએ તો સાક્ષાત્ તીર્થંકર અને એમાં શું ફેર છે ? વાણી સિવાય (શું ફેર છે ?) સાક્ષાત્‌ને વાણી છે અને એ પણ અમુક ટાઇમે છૂટે છે, અમુક ટાઇમે તો પ્રતિમાવત્ જ હોય છે. સમવસરણમાં પણ જ્યારે વાણીનો યોગ ન હોય ત્યારે તો પ્રતિમાવત્ જ હોય છે, કંઈ ફેર નથી. વર્ષોથી દર્શન કરે (પણ) ઊંડે ઊંડે શલ્ય હોય કે, હવે મને પુણ્ય તો બંધાણું. ભગવાનના દર્શન કર્યા એટલે મને પુણ્ય તો બંધાણું, પ્રતિકૂળતાઓ તો પાછી ઠેલાશે કાં તો અનુકૂળતાઓ તો થશે કે વધશે. આ અભિપ્રાય એણે ઊંડે ઊંડે સેવ્યો છે એટલે એ વીતરાગમૂર્તિ શું છે ? એની ઓળખાણ નથી થઈ, એનું સ્વરૂપ નથી ઓળખાયું.

પ્રશ્ન :– પ્રત્યક્ષ તીર્થંકર ન માને તો શું માને ?

સમાધાન :– પથ્થરની મૂર્તિ માને.

મુમુક્ષુ :– આમ તો ફોટો મૂકી શકાય...

સમાધાન :– એથી વધારે લેવું જોઈએ. કેમકે જ્યાં પ્રતિષ્ઠા કરીએ છીએ એટલે એમાં પ્રાણપ્રતિષ્ઠા એને કહેવાય છે. પ્રાણપ્રતિષ્ઠાનો અર્થ કે સજીવન છે એવી દૃષ્ટિથી આપણે જોઈએ છીએ, એમ. એટલા માટે પ્રતિષ્ઠાની વિધિ છે કે પોતે સજીવન તરીકે એને જોઈ શકે, એ દૃષ્ટિકોણ અપનાવી શકે એટલા માટે પ્રતિષ્ઠિત તરીકે બિરાજમાન કરીએ છીએ.

મુમુક્ષુ :– સાક્ષાત ન માને તો તેને ભાવ ઉત્પન્ન જ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ન થાય. ઓળખાણ આવે નહીં. સાક્ષાત્ એને દેખાય કે આ જ ભગવાન છે. આવું જ સ્વરૂપ છે, મારું સ્વરૂપ અંદરમાં આવું છે. જેવું અત્યારે સામે ભગવાનનું દેખાય છે એવું જ મારું સ્વરૂપ છે. એ જ રીતે સ્વસંવેદનને પકડે એટલે અંદરમાં વેદન સાથે અનુસંધાન થયા વગર રહે નહીં. સ્વસંવેદનની મૂર્તિ છે. પરિપૂર્ણ, અનંત સ્વસંવેદનની વ્યક્ત મૂર્તિ છે, પ્રગટ મૂર્તિ છે. જો ભાવને – સ્વસંવેદનને પકડે એટલે સીધું જ પોતાનું અનુસંધાન થયા વગર રહે નહીં. એની સાથે એવો નિયમ છે.

એ તો કંઈક યોગ્યતાવાળા જીવને, ઘણાના જીવન બદલી જાય છે એવી વીતરાગમૂર્તિ છે કે વીતરાગતાની જ આખેઆખી મૂર્તિ છે ! કેટલાય પ્રાણીઓના જીવન બદલી જાય છે, જોતાવેંત ફરી જાય. આ કોઈ બીજી વાત છે, કંઈક બીજું છે આમાં. અત્યાર સુધી ભગવાન, ભગવાન, ભગવાન, ઓઘે ભગવાન શબ્દ ભલે હજાર વાર સાંભળ્યો હોય, પણ આ કંઈક જુદી વાત છે. કંઈકના એવા જીવન બદલી ગયેલા છે. આખો રસ્તો બદલાય જાય. એનું બહુ મોટું મહત્ત્વ છે.

મુમુક્ષુ :- ગૌતમ ગણધર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો મોટી વાત હતી, એ તો ચરમશરીરી જીવ હતા.

મુમુક્ષુ :- ભગવાનનાં દર્શન કરતાં જીવન જ બદલાય ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા, બિલકુલ, બદલાય જ ગયું છે. માનસ્થંભે તો વિપરીતતાનું માન ગળ્યું. ભગવાનને જોયા (ત્યાં) બધો ફેરફાર થઈ ગયો, એમ છે. પણ આ તો મૂર્તિને જોઈને જીવન બદલી જાય એવા પ્રસંગો બન્યા છે એટલે એની સ્થાપનાનું મહત્ત્વ બહુ મોટું છે.

મુમુક્ષુ :- દસ હજાર તીર્થંકર અને એક પ્રતિમા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા, બરાબર છે. કેમકે તીર્થંકર તો અમુક કાળ પર્યંત જ વિદ્યમાન હોય, પ્રતિમાજી સ્થાપો એટલે હજારો વર્ષ એની સ્થાપના ટકે. સામાન્ય રીતે મંદિર મજબૂત કરવામાં આવે છે એનું કારણ એ છે, એનું ચણતર મજબૂત કરવામાં આવે છે એનું કારણ એ છે કે અંદર બિરાજમાન જે પ્રતિમા છે, એની સુરક્ષા સેંકડો, હજારો વર્ષ સુધી થાય, એનું એ કારણ છે.

મુમુક્ષુ :- હજારો તીર્થંકર કરતાં પણ એક પ્રતિમાની અધિકતા બતાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કાળ અપેક્ષાએ એમ વાત છે. (તીર્થંકર) વિહાર કરી જાય છે એટલે અમુક કાળ મર્યાદિત છે. એ તો આયુષ્ય કાળ પર્યંત મર્યાદિત છે. આમને (પ્રતિમાજીને) તો કંઈ આયુષ્ય સાથે સંબંધ નથી, એમ. ઘણા કાળ સુધી દર્શન થાય છે, એટલા માટે એ રીતે વાત છે. આવે છે, શેમાં આવે છે ? (એક મુમુક્ષુ) એક વાર એ વાત લાવ્યા હતા. ગ્રંથમાં - પુસ્તકમાં આવે છે એ વાત.

અહીંયાં તો જીવે અંદર શું શલ્ય રાખેલું છે ? કે 'જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે;...' ઉપર ઉપરથી, 'તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ

અને બીજી તેવી કામનાઓથી...' કંઈ ને કંઈ બાહ્ય પદાર્થની કામના, વાંછા (રાખી હતી) એથી 'પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે,...' મોટા ભાગના વાણિયા તો દુકાનના વકરા માટે પગે લાગવા આવે છે. આપણે દુકાન ઉઘાડ્યા પહેલા એક વાર ભગવાનના દર્શન કરી આવવા. પછી દુકાને વેપાર સરખો ચાલે.

મુમુક્ષુ :– દેરાસર જઈને પછી મહારાજસાહેબ પાસે વાક્ષેપ નખાવી પછી દુકાને જાય. મેં જોયું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગજબ કરે છે એ લોકો ! જ્યાં એણે સુખ માન્યું છે અને જ્યાંથી એને સુખ જોઈએ છે, તો બધે એ જ ગોતતો ફરે છે. સામે સાક્ષાત્‌ ભગવાન આવે તો એ સુખ એને જોઈએ છે. જેણે નિર્ગ્રંથ થઈને એ વિષયોનો ત્યાગ કર્યો તો એની પાસે જઈને પણ એ સુખ માગે છે ! જુઓ ! કેવી જીવની વૃત્તિ છે ? એ દૃષ્ટિ મલિન છે.

'દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી...' એટલે પરિણામે 'ઓળખાણ પડતું નથી;...' એમ થવાને લીધે ઓળખાણ પડતું નથી. 'અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે,...' આમ છે. જ્યારે ઓળખાણ પડે છે ત્યારે એને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, એ વાત ૨૨૫માં કરશે કે આ કોઈ દેહધારી દિવ્યમૂર્તિ મારા માટે પરમાત્માએ જ જાણે અવતાર લીધો છે, એવો સ્નેહ આવે છે. એક વાર ઓળખાણ પડવી જોઈએ.

'જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો...' છે, નીચે લીધું છે 'કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે,...' એનો વિયોગ સહન કરી શકતો નથી, એવો એને સ્નેહ આવે છે. 'અર્થાત્‌ તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે;...' એવો યોગ નથી પણ બનતો, વૃત્તિ આવી હોવા છતાં પણ વિયોગ રહે તો 'તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે;...' બીજે ક્યાંય પછી એનું ચિત્ત ચોંટતું નથી. એને એ જ રહ્યા કરે છે કે આ એક મારા પરમાત્મા અહીંયાં બિરાજે છે. એનું લક્ષ ત્યાં ને ત્યાં જ રહે છે. એ સિવાય બીજે એનું લક્ષ ચોટતું નથી.

મુમુક્ષુ :– મુમુક્ષુની દશાનું વર્ણન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુમુક્ષુની દશાનું વર્ણન છે.

મુમુક્ષુ :- સારું વર્ણન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેને જે સમજવું હોય. એવી વાત છે.

'બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ...' લ્યો, મૃત્યુનો સંયોગ. જુઓ ! બીજા પદાર્થોના સંયોગ લીધા 'બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયા હોય છે.' ફલાણું મળ્યું, આ મળ્યું, આ મળ્યું, કુટુંબ વધ્યું, પૈસા વધ્યા, આબરૂ વધી તો કહે મૃત્યુ વધ્યું ! મૃત્યુ મળ્યું એમ ગણે છે, આવી વાત છે.

'આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું.' જો મુમુક્ષુની સજીવનમૂર્તિના વિયોગે આ દશા થાય ત્યારે એણે એમ જાણવું કે એને માર્ગ બહુ નજીક છે. 'એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે;...' માયા એટલે સંયોગ પ્રત્યેનો અનુરાગ, સંયોગ પ્રત્યેનો રાગ તે માયા છે અને એ મોટી વિટંબના છે.

'પણ એ જ દશા આણવી...' અથવા એ જ દશા મારી થવી જોઈએ 'એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.' આ રસ્તો બતાવી દીધો. મુમુક્ષુ માટે એટલી બધી માર્ગદર્શનની પરિસ્થિતિ આપી છે કે, આ જગ્યાએ આવે અને એ મુમુક્ષુનું કલ્યાણ ન થાય અથવા એ નિર્વાણના માર્ગે ચડે નહીં, એ કોઈ દિવસ બને નહીં. નિયમબદ્ધ વાત છે. એટલે કોઈ પણ મુમુક્ષુ જીવ પોતે કેટલો નજીક છે અને કેટલો દૂર છે, એ માપી શકે એવો વિષય છે, આ થર્મોમીટર છે, પોતે માપી શકે એવો વિષય છે.

'તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે,...' સત્પુરુષ પ્રત્યે આટલું બધું હોય એમ જ્યારે કીધું ત્યારે વચ્ચે પોતાની વાત લાવે છે કે 'તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે, તે માટે અમારે શું કરવું તે કાંઈ સૂઝતું નથી.' હવે અમારે કરવું શું ? આ તો સત્પુરુષની મહિમા બતાવવા જતા અમને બંધન થઈ ગયું.

'સજીવનમૂર્તિ'થી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે;...' અમે શું કર્યું ? આ તો અમને ઉપાધિમાં મૂક્યા છે. 'કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો.' સજીવનમૂર્તિની વાત કરી તો આ તો તમે અમને નિશાન બનાવી દીધા. 'અમે તો સજીવમૂર્તિના દાસ છીએ, ચરણરજ છીએ.' એવી કોઈ સજીવનમૂર્તિ હોય તો અમે એના ચરણમાં રહેવા માગીએ છીએ, અમે એના દાસ છીએ.

'અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે ?' જુઓને ! હજી તો ગૃહસ્થમાં બેઠા છીએ, આ વેપાર-ધંધો, કુટુંબ-પરિવાર બધું માંડીને (બેઠા છીએ), અમારી એવી ક્યાં દશા છે કે તમે અમને વળગ્યા, એમ કહે છે. 'કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે. અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.' કેટલી ઉપાધિ કરીએ છીએ એ તમે જાણો છો. અમને ક્યાં તમે આ બંધન કર્યું ?

'આ બે છેલ્લી વાત તો તમારા બધાને માટે મેં લખી છે, અમને હવે ઓછું બંધન થાય તેમ કરવા બધાને વિનંતી છે. બીજું એક એ જણાવવાનું છે કે તમે અમારે માટે કંઈ હવે કોઈને કહેશો નહીં.' ગુપ્ત રહેવા માગે છે. 'ઉદયકાળ તમે જાણો છો.' માટે કંઈ કહેવું અમને યોગ્ય લાગતું નથી. અમારી પ્રસિદ્ધિ ક્યાંય કરશો નહીં, એવી સૂચના કરી છે.

વિશેષ લઈશું...

જે દર્શનમોહનો નાશ કરે છે, તે સાધકનો ચારિત્રમોહ અવશ્ય નાશ પામે છે કારણકે તેના પરિણમનમાં ચારિત્રમોહ નિર્બળ થઈ ગયો છે અને આત્માની શક્તિ બળવાનપણે કાર્ય કરી રહી છે. વળી વિભાવભાવોનો નિષેધ વર્તતો હોવાથી, તેને પોષણ મળતું બંધ થયું છે, મૂળ કાપેલા વૃક્ષની જેમ, તે ભાવો સુકાઈ જશે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૮૬)

## પત્રાંક – ૨૧૩

મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭

પુરાણપુરુષને નમોનમઃ

આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ ?

હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ; જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે ?

જ્ઞાનીપુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઈશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર–ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઈ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાની પુરુષને કંઈ કર્તવ્યરૂપ નહીં

હોવાથી જે કંઈ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.

વિ. આજ્ઞાંકિત -

## તા. ૩૧-૦૩-૧૯૯૮, પ્રવચન નં. ૫૨
## પત્રાંક - ૨૧૩

'સોભાગભાઈ'ના પરિચયને છએક મહિના થયા છે અને આ પત્ર લખાયો છે. શરૂઆતથી જ, જ્યારથી સોભાગભાઈને કૃપાળુદેવ મળ્યા ત્યારથી જ તેમને અત્યંત ભક્તિ હતી અને એ ભક્તિ બીજા મુમુક્ષુઓ કરતાં જરા વિશિષ્ટ હતી.

સત્પુરુષ પ્રત્યે ક્યા ક્યા કારણોસર બહુમાન હોય, ભક્તિ હોય ? એની કેટલી હદે મુખ્યતા હોય ? એ વિષય ઉપર એમણે આ પત્રમાં સોભાગભાઈને લખીને વધારે પ્રકાશ પાડ્યો છે.

'પુરાણપુરુષને નમોનમઃ' પુરાણપુરુષ એટલે પોતાનું સ્વરૂપ. અનાદિ હોવાથી તે પુરાણો છે, અનાદિથી હોવાથી આત્મા પુરાણો છે અને ભૂતકાળમાં થયેલા મહાપુરુષો, ઘણા વખત પહેલા થયેલા (હોય) એને પુરાણા કહેવાય, પુરાણા એટલે જૂના, એમની જે કથા એને પુરાણ કહેવામાં આવે છે. કથાનુયોગને પુરાણ કહેવામાં આવે છે. વેદાંતમાં પણ પુરાણ કહે છે,

જૈનમાં પણ પુરાણ કહે છે. પણ ચારે અનુયોગમાં સૌથી જૂનો, અનાદિનો એવો પોતાનો આત્મા છે, એ પુરાણપુરુષને જ ગાયો છે, એ સ્વરૂપનું જ ભજન કર્યું છે, એવા પોતાના પુરાણપુરુષને – પોતાના સ્વરૂપને પત્રના મથાળામાં નમસ્કાર કર્યા છે.

'આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે.' આખા જગતનું એક જ વાક્યમાં ચિત્ર મૂકી દીધું છે કે, જગતમાં ચારે ગતિના જીવો આધિ, વ્યાધિ અને ઉપાધિથી, ત્રિવિધ તાપ એટલે ત્રણ પ્રકારના તાપ – આધિ, વ્યાધિ અને ઉપાધિથી આકુળવ્યાકુળ થઈ રહ્યા છે. ભલે દેવલોકના દેવો હોય, મિથ્યાદૃષ્ટિઓની વાત લીધી છે. આમાં જ્ઞાનીઓની અને મુનિઓની વાત ન લેવી, જગતના જીવોની વાત છે. પછી એ દેવલોકના દેવો હોય કે પછી મનુષ્યની અંદર કોઈ રાજા, શહેનશાહ, King, Emperor, કોઈ શ્રીમંત શેઠ હોય, ગમે તેવા અબજોપતિ હોય, એ બધા આકુળવ્યાકુળ અને ત્રણે પ્રકારના તાપથી દુઃખી છે, દુઃખી હોવાથી સુખ માટે 'ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે,...' સુખ માટે ઝાંવાં નાખે છે અને ખોટી જગ્યાએ ઝાંવાં નાખે છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી અને કોઈ તરસ છિપાવવા માગે તો કોઈ દિવસ તરસ છિપે નહીં. કેમકે જ્યાં પાણીનો એક છાંટો નથી ત્યાં પાણીનું સરોવર દેખાય છે એને ઝાંઝવાનું જળ કહેવામાં આવે છે. બહુ ગરમી પડે, અમદાવાદ જઈએ ત્યારે ભાલ એરીયામાં એ જોવા મળે છે, ભાલની જમીન બહુ ખારવાળી હોય ને ! એટલે તપે બહુ. દરિયાના પાણી ત્યાં ફેલાય છે. બહુ તપે એટલે ત્યાં પેલા બધા Atmosphere માં Vibration ઊભા થાય, લાગે કે પાણી... પાણી... પાણી... પાણી ત્યાં કોઈ પાણીનું સરોવર લાગે છે. ત્યાં એક છાંટો પાણી હોય નહીં. એ પાણીથી કોઈ તરસ છિપાવાનો પ્રશ્ન નથી. એમ જગતના પાંચે ઇન્દ્રિયોના વિધવિધ વિષયોમાં સુખની ગંધ પણ નથી, સુખનું નામનિશાન નથી, સુખનો પડછાયો પણ ત્યાં પડતો નથી. ત્યાંથી જીવો સુખ લેવા દોડે છે.

'એવો દીન છે.' એવો આ લોક દીન છે, સુખ માટે દીન થઈ ગયો છે. દીન એટલે શું ? ગરજું, સુખ માટે ગરજું છે. કોઈ રીતે સુખ મળે, કોઈ રીતે સુખ મળે. દીન માણસો ભીખ માગે. માગણની વૃત્તિ, કેવી ? દીનવૃત્તિ એટલે માગણવૃત્તિ. એવો આ લોક એટલે લોકના સમસ્ત જીવો દીન છે.

'અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે.' આખા લોકની અંદર એક ભયંકર વંટોળ ચાલે છે, Cyclone ચાલે છે અને જીવો ફેંકાફેંક ફેંકાય છે. ફેંકાફેંક જેમ કોઈને ફેંકવામાં આવે એવી રીતે ક્યાંક મરે અને ક્યાંક

જન્મે, ક્યાંક મરે અને પાછા ક્યાંક જન્મે... એક સેકન્ડમાં એટલી બધી મુસાફરી કરી લ્યે છે. વંટોળિયામાં તણખલું ફેંકાય એમ જીવો ફેંકાય છે. જન્મે ને મરે, જન્મે ને મરે, જન્મે ને મરે... ભયંકર પરિભ્રમણ પ્રાપ્ત થયેલું છે. શા કારણથી ? કે, 'અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી...' પોતે ભૂલી ગયો છે કે હું આત્મા છું. જે ઉદયને પ્રાપ્ત થાય એવો પોતાને ગણી લ્યે છે. અત્યારે હું આવો એટલે જાણે કાયમ માટે એવો. હું ફલાણો, ફલાણો કે હું ફલાણી, ફલાણી, થઈ રહ્યું ! આત્મા ગયો એમાંથી ! એ ભયંકર પરિભ્રમણનું કારણ છે. પોતાના મૂળ સ્વરૂપનું અજ્ઞાન, એને ભૂલી જવું એ ભયંકર પરિભ્રમણનું કારણ છે.

'સમયે સમયે અતુલ ખેદ,...' પ્રત્યેક સમયે કેટલો ખેદ છે એ તો જ્ઞાની જાણે છે એટલે એમ કહે છે કે કોની સાથે તોળવું ? જીવના દુઃખને કોની સાથે તોળીને નક્કી કરવું કે આટલું દુઃખ છે ? તોળી ન શકાય એટલું દુઃખ છે.

અનેક પ્રકારના 'જ્વરાદિક રોગ,...' ઉત્પન્ન થાય છે, 'મરણાદિક ભય,...' સાતે પ્રકારના, બધા પ્રકારના ભયથી ગ્રસિત થયેલો છે અને 'વિયોગાદિક દુઃખને તે અનુભવે છે;...' સચેત કે અચેત ઇષ્ટ પદાર્થો મળતા નથી, એનું પણ એને ઘણું દુઃખ છે. આ જોઈએ ને તે જોઈએ, ઇચ્છાના ભડકા જીવને બાળે છે, જીવની શાંતિને બાળે છે. એવી આ જગતના જીવોની સ્થિતિ છે.

આ જ્ઞાનીની નજરે જગત કેવું છે ? કે, આવું જગત છે, કોઈ સુખી જોવામાં આવતા નથી. 'એવી અશરણતાવાળા આ જગતને...' કોઈ દુઃખથી બચાવે એવી પરિસ્થિતિ નથી, કોઈ ભયથી બચાવે એવી પરિસ્થિતિ નથી, કોઈ રોગથી બચાવે એવી પરિસ્થિતિ નથી. 'એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે;...' લ્યો ! એક સત્પુરુષ સિવાય કોઈ શરણ નથી.

હવે અહીંયાં મુનિ અને ભગવાનનું નામ નથી લીધું, હેતુસર એ વાત એમણે કરી છે. કોઈ ચોક્કસ પ્રકારના પારમાર્થિક હેતુથી, ઇરાદાથી એ વાત કરેલી છે કે એને સત્પુરુષ જ શરણ છે કેમકે એ ઉપરના બન્ને સજીવનમૂર્તિ એટલા વીતરાગી છે, એટલા વીતરાગી છે કે જગત બાજુથી એણે આંખ મીંચી લીધી છે. મુનિઓ જંગલમાં ચાલ્યા જાય છે અને કેવળજ્ઞાનીઓનું તો આંખનું પોપચું ઊપડતું જ નથી કે એ કોઈની સામે જોવે. લોકાલોક ઝળકતું હોવા છતાં આખા જગત પ્રત્યેથી ઉદાસ થઈને એ તો શુક્લધ્યાનમાં બિરાજમાન

થઈ ગયા. પૂર્ણ વીતરાગી હોવાથી બધું જાણવા છતાં પણ કંઈ એમને વૃત્તિ ઊઠતી નથી.

એક સત્પુરુષ છે, કરુણાનો રાગ એમને થોડોક વિશેષ છે, એટલે એ જગતના જીવોને (ઉપદેશ આપે છે). એનો યોગ પણ નગરમાં, ગામમાં મળી જાય છે, એને માટે જંગલમાં જવું પડતું નથી. એટલી સુવિધા લોકોને પ્રાપ્ત થાય છે અને કામ તો જેટલું મુનિ અને તીર્થંકરથી થાય એટલું જ બરાબર એનાથી થાય છે, ઓછું નથી થતું. બચે ઈ પૂરેપૂરો બચે છે, તરે ઈ પૂરેપૂરો તરી જાય છે.

મુમુક્ષુ :- કરુણાનો રાગ નથી એ ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો સૌથી મુખ્યતા આપે છે, સૌથી વધારે મુખ્યતા આપી છે. એ તો રાગ (શબ્દ) એટલા માટે લીધો કે પેલા વીતરાગી છે. મુનિ અને કેવળજ્ઞાનીઓ વીતરાગી છે એટલે જગતની સામું જોતા નથી, એમણે જગતથી પીઠ ફેરવી નાખી છે. આમને વિકલ્પ ઊઠે છે. અરે...! બિચારા દુઃખી છે, અરે...! જગતના જીવો દુઃખી છે. કરુણાથી એમનું હૃદય રડે છે. કરુણાથી એમનું હૃદય રડે છે, દ્રવે છે. એવી એક પરિસ્થિતિ સત્પુરુષોની હોય છે. એ ૬૮૦ (આંકમાં) અંગત નોંધ લખી છે એમાં એમણે પોતાના માટે લખ્યું છે કે, કરુણાથી અમારું હૃદય છે એ રડે છે.

મુમુક્ષુ :- નિષ્કારણ કરુણા જે એમને આવે છે એ પણ વીતરાગતામાંથી જ ઊભી થયેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે, મુખ્ય તો વીતરાગતા જ છે પણ બીજા જીવોને તરવામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થવામાં આ એક લાગણી છે કે જે લાગણીને એમ બતાવી શકાય કે એમનું હૃદય બીજા જીવોને દુઃખી જોઈને રડે છે. એમાં પણ મનુષ્યોની અંદર દરેક માણસ કંઈ ને કંઈ ધર્મપ્રવૃત્તિ કરતો હોય છે, સંપ્રદાયમાં જન્મે છે ને ? અહીંયાં સંપ્રદાય વગર તો કોઈનો જન્મ નથી એટલે દરેક માણસ કંઈ ને કંઈ ધર્મપ્રવૃત્તિ કરતો હોય છે. ત્યારે એમને ((સત્પુરુષને) એમ થાય છે કે અરે..રે...! બિચારા, અજાણ્યા હોવાથી, ધર્મ કે જે તરવાનું સાધન છે, એ એને ડૂબવાનું સાધન થાય છે. શું થાય છે ?

જુઓ ! ૬૮૦માં શું શબ્દ વાપર્યો ? કલ્યાણને ઇચ્છતા એવા જીવો. કેવા ? આત્મકલ્યાણને ઇચ્છતા (એવા). એને એમ નથી કે મારે મારા આત્માને ડુબાડવો છે. એવું કંઈ સીધું તો કોઈને નથી કે મારે મારા આત્માને દુઃખી કરવો છે. 'કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી...' જ્ઞાનીના માર્ગે નહીં,

'પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી,...' કલ્પના કરે છે, જે પોતે ધર્મસાધન કરે છે એમાં મોક્ષમાર્ગની કલ્પના કરીને 'વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતાં છતાં...' અનેક પ્રકારે ધાર્મિક ઉપાયો કરે છે. 'મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી...' ખરેખર એ છૂટવાને બદલે ત્યાં વધારે બંધાય છે. એમ જાણીને 'નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.' એટલી બધી લાગણી થાય છે કે એમનું હૃદય રડી ઊઠે છે. એમાંથી આ કાગળ લખાઈ ગયો છે, નોંધ લખાયેલી છે.

'કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.' આ રીતે એમણે પોતાનો હૃદયચિતાર ખુલ્લો કરી નાખ્યો છે.

એટલે એમણે એમ કહ્યું કે આ જગતને અશરણપણું છે. એવા આ જગતને એક જ્ઞાનીપુરુષ જ, સત્પુરુષ જ શરણ છે 'સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે.' જે આત્મશાંતિને પોતે અનુભવી રહ્યા છે, એ આત્મશાંતિ પ્રાપ્ત થાય એવી જેની વાણીમાં શીતળતા છે, એની વાણીમાં પણ એવી શીતળતા છે કે એ સંસારનો તાપ અને એ તૃષા – સુખની તૃષા, એને મટાડનાર એક સત્પુરુષની વાણી સિવાય બીજું કોઈ નિમિત્ત છે નહીં. 'એમ નિશ્ચય છે.' એમ ઘણા ઘણા અનુભવ પછી અમારો આ નિશ્ચય થયેલો છે. પાકો, યથાર્થ નિશ્ચય થયેલો છે કે, આ સિવાય જગતના જીવોને (છૂટવાનો) બીજો કોઈ ઉપાય નથી.

થોડા વખત પહેલા આપણે સ્વાધ્યાયમાં એક વાત લીધી હતી, ફરીને દોહરાવું છું કે, જે જીવને અંતરથી છૂટવાની વૃત્તિ થાય કે હવે આ સંસારથી છૂટી જ જવું છે, આ જીવ બહુ રખડ્યો, બહુ રખડ્યો, બહુ દુઃખી થયો, દરેક ભવમાં દુઃખી જ થયો છે, હવે છૂટી જવું છે. એને First thought ઈ જ આવે કે, કોઈ સત્પુરુષ સિવાય મારો આરોવારો નથી. મને કોઈ સત્પુરુષ મળે તો જ મારો આરોવારો છે નહીંતર મારો કોઈ આરોવારો નથી. હું શું કરીશ ? મને કંઈ ખબર નથી. હું કંઈ જાણતો નથી કે મારું કેમ હિત થાય છે, મારું કેમ અહિત થાય છે. એ વિષયમાં હું સાવ આંધળો છું, અંધ છું, કઈ બાજું ડગલું ભરવું એ મને ખબર નથી. એક સત્પુરુષ સિવાય બીજો આમાં કોઈ ઉપાય નથી. એવી સૂઝ અંતરની છૂટવાની ભાવનામાં ઉત્પન્ન થઈ આવે છે. આ એક ભાવનાને આ પ્રકારના વિચાર સાથે સંબંધ છે.

એટલે અહીંયાં કૃપાળુદેવે એમ કહ્યું કે, એ નિશ્ચય છે, અમારો એમ નિશ્ચય છે. બહુ, બહુ અનેક ભવોના અનુભવને અંતે થયેલો આ નિશ્ચય છે. 'માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.' માટે ફરી ફરીને અમને એમ લક્ષ થાય છે કે, સત્પુરુષના ચરણમાં જવું જોઈએ. જીવે સત્પુરુષના ચરણમાં જવું જોઈએ, જરૂર સત્પુરુષના ચરણમાં જવું જોઈએ, એ સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી.

અહીં તો કહે છે કે, અમે ધ્યાન ધરીએ છીએ. અમને એ લક્ષ થાય છે, એ જ વિચાર આવે છે, એ જ નિશ્ચય થાય છે. એમ કહીને એમ કહી દીધું કે સત્પુરુષનું શરણ સ્વીકારતા, આખી પરિસ્થિતિ જે બદલાય ગઈ, માટે અમે એનું ધ્યાન ધરીએ છીએ. આજે પણ અમે એનું ધ્યાન ધરીએ છીએ. પછી આખી પરિણામની Track બદલાઈ જાય છે, ગાડી જ બીજે પાટે ચડી જાય છે અને એનો આખરી અંજામ – Destination નિર્વાણપદ ઉત્પન્ન થાય છે. એવું જે કારણ છે તે સત્પુરુષના શરણનું ગ્રહવું થાય છે તે છે. શું થાય છે ? સત્પુરુષના શરણનું ગ્રહણ થાય છે. કારણ-કાર્ય બધું ત્યાં એકસાથે જોવામાં આવે છે. કારણ-કાર્યનું અનુસંધાન થાય છે.

'સંસાર કેવળ અશાતામય છે.' દુઃખ, દુઃખ ને દુઃખ છે. જીવે ક્યાંય સુખ અનુભવ્યું હોય તો કેવળ તે જીવની ભ્રાંતિ છે, સિવાય ભ્રાંતિ એમાં બીજું કંઈ નથી. સંસાર કેવળ અશાતામય છે.

'કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે,...' એટલે કોઈ મુમુક્ષુ જીવને થોડી શાતા ઉત્પન્ન થાય છે. કોને ? જે સત્પુરુષના શરણમાં ગયો છે એને. 'કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે,...' પેલી શાતા હજી નથી પ્રગટી, મોક્ષમાર્ગની શાંતિ નથી પ્રગટી, પણ અલ્પ શાતા થાય છે 'તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે;...' અનુગ્રહ એટલે કૃપા. એ સત્પુરુષની જ કૃપા છે કે એને કંઈક અલ્પ પણ શાંતિ, શાતા ઊપજી એ સત્પુરુષની જ કૃપા છે, બીજું કોઈ કારણ નથી.

'કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી;...' શું કહે છે ? આ એક સિદ્ધાંત છે કે, પાપના ઉદયમાં તો જીવને દુઃખ થાય જ છે. પુણ્યોદયની અંદર જીવને કંઈક શાતા મળે છે, પણ જગતમાં જે પુણ્યનું સ્વરૂપ કહે છે ઈ વાત અહીંયાં અમારે કરવી નથી. જે પુણ્યથી સુખ માનવામાં આવે છે ઈ વાત અહીંયાં નથી કરવી, આખી વાત જુદી જ છે, એમ કહે છે. પુણ્ય સંબંધીની

વાત પણ જુદી જ છે.

શું કહે છે ? કે, કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની ઉત્પત્તિ નથી અને પુણ્યના ઉદયવાળાને લોકો ભાગ્યશાળી પણ કહે છે પણ 'એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી;...' એટલે શું કહે છે ? કે સત્પુરુષનો ઉપદેશ જ્યારે આત્મા ઉપર અસર કરે છે ત્યારે જીવને શાતા વળે છે. ક્યારે શાતા વળે છે ? અહીં થોડી એમણે ગૂઢ વાત કરી છે, પુણ્યતત્ત્વના સંબંધમાં લોકોત્તર વાત કરી છે, લૌકિક પુણ્યની વાત નથી કરી, લોકોત્તર પુણ્યની વાત કરી છે.

સીધું કહેવું હોય તો એમ કહી શકાય કે, અનંતકાળમાં પરિભ્રમણ કરતાં એવા જીવને સત્પુરુષના યોગે, સત્પુરુષની કૃપાએ, જો મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે એવી લાઇને ચડી જાય, એવા પરિણામની શ્રેણિ પ્રાપ્ત થાય તો એ જીવને બહુ ભાગ્યશાળી માનવો જોઈએ. એ જીવને બહુ ભાગ્યશાળી માનવો જોઈએ. ભાગ્યશાળી કહો કે પુણ્યવંત કહો, બન્ને એક જ વાત છે. આવી વાત કરવી છે. કે નક્કી એનું હોનહાર બહુ સારું છે નહીંતર આ લાઇને એ ચડે કે કેમ ? અરે...! કોઈ સંસારી જીવ ચડે કે કેમ ? કેમકે સંસારનું સ્વરૂપ જ એવું છે કે ત્યાંથી જીવને મોહથી છૂટવું એ બહુ કઠણ વાત છે. મોહથી મુકાવું, દર્શનમોહથી મુકાવું એ કોઈ સહેલી વાત નથી અને અનંતકાળમાં નહીં થયેલી એવી અપૂર્વ વાત છે. એવી કોઈ અપૂર્વતાને કોઈ મુમુક્ષુ પામે છે ત્યારે એને બડભાગી ગણવામાં આવે છે.

મીરાએ ગાયું કે નહીં ? 'હવે હું તો બડભાગી રે, મોહન પ્યારા...' ગાયું કે નહીં ? હું હવે બડભાગી છું, મારી જાતને હવે મને ચોક્કસ એમ લાગે છે કે હું કોઈ ભાગ્યશાળી છું, કેમ ? કે આ સંસારની મોહની મને છૂટી ગઈ. એ તો રાજરાણી હતી, પણ સંસારની મોહની એને નહોતી. ભલે એના કલ્પેલા ઈશ્વર હતા પણ એને ઈશ્વરની એવી કોઈ કલ્પના હતી કે બસ ! મેં એનું શરણ ગ્રહ્યું છે, હવે મારી વાત પૂરી થઈ ગઈ છે, મારે કોઈની સાથે સંબંધ નથી. હું સ્ત્રી છું તો એ મારો પતિ છે, જાઓ ! એવી રીતે એણે સીધું લઈ લીધું.

બહુ જબરદસ્ત વાત એ બની છે, મેં એનો – મીરાબાઈનો ઇતિહાસ વાંચ્યો હતો. એના લગ્ન થયા તો એના ધણીને એણે પહેલી જ રાતે એણે કહી દીધું કે, હું પરણેલી છું, હોં ! એટલી બધી હિંમત કોણ કરી શકે ? ખરેખર તો બીજો કંઈ સંબંધ થયો હોય તો એને છુપાવવું પડે, એના બદલે એણે સીધી Open જ વાત કરી દીધી. હું પરણેલી

છું. પેલો તો સડક્ થઈ ગયો. પેલો તો સ્તબ્ધ થઈ ગયો, સડક્ થઈ ગયો એટલે સ્તબ્ધ થઈ ગયો કે આ શું બોલે છે આ ! રૂપાળી રાજકન્યા જેવી સ્ત્રી અને એમ કહે છે કે હું પરણેલી છું તો પછી મારી સાથે લગન શું કરવા કર્યાં હશે ? તો (મીરાબાઈ) કહે (છે), મારા બાપાએ પરાણે પરણાવી છે, પણ તમને હું કહી દઉં છું કે હું પરણેલી છું. તો (એના પતિએ પૂછ્યું), કોની સાથે પરણી છો ? હવે ચાલને ઈ વાત કર. તો કહે લ્યો, હું મારા પતિને સામાનમાં સાથે જ લાવી છું. મારો જે સામાન છે એમાં હું સાથે જ લાવી છું. પછી સામાનમાંથી એણે કૃષ્ણની મૂર્તિ કાઢી કે જુઓ, આ મોરલીવાળો છે ને ! આ મારો પતિ છે ને આની સાથે હું પરણી ચૂકી છું. એટલે શું ? કે મને તમારો મોહ નથી. મને આ સંસારના જીવનનો કોઈ મોહ નથી. મારા પરિણામ એક જ બાજુ લાગે છે બીજી બાજુ લાગતા નથી. એનો અર્થ શું કહે છે ? કે એને પતિ બનાવવાનું કારણ છે કે સ્ત્રીના પરિણામ તો પતિ સિવાય બીજે લાગે નહીં. મારા પરિણામ બીજે લાગતા નથી. હવે તમારે જેમ કરવું હોય તેમ કરો. મારી વાત ચોખ્ખી છે કે મારા પરિણામ લાગવાના નથી અને અહીં લાગેલા છે એ કંઈ ઊખડવાના નથી. આ મારી પરિસ્થિતિ છે, તમારે બીજી સ્ત્રી કરવી હોય તો મને કંઈ વાંધો નથી. ન કરવી હોય તો તમે જાણો. મારે બીજો પતિ કરવાનો સવાલ નથી, મારો એક પતિ થઈ ચૂક્યો છે, જાઓ ! ઠીક ! બહુ ખુલ્લી વાત એણે કરી. એ માણસ બહુ સજ્જન, જેની સાથે એના લગન થયા હતા, એ માણસ અતિ સજ્જન ! કેવા ? સજ્જન નહીં, અતિ સજ્જન માણસ ! એણે જોયું કે આ તો નિર્દોષપણે વાત કરે છે, આની જે વાત કરવાની પદ્ધતિ અને આના જે ભાવો છે, (એ નિર્દોષ છે, એટલે) એ સમજી ગયો (કે) આ એકદમ નિર્દોષ છે. એણે કીધું કે તારે જે કરવું હોય તે કર, હું તને આડો નહીં આવું. તો (આ) કહે હું તો આના ભજનમાં રહેવાની છું, મારે બીજું કંઈ કરવાનું તો છે નહીં, આના ભજન રાત-દી' ગાવા, આ સિવાય મારે બીજું તો કંઈ કામ નથી. એ સિવાય મારા બીજા પરિણામ થવાના નથી અને થઈ શકે એવી મારી સ્થિતિ નથી, તો કહે તારે જે કરવું હોય ઈ કર, હું વચ્ચે નહીં આવું. પછી ત્યારથી એની લાઇન ચડી ગઈ એ ચડી ગઈ. એને એ પરિણામ થયા તો એમાં એને એમ દેખાણું કે, હું બડભાગી છું કે મને આવા પરિણામ થાય છે.

(અહીંયાં) ઈ વાત કરવા માગે છે કે 'કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી;...' લોકો પુણ્યનું

જે સ્વરૂપ જાણે છે એ વાત અહીંયાં નથી, આ બીજી વાત છે. 'ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે;...' જગતમાં જે પુણ્યની વાત છે એ તો રૂઢિગત છે. મૂળ તો તીર્થંકરદેવે ઘણા કાળ પહેલા આ પુણ્યનો ઉપદેશ કરેલો હતો કે, જીવ તું પુણ્યશાળી ક્યારે ? કે સત્પુરુષના શરણમાં જવાની તને બુદ્ધિ આવી હોય ત્યારે. તો તું બડભાગી ને તો તું પુણ્યશાળી. એવો જે પુણ્યનો ઉપદેશ જે ઘણા કાળ પહેલા આપેલો હતો એ હવે લોકો પુણ્યને કંઈ સમજતા નથી અને રૂઢિગત રીતે 'સાપ ગયા ને લિસોટા રહી ગયા', લોકો પુણ્ય કરવા મંડ્યા કે ભાઈ, દાન દ્યો એટલે પુણ્ય થાશે, પૂજા કરો એટલે પુણ્ય થાશે, વ્રત પાળો એટલે પુણ્ય થાશે, શાસ્ત્ર વાંચો એટલે પુણ્ય થાશે. એ વાત જ છે નહીં, જે છે ઈ મૂળમાં વાત બીજી છે.

'તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે,...' શાસ્ત્ર વાંચીને જાણે પુણ્ય થયું હોય એવું લાગે છે 'પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે;...' જેને એ સત્પુરુષના શરણમાં જવાની સૂઝ આવી એ જીવ પુણ્યશાળી, એ જીવ ભાગ્યશાળી. અને કોઈ પણ આત્માને જો કંઈ મૂળ હોય, એ પુણ્યનું મૂળ હોય તો એ સત્પુરુષ છે.

'માટે અમે એમ જ જાણીએ છીએ...' બહુ જોરથી વાત કરી છે. 'માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને...' એટલે થોડીક પણ શાતા મુમુક્ષુની ભૂમિકામાં ઉત્પન્ન થઈ ત્યારથી તે પૂર્ણ શાંતિ, પરમાનંદની શાંતિ જે કેવલજ્ઞાનની દશામાં ઉત્પન્ન થાય ત્યાં 'સુધીની સર્વ સમાધિ,...' એટલે સર્વ શાંતિ, બધી Degreeની શાંતિ. મુમુક્ષુની ભૂમિકાની શાંતિથી માંડીને પરમ અમૃતમયી શાંતિ (થઈ) એ બધી 'તેનું સત્પુરુષ જ કારણ છે.' બીજું કોઈ કારણ નથી, જાઓ ! તેનું કારણ એક સત્પુરુષ જ છે.

આ બધો જશ એમણે સત્પુરુષ ઉપર નાખ્યો છે. કોઈ જીવને એક અંશ શાતાથી માંડીને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે, પછી એ જીવને શું થવાનું છે ? કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે, તો કહે એનું મૂળ કારણ ? સત્પુરુષ છે. કેમકે દરિદ્રી હતો એને લાખો રૂપિયા આપીને વેપારે ચડાવ્યો અને એને અબજોપતિ બનાવ્યો, તો મૂળ કારણ તો એ જ ગણાય ને ! પછી ભલે પૈસો, પૈસાને ખેંચે, પણ મૂળમાં જ પેલાએ મદદ ન કરી હોત તો ક્યાંથી પત્તો લાગવાનો હતો ? એ તો ભિખારી હતો.

એમ આ જીવ દીન, હીન થઈને સંસારમાં આથડતો હતો, રખડતો હતો, પરિભ્રમણ કરતો હતો, એને લાઇને ચડાવ્યો અને લાઇને ચડાવ્યો એટલે કેવી રીતે લાઇને (ચડાવ્યો) ?

આ સોભાગભાઈનો દાખલો છે, સોભાગભાઈને તો પત્ર લખ્યો છે, કેવી રીતે લાઇને ચડાવ્યા, જુઓને ! કાંડું પકડીને, ડૂબતો હતો તેને ખેંચીને કાંઠે મૂકી દીધો. એટલે એમ કહે છે કે એ સત્પુરુષ જ કારણ છે. કેવળી થવાનો એ જીવ. એનું સત્પુરુષ જ કારણ છે.

'આટલી બધી સમર્થતા છતાં...' એટલું નિમિત્તત્વ ! કેવળજ્ઞાની જેવું જેમનું નિમિત્તત્વ છે 'છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી,...' કોઈ અપેક્ષા નથી, આમ થાય તો ઠીક, આ આમ કરે તો ઠીક, આ આમ હોય તો ઠીક. કંઈ નહીં, ફક્ત કરુણા ઉત્પન્ન થઈ છે એટલે વાત કરી દ્યે છે, બાકી જેને કંઈ સ્પૃહા નથી.

'ઉન્મત્તતા નથી,...' ઉન્મત્તતા એટલે છકી જતા નથી કે આટલી બધી શક્તિ છે, આટલી બધી તાકાત છે, કેવળજ્ઞાનની લબ્ધિ લઈને બેઠા છે, કેટલી ? કેવળજ્ઞાનની લબ્ધિ લઈને બેઠા છે, છતાં છકી જતા નથી 'પોતાપણું નથી,...' કોઈની સાથે એને પોતાપણું નથી, પ્રતિબંધથી મુક્ત થયા છે, ક્યાંય પોતાપણું છે નહીં. કોઈ વાતનો 'ગર્વ નથી,...' કોઈ વાતનો ગર્વ નથી 'ગારવ નથી,...' ગારવ એટલે પરિણતિ. ગર્વની પરિણતિને ગારવ કહે છે.

'એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.' કોઈ એમને જાતિસ્મરણ જ્ઞાનમાં યાદ આવી ગયું હશે, નામ પણ યાદ આવી ગયું હશે, એવું લાગે છે.

સામાન્ય રીતે જૈનદર્શનમાં ગુણપૂજાની પ્રધાનતા છે, વ્યક્તિપૂજાની પ્રધાનતા નથી. જોકે મંદિરજીમાં અને પોતાના સદ્‌ગુરુને તો નામથી જ સંબોધવામાં આવે છે. મંદિરજીમાં પણ પાર્શ્વનાથ ભગવાન, નેમિનાથ ભગવાન, આદિનાથ ભગવાન, મહાવીર ભગવાન, સીમંધર ભગવાન (એમ) કોઈ ને કોઈ નામ દઈને પ્રતિમાજીની સ્થાપના કરવામાં આવે છે. એટલે એ કંઈ દોષ નથી, નામ લેવું એ કંઈ દોષ નથી.

એમ મુનિઓ અને જ્ઞાનીઓ પણ પોતાના શ્રીગુરુનું નામ લ્યે છે. લ્યે છે એમ નહીં, નામ છુપાવતા નથી. છુપાવે તો દોષ ગણાય છે, નિહ્નવ દોષ મિથ્યાત્વમાં જાય છે. એટલે એવું તો કરતાં નથી, ઊલટાનું એ નામ લઈને કહે છે કે, ફલાણા ફલાણા એવા જે સદ્‌ગુરુ છે, એનું શરણ મેં લીધું અને એના ચરણ મેં મારા હૃદયમાં સ્થાપિત કરી દીધા છે. એ રીતે નામ લઈને પણ (ભક્તિ કરે છે).

શું કહે છે ? 'એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.' યાદ કરીએ છીએ, નામ લઈને યાદ કરીએ છીએ. એ નામ લેવામાં વ્યક્તિપૂજા

નથી પણ એ નામ લેવામાં ગુણપૂજા છે. કેમ ? કે એ ગુણોને નમે છે, ત્યાં પણ એના ગુણોને જોઈને નામ લ્યે છે. એ નામધારી કોઈ વ્યક્તિ છે. નામનો તો નાશ છે પણ એક વ્યવહાર ખાતર નામ હોય છે પણ એના ઉપકારને નામ લઈને ગાય છે.

આમ તો શું છે, અનંત તીર્થંકરો થયા અને જ્ઞાનીઓ પણ અનંતા થયા. જ્ઞાનીઓ જ્ઞાનીઓ છે, તીર્થંકરો તીર્થંકરો છે અને એમનું જે મૂલ્ય છે એમાં કોઈ ફેરફાર નથી. તેમ છતાં પણ જેનો પ્રત્યક્ષ ઉપકાર થયો હોય તેની સર્વોત્કૃષ્ટ મહત્તા આવે એવી એક સહજ સ્વાભાવિક પરિણામની પરિસ્થિતિ હોય છે.

સોનગઢમાં એક પ્રસંગ બનેલો. ગુરુદેવશ્રીને સમયસાર વાંચતા પોતાના ભગવાનઆત્માનું જ્ઞાન થયું. સંસ્કાર લઈને આવેલા એટલે આ ભવમાં કોઈ વિદ્યમાન સત્પુરુષ નહોતા, પણ એમને સમયસારમાં કુંદકુંદાચાર્યના વચનો હોવાથી કુંદકુંદાચાર્ય પ્રત્યે ખૂબ બહુમાન આવ્યું. પછી તો બહેનશ્રીને જાતિસ્મરણ જ્ઞાન થયું ત્યારે ખબર પડી કે જ્યારે અમે સમવસરણમાં જતા હતા ત્યારે કુંદકુંદાચાર્ય પણ ત્યાં આવેલા. એટલે બે હજાર વર્ષ પહેલાનું મહાવિદેહ ક્ષેત્રનું અનુસંધાન પણ એમને થયું એટલે વિશેષ લાગણી થઈ. કુંદકુંદાચાર્ય પ્રત્યેની એમને બહુમાનની લાગણી વિશેષ થઈ. એ વારંવાર એમના પ્રવચનની અંદર, એમની વાણીમાં, એમના ભાવોમાં કુંદકુંદાચાર્યદેવની ભક્તિ ખૂબ આવે.

સંવત ૨૦૩૦માં પરમાગમમંદિરની પ્રતિષ્ઠા હતી ત્યારે હજારો માણસ આવેલા એમાં દિગંબર સમાજના ઘણા વિદ્વાનો, મોટા પંડિતો આવેલા. એમાં એક (વિદ્વાન) આવેલા (એમની) બહુ મોટા વિદ્વાનમાં એની ગણતરી (થાતી).

આમ તો ગ્વાલિયરની અંદર જે બરૈયા થઈ ગયા, ગોપાલદાસજી બરૈયા, એમને ગુરુ ગોપાલદાસ બરૈયા કહેવાય છે. ગુરુ એટલા માટે કહેવાય છે કે, ગૃહસ્થ હોવા છતાં પણ બહુ મોટા ત્રણ વિદ્વાનો એમની નીચે તૈયાર થયા. એ ગોપાળદાસજી બરૈયા કૃપાળુદેવના સમકાલીન હતા. કૃપાળુદેવ મુંબઈમાં હતા ત્યારે એ પણ મુંબઈમાં હતા. મંદિરમાં દર્શન કરવામાં એકવાર બન્ને જણા ભેગા થઈ ગયેલા. ગોપાલદાસજી બરૈયા નામથી જાણતા હશે એટલે કૃપાળુદેવને ઊભા રાખીને એક Request કરી કે, એક શાસ્ત્ર છે એનો કંઈ અનુવાદ કે અર્થ કે એવું કંઈ તમે કરી શકો તો કરી દો, એમ ગોપાલદાસજીએ Request કરી. કૃપાળુદેવ કંઈ એ પરિણમનમાં હતા નહીં એટલે એમણે વાત કંઈ સ્વીકારેલી નહીં હોય એમ લાગ્યું. પણ એમની નીચે ત્રણ વિદ્વાનો તૈયાર થયા એમાં આ (એક વિદ્વાન) હતા. બે બનારસના

હતા (બીજા) કટનીના હતા.

બધા વિદ્વાનોમાં એ લોકોના નામ મોટા છે અને વિદ્વત્તા પણ સારી એમ કહી શકાય. એ એવું બોલ્યા કે અહીંયાં તો બધે એકલા કુંદકુંદાચાર્યની જ વાત ચાલે છે અને બીજા તો ઘણા મોટા આચાર્ય થઈ ગયા છે. ભગવાન મહાવીરસ્વામી પછી દિગંબર પરંપરામાં વીરસેનસ્વામી, જિનસેનસ્વામી, જેણે ષટ્ખંડાગમની ટીકા લખી અને ત્યાર પછી અકલંકસ્વામી, સમંતભદ્રસ્વામી બહુ મોટા મોટા આચાર્યો થઈ ગયા, પછી પહેલા ગુણભદ્રાચાર્ય, બીજા ગુણભદ્રાચાર્ય એવા ઘણા મોટા મોટા આચાર્યો થઈ ગયા છે પણ એ બધા કંઠસ્થ રાખતા એટલે એમનું કોઈ સાહિત્ય નથી. પણ એવા સમર્થ ઋદ્ધિધારી આચાર્યો થયેલા. એટલે એ પોતાના વક્તવ્યમાં એવું બોલ્યા કે એક કુંદકુંદાચાર્યના નામ ઉપર બીજા આચાર્યનું બલિદાન ન દઈ શકાય !

ગુરુદેવનો તો બહુ દુઃખ થઈ ગયું. ભાઈ ! અમારે તો બધાય આચાર્યો આચાર્યના સ્થાને છે, જ્ઞાનીઓ જ્ઞાનીઓના સ્થાને છે, તીર્થંકરો તીર્થંકરોના સ્થાને છે, કેમકે બધાની દશાનું અમને જ્ઞાન છે. એટલે કોઈનું સ્થાન અમને ઓછુંઅદકું નથી. પણ શું કરીએ ? અમારા ઉપર એમના વચનોનો ઉપકાર થયો છે એટલે અમારા મોઢે એમની વાત આવે છે, એમાં કોઈનું બલિદાન દેવાનો અમારો ભાવ નથી.

એમ કોઈ એક જ્ઞાનીની મુખ્યતા થાય ત્યારે બીજાનું બલિદાન દેવાની વાત નથી હોતી. પણ એ મુખ્યતા થવા પાછળ કોઈ સબળ કારણ એ હોય છે કે પ્રત્યક્ષ ઉપકાર એનો થયેલો હોય છે, એટલા માટે એમ થતું હોય છે, બીજું કંઈ કારણ હોતું નથી.

એટલે અહીંયાં એમ કીધું કે અમે નામરૂપે પણ ફરી ફરીને સ્મરણ કરીએ છીએ. નામ દઈને બોલવાનું મન થઈ જાય છે. એમનું નામ છુપાવવાનું બિલકુલ મન થતું નથી. અને છુપાવવાની વૃત્તિ તો અપરાધ જ છે, બીજું કંઈ નથી. એમ સીધું આવે છે એટલે એ રીતે પોતે સ્પષ્ટ કરે છે કે, આવા સત્પુરુષનું નામ લઈને પણ અમે એમનું સ્મરણ કરીએ છીએ.

ત્યાર પછી પણ આ પત્રમાં સત્પુરુષની વિશેષતા કરવા માટે ઘણી વાતો લખી છે. વિશેષ આવતી કાલે લઈશું...

તા. ૦૧-૦૪-૧૯૯૮, પ્રવચન નં. ૫૩
પત્રાંક – ૨૧૩

'ત્રિલોકના નાથ વશ થયા છે જેને...' ત્રિલોકના નાથ એટલે પોતાનું સિદ્ધપદ, એ વશ થયા છે એટલે શું ? કે, દૃષ્ટિ છે એ દૃષ્ટિએ સ્વરૂપ ઉપર કબજો લીધો છે. આમાં બે ન્યાય છે. બીજો ન્યાય ઈ છે કે નિજપરમાત્મા છે એ ભગવાનઆત્મા છે અને ભગવાન તો હંમેશાં પોતાના સ્થાનમાં જ રહે છે. છતાં પણ જે પર્યાય એનું ભજન કરે છે તો એ પર્યાયમાં પ્રગટ થાય છે.

૨૦૧ (પત્રમાં) જે વાત લીધી ને ! કે પરબ્રહ્મ તો નિર્વિકાર છે છતાં પણ ભક્તિને વશ થાય છે. 'કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે,...' એવો હૃદયમાં જ્ઞાનીઓએ અનુભવ કર્યો છે. ત્યાં પણ 'વશ' શબ્દ વાપર્યો છે, અહીંયાં પણ 'વશ' શબ્દ વાપર્યો છે કે ત્રિલોકના નાથ જેને વશ થયા છે.

'છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે...' છતાં પણ આવો મહાન પદાર્થ મેં કબજામાં લીધો છે, એવું બહાર દેખાવા નથી દેતા. અથવા એવી મહાન સિદ્ધિ – ઉપલબ્ધિ થઈ છે એનો પણ એ દેખાવ નથી કરતા. એવી રીતે અટપટી દશાથી વર્તે છે, એટલે સામાન્ય મનુષ્યની જેમ વર્તે છે. પોતે ત્રણલોકના નાથને વશ કર્યા છે એ તો અસામાન્ય કામ કર્યું છે છતાં બધાંની સાથે વ્યવહાર સામાન્ય રાખે છે. સામાન્ય મનુષ્ય રાખે એવો જ વ્યવહાર રાખે છે.

'કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે;...' અને તેથી સામાન્ય માણસને તો એ સામાન્ય માણસ જ લાગે છે. ઓળખાણ નથી પડતી કે આ અંદરમાં આટલી મહાનતા પ્રાપ્ત કરી છે, એવી એક સામાન્ય મનુષ્યને ઓળખાણ નથી પડતી. 'એવા સત્પુરુષને અમે

ફરી ફરી સ્તવીએ છીએ.' એમનું ફરી ફરીને સ્તવન કરીએ છીએ, વારંવાર એમની પ્રશંસા કરીએ છીએ, એમના પ્રત્યે બહુમાન આવે છે. માન નથી ચડતું, પર્યાયદૃષ્ટિ ચાલી ગઈ હોવાથી, પર્યાયમાં બહુ મોટો ફેરફાર થઈ ગયો હોવા છતાં પણ એનું માન નથી ચડતું. એવી એમની મહાનતા જોઈને અથવા દૃષ્ટિનું કાર્ય પચાવવાનું છે – એ વસ્તુને પચાવી ગયા છે. પરમાત્માને પણ દૃષ્ટિ પચાવી ગઈ.

જેમ કોઈ બહુ ભારે ખોરાક ખાય તો પેટમાં દુખે. પચી જાય તો કંઈ ન થાય, ન પચે તો પેટમાં દુખે. પચી જાય તો ખબર જ ન પડે, ઊલટાની શક્તિ આવે. એમ પોતાની શક્તિ વધી છે, પરમાત્માને પચાવી ગયા છે. એટલે એમની એવી પરિસ્થિતિ જોઈને ફરી ફરીને પોતે એમનું સ્તવન કરે છે.

આમ તો વસ્તુ ત્રિકાળી છે. એને શ્રદ્ધા-જ્ઞાનમાં લેનાર પર્યાય એક સમયની છે એટલે પર્યાય નાની છે, વસ્તુ મોટી છે એમ પ્રથમ દૃષ્ટિએ જોવામાં આવે છે, ઉપલક દૃષ્ટિએ જોવામાં આવે છે. પણ ઈ એક સમયની પર્યાય આખી વસ્તુને ગ્રહણ કરી લ્યે છે તો એને નાની કહેવી કેવી રીતે ? જે મોટી વસ્તુને ગ્રહણ કરી લે છે, મોટી વસ્તુને પોતામાં સમાવી લે છે, એને નાની કેવી રીતે કહેવી ? એવી રીતે સત્પુરુષની અંતરંગ દશાની વાત કરે છે અને સાથે સાથે એમની મહિમા પણ કરી છે, ભક્તિ પણ કરી છે.

'એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે;...' ત્રણે લોકને વશ કરવા એના કરતાં પણ અંદરમાં અંતર્મુખ થઈને એક સમય માટે સ્થિર રહેવું એ વધારે વિકટ છે. 'તેવા અસંગપણાથી જે ત્રિકાળ રહ્યા છે,...' અને એવું અસંગપણું જેને હંમેશાં, નિરંતર વર્તે છે. 'એવા સત્પુરુષના અંતઃકરણ,...' સત્પુરુષના અંતઃકરણ એટલે અંતર પરિણતિ જુઓ તો એ એમાં જ રહેલા છે, અંતર્મુખ જ રહેલા છે, અસંગ જ રહેલા છે. અંતર પરિણતિ આત્મા સિવાય કોઈનો સંગ કરતી નથી. એક સમય પણ અસંગ થવું હોય તો વિકટ છે એના બદલે આ તો ધારાવહીપણે અસંગદશામાં પરિણતિ વર્તે છે.

'એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.' પરમ આશ્ચર્ય પામીને અમે નમી પડીએ છીએ. આશ્ચર્ય થાય છે. સહજમાત્રમાં એવી દશામાં રહે છે. અને જે અંતર્મુખ નથી થયા એ અંતર્મુખ થવાના પુરુષાર્થમાં જ્યારે લાગે છે ત્યારે એને સમજાય છે કે, આમાં કેટલો પુરુષાર્થ છે ! અને પરિણામ કેટલી ચંચળતા પકડીને ક્યાંના

ક્યાં ઘડીકમાં ચાલ્યા જાય છે ! સેકંડની અંદર ક્યાંય ચાલ્યા જાય છે ! જેણે એવી દશા કેળવી એ ભિન્ન જ રહે છે. એવું એમનું અંતઃકરણ જોઈને આશ્ચર્ય પણ થાય છે અને નમી જવાનું પણ થાય છે. કેવી કેવી રીતે મહિમા કર્યો છે !

'હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય.' શું કહે છે ? હવે તીર્થંકર ભગવાનને ઉદ્દેશીને કહે છે કે 'હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય.' અમારી ભાવના તો એવું બોલે છે. અમારી ભાવનામાં અત્યારે મોક્ષ ન થાય એવું અમને કંઈ રુચતું નથી, અમને તો એ વાત જ ભાવતી નથી, એમ કહે છે.

'તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે...' કોઈ એક જગ્યાએ પ્રતિપાદન પણ કર્યું છે 'તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ,...' એ વાત પણ અપેક્ષિત છે કે આ ક્ષેત્રેથી ન જાય પણ આ કાળે જાય જ નહીં એવું નથી. મોક્ષે જવામાં કોઈ કાળ ખાલી ન હોય, ભલે બીજા ક્ષેત્રેથી જાય અને મહાવિદેહથી તો જાય જ છે. એટલે એ પણ મર્યાદિત વાત છે. ઠીક છે, બધી મોક્ષની વાતો, અપેક્ષા ને વગર અપેક્ષા બધું ખ્યાલમાં છે.

'અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.' શું કહે છે ? કે અમને મોક્ષની આ ભાંજગડમાં કાંઈ પડવું નથી. હવે એ અત્યારે હોય ને ન હોય ને આ ક્ષેત્રથી હોય ને પેલા ક્ષેત્રથી હોય, એ કંઈ અમારે કામ નથી. અત્યારે અમને સત્પુરુષની સમીપતા મળે અને અમારું ધ્યાન એના ચરણમાં રહે, બસ ! પછી મોક્ષ-બોક્ષની અમારે કંઈ જરૂર નથી.

એમ કહીને એમ કહ્યું કે, સત્પુરુષ મળતાં સર્વસ્વ મળી ગયું, એવો ભાવ અહીંયાં લીધો છે. જો સર્વસ્વ મળી ગયું એવો ભાવ ન આવે તો એ બીજું કંઈક માગે. સર્વસ્વ એટલે બધું, બધું મળી ગયું એનો અર્થ શું ? કે હવે કાંઈ માગવાનું ન રહ્યું. મોટા ભાગના માણસો શું કરે છે ? કે, આપ અમને મળ્યા ને હવે અમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવો, વેદના ન આવી હોય તો (કહે કે), અમને વેદનાની પ્રાપ્તિ કરાવો, અમને તમે આશીર્વાદ આપો, અમારું આત્મકલ્યાણ થાય એવા આશીર્વાદ આપો, અમને ફલાણી દશા આપો, અમને સમ્યગ્દર્શન, અમને મોક્ષ (આપો). આ કહે (છે), નહીં. હવે મળી ગયા એ મળી ગયા, હવે બધું જ મળી ગયું, હવે કંઈ માગવાનું મારે રહેતું નથી. એવી વાત અહીં લીધી છે.

સમર્થમાં સમર્થ મોક્ષદશાની વાત લીધી, એથી આગળ તો કોઈ દશા નથી.

મુમુક્ષુ :- આપની ડાયરીમાં એક બોલ છે કે, કંઈ સૂઝતું ન હોય, દર્શનમોહ વધી ગયો હોય એવી જો દશા થઈ ગઈ હોય તો પરિભ્રમણના નાશનું પ્રત્યક્ષ કારણ એવા સત્પુરુષનો શરણભાવ મને હો, એવી ભાવનામાં રહેજે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એમ કે બીજું કંઈ સૂઝતું ન હોય તો આ ભાવનામાં આવી જવું. એટલે દર્શનમોહ પણ તરત જ ગળવા માંડશે. ઘણા એમ કહે છે કે શું કરવું ? સૂઝતું નથી. વેદનામાં અવાતું નથી, આમ થતું નથી, ફલાણું થતું નથી, હવે આગળ કંઈ ચાલતું નથી. તો છેવટ આવી રીતે આવી જા.

પ્રશ્ન :- શરણમાં આવે એટલે દર્શનમોહ ઘટે છે ?

સમાધાન :- આમ તો શરણમાં એટલે આજ્ઞાધીનપણું આવે છે. એટલે વળી પાછી વાત આકરી થઈ જાય છે.

હવે એમાં બીજી વાત એ છે કે, આજ્ઞાધીનપણાની વાત જ્યારે આવે છે ત્યારે જીવને એમ થાય છે કે આ વળી પાછી બહુ મોટી વાત આવી, બધું મૂકવું પડે ! તો એનો અર્થ કે તારે મૂકવું નથી એ વાત નક્કી છે ને ? પોતાનું મૂકવું નથી એ વાત એમાં તો પાકી થઈ ગઈ અને નહીંતર પછી મૂકવામાં વાંધો શું હોય ?

બહુ વિચિત્ર પરિસ્થિતિ છે. એકકોરથી જરાય દુઃખ જોઈતું નથી અને પૂરેપૂરું સુખ જોઈએ છે, બીજી કોરથી શરત મૂકે છે, હું આ ન મૂકું, હું આ ન મૂકું, હું આમ ન મૂકું, એ બે વાતનો તો મેળ ખાવાનો નથી. એક મ્યાનમાં બે તરવાર સમાય એવું તો મ્યાન હોતું નથી.

મુમુક્ષુ :- જે બધાં પ્રત્યક્ષ દુઃખનાં કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ દુઃખનાં કારણ છે તોપણ નથી મૂકવું. જે પદાર્થ વહાલો લાગે છે, આપણે બહુ Practical side લઈએ તો કોઈને દીકરો વહાલો લાગે છે, કોઈને દીકરી વહાલી લાગે છે, કોઈને પતિ વહાલો લાગે છે, કોઈને પત્ની વહાલી લાગે છે, કોઈને કંઈ ને કંઈ છે ને ? એને આત્મા વહાલો નથી લાગતો. હવે એ વખતે એ બે વાત સાથે કેમ ઊભી નથી થતી ? એને ત્રાજવામાં મૂકે તો ખરો ! એક બાજું ચૈતન્ય મહાપદાર્થ, નિજપરમાત્મા, પરમપદાર્થ, બીજી બાજું આ બધા નાશવાન સંયોગો ! જે વહાલા લાગે છે એ નાશવાન સંયોગો જ છે ને ? કે બીજું કંઈ છે ? કે જેના ઉપર લક્ષ જતાં આકુળતા

થાય.

ઇન્દ્ર છે એ જ્ઞાનીપુરુષ છે, એનું ઇન્દ્રાસન બહુ સુશોભિત અને વૈભવશાળી હોય છે પણ એ જ્ઞાનીપુરુષને આમ જ્યાં લક્ષ જાય, વખત થાય એટલે સભા ભરાય ને ? ઇન્દ્રસભા ભરાય એટલે પેલા દેવો આવીને એને વિનંતી કરે છે, છડી પોકારે છે કે, મહારાજ ! આપ આપનું આસન ગ્રહણ કરો. અને આમ ઇન્દ્રાસન જુઓ તો બધા ઋદ્ધિધારી દેવોને પણ ઈર્ષા થાય કે, શું આસન છે ! આપણને તો આવું આસન બેસવા પણ મળતું નથી ! પેલા જ્ઞાની છે એને આમ લક્ષ જાય છે કે, ત્યાં બધાની વચ્ચે બેસવા જવાનું છે ત્યાં એને આમ દુઃખરૂપ ભાસે છે. રસ નથી ચડતો, દુઃખરૂપ ભાસે છે. ફેર આટલો છે. દશા ફરી ગઈ. બીજાને વહાલું લાગે, આને દુઃખરૂપ લાગે.

આમ સાંભળ્યું છે આપણે કે આત્મા જ સર્વોત્કૃષ્ટ છે અને એને પ્રાપ્ત કરવામાં બીજું કંઈ વહાલું કરાય નહીં પણ વહાલું લાગે ત્યારે ભૂલી જાય. ઉદય આવે અને વહાલું લાગે ત્યારે ભૂલી જાય. પેલી વાત જ વિસ્મરણ થઈ જાય છે. નહીંતર અંદરમાં પદાર્થ એવો છે કે જેના સ્મરણમાત્રમાં આખા જગતનું વિસ્મરણ સમાયેલું છે. જેના એક સ્મરણમાત્રમાં આખા જગતનું વિસ્મરણ સમાયેલું છે, એવો પદાર્થ છે. અહીંયાં તો મનુષ્યપર્યાયમાં તો બધા સાધારણ ઉદય છે, ત્યાં તો ઇન્દ્રાસન જેવું ઇન્દ્રાસન છે, અહીં ક્યાં એવું છે ? અહીં તો બધું સાધારણ હોય છે. તોપણ એમાં જીવ ઇષ્ટ-અનિષ્ટપણું કરીને આખેઆખો સલવાય છે.

પ્રશ્ન :- ભાઈશ્રી ! કોઈ વસ્તુ અનિષ્ટ લગતી હૈ તો ઇસકે પીછે ભી ઇષ્ટપના હી છીપા હુઆ હૈ ?

સમાધાન :- હાં, ઇષ્ટપના છીપા હુઆ હૈ ઔર કોઈ વસ્તુ ઇષ્ટ લગતી હૈ તો ઇસકે પીછે અનિષ્ટપના ભી છીપા હુઆ હૈ હી. પ્રતિપક્ષ હૈ ન ! પ્રત્યેક પદાર્થકો તો પ્રતિપક્ષ હૈ હી તો એક ચીજ પર રાગ હૈ તો ઇસકી વિરુદ્ધ પરિસ્થિતિમેં દ્વેષ હૈ હી. જિસ સંયોગસે રાગ હૈ ઇસકા વિયોગસે દ્વેષ હૈ. વહ તો પ્રત્યક્ષ અનુભવગોચર હૈ કિ નહીં હૈ ?

મુમુક્ષુ :- પેલામાં તો એમ લખ્યું કે જ્ઞાની કરતાં પરિગ્રહ પ્રત્યે જેને વિશેષ પ્રેમ હોય તે આત્મા પામવાને લાયક નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખે પણ નહીં, પામવાની વાત તો વળી બીજી બાજુ રહી, બહુ આઘી છે, આત્મા પામવાની વાત તો બહુ આઘી છે. ૪૧૬ પત્રમાં છે. જ્ઞાનીપુરુષ કરતાં કુટુંબ-પરિવાર કે પરિગ્રહમાં વિશેષ રાગ હોય એ જ્ઞાનીપુરુષને ઓળખી શકે એવી યોગ્યતામાં

પણ ન હોય. જ્ઞાનીને ન ઓળખે. પછી આત્માને ઓળખે ને પછી આત્માનો અનુભવ કરે એ તો બહુ લાંબી વાત છે, ઘણી દૂરની વાત થઈ ગઈ. ઓળખી પણ ન શકે. એ વાત ૪૧૬માં લીધી.

મુમુક્ષુ :– બહેનશ્રીને કોઈએ 'સ્વાનુભૂતિદર્શન'માં પ્રશ્ન પૂછ્યો છે ને એમાં આવી રીતે લીધું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કૃપાળુદેવે તો Exact વાત લીધી છે. જ્ઞાનીપુરુષ મળવા છતાં એને નહીં ઓળખવાનાં ત્રણ કારણોમાં બીજું કારણ આ લીધું છે. પહેલું કારણ 'હું સમજું છું' એ લીધું છે, બીજું કારણ વિશેષ રાગ છે એ લીધું છે અને ત્રીજું કારણ માન-અપમાનનો પ્રકાર લીધો છે.

આ એક પેરેગ્રાફની અંદર એમણે શૈલી અસાધારણ કરી છે ! એક તો વાતવાતમાં એમ કહી દીધું છે કે, આ કાળમાં મોક્ષ ન હોય એ વાત જ અમને બેસતી નથી. એ એમની પૂર્ણતાની ભાવના અને એ ભાવના સાથે વર્તતો અવિનાભાવી પુરુષાર્થ, બન્નેને બતાવે છે. અને એ દશા કરતાં પણ સત્પુરુષનું શરણ અને સત્પુરુષનું સામીપ્ય – સાન્નિધ્ય કેવા ભાવથી આવે છે ? કે જેની પાસે મોક્ષની દશાની ઉપેક્ષા વર્તે છે. કેમકે મોક્ષની વાત આવી ત્યારે આ કાળની વાત આવી તો એની સામે અમારી ભાવના ઊભી છે. એ આ કાળે હોય ને આ ક્ષેત્રે હોય ને આ ફલાણું ને આ ઢીંકણું ને... તો એ બધું ક્યાં હવે ? એ બધું રાખ ને તારી પાસે ! ભગવાનને શું કીધું ? કે એ બધું જ્ઞાન રાખ તારી પાસે ! મને આ સત્પુરુષનું શરણ મળી જાય ને, બસ ! મારે હવે ઈ જ્ઞાનની જરૂર નથી કે ક્યા ક્ષેત્રમાંથી અને ક્યા કાળમાંથી, ક્યારે મોક્ષ થાય ? મોક્ષની જરૂર નથી પછી શું હવે ? બહુ ગજબ શૈલી કરી છે !

એ વાત એમણે ૨૬૯ પત્રમાં પણ કહી છે. ત્યાં તો એક પોસ્ટકાર્ડ જ લખ્યું છે પણ છતાંય તે વાત તો એક લીટીમાં લખી નાખી છે. 'મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે.' વખત અમારો જાતો નથી. કેમકે અહીંયાં મુંબઈમાં અમને જોઈએ એવો સત્સંગ મળતો નથી એટલે અમારો તો વખત જ જાતો નથી. અત્યારે તો વવાણિયાથી લખ્યું છે પણ વવાણિયામાં પણ ક્યાં એમને સત્સંગ હતો ?

'મોક્ષથી અમને સંતની ચરણ–સમીપતા બહુ વહાલી છે; પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ.' શું કરીએ ? અમને તો મોક્ષથી સંત-ચરણની સમીપતા વધારે વહાલી છે. સંત-

ચરણની સમીપતા મળી જાય તો અમારે પતી ગયું. શું કરીએ ? અત્યારે દીન છીએ, લાચાર છીએ કે એવી દશા અમને નથી મળતી. સોભાગભાઈને પત્ર લખ્યો છે. 'ફરી ફરી આપની સ્મૃતિ થાય છે.' બીજા તો કોઈ જ્ઞાનીગુરુ અત્યારે નથી (એટલે) એમ થાય છે કે તમારા જેવા પાત્ર જીવ હોય ને તોપણ ઘણું ! એટલે તમારું સ્મરણ આવે છે. એવી વાત લખી છે. વિષય થોડો અનુભવનો છે. એ દશાના અનુભવ વિના એવી વાત સમજાય એવી નથી.

(અહીંયાં ત્યારપછી) પોતાના આત્માને સંબોધીને લખે છે. પહેલા પરમાત્માને તીર્થંકર ભગવાનને સંબોધીને લખ્યું, હવે પોતાના આત્માને કહે છે કે 'હે પુરુષપુરાણ ! પુરુષપુરાણ એટલે પોતાનો આત્મા, પુરાણ એટલે સૌથી જૂનો છે ને અનાદિનો ! 'અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી;...' હવે આ શું કરવા લખ્યું ? કે તત્ત્વજ્ઞાનનો, શાસ્ત્રોનો અભ્યાસ કરવાવાળા કેટલાક જીવો એમ કહે છે કે, સત્પુરુષ તો નિમિત્તમાં જાય છે, પરદ્રવ્યમાં જાય છે (અને) આત્મા સ્વદ્રવ્યમાં જાય છે. એમ ભેદ પાડે છે. શું કરે છે ? સ્વ-પર પદાર્થનો ભેદ પાડે છે.

ત્યારે અહીંયાં એમ કહે છે કે અમને તો સત્પુરુષમાં અને તારામાં કંઈ ફેર લાગતો જ નથી, ભેદ જ દેખાતો નથી. ભેદ ક્યારે ન દેખાય ? ઐક્યભાવ ! ઐક્યભાવ એટલે અતિપ્રેમ હોય ત્યારે. ક્યારે ? અતિ પ્રેમ હોય ત્યારે ભેદ ન દેખાય અને એમાં ખામી એટલા ભેદ. જેટલા આંગળીથી નખ વેગળા એટલા વેગળા. તરત ગણતરી મૂકે, નહીંતર ગણતરીનો વિષય ચાલ્યો જાય. ભેદ છે ત્યાં ગણતરી છે, ભેદ નથી ત્યાં ગણતરી ઊડી જાય છે. બે જુદું જ નથી પછી ગણવાની ક્યાં વાત રહી ? કોઈ વાત જ ન ગણે.

એટલે એમ કહે છે કે, 'હે પુરુષપુરાણ !' એટલે હે આત્મા ! 'અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી;...' અમને જેટલો અમારા આત્મા ઉપર પ્રેમ છે એટલો જ અમને સત્પુરુષ ઉપર પ્રેમ છે. અહીંયાં વધારે અને અહીંયાં ઓછો એ વાત અહીંયાં નથી. લ્યો ઠીક ! કેવી કેવી વાતો મૂકી છે ! આ બધી અનુભવની વાતો એમણે મૂકી છે.

'તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે...' કારણ પણ આપ્યું છે 'કે તું પણ તેને આધીન જ રહ્યો છે;...' સત્પુરુષની ભક્તિની જે પર્યાય છે એમાં તો ભગવાન આધીન થઈ જાય છે, ભક્તિને આધીન ભગવાન, તો એને તું આધીન રહ્યો તો તારા કરતાં એ મહાન થયા કે ન થયા ? એ તો એક ને એક બે જેવો સીધો દાખલો

છે.

વળી 'અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં;...' વળી પાછી વચ્ચે બીજી વાત એ છે કે પહેલા એને ઓળખ્યા પછી તારો વારો આવ્યો. તું તો અંદર ઘટમાં બિરાજતો હતો. ક્યાંય બહાર તો હતો નહીં. અંદર ઘટમાં પરમાત્મા બિરાજતો હતો પણ તોપણ ઓળખાણ કરાવી નહીં, તોપણ ઓળખાણ થઈ નહીં. 'સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ ?' તારા ઉપર ન્યાય મૂકીએ છીએ, તું હવે ન્યાય કર. કબૂલ કર કે, તારા કરતાં સરળ ખરા કે નહીં ? ઘણી વાર પૂછ્યું કે, હે આત્મા ! તું અંદરથી જવાબ દે, બાપુ ! અંદરથી કંઈક જવાબ દે. નથી જવાબ દેતો, મૂંઝવે છે, ઊલટાનો તું અમને મૂંઝવતો હતો. મીંઢો માણસ જવાબ ન દ્યે. આ તો કરુણાના સાગર છે. તારા કરતાં બહુ સરળ છે. વળી તું એને વશ છો તો (પણ) કંઈ દેખાવા દેતા નથી, છકી જાતા નથી. ઉન્મત્ત નથી એટલે છકી જાતા નથી. ખીસામાં પરમાત્મા લઈને ફરે છે તોપણ છકી જાતા નથી.

મુમુક્ષુ :- ખીસામાં લઈને ફરે છે !

પૂજ્ય ભાઈશ્રી :- ખીસામાં લઈને ફરે છે તોય તે ! ખીસું એટલે શું છે ? કે એક બાજુ છે. બીજા ખીસામાં બીજું હોય, ત્રીજા ખીસામાં ત્રીજું હોય, એમ ઘણું છે ને પાછું ? એક ખીસામાં મૂકી દીધા છે, તોપણ છકી જાતા નથી. એટલે તારા કરતાં વિશષ છે એમ લીધું, તારા કરતાં એ વિશેષ છે.

પ્રશ્ન :- ખીસેમેં લેકર કૈસે ફિરતે હૈં ?

સમાધાન :- ક્યોં ? કિ દૂસરે જેબમેં દૂસરી ચીજ ભી તો હૈ. હૈ કિ નહીં હૈ ? એક જેબમેં પરમાત્મા હૈ તો દૂસરી જેબમેં કઈ-કઈ બાતેં હૈં. લોગોંકો દિખતા હૈ કિ ઇસકી જેબમેં તો વહ હૈ, વહ હૈ, લેકિન પરમાત્મા હૈ વહ નહીં દિખતા હૈ. ઉતની મહાનતા લી હૈ કિ, જેબમેં રખ લેતે હૈં, પરમાત્માકો તો જેબમેં રખ લેતે હૈં.

એને ઓળખવા સહેલા પડ્યા, આત્માને ઓળખવો સહેલો ન પડ્યો. વળી એને ઓળખ્યા વિના આત્માને ઓળખી શકાણો નહીં. આવી ઘણી વાતો છે એટલે બહુ પ્રેમ આવે છે. તારા કરતાં એના ઉપર પ્રેમ આવે છે, એમ કીધું. તારું દુર્ઘટપણું જોઈને અમને સત્પુરુષ પ્રત્યે વધારે પ્રેમ ઊપજે છે. કોઈ માથાકૂટ કરાવે અને કોઈ માથાકૂટ નહીં કરાવે, ક્યાં પ્રેમ

થાશે ? કહો જોઈ ! ઘરે બે મહેમાન આવે તો એકને એમ કહે કે આજે રસોઈ તો બની ગઈ છે અને હવે તમે ઓચિંતા આવી ગયા તો એક ઊંહું ઊંહું કર્યા કરે, આ ફાવે ન ફાવે, આ ઠંડું-ગરમ, આમ-તેમ અને એક એમ કહે કે ભાઈસા'બ તમે આપો એ તો ઘી ઘી અને સાકર સાકર અમારે તો. અમારે તો અહીંયાં બીજું કંઈ નહીં. એક સરળતાથી પ્રેમથી બધું ખાઈ લ્યે અને એક માથાકૂટ કરાવે, આ જરા ગરમ કરી દ્યો ને આ ફાવતું નથી ને આમાં મરચું ઓછું પડ્યું છે ને આમાં ખાંડ ઓછી પડી છે ને ! માથાકૂટ કરાવે ઈ કેવા લાગે ? અને વગર માથાકૂટ કરાવે એ કેવા લાગે ?

મુમુક્ષુ :- રામચંદ્રજીએ શબરીના બોર ખાઈ લીધા ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ પ્રેમ બતાવે છે, પાછાં એઠાં ખાધાં, કેવાં ? એઠાં બોર ખાધાં હતાં. ભીલડીનાં એંઠાં પાછાં એમ ! ભીલડી તો આમ નાહી ન હોય, ગંધારી હોય, બ્રશ ન કરતી હોય. ટુથ બ્રશ ઈ ક્યાંથી લાવે ?

મુમુક્ષુ :- હમણાં અમારા ઘરે મહેમાન હતા ને તો કહે એક જ શાક બનાવવાનું, બે નહીં બનાવવાના.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શું જરૂર છે પણ ?

મુમુક્ષુ :- મને એમ થાય કે બે કરું.

પૂજ્ય ભાઈશ્રી :- ગળા હેઠે ઉતારવામાં જરૂર શું એટલી બધી ? નકામો ઉપયોગ ભમાવવો !

એ રામચંદ્રજી ભૂલી ગયા હતા કે બોર એઠાં છે અને પેલી ભીલડી પણ ભૂલી ગઈ હતી કે, આ એઠું મારે ન ખવરાવાય, આવા મોટા પુરુષ છે. અને આવું એક તો સામાન્ય ફળ, બોર એટલે સામાન્યમાં સામાન્ય ફળ, એનું નામ બોર.

મુમુક્ષુ :- તુચ્છ ફળ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તુચ્છ ફળ. એ કંઈ સફરજન જેવું મોંઘું ફળ ન કહેવાય. સાધારણ ફળ (ગણાય). પહેલાના જમાનામાં શું હતું કે શાક કે ફ્રુટ કે એવું કંઈ લીધું હોય ને તો ઉપર મૂઠી બોર મફતમાં આપી દે. તુચ્છ ફળ રહ્યું ને એટલે છોકરાંઓને મૂઠી ભરીને સાથે મફતમાં આપી દ્યે કે છોકરાંઓને ભાગ આપે (એમ). આટલું તમે લીધું ને તો મૂઠી, બે મૂઠી બોર આપી દે. એવું એને ન દેવાય અને એ પાછું એઠું કરીને ન દેવાય, એ બધું ભૂલી ગઈ. રામાયણમાં અમુક બહુ દૃષ્ટાંતો આપ્યાં છે.

મુમુક્ષુ :– પ્રેમમાં બધું ભુલાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– બધું ભુલાઈ જાય છે. એ રામાયણમાં (આવ્યું છે). ભાગવતમાં એ આપ્યું છે, સુદામા તાંદુલ લઈને આવે છે, ચોખા. એ તો ગરીબ બ્રાહ્મણ હતા, એની પાસે બીજું કંઈ મીઠાઈ-બીઠાઈ લાવવાના પૈસા હતા નહીં. એને એમ થયું કે મારા ભાઈબંધના ઘરે જાઉં છું તો કાંઈ ખાલી હાથે તો જવાય નહીં, છોકરાંછૈયાં હોય, કંઈક તો એના માટે લઈ જ જવું જોઈએ ને ! એટલે ચોખા લીધા, એક ફાટલા કપડામાં પોટલીમાં બાંધ્યા, એની પાસે કંઈ બોક્ષ-ફોક્ષ હતું નહીં, આપણે તો વળી Decorative boxમાં લઈ જઈએ. પેલો ઘમચો હોય ને ? ઘમચાના એક ખૂણે ફાટલા કપડામાં બેવડું કરીને બાંધી દીધા. એકવડું હોય તો હેઠા પડે.

શ્રીકૃષ્ણનો મોટો સોનાનો મહેલ-બહેલ જોયો એટલે પોટલી સંતાડવા મંડ્યા કે આને ચોખા આપવા કેવી રીતે ? ત્રણખંડનો અધિપતિ છે, મણિરત્નની લાદીઓ – Tiles બધી છે, મોટા મોટા મહાલય છે. હવે આને ચોખાની પોટલી આપવી કેવી રીતે ? એટલે સંતાડે. (શ્રી કૃષ્ણ કહે) કે શું સંતાડે છે ? હવે લાવ ને ! મારે ઈ જ ખાવું છે, તું લાવ્યો ઈ જ મારે ખાવું છે. એમાં એનો પ્રેમ જોયેલા. એ કાચા ચોખા ખાધા, લ્યો ! રાંધેલા નહીં, કાચા ચોખામાં શું સ્વાદ હોય ? હજી રાંધેલા હોય તો કાંઈક પણ સ્વાદ હોય. એ બધાં પ્રેમનાં દૃષ્ટાંતો આપ્યાં છે.

મુમુક્ષુ :– દુર્યોધનનાં પકવાન ત્યાગીને વિદુરની ભાજી ખાધી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવાં દૃષ્ટાંતો બહુ આવે છે.

એટલે એમ કહે છે કે તું કહે એમ કરીએ. અમે તો આ ન્યાયથી વાત કરીએ છીએ. ‘હે નાથ ! તારે ખોટું ન લગાડવું...’ હવે પાછા ભગવાનને કહે છે, પરમાત્માને કહે છે કે, ‘હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ;...’ તારા કરતાં એની ભક્તિ વધારે કરીએ તો તું ખોટું ન લગાડતો. ‘જગત આખું તને સ્તવે છે;...’ દુનિયા આખી તારું જ ભજન કરે છે ‘તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે;...’ ન સ્તવન કરીએ, ખાલી બેઠા રહીએ, સ્તવન સત્પુરુષનું કરીએ. તમે આમેય વીતરાગી છો અને આખા જગતના બધાય જીવો તારી ભક્તિ કરે છે તો એક મારા જેવો ન કરે તો એમાં ખોટ શું જવાની છે ? મારા જેવો ન કરે એમાં ખોટ શું જવાની છે ? ઓછું શું પડવાનું હતું ? કલમ બહુ ચલાવી છે !

સત્પુરુષની મહત્તા દર્શાવવામાં કલમ બહુ ચલાવી છે !! એવું શું કરવા કર્યું હશે ? આવું શું કરવા લખ્યું હશે ? કે જીવનમાં એવી કોઈ ઘટના ઘટે છે.

મુમુક્ષુ :- સત્પુરુષ વગર કામ જ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમના જીવનમાં પણ કોઈ એવી ઘટના ઘટી છે અને એ બધો અનુભવ કરીને એમણે એ વાતને લખી છે. જેને અનુભવ થાય છે એને Tally થાય છે. જેને એ પ્રકારનો અનુભવ નથી થતો એને જરા ચિત્રવિચિત્ર વાત લાગે છે કે, આ કંઈક હવેજ-મસાલો કરીને લખતા હોય એવું લાગે. શાકમાં મસાલો-હવેજ કરે ને ? એના જેવું લાગે કે સત્પુરુષની વાતને જરાક વઘાર નાખીને બતાવે છે. પણ એવું નથી. પછી વિષય બદલ્યો છે.

આટલો વિષય એમણે સત્પુરુષનો લીધો છે. પછી વિષય બદલ્યો છે કે 'જ્ઞાનીપુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઈશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઇચ્છા તેવી જ જણાય છે.' સોભાગભાઈ કહે કે, તમે તો ત્રણકાળનું આગળ-પાછળનું ઘણું જાણો છો (તો) કેમ કંઈ અમને જણાવતા નથી ? તો કહે એવી ઈશ્વરી ઇચ્છા છે, એમાં જ તમારું ભલું છે, ન જણાવીએ એમાં જ તમારું ભલું છે અને પારમાર્થિક વાત સિવાય વ્યવહારિક વાતમાં જ્ઞાનીને રસ નથી, એમ કહેવું છે.

'જેની કોઈ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાનીપુરુષને કંઈ કર્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઈ ઉદયમાં આવે તેટલું જ કરે છે.' આગળપાછળનું ભવિષ્યનું Planning કરતા નથી કેમકે બીજી કોઈ આકાંક્ષા નથી. અંદરથી સુખ મળે છે, સુખનો પ્રવાહ ચાલ્યો આવે છે, આનંદઅમૃતના ભોજન (કરે છે). 'નિત્ય આનંદામૃત ભોજી' એમ લીધા છે. આનંદઅમૃતનું નિત્ય ભોજન કરવાવાળા (છે) એટલે બીજી કંઈ પડી નથી, એટલે બીજી કંઈ ચિંતા નથી ને બીજી કંઈ આગળપાછળની વાત વિચારમાં નથી આવતી.

'અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી...' તમે અમારા ઉપર કંઈક આશા રાખીને બેઠા હો તો અમે તો એવું કંઈ જ્ઞાન ધરાવતા નથી 'કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો વિશેષ લક્ષ નથી;...' એવા જ્ઞાનનો અમને મોહ પણ નથી કે અમને કંઈ રિદ્ધિસિદ્ધિ છે કે બીજું કંઈ જણાઈ જાય. 'અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ

તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે.' અમને તો આત્મા પ્રિય છે, એની અસંગતા પ્રિય છે, આત્માની ભક્તિ પ્રિય છે. અમને આ જ્ઞાન-બાન ને રિદ્ધિસિદ્ધિમાં કંઈ રસ નથી.

'એ જ વિજ્ઞાપન. 'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.' 'વિનીત આજ્ઞાંકિત', એમ લખ્યું છે. ઠીક !

એ રીતે આ પત્રમાં સત્પુરુષના વિષયમાં જેવી કલમ ચલાવી છે એવી વાતો બીજે ક્યાંય બીજે જોવા મળતી નથી કે વાંચવા મળતી નથી. અમુક વાત કોઈ એક જ જગ્યાએ મળે અને બીજે ન મળે એની કિંમત સૌથી વધારે હોય છે, એમ પોતે એક જગ્યાએ એ વાતનો નિર્દેશ કર્યો છે. એમ ન લેવું કે આ તો અહીંયાં જ છે ને ! બીજાં શાસ્ત્રોમાં ક્યાં એ વાત છે ? ઘણાં શાસ્ત્રોમાં એવી કોઈ રહસ્યભૂત વાતો હોય છે એ એક જ જગ્યાએ મળે ને બીજે ન મળે.

વિશેષ લઈશું...

જિજ્ઞાસા : કૃપાળુદેવે પત્રાંક ૨૧૩માં આત્મા અને જિનેન્દ્ર પરમાત્માથી પણ પ્રત્યક્ષ સત્પુરુષનો વધારે મહિમા કર્યો છે, તેમાં શું રહસ્ય છે ?

સમાધાન : અનાદિથી પરિભ્રમણ કરતો આ જીવ પોતાના સ્વરૂપથી અજાણ છે, તેથી તે દુઃખી છે અને સત્પુરુષની ઓળખાણ વિના, કોઈ આત્મસ્વરૂપને ઓળખી શકે નહિ, કારણકે તે શક્તિરૂપે છે. જ્યારે સત્પુરુષમાં આત્મા પ્રગટ છે. અને તે આત્માને બતાવનાર છે. તેથી; તેમજ જિનેન્દ્રનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવનાર પણ સત્પુરુષ જ છે. વળી, વર્તમાનમાં જિનેન્દ્રનો પ્રત્યક્ષ યોગ સંભવિત પણ નથી. તેઓ પૂર્ણ વીતરાગ છે પ્રત્યક્ષ હોય તોપણ, જિજ્ઞાસા થાય તે વખતે પ્રશ્નોત્તરીનો તેમની સાથે સીધો પ્રસંગ નથી. સત્પુરુષ સાથે તેવો પ્રસંગ જિજ્ઞાસુને સુગમતાથી ઉપલબ્ધ છે, આમ સત્પુરુષનું વધુ ઉપકારીપણું હોવાથી તેમનો વધારે મહિમા કર્યો છે તે યથાર્થ જ છે. યથા—

"પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર."

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૦૪)

## પત્રાંક – ૨૧૫

મુંબઈ, ફાગણ સુદ ૮, ૧૯૪૭

આપનું કૃપાપત્ર પ્રાપ્ત થયું, એમાં કરેલાં પ્રશ્નોનો સવિગત ઉત્તર બનતાં સુધી તરતમાં લખીશ.

એ પ્રશ્નો એવાં પારમાર્થિક છે કે મુમુક્ષુ પુરુષે તેનો પરિચય કરવો જોઈએ. હજારો પુસ્તકોના પાઠીને પણ એવા પ્રશ્નો ઉગે નહીં, એમ અમે ધારીએ છીએ; તેમાં પણ પ્રથમ લખેલું પ્રશ્ન (જગતના સ્વરૂપમાં મતાંતર કાં છે ?) તો જ્ઞાનીપુરુષ અથવા તેની આજ્ઞાને અનુસરનારો પુરુષ જ ઉગાડી શકે. અત્ર મનમાનતી નિવૃત્તિ નથી રહેતી; જેથી એવી જ્ઞાનવાર્તા લખવામાં જરા વિલંબ કરવાની જરૂર થાય છે. છેલ્લું પ્રશ્ન અમારા વનવાસનું પૂછ્યું છે, એ પણ જ્ઞાનીની જ અંતર્વૃત્તિ જાણનાર પુરુષ વિના કોઈકથી જ પૂછી શકાય તેવું પ્રશ્ન છે.

આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે.

તા. ૦૨-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૫૪
પત્રાંક - ૨૧૫ થી ૨૧૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૨૧૫, પાનું ૨૭૦ સોભાગભાઈ ઉપરનો પત્ર છે. 'આપનું કૃપાપત્ર પ્રાપ્ત થયું, એમાં કરેલા પ્રશ્નોનો સવિગત ઉત્તર બનતાં સુધી તરતમાં લખીશ.' એટલે આ પત્રમાં નહીં પણ હવે પછીના પત્રમાં તરતમાં લખીશ.

'એ પ્રશ્નો એવાં પારમાર્થિક છે કે મુમુક્ષુ પુરુષે તેનો પરિચય કરવો જોઈએ. હજારો પુસ્તકોના પાઠીને પણ એવા પ્રશ્નો ઊગે નહીં, એમ અમે ધારીએ છીએ; તેમાં પણ પ્રથમ લખેલું પ્રશ્ન (જગતના સ્વરૂપમાં મતાંતર કાં છે ?) તો જ્ઞાનીપુરુષ અથવા તેની આજ્ઞાને અનુસરનારો પુરુષ જ ઉગાડી શકે.' એ પ્રશ્ન છે, 'જગતના સ્વરૂપમાં મતમતાંતર કાં છે ?' એટલા માટે એ પ્રશ્નને વજન આપ્યું છે કે જે પરમસત્ય છે એ તો સર્વાંગ નિર્દોષ અને સર્વાંગ ન્યાયસંપન્ન છે. આવું નિર્દોષ દર્શન છે છતાં એની સામે બીજા આટલા બધા કાં ? કોઈ પણ અજાણ્યા માણસને એક વગર જોઈતો તર્ક ઉત્પન્ન થઈ જાય કે, આ એક જ સાચું છે એ કેમ માનવું ? જ્યારે બીજા સેંકડો બીજા મત છે અને બધા અભિપ્રાયો વિધવિધ રીતે પોતપોતાના ન્યાયને – Logicને સ્થાપિત કરે છે, દરેકને પોતાનાં તત્ત્વો છે, એ તત્ત્વોને સ્થાપિત કરવાનું એનું પણ પોતાનું Logic છે, આવું અનેક પ્રકારે જગતમાં ચાલે છે, ત્યારે આ એક જ દર્શન સત્ય શા માટે હોય ? જૈનદર્શન જેને અત્યારે કહેવાય છે, એવું એ એક જ દર્શન સત્ય શા માટે ? આવો કોઈને પણ પ્રશ્ન ઉત્પન્ન થાય. જૈની હોય એને પણ થાય, અજૈની હોય એને પણ થાય, કોઈને પણ આ પ્રશ્ન થાય.

આપણા પંડિતજી અને પૂજ્ય બહેનશ્રી વચ્ચે નાની ઉંમરમાં ચર્ચા થતી એમાં આવી ચર્ચા થતી. બહેનશ્રીએ એમ કહે કે, મને તો જૈનદર્શન જ સત્ય લાગે છે. હજી જ્ઞાન થયા પહેલા (કહે છે), પણ વિશ્વાસ એટલો હતો કે જૈનદર્શન જ સત્ય લાગે છે. ત્યારે પંડિતજી કહે, એમ કેમ આપણે નક્કી કરી લેવાય ? વાંચ્યા વિના, વિચાર્યા વિના, જોયા વિના, સાંભળ્યા

વિના એમ કેમ નક્કી કરી લેવાય ? આપણે વિશાળ દૃષ્ટિથી બધું વિચારવું જોઈએ અને જે મતમાં ગાંધીજી જેવા બુદ્ધિવાન – વિશેષ બુદ્ધિવાન, અસાધારણ બુદ્ધિવાળા માણસો હોય, એ મત પણ બરાબર નથી, એમ કેમ આપણે જલદી કહી શકાય ? એ જમાનામાં એ એવો તર્ક કરતા હતા અને કોઈને પણ એવો તર્ક થઈ શકે.

એવો તર્ક થયો છે, સોભાગભાઈને એવો તર્ક કર્યો છે કે, આ જગતના સ્વરૂપમાં મતમતાંતર કેમ છે ? આવું નિતરતું સત્ય હોય, જેના ચારે પડખામાં એકલી નિર્દોષતાને જ અનુમોદન હોય. નિર્દોષતા જ કરવી, નિર્દોષતા જ કરાવવી, નિર્દોષતા જ અનુમોદવી આવો જ્યાં પ્રકાર હોય, ત્યાં એની સામે બીજી વાત કેમ હોય ? અથવા કેમ બીજી વાત ટકી શકે ? આ પ્રશ્નની અંદર જે હાર્દ છે એ આ પ્રકારનું છે. એટલે એને વજન આપ્યું છે કે, આપનું પ્રથમ લખેલું જે પ્રશ્ન છે એ જ્ઞાનીપુરુષને જ ઊગે અથવા જ્ઞાનીની આજ્ઞાને અનુસરનારો મુમુક્ષુ હોય, એવા યોગ્ય મુમુક્ષુને ઊગે. એમ કરીને એમની યોગ્યતાને સ્થાપી છે. આ પત્રમાં બે જ્ગ્યાએ એમની યોગ્યતાને સ્થાપી છે.

'અત્ર મનમાનતી નિવૃત્તિ નથી રહેતી; જેથી એવી જ્ઞાનવાર્તા લખવામાં જરા વિલંબ કરવાની જરૂર થાય છે.' પ્રવૃત્તિના કારણે મુંબઈમાં છે, વેપાર-ધંધામાં જોડાયેલા છે. 'છેલ્લું પ્રશ્ન અમારા વનવાસનું પૂછ્યું છે, એ પણ જ્ઞાનીની જ અંતર્વૃત્તિ જાણનાર પુરુષ વિના કોઈકથી જ પૂછી શકાય તેવું પ્રશ્ન છે.' સીધો એમની પરિણતિ ઉપરનો પ્રશ્ન છે, એ વિષે પણ એમને પ્રસન્નતા થઈ છે કે ખરેખર તમને જે પ્રશ્ન ઊગે છે તે વિષયના ઊંડાણમાં જવાનો તમારો પ્રશ્ન જરૂર છે.

'આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ.' તમારી જિજ્ઞાસા અને પાત્રતા જોઈને અમને નમસ્કાર કરવાનું મન થાય છે. એટલે તમારી પ્રજ્ઞાને, તમારી યોગ્યતાને આવકારીએ છીએ, સત્કાર કરીએ છીએ, આદર કરીએ છીએ. 'કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો.' આ ફરીને યોગ્યતા સ્થાપી છે. કોઈ ભક્તિમાન પુરુષ પ્રત્યે પ્રસન્ન થવું હોય તો આપની યોગ્યતા ઘણી વિશેષ છે. 'અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો...' આવો સત્સંગ, ઇચ્છવા યોગ્ય સત્સંગમાં આ એક જ વ્યક્તિ એવી હતી કે અમને આ એક બહુ મોટો ઓથ આ કાળમાં મળ્યો, નહીંતર કોઈ અમને દેખાતું નથી 'અને તેથી જ જિવાય છે.' નહીંતર જીવવું આકરું થઈ પડે, એવી અમારી તો અંદરની પરિસ્થિતિ છે કે બહારમાં કોઈનો સંગ કરવો રુચે એવું

કોઈ અમને દેખાતું નથી.

પ્રશ્ન :– આ ભાવનમસ્કાર કર્યા છે ?

સમાધાન :– હા, ભાવનમસ્કાર. આ અભિપ્રાયનો વિષય છે. ભાવનમસ્કાર કરતાં પણ અભિપ્રાયને નમસ્કાર છે. એક અભિપ્રાયરૂપ અને એક પ્રવૃત્તિરૂપ – બે રીતે નમસ્કારના ભેદ છે. એ સ્પષ્ટીકરણ (જરૂરી છે), ઠીક છે પ્રશ્ન કાઢ્યો છે (તો) એ સ્પષ્ટીકરણ ન થાય તો ક્યાંક ક્યાંક ગોટાળો થાય છે.

અનેક પરમાગમોમાં આચાર્યો અને મુનિઓ સમ્યગ્દષ્ટિને વંદન કરે છે. જેમકે 'નિયમસાર'માં પદ્મપ્રભમલધારીદેવ (કહે છે), 'વંદામહે તમવયમ્' અમે નમસ્કાર કરીએ છીએ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા નીચેના ચોથા ગુણસ્થાનવાળાને કેમ વંદન કરે ? આ પ્રશ્ન થવા યોગ્ય છે.

બીજો એ પણ પ્રશ્ન સુરેન્દ્રનગરવાળા ભાઈ આવ્યા હતા એને ઊગ્યો હતો, એમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ગણધરદેવ નમસ્કારમંત્ર બોલે છે ત્યારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. પોતે તો આચાર્યપદે બિરાજમાન છે અને આચાર્યપદે બિરાજમાન હોય ને 'ણમો લોએ સવ્વસાહૂણં' કહે, ત્યારે એક સેકંડ પહેલા દીક્ષિત થયેલા સાધુ હોય એને નમસ્કાર કરે છે. બહારમાં તો આચાર્ય મહારાજ ગુરુપદે છે. જે સાધુ દીક્ષા લ્યે છે એ એમના શિષ્યો છે. શિષ્યો ગુરુને વંદન કરે પણ ગુરુ ઊઠીને શિષ્યને કેમ વંદન કરે છે ? આ પ્રશ્ન થાય છે.

એ અભિપ્રાયરૂપ નમસ્કાર છે, પ્રવૃત્તિરૂપ નમસ્કાર નથી હોતા. નમસ્કાર, વંદનાદિકની પ્રવૃત્તિ કરવી એક વાત છે અને એક ઈ વિષયનો અભિપ્રાય વ્યક્ત કરવો, બહુ સારી રીતે, બહુ આદરણીય રીતે, આ એકદમ આદરવા યોગ્ય છે, આને અમારું અનુમોદન છે. એ અનુમોદનાને વિશેષપણે પ્રસિદ્ધ કરવા માટેનો આ એક પ્રકાર છે કે જેમાં વંદન, નમસ્કારનો શબ્દપ્રયોગ થાય છે. એવી પ્રવૃત્તિ નથી હોતી, એ રીતે પ્રવૃત્તિ નથી હોતી.

જેમકે શ્રીમદ્જી એમના અનુયાયીઓને ક્યાંક ક્યાંક નમસ્કાર લખે છે, પત્રમાં પણ લખે છે, 'રાયચંદના પ્રણામ', પ્રણામ એટલે વિશેષે કરીને નમસ્કાર. તો જ્યારે રૂબરૂ પરસ્પર મળે ત્યારે એ મુમુક્ષુઓ શ્રીમદ્જીને નમસ્કાર કરતા હતા, વંદન કરતા હતા, પણ શ્રીમદ્જી ઊઠીને કોઈને વંદન કરતા હતા, એવી તો પ્રવૃત્તિ નહોતી. એમ આચાર્યો ઊઠીને કે ગુરુ ઊઠીને એવી રીતે શિષ્યને નમસ્કાર અભિપ્રાયથી કરે છે, પ્રવૃત્તિરૂપે કરતા નથી. આમ બે

રીતે નમસ્કારનો ભેદ સમજવા જેવો છે.

પ્રશ્ન :- શ્રીમદ્‌જીનું જે પદ છે 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન' એને આની સાથે મેળ આવે ?

સમાધાન :- હા, એમ કહી શકાય, એ અર્થમાં ઘટાવી શકાય.

મુમુક્ષુ :- શાસ્ત્રમાંથી જ આ વાત કાઢી છે. ગુરુદેવને પણ ઘણા પ્રશ્નો કરતાં હતાં.

પૂજ્ય ભાઈશ્રી :- વાંચનમાં ક્યારેક ક્યારેક ચાલી ગયું છે. સુરેન્દ્રનગરવાળા ભાઈ છે એ અહીંયાં રોકાણા હતા, એમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ગણધરદેવ પણ નમસ્કારમંત્ર બોલે છે, પંચપરમેષ્ઠીને એની અંદર નમસ્કાર કરે છે. એ પોતે તો આચાર્યપદે છે. અરિહંત, સિદ્ધને નમસ્કાર કરે છે એમાં તો કાંઈ પ્રશ્ન ઊઠતો નથી પણ ઉપાધ્યાય, સાધુને જે નમસ્કાર કરે છે, કે જે એને નમસ્કાર કરે છે, તો એ કેવી રીતે મેળ ખાય છે ?

ગુરુદેવ તો સ્પષ્ટ કહેતા કે એક સેકંડનો દીક્ષિત સાધુ હોય, એને ગણધરદેવના નમસ્કાર પહોંચે છે. 'ણમો લોએ સવ્વસાહૂણં' એમાં એને નમસ્કાર પહોંચે છે. અને જે ત્રિકાળવર્તી છે એમાં તો બધાને પહોંચે છે. અત્યારે મિથ્યાદૃષ્ટિ હોય, અરે...! નિગોદમાં હોય ! અત્યારે વર્તમાનમાં એ જીવ નિગોદમાં હોય અને ભાવિમાં સાધુ થવાનો હોય તો 'ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વસાહૂણં'. આ 'ધવલ'ની અંદર ત્રિકાળવર્તીનો પાઠ છે. ભવિષ્યના સર્વ સાધુને, ભવિષ્યના સર્વ અરિહંતોને, ભવિષ્યના સર્વ સિદ્ધોને, જોકે જે સાધુ છે એ અરિહંતો અને સિદ્ધો થવાના જ છે, એટલે એમાં તો આવી જાય છે, બધા આવી જાય છે. અરિહંત ને સિદ્ધ લેતા તો બધા જીવો એમાં આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિથી માંડીને ભવિષ્યમાં સાધુ થનારા બધા એમાં આવી જાય છે. ભલે અત્યારે ગમે તે પરિસ્થિતિમાં હોય, એની સાથે સંબંધ નથી. એ અભિપ્રાય છે.

મુમુક્ષુ :- આ 'વિનય કરે ભગવાન' શબ્દ છે તે બેસતું નથી.

સમાધાન :- જે 'વૈયાવચ્ચ'નો જે અર્થ કર્યો છે, એ નથી બેસતો, બાકી બધું બેસે છે. 'વૈયાવચ્ચ' શબ્દ જે વાપર્યો છે એટલું જે કાંઈ ન બેસે એવી વાત એટલી જ છે. બાકી વિનયનો અર્થ જ એ થાય છે કે, મોક્ષમાર્ગમાં એનો આદર કરવામાં આવે છે. 'લહી ભવ્યતા મોટું માન' એમ કરીને કહે છે ને ? જ્યારે ભગવાનના જ્ઞાનમાં, કેવલજ્ઞાનમાં એમ આવ્યું કે આ જીવ ભવ્ય છે તો એના જેવું બીજું મોટું માન ક્યું હોઈ શકે ? અને એની પાસે ત્રિભુવન અપમાન, ત્રણલોકના જીવો એનું અપમાન કરે તો એની ગણતરી શું ? જ્યારે

ભગવાને એને 'ભવ્ય' કીધો, તો બીજા જીવો ભલે એને હડહડ કરે, એનું અપમાન કરે, એનો અવિનય કરે, અનાદર કરે તો એની શું ગણતરી છે ? એની કંઈ ગણતરી નથી.

મુમુક્ષુ :- આપે આ વાત 'દંસણ મૂલો ધમ્મો'માં લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'દંસણ મૂલો ધમ્મો'માં આ સ્પષ્ટીકરણ પુસ્તકમાં આવી ગયું છે. 'દંસણ મૂલો ધમ્મો' નાનું પુસ્તક છે એમાં આ નમસ્કાર મંત્રનું સ્પષ્ટીકરણ આપ્યું છે. પાછળ થોડું વિવેચન કર્યું છે એમાં આ મુદ્દો ખોલેલો છે. એ ૨૧૫ (પત્ર પૂરો) થયો.

પ્રશ્ન :- ગુજરાતીમાં છે ?

સમાધાન :- ના, હિન્દીમાં જ છે, ગુજરાતીમાં નથી, હજી ગુજરાતીમાં થયું નથી, ગુજરાતીમાં હવે માંગ આવી છે. ગુજરાતીમાં પણ આ હોય તો સારું. ગુજરાતી લોકો બધા સારી રીતે હિન્દી સમજી શકે છે. પણ હિન્દીભાષી ક્ષેત્રમાંથી આ એક વિવાદ ઉત્પન્ન થયો કે, સમ્યગ્દૃષ્ટિને વંદન ન કરાય. તો એની સામે આચાર્યોએ શું કહ્યું છે ? બધા મુનિઓના અને આચાર્યોના આધાર લીધા છે. કોઈ સમ્યગ્દૃષ્ટિઓના આધાર નથી લીધા. નહીંતર તો બનારસીદાસે જેટલા અધિકાર 'નાટક સમયસાર'ના લખ્યા એમાં ભાગ્યે જ એવો કોઈ અધિકાર છોડ્યો છે કે જેમાં એમણે સમ્યગ્દૃષ્ટિને વંદન ન કર્યાં હોય ! એવો ભાગ્યે જ કોઈ અધિકાર હશે. એકાદ છૂટી ગયો હોય તો બાકી દરેક અધિકારમાં એમણે સમ્યગ્દર્શનને વંદન કર્યાં છે. એમાં કોઈ જ્ઞાનીઓના અભિપ્રાય નથી લીધા, જ્ઞાનીઓના અભિપ્રાય લઈએ તો બીજા એટલા મળી જાય. જેમકે શ્રીમદ્જીએ છેલ્લે 'આત્મસિદ્ધિ'માં લખ્યું કે 'તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત', એક નહીં, બે નહીં, ન ગણી શકાય એટલા મારા વંદન છે. જ્ઞાનીના અભિપ્રાય તો એ પુસ્તકમાં લીધા જ નથી. ખાલી મુનિઓના ને આચાર્યોના જ લીધા છે તોપણ પોણા બસો જેટલા આધાર મળ્યા છે.

## પત્રાંક – ૨૧૬

ૐ

'સત્'

આ જે કંઈ જોઈએ છીએ, જે કંઈ જોઈ શકાય તેવું છે; જે કંઈ સાંભળીએ છીએ, જે કંઈ સાંભળી શકાય તેવું છે, તે સર્વ એક સત્ જ છે.

જે કંઈ છે તે સત્ જ છે. અન્ય નહીં.

તે સત્ એક જ પ્રકારનું હોવાને યોગ્ય છે.

તે જ સત્ જગતરૂપે બહુ પ્રકારનું થયું છે; પણ તેથી તે કંઈ સ્વરૂપથી ચ્યુત થયું નથી. સ્વરૂપમાં જ તે એકાકી છતાં અનેકાકી હોઈ શકવાને સમર્થ છે. એક સુવર્ણ, કુંડલ, કડાં, સાંકળાં અને બાજુબંધાદિક અનેક પ્રકારે હોય તેથી તેમાંથી કંઈ સુવર્ણપણું ઘટતું નથી. પર્યાયાંતર ભાસે છે. અને તે તેની સત્તા છે. તેમ આ સમસ્ત વિશ્વ તે 'સત્'નું પર્યાયાંતર છે, પણ 'સત્'રૂપ જ છે.

૨૧૬ પત્ર. 'ૐ સત્' કરીને પત્ર છે. 'આ જે કંઈ જોઈએ છીએ, જે કંઈ જોઈ શકાય તેવું છે; જે કંઈ સાંભળીએ છીએ, જે કંઈ સાંભળી શકાય તેવું છે, તે સર્વ એક સત્ જ છે.' સત્ એટલે હોવારૂપ પદાર્થ. જગતની અંદર જડ અને ચૈતન્ય બધું શાશ્વત હોવાપણે છે, કદી પણ ક્યારેય કોઈ વસ્તુનો નાશ નથી. 'જે કંઈ છે તે સત્ જ છે. અન્ય નહીં. તે સત્ એક જ પ્રકારનું હોવાને યોગ્ય છે.' મહાસત્તાની અપેક્ષાએ લઈએ તો બધું સત્ શાશ્વતપણે હોવા યોગ્ય છે. એક પ્રકાર એટલે એની હયાતી છે એ એક શાશ્વતપણે સદાય છે.

'તે જ સત્ જગતરૂપે બહુ પ્રકારનું થયું છે;...' પછી અવાંતર સત્તા લ્યો તો તે જગતરૂપે

અનંત પ્રકારનું થયું છે 'પણ તેથી તે કંઈ સ્વરૂપથી ચ્યુત થયું નથી.' પણ તેથી કંઈ તે સ્વરૂપથી ચ્યુત થયું નથી. તેથી કંઈ અનેક પ્રકારનું થયું છે માટે તે સ્વરૂપથી ચ્યુત થઈ ગયું છે અથવા વિવર્તન પામે છે, પરિવર્તન પામે છે માટે કંઈ એ સ્વરૂપથી ચ્યુત થઈ ગયું છે, સત્ સત્‌થી છૂટી ગયું છે, એમ નથી. એની શાશ્વતતા જળવાઈ રહી છે.

'સ્વરૂપમાં જ તે એકાકી છતાં અનેકાકી હોઈ શકવાને સમર્થ છે.' સ્વરૂપમાં એકરૂપ હોવા છતાં તે અનેકરૂપ થઈ શકવાને સમર્થ છે. દૃષ્ટાંત આપે છે કે 'એક સુવર્ણ, કુંડલ, કડાં, સાંકળાં અને બાજુબંધાદિક અનેક પ્રકારે હોય...' એક સોનું છે તે આટલી બધી વિવિધ પર્યાયે હોય છે 'તેથી તેમાંથી કંઈ સુવર્ણપણું ઘટતું નથી.' સોનાપણું કંઈ ઓછું થઈ જાય, કે આ સોનાપણું ઘટી ગયું, એવું કંઈ નથી. ગમે તે પર્યાયે હોય, સોનું તે સોનું જ રહે છે.

'પર્યાયાંતર ભાસે છે. અને તે તેની સત્તા છે.' પર્યાયાંતર છે એ પણ એની સત્તા છે, કોઈ પણ પર્યાયે એનું હોવાપણું હોઈ શકે છે. 'તેમ આ સમસ્ત વિશ્વ તે 'સત્'નું પર્યાયાંતર છે, પણ 'સત્'રૂપ જ છે.' આ એક જગત ઉપરનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છે કે કોઈ પણ અવસ્થા પરિવર્તિત થાય તોપણ પદાર્થ છે એ શાશ્વત છે. જડ, જડપણે શાશ્વત છે, ચૈતન્ય, ચૈતન્યપણે શાશ્વત છે.

પ્રશ્ન :– શ્રીમદ્‌જીને 'સમયસાર' કઈ ઉંમરે હાથમાં આવ્યું ? સમયસારની ઝલક દેખાય છે.

સમાધાન :– ખબર નથી, ચોક્કસ નથી મળતું. અંદરનો સમયસાર તો મળી ગયો. અંદરનો સમયસાર તો ચોવીસમાં વર્ષના પ્રારંભમાં જ મળી ગયો છે.

## પત્રાંક - ૨૧૭

મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

પરમ પૂજ્ય,

આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગળ આ સાથે બીડું છું.

પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે. સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. કદાપિ સર્વાત્માની એવી જ ઇચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું. પર પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.

ગોપાંગનાની જેવી શ્રીમદ્ ભાગવતમાં પ્રેમભક્તિ વર્ણવી છે, એવી પ્રેમભક્તિ આ કળિકાળમાં પ્રાપ્ત થવી દુર્લભ છે, એમ જોકે સામાન્ય લક્ષ છે, તથાપિ કળિકાળમાં નિશ્ચળ મતિથી એ જ લય લાગે તો પરમાત્મા અનુગ્રહ કરી શીઘ્ર એ ભક્તિ આપે છે.

જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે;

એ દશા વારંવાર સાંભરી આવે છે. અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે. એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કે જે એક જ પ્રવાહની છે. લખી જતી નથી; રહ્યું જતું નથી; અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.

'સત્–સત્' એનું રટણ છે. અને સત્‌નું સાધન 'તમે' તે ત્યાં છો. અધિક શું કહીએ ? ઈશ્વરની ઇચ્છા એવી છે, અને તેને રાજી રાખ્યા રહ્યા વિના છૂટકો નથી. નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ; અને ધાર્યું કરીએ, પરમ પીયૂષ અને પ્રેમભક્તિમય જ રહીએ ! પણ પ્રારબ્ધકર્મ બળવત્તર છે !

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઇચ્છા કરવી અને ન મૂંઝાવું. કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે ? એવો વિચાર કરવો નહીં, અને જે થાય

તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.

સર્વાત્મા હરિ સમર્થ છે. આપ અને મહંત પુરુષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે. આપના ઉપાધિયોગ વિષે જોકે લક્ષ રહ્યા કરે છે; પણ જે કંઈ સત્તા છે તે તે સર્વાત્માને હાથ છે. અને તે સત્તા નિરપેક્ષ, નિરાકાંક્ષ એવા જ્ઞાનીને જ પ્રાપ્ત હોય છે, જ્યાં સુધી તે સર્વાત્મા હરિની ઇચ્છા જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું એ આજ્ઞાંકિત ધર્મ છે, ઇત્યાદિક વાત ઘણી છે. શબ્દે લખી શકતો નથી, અને બીજો કોઈ સમાગમ સિવાય એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી; જેથી જ્યારે ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું.

ઉપર જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે, તે આપ થોડો વખત વિચાર કરશો, ત્યાં જ તેવી દશા થઈ રહે એવી આપની મનોવૃત્તિ છે; અને એવી ગાંડી શિક્ષા લખવાની સર્વાત્મા હરિની ઇચ્છા હોવાથી મેં આપને લખી છે; માટે જેમ બને તેમ એને અવધારજો. ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો. કેમ થશે ? એ વિચાર મૂકી દેવો.

આથી વિશેષ ચોખ્ખી વાત લખવાની યોગ્યતા હાલ મને ઈશ્વરે આપવાનો અનુગ્રહ કર્યો નથી; અને તેનું કારણ મારી તેવી આધીન ભક્તિ નથી. આપે સર્વ પ્રકારે નિર્ભય રહેવું એવી મારી ફરી ફરી

વિનંતી છે. એ સિવાય હું કંઈ બીજું લખવા યોગ્ય નથી. આ વિષય વિષે સમાગમે આપણે વાતચીત કરીશું. કોઈ રીતે આપે દિલગીર થવું નહીં. આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે એમ નથી, પણ જેમ અંતરથી ઊગી તેમ આપેલી સમ્મતિ છે. વધારે લખી શકાતુ નથી; પણ આપે આકુળ રહેવું ન જોઈએ; એ વિનંતી ફરી ફરી માનજો. બાકી અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ; પણ ઉપર લખી છે જે સમ્મતિ તે સબળ છે; જેવી તેવી નથી; પણ સાચી છે. આપને માટે એ જ માર્ગ યોગ્ય છે.

આપ જ્ઞાનકથા લખશો. 'પ્રબોધશતક' ભાઈ રેવાશંકર હાલ તો વાંચે છે. રવિવાર સુધીમાં પાછું મોકલવું ઘટશે તો પાછું મોકલીશ, નહીં તો રાખવા વિષે લખીશ; અને તેમ છતાં તેના માલિક તરફની ઉતાવળ હોય તો જણાવશો તો મોકલી આપીશ.

આપનાં બધાં પ્રશ્નોનો મારી ઇચ્છાપૂર્ણ ઉત્તર લખી શક્યો નથી, ઉપાધિયોગને લીધે; પણ આપ મારા અંતરને સમજી લેશો, એમ મને નિઃશંકતા છે.

લિ. આજ્ઞાંકિત રાયચંદ.

૨૧૭ નંબરનો પત્ર સોભાગભાઈ ઉપરનો છે. 'પરમ પૂજ્ય, આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગળ આ સાથે બીડું છું.' મને એમ છે કે જે ૨૧૫માં ઉત્તર આપવાનો જે ઉલ્લેખ કર્યો છે, એ ઉત્તર આ પત્રમાં આપ્યો લાગે છે.

'પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તોપણ કરવો યોગ્ય જ છે.' એટલે બાહ્ય પ્રતિકૂળતાઓની ગણના કરવાનો પ્રશ્ન નથી. જેને પરમાર્થમાર્ગમાં આવવું

છે તેને કોઈ બાહ્ય પ્રતિકૂળતાઓનો હિસાબ કરવાનો પ્રશ્ન હોતો નથી. 'સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે...' હવે પોતાની દશા લખી છે કે 'સરળ વાટ મળ્યા છતાં...' માર્ગ તો સરળપણે મળી ગયો છે. વાટ એટલે રસ્તો 'છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી,...' ઉપયોગ જે ઔદયિકભાવોમાં દેવો પડે છે એટલે એકતાર, લગાતાર સ્નેહ ઊભરાતો નથી અથવા એકધારી જે પરિણતિ ઉગ્ર થવી જોઈએ એમાં વિક્ષેપ પડે છે 'આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે.' જુઓ ! આ એમનો વૈરાગ્ય છે !

એક તો ૨૧૪માં લખી ગયા કે 'આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે;...' એ વૈરાગ્ય તો ત્યાં એમનો પ્રસિદ્ધ થઈ જાય છે. ફરીને લખે છે કે જે આ પ્રવૃત્તિ કરવી પડે છે એ પ્રવૃત્તિનો ઘણો ખેદ રહે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જાણે જંગલમાં જઈને આત્મામાં ઠરી જઈએ ! આ બધી લપ શું ? વ્યર્થ છે પાછી, જે કંઈ પ્રવૃત્તિ છે એ ખરેખર જીવને વ્યર્થ છે. કેમકે એના આત્માને કોઈ લાભ થતો નથી. કોઈ જગતની લૌકિક પ્રવૃત્તિથી આત્માને શું મળી જાય છે ? ઊલટાની એને અશાંતિ મળે છે, શાંતિ તો, એની અવસ્થામાં શાંતિનું પણ એ નિમિત્ત નથી. કોઈ દ્રવ્યથી તો દ્રવ્ય મળવાનો પ્રશ્ન નથી પણ કોઈ ચીજ મળવાને બદલે ઊલટી અશાંતિની એમાં ઉત્પત્તિ થઈ જાય છે. એટલે ખેદ રહે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે.

મુમુક્ષુ :- બહુ વેગથી પેલી બાજુ ખેંચાઈ જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કિંમત આપી દીધી છે ને ! એ કિંમત આંકી છે. નિર્ણય બદલવો પડે કે એની કિંમત નથી, કંઈ કિંમત નથી. જગત સોનાનું થાય તોપણ એની કિંમત નથી. જગત સોનાનું (થાય) એટલે ? પોતાને અનુકૂળતાના ગંજ ખડકાઈ જાય, તોપણ આ આત્માને નકામી ચીજ છે, કંઈ કામની ચીજ નથી. આ તો નિર્ણય થવો જોઈએ.

બાકી જે એમણે ૨૧૧, ૨૧૨માં જે વાત સ્થાપી છે, એ મુમુક્ષુને માટે ખાસ કરીને જે ૨૧૧માં જે વાત સ્થાપી છે 'ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે;...' દૃઢમોક્ષેચ્છા ! બધાનો પાયો આ છે. ઉપાદાનથી વિચારવામાં આવે તો મુમુક્ષુની ભૂમિકામાં જે કંઈ પાયો છે એ આ છે – દૃઢમોક્ષેચ્છા ! મારે છૂટવું જ છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે દૃઢતાને લીધે

જો આ એને સાવધાની હોય, દઢમોક્ષેચ્છા – એટલે મારે છૂટવું છે, હવે બંધાવું નથી, મારે હવે છૂટવું છે, આ હોય તો એ વહેલામાં વહેલો સત્પુરુષના શરણમાં પહોંચે છે, નહીંતર સત્પુરુષ મળવા છતાં પણ એ યોગ નિષ્ફળ જાય, એવી વૃત્તિએ જીવ એ સમયને પણ વ્યતીત કરી દ્યે છે, પસાર કરી દ્યે છે. (એટલે) પાયાની કોઈ વાત હોય તો આ વાત છે – દઢમોક્ષેચ્છા ! મારે છૂટવું છે, મારે છૂટવું છે, છૂટવું છે, છૂટવું છે. આ ભજન એનું બંધ ન રહેવું જોઈએ, સતત ચાલવું જોઈએ. પૂર્ણતાનું લક્ષ કહો કે દઢમોક્ષેચ્છા કહો એ તો શબ્દાંતર છે. વાત તો એકની એક છે.

ગુરુદેવે એ શબ્દોમાં વાત કરી કે, પૂર્ણતાના લક્ષે શરૂઆત કર. શ્રીમદ્જી કહે છે, દઢમોક્ષેચ્છા છે તને ? તો તું કોઈ સત્પુરુષને શોધીશ. જેની દશા જીવનમુક્ત છે એને તું શોધીશ. સજીવનમૂર્તિનો તને યોગ થઈ જશે અથવા હશે એ તને દેખાઈ જશે કે, ઠીક ! આ જગ્યાએ છે. નહીંતર હશે તોપણ તને નહીં દેખાય. એટલે મૂળમાં વાત એ છે.

મુમુક્ષુએ પોતે વારંવાર આ તપાસવા જેવી વાત છે કે, જો તને દઢમોક્ષેચ્છા નથી તો હજી તારે કેટલું પરિભ્રમણ કરવું છે ? અનંતકાળથી પરિભ્રમણ કરતો કરતો અહીં સુધી આવ્યો, હજી હવે કેટલુંક કરવું છે ? જવાબ દે તું મને ! જવાબ માગવો આત્મા પાસેથી કે કાં તું મને જવાબ દે કે હવે તારે કેટલું રખડવું છે ? કે હવે છૂટવું છે ? બેમાંથી એક નક્કી કર. એ વગર તો એક ડગલું આગળ ચાલવાનો કોઈ પણ જીવ માટે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

આ તો જ્ઞાનદશામાં પોતાની વાત કરે છે કે, ઉપયોગને પ્રવૃત્તિમાં દેવો પડે છે એનો ખેદ રહે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે કે, અહીંથી છોડીને ચાલ્યા જઈએ. આત્મા સિવાય બીજું કંઈ અમને જોઈએ નહીં.

'જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી,...' ફાટફાટ વૈરાગ્ય છે ! જ્ઞાનદશા થઈ છે, ઘણો વૈરાગ્ય છે. ઘરમાં ક્યાંય ચિત્ત ચોંટતું નથી, ઉપરછલ્લો ઉપયોગ જાય છે એ પોસાતું નથી. 'પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે;...' એવી જે અંતર પરિણતિ છે એ પ્રવૃત્તિની અપેક્ષાએ ગૌણ થઈ અને ઉપયોગની મુખ્યતા થાય છે.

મુખ્ય-ગૌણનાં બે ભેદ છે, એમાં પણ બે પ્રકાર છે. એક તો અભિપ્રાયની અપેક્ષાએ

મુખ્યતા હોય છે અને એક પ્રવૃત્તિની અપેક્ષાએ મુખ્યતા હોય છે. જેમકે કોઈ પ્રતિમાજીનો નિષેધ કરે. જૈનના નામે સંપ્રદાય ઉત્પન્ન થઈ ગયો કે, પ્રતિમાની સ્થાપના, અરિહંત પ્રતિમાની સ્થાપના ન કરવી જોઈએ. આરંભ અને સમારંભનું છળ પકડ્યું. તો જ્ઞાની હોય, એનો આગ્રહ રાખે ? કે બિલકુલ નહીં. આ વાત તો મોક્ષમાર્ગને બંધ કરી દેવાની છે. આથી તો મોક્ષમાર્ગ બંધ થઈ જાય. આ વાત કોઈ રીતે, કોઈ છળ પકડીને કરી શકાય નહીં. ત્યારે પ્રવૃત્તિમાં મુખ્યતા પરદ્રવ્યની થઈ. એવા જ્ઞાનીને કોઈ એમ સ્મરણ કરાવે કે આપ તો જ્ઞાની છો, ને આપને તો આત્માની મુખ્યતા હોય, પરની મુખ્યતા કેમ કરો છો ? તો એમ કહે કે, ભાઈ ! મુખ્યતા તો આત્માની જ છે અને એ આત્માની મુખ્યતામાં આ વાત ચાલે છે. ભગવાનના સ્વરૂપની સ્થાપના એ આત્માની મુખ્યતાથી જ વાત ચાલે છે, આત્માની ગૌણતાથી એ વાત ચાલતી નથી. પણ પ્રવૃત્તિમાં કોઈ વાર પરપદાર્થની મુખ્યતા દેખાઈ જાય. એવું કોઈ પણ ઉદયમાં, આ તો એક ઉદયનું દૃષ્ટાંત દીધું, પણ શુભ છે કે અશુભ, કોઈ પણ ઉદયમાં પ્રવૃત્તિની મુખ્યતા એક વાત છે, અંદરમાં આત્માની મુખ્યતા એક બીજી વાત છે.

મુમુક્ષુ :- આત્માની મુખ્યતા થાય ત્યારે ભગવાનનો વિરહ સહન નથી થઈ શકતો હોય એટલે પ્રતિમા સ્થાપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાનનો વિરહ તો ઠીક છે પણ સાધકજીવને ભગવાન એવા હૃદયમાં વસે છે, સાધકજીવનું જે હૃદય છે એ સિદ્ધપદના રસથી રંગાયેલું છે. અંદરમાં પોતાનું સિદ્ધપદ જોયું છે ને ! મૂર્તિ છે, આખી પોતે વીતરાગમૂર્તિ છે. એનાથી એટલું બધું હૃદય ભરાયેલું છે કે બહારમાં એ એ જ જોવા ઇચ્છે છે, એને એ જ જોવું છે, બીજું એને જોવું નથી. એમાંથી સ્થાપનાનો વિકલ્પ ઊઠે છે. બાકી તો અનાદિથી એ વિષયની પરંપરા સાધકની દશામાં ચાલી છે અને અકૃત્રિમ પ્રતિમા તો એનું એક બહુ મોટું સબૂત છે, એનો બહુ મોટો પુરાવો છે.

મુમુક્ષુ :- અમુક વખતે બીજી વાત આવે છે કે, એક વખત પ્રતિમા સ્થાપી એટલે બીજી વખત કરવાની કંઈ જરૂર ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો પ્રશ્ન નથી, એનું હૃદય જ બીજી રીતે રંગાયેલું છે, એમાં એ પ્રશ્ન નથી.

૭૫૭ નંબરનો બોલ છે. 'જેણે અંતરંગ દૃષ્ટિથી અલૌકિક સિદ્ધસ્વરૂપ તે જેણે જોયું

નથી તેને જ અન્ય પદાર્થ પ્રિય લાગે છે...' જગતમાં તો માણસને સોનું ગમે છે, રૂપ ગમે છે. હવે અહીંથી ઊલટાવવાની વાત છે, આ વાત લીધી છે પદ્મનંદીઆચાર્યદેવે 'પરંતુ જે ભવ્યજીવોનું હૃદય...' હવે સાધકજીવની વાત કરે છે. 'પરંતુ જે ભવ્યજીવોનું હૃદય સિદ્ધોના સ્વરૂપરૂપી રસથી ભરાઈ ગયું છે.' શું શબ્દ વાપર્યો છે ? જે ભવ્યજીવનું હૃદય સિદ્ધોના સ્વરૂપરૂપી રસથી ભરાઈ ગયું છે. માણસ નથી કહેતા ? કે હવે અમારું હૃદય ભરાઈ ગયું છે, બોલી નહીં શકીએ, અમે વાત નહીં કરી શકીએ, અવાજ નહીં થઈ શકે, હૃદય ભરાઈ ગયું છે. એવો રસ થઈ જાય છે ને ? તીવ્ર રસ થઈ જાય એટલે વાણી બંધ થઈ જાય. આ એક કુદરતી રસની માત્રાનો આ એક પ્રસંગ છે. જેનું હૃદય સિદ્ધોના રસરૂપી રસથી ભરાઈ ગયું છે 'તે ભવ્યને સમસ્ત સામ્રાજ્ય તણખલા સમાન છે.' અહીંથી વૈરાગ્ય ઊપજે છે, પછી એને જગતમાં શું રહે છે ? જગત તો આખું તણખલા સમાન છે. એક જગ્યા એ પસંદ કરે છે કે, જ્યાં ભગવાનની મૂર્તિ છે. અંદરમાં મૂર્તિ છે સિદ્ધપદની, એના રસથી હૃદય ભરાયેલું છે, ઉપયોગ બહાર નીકળે છે ત્યારે એ જ જોવા એ ઇચ્છે છે. અંદર ને બહાર એકતાર થવાની વાત છે. એને પછી શરીરનું પણ લક્ષ નથી, ભોગ-રોગનું લક્ષ નથી. એને બધું એકસરખું છે. એ મૂળ એમાંથી નીકળેલી (વાત) છે.

મુમુક્ષુ :– 'પરમાગમસાર'માં પાછળ એક બોલ છે, 'જિનપ્રતિમા ભેદજ્ઞાનમાં નિમિત્ત પડે છે.'

પૂજ્ય ભાઈશ્રી :– ભેદજ્ઞાનમાં નિમિત્ત પડે છે. સાધક જીવને એ રીતે ભેદજ્ઞાનમાં નિમિત્ત પડે છે, ભેદજ્ઞાનની વૃદ્ધિ થવામાં પણ નિમિત્ત પડે છે. કેમકે એ તો સીધું આત્મસ્વરૂપ જ છે, પ્રગટ આત્મસ્વરૂપ છે. આ અવ્યક્ત આત્મસ્વરૂપ છે, આ વ્યક્ત આત્મસ્વરૂપ છે. એમાં કંઈ ફેર નથી. એ અમૂર્તિક તત્ત્વની મૂર્તિ છે. ભગવાનની વીતરાગ પ્રતિમા એટલે અમૂર્તિક આત્મતત્ત્વ છે – અમૂર્ત પદાર્થ છે, જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શ નથી એવા અમૂર્તિક તત્ત્વનું મૂર્તિમંત સ્વરૂપ હોય તો તે વીતરાગ પ્રતિમા છે. જે શક્ય નથી, અમૂર્તિકને મૂર્તિક રૂપે કરવાની શક્યતા નથી છતાં આવો એક યોગ જગતમાં છે, એક માત્ર યોગ છે, બીજો કોઈ યોગ નથી. એટલે એનું બહુ મોટું મૂલ્ય છે. એનું બહુ મોટું મૂલ્ય હોવાથી એ વિષયને સારી રીતે સ્થાપિત કરવામાં આવ્યો છે. એનું કારણ એ છે.

(અહીંયાં) શું કહે છે ? 'ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે;...' એટલે કે

એટલો પણ ત્યાં ઉપયોગની દૃષ્ટિએ વિક્ષેપ પડે છે. 'એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી.' પોતાની ઇચ્છા તો એ છે કે સ્વરૂપમાં એકતાર ઉપયોગે કરીને રહી જઈએ. એવી દશા ન આવે તે પહેલા અમને દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. મુનિદશાની ભાવના તો પહેલેથી ઊઠી ગઈ છે. હજી તો દશાનો પ્રારંભ થયો છે. તોપણ મુનિદશાની ભાવના છે. આમાં જ મુનિદશાની ભાવના છે કે વનવાસમાં રહીએ, એકતાર આત્માનું આરાધન કરીએ કે જેમાં કોઈ બીજી વિક્ષેપની વૃત્તિ આવે નહીં. આ શું ? અંદરમાં આવું પરમ તત્ત્વ ને આ શું બધું ? આ પ્રવૃત્તિ ! વ્યર્થ પ્રવૃત્તિ ! જેનું કંઈ મૂલ્ય નથી એવી પ્રવૃત્તિ, એમ.

'કદાપિ સર્વાત્માની એવી જ ઇચ્છા હશે...' કુદરતની એવી કોઈ ઇચ્છા હશે 'તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું.' એટલે એવી ભક્તિ કરીને પણ, દીનતા એટલે એવી ભક્તિ કરીને પણ એ ઇચ્છા ફેરવશું અને નિવૃત્તિ અહીંથી લેશું. 'પણ પ્રેમભક્તિથી પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે;...' આયુષ્ય પૂરું થયા પહેલા સર્વસંગપરિત્યાગ કરીને એવી આરાધનામાં આવી જવું છે. એ પહેલા દેહત્યાગ કરવાની ઇચ્છા નથી.

'અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે.' જુઓ ! આ એમનો વૈરાગ્ય છે. 'આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.' બાકી એમનું હૃદય વંચાય એવો વિષય છે. એમનું હૃદય શું હતું ? અંતરંગ પરિણતિ શું હતી ? એ વાંચી શકાય એવું છે.

'ગોપાંગનાની જેવી શ્રીમદ્ ભાગવતમાં પ્રેમભક્તિ વર્ણવી છે, એવી પ્રેમભક્તિ આ કળિકાળમાં પ્રાપ્ત થવી દુર્લભ છે, એમ જોકે સામાન્ય લક્ષ છે, તથાપિ કળિકાળમાં નિશ્ચળ મતિથી એ જ લય લાગે તો પરમાત્મા અનુગ્રહ કરી શીઘ્ર એ ભક્તિ આપે છે.' અંદરથી એ પરમ તત્ત્વ મદદ કરે છે, એમ કહે છે, અંદરમાં પરમાત્માની કૃપા થાય. જોકે આ કાળ વિચિત્ર છે, ઘણા વિચિત્ર પ્રસંગો અહીંયાં ઉત્પન્ન થાય છે એટલે આવી પરિસ્થિતિ જ્ઞાનીને થોડી કઠિન પડે છે, એ સામાન્ય વાત છે. તોપણ વિશેષે કરીને એવું થઈ શકે એમ છે. 'એ જ લય લાગે...' આ કળિકાળમાં પણ એ જ લય લાગે તો અંદરથી પરમાત્મા જરૂર અનુગ્રહ કરીને એવી ભક્તિ આપે. એટલે જીવ પુરુષાર્થ કરે તો આજે પણ મુનિદશામાં આવી શકે એમ છે. એવી પ્રતીતિ છે, પુરુષાર્થની પ્રતીતિ છે.

‘જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે;...’ ભાગવતની અંદર એક જડભરતનું પાત્ર છે. એ પોતે વિચક્ષણ પુરુષ છે પણ બહારમાં એવી ચેષ્ટાથી વર્તે છે, એમનું નામ ભરત હતું. બધાએ એમને વિશેષણ આપી દીધું કે આ તો જડ જેવો માણસ છે. કોણ ભરત ? પેલો જડભરત ? ઠીક, ઠીક, ઠીક ! ચાલો. એને જડભરત જ લોકો કહેવા મંડ્યા. પણ એ પોતે ચાહીને એ પ્રકારે રહ્યા છે. કહેવાનો મતલબ એ છે કે એ પોતે ચાહીને જ એમ રહ્યા છે.

જગતના વ્યવહારમાં જે લોકોને ગણતરી કરાવવી છે, લોકસંજ્ઞા રાખવી છે કે, મારો પણ વ્યવહારિક રીતે યોગ્ય વ્યવહાર સાચવું છું, બધાની સાથે યથાયોગ્ય વ્યવહાર હું સાચવું છું, સાચવી શકું છું અને બધા મારી ગણતરી કરે છે કે, ભાઈનો – એમનો બધી જગ્યાએ વ્યવહાર જુઓ ! એકદમ, બહુ સરસ, જ્યાં જેવો જોઈએ એવો વ્યવહાર એવો સરસ કરે.

મુમુક્ષુ :– વ્યવહારકુશળ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– વ્યવહારકુશળ કહેવાય પણ અંદર શું હોય છે ? કે બધાની નજરમાં મારી પ્રશંસા થાય છે. બધા મારી પ્રશંસા કરે છે, બધેય મારી ગણતરી એવી સરસ (થાય છે). આ શ્રીમદ્જીએ લોકસંજ્ઞાનું ઝેર કહ્યું છે. આવું ઝેર એને ત્યાંથી ઊખડવા ન દે. પછી લોકોની સાથેના વ્યવહારમાં ચોંટ્યો જ રહે. એ જડભરત છે એ જડ થઈ ગયા. લોકોએ એની કિંમત કાઢી નાખી, તો કહે બરાબર, હવે હું મારા આત્મામાં મસ્ત રહીશ. કેમકે લોકોને કિંમત છે નહીં અને કિંમત અંકાવાનો પ્રશ્ન નથી. આપણે આપણું સાધી લ્યો, લોકો ભલે જેમ કહે એમ. ભલે મીંડું મૂકી દીધુંને ? મારા નામ ઉપર મીંડું મૂક્યુંને ? ભલે મૂક્યું. આપણે મીંડું જ જોઈએ છે. લોકોની નજરમાં ભલે મીંડું હોય, આપણે આપણું કામ સાધી લઈએ. એવું એક પાત્ર છે, એને જડભરત કહે છે.

‘જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે; એ દશા વારંવાર સાંભરી આવે છે.’ એવા થઈ જવું છે, એમ કહે છે. વારંવાર સાંભરે છે એટલે અમારે એવા થઈ જવું છે, જડભરત થવું છે. ભલે લોકો બધા અમને કાઢી નાખે, અમારો એકડો કાઢી નાખે ઈ અમને ઇષ્ટ છે. અમારે લોકોની ગણતરીમાં ગણાવું નથી. અમારે લોકોના માનપાન જોતા નથી. જુઓ, કેવો વૈરાગ્ય છે !

‘અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે.’ આવી અંદરની ઉન્મત્તદશા, બહારમાં લોકો પાગલ જોવે, અંદરમાં આત્માની મસ્તીએ ચડ્યા હોય, એ ભગવાનને, પોતાના

નિજ પરમાત્માને પ્રાપ્ત કરવાનું પરમ દ્વાર છે. એ આનંદમાં મસ્ત થઈ જાય છે.

મુમુક્ષુ :- એક એક પત્રમાં ન્યાય લખ્યા છે એટલે પત્ર શાસ્ત્ર જેવા થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્ર જ છે આ. જ્ઞાનીની વાણી આગમ જ છે. એક વાક્ય નહીં, એક શબ્દમાં અનંત આગમ રહેલા છે. આગળ કહી ગયા પોતે કે, જ્ઞાનીના એક વચનમાં શું એક શબ્દમાં અનંત આગમ રહેલા છે. એ તો પોતે આગળ વાત કરી ગયા છે.

'એ દશા વિદેહી હતી.' દેહનું પણ ભાન ભૂલી જાય, એવી દશા હતી. ભરતજીની દશામાં એ લોકોએ એટલા મસ્ત બતાવ્યા છે કે એ પોતાને ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું જાણે કાંઈ પોતાને ભાન નથી. 'એ દશા વિદેહી હતી.'

'ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી...' ત્યાં એક પ્રસંગ આવે છે. એક હરણિયું કે હરણનું બચ્ચું છે એને એ પાળે છે અને પછી એમાંથી એના માટે ખડ લાવવું ને એના માટે આ કરવું ને એનું રક્ષણ કરવું, એમ કરતાં કરતાં વળી પાછી લપ લાગી ગઈ તો જન્મની વૃદ્ધિ થઈ હતી. એમને પછી બીજો ભવ આનો લેવો પડ્યો, આનો લેવો પડ્યો, એ બધી ભાગવતની અંદર કથા આવે છે. નાનપણમાં વાંચેલું, બાર વર્ષની ઉંમરે ભાગવત આદિ બધા (ગ્રંથો) વાંચેલા.

'હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા.' આગળ એને એ ખ્યાલ હતો કે ભૂતકાળમાં પોતે એક હરણિયાને પાળ્યું, એમાંથી લપ વધી ગઈ અને પોતાનો સંસાર (વધી ગયો) અને આ ભરતના ભવમાં આવ્યા છે, પૂર્વજન્મનું જાતિસ્મરણ છે કે હવે ક્યાંય લપ કરવી નથી. બધું કાપે છે, એ જડભરતના (ભવમાં) બધા સંબંધ કાપી નાખે છે.

'અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે.' એવી અસંગતા મળતી નથી, એવી દશામાં આવતા નથી એટલે એનું દુઃખ થઈ આવે છે. અને એક જ્યાએ હજી આગળ આવશે કે આ રીતે આ ને આ દશામાં પડ્યા રહીએ અને આગળ ન વધીએ તો અમ જેવા અવિચારક પણ થોડા જાણવા. એવું પુરુષાર્થનું અંદરથી જોર આવે છે કે પોતે પોતાને અવિચારી કહી દ્યે છે. અમે આ ને આ સ્થિતિમાં આયુષ્ય વ્યતીત કરીએ અને આગળની દશા પ્રગટ ન થાય તો અમારા જેવા અવિચારી કોણ જાણવા ? માર્ગ હાથમાં આવ્યો છે, ઘર જોયું છે, આનંદઅમૃતને અમે

પીએ છીએ ને હવે એને છોડી દેવું ? એને આ ને આ રીતે રાખવું ? કેમ ચાલે ?

'તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ...' એટલે જમ. 'અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે.' જમને જોવે તો માણસના મોતિયા મરી જાય, એમ કહે છે ને ? મરણ-મૃત્યુને જોવે તો (માણસના મોતિયા મરી જાય). એના કરતાં વધારે દુઃખ અમને સંગનું છે. આ જે અત્યારે સંગ છે – ગૃહસ્થપણું, વેપાર, જે કંઈ આ સંગ છે (એ) એટલો દુઃખદાયક છે જેટલું લોકોને જમનું દુઃખ નહીં લાગતું હોય એટલું અમને સંગનું દુઃખ લાગે છે.

મુમુક્ષુ :– સોગાનીજીએ લખ્યું છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– 'ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો.' એક જ ન્યાય મળે છે કે નહીં ? એવી વાત છે. એ તો ગમે ત્યાંથી લ્યોને ! એક જ લાઇન મળવાની.

'એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કે જે એક જ પ્રવાહની છે.' આવી જે અંતરની વૃત્તિઓ છે એ એવી છે કે જેની એક જ દિશા છે, એક જ પ્રવાહ છે, અંતર્વૃત્તિની બીજી કોઈ દિશા નથી. 'લખી જતી નથી; રહ્યું જતું નથી;...' આમ લખી શકતા નથી, આમ અમે આ પરિસ્થિતિમાં રહી શકતા નથી 'અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.' લ્યો ! ભવિષ્યની એક ક્ષણનો વિચાર નથી કરતાં. એમ નથી કે આ અત્યારે વેપાર-ધંધામાં રહ્યા છીએ તો ભવિષ્યનું સાજું કરી લઈએ, પછી બેઠા બેઠા વ્યાજ આવે તો સોનગઢ જઈને બેસીએ તો વાંધો ન આવે, એ પ્રશ્ન નથી. એક ક્ષણનો વિચાર કરતાં નથી. ભવિષ્યના એક ક્ષણનો વિચાર નથી કરતાં. એટલા માટે નથી ધંધામાં પડ્યા, એમ કહે છે. એ તો કોઈ વાત જ નથી. અને આ એક જ્ઞાનદશાનું ચિહ્ન છે.

બનારસીદાસે આ વાત નાટકસમયસારમાં એક-બે જગ્યાએ દોહરાવી છે કે જ્ઞાની અને અજ્ઞાનીનાં જે લક્ષણો છે એ લક્ષણોમાં આ તફાવત છે. અજ્ઞાની હંમેશાં ભવિષ્યની ચિંતાથી ચિંતિત હોય છે અને તેથી એનાથી મુક્ત થઈને એ અંતર્મુખ થઈ શકતો નથી. જ્ઞાનીએ વર્તમાન ઉપરનું એનું વલણ એટલું બધું અંતર્મુખ રાખેલું છે કે ભવિષ્યની ચિંતા ઉપર જ એણે ચોકડી મૂકી દીધી છે. કાંઈ ભવિષ્યની એક ક્ષણનો વિચાર નહીં. જે ઉદય હશે એ ઉદયમાં અમે અમારા આત્માનું સાધી લેશું. બાકી કાંઈ એની ચિંતા કરીને અમારું વર્તમાન ખરાબ કરવાનો અમારે કોઈ મોખ નથી, કોઈ જગ્યા નથી. જરા પણ એની અંદર પોતાને

એ અવકાશ રાખવાની પરિસ્થિતિ હોતી નથી. એવી પુરુષાર્થની તૈયારી હોય છે, એ દશાનું ચિહ્ન છે.

એ વાત અહીંથી નીકળે છે કે એમની જ્ઞાનદશા શું હતી ? કે ભવિષ્યની એક ક્ષણનો પણ ઘણું કરીને વિચાર રહેતો નથી.

પ્રશ્ન :- મુમુક્ષુની ભૂમિકામાં આ વિચાર પરિપક્વ થાય ત્યારે આવે છે ?

સમાધાન :- નહીં, મૂળિયાં અહીં નીકળે છે પછી જ્ઞાની થાય છે. મુમુક્ષુ છે એને આ પરિસ્થિતિએ તાવવામાં આવે છે. કેમકે ભવિષ્યની ચિંતા માણસને ખાય છે. એનું આખું આયુષ્ય ખાઈ જાય, એ ભવિષ્યની ચિંતા છે અને મુમુક્ષુ છે એને એ ખ્યાલ આવી ગયો, એ સમજણ આવી ગઈ કે ઠીક, મને કોણ ખાય છે ? હવે એની સામે એનું યુદ્ધ જાહેર કરે છે, લડાઈ જાહેર કરે છે. માણસ નથી કહેતા ? કે ભાઈ, આને તાવો, બરાબર તાવો, જો પરીક્ષામાં પાસ થાય તો આપણે એની સાથે સંબંધ પાકો કરી નાખો અને નહીંતર સંબંધ કાપી નાખો. એવી રીતે પછી પોતાની જાતને તાવે છે. અનેક ઉદય પ્રસંગ એમાંથી ઊભા થાય છે, કેમકે દુર્લક્ષ કર્યું એટલે પૂર્વકર્મનો યોગ હોય કે ન યોગ હોય, પંચમકાળ છે એટલે કંઈ ને કંઈ એવા પ્રસંગ આવવાના છે, એમાં એ પોતાની જાતને પરિણામથી કેટલી સ્થિર રાખે છે ? અને પોતે પોતાના માર્ગમાં કેટલો આગળ વધે છે ? મુમુક્ષુતામાં એની એ પરીક્ષા ઊભી થાય છે. એમાંથી પાર ઊતરે એટલે જ્ઞાની થયો. એમાં નાપાસ થયો, કે ગયો પાછળ. આ પરિસ્થિતિ છે.

પહેલું જ (પગથિયું) કઠણ છે, જે પહેલું છે ને એ મુમુક્ષુતામાં જ કઠણ છે. પછી તો તાકાત આવી જાય છે, પછી તો આગળ એ તકલીફ નથી. પછી તો પૃથ્વી ભલે ને રસાતાળ જાય ! કે ચૌદ બ્રહ્માંડમાં ભલે ને વજ્રપાત થાય ! જ્ઞાની અંદરથી હલતો નથી, એ તો મેરુ કરતાં પણ (વધારે) નિષ્કંપ છે. મેરુ હલે તો હલે, અંદરથી જ્ઞાની હલે નહીં, એ પરિસ્થિતિમાં આવી જાય છે.

'સત્-સત્' એનું રટણ છે. અને 'સત્'નું સાધન તમે તે ત્યાં છો.' એનું એટલે પોતાનું. સત્ સત્‌નું રટણ છે, એનું એટલે પોતાને. એક પરમ સત્‌નું રટણ છે. બાહ્યમાં એનું કોઈ નિમિત્ત છે તે તમે છો અને તે ત્યાં છો, નજીક નથી. 'અધિક શું કહીએ ? ઈશ્વરની ઇચ્છા એવી છે, અને તેને રાજી રાખ્યા રહ્યા વિના છૂટકો નથી.' કુદરતની જે પરિસ્થિતિ છે એનું સમાધાન રાખીએ છીએ. કુદરતે એવી પરિસ્થિતિ સર્જી છે એમાં બીજું શું થઈ શકે ?

'નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ;...' એ કુદરતને મંજૂર હશે, નહીંતર આવો અંદરનો ફાટફાટ વૈરાગ્ય છે અને આ દશામાં કેમ રહીએ ? 'ન રહીએ; અને ધાર્યું કરીએ, પરમ પીયૂષ અને પ્રેમભક્તિમય જ રહીએ !' પીયૂષ એટલે અમૃત, પરમ અમૃત અને પ્રેમભક્તિમય જ રહીએ. 'પણ પ્રારબ્ધકર્મ બળવત્તર છે !' પણ કર્મનો ઉદય (છે) એનો ખ્યાલ કરે છે કે આ બળવાન ઉદય છે.

મુમુક્ષુ :– આમાંથી અજ્ઞાની કર્મની બળવત્તરતાની વાત લ્યે !

પૂજ્ય ભાઈશ્રી :– ઓથ લેવાની વાત નથી. કોઈ પણ વાત પોતાના હિતના ઘાટમાં ઘડવી જોઈએ. જે રીતે પોતાનું હિત ઘડાય, એ રીતે વાતનો ઘાટ ઘડવો જોઈએ. નહીંતર ચક્રવર્તીનું દૃષ્ટાંત આવશે કે, ચક્રવર્તીને છન્નું હજાર રાણીઓ હતી ને અમારે તો એક જ છે. તો કેવી રીતે ઘાટ ઘડશે ? એ વાત શેના માટે છે ? કોઈ સ્વચ્છંદ પોષવા માટે વાત છે ? સ્વચ્છંદ પોષવા માટે વાત નથી. એ તો કોઈ પણ જગ્યાએથી અપસિદ્ધાંત કાઢવો હોય તો એનો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :– એમ લેવાય કે પુરુષાર્થની કમી છે ?

સમાધાન :– ખરેખર તો એમ જ છે, પુરુષાર્થની કમી છે. એ તો એક ન્યાયથી એ જોવાની વાત છે, એક ન્યાયથી આમ જોવાની વાત છે કે જેનો પુરુષાર્થ, જેટલી વીર્યગુણની સ્ફુરણા વ્યક્ત છે, એ પૂરા પુરુષાર્થથી જે પાછળ લાગેલો છે એને કેમ કહેશો ? એ તો ઉપરની દશાને લીધે કમી છે. પણ વર્તમાનમાં જેટલું પોતાનું જેટલું જોર છે એટલું બધું એક બાજુ લગાવે છે, પછી એને કેમ દોષિત ગણશો ? એટલે ન્યાય આવો છે. અમારું અંતરનું વલણ છે એ તો પૂરા જોરથી અંદર બાજુ વળીએ છીએ, છતાં પણ 'પ્રારબ્ધકર્મ બળવત્તર છે !' એમ કરીને વાતને છોડી દીધી છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને તો પુરુષાર્થની ખામીનો પ્રશ્ન જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને તો ઊંધાઈ છે, અજ્ઞાની જીવને તો પુરુષાર્થની ઊંધાઈ છે, કમી નથી. 'પરમાગમસાર'માં બોલ ચાલ્યો છે. કોઈએ પૂછ્યું, સાહેબ ! અમને પુરુષાર્થ ઓછો છે એટલે સમ્યગ્દર્શન નથી થતું ને ? તો કહે ભાઈ ! તારો પર્વત જેવડો દોષ છે એને તું રાઈ જેવડો બનાવવા માગે છો ? પણ તારી ઊંધાઈ છે એ તારો પર્વત જેવડો દોષ છે, એને રાઈ જેવડો કાં બનાવ ! એ તો તારી વધારે વિપરીતતા છે. પોતાની ઊંધાઈ ન સમજે, વિપરીતતાને ઓછપમાં ગણી લે તો એ વાત ન્યાયસંગત નથી.

'આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં;...' એ વિષે એમ કે અમે તમને ઉત્તર ન આપીએ, એવો અધિકાર રાખીએ તે યોગ્ય નથી લાગતું. સત્તા એટલે અધિકાર. 'તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે...' તમે સમજ્યા છો છતાંય લખું છું, તમે નથી સમજ્યા ને લખું છું એમ નહીં. અંદરમાં સમજાયું છે તે જણાવું છું 'કે જે કંઈ થાય તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઇચ્છા કરવી અને ન મૂંઝાવું.' આ સોભાગભાઈને ઉદય સંબંધી વાત (લખે) છે કે તમારે કંઈ મૂંઝાવું નહીં, ન અપેક્ષા રાખવી, ન અનુદ્યમી થવું, ન ઉદાસીન થવું, ન કંઈ તમારે ઇચ્છા રાખવી.

'કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું.' એટલે શું છે કે સોભાગભાઈ બહુ સરળ હતા એટલે પોતાની વૃત્તિ ખુલ્લી લખતા હતા કે જે સંયોગ છે એ સંયોગની અંદર અમને અહંપણું આડું આવે છે. આ બધાયને આડું આવે છે. જ્યાં આર્થિક પરિસ્થિતિ બગડે છે ત્યાં માણસને પોતાનું અહંપણું આડું આવે છે કે અમે પહેલા આવા ગણાતા હતા, હવે અમે પછી આવા ગણાશું તો ? આ અહંપણું આડું આવે છે. તો કહે એ અહંપણું આડું રાખવા જેવું નથી. એ વાતને ટાળી દેવી. એ વાતને જરાપણ મુખ્ય ન કરવી અને એને લઈને કંઈ કરવું પડે એવું ન રાખવું જોઈએ. એ અહંપણું જે છે એ આત્મા બાજુ નહીં વળવા દે. બહાર બાજુ એ જીવ પકડાઈ જશે, જેને જેટલો ઉદય હોય એમાં એ એવો પકડાઈ જાય છે, ઉદય તો દરેક જીવને જુદાં જુદાં પ્રકારે પોતપોતાના પૂર્વકર્મ અનુસાર ગમે તેવો હોય છે પણ એમાં પૂરેપૂરો પકડાયેલો રહે છે. એટલો બધો પૂરો પકડાઈ જાય છે કે ત્યાંથી છૂટીને અંતર્મુખની દિશા જીવ ગ્રહણ ન કરી શકે એવી પરિસ્થિતિમાં જ એને ચાલવું પડે છે. તો કહે છે કે એને મૂકી દેવું. અને છેવટે એક યુક્તિ આપી. તેને ઈશ્વરાર્પણ કરી દેવું. જે ભગવાને ધાર્યું હશે એ થશે અથવા કુદરતે જે ધાર્યું હશે એ થશે. આપણા હાથની કોઈ વાત નથી માટે નાકનો સવાલ નહીં બનાવવો. માણસને નાકનો સવાલ થઈ જાય છે એ સવાલ નહીં બનાવવો અને એ રીતે દીનતા ન કરવી. સંયોગોની દીનતા ન કરવી.

'શું થશે ? એવો વિચાર કરવો નહીં,...' કાલે શું થશે ? એનો વિચાર કરવો નહીં. 'અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં;...' બહારના પદાર્થો

મેળવવા માટે ઝાંવાં નાખવા નહીં. 'અલ્પ પણ ભય રાખવો નહીં.' અને જરાય બીવું નહીં કે શું થશે ? એનો જરાય ભય રાખવાની જરૂર નથી. 'ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં;...' આયુષ્યની તો નહીં પણ એક પળની પણ ચિંતા કરવી નહીં. 'કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે,...' ભવિષ્યની ચિંતાની જે ટેવ પડી ગઈ છે 'તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે;...' તો જ આ માર્ગનું ફળ છે.

ભલે વાત શ્રીમદ્જીએ સોભાગભાઈ ઉપર લખી છે પણ કોઈ પણ મુમુક્ષુને આના ઉપરથી બોધ મળે એવી વાત છે. અને આ એક એવી લાક્ષણિક પદ્ધતિનો બોધ છે, સીધો બોધ આપે કે ભાઈ ! તમે આમ કરો ને ન લાગે પણ બીજો બીજાને બોધ આપે એમાંથી લાયક જીવ હોય, પાત્ર જીવ હોય તો પોતા ઉપર ઉતારી લે કે મને આમાંથી કેટલું લાગુ પડે છે ? અને મારે આમાંથી કેટલું ગ્રહણ કરી લેવું છે ? એ પકડી લે છે, અને પકડી લે તો કામ થઈ જાય. સમજવાનો જે વિષય છે એ, એ પ્રકારથી છે.

પ્રશ્ન :– 'કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે' એટલે ?

સમાધાન :– એટલે ભવિષ્યની ચિંતા કરવાની ટેવ પડી ગઈ છે. જીવને ભવિષ્યની ચિંતા કરવાની બહુ ટેવ પડી ગઈ છે. એટલે એ ટેવ છોડી દેવી. એક પળની પણ ભવિષ્યની ચિંતા કરવી નહીં અને ચિંતા કરવાની જે ટેવ પડી ગઈ છે એ એકદમ છોડી દેવી, બિલકુલ છોડી દેવી, નહીંતર આખું આયુષ્ય એમાં જ પૂરું થઈ જશે, એમ કહેવા માગે છે. અને એ પરિસ્થિતિ મનુષ્યપર્યાયમાં થાય છે.

'તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે,...' તમે અમારો સંગ કર્યો છે, એમાં જો તમે આ ભવિષ્યની ચિંતા છોડી શકો તો આ સંગ કર્યો યોગ્ય છે, નહીંતર બીજામાં ને તમારામાં કંઈ ફેર રહેતો નથી. Final notice આપી દીધી. એ તો જ્ઞાનીનો જે સંગ છે, આવી પાત્રતામાં એવો પ્રકાર છે કે ડૂબતો હોય એને આમ કાંડું પકડીને બહાર ખેંચી લે. આ જરા એવી વાત છે. આ ડૂબતાની જગ્યા છે. એ ઉદયની અંદર ડૂબે નહીં, એને કેવી રીતે ખેંચવો ?

બહુ વિચક્ષણ, મહાવિચક્ષણ પુરુષ છે ! કેવી રીતે ખેંચે છે ! બહુ આવશે આની અંદર તો, ઘણી ઘણી વાતો આવશે અને જે સમજવા જેવી, મુમુક્ષુએ ગ્રહણ કરવા જેવી સેંકડો વાતો આની અંદર છે.

'તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.' નીચે જરા થોડીક વાત આવશે પણ પોતે બહુ વિચક્ષણતાથી કામ લે છે અને એમની કેટલી લોકોત્તર વિચક્ષણતા છે આની અંદર એનું દર્શન થાય છે !!

વિશેષ લઈશું...

પોતાની યોગ્યતા / અયોગ્યતા અનુસાર ઉપદેશને અંગીકાર કરવા ઉપર જીવનું વજન જવું જોઈએ. વિશાળ શ્રુત સમુદ્ર સંસાર સમુદ્ર તરવા માટે છે. અન્યથા કલ્પના ન થાય તે માટે સિદ્ધાંતો જાણવા માટે છે – વજન દેવાની જરૂર નથી. જો જાણવાના વિષય ઉપર વજન જાય તો સહજમાં શાસ્ત્રીય અભિનિવેષ થઈ જાય. વસ્તુ વ્યવસ્થા જાણવા સિદ્ધાંત જ્ઞાન ઉપકારી છે. તથાપિ વજન દેવા - ન દેવામાં પ્રયોજનની દૃષ્ટિ જોઈએ.

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૫૮૯)

## તા. ૧૪-૦૬-૧૯૯૬, પ્રવચન નં. ૫૫
## પત્રાંક – ૨૧૭

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્ર ૨૧૭મો, સોભાગભાઈ ઉપર લખેલો પત્ર છે. સોભાગભાઈ છએક મહિનાથી કૃપાળુદેવના પરિચયમાં છે અને એમની કેટલીક માન્યતા સંગદોષને કારણે હિન્દુધર્મને લગતી થયેલી એટલે એમને કેટલાંક દૃષ્ટાંતો ભાગવતમાંથી આપ્યાં છે અને ભાષાનો પ્રયોગ પણ એ હિન્દુ શાસ્ત્રોની જે પરિભાષા છે એવો કર્યો છે.

એમનો પોતાનો દૃષ્ટિકોણ એવો રહ્યો છે કે, સોભાગભાઈ જે પરિસ્થિતિમાં ઊભા છે એમાંથી એમને કેવી રીતે સન્માર્ગ તરફ લઈ આવવા. આ એક એમની વિચક્ષણતા હતી કે, કોઈપણ મુમુક્ષુ ગમે તેવી અયોગ્યતામાં ઊભો હોય પણ જ્ઞાનીની સમીપ આવ્યો છે એ તેની યોગ્યતા છે. આમ તો સંસારના બધા જીવોમાં અયોગ્યતા તો હોય જ છે. દરેકને ચારેય પ્રકારના પ્રતિબંધો હોય છે, દરેકને પ્રકૃતિ દોષો હોય છે – આ બધું તો બધામાં હોય જ છે. છતાં પણ જે જીવ જ્ઞાનીપુરુષની સમીપ આવે છે, એવી કંઈક યોગ્યતા વિશેષ એનામાં દેખાય છે ત્યારે જ્ઞાનીપુરુષ એને સન્માર્ગ તરફ કેવી રીતે લઈ જવો ? એ પ્રકારે તેને Treatment આપે છે અને સમજણ આપે છે.

સોભાગભાઈમાં આ પ્રકારની અયોગ્યતા કહી શકાય કે એમની માન્યતા ગૃહીત મિથ્યાત્વ તરફ હતી. આમ તો સ્થાનકવાસી સંપ્રદાયમાં જ ગૃહીત મિથ્યાત્વ તો બધાને હતું જ. પણ થોડા હિન્દુધર્મ તરફની માન્યતામાં કે ચમત્કાર તરફ કે એવું બધું થોડું આકર્ષણ થયેલું, પરંતુ કૃપાળુદેવને મળ્યા પછી તેમની કૃપાળુદેવ પ્રત્યે એકદમ શ્રદ્ધા થઈ, વિશ્વાસ ખૂબ આવ્યો, એટલું જ નહીં એમના પ્રત્યે ભક્તિ અને પ્રેમ, પ્રેમભક્તિ, એટલા ગુણો એમનામાં વિશેષ હતા. તેમજ કોઈ એવી ગર્ભિત યોગ્યતા હતી અથવા એવી સરળતા વિશેષ હતી. એક

મોટો ગુણ સરળતાનો હતો. સરળતા વિશેષ એવી હતી કે એ સરળતા જોઈને કૃપાળુદેવને પણ પોતાના આત્મભાવો વિશેષપણે આવિર્ભાવ પામ્યા. જે વ્યક્તિના મળવાથી, યોગથી પોતાના આત્મભાવો વિશેષ આવિર્ભૂત થયા, એવું નિમિત્તત્વ એ પણ એક એમની વિશિષ્ટ પ્રકારની, અતિ વિશિષ્ટ પ્રકારની યોગ્યતા સમજવી જોઈએ. અને તેથી એમણે સોભાગભાઈને ઘણો Response આપ્યો. બીજાં મુમુક્ષુઓ કરતાં પણ એમને વધારે Response આપ્યો છે, એ વાત એમના પત્રો ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

'પરમ પૂજ્ય,' શ્રી સૌભાગ્યભાઈ (માટે) પરમ પૂજ્ય વિશેષણ અહીંયાં વાપર્યું છે. જુઓ ! એમના પ્રત્યે પૂજ્યભાવ પણ થયેલો. કેમ ? કે પોતાને એ ઉપકારી થયેલા. આત્મામાં આગળ વધવા માટે પોતાને ઉપકારી થયેલા. તો એ દ્રવ્યમાં કાંઈક યોગ્યતા વિશેષ છે એ વાત તો નક્કી થઈ ગઈ.

'આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગળ આ સાથે બીડું છું.' કંઈક પ્રશ્નો પુછાવેલા અને એનો ઉત્તર પણ આ પત્રમાં આપે છે.

'પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે.' હવે પરમાત્માના સ્વરૂપની તો ઓઘસંજ્ઞાએ વાત ચાલતી હોય છે. ગૃહીત મિથ્યાત્વમાં હોય ત્યાં સુધી કંઈ સર્વજ્ઞદેવ જિનેન્દ્ર પરમાત્મા જે આપણે કહીએ છીએ એનું સ્વરૂપ તો ખબર ન હોય. ઓઘસંજ્ઞાએ લોકોમાં પરમાત્મા એટલે કોઈ એવું પરમતત્ત્વ (છે) કે જે સર્વથા પૂજનીય છે અને ભક્તિ કરવા યોગ્ય છે. પરમાત્માની ભક્તિ કરવી જોઈએ. ત્યારે કહે છે કે પરમાત્મા સર્વગુણસંપન્ન છે એમ સૌ માનવાના, પરમાત્મામાં દોષ ન હોય એમ પણ માનવાના. કેમકે પરમાત્માને કંઈ કોઈ દોષિત સ્વીકારે ? ઓઘસંજ્ઞામાં આ બે વાત તો હોય જ છે – સર્વગુણસંપન્ન અને નિર્દોષ. ઓઘસંજ્ઞાએ પણ અન્યમતમાં પણ પરમાત્મા માટે આટલી કલ્પના તો એ લોકો કરવાના જ. કોઈ પોતાના પરમાત્માને દોષવાળા તો માને નહીં કે અધૂરા પણ માને નહીં. એટલે મૂળ જે પરમતત્ત્વ સંપૂર્ણ નિર્દોષ અને સર્વગુણસંપન્ન છે એ વાત તીર્થંકરની દિવ્યધ્વનિ દ્વારા જગતમાં એટલી ફેલાયેલી છે કે અન્યમતિઓ પણ પોતાના પરમાત્માને એવા જ કલ્પે છે. ઠીક છે, એવા કોઈ આત્મામાં અથવા પરમ આત્મામાં પૂજ્યબુદ્ધિ થતી હોય અથવા પ્રેમ આવતો હોય, પરમસ્નેહ, પરમપ્રેમ આવતો હોય તો ગમે તેવી વિકટ વાટેથી એટલે એવો સ્નેહ અને એવો પ્રેમ કરતા, એવી ભક્તિ કરતા કંઈ તકલીફ ઊભી થતી હોય, કંઈ સહન કરવું પડતું હોય તો એ સ્વીકાર કરી લેવો. પણ તે કરવો

યોગ્ય જ છે, કરવો જ જોઈએ.

'સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે.' હવે કૃપાળુદેવ પોતાને માટે લખે છે કે અમને તો સરળ વાટ મળી છે. કેમકે પોતે રસ્તો જોઈ લીધો છે. વાટ એટલે ઉપાય, રસ્તો, માર્ગ. વાટ એટલે માર્ગ. પોતાને માર્ગ તો સરળ મળી ગયો છે પણ વેપારની જે ઉપાધિ છે તેના કારણે ઉપયોગ વ્યાપારમાં જે દેવો પડે છે એને કારણે તન્મયતા જેટલી આવવી જોઈએ એટલી સંતોષકારક તન્મયતા પોતાના પરમસ્વરૂપમાં આવતી નથી અને એકતાર સ્નેહ ઊભરાતો નથી અને એકધારું જે પોતાને પોતાના પરમાત્મામાં પરમપ્રેમનું કામ કરવું છે, એની પોતાને ખામી લાગે છે, એ વાતની પોતાને ખામી લાગે છે અને તેથી ખેદ રહ્યા કરે છે.

જ્ઞાનદશા પામ્યા છે છતાં પૂર્ણદશાનું લક્ષ છે એટલે જે વર્તમાન સ્થિતિ છે એમાં અસંતોષ છે અને તેનો ખેદ છે. સંતોષ નથી કે ચાલો પામી તો ગયાને, હવે વાંધો નહીં, એમ નથી. હજી પણ મારું પરિણમન જે એકધારું ચાલવું જોઈએ એ ચાલતું નથી અને મારે ઉપાધિમાં ઉપયોગ દેવો પડે છે એનો મને ખેદ છે.

'અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે.' એમ થાય છે કે બધું છોડીને એક વખત જંગલમાં ચાલ્યા જઈએ અને એકધારું આરાધનામાં લાગી જઈએ. કોઈ જાતની લપ્પનછપ્પન કંઈ હોય નહીં અને બસ ! જંગલની અંદર પૂરી નિવૃત્તિમાં પૂરેપૂરો સમય પોતાના આત્મામાં લગાવી દઈએ. એટલે 'વનવાસની ઇચ્છા થયા કરે છે.' આમ વનમાં જવાની ઇચ્છા શરૂઆતથી જ થયા કરે છે કે બસ ! મુનિદશામાં આવીને વનમાં ચાલ્યા જઈએ તો આ બધી સંસારની ઉપાધિની ભાંજગડ મટી જાય.

'જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી,...' હવે જ્યારે અહીંયાં વનમાં જવાની ઇચ્છા રહે એટલે વૈરાગ્ય તો ઘણો છે તો જ જંગલમાં જવાનું મન થાય, ઇચ્છા થાય. એટલે એમ કહ્યું કે ભલે ઘરમાં છીએ તોપણ વૈરાગ્ય તો એટલો બધો છે કે જાણે વનમાં ઉદાસીનતા આવે એટલી અમને ઘરમાં ઉદાસીનતા વર્તે છે. ક્યાંય ઘરમાં અમારું મન લાગતું નથી. પરાણે પરાણે ધંધા-વેપારની પ્રવૃત્તિ કરવી પડે (એ) બીજી વાત છે, બાકી અમારું ક્યાંય મન લાગતું નથી.

'પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે,...'

વ્યાપારની જે ઉપાધિ છે એમાં કેટલીક જવાબદારીઓ એવી છે કે જો એ જવાબદારીઓમાંથી પોતે ખસી જાય તો ઘણાના પરિણામ બગડવાનું કારણ થઈ જાય અને પોતે પણ નૈતિકતા ચૂક્યા હોય એવો આરોપ આવી જાય. એવો આરોપ આવી જાય. એટલે એ ઉપાધિમાં રહીને સાધના સાધવી અને પોતાના આત્માનો વિકાસ કરવો, એવો નિર્ણય પોતે અત્યારે હાલ તુરત લીધેલો છે કે અત્યારે વ્યાપારમાં રહીને પણ આત્મસાધનામાં તો આગળ વધવું જ. એટલે નીરસ પરિણામથી ઉપાધિમાં રહેવું અને પોતાના આત્મકાર્યની અંદર વધારે સાવધાન રહેવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પોતાના પરિણામોની યોગ્યતા જોઈને પોતે આમ રસ્તો કાઢ્યો છે.

'પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે,...' એટલે પોતાને જરૂર લાગે છે કે આમાં ઉપયોગ દેવો પડશે, ઉપયોગ દીધા વગર ચાલશે નહીં. અને એ વાતથી જે કંઈ પોતાને ક્ષતિ દેખાય છે એનો ખેદ રહે છે 'કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે;...' પરમ સ્નેહ એટલે પોતાની આરાધના. પરમાત્મા પ્રત્યેનો, નિજ પરમાત્મા પ્રત્યેનો પરમ સ્નેહ એટલે કે પોતાની આરાધના. એ આરાધનામાં એટલી ક્ષતિ પહોંચે છે, એટલું આવરણ આવે છે. આડા આવે છે, એ પરિણામો – ઉપયોગ દેવાના પરિણામો આડા આવે છે.

'અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી.' એમ ને એમ આયુષ્ય પૂરું કરવું નથી. શું કહે છે ? આયુષ્ય પૂરું કર્યા પહેલા પરમ સ્નેહ અને પરમ ભક્તિ – પ્રેમભક્તિમાં આવી જવું છે. આ ભવ એટલે આ ભવ એમ ને એમ પૂરો કરવો નથી. દેહત્યાગ કરવો એટલે આયુષ્ય પૂરું થવું, આયુષ્ય પૂરું થવું એટલે ભવ પૂરો થવો, એ રીતે ભવ પૂરો નથી કરવો. હજી આ જ ભૂમિકામાં એકદમ આગળ વધવું છે.

'કદાપિ સર્વાત્માની એવી જ ઇચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું.' સર્વાત્માની એટલે સર્વજ્ઞ પરમાત્માની કદાચ એવી ઇચ્છા હશે એટલે એમના જ્ઞાનમાં એવું હશે કે આ ભલે હજી આમ ને આમ નીચે ને નીચે રહે, આને હજી કર્મનો ઉદય ઘણો બાકી છે અને આ ઉપાધિમાં હજી ભલે રહે તો કહે છે કે ગમે તેમ વિનંતી કરીને એમ કહેશું કે તમારી આ ઇચ્છા મહેરબાની કરીને ફેરવો, હું આમ ને આમ નહીં રહી શકું. ભગવાનને હું વિનંતી કરીશ કે તમારા જ્ઞાનમાં આમ જોયું હોય તો જ્ઞાન ફેરવો અને ઇચ્છા

થઈ હોય તો ઇચ્છા ફેરવો. હું તો દીન થઈને આપને વિનંતી કરું છું કે આવી રીતે હું રહી શકું એમ નથી. ઠીક ! મહેરબાની કરો મારા ઉપર. તમારી ઇચ્છા હોય તો ઇચ્છાને ફેરવો અને જ્ઞાન હોય તો જ્ઞાનને ફેરવો પણ હું આમાં રહેવા માગતો નથી.

મુમુક્ષુ :– કેટલી કેવલજ્ઞાન લેવાની તમન્ના છે !

પૂજ્ય ભાઈશ્રી :– એટલી પોતાના આત્મકલ્યાણમાં આગળ વધવાની તીવ્ર ઝંખના છે કે ભગવાને એના જ્ઞાનમાં જોયું હોય તો એમ થાય કે નહીં, એ જ્ઞાન મારે ફેરવવું પડશે. એમને વિનંતી કરીને, દીનતા કરીને, પગે લાગીને. હાથેપગે લાગીને ન આપણે કહીએ ? કે ભાઈ ! હવે હાથેપગે લાગીને (કહીએ છીએ) કે હવે તમે આ કામ કરો, એમ.

'પણ પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે;...' આ આયુષ્ય પૂરું નહીં કરું. મારા સ્વરૂપમાં લીન થવાની એક લયે આરાધના કર્યા વિના મારે આ ભવ પૂરો કરવાનો (એમ) દેખાતું નથી. એવી ભાવના છે જુઓ !

પ્રશ્ન :– નિરવશેષપણે અંતર્મુખપણું રહી જાય એવી ભાવના છે ?

સમાધાન :– હા, એકધારું અંતર્મુખપણું રહી જાય એ એમની ભાવના છે.

'અને વારંવાર એ જ રટના રહેવાથી...' એ વારંવાર રટણ ચાલુ થઈ ગયું છે 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે.' એ વિકલ્પ વારંવાર ઊઠે છે કે ચાલ્યા જઈએ, જંગલમાં ચાલ્યા જઈએ, આ બધું છોડીને એક વાર જંગલમાં (ચાલ્યા જઈએ). જ્યારે સરળ વાટ મળી છે, મોક્ષનો માર્ગ હાથમાં આવી ગયો છે તો હવે પૂરેપૂરું એનું આરાધન કરી લઈએ. શા માટે હવે છોડીએ ? ક્યાંય અમને લગવાડ તો રહ્યો નથી પછી શું કરવા આમાં અટકીને રહેવું ? ચાલ્યા જઈએ, બસ ! ચાલ્યા જઈએ. આમ ચોવીસમાં વર્ષે, હજી તો યુવાનીની શરૂઆત થાય છે પણ જંગલમાં જવાના ભાવો આવે છે.

'આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.' ઠીક ! જો અમને નિરંતર આપનો સત્સંગ રહે તો અમને તો અહીંયાં પણ વનવાસ લાગે, એ સત્સંગ અમને બહુ રુચે છે, તો અમારો આત્મા અંદરથી કોળી ઊઠે. અમારો આત્મા અંદરથી કોળી ઊઠશે, એમ કહે છે. અમારો આત્મા અંદરથી ઊછળશે. એમ સરખામણી કરી છે. જુઓ ! સત્સંગની અને વનવાસની સરખામણી કરી લીધી છે.

મુમુક્ષુ :– સત્સંગને એવું મહત્ત્વ આપ્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, સત્સંગ પણ એવો હતો. સોભાગભાઈ સાથેનો એમનો સત્સંગ

પણ એવો જ હતો.

મુમુક્ષુ :- પોતાનું હૃદય ખોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હૃદય ખોલે છે.

'ગોપાંગનાની જેવી શ્રીમદ્‌ ભાગવતમાં પ્રેમભક્તિ વર્ણવી છે, એવી પ્રેમભક્તિ આ કળિકાળમાં પ્રાપ્ત થવી દુર્લભ છે,...' એમને જે શ્રીકૃષ્ણ પ્રત્યે ભક્તિ હતી એ ભક્તિ આ કાળમાં કોઈને પ્રાપ્ત થાય એવું દેખાતું નથી. એ પાગલ થઈ ગયેલી. એવું કોઈ પાગલ થાય એવું તો કંઈ દેખાતું નથી.

'એમ જોકે સામાન્ય લક્ષ છે,...' કોઈ વિશેષ વ્યક્તિની વાત જુદી છે પણ એવું એક અમને સામાન્ય ખ્યાલમાં રહે છે. 'તથાપિ કળિકાળમાં નિશ્ચળ મતિથી એ જ લય લાગે તો પરમાત્મા અનુગ્રહ કરી શીઘ્ર એ ભક્તિ આપે છે.' તોપણ આ કળિકાળમાં નિશ્ચળ મતિથી એટલે બુદ્ધિમાં નિર્ણય કરે કે, મારે તો આ જ જોઈએ બીજું કંઈ નથી (જોઈતું), પોતાને નિર્ણય થઈ જાય અને જો એને લય લાગે તો એને એવી ભક્તિ પણ ઉત્પન્ન થાય અને એ પરમાત્માનો અનુગ્રહ સમજવો, એ પરમાત્માની કૃપા (સમજવી). જો કોઈ જીવને એવી ભક્તિ થાય તો ખરેખર પરમાત્માએ એના ઉપર કૃપા કરી છે એમ માની લેવું, અનુગ્રહ કર્યો છે એમ માનવું.

પ્રશ્ન :- પહેલા પેરેગ્રાફમાં પરમાત્મા એટલે પોતાના આત્માની વાત છે અને બીજા પેરેગ્રાફમાં શ્રીકૃષ્ણ એટલે સત્પુરુષની વાત આવી તો આમાં કેવી રીતે સંધિ થશે ?

સમાધાન :- એટલે શું છે કે, સત્પુરુષમાં ને આત્મામાં ફરક શું ? મુમુક્ષુને શું ફરક ? જો ફરક હોય તો હજી કંઈ એ વાતમાં બરાબર સમજણ આવી નથી. એને એ જ આધાર છે, એને એ જ પરમાત્મા છે, એને એ જ આત્મા છે. મુમુક્ષુને આત્મામાં અને પોતાના શ્રીગુરુમાં – પરમાત્મામાં કંઈ ફેર નથી રહેતો, એમ છે. પછી જ એને પોતાનું પરમ સ્વરૂપ મળે છે.

'જડભરતજીની શ્રીમદ્‌ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે;...' આખ્યાયિકા એટલે જે કંઈ વર્ણન કર્યું છે, વ્યાખ્યાન જેના ઉપરથી આપણે કહીએ, એને આખ્યાન પણ કહેવાય છે અને વ્યાખ્યાન પણ કહેવાય છે. એનો એકાર્થ છે. એની અંદર એક જડભરતજીની ભાગવતની અંદર કથા આવે છે. એમાં શું હતું ? કે પૂર્વભવમાં પણ એમનું નામ ભરત હતું. મનુષ્ય થઈને મનુષ્ય થયેલા, મનુષ્ય મટીને મનુષ્ય થયેલા. હવે ત્યાં પણ કોઈ વૈરાગ્યને

લઈને વનવાસમાં ગયેલા. ત્યાં કોઈ હરણ-બરણ પાળેલું અને એ હરણના આત્મા સાથે થોડો વધારે પડતો રાગ થઈ ગયો એટલે એની સેવા ને સુશ્રૂષા ને એ માંદું પડેલું ને કંઈક હરણની સેવા-ચાકરી કરી ને એમ ને એમ એના પ્રત્યે રાગ વિશેષ રહ્યો અને એમાં આયુષ્ય પૂરું થઈ ગયું અને પાછા મનુષ્ય થયા અને જાતિસ્મરણ જ્ઞાન થયું કે શું થયું મારે ? પાછો આ ભવમાં પણ વૈરાગ્ય આવ્યો. વૈરાગ્ય આવીને જંગલમાં ગયા પણ એ જ્ઞાન હતું એટલે ભૂલ એમને ખ્યાલમાં આવી કે, મારી સાધનામાં મારા રાગને કારણે હું અટક્યો હતો. એટલે એક પશુનો, જંગલ અંદર હરણનો સંગ કરવામાં પણ દોષ લાગ્યો એટલે હવે વર્તમાનમાં કોઈનો સંગ કરવો નહીં, એ દશામાં – અસંગદશામાં એ જંગલમાં રહેતા હતા, એ વાતની ત્યાં કથા ચાલી છે. એમનું વજન અસંગતા ઉપર છે. એમનું વજન ક્યાં છે ? અસંગતા ઉપર છે.

મુમુક્ષુ :– જડ એટલે મૌન નહીં, જડ એટલે અસંગતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જડ એટલે શું છે કે જો એ વાતચીત કરે તો ક્ષયોપશમવાળા જીવ હતા, લોકોને આકર્ષણ થાય અને લોકોનો સંગ વધી જાય એટલે જડની જેમ બેસી રહે, એ એમણે વિચક્ષણતા વાપરી. કોઈ એમને મળે ત્યારે એમ લાગે કે આ સાવ જડ છે, એમનું નામ ભરત, એટલે પછી જડભરત એવું નામ પડી ગયું કે આ ભરત છે પણ સાવ જડભરત છે. અત્યારે પણ કોઈ એવા હોય એને જડભરત કહેવામાં આવે છે. પણ એ ઇરાદાપૂર્વક એમ રહેતા હતા. એટલે શું છે કે અસંગદશા એ જાળવી શક્યા, નહીંતર અસંગતા ન રહેત, એમ વાત છે.

'એ દશા વારંવાર સાંભરી આવે છે.' એટલે પોતાને પણ એમ થાય છે કે હું પણ આમ રહી જાઉં, જડભરત થઈ જાઉં. ક્ષયોપશમ ઘણો છે અને બધા વળગે છે. અમને સમજાવો, અમને સમજાવો, એમ. અમને કંઈક કહો 'અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે.' લોકોમાં તો આબરૂ જાય. લોકો શું કહે ? કંઈ નથી એનામાં, સાવ જડભરત છે. આ કહે સારી વાત છે. ઉન્મત્ત એટલે ગાંડો, ગાંડા જેવો માણસ છે, કંઈ અક્કલ નથી, કંઈ સમજણ નથી. પોતાને અંદરમાં જે સાધના ચાલે છે, આરાધના ચાલે છે એ 'પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે.'

'એ દશા વિદેહી હતી.' એ જ્ઞાનદશામાં આવી ગયેલા, વિદેહી દશા હતી. એ પ્રકારની દશામાં એ વિચક્ષણતા એમણે જાણી જોઈને સ્વીકારેલી. 'ભરતજીને હરણના સંગથી જન્મની

વૃદ્ધિ થઈ હતી...' પૂર્વભવમાં હરણનો સંગ કરેલો 'અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા.' એ કારણથી (પોતાને) બધો ખ્યાલ હતો. 'એવાં કારણથી મને પણ અસંગતા બહુ સાંભરી આવે છે;...' હવે એ આખ્યાયિકાથી પોતાને એવી ભાવના થઈ જાય છે કે હું આવો થઈ જાઉં તો સારું ! હું પણ જડભરત જેવો થઈ જાઉં તો સારું ! ઠીક ! કેવી ભાવના ભાવે છે ! લોકોમાંથી ખસી જવા માટે. જે કંઈ એમની આજુબાજુ વર્તુળ હતું એમાંથી ખસી જવાનો એમનો ભાવ છે. એકાંતમાં રહીને આત્મકાર્યમાં લાગી જવું.

મુમુક્ષુ :– આવા ઘેલા પ્રભુને ત્યાં પહેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કારણ કે ભગવાનની આરાધના એ જ કરે છે, બીજાં બધાં તો લપ્પનછપ્પનમાં પડ્યા છે. કંઈ લગવાડ નહીં, એક જ પોતે અને પોતાનો પરમાત્મા, જાઓ !

'એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે;...' મુદ્દો આ છે – અસંગ રહેવાની પોતાને વહાલપ છે, અસંગતા પ્રિય છે. 'અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે.' ઘણું દુઃખ લાગે છે. આવી અસંગતા નથી વર્તતી એનું ઘણું દુઃખ લાગે છે. 'યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે.' મૃત્યુ કરતાં પણ વધારે દુઃખ થાય છે. પ્રાણીને મૃત્યુ વખતે યમરાજા લેવા આવે છે એવી કથા છે ને ? આમ કોઈ લેવા આવતું નથી પણ માણસને બીક લાગે, હેં ! હું મરીશ ત્યારે મને જમડો લેવા આવશે ! પછી જમડા મારે એને, પછી એને માર મારે કે, જો તેં આવો અપરાધ કર્યો હતો, હું તને આમ મારીશ, જો તેં આવો અપરાધ કર્યો હતો, હું તને આમ મારું છું. એમ કહેતો જાય ને મારતો જાય, કહેતો જાય ને મારતો જાય. એટલે લોકોને બીક ગરી ગઈ છે, મૃત્યુની બીક ગરી ગઈ છે. બિહામણા સ્વરૂપે ઈ આવે. પાડા ઉપર બેસેલું. આ લોકો બિહામણું ચિત્ર દોરે છે. એ દુઃખદાયક લાગે એના કરતાં અમને સંગ વધારે દુઃખદાયક લાગે છે, એના કરતાં પણ વધારે અમને સંગનું વધારે દુઃખ છે. યમ કરતાં સંગનું દુઃખ વધારે છે. એટલે અસંગતા કેટલી પ્રિય છે !

'એમ અંતર્વૃત્તિઓ ઘણી છે...' અંતર્મુખ થવાની વૃત્તિ ખૂબ છે, એમ. અંતર્મુખ રહી જવાની વૃત્તિ ઘણી તીવ્ર છે. 'કે જે એક જ પ્રવાહની છે.' એનો એકધારો (પ્રવાહ છે), એનો બીજો પ્રવાહ નથી. અંતર્મુખવૃત્તિનો બીજો પ્રવાહ નથી. 'લખી જતી નથી;...' એ કંઈ હું કાગળમાં લખી શકતો નથી 'રહ્યું જતું નથી;...' અને રહેવાતું પણ નથી એટલે તમારી

પાસે થોડું ઠાલવું છું, એ એક જ પાત્ર હતું. આવી પોતાની અંતર્વૃત્તિઓ અને અંતર્દશા લખવાનું એક એમને પાત્ર હતું, એ સોભાગભાઈ હતા.

'અને આપનો વિયોગ રહ્યા કરે છે.' શું કહીએ ? જો આપનો સંયોગ હોય તો ઘણી વાત અંદરની કાઢી કાઢીને કહીએ પણ 'આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી.' અને આપનો સત્સંગ રહ્યા કરે એવો કોઈ ઉપાય પણ દેખાતો નથી. તમે પણ કેટલાક બંધનમાં છો, અમે પણ કેટલાક બંધનમાં છીએ, આ પરિસ્થિતિમાં રહેવું પડે છે.

'ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી.' અને વર્તમાનમાં જે પરિસ્થિતિ છે એની અમને કોઈ દીનતા નથી. એમાં અમે ક્યાંય દીનતામાં રહીને ઉદયના કાર્યો કરીએ છીએ, એવું પણ નથી. પૂર્વકર્મનું દેવું ચુકવી દેવું, પ્રમાણિકતાથી પૂર્વકર્મનું દેવું ચુકવી દેવું, પણ કંઈક મેળવવા માટે દીનતા કરવી, એ બિલકુલ અમને પોસાય એવું નથી.

'ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.' આ જ્ઞાનદશાનું લક્ષણ છે. તમામ અજ્ઞાની મનુષ્યોને ભવિષ્યની ચિંતા ઉત્પન્ન થયા વિના રહે નહીં. ગમે તેટલો સંપન્ન હોય નહીં ! કોઈ માણસ દરિદ્રી હોય એને તો ભવિષ્યની ચિંતા થાય એ બહુ સ્વાભાવિક લાગે પણ અત્યારે વાંધો ન હોય, બે-પાંચ-પચીસ-પચાસ વરસ સુધી વાંધો ન (આવે તેમ) હોય, આજનો વાંધો ન હોય એમ નહીં, કોઈને બે-પાંચ વરસ સુધી વાંધો ન હોય, કોઈને પાંચ-પચ્ચીસ વરસ, આયુષ્યપર્યંત સુધી વાંધો ન હોય, એ પણ ભવિષ્યની ચિંતા (કરે છે), એના પરિણામ ભવિષ્ય માટે લંબાવાના, લંબાવાના ને લંબાવાના. એ અજ્ઞાનતાનું લક્ષણ છે.

જ્ઞાનદશાનું એ લક્ષણ છે કે એક ક્ષણનો વિચાર ન કરે. જે થાવું હશે એ થાશે. ક્ષણ પછી, કાલે કે ભવિષ્યમાં ગમે ત્યારે જે થવાનું હશે તે થશે, મારે એનો વિકલ્પ કરવાની જરૂર નથી. હું અત્યારે મારા કામમાં લાગેલો રહું. કેમ ? કે ભવિષ્યની ચિંતા કરનારા વર્તમાન પુરુષાર્થને ખોઈ બેસે. એનો વર્તમાન પુરુષાર્થ પોતાના આત્મા પ્રત્યે ઊપડે જ નહીં. એનો પુરુષાર્થ ભવિષ્યની ચિંતામાં એક જ ઠેકાણે લાગેલો રહે. એટલે એ પોતાના વર્તમાનને ગુમાવે છે અને પોતાનું આત્મકાર્ય કરી શકતા નથી.

યથાર્થ મુમુક્ષુ અને જ્ઞાની પોતાના આત્મકાર્યમાં લાગેલા રહે છે, એટલા બધા લાગેલા રહે છે કે, વર્તમાનમાં મારે આ જ કરવું છે. એટલી બધી એને આત્મહિતની કિંમત ભાસી

છે, આત્મકલ્યાણની એટલી બધી કિંમત (ભાસી છે) કે, કાલે શું થશે ને પછી ભવિષ્યમાં શું થશે ? એનો વિકલ્પ કરવાનો એમને અવકાશ નથી. એનો વિકલ્પ કરવાનો અવકાશ નથી. મારે અત્યારે આ કરવું છે, હું અત્યારે આમાં લાગી પડવા માગું છું. બસ ! કાલની કાલે વાત. અત્યારે તો મારે આ જ કરવું છે, એટલું મૂલ્યાંકન પોતાના સ્વરૂપ તરફના આત્મકાર્યનું ભાસે છે અને એ જ કાર્ય કરી શકે છે. બાકી કાર્ય કરવાનો કોઈ ઉપાય નથી.

'સત્-સત્' એનું રટણ છે.' મને તો મારા આત્માનું રટણ છે. બસ ! આત્મા સિવાય બીજું કંઈ સૂઝતું નથી. 'અને સત્નું સાધન 'તમે' તે ત્યાં છો.' ઠીક ! રટણ સત્નું છે અને સત્નું સાધન, વિશેષ પ્રકારે આરાધન કરીએ, સાધન કરીએ, એવું જે એક નિમિત્ત છે એ 'તમે' અમારી સમીપ નથી. એમને બહુ દુઃખ છે, સોભાગભાઈની સમીપતા વર્તતી નથી એનું ઘણું દુઃખ છે.

'સત્નું સાધન 'તમે' તે ત્યાં છો. અધિક શું કહીએ ? ઈશ્વરની ઇચ્છા એવી છે,...' એવી જ કોઈ ઈશ્વરેચ્છા છે, એમ લાગે છે. ઈશ્વર ઇચ્છા એટલે અહીંયાં પ્રારબ્ધ કોઈ એવું છે. 'અને તેને રાજી રાખ્યા રહ્યા વિના છૂટકો નથી.' એ ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ કરીએ તો ઈશ્વર નારાજ થઈ જાય. એટલે કે પ્રારબ્ધ ભોગવ્યા વગર આપણે છૂટકો નથી. 'નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ;...' નહીંતર અત્યારે મુંબઈના વેપારમાં રોકાઈ ગયા છીએ, એમ અમે રોકાઈએ નહીં. 'અને ધાર્યું કરીએ,...' એટલે નિવૃત્તિ લઈ લઈએ અને સત્સંગમાં રહીએ.

'પરમ પીયૂષ અને પ્રેમભક્તિમય જ રહીએ !' પીયૂષ એટલે અમૃત, પીયૂષ એટલે અમૃત. પરમ અમૃત, આત્માના અમૃતને પીધા કરીએ અને આત્માની પ્રેમભક્તિમાં રહી જઈએ, બ...સ ! આ ક્યાંય વેપારની ઝંઝટમાં પડીએ નહીં, પણ કોઈ પ્રારબ્ધનું બંધન છે એને સ્વીકાર્યા વિના છૂટકો દેખાતો નથી. એટલે ઈશ્વરેચ્છાને માન્ય કરી દીધી છે અને એને ક્યાં નારાજ કરવો ? ઈશ્વરને ક્યાં નારાજ કરવો ? ઈશ્વર કાંઈ નારાજ થાય એવું સ્વરૂપ નથી પણ અહીંયાં પ્રારબ્ધને Overtake કરવાની પરિસ્થિતિ દેખાતી નથી, એમ સ્પષ્ટ પોતાને લાગે છે એટલે સોભાગભાઈની ભાષામાં લખે છે. એ પેલી વાત લખે તો સમજે નહીં. આપણે જે સૈદ્ધાંતિક વાત સમજીએ છીએ, એ લખે તો ન સમજે. એટલે એમને એમની ભાષામાં સમજાવે છે.

'પણ પ્રારબ્ધકર્મ બળવત્તર છે !' જુઓ ! છેલ્લા એ વાક્ય ઉપરથી બધો ઉકેલ નીકળે છે કે જે પ્રારબ્ધકર્મ છે એ અમારું ઘણું બળવાન દેખાય છે, તમારું પ્રારબ્ધકર્મ પણ ઘણું બળવાન દેખાય છે અને પરિણામે આપણો સત્સંગ નથી રહેતો, એ પરિસ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે. 'આજે આપનું એક પત્ર મળ્યું.' સોભાગભાઈ પત્રો ઘણા લખતા. આજે પણ એક પત્ર મળ્યું છે.

મુમુક્ષુ :– ઉપરના પેરેગ્રાફમાં સત્સંગનું મહત્ત્વ કેટલું લખે છે !

પૂજ્ય ભાઈશ્રી :– સત્સંગનું મહત્ત્વ તો, જ્ઞાનદશા પછી પણ એમને સત્સંગનું મહત્ત્વ કેટલું દેખાણું છે ! સત્સંગ નથી તો સત્સંગનો વિયોગ કેટલો સાલે છે ! આમ છે. નહીંતર વેપારની અંદર ઉપયોગ ચોંટી ગયા વગર રહે નહીં. જો આ પ્રકારના અંદરમાં પરિણામ ન રહે તો બહારમાં જે ઉદય છે એમાં એકદમ પરિણામ ચોંટી જાય, લાગી જ જાય અને ઉદયમાં નુકસાન થયા વિના રહે નહીં. અને જીવ નુકસાન તો ઉદયમાં જ કરે છે ને ! બીજે ક્યાં કરે છે ? ઉદયમાં જ નુકસાન કરે છે.

આ તો ઘણી વાર આપણા મુમુક્ષુઓ એ પ્રશ્ન પૂછે છે ને ? કે સત્સંગ નથી. અમે જે ગામમાં રહીએ છીએ (ત્યાં સત્સંગ નથી). એ ઘણા ફરિયાદ કરે છે કે અમે ત્યાં જઈને શું કરીએ ? અમારે તો ત્યાં કંઈ સત્સંગ છે નહીં. સત્સંગ માટે આવે, પછી કાયમ માટે તો કંઈ રહી શકાય નહીં એટલે વળી પાછું ઉદયને હિસાબે બધાને જવાનું પણ થાય. સત્સંગ નથી. તો કહે (છે), સત્સંગ નથી તો સત્સંગના વિયોગના પરિણામ છે કે નહીં ? આ માપવાનું છે કે જો ખરેખર સત્સંગની તીવ્ર ભાવના રહેતી હોય તો સત્સંગના વિયોગના આવા પરિણામ રહે. જેમ સત્સંગ નિર્મળતા લાવે, તેમ સત્સંગનો વિયોગ પણ નિર્મળતા લાવે. હવે એવા પરિણામ કરો, એમ તો કહેવાય નહીં. કેમ ? કે એ કંઈ કરવાનો, કર્તૃત્વનો વિષય નથી. એ પરિણામ કરવાનો એ કોઈ વિષય નથી. એ સહજ થાય, વિયોગ રહે ત્યારે સહજ એવા પરિણામ થાય. એટલે કરવાનો ઉપદેશ એમાં દેવાતો નથી. સહજ પોતાને સત્સંગની જરૂરત લાગે તો એ પરિણામ થયા વિના રહે નહીં. બસ ! એ પરિણામ પણ એની નિર્મળતા લઈ આવશે.

મુમુક્ષુ :– એક બાજુ નિવૃત્તિ લઈને અંતર્મુખ થવા માટે વનમાં જવાની વાત કરે છે, અને એક બાજુ સોભાગભાઈને કહે કે તમારો સંગ અમારે વન જેવો છે ! અહીંયાં તો લોકો નિમિત્ત-ઉપાદાનના ઝઘડા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેટલો વૈરાગ્ય છે ! વૈરાગ્ય કેટલો છે !! મુંબઈમાં રહેવું નથી, જંગલમાં ચાલ્યા જવાનું મન થાય છે પણ જો સત્સંગ મળે તો અમને જંગલ ને તમે બધું સરખું છે. એટલું સત્સંગનું મૂલ્યાંકન છે !!

મુમુક્ષુ :– અહીંયાં સત્પુરુષને નિમિત્ત કહેવા કે ઉપાદાન કહેવા ?

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ માથાકૂટમાં ઊતરવા જેવું નથી. પરિણામને સંભાળો.

'આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું.' શું કર્યું ? ખાલી વાંચ્યું નહીં, વાંચીને હૃદયગત કર્યું. કેવા પત્રો લખતા હશે ? કે કૃપાળુદેવના હૃદયમાં ચોંટી જાય ! મુમુક્ષુનો પત્ર આવે ને જ્ઞાનીના હૃદયમાં ચોંટી જાય ! એણે પોતાના કેવા ભાવો વ્યક્ત કર્યા હશે ! 'એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં;...' બીજા હોય તો એમ કહી દઈએ કે ઉત્તર આપી શકીએ એટલો ઉપયોગ ચાલતો નથી. તમને પત્ર લખવાનો ઉપયોગ નથી ચાલતો. પણ તમારી પાસે એવી અમારી સત્તા નથી. તમે પ્રશ્નનો ઉત્તર માગો છો તો તમારી સત્તા અમારા ઉપર ચાલે છે, અમારી સત્તા તમારા ઉપર ચાલતી નથી. કેટલો અરસપરસ પ્રેમ છે !

મુમુક્ષુ :– ઉત્તર ન કહેવાનો અમારો અધિકાર અમારી પાસે નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અમારી પાસે અમારો અધિકાર નથી. તમને એમ ન લખી શકાય કે ઉત્તર નહીં લખીએ, એ અધિકાર અમારો નથી.

'ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે,...' એ કૌંસમાં લખ્યું કે, આપ તો જાણો છો, અમારી બધી ખબર છે, આપના અંતરમાં તો અમારા પરિણમનને આપ સારી રીતે જાણો છો. 'અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું,...' એટલે એમણે શું લખેલું ? કે કેટલીક પોતાની વાત પણ લખેલી કે, અમે અત્યારે બહુ કપરી પરિસ્થિતિમાં છીએ અને પરિણામો બગડે છે. આર્થિક પરિસ્થિતિ અને સંયોગોની પરિસ્થિતિ એટલી બધી ખરાબ હદે પહોંચી છે કે પરિણામો બગડે છે. છતાં ઈ બાબતમાં એમ કે, તમારી સમજણ બરાબર છે, એ અમને ખ્યાલ છે. કેવી રીતે સમાધાન રાખવું ? (એ તમને ખ્યાલ છે). છતાં પણ તમને વધારે બળ મળે એટલા માટે લખું છું. પરિણામોને બળ મળે એટલા માટે લખું છું.

'અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું,...' ઉદય અનુસાર, પ્રારબ્ધ અનુસાર જે થતું હોય તે થવા દેવું, એની સામે પરિણામ બગાડવા નહીં. આમ

કેમ થાય છે ? આમ કેમ થઈ ગયું ? એમ ન કરવું. 'ન ઉદાસીન, ન અનુદ્યમી થવું;...' ન ઉદાસીન અને ન અનઉદ્યમી થવું. ઉદાસીન ન થવું એટલે શું ? કે જરા પણ એ સંબંધી, જેટલો પણ વિકલ્પ આવે એટલો પુરુષાર્થ કરી લેવો, એટલું કંઈક કાર્ય કરી લેવું એટલે પરિણામો બગડે નહીં.

જેમ એક માણસને-નોકરને કામ સોંપ્યું હોય કે તમે અહીંયાં જઈને આટલું કામ કરી આવો. એ કામ કરવાની ત્યાં પરિસ્થિતિ ન હોય એટલે એમ કહે કે, હું ગયો હતો ખરો, મેં પ્રયત્ન આમ કર્યો પણ કામ નથી થયું. એટલે એની જવાબદારી પૂરી થઈ. કામ ન થયું એની જવાબદારી પૂરી થઈ ગઈ. એટલે એને કંઈ કહેવાનું રહ્યું નહીં. એટલે મેં કંઈ પ્રયત્ન જ નથી કર્યો એવું રહ્યું નહીં. અનુદ્યમી નથી, એવી ખોટી રીતે હું ઉદાસીન નથી રહ્યો.

'ન પરમાત્મા પ્રત્યે પણ ઇચ્છા કરવી...' અને એવું કંઈ માગવું નહીં કે આમ કેમ થયું નહીં ? મારું ધાર્યું કેમ ઊતર્યું નહીં ? કામ કેમ પાર પડ્યું નહીં ? એ પણ ઇચ્છવું નહીં. ભગવાન કેમ સામું જોતો નથી ? માણસ શું કહે ? ઈશ્વરકર્તામાં શું કહે ? ભગવાન કેમ સામું જોતો નથી ? એવી કોઈ ઇચ્છા ન રાખવી. 'અને ન મૂંઝાવું.' આમ પણ ન ચાલવું ને આમ પણ ન ચાલવું તો ચાલવું કેવી રીતે ? એમ કહે છે. એવી વિકટ પરિસ્થિતિમાં પરિણામને Balance રાખવા, એ એક મુમુક્ષુતાની પરીક્ષા છે. ત્યાં શું છે ? મુમુક્ષુની ભૂમિકાની પરીક્ષા છે.

જુઓ ! દરેક મુમુક્ષુને ઓછાવત્તા પ્રમાણમાં કંઈ ને કંઈ ઉદયની તકલીફવાળો ઉદય આવવાનો આવવાનો ને આવવાનો. ક્યારેક કાંઈક, ક્યારેક કાંઈક, કોઈને ક્યારેક કાંઈક, કોઈને કાંઈક. એ વખતે એને પોતાના પરિણામ ન બગડે અને પોતે પોતાની ભૂમિકામાં ઊલટાનો આગળ વધે, એ પ્રકારમાં જો એની પ્રવૃત્તિ હોય તો તે યથાર્થ છે. બહુભાગ મુમુક્ષુને પરિણામ બગડી જાય છે અને પોતે આગળ વધી શકતો નથી. લગભગ આ પરિસ્થિતિ હોય છે અને એને કારણે જ જીવને જ્ઞાનદશા દુર્લભ થઈ પડી છે. જ્ઞાનદશા જે દુર્લભ થઈ પડી છે એનું કારણ કે જે તે પ્રકારના પ્રતિકૂળ ઉદયો આવે છે એમાં જીવ મુમુક્ષુ હોવા છતાં પણ પરિણામ બગાડી બેસે છે.

એવા એક પ્રસંગમાં સોભાગભાઈને કૃપાળુદેવનો આધાર છે, એમને બહુ મોટો આધાર મળી ગયો છે એટલે Balance રાખી શકે છે. તોપણ ક્યારેક ક્યારેક પગ ફગી જાય છે, ક્યારેક ક્યારેક પવનના તોફાનના એવા ઝપાટા આવે છે કે, પગ ફગી જાય છે. પણ બરાબર

પકડી રાખ્યા છે, સત્પુરુષને – જ્ઞાનીપુરુષને બરાબર પકડી રાખ્યા છે. એટલે તરી ગયા, પકડી રાખ્યા છે એટલે તરી ગયા. નહીંતર સંસાર તરવો, આ સંસારને તરવો, એ છોકરાના ખેલ નથી. ક્યાંક ઉદય આવે ને ગડથોલું એવું ખાઈ જાય, પરિણામ ક્યાંયના ક્યાંય ! ઘણા દીર્ઘકાળનો ઉપાસેલો સત્સંગ કે જે કંઈ થોડી ઘણી સમજણ ભેગી કરી હોય, (એ) એક ઉદય ઝપાટે આવે, (ત્યાં) સાફ ! કમાણી ગઈ ને દેવામાં આવી જાય, આમ થાય છે. એટલે એવા પ્રસંગની અંદર જ્ઞાનીપુરુષનો યોગ હોય તો ઘણો ફરક પડે છે, એકલે હાથે જીતવું એ તો ઘણી કપરી વાત છે.

એટલે એમને માર્ગદર્શન આપે છે. 'ન ઉદાસીન...' થવું. હવે અહીંયાં શું છે ? ઉદાસીનનો અર્થ તમારે ખેદખિન્ન ન થવું. આવો ઉદય આવ્યો છે, આવો ઉદય આવ્યો છે, અરે..રે...! આવો ઉદય આવ્યો છે, એવું ન થવું જોઈએ. મૂંઝાવું પણ નહીં અને અનુદ્યમી ન થવું, થોડું કંઈક બુદ્ધિ સૂઝે એટલું થોડું કરી લેવું એટલે પરિણામ ખેંચાય નહીં. પણ ઇચ્છા ન રાખવી કે આનું ફળ આમ આવવું જ જોઈએ. મેં આટલું કર્યું ને કેમ સફળ ન થયો ? એમ નહીં ઇચ્છતા. એ બધું પ્રારબ્ધ પ્રમાણે થશે, તમે તમારી ફરજ પૂરી કરી. જેમ નોકર આંટો ખાઈ આવ્યો, એણે એનું કામ પૂરું કર્યું, કામ થયું ન થયું એ શું કરે ? એ શું કરે ? એમ હું શું કરું ? પરિસ્થિતિની સામે મેં આટલો ઉદ્યમ કર્યો, પણ એ ઉદ્યમ મારો સફળ ન થયો તો શું થયું ? બીજું શું કરું હું ?

'કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું;...' વાહ ! બહુ સરસ માર્ગદર્શન આપ્યું છે ! હવે એ શું કરે છે ? પોતાનાં પરિણામોનો બધો ચીતાર કૃપાળુદેવને લખે છે. કૃપાળુદેવ એની સરળતા જોઈને આફરીન થઈ જાય છે કે શું એના પરિણામ લખે છે ! એમ કે હું કંઈક કરવા જઉં છું તો મારું અહંપણું આડું આવે છે, અહંભાવ આડો આવે છે. મારો અહંકાર પણ છે. કેટલી સરળતા છે ! અહંપણું આડું આવે છે, એ અહંપણું થવા ન દેવું, એનો રોધ કરવો એટલે અહંપણું અટકાવવું, અહંપણું ન થવા દેવું અને તેમ છતાં પણ અહંપણું જોર કરી જતું હોય, અહંકાર જોર કરી જતો હોય તો તમારી પાસે તો બહુ સારી વાત છે, તમે ઈશ્વરકર્તાને માનો છો (તો) ઈશ્વરઅર્પણ કરી દ્યો ને ! એમાં શું કીધું આ ? બહુ ગૂઢ ભાષા છે આ ! સામાન્ય માણસને તો સમજવી બહુ તકલીફ પડે એવી વાત છે.

અહંકારની પણ એક માનપ્રકૃતિ છે અને પ્રકૃતિ જીવને આડી આવે છે. મુમુક્ષુ હોય, સમજદાર હોય, કંઈક પોતાના આત્માના કલ્યાણ માટે પ્રયત્ન અને પુરુષાર્થમાં લાગેલો હોય, કંઈક કરતો હોય પણ પ્રકૃતિ છે એ એને પછાડ ખવરાવે. પ્રકૃતિ શું કરે ? પછાડ ખવરાવે. ત્યારે એમને કીધું કે તમે તો પરમાત્મામાં માનો છો, એ પ્રકૃતિને અર્પણ કરી દ્યો ને ! તમારી પ્રકૃતિનું સમર્પણ કરી દ્યો ને ! આ પ્રકૃતિને અર્પણ કરવાની વાત આ એક જગ્યાએ આવે છે.

પ્રશ્ન :– સમર્પણ કેવી રીતે કરવું ?

સમાધાન :– સમર્પણ કરવું એટલે મૂકી દેવું, સમર્પણ કરવું એટલે મૂકી દેવું. બીજાને આપણે ન આપીએ પણ ભગવાન માગે તોપણ ન આપીએ ! પછી તો કોઈ એનો રસ્તો નથી. તન-મન-ધનનું સમર્પણ કરવું સહેલું છે, પ્રકૃતિનું સમર્પણ કરવું સહેલું નથી. અને એ પ્રકૃતિનું સમર્પણ જેણે કર્યું, જીતી ગયો સંસારને ! એ સંસારને જીતી ગયો. એમાં પુરુષાર્થ જોઈએ, મુમુક્ષુને પણ એ ભૂમિકાનો પુરુષાર્થ જોઈએ. પ્રકૃતિ ન મૂકી શકાય. પ્રાણ જાય પણ પ્રકૃતિ ન જાય, એવી જીવની સાથે વણાઈ ગયેલી, વળ ખાઈને વણાઈ ગયેલી પ્રકૃતિ હોય છે. એનું સમર્પણ જ્યારે કરે, પછી મુક્ત થઈ ગયો, એ સંસારથી છૂટી જશે.

કહે (છે), તમને તમારો અહંકાર આડો આવતો હોય કે હું કુટુંબનો મુખ્ય માણસ, મારી ફરજ, આ કુટુંબનું ભરણપોષણ કરવાની મારી ફરજ (છે) અને અત્યારે હું ભરણપોષણ કરી શકતો નથી, અરે..રે...! દીનતામાં આવી જાય. (તો કહે છે), નહીં, દીનતામાં નહીં આવો. મૂંઝવણ થઈ જાય, Tension આવી જાય તો કહે કે એ પણ કરવા જેવું નથી. Depressionમાં આવી જાય, (પણ) એ કરવા જેવું નથી. તો (સોભાગભાઈ) કહે (છે), મારા અહંકારને કારણે એવું થાય છે. તો કહે અહંકારને અટકાવો, છતાંય ન અટકે તો ઈશ્વરને સમર્પણ કરો પણ તમે મુક્ત થઈ જાઓ.

'તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે ? એવો વિચાર કરવો નહીં,...' અરે..રે...! શું થશે ? ક્યાંય આરોવારો દેખાતો નથી, ક્યાંય આવક દેખાતી નથી, આ ઘરમાં ટોળું માણસ છે. ચારેક છોકરા હતા, ત્રણ કે ચાર દીકરા હતા, મોટી મોટી ઉંમરના હતા એટલે કદાચ એને ત્યાં પણ પરિવાર હશે. ક્યાંય હાથ નાખે (ત્યાં) અવળું પડે. થોડોક વેપાર કરે ત્યાં અવળું પડે, કમાણી થાય નહીં, પેટિયું નીકળે નહીં એવી પરિસ્થિતિ ! તો કહે (છે), દીનપણું કરવું નહીં, દીનતામાં આવવું નહીં. અમે બહુ ગરીબ

છીએ, અમે પૈસા વગરના છીએ, બહુ દરિદ્રી છીએ, (એવું) ક્યાંય દીનપણું કરવું નહીં.

'શું થશે ? એવો વિચાર કરવો નહીં,...' અઘરી વાત છે, સહેલી વાત નથી. અહીં તો હજી આજે માલ લીધો હોય અને કાલે ભાવ ઘટી જાય ને પરમ દી' વધવાના હોય એ ખબર ન હોય, પણ કાલે ભાવ ઘટતા દેખાય ત્યાં છાતી ઉપર ભીંસ આવવા મંડે કે હવે શું થશે ? હવે શું થશે ? હવે શું થશે ? શું થશે એનો વિચાર કરવો નહીં. આ બધી અઘરી શરત છે, આજ્ઞા કરે છે. કંઈ વિચાર કરતાં નહીં. શું થશે એનો કંઈ તમારે વિચાર કરવાનો નથી.

'અને જે થાય તે કર્યા રહેવું.' જેટલી શક્યતા હોય એટલું થોડું ઘણું કર્યા રહેવું. એનાથી જરાક પરિણામ Balance રહેશે. 'અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં.' આવા વિપરીત ઉદયના કાળમાં બહુ ઝાંવાં ન નાખવાં. કોઈ સાહસ બીજું ન કરવું કે લાવો મોટો વેપાર કરી લઈએ, આમાં નફો મળી જશે. અધીક ઝાંવાં નાખવા નહીં, કેમકે તમને ઉદયમાં ખ્યાલ આવી જવો જોઈએ કે આપણું અત્યારે સરખું ચાલતું નથી, માટે કોઈ લાંબું સાહસ કરવું નહીં.

'અલ્પ પણ ભય રાખવો નહીં.' તમે જરાય બીશો નહીં. ભય રાખવાની જરૂર નથી, શું થશે ? કેમ થશે ? કોઈ ભય રાખવાની જરૂર નથી. 'ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં;...' એક પળ પછી શું થશે ? કાલની તો વાત જવા દ્યો, એથી લાંબા ટાઇમની વાત જવા દ્યો, એક સેકંડ પછીની ચિંતા તમે કરતાં નહીં. એટલે એમને શું કહેવું છે ? કે તમારો આત્મકાર્ય માટે પુરુષાર્થ કરવાનો ખરો સમય આવ્યો છે. જો આ વખતે હારી ગયા તો કાયમ માટે હારી ગયા. હારશો નહીં, તમે જરાય હારશો નહીં, હવે આ લડાઈ તમે બરાબર લડી લેજો પણ તમે જરાય હારશો નહીં. આ બધી અંદરની પરિણામની લડાઈ છે.

'ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે,...' એટલે ટેવ પડી ગઈ છે, વારંવાર ચિંતા થઈ જાય છે, એ જે ટેવ પડી ગઈ છે 'તે વિસ્મરણ કર્યા રહેવું;...' એ ભૂલી જાઓ. ચિંતા કરવાનું ભૂલી જ જાઓ, તમે બિલકુલ ભૂલી જાઓ. ચિંતા જ નહીં કરો, એમ સખત શબ્દોમાં કહીએ છીએ. અને 'તો જ ઈશ્વર પ્રસન્ન થશે,...' તમે ચિંતા કરશો તો ઈશ્વર બાવડું નહીં ઝાલે, એમ કહે છે. એને ઈશ્વરકર્તાનું હતું ને ! એટલે (એમ કહેવા માગે છે કે), તો પ્રારબ્ધ સવળું થશે. ચિંતા કરો તો તમારા પાપના પરિણામ થાય

તો એ નવું પ્રારબ્ધ પણ પાપનું બંધાય અને ચિંતામુક્ત થઈને રહો તો નવું પ્રારબ્ધ પાપનું ન બંધાય, ઊલટાનું સંચિત છે એ પણ સંક્રમણ થઈ જશે, પાપની પ્રકૃતિ પુણ્યમાં સંક્રમણ થઈ જશે અને ઉદય અનુકૂળતાનો આવશે અને તો જ ઈશ્વર પ્રસન્ન થશે એટલે પ્રારબ્ધ પણ તો જ અનુકૂળ થશે, નહીંતર નબળા પાછળ નબળું, નબળા પાછળ નબળું. આમ શું થાય છે ? જીવના પરિણામ ઉદયમાં નીચા પડી જાય અને પ્રારબ્ધ એવું જ બાંધે. એટલે ફરીને ઉદય આવે ત્યારે ઔર નીચા પડે. એટલે જેમ રોગ આવે ને Deterioration ચાલુ થઈ જાય, તબિયત Deteriorate થતી જાય, એમ પરિણામનું Deterioration એકદમ ચાલુ થઈ જાય. (એમ કરતાં કરતાં) જીવ અધોગતિમાં ચાલ્યો જાય છે. આ રીતે અધોગતિમાં ચાલ્યો જાય છે. એવો પાપનો ઉદય આવ્યો, નવું પાપ બાંધે, વળી પાપનો ઉદય આવે, વળી એથી વધારે પાપ બાંધે, એમ કરતો, કરતો, કરતો, કરતો જાય નીચે, નીચે ચાલ્યો જાય. પરિણામમાં ભાવે નીચે જાય પછી દ્રવ્યે પણ નીચો ચાલ્યો જાય.

'તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે;...' તમને જે ભક્તિ થઈ છે એનું ફળ આવશે. આટલી ભક્તિ થયા પછી હવે તમારા પરિણામ બગડવા જોઈએ નહીં. એનો અર્થ શું થયો ? કે, ખરેખર ભક્તિવાન હોય એના પરિણામ બગડે નહીં અને પરિણામ બગડે તો એની ભક્તિનું ઠેકાણું નથી. એમ લઈ લીધું.

'તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે,...' અને તો જ અમે તમને મળ્યા એ સાર્થક થાય. બાકી પ્રતિકૂળતાના ઉદય આવે ત્યારે તો બધાયના પરિણામ બગડે જ છે. હવે જ્ઞાની મળ્યા પછી જો પરિણામ બગડ્યા તો ખરેખર એને જ્ઞાની મળ્યા નથી, એને ખરેખર જ્ઞાની મળ્યા નથી. 'અને ઉપાધિ વિષે શું થાય છે તે...' એટલે તમારા જે પ્રતિકૂળ સંયોગો છે એની જે તમને ઉપાધિ છે, એના વિષે શું થાય છે 'તે આપણે આગળ ઉપર જોઈ લઈશું.' એ વાતને જોઈ લેશું, તમે ચિંતા કરોમાં, અમે બેઠા છીએ, તમે ચિંતા કરોમા.

'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.' તમને એમ કીધું કે તમે ચિંતા નહીં કરો, બિલકુલ ચિંતા નહીં કરો, અમે તમને કહીએ છીએ, ફરમાન કરીએ છીએ, અમારો આદેશ છે. હુકમ થઈ ગયો કે ચિંતા નહીં કરવાની એટલે નહીં કરવાની. પણ ઉપાધિ છે ને ! તો કહે કે, જોઈ લઈશું કીધું ને ! એ વાતમાં અમે જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.' એટલે કે અમે કોઈ પણ સ્થિતિમાં તમારા પરિણામને પડવા દેશું નહીં. ખરે વખતે આવીને ઊભા રહેશું. તમારું ફલાણું કામ કરી દેશું ને તમને રૂપિયા મોકલી

દેશું ને એમ ન કીધું. જોઈ લઈશું, 'જોઈ લઈશું' એનો અર્થ બીજો છે, ગંભીર અર્થ છે. બહારની વાત નથી, અંદરની વાત છે, એમ કહેવું છે. એટલે એનો અર્થ ગંભીર છે, એમ લેજો. વિશેષ લઈશું...

"ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહિ" – (કૃ. દેવ. વ. ૪૦૨)

પ્રતિકૂળ ઉદય જોઈને અણગમો - ચિંતા કરવી નહિ. એવો અહિ ઉપદેશ છે. બહુભાગ જીવોને પ્રતિકૂળતાનો ઉદય આવતાં પરિણામ બગડે છે. જેથી માઠા કર્મ બંધાય છે. જ્ઞાની સમભાવે ઉદયને વેદે છે – અને આત્માર્થી તેવા પ્રયાસમાં રહે છે–પ્રયત્નદશામાં રહે છે. – આ સંસાર તરવાની કળા છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૨૨)

પરિભ્રમણની વેદના વગર, પરિભ્રમણનો અભિપ્રાય જીવને ચાલુ રહે છે, પરિભ્રમણના કારણભૂત મિથ્યાત્વ અને અજ્ઞાનનો યથાર્થ નિષેધ આવતો નથી અને તેથી સંસારની રુચિ, વહાલપ ચાલુ રહે છે. પરિભ્રમણની વેદનાથી સંસારની રુચિ યથાર્થપણે મંદ થાય છે. જેથી ઉદયમાં ઉત્સાહ રહેતો નથી. પરિભ્રમણની વેદનાથી પરિભ્રમણ ન કરવાનો અભિપ્રાય થાય છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૨૩)

## તા. ૧૫-૦૬-૧૯૯૬, પ્રવચન નં. ૫૬
## પત્રાંક – ૨૧૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર–૨૧૭ ચાલે છે). પોતાની દશાની વાત હવે કરે છે. 'સર્વાત્મા હરિ સમર્થ છે. આપ અને મહંત પુરુષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે.' શું કહે છે ? કે સર્વજ્ઞ પરમાત્મા જે છે, પરમેશ્વર તો પરમ ઐશ્વર્યને ધારણ કરતાં હોવાથી એમનો પુરુષાર્થ તો અનંતો છે એટલે એ સમર્થ છે. મને પણ આપની કૃપાથી અને મહાપુરુષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે. એટલે મારો પુરુષાર્થ પણ ઠીક ઠીક ચાલે છે, સારો ચાલે છે. પણ મારો પુરુષાર્થ સારો ચાલે છે એમ કહેવામાં મહાપુરુષોની કૃપા છે અને આપની પણ કંઈક કૃપા છે, સોભાગભાઈને સંબોધે છે. કેમકે એમનું નિમિત્ત થયેલું ને ! એટલે.

'આપના ઉપાધિયોગ વિષે જોકે લક્ષ રહ્યા કરે છે; પણ જે કંઈ સત્તા છે તે તે સર્વાત્માને હાથ છે.' આપનો ઉપાધિયોગ એટલે આપને જે પ્રતિકૂળતા છે, જેને લઈને આપને ઉપાધિના પરિણામ થાય છે, એ અમારા ખ્યાલમાં છે. લક્ષ રહ્યા કરે છે એટલે અમારા ખ્યાલ બહાર વાત નથી. પણ એ વાત તો કુદરતને આધીન છે. સર્વાત્મા હરિને (હાથ છે) એટલે કુદરતને આધીન એ વાત છે. એ કોઈ બીજા કોઈના હાથની વાત નથી. કેમકે પ્રારબ્ધ છે, પૂર્વકર્મ છે એ તો દરેકનું પોતપોતાનું છે. એ પ્રારબ્ધને ભોગવવામાં કોઈનું પ્રારબ્ધ ભોગવવામાં બીજો કોઈ શું કરી શકે ? કે કોઈ કંઈ ન કરી શકે.

'અને તે સત્તા નિરપેક્ષ, નિરાકાંક્ષ એવા જ્ઞાનીને જ પ્રાપ્ત હોય છે, જ્યાં સુધી તે સર્વાત્મા હરિની ઇચ્છા જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું એ આજ્ઞાંકિત ધર્મ છે, ઇત્યાદિક વાત ઘણી છે. શબ્દે લખી શકતો નથી, અને બીજો કોઈ સમાગમ સિવાય એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી; જેથી જ્યારે ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું.' શું કહે છે ? કે

જે જ્ઞાની છે એને કોઈ અપેક્ષા નથી, પરપદાર્થની કોઈ અપેક્ષા નથી, કોઈ આકાંક્ષા નથી. તેથી જે કંઈ ઉપાધિયોગ હોય એ ઉપાધિયોગમાં સમભાવે રહેવાની એની સત્તા છે, એમનું સામર્થ્ય છે. જ્ઞાનીને આકાંક્ષા નથી ને અપેક્ષા નથી માટે ઉદય ગમે તેવો હોય એમને કાંઈ વાંધો નથી. કેમકે એ સમર્થ છે, પુરુષાર્થ કરવામાં સમર્થ છે. પણ જ્યાં સુધી તે સર્વાત્મા હરિની ઇચ્છા એટલે કુદરતના ક્રમમાં જે ઉદય આવે, એમાં જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું. જ્ઞાની પણ એ પ્રારબ્ધને ભોગવતા આઘુંપાછું કરવાની બુદ્ધિ રાખતા નથી. એમનો અભિપ્રાય નથી કે પ્રતિકૂળતાને દૂર કરું. આવેલી પ્રતિકૂળતાને દૂર કરું એવો એમનો અભિપ્રાય નથી. કેમકે પ્રતિકૂળતા, પ્રતિકૂળતારૂપે જ નથી. જેમ ઉદયના ક્રમમાં ચાલ્યું આવે એમ ચાલ્યું આવવા દ્યો. 'એ આજ્ઞાંકિત ધર્મ છે,...' જ્ઞાની પણ આજ્ઞાંકિતપણે રહે છે. એ પણ કુદરતના ક્રમને અનુસરે છે. કુદરતની આજ્ઞામાં રહે છે. એ પણ કુદરતના નિયમને તોડફોડ કરવામાં માનતા નથી.

'ઇત્યાદિક વાત ઘણી છે.' એમાં તો ઘણી ઘણી ઊંડી વાતો છે એટલે પત્રમાં તો કંઈ લખી જાતી નથી અને પ્રત્યક્ષ સમાગમ સિવાય એવી વાતો કરવાનો ઉપાય બીજો કંઈ દેખાતો પણ નથી. અમારા હાથમાં બીજી કોઈ વાત લાગતી નથી. હવે એમાં શું છે કે જ્ઞાની કેવી રીતે રહે ? એ વાત ઘણી છે. કોઈ પણ ઉદયના પ્રસંગમાં જ્ઞાની કેવી રીતે ભિન્નપણે રહે ? એનો પુરુષાર્થ કેવો હોય ? ચારે પડખેથી એમનું સમાધાન કેવું હોય ? કે જેથી એમના પરિણામ Balanceમાં રહે. એ (બધી) ઘણી વાતો છે અને એના ઉપર તો શાસ્ત્રો ભરેલા છે. સમયસાર જેવા શાસ્ત્રો એના ઉપર તો લખાયેલા છે. ઘણી વાતો છે.

મુમુક્ષુ :– નિર્જરા અધિકાર...

પૂજ્ય ભાઈશ્રી :– હા, નિર્જરા અધિકાર, સંવર અધિકાર, એમાં તો ઘણું આવે. બધા અધિકાર, સમયસાર આખો આવે એમ કહીએ તો ચાલે. કેમકે બધે ભેદજ્ઞાનની વાત ચાલી છે. ઘણી વાતો આમાં તો છે.

'ઇત્યાદિક વાત ઘણી છે. શબ્દે લખી શકતો નથી,...' પત્રમાં કેટલું લખાય ? આ તો ગ્રંથો ભરાય એવી વાતો છે. 'અને બીજો કોઈ સમાગમ સિવાય એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી;...' કેમકે એ વાત લખે ત્યારે સામે Counter question, સામે પણ ઘણા પ્રશ્નો ઊભા થાય કે તમે આમ કહો છો પણ એમાં આનું શું ? આમ થાય ત્યારે આનું

શું ? કેમ ? કે શ્રદ્ધા-જ્ઞાનનો વિષય સૈદ્ધાંતિક રીતે ઉત્સર્ગરૂપે ચાલવાનો છે અને પરિણમનમાં Adjustment કરે ત્યારે અપવાદ પણ આવે છે.

પરિણામ બેતરફી કામ કરે છે. જ્ઞાનીના પરિણામ પણ આંશિક શુદ્ધ છે અને આંશિક અશુદ્ધ છે. એટલે જ્ઞાનીને સુખ પણ છે અને જ્ઞાનીને દુઃખ પણ છે. બન્ને વાતો આવે, આમાં તો ઘણી ઘણી વાતો છે. એટલે સમાધાન કંઈ જલદી થાય નહીં. કાગળમાં કોઈ વાત લખી નાખે એથી સમાધાન ન થાય. પણ રૂબરૂ વાત કરે ત્યારે સામે પ્રશ્ન આવે અને એનું સમાધાન આપી શકે, સામે પ્રશ્ન આવે ને એનું સમાધાન આપી શકે. અને એ બધો પ્રકાર તો પ્રત્યક્ષ સમાગમ સિવાય બીજી રીતે તો એનો કાંઈ નિવેડો આવે નહીં. એવો બધો આની અંદર પ્રકાર છે.

પ્રશ્ન :- મુમુક્ષુ આજ્ઞાંકિતપણે કેવી રીતે ઉદયમાં વર્તે ?

સમાધાન :- આજ્ઞાંકિતપણે એટલે એની જે સમજણ છે એને લાગુ કરે. સમજણ એમ છે કે, મારું બાંધેલું પ્રારબ્ધ છે. પ્રારબ્ધકર્મ તો મારા પૂર્વના પરિણામોથી મારું બાંધેલું છે, તો જે પ્રકારનો ઉદય આવે એ ઉદયમાં શા માટે ઊહાપોહ કરવો જોઈએ ? શા માટે બળાપો કરવો જોઈએ ? એમ.

એ પણ – સમાગમમાં પણ ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું. સમાગમ થશે એટલે અમે આ વાત કરશું એમ નહીં, ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું. એટલે કે એ વાત કરવાનો એ વખતે વિકલ્પ હોય, તમારી પણ એ વાત સાંભળવાની, ઝીલવાની, ગ્રહણ કરવાની પાત્રતા ને તૈયારી હોય. તો જે થવાનું હશે ત્યારે એ થશે. અગાઉથી કોઈ વાત નક્કી નથી કરી રાખતા. કોઈ વાતનું અગાઉથી Planning નથી કરી રાખતા. કેમકે કર્તાબુદ્ધિ નથી ને ! સમાગમમાં આવી વાત થઈ શકે કે ઈશ્વરેચ્છા હશે તો સમાગમમાં એ વાત પણ નીકળશે, એમ. સહજતા કેટલી છે !

'ઉપર જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે, તે આપ થોડો વખત વિચાર કરશો, ત્યાં જ તેવી દશા થઈ રહે એવી આપની મનોવૃત્તિ છે;...' તમારી પાત્રતા અમને ખબર છે કે આપને પરિવારનું જે કંઈ ભરણપોષણ કરવામાં 'હું કરું છું' એવો અહંભાવ આવી જાય છે એ મૂકી દેવા માટે આપને ઉપરના પેરેગ્રાફમાં થોડાં વચન લખ્યાં, એમાં એ વિષયમાં તો આપને થોડોક વિકલ્પ આવશે, વિચાર આવશે ત્યાં અહંપણું છૂટી જાય એવી તમારી દશા થઈ જશે. એવી તમારી તો લાયકાત છે, એવી યોગ્યતા છે. મનોવૃત્તિ

એટલે એવી તમારી પાત્રતા છે. એમ ખબર છે એટલે થોડાંક વચનો તમને લખ્યાં. 'અને એવી ગાંડી શિક્ષા લખવાની સર્વાત્મા હરિની ઇચ્છા હોવાથી મેં આપને લખી છે;...' મને એમ થયું કે લાવ આવી વાત લખું !

મુમુક્ષુ :– આજ્ઞાંકિત છે એટલા માટે લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– એમ કે આપની યોગ્યતા બહુ સારી છે, થોડુંક લખીશ ત્યાં તો આપની દશા એકદમ સુધારા ઉપર આવી જશે. એટલે કુટુંબ-પરિવારનું મમત્વ છોડી દેવાની વાત, એ તો એક ગાંડી શિખામણ કહેવાય, એ કંઈ ડાહી શિખામણ ન કહેવાય. લોકો તો લૌકિકદૃષ્ટિએ શું કહે ? કે પોતાના કુટુંબ પ્રત્યે તો પોતાપણું કરીને બધાં કામ કરવાં જ જોઈએ ને ! પોતાનું માનીને જ બધાં કામ કરવાં જોઈએ ને ! કુટુંબની દૃષ્ટિએ એ ફરજ ગણાય છે. સમાજની દૃષ્ટિએ ધર્મ ગણાય છે અને અહીંયાં એમ કહે છે કે, ઈ વાત તમે મૂકી દ્યો. કેમકે એ કુટુંબ પ્રતિબંધ છે. પરમાર્થમાર્ગમાં કુટુંબનો એ પ્રતિબંધ છે. કુટુંબમાં પોતાપણાનો ભાવ થવો અને પછી કુટુંબનાં કાર્યો થવાં, એ તો પોતાનો કુટુંબ પ્રતિબંધ છે અને પરમાર્થમાર્ગને, આત્માના કલ્યાણના માર્ગને રોકે છે. એવી પરિસ્થિતિ છે. એટલે લૌકિકદૃષ્ટિએ ગાંડી શિખામણ કહેવાય પણ એવી ગાંડી શિખામણ સર્વાત્મા હરિની ઇચ્છાથી મેં લખી છે, મારી ઇચ્છાથી મેં નથી લખી. એટલે શું ? કે કુદરતી એવો ભાવ આવી ગયો ને લખી નાખ્યું. એના પણ અમે કર્તાહર્તા થઈને લખતા નથી. કુદરતી વિકલ્પ આવ્યો ને તમને લખાઈ ગયું છે. એટલે એ હરિની ઇચ્છાથી લખાણું છે, અમારી ઇચ્છાથી લખ્યું નથી.

'માટે જેમ બને તેમ એને અવધારજો.' માટે આ વાતને તમે ધારણ કરજો. ખાલી સાંભળી કે વાંચી લેજો એમ નહીં પણ એને અવધારજો. એટલે કે એને પરિણમનમાં લઈ જજો.

મુમુક્ષુ :– ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– આવી જાય છે, ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એમાં આવી જાય છે. એ જે ક્રમમાં, પ્રારબ્ધના ક્રમમાં જે ઉદય આવે એ ઉદયને ભોગવી લેવો, સમભાવે એને ભોગવી લેવો અને એની સામે બહુ બળાપો કરવો નહીં. આવી જે ભગવાનની આજ્ઞા છે, આ શું છે ? ભગવાનની આજ્ઞા છે, એને આજ્ઞાંકિતપણે રહેવું. આજ્ઞા એ જ ધર્મ અને આજ્ઞા એ જ તપ.

પ્રશ્ન :– મુમુક્ષુતાકી ભૂમિકામેં કોઈ ભી ઉદય કાલમેં સમપને વર્તને કા કૈસે બને ?

સમાધાન :– અપને ગુરુકી આજ્ઞા સમજે યા ભગવાનકી આજ્ઞા સમજે તો વર્ત સકતા

હૈ. અવલંબન લે લે ગુરુકા, મેરે ગુરુકી આજ્ઞા હૈ, ઇનકી આજ્ઞા મૈં શિરોધાર્ય કરું, ઇનકી આજ્ઞાપે મૈં પૈર રખકર ચલૂંગા નહીં, ઔર મૈં મેરે પૈરસે આજ્ઞાકો કૂચલુંગા નહીં. પગ મૂકીને આજ્ઞાને કચડવી નથી પણ એમની આજ્ઞાને મારે માથે ચડાવવી છે, એવી રીતે.

પ્રશ્ન :– જૈસા ભી ઉદય આયા ઉસે સમપરિણામ સે ભોગ લેના ઐસા કહા તો મુમુક્ષુ કે પાસ તો સમતાભાવ હૈ નહીં, ઉસકે પાસ તો રસવાલા ભાવ હૈ, તો કૈસે...

સમાધાન :– બસ, યહી અવલંબનસે. એને મોટું અવલંબન પોતાના શ્રીગુરુનું છે. મોટો આધાર એ છે, આત્માનો આધાર હજી મુમુક્ષુને મળ્યો નથી. આત્માનો પત્તો લાગ્યો નથી તો એને મોટો આધાર પોતાના શ્રીગુરુનો છે.

પ્રશ્ન :– આ જે એમની આજ્ઞા છે, ઉપરથી પાંચમી લીટી કે, જે થાય તે થવા દેવું, એ તો અમને પણ લાગુ પડે છે ને ?

સમાધાન :– 'આપને, અંતર્ગત સમજાયું છે,...' એટલે તમે તો સમજો છો એ ફરીને લખું છું. તમે સમજતા નથી ને લખું છું એમ નથી લખતા. સોભાગભાઈને શું લખે છે ? કે તમે બરાબર આ વિષયમાં સમજદાર છો. 'તે જણાવું છું,...' 'આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું,...' કેમકે વિકલ્પ આવ્યો ને લખ્યું કે અત્યારે ઉદય જરાક બરાબર ચાલતો નથી.

મુમુક્ષુ :– એના પછી...

પૂજ્ય ભાઈશ્રી :– હા, જે કંઈ થાય તે થવા દેવું, 'આખરી શ્રેયમાર્ગ', હા, એ જ છે. જે કંઈ થાય તે થવા દેવું, આ ક્રમબદ્ધપર્યાય આવી ગઈ. જે કંઈ થાય તે થવા દેવું. કેમ ? કે એ પોતાનું પૂર્વપ્રારબ્ધ છે. એ પ્રારબ્ધમાં હેરફેર કરવાની બુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. એ બુદ્ધિથી કોઈ ફેરફાર કરી શકાશે નહીં.

મુમુક્ષુ :– પરસે Related બાત હૈ કિ, જો હોતા હૈ હોને દો. સ્વ કે વિષયમેં વહ બાત નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો સંયોગની જ વાત ચાલે છે ને ! એમણે પોતાના સંયોગની વાત લખેલી, એની સામે આ વાત છે. વ્યક્તિગત, પ્રાસંગિક વાત છે.

'ન ઉદાસીન, ન અનુદ્યમી થવું;...' હઠ કરીને મારે કંઈ કરવું નથી, એમ પણ નહીં. અને ન અનુદ્યમી (થવું) એટલે જે કંઈ સૂઝે અને વિકલ્પ આવે એટલો પ્રયત્ન કરી લેવો. નહીંતર પરિણામ પડી જશે, પરિણામ (સમતોલ) નહીં રાખી શકાય. મુમુક્ષુની ભૂમિકા છે.

પ્રશ્ન :- Balance જાળવવાનું છે ?

સમાધાન :- હા, Balance જાળવવાનું છે.

પ્રશ્ન :- મંદ રસે પ્રવૃત્તિ કરવી એ વાત છે ?

સમાધાન :- મંદ રસે જે કંઈ થાય તે કરી લેવું. સાવ અનુદ્યમી ન થવું કે સાવ ઉદાસીન ન થવું. એમ કરવા જઈશ તો હઠ થઈ જશે, યોગ્યતા નથી એવી, એમ કહે છે. નહીંતર સિદ્ધાંત એવો છે કે, તમે ઉદયમાં ઉદાસીન થાઓ. તો કહે સંપૂર્ણ ઉદાસીન થઈ શકાય એવી ભૂમિકા દેખાતી નથી. એટલે પરિણામને Balance રાખવા માટેની આ શિખામણ છે.

'ન પરમાત્મા પ્રત્યે પણ ઇચ્છા કરવી અને ન મૂંઝાવું.' પરમાત્મા પ્રત્યે એટલે કંઈ પણ અપેક્ષા રાખીને પ્રયત્ન ન કરવો કે આ પ્રયત્ન સફળ થાય તો સારું, કર્તાબુદ્ધિએ ન કરવો. તેમ મૂંઝાવું પણ નહીં, ચારે પડખેથી સમાધાન રાખવું, જરાય મૂંઝાવું નહીં. 'કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય...' કે મને અહંકાર થઈ જાય છે. આ બધું કાર્ય કરતાં કુટુંબ પ્રત્યેનો મારો અહંકાર છે. હું કુટુંબમાં મુખિયો છું, અત્યાર સુધી હું ધ્યાન રાખતો આવ્યો છું, હજી પણ મારે, જ્યાં સુધી એ લોકોની મુશ્કેલી હોય ત્યાં સુધી બરાબર મારે ધ્યાન દેવું જોઈએ. 'તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો;...' એટલે એ અહંપણું પ્રયત્ન કરીને સમજણપૂર્વક અટકાવવું. સમજણપૂર્વક પુરુષાર્થ કરીને એ અહંકારને મટાડવો. અને છતાંય એ અહંકાર ન ટળતો હોય તો એને ઈશ્વરાર્પણ કરી દેવો. એવું ક્યારે બને ? કે પ્રકૃતિ જોર કરતી હોય ત્યારે. અહંકારની પ્રકૃતિ જોર કરતી હોય (ત્યારે એવું બને છે).

મોટા ભાગે શું થાય છે કે જે કુટુંબના મુખ્ય માણસ હોય એ પહેલેથી જ તે કુટુંબના કાર્યો કરતા આવતા હોય, બધા પ્રકારના નિર્ણયો પોતે લેતા હોય, ઉપાધિ પણ પોતે જ વહોરતા હોય, ઉપાધિ પણ પોતે જ વહોરતા હોય, હવે એ જે ટેવ પડી હોય અને પ્રકૃતિગત એ બધું વણાઈ ગયું હોય, એ મૂકી ન શકે. ટૂંકમાં એમ કહીએ કે Control છોડી ન શકે. કુટુંબના સંચાલનનો Control મારા હાથમાં છે એ હજી મારે મારા હાથમાં રાખવો જોઈએ. હજી આ છોકરાઓને કંઈ ખબર પડતી નથી. આટલા મોટા થયા પણ હજી જોઈએ એટલા પરિપકવ તૈયાર નથી થયા, હજી આપણે માથું માર્યા વગર ચાલે એવું નથી. (એવો) અહંકાર થઈ જાય છે. તો (કહે છે), એને ઈશ્વરાર્પણ કરી દ્યો. મૂકી દ્યો, મૂકી દ્યો એટલે

એ વાતને સાવ મૂકી દ્યો.

એમ કરવા જતાં પણ 'દીનપણું ન આવવા દેવું.' કે, અરે..રે...! શું થશે અમારું ? ક્યાંક બહુ મુશ્કેલી વધી જશે તો ? આવું કંઈક થઈ જશે તો ? કંઈક આમ થઈ જશે તો ! તો... તો... કરતા જે પરિણામની અંદર દીનતા આવે એ આવવા દેવી નહીં. 'શું થશે ? એવો વિચાર કરવો નહીં,...' એ વિચાર છોડી દ્યો. ભવિષ્યમાં શું થશે ? એ વિચાર કરવાનો નહીં. લૌકિકદૃષ્ટિએ ડાહ્યા માણસો એવી શિખામણ આપે કે આવતી કાલનો પહેલા વિચાર કરવો. શું કહે ? આજે આપણે વાંધો નથી પણ કાલનો વિચાર આપણે પહેલા કરવો જોઈએ અને પાણીનું પૂર આવ્યા પહેલા પાળ બાંધવી જોઈએ. આટલી આટલી સાવધાની રાખવાની, આમ કરવાનું, આમ કરવાનું, આમ કરવાનું. જ્ઞાની કહે છે કે નહીં, આવતી કાલનો વિચાર કરવાની તારે જરૂર નથી. તું ગમે એટલા ઘોડા ગણ, પ્રારબ્ધ પ્રમાણે થવાનું તે થવાનું અને નહીં થવાનું તે નહીં થવાનું, એમાં કોઈ ફેરફાર થવાનો નથી. તારા કોઈ આગળના વિચારોથી કે વ્યવસ્થાથી કોઈ ફેરફાર થઈ જાય, એ વાતમાં કાંઈ માલ નથી, આમ છે.

'એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું.' થઈ શકે એટલું કરવું પણ 'અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં.' જેટલી શક્ય વાત હોય એટલી મર્યાદામાં રહીને કરવી. મોટી ઉપાધિ, જલદી કમાઈ લેવા માટે કોઈ સાહસ કરવું નહીં. કેમકે તમારો ઉદય પાપનો ચાલે છે, પુણ્યનો ઉદય ચાલતો હોય ને સાહસ કરો તો હજી વાંધો નહીં. પાપના ઉદયમાં સાહસ કરવું એ યોગ્ય નથી. પાછા પડવા જેવું થાય. મોટી નુકસાની આવી પડે.

'અલ્પ પણ ભય રાખવો નહીં.' શું થશે ? એમાં ભય આવી જાય છે, શંકા છે. જરાય ભય ન રાખવો. 'ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં;...' સંયોગોની પ્રતિકૂળતાની એક સેકંડની પણ ચિંતા કરવી નહીં. આવતીકાલની તો નહીં, વરસ, બે વરસ, પાંચ વરસ કે ઘડપણ આવશે ત્યારે શું થશે ? અત્યારથી વ્યવસ્થા કરી રાખીએ, એ પણ નહીં, એમ કહે છે. ઠીક ! કેમ ? એમ વિચારવામાં પારમાર્થિક નુકસાન શું છે ? કે આ જીવને એક તો અનાદિની પરપદાર્થની આધારબુદ્ધિ છે. હવે ભવિષ્યની વ્યવસ્થા નક્કી કરીને પછી એને (આત્મહિતનો) પુરુષાર્થ કરવો હશે તો ઊપડશે નહીં. કેમકે આધારબુદ્ધિ પાકી કરી લીધી, દૃઢ કરી લીધી. પરની આધારબુદ્ધિ દૃઢ કરી લીધી કે આટલી હું ભવિષ્યની વ્યવસ્થા કરું છું અને મેં કરી, એટલે હવે મને વાંધો નહીં આવે. જ્ઞાની એમ કહે છે કે,

આ રીતે પરની આધારબુદ્ધિથી જે કંઈ વ્યવસ્થા થઈ એ તો તારા પ્રારબ્ધના યોગે થઈ, તારા કરવાથી નથી થઈ, પણ તેં તો કર્તાબુદ્ધિથી કર્યું કે, મેં આ વ્યવસ્થા કરી અને તેથી હવે મને વાંધો નથી. એ જે કર્તાબુદ્ધિએ વ્યવસ્થા કરી ને વાંધો નથી એવા પરિણામ એ જ મોટો વાંધો નથી. સૌથી મોટો વાંધો એનો છે. એ તને તારા પુરુષાર્થને ઊપડવા દેશે નહીં. તું ત્યાં રોકાઈ ગયો, આખેઆખો તું ત્યાં રોકાઈ ગયો છો. તારું માથું ત્યાં સલવાયેલું છે. હવે નિવૃત્તિ લઈને તું ગમે તેટલા ધમપછાડા કરે, પૂજા કરે ને ભક્તિ કરે ને સ્વાધ્યાય કરે ને જાત્રા કરે ને કંઈક કરે, એ બધા હાથપગ પછાડે પણ માથું સલવાયેલું છે, એમાંથી નીકળી શકે નહીં. બહાર નીકળવાની કોઈ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- વ્યવસ્થા કરીને નિવૃત્તિ લેવાવાળાને આધારબુદ્ધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખી વાત છે.

પ્રશ્ન :- આધારબુદ્ધિ તો ભાવભાસન થાય ત્યારે જાય, એ પહેલાં કેવી રીતે જાય ?

સમાધાન :- પાતળી તો પડે ને ! પાતળી પડે તો ભાવભાસન આવે. પાતળી ન પડે તો ભાવભાસન પણ ક્યાંથી આવે ?

મુમુક્ષુ :- સત્પુરુષ પ્રત્યે આધારબુદ્ધિ Divert થાય તો પાતળી પડે.

પૂજ્ય ભાઈશ્રી :- તો પાતળી પડે અને પ્રયત્ન કરે, બન્ને વાત ભેગી (છે). ઉદયમાં પ્રયત્ન કરે અને જ્ઞાનીપુરુષનો આશ્રય કરે, બે વાત એણે એકસાથે કરવી જોઈએ. ઉપાદાન અને નિમિત્ત બન્ને વાત એમાં આવી. ઉપાદાનથી પોતે પ્રયત્ન કરે અને સામે આશ્રયબુદ્ધિમાં હોય પછી વાંધો આવે નહીં.

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ થાય ત્યારે ઢીલી પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યારથી, પહેલેથી જ ફેર પડવા મંડે. આધારબુદ્ધિ છે એ દર્શનમોહને દૃઢ કરે છે. તો દર્શનમોહને નિર્મળ કરવાના જે ઉપાયો છે એમાં બધા ફેરફાર થવા મંડે, પાતળું પડવા મંડે. જેટલા દર્શનમોહને લગતા પરિણામ છે એ બધા પાતળા પડવા મંડે.

મુમુક્ષુ :- ઉપરછલ્લી રીતે એમ લાગે છે કે દીનતા ન કરવી પડે એટલા માટે, કોઈને પાસે હાથ ન લાંબો કરવો પડે એટલા માટે, આપણો દીનતાનો માર્ગ નથી એટલા માટે આપણે પહેલાથી આપણી વ્યવસ્થા રાખવી જોઈએ. અંદરમાં આ અભિપ્રાય પડેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે બે વચ્ચેની ભેદરેખા છે એ બહુ પાતળી છે. એક બાજુથી

દીનતા નથી કરવી, પણ દીનતા કરવી નથી એમાં પોતાના નિશ્ચય અને સમજણ, સમજણપૂર્વકનો નિશ્ચય એવો હોય કે કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતા આવે તોપણ દીનતા કરવી નથી. હું વ્યવસ્થા કરી લઉં, દીનતા ન કરવી પડે માટે વ્યવસ્થા કરી લઉં, એ જે પહેલી વ્યવસ્થા ગોઠવી એમાં દીનપણું તો પોતે પહેલા કરી લીધું કે હવે મને વાંધો નથી ઈ જ તારી દીનતા થઈ ગઈ. જે વ્યવસ્થા ગોઠવાણી છે એની દીનતામાં તો પહેલા આવી ગયો.

મુમુક્ષુ :- આધારબુદ્ધિ થઈ એટલે દીનતા આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જ ગઈ ને ! પરની આધારબુદ્ધિમાં દીનતા ન આવી તો શું આવ્યું ? દીનતા જ આવી, એવી વાત છે.

જુઓ ભાઈ ! માર્ગ તો છે ને ઈ વીરપુરુષોનો માર્ગ છે. આમાં કાયરોનું કામ નથી. ગમે તેવી પરિસ્થિતિમાં હું મારો ધર્મ નહીં છોડું. મારી શ્રદ્ધા, મારી સમજણ, મારો વિશ્વાસ અચલિતપણે, અડગપણે રહેશે. એવી પોતાની તૈયારી હોવી જોઈએ. કોઈ પણ પરિસ્થિતિ હો. છેલ્લામાં છેલ્લી કલ્પના આત્માર્થીજીવ કરી લ્યે છે કે, બધા જ સંયોગો, બધા જ સંયોગો પૂરેપૂરા પ્રતિકૂળ હો, કલ્પના કરી લે, અત્યારે નથી પણ એક વાર કલ્પના કરી લે કે પૂરેપૂરા બધા સંયોગો પ્રતિકૂળ થઈ જાઓ અને આ શરીર પણ હવે સાથ દેવાનું બંધ કરી દે, સ્વાસ્થ્ય પણ પ્રતિકૂળ ચાલવા મંડે, ક્યાં સુધી ? કે નાડ તૂટવા મંડે. તોપણ પોતાની અંદરમાં હિંમત હારે નહીં. કંઈ વાંધો નહીં, હું નિરાલંબ, નિરપેક્ષ છું, કોઈની અપેક્ષાથી હું જીવું એ મારું સ્વરૂપ નથી. હું નિરપેક્ષ છું, મને કોઈની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- પરની આધારબુદ્ધિ એ જ પરિભ્રમણનું મુખ્ય કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરની આધારબુદ્ધિમાં બધું થશે, કર્તાબુદ્ધિ આવશે, ભોક્તાબુદ્ધિ આવશે, સુખબુદ્ધિ આવશે, એકત્વબુદ્ધિ થશે, બધું ઊભું થઈ જશે.

એટલે કૃપાળુદેવે એ અધિષ્ઠાનનો ૨૧૮ નંબરનો પત્ર લખ્યો છે. ૨૧૮ નંબરનો પત્ર અધિષ્ઠાન ઉપર લખ્યો છે. અધિષ્ઠાન એટલે જેનો આધાર લેવામાં આવે એવું જે પાત્ર, તેને અધિષ્ઠાન કહે છે. એ અધિષ્ઠાન પોતાનું સ્વરૂપ છે. આધાર લેવા યોગ્ય અધિષ્ઠાન પોતાનું સ્વરૂપ છે. આપણે આ પ્રતિષ્ઠાન નથી કહેતા ? સારી એવી પેઢી જમાવી હોય તો શું કહે ? પ્રતિષ્ઠાન કહે છે. ઠામ એટલે ઠેકાણું, અમારી પ્રતિષ્ઠાનું ઠેકાણું. આ અમારા આધારનું ઠેકાણું – અધિષ્ઠાન છે. એ પોતાનું સ્વરૂપ છે. એના આધારે જીવ નિઃશંક અને

નિર્ભય થઈને નિઃસંગ થઈ શકે છે. કોઈના સંગની પણ મારે જરૂર નથી. કોઈના સંગની મારે જરૂર નથી. હું મારી સાધના મારા પુરુષાર્થથી અંતરમાં કરું એવું મારું સામર્થ્ય છે, મારો સ્વભાવ છે.

એટલે એ અધિષ્ઠાન ઉપર વેદાંતની અંદર ઘણી વાત ચાલી છે અને ત્યાં કોઈ બીજા પરમાત્માને – પરમતત્ત્વને અધિષ્ઠાન માન્યું છે, વિશ્વનું અધિષ્ઠાન માન્યું છે. પણ ખરેખર પોતે જ છે. પણ અત્યારે જૈન સંપ્રદાયની બાહ્ય શૈલીમાં એ વાત ક્યાંય દેખાતી નથી એટલે એમણે એ તર્ક ઉઠાવ્યો છે કે, જૈનની અંતર શૈલી કોઈ બીજી હોવી જોઈએ. જૈનની અંતર શૈલી કોઈ બીજી જ હોવી જોઈએ. એમાં એમનો વિશ્વાસ છે પાછો. એવી બધી વાતો બહુ જુદાં જ પ્રકારે લખી છે.

'કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે.' અહીંયાં વિચક્ષણ એટલે બુદ્ધિવાળા, વિચક્ષણનો અર્થ અહીંયાં બુદ્ધિવાળા (લેવો). આમાં શું થયું છે ? કે મૂળ શાસ્ત્રો તો રહ્યા નથી. જે શાસ્ત્રોની રચના પાછળથી થઈ, શ્વેતાંબર શાસ્ત્રો, ૪૫ આગમની (રચના થઈ) એમાં આ વાત નથી, મૂળ વાત નથી. એટલે એમ થયું કે આ વાત કેમ રહી ગઈ હશે ? જેને જ્ઞાન થયું એનાથી આવી વાત કેમ રહી ગઈ હશે ? એમ. એવી શંકા પડે.

૩૨૦ નંબરનો પત્ર જુઓ ! પત્ર ૩૨૦ પાનું ૩૧૩ દેવચંદજીનું સ્તવન છે. આનંદઘનજી અને દેવચંદજી થઈ ગયા ને ? 'જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહીં તાસ રંગી; પર તણો ઈશ નહીં અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે કદા ન પરસંગી;' આ સિદ્ધાંત દેવચંદજીએ મૂક્યો છે. દિગંબર શાસ્ત્રો બહુ વાંચેલા. જીવ પુદ્ગલ નથી, પુદ્ગલવાળો નથી ને પુદ્ગલ પણ નથી. પુદ્ગલનો આધાર પણ નથી ને પુદ્ગલનો કોઈ રંગ પણ એને નથી. પરનું એ ઐશ્વર્ય નથી, પર ઉપર એની કોઈ સત્તા ચાલે નહીં અને પોતાની અપર ઐશ્વર્યતા છે એટલે પોતાના સ્વભાવની અપાર ઐશ્વર્યતા છે અને વસ્તુધર્મે કદી પરસંગી નથી. આધારની એટલી વાત ત્યાં કરી છે. 'પુગ્ગલાધાર નહીં તાસ રંગી;' એનો અર્થ (પત્રાંક ૩૨૨માં) કર્યો છે. 'જીવ એ પુદ્ગલીપદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આધાર નથી, તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુધર્મે જોતા તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી.' એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે.'

જુઓ ! ઉપર સોભાગભાઈનાં વચનો લીધાં છે. સોભાગભાઈએ પત્ર લખ્યો છે ને એમાં વાત લખી છે એ અવતરણચિહ્નમાં મૂકી છે કે 'માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ;...' એટલે દુઃખી નહીં થઈએ, પ્રતિકૂળ સંયોગોમાં માગી ખાવાનો વારો આવશે ને તોપણ દુઃખી નહીં થઈએ, અમારા પરિણામમાં દીનતા નહીં આવે. 'જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે.' અમે અનંત આનંદથી ભરેલા, અનંત ઐશ્વર્યથી ભરેલા છીએ. કદાચ કોઈ સાધર્મી છે (તેને કહેશું) કે ભાઈ ! થોડોક ટાઇમ માટે તમારી સાથે આટલો વ્યવહાર કરવો છે, પણ દીનતામાં આવીને નહીં.

'આ ભાવાર્થનું જે વચન લખ્યું છે તે વચનને અમારો નમસ્કાર હો ! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.' તમે જે પરિસ્થિતિમાં આ વાત લખી છે, (એ) બહુ સરસ વાત લખી છે. અમને તો નમસ્કાર કરવાનું મન થાય છે. એવા શિષ્ય હતા. એક વાર તો ભલે પરીક્ષા થઈ જાય, એમ કહે. પણ એમ કંઈ અમે ડગી જઈએ એવા નથી. પાત્રતા જોઈને એમણે અરસપરસનો સંબંધ બાંધ્યો છે.

મુમુક્ષુ :– આ પત્રમાં આજ્ઞા કરી અને પેલા પત્રમાં માથે ચડાવી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :– હા.

'ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો.' જે કંઈ કરવું એમાં નિઃશંકતાથી કરવું. જે થવાનું હશે તે થશે. આપનો વિકલ્પ શાંત થાય, પરિણામ બગડે નહીં એટલા પૂરતો થોડો પ્રયત્ન કરી લેવો. 'કેમ થશે ? એ વિચાર મૂકી દેવો.' એ ચિંતા મૂકી દેવી. શું થશે ? એ ચિંતા કરશો નહીં.

'આથી વિશેષ ચોખ્ખી વાત લખવાની યોગ્યતા હાલ મને ઈશ્વરે આપવાનો અનુગ્રહ કર્યો નથી;...' મારો આત્મા જેટલું કહે છે, અંદરથી પ્રેરણા કરે છે એટલું તમને લખું છું, આથી વધારે આ વિષયમાં લખી શકાય પણ મારો આત્મા એમ કહે છે કે બસ ! આટલું ઘણું છે. આટલું કહેવાણું તે ઘણું છે. બહુ જ સહજ અને સ્વાભાવિક જે પરિણામો આવે છે એ વ્યક્ત કરી દે છે.

'અને તેનું કારણ મારી તેવી આધીન ભક્તિ નથી.' એટલે કે હું મારી યોગ્યતા જોઉં છું ત્યારે ઉપદેશ આપવાની પણ મારી મર્યાદા છે. મારી એવી ભક્તિ હોય અને એટલી યોગ્યતા આગળ હોય તો ગમે તેવો ઉપદેશ આપું. એનો અર્થ શું થાય છે ? કે મહાન આચાર્યો છે, જે સર્વસંગ પરિત્યાગ કરીને નીકળી પડ્યા છે, જેણે જગતને દેખાડી દીધું

છે કે જુઓ ! અમે કેવા નિરાલંબન છીએ ! છે અમારે કોઈ વ્યવસ્થાનો આધાર ? નહીં કોઈ રહેવાની વ્યવસ્થા, નહીં કોઈ ખાવાની વ્યવસ્થા, નહીં કોઈ સાધના કરવા માટેના સ્થળની, ક્ષેત્રની વ્યવસ્થા, કોઈ મકાનની વ્યવસ્થા, કોઈ વ્યવસ્થા નહીં. ઈ ગમે તેવો ઉપદેશ આપે. હજી અમે અહીંયાં મુંબઈની પેઢીમાં બેઠા છીએ એટલે આથી વધારે અમે નહીં લખીએ. આથી વધારે તમને નહીં લખીએ. અમૃતચંદ્રાચાર્ય લખે કે પરદ્રવ્યને ભોગવ, એ ઈ લખી શકે. અમે અત્યારે એ વાત નહીં લખીએ, અમે મર્યાદામાં તમને વાત કરીએ છીએ.

એટલે એમ કહે છે કે, અમારી સાધના એટલી નથી, એમ કહે છે, અમારી ભક્તિ નથી એટલે સાધના નથી. 'આપે સર્વ પ્રકારે નિર્ભય રહેવું...' તમને ખાતરી આપીએ છીએ કે તમે નિર્ભય રહેજો, બિલકુલ નિર્ભય થઈ જજો. 'એવી મારી ફરી ફરી વિનંતી છે. એ સિવાય હું કંઈ બીજું લખવા યોગ્ય નથી.' વધારે તમને લખું એવી મારી યોગ્યતા હું જોતો નથી. 'આ વિષય વિષે સમાગમે આપણે વાતચીત કરીશું.' આ વિષયમાં મળશું ત્યારે ચોક્કસ વાતચીત કરીશું.

'કોઈ રીતે આપે દિલગીર થવું નહીં.' દુઃખી થવું નહીં. જરાપણ પરિણામ બગાડશો નહીં. 'આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે એમ નથી,...' ખાલી તમને ધીરજ આપીએ છીએ એવું નથી કે તમારો ઉદય આકરો છે, બે વાત સારી લખીને તમને થોડીક ધીરજ રહે એવું કરીએ એમ નથી. એ વાતને એટલી Lightly નહીં લઈ લેતા, હળવી નહીં લઈ લેતા 'પણ જેમ અંતરથી ઊગી તેમ આપેલી સમ્મતિ છે.' આ અમે સમ્મતિ આપી એ અમારા અંતરમાંથી ઊગી તે આપી છે.

પ્રશ્ન :- આમાં શું કહેવા માગે છે ?

સમાધાન :- એટલે અમને અમારો આત્મા જે કહે છે એ તમને કીધું છે અને એ વાતને તમે સાધારણ નહીં લેતા. તમારા પરિણામ ન બગડે એના માટે તમને જે માર્ગદર્શન આપ્યું છે તે સામાન્ય વાત નથી, ઘણી કીમતી વાત છે, એને તમે હળવી લેશો નહીં. અને જો એ વાતને બરાબર અવધારશો તો તમે પરીક્ષામાં પાર ઊતરી ગયા. હારી ગયા તો અનંતવાર હાર્યા છો, ફરીને એકડે એકથી પાછું ચાલું. હારશો નહીં, જીત મેળવીને આગળ વધજો. આ જીતનગારું વાગ્યું છે એમ કહે છે. આનંદઘનજીએ ચોવીસમા તીર્થંકરની સ્તુતિ કરી ત્યારે એમ કહ્યું કે 'જીતનગારું વાગ્યું'. એટલે ભગવાનની વાણીમાં જે નગારું વાગ્યું છે એ જીવોને એમ કહે છે કે તું જીતી જા હવે, બહુ હાર્યો ! અનંતવાર હારી હારીને

રખડ્યો, હવે હારીશ નહીં, એમ કહેવું છે.

'આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે એમ નથી, પણ જેમ અંતરથી ઊગી તેમ આપેલી સમ્મતિ છે. વધારે લખી શકાતું નથી; પણ આપે આકુળ રહેવું ન જોઈએ; એ વિનંતી ફરી ફરી માનજો.' ઉપદેશ નથી આપતા, વિનંતી કરે છે. જરાય પરિણામ બગાડશો નહીં. મારી આ વિનંતી છે કે તમે પરિણામ બગાડશો નહીં. બાકીનું જે થવું હશે તે થઈ રહેશે અને જોયું જાશે પણ તમે પરિણામ બગાડશો નહીં.

'બાકી અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ;...' તમારું કરી શકીએ એવું કંઈ નથી. બહારમાં કંઈ તમારું કરવા માટે નિર્બળ છીએ. અમે એ ઉદયને ફેરવવા માગતા નથી, અમે તમારા ઉદયને ફેરવવા માગતા નથી. તમે એમ કહો કે તમે તો પૈસાવાળા છો, બે પૈસા છે, મને કંઈક મદદ કરી દ્યો, એમ રહેવા દ્યો.

'અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ; પણ ઉપર લખી છે જે સમ્મતિ તે સબળ છે;...' તમને બહારની મદદ કરવામાં નિર્બળ છીએ, એટલે ઈ અમારે આમ તો કરવી નથી. એમ કરવા માગતા નથી પણ અમે જે કરવા માગીએ છીએ ઈ બળવાનપણે કરવા માગીએ છીએ, એમાં અમે સબળ છીએ. 'જેવી તેવી નથી; પણ સાચી છે.' બળવાન છે અને સાચી છે. એ વાતને જેવી તેવી માનશો નહીં. 'આપને માટે એ જ માર્ગ યોગ્ય છે.' આ કેવી રીતે બચાવ્યા છે ! સોભાગભાઈ જેવા પાત્રને કપરી પરિસ્થિતિમાં પરિણામો બગડી જાય એમાંથી કેવી રીતે ઉગાર્યા છે અને કેવી રીતે બચાવ્યા છે ! Best treatment આપી છે !!

મુમુક્ષુ :– પ્રોત્સાહન આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ જ પ્રોત્સાહન આપ્યું છે. ઠપકો પણ આપ્યો, પ્રોત્સાહન પણ આપ્યું, બહુમાન પણ આપ્યું, ઘણું કર્યું છે. Treatment કાંઈ આપી છે ! ગજબ Treatment આપી છે !! જ્ઞાની પડખે હોય તો કેવી રીતે જીવ તરે છે એનો બહુ સુંદર જીવંત ચિતાર છે, જીવંત ઉદાહરણ છે, જીવંત દૃષ્ટાંત છે, બચાવી લ્યે.

'આપ જ્ઞાનકથા લખશો.' ભક્તિકથા તો લખો છો, પણ થોડીક જ્ઞાનકથા પણ લખજો. 'પ્રબોધશતક' ભાઈ રેવાશંકર હાલ તો વાંચે છે.' કોઈ પુસ્તક છે 'પ્રબોધશતક' નામનું, એ રેવાશંકરભાઈ એમના કાકાજી સસરા થતા હતા, એ વાંચે છે. 'રવિવાર સુધીમાં પાછું મોકલવું ઘટશે તો પાછું મોકલીશ, નહીં તો રાખવા વિષે લખીશ; અને તેમ છતાં તેના માલિક

તરફની ઉતાવળ હોય તો જણાવશો તો મોકલી આપીશ.' એ જમાનામાં તો પુસ્તક કો'કનું ઉછીનું જ લઈને વાંચતા. એટલા બધા પુસ્તકો છપાતા નહીં અને એટલા બધા મળતા પણ નહીં અને લોકો એટલો બધો ખર્ચો કરતા પણ નહીં. ચાર-આઠ-બાર આનાનું પુસ્તક હોય તોપણ પૈસા ન ખર્ચે, વાંચીને પાછું આપી દ્યે. એ જમાનો એવો હતો. રૂપિયો કોઈ ભાંગે નહીં. આવડો મોટો ભમરડા જેવો રૂપિયો ભંગાતો હશે કાંઈ ? એમ કહે. અત્યારે સોની નોટ વટાવવી તો ફેંકી દેવા જેવી વાત છે. (ત્યારે) એક રૂપિયો માણસ (ન ખર્ચે). કેમકે વટાવે એટલે તોડે, પરચૂરણ કરે તો વપરાઈ જાય, એમ કહે. જલદી રૂપિયો ન વાપરે. General pschyology હતી.

'આપના બધાં પ્રશ્નોનો મારી ઇચ્છાપૂર્ણ ઉત્તર લખી શક્યો નથી, ઉપાધિયોગને લીધે; પણ આપ મારા અંતરને સમજી લેશો, એમ મને નિઃશંકતા છે.' મારો જે અંતરંગ અભિપ્રાય છે એને આપ સમજી લેશો ને બરાબર પકડશો ને બરાબર વળગી રહેશો, એવી મને નિઃશંકતા છે. અને એ એમણે કરી બતાવ્યું, એ સોભાગભાઈએ કરી બતાવ્યું.

મુમુક્ષુ :- કૃપાળુદેવે એવો પત્રો લખ્યા છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અને એટલા માટે તો લખ્યા, એ હેતુથી જ લખ્યા છે. જો એ પ્રમાણે ચાલે ને વર્તે તો અવશ્ય બચી જાય, નહીંતર પરિણામ બગડ્યા વિના રહે નહીં એવી એમની પરિસ્થિતિ હતી કે પરિણામ બગડી જ જાય. એ તો એમણે ખરા વખતે હાથ ઝાલ્યો એમ કહેવાય. જેમ કોઈ ડૂબતો માણસ ગળકા ખાઈ ગયો હોય, પાણીમાં ગળકું ખાઈ જાય ને ? તરતાં તરતાં થાકી જાય એટલે પાણી પીવાઈ જાય, નીચે થોડોક જાય એટલે પાણી મોઢામાં આવી જાય. પાણી મોઢામાં આવી જાય એટલે વજન વધીને ડૂબી જાય. એ ગળકું ખાધું હોય, એ વખતે કાંડું ઝાલીને કાંઠા ઉપર લઈ લે. એવી રીતે લીધા છે. અને એને જ ખબર પડે કે આ ગળકું ખાતો તો ત્યારે મારી શું સ્થિતિ હતી ? અને કાંડું ઝાલનાર એ કોઈ મનુષ્ય નથી, પછી એને ભગવાન તરીકે જોવે છે.

એક તો સામાન્ય પરિસ્થિતિમાં અંતર પરિણતિને ઓળખે તો એને ભગવાન દેખાય અને એક પોતે ડૂબતો હોય ને બચાવે ત્યારે એને ભગવાન દેખાય. બે તક છે. સત્પુરુષને ભગવાન તરીકે જોવાના બે પ્રસંગ છે. એક એમની અંતર પરિણતિ જોવાનો પ્રસંગ છે અને એક પોતે ડૂબતો હોય, છેલ્લું ગળકુ ખાધું હોય કે એ... હમણાં મર્યો ! એ વખતે કાંડું પકડીને ઉપાડીને કાંઠે મૂકી દ્યે, ત્યારે એને એમ થાય કે આ તો ગજબ ચમત્કાર થઈ

ગયો ! હું તો ગયો જ હતો, મર્યો જ હતો ! જીવું એવી પરિસ્થિતિ દેખાતી ન્હોતી એમાંથી મને કાંઠે મૂકી દીધો. ડૂબતો બચાવી લીધો, એને એ પછી ભગવાન દેખાય. પછી એની અંતર પરિણતિ જોવાની પરીક્ષા કરવાનો વિકલ્પ એને ન આવે. કેમકે પછી એનો અનુભવ બોલે છે કે કેવા મારા પરિણામ હતા ? કેવી સ્થિતિમાંથી હું બહાર આવ્યો ? અને બચી ગયો. બસ ! ખલાસ ! એ એને પછી ભગવાન દેખાય છે. એટલો બધો વિશ્વાસ અને એટલી બધી શ્રદ્ધા આવે છે કે કોઈ પણ પરિસ્થિતિમાં એ વિચલિત થાય નહીં.

આ પત્રની અંદર આટલો વિસ્તાર કર્યો છે તોપણ એમ લખે છે કે, તમારા બધા પ્રશ્નોનો ઉત્તર નથી લખી શક્યો અને લખી શકવા જેટલો અવકાશ પણ નથી. પોતે પણ એટલી પ્રવૃત્તિમાં હતા અને એ પ્રવૃત્તિમાં ઉપયોગને દેવો પડતો હતો, માંડ માંડ દેતા હતા, પછી એ ઉપયોગને બીજે લગાડવાની એમની પાસે શક્તિ નહોતી રહેતી. આટલું ઘણું, હવે આત્મામાં જાઉં.

કૃપાળુદેવના પરિણામનું ચિત્ર એવું છે કે એક બાજુ એમને આત્માનો પુરુષાર્થ ધડાધડ લાગેલો રહે છે. બીજી બાજુ ઉપાધિથી, અનેક કામોથી એ ઘેરાયેલા રહે છે. ત્રીજું કામ કરવાની જગ્યા નથી રહેતી, અવકાશ નથી રહેતો. એટલે મુમુક્ષુઓ સાથેનો જે પત્રવ્યવહાર છે એ એમને ઘણો સંક્ષેપવો પડ્યો છે. ઘણો સંક્ષેપ કર્યા પછી આ ૯૫૩ આંક આપણા હાથમાં રહ્યા છે. જો બાહ્ય નિવૃત્તિ હોત તો ઘણાને ઘણા બધા ઉપકારી થઈ શક્યા હોત. એ પોતાને ખ્યાલ હતો, જો નિવૃત્તિ હોય તો ઘણાને ઉપકાર થાય એવી અમારી અંતરંગ પરિસ્થિતિ છે પણ એમાં પણ અમે બીજું કરી શકીએ એમ નથી. એમાં પણ અમારાથી બીજુ થાય એવું નથી. કેમકે પોતે પોતાના આત્મકાર્યમાં લાગેલા રહે છે. થોડો અવકાશ રહે છે એનો આ બાજુ ઉદયમાં ઉપયોગ દેવો પડે છે. જે પ્રારબ્ધ છે એને ભોગવ્યા વિના બીજો ઉપાય દેખાતો નથી. પછી બહુ જ ઓછો અવકાશ રહ્યો છે. એમાં આટલા પત્રો રહી ગયા છે. આ તો બચ્યા એટલા, ગ્યા એટલા ગ્યા. બીજા સો-પચાસ પત્રો તો ઓછામાં ઓછા ગેરવલ્લે ગયા હશે, એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- ૩૧૪ પાને, પત્રાંક - ૩૨૨

પૂજ્ય ભાઈશ્રી :- 'અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે.' જે અંદરમાં જ્ઞાનધારા ચાલે છે, એ સ્વરૂપપરિણતિ છે અને એ નિર્વિકલ્પ સમાધિ છે. 'આત્માના સ્વરૂપ સંબંધી તો પ્રાયે નિર્વિકલ્પપણું જ

રહેવાનું અમને સંભવિત છે.' સ્વરૂપમાં તો અમે નિર્વિકલ્પ છીએ, કોઈ વિકલ્પ નથી ઊઠતો કે આવું કેમ ? સ્વરૂપમાં આમ કેમ ? સ્વરૂપમાં પૂરેપૂરું સમાધાન છે. 'કારણ કે અન્યભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ જ નથી.' અન્યભાવમાં, ગૌણપણે ચાલે છે જે ચાલે છે, મુખ્યપણે અમારી કોઈ પ્રવૃત્તિ (નથી). આટલો આટલો જે વ્યવસાય ચાલે છે એ બધું ગૌણભાવે ચાલે છે, જરાય એમાં અમને મુખ્યતા આવતી નથી.

પછી નીચે એક પેરેગ્રાફ મૂકીને લખે છે 'શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયઃ મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું, એમ અમને દૃઢ કરીને ભાસે છે.' તીર્થંકરદેવનો આશય ઝીલનાર અમે અત્યારે છીએ. અત્યારે તો આ ક્ષેત્રમાં બીજું કોઈ દેખાતું નથી.

અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું...

જીવ કદી એવી પણ ભૂલ કરે છે કે વિચારને મુખ્ય કરે છે અને અનુભવને ગૌણ કરે છે, તેથી વિચારોનાં વમળમાં ફસાય છે. ખાસ કરીને સત્પુરુષના સમાગમમાં આવેલ જીવ, એકાંત આત્મકલ્યાણની ભાવનાના પોષણરૂપ અનુભવને જ્યારે ગૌણ કરીને, વિચારોને મુખ્ય કરે છે ત્યારે શંકાના વમળમાં પડી માર્ગનો ક્રમ (ઉપકારબુદ્ધિપૂર્વકનો વિનય) ચુકી જાય છે અને અપૂર્વ સુયોગ ખોઈ બેસે છે. તેમાં પણ કુસંગની અસર આવી યોગ્યતાવાળાને ઘણી જ નુકસાનકર્તા થાય છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૨૯)

## તા. ૦૩-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૫૭
## પત્રાંક – ૨૧૭–૨૧૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પાનું – ૨૭૨, પત્રાંક–૨૧૭, પહેલો પેરેગ્રાફ છે, છેલ્લી બે-ચાર લીટી જે છે (એ) ફરીને લઈએ. શ્રી સોભાગભાઈને આર્થિક પ્રતિકૂળતા ઉપર માર્ગદર્શન છે. પહેલા પેરેગ્રાફમાં નીચે લીધું છે ને ? 'આજે આપનું એક પત્ર મળ્યું.' એમ કરીને જે પેરેગ્રાફ છે ને ? એ પેરેગ્રાફ.

૨૧૭ નંબરનો પત્રાંક છે. ઉપર પહેલો પેરેગ્રાફ, એમાં છેલ્લે લીધું કે 'અધિક ઝાંવાં નાખવા પ્રયત્ન કરવું નહીં.' ખાસ કરીને કર્મનો ઉદય અનુકૂળ ન ચાલતો હોય, ત્યારે વિશેષ આકુળતા કરીને જે કંઈ પરિણમન થાય છે, એ રસ્તો છોડી દેવો. ભવિષ્ય માટે 'અલ્પ પણ ભય રાખવો નહીં.' કોઈ પણ સ્તરના મુમુક્ષુને લાગુ પડે એવો વિષય છે.

'ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં;...' લાંબી તો ચિંતા કરવી નહીં પણ ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં. દુનિયાદારીમાં ડહાપણ બીજી રીતે છે. દુનિયામાં તો એમ કહે કે, ભાઈ ! આવતી કાલનો વિચાર કરવો. આપણું આયુષ્ય કેટલું લાંબું છે ? ઠેઠ સુધીનો વિચાર કરવો. ત્યાર પછી આપણા દીકરા, દીકરી, કુટુંબ-પરિવારનો પણ વિચાર કરવો અને બધી જ વ્યવસ્થા કરવી. જ્ઞાનીનો માર્ગ કોઈ જુદો છે. એ એમ કહે છે એક પળનો પણ ભવિષ્યનો તારે વિચાર કરવાની જરૂર નથી. કેમકે પૂર્વકર્મ છે એને ફેરવવા, ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. તારો વિચાર કર્યો શું કામ આવે ?

'ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે,...' એટલે એ ભવિષ્યની ચિંતા કરવા માટેની તારી જે પરિણતિ ઘડાઈ ગઈ છે, જે પરિસ્થિતિ થઈ ગઈ છે કે, તારે ચિંતા ન કરવી હોય તોપણ થઈ જાય છે, એવી જે પરિસ્થિતિ (થઈ ગઈ છે) એને અહીંયાં અભ્યાસ કહે છે. અભ્યાસ થઈ ગયો એટલે ટેવ પડી ગઈ, મહાવરો

થઈ ગયો, એ રીતે તારી યોગ્યતા જ એવી થઈ ગઈ છે કે તને ભવિષ્યની ચિંતાને હિસાબે વારંવાર વિચાર આવ્યા કરે અને કંઈ ને કંઈ, એમાં ને એમાં જ ગૂંચવાઈને તું તારો સમય પસાર કરી નાખે છો.

'કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું;...' તે ભૂલી જવું, તે છોડી દેવું, તેની કિંમત કાઢી નાખવી. અભિપ્રાયમાંથી તેની કિંમત છોડી દેવી. અનુકૂળતાઓ રહેશે તો ઠીક પડશે, અનુકૂળતાઓ નહીં રહે તો પછી દુઃખી થઈ જવાશે, એ બધું છોડી દેવું, ભૂલી જવું, વિસ્મરણ કરી નાખવું. એવું બધું વિસ્મરણ કરી નાખવું.

અભિપ્રાયથી, નિર્ણયથી મુમુક્ષુજીવે એવી તૈયારી કરી લેવી જોઈએ કે, ભવિષ્યમાં કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉદય પ્રમાણે હશે કે રહેશે તોપણ હું મારું આત્મહિત કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં સાધીશ અને એ સાધવા માટે મને અનુકૂળતાઓની અપેક્ષા નથી, પ્રતિકૂળતાઓની દરકાર નથી. કોઈ પણ પરિસ્થિતિમાં હું મારું કાર્ય કરીશ, એવો એને ઉત્સાહ, એવો નિર્ણય, એવો ઉલ્લાસ, વીર્યોલ્લાસ જેને કહે છે, એ મુમુક્ષુજીવને એના નિર્ણયથી હોવો જોઈએ, થવો જોઈએ. નહીંતર ભવિષ્યની ચિંતા છૂટવાનો કોઈ પ્રકાર નહીં થાય, અરે...! ભવિષ્યની ચિંતા હળવી પણ નહીં થાય. આમાં પહેલા હળવી થઈ જશે.

'તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે,..' એટલે કે તો જ આત્મહિત થશે, 'ઈશ્વર પ્રસન્ન થશે' એનો અર્થ એ છે કે તો જ આત્માનું હિત થશે, નહીંતર આત્મહિત નહીં થાય. પરિણામ કરી કરીને, સંયોગના પરિણામ કરી કરીને દુર્ગતિમાં જવા સિવાય બીજું કંઈ થશે નહીં. એ પરિણામથી કંઈ પરિસ્થિતિ બદલી જશે, કર્મનો ઉદય ફરી જશે એમ નહીં બને પણ તારી દુર્ગતિ નિશ્ચિત થઈ જશે, પાકી થઈ જશે. 'તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે;...' અથવા આત્માને મહિમાનું તો ફળ છે કે જો સંયોગનો મહિમા ઘટે તો, સંયોગનું મૂલ્ય ઘટે તો. અનુકૂળતા-પ્રતિકૂળતાનો હિસાબ-કિતાબ જો એમ ને એમ રહી જાય તો તો પરમભક્તિ એટલે આત્મભક્તિ, આત્માનો મહિમા, આત્માની કિંમત આવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી, એનું ફળ નથી.

પ્રશ્ન :- ચિંતા કરે તો કાંઈ પરિસ્થિતિમાં ફેર પડે ?

સમાધાન :- નહીં, ચિંતા ઘણી કરે ને ઊલટાની મતિ મૂંઝાઈ જાય. જેમ જેમ ચિંતા વધારે કરે તેમ મતિ મૂંઝાઈ જાય અને મતિ એવી મૂંઝાઈ જાય કે યોગ્ય નિર્ણય લેવાને બદલે, લગભગ ચિંતિતદશામાં લીધેલો નિર્ણય અયોગ્ય જ હોય છે. જગતના ડાહ્યા માણસો

પણ એમ કહે છે કે, કાંઈ શાંત ચિત્તે, ઉપાધિ વગરના શાંત ચિત્તે નિર્ણય લેવાય તો બરાબર નિર્ણય લેવાય છે અને જલદી, ઉતાવળમાં, મૂંઝવણમાં, આકુળતામાં જે નિર્ણય લેવાય છે એ નિર્ણય વ્યવહારિકદૃષ્ટિએ પણ યોગ્ય નિર્ણય નથી લેવાતો. સ્વસ્થ ચિત્તે જે નિર્ણય લેવાય છે તે બરાબર લેવાય છે. માટે સામાન્ય બુદ્ધિવાળા પણ એ ચિંતાની પરિસ્થિતિ સ્વીકારતા નથી. ભવિષ્યનો યોગ્ય નિર્ણય લેવા માટે પણ ચિંતાની પરિસ્થિતિનો સ્વીકાર નથી કરતા. એ તો બુદ્ધિગમ્ય વિષય છે.

અહીં તો એમ જ કહેવું છે કે, તું પોતે અનાદિ-અનંત શાશ્વત તત્ત્વ (છો). તારા સર્વ ગુણથી સંપન્ન, અને અનંત સુખથી ભરપૂર કે જે સુખને કોઈના આલંબનની કે કોઈની અપેક્ષાની જરૂર નથી, એવો તું પોતે સમર્થ પદાર્થ અને તું બીજાની અપેક્ષા ને ચિંતા ને દીનતામાં ક્યાં પડ્યો છો ? અને એથી તને દુઃખ ને ઉપાધિ સિવાય બીજું શું મળે છે ? કે, બીજું કંઈ થતું નથી. તને અશાંતિ સિવાય બીજું કંઈ થતું નથી. તને અશાંતિ થઈ જાય છે.

'તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; અને તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે,...' આ બહુ માર્મિક વાત લખી છે કે અમારો ને તમારો સંયોગ થયા પછી પણ જો જગતના સામાન્ય પ્રાણીઓની જેમ તમે સંયોગની ઉપાધિ કર્યા કરો તો અમારો તમને સંયોગ થયો છે એ તો નિરર્થક વસ્તુ થઈ ગઈ, એની કોઈ સાર્થકતા રહેતી નથી, એની કોઈ અસર રહેતી નથી, એનો કાંઈ અર્થ જ નથી. એવું થઈ જાય છે. કોઈ લાભ ન રહ્યો, એ તો જગતમાં બધા એમ જ કરે છે. આખું જગત, પછી યુરોપ લ્યો, અમેરિકા લ્યો, રશિયા લ્યો કે ભારત લ્યો. બધાએ સંયોગની પાછળ આંધળી દોડ મૂકી છે. તમે જો સંયોગની પાછળ મૂંઝાયેલા પડ્યા છો તો તમારી અને અમારી વચ્ચેનો જે કંઈ પારમાર્થિક વિષય છે એ વાતનું તો કોઈ સ્થાન જ રહેતું નથી. એની શું અસર રહી ? કે કંઈ ન રહી.

મુમુક્ષુ :– સત્સંગનો કોઈ લાભ તો કરવો જોઈએ ને !

પૂજ્ય ભાઈશ્રી :– સીધી જ વાત છે. સત્સંગનો કોઈ લાભ તો હોવો જોઈએ કે નહીં ? અને તે પણ લૌકિક પ્રકારથી કોઈ વિલક્ષણ પ્રકાર હોઈ શકે છે.

મુમુક્ષુ :– પારમાર્થિક – અલૌકિક ફેર પડે તો લૌકિક વ્યવહારમાં પણ ફેર પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો સીધી વાત છે. એ તો બહુ જ ફેર પડી જાય. એમાં તો ઘણો ફેર પડે છે. લૌકિક વ્યવહારની અંદર પણ ઘણો ફેર પડે છે. અને સરળતા તો એમાં મુખ્ય વાત છે. આ આમ કરે માટે હું આમ કરું, ઈ આડો ચાલે તો હું આડો ચાલું,

એ લૌકિકમાં છે. અલૌકિકમાં તો સીધી જ લાઇન છે. મારા આત્માનું હિત થાય એ મારે કરવું છે અને કોઈ પણ ભોગે મારું અહિત થાય એવું કંઈ કરવું નથી.

મુમુક્ષુ :- વેપાર-ધંધામાં તો બરાબર ધ્યાન રહે છે. સામાવાળાથી જરાપણ નુકસાની ન જાય એની સાવધાની રાખે.

સમાધાન :- તો એ તો એને પણ ખંખેરી નાખે. લૌકિકમાં તો શું છે કે પોતે હજી બહારના પદાર્થોમાં લાભને જુએ છે. અહીંયાં તો આત્મિકલાભ જોવાનો વિષય છે, દૃષ્ટિકોણ આખો એવો છે કે, વિલક્ષણ દૃષ્ટિકોણ છે !

'તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે...' એટલે તમારી પ્રતિકૂળતા વિશે શું થાય છે ? શું થવાનું છે ? 'તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.' હવે અહીંયાં સામાન્ય માણસને એમ સમજાય કે સોભાગભાઈની કોઈ પ્રતિકૂળતા આગળ વધશે તો શ્રીમદ્જી એમને કંઈ બહારમાં મદદ કરી દેશે. એમની અનુકૂળતાને લાવશે, પ્રતિકૂળતાને હટાવશે, એમ અહીંયાં નથી કહેવું.

'જોઈ લઈશું' એનો અર્થ એમ છે કે, એ વખતે તમારો પુરુષાર્થ આત્મા તરફ વધારે વળે એવી પરિસ્થિતિમાં તમે આવશો, એવી કોઈ આપણે આપણા એકબીજાના યોગથી તમારી કોઈ પરિસ્થિતિ ઊભી કરશું કે જેમાં તમે તમારું વિશેષ હિત સાધી શકશો. એમ જોઈ લઈશું, એવી વાત છે. 'જોઈ લઈશુ' એટલે કોઈ ચમત્કાર કરી દઈશું કે કોઈ શેઠિયાને સંકેત કરી દઈશું કે ભાઈ ! આમને જરાક સાચવી લેજો, એમ નહીં. 'જોઈ લઈશું' એટલે કોઈ મદદ કરી દઈશું એમ નહીં.

'જોઈ લઈશું' એટલે કે તમને તમારા આત્માનું હિત થાય એવી પરિસ્થિતિમાં લઈ લઈશું. એ જાતની તમારી યોગ્યતા અને પોતાનું જે સામર્થ્ય છે એ બન્નેનો એની અંદર વિશ્વાસ છે. એમાં વિશ્વાસ છે. એમની યોગ્યતાનો – સોભાગભાઈની યોગ્યતાનો પણ વિશ્વાસ છે અને પોતે જે કંઈ એમને બોધ આપવા માગે છે, એ બોધનો પણ વિશ્વાસ છે કે આનાથી હિત જ થશે. એવી એક નિઃશંક, નિશ્ચિત પરિસ્થિતિ છે, એનો અહીં સંકેત કર્યો છે.

બે વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, એની નિઃશંકતા છે. એટલે એ વાતને અવતરણચિહ્નમાં ગૂઢ ભાષામાં લઈ લીધી છે. ગંભીરતા બતાવી દીધી છે કે, આ વાતની ગંભીરતા બીજી રીતે લેવા જેવી છે. એમ કરીને પણ એમને એમ કહ્યું કે, તમારે જરાય મૂંઝાવાની જરૂર નથી. સરવાળે એને ક્યાં મૂકી દીધા ? કે તમારે કોઈ ઉપાધિની ચિંતા કરવાની જરૂર નથી.

અમે બેઠા છીએ ત્યાં સુધી તમે ચિંતા કરશો નહીં. એમ સીધા જ એ રીતે પણ હળવા કરી નાખ્યા. એ નીચે ખુલાસો કરશે.

'સર્વાત્મા હરિ સમર્થ છે. આપ અને મહંત પુરુષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે. આપના ઉપાધિયોગ વિષે જોકે લક્ષ રહ્યા કરે છે; પણ જે કંઈ સત્તા છે તે તે સર્વાત્માને હાથ છે.' 'સર્વાત્મા હરિ સમર્થ છે.' (એટલે) અંદર જે આત્મા બેઠો છે, એ તો બહુ સમર્થ છે, સર્વગુણસંપન્ન છે, સર્વ શક્તિસંપન્ન છે, ગુણસંપન્ન એટલે સર્વ શક્તિસંપન્ન છે 'અને મહંત પુરુષોની કૃપાથી...' એટલે પોતાની દશાની વાત લીધી છે. અમારી મતિમાં એવી નિર્બળતા ઓછી રહે છે. તમને જે નિર્બળતા આવી જાય છે એવી નિર્બળતા આવતી નથી.

'નિર્બળ મતિ ઓછી રહે છે. આપના ઉપાધિયોગ વિષે જોકે લક્ષ રહ્યા કરે છે;...' ખ્યાલમાં છે, તમારો જે ઉપાધિયોગ છે એ અમારા ખ્યાલ બહાર નથી, અમારા લક્ષમાં છે પણ સમાધાન વર્તે છે કે જે કંઈ થવા યોગ્ય હોય તે થાય છે. જે કંઈ સત્તા છે, અધિકાર છે એ તો સર્વાત્માને હાથ છે. એટલે કે દરેક પરમાણુ, દરેક પદાર્થ પોતપોતાની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, પોતપોતાના ગુણધર્મે પરિણમે છે, એ અધિકારમાં કોઈ બીજાનો અધિકાર, એક સત્તામાં બીજાની સત્તા કામ આવે એવું નથી. સિદ્ધાંતોની બહુ ગૂઢ ભાષા છે.

'અને તે સત્તા નિરપેક્ષ, નિરાકાંક્ષ એવા જ્ઞાનીને જ પ્રાપ્ત હોય છે,...' એવી જે સત્તા છે, અધિકાર છે, એ જ્ઞાનીઓને તો નિરપેક્ષપણું છે, નિરાકાંક્ષાપણું છે, કોઈ આકાંક્ષા નથી, કોઈ અપેક્ષા નથી એટલે એમનું સામર્થ્ય છે એ અંદરથી પ્રગટ થયેલું છે. એ પ્રગટ થયેલા સામર્થ્યને કોઈ દીનતા નથી, કોઈ એને અપેક્ષા કરવી નથી, કોઈ આકાંક્ષા રાખવી નથી, એવી સ્થિતિ જ્ઞાનીને પ્રાપ્ત હોય છે.

'જ્યાં સુધી તે સર્વાત્મા હરિની ઇચ્છા જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું એ આજ્ઞાંકિત ધર્મ છે,...' કુદરતને લીધી, ઈશ્વર, હરિ એ બધાયમાં કુદરત લેવી. કે જ્યાં સુધી કુદરતની ઇચ્છા હોય, કુદરત જેમ ઇચ્છતી હોય એટલે સર્વ પદાર્થો (પોતપોતાના) ગુણધર્મ પ્રમાણે પરિણમે છે. સર્વ કાળે યથાયોગ્ય સર્વ પદાર્થોની પરિપકવ અવસ્થા થાય છે, કોઈ પદાર્થની અપરિપકવ કે ન થવા યોગ્ય અવસ્થા થતી નથી. તેથી જ્ઞાનીને સર્વ સમાધાન વર્તે છે, કોઈ પણ પદાર્થની અવસ્થા પ્રત્યે અસમાધાન વર્તતું નથી. એ જ્ઞાની કુદરતની આજ્ઞાએ ચાલનારા, કુદરતની આજ્ઞાને માન્ય રાખનારા આજ્ઞાંકિત છે. જ્ઞાની આજ્ઞાંકિત છે.

જ્ઞાનીનો પણ એવો ધર્મ છે. જ્ઞાનીને પણ એ આજ્ઞાએ ચાલવું એવો જ્ઞાનીનો આજ્ઞાંકિત

ધર્મ છે, જ્ઞાની બીજી રીતે ચાલતા નથી, ઊથલપાથલ કરવા માગતા નથી, એમ કહે છે.

'ઇત્યાદિક વાત ઘણી છે.' એ તો ઘણી વાતો છે 'શબ્દે લખી શકતો નથી, અને બીજો કોઈ સમાગમ સિવાય એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી;...' પ્રત્યક્ષ સમાગમે આ બધી ચર્ચા થઈ શકે, એ સિવાય બીજો કોઈ ઉપાય પણ અત્યારે નથી. 'જેથી જ્યારે ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું.' તમને સમાધાન થાય એવી ઘણી વાતો કરવી છે, એ પણ કોઈ યોગાનુયોગ હશે એટલે કે એવાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં તમારી યોગ્યતા જોઈને વાત કરશું અથવા યોગ્યતા જોઈને સહેજે એ વાત કરવાની સ્ફુરણા આવશે.

પોતે તો આ વિષયની અંદર ઘણા વિચક્ષણ છે એટલે સામા જીવની યોગ્યતા જોઈને જ એમને (ઉપદેશ આપે છે). કોઈ જીવો પ્રત્યે જે વિકલ્પ આવતો એ પણ કુદરતી પરિસ્થિતિમાં આવતો હતો. આને આટલું જ કહેવાય, એથી વધારે વિકલ્પ ઊઠે નહીં, વાણી મૌનપણાને ભજી જાય, એ બધા ઘણા પ્રસંગો આની અંદર આવશે કે અત્યારે આ વાત કરતા અમારી વાણી મૌનપણાને ભજે છે, વાત કરવાનો વિકલ્પ રહેતો નથી. સામાની યોગ્યતા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું જોઈને એ કુદરતી, કુદરત ઉપર બહુ છોડે છે. મોક્ષમાર્ગની અંદર સહજતા કેટલી હોય છે એ બધું સ્પષ્ટ થાય છે, વધારે સ્પષ્ટ થાય છે. એટલે જ્યારે જે ઈશ્વરેચ્છા હશે એ વાત કરશું, અમારી ઇચ્છા હશે એમ વાત કરશું એમ નહીં. જ્યારે જે થવા યોગ્ય હશે એ વાત થઈ જશે, તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

'ઉપર જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે, તે આપ થોડો વખત વિચાર કરશો, ત્યાં જ તેવી દશા થઈ રહે એવી આપની મનોવૃત્તિ છે; અને એવી ગાંડી શિક્ષા લખવાની સર્વાત્મા હરિની ઇચ્છા હોવાથી મેં આપને લખી છે;...' કેમકે લૌકિકમાં આ શિક્ષા ગાંડી ગણાય છે. લૌકિકમાં તો ભવિષ્યનો લાંબો વિચાર કરે એ ડાહ્યો માણસ કહેવાય છે. આવતીકાલનો શું પણ એક પળનો તું વિચાર કરીશ નહીં, એ તો ગાંડી શિક્ષા કહેવાય છે. એ શિક્ષા લખવાનો પણ જ્યારે મને વિચાર આવ્યો છે એ આપની યોગ્યતા જોઈને આવ્યો છે કે આપને માટે લખવામાં વાંધો નથી, જરૂર એ આપને અનુકૂળ પડશે, આપના હિત માટે એ કાર્યસાધક થશે, માટે એવી શિક્ષા લખી છે.

'જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે,...' એટલે શું છે કે, આ ઉપાધિ મારી છે, મારા કુટુંબની છે, મારી છે, એનો ભાર મારે માથે છે, એની જવાબદારી મારી છે, એમ અહંપણું રાખવાથી ઉપાધિ વધે છે. એ અહંપણું તું મૂકી દે, એમ કહેવું છે. એ

તો બધાને, બધા મુમુક્ષુને લાગુ પડે એવો વિષય છે કે તું સંયોગમાંથી, કુટુંબમાંથી, બધાયની જવાબદારીમાંથી હુંપણું માથે લઈને જે ફરે છે એ તું છોડી દે. એ જ તને ઉપાધિ અને દુર્ગતિનું કારણ થઈ જશે, બીજું કંઈ નહીં થાય.

એવાં જે વચનો લખ્યાં છે એ વચનો આપની યોગ્યતા માટે એવાં સરસ છે કે થોડોક વિચાર કરશો કે આ આત્મા કોણ ? મારે ને આને શું લેવાદેવા ? ખરેખર આ ઉપાધિ અને આ જવાબદારીને મારે શું લેવાદેવા ? થોડોક વિચાર કરશો ત્યાં તો એવી સરસ તમારી દશા થઈ જશે કે તમે તમારી ભિન્નતાના વિચારમાં, જુદાંપણાના વિચારમાં આવી જશો, અહંપણું મુકાઈ જશે. અહંપણું સહેજે હળવું થઈ જશે અને ઉપાધિમાંથી તમે મુક્ત થઈ જશો. એવી તમારી યોગ્યતા જોઈને આ શિક્ષા, જે શિક્ષાને 'ગાંડી શિક્ષા' એવું વિશેષણ આપ્યું છે, લૌકિકદૃષ્ટિનો વિકલ્પ કરીને આપ્યું છે.

શિક્ષા તો એકદમ અલૌકિક છે ! ગાંડી નથી પણ એકદમ અલૌકિક ડહાપણની શિક્ષા છે પણ લૌકિકદૃષ્ટિએ જેને ગાંડી શિક્ષા કહેવાય એવી શિક્ષા લખવાની મેં તમને હિંમત કરી છે, વિનંતી કરી છે અને એ પણ કુદરતની એવી ઇચ્છા થઈ છે એટલે. હરિની એવી ઇચ્છા થઈ છે કે તમને આવી ગાંડી શિક્ષા પણ લખવી. ક્યાંય કર્તા થતા નથી. હું તમને ઉપદેશ આપું છું એ વાત છોડી દ્યે છે.

આના ઉપરથી કોઈ વિશેષ લક્ષ કરવા જેવું હોય તો આ છે કે ભલે જ્ઞાની બોધ આપે છે તોપણ એ કેટલા વેગળા રહીને આપે છે, કેટલા ભિન્ન રહીને આપે છે, કેટલા નિસ્પૃહ રહીને આપે છે ! એ આમાંથી નીકળે છે. આ તો કોઈ કુદરત કામ કરાવે છે.

ગુરુદેવ પ્રવચન કરતા ત્યારે એક વખત એવી વાત ચાલેલી કે, આ જે ભાષા નીકળે છે, એને ને ઇચ્છાને ખરેખર કર્તા-કર્મ સંબંધ નથી. આ ભાષાવર્ગણાના પુદ્ગલો કુદરતી પરિણમે છે અને નહીં ધારેલી વાતો નીકળે છે. પ્રવચનની અંદર પોતે કલ્પના ન કરી હોય, વિચાર ન કર્યો હોય એવી વાતો વ્યક્ત થાય છે. એ શું બતાવે છે ? કે એ સ્વયં જ થઈ રહ્યું છે અને સ્વયં થઈ રહ્યું છે એવો પોતાને અનુભવ થાય છે.

એટલે (કહે છે), અહીંયાં તમને આટલી શિક્ષા લખાણી એ પણ હરિઇચ્છાએ લખાણી છે. ખરેખર એવું કંઈ પહેલેથી ગોઠવીને, Planning કરીને તમને લખીએ છીએ એવું પણ નથી. એવી 'સર્વાત્મા હરિની ઇચ્છા હોવાથી મેં આપને લખી છે. માટે જેમ બને તેમ એને અવધારજો.' એને અંગીકાર કરજો, એને ધારણ કરજો. ખાલી એનો શબ્દાર્થ શું થાય છે

એટલો વિચાર નહીં કરતા.

સામાન્ય રીતે માણસ કોઈ પણ વાતનું અર્થઘટન શું થાય છે અને એ અર્થઘટન બરાબર છે કે નહીં ? અને જો બરાબર થાય છે તો હવે વાંધો નથી, આપણે સાચો અર્થ સમજ્યા છીએ એવો એક જે સંતોષ થાય છે, એ વાત અહીંયાં નથી. અવધારજો એટલે અંગીકાર કરજો, એને ધારણ કરજો, એમ લેવું છે. એમ સીધું કહેવું છે.

એટલે શું છે કે જે બોધનો વિષય છે ત્યાં બે પ્રકાર પડે છે. એક પ્રકાર એવો છે કે સામાન્ય રીતે એની સમજણ સુધી માણસ આવે છે. કેટલાક તો અધૂરું સમજે છે, ઓછું સમજે છે કે વિપરિત સમજે છે. એનો તો પ્રવેશ નથી. પણ કોઈ બરાબર ક્ષયોપશમ અનુસાર બરાબર સમજે છે, ઠીક સમજે છે ત્યારે જો એને સંતોષ થાય છે કે હવે મને સમજાય છે તો આ એક પાછી ભયંકર પરિસ્થિતિ છે. સમજાયાની ભયંકર પરિસ્થિતિ છે.

ખરેખર જો યથાર્થ સમજાયું હોય તો એની યથાર્થતાનું એક ચિહ્ન, એક લક્ષણ એવું છે કે, એ અવધારણ કરવા તરફનો પ્રયાસ ચાલુ થાય. આ જ યથાર્થતાનું લક્ષણ છે કે એને એનો ઉપયોગ શું ? એ બોધને ચરિતાર્થ કરવા સંબંધીની જો એના આત્માને કંઈ પણ ચેષ્ટા ન થાય તો એની સમજણની યથાર્થતા ક્યાં રહી ? આ સવાલ છે. એની સમજણની યથાર્થતા રહેવાનો પ્રશ્ન નથી. આ એક ન્યાય છે એ એવો ન્યાય છે કે જે સર્વ જ્ઞાનીઓના ઉપદેશનો અંતર્‌ધ્વનિ છે, Under tone જેને કહેવામાં આવે છે, એવો વિષય છે.

બધા જ જ્ઞાનીઓને આ કહેવું છે કે અમે કહીએ છીએ તે અવધારણ કરો. 'અવધારજો' જે શબ્દ અહીંયાં લખ્યો છે, અવધારણ કરો, એના ઉપર એનું વજન છે. સમજીને એકકોર મૂકી દ્યે એ પરિસ્થિતિ આ માર્ગને અનુકૂળ નથી. ઠીક છે, સમજાય તો છે. નહીં, એટલું નહીં, સમજાય છે એવી રીતે કે કઈ રીતે એને અંગીકાર કરી શકાય છે, એવી રીતે સાથે સાથે સમજાય છે ? અને એ અંગીકાર કરવાની અંદરથી આત્મા કોઈ ચેષ્ટા કરે છે ? તો તો એની યથાર્થતા છે. નહીંતર એની કોઈ સાર્થકતા નથી, એ એક સ્મૃતિનો વિષય બની જશે કે જે વિસ્મૃતિ સહિત છે. એ સ્મૃતિનો જન્મ, વિસ્મૃતિરૂપ એના મરણ સહિત જ છે. એનો કોઈ અર્થ નથી, એનું કોઈ સાર્થકપણું હોતું નથી. એટલે (એમ કહે છે કે), જેમ બને તેમ એને અવધારજો.

'ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો.' ઉદ્યમ કરવાની વૃત્તિ આવશે, ઉદ્યમ થશે. તમારી પરિસ્થિતિનો ખ્યાલ છે એટલે

તમને એ પ્રકારનો રાગ ઉત્પન્ન થશે અને પ્રવૃત્તિ પણ થશે પણ ચિંતામાં રહીને નહીં, શંકામાં રહીને નહીં. કાલે શું એવું નિરાધારપણું પકડીને નહીં. નિઃશંકપણે જે થવા યોગ્ય હશે તે થશે, આકુળતાની થોડી દવા કરવી છે, બાકી મારા અધિકારની વાત નથી. એમ અહંપણું રાખીને કરવા યોગ્ય નથી. અહંપણું છોડીને થાય તે થાય, થાવ તે થાવ, ન થાવ તે ન થાવ, એમ અહંપણું છોડીને ઉપાધિના કોઈ પણ ઉદયમાં થોડો પણ પ્રવેશ થાય તોપણ અહંપણું છોડવાનો જે પ્રયત્ન છે એ બરાબર મક્કમ રીતે રાખીને થાય તો યોગ્ય છે, નહીંતર જગત આખું જેમ ઉપાધિમાં સલવાઈ ગયું છે એમ તમે સલવાઈ જશો. બીજો પ્રકાર તો થવાનો નથી.

મુમુક્ષુ :– ઉપાધિનું કારણ અહંપણું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– અહંપણું છે એ જ ઉપાધિ છે. ખરેખર પોતે ભિન્ન સત્તાએ હોવા છતાં પણ જે અહંપણું કરી લ્યે છે એનેથી જ ઉપાધિ છે, એનેથી જ દુઃખ છે, અશાંતિનું એ જ કારણ છે. ભિન્ન પદાર્થની ભિન્ન સત્તા જો જોવે તો પોતે જ્ઞાતા રહી જશે અને એ એક જ નિરુપાધિક થવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :– અહંપણું કે કર્તાપણું, બન્ને એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એક જ છે. કર્તાપણું કહો, અહંપણું કહો. એ મિથ્યાત્વનાં લક્ષણો અનેક પ્રકારથી એની અંદર પછી આવે જ છે. એનું મુખ્યપણું કહો, અહંપણું થાય એટલે મુખ્યપણું થયા વિના રહે નહીં. આ સીધું ગૌણ થઈ જાય, થાય ખરું કાર્ય, પણ ગૌણપણે થાય.

મુમુક્ષુ :– ઉત્તરદાયિત્વ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– એનું ઉત્તરદાયિત્વ એટલું જ છે કે પ્રમાણિકપણે અહંપણું છોડીને જેટલી પોતાની રાગની યોગ્યતા છે, એટલા પ્રકારે પ્રવર્તવું. ઉત્તરદાયિત્વમાં અહંપણું કરવું એવી વાત, એવી શરત ક્યાં આવે છે ?

આ નિરાલંબ, નિરપેક્ષ એવા આત્મતત્ત્વને શું આ બધી જરૂરિયાત છે ? આ સાથે વાત છે, છોડીને વાત નથી. (આ વાત હશે તો) અનુકૂળતા અને પ્રતિકૂળતાના સંયોગોમાં અહંબુદ્ધિ ત્યાગવાનું કંઈ પણ (પ્રયત્ન) થઈ શકશે. પેલું તો અહંપણું છોડવાનું થઈ જ નહીં શકે. એટલે શરૂઆત તો અહીંથી કરવાની છે કે જ્યારે પોતાની જરૂરિયાત છે ત્યારે એ જરૂરિયાતની ઇચ્છા કાળે એ જરૂરિયાત વિનાનો નિરાલંબ, નિરપેક્ષ તત્ત્વ છું, એને વળી આ શું ? એ વાત તો એના લક્ષમાં હોવી જ જોઈએ. અને એ પ્રયોગ સહિત પછી જે

પ્રવર્તે છે, એમાં બધો આગળનો રસ્તો થાય છે. જો અહીંથી ભૂલ્યો તો આગળ કોઈ રસ્તો નથી. એટલે અહીંથી મૂળથી તો પોતાથી એ વાત છે પછી એને બધી જગ્યાએ પોતાના ઉત્તરદાયિત્વની, જવાબદારીની અપેક્ષાએ કેટલો, ક્યાં, કેમ વિવેક કરવાનો છે, એ બધું સૂઝે છે. નહીંતર એ વિવેક સૂઝતો નથી. નહીંતર ક્યાંક પોતાને પોતાની ઇચ્છા પ્રમાણે કરવું હોય ત્યારે સિદ્ધાંતનો ખોટેખોટો આશ્રય લેશે, ખોટું સમાધાન કરશે, ખોટો સિદ્ધાંતનો આશ્રય લેશે. નિશ્ચયના સિદ્ધાંતનો આશ્રય લેશે, ક્યાંક પોતાને ફાવશે ત્યાં વ્યવહારના સિદ્ધાંતનો આશ્રય લેશે. જ્યાં જેમ પોતાને ફાવતું (હશે તેમ) કરશે અને પોતાની રુચિ અનુસાર કરશે. (અહીંયાં) એ વાત નથી.

એટલા માટે જ એમણે ૨૧૧માં મંત્ર આપી દીધો કે એક દઢમોક્ષેચ્છા છે ? તો તને સર્વ ઉદયના પ્રસંગોમાંથી કેમ છૂટવું એનો વિવેક આવશે અને નહીંતર એ વિવેક ક્યાંય નહીં આવે. તો પહેલી વાત એ છે કે એ દઢમોક્ષેચ્છામાં પોતે જ્યાં જ્યાં ઇચ્છા કરે છે ત્યાં બંધાય છે. જ્યાં જ્યાં પોતાને ઇચ્છા થાય છે ત્યાં બંધાય છે. જ્ઞાતાદષ્ટા એવા ચૈતન્ય પદાર્થને પરપદાર્થની અપેક્ષા શું ? જે પોતાથી સ્વયં પરિપૂર્ણ છે, અનંત સુખથી પ્રદેશે પ્રદેશે ભરપૂર છે એને બીજાની અપેક્ષા શું ? છતાં જે વૃત્તિ ઊઠી, તો આ વાત રાખીને કે આ વાત ટાળીને ? આ સીધો સવાલ છે. ત્યાં જો પ્રયોગ ન ચાલ્યો તો પોતાના ઉદયમાંથી છૂટવા માટે શું કરશે ? અને પછી બીજા જે ઉદયના સંગ-પ્રસંગો ઊભા થશે, એમાં તો ક્યાંય વિવેક આવશે જ નહીં, કોઈ જગ્યાએ વિવેક નહીં રાખી શકે, વિવેક નહીં જળવાય. ક્યાં, કેટલી બાંધછોડ કરવી, એનો વિવેક એને કેવી રીતે રહેશે ? કોઈ રીતે ન રહે. બધી વાતનું કેન્દ્રસ્થાન અહીંયાં છે.

એટલે તો એ પોતે લખે છે ને ? કે, સમાગમ સિવાય આવી વાતો કરવાનો કોઈ ઉપાય નથી. ઘણી ઊંડી વાતો છે, પત્રમાં કેવી રીતે લખવી ? પ્રત્યક્ષ સમાગમમાં કેટલીક વાતો થઈ શકે, તે પણ અત્યારે અમે કોઈ એનું Planning કરતા નથી કે તમે મળશો ત્યારે તમને આમ કહેશું, આમ સમજાવશું, એ કંઈ નથી. ઈશ્વરેચ્છા હશે તે વાત થઈ જશે, એટલા બધા અત્યારથી સહજતામાં છે. કોઈ એમના પ્રત્યે બહુ પાત્ર મુમુક્ષુ તરીકેનું જે આકર્ષણ છે, એ આકર્ષણ હોવા છતાં કેટલા નિસ્પૃહ અને કેટલી સહજતામાં વર્તે છે, એ એમની અંતરંગ પરિસ્થિતિ પ્રસિદ્ધ થાય છે.

મુમુક્ષુ :- એને મર્યાદા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી મર્યાદા ! એકદમ સહજતામાં છે. કેવી પોતાની લાઇન ઉપર ચાલ્યા જાય છે ! એ પણ એમનો એક ઉદય છે. એમને જે મુમુક્ષુઓ મળે છે (એમની) સાથેનો જે પારમાર્થિક વ્યવહાર છે, બીજો તો વ્યવહાર એમણે રાખ્યો જ નથી પણ જે પારમાર્થિક વ્યવહાર છે એમાં પણ કેટલા નિસ્પૃહ અને કેટલી સહજતાથી વર્તે છે ! પોતાના રસ્તે ચાલ્યા જાય છે, ચાલતા ચાલતા આંગળી ચીંધવાની વાત છે. પોતાના અંદરના રસ્તે ચાલ્યા જાય છે અને ચાલતા ચાલતા આંગળી ચીંધવી છે કે આ રસ્તો છે, હોં ! જુઓ ! અમે આ રસ્તે ચાલ્યા જઈએ છીએ, આ રસ્તો છે. તમને દેખાય તો નસીબદાર છો, ન દેખાય તો કોઈ ઉપાય નથી, એવી વાત છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષતા અને પરોક્ષતામાં બહુ અંતર છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મોટું અંતર છે, કોઈ એનો Alternative નથી, પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ જ નથી ને ! કે પ્રત્યક્ષની જગ્યાએ આમ ચાલે કે ન ચાલે ?

પૂજ્ય બહેનશ્રી સાથે કેટલી ચર્ચા થઈ છે કે અમે ગુરુદેવની ટેપ સાંભળીએ છીએ તો પ્રત્યક્ષ જેવી વાણી થઈ ગઈ કે નહીં ? આંખો બંધ કરીને બેસી જઈએ. ગુરુદેવ પ્રવચન કરતા હોય ત્યારે પણ આંખો બંધ કરીને બેસી ગયા હોઈએ અને ટેપ ચાલતી હોય ત્યારે આંખો બંધ કરીને બેસી જઈએ. વાણી તો એની એ જ છે, એ જ અવાજ, એ જ બધી હલક છે. કંઈ નિમિત્ત પડે ? (તો કહે) ન પડે. અને વિડીયો હોય તો ? સામે ગુરુદેવ પ્રવચન આપતા દેખાય અને અહીંયાં પ્રવચન ચાલતું હોય, (તોપણ) નિમિત્ત ન થાય. પ્રત્યક્ષ છે એ પ્રત્યક્ષ છે અને પરોક્ષ છે તે પરોક્ષ છે.

મુમુક્ષુ :– કૃપાળુદેવને કોઈ પ્રત્યક્ષ નહોતો થયો છતાં સમ્યગ્દર્શન થયું.

પૂજ્ય ભાઈશ્રી :– સંસ્કારનું કારણ છે. પ્રત્યક્ષ યોગની અંદર સંસ્કાર ઝીલ્યા, એવી સ્થિતિમાં એક વાર આવી ગયા, એને એ સંસ્કાર એ નિમિત્તે જાગૃત થઈ જાય છે. જેને સંસ્કાર નથી એને એ વાત નથી. સંસ્કારીની વાત જુદી છે. એને તો એક સહેજ સંકેત મળે છે ત્યાં અંદરથી આત્મા બેઠો થાય છે, એવું છે. એટલે એની તો વાત જુદી છે. જે પૂર્વે સંસ્કાર લઈને આવ્યા છે, એને તો અલ્પ પ્રયાસે જે કંઈ કામ થાય છે, ત્યાં પૂર્વ સંસ્કાર છે. 'આત્મસિદ્ધિ'માં એ વાત લીધી છે કે ત્યાં પૂર્વસંસ્કાર છે. પોતે પૂર્વસંસ્કારી છે, ગુરુદેવ પણ પૂર્વસંસ્કારી હતા તો અહીંયાં સમયસાર મળ્યું, ગ્રંથ મળ્યો તો જ્ઞાનીના યોગ વિના પણ માર્ગે આવી ગયા. પણ એ વાત બધાને લાગુ પડતી નથી. કોઈ સંસ્કારી જીવને લાગુ

પડે છે.

જેને સંસ્કારથી માર્ગ મળે છે એ પણ પ્રત્યક્ષ યોગના તો ચાહક હોય જ છે, પ્રત્યક્ષ યોગને એ ઇચ્છે છે. દાખલા તરીકે એમની પરિસ્થિતિ લઈએ કે પોતે સંસ્કારથી પામ્યા પણ સત્સંગ ઉપર કેટલું બધું વજન છે ! સત્પુરુષના પ્રત્યક્ષ યોગ ઉપર એમનું કેટલું બધું વજન છે ! ૨૧૩માં એમણે જે કલમ ચલાવી, એ તો હદ કરી છે ! આત્માને ગૌણ રાખીને સત્પુરુષને મુખ્ય કર્યા છે. શું શબ્દ વાપર્યો છે ?

હે પુરાણપુરુષ, પુરાણપુરુષ. ૨૧૩ (પત્ર) પાનું ૨૬૯, રવિવારે ચાલી ગયો છે. નીચેથી એક પેરેગ્રાફ છોડીને ઉપરનો પેરેગ્રાફ ઉપર છે. 'હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી;...' આત્મા, પોતાનો પરમાત્મા અને સત્પુરુષમાં કંઈ તફાવત અમે જોતા નથી, તફાવત જોતા નથી એટલું જ નહીં, 'તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે;...' કેમકે તું અંદરમાં ગુપ્ત રહ્યો છો. અનાદિથી તારો પત્તો લાગતો નથી અને સત્પુરુષ પ્રગટ થયા છે. એટલે અમને તો એ વિશેષ જ લાગે છે. 'કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે;...' તારા ઉપર કબજો તો સત્પુરુષે કર્યો છે. એટલે અમને સત્પુરુષ વધારે – વિશેષ લાગે છે.

'અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં;...' હે આત્મા ! અમે તને ન ઓળખી શક્યા. સત્પુરુષની સહાય વિના અમે તને ન ઓળખી શક્યા 'એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઊપજાવે છે. કારણ કે તું વશ છતાં તેઓ ઉન્મત્ત નથી,...' તારા જેવો સમર્થ પરમાત્મા એને વશ આવ્યો, એના કબજામાં આવ્યો છતાં એનો પ્યાલો ફાટતો નથી. તને પચાવી ગયા 'અને તારાથી પણ સરળ છે.' તું તો સીધેસીધો દર્શન દેતો નથી, પૂછે તો જવાબ દેતો નથી. આ તો અમે પૂછીએ તો જવાબ દ્યે છે. તારા કરતાં તો એની સરળતા વધારે છે ! શું કહે છે ? અંદર આત્માને પૂછીએ છીએ તો તું જવાબ દેતો નથી અને આ સત્પુરુષને પૂછીએ તો તરત જ સરળતાથી જવાબ દ્યે છે. સરળતા નહીં એટલી બધી કરુણા બતાવે છે કે વાહ ! તને પ્રશ્ન ઊઠ્યો છે ? શાબાશ છે, ધન્ય છે તને ! બે વખાણના, પ્રશંસાના શબ્દો કહીને પણ સરળતાથી વાત કહી દ્યે છે.

'માટે હવે તું કહે તેમ કરીએ ?' તું જ કહે હવે, ન્યાય કર તું. હે આત્મા ! તું ન્યાય કર કે તને વધારે માનવો કે અમારે સત્પુરુષને વધારે માનવા ? બહુ ગજબની કલમ ચલાવી છે !

'ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો. કેમ થશે ?' ભવિષ્યમાં શું થશે ? કેમ થશે ? કેવી રીતે થશે ? 'એ વિચાર મૂકી દેવો.' બિલકુલ છોડી દેવો, એ વિચાર જરાય લંબાવશો નહીં. લંબાવશો તો ઉપાધિમાં ઊંડા ઊતરી જશો અને કેટલા કર્મ બાંધી લેશો, કેટલું આત્માને આવરણ કરી લેશો એનો કંઈ હિસાબ રહેશે નહીં.

'આથી વિશેષ ચોખ્ખી વાત લખવાની યોગ્યતા હાલ મને ઈશ્વરે આપવાનો અનુગ્રહ કર્યો નથી;...' કેવી શૈલી લીધી છે ! મારે લખવું નથી, એમ નહીં. કુદરત આથી વધારે લખવાની હવે ના પાડે છે. તમારી યોગ્યતાને હિસાબે પર્યાપ્ત કહેવાઈ ગયું છે, આથી વધારે કહેવાની હવે કુદરત ના પાડે છે. એટલે ઈશ્વર અનુગ્રહ નથી. 'અને તેનું કારણ મારી તેવી આધીન ભક્તિ નથી.' અને એનું કારણ એવું છે કે મારે પણ મર્યાદામાં જ રહેવું યોગ્ય છે, એથી મર્યાદા છોડવી મને પણ યોગ્ય નથી.

'આપે સર્વ પ્રકારે નિર્ભય રહેવું એવી મારી ફરી ફરી વિનંતી છે. એ સિવાય હું કંઈ બીજું લખવા યોગ્ય નથી.' અત્યારે તમને લખવાનું મને યોગ્ય લાગતું નથી પણ તમને ખાતરી આપું છું કે તમારે ભય રાખવાની જરૂર નથી, તમે નિર્ભય થઈ જાઓ અને અહંપણું છોડીને સહજ જે વિકલ્પ, વિચાર આવે એ પ્રમાણે પ્રવર્તો પણ અહંપણું છોડીને પ્રવર્તો. 'આ વિષય વિષે સમાગમે આપણે વાતચીત કરીશું.' એ વાત એમણે હાથમાં રાખી છે કે, આમાં ઘણી ઊંડી વાતો કરવા જેવી છે અને એ વાતો તો પ્રત્યક્ષ પરિચય વિના સમજાય પણ નહીં. માટે કેટલીક વાતો આપણે પ્રત્યક્ષ કરશું.

'કોઈ રીતે આપે દિલગીર થવું નહીં.' હતાશ થવું નહીં, નિરાશ થવું નહીં, ભયવાન થવું નહીં. 'આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે એમ નથી,...' એક ખાલી તમને આશ્વાસન આપું છું એમ નથી, ખાલી તમને આટલું કહું એટલે તમે હળવા પડી જાઓ, એમ કહેવા ખાતર કહું છું એમ નથી. 'પણ જેમ અંતરથી ઊગી તેમ આપેલી સમ્મતિ છે.' એટલે અમારા આત્મામાંથી ઊગેલી કેટલીક વાતો છે એ તમને લખી નાખી છે. એક ઉપાધિ પ્રસંગને અનુસરીને પણ કેટલો સૂક્ષ્મ બોધ આપ્યો છે ! કેટલી સૂક્ષ્મ વિચારધારા એમની વ્યક્ત થાય છે !

'વધારે લખી શકાતું નથી; પણ આપે આકુળ રહેવું ન જોઈએ; એ વિનંતી ફરી ફરી માનજો. બાકી અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ;...' કોઈ પણ બીજા

કાર્ય કરવા માટે તો અમે નિર્બળ છીએ, પાંગળા છીએ, જરૂર અમે પાંગળા છીએ. 'પણ ઉપર લખી છે જે સમ્મતિ તે સબળ છે;...' જે તમને વાત લખી છે, એમાં તો આત્માને બળ મળે એવી વાત છે. કોઈનું કામ કરવું, કામ કરવા માટે અમારો કોઈ અધિકાર નથી. ઉપર લખી છે જે સમ્મતિ તે સબળ છે; જેવી તેવી નથી; પણ સાચી છે. આપને માટે એ જ માર્ગ યોગ્ય છે.' આ પ્રત્યક્ષ યોગને લઈને બચાવી લીધા છે, નહીંતર કેટલું આકુળતાના પરિણામમાં આત્માને આવરણ કરી બેસત એ હિસાબ જ્યારે મુમુક્ષુને સમજાય છે ત્યારે એને એમ લાગે છે કે આ જ્ઞાની છે એ મારા માટે પ્રગટ પરમાત્મા છે. જેમ પરમાત્મા બચાવી લ્યે એમ એણે બચાવી લીધા, એવું પોતાને લાગે છે.

'આપ જ્ઞાનકથા લખશો. 'પ્રબોધશતક' ભાઈ રેવાશંકર હાલ તો વાંચે છે.' મુંબઈથી પત્ર લખેલો છે. રેવાશંકર જગજીવનની પેઢીમાં એમના ભાગીદાર (છે) અને એમના કાકાજી સસરા થાય છે. 'રવિવાર સુધીમાં પાછું મોકલવું ઘટશે તો પાછું મોકલીશ, નહીં તો રાખવા વિષે લખીશ; અને તેમ છતાં તેના માલિક તરફની ઉતાવળ હોય તો જણાવશો તો મોકલી આપીશ.' એ જમાનામાં પુસ્તકો બહુ ઓછાં છપાતાં, એકબીજાના ઉછીના લઈને વાંચવા લઈ આવે, એવી પરિસ્થિતિ હતી. અત્યારની જેમ નથી કે ડઝનબંધ જોઈએ એટલા ઉપલબ્ધ થઈ જાય, એવી પરિસ્થિતિ નહોતી. એટલે કોઈનું વાંચવા લઈ આવ્યા છે, વહેલી તકે પાછું આપવાની એમની ગણતરી છે.

'આપનાં બધા પ્રશ્નોનો મારી ઇચ્છાપૂર્ણ ઉત્તર લખી શક્યો નથી, ઉપાધિયોગને લીધે;...' હું પણ કેટલીક પ્રવૃત્તિમાં, ઉપાધિયોગમાં વર્તું છું. આટલો વિસ્તારથી કાગળ લખ્યો છે છતાં એમ લખે છે કે જે લખવું જોઈએ એ લખી શક્યો નથી. 'પણ આપ મારા અંતરને સમજી લેશો, એમ મને નિઃશંકતા છે.' મારો અભિપ્રાય છે એ બરાબર આપને ખ્યાલમાં આવી જશે, એવું મને લાગે છે.

એક પત્રની અંદર, એમણે ઉદયને અનુસરીને જે પારમાર્થિક માર્ગદર્શન આપ્યું છે, એ અજોડ માર્ગદર્શન છે ! 'લિ. આજ્ઞાંકિત રાયચંદ.' પોતાને આજ્ઞાંકિત એવું વિશેષણ આપ્યું છે. કોઈક જ સમજે, પણ એ કુદરતની આજ્ઞામાં વર્તનારા છે. કુદરતની આજ્ઞામાં વર્તનારા છે અથવા સર્વજ્ઞની આજ્ઞામાં વર્તનારા છે.

## પત્રાંક - ૨૧૮

મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭

સર્વાત્મા હરિને નમસ્કાર

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે, પણ કોઈ જોગજીવ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં

પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું ? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક ? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી, શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્'રૂપ હોય છે.

જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો છે કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે, અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે, જેથી ભ્રાંતિમાં પડ્યા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ, અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ઘસાઈ જઈ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચઢ્યું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.

તીર્થંકર દેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ ? શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય ? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય ? અથવા કોઈ ઉદ્દેશે છુપાવ્યું હશે ? અથવા કથન ભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે ? આ વિચાર થયા કરે છે. જો કે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને

નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર અમારી પરમ ભક્તિ છે, અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું, પણ લોકોએ પરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાખ્યું.

જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.

'અધિષ્ઠાન' વિષે તેમ જ ઉપલાં કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે. લેખમાં તેવી આવી શકશે નહીં. માટે આટલેથી અટકું છું.

જનક વિદેહી સંસારમાં રહ્યા છતાં વિદેહી રહી શક્યા એ જોકે મોટું આશ્ચર્ય છે, મહા મહા વિકટ છે, તથાપિ પરમજ્ઞાનમાં જ જેનો આત્મા તદાકાર છે, તેને જેમ રહે છે, તેમ રહ્યું જાય છે. અને જેમ પ્રારબ્ધકર્મનો ઉદય તેમ વર્તતાં તેમને બાધ હોતો નથી. દેહ સહિતનું જેનું અહંપણું મટી ગયું છે, એવા તે મહાભાગ્યનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો; તો પછી તેમની દશા ભેદવાળી ક્યાંથી હોય ?

શ્રીકૃષ્ણ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે, અને તે ખરું છે; તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણ છે. અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે. અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે. અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચશું. લખ્યું જતું નથી.

સ્વર્ગ-નરકાદિની પ્રતીતિનો ઉપાય યોગમાર્ગ છે. તેમાં પણ જેમને દૂરંદેશી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે તેની પ્રતીતિ માટે યોગ્ય છે. સર્વકાળ એ પ્રતીતિ પ્રાણીને દુર્લભ થઈ પડી છે. જ્ઞાનમાર્ગમાં એ વિશેષ વાત વર્ણવી નથી, પણ તે બધાં છે, એ જરૂર.

મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દવ્યાખ્યા છે.

જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે. જીવરૂપે અનેક છે. આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે. કારણ લખતાં કોઈ તેવા શબ્દો જડ્યા નથી. પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.

તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર.

૨૧૮ નંબરનો પત્ર પણ સોભાગભાઈ ઉપરનો જ છે. 'સર્વાત્મા હરિને નમસ્કાર' એટલે કે પોતાનું સર્વસ્વ સ્વરૂપ જે છે, એને નમસ્કાર કર્યા છે. 'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.' આ વચન એમણે દોહરાવ્યું છે. આગળ ઘણું કરીને ૨૧૨માં એ વિષય ચાલી ગયો છે, ૨૧૧માં છે. 'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે;...' આ પત્ર એમણે અંબાલાલભાઈ ઉપર લખેલો છે. એ જ વચનો ફરીને પાછાં એમણે સોભાગભાઈને દોહરાવ્યા છે.

૨૧૧માં પહેલું વચન એ છે કે, 'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે;...' આમ કહેવા પાછળ જ્ઞાનીપુરુષનો એક અભિપ્રાય એ પણ છે કે લોકો જાણેઅજાણ્યે એવું સમજી લ્યે છે કે આત્માની પ્રાપ્તિ કરવી એ તો બહુ જ ઊંચી અને કઠણ વાત છે અને એ તો કોઈ ત્યાગી, યોગીઓની વાત છે. આપણે સાધારણ માણસો ઘરસંસાર ચલાવનારા કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ ? પહેલેથી જ આડ મારીને બેસી જાય છે અથવા પોતાના અનેક પ્રકારના ઉદયમાં કોઈ તીવ્ર રસવાળા પરિણામ

જોઈને માણસને એમ લાગે છે કે, આપણા માટે આ બહુ ઊંચી વાત છે. આપણે તો દયા, દાન, પૂજા, ભક્તિ આપણાથી થાય એટલું કરીએ, બાકી આપણા માટે આ બહુ ઊંચી વાત છે. એવું આડ મારવાનું જે થાય છે, એને પહેલેથી જ એમ કહે છે કે, નહીં, સત્ છે એ સત્ છે, હોવારૂપ છે, સદાય હોવારૂપ છે, ખરેખર તો સદાય હાજરાહજૂર છે. 'સત્' સત્ છે એટલે સદાય હાજર છે.

'સરળ છે;...' સરળતાએ કરીને પ્રાપ્ત થાય છે, પ્રાપ્ત થવામાં કોઈ અસરળતા નથી, ઘણો સુગમ, સરળ, સુગમ માર્ગ છે અને કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં સર્વત્ર – કોઈ પણ ક્ષેત્રે એની પ્રાપ્તિ થાય છે. આ જ ક્ષેત્રે જવું પડે, મહાવિદેહમાં જ જવું પડે, ફલાણા ઠેકાણે જ જવું પડે, આ તીર્થમાં જ જવું પડે એવું કંઈ એને બંધન નથી. કોઈ પણ ક્ષેત્રે એ પ્રાપ્ત થઈ શકે છે.

મુમુક્ષુ :– આગળ ભ્રાંતિ શબ્દ લખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૧૧ પત્ર, 'પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ?' જેને જ્ઞાનમાં ભ્રાંતિ વર્તે છે, એ જાતનું આવરણ છે એટલે પોતાને જ વિષે બીજી કલ્પના કરી છે – હું ફલાણો, જે કંઈ કર્મજનિત, ઉદયજનિત અવસ્થા છે, એવો હું એ જીવની ભ્રાંતિ છે. તેનો અંધકાર જેને વર્તે છે. એની અંદર ગાઢ, દઢપણે જે વળગી રહ્યો છે એને 'તેની પ્રાપ્તિ કેમ હોય ?' એને એ સત્‌ની પ્રાપ્તિ થતી નથી. સત્ તો ત્રિકાળ નિરાવરણ છે, આવરણમાં ઊભો રહીને સત્‌ની પ્રાપ્તિ કેમ કરી શકે ? કે નહીં કરી શકે.

મુમુક્ષુ :– આ ભ્રાંતિ અને મેરુ પર્વતમાં કાંઈ ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :– મેરુ પર્વત કરતાં પણ આ તો વધારે દુર્જય છે. ભ્રાંતિ કાઢવી એ અનંતકાળથી જીવને કઠિન પડ્યું છે. પોતાના વિષે પોતાની જે ભ્રાંતિ છે એ ગઈ નથી. જે જે કર્મજનિત અવસ્થાને પ્રાપ્ત થયો છે, એવો, એટલો, એવડો જ હું, એ એટલું બધું દઢપણે ભ્રાંતિગત સ્થિતિમાં વર્તે છે કે એને સત્પુરુષો એનું મૂળ સ્વરૂપ પોકારી પોકારીને કહે તોપણ એને અવાજ સંભળાતો નથી, બહેરા કાને અવાજ સંભળાતો નથી. એ સાંભળતો નથી કે આ મારા સ્વરૂપની વાત કરે છે. હું જાગું હવે, એટલી પણ એને જાગૃતિ આવતી નથી. એ ભ્રાંતિનું ઘણું આવરણ છે. આવરણતમ એટલે ઘણું આવરણ વર્તે છે.

'સત્ છે. કાળથી તેને બાધા નથી.' 'સત્' સત્ છે એનો અર્થ એ છે કે કાળથી તેને

કોઈ બાધા નથી. તેને કોઈ કાળ નડતો નથી, આ પંચમ આરો એને નડતો નથી. કોઈ કાળ, કોઈ ક્ષેત્ર, કોઈ સંયોગ, કોઈ વિયોગ, કોઈ પરિસ્થિતિ એને ક્યાંય નડતી નથી. એવું એ નિર્બાધ, અવ્યાબાધ સ્વરૂપ છે. 'સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે.' બધાનું આધારભૂત તત્ત્વ એ છે. સર્વનું અધિષ્ઠાન (એટલે) આધાર લેવા યોગ્ય એ જ છે.

'વાણીથી અકથ્ય' છે. તે વાણીથી કહેવા યોગ્ય કે કથી શકાય એવું નથી. સર્વનું અધિષ્ઠાન છે, આધાર લેવા યોગ્ય છે અને વાણીથી તે કહેવા યોગ્ય નથી. 'તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.' તેની પ્રાપ્તિ હોય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય પણ હોય છે. એવું નથી કે એનો જગતમાં કંઈ ઉપાય જ નથી. કોઈ એવી પણ આડ મારી બેસે છે, જ્ઞાનની ગૂઢ વાતો એવી છે કે કંઈ એનો પત્તો જ લાગે એવું નથી, કંઈ હાથમાં આવતું નથી. એવું નથી, એનો વ્યવસ્થિત ઉપાય છે. સુગમ, સરળ ઉપાય છે એમ આવવું જોઈએ.

'ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે.' એટલે ભિન્ન ભિન્ન સંપ્રદાયના મહાન પુરુષોએ આ એકને અનુલક્ષીને ઘણી વાતો કરી છે. 'વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે;...' જેમ કોઈ મૂંગો માણસ સંકેતથી સમજાવે, એમ આ આત્માનું સ્વરૂપ અચિંત્ય અને વચનાતીત હોવાને લીધે, વચનઅગોચર હોવાને લીધે, જે કંઈ કહ્યું છે એ સંકેતમાત્ર, જેમ મૂંગો સંકેત કરીને સમજાવે, એવી રીતે સમજાવ્યું છે. ભલે સંકેત છે એ નાની ચીજ છે પણ એની સમજણ છે એ પૂરેપૂરી આવે છે. સમજણ અધૂરી રહેતી નથી. 'મૂંગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.' એ તો ન્યાય, જે નયવિવિક્ષા લાગુ કરી શકે, એને ખ્યાલ આવે છે.

'લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે;...' એ તો પ્રત્યક્ષ પર્યાયથી પર્યાયાંતર થાય છે, 'અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે.' આ પર્યાયોની પરિસ્થિતિ બધાને પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે કે ઘણા વખત સુધી જે હોય તે ખલાસ થઈ જાય, કંઈ ન હોય ત્યાં નવું જોવામાં આવે છે.

'મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે...' અજ્ઞાની ઉપર

કૃપા કરવાના અર્થે, એના હિતને લક્ષે, કંઈક અનુગ્રહને અર્થે 'કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે;...' એટલે શું છે કે જે કોઈ સામે જેવો જીવ છે, એને યોગ્ય, જે કહેવા યોગ્ય હોય છે એ પ્રકારે (તે કહેવાય છે). એક જ પ્રશ્નનો જુદાં જુદાં વખતે, તેને ને તેને જુદો જુદો ઉત્તર મળે છે, તેનું કારણ આ છે, રૂપાંતરપણે એને કહેવામાં આવે છે અને એનું કારણ એક જ છે કે એના ઉપરની અનુગ્રહદૃષ્ટિ છે, તેથી એ રીતે કહેવામાં આવે છે.

વિશેષ લઈશું...

સંતોનો માર્ગ ખરેખર અદ્ભુત છે. મહા સમર્થ દિગ્ગજ આચાર્યો અને યુગપુરુષ જેવા મહાત્માઓ પણ પોતાના શ્રીગુરુનો ઉપકાર ભૂલતા નથી અને પ્રસિદ્ધપણે ગાય છે; વિનમ્ર થઈને ગાય છે. તેમનું હૃદય આ પરિપ્રેક્ષ્યમાં દ્રવિત થાય છે ! ત્યારે તેમને અત્યંત ભક્તિએ નમસ્કાર સહેજે થઈ જાય છે. મુમુક્ષુજીવ પણ ઉપકારબુદ્ધિએ વર્તે તો અનેક સંભવિત દોષોથી બચી જાય, અને તરી જાય. – પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૩૦)

## તા. ૦૪-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૫૮
## પત્રાંક - ૨૧૮ થી ૨૨૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર-૨૧૮, પાનું ૨૭૩. મોટો પેરેગ્રાફ છે ત્યાંથી ફરીને લઈએ. 'લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે.' અસ્તિત્વ સ્વભાવ ઉપર વાત છે. જગતમાં જે પદાર્થો અસ્તિત્વ ધરાવે છે તેમાં ઉત્પાદ, વ્યયને અનુલક્ષીને જોતાં, જગતમાં બધા જ પદાર્થો ક્ષણે ક્ષણે સ્થિતિ બદલે છે, પરિવર્તન પામે છે, કેટલાક નવા રૂપ ઉત્પન્ન થાય છે, કેટલીક જૂની પરિસ્થિતિ વિલીન થાય છે, આવું અસ્તિત્વ છે.

'મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે.' એટલે શું કહે છે કે પોતપોતાની વિદ્યમાનતામાં મહાપુરુષોએ જે આ અવસ્થાનું રૂપાંતરપણું છે, અનિત્યપણું છે એ ભિન્ન ભિન્ન શૈલીથી દર્શાવ્યું છે. ખાસ કરીને દરેક મહાત્માઓએ પદાર્થની જે અનિત્યપણાની સ્થિતિ (છે) એની ઉપેક્ષા કરાવી છે. એ પ્રકારનો ઉપદેશ સર્વ સામાન્યપણે પ્રવર્તતો જોવામાં આવે છે.

સર્વ કાળે, દરેક મહાત્માઓએ પોતપોતાની શૈલીથી આ રીતે જે ક્ષણવર્તી પરિણામો છે અને પદાર્થની જે ક્ષણવર્તી સ્થિતિ છે, એની અનિત્યતા, એની અશરણતા, એને વિશેષ પ્રકારે કહી છે અને એ રીતે ઉપેક્ષા કરાવી છે, ઉદાસીનતા કરાવી છે અને જગતના પદાર્થો

પ્રત્યે વૈરાગ્ય થાય, એવો ઉપદેશ લગભગ બધાએ આપ્યો છે, એમ કહેવું છે. એટલે અનિત્યતામાં જે નિત્યતાની ભ્રાંતિ છે, એ ભ્રાંતિ ટાળી છે, અહીંયાં એમ કહેવું છે.

'તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે.' એટલે બદલતું, બદલતું, બદલતું છે. કોઈ પદાર્થ, કોઈ સ્થિતિએ, એ જ પ્રમાણે ત્રિકાળ હયાતીરૂપે, સત્‌પણે રહે એવું જોવામાં આવતું નથી. 'બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે,...' જગતમાં અજ્ઞાનપણે જીવો જે કંઈ સંયોગ મળે છે, દેહાદિ સંયોગ મળે છે, પરિવાર કુટુંબ વગેરે મળે છે, એને એ શાશ્વતરૂપ માની લ્યે છે, નિત્ય માની લ્યે છે, જાણે આમાં કંઈ ફેરફાર થવાનો નથી. દુઃખ આવી પડે તો એને પણ એવી જ રીતે ભોગવે છે કે જાણે દુઃખ મટવાનું જ નથી. એવી જ રીતે અનુકૂળતા આવે છે તો એમાં પણ અનિત્યતામાં નિત્યતાનો આભાસ થાય છે અને ભ્રાંતિમાં પડે છે, શાશ્વતપણું માની લઈને ભ્રાંતિમાં પડે છે.

'પણ કોઈ જોગજીવ...' એટલે યોગ્યતાવાળો જીવ, પાત્રતાવાળો જીવ 'એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે.' ત્યારે કોઈ પાત્ર જીવ છે એ નિત્ય પદાર્થ તરફ વળે છે, એને કોઈ નિત્ય પદાર્થ તરફ વળવાની સ્ફુરણા થાય છે. 'ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે.' એ રીતે જે અનિત્યતામાં નિત્યતા માની લીધી છે ત્યાંથી પાછા ફરીને નિત્ય અને શાશ્વત એવા સત્ પ્રત્યે વળીને એ જ પ્રકારે માર્ગને પામ્યા છે.

'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું ?' એટલા માટે એનું વર્ણન કર્યું છે કે, એને સત્ તરફનો વિચાર સૂઝે, શોધ થાય કે આમાં ખરું શું છે ? આ બધું ફર્યા કરે છે, પલટાયા કરે છે, આમાં ખરું શું છે ? 'આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક ?' એમ વચનની પણ વિવિધતા જોઈને શું માનવા યોગ્ય છે ? શું મને – આત્માને હિતનું કારણ છે ? એ કોઈ યોગ્ય જીવ શોધે છે, વિચાર કરે છે.

'એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી, શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્'રૂપ હોય છે.' સરવાળે વાતને ક્યા ઢાળામાં ઢાળે છે ? કે, આવી રીતે જગતમાં અનાદિથી અજ્ઞાનથી મૂંઝાયેલો જીવ છે તે વિચારતાં વિચારતાં એમ જોવે છે કે

આ ભ્રાંતિ કોઈ રીતે ટળે એવું લાગતું નથી, આનો કોઈ પત્તો લાગતો નથી કે આમાં ખરું શું છે ? સત્ય શું છે ? ત્યારે એ કોઈ સંતના શરણને શોધે છે, કોઈ સત્પુરુષને – જ્ઞાનીપુરુષને શોધે છે. અને જો એને એ શોધે છે અને શોધતા મળે છે તો શરણાપન્ન એટલે શરણની અંદર આપન્ન નામ પ્રાપ્ત થાય છે, સત્‌ને પામે છે અને પોતે સત્‌સ્વરૂપ થઈ જાય છે.

એમ અસ્તિત્વથી માંડીને ભ્રાંતિગતપણું અને એ ભ્રાંતિગતપણું ટળવાનો ઉપાય કોઈ જ્ઞાનીપુરુષનો યોગ થવો, પોતાની પાત્રતા હોવી, આટલી વાત આ એક પેરેગ્રાફમાં નાખી છે.

મુમુક્ષુ :– શોધ વગર..

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એમ જ છે. શોધ વગર ઓળખે કેવી રીતે ? ઘણા માને છે અને ઘણા કહે છે, એવું લોલમાં લોલ તો અનંતવાર કર્યું છે. પણ પોતે શોધ્યા હોય, એમની અંતરંગ પરિણતિ સુધી પોતે પહોંચ્યો હોય તો એને જરૂર એ અંતરંગ પરિણતિના વિષયભૂત પરમાત્મતત્ત્વના દર્શન થયા વિના રહે નહીં. અને એ પરમાત્મતત્ત્વ એને પોતાને જણાય છે ત્યારે જ ખરેખર એ સત્પુરુષનો મહિમા આવે છે ત્યાં સુધી સત્પુરુષનો મહિમા આવતો નથી.

‘જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ.’ આ બાહ્ય શૈલીની વાત કરી છે. બાહ્યશૈલી એટલે અત્યારે જે પરિસ્થિતિ પ્રવર્તમાન છે, જે શૈલીથી અત્યારે કહેવાતું જૈનશાસન પ્રવર્તી રહ્યું છે, એ જોતાં તો તીર્થંકરને પૂર્ણ જ્ઞાન હોય એમ કહેવામાં શંકા પડે એવું છે, ભ્રાંતિ એટલે અહીંયાં શંકા પડે એવું છે.

મુમુક્ષુ :– અર્થ કરતા ન આવડે એટલે શ્રીમદ્‌જી વિશે ઊલટું સમજી લ્યે.

પૂજ્ય ભાઈશ્રી :– તો તો એમ કહે કે શ્રીમદ્‌જીને તીર્થંકર ઉપર શંકા પડી ગઈ છે. અને જ્ઞાન થયા પછી શંકા પડી ? આ કેમ બને ?

‘બાહ્યશૈલી જોતાં...’ એમ કહે છે. બાહ્યશૈલીથી એટલે અત્યારે જે બાહ્યરૂપ છે, જૈનસંપ્રદાયોનું જે બાહ્યરૂપ છે, જે સંપ્રદાયબુદ્ધિથી આ બધા ફિરકા ચાલે છે એ જોતાં તો તીર્થંકર ઉપર શંકા ઊઠે એવું છે. લોકો અત્યારે નથી કહેતા ? કે આ ભગવાન મહાવીરના આ બધા અનુયાયીઓ આવા હોય ? એમ નથી પૂછતા ? કોઈ એવા ચિત્રવિચિત્ર પ્રસંગો જોઈને શું કહે ? કોણ છે ભાઈ ? કે, જૈન છે. એમ ! જૈન એટલે ભગવાન મહાવીરના

અનુયાયી આવા હોય છે ? સીધું ત્યાં લઈ જાય. અત્યારે તો ગુરુદેવના નામ ઉપર આવે છે. કાનજીસ્વામીવાળા આવા છે ? એમ કહે. લોકો જે રીતે પ્રવર્તે છે એ પ્રવૃત્તિ મોટા પુરુષને લાંછન લગાડે એવી પ્રવૃત્તિ છે. એટલે એમણે પોતે એ વિષય હાથમાં લીધો છે કે તીર્થંકરને સંપૂર્ણ જ્ઞાન હોય એવું આ પરિસ્થિતિ જોતાં લાગતું નથી.

મુમુક્ષુ :- પૈસાની બાબતમાં આબરૂ જાય તો ઝેર ખાવા જેવું લાગે. અહીંયાં લાગતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એથી વધારે લાગવું જોઈએ. તો એને એ ઉપકારી પુરુષનો ઉપકાર વર્તે છે એમ લાગે, નહીંતર ન લાગે. સમાજની બહુ કરુણાજનક સ્થિતિ છે. કહેવાતો જૈનસમાજ, કહેવાતો આપણો સમાજ, જે કહો તે, એ કરુણાજનક સ્થિતિ છે.

'આનો અર્થ એવો છે કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ.' સામે સામે વાત લીધી છે કે જૈનની અંતર્શૈલી છે એ કોઈ બીજી જોઈએ, આવી જૈનની શૈલી હોય નહીં. 'કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે,...' અધિષ્ઠાન એટલે ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્યાત્મક સત્. એનો અધિષ્ઠાનનો પોતે અર્થ કર્યો છે, ૨૨૦ નંબરના પત્રમાં અર્થ કર્યો છે, ૨૭૫ પાને પત્રાંક ૨૨૦. 'અમે આપને જે વિગતવાળા પત્રમાં 'અધિષ્ઠાન' વિષે લખ્યું હતું તે સમાગમે સમજી શકાય તેવું છે. 'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. એ વ્યાખ્યાને અનુસરી 'જગતનું અધિષ્ઠાન' સમજશો.' આ ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્યાત્મક સત્ છે, એની વાત છે. એ અર્થમાં તમે સમજજો. એટલે અહીં અધિષ્ઠાન ઉપર ઘણું લંબાવ્યું છે.

આ પત્રની અંદર અધિષ્ઠાનનો વિષય જરા લંબાવ્યો છે. અને 'ઉત્પાદ્, વ્યય, ધ્રુવ્યાત્મક સત્' એ વિષય જ (સૂક્ષ્મ છે). ગુરુદેવે થોડો સૈદ્ધાંતિક વિષય વધારે નિરુપણ ક્યો એટલે આપણા સમાજમાં ચાલે છે તોપણ એ વાતમાત્ર ચાલે છે, કથનમાત્ર ચાલે છે પણ અંતર્શૈલી કોઈ જૈનની બીજી હોય છે, એમ કહેવા માગે છે. 'જૈનની અંતર્શૈલી બીજી હોવી જોઈએ. કારણ કે અધિષ્ઠાન વગર આ જગતને વર્ણવ્યું છે,...' અધિષ્ઠાન વગર જાણે આ જગતને કહ્યું છે એવું લાગે, કોઈ જાણે સત્નો વિષય જ ભૂલી ગયા હોય અને ક્રિયાકાંડ અને રૂઢિરિવાજમાં પડી ગયા હોય, અમારે તો આ પ્રમાણે જ બધું ચાલે છે.

મુમુક્ષુ :- શ્વેતાંબરના ગ્રંથોમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં તો સૈદ્ધાંતિક વાત જ લગભગ નથી, એમ કહીએ તો

ચાલે. ત્યાં શું સૈદ્ધાંતિક વાતમાં તો (શ્રીમદ્જીના અનુયાયીઓમાં) પણ સૈદ્ધાંતિક વિષય નથી ચાલતો, ઓછાવત્તા પ્રમાણમાં ઉપદેશનો વિષય ચાલે છે પણ સિદ્ધાંતના વિષયથી ખુદ વક્તાઓ અજાણ્યા છે. સૈદ્ધાંતિક વિષયથી શ્રોતાઓ તો અજાણ્યા હોય પણ વક્તાઓ પણ (અજાણ્યા છે). કોઈ કોઈને મળીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે ઘણું અજાણપણું છે. હમણાં (એક બહેનના) બે-ત્રણ પુસ્તકો મુંબઈમાં પર્યુષણમાં જોયા, આપણા મુમુક્ષુભાઈ જ લાવેલા. સૈદ્ધાંતિક વિષયથી બહુ અજાણ્યા હોય એવું લાગે, ઘણા અજાણ્યા હોય (એવું લાગે). ચોથે ગુણસ્થાને અડતાલીસ મિનિટ, બે ઘડી, અંતર્મુહૂર્ત નિર્વિકલ્પ દશા રહે ત્યારે ચોથું ગુણસ્થાન આવે છે. એવી રીતે ઘણું નિરૂપણ (હતું). સૈદ્ધાંતિક બાબતમાં તો એકદમ અજાણ્યા છે. આ તો જેમણે જૈનસમાજ ઉપર આ ટીકા કરી છે, એના અનુસરનારા લઈએ, એ તો બધા વક્તાઓમાં ગણાય છે, વિદ્વાનો મોટા ગણાય છે, પ્રતિષ્ઠાવાળા છે. પોતાના સમાજની અંદર દરેકની મોટી પ્રતિષ્ઠા છે. જ્ઞાની સુધીની કેટલાકની પ્રતિષ્ઠા છે. સૈદ્ધાંતિક વિષયમાં એકદમ અજાણ્યા હોય એવી પરિસ્થિતિ છે.

ગુરુદેવે તો સૈદ્ધાંતિક વિષય ઘણો લીધો. તોપણ એ સિદ્ધાંતના આધારે ઉપદેશબોધ કેવી રીતે છે ? અને એનું અંગીકાર કરવાપણું કેવી રીતે છે ? એ બાહ્યશૈલીથી જોવા જાય તો ગુરુદેવની કિંમત ઘટી જાય એવી પરિસ્થિતિ સમાજની દેખાય. લોકો ટીકા કરે છે કે આ તમે સિદ્ધાંત આવો સમજ્યા છો ! તમારે ત્યાં સિદ્ધાંત સમજીને આ પરિસ્થિતિ છે ! બાહ્યશૈલી જોઈને લોકોને શંકા પડે કે આ બધું બરાબર નથી લાગતું. આવી પરિસ્થિતિ છે તો હવે સંપ્રદાયોની કેવી પરિસ્થિતિ હશે ? (ગુરુદેવશ્રીની વિદાયને) હજી તો દસ વર્ષ નથી થયાં. જે જે સંપ્રદાયોના ફાંટા પડ્યાને ૨૫૦૦ વર્ષ થઈ ગયા (એની) કેવી સ્થિતિ હોય ? એકદમ અંધારું, ઘોર અંધારું !

(કૃપાળુદેવ) પોતે લખશે કે, મૂળ માર્ગથી જૈન સંપ્રદાય, જૈન સમાજ લાખો ગાઉ દૂર ચાલ્યો ગયો હોય એવું લાગે છે. એવા શબ્દો વાપર્યા છે. અને ખરી વાત છે, એ એમનું જે મૂલ્યાંકન છે એ Exact એવું જ મૂલ્યાંકન છે. ક્યાં મૂળ વસ્તુ ! સર્વાંગ નિર્દોષ માર્ગ, અંતરબાહ્ય સર્વાંગ નિર્દોષ માર્ગ છે, ક્યાં એની શૈલી ! ક્યાં વર્તમાન પરિસ્થિતિ ! ક્યાંય મેળ ખાતો નથી, એવી સ્થિતિ છે.

મુમુક્ષુ :- ગુરુદેવ એવું બોલ્યા હતા કે શ્રીમદ્જી જે કહે તે શાસ્ત્ર સમજજો. અહીંયાં અધિષ્ઠાન શબ્દનો ભાવ ખ્યાલમાં નહોતો આવતો. એમની શૈલી જ કોઈ જુદી જાતની છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. દરેક મહાત્માઓની પોતપોતાની શૈલી જુદી જુદી હોય છે.

'તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે.' એટલે પ્રશ્નચિહ્ન થયો છે કે આ તે શું ? કેમ આવું પ્રવર્તે છે ? 'તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ,..' હવે પોતાનો અભિપ્રાય ભેળવે છે. પહેલી લીટી વાંચે અને ચોથી લીટી વાંચે તો બે વચ્ચે કેટલો બધો ફેર છે ?

'અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ,..' અવશ્ય એમને જ્ઞાન છે, એની ખાતરી અમને થાય છે. 'પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે, અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે,...' જ્યારે જે જગતનું રૂપ વર્ણવ્યું હોય ત્યારે જે પરિસ્થિતિ હોય એ અનુસાર બધી વાત કરી હોય.

જેમકે અત્યારના અધ્યાત્મ શાસ્ત્રો જોઈએ, જે પાંચસો વર્ષ પહેલા, હજાર વર્ષ પહેલા, બે હજાર વર્ષ પહેલા લખાયેલા છે, તો મુમુક્ષુની ભૂમિકાની વાતો બહુ ઓછી આવશે. જ્ઞાનીની અને મુનિની ભૂમિકાની ઘણી વાત આવશે. તો પ્રશ્ન થાય કે કેમ (આમ) ? તો એ કાળ પરત્વે જે વાત એમને યોગ્ય લાગી હોય એ લખી હોય છે. દરેકમાં એવું બને છે.

જેમકે ગુરુદેવે ક્રિયાકાંડ અને પુણ્યભાવ ઉપર ઘણો પ્રહાર કર્યો તો એ કાળે જેવું હોય એવું સર્વ કાળે ઘણા માની લ્યે છે, એમ નથી. જ્યારે જે કાળે જગતની સ્થિતિ હોય છે, એની સામે એમના કથનો આવતા હોય છે. આવી રીતે શાસ્ત્રોની રચના થાય છે.

એટલે લોકો સર્વકાળે એવું માની બેઠા છે, જેથી ભ્રાંતિમાં પડ્યા છે અથવા ભ્રાંતિમાં પડે છે (કે) આમ કેમ ? આવું કેમ કહ્યું ? એવી બધી વાતો લાગે છે. 'ગમે તેમ હો પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે,...' એ બધી વાતનો સરવાળો એ છે કે, આ કાળની અંદર, એવો કોઈ વિચિત્ર કાળ છે કે તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષા હોય હોં, ! જાણે એ તો બીજી વાત છે, જાણવાની આકાંક્ષાવાળો કોઈ પ્રાણી થવો દુર્લભ સંભવે છે. ભાગ્યે જ કોઈ એવો જીવ અહીંયાં જન્મે કે તીર્થંકરના માર્ગને શોધે અને અંગીકાર કરે, એવું ભાગ્યે જ દેખાય છે.

મુમુક્ષુ :- બહુ ઊંડાણથી લખ્યું છે.

સમાધાન :- પોતે તો બહુ વિચક્ષણ છે ! ઘણી શક્તિ લઈને આવ્યા છે !!

મુમુક્ષુ :- આત્માર્થી મળવો મુશ્કેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ કાળમાં આત્માર્થી મળવો મુશ્કેલ છે, એમ જ છે.

'દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ,...' આ આખું જે જૈનશાસન કહેવાય છે, કહેવાય છે એટલે જૈનશાસન કહેવાય છે ને ! કેવું છે ? ખરાબે ચઢેલું વહાણ છે. આખો પ્રવાહ કોઈ બીજી ઊંધી દિશામાં ચાલી રહ્યો છે 'ખરાબે ચઢેલું વહાણ, અને તે પણ જૂનું,...' પાછું ભંગાર થઈ ગયેલું, સમજ્યા ? એક તો જૂનું વહાણ હોય અને તોફાનમાં સપડાણું હોય પછી એમાં બચવાની શું જગ્યા હોય ? કે બચે નહીં એમાં.

'એ ભયંકર છે.' ઘણી ભયંકર પરિસ્થિતિ છે, વર્તમાન જૈનસમાજની પરિસ્થિતિ (ઘણી ભયંકર છે). આ તો પોતે પંચાણું વરસ પહેલાં લખે છે, ૧૯૪૭ (એટલે) અઠ્ઠાણું વરસ પહેલાં આ વાત લખે છે. ત્યાર પછી તો સો ગણી નહીં, હજાર ગણી વિપરીતતા વધી હશે, અરે...! છેલ્લા દસ વરસમાં સો ગણી વિપરીતતા વધી હશે. એટલું બધું Fast Revolution છે, એકદમ ઝડપથી.

'એ ભયંકર છે. તેમજ જૈનની કથની ઘસાઈ જઈ,...' મૂળ વાત જ ઠામુકી ઘસાઈ ગઈ 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચઢ્યું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.' એક પેરેગ્રાફની અંદર વર્તમાન સમાજનું ચિત્ર દોર્યું છે.

'તીર્થંકર દેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ ?' પછી પોતે (લખે છે કે) કેમ આ વાત ઘસાઈ ગઈ ? કેમ દેખાતી નથી ? પણ શાસ્ત્રો ઘણા વિચ્છેદ થયા છે, મૂળ શાસ્ત્રો જ ઉપલબ્ધ નથી, ત્યાં શું કરે ?

આ જગતને વર્ણવ્યું છે તેનું શું કારણ ? એટલે જે અસ્તિત્વ સ્વભાવ છે, એમાં શું છે (કે), એ આગળ પોતે કહી ગયા છે કે દ્વાદશાંગીની જે રચના છે, એ આ ત્રણ પદ ઉપર છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. 'ઉપનેવા, વિઘનેવા અને ધ્રુવેવા' આ ત્રણ પદમાં આખું જગત આવી જાય છે, કોઈ ચીજ બાકી નથી રહેતી. ઉત્પાદ, વ્યય, ધ્રુવ કહેતાં, સચેતન અને અચેતન બધા પદાર્થો અને એની જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે થતી પર્યાયની ઉત્પત્તિ અને વિલય, એ બધો વિષય આ ત્રણ પદની અંદર આવી જાય છે.

આ વિષયને વિશેષ વિસ્તારથી સૈદ્ધાંતિક રીતે આ સમાજની અંદર હોવો જોઈએ, એ સિદ્ધાંતની વાત તો કોઈને સ્મરણમાં પણ રહી હોય એવું દેખાતું નથી કે જેનું સ્મરણ પણ કોઈને આવતું હોય. એટલે એમ કે એમણે આમ કેમ વર્ણવ્યું છે ? તેનું શું કારણ ? 'શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય ? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય ? અથવા કોઈ ઉદ્દેશે છુપાવ્યું હશે ? અથવા કથન ભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે ?' આ છેલ્લી શંકા કરી કે આ બધું લય પામી ગયું, આખો સિદ્ધાંત જ લય પામી ગયો છે, શું છે આ બધું ? 'આ વિચાર થયા કરે છે.'

'જોકે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર અમારી પરમ ભક્તિ છે,...' આટલું તો સ્થાપીને (લખે છે) 'અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું, પણ લોકોએ પરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાખ્યું.' બહુ વિચક્ષણતાથી આખો લેખ છે. પહેલા પોતે પ્રતિપક્ષમાં ઊભા રહીને શંકા ઉઠાવે છે પછી વિષયને સ્થાપે છે. વધારે મજબૂત રીતે, ખૂબ જ દઢ રીતે સ્થાપે છે. એ એમની પોતાની લેખનીની અસાધારણ શક્તિ છે !

'જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.' આ ખુલાસો કર્યો પોતે કે, જે અધિષ્ઠાન કહેવું છે એ ત્રિકાળ સત્ કહેવું છે અને એ ત્રિકાળ સત્‌ના અમે અમારા અંતરમાં દર્શન કરીએ છીએ અને જે મહાત્માઓએ કહ્યું છે, તે ઘણાં મહાત્માઓએ આ વાત કરી છે, નથી કરી એવું કંઈ નથી. પોતે સમયસારાદિ જોયું છે. ઘણા મહાત્માઓએ આ વાત કરી છે અને અમે પણ એ જ વાત કરીએ છીએ.

'અધિષ્ઠાન વિષે તેમ જ ઉપલાં કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે.' કેમકે પોતે જે શૈલીથી વાતને અહીંયાં પ્રતિપાદન કરી છે એના માટે હવે વધારે શું ખુલાસો આ પત્રમાં લખીએ ? રૂબરૂ મળશું ત્યારે આ વિષયની ચર્ચા કરીશું. 'લેખમાં તેવી આવી શકશે નહીં. માટે આટલેથી અટકું છું.' આમ અધિષ્ઠાનના વિષયમાં આટલો વિષય અત્યારે પત્રમાં રાખીને એ વિષયથી અટકું છું, હવે વિરામ પામું છું.

'જનક વિદેહી સંસારમાં રહ્યા છતાં વિદેહી રહી શક્યા એ જોકે મોટું આશ્ચર્ય છે, મહા મહા વિકટ છે,...' એમકે ગૃહસ્થીમાં રહ્યા, રાજપાટમાં રહ્યા, છતાં જ્ઞાની તરીકે જીવન

જીવ્યા છે, એ ઘણું વિકટપણે જીવી શકાય એવું જીવન છે. 'તથાપિ પરમજ્ઞાનમાં જ જેનો આત્મા તદાકાર છે,...' 'પરમજ્ઞાનમાં જ...' એટલે પરમ સ્વભાવમાં જે જેનો આત્મા તદાકાર છે. 'તેને જેમ રહે છે, તેમ રહ્યું જાય છે.' જે પ્રમાણે કુદરતી નિર્માણ થયું હોય એ પરિસ્થિતિમાં એ બરાબર પોતાનું સંતુલન ગુમાવ્યા વિના, બરાબર આત્મલક્ષે, સ્વલક્ષે જીવન જીવી શકે છે. અલબત્ત એ કઠણ છે, મહા વિકટ છે, એ જાણીએ છીએ, તોપણ એ અશક્ય અને અસંભવિત નથી.

'અને જેમ પ્રારબ્ધકર્મનો ઉદય તેમ વર્તતા તેમને બાધ હોતો નથી.' એવા મહાત્માઓને પ્રારબ્ધકર્મનો ઉદય હોય તો (એ) એમની અંતરદશાને બાધા કરે, એવી પરિસ્થિતિ બનતી નથી. 'દેહ સહિતનું જેને અહંપણું મટી ગયું છે,...' જેની દેહાત્મબુદ્ધિ જ છૂટી ગઈ છે 'એવા તે મહાભાગ્યનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો;...' આ એક એમણે ગજબ વાત લખી છે ! જો કોઈ જ્ઞાનીનો નિકટથી સમાગમ વર્તે તો એને જ્ઞાનીપુરુષની દશામાં આ લક્ષણ જોવા મળે છે, આ એમનું – જ્ઞાનીનું સ્વરૂપ જોવા મળે છે કે અરે...! એનો આત્મા તો આત્મભાવે વર્તે છે પણ જાણે એનો દેહ પણ આત્મભાવે વર્તે છે. આમની પ્રવર્તવાની પરિસ્થિતિ કોઈ ગજબ છે ! અને એને એમણે 'મહાભાગ્ય' એવું વિશેષણ અહીંયાં આપ્યું છે.

શું કહે છે ? કે 'દેહ સહિતનું જેનું અહંપણું મટી ગયું છે, એવા તે મહાભાગ્યનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો;...' જનકવિદેહીને એમણે વર્તમાનમાં લઈ લીધા. એમનો દેહ આત્મભાવે વર્તતો હતો એમ અમે જાણીએ છીએ. એ વિદેહી કહેવાઈ ગયા. જનકરાજા જે સીતાજીના પિતાશ્રી થાય છે અને રામચંદ્રજીના શ્વસુર થાય છે. જ્ઞાનીપુરુષ હતા અને વિદેહી તરીકે એ પુરાણની અંદર પ્રખ્યાત – પ્રસિદ્ધ થઈ ગયા કે વિદેહી એટલે દેહ સહિત વર્તતા હતા પણ જાણે દેહ ન હોય ને વર્તે એવી રીતે એ દેહ સહિત એ વર્તતા હતા. એટલા બધા અંદર દેહથી છૂટા પડી ગયેલા હતા. એ એમની સ્થિતિ લીધી છે.

'તો પછી તેમની દશા ભેદવાળી ક્યાંથી હોય ?' જ્યારે એમનો દેહ જ આત્મભાવે વર્તતો હતો એટલે દેહ અને આત્મા એક જ પરિસ્થિતિએ વર્તતા હતા પછી એમાં તફાવત, ભેદ એટલે તફાવત એમની દશામાં ક્યાંથી હોય ? એટલે એટલી બધી એમની દશા બહારમાં પ્રસિદ્ધ થઈ ગઈ કે એ વિદેહી તરીકે પ્રખ્યાત થઈ ગયા, પ્રસિદ્ધ થઈ ગયા કે, કોણ જનકરાજા

કે જનકવિદેહી ? દેહ છતાં જેને દેહ નહોતો, દેહરહિત દશામાં વર્તતા હતા એવી જેની પરિસ્થિતિ હતી. એટલે એમ કે, 'તેમની દશા ભેદવાળી ક્યાંથી હોય ?'

'શ્રીકૃષ્ણ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે, અને તે ખરું છે;...' એમને ક્ષાયિક સમ્યગ્દર્શન થયું છે. 'તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણ છે.' શાસ્ત્રની અંદર એમની જે ગતિ વિષે ભેદ છે એનું જુદું કારણ છે. (આવા જે) આત્માઓ હોય છે એમના એ ભવમાં ચરિત્રો એવા હોય છે કે એ નરકગતિને પ્રાપ્ત થાય છે. એટલે એ વાત જુદી છે.

'અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે...' એ પેલા કૃષ્ણની તમે વાત નહીં લેતા, એમ કહે છે. ત્યાં તો જે રચના કરી છે એ પરમાત્માને નામે, પરમાત્મા પ્રત્યે ભક્તિ કેવી હોય અને જે જ્ઞાની હોય તો એ કેવા હોય, એની અંતરદશા કેવી હોય, બહારમાં કોઈ પરિસ્થિતિ થાય તો કેવી હોય, એ વિચક્ષણતાથી ત્યાં શાસ્ત્રકારનો કહેવાનો અભિપ્રાય છે, એમ જાણવું, એમ કહેવું છે.

'ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે.' એ કલ્પનાથી એ રીતે રચના કરી છે. એટલે આ જે ગોપીઓની વાત લીધી, એની વૃત્તિઓ લીધી, એ ભક્તિની વૃત્તિ લીધી, પરમાત્મા પ્રત્યે કેવી ભક્તિ હોય, મુમુક્ષુને પોતાના આત્મા પ્રત્યે કેવી ભક્તિ હોય, એ બધી વાત પરમભક્તિ, પરાભક્તિ એ બધું આવશે હવે એ જ વાત એમને આગળ લેવી છે. એટલે એ વિષય અહીંયાં આટલો ખોલ્યો છે. એ પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે.

'અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે.' એ જ્ઞાનદશાનું વર્ણન છે અને એ જો સમજે તો જ્ઞાનીની અંતરદશા સમજે, જ્ઞાનીની અંતરંગદશા સમજે તો સમજનારને જ્ઞાન થઈ જાય, એમ કહેવું છે. એવી વાત છે. 'આ વાત અમને બહુ પ્રિય છે.' ભાગવતની જે આ જ્ઞાનદશાને વર્ણવવાની, પરમાત્માની સ્થિતિને વર્ણવવાની શૈલી છે, એ અમને બહુ પ્રિય છે. 'અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચશું. લખ્યું જતું નથી.' એમાં આ બધો અધ્યાત્મિક વિષય આખો બીજી જ રીતે છે, એમ કહેવું છે. લોકો જે રૂઢિગતપણે, એનો જે સંપ્રદાય ચાલે છે એ પણ એ વાતને સમજ્યા નથી. અમારી દૃષ્ટિ છે એ આખી બીજી વાત છે, એમ કહેવું છે.

'સ્વર્ગ-નરકાદિની પ્રતીતિનો ઉપાય યોગમાર્ગ છે. તેમાં પણ જેમને દૂરંદેશી સિદ્ધિ પ્રાપ્ત

થાય છે, તે તેની પ્રતીતિ માટે યોગ્ય છે.' શું છે કે આ યોગમાર્ગની અંદર જે રિદ્ધિસિદ્ધિ થાય છે એના ઉપરથી સહેજે સ્વર્ગ અને નરક પણ પ્રતીતિમાં આવી જાય છે, એને સાબિત કરાવવાની જરૂર રહેતી નથી. કેમકે જેણે યોગસાધનામાં એની રિદ્ધિસિદ્ધિ સાધી તો એને સ્વર્ગનો ખ્યાલ આવી જાય છે કે એમાં કાંઈ મોટી વાત નથી. જો આનું આમ હોય તો આથી વિપરીત નરકાદિ પણ હોવાં ઘટે છે, એમ. એટલે એને જાણવાનો એ સરળ માર્ગ છે.

'સર્વકાળ એ પ્રતીતિ પ્રાણીને દુર્લભ થઈ પડી છે.' એટલે ઘણાને સ્વર્ગ-નરકમાં વિશ્વાસ આવતો નથી, કોને ખબર ભાઈ, હવે ? આપણે કાંઈ જોયું નથી કે સ્વર્ગ હશે કે નહીં હોય ? 'જ્ઞાનમાર્ગમાં એ વિશેષ વાત વર્ણવી નથી, પણ તે બધાં છે, એ જરૂર.' સ્વર્ગ-નરકાદિ છે એ બધી વાત જરૂર છે, અવશ્ય છે, એમાં કાંઈ શંકા કરવા જેવી નથી.

'મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે.' એક પત્રમાં ઘણા મુદ્દાઓ લીધા છે, સ્વર્ગના, નરકના, મોક્ષના અનેક વાતો લીધી છે. 'મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દવ્યાખ્યા છે.' કર્મથી છૂટવું અથવા અજ્ઞાન અને ભ્રાંતિથી છૂટવું, એને મોક્ષ કહેવામાં આવ્યો છે. એ શબ્દવ્યાખ્યા છે, ભાવે તો પરિણામ ભિન્ન પડી જાય, એને ભાવમોક્ષ કહેવામાં આવે છે. પરિણામનું રોકાણ છૂટી જાય, પ્રતિબદ્ધપણું છૂટી જાય, પરમાં ઉપયોગ પ્રતિબદ્ધ ન થાય ત્યારે એને મોક્ષ કહેવામાં આવે છે. આ તો શબ્દવ્યાખ્યા છે.

'જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે.' મહાસત્તા (એક છે). 'જીવરૂપે અનેક છે.' પ્રત્યેક દ્રવ્યની અપેક્ષાએ તે અનેક છે. 'આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે, કારણ લખતાં કોઈ તેવા શબ્દો જડ્યા નથી. પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.' કે આટલી વાતમાંથી પણ તમે હું કહેવા માગું છું એ સમજી જશો.

'તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર.' અહીંયાં જે કહ્યું ને કે વારંવાર વિચાર કરતાં લાગે છે કે આવું શું અધૂરું લખ્યું, લખ્યું જ નથી, છુપાવ્યું છે, પોતાને ખબર નથી પડી, શું છે આ બધું ? કે પછી એમની બધી કથની લય પામી ગઈ અને ઘસાઈ ગઈ છે ? આવી બધી શંકા ઉઠાવીને એની જે સ્થાપના કરી, એ થોડીક એમના વિષે કડક વાતો લખાઈ ગઈ છે, એ મારા ખ્યાલમાં છે માટે હું ક્ષમા યાચી લઉં. નમસ્કાર

એટલે એમની ક્ષમા યાચું છું. પણ એ એમણે જે શૈલી વાપરી છે, એ એમને જ સારી રીતે સ્થાપિત કરવા માટેની શૈલી છે. બીજી રીતે વિચારવા યોગ્ય નથી. અને બીજી રીતે વિચારે તો એ શું કહેવા ધારે છે, એ કહેનારનો કહેવા ધારેલો ભાવ નથી સમજી શકતા એવું લાગે.

મુમુક્ષુ :– સત્યને સ્થાપવા માટે જ પહેલા અસત્યની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ તો જ સારી રીતે એનું સ્થાપન થાય. એક અસાધારણ શૈલી છે, અસાધારણ શૈલી છે. એ ૨૧૮ નંબરનો પત્ર (પૂરો) થયો.

## પત્રાંક – ૨૧૯

મુંબઈ, ફાગણ વદ ૧, ૧૯૪૭

'એક દેખિયે જાનિયે,' એ દોહા વિષે આપે લખ્યું, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો. એવી લય તો ગોપાંગનાને હતી. શ્રીમદ્ ભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવ ભગવાન પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે, તે પરમાહ્‌લાદક અને આશ્ચર્યક છે.

'નારદ ભક્તિસૂત્ર' એ નામનું એક નાનું શિક્ષાશાસ્ત્ર મહર્ષિ નારદજીનું રચેલું છે; તેમાં પ્રેમભક્તિનું સર્વોત્કૃષ્ટ પ્રતિપાદન કર્યું છે.

ઉદાસીનતા ઓછી થવા આપે બે ત્રણ દિવસ અત્ર દર્શન દેવાની કૃપા બતાવી, પણ તે ઉદાસીનતા બે ત્રણ દિવસના દર્શનલાભે ટળે તેમ નથી. પરમાર્થ ઉદાસીનતા છે. ઈશ્વર નિરંતરનો દર્શનલાભ આપે એમ કરો તો પધારવું – નહીં તો હાલ નહીં.

૨૧૯ નંબરનો પત્ર પણ સોભાગભાઈ ઉપરનો છે. હવે પછીના લગભગ ઘણાખરા પત્રો સોભાગભાઈ ઉપર આવે છે. 'એક દેખિયે, જાનિયે' એ દોહા વિષે આપે લખ્યું,...' 'સમયસારનાટક'નો આ દોહો છે કે 'એક દેખિયે જાનિયે, રમી રહિયે ઇક ઠૌર; સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર.' જે જીવદ્વાર છે, પહેલો અધિકાર છે, એમાં આ દોહો બનારસીદાસે લખ્યો છે. જે શુદ્ધ આત્મા છે ત્યાં એક જ જગ્યાએ રમણતા કરતાં, એને જ દેખતાં, એને જ જાણતાં, એમાં જ રમણતા કરતાં. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે લઈ લીધા. દશા સામું જોવાનું રહેતું નથી કે દશા સમલ છે કે વિમલ છે ? 'સમલ વિમલ ન વિચારિયે' એટલી અવસ્થાદૃષ્ટિ ગૌણ થાય છે, પર્યાયદૃષ્ટિ એટલી ગૌણ થાય છે કે બસ ! 'એક દેખિયે જાનિયે, રમી રહિયે ઇક ઠૌર', મોક્ષમાર્ગની આવી એક સ્થિતિ છે, એ જ નિર્વાણપદની સિદ્ધિ માટેની યોગ્ય પરિસ્થિતિ છે. 'યહૈ સિદ્ધિ નહિ ઔર.' આવી દ્રવ્યદૃષ્ટિ, આવી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની રમણતા અને આવી પર્યાય સંબંધીની ગૌણતા, એ એક જ સિદ્ધિ માટેનો ઉપાય છે, બીજી કોઈ રીતે 'યહૈ સિદ્ધિ નહિ ઔર.' બીજી કોઈ રીતે સિદ્ધિ થઈ શકે એવું દેખાતું નથી. બનારસીદાસજીએ 'સમયસારનાટક'માં આ પદની રચના કરી છે.

મુમુક્ષુ :- સોગાનીજીને પણ બહુ પ્રિય હતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જે ઘણા પદ એ પોતે વારંવાર ગણગણતા, રટણ કરતાં એમાંનું આ પદ છે.

'એ દોહા વિષે આપે લખ્યું, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દૃઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો.' હવે શું છે કે સોભાગભાઈની વર્તમાન સ્થિતિ આ જે દોહો લખ્યો છે એના ઉપરની નથી. એટલે એવી તમારી સ્થિતિ થઈ ગઈ છે અને તમે નિઃશંક થઈ જાઓ એમ વાત લેવા માટે લખ્યું નહોતું. પણ આ દોહા ઉપર અમને કોઈ પ્રસન્નતાનો ભાવ હતો, પ્રશસ્ત ભાવ થયો છે એટલે સહેજે લખી મોકલ્યો હતો. લખવાની પાછળ આટલો હેતુ હતો એ એમના કોઈ પત્રના આધારે સ્પષ્ટ કરે છે કે વળી પાછી કોઈ બીજી રીતે વાતને પોતે ખતવી ન લ્યે, એટલા માટે.

'એ દોહા વિષે આપે લખ્યું,...' એટલે જે કંઈ એમણે લખ્યું છે એની સામે લખે છે કે એ દોહો તો 'આપને નિઃશંકતાની દૃઢતા થવા લખ્યું નહોતું;...' એવી કોઈ તમારી દશા

માટે એ વાત નહોતી લખી કે તમે નિઃશંક થઈ જાઓ, તમારી આવી દશા છે, એવું કંઈ નહોતું પણ સ્વભાવથી અમને જે, અમને એ વાત રુચિ, પ્રશસ્ત લાગી, પ્રસન્ન લાગી એટલે એ વાતને અમે સહેજે સહેજે દોહરાવી નાખી.

'એવી લય તો ગોપાંગનાને હતી.' એ બધા કલ્પિત પાત્રો છે, ભાગવતમાં જે રચના કરી છે એ કલ્પિત પાત્રો છે કે કેવી લય હોય છે ! જેને પોતાનો પરમાત્મા, સાક્ષાત્ સિદ્ધપદ અને એનો રસ, તીવ્ર રસ ઉત્પન્ન થઈ જાય છે એની દશા કેવી હોય છે, એ બતાવવા માટે એમણે ત્યાં ગોપાંગનાઓનું પાત્ર મૂક્યું છે. એક કરતાં વધારે વ્યક્તિઓ ત્યાં એટલા માટે લીધી છે કે અહીંયાં પરિણામ પણ એક કરતાં વધારે છે. એક પરિણામ આવું થઈ જાય છે અને મટી જાય છે એમ નહીં. મોક્ષમાર્ગની અંદર એની ધારા ચાલે છે, એમ બતાવવું છે. એકધારી ધારા જ ચાલે છે એટલે એને લય કહ્યું, 'એવી લય તો ગોપાંગનાને હતી.'

'શ્રીમદ્ ભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવ ભગવાન પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે, તે પરમાહ્લાદક અને આશ્ચર્યક છે.' એ વાતને અધ્યાત્મમાં લઈ જાય છે કે શ્રીકૃષ્ણચંદ્રને જોવે ત્યારે બધું જ ભૂલી જાય. ખાવું-પીવું, ક્ષુધા-તૃષા, શરીરનું, કપડાનું બધું ભાન ભૂલી જાય છે. એ કેવી એમના પ્રત્યે ભક્તિ છે ! એવો અંદરમાં આત્મા જોવે ત્યારે દેહની દશા ભૂલી જાય, એમ લેવું છે. 'તે પરમાહ્લાદક...' છે એટલે પોતે એ દશાના ચાહક છે. એ વાત વાંચીને પોતાને રસ ઊભરાય છે અને એવી આહ્લાદક દશા, આશ્ચર્યકારક દશા પોતે ચાહે છે, ઇચ્છે છે.

'નારદ ભક્તિસૂત્ર' એ નામનું એક નાનું શિક્ષાશાસ્ત્ર મહર્ષિ નારદજીએ રચેલું છે; તેમાં પ્રેમભક્તિનું સર્વોત્કૃષ્ટ પ્રતિપાદન કર્યું છે.' એ કોઈ ભક્તિશાસ્ત્ર છે, એનો ઉલ્લેખ કર્યો છે.

'ઉદાસીનતા ઓછી થવા આપે બે ત્રણ દિવસ અત્ર દર્શન દેવાની કૃપા બતાવી, પણ તે ઉદાસીનતા બે ત્રણ દિવસના દર્શનલાભે ટળે તેમ નથી.' મુંબઈ આવવાની વાત કરી હશે કે, બે ત્રણ દિવસ આવી જઉં. (એટલે કૃપાળુદેવ લખે છે કે), બે-ત્રણ દિવસમાં અમને કંઈ સંતોષ થાય એવું નથી અને આ ઉદાસીનતા છે એ 'પરમાર્થ ઉદાસીનતા છે.' માત્ર તમારા સંયોગ-વિયોગની અપેક્ષાવાળી નથી, એમ કહેવું છે. આ તો અંદરમાં જે અંતર તરફનું વલણ છે એને લઈને જે ઉપેક્ષાભાવ વર્તે છે, એ ઉદાસીનતાનો પ્રકાર છે, એમ. એટલે બે ત્રણ દિવસ તમે આવી જાઓ એટલે ફેરફાર થઈ જાય એવું કંઈ નથી.

'પરમાર્થ ઉદાસીનતા છે. ઈશ્વર નિરંતરનો દર્શનલાભ આપે એમ કરો તો પધારવું – નહીં તો હાલ નહીં.' એવી કોઈ કુદરતી પરિસ્થિતિ ઊભી થાય કે તમારો સમાગમ નિરંતર રહે. ઈશ્વર એટલે કુદરતી એવી કોઈ સ્થિતિ હોય તો જરૂર આવો, સાથે જ રહીએ, જુદાં પડવાનું મન નથી, પણ એ પરિસ્થિતિ તો કંઈ દેખાતી નથી સોભાગભાઈની કે નથી દેખાતી પોતાની. એટલે બે ત્રણ દિવસ આવવાનો કોઈ અર્થ નથી એટલે અત્યારે પોતે કંઈ આવવા માટે મંજૂરી આપતા નથી. એ ૨૧૯મો (પત્ર પૂરો) થયો.

## પત્રાંક – ૨૨૦

મુંબઈ, ફાલ્ગુન વદ ૩, શનિ, ૧૯૪૭

આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી. ભક્તિ વિષેનાં પ્રશ્નોનો ઉત્તર પ્રસંગે લખીશ. અમે આપને જે વિગતવાળા પત્રમાં 'અધિષ્ઠાન' વિષે લખ્યું હતું તે સમાગમે સમજી શકાય તેવું છે.

'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. એ વ્યાખ્યાને અનુસરી 'જગતનું અધિષ્ઠાન' સમજશો.

જૈનમાં ચૈતન્ય સર્વ વ્યાપક કહેતા નથી. આપને એ વિષે જ કંઈ લક્ષમાં હોય તે લખશો.

૨૨૦મો પત્ર પણ સોભાગભાઈ ઉપરનો છે. 'આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું.' પોતાના જન્માક્ષર મોકલ્યા છે. 'જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી.' એવું નથી કે એમના પ્રત્યે લાગણી છે એટલે એવી કોઈ આંધળી લાગણી છે, એમ નથી. હિત

અહિતનો વિવેક મુખ્ય છે અને પછી વ્યક્તિગત અનુરાગ છે. વ્યક્તિગત અનુરાગમાં જ્ઞાનીની આ હંમેશની મર્યાદા હોય છે અને મુમુક્ષુએ પણ એ જ મર્યાદા કેળવવી યોગ્ય છે કે હિત અહિત પહેલા જોવે પછી સંબંધ, પછી લાગણી. અમારે ઘણો સંબંધ છે, અમારે ઘણી લાગણી છે, એ બધો પછીનો વિષય થાય છે, પહેલો હિત અહિતનો વિષય રહે છે. આ તો એકદમ નજીક આવેલા બન્ને જીવો છે. છતાં પણ ચોખ્ખીચટાક, ફટાક દઈને ના લખી નાખે છે.

મુમુક્ષુ :– થોડું લખી નાખ્યું હોત તો !

સમાધાન :– નહીં, લખે કે ન લખે, ઈ લપસણી જગ્યાએ ઊભા જ ન રહેવા દ્યે. એવી વાત છે. એ લપસણી જગ્યા છે, જ્યોતિષનો વિષય છે એ ભવિષ્યની ચિંતાનો વિષય છે. જે જીવોને ભવિષ્યની ચિંતા વિશેષ થાય છે એવી ચિંતિત મનોદશામાંથી એને જ્યોતિષ બાજું વળવાનું સ્ફુરે છે અને તે આત્માર્થી જીવને આત્માર્થથી પ્રતિકૂળ છે, અનુકૂળ નથી. આત્માર્થથી એ પ્રતિકૂળ છે. એટલે ઘણી જગ્યાએ નિષેધ આવશે. એ સમજવા જેવો વિષય છે. શ્રીમદ્જીના પત્રોમાંથી આ વિષય બહુ સારી રીતે સમજવા જેવો છે.

'આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી.' એટલે પોતાને જ્ઞાન છે (પણ) ઉત્તર નહીં આપીએ, તમને આનો જવાબ નહીં દઈએ. એમ ચોખ્ખી વાત છે કે આનો જવાબ પણ તમને નહીં આપીએ. 'ભક્તિ વિષેનાં પ્રશ્નોનો ઉત્તર પ્રસંગે લખીશ.' આગળ ઉપર (લખીશ).

'અમે આપને જે વિગતવાળા પત્રમાં 'અધિષ્ઠાન' વિષે લખ્યું હતું તે સમાગમે સમજી શકાય તેવું છે.' વિસ્તારથી વાત તો સમાગમે થઈ શકે. પછી અધિષ્ઠાનની વ્યાખ્યા કરી છે કે 'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે.' મૂળ પદાર્થ, તેને અહીંયાં અધિષ્ઠાન કહે છે. 'એ વ્યાખ્યાને અનુસરી 'જગતનું અધિષ્ઠાન' સમજશો.' મહાસત્તા, અવાંતરસત્તા જેમ છે તેમ સમજવી જોઈએ.

'જૈનમાં ચૈતન્ય સર્વ વ્યાપક કહેતા નથી. આપને એ વિષે જે કંઈ લક્ષમાં હોય તે લખશો.' વાતને વિચારકોટીમાં, વિચારકક્ષામાં મૂકી દીધી કે અન્યમતમાં ચૈતન્યને સર્વ વ્યાપક પરમબ્રહ્મ કહેવામાં આવે છે અને જૈનમાં એમ કહેતા નથી. સ્વક્ષેત્રપ્રમાણ એની વ્યાપ્તિ હોય છે, એથી આગળ પોતાના ક્ષેત્રને છોડીને કોઈ પદાર્થની દશા વ્યાપતી નથી. તો એ વિષે આપ શું વિચારો છો ? આ થોડોક સૈદ્ધાંતિક વિષય એમણે સોભાગભાઈ માટે વિચારકોટીમાં મૂક્યો છે.

પત્રાંક – ૨૨૧

મુંબઈ, ફાલ્ગુન વદ ૮, બુધ, ૧૯૪૭

શ્રીમદ્ ભાગવત પરમભક્તિરૂપ જ છે. એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરૂપને સૂચવવા માટે છે.

મુનિને સર્વવ્યાપક અધિષ્ઠાન આત્મા વિષે, કંઈ પૂછવાથી લક્ષરૂપ ઉત્તર મળી નહીં શકે. કલ્પિત ઉત્તરે કાર્યસિદ્ધિ નથી. આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં, કારણ કે તે કલ્પિત છે; અને કલ્પિત પર લક્ષ નથી.

પરસ્પર સમાગમ-લાભ પરમાત્માની કૃપાથી થાય એવું ઇચ્છું છું. આમ ઉપાધિ જોગ વિશેષ વર્તે છે, તથાપિ સમાધિમાં જોગની અપ્રિયતા કોઈ કાળે નહીં થાય એવો ઈશ્વરનો અનુગ્રહ રહેશે એમ લાગે છે. વિશેષ વિગતવાર પત્ર લખીશ ત્યારે.

વિ. રાયચંદ

પછી ૨૨૧મો પણ સોભાગભાઈ ઉપરનો જ પત્ર છે. 'શ્રીમદ્ ભાગવત પરમભક્તિરૂપ જ છે. એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરૂપને સૂચવવા માટે છે.' જે શુદ્ધાત્માનું લક્ષ કરાવવું છે, એનું જે રૂપ છે, એનું જે સ્વરૂપ છે એની અંદર એની સૂચના છે. એટલે બહુ લાક્ષણિક પદ્ધતિથી, ભક્તિની લાક્ષણિક પદ્ધતિથી એ વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રશ્ન :- શ્રીમદ્ ભાગવત પરમભક્તિરૂપ જ છે એમ કહ્યું તો એમાં અન્યમતને અનુમોદન ન થઈ જાય ?

સમાધાન :- ના, એ પોતાની દૃષ્ટિથી તો વાતને સ્થાપે છે ને ! જે હિન્દુ સંપ્રદાય જે રીતે ભાગવતને માને છે, એ રીતે એની અનુમોદના નથી, એ રીતે એની સ્થાપના નથી. એનું જે અધ્યાત્મિક રહસ્ય છે એ રીતે એની સ્થાપના છે, એ રીતે એની માન્યતા છે,

એમ વાત છે. માટે અન્યમતનું એમાં કોઈ અનુમોદન આવતું નથી, એવી રીતે વાત લ્યે છે.

મુમુક્ષુ :– ૨૧૮મો પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :– કેટલામો પત્ર છે ? ૨૧૮, 'ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે...' ભાગવત એટલે આ, એમનું ભાગવત શાસ્ત્ર છે એની અંદર જે શ્રીકૃષ્ણનું વર્ણન છે એ પરમાત્માની લીલાનું વર્ણન છે એમ કહેવું છે. પરમ તત્ત્વની લીલાનું વર્ણન છે એમ કહેવું છે. જે સંપ્રદાય માને છે એ રીતે વાત નથી, એમ કહેવું છે. પણ જ્ઞાની છે એ એવી રીતે બહુ ચોખ્ખા નિષેધાત્મક વચનોનો પ્રયોગ ઓછો કરતાં હોય છે. કેમકે એમાં પાછો એ જે આખો સંપ્રદાય એની સામે ઊભો હોય છે એ બધા એમાં તો ગરમ થઈ જાય. તમે ખોટા છો, જૂઠા છો, મિથ્યાદૃષ્ટિ છો, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છો, (એમ કહો તો) એમાંથી પાછી મોટી ગરબડ ઊભી થાય. એટલે પોતાને જે કહેવી છે એ વાત કરી લ્યે, કહી દ્યે. સમજનાર સમજે, ન સમજનાર તો અમસ્તોય સમજવાનો નથી, એમ વાત છે. એ જે કહે છે એ બરાબર છે, એ શૈલીથી વાત બરાબર છે.

પ્રશ્ન :– સામાન્ય માણસને તો એમ જ લાગે ને ?

સમાધાન :– એવું છે કે સામાન્ય લોકોનો આ વિષય નથી. સામાન્ય લોકો તો બધા અમસ્તાય ઊંધે રસ્તે જ છે. એને ક્યાં ઊંધે રસ્તે ચડવા, નહીં ચડવાનો સવાલ છે ? કોઈ પણ વાતમાં પહેલા તો એવી વાત છે કે આ Statement કોનું છે ? કોનું કથન છે આ ? કોણ કહે છે આ ? અને જો એ કહે છે તો એ સમજીને કહે એવા છે કે વગર સમજે કહે એવા છે ? આ વિષય ઉપર ઘણો વિચાર કરવો જોઈએ. જેનો કોઈ ગ્રંથ, જેના કોઈ વચનો, એનું પરિચર્યન કરવું હોય, એનો સ્વાધ્યાય કરવો હોય, એ વિષયનાં ઊંડાણમાં જવું હોય તો પહેલા વ્યક્તિની પ્રમાણિકતા પહેલાં બહુ સારી રીતે વિચારી લેવી ઘટે છે. એ વગર એની કોઈ વાત કેવી રીતે અને કોઈ વાત કેવી રીતે લઈ લેશે, એનો કંઈ મેળ નહીં પડે, મોટી ગરબડ થઈ જશે. એટલે એ વાત તો એવી રીતે છે. એટલે તો એમણે કહ્યું કે ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન મહાત્માઓએ ભિન્ન ભિન્ન રીતે વાત કરી છે અને લોકો ભ્રાંતિમાં પડે છે. હવે એમની જ વાતથી આજે કોઈ ભ્રાંતિમાં પડે, હજી તો સો વર્ષ નથી થયાં. અઠ્ઠાણું વર્ષ પહેલાંની વાતથી ભ્રાંતિમાં પડે તો પડે, એમાં બીજો કોઈ ઉપાય નથી. પણ જ્યારે જેને જે યોગ્ય લાગ્યું તે કહ્યું છે, એ બરાબર કહ્યું છે. એ

દેશ, કાળ અને વ્યક્તિ કે સમાજ, જેને ઉદ્દેશીને કહ્યું છે તે યોગ્ય જ કહ્યું છે, તેમાં કંઈ બીજો વિકલ્પ કે શંકા, સંદેહ કરવા જેવો નથી.

મુમુક્ષુ :- સોભાગભાઈને સોભાગભાઈની ભાષામાં લખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- :- એ તો એમ જ છે, બધી સ્થિતિ એવી જ છે.

એમાં તો શું કાઢવાનું છે ? આપણે આમાંથી શું ગ્રહણ કરવા યોગ્ય છે ? એ વાત કાઢવાની છે. જે શીખવાની છે, સમજવાની છે, ગ્રહણ કરવાની વાત છે, એ વાત છે કે કોઈ પણ મુમુક્ષુને આમાંથી શું મળે છે ? તત્ત્વ કેવી રીતે મળે છે ? આત્મહિત થાય એવું તત્ત્વ કેવી રીતે મળે છે ? એ વાત સમજવાની છે. અલબત્ત, એમની ભાષા ઘણી ગૂઢ છે પણ છતાં તત્ત્વ ઘણું સુંદર છે, અને અલૌકિક છે એમાં કાંઈ શંકા નથી.

'શ્રીમદ્ ભાગવત પરમભક્તિરૂપ જ છે.' એટલે એ ભક્તિશાસ્ત્ર છે, એમ કહેવું છે. 'એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરૂપને...' એટલે જે શુદ્ધાત્મા લક્ષરૂપે છે તેને 'સૂચવવા માટે છે'. આખા શાસ્ત્ર ઉપર આ એમનો દૃષ્ટિકોણ છે. શુદ્ધાત્માને જ બતાવવો છે અને શુદ્ધાત્મા પ્રત્યે વલણ થાય તો એ વલણવાળા પરિણામની સ્થિતિ કેવી થાય ? એનું બહુ સુંદર ચિત્રણ આ શાસ્ત્રની અંદર પાત્રો મૂકીને સ્પષ્ટ કરેલું છે, એમ એમનું કહેવું છે.

'મુનિને...' મુનિને એટલે આ લલ્લુજી મુનિને 'સર્વવ્યાપક અધિષ્ઠાન આત્મા વિષે, કંઈ પૂછવાથી લક્ષરૂપ ઉત્તર મળી નહીં શકે.' સ્થાનકવાસીના મુનિ છે, તમે એમને અધિષ્ઠાન વિષે પૂછશો તો તમને કોઈ મુદ્દાનો ઉત્તર જે કંઈ લક્ષના સ્થાનનો મળવો જોઈએ એ ઉત્તર નહીં મળે, કેમકે એ અજાણ્યા છે. એ વિષયથી એ અજાણ્યા છે. 'કલ્પિત ઉત્તરે કાર્યસિદ્ધિ નથી.' કોઈ કલ્પનાથી ઉત્તર આપી દેશે, એનાથી કંઈ લાભ થવાનો નથી. એટલે એ કંઈ જરૂરી નથી.

'આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં,...' ચોખ્ખી વાત છે. ભલે તમારી આર્થિક સ્થિતિ નબળી છે, તમને ભવિષ્યની ચિંતા થતી હશે પણ અમારી સ્પષ્ટ આજ્ઞા છે કે તમારે જ્યોતિષ સંબંધી કંઈ પણ ઇચ્છા કરવી નહીં. 'કારણ કે તે કલ્પિત છે; અને કલ્પિત પર લક્ષ નથી.' ગણિત છે, વિદ્યા છે, પોતાને વગર ભણ્યે સાધ્ય છે, છતાં કલ્પિત છે. કલ્પિત એટલે કલ્પિત સુખને અને કલ્પિત દુઃખને, જે લોકોને મિથ્યાદર્શનથી, મિથ્યાજ્ઞાનથી જે કલ્પનાનું સુખદુઃખ થાય છે એનું ગણિત બતાવનાર શાસ્ત્ર હોવાથી, (એ) શાસ્ત્રને કલ્પિત કહી દીધું છે. એવું વિશેષણ વાપર્યું છે. એટલે એના ઉપર અમારું લક્ષ નથી, એવા કાલ્પનિક

સુખ-દુઃખ ઉપર અમારું લક્ષ નથી માટે એ વિષય અમે તમારી સાથે ચર્ચવા માગતા જ નથી. અમારી સાથે એ વિષય તમે છેડશો નહીં, છેડશો તો અમે તમને જવાબ પણ દેશું નહીં. ચોખ્ખીચટ વાત છે. (એમને) બચાવવા છે ને !

સત્પુરુષની તો એ કરુણા છે કે બાળકના હાથમાં સોમલવાળો લાડવો હોય અને ખાવાની એને ઘણી ઇચ્છા થતી હોય તો ઝૂંટવીને લઈ લ્યે, અને એ ઝૂંટવીને લઈ લ્યે ત્યારે બાળક કદાચ રડે તો ભલે રડતો, એને રડવા દ્યે છે પણ એને સોમલવાળો લાડવો ખાવા દેતા નથી, એવી સત્પુરુષોની કરુણા હોય છે. એવી વાત ઘણી જગ્યાએથી આમાંથી મળશે.

વિશેષ લઈશું...

ઈર્ષા અર્થાત્ માત્સર્યનો દોષ ભયંકર અકલ્પ્ય અપરાધોને ઉત્પન્ન થવાનું મૂળ બને છે. જેમકે

* બીજા પુણ્યવંતો પ્રત્યે દ્વેષભાવ, વિના સંબંધે.
* દેવો પણ આ જ કારણથી તીવ્ર દુઃખી.
* ધાર્મિક ક્ષેત્રમાં પણ દ્વેષભાવ ! આ જ કારણથી.
* ગુણ પ્રમોદ, વાત્સલ્ય અને સાધર્મી પ્રેમનો અભાવ.
* સત્પુરુષથી વિમુખ થઈ, વિરોધી થઈ જવું.
* ઈર્ષાની આગ નરક-નિગોદમાં જીવને અંધત્વ પ્રાપ્ત કરાવી લઈ જાય છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૪૧)

પત્રાંક – ૨૨૨

મુંબઈ, ફાગણ વદ ૧૧, ૧૯૪૭

............

પંચમકાળને નામે જૈન ગ્રંથો આ કાળને ઓળખે છે; અને કળિકાળને નામે પુરાણ ગ્રંથો ઓળખે છે, એમ આ કાળને કઠિન કાળ કહ્યો છે; તેનો હેતુ જીવને 'સત્સંગ અને સત્શાસ્ત્ર'નો જોગ થવો આ કાળમાં દુર્લભ છે, અને તેટલા જ માટે કાળને એવું ઉપનામ આપ્યું છે.

અમને પણ પંચમકાળ અથવા કળિયુગ હાલ તો અનુભવ આપે છે. અમારું ચિત્ત નિઃસ્પૃહ અતિશય છે; અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ, એ કળિયુગની કૃપા છે.

## તા. ૦૫-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૫૯
## પત્રાંક – ૨૨૨-૨૨૩

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૨૨૨) 'પંચમકાળને નામે જૈન ગ્રંથો આ કાળને ઓળખે છે; અને કળિકાળને નામે પુરાણ ગ્રંથો ઓળખે છે, એમ આ કાળને કઠિન કાળ કહ્યો છે;...' એ રીતે આ કાળને હવે કઠિન કાળ કહેલો છે. 'તેનો હેતુ...' હવે, કઠિન કહ્યો એટલે શું ? એનું કારણ શું ? 'જીવને 'સત્સંગ અને સત્શાસ્ત્ર'નો જોગ થવો આ

કાળમાં દુર્લભ છે,...' આત્માર્થી જીવ કો'ક મળે, સત્પુરુષ તો વળી એથી દુર્લભ અને સત્શાસ્ત્ર પણ એની વાંચના, એનો સ્વાધ્યાય એ પ્રકાર પણ સંપ્રદાયમાં નહીંવત થઈ ગયેલો. એટલે સત્સંગ અને સત્શાસ્ત્રનો યોગ થવો આ કાળમાં દુર્લભ છે. 'અને તેટલા જ માટે કાળને એવું ઉપનામ આપ્યું છે.' અથવા વર્તમાન કાળમાં એવા વિષમ પરિણામવાળા જીવો છે અને એનું બાહુલ્ય છે કે જેને લઈને સત્સંગ અને સત્શાસ્ત્ર છે એ દુર્લભ થઈ પડ્યા છે.

'અમને પણ પંચમકાળ અથવા કળિયુગ હાલ તો અનુભવ આપે છે.' અમને પણ એનો પ્રકાર વર્તે છે. એટલે કે નજીકમાં જે સંયોગો છે એમાં કોઈ મેળ દેખાતો નથી. એમ તો શું હોવું જોઈએ કે, આવા એકાવતારી મહાત્મા હોય તો એને બહારમાં પણ એવો જ નિવૃત્તિયોગ હોય, જે એની અંતર્વૃત્તિને અનુકૂળ હોય, એવો જ કોઈ નિવૃત્તિયોગ હોય. એને માથે કામનો બોજો, ઉપાધિનો બોજો હોય એ અનુકૂળ નથી. એ તો નિવૃત્તિમાં પોતાનું કાર્ય સાધે, આત્મસાધનમાં વિશેષપણે કાર્યરત રહે, એવો જ એનો યોગ હોવો જોઈએ. એના બદલે વિચિત્ર પરિસ્થિતિ છે. અને એનું કારણ વર્તમાન કાળ છે.

'અમારું ચિત્ત નિઃસ્પૃહ અતિશય છે;...' આ જગતમાંથી અમારે કંઈ જોઈએ છે, એ વસ્તુ નથી, પરિસ્થિતિ જ નથી. અતિશય નિઃસ્પૃહ છે. 'અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ,...' બીજાની નજરમાં, જે પ્રવૃત્તિ ચાલે છે એમાં અમને કંઈ સ્પૃહા છે, એવી રીતે લોકોને દેખાય છે, એવું વર્તવાનું થાય છે. 'એ કળિયુગની કૃપા છે.' જે આ મહેરબાની છે એ આ કળિયુગની મહેરબાની છે. કેવી ગૂઢ ભાષા વાપરી છે ! એ ૨૨૨ પત્ર અહીંયાં પૂરો થાય છે.

## પત્રાંક - ૨૨૩

મુંબઈ, ફાગણ વદ ૧૪, બુધ, ૧૯૪૭

'देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः।।'

હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે, અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.

આપના પત્ર ઘણી વાર વિગતથી મળે છે; અને તે પત્રો વાંચી પ્રથમ તો સમાગમમાં જ રહેવાની ઇચ્છા થાય છે. તથાપિ... કારણથી તે ઇચ્છાનું ગમે તે પ્રકારે વિસ્મરણ કરવું પડે છે; અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઇચ્છા થાય છે; તો તે ઇચ્છા પણ ઘણું કરીને ક્વચિત જ પાર પડે છે. એનાં બે કારણ છે. એક તો એ વિષયમાં અધિક લખવા જેવી દશા રહી નથી તે; અને બીજું કારણ ઉપાધિયોગ. ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બળવાન છે; જે દશા બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી; અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે; એ વિષયમાં લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે; વાણી પ્રસંગોપાત્ત હજુ એ વિષયમાં કેટલુંક કાર્ય કરી શકે છે; અને તેથી આશા રહે છે કે સમાગમમાં જરૂર ઈશ્વર કૃપા કરશે. વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી, તેવી હવે લાગતી નથી; લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.

આપે એક વાર ભક્તિના સંબંધમાં પ્રશ્ન કર્યું હતું, તે સંબંધમાં વધારે વાત તો સમાગમે થઈ શકે તેમ છે, અને ઘણું કરીને બધી વાતને માટે સમાગમ ઠીક લાગે છે. તોપણ ઘણો જ ટૂંકો ઉત્તર લખું છું.

પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમમહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી; પરમાત્માને નિરંજન અન નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ – જ્ઞાનીરૂપ પરમાત્માની – ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં, ભગવદ્ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ

જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.

બીજું એક પ્રશ્ન (એકથી અધિક વાર) આપે એમ લખ્યું હતું કે વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઈએ તેવું લાભરૂપ લાગતું નથી; અને કઠણાઈ રહ્યા કરે છે.

પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે, તથાપિ તેમ નથી. જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી, કારણ કે તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે, તેમ અષ્ટમહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે; તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી, અને હોવી જોઈએ. એ કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે, અને એમ જ હો. .... રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું અને વર માગવા કહ્યું ત્યારે .... રાજાએ માગ્યું કે હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.

કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે. કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્‌ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.

આપને તો એ વાર્તા જાણવામાં છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય તો તેનું કારણ એ જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે. અધિક શું કહેવું ? એ એમ જ છે.

પત્ર ૨૨૩, એક શ્લોક ટાંક્યો છે. આ પણ સોભાગભાઈ ઉપરનો પત્ર છે. 'देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि। यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः।।' જેનું દેહાભિમાન ગળી ગયું છે. દેહનું અભિમાન, દેહાત્મબુદ્ધિ જેની ગળી ગઈ છે અને જેણે પરમાત્માને જાણ્યો છે. विज्ञाते જેણે જાણ્યું છે, પોતાના પરમાત્મસ્વરૂપને જેણે જાણ્યું છે. यत्र यत्र मनो याति – તેનું મન જ્યાં જ્યાં જાય છે, તેનો ઉપયોગ જ્યાં જ્યાં જાય છે तत्र तत्र समाधयः ત્યાં એને સમાધાન જ વર્તે છે. એને કોઈ પ્રકારે અસમાધાન થતું નથી. અનેક પરપદાર્થમાં ઉપયોગ જાય પણ બધે, સર્વત્ર સમાધાન વર્તે છે, ક્યાંય અસમાધાન થતું નથી. કેમકે એમને પોતાને દેહાભિમાન નથી. દેહથી જ ભિન્નતા વર્તે છે તો બીજા પદાર્થોમાં તો ક્યાંય અભિન્નતા કરવાનો પ્રશ્ન નથી, એકતા કરવાનો પ્રશ્ન નથી. એટલે સર્વત્ર સમાધાન વર્તે છે.

મુમુક્ષુ :– સોગાનીજીએ આ ટાંક્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ શ્લોક ટાંકેલો છે. સમંતભદ્રાચાર્ય કે કોઈનો શ્લોક હશે. પાછળ પરિશિષ્ટમાં લીધું હશે કે ક્યાંથી શ્લોક લીધો છે.

અર્થ કર્યો છે, નીચે એ શ્લોકનો અર્થ કર્યો છે કે 'હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી...' હું રાજા, હું રંક, હું પુરુષ, હું સ્ત્રી, હું વિદ્વાન, હું મૂર્ખ, હું ત્યાગી, હું ગૃહસ્થી, આ બધા બોલ એમાં લઈ લેવા. વગેરે કહેતા બધા પ્રકાર એમાં આવી જાય છે. શંકરાચાર્યનો (શ્લોક) છે. આ અધ્યાત્મની વાતો તો અન્યમતમાં નાખેલી છે ! એ લોકો મૂળમાંથી, દિવ્યધ્વનિમાંથી છૂટા પડ્યા છે ને ! ઘણી વાતો ધારણામાં રહી ગઈ હોય, ઘણી પોતાને

સારી લાગી હોય.

એના ઉપરથી શું વિચારવા જેવું છે ? કે અધ્યાત્મ તો એક એવો વિષય છે કે થોડી હળવાશ હોય તોપણ જીવને રુચે. જો જીવ થોડો હળવો હોય અથવા તીવ્ર પરરુચિ ન હોય, તોપણ એને અધ્યાત્મ રુચે. તેમ છતાં એવી પરિસ્થિતિમાં ગૃહીત મિથ્યાત્વ સુધીની દશા હોઈ શકે છે. સૈદ્ધાંતિક રીતે આ વાત થોડી વિચારવા જેવી છે. કેમકે સામાન્ય રીતે લોકોને, આમ સમાજને જે કંઈ વ્યામોહ થાય છે એ આ વિષય ઉપર થાય છે કે જો કોઈ અધ્યાત્મિક ચર્ચા, પરિચર્ચા, અધ્યાત્મિક વિષય કહેનાર મળે છે તો માણસને આકર્ષણ થાય છે, સમાજને આકર્ષણ થાય છે કે, અધ્યાત્મની વાત ઘણી સરસ કહે છે. પણ ભાઈ, એવી અને એથી સરસ (વાતો) અન્યમતિઓએ કરેલી છે. માત્ર એ રીતે વાતથી વ્યામોહ પામવા જેવું નથી.

આગળ એક જગ્યાએ આવશે કે 'અધ્યાત્મનો વ્યામોહ' કહે છે. અમુક જાતના પરિણામને અધ્યાત્મનો વ્યામોહ કહેવામાં આવે છે કે જેને અધ્યાત્મ વિષય ઉપર મોહ થાય છે, અધ્યાત્મિક વાત ઉપર મોહ થાય છે છતાં ત્યાં અસમ્યક્પણું છે અને સમ્યક્પણું નથી, આવી પરિસ્થિતિ હોય છે અને તે ગૃહીત મિથ્યાત્વ સુધી હોય છે. એમ કહીને એમ કહેવું છે કે આ વિષયની પરીક્ષા થોડીક કઠણ છે અને કડક છે, એમ. એકલા અધ્યાત્મિક વિષયના શબ્દો કે ચર્ચા કે એ વિષયનું ઓછુંવત્તુ જાણપણું હોય ત્યાં અધ્યાત્મિક વ્યામોહમાં આવવા જેવું નથી. એવો વિષય છે.

પ્રશ્ન :- કઠણ તો છે પણ કડક કેમ કહ્યું ?

સમાધાન :- કડક એટલે શું છે કે ભાવુકતામાં એ પ્રમાણે કડકાઈ નથી. જ્યારે પરીક્ષાપ્રધાની માણસ બહુ ઢીલું ન મૂકે, કડક પરીક્ષા કરે, જલ્દી નમતું ન આપી દ્યે. પરીક્ષાકાળે ન આપે, પછી ભલે સમર્પણ ગમે એટલું કરે. પરીક્ષાકાળે ન આપે. એવું કડક ચેકીંગ જેને કહેવામાં આવે છે, એવો એ વિષય છે.

પ્રશ્ન :- પરીક્ષા વગર માની લ્યે તો ?

સમાધાન :- એ તો પોતે વ્યામોહમાં આવી જાય છે, વ્યામોહમાં આવી જાય છે. હવે આમાં શું બાકી રહ્યું કે 'देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि' તત્ત્વદૃષ્ટિએ કંઈ ભૂલ નથી. અધ્યાત્મિક સિદ્ધાંતમાં કંઈ ભૂલવાળી વાત નથી. यत्र यत्र मनो याति એનું મન અથવા ઉપયોગ ગમે ત્યાં જાય, तत्र तत्र समाधयः ત્યાં એને સમાધાન જ વર્તે. હવે આમાં ખામી શું છે ? એ કહો. ખામી ન લાગે, છતાં એ વિષયને સાંગોપાંગ સમ્યક્પણે નિરૂપે છે કે

કેમ ? ઈ બીજી જ વાત થઈ પડે છે.

મુમુક્ષુ :– આવી ઊંચી વાત મૂકવાવાળો માણસ રાગીને દેવ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ કુદરતી એવું છે કે જ્યાં જીવ ગૃહીત મિથ્યાત્વમાં આવે છે ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભૂલ ક્યાંક ને ક્યાંક એવી મોટી સ્થૂળ કરે છે કે એનું સૂક્ષ્મ અધ્યાત્મિક નિરૂપણ એ એક ભૂલમાં ધોવાઈ જાય છે. જેમ કોઈ માણસને માનસિક રોગ હોય, એટલે ગાંડપણ હોય, ભલે થોડું ગાંડપણ હોય, ઘણી ડાહી ડાહી વાત કરે, પણ એક જ ગાંડી વાત કરે, એટલે સોએ સો, નવસો ને નવ્વાણું, હજાર વાત ધોવાઈ જાય કે નહીં, કંઈક ફેર છે, એ આવું કેમ બોલી ગયા ? માટે બધી ડાહી વાત છે એને ગૌણ જ કરી નાખવી પડે. કોઈ એકેય વાતને વજન આપે તો નિર્ણય ઊંધો લેવાઈ જાય. આખો નિર્ણય છે એ ઊંધો લેવાઈ જાય, આખો નિશ્ચય ઊલટો થઈ જાય, એના જેવો આ વિષય છે.

'હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે,...' એટલે આમ જુઓ તો પર્યાયબુદ્ધિ (ગળી ગઈ છે) 'અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે,...' આ તો પોતે અર્થ કરે છે 'તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.' એને ક્યાંય અસમાધાન થતું નથી. સૈદ્ધાંતિક રીતે વાત બરાબર બેસે છે. શંકરાચાર્યે કરી છે માટે બરાબર નથી, એમ વાત નથી. પણ સાંગોપાંગ જે આ વિષયનું પરિજ્ઞાન હોય અને કોઈ પડખે પણ એમાં કોઈ નય ન દૂભાય એ રીતે એનું જ્ઞાન પ્રવર્તતું હોય, એટલે સંતુલિત અવસ્થામાં પ્રવર્તતું હોય છે. એ સમ્યગ્જ્ઞાનનો એવો સ્વભાવ છે. સમ્યગ્જ્ઞાન છે ત્યાં જ આવો દોષ થતો નથી. નહીંતર અધ્યાત્મિક વિષય ઉપર વધારે વજન દેનાર પણ સંતુલન એવી રીતે ગુમાવે છે કે સરવાળે એ જીવ એમાં પોતાના આત્માનું અહિત કરતો હોય છે, હિત સધાતું હોતું નથી.

મુમુક્ષુ :– આ વાત પરસ્પર અવિરુદ્ધ નથી હોતી ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, પરસ્પર અવિરોધ નથી. ક્યાંક વિરોધ પણ આવે છે એ એમ બતાવે છે કે મૂળ વાત છે એ એના મર્મસ્થાન સુધી પહોંચીને સમજાયેલી નથી અથવા મૂળ વાત અનુભવપૂર્વક સિદ્ધ થયેલી નથી. પોતાને સારી લાગી હોય એટલે કહી હોય, એટલી વાત જરૂર છે પણ વિપરીત અભિનિવેશ રહ્યો ક્યાં સુધીનો ? કે ગૃહીત મિથ્યાત્વ સુધીનો. આ પરિસ્થિતિ છે.

'આપના પત્ર ઘણી વાર વિગતથી મળે છે; અને તે પત્રો વાંચી પ્રથમ તો સમાગમમાં

જ રહેવાની ઇચ્છા થાય છે.' તમારી પાત્રતા ઉપર, સોભાગભાઈની પાત્રતા ઉપર એમને ઘણું બહુમાન વર્તે છે. 'તથાપિ .... કારણથી તે ઇચ્છાનું ગમે તે પ્રકારે વિસ્મરણ કરવું પડે છે;...' એટલે સમાગમમાં રહેવાની ઇચ્છાને ગૌણ કરવી પડે છે 'અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઇચ્છા થાય છે; તો તે ઇચ્છા પણ ઘણું કરીને ક્વચિત જ પાર પડે છે. એનાં બે કારણ છે. એક તો એ વિષયમાં અધિક લખવા જેવી દશા રહી નથી તે;...' પોતાની જે પરિણતિ ચાલે છે એમાં બાહ્ય પ્રવૃત્તિમાં બહુ ઉપયોગ ચાલતો નથી. પરાણે પરાણે ઉદયનાં કાર્યો કરવા પડે છે, ક્યાંય ઉપયોગ ચાલતો નથી, ચિત્ત ચોટતું નથી.

'અને બીજું કારણ ઉપાધિયોગ.' એટલે એમાં પ્રવૃત્તિની અંદર સમય વ્યતીત થાય છે, એમ બહાર ને અંદર એવો પ્રકાર છે કે જેને લઈને તમારા પત્રનો સવિગત ઉત્તર લખવાનું ભાગ્યે જ પાર પડે છે. 'ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બળવાન છે;...' અંતરંગ પરિણતિ જે વર્તે છે, એ બળવાન કારણ છે કે જે અમને બીજી બાહ્ય પ્રવૃત્તિમાંથી નીરસ કરી નાખે છે એ બળવાન કારણ છે.

'જે દશા બહુ નિઃસ્પૃહ છે;...' પોતાની અંતર વર્તતી દશા (બહુ નિઃસ્પૃહ છે). ચોવીસમું વર્ષ ચાલે છે, હજી તો ફાગણ – મહા–ફાગણ મહિનો ચાલે છે, બહુ બળવાન દશા છે, 'બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી;...' આ દશા સમજાય અને આ દશા જ્યારે ઓળખાય ત્યારે જ્ઞાનીની સાચી પ્રતીતિ આવે છે અને ત્યારે એ જ્ઞાની કેવા દેખાય છે, એ વાત એ નીચેના પેરેગ્રાફમાં મૂકશે કે ત્યારે એને જ્ઞાનીનું ચિત્ર કેવું દેખાય છે ? એ ત્યારે એને ખ્યાલ આવે છે. આ બસ એમણે Exact વાત એવી કરી છે, સ્વાનુભવગમ્ય વાત કરી છે કે આવી જ પરિસ્થિતિ ઊભી થાય. સાધારણ મુમુક્ષુને તો એનું અનુમાન આવવું મુશ્કેલ પડે એવો થોડો વિષય છે, એનું અનુમાન ન લાગે.

'જે દશા બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી;...' અમારું જે ચિત્ત છે, એ અમારા સ્વરૂપને છોડીને અન્ય વિષયમાં જાણે પ્રવેશ કરતું નથી. 'અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે;...' પહેલો વહેલો આ ગ્રંથ વાંચ્યો ત્યારે આ જગ્યાએ શંકા ઊઠી હતી. જ્યાં જ્યાં એમણે આવી વાત કરી છે કે એકકોરથી પોતે સત્સમાગમને ઇચ્છે છે. સત્‌ની વાર્તા કહેવી અને સાંભળવી એ એમની રુચિનો વિષય છે. બીજીકોરથી પોતે જ પારમાર્થિક વિષયમાં લખતાં ઉપયોગ નીરસ થઈ જાય છે, આ તે કેવી વિચિત્ર દશા ! થોડો મંથનનો વિષય હતો, એટલે એ વિષયને સમજવા

માટે, શરૂઆતમાં આ વિષયને સમજવા માટે થોડું મંથન ચાલતું હતું કે આ ક્યા પ્રકારની એવી દશા છે કે જેમાં બહારથી જોતાં મેળ ખાતો નથી. એ પ્રકાર કેવો ? એનું સ્વરૂપ કેવું ? લખે છે એ તો લખનાર પોતાના પરિણામને જેવા જોવે છે એવા જ જરાપણ આઘુંપાછું, અદકુંઓછું કર્યા વિના લખે છે. એટલી બધી મધ્યસ્થતા નીતરે છે ! એમાં તો કંઈ પ્રશ્ન નથી. તો આ પ્રકાર કેવો ? કે એક બાજુ સત્સંગને ઇચ્છનાર પોતે જ પારમાર્થિક વિષયમાં લખવા બેસે ત્યારે એની વૃત્તિ શૂન્ય થઈ જાય છે. આ પ્રકાર કઈ જાતનો છે ?

આ એક સમ્યક્‌દશાનું અસાધારણ લક્ષણ છે. એમાં સોગાનીજીનું પ્રાસંગિક દૃષ્ટાંત છે, આમાં પાછળ છેલ્લે છેલ્લે લીધું છે કે, જો એ કલકત્તા જતાં તો એમ લખે કે સોનગઢની ધૂળ માટે હું તડપું છું. ગુરુદેવ પ્રત્યેના સત્સમાગમની ભાવના, સત્સમાગમમાં રહેવાની ભાવના એટલી કે ‘સોનગઢકી ધૂલી કે લિયે યહાં તડપના પડતા હૈ.’ સોનગઢમાં આવ્યા પછી પાછી બીજી પરિસ્થિતિ (હોય).

એક દિવસ સાંજના વખતે જમ્યા પછી ગુરુદેવ પાટ ઉપર થોડી વાર બેસતા. તો મેં કહ્યું કે ચાલો આપણે ગુરુદેવ પાસે બેસવું હોય તો જઈએ. તો કહે ‘આપ જાઈએ, મૈંને તો ગુરુદેવકો યહાં બિઠા દિયા હૈ.’ તમારે જવું હોય તો જાઓ, મારે નથી આવવું. હવે એ વખતે પોતાને અંદર પરિણતિ એવી છે કે, ધ્યાનમાં બેસવા માટેનો વિકલ્પ છે. એવું પરિણમન અંતરંગ પરિણતિ સાથેનું વર્તી રહ્યું હોય છે કે એમાં જરા પણ ઉપયોગને બહાર લઈ જવો પોતાને ફાવતું નથી, અનુકૂળ પડતું નથી. તો આટલો યોગ નજીક છે ! તો કહે તમે જાઓ. કલકત્તા જાય તો કહે કે, ત્યાંની ધૂળ માટે હું તો તડપું છું.

આવી એક કુદરતી પરિસ્થિતિ એવી હોય છે કે જો એ વિષયને ન સમજી શકવામાં આવે તો એ વિચિત્રતા કોઈ નવી ભ્રાંતિનું પણ કારણ થઈ શકે છે. એવી પણ એક વિચિત્રતા ઊભી થાય છે એ અહીંયાં દેખાય છે.

બીજા ઉદયમાં તો, બીજા વિષયમાં તો મન પ્રવેશ કરતું નથી ‘તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે;...’ એમ નહીં કે રુચિથી આ કાગળો ઢસડ્યા કરીએ છીએ, એમ નથી. શૂન્યતા જેવું વર્તે છે અને આ પત્રો લખાય છે. ‘એ વિષયમાં લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે;...’ સ્પષ્ટતા કરે છે કે, ‘વાણી પ્રસંગોપાત્ત હજુ એ વિષયમાં કેટલુંક કાર્ય કરી શકે છે;...’ બોલવાનું ‘અને તેથી આશા રહે છે કે સમાગમમાં જરૂર ઈશ્વરકૃપા કરશે.’ એટલે સમાગમમાં ઘણી વાતો નીકળશે, એમ લાગે છે. પણ લખવાનું તો પરાણે

પરાણે આ બધું લખવું પડે છે, એવી અમારી દશા થઈ ગઈ છે. પરમાર્થના વિષયમાં પણ કલમ ચાલતી નથી અને તમારો ઉત્તર વિગતથી લખી શકવાનું બની શકતું નથી. આ એક સમજવા જેવો વિષય છે, બહુ ઊંડાણથી સમજવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ધારા ઉગ્રતા પામી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધારા ઉગ્રતા પામે છે અને એ પ્રવૃત્તિનો બોજો લાગે છે, બોજો લાગે છે, ખરી વાત એ છે.

'વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી, તેવી હવે લાગતી નથી;...' એ પણ એટલો બધો ઉપયોગ એમાં ચાલતો નથી. 'લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતી નથી;...' એક વાત કહેવા પાછળ એ સંબંધીનું અમારું જે જ્ઞાન છે, એ વાતને અમે કેટલી સંતુલિત રીતે કહેવા ધારીએ છીએ, એ લેખનીનું કામ નથી. એટલે એમ થાય છે કે ઉપયોગ નીરસ થઈ જાય છે, પ્રવૃત્તિ કરવી ફાવતી નથી. કહેવામાં કંઈક હજી વધારે સ્પષ્ટતા કરી શકાય કે, જુઓ, અહીંયાં આટલી મર્યાદામાં વજન છે, આથી વધારે નથી, પણ લખવાની અંદર તો પરોક્ષતા છે, પેલી પ્રત્યક્ષતા છે એટલે વિષય પ્રતિપાદનની અંદર જે સંતુલન બતાવવું છે એ લખવાની અંદર એટલું આવી શકે નહીં. એવું પણ એક કારણ જોઈને (લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થઈ ગઈ છે). એક વાત કહેવામાં પોતે કેટલા નય લાગુ કર્યા છે, એ જ્ઞાનમાં વર્તે છે, લખવામાં એને કેવી રીતે મૂકવા ? કેમકે કહેવા જાય તો ક્રમ પડે છે, ક્રમ પડે છે તો ક્યા ક્રમ ઉપર ક્યો જીવ અધિક વજન આપશે, એ શંકાનો વિષય છે. આટલી વાત કરવામાં કઈ ફાવતી વાત કોણ પકડશે ? કેવી રીતે પકડશે ? એટલે એમ થાય છે કે આ ન લખું તો ઠીક છે. સમાગમે વાત થાય તો ઠીક છે. લખવા કરતાં રૂબરૂમાં આ વાત થાય એ વધારે ઠીક લાગે છે. અને એ અનુભવગમ્ય વિષય છે કે કેટલીક વાતો કહેવા કરતાં જો લખવાની અંદર મૂકવામાં આવે તો અર્થનો અનર્થ થવાની સંભાવના ઘણી થાય છે, ઘણી હોય છે.

'લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતી નથી;...' અથવા જે કંઈ કહેવું હોય એની પાછળની જે વિચારધારા છે કે જેમાંથી કંઈક કહેવા માટે વાત ઊગી છે, એ વિચારધારા લેખમાં અવ્યકત રહી જાય છે અને કહેવા ધારેલી વાત ઉપર વજન હોય એટલે

એટલી જ વાત કહેવાય છે. તો એની પાછળનું શું Background છે ? એનાથી વાંચનાર અજાણ રહી જાય છે. આ પરિસ્થિતિ બને છે.

'અને તે લેખમાં આવી શકતી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.' નીરસ થઈ જાય છે કે આ લખવામાં કંઈ ઠીક નથી. રૂબરૂ મળશું, સમાગમ થાશે ત્યારે કહેશું અને તે પણ ઈશ્વરકૃપા થશે તો. એટલે કે કુદરતી એ જાતનો યોગ, ઉપયોગ કાર્ય કરી જશે તો, એમ. પાછું ગોઠવીને, Planning કરીને કે આ મળે ત્યારે આટલી વાત કહેવી જ છે, કહેવા ધારી છે એ પણ નથી. એટલી બધી સહજતા પ્રવૃત્તિની અંદર પણ વર્તે છે. એનું કારણ પોતાનું વલણ અંદરમાં વધારે જોર કરે છે.

'આપે એક વાર ભક્તિના સંબંધમાં પ્રશ્ન કર્યું હતું, તે સંબંધમાં વધારે વાત તો સમાગમે થઈ શકે તેમ છે, અને ઘણું કરીને બધી વાત માટે સમાગમ ઠીક લાગે છે. તોપણ ઘણો જ ટૂંકો ઉત્તર લખું છું.' અહીંયાં ભક્તિના વિષયમાં ઘણો ટૂંકો ઉત્તર લખું છું. આ ટૂંકા ઉત્તરમાં પણ એમણે Overbound વાત (કરી) છે, એમ કહીએ તો ચાલે. એટલી બધી વાત લીધી છે.

'પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે.' હવે, પ્રશ્નચિહ્ન તો સંકલનકર્તાએ મૂક્યું લાગે છે. પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું તે પરાભક્તિની છેવટની હદ છે. હવે આમાં શું છે કે અન્યમતમાં એક જુદો અભિપ્રાય છે અને અધ્યાત્મિક વિષય એક જુદો વિષય થઈ જાય છે.

અન્યમતમાં તો કોઈ એક પરમાત્મામાં એકરૂપ થઈ જવું, એકાગ્ર થઈ જવું, તન્મય થઈ જવું એને પરાભક્તિ એટલે છેવટની ભક્તિ કહેવામાં આવે છે, ઉત્કૃષ્ટ ભક્તિ કહેવામાં આવે છે કે કોઈ જીવને ઉત્કૃષ્ટ ભક્તિ થાય ત્યારે એણે નિર્ધારિલ પરમાત્માનું જે સ્વરૂપ હોય, એમાં એને પોતાને ઘણી એકાગ્રતા વર્તતી હોય અને પોતે એમાં જાણે એકમેક થઈ ગયા હોય એવો એક અનુભવ કરે છે. એને એ લોકો છેવટની પરાભક્તિ, ઉત્કૃષ્ટ ભક્તિ કહે છે.

અહીંયાં આત્મા છે, અધ્યાત્મમાં તો આત્મા છે એટલે આત્મભાવે વર્તતી જે દશા છે તે પોતાના ત્રિકાળી પરમાત્મ સ્વરૂપમાં લીન થાય, એવી એકાગ્રતા અંદરમાં વર્તે, તન્મયતા વર્તે ત્યારે એને પરાભક્તિ, નિશ્ચયભક્તિ, સર્વોત્કૃષ્ટ ભક્તિ કહેવામાં આવે છે. 'એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે.' અને એવી પરિણતિ ચાલુ રહેવી, તેને ઉત્કૃષ્ટ ભક્તિ

કહેવામાં આવે છે.

'પરમમહાત્મ્યા...' એને મહાત્મા કીધી, ગોપાંગનાઓને પોતે મહાત્માનું બિરુદ આપ્યું છે – પરમમહાત્મ્યા ! 'ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી;...' એ ગોપાંગનાઓની જગ્યાએ આત્માની જે એકલયવાળી પરિણતિ છે, એકલયવાળી જે દશા છે, એ લેવી, એમ. અને વાસુદેવ એટલે પોતાનું ત્રિકાળી પરમાત્મતત્ત્વ. 'એ જ પ્રકારે રહી હતી;'

'પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે,...' ભાગવતની અંદર કેમ આ વાત લીધી છે ? કે નિરંજન, નિરાકારરૂપે ચિંતવવા જતાં આ પ્રકારની લય આવતી નથી એટલે એમણે શ્રીકૃષ્ણનું આવું રૂપક ગોઠવ્યું છે. 'એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે,...' હવે સત્પુરુષ ઉપર ઉતારે છે. 'એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે.' મુમુક્ષુ જીવને, જે એમને ભક્તિનો પ્રશ્ન લખ્યો છે, એનો ઉત્તર ખરેખર અહીંથી શરૂ થાય છે કે જે જ્ઞાની છે અથવા જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી, જ્ઞાની-સત્પુરુષ એવો શબ્દ અહીં નહિ વાપર્યો. એવો દેહધારી પરમાત્મા તે જ મુમુક્ષુને સર્વોત્કૃષ્ટ ભક્તિનું પરમ કારણ છે અથવા એ એનું પરમ ભક્તિધામ છે, એમ લેવું છે.

પ્રશ્ન :– નિરાકાર સિદ્ધ પરમાત્મા કેમ ન લીધા ?

સમાધાન :– પણ એ એને પકડાય નહીંને ! સિદ્ધપદ કેવું છે એ એને ક્યાં ખબર છે ? ન તો સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધ પરમાત્માના પદનો એને ખ્યાલ છે, ન તો એના અંતરમાં બિરાજમાન સિદ્ધપદનો એને ખ્યાલ છે. ત્યારે હવે એને વ્યક્ત દશા કોઈ હોય તો તે જ્ઞાની પરમાત્માની છે. એટલે જો એ દશાને ઓળખે તો એ દશા જે આકારે થઈ છે, જે ભાવે થઈ છે (તેમાં લીન થઈ શકે). (માટે સત્પુરુષ છે એ) નિમિત્ત કારણ છે. જો જીવની ઉપાદાનની યોગ્યતા હોય તો, નહીંતર નહીં. નહીંતર એને સત્પુરુષ (પણ) બીજા જે લૌકિક જીવોની (જેમ) પ્રવૃત્તિવાળા દેખાશે, ખાય છે, પીએ છે, બેસે છે, ઊઠે છે, વાતો કરે છે, બધું આપણી જેમ જ કરે છે.

જ્ઞાની એના અંતરંગ પરિણતિથી પરિચિત થાય છે, ઓળખાય છે ત્યારે એ જ્ઞાની પ્રત્યે એને કેવું બહુમાન ઊપજે છે કે 'જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી;...' મને તો કંઈ અંતર દેખાતું નથી. જ્ઞાની કહો કે પરમાત્મા કહો. કરણાનુયોગની ગુણસ્થાનની

ગણતરી ચાલી જાય છે. પદ્મપ્રભમલધારીદેવે કીધું ને ? કે ભાવલિંગી સંત અને પરમાત્મા એમાં કંઈ અંતર જ નથી, અંતર અમે માનીએ તો અમે જડ છીએ, 'जडा वयम्' અમે જડ છીએ, અમારી બુદ્ધિ જડ થઈ ગઈ છે, એમ. એમ કહે છે ને કે કાયદો જડ છે, જડ કાયદાને કાં પકડી રાખો ? કાયદાનો હેતુ જોઈને એનો કંઈક સદુપયોગ કરો. એમ આ કરણાનુયોગના કાયદા જડ છે, એને તમે પકડી રાખશો તો તમારી બુદ્ધિ જડ થઈ જશે, એમ કહે છે. 'जडा वयम्' અમે જડ છીએ. જો એવો કંઈ વિકલ્પ ઊઠે તો અમે જડ છીએ, એમ કહે છે.

શ્રીમદ્જીએ આ જગ્યાએ જે વાત કરી છે એ બહુ સુંદર વાત કરી છે. 'જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી;...' સિદ્ધપદમાં, પરમાત્મા એટલે સિદ્ધપદ. અરિહંતપદ કહો, સિદ્ધપદ કહો, બન્ને પરમાત્મદશા જ છે ને ! એમાં કંઈ અંતર નથી, હવે આમાંથી એ વિચારવું છે કે એમાં પરોક્ષતા કેવી રીતે લાગુ પડે ? વિદ્યમાન સત્પુરુષ લાગુ પડે કે પરોક્ષ સત્પુરુષ લાગુ પડે ?

'જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે.' તો એ વિદ્યમાન હોય તો જ એને દેખાય ને ? ભૂતકાળમાં શું દેખાય ? જે અહીંયાં સામે છે નહીં એ કેવી રીતે દેખાય ? એ તો નથી એ તો અરિહંત અને સિદ્ધો પણ નથી. સર્વોત્કૃષ્ટપદ તો સિદ્ધપદ છે, તો એ પણ અહીંયાં નથી. જો જ્ઞાની અહીંયાં નથી તો સિદ્ધ પણ અહીંયાં નથી. માટે જે વાત કહેવા ધારે છે એ વિદ્યમાન પ્રત્યક્ષ જે હોય એની વાત કહેવા માગે છે, એ અહીંથી બહુ સ્પષ્ટ થાય છે.

'જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે.' વિકટ છે એમ ન કહ્યું, એને પરમ વિકટ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં ફેર છે, આ ચોથા ગુણસ્થાનવાળા છે, પેલા તેરમા ગુણસ્થાનવાળા છે કે ચૌદ ગુણસ્થાનથી પાર થયેલા સિદ્ધ છે માટે એની ભક્તિમાં ફેર રાખવો, આની ભક્તિમાં ફેર રાખવો, આને અર્ઘ ચડાવવો, આને અર્ઘ ન ચડાવવો (આમ જે માને છે) એને માર્ગની પ્રાપ્તિ બહુ વિકટ છે, ઘણી વિકટ છે, પરમ વિકટ છે, એમ (કહ્યું). જે કોઈ અંતર માને છે, કોઈ પણ હોય એ, ગમે તે વિદ્વાન હોય, ગમે તે કહેવાતા હોય, પણ એ બધાને 'માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે.'

'જ્ઞાની તો પરમાત્મા જ છે;...' 'જ' શબ્દ પાછો વાપર્યો, 'જ્ઞાની તો પરમાત્મા જ છે;...'

અને મુમુક્ષુના નેત્રોમાં જ્ઞાની પરમાત્મા સ્વરૂપે દેખાય ત્યારે એણે સમજવું કે હવે મને માર્ગની પ્રાપ્તિ નિકટ છે. જ્યાં સુધી એ ન દેખાય ત્યાં સુધી એણે એમ સમજવું કે માર્ગની પ્રાપ્તિ વિકટ છે. આ નિકટ અને વિકટમાં 'ન' અને 'વ' જેટલો જ ફેર છે, બાકી બધું એમ ને એમ છે. જે દી' જેની નજરમાં જ્ઞાની પરમાત્મા દેખાય, તે દી' સમજવું કે માર્ગની પ્રાપ્તિ નિકટ છે અને નહીંતર ત્યાં સુધી એને વિકટ છે. આ ચોખ્ખે ચોખ્ખો અધ્યાત્મનો સિદ્ધાંત છે, આ અનુભવનો સિદ્ધાંત છે.

'જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી;...' કોઈને ક્યારેય થઈ નથી. આ પરિસ્થિતિ કોઈ પણ કાળે, કોઈ ધન્ય પળે એક વાર આ પરિસ્થિતિ આવે છે. કોઈ પ્રત્યક્ષ જ્ઞાનીના યોગમાં આ એક સ્થિતિ આવે છે પછી એને પોતાના નિજ પરમાત્માની પ્રાપ્તિ થાય છે, એ પહેલા કોઈને આત્મસાક્ષાત્કાર થયો નથી. ભૂતકાળમાં અનંતા જ્ઞાનીઓમાં કોઈને પણ, ક્યારેય પણ આ દશા આવ્યા પહેલા પરમાત્માની પ્રાપ્તિ થઈ હોય એવું બન્યું નથી, એમ નાખે છે. 'ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી;'

'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય...' એક પ્રકાર બાકી ન રાખવો, એમ કહે છે કે આ પ્રકાર બાકી રાખવો, એમ નહીં કે આટલો પ્રકાર તો બાદ કરી નાખવો પછી બાકીની ભક્તિ કરવી એમ નહીં. 'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ...' મુમુક્ષુની નજરનો વિષય આ છે, એમ કહેવું છે. જ્યારે એને જ્ઞાની પરમાત્મા ઓળખાય છે ત્યારે એની નજરમાં શું આવે છે ? કે દેહધારી કોઈ દિવ્ય મૂર્તિ છે જે જ્ઞાનીરૂપ પરમાત્મા સ્વરૂપે પોતાને દેખાય છે. તેને 'નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના...' એટલે બધી જ છેવટની હદ સુધીની ભક્તિના 'અંત સુધી...' છેલ્લી હદ સુધી. કોઈ બાકી નહીં, એક પણ વાત બાકી નહીં. જેટલી ભક્તિ અરિહંત, સિદ્ધ પરમાત્માની થઈ શકે તેટલી બધી જ એમણે સ્થાપી છે.

'અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે.' આ આગમમાં વિહીત વિષય છે, પાછું એમ કહે છે. આગમ વિરુદ્ધ નથી. વચ્ચે શાસ્ત્ર નાખ્યું, નહીંતર વળી વિદ્વાનોને એ લફરું વળગે છે કે શાસ્ત્રનો આધાર લાવો. તો કહે છે, આ શાસ્ત્રલક્ષ છે, ભાઈ ! શાસ્ત્રે કહેવા ધારેલો કોઈ લક્ષભૂત વિષય હોય તો આ છે. તેં શાસ્ત્ર વાંચીને આ વાત આ રીતે કાઢી ? તો તો બરાબર છે, ન કાઢી હોય તો તારા નસીબ, એમાં બીજો કોઈ

ઉપાય નથી. 'નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી,...' એમાં ભંગ પડવા દેવો નહીં, એમ પાછું કહે છે. કરવી એમ નહીં, એકાદ વખત કરી લેવી, એમ નહીં, એમાં ભંગ પડવા દેવો નહીં 'એવો શાસ્ત્રલક્ષ છે.' એમ શાસ્ત્રકાર કહેવા ધારે છે.

'પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે...' જુઓ ! કેટલું ફેરવી ફેરવીને એ વિષયનો રસ લીધો છે ! 'પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે,...' ત્યાં સુધી ભક્તિ, ભક્તિ નથી પણ અભક્તિપણે ચાલતી હોય છે, આમ છે. અથવા એક ભક્તિનો આડંબર ચાલતો હોય છે, ભક્તિનો દેખાવ થતો હોય છે, અંતરની ભક્તિ હોતી નથી.

એ વાત લલ્લુજીએ પોતાને માટે ક્યાંક ક્યાંક લખી છે. પોતે ભક્તિ બહુ કરતા હતા, એ રીતે એમની બાહ્ય ભક્તિ બીજાં બધાં મુમુક્ષુઓમાં, શ્રીમદ્જીના બધા અનુયાયીઓમાં લલ્લુજીની બાહ્ય ભક્તિ વધારે સ્પષ્ટ દેખાઈ આવે એવી હતી. તો એ વાત ઉપર એમણે ખેદ કર્યો છે કે આ અમારો ભક્તિનો આડંબર છે. જે અંદરથી ઓળખાઈને ભક્તિ આવવી જોઈએ, એ ભક્તિ આવી નથી. આપે કહ્યું કે જ્ઞાની પરમાત્મા છે એટલે માન્યું. કેમકે આપને માન્યા છે માટે માન્યું અને પરમાત્માની ભક્તિ કરીએ એમ આપની ભક્તિ કરીએ છીએ, પણ અંતરની ઓળખાણ ક્યાં ? આ સવાલ છે. એટલે પોતે એ વિષયમાં પોતે એકરાર કર્યો છે, એકરાર કર્યો છે. કે નહીં, જે જ્ઞાનમાં ચીજ આવવી જોઈએ, એ પરિણતિ અને એ પરમાત્મા જ્ઞાનમાં આવવો જોઈએ, પછી જે ભક્તિ ઊછળે એ અંતરથી ઊછળે છે. આ ઊછળે છે, મન-વચન-કાયા ભક્તિ કરે છે પણ એ વાતનો અમને સંતોષ નથી. નહીંતર વધુમાં વધુ ભક્તિ એમણે કરી છે, એ વાત ખુલ્લી કરી છે.

પ્રશ્ન :- પરમાત્મા દેહધારીરૂપે એમ કહીને શું કહેવા માગે છે ?

સમાધાન :- એ એવું દેખાય છે. આમ તો પરમાત્મા દેહધારી નથી, વિદેહી છે પોતે, પરમાત્મા પોતે વિદેહી સ્વરૂપે છે. છતાં એને જે દેહધારી મૂર્તિ દેખાય છે, એ આ રીતે દેખાય છે. એમણે ગજબ વાત કરી છે ! અને એકદમ, Exact એમણે જે વાત કરી છે, એમાં મીનમાત્ર, કોઈ જગ્યાએ કાંઈ ફેર નથી, એક અક્ષરનો ફેર નથી, એવી પરિસ્થિતિ છે. એવું દેખાય છે, એ દેહધારી જે છે એ એને પરમાત્મારૂપે જ દેખાય કે મારા માટે આ પરમાત્મા છે. સીધું એને એમ જ લાગે, બીજું લાગે જ નહીં. એટલે એને અભક્તિનો

તો સ્વપ્ને પણ પ્રસંગ બને નહીં, એ પરિસ્થિતિ આવી જાય છે.

મુમુક્ષુ :- ઓછી ભક્તિ ન થાય તો અભક્તિ ક્યાંથી થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ઊણી પણ ન થાય તો પછી અભક્તિનો તો પ્રશ્ન જ નથી. પણ ખરેખર તો એ ઓછી ભક્તિ એ જ અભક્તિ છે. ૫૨૬ (પત્રમાં એને) વંચનાબુદ્ધિ કહેશે કે ઓળખીને જેટલું માહાત્મ્ય આવવું ઘટે, એટલું માહાત્મ્ય આવતું નથી છતાં જીવ માહાત્મ્ય કરે છે, આ છેતરે છે, કોને ? પોતે પોતાને. હું ભક્તિ તો કરું છું, હું મહિમા તો કરું છું ને ! હું ક્યાં અભક્તિ કરું છું ? હું ક્યાં દ્વેષ કરું છું ? હું ક્યાં અવર્ણવાદ બોલું છું ? હું તો ભક્તિ કરું છું. તો કહે છે ભાઈ, બાપુ ! તું છેતરાયો છો, આ તારી વંચનાબુદ્ધિ તને રખડાવે છે. તું આમાં છેતરાઈશ નહીં.

લલ્લુજીમાં એટલી પાત્રતા હતી, એટલી પાત્રતા હતી. એમણે એટલી ભક્તિ કરી છે કે બીજા કોઈ કરે એ દેખાતી નથી, એટલી ભક્તિ. અમે બે વરસ પહેલા અગાસ ગયા હતા ત્યાંના મેનેજર વાત કરતા હતા કે એ બબ્બે, ચાર-ચાર કલાક તો કાગળની રાહ જોઈને બેઠા હોય કે આજ તો મારા ભગવાનનો કાગળ આવવો જ જોઈએ ! આજ તો ટપાલી આવવો જ જોઈએ. જે દિવસે કાગળ આવવાનો હોય, પોતે કાગળ લખ્યો હોય અને અનુમાન કરે કે આ દિવસે પહોંચે અને આ દિવસે આવે પછી બીજે દિવસે આવે તો પરિણામ એટલા લંબાય. બબ્બે, ચાર-ચાર કલાકથી તો રાહ જોઈને બેઠા હોય, બે-ત્રણ આંટા તો અગાસના સ્ટેશન સુધી મારી આવે. જ્યાં એ પોસ્ટઑફિસ હોય કે જ્યાં સુધી હોય ત્યાં સુધી બે-ચાર આંટા મારી આવે, ધક્કા ખાઈ આવે. અને કાગળ આવે એટલે પહેલા તો નાચવા મંડે, કાગળને ખોલ્યા મોર (-પહેલા). પહેલા કાગળની ભક્તિ કરે ! રીતસર નાચે, પછી કાગળ ખોલી ને વાંચે. તોપણ એમ કહે છે કે નહીં, જે ભક્તિ કહેવા માગે છે એ ભક્તિ આ હજી નથી. એટલે જાતફેર છે, એમ કહેવું છે. ઓળખાણથી જે પરિણામની જાત ઊભી થાય છે, એ જાત બીજી છે, આ મન-વચન-કાયાના પરિણામ જે પ્રકારે ચાલે છે એમાં કાંઈક જાત બીજી છે. એ પોતાને ખ્યાલમાં આવે છે. એટલે એમણે એ સ્પષ્ટ કર્યું છે.

'પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ...' એટલે તે પ્રકારની ભક્તિ, એમ લેવું છે. 'ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે.' એ ઉત્કૃષ્ટ ભક્તિરૂપ હોય છે, એ જાત બરાબર છે. 'આ વિષે શ્રીમદ્ ભાગવતમાં,

ભગવદ્‌ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે;...' જોયું ? એમનું વલણ હતું એટલે એમાંથી કાઢીને દીધું. સોભાગભાઈનું વલણ છે, એ બાજુની એમને થોડી શ્રદ્ધા છે તો એમાંથી એ માલ કાઢીને દીધો કે આમ કહેવા માગે છે. એટલે જે લોકો સંપ્રદાયમાં માને છે એના કરતાં બીજી જ વાત કરી. આ એક જ્ઞાનીઓનો વિલક્ષણ પ્રકાર છે. એને ખ્યાલ આવે છે કે આ અહીંયાં ઊંધું સમજે છે, આ ઊંધું છે એમ નહીં કહેતા, આ સીધું છે એમ કહે છે. જો વિચક્ષણ જીવ હોય તો એમાંથી પોતાની ઊંધાઈને છોડી દ્યે છે અને ત્યાંથી ને ત્યાંથી જ સવળી વાત લઈ લ્યે છે.

'જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે;...' આ જે સત્પુરુષમાં પરમાત્માનું દર્શન (છે), એવું સંકેત કરવા માટે, સિદ્ધપદ અરિહંતપદ કરતાં ઊંચું હોવા છતાં અનાદિ મહામંત્રમાં પહેલા અરિહંતપદને નમસ્કાર કર્યો છે. જૈનમાં આ નમસ્કાર મહામંત્ર અનાદિથી આમ શા માટે ? એનો ઉત્તર આપ્યો છે.

મુમુક્ષુ :– નમસ્કાર મંત્રમાં...!

પૂજ્ય ભાઈશ્રી :– હા, નમસ્કાર મંત્રનું આવે છે ને ! એ અનાનુપૂર્વીમાં તો ઘણી વાત લીધી છે. અનુપૂર્વી અને અનાનુપૂર્વી. આગળ જે વિષય ચાલી ગયો ને ? એમાં નમસ્કાર મંત્રની જ વાત લીધી છે કે અનુપૂર્વીમાં 'ણમો અરિહંતાણં', 'ણમો સિદ્ધાણં', 'ણમો આયરિયાણં', 'ણમો ઉવજ્ઝાયાણં', 'ણમો લોએ સવ્વસાહૂણં' તો અનાનુપૂર્વીમાં ? તો કહે અનાનુપૂર્વીમાં (શું) ? હવે શું છે, માણસ પંચપરમેશ્વરના જપ કરે ને ઉપયોગ બીજે ચાલ્યો જાય. કેમકે પાંચ પદ ગોઠવાઈ ગયા. તો કહે નહીં, ગોઠવણી ફેરવો. અનુપૂર્વી નહીં અનાનુપૂર્વીથી કરો. એ વાત એમણે કરી છે અને ત્યાં પણ પંચપરમેષ્ઠીનો ઉલ્લેખ છે. આવે છે, ઘણી જગ્યાએ આવે છે. એ ક્યારેય શંકા નથી પડી કે પંચપરમેષ્ઠીનું કેમ આવતું નથી ? ઘણી વાર વાંચ્યું છે, પણ ક્યાંય એ શંકા જ નથી પડી.

મુમુક્ષુ :– નવકારમંત્ર...

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે આમાં, શિક્ષાપાઠમાં છે ને ? શિક્ષાપાઠમાં હેડિંગ છે, લ્યો ! કેટલામો છે ? ૮૩ પાનું, ૩૫ નંબરનો શિક્ષાપાઠ છે. 'નમો અરિહંતાણં. નમો સિદ્ધાણં. નમો આયરિયાણં. નમો ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વસાહૂણં.' આ એમણે જે મોક્ષમાળા લખી એમાં ૩૫મો પાઠ છે, નમસ્કાર મંત્ર ઉપરનો તો આખો પાઠ જ છે. એમણે એક પાઠ જ

એના ઉપર લીધો છે.

'આ પવિત્ર વાક્યોને નિર્ગ્રંથપ્રવચનમાં નવકાર, નમસ્કારમંત્ર કે પંચપરમેષ્ઠીમંત્ર કહે છે.' પાછળના પાને એ પાંચ પદનો – અનાનુપૂર્વીનો શિક્ષાપાઠ લીધો છે. અનુપૂર્વી અને અનાનુપૂર્વી. એ તો આવે છે, ક્યાંય શંકા પડવાનો પ્રશ્ન નથી, આ તો બહુ શરૂઆતથી સત્તરમા વર્ષથી આ વાત તો ચાલુ થઈ ગઈ છે.

એટલે સિદ્ધપદને નમસ્કાર કર્યા પહેલા 'નમો અરિહંતાણં' એમ નમસ્કાર કર્યો છે. 'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.' આમ કાઢ્યું છે. નમસ્કારમંત્રમાંથી એમણે પોતે આ સિદ્ધાંત કાઢ્યો છે.

અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું...

ગમે તે પ્રકારનો ઉદય હોય, ખરો આત્માર્થી તેને આત્મકલ્યાણમાં ઉપકારી ગણે – લેખે, તેવો દૃષ્ટિકોણ સાધ્ય કરે. તે જ તેનું સાચું નયજ્ઞાન છે. પ્રતિકૂળ ઉદય પ્રસંગ પણ જીવને આત્મિક પુરુષાર્થમાં નિમિત્ત થાય છે અને પૂર્વ કરેલું કરજ ફીટાવનાર છે, તેથી અસમાધાન કર્તવ્ય નથી.

– પૂજ્ય ભાઈશ્રી ( અનુભવ સંજીવની – ૧૬૫૦ )

## તા. ૦૬-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૦
## પત્રાંક – ૨૨૩

પાનું ૨૭૬, નીચે જે મોટો પેરેગ્રાફ ચાલી ગયો એમાં જ્ઞાનીપુરુષની ભક્તિ માટે બહુ મહત્ત્વપૂર્ણ વાત કરી છે. છેલ્લે જ્ઞાનીપુરુષની ભક્તિનો સંકેત પંચપરમેષ્ઠીમંત્રમાં છે અને તેથી સિદ્ધપદ અરિહંતપદથી ઉચ્ચ હોવા છતાં અરિહંતપદને પ્રથમ નમસ્કાર કરેલો છે. છેલ્લી લીટી 'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે...' છેલ્લી લીટી.

પ્રશ્ન :– ણમો અરિહંતાણંમાં પ્રત્યક્ષતાની વાત લેવી છે ?

સમાધાન :– હા, એટલે શું છે કે અરિહંત પ્રત્યક્ષ થઈ શકે છે, સિદ્ધ કદી પ્રત્યક્ષ થઈ શકતા નથી. અરિહંત સર્વકાળે પ્રત્યક્ષ જ હોય, એમ નથી. અમુક ક્ષેત્રમાં સર્વ કાળે પ્રત્યક્ષ છે તો અમુક ક્ષેત્રમાં અમુક કાળે પ્રત્યક્ષ છે, બાકીના કાળમાં અરિહંત પરોક્ષ હોય છે. પણ નમસ્કારમંત્ર તો અનાદિનો છે અને અનાદિથી સિદ્ધપદ કરતાં અરિહંતપદને પ્રથમ નમસ્કાર કર્યો છે. એમાંથી એમણે આ એક રહસ્ય ખોલ્યું છે કે પરોક્ષ કરતાં પ્રત્યક્ષનો જે પ્રકાર મુમુક્ષુજીવને, સાધકજીવને ઉપકારી થાય છે, એની સામે કોઈ બરાબરીમાં બીજી કોઈ પરિસ્થિતિ આવી શકતી નથી. પ્રત્યક્ષની આગળ કોઈ એવી બીજી પરિસ્થિતિ નથી કે જેની બરાબરી થઈ શકે. એ વાતને સમજાવવા માટે પ્રથમ અરિહંતપદને નમસ્કાર કર્યો છે. સિદ્ધપદ ઉચ્ચપદ હોવા છતાં કેમ એને પાછળ રાખ્યું છે ? તો આવું કંઈક રહસ્ય એની અંદર દેખાય છે.

મુમુક્ષુ :– સિદ્ધભગવાન તે દેશનાલબ્ધિનું નિમિતત્ત્વ નથી જ્યારે અરિહંત ભગવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :– અરિહંત ભગવાનમાં એક તો નિમિત્તત્વ છે અને બીજું એ પ્રત્યક્ષ

થઈ શકે છે. વાત તો પ્રત્યક્ષ પરોક્ષપણા ઉપર અહીંયાં એ મુદ્દો ચાલ્યો છે.

એટલે એ એમ સૂચવે છે, 'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ;...' એમાંથી એમણે એ કાઢ્યું છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ પછી તીર્થંકરદેવની ભક્તિ પછી શુદ્ધાત્માની ભક્તિ પછી સિદ્ધાત્માની ભક્તિ, એમ કાઢ્યું છે. આ એક વિશેષ વાત એમણે કરી છે ! પરમાત્માની પ્રાપ્તિનું અને ભક્તિનું આ કારણ છે. નિદાન એટલે કારણ, નિદાનનો અર્થ થાય છે કારણ.

પ્રશ્ન :- એક કાળમાં બધા હોય તીર્થંકર હોય, મુનિરાજ હોય, જ્ઞાની ધર્માત્મા હોય, સત્પુરુષ તો વધારે હોય તો એમાં આ વાત લાગુ પડે ?

સમાધાન :- યોગ તો વધારેમાં વધારે સત્પુરુષનો થઈ શકે છે. એટલે એની સુલભતા જોઈને, કેમકે મુનિઓ એથી ઓછા હોય, જ્યારે વિદ્યમાન હોય ત્યારે પણ જ્ઞાની કરતાં મુનિઓ એથી ઓછા હોય અને મુનિઓ કરતાં અરિહંત તો એથી ઓછા હોય, અરિહંત હોય એમાં બધાને વાણીનો યોગ ન હોય, કોઈ એક વાણીનો યોગ હોય એ ક્વચિત્ જ વાણી છૂટે, એ બધો પ્રકાર હોય છે. એટલે એટલી સુલભતા નથી, એમ.

'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે...' આ સિદ્ધાંત કાઢ્યો છે 'પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.' જો પરમાત્માની પ્રાપ્તિ તમારે કરવી હોય તો આ કારણ છે. કાલે એક વિષય થોડો ચાલી ગયો હતો. અધ્યાત્મના વ્યામોહનો એક વિષય થોડો ચાલી ગયો હતો. એ વિષય એવો છે, થોડો વધારે સૂક્ષ્મ છે કે અધ્યાત્મિક વિષય જ એટલો બધો શુદ્ધાત્માની અનંત શક્તિઓનો આધાર લેવા માટેનો એક પ્રકાશિત વિષય છે કે જેની વાત કરતાં વાત કરનારને શાતાની શાંતિ ઊપજે અને સાંભળનારને પણ શાતાની શાંતિ ઊપજે. એ અનંત શાંતિના પિંડની એ વાત છે કે જેની વાત કરવામાં આટલો ફરક પડે છે. અને જીવને અશાંતિ કરતાં શાંતિ સહેજે સુહાતી હોય છે, કોઈ પણ જીવને. ઓછું સમજતા હોય, વધારે સમજતા હોય, એ એક બાજુની વાત છે પણ અશાંતિ કરતાં શાંતિ તો સુહાય છે. એટલે સહેજે એ વિષય પ્રિય થાય છે. પણ ગંભીરતા વિષયની ઘણી છે.

જો એ વિષયને યથાયોગ્ય રીતે ગ્રહણ કરવામાં ન આવે તો એ વિષય કે જે તરવાનું મુખ્ય કારણ છે અથવા એક માત્ર તરવાનું કારણ છે, એ જ જગ્યાએ જો વિપર્યાસ ઊભો થાય તો પછી કઈ જગ્યા રહી ? પછી તો કોઈ જગ્યા નથી. બીજી જગ્યાએ ભૂલે એને

એથી ઉપરની ચીજ આપીને ભૂલ સુધારીએ, પણ આ જગ્યાએ ભૂલે એને કેવી રીતે સુધારવાનો અવકાશ છે ? એટલે આ જગ્યાએ શાંતિને કારણે આકર્ષણ ઊભું થાય છે અને રુચે છે. સામાન્ય રીતે કોઈ પણ જીવને અધ્યાત્મનો વિષય રુચે છે. તોપણ અન્યમત થવા સુધીનું ગૃહીત મિથ્યાત્વ પણ થવાનું અહીંથી જ કારણ બન્યું છે.

એટલે તો આ પત્રની અંદર જે શંકરાચાર્યનો શ્લોક ટાંક્યો છે. વિચાર તો ત્યાંથી ચાલ્યો હતો. ભાઈએ પાછળ જોયું કે આ શ્લોક કોનો છે ? શ્લોક તો બહુ સુંદર છે. 'देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि। यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः।।' એ તો બહુ સંદર વાત છે. કોનો શ્લોક છે ? શંકરાચાર્યે રચ્યો છે. શ્લોકમાં કંઈ કહેવાપણું નથી. પણ શંકરાચાર્યમાં અવશ્ય કહેવાપણું છે. પ્રખર અસાધારણ વિદ્વાન છે. અધ્યાત્મની ઘણી, એટલી બધી વાતો કરી છે, 'બ્રહ્મ' અને 'પરમ બ્રહ્મ' પરનું એમનું જે ભાષ્ય છે, ભાષ્ય એટલે ટીકા, એ લોકોમાં ભાષ્ય કહે છે. સંસ્કૃતની ટીકા છે.

એમાંથી કૃત્રિમ રીતે, લોકસંજ્ઞામાં રહીને બાહ્યદૃષ્ટિથી જો આ વિષયને સ્પર્શવામાં આવે છે, આ વિષયનું ગ્રહણ કરવામાં આવે છે કે આ વિષયની અંદર આગળ વધવામાં આવે છે તો એમાંથી સ્વચ્છંદતા, શુષ્કજ્ઞાનીપણું, સ્વેચ્છાચારીપણું, ઉન્મત્ત પ્રલાપદશા ત્યાંથી માંડીને ગૃહીત મિથ્યાત્વ સુધીના બધા Stage આ જ વિષયમાંથી ઊભા થાય છે.

અહીંયાં આ વિષયને ચર્ચવાનું કારણ એ છે કે તો આની કોઈ દવા છે ? તો કહે એક દવા છે. નહીંતર તો આ એક અધ્યાત્મનો એવો ચરમસીમાનો વિષય છે કે આનું કોઈ સમાધાન કાઢવું મુશ્કેલ પડે. ત્યારે સત્પુરુષોએ આ વિષયની એક શોધ કરી છે કે જ્ઞાનીપુરુષની પ્રથમ ભક્તિ. એ એક આ વિષયનું એવું કોઈ ઔષધ છે કે જેમાંથી આ અધ્યાત્મના વ્યામોહનો રોગ શરૂ ન થાય કે એ પનપે નહીં – એનો વિકાસ ન થાય. આગળ વધે નહીં એનું મૂળ કારણ જ્ઞાનીપુરુષની ભક્તિ છે. આ એક બહુ ગૂઢ સંકેત શ્રીમદ્જીએ આ પેરેગ્રાફની અંદર પ્રતિપાદન કર્યો છે, બહુ ગૂઢ સંકેત પ્રતિપાદન કર્યો છે.

એ વિષય થોડો એમણે લીધો છે, આગળ ૭૫૩ નંબરનો પત્ર છે, પાનું છે ૫૭૨. આમ તો આ આંકમાં પોતે આનંદઘનજીના પદના અર્થ કરે છે. આનંદઘનજીએ ભક્તિપદોની જે રચના કરી છે, એમાંથી પોતાને આ વિષયની વિચારણા ચાલી છે. 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો...' પ્રથમ આદિનાથ ભગવાનની જે સ્તુતિ છે એના ઉપરથી પોતે તત્ત્વચર્ચામાં આવે છે અને પ્રવચનસારની ૮૦મી ગાથાનું વચ્ચે ઉદ્ધરણ કર્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી

અરિહંતને જાણે, તે શુદ્ધાત્માને જાણે તેનો મોહ ક્ષય થાય. એ ચર્ચા કરતાં કરતાં ભગવાનના સ્વરૂપનું જે ચિંતવન છે એમાં જેવું સિદ્ધ ભગવાનનું આત્મસ્વરૂપ છે તેવું સર્વ જીવનું આત્મસ્વરૂપ છે. એ મૂળ વાત તો સિદ્ધપદ સાથે લાગુ પડે છે, તોપણ કુંદકુંદાચાર્યદેવે ગાથા અરિહંતપદની લીધી છે. આ બધો ગંભીર વિષય છે.

ખરેખર તો શુદ્ધાત્માનું જે સ્વરૂપ છે એ તો સિદ્ધપદ સાથે મેળ ખાય છે, અરિહંતપદ સાથે મેળ નથી ખાતો. ચૌદ ગુણસ્થાન છે એ કર્મજનિત અવસ્થાના ભેદો છે અને સિદ્ધ અવસ્થા છે એ ચૌદ ગુણસ્થાનથી પાર છે. આ બાજુ પોતાનું શુદ્ધાત્મપદ છે એ પણ સર્વ કર્મની અપેક્ષાથી નિરપેક્ષ પરમપારિણામિકભાવે છે, જેને કોઈ કર્મની કોઈ પર્યાયની, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, સત્તા એ કોઈ અપેક્ષા લાગુ પડતી નથી, એવા સિદ્ધપદ સાથે લાગુ પડે છે. તોપણ આચાર્ય મહારાજે ગાથા અરિહંતપદની લખી છે, સિદ્ધપદની નથી લખી. જુઓ ! અહીંયાં પણ આ વાત વિષયની ગંભીરતા સૂચવે છે. તો કહે આમ શું કરવા ? કે જે અધ્યાત્મતત્ત્વ એવો જે પોતાનો આત્મા છે, અનાદિથી અજાણ્યા જીવને એ વિષયનું ગ્રહણ થવું એમાં કલ્પના થવાનો અવકાશ ઘણો છે. કેવી રીતે એ વિષયને સમજાવવો ? કહેવો ? જેની જગતમાં ઉપમા નથી. કોઈ બરાબરીની ચીજ સામે હોય તો તો સમજાવીએ કે આ વાઘ છે એના ચટ્ટાપટ્ટા બિલાડીના ચટ્ટાપટ્ટા જેવા હોય છે, પણ આ તત્ત્વને સમજાવવું કેવી રીતે ?

સિદ્ધો છે એ સિદ્ધાલયમાં છે, એ લોકમાં છે નહીં કે જેથી એને દર્શાવી શકાય. ત્યારે જે કંઈ અવકાશ છે એ સાકાર પરમાત્માનો અવકાશ છે કે જેના ઉપરથી નિરાકાર પરમાત્માને સમજાવી શકાય, નિરાકાર પરમાત્માને ઓળખી શકાય. વળી, સાકાર પરમાત્માને સમજતાં જે પરમાત્મતત્ત્વ ઉપર ભક્તિનો ભાવ ઊપજે છે, એ ભક્તિનો ભાવ, નિરાકાર તત્ત્વ જ્ઞાનમાં ન આવે તો ભક્તિનો ભાવ ઊપજે કેવી રીતે ? લાવવો ક્યાંથી ?

બીજું, ભક્તિપ્રાધાન્ય એટલા માટે કરી છે, આ સ્થાપનાનું કારણ આ છે. જિનેન્દ્ર સ્થાપનામાં પણ આ બહુ ગંભીર સંકેત છે કે, શુદ્ધાત્મામાં અહંપણું કરવા જતાં, જે અધ્યાત્મનો વ્યામોહ ઊપજશે એની દવા શું છે ? એનું ઔષધ શું છે ? એમાંથી જે કોઈ સ્વચ્છંદાદિ દોષો ઊપજે, જ્ઞાનની શુષ્કતા આદિ દોષો ઊપજે અને શુષ્કજ્ઞાની થઈ જાય, એનું શું કરવું ? કેમકે એ સ્વરૂપનું ધ્યાન કરવા જતાં પણ સ્વરૂપને, નિરાકાર તત્ત્વને પકડે કેવી રીતે ? નિરંજન નિરાકાર તત્ત્વ છે (એ વિષયમાં) તો સાવ અંધારું જ છે, અનાદિના અજાણ જીવને

તો એ વિષયનું સાવ અંધારું જ છે. જેણે ઘર જોયું જ નથી, ઘરની દિશા જોઈ નથી. ઘર તો જોયું નથી, ઘરની દિશા જોઈ નથી. આ પરિસ્થિતિમાં બહુ વિચક્ષણતાથી અને અતિ અતિ અનુભવથી આ એક એમાંથી માર્ગ કાઢેલો છે, ઉપાય કાઢેલો છે, એ આ ઉપાય કાઢેલો છે. આ અરિહંત ભગવાનની સ્થાપના અનાદિની ચાલી છે એનું કારણ આ છે.

એ વાત પોતે અહીંયાં ૭૫૩માં કરે છે, ૫૭૨ પાને પહેલો પેરેગ્રાફ છે. ઉપરથી 'જેવું સિદ્ધભગવાનનું આત્મસ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી.' કેમકે એવું જ આ પોતાનું આત્મસ્વરૂપ છે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી.

'તેમ જ શ્રી દેવચંદ્રસ્વામીએ શ્રી વાસુપૂજ્યના સ્તવનમાં કહ્યું છે કે 'જિનપૂજા રે તે નિજપૂજના.'-' જિનપૂજા છે એ નિજપૂજા છે. બીજા કોઈની પૂજા નથી ખરેખર એ નિજપૂજા છે. 'જો યથાર્થ મૂળદૃષ્ટિથી જોઈએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.' પોતાના સ્વરૂપનું જ પૂજન છે, બીજાનું પૂજન નથી. હવે એની અંદર શું કારણ છે ? નિદાન શું છે ? આ વસ્તુ એમણે અહીંયાં ખોલી છે.

'સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે.' સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ (એટલે) અનુભવી મહાત્માઓએ, એમ કહેવું છે. જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના એ સ્વરૂપપ્રાપ્તિનું કારણ છે. શુભભાવનું કારણ છે એ નથી સ્થાપતા, સ્વરૂપપ્રાપ્તિનું આ કારણ છે. એટલે માત્ર જેઓ શુભભાવનું કારણ બનાવી દ્યે છે, એ જે મૂળ હેતુ છે, એને વિસરી ગયા છે, એને ચૂકી ગયેલા જીવો છે. એને આ માર્ગની ખબર નથી કે શા માટે આ સ્થાપના કરવામાં આવે છે.

'ક્ષીણમોહ ગુણસ્થાનપર્યંત તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ અવલંબન છે.' બારમા ગુણસ્થાન સુધી એમણે આ વાત લીધી. કે આવું જે સાકાર સ્વરૂપનું ચિંતવન નિરાકાર સ્વરૂપની પ્રાપ્તિના હેતુભૂત, એ બારમા ગુણસ્થાન સુધી અમે લઈએ છીએ. જોકે સાતમાથી બુદ્ધિપૂર્વકનો ઉપયોગ નથી પણ અબુદ્ધિપૂર્વક છે એમ કહેવું છે. એમ ને એમ વાત નથી, અબુદ્ધિપૂર્વક છે, છદ્મસ્થ છે ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક છે. પછી તો તેરમા ગુણસ્થાનમાં તો સ્વયં પોતે જ અરિહંત થાય છે. હવે અહીંથી વાત કરે છે.

પ્રશ્ન :- અબુદ્ધિપૂર્વકનું અવલંબન છે ?

સમાધાન :- હા, છે અબુદ્ધિપૂર્વકનું. લબ્ધમાં ગયેલું છે ને !

'વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન...' એકલું એટલે કૃત્રિમપણે, બાહ્યદષ્ટિથી, લોકસંજ્ઞાને વશ રહીને. એમાં શું થાય છે કે અધ્યાત્મિક વાત એ એક બીજી કોઈ પણ વાત કરતાં વધારેમાં વધારે આકર્ષણ જન્માવે એવી વાત છે. જો બાહ્યદષ્ટિથી એને હસ્તગત કરવામાં આવે, દાખલા તરીકે કે હું આ અધ્યાત્મની વાત કરીશ તો આવી અધ્યાત્મની વાત કરતાં વાત કરનારનો પણ મહિમા વધશે. બાહ્યદષ્ટિ ક્યાં ઊભી થાય છે ? લોકસંજ્ઞા ક્યાં કામ કરે છે કે આવી સરસ ઉચ્ચ કોટિની અધ્યાત્મની જો હું વાત કરીશ તો વાત કરનાર તરીકે મારું સ્થાન પણ સામાન્ય રીતે બીજા કરતાં ઉચ્ચ દરજ્જામાં ગણાશે. આવી જે ગણતરી, એ બાહ્યદષ્ટિથી અથવા અસ્વભાવિકપણે આ વિષયની સ્પર્શના છે. સ્વભાવિકપણે આ વિષયની એ સ્પર્શના નથી. એટલે એમ કહે છે કે 'એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન...' એકલું એટલે આ બાહ્યદષ્ટિમાં એકલું બાહ્યદષ્ટિવાળું. જે એકાંત અંતરદષ્ટિનો વિષય છે, એ માર્ગ છોડી દીધો, એ લાઇન એ જીવે છોડી દીધી. એને બાહ્યદષ્ટિનું સાધન બનાવી દીધું.

'જીવને વ્યામોહ ઊપજાવે છે;...' એમાંથી કલ્પના શરૂ થઈ જાય છે. એને નવા પ્રકારનો મોહ, આ અધ્યાત્મના બહાને ઉત્પન્ન થતો દર્શનમોહ છે. આ દર્શનમોહ જેવો પનપે એટલે ગૃહીત મિથ્યાત્વ સુધી ચાલ્યો જાય છે. નહીંતર શંકરાચાર્ય જેવા મહાવિદ્વાન, અત્યારના કોઈ વિદ્વાનોનું એની પાસે કોઈનું ગજું નથી. કોઈ સતાંશમાં, સહસ્ત્રાંશમાં આવે નહીં એવા આ બધા પ્રખર વિદ્વાન, વિદ્વત્તાની દષ્ટિએ (હતા). છતાં આમ કેમ ? આ બહુ મોટો પ્રશ્ન છે. આમ કેમ ? સામાન્ય માણસને તો ગળે જ ન ઊતરે કે એવા મહાત્માઓની વાત કરવી, આપણે સમજી ન શકીએ ને કેમ એવી વાત કરાય ? અને ખરેખર સામાન્ય બુદ્ધિનો વિષય પણ નથી.

આ એક દર્શનમોહના પ્રકરણનો વિષય છે કે દર્શનમોહ અધ્યાત્મિક વિષયથી શરૂ થાય ખરો ? કે જો સ્વભાવિકપણે હસ્તગત ન કરવામાં આવે અને અસ્વાભાવિકપણે કે કૃત્રિમપણે કે બાહ્યદષ્ટિથી કે લોકસંજ્ઞામાં રહીને કે પોતાના કોઈ પણ પ્રકારના મહત્ત્વના દષ્ટિકોણથી, જો એ વિષય ઉપર જીવ જાય તો એમાંથી દર્શનમોહ તીવ્ર થઈને ગૃહીત મિથ્યાત્વ સુધી ચાલ્યો જાય.

પ્રશ્ન :- એકલું એટલે ?

સમાધાન :– એકલું એટલે શું છે ? કે ભાવના અને ભક્તિરહિતપણે. એમ 'એકલું' લેવું છે. અધ્યાત્મચિંતવનની અંદર સ્વરૂપપ્રાપ્તિની જે ભાવના છે અને સ્વરૂપ પ્રત્યેનો જે મહિમા છે, આ બે ચિહ્ન સાથેસાથે અવશ્ય જોઈએ. નહીંતર 'એકલું' એટલે કોરું, કોરું એટલે શુષ્ક.

મુમુક્ષુ :– જે જાણતો અરહંતને ગુણ દ્રવ્યને પર્યાયપણે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે તો અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયની ગાથા લીધી છે. વિષય તો ચાલ્યો છે કે 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો...' ભગવાનની ભક્તિ કરી છે કે આ મારો વ્હાલામાં વ્હાલો પ્રીતમ તો ઋષભ જિનેશ્વર છે. મૂળ વિષય તો પોતે ત્યાંથી શરૂ કરે છે. એમાંથી આ બધું કાઢે છે. વિષયની કેટલી ઊંડી વિચારણા છે !

પ્રશ્ન :– એકલા સ્વરૂપ ચિંતવનમાંથી વ્યામોહ ઉત્પન્ન થયો ?

સમાધાન :– વ્યામોહમાંથી ઉત્પન્ન થયેલો છે. અધ્યાત્મના વ્યામોહમાંથી આગળ વધતાં વધતાં. અધ્યાત્મનો વિષય પ્રિય લાગે છે, લગભગ જીવોને પ્રિય લાગે છે, કોઈ પણ જીવને પ્રિય લાગે છે. ઓછામાં ઓછું સમજે, પણ અધ્યાત્મિક વાત આવે ત્યારે એને એમ થાય કે, આ વાત છે એ કોઈક (જુદી જ છે). કેમકે એનો પ્રભાવ જ જુદો છે. વિષય એટલો Concentrated છે કે કહેનાર, સાંભળનારને પણ એની શાતા ઊપજે અને અશાંતિ દૂર થાય. એની હવા એટલી બધી Powerful છે, મૂળ ચીજ તો ઘણી જબરદસ્ત શક્તિવાળી છે, બેહદ શક્તિવાળી ચીજ છે. પણ જીવ ભૂલ ન કરે એના માટે સત્પુરુષોએ આ કૃપા કરી છે, એમ કહેવાય કે જીવ અહીંયાં પણ ભૂલ ન કરે.

એટલે ક્ષીણમોહ ગુણસ્થાનપર્યંત લીધું, 'તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ અવલંબન છે. વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઊપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા...' શુષ્કજ્ઞાની થઈ જાય છે. 'શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે;...' પોતાની કલ્પનાએ ચાલવા લાગે છે 'અથવા ઉન્મત્તપ્રલાપદશા ઉત્પન્ન કરે છે.' ગમે તેમ બોલે. ઉન્મત્તપ્રલાપદશા (થાય ત્યારે એમ બોલે, સત્પુરુષ) પરદ્રવ્ય છે, બધું જ પરદ્રવ્ય છે, એક ત્રિકાળી સિવાય બધું પરદ્રવ્ય છે. ત્યાંથી કમાન છટકે છે. તો કહે છે નહીં, એને Control કરવા માટે એક ચીજ છે ખરી જગતમાં.

'ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ ઉત્પન્ન થાય છે,...' આ સ્થાપનાનો હેતુ છે. તું નિરાકાર સ્વરૂપનું ધ્યાન કઈ રીતે અંતર અવલંબન લઈને કરીશ ?

અહીંથી એ શરૂ થાય છે. ભગવાનનું જે સાકાર સ્વરૂપ છે, એમાંથી નિરાકારતા ઉપર આવી શકીશ. સીધું તો તે ઘર જોયું નથી, ઘરની દિશા જોઈ નથી, તારો પત્તો નહીં લાગે. શુષ્કજ્ઞાનમાં ચડી જઈશ અથવા સ્વચ્છંદમાં ચડી જઈશ. ક્યાંનો ક્યાંય ચાલ્યો જઈશ. એટલે ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, ભાવનાપ્રધાન દૃષ્ટિ થાય છે.

આ દ્રવ્ય, પર્યાયનું સંતુલન છે કે સ્વરૂપપ્રાપ્તિ એ પર્યાયનો વિષય છે. મૂળસ્વરૂપ તો પ્રાપ્ત કરવાનો સવાલ જ નથી, એ તો પ્રાપ્ત જ છે પણ અવસ્થામાં જે સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે, એ ભાવના પર્યાયાર્થિકનયનો વિષય છે અને દ્રવ્યાર્થિકનયના વિષય ઉપર જતાં સંતુલન ગુમાવી બેસે તો સ્વચ્છંદ અને શુષ્કજ્ઞાની થઈ જાય.

એના માટે આ વાત લીધી કે 'ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી...' અહીંથી વાત કાઢી. ક્યાંની ક્યાં વાત લઈ ગયા છે ! કેટલી સ્થાપનાની અંદર ગંભીરતા છે ! 'ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે,...' ભાવનાપ્રધાન દૃષ્ટિ થાય છે 'અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે.' અધ્યાત્મદૃષ્ટિ એટલે પેલું જે અહંપણું ઊપજ્યું છે એ ગૌણ થાય છે. 'જેથી શુષ્કતા, સ્વેચ્છાચારીપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી.' આ સંતુલન જળવાય છે.

'આત્મદશા બળવાન થવાથી...' આત્મદશા એટલે ? આત્મદશાપ્રાપ્તિની ભાવના બળવાન થવાથી 'સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે.' પેલું જે એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન છે એ અસ્વભાવિક છે, એમ અહીંયાં કહેવું છે. અહીંયાં જે સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે, ત્યાં અધ્યાત્મપ્રધાનતા કરી છે પણ અસ્વાભાવિક કરી છે, કૃત્રિમ કરી છે. એ કૃત્રિમતા આમાં ચાલે એવું નથી, એમ કહેવું છે. અને કૃત્રિમતા જન્મ પામવાનો અહીંયાં પૂરો અવકાશ છે. સ્વરૂપચિંતવનમાં, અધ્યાત્મચિંતવનમાં શુષ્કજ્ઞાનીપણું થાય, કૃત્રિમતા થાય, એમાંથી સ્વચ્છંદ થાય, એમાંથી ઉન્મત્તપ્રલાપદશા થાય, ગમે તેમ બોલે (કે) પરદ્રવ્ય કાંઈ કરતું નથી, મન-વચન-કાયાના યોગ આત્માના નથી. પછી એમાંથી સ્વચ્છંદ થાય છે ને ! તે અહીંથી નથી થતું, આ કારણ છે.

'આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતાં નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતાં નથી.' શુષ્કજ્ઞાનીઓને જે ભક્તિમાર્ગની જુગુપ્સા થાય છે, એ પણ અહીંયાં ઉત્પન્ન થતું નથી. અને 'સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે.' આ સ્વભાવિક પરિસ્થિતિ, કુદરતી જે આગળ વધવાની પરિસ્થિતિ થાય તે અહીંથી ઊભી થાય છે.

'જ્યાં અર્હતાદિના સ્વરૂપધ્યાનાવલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે,...' પછી તો જ્યાં અંતર્મુખ થઈને વૃત્તિ આત્માકારતાને ભજે છે, ત્યાં તો પછી કોઈ કહેવાનો પ્રશ્ન રહેતો નથી. પણ એ વિષય બહુ ઊંચો ચાલ્યો છે, ત્યાંથી અપૂર્ણ રહી ગયો છે. બહુ મહત્ત્વના વિષયો અપૂર્ણ રહી ગયા છે. એ વિષય બહુ સારો ચાલ્યો છે. આ પત્ર કોઈની ઉપરનો નથી પણ આ અર્થ જ કર્યા છે, કેટલાક જે આનંદઘનજીના પદો છે એના અહીંથી કેટલાક (અર્થો કર્યા છે). પછી બીજા અજિતનાથ ભગવાનનું સ્તવન લીધું છે. એ બધા ભક્તિપદોના અર્થ કરવામાં એમણે આવી બધી ચર્ચાઓ કરી છે.

બહુ ઊંડું તત્ત્વજ્ઞાન ભર્યું છે. એમના નિરૂપણની અંદર ઘણું સૂક્ષ્મ અને ઘણું ઊંડું તત્ત્વજ્ઞાન ભર્યું છે !! ગુરુદેવે પોતે બહુ શરૂઆતમાં શ્રીમદ્‌નું અધ્યયન કરેલું છે. સોનગઢમાં નિવાસ કર્યો ત્યારે તો પત્રો ઉપર વાચના ચાલતી હતી, પ્રવચન ચાલતા હતા. પોતે ઘણો અભ્યાસ કર્યો છે.

મુમુક્ષુ :– બહેનશ્રીના પત્રોમાં ઉલ્લેખ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે ને ઉલ્લેખ છે ને ! બરાબર ઉલ્લેખ છે કે અહીંયાં અત્યારે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી પત્રો વંચાય છે અને ગુરુદેવ બહુ સારા ભાવ કાઢે છે. ઘણું સરસ વંચાય છે. એમનો પોતાનો ગ્રંથ પડ્યો છે, (એમાં) કેટલી અંદર Underline કરી છે અને કેટલા પ્રકારના એમણે ચિહ્નો કરેલા છે ! પહેલોવહેલો ગયો ત્યારે એ પુસ્તક એમના કબાટમાંથી કાઢીને જોયું હતું. ક્યાં ક્યાં એમણે, શું શું (નિશાનીઓ કરી છે) ? લાલ પેન્સિલથી ઘણી Underline કરેલી છે. 'જે ઢબથી અહીંયાં વંચાય છે', ઢબ જુદી છે. પોતાનું ઊંડાણ છે ને ! દૃષ્ટિ છે એની તો વાત છે.

એટલે નમસ્કાર મંત્રથી એ વાત કરી કે 'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.' એ કારણ છે. એમણે આ કાઢ્યું છે કે જ્ઞાનીપુરુષને દેહધારી દિવ્ય જ્ઞાનીરૂપ પરમાત્માની મૂર્તિ કહી દીધી. એનું કારણ અંદરમાં એ નિરાકાર સ્વરૂપ સુધી લઈ જવાની વાત છે. એટલો બધો ગંભીર આશય છે. એ બહુ ગંભીર વિષય અહીંયાં આ પત્રની અંદર અસાધારણ રીતે નિરુપણ કર્યો છે.

પછી સોભાગભાઈના વર્તમાન ઉદય ઉપરનું એટલું જ સુંદર માર્ગદર્શન આ પત્રમાં આવ્યું છે. શ્રીમદ્‌જીનો આ જગ્યાએ ઉપયોગ ઘણો સૂક્ષ્મ ચાલ્યો છે. 'બીજું એક પ્રશ્ન (એકથી

અધિક વાર) આપે એમ લખ્યું હતું કે...' એક પત્રની અંદર એકથી વધારે વાર લખ્યું, એ પોતે Note કર્યું છે કે જે પ્રશ્ન તમે એકથી અધિક વાર લખ્યું છે. 'આપે એમ લખ્યું હતું કે વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઈએ તેવું લાભરૂપ લાગતું નથી;...' એટલે આ વખતના વેપારમાં મહેનત નકામી જાય એવું છે, કંઈ વળે એવું નથી. 'અને કઠણાઈ રહ્યા કરે છે.' નફો થવો જોઈએ, ખર્ચ નીકળવો જોઈએ, એ આ વર્ષમાં લાગતું નથી. કઠણાઈ જેવું લાગે છે. માણસને પૈસા હોય અને કોઈ વરસ મોળું જાય એ બીજી વાત છે. પણ મૂળમાં પૈસા જ ન હોય અને મહેનત નકામી જાય અને ખર્ચ ન નીકળે ત્યારે તો એ વિષયનો અનુભવ કરતા હોય એને જ ખબર પડે. એના ઉપર હવે બહુ સરસ વાત લખી છે.

'પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું.' કેવો ઘાટ ઘડ્યો છે એમણે ! કે ખરેખર તો તમારી પરમાત્માની ઉપર ભક્તિ છે, આ કઠણાઈ એમ બતાવે છે કે પરમાત્મા ઉપર તમારી ભક્તિ છે. કારણ કે અમને તો એમ લાગે છે કે પરમાત્માની ભક્તિ જેને પ્રિય છે એને આવી કઠણાઈ જ હોય. અને કઠણાઈ ન હોય તો એને ખરેખર ભક્તિ નહીં હોય એવી શંકા પડે છે. (આ) સૈદ્ધાંતિક વાત નથી કેમકે એ તો કોઈનો પૂર્વકર્મનો ઉદય કાંઈ હોય, કોઈનો કાંઈ. પણ અહીંયાં જે એમને લાગુ પડે છે એ તો બિલકુલ ફીટ દવા એમના રોગ માટે તો આપી છે કે 'ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું.'

'અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે.' કાં તો એ પરમાત્માની જે ઇચ્છા છે એમાં કંઈક ભૂલ થઈ ગઈ. નહીંતર ભગવદ્ભક્ત હોય એને તો કઠણાઈ હોવી જ જોઈએ અને હોય જ એ સામાન્ય વાત છે, એમાં કોઈ વિશેષ વાત નથી. કેમકે એનું લક્ષ તો હોય નહીં. જેને પરમાત્માની ભક્તિ છે એનું લક્ષ તો ઉદય ઉપર હોતું નથી. તો ઉદયમાં એને કઠણાઈ નહીં આવે તો કોને આવશે ? અને આવે તો એ બરાબર છે. એટલા માટે બરાબર છે કે એ વખતે, એ પાત્રજીવ છે, લાયકજીવ છે એટલે વધુમાં વધુ આત્માનો વિકાસ સાધી શકશે. એને એ આત્માનો વિકાસ સાધવાની તક છે. એને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાનો એ અવસર નથી. એવી એની પાત્રતા જોઈને જાણે કે કોઈ ઈશ્વરકર્તા એવો પરમાત્મા ચાહીને એને કઠણાઈ મોકલે છે, એમ કહે છે. કુદરતની વાત છે, એમ (કહેવું છે).

'પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું.' શ્રીમદ્જીનું આ એક વચન એવું છે કે કોઈને પણ તકલીફ હોય તો હળવો થઈ જાય, એવી વાત છે. અહીંથી જ હળવો થઈ જાય, કે આ તો આપણા માટે બહુ સારી વાત કરી છે. 'અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે,...' આ બીજો પક્ષ લીધો, સૈદ્ધાંતિક વાત છે ને ? કે બધાયને આમ હોય ? તો કહે જનક વિદેહીને નહોતું, એ તો એક રાજા-મહારાજા હતા, પુણ્યનો ઉદય હતો. શ્રીકૃષ્ણ ત્રણ ખંડના ધણી, વાસુદેવ હતા. એનું શું ? એમને પરમાત્માની ભક્તિ નહોતી ? તો કહે એ વાત બીજી છે. એ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે, પોતે ને પોતે જે વાત કરી એની સામે, સામી દલીલ આપે છે.

'તથાપિ તેમ નથી.' પણ છતાં એમ નથી. 'જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી,...' જરા સૂક્ષ્મ વિષય છે એટલે એ વાત અહીંયાં કરતાં નથી 'કારણ કે તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે,...' એમને તો ઘણી જગ્યાએ યુદ્ધ કરવા પડ્યા છે અને ઘણી જગ્યાએ પ્રતિકૂળતાનો સામનો કરતાં કરતાં એ દ્વારકા સુધી પહોંચ્યા છે.

'તેમ અષ્ટમહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે;...' ત્રણ ખંડના ધણી છે એટલે એમને રીદ્ધિસિદ્ધિ હતી એ પણ એમની પ્રસિદ્ધ જ છે 'તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી,...' છતાં એમને જ્યાં જ્યાં કઠણાઈ આવી છે, એ થવી જોઈતી હતી. એટલે કે થવી જોઈએ. મુમુક્ષુને કઠણાઈ થવી જોઈએ, એમ કહે છે. અનુકૂળતાઓ રહે અને તો સાધન કરીએ, શાતા રહે તો સાધન કરીએ, તો અશાતામાં તારું સાધન ક્યાંય ચાલ્યું જશે, એ સાધન નહીં હોય. 'અને તે હોવી જોઈએ.' 'કઠણાઈ તો ઘટારત જ હતી, અને તે હોવી જોઈએ. એ કઠણાઈ માયાની છે;...' એટલે જીવને જો સંયોગદૃષ્ટિ હોય તો એ માયાની કઠણાઈ છે, ખરેખર સાચો ભક્ત છે એને કઠણાઈ, કઠણાઈ જ નથી. એ તો માયાની એટલે વિપરીતતાની કઠણાઈ છે. પોતાનો દૃષ્ટિવિપર્યાસ છે, વ્યામોહ છે એને લઈને કઠણાઈ લાગે છે.

'કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે,...' કઠણાઈ નથી પણ ઊલટાની સરળાઈ છે. કેમકે વધારેમાં વધારે કાર્ય એ વખતે થાય છે. એ વખતે જ

સ્વરૂપ બાજુ વળવાનો વધારેમાં વધારે અવસર છે. એટલે એ તો પરમાત્માની સરળાઈ છે. પરમાત્માનું લક્ષ કરવા માટે એ સારામાં સારો અવસર છે, પ્રસંગ છે તેથી 'એ સરળાઈ છે, અને એમ જ હો.' એમ જ હોય, બીજી રીતે હોય નહીં. અહીંથી પછી કેટલીક વાત કપાઈ ગઈ છે.

'ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે.' જો એમ કે તમને કઠણાઈ ન હોત અથવા કોઈ સાધકજીવને કઠણાઈ ન આવે તો કાંઈક પરમાત્માની ભૂલ થઈ ગઈ લાગે છે. પોતે બહુ લાક્ષણિક પદ્ધતિથી વાત કરી છે કે એને તો કઠણાઈ આવે અને એ વખતે પોતાનો વિશેષ આત્મભાવ અને પોતાની સાધકદશામાં વિકાસ કરી જાય, એવી એને તક આપે જ, એવી જ એને તક મળે. જો એવી એને તક ન મળે તો એમ સમજવું કે પરમાત્માની જે ઇચ્છારૂપ માયા છે, પરમાત્માને માયા નથી એમ કીધું, તેની ઇચ્છારૂપ જે માયા છે, (એ) કંઈક ભૂલી ગઈ લાગે છે. એ માયા કંઈક એનો સંગ કરવાનું ભૂલી ગઈ લાગે છે. નહીંતર તો જરૂર એને કંઈક ને કંઈક કઠણાઈ મોકલ્યા વગર રહે નહીં. બહુ સારી શૈલી કરી છે !

પ્રશ્ન :- વાસુદેવ - પ્રતિવાસુદેવમાં કેવી રીતે હોય ?

સમાધાન :- બધા વાસુદેવની એ જ પરિસ્થિતિ હોય છે. એ પોતે મિથ્યાત્વ અવસ્થામાં અનેક પ્રકારે બાહ્ય પરિણામોની અંદર રૌદ્રધ્યાન સુધી પહોંચી જાય છે. ખાસ કરીને એમને જે યુદ્ધ કરવાના હોય છે એની અંદર રૌદ્રધ્યાનની સ્થિતિ ઊભી થઈ જાય છે.

એ નિદાનબંધથી વાસુદેવપદમાં આવેલા હોય છે, એ નિયાણું હોય છે, નિદાનબંધથી મિથ્યાત્વ અવસ્થામાં વાસુદેવની પુણ્ય પદવીમાં આવે છે. અને પાછા એ ત્રેસઠશલાકા છે. મોક્ષગામી પુરુષ છે એટલે પાછા એ સાંધી લે છે. વચ્ચેનો આ એક ટુકડો હોય છે. એમાં કંઈ શંકા કરવાનું કારણ નથી.

મુમુક્ષુ :- શ્રી કૃષ્ણની વાતો ઘણી આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજાનું ચરિત્ર ઓછું આવે છે, શ્રીકૃષ્ણ તો હમણાં જ થયા ને ! છેલ્લા છેલ્લા થયા ને ! નેમિનાથ ભગવાનના કાળમાં છેલ્લા વાસુદેવ થયા ને ! એટલે ઇતિહાસ તો શું છે કે જેટલો વખત પુરાણો થાય એટલો ઇતિહાસ ઓછો મળે, જેટલો વખત જૂનું થાય એટલું જાણપણું ઘટતું જાય. આ તો છેલ્લા વાસુદેવ છે ને ! એટલે એમનો ઇતિહાસ મળે છે. બીજું શું છે કે એમના નિમિત્તે બહુ મોટો અન્યમત ચાલ્યો છે. શ્રીકૃષ્ણના નામે

બહુ મોટો એક અન્યમત ચાલ્યો છે. એ અન્યમતમાં પ્રકાર એવો છે કે તમે એમ કહો કે શ્રીકૃષ્ણ જૈન કુળમાં હતા તો એ કોઈ માનવા જ તૈયાર થાય એવું નથી, કે તમારે અમારા મહાન પુરુષોને અને ભગવાનને તમારામાં લઈ લેવા છે.

મુમુક્ષુ :– શ્રીકૃષ્ણ નરકમાં ગયા છે એમ કહીએ તો ઝઘડો કરે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ કહો તો તો તોફાન જ થાય. એ તો આખી વાત જ જુદી છે. અને એમનું આ જે ભાગવત છે, જે આખું શ્રીકૃષ્ણચરિત્ર છે એમાં ક્યાંય નેમિનાથ ભગવાનનું નામ નહીં આવે, એ વિષય જ આખો ત્યાં નથી. જૈન પુરાણમાં, હરિવંશપુરાણ છે એમાં, નેમિનાથ ભગવાનના ચરિત્રમાં શ્રીકૃષ્ણનું પાત્ર આવશે. હરિવંશપુરાણમાં તો, લગભગ પાંત્રીસ-ચાલીસ ટકા પુરાણમાં તો એમની વંશાવલી ચાલી છે.

'હરિ' નામના સમર્થ રાજા ક્યારે થયા ? અને એમના વંશજો, એમાં શ્રીકૃષ્ણ ઉત્પન્ન થયા છે. એટલે એ પુરાણનું નામ હરિવંશપુરાણ છે. એ હરિ થયા એના પૂર્વજો કોણ ? અને ત્યાર પછી ઉત્તરોત્તર શ્રીકૃષ્ણના પૂર્વજો કોણ ? એ બધાની ઘણી વાતો ચાલી છે, અને લગભગ પુરાણનો એકતૃત્યાંશ ભાગથી વધારે તો એ એમાં ચાલ્યો છે, વંશાવલીમાં ગયો છે કે ત્યાર પછી આ થયા, ત્યાર પછી આ થયા. પછી સંક્ષેપ કોઈ પ્રસંગ હોય તો આવી જાય છે. હરિવંશપુરાણની અંદર પછી શ્રીકૃષ્ણનું ચરિત્ર શરૂ થાય છે. એમાં નેમિનાથ ભગવાનનો વિષય મુખ્ય આવે છે અને શ્રીકૃષ્ણ ચરિત્ર આવે છે. જ્યારે શ્રીકૃષ્ણ ચરિત્ર જે અન્યમતમાં આવે છે એમાં નેમિનાથ ભગવાનનું નામનિશાન નથી. એવી વાત છે. એટલે એ તો સંપ્રદાયબુદ્ધિથી ઊભી થયેલી વાત છે. એટલે શ્રીકૃષ્ણનું નામ વધારે પ્રસિદ્ધ છે એનું કારણ કે એમના નામનો એક આખો અન્યમત ચાલ્યો છે અને આ વલ્લભાચાર્યનો શૃંગારમત પણ એમના, શ્રીકૃષ્ણના નામથી જ ચાલ્યો છે.

મુમુક્ષુ :– શ્રીકૃષ્ણએ પોતાનો પંથ ચલાવ્યો છે એવું કાંઈક આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું કંઈક આવે છે, પણ સમ્યગ્દૃષ્ટિને એવી ઇચ્છા નથી હોતી. એ વાત કંઈ બહુ બંધબેસતી નથી, કલ્પિત લાગે છે. ક્યાંક સાંભળ્યું છે, (પણ) એ વાત ઉપર વિશ્વાસ નથી આવતો. કેમકે ત્યાં પોતે સમ્યક્ત્વ અવસ્થામાં છે અને સમ્યક્ત્વ અવસ્થામાં, કોઈ દેવ હોય કે નારકી હોય, એને અવધિજ્ઞાન હોય છે, એ એવું ઇચ્છતા નથી કે જ્યાં જૈનમત ચાલતો હોય એની સામે કોઈ અન્યમત પણ મારા નામથી ચલાવે તો હું એ ઇચ્છું છું. એ વાત કંઈ બંધબેસતી નથી.

મુમુક્ષુ :- શ્રીકૃષ્ણની પૂજા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, પણ એ પૂજા થાય તો અન્યમત ઊભા થાય કે ન થાય ? દેવ તરીકે જ્યારે પૂજા થાય ત્યારે શું થાય ? અન્યમત જ ઊભો થાય. અરિહંતદેવની સામે સરાગી દેવની સ્થાપના થઈ ગઈ. એવું કોઈ ઇચ્છે નહીં. એ સમ્યગ્દર્શનને સમજ્યા નથી. સમ્યગ્દર્શનમાં જે દેવતત્ત્વની શ્રદ્ધા છે એ વિષયથી ભ્રષ્ટ થઈ જાય. મેળ નથી ખાતો.

મુમુક્ષુ :- રૌદ્ર ધ્યાનને કારણે નરકમાં ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર, ત્રીજી નારકીમાં ગયા છે એનું કારણ એ છે. પાછું સમ્યગ્દર્શન વમ્યા છે તો ત્રીજી નારકી સુધી ગયા છે. પણ આવતી ચોવીસીના તીર્થંકર છે ને ! એટલે પાછું સમ્યક્ત્વ ગ્રહણ કરે અને શ્રેણિકરાજાને, શ્રીકૃષ્ણને તીર્થંકર નામકર્મનો અને ગોત્રકર્મનો અનુબંધ ત્યાં ચાલુ થાય, ચાલુ થઈ જાય છે. સાધી લીધું ત્યાં તીર્થંકર ગોત્ર તો સમ્યક્ત્વ અવસ્થા સિવાય બંધાય નહીં, ગોત્ર તો ત્યાં બાંધવાના છે. આગલા ભવમાં ગોત્ર બાંધે તો બીજા ભવમાં ગોત્રનો જન્મ થાય ને ! એટલે આયુષ્ય, ગોત્ર, નામ (આદિ) અઘાતિ તો એ પહેલા જ બંધાય. એ તો બધા આયુષ્યની સાથે સંબંધ ધરાવનારા આનુષંગિક અનુબંધો છે.

અમુક 'રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું...' આ એક અન્યમતની કથાની વાત છે 'અને વર માગવા કહ્યું...' વર એટલે વરદાન, વરદાન માગવા કહ્યું. 'ત્યારે ... રાજાએ માગ્યું કે હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી,...' આ વાત સોભાગભાઈને સમજાવવી છે ને ! એટલે કે આ એક દૃષ્ટાંત તમારે વિચારવા જેવું છે કે એને જ્યારે ભગવાન પ્રસન્ન થયા ત્યારે એમ કહ્યું કે તું માગ તારે માગવું હોય એ. તો કહે આ મને રાજ અને લક્ષ્મી આપી છે એ તમે ઠીક નથી કર્યું.

'તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય...' હે પરમેશ્વર ! જો તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય 'તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્નું પણ ન હો,...' આ અત્યારે માગે છે – 'ગૌતમસ્વામીની લબ્ધિ હજો', એનાથી વિરુદ્ધ વાત છે કે એ સ્વપ્ને પણ મને ન હો. 'એ વર આપ.' એવું વરદાન આપ. 'પરમાત્મા દિંગ થઈ...' ગયા !! ભક્તની ભક્તિ જોઈને પરમાત્મા દિંગ થઈ ગયા, પરમાત્મા પોતે દિંગ થઈ ગયા !! નહીંતર એમને ખબર નથી કંઈ કે આ ભક્તની યોગ્યતા શું છે ? પણ લોકો ઉપર છાપ પાડવી

છે એટલે આ કથાનુયોગનો વિષય એ રીતે લીધો છે. 'પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.' પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

'કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે.' એ સાધકજીવને એમ જ યોગ્ય છે, ભગવદ્ભક્તને 'કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્ભક્તને સરખાં જ છે;...' જ્ઞાતા-દૃષ્ટાપણું લાવશે ક્યાંથી ? સમભાવની ઉત્પત્તિ કરવી છે, એ સમભાવનું મૂળિયું તો મુમુક્ષુદશામાં આવવું જોઈએ. તો આગળ સમભાવ વિકસિત થાય. જે સાધકદશા છે એ તો પછી જે સાધન પ્રાપ્ત થયું છે એને પોતે સાધના કરી કરીને નવપલ્લવિત કરે છે, એને ને એને પનપાવે છે. તો મૂળ અહીંયાંથી છે.

'કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્ભક્તને સરખાં જ છે;...' એને એમાં કંઈ ફેર નથી. 'અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે...' સરખાઈ છે એના કરતાં તો એ વિશેષ અનુકૂળ છે 'કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.' એ તો એને વધારે અનુકૂળ છે કે એને ત્યાં માયાનું સ્વરૂપ (સ્પષ્ટ થાય છે), પડદો ચિરાઈ જાય છે અને વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું એને લક્ષમાં આવે છે કે કોઈ પદાર્થ, કોઈ પદાર્થને આધિન પ્રવર્તતો નથી. પુણ્યયોગમાં માયાનો પડદો ઊભો થાય છે, માયાજાળ ઊભી થાય છે કે જુઓ ! મારી ઇચ્છા હતી, એ પ્રમાણે સામે કાર્ય થઈ ગયું. આ મેં કર્યું, હું કરી શક્યો, મારું સામર્થ્ય છે, મારી આ સત્તા ચાલી, મારો અધિકાર ચાલ્યો, મારી ઇચ્છા પ્રમાણે આ હું કરી શક્યો. તો એ ત્યાં પ્રતિકૂળ છે. અહીંયાં તો અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ નથી અથવા માયાનું દર્શન પણ ત્યાં થતું નથી.

'આપને તો એ વાર્તા જાણવામાં છે;...' તમારા અભિપ્રાયનો તો ખ્યાલ છે, આપ તો આ બધું સમજો છો. 'આપને તો એ વાર્તા...' એટલે એ વિષય 'જાણવામાં છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય...' ઉદયને વશ એમ લાગી જતું હોય 'તો તેનું કારણ એ જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો,...' આ જે તમારો કુટુંબરાગ છે એ તોડાવવા માટે પરમાત્માએ તમને ચાહીને કઠણાઈ મોકલી છે. તમારો કુટુંબરાગ છૂટતો નથી તો ઈશ્વરે મહેરબાની કરી કે છોડો, તમે આ કુટુંબનો રાગ છોડો, આ કઠણાઈ એટલે મોકલી છે કે તમે કંઈ તમારા કુટુંબનું કરી શકો છો, એ વાત જ નથી. કુટુંબનું આત્મા કરી શકતો નથી એ હવે તમને સમજાય છે ?

'પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ;...' સમભાવ થઈ જાય. જ્ઞાતા-દૃષ્ટાપણું કેળવી અને તમે સમભાવમાં આવી જાઓ, તમને એ પ્રતિબંધ છૂટી જાય એ માટે એ દશા કુદરતે ઊભી કરી છે, એમ તમે સવળું લ્યો. 'તે તમારું છે એમ ન માનો,...' ભિન્નતા ગ્રહણ કરો. આ કુટુંબ મારું છે, એ મારાપણું છોડાવવા માટે, મમત્વ છોડાવવા માટે આ પ્રસંગ છે, એ અવસર છે, એમ સમજો. 'તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે...' પૂર્વકર્મને લીધે 'એમ મનાય છે,...' કે આ કુટુંબ મારું, આ દીકરા મારા, આ ફલાણું મારું 'તે ટાળવા...' મારાપણું ટાળવા, મમત્વ ટાળવા 'આ કઠણાઈ મેં મોકલી છે.' ઈશ્વર એમ કહે છે કે આ કઠણાઈ મેં તમને ચાહીને મોકલી છે કે તમારું મમત્વપણું હજી ઘટતું નથી, ઓછું થતું નથી તો એ મમત્વ ટાળવા માટે જ આ કઠણાઈ મોકલી છે. બહુ સારી વાત કરી છે.

પત્રનો પ્રસંગ ભલે શ્રીમદ્જી અને સોભાગભાઈ વચ્ચેનો છે પણ કોઈ પણ મુમુક્ષુ, ગૃહસ્થી અને કુટુંબ-પરિવારવાળો હોય છે એને બોધ મળે એવો આ વિષય છે કે આ જીવ કુટુંબ-પરિવારની પાછળ જેટલા અધોગતિમાં જવાના ભાવ અને કર્મ બાંધે છે, એ કર્મથી પોતે નિવૃત્ત થાય. પોતે એના પ્રત્યે સ્નેહ ઓછો કરે, એની માયા ઓછી કરે, એનો પ્રતિબંધ ઓછો કરે, જ્ઞાતા-દૃષ્ટા રહેવાનો પ્રયત્ન કરે. એટલા માટે.

એ ટાળવા માટે મેં કઠણાઈ મોકલી છે 'અધિક શું કહેવું ? એ એમ જ છે.' પ્રતિકૂળતા આવવી, આ કાળમાં મુમુક્ષુજીવને પ્રતિકૂળતાઓ આવવી, એ તરવા બરાબર છે. આગળ એક પત્રની અંદર કહેશે, એ તરવા બરાબર છે. જો ખરી મુમુક્ષતા હોય તો એ એને તરવાનું મુખ્ય સાધન છે. નહીંતર જીવ એ જ પ્રસંગે આર્ત્તધ્યાન તીવ્ર કરે, રૌદ્રધ્યાન કરે અને ઘણા માઠા કર્મને બાંધે.

એટલે મુમુક્ષુને ગ્રહણ થઈ શકે એવો બહુ સારો વિષય લીધો છે, શૈલી પણ બહુ સારી કરી છે કે આવા કોઈ પ્રસંગ જ્યારે જ્યારે ઊભા થાય, કેમકે પંચમકાળ છે, પ્રસંગ તો આવવાના જ છે, રાત ને દિવસ, દિવસ ને રાત, દિવસ પછી રાત, આવવાના જ છે. પણ જીવ પોતાના પરિણામ ન બગાડે અને ઊલટાનો પોતે રસ્તે ચડે, માર્ગે ચડે એના માટેનો બહુ સારામાં સારો પ્રસંગ છે. વિશેષ લઈશું...

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | ગુરુગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૦૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૦૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૦૨-૦૦ |
| ૦૪ | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ભાગ-૩ (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૦૫ | દસલક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૦૬ | ધન્ય આરાધના (શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૦૭ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૦૮ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૦૯ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત) | ૧૧-૨૫ |
| ૧૦ | પ્રવચન નવનીત ભાગ-૧ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૧૧ | પ્રવચન નવનીત ભાગ-૨ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૧૨ | પ્રવચન નવનીત ભાગ-૩ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૧૩ | પ્રવચન નવનીત ભાગ-૪ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૧૪ | પ્રવચન પ્રસાદ ભાગ-૧-૨ (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૧૫ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૧૬ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૭ | ભગવાન આત્મા (દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૮ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૧૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૨૦ | આધ્યાત્મિક પત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૨૧ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | પ્રેસમાં |
| ૨૨ | જ્ઞાનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૨૩ | બીજું કાંઈ શોધ મા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૨૪ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૫-૦૦ |
| ૨૫ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભુત છ પદનો અમૃત પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૬ | આત્મયોગ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૭ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૮ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતોનું સંકલન) | ૧૫૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૯ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦ ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૦ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૧ | વચનામૃત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `બહેનશ્રીના વચનામૃત' પર થયેલાં પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૨ | પ્રવચન સુધા (ભાગ-૧) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦.૦૦ |
| ૩૩ | પ્રવચન સુધા (ભાગ-૨) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫.૦૦ |
| ૩૪ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬, ૪૪૯, ૫૭૨, પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) ('પરમાગમસાર' માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૬ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `સમયસાર' પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫.૦૦ |
| ૩૭ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૫.૦૦ |
| ૩૮ | સ્વરૂપભાવના (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૯ | સમકિતનું બીજ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૦ | પ્રવચન સુધા (ભાગ-૩) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૧ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) ('પરમાગમસાર' માંથી ક્રમબદ્ધપર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૪) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૩ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૪ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૬ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૭ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ–૫) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ–૬) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૧ | રાજ હૃદય (ભાગ-૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૨ | રાજ હૃદય (ભાગ-૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૩ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સોગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૪ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) ('દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) ('બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૬ | પ્રવચન સુધા (ભાગ–૭) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૭ | રાજહૃદય (ભાગ–૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथका नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| ०२ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग - पूज्य श्री निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चा) | ३०-०० |
| ०३ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०४ | दंसणमूलो धम्मो (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| ०५ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| ०६ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | |
| ०७ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| ०८ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| ०९ | विधि विज्ञान (विधि विषयक वचनामृतोंका संकलन) | १०-०० |
| १० | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ११ | तत्त्वानुशीलन (भाग १-२-३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| १२ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | |
| १३ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | |
| १४ | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद् राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | |
| १५ | सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छ: पदोंका अमृत पत्र (श्रीमद् राजचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| १६ | आत्मयोग (श्रीमद् राजचंद्र पत्रांक-५६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १७ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद् राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री के प्रवचन) | २०-०० |
| १८ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| १९ | धन्य आराधना (श्रीमद् राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | |
| २० | सिद्धपदका सर्वश्रेष्ठ उपाय | २५.०० |

| | | |
|---|---|---|
| २१ | कुटुम्ब प्रतिबंध | २५.०० |
| २२ | दिशा बोध (श्रीमद् राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| २३ | प्रवचन नवनीत भाग-१ (पूज्य गुरुदेवश्री कानजीस्वामी के प्रवचन) | ७५-०० |
| २४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहन द्वारा गुरु भक्ति) | १५-०० |
| २५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| २६ | कहान रत्न सरिता (परमागमसार के विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ३०.०० |
| २७ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ४०.०० |
| २८. | वचनामृत रहस्य (पूज्य गुरुदेवश्री के नायरोबी में हुए प्रवचन) | २०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |

| | | |
|---|---|---|
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २५०० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |

| | | |
|---|---|---|
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १००० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |
| ९५ | प्रवचन सुधा (भाग-७) | १००० |
| ९६ | राजहृदय (भाग-३) | ७५० |

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૩)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના પ્રવચનો

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

## પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**અન્ય પ્રાપ્તિ સ્થાન :**

-- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
-- શ્રી અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩
-- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ,
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ. ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

પ્રથમાવૃત્તિ : ૨૮-૧૧-૨૦૦૬ (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૭૪મી જન્મજયંતી)
પ્રત : ૭૫૦
પૃષ્ઠ સંખ્યા : ૫૮૪ + ૧૨ = ૫૯૬
પડતર કિંમત : ૧૪૨/-
મૂલ્ય : ૩૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

## પ્રસ્તાવના

'રાજહૃદય' ભાગ–૩નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'માં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો અત્યારે 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો છે. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે 'રાજહૃદય' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના શ્રીમુખેથી પ્રવાહિત બહુમાનયુક્ત ઉદ્‌ગારો પ્રસ્તુત ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક

પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઇચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્‌સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર,

નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને – અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે – પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે પૂજ્ય ભાઈશ્રીના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, આ તો બાર અંગનો સાર છે ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના

થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્‌ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે અને શક્ય તેટલો ભાવોનો પ્રવાહ યથાવત્ જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૮ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

તા. ૦૫-૧૧-૨૦૦૬
(કાર્તિકી પૂર્ણિમા, 'શ્રીમદ્ રાજચંદ્ર'
જન્મજયંતી દિવસ)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

# પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના 'શ્રીમદ્ રાજચંદ્રજી' પ્રત્યે પ્રવાહિત હૃદયોદ્‌ગાર

અસાધારણ કલમ ચાલી છે ! જેવી જ્ઞાનની નિર્મળતા છે એવો ભાષાનો યોગ પણ લખાણની અંદર વિચારોને વ્યક્ત કરવા માટે એમની પાસે અસાધારણ યોગ છે !!

(પૃષ્ઠ સંખ્યા–૪૧)

'શ્રીમદ્જી'ની આ વિશેષતા હતી કે, જેને જે જરૂર છે એથી વધારે કાંઈ ન આપે.

(પૃષ્ઠ સંખ્યા–૫૪)

પોતે બહુ વિચક્ષણ છે, આ વિષયની અંદર પોતે ખૂબ વિચક્ષણ છે.

(પૃષ્ઠ સંખ્યા–૫૫)

સમ્યગ્દર્શનરૂપી મોક્ષનું મૂળ છે એનું બીજ ક્યાં પડ્યું છે ? કેવું છે ? એ વાત કૃપાળુદેવે પોતાનાં વચનોમાં ઠામ-ઠામ કરેલી છે. એવી એક વાત આ જગ્યાએ પણ કરેલી છે.

તેઓશ્રીએ મુમુક્ષુ જીવ માટે પરમાર્થમાર્ગની સુલભતા થાય એવી પરમકૃપા કરી છે અને એ કૃપા આપણા ઉપર કરી છે, એવું આપણને લાગવું જોઈએ. (પૃષ્ઠ સંખ્યા–૮૧)

એટલે શું છે કે એમને સંસ્કાર હતા ને ! એટલે એમની સુવિચારણામાં ઘણી યથાર્થ વાતો વ્યક્ત થઈ ગઈ છે. જે વિચારણા ચાલી છે એમાં, આ હવે પછીની જે એમની જ્ઞાનદશા છે, એ જ્ઞાનદશા સાથે સુસંગત બધી વિચારધારા ચાલી છે, વિરુદ્ધ નથી ચાલી એટલે એમાંથી આગળ વધીને જ્ઞાનદશામાં પહોંચ્યાં છે. એવી ઘણી વાતો આવી છે કે, જે સંસ્કારવશ એમને બહાર આવી ગઈ છે. આ કોઈ પદ રચી નાખ્યું છે. (પૃષ્ઠ સંખ્યા–૧૧૦)

એમની કલમમાં તો બહુ તાકાત છે ! એમની જે કલમ ચાલે છે ! વિનાશી, અવિનાશી કે ત્રિરાશી ? ભાષાનું પણ Alliteration કર્યું છે. (પૃષ્ઠ સંખ્યા–૧૫૪)

## પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'ના 'શ્રીમદ્ રાજચંદ્રજી' પ્રત્યે પ્રવાહિત હૃદયોદ્ગાર

આ આત્મસિદ્ધિશાસ્ત્રમાં કોઈ મહાન યોગબળથી, જગતના ભાગ્ય માટે ઊંડું ઊંડું તત્ત્વદર્શન ગોઠવાયું છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૪૯૪)

આ આત્મસિદ્ધિમાં અનંત જ્ઞાનીના જ્ઞાન અમૃતનો સાર રેડાયો છે આ પંચમકાળમાં આવીને શ્રીમદ્ એકાવતારીપણાના સંદેશા આપે છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૪૯૭)

ઘણી સરળ ભાષાથી આ આત્મસિદ્ધિમાં ઊંડું રહસ્ય મૂક્યું છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

ગુજરાતી ભાષામાં તત્ત્વનું ઊંડુ રહસ્ય આ શાસ્ત્રમાં જાહેર કર્યું છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

જ્ઞાની પુરુષોએ જે પ્રકારે આત્માને કહ્યો છે તે જ પ્રકારે, આ આત્મસિદ્ધિમાં આત્માને કહ્યો છે, તેનો વિશ્વાસ કરવો, અને સત્સમાગમ વડે તેનો નિત્ય અભ્યાસ કરવો . (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

જેમ છે તેમ આત્મા અને જડ, સ્વભાવ-વિભાવ, કષાય-અકષાય, કર્તા-અકર્તા, સક્રિય-અક્રિય, ભોક્તા-અભોક્તા વગેરે અનેક ધર્મનું રહસ્ય આ શાસ્ત્રમાં આવી જાય છે. માટે તે ખૂબ વિચારવું. પૂર્વાપર વિરોધ રહિત નિર્ણય થવો જોઈએ. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, આ ચાર ગાથા હૃદયમા કોતરી રાખવા જેવી છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૨૨)

જેણે આ પંચમકાળમાં સત્ ધર્મની જાહેરાત કરી, અને પોતે અનંત ભવનો છેડો કાઢી, એક જ ભવ બાકી રહે તેવી, પવિત્રદશા આત્માને વિષે પ્રગટ કરી તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ. તેમના જન્મ દિવસ આજે જયંતિ છે, ધન્ય છે તેમને હું ચોક્કસ કહું છું કે ગુજરાત કાઠીયાવાડમાં, વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિ લખીને જૈનશાસનની શોભા વધારી છે. આ કાળમાં તેમના જેવા મહત્ પુરુષ મેં જોયા નથી. તેમના એકેક વચનમાં ઊંડું રહસ્ય છે. તે સત્સમાગમ વિના સમજાય તેમ નથી.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૪૭)

શ્રીમદ્દનું જીવન સમજવા માટે મતાગ્રહથી, દૂરાગ્રહથી દૂર રહી, એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ. જ્ઞાનીની વિશાળ દ્રષ્ટિના ન્યાયથી વિચારવું જોઈએ. તેમની ભાષામાં અપૂર્વભાવ ભર્યા છે. તેમાં વૈરાગ્ય, ઉપશમ, વિવેક, સત્સમાગમ બધું છે. બાળકથી માંડીને અધ્યાત્મિક સત્સ્વરૂપની પરાકાષ્ટાને પહોંચેલા, ઊંડા ઊંડા ન્યાય, ગંભીર અર્થ તેમના લખાણમાં છે. વ્યવહાર નીતિથી લઈને પૂર્ણ શુદ્ધતા-કેવળજ્ઞાન સુધીના ભણકાર તેમાં છે, કોઈ જ્ઞાનબળના અપૂર્વયોગે એ લખાયા છે. તેમના અંતરમાં વીતરાગ શાસનની પ્રભાવના થાય, સનાતન જૈનધર્મ જ્યવંત વર્તે, એમ નિમિત્ત થવાની ઊંડાણમાં ભાવના હતી.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૪૮)

હાલમાં શ્રી સમયસારજી પરમ આગમ શાસ્ત્ર વંચાય છે, તેની પ્રભાવના કરનાર પણ શ્રીમદ્દ રાજચંદ્ર હતા. પોતાની હૈયાતિમાં જ તેમણે પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી. તેમનો ઉદ્દેશ મહાન આચાર્યોના આગમ શાસ્ત્રો સંશોધિત કરીને છપાવવાનો હતો. તે મંડળે ઓગણીશ વર્ષ પહેલાં, એક હજાર સમયસારજી શાસ્ત્ર, આચાર્યવર કુંદકુંદ ભગવાન રચિત મહાસૂત્ર છપાવ્યું. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૪૮)

એ પુસ્તક છપાય એવી તેમની ખાસ ઇચ્છા હતી. એ રીતે ઓગણીશ વર્ષ પહેલાં શ્રી સમયસારની પ્રભાવના તેમના મારફત થઈ. તે પરમાગમ શાસ્ત્રનો હાલ કાઠીયાવાડમાં સારા પ્રમાણમાં લાભ લેવાય છે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૪૯)

સમયસાર શાસ્ત્રની આ કાળે, પ્રથમ જાહેરાત કરાવનાર શ્રીમદ્દ રાજચંદ્ર છે, માટે તેમનો અનંત ઉપકાર છે, તેનો લાભ અત્યારે ઘણા ભાઈઓ-બહેનો લે છે, તે શ્રીમદ્દનો જ ઉપકાર છે. હાલમાં તેની બે હજાર પ્રત ગુજરાતીમાં છપાય છે. તેનો લાભ લેનારને પણ શ્રીમદ્દ ઉપકારી ગણાય. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૪૯)

શ્રીમદે પત્રે-પત્રે અંતરનાદથી પુરુષાર્થ સહિત એક જ ભણકાર ગજાવ્યો છે કે સત્સમાગમ જ એક કલ્યાણકારી છે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૫૧)

આત્મસિદ્ધિ બધાએ (બાળગોપાળ બધા ભાઈઓ-બહેનોએ) અંતર પટમાં કોતરાઈ જાય તેવી રીતે, મુખપાઠ કરીને ધારી રાખવા યોગ્ય છે. એનું જ રાત દિવસ મનન કરવાથી પોતાની જાતનો નિર્ણય આવશે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૫૧)

શ્રીમદ્‌ના પુસ્તકમાં ઘણી અર્થ સૂચક ગંભીરતા ભરી છે, તેમાં 'પ્રાયે', 'મુખ્યપણે' વગેરે અપેક્ષા, સાધારણ જીવને ન સમજાય તેવું પણ કોઈ ઠેકાણે આવે છે. માટે સત્સમાગમથી વાંચવુ, વિચારવું; મોક્ષમાળા બધાએ વાંચવા જેવી છે. વળી અંદર 'પંચાસ્તિકાય' ટૂંકી ભાષામાં, અદ્‌ભૂતભાવ ગ્રહીને પોતાની બળવાન કલમથી લખ્યું છે. દ્રવ્યસંગ્રહની ગાથાનો અર્થ પણ લીધો છે. એમ મહાન આચાર્યોનો અનુભવ પોતે પોતાની નોંધમાં ટપકાવી લીધેલ છે, અને વાંચનારને સુગમ પડે એવી રચના બની છે; છતાં તેમની વાણીમાં એટલું બધું ગૂઢપણું છે કે તેમાં 'પ્રાયે' એટલે 'કથંચિત' – (=સાપેક્ષપણે) સમજવાનું ઘણું હોય છે. તે સમજવા માટે મધ્યસ્થતા અને વિશાળબુદ્ધિ જોઈએ. જો આગળ પાછળની સંધિ, અપેક્ષા મેળવ્યા વિના કોઈ વાંચે તો ભાવમાં સંધિ તૂટી જાય અને સરખો મેળ બેસે નહિ. માટે સત્સમાગમે વાંચવા વિચારવા ભલામણ છે. શ્રીમદ્દે તો મનુષ્ય જીવનમાં પોતાનું સુકૃત્ય કર્યું. અને આત્માની અખંડ સમાધિ લઈને ગયા છે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૫૬)

બધાના ઘરમાં સૌએ આત્મસિદ્ધિ મોઢે કરવા જેવી છે. તથા મોક્ષ માળા જેમાં ૧૦૮ મણકારૂપ પાઠ છે, તે નાના બાળકો એ અને વૃદ્ધોએ પણ એ મોક્ષમાળા અવશ્ય વાંચવી. તેમને (શ્રીમદ્‌ને) નવ વર્ષે તો જાતિ સ્મરણ જ્ઞાનના સંસ્કાર પ્રગટ્યા હતા.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૫૬)

શ્રીમદ્દે સોળ વર્ષ અને પાંચ મહિને મોક્ષમાળા રચી. પછી ઉત્તરોત્તર તેમનું જીવન જોશો તો તેમાં લોકોત્તર સુગંધ જોઈ શકશો. એ બધા સંસ્કાર પૂર્વ ભવના હતા. એવા જ્ઞાની પુરુષ હૈયાત હતા ત્યારે તેનો લાભ લેનાર ખાસ કોઈ નહોતું. કોઈ લાવો તો ખરા કે એ સંદેશો કેમ હશે ? એક વખત તેઓ પૂર્વ જન્મના સંસ્કારના સ્મરણની ભાવના છે કે ધન્ય તે સત્સમાગમ, અરે જે પૂર્વે સત્સમાગમ કર્યા તે ક્ષેત્ર તે કાળ અને ભાવ સાંભરે છે. ધન્ય એ સત્સમાગમનો આનંદ. પ્રવૃત્તિમાં બેઠા છતાં તે નિવૃત્તિ સંયોગ અને સત્સમાગમ યાદ આવે છે. આ તે એકાન્ત વનક્ષેત્રમાં બેઠા છે કે ઝવેરાતના ધંધામાં છે ? ધર્માત્માને ઓળખવા માટે અંતરંગ દૃષ્ટિ ખીલવવી જોઈએ. ધર્માત્માની અંતરની ઉજ્જળાઈ ધર્માત્મા જ જાણે. સાધારણ જીવોના ટૂંકા ગજ વડે જ્ઞાનીના મહાન હૃદયના આંક ન દેખાય.

(આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા-૫૫૭)

# પ્રવચન અનુક્રમણિકા


| ક્રમાંક | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૩૧. | પત્રાંક–૧૨૮ | ૦૦૧ |
| ૩૨. | પત્રાંક–૧૨૮ | ૦૨૦ |
| ૩૩. | પત્રાંક–૧૩૨–૧૪૧ | ૦૩૫ |
| ૩૪. | પત્રાંક–૧૪૩–૧૪૪ | ૦૬૧ |
| ૩૫. | પત્રાંક–૧૪૭ | ૦૮૦ |
| ૩૬. | પત્રાંક–૧૫૨, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૭-અ, ૧૫૯, ૧૬૧, ૧૬૨. | ૦૯૪ |
| ૩૭. | પત્રાંક–૧૬૬ | ૧૨૮ |
| ૩૮. | પત્રાંક–૧૭૨ | ૧૪૩ |
| ૩૯. | પત્રાંક–૧૭૨ | ૧૬૩ |
| ૪૦. | પત્રાંક–૧૭૯–૧૮૭ | ૧૮૦ |
| ૪૧. | પત્રાંક–૧૮૭–૧૯૪ | ૨૦૭ |
| ૪૨. | પત્રાંક–૧૯૪ | ૨૩૨ |
| ૪૩. | પત્રાંક–૧૯૫ | ૨૪૯ |
| ૪૪. | પત્રાંક–૧૯૫–૧૯૭ | ૨૬૭ |
| ૪૫. | પત્રાંક–૧૯૮–૨૦૦ | ૨૮૬ |
| ૪૬. | પત્રાંક–૨૦૦ | ૩૦૭ |
| ૪૭. | પત્રાંક–૨૦૧ | ૩૨૬ |
| ૪૮. | પત્રાંક–૨૦૧ | ૩૪૫ |
| ૪૯. | પત્રાંક–૨૦૧–૨૦૭ | ૩૬૦ |
| ૫૦. | પત્રાંક–૨૦૮–૨૦૯ | ૩૮૨ |
| ૫૧. | પત્રાંક–૨૧૧–૨૧૨ | ૪૦૦ |
| ૫૨. | પત્રાંક–૨૧૩ | ૪૧૯ |
| ૫૩. | પત્રાંક–૨૧૩ | ૪૩૩ |
| ૫૪. | પત્રાંક–૨૧૫–૨૧૭ | ૪૪૫ |
| ૫૫. | પત્રાંક–૨૧૭ | ૪૭૦ |

| | | |
|---|---|---|
| ૫૬. | પત્રાંક–૨૧૭ | ૪૮૮ |
| ૫૭. | પત્રાંક–૨૧૭–૨૧૮ | ૫૦૪ |
| ૫૮. | પત્રાંક–૨૧૮–૨૨૧ | ૫૨૫ |
| ૫૯. | પત્રાંક–૨૨૨–૨૨૩ | ૫૪૫ |
| ૬૦. | પત્રાંક–૨૨૩ | ૫૬૪ |


## 'રાજહૃદય' ભાગ–૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| સ્વ. ઇન્દુમતિબેનનાં સ્મરણાર્થે. હ. શ્રી જસવંતરાય હિંમતલાલ કામદાર, મુંબઈ | ૧૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૫,૧૦૦/- |
| શ્રી પ્રશાંતકુમાર જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| સ્વ. શ્રી હસમુખભાઈ અજમેરાના સ્મરણાર્થે, હ. અજમેરા પરિવાર, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી નવીનભાઈ શાહ, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી નલિનીબેન ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રીમતી મધુબેન પારેખ, કોલકાટા | ૧,૧૦૦/- |
| શ્રીમતી ચારૂબહેન જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રીમતી સુમનબેન અરવિંદભાઈ મહેતા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન મહેન્દ્રકુમારજી જૈન, મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| શ્રી ગુણવંતરાય મ. શેઠ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |